॥ नमो नमो निम्मलदंसणस्स ॥

# આગમસૂત્ર

## સટીક અનુવાદ

૨૫

અનુવાદ શ્રેણી સર્જક -

**મુનિ દીપરત્નસાગર**

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ
नमो नमो निम्मलदंसणस्स
પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# આગમસટીક અનુવાદ

# જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ-૧

-: અનુવાદ-શ્રેણીના સર્જક :-

## મુનિ દીપરત્નસાગર

તા. ૨૩/૧૦/૨૦૦૯ શુક્રવાર ૨૦૬૬ કા.સુ.૫

આગમ સટીક અનુવાદ
ભાગ ૧ થી ૪૨ સંપૂર્ણ
મૂલ્ય-રૂા-૧૦,૦૦૦

૦ શ્રી શ્રુત પ્રકાશન નિધિ ૦

સંપર્ક સ્થળ
આગમ આરાધના કેન્દ્ર, શીતલનાથ સોસાયટી
ફ્લેટ નં. ૧૩, ચોથે માળે, વ્હાઈ સેન્ટર,
ખાનપુર, અમદાવાદ.





# આગમ સટીક અનુવાદના

## આ ભાગ - ૨૫ માં છે...

૦ જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ-

ઉપાંગસૂત્ર-૭ ના...

—૦— વક્ષસ્કાર-૧

—૦— વક્ષસ્કાર-૨

-- x -- x -- x -- x -- x -- x -- x --

-: ટાઈપ સેટીંગ :-
શ્રી મહાકાલી એન્ટરપ્રાઈઝ
ચાંદલોડિયા, અમદાવાદ.
(M) 9824419736

-: મુદ્રક :-
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ, અમદાવાદ.
Tel. 079-25508631

## ૦ વંદના એ મહાન્ આત્માને ૦

વિક્રમ સંવત-૨૦૬૧માં ફાગણસુદ-૩ નો દિવસ અને મંગલપારેખના ખાંચામાં શ્રી શાંતિનાથ પરમાત્માની વર્ષગાંઠનો પ્રસંગ, અતિભવ્ય અને ઘણી જ લાંબી રથયાત્રાના પ્રયાણની ઘડીએ, આગમોના ટીકા સહિતના અનુવાદ કરવા માટેની મનોભાવનાનું જેમના મુખેથી વચન પ્રાગટ્ય થયું, અંતરના આશીર્વાદ, સૂરિમંત્રથી અભિમંત્રિત વાસ ચૂર્ણનો ક્ષેપ અને ધનરાશિની જવાબદારીના યથાશક્ય સ્વીકાર સહ જેમની કાર્ય પ્રેરણાની સરવાણીમાં ભીંજાતા મારા ચિત્તે આશિર્ષ અનેરો હર્ષોલ્લાસ અનુભવ્યો. જેમની હયાતી દરમ્યાન કે હયાતી બાદ પણ, જેમના નામસ્મરણ માત્રથી આ કાર્ય વિઘ્નરહિતપણે મૂર્ત સ્વરૂપને પામ્યું, એવા...

**પૂજ્ય આચાર્યશ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજી મ૰ ના**

**ચરણ કમળમાં સાદર કોટીશઃ વંદના**

## ૦ કેમ ભૂલાય એ ગુરુદેવને પણ ? ૦

ચારિત્ર પ્રતિ અંતરંગ પ્રીતિથી યુક્ત, અનેક આત્માઓને પ્રવ્રજ્યા માર્ગે પ્રયાણ કરાવનાર, સંયમમૂર્તિ, પ્રતિ વર્ષ ઉપધાન તપ વડે શ્રાવકધર્મના દીક્ષા દાતા, શારીરિક સમસ્યાઓ વચ્ચે પણ બંને શાશ્વતી ઓળીની આરાધનાને ન ચૂકનારા, સાગર સમુદાયમાં ગચ્છાધિપતિ પદને શોભાવનારા અને સમર્થ શિષ્ય પરિવારયુક્ત એવા મહાન વિભૂતિરત્ન—

**પૂજ્ય આચાર્યશ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ૰**

જેમના આજીવન અંતેવાસી, શાસનપ્રભાવક

**પૂજ્ય આચાર્યશ્રી હર્ષસાગરસૂરિજી મ.સા.**

જેમણે આ અનુવાદ કાર્ય માટે ઘણાં વર્ષો પૂર્વે પ્રેરણા કરેલી અને આ કાર્ય સાધંત પાર પહોંચાડવા માટે વિપુલ ધનરાશિ મોકલાવી.

*ઉક્ત બંને આચાર્ય ભગવંતોની અસીમ કૃપા અને તેઓ દ્વારા પ્રેરિત સંઘો થકી થયેલ ધનવર્ષાના બળે પ્રસ્તુત કાર્ય મૂર્તસ્વરૂપ પામ્યું.*



**આગમ સટીક અનુવાદના**

**આ ભાગ ૨૫ ની**

**સંપૂર્ણ દ્રવ્ય સહાયના પ્રેરણાદાતાશ્રી**

**પ.પૂ. આ.દેવ શ્રી ભક્તિસૂરીશ્વરજી મ.ના**

**સમુદાયવર્તી**

***પૂજ્ય આચાર્યશ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજી***

**તેઓશ્રીની પ્રેરણાથી લાભલેનાર**

**શ્રી જૈન શ્વે.મૂ.પૂ. તપાગચ્છ સંઘ**

**બોટાદ**

# અનુદાન દાતા

**આગમ સટીક અનુવાદના કોઈ એક ભાગના સંપૂર્ણ સહાયદાતા**

સચ્ચારિત્ર ચુડામણી પૂજ્ય ગચ્છાધિપતિ સ્વ૦ આચાર્યદેવ
શ્રીમદ્ દેવેન્દ્રસાગરસૂરીશ્વરજીના આજીવન અંતેવાસી
**સદ્‌ગુણાનુરાગી પૂજ્ય આ૦દેવશ્રી હર્ષસાગરસૂરિજી મ.ની**
જ્ઞાનઅનુમોદક પ્રેરણાથી પ્રેરિત
શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ
તથા શ્રી શેઠ ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, સુરત.
**૧૬ ભાગોના સંપૂર્ણ સહાયક થયેલ છે.**

**પરમપૂજ્ય સરળ સ્વભાવી, ભદ્રિક પરિણામી, શ્રુતાનુરાગી**
**સ્વ૦ આચાર્યદેવશ્રી વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની**

પુનિત પ્રેરણાથી **૧૦ ભાગો માટે**
નીચેના સંઘો સહાયક થયા છે.

(૧) શ્રી મંગલપારેખનો ખાંચો, જૈનસંઘ, અમદાવાદ — બે ભાગ.
(૨) શ્રી ભાવનગર જૈન શ્વે૦મૂ.પૂ. સંઘ, ભાવનગર — બે ભાગ.
(૩) શ્રી આદિનાથ જૈન શ્વે૦ મૂ.પૂ. સંઘ, નવસારી — બે ભાગ.
(૪) શ્રી ગિરિરાજ સોસાયટી આદિનાથ જૈન સંઘ, બોટાદ — બે ભાગ.
(૫) શ્રી જૈન શ્વે૦ મૂ.પૂ. તપાગચ્છ સંઘ, બોટાદ — એક ભાગ.
(૬) શ્રી પાર્શ્વભક્તિધામ જૈન ધાર્મિક ટ્રસ્ટ, તણસા — એક ભાગ.

*[પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજીની પ્રેરણાથી તેમના સમુદાયવર્તી શ્રમણીવર્યાઓ તરફથી પ્રાપ્ત સહાયની નોંધ આગળ છે.]*

સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી વૈયાવચ્ચ પરાયણ **પંન્યાસ પ્રવર શ્રી વજ્રસેનવિજયજી મ.સા.**ની પ્રેરણાથી એક ભાગ- શ્રી હાલારતીર્થ આરાધના ધામ, વડાલિયા, સીંહણ, તરફથી

આગમ સટીક અનુવાદ શ્રેણીના સર્જક **મુનિશ્રી દીપરત્નસાગરજી**ની પ્રેરણાથી આ બે દાતાઓએ મળીને એક ભાગ માટે સહાય કરી છે.

(૧) શ્રી જૈન શ્વે૦ મૂર્તિ૦ સંઘ, થાનગઢ

(૨) શાહ હંજારીમલજી ભૂરમલજી, કર્નૂલ.

**પૂ૦પૂ૦ ક્રિયારૂચિવંત, પ્રભાવક, આદેય નામકર્મધર સ્વર્ગસ્થ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજીથી પ્રેરિત પુન્યવંતી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત અનુદાનો**

૧- વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ભક્તિસૂરીશ્વરજી સમુદાયવર્તી મિલનસાર **સાધ્વીશ્રી સૌમ્યપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી ત્રણ ભાગો માટેની દ્રવ્ય સહાય પ્રાપ્ત થઈ છે, તે આ પ્રમાણે–

- (૧) શ્રી કારેલીબાગ, શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, વડોદરા.
- (૨) શ્રી કારેલીબાગ, જૈન સંઘની શ્રાવિકા બહેનો, વડોદરા.
- (૩) શ્રી ભગવાન નગરનો ટેકરો, જૈનસંઘ, અમદાવાદ.

૨- સુવિશાળ પરિવારયુક્તા **સાધ્વીશ્રી ભાવપૂર્ણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી "શ્રી ક્ષેત્રપાલ ભક્તિ ટ્રસ્ટ" - નવસારી તરફથી.

૩- વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યદેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **પ.પૂ. સાધ્વીશ્રી ધ્યાનરસાશ્રીજી તથા સાધ્વીશ્રી પ્રફુલ્લિતાશ્રીજી**ની પ્રેરણાથી -

"શ્રી માંગરોળ જૈન શ્વે૦ તપ૦ સંઘ, માંગરોળ - તરફથી.

૪- પરમપૂજ્યા જયશ્રીજી-લાવણ્યશ્રીજી મ૦ના પરિવારવર્તીની **સાધ્વીશ્રી સત્યાનંદશ્રીજી મ.સા.**ની પુનિત પ્રેરણાથી
"શ્રી ગાંધીનગર જૈન સંઘ, બેંગલોર - તરફથી."

૫- પરમપૂજ્ય ક્રિયારૂચીવંત આ૦દેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **શ્રમણીવર્યા મોક્ષનંદિતાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી વલ્લભનગર જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ, વલ્લભનગર, ઈન્દૌર

**પરમપૂજ્ય આગમોદ્ધારક, સામાચારી સંરક્ષક, બહુશ્રુત આચાર્યદેવ આનંદસાગરસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી શ્રુત અનુરાગીણી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત સહાયો.**

(૧) પરમપૂજ્યા નીડરવક્તા **સાધ્વીશ્રી ચંદ્રયશાશ્રીજી** મ૦થી પ્રેરિત
-૧- શ્રી ત્રિલોકપદ્મ ચિંતામણિધામ જૈન સંઘ, અંધેરી, મુંબઈ.
-૨- શ્રી મહાવીરનગર જૈન દહેરાસરજી ટ્રસ્ટ, નવસારી.

(૨) અપ્રતિમ વૈયાવૃત્ત્યકારિકા પ.પૂ. મલય-પ્રગુણાશ્રીજી મ૦ના શિષ્યા સુસંવાદી પરિવારયુક્તા **સાધ્વીશ્રી પ્રશમશીલાશ્રીજી** મ૦ના શ્રુતાનુરાગી શિષ્યા સા૦શ્રી પ્રશમરત્નાશ્રીજીની પ્રેરણાથી-
"શ્રી શ્વેતાંબર જૈન તપાગચ્છ સંઘ," વાંકાનેર.

(3) પરમપૂજ્યા માતૃહૃદયા **સાધ્વીશ્રી અમિતગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી
- "શ્રી આદિનાથ જૈન શ્વે૦ સંઘ," ભોપાલ.

(૪) પરમપૂજ્યા વર્ધમાનતપસાધિકા, શતાવધાની **સાધ્વીશ્રી અમિત-ગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી-૧૦૦ ઓળીની પૂર્ણાહૂતિ નિમિત્તે
"કરચેલીયા જૈન શ્વે૦ મહાજન પેઢી," કરચેલીયા, સુરત.

(૫) શ્રમણીવર્યા ભક્તિરસિક પૂજ્ય મલયાશ્રીજી મ૦ના વ્યવરદક્ષ શિષ્યા **સાધ્વીશ્રી હિતજ્ઞાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી જૈન મરચન્ટ સંઘની શ્રાવિકા બહેનો, અમદાવાદ.

(૬) પરમપૂજ્યા મલય-કૈવલ્ય-ભવ્યાનંદશ્રીજી મ૦ના સુવિનિતા મિષ્ટ ભાષી, તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પૂર્ણપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી
"સર્વોદય પાર્શ્વનાથ ચેરિટેબલ ટ્રસ્ટ," મુંબઈ

## આગમ-સટીક અનુવાદ સહાયકો

(૧) પ.પૂ. ભગવતીજી દેશનાદક્ષ **આ૦દેવશ્રી નરદેવસાગરસૂરિજી મ૦સા૦**ની પ્રેરણાથી - "શ્રી વિશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ," જામનગર.

(૨) વર્ધમાન તપોનિધિ પૂજ્ય આ.દેવ **શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ૦** ની પ્રેરણાથી – "અભિનવ જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ," અમદાવાદ.

(૩) શ્રુતસંશોધનરસિક પૂજ્ય **આ૦દેવશ્રી મુનિચંદ્રસૂરિજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી વિજયભદ્ર ચેરિટેબલ ટ્રસ્ટ," ભીલડીયાજી.

(૪) પ.પૂ. જયલાવણ્યશ્રીજી મ૦સા૦ના સુશિષ્યા **સા૦ સૂર્યપ્રભાશ્રીજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી ભગવતીનગર ઉપાશ્રયની બહેનો," અમદાવાદ.

(૫) પરમપૂજ્યા વરધર્માશ્રીજી મ૦ના શિષ્યા તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પ્રીતિધર્માશ્રીજી** મ૦ની પાવન પ્રેરણાથી.

- (૧) શ્રી પાર્શ્વભક્તિ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, ડોંબીવલી.
- (૨) શ્રી રાજાજી રોડ શ્વે૦મૂ૦પૂ૦ તપા૦ જૈન સંઘ, ડોંબીવલી.

(૬) સ્વનામધન્યા **શ્રમણીવર્યાશ્રી સૌમ્યગુણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી.
"શ્રી પરમ આનંદ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ," પાલડી, અમદાવાદ.

**મુનિ દીપરત્નસાગરજી દ્વારા પ્રકાશિત સાહિત્ય-એક ઝલક**
**કુલ પ્રકાશનોનો અંક-૩૦૧**

## १-आगमसुत्ताणि-मूलं

### ૪૯-પ્રકાશનો

આ સંપુટમાં મૂળ આગમો છે. જેમાં ૪૫ આગમો ૪૫ અલગ-અલગ પુસ્તકોમાં મુદ્રિત કરાવાયેલ છે. ચાર વૈકલ્પિક આગમો પણ તેમાં સમાવાઈ ગયેલ છે. એ રીતે ૪૫ + ૪ કુલ (૪૯) આગમોનું આ સંપુટમાં સંપાદન છે. તેમજ પ્રત્યેક સૂત્રને અંતે પૂજ્ય સાગરાનંદસૂરિશ્વરજી સંપાદિત આગમો તથા તેની વૃત્તિના અંકો પણ ટાંક્યા છે.

અમારા આ પ્રકાશનમાં શ્રુતસ્કંધ, શતક/અધ્યયન/વક્ષસ્કાર/પદ, પ્રતિપત્તિ, ઉદ્દેશક, સૂત્ર/ગાથા આદિ સ્પષ્ટતયા જુદા નજરે પડે તેવી વિશિષ્ટ મુદ્રણકલાને પ્રયોજેલ છે. પુસ્તકો અલગ-અલગ અને નાના કદના હોવાથી વાંચન કે કંઠસ્થ કરવાની અતિ સરળતા રહે છે.

૪૫-આગમની પૂજા, પૂજન, રથયાત્રા કે શ્રી ગૌતમસ્વામી પૂજનાદિ માટે અલગ-અલગ પીસ્તાળીશ પુસ્તકો હોવાથી ગોઠવણી સરળ બને છે.

आगमसद्दकोसो, आगमनामकोसो, આગમવિષયદર્શન, આગમકથાનુયોગના મૂળ સંદર્ભ જોવા માટે આ પ્રકાશન વસાવવું જરૂરી જ છે. જેની કિંમત છે રૂા. ૧૫૦૦/ -દર્શન-પૂજન માટે આજીવન ઉપયોગી છે.

## ૨. આગમ-ગુજરાતી અનુવાદ

### ૪૭-પ્રકાશનો

આપણા મૂળ આગમો અર્ધમાગધી ભાષામાં છે. જેઓ ભાષાજ્ઞાનથી વંચિત છે, શાસ્ત્રીય કારણોથી આગમના અભ્યાસથી વંચિત રહ્યા છે, આગમોની વાંચના પ્રાપ્ત કરી શકતા નથી ઈત્યાદિ કારણે આગમિક પદાર્થોનું જ્ઞાન પામી શક્યા ન હોય તેવા ભવ્યાત્માઓ શ્રી કલ્પસૂત્ર માફક સરળતાથી આગમોનું વાંચન અને બોધ પ્રાપ્ત કરી શકે, તેમજ ભવભીરુ આત્માઓ પોતાનું જીવન માર્ગાનુસાર બનાવી શકે તેવું પ્રકાશન.

સાત ભાગોમાં સમાવિષ્ટ ૨૮૦૦ જેટલા પૃષ્ઠોમાં પીસ્તાળીશ આગમોનો અક્ષરશઃ અનુવાદ ધરાવતા આ "આગમદીપ" સંપુટમાં બીજા બે વૈકલ્પિક આગમોનું ગુજરાતી પણ આપેલ જ છે.

અંદાજે ૯૦,૦૦૦ શ્લોક પ્રમાણ મૂળ આગમનો આ ગુજરાતી અનુવાદ રૂા. ૨૦૦૦/-ની કિંમતે ઉપલબ્ધ થઈ શકે છે. પણ હાલ તેની એક પણ નકલ બચેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની લોકપ્રિયતાનો પૂરાવો છે. અનેક પૂજ્યશ્રીએ આ ગુજરાતી અનુવાદનો સ્વાધ્યાયાદિ અર્થે ઉપયોગ કરેલો છે.

## ३. आगमसुत्ताणि-सटीकं

### ૪૬-પ્રકાશનો

જેઓને મૂળ આગમો વાંચ્યા પછી તેની વિસ્તૃત સમજ મેળવવી છે. તેમાં રહેલા પદાર્થોને ઊંડાણથી અવગાહવા છે, તેમાં રહેલા તત્ત્વો આધારિત કથા, દૃષ્ટાંત કે દ્રવ્યાનુયોગને જાણવો છે, તેવા વિશિષ્ટ જ્ઞાનપિપાસુ માટેનું અમારું આ ૧૩,૦૦૦ જેટલા પૃષ્ઠોમાં પથરાયેલ અને ત્રીશ ભાગોમાં વિભાજીત એવું દળદાર પ્રકાશન છે.

આ પ્રકાશનમાં મૂળ આગમો પર પ્રાપ્ત બધી જ નિર્યુક્તિઓ, ૩૯ આગમો પરની વૃત્તિ, શેષ આગમોની સંસ્કૃત છાયા, કેટલાંક ભાષ્યો તથા ચૂર્ણિઓ ઈત્યાદિ સર્વે વિવેચનોનો સમાવેશ કરાયેલ છે.

સૂત્રો અને ગાથાના સ્પષ્ટ અલગ વિભાજન, પ્રચુર પેરેગ્રાફ્સ, અધ્યયન, ઉદ્દેશક, સૂત્ર આદિની સુસ્પષ્ટ અલગ પેજ લાઈન તેમજ અમારા મૂળ અને અનુવાદિત આગમોમાં અપાયેલા ક્રમાંક મુજબના જ સૂત્ર ક્રમાંકન તથા વ્યવસ્થિત અનુક્રમણિકાને લીધે કોઈપણ પસંદિત ચોક્કસ વિષયવસ્તુ કે સમગ્ર અધ્યયનના વાંચનમાં સરળતા રહે તે રીતે આ સંપુટનું સંપાદન અને મુદ્રણ કરાયેલું છે.

આ પ્રકાશનના અભ્યાસમૂલ્ય અને સંશોધનક્ષેત્રે ઉપયોગિતા તેમજ સમગ્ર વિશ્વમાં આગમ પ્રકાશનની આવી એક જ માત્ર શ્રૃંખલા ઉપલબ્ધ હોવાને કારણે રૂા. ૧૧,૦૦૦/- મૂલ્ય હોવા છતાં તેની એક પણ નકલ સ્ટોકમાં રહેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની મહત્તા સાબિત કરે છે.

## ૪. આગમ-વિષય-દર્શન

આ એક એવું પ્રકાશન છે, જેમાં ૪૫-આગમોની વિશદ્‌રૂપે અનુક્રમણિકા અપાયેલ છે, છતાં તેના પૃષ્ઠો છે. — ૩૮૪.

પ્રત્યેક આગમના પ્રત્યેક સૂત્ર કે ગાથાના વિષયોને એ જ આગમોના સૂત્રોના ક્રમાંકન અનુસાર, અતીવ સુસ્પષ્ટ રૂપે અને પૃથક્-પૃથક્ સ્વરૂપે અપાયેલી આ અનુક્રમણિકાથી તમે તમારો મનગમતો-આવશ્યક કે તમારા સંશોધન અને લેખનને અનુરૂપ વિષય સહેલાઈથી પસંદ કરી શકો છો.

ગુજરાતી ભાષામાં તૈયાર કરાયેલ આ અનુક્રમણિકાથી તમે અમારા અનુવાદિત આગમોમાં તો મૂળ વિષય જોઈ જ શકો છો. તદુપરાંત મૂળ આગમો કે આગમસટીકં માં પણ તમારી પસંદગીનો વિષય શોધવો આ બૃહત્ અનુક્રમ પરથી ખૂબ જ સરળ છે.

રૂા. ૪૦૦/-ની કિંમતને લક્ષમાં ન લઈ તેનું ઉપયોગિતા મૂલ્ય સમજશો.

## ૫. आगमसद्दकोसो

### ૪-પ્રકાશનો

આ શબ્દકોશ - એટલે સંદર્ભસ્થળ નિર્દેશ સહિતની "આગમ-ડીક્ષનેરી" જેમાં તમને મળે છે મૂળ આગમમાંથી લેવાયેલા ૪૬,૦૦૦ શબ્દો અને તેના ૩,૭૫,૦૦૦ જેટલા આગમ સંદર્ભો સહિત મૂળ-અર્ધમાગધી શબ્દોના સંસ્કૃત અર્થ અને ગુજરાતી એક કે વધુ અર્થો.

ચાર ભાગોમાં સમાવિષ્ટ ૨૪૦૦ જેટલા પાનાઓનો આ પુસ્તકનો સેટ મેપલીથો કાગળ, પાકુ બાઈન્ડીંગ અને આકર્ષક મુખપૃષ્ઠ તો ધરાવે જ છે. પણ તમારે માટે તેની ઉપયોગિતા છે — अ થી ह પર્યતનો કોઈપણ શબ્દ શોધવા માટે. ત્યાં ફક્ત શબ્દનો અર્થ જ જોઈને બેસી નથી રહેવાનું. પણ પીસ્તાળીશે પીસ્તાળીશ આગમોમાં આ શબ્દ જ્યાં જ્યાં વપરાયો હોય તે-તે બધાં સ્થાનોનો નિર્દેશ પણ મળશે જ - જેના દ્વારા એક જ શબ્દ જો જુદા જુદા સંદર્ભમાં વપરાયો હશે, તો તે ભિન્ન-ભિન્ન સંદર્ભયુક્ત અર્થ કે વ્યાખ્યા પણ જાણી શકાશે.

— વળી આવા સંદર્ભો જોવા માટે તમારે જુદા જુદા પ્રકાશનોના આગમોને ફેંદવાની કોઈ જરૂર નથી. તમે માત્ર અમારું आगमसुत्ताणि — સંપુટ સાથે રાખો. તમારે ઉપયોગી શબ્દો મૂળ આગમ કે આગમ-સટીકં માં મળી જ જવાના

## ૬. आगमनामकोसो

આગમ શબ્દકોશની એક પૂરક ડીક્ષનેરી તે આ "આગમ નામકોશ". આ પ્રકાશન આગમસટીકં માં આવતા નામો (કથાઓ)ની ડીક્ષનેરી છે. આ ડીક્ષનેરીમાં કથાના પાત્રોના નામો તો કક્કાવારી ક્રમમાં આપેલા જ છે. સાથે સાથે તે પાત્રો કે નામોનો સંક્ષિપ્ત પરિચય પણ છે.

તમારે મૂળ આગમ ઉપરાંત નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ કે વૃત્તિમાં જો આ નામ કે તે નામ સાથે સંકડાયેલ કથા કે દૃષ્ટાંત જાણવા છે તો અમારી ડીક્ષનેરીમાં તે-તે નામને અંતે નિર્દેશ કરાયેલ આગમ સંદર્ભ જોવો. આગમ સંદર્ભ જોતાં જ તમને તે સંદર્ભવાળા આગમનું નામ, પંચાંગીનો પ્રકાર અને સૂત્રક્રમ મળી જશે. જેના આધારે તમે તે કથા કે દૃષ્ટાંતનો સહેલાઈથી અભ્યાસ કરી શકશો.

આ નામકોશનું મહત્ત્વ તો ત્યારે જ સમજાય જ્યારે એક જ નામ ધરાવતા એકથી વધારે પાત્રોનો અલગ-અલગ પરીચય કે જુદી જુદી કથાઓ તમને જોવા મળે. તે પણ ફક્ત રૂા. ૨૦૦/-ની કિંમતમાં.

સંદર્ભ મુજબ કથા જોવા માટે અમારું आगमसुत्ताणि-सटीकं તો છે જ.

## ૭. आगमसूत्र हिन्दी अनुवाद

### ૪૭-પ્રકાશનો

મૂળ આગમના ૯૦,૦૦૦ જેટલાં શ્લોક પ્રમાણ સાહિત્યના મૂળ પ્રકાશન પછી જેમ તેનો ગુજરાતી અનુવાદ કર્યો, તેમ હિન્દી અનુવાદ પણ કર્યો. ફર્ક એટલો જ કે આ હિન્દી અનુવાદ બાર ભાગોમાં આશરે ૩૨૦૦ જેટલા પાનાઓમાં પથરાયેલો છે. ગુજરાતી અનુવાદ કરતા ૩૦૦થી પણ વધારે પૃષ્ઠો તેમાં ઉમેરાયા છે. જે ફક્ત કદની વૃદ્ધિ જ નથી, પણ અર્થવિસ્તાર અને પેરેગ્રાફોની પ્રચૂરતા પણ ધરાવે જ છે.

હિન્દીભાષી મહાત્માઓને પણ આગમના પદાર્થજ્ઞાનથી વંચિત ન રહેવું પડે તે આશયથી તૈયાર કરાયેલ આ આગમસૂત્ર હિન્દી અનુવાદ હિન્દી ભાષાની સમૃદ્ધિ અને સાહિત્યિક મૂલ્ય તો ધરાવે જ છે. તે ગુજરાતી ભાષી આગમરસિકો અને તત્ત્વજિજ્ઞાસુઓ માટે પણ મહત્ત્વનું સંદર્ભશાસ્ત્ર બની રહ્યું છે.

રૂા. ૨૭૦૦/-નું મૂલ્ય ધરાવતા આ आगमसूत्र-हिन्दी अनुवाद માં પણ ક્રમાંકન તો મૂળ આગમ, આગમ ગુજરાતી અનુવાદ અને आगम सटीकं અનુસાર જ થયેલ છે. તેથી અભ્યાસીઓને તુલના કરવી સરળ પડે છે.

## ૮. આગમ કથાનુયોગ

### ૬-પ્રકાશનો

આગમ કાર્ય વિષયક આ અમારું નવમું પ્રકાશન છે. જેમાં "કથાનુયોગ" નામે અનુયોગની મુખ્યતા છે. આ પ્રકાશનમાં મૂળ આગમો, આગમો પરની નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ કે અવચૂરી એ તમામનો સમાવેશ કરી આ આગમ કથાનુયોગનું સંકલન અને ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. જે છ ભાગોમાં વિભાજીત છે ૨૨૦૦ જેટલા પૃષ્ઠોમાં સમાવિષ્ટ છે અને કથાઓને દશ વિભાગમાં ગોઠવેલ છે.

આ કથાનુયોગમાં તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ એ ઉત્તમપુરુષો સંબંધી કથાનક કે માહિતીનો સંગ્રહ છે, શ્રમણ વિભાગમાં ગણધરો, પ્રત્યેકબુદ્ધો, નિહ્નવો, અન્ય શ્રમણોની કથાઓ છે. તે સાથે આશરે ૯૦થી વધુ પૃષ્ઠોમાં ગોશાળાનું કથાનક તેના પૂર્વભવ, વર્તમાનભવ અને ભાવિ ભવો સહિત મૂકેલ છે. તે સિવાય શ્રમણી કથા, શ્રાવક કથા, શ્રાવિકા કથા, અન્યતીર્થી કથા, પ્રાણી કથા, પ્રકીર્ણ કથા અને દૃષ્ટાંતોના અલગ વિભાગો છે. પ્રત્યેક કથાને અંતે તેના આગમ સંદર્ભો પણ મૂકેલા છે, જેથી મૂળ માહિતી સ્રોત જોઈ શકાય. છટ્ઠા ભાગમાં અકારાદિક્રમે પ્રત્યેક કથાના નામોની ગોઠવણી અને તેની સાથે પૃષ્ઠાંક આપેલા છે, જેથી કોઈપણ કથા શોધવી અત્યંત સરળ બને છે.

આ "આગમ કથાનુયોગ" કેવળ કથારસિકો તથા વ્યાખ્યાતાઓ માટે અત્યંત ઉપયોગી પ્રકાશન છે. જેનું મૂલ્ય માત્ર રૂા. ૧,૫૦૦/- છે. તેમજ સન-૨૦૦૪માં જ પ્રકાશિત થયેલ હોવાથી હજી સરળતાથી ઉપલબ્ધ છે.

## ૯. આગમ મહાપૂજનવિધિ

આ એક લઘુ પુસ્તિકા છે. જેમાં પીસ્તાળીશ આગમ મહાપૂજન ભણાવવા માટેની સરળ, સ્પષ્ટ, શાસ્ત્રીય વિધિ છે. સાથે-સાથે પંડિત શ્રી રૂપવિજયજી કૃત્ ૪૫-આગમ પૂજાઓ પણ આપી દીધેલ છે. અષ્ટપ્રકારી પૂજાના અભિનવ દુહા પણ છે.

કોઈપણ વિધિકારકને સહેલાઈથી પૂજન કરાવતા ફાવે તે રીતે વિધિ સાથે સૂચનાઓનો નિર્દેશ છે. તેમજ આગમ મંડપની રચના, માંડલુ, આવશ્યક સામગ્રી, વિધિમાં પ્રત્યેક કાર્ય માટે જરૂરી એવા સહાયકોની કાર્ય વહેંચણી પણ જણાવેલ છે.

મોટા ટાઈપ, પદ્યોની સુંદર ગોઠવણી, પ્રત્યેક પૂજન માટેનું અલગ પેજ, દરેક પૂજનને માટેની સૂચના, તે પૂજનની સાથે જ અપાયેલી હોય તેવું આ એક માત્ર પ્રકાશન છે.

## ૧૦. આગમસૂત્ર સટીક અનુવાદ

### ૪૮-પ્રકાશનો

પ્રસ્તુત પ્રકાશનમાં આગમોના મૂળસૂત્રોનો અક્ષરશઃ અનુવાદ તો છે જ. સાથે સાથે આગમોની નિર્યુક્તિ અને ટીકાનો પણ અનુવાદ કરેલ હોવાથી અમે "સટીક અનુવાદ" એવું નામકરણ કરેલ છે. જેમાં ૪૫ આગમો ઉપરાંત બે વૈકલ્પિક આગમો અને કલ્પ [બારસા] સૂત્રના સમાવેશથી ૪૮ પ્રકાશનો થાય છે. જેને આ સાથે અમે ૪૨-ભાગોમાં પ્રકાશિત કરેલ છે.

આ સટીક અનુવાદમાં છ છેદ સૂત્રોનો અનુવાદ માત્ર મૂળનો જ છે, તેમાં સટીક અનુવાદ નથી. સંસ્કૃત અને પ્રાકૃત ભાષાજ્ઞાનથી વંચિત શ્રુતરસિકો કે સ્વાધ્યાય પ્રેમીઓને આ અત્યંત ઉપયોગી પ્રકાશન છે, જેનું સંયુક્ત મૂલ્ય રૂ. ૧૦,૦૦૦/- છે, કે જે કિંમતમાં તો કોઈ ૪૫ સટીક આગમોનો અનુવાદ પણ ન કરી આપે.

આ સટીક અનુવાદ સંપુટમાં-અંગસૂત્રો, ઉપાંગ સૂત્રો અને મૂળસૂત્રોનો સંપૂર્ણ સટીક અનુવાદ છે. પયન્ના સૂત્રોમાં પણ ઉપલબ્ધ ટીકાઓનો અનુવાદ કરેલો જ છે, નંદી અને અનુયોગ બંને સૂત્રોનું વર્તમાન પદ્ધતિથી સાનુવાદ વિવેચન કરેલ છે અને છેદસૂત્રો, કલ્પસૂત્ર અને કેટલાંક પયન્નાઓનો મૂળનો અનુવાદ છે.

— x — x —

**આ હતી આગમ સંબંધી અમારા ૨૫૦ પ્રકાશનોની યાદી**

— x — x —

## આગમ સિવાયના સાહિત્ય સર્જનની ઝાંખી

**(૧) વ્યાકરણ સાહિત્ય :-**

૦ અભિનવ હૈમ લઘુપ્રક્રિયા ભાગ-૧ થી ૪ ૪

— મહોપાધ્યાય વિનયવિજયજી કૃત્ "લઘુપ્રક્રિયા" પર સિદ્ધહેમ શબ્દાનુશાસન અને તેની સાથે સંબંધિત અનેક સંદર્ભગ્રંથોના ઉપયોગથી તૈયાર કરાયેલો એવો આ દળદાર ગ્રંથ છે. જે કાઉન આઠ પેજમાં તૈયાર થયેલ છે. સંસ્કૃત વ્યાકરણના અભ્યાસ માટેનું આ પ્રકાશન છે. જે ગુજરાતી ભાષાના માધ્યમથી તૈયાર થયેલ છે. તેમાં મૂળસૂત્ર, તેનો અર્થ, વૃત્તિ, વૃત્ત્યર્થ, અનુવૃત્તિ, વિશેષ વિવેચન જેવા સાત વિભાગો અને પ્રચૂર પરિશિષ્ટો છે.

૦ કૃદન્તમાલા :- ૧

— આ લઘુ સર્જનમાં ૧૨૫ ધાતુઓના ૨૩ પ્રકારે થતાં કૃદન્તોનું કોષ્ટક છે.

**(૨) વ્યાખ્યાન સાહિત્ય :-** 3

૦ અભિનવ ઉપદેશ પ્રાસાદ ભાગ-૧ થી ૩.

— આ એક સ્વતંત્ર વ્યાખ્યાનમાળા છે. "મન્નહ જિણાણં" નામક સજ્ઝાયમાં આવતા શ્રાવકના ૩૬ કર્તવ્યો ઉપરના ૧૦૮ વ્યાખ્યાનો તેમાં ગોઠવેલા છે. પ્રત્યેક વ્યાખ્યાન માટે દશ-દશ પેજ ફાળવેલ છે. જે પ્રત્યેકમાં શ્લોક-જૈનેત્તર પ્રસંગ - સંબંધિત કર્તવ્યની તાત્ત્વિક વ્યાખ્યા અને સમજ-જૈનકથા અને કર્તવ્યને અનુરૂપ સ્તવનાદિ પંક્તિની સુંદર ગુંથણી છે.

૦ નવપદ-શ્રીપાલ ૧

— શાશ્વતી ઓળીના વ્યાખ્યાનરૂપે આ પુસ્તકનું સર્જન થયું છે, જેમાં નવે પદનું અલગ-અલગ વિવેચન સાથે નવ દિવસમાં શ્રીપાલચરિત્ર પણ પૂરું થાય, તે રીતે ગોઠવેલા નવ વ્યાખ્યાનોનો સમન્વય છે.

**(૩) તત્ત્વાભ્યાસ સાહિત્ય :-**

૦ તત્ત્વાર્થસૂત્ર પ્રબોધ ટીકા-અધ્યાય-૧ ૧

૦ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા-અધ્યાય-૧ થી ૧૦ ૧૦

— આ ગ્રંથમાં તત્ત્વાર્થ સૂત્રના દશે અધ્યાયોનું અલગ-અલગ દશ પુસ્તકમાં અતિ વિસ્તૃત વિવેચન ધરાવતું દશાંગ વિવરણ છે. જેમાં સૂત્રહેતુ, મૂળસૂત્ર, સંધિરહિત સૂત્ર, સૂત્રાર્થ, શબ્દજ્ઞાન, અનુવૃત્તિ, અનેક સંદર્ભ ગ્રંથોને આધારે તૈયાર કરાયેલ અભિનવ ટીકા, સૂત્રસંદર્ભ, સૂત્રપદ્ય, સૂત્રનિષ્કર્ષ જેવા દશ વિભાગો છે.

પ્રત્યેક અધ્યાયને અંતે સૂત્રક્રમ, અકારાદિ ક્રમ, શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદ જેવા પરિશિષ્ઠો તથા દશમા અધ્યાયના પુસ્તકમાં અંતે શબ્દસૂચિ, વિષયસૂચિ, સંબંધકારિકા જેવા ઉપયોગી પરિશિષ્ઠો છે.

o તત્ત્વાર્થ સૂત્રના આગમ આધાર સ્થાનો. [૧]

– આ સંશોધન કક્ષાનું એક વિશિષ્ટ પુસ્તક છે. જેમાં તત્ત્વાર્થ સૂત્રના પ્રત્યેક સૂત્રનો મૂળ આગમમાંથી ઉપલબ્ધ સંદર્ભ, સંદર્ભ પાઠ, સંદર્ભ સ્થળનો ઉલ્લેખ છે. તેમજ શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદની તાલિકા અને વિશ્લેષણ છે.

**(૪) આરાધના સાહિત્ય :-** [3]

o સમાધિમરણ :-

અંત સમયે અને ભાવિ ગતિ સુધારવા માટે મરણ સમયે ચિત્તની સમાધિ જળવાય રહે તેવી આરાધના વિધિ, આરાધના સૂત્રો, આરાધના પદ્યો, આરાધના પ્રસંગો વગેરે સાત વિભાગોમાં આ ગ્રંથ સર્જેલો છે.

o સાધુ અંતિમ આરાધના

o શ્રાવક અંતિમ આરાધના

સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો અંત સમય સુધારવા માટે નિત્ય કરવાની એવી આ આરાધના છે, મૂળ પ્રાકૃત અને સંસ્કૃતમાં ગ્રંથસ્થ થયેલ આ વિધિને સરળ ગુજરાતીમાં રજૂ કરેલ છે. પંચાંગના કદની આ પુસ્તિકા સાથે રાખવી પણ સરળ છે.

**(૫) વિધિ સાહિત્ય :-** [3]

o દીક્ષા-યોગાદિ વિધિ

o વિધિ સંગ્રહ ભાગ-૧

o સાધુ-સાધ્વી કાળધર્મ વિધિ

**(૬) પૂજન સાહિત્ય :-** [૧]

o આગમ મહાપૂજન વિધિ-*જેની નોંધ આગમ વિભાગમાં છે.*

o પાર્શ્વ પદ્માવતી પૂજનવિધિ

**(૭) યંત્ર સંયોજન :-**

o ૪૫-આગમ યંત્ર

o વિંશતિ સ્થાનક યંત્ર

**(૮) જિનભક્તિ સાહિત્ય :-** ૯

- ० चैत्यवन्दन पर्वमाला
- ० चैत्यवन्दनसंग्रह-तीर्थजिन विशेष
- ० चैत्यवन्दन चोविसी
- ૦ ચૈત્યવંદન માળા

– આ એક સંપાદન ગ્રંથ છે. જેમાં પર્વદિન તથા પર્વતિથિના ચૈત્યવંદનો, ચોવિસ જિનની ચોવિસી રૂપ ચૈત્યવંદનો, વિવિધ તીર્થમાં બોલી શકાય તેવા અને જિનેશ્વર પરમાત્મા વિષયક વિવિધ બોલ યુક્ત એવા ૭૭૯ ચૈત્યવંદનોનો વિશાળ સંગ્રહ છે.

- ૦ શત્રુંજય ભક્તિ
- ० शत्रुञ्जय भक्ति
- ૦ સિદ્ધાચલનો સાથી - સિદ્ધાચલ ભાવયાત્રા, સ્તુતિ-ચૈત્યવંદનાદિ
- ૦ વીતરાગ સ્તુતિ સંચય-૧૧૫૧ ભાવવાહી સ્તુતિનો સંચય
- ૦ ચૈત્ય પરિપાટી

**(૯) પ્રકીર્ણ સાહિત્ય :-** ૯

- ૦ શ્રી નવકાર મંત્ર-નવ લાખ જાપ નોંધપોથી
- ૦ શ્રી ચારિત્ર પદ એક કરોડ જાપ નોંધપોથી
- ૦ અભિનવ જૈન પંચાંગ
- ० अभिनव जैन पञ्चाङ्ग
- ૦ અમદાવાદ જિનમંદિર-ઉપાશ્રય આદિ ડિરેક્ટરી
- ૦ બાર વ્રત પુસ્તિકા તથા અન્ય નિયમો
- ૦ શ્રી જ્ઞાનપદ પૂજા
- ૦ કાયમી સંપર્ક સ્થળ
- ૦ ચોઘડીયા તથા હોરા કાયમી સમયદર્શિકા

**(૧૦) સૂત્ર અભ્યાસ-સાહિત્ય :-** ૫

- ૦ જૈન એડ્યુકેશનલ સર્ટિફિકેટ કોર્સ
- ૦ પ્રતિક્રમણસૂત્ર અભિનવ વિવેચન ભાગ-૧ થી ૪

**આ રીતે અમારા ૩૦૧ પ્રકાશનો થયા છે.**

— x — x —

### બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ
### નમો નમો નિમ્મલદંસણસ્સ
### પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# -: ભાગ-૨૫ :-

આ ભાગમાં અઢારમું આગમ કે જે ઉપાંગસૂત્રોમાં સાતમું [છટ્ઠુ] ઉપાંગ છે, તેવા ''જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ-સૂત્ર''નો સમાવેશ કરાયેલ છે. પ્રાકૃતમાં તે 'जंबूद्दीवपन्नत्ति' નામે ઓળખાય છે. સંસ્કૃતમાં जंबूद्वीप प्रज्ञप्ति નામ છે. વ્યવહારમાં આ નામે જ ઓળખાય છે. તેની શ્રી શાંતિચંદ્ર ગણિકૃત્ ટીકા હાલ ઉપલબ્ધ છે, તેમાં આ ઉપાંગનો ક્રમ છઠ્ઠો જણાવેલ છે, સાથે ઉપાંગના ક્રમ વિશે મતભેદ છે, તેવો પણ ઉલ્લેખ આ ટીકામાં થયેલો જ છે.

આ ઉપાંગમાં ગણિતાનુયોગની મુખ્યતા ગણાવાય છે, પણ ભગવંત ઋષભદેવ અને ચક્રવર્તી ભરતના ચારિત્રદ્વારા કથાનુયોગ પણ કહેવાયેલો છે. યત્ કિંચિત્ બાકીના બે અનુયોગનું વર્ણન પણ છે. છતાં આ આગમને ''જૈન ભૂગોળ'' રૂપે વિશેષથી ઓળખાવી શકાય. ચક્રવર્તી વિષયક સઘન વર્ણન માટેનો આધારભૂત સ્રોત પણ આ જ ઉપાંગમાં છે, તે નોંધનીય છે.

આ ઉપાંગની ચૂર્ણિ અને અન્યાન્ય વૃત્તિ રચાયાનો ઉલ્લેખ અવશ્ય મળે છે, પણ ઉપલબ્ધ ટીકા શ્રી શાંતિચંદ્ર ગણિની છે, જેમાં શ્રી હીરવિજયજી કૃત્ વૃત્તિના ઘણાં અંશો પણ છે, તે જ અમારા આ સટીક અનુવાદનો આધાર છે.

સાત વક્ષસ્કારો [અધ્યયન] વાળા આ આગમને અમે ત્રણ ભાગમાં ગોઠવેલ છે. પહેલા ભાગમાં બે વક્ષસ્કાર, બીજામાં બે વક્ષસ્કાર અને ત્રીજામાં ત્રણ વક્ષસ્કાર ગોઠવેલ છે, જેમાં આ પહેલા ભાગમાં વક્ષસ્કાર એક અને બેનો અનુવાદ કર્યો છે.

પદાર્થોના સંબંધથી ક્યાંક કંઈક ઉમેર્યુ પણ છે, ન્યાય-વ્યાકરણાદિ કેટલીક વસ્તુને છોડી પણ દીધેલ છે, માટે જ અમે અનુવાદને ''ટીકાનુસારી વિવેચન'' નામે ઓળખાવીએ છીએ.





# ૧૮ | જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ-ઉપાંગસૂત્ર-૭/૧

## અનુવાદ તથા ટીકાનુસારી - વિવેચન

**૦ આરંભ :-**

સુરેન્દ્રો જેની આજ્ઞાને સેવે છે, તેવા અનુપહત જ્ઞાનવચની, સિદ્ધાર્થ નરેન્દ્રના નંદન અને અર્થસિદ્ધ જિન જય-વિજય પામે છે.

સર્વ અનુયોગ સિદ્ધ-વૃદ્ધ-મહિમાઋદ્ધ-પ્રવચન સુવર્ણ નિકષ શ્રી ગંધહસ્તિ સૂરિને અમે નમસ્કાર કરીએ છીએ.

મલયરાજિ જિનાગમ રહસ્ય-નિવહની જે વૃત્તિ, સંશયરૂપ તાપ દૂર કરે છે. તે મલયગિરિજી જય પામે છે.

શ્રીમદ્ વિજય દાન ગુરુ - x - સિદ્ધાંતના ધારણ કરવાથી પ્રાપ્ત દીપ્તિ, દુષમ આરા જનિત ભરતભૂમિગત અંધકારનો નાશ કરે છે. - x - તે રત્નમય દીપ - x - સ્વપદને દીપ્ત કર્તા - x - શ્રી વિજય હીરસૂરિજી વિજયને માટે થાઓ.

જેના પ્રભાવથી - x - મને વાણીરસ થયો, તેવા સકલચંદ્ર વાચક જય પામો. - x - જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિની આ - x - વૃત્તિ રચી છે.

વિકટભવ અટવીના પર્યટનથી પ્રાપ્ત શારીરાદિ અનેક દુઃખથી આર્દ્રિત દેહી, અકામ નિર્જરા યોગથી થયેલ કર્મમલની લઘુતાથી જનિત સકલકર્મક્ષય લક્ષણ પરમપદની આકાંક્ષા કરે છે. તે પરમપુરુષાર્થત્વથી સમ્યગ્જ્ઞાનાદિ રત્નત્રય ગોચર પરમ પુરુષાકાર ઉપાર્જનીય છે, તે ઈષ્ટ સાધનપણે જાતિય જ્ઞાનજન્ય છે આપ્ત દેશ મૂલક છે, પરમ કેવલથી આલોકિત લોક વડે, નિષ્કારણ પરોપકાર પ્રવૃત્તિને અનુભવતા તીર્થકૃત્ નામ કર્મા પુરુષ તે આપ્ત.

તેમના ઉપદેશને ગણધર-સ્થવિરાદિ વડે અંગ-ઉપાંગ આદિ શાસ્ત્રોમાં પ્રપંચિત છે. તેમાં બાર અંગો, અંગના એકદેશરૂપ પ્રાયઃ પ્રત્યંગ એકૈકના ભાવથી તેના ઉપાંગો છે. તેમાં આચારાંગાદિ અંગો પ્રતીત છે. તેના ઉપાંગો ક્રમથી આ છે —

૧. આચારાંગનું ઉવવાઈ, ૨. સૂત્રકૃતાંગનું રાજપ્રશ્નીય, ૩. સ્થાનાંગનું જીવાભિગમ, ૪. સમવાયાંગનું પ્રજ્ઞાપના, ૫. ભગવતીનું સૂર્યપ્રજ્ઞપ્તિ, ૬. જ્ઞાતાધર્મકથાંગની જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ, ૭. ઉપાસક દશાંગની ચંદ્રપ્રજ્ઞપ્તિ, ૭. અંતકૃત્ દશાથી દૃષ્ટિવાદ સુધી પાંચે અંગોની નિરયાવલિકા શ્રુતસ્કંધગત કલ્પિકાદિ પાંચ ઉપાંગો. - x - x - અહીં ઉપાંગાદિ ક્રમમાં સામાચારી આદિથી કંઈક ભેદો પણ છે. અંગોમાં પહેલાં બેની વૃત્તિ શીલાંકાચાર્યની છે. બાકીના નવ અંગો અભયદેવ સૂરિ વડે વિવૃત્ત છે. દૃષ્ટિવાદ વીરનિર્વાણ પછી હજાર વર્ષ વિચ્છેદ થતાં તેનું વિવરણ નથી.

ઉપાંગોમાં પહેલા ઉપાંગની વૃત્તિ અભયદેવસૂરિકૃત્ છે, રાજપ્રશ્નીયાદિ છ

મલયગિરિજી વિવૃત્ત છે, પંચોપાંગમય નિરયાવલિકા ચંદ્રસૂરિજી વિવૃત્ત છે. તેમાં આ ઉપાંગની વૃત્તિ મલયગિરિ કૃત્ છે, પણ હાલ તે વિચ્છેદ પામી છે.

આ ગંભીર અર્થપણાથી અતિગહન છે, તેથી અનુયોગ રહિત મુદ્રિત - x - છે - x - વિજય માનગચ્છ નાયક પરમગુરુ શ્રી હીરવિજયસૂરિના નિર્દેશથી - x - હું અનુયોગ આરંભુ છું. તે ચાર ભેદે છે - ઉત્તરાધ્યયનાદિમાં ધર્મકથાનુયોગ, સૂર્યપ્રજ્ઞપ્તિ આદિમાં ગણિતાનુયોગ, પૂર્વો આદિમાં દ્રવ્યાનુયોગ અને આચારાંગાદિમાં ચરણકરણાનુયોગ.

પ્રસ્તુત શાસ્ત્રની ક્ષેત્રપ્રરૂપણાત્મપણાથી અને તે ગણિત સાધ્ય હોવાથી ગણિતાનુયોગમાં અંતર્ભાવ છે. - x - x - સાક્ષાત્ મોક્ષમાર્ગભૂત રત્નત્રય અનુપદેશકપણું છતાં તેના ઉપકારીપણાથી બાકીના ત્રણે અનુયોગો - x - છે. - x - x -

ચરણ પ્રતિપત્તિ હેતુ ધર્મકથાનુયોગ કાળમાં-ગણિત અનુયોગમાં દીક્ષાદિ વ્રતો. અર્થાત્ શુદ્ધ ગણિત સિદ્ધ થતાં પ્રશસ્ત કાળમાં પણ દીક્ષાદિ પ્રશસ્ત ફળદાયી થાય. કાળ જ્યોતિષ્ગતિ આધીન છે. તે જંબૂદ્વીપાદિ ક્ષેત્રાધીન વ્યવસ્થથી આ કાળ-અપર પર્યાય ગણિતાનુયોગ છે. દ્રવ્યાનુયોગ શુદ્ધ થતાં દર્શનશુદ્ધિ થાય છે. - x - x - દર્શન શુદ્ધને ચરણાનુયોગ થાય છે.

- x - x - x - x - x - x - x - x - જીવાભિગમ આદિ વૃત્તિમાં કહેલ વ્યાખ્યાના અંશાદિ મેળવી-વિચારીને મેં અનુ-આખ્યાનરૂપ આ વ્યાખ્યાન કરેલ છે. - x - x -

તે અનુયોગના ફલાદિ દ્વારની પ્રરૂપણાથી પ્રવૃત્તિ થાય છે. - x - x - અનુયોગનું ફલ અવશ્ય કહેવું. અન્યથા આના નિષ્ફળપણાથી વ્યાખ્યાતા અને શ્રોતા બંને કાંટાની શાખાના મર્દનવત્ અહીં પ્રવૃત્ત થતાં નથી. તે બે ભેદે - કર્તા અને શ્રોતા. બંનેના પણ બે ભેદ-અનંતર અને પરંપર. તેમાં કર્તા અનંતર-દ્વીપ, સમુદ્રાદિ સંસ્થાનના પરિજ્ઞાનમાં અતિકર્મિત મતિપણાથી સ્પષ્ટપણે યથાસંભવ સંસ્મરણથી સ્વાત્મના સુખથી જ સંસ્થાનવિચય નામક ધર્મધ્યાનની પ્રાપ્ત મંદમેધાવાળાને ઉપકારક છે. શ્રોતાને વળી જંબૂદ્વીપવર્તી પદાર્થ પરિજ્ઞાન છે, પરંપરાએ બંનેને મુક્તિ આપે છે. - x - x - x -

યોગ - સંબંધ કહેવો, તેના વડે જાણેલ ફળ જ વ્યભિચારની શંકારહિત પ્રેક્ષાવતંને પ્રવર્તે છે. તે બે ભેદે છે — ઉપાય અને ઉપેય ભાવલક્ષણ તથા ગુરુપર્વક્રમ લક્ષણ. - x - અનુયોગ તે ઉપાય છે અને અર્થાવગમાદિ તે ઉપેય છે તે ફળથી અભિહિત છે બીજો ભેદ આ રીતે — ભગવંતે જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ અર્થથી કહી છે, સૂત્રથી ગણધરો વડે દ્વાદશાંગીમાં ગુંથી. તો પણ મંદબુદ્ધિના ઉપકારને માટે સાતિશય શ્રુતધારી વડે છઠ્ઠા અંગથી આકૃષ્ટ કરીને પૃથક્ અધ્યયનપણે વ્યવસ્થાપિત કરી.

આજ સંબંધ વિચારીને સૂત્રકૃત્ ઉપોદ્ઘાત કરેલ છે અથવા આધ સંબંધના



પ્રામાણ્ય ગ્રહીને પછીના સંબંધનું નિરૂપણ છે. - x - x - અથવા યોગ - અવસર. તેમાં પ્રસ્તુત ઉપાંગના દાનમાં શો અવસરે છે ? તે કહે છે — ઉપાંગના અર્થાનુવાદકપણાથી અંગના સામીપ્યથી - x - અંગનો અવસર છે - x - તે અવસર સૂચિકા સાત ગાથાઓ છે, તેનો સાર આ પ્રમાણે છે —

૩-વર્ષ પર્યાયે આચારપ્રકલ્પ, ૪-વર્ષે સૂયગડ, ૫-વર્ષે દસા-કલ્પ-વ્યવહાર, ૮-વર્ષે સ્થાનાંગ, સમવાયાંગ, ૧૨-વર્ષે અરુણોપાતાદિ પાંચ અધ્યયન, ૧૩-વર્ષે ઉત્થાન શ્રુતાદિચાર, ૧૪ વર્ષે આશીવિષ ભાવનાં, ૧૫-વર્ષે દૃષ્ટિવીષ ૧૬ વર્ષેથી યથાસંખ્યા એક એક વર્ષે ચારણ ભાવના, મહાસ્વપ્ન ભાવના, તેજોનિસર્ગ, ૧૯ વર્ષે દૃષ્ટિવાદ, ૨૦-વર્ષે સર્વ શ્રુતની અનુજ્ઞા કરવી.

અહીં પંચવસ્તુક સૂત્રમાં દશ વર્ષ પર્યાયે સાધુને ભગવતી અંગ પ્રદાન અવસર પ્રતિપાદનથી છઠ્ઠા અંગપણાથી જ્ઞાતાધર્મકથાંગના પ્રદાનમાં તે પછી અવસર આવે. કારણવિશેષ થકી ગુરુ આજ્ઞાવશથી પૂર્વે પણ આવે. તેથી તેના ઉપાંગપણાથી તેની પછી અવસર સંભવે છે. યોગવિધાન સામાચારીથી પણ અંગસૂત્રના યોગ વહન પછી ઉપાંગ યોગના વહન થાય.

આ ઉપાંગ પણ પ્રાયઃ સકલ જંબૂદ્વીપવર્તી પદાર્થ અનુશાસનથી શાસ્ત્ર છે. તેના સમ્યગ્જ્ઞાન દ્વારા પરમપદના પ્રાપ્તપણાથી શ્રેય રૂપ છે. તેથી અહીં વિઘ્ન ન થાય તેથી તેના નિવારણ માટે મંગલને દર્શાવે છે — શ્રેય કાર્યમાં ઘણાં વિઘ્નો છે, તેથી મંગલોપચાર વડે તે અનુયોગ મહાનિધિવત્ ગ્રહણ કરવો. તેમાં આદિ-મધ્ય-અંત એ ત્રણ ભેદો મંગલના છેદ

તેમાં આદિ મંગલ ‘નમો અરિહંતાણં’ શાસ્ત્રની નિર્વિઘ્ને પરિસમાપ્તિ માટે છે. મધ્યમંગલ - “ઐકૈક વિજયમાં ભગવંત તિર્થંકર ઉત્પન્ન થાય છે.” તે સ્થિરતા માટે છે. કેમકે આનો બીજો અધિકાર આદિ સૂત્ર ત્રિભુવનોદ્ભૂત જિન જન્મ કલ્યાણક સૂચકપણાથી પરમમંગલપણે છે. અંત્ય મંગલ - “શ્રમણ ભગવંત મહાવીર મિથિલાનગરીમાં” ઈત્યાદિ નિગમન સૂત્રમાં ભગવંત મહાવીરના નામ ગ્રહણથી છે, તે જ શિષ્ય-પ્રશિષ્યાદિ પરંપરાથી અવ્યવચ્છેદને માટે છે.

(શંકા) સમ્યગ્જ્ઞાનપણાથી નિર્જરાહેતુ આ નથી શું ? અથવા પ્રશસ્ત અર્થ પૃચ્છા, તે અર્થ સંપત્તિ દ્વીપાદિ નામો પરમ મંગલત્વથી - x - સ્વયં જ મંગલરૂપ છે, તો બીજું મંગલ શા માટે ? મંગલપણે પરિગૃહિત શાસ્ત્ર મંગલનો વ્યવહાર ફલદાયી થાય છે - x - x - x - આ રીતે આ શાસ્ત્રના ફલાદિ નિરૂપિત તેનો અનુયોગ જાણવો. - હવે આનો સમુદાયાર્થ વિચારીએ —

સમુદાય તે સામાન્યથી શાસ્ત્ર સંગ્રહણીય પિંડ છે, તે રૂપ અર્થ કહેવો. - x - x - અહીં “જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ” એ નામનો શબ્દાર્થ શો છે ? જંબૂ-બીજું નામ સુદર્શના, તેને ઉપલક્ષીને દ્વીપ તે જંબૂદ્વીપ. તેનો કુતીર્થિકનો અર્થ છોડીને યથાવસ્થિત સ્વરૂપ લક્ષણથી જ્ઞાપન-જાણકારી, જે ગ્રંથ પદ્ધતિમાં છે, તેનાથી તે “જંબૂદ્વીપ

પ્રજ્ઞપ્તિ'' કહેવાય. - અથવા -

જંબૂદ્વીપને સ્વસ્થિતિમાં પૂર્ણ કરે, તે જંબૂદ્વીપ પ્રાજગતી વર્ષ વર્ષધરાદિની જ્ઞપ્તિ જેમાં છે, તે જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સાન્વર્થ શાસ્ત્ર નામ પ્રતિપાદનથી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિનો પીંડાર્થ કહ્યો. - x - x - નામ નિક્ષેપ ચિંતા બીજા અનુયોગમાં કરીશું.

- x - પ્રસ્તુત અધ્યયનના મહાપુરની જેમ ચાર અનુયોગ દ્વારો છે — ઉપક્રમ, નિક્ષેપ, અનુગમ અને નય. તેમાં અનુયોજન તે અનુયોગ - સૂત્રનો અર્થ સાથે સંબંધ, અથવા અનુરૂપ કે અનુકૂળ યોગ - વ્યાપાર સૂત્રના અર્થ પ્રતિપાદનરૂપ અનુયોગ. - x - x - અથવા અર્થની અપેક્ષાથી અણુ - લઘુ, પછી ઉત્પન્ન થયેલ પણાથી અનુ શબ્દ વાચ્યનો, જે અભિધેય, યોગ-વ્યાપાર, તેનો સંબંધ તે અનુયોગ - x - x -

તેના દ્વારની જેમ દ્વાર-પ્રવેશમુખ, આ અધ્યયન પુરનો અર્થાધિગમ ઉપાય. - x - x - x - જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ અધ્યયનપુર પણ અથાધિગમ ઉપાયદ્વાર શૂન્ય અશક્યાધિગમ થાય છે, એક દ્વારાનુગત પણ દુરધિગમ છે. પ્રભેદસહિત ચાર દ્વારાનુગત સુખાધિગમ માટે છે. - x -

તેના બે, ત્રણ, બે, બે ભેદો ક્રમથી થાય છે.

નિરુક્તિ પણ ઉપક્રમણ તે ઉપક્રમ, તે ભાવસાધન વ્યાખ્યાથી શાસ્ત્રના સમીપ આનયન વડે નિક્ષેપ અવસર પ્રાપક છે. અથવા જેના વડે ગુરુવાક્યોગથી ઉપક્રમ થાય તે ઉપક્રમ. તે કરણ સાધન છે. અથવા જેમાં ઉપક્રમાય તે શિષ્ય શ્રમણ ભાવ હોવાથી ઉપક્રમ એ કરણ સાધન છે. - x - x -

નિક્ષેપણ-આના વડે, આમાં કે આનાથી જેમાં નિક્ષેપ કરાય તે અથવા નિક્ષેપ-ઉપક્રમથી લાવેલ વ્યાખ્યા કરાયેલ શાસ્ત્રના નામાદિ વડે ન્યાસ, નિક્ષેપ-ન્યાસ-સ્થાપના એ બધાં પર્યાયો છે. એ રીતે અનુગમન કે જેના વડે - જેમાં - જેથી અનુગમન થાય તે અનુગમ - નિક્ષિપ્ત સૂર્તનો અનુકૂળ પરિચ્છેદ-અર્થકથન. નય - લઈ જવું કે જેના વડે - જેમાં - જેથી લઈ જવા તે નય. અનંત ધર્માત્મક વસ્તુનો એકાંશ પરિચ્છેદ અર્થાત્ એક જ ધર્મથી પુરસ્કૃત્ વસ્તુનો સ્વીકાર.

ઉપક્રમાદિ દ્વારના અહીં ન્યાસનું શું પ્રયોજન છે ? અનુપક્રાંત સમીપીભૂતનો નિક્ષેપ થતો નથી, અનિક્ષિપ્ત નામાદિ વડે અર્થથી અનુગમ થતો નથી. અર્થથી અનનુગતની નય વડે વિચારણા થતી નથી. આ જ આ ક્રમનું પ્રયોજન છે - x - ફ્લાદિ કહ્યા.

હવે અનુયોગ દ્વારભેદના કહેવા પૂર્વક આ અધ્યયનની વિચારણા કરીએ. તેમાં ઉપક્રમ બે ભેદે - લૌકિક અને શાસ્ત્રીય. લૌકિક છ ભેદે - નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના ભેદથી છે. તેમાં દ્રવ્ય ઉપક્રમ બે ભેદે - આગમથી અને નોઆગમથી. આગમથી ઉપક્રમ શબ્દાર્થના જ્ઞાતા, તેમાં અનુપયુક્ત આદિ - x - તેમાં જે ઉપક્રમ શબ્દાર્થનું-જ્ઞનું શરીર, જીવરહિત છે તે, જ્ઞશરીર દ્રવ્યોપક્રમ. - x



- x - જ્ઞ અને ભવ્યશરીર વ્યતિરિક્ત તે સચિત્ત, અચિત્ત, મિશ્ર ભેદથી ત્રણ પ્રકારે છે. તેમાં સચિત્ત દ્રવ્યોપક્રમ - દ્વિપદ, ચતુષ્પદ, અપદના ભેદથી ત્રણ પ્રકારે છે. ઈત્યાદિ - x - x - x - x - x - x -

ક્ષેત્ર કાલોપક્રમ પણ બે ભેદે છે — પરિકર્મ અને વસ્તુવિનાશ. તેમાં ક્ષેત્ર - આકાશ, તે અમુર્ત છે, નિત્ય છે. તેથી તેમાં પરિકર્મરૂપ કે વિનાશરૂપ ઉપક્રમ ન ઘટાવી શકાય. - x - ઈક્ષુ ક્ષેત્રનો હલ આદિ વડે પરિકર્મ, ગજ બંધન આદિ વડે વિનાશ છે.

એ રીતે 'કાળ'નો પૂર્વોક્ત ન્યાયથી ઉપક્રમ અસંભવ છે, છતાં શંકુ આદિ છાયાદિ વડે યથાર્થ પરિજ્ઞાન, તે પરિકર્મ-કાલોપક્રમ. ગ્રહ-નક્ષત્રાદિ ચાર વડે અનિષ્ટ-ફળદાયકતાથી પરિણમન તે વિનાશ કાલોપક્રમ. તથા લોકમાં પણ અમુક ગ્રહાદિથી આ વિનાશ તે કાળ.

ભાવોપક્રમ બે ભેદે - આગમથી અને નોઆગમથી. આગમ વડે ઉપક્રમ શબ્દાર્થનો જ્ઞાતા, તેમાં ઉપયુક્ત. નોઆગમથી બે ભેદે અપ્રશસ્ત અને પ્રશસ્ત. - x - x -

હવે અનુયોગ અંગ પ્રતિપાદન અધિકારમાં ગુરુભાવોપક્રમ અભિધાન અનર્થક છે. તે અસમ્યક્ છે. - x - x - x - x - કહે છે કે — બાળ-લગ્નાદિ સાધુને પથ્ય અન્ન-પાનાદિ વડે વૈયાવચ્ચમાં નિયુક્ત સાધુ દ્રવ્યોપક્રમથી પ્રતિજાગૃત રહે. ગુરુના આસન-શયનાદિ ઉપભોગમાં ભૂતલ પ્રમાર્જનાદિ વડે ક્ષેત્રોપક્રમથી સંસ્કાર કરે છે, કાલોપક્રમથી ભવ્યના છાયાલગ્નાદિ વડે દીક્ષાદિ સમયને સમ્યક્ સાધે છે અને ગુરુ કૃપા કરે છે અથવા - x - ઉપક્રમ સામ્યથી જે કંઈ ઉપક્રમભેદથી સંભવે છે, તે બધું પણ કહેવું. - x - x - x -

લૌકિક ઉપક્રમ કહ્યો, હવે શાસ્ત્રીય કહે છે. તે પણ છ ભેદે જ છે - x - આનો અર્થ અનુયોગદ્વાર સૂત્રથી જાણવો. ગ્રન્થ વિસ્તારના ભયથી અહીં કહેતા નથી. કેવલ આનુપૂર્વ્યાદિ પાંચ ઉપક્રમ ભેદોમાં છઠ્ઠો સમવતાર ભેદ વિચારતા આ અધ્યયનનો સમવતાર કરવો. તેથી આનુપૂર્વ્યાદિ ઉપક્રમ છ ભેદે કહેવો. તેથી કહે છે. દશ ભેદે આનુપૂર્વીમાં આ અધ્યયનનો ઉત્કીર્તનગણ-નાનુપૂર્વીનો સમવતાર છે.

તેમાં ઉત્કીર્તન-નામ કથન માત્ર, જેમકે બાર અંગઉપાંગ મધ્યે ઉવવાઈ આદિ છે. ગણન - એક, બે, ત્રણ આદિ. તે ગણનાનુપૂર્વી ત્રણ ભેદે છે — પૂર્વાનુપૂર્વી, પશ્ચાનુપૂર્વી, અનાનુપૂર્વી. તેમાં પૂર્વાનુપૂર્વીથી આ છટ્ઠું, પશ્ચાનુપૂર્વીથી સાતમું, અનાનુપૂર્વીથી અનિયત છે.

નામમાં - x - છ ભાવો ઔદયિકાદિને નિરૂપે છે. તેમાં આનો ક્ષાયોપશમિક ભાવમાં અવતાર છે. કેમકે સર્વશ્રુત ક્ષાયોપશમિક ભાવરૂપ છે. પ્રમાણ ચાર ભેદે — દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના ભેદથી. તેમાં આ અધ્યયન ક્ષાયોપશમિક

ભાવાત્મકપણાથી ભાવપ્રમાણ વિષય છે. ભાવ પ્રમાણ - ગુણનયપ્રમાણ ભેદથી ત્રણ પ્રકારે છે. - x - તેમાં જીવોપયોગ રૂપત્વથી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ અધ્યયનનો જીવગુણ પ્રમાણમાં સમવતાર છે. - x - તેમાં બોધાત્મકત્વથી આ જ્ઞાનગુણ પ્રમાણ છે. - x - તેમાં આપ્ત ઉપદશરૂપત્વથી આ આગમ પ્રમાણ છે. - x - તેમાં પણ આ પરમ મુનિ પ્રણીતત્વથી આ લોકોત્તર પ્રમાણ છે. - x - તેમાં પણ આ અનંગ પ્રવિષ્ટ આવશ્યક વ્યતિરિક્ત છે અને તે - x - કાલિક છે. વળી સૂત્રાર્થ રૂપત્વથી તદુભય છે. વળી તે - x - ગણધરોને સૂત્રથી આત્માગમ, તેના શિષ્યોને અનંતરાગમ, પ્રશિષ્યોને પરંપરાગમ છે. અર્થથી અરહંતને આત્માગમ, ગણધરોને અનંતરાગમ પછી પરંપરાગમ છે.

(શંકા) અંગસૂત્ર ગણધર પ્રણિત છે, ઉપાંગ સ્થવિર કૃત્ છે. - x - તો ગણધરને કઈ રીતે આત્માગમપણે કહેવાય ? ગણધરોએ દ્વાદશાંગી રચી. પરમાર્થથી તેનો એક દેશ ઉપાંગ પણ રચેલ કહેવાય છે તેથી તેમને પણ સૂત્રથી આત્માગમ કહેવાય, તેથી કોઈ વિરોધ નથી. પણ વ્યવહારથી સ્થવિરકૃત્ હોવાથી સ્થવિરોને સૂત્રથી આત્માગમ છે. કેમકે તેમ ઉત્તરાધ્યયન બૃહદ્‌વૃત્તિથી જાણવું. - x - x -

નય પ્રમાણમાં તેનો સમ્પ્રત્યવતાર નથી, કેમકે આગમના મૂઢનયપણાથી છે. - x - સંખ્યા - નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ઔપમ્ય પરિમાણ અને ભાવ ભેદથી આઠ પ્રકારે છે. - x - x - x - ઉપક્રમ કહ્યો.

હવે નિક્ષેપ, તે ત્રણ ભેદે છે — ઓઘ્ નામ સૂત્રાલાપક ભેદથી ત્રણ પ્રકારે છે — ઓઘ - સામાન્ય અધ્યયનાદિ, - x - નામ નિક્ષેપામાં આનું જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ નામ છે. પછી જંબૂ અને પ્રજ્ઞપ્તિ શબ્દનો નિક્ષેપો કહેવો. જંબૂ શબ્દના નામાદિ ભેદથી ચાર નિક્ષેપા છે. તેમાં નામ - જંબૂ, જેમકે અંતિમ કેવલી. સ્થાપના જંબૂ-ચિત્રાદિમાં આલેખિત જંબૂ વૃક્ષાદિ. દ્રવ્ય જંબૂ બે ભેદે - આગમથી અને નોઆગમથી ઈત્યાદિ - x - x - x - x - x - નોઆગમથી ભાવજંબૂનો અધિકાર છે.

દ્વીપ પણ પૂર્વવત્ ચાર ભેદે છે. 'દ્વીપ'નામે છે તે નામદ્વીપ. ચિત્રાદિ આલેખિત તે સ્થાપના દ્વીપ, દ્રવ્યદ્વીપ-આગમથી અને નોઆગમથી. - x - x - ભાવદ્વીપ પણ બે ભેદે - આગમથી અને નોઆગમથી. - x - તેમાં નોઆગમથી 'સાધુ'. કેમકે જેમ નદી, સમુદ્રના મધ્યપ્રદેશમાંથી દ્રવ્યદ્વીપે લઈ જાય છે, તેમ પારાતીત સંસારને પાર પામવામાં જીવને પરમ પરોપકારૈક પ્રવૃત્ત સાધુ જ પાર લઈ જાય છે. આથી ભાવથી - પરમાર્થથી દ્વીપ તે ભાવદ્વીપ કહેવાય છે. - x - x - અથવા ભાવદ્વીપ તે સમ્યકત્વ. તેમાં ઔપશમિક અને ક્ષાયોપશમિક તે સંદીન ભાવદ્વીપ અને ક્ષાયિક તે અસંદીન ભાવદ્વીપ છે. - x - x - x - x - x - x - x - x - x - x - x -

અથવા આ નામાદિ ભેદથી દ્વીપ ચાર ભેદે છે — દ્વીપ એવું નામ હોય. સ્થાપનાદ્વીપ - દ્વીપનો થાળી-વલયાદિ આકાર. દ્રવ્યદ્વીપ - દ્વીપ આરંભ. પૃથ્વિ આદિ દ્રવ્યો. - x - x - x - ભાવદ્વીપ - થાળ સ્વરૂપ ચોતરફનું સમુદ્ર જળ વલયિત ક્ષેત્ર



ખંડ. આ પ્રમાણે ચારે પણ દ્વીપ વડે અહીં અધિકાર છે.

પ્રજ્ઞપ્તિ નામાદિ વડે ચાર ભેદે છે - પ્રજ્ઞપ્તિ એ નામ-જેમકે એક વિદ્યાદેવી. સ્થાપના પ્રજ્ઞપ્તિ-તેવી કોઈ આકૃતિ. દ્રવ્યપ્રજ્ઞપ્તિ બે ભેદે - આગમથી અને નો આગમથી, ઈત્યાદિ. અથવા દ્રવ્યપ્રજ્ઞપ્તિ લૌકિક અને લોકોત્તર બે ભેદથી છે. લૌકિક - x - x - સામાન્ય છે અને લોકોત્તરમાં - સચિત્ત વિષયમાં, જેમકે પ્રવ્રાજનાચાર્યની નવ દીક્ષિતને શાલિ આદિ સચિત્તનું જ્ઞાન કરાવે. અચિત્ત - શસ્ત્ર પરિણત શાલિ આદિનું જ્ઞાન કરાવે. મિશ્ર-દુષ્પક્વ શાલ્યાદિનું જ્ઞાન કરાવે.

હવે ભાવપ્રજ્ઞપ્તિ-આગમ અને નોઆગમથી બે ભેદે છે. - x - નોઆગમથી ભાવપ્રજ્ઞપ્તિ બે ભેદે - પ્રશસ્ત અને અપ્રશસ્ત. તેમાં પ્રશસ્ત - અર્થથી અરિહંતો અને સૂત્રથી ગણધરો પોતાના શિષ્યાને જે જ્ઞાન કરાવે તે.

આ રીતે અવબોધ નિષ્પન્ન નિક્ષેપ કહ્યો. હવે સૂત્રાલાપક નિષ્પન્ન, તે અવસર પ્રાપ્ત હોવા છતાં નિક્ષેપ કરતાં નથી. - x - x -

હવે અનુગમ વ્યાખ્યાન - તે બે ભેદે, નિર્યુક્તિ અનુગમ અને સૂત્ર અનુગમ. તેમાં નિર્યુક્તિ અનુગમ ત્રણ ભેદે — નિક્ષેપ, ઉપોદ્‌ઘાત અને સૂત્ર સ્પર્શિક. નિક્ષેપ નિર્યુક્તિ અનુગમ — જંબૂ આદિ શબ્દોના નિક્ષેપ પ્રતિપાદન અનુગત. ઉપોદ્‌ઘાત નિર્યુક્તિ અનુગમ અને ત્રીજો સૂત્રસ્પર્શિક નિર્યુક્તિ અનુગમ-સંહિતાદિ છ પ્રકારે વ્યાખ્યા લક્ષણમાં પદાર્થપદાદિ રૂપ. - x - x -

તેમાં અલ્પગ્રન્થ પણ મહાર્થ બત્રીશદોષ રહિત આઠ ગુણયુક્ત, સ્ખલિતાદિ દોષ વર્જિત સૂત્ર કહેવું જોઈએ. તે આ —

## ❀ વક્ષસ્કાર-૧-"ભરતક્ષેત્ર" ❀

-- x -- x -- x -- x -- x --

ૐ નમઃ અરિહંત ભગવંતોને નમસ્કાર થાઓ.

● સૂત્ર-૧ :-

*તે કાળે તે સમયે મિથિલા નામની નગરી હતી. ઋદ્ધ-સ્તિમિત અને સમૃદ્ધ હતી, વર્ણન કરવું. તે મિથિલા નગરીની બહાર ઉત્તર-પૂર્વ દિશામાં અહીં માણિભદ્ર નામક ચૈત્ય હતું. વર્ણક.*

*જિતશત્રુ રાજા હતો, ધારિણી રાણી હતી. તે કાળે તે સમયે સ્વામી પધાર્યા, પર્ષદા નીકળી, ધર્મ કહ્યો, પર્ષદા પાછી ફરી.*

● વિવેચન-૧ :-

"નમો અરિહંતાણં" આની વ્યાખ્યા સંહિતાદિ ક્રમથી છે. તેમાં અસ્ખલિત સૂત્રપાઠ-સંહિતા. - x - તેમાં વ્યાખ્યા ભેદ હોય ન જાણેલા અર્થમાં પદાદિમાં વ્યાખ્યા ભેદ પ્રવર્તે છે. તેમાં પદ છે - "અરહંતોને નમસ્કાર." પદ કરણમાં સૂત્ર આલાપક નિષ્પન્ન નિક્ષેપ-અવસર છે. તેમાં નમસ્કારના નામાદિ વડે ચાર નિક્ષેપ —

નામ નમસ્કાર — 'નમ' એ નામ છે. સ્થાપના નમસ્કાર-નમસ્કાર કરણ પ્રવૃત્તના સંકોચિત હાથ-પગનું ચિત્રાદિ. દ્રવ્ય-નમસ્કાર આગમથી અને નોઆગમથી. તેમાં - x - નિહ્નવાદિને દ્રવ્યનમસ્કાર, કેમકે તેમના મિથ્યાદૃષ્ટિત્વ પ્રધાનપણાથી છે. સમ્યગ્દૃષ્ટિને પણ અનુપયુક્તપણે નમસ્કાર કરવો તે દ્રવ્ય નમસ્કાર છે - x - x - ભાવ નમસ્કાર પણ આગમથી અને નોઆગમથી. - x - તેમાં મનથી ઉપયુક્ત, વચનથી "અરહંતોને નમસ્કાર થાઓ." કાયાથી હાથ-પગને સંકોચિત કરીને નમસ્કાર કરવા તે.

હવે અરહંત-જિન. તે પણ નામાદિ ભેદથી ચાર ભેદે છે, તે નામાદિ ભેદથી ચાર ભેદે — "નામજિન તે જિનનું નામ, સ્થાપનાજિન તે જિનપ્રતિમા, દ્રવ્યજિન તે જિનનો જીવ, ભાવ જિન તે સમવસરણમાં રહેલ જિન." આ ગાથા વડે જાણવું.

હવે પ્રકારાંતરથી નિક્ષેપ સંભવે છે, તે કહેતા નથી.

પદાર્થ - નમ એ દ્રવ્યભાવના સંકોચાર્થે નૈપાતિકપદ છે - x - નમઃ હાથ, પગ, મસ્તકના સુપ્રણિધાનરૂપ નમસ્કાર થાય છે. ભાવ સંકોચ તે વિશુદ્ધ મનથી અરહંતાદિ ગુણોમાં નિવેશ. તેમાં ભંગ ચતુષ્ક આ પ્રમાણે — (૧) દ્રવ્ય સંકોચ પણ ભાવ સંકોચ નહીં, જેમકે — પાલક, (૨) ભાવસંકોચ પણ દ્રવ્ય સંકોચ નહીં — જેમકે — અનુત્તરદેવ, (૩) દ્રવ્ય સંકોચ અને ભાવસંકોચ, જેમકે - શાંબ, (૪) દ્રવ્ય કે ભાવમાં એક નહીં - તે શૂન્ય. તેમાં અહીં ત્રીજો ભંગ લેવો. કેમકે અહીં ભાવસંકોચ પ્રધાન દ્રવ્યસંકોચરૂપ નમસ્કાર છે. આના વડે - x - x - ભાવ મંગલ કહ્યું. તપ વગેરે અન્ય ભાવમંગલમાં જે આનું ઉપાદાન છે, તે શાસ્ત્રની આદિમાં આનું જ વ્યવહાર પ્રાપ્તત્વ જણાવવાને છે. - x -



હવે પદ વિગ્રહ, તે બધે સંભવે છે, માટે કહેલ નથી.

(શંકા) અરહંતને પરમ મંગલપણાથી નમસ્કાર આદિમાં છે, તેથી તેનું ઉપાદાન અનુચિત છે. [સમાધાન] સત્ય છે. સ્વયં મંગલરૂપ પણ અરહંત, બીજાના નમન-સ્તવનાદિથી અભિષ્ટ ફળદાયી થાય છે. તે જણાવવા અરહંતોને પહેલાં નમસ્કાર લીધા. 'અરિહંતાણં' એમ જાતિ અપેક્ષાથી એકવચન છતાં બધાં અરહંતોનું ગ્રહણ થકી નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ અરહંત ચારેને પણ તુલ્ય કક્ષાપણે નમસ્કાર - x - x - નામ નય કહે છે — પ્રયોગ - વસ્તુ સ્વરૂપ નામ. - x - x - x - x - x - x - એ રીતે સ્થાપના નય - વસ્તુ માત્ર સંજ્ઞા રૂપ - x - x - x - x - x - x - x - x - x - પછી દ્રવ્યનય, સ્વ આશયનો આવિર્ભાવ કરે છે. - x - x - x - x - x - x - x - x - x - x - x - તેમાં દ્રવ્યનું જ પ્રાધાન્ય છે, તેમ દર્શાવી ભાવનય કહે છે. - x - x - ભાવનયની પ્રાધાન્યતા પ્રતિપાદિત કરે છે - x - x - x - x - x - x - x - x - x - x -

[નામાદિ ચારે નયની વિશદ્ છણાવટ પછી વૃત્તિકાર મહર્ષિ કહે છે —] ચારે નયના વિષયમાં બહુ વક્તવ્યતા વિશેષ આવશ્યકથી જાણવી. - x - x - x - x - ચારે નયો અન્યોન્ય સાપેક્ષ છે. માત્ર નામ નય, આકાર નય, માત્ર દ્રવ્યતા કે માત્ર ભાવ નહીં. કેમકે એક જ ઈન્દ્ર એ નામ છે, તેનો આકાર તે સ્થાપના છે. ઉત્તરાવસ્થાનું કારણપણું તે દ્રવ્યત્વ છે. દિવ્યરૂપ, સંપત્તિ, કુલિશ ધારણ, પરમ ઐશ્વર્યાદિ સંપન્નત્વ, તે ભાવ છે. એ રીતે નામાદિ ચારે જણાય છે. તેની અર્થ સંવાદકતા ઉત્તરાધ્યયન બૃહદ્વૃત્તિમાં કહેલ ચાર શ્લોકોમાં પણ છે. - x - x - x -

એ રીતે સૂત્ર સ્પર્શિક નિર્યુક્તિ અનુગમ કહ્યો. તે જ મંગલસૂત્રને આશ્રીને સૂત્રાનુગમ, સૂત્રાલાપક નિક્ષેપ સૂત્ર સ્પર્શિક નિર્યુક્તિ અનુગમપણે દર્શાવી. તે બધે અનુસરવું.

હવે જે નગરીમાં, જે ઉદ્યાનમાં, જે રીતે ભગવંત ગૌતમસ્વામીએ ભગવંત મહાવીર સ્વામીને પૂછ્યું, જે રીતે તે ભગવંતે ઉત્તર આપ્યો, તે ઉપોદ્ઘાત દર્શાવે છે—

આનો આ અર્થ છે — જ્યારે ભગવંત વિચરતા હતા, તે કાળે — વર્તમાન અવસર્પિણીના ચોથા આરારૂપ વિભાગમાં - x - x - તે કાળે, તે સમયે - x - સમય એ અવસરવાચી છે. તેથી હજી પણ એ સમય વર્તતો નથી. અર્થાત્ તે અવસર નથી. તેમાં એટલે કે જે સમયમાં ભગવંતે આ જંબૂદ્વીપ વક્તવ્યતા કહી, તે સમયે મિથિલા નામે નગરી હતી.

(શંકા) હજી પણ તે નગરી વર્તે છે, તો પછી હતી, એમ કેમ કહ્યું ? તે કેહ છે — કહેવાનાર વર્ણક ગ્રંથોક્ત વિભૂતિ સમેત તે હતી. પણ વિવક્ષિત પ્રકરણકર્તા, પ્રકરણ વિધાનકાળે નહીં. આ કેવી રીતે જાણવું. તે કહે છે — આ અવસર્પિણી કાળ છે, પ્રતિક્ષણ આના ભાવો હાનિને પામે છે, તે જિનપ્રવચનવેદી સારી રીતે જાણે છે તેથી તેમ કહેવામાં વિરોધ નથી.

હવે આ નગરીનું વર્ણન કહે છે — ઋદ્ધ-ભવન અને પૌરજન વડે અતિ વૃદ્ધિને પામેલ. સ્તિમિત - સ્વચક્ર, પરચક્રાદિથી ઉત્પન્ન ભય રહિત. સમૃદ્ધ-ધનધાન્યાદિ યુક્ત. - x - વર્ણક-ઉવવાઈ ઉપાંગમાં બધું વર્ણન છે, તે જોવું. - x -

તે મિથિલાનગરીની બહાર ઉત્તરપૂર્વ-ઈશાન ખૂણામાં. - x - x - આ ઉત્તરપૂર્વ દિશાભાગમાં માણિભદ્ર નામે ચૈત્ય હતું. - x - તે સંજ્ઞા શબ્દત્વથી દેવતા પ્રતિબિંબપણે પ્રસિદ્ધ છે. તેથી તેના આશ્રયભૂત જે દેવતાનું ગૃહ છે, તે પણ ઉપચારથી ચૈત્ય કહેવાય છે, તે અહીં વ્યંતરાયન કહેવું, પણ ભગવંત અરહંતનું આયતન કહેલ નથી. તેના ચિર-અતીત આદિ વર્ણક, તેમાં રહેલ વનખંડ વર્ણન પણ ઉવવાઈ ઉપાંગથી જાણવું.

તે મિથિલા નગરીમાં જિતશત્રુ નામે રાજા હતો, તેની સર્વ સ્ત્રીગુણ ધરનારી ધારિણી નામે દેવી-પટ્ટરાણી હતી. અહીં રાજાનું મહયા હિમવંત આદિ અને રાણીનું સુકુમાલ હાથ-પગવાળી ઈત્યાદિ વર્ણન પહેલાં ઉપાંગ મુજબ જાણવું.

હવે શું થયું તે કહે છે — તે કાળે તે સમયે, સ્વામીએ સમર્થ વિશેષણ છે, તેનાથી અહીં "શ્રી મહાવીર પધાર્યા" અર્થ લેવો. તેમનું જ "ત્રિભુવનવિભૂ" એ આત્યંતિક સ્વામીત્વ છે. અહીં જે રીતે નિષ્પ્રતિમ પ્રાતિહાર્યાદિ સમૃદ્ધિ વડે સમન્વિત, જે રીતે શ્રમણાદિ પરિવારથી પરિવૃત સમવસૃત ઈત્યાદિ ઉવવાઈથી જાણવું.

પર્ષદા નીકળી - મિથિલા નગરીના રહેવાસી લોકો બધાં ભગવંતને આવેલા સાંભળીને પોત-પોતાના આશ્ચર્યથી નીકળ્યા. ત્યારે મિથિલા નગરીના શ્રૃંગાટકે ઈત્યાદિ યાવત્ અંજલી જોડીને પર્યુપાસન કરે છે, ત્યાં સુધી ઉવવાઈ સૂત્રથી જાણવું.

તે પર્ષદાની આગળ સર્વજનને સ્વભાષામાં પરણામી એવી અને સર્ધમાગધી ભાષા વડે ધર્મ કહ્યો. તે આ રીતે — લોક છે, અલોક છે, જીવો છે, અજીવો છે ઈત્યાદિ. તથા જે રીતે જીવો બંધાય છે, મૂકાય છે, સંક્લેશ પામે છે. કોઈ અપ્રતિબદ્ધ જે રીતે દુઃખોનો અંત કરે છે. આર્ત્ત-દુખાર્ત્ત ચિત્ત વડે જેમ જીવો દુઃખોનો સાગર એકઠો કરે છે. - x - x - ઈત્યાદિ કહે છે.

પર્ષદા પાછી ગઈ-સ્વ સ્થાને ગઈ. આ પ્રતિગમનસૂત્ર પણ તે જ ઉપાંગથી જાણવું.

હવે પર્ષદા પાછી ફર્યા પછી જે થયું તે કહે છે —

**● સૂત્ર-૨,૩ :-**

***(૨) તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના મોટા શિષ્ય ઈન્દ્રભૂતિ નામે અણગાર, ગૌતમગોત્રથી હતા. તે સાત હાથ ઉંચા, સમચતુરસ્ર સંસ્થાનવાળા યાવત્ ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરે છે, વંદે છે - નમે છે, વાંદી-નમીને આમ કહ્યું —***

***(૩) ભગવન્! જંબૂદ્વીપ ક્યાં છે?, કેટલો મોટો છે? તેનું સંસ્થાન શું છે? તેના આકાર-ભાવપ્રત્યાવતાર કેવા કહ્યા છે? ગૌતમ! આ જંબૂદ્વીપ દ્વીપ***



***સર્વે દ્વીપ સમુદ્રોમાં સૌથી મધ્યમાં, સૌથી નાનો, વૃત્ત-તેલના પૂડલાં સંસ્થાનથી સંસ્થિત, વૃત્ત-રથ ચક્રવાલ સંસ્થાન સંસ્થિત, વૃત્ત-પુષ્કર કર્ણિકા સંસ્થાન સંસ્થિત, વૃત્ત-રથ ચક્રવાલ સંસ્થાન સંસ્થિત, વૃત્ત-પુષ્કરકર્ણિકા સંસ્થાન સંસ્થિત, વૃત્ત-પ્રતિપૂર્ણ ચંદ્ર સંસ્થાન સંસ્થિત, એક લાખ યોજન લંબાઈ-પહોળાઈથી, ૩,૧૬,૨૨૭ યોજન, ૩-કોશ, ૨૮-ધનુષ્, સાડાતેર અંગુલથી કંઈક વિશેષ પરિધિથી છે.***

**● વિવેચન-૨,૩ :-**

તે કાળે - ભગવંતના ધર્મદેશનાથી વિરમવાના કાળે, તે સમયે - પર્ષદાના પ્રતિગમન અવસરમાં, શ્રામ્યત્તિ - વિવિધ તપ કરે છે, માટે શ્રમણ. તેના ભગ - સમગ્ર ઐશ્વર્યાદિ લક્ષણ, જેને છે તે - ભગવાન્. वीर - કષાય પ્રતિ આક્રમણ કરે છે તે વીર. મહાન્ એવા વીર તે મહાવીર. તેના જ્યેષ્ઠ-પ્રથમ, અંતેવાસી-શિષ્ય. છેલ્લા બે પદ વડે તેનું સકલ સંઘાધિપતિત્વ કહ્યું. ઈન્દ્રભૂતિએ માતા-પિતાએ પાડેલ નામ છે. અંતેવાસીની વિવક્ષાથી શ્રાવક પણ કહેવાય. તેથી કહે છે — અણગાર - જેને ઘર નથી તે. આ ગોત્રરહિત પણ હોય, તેથી કહ્યું — ગૌતમ ગોત્રના હતા. - x - એ તે કાળના દેહમાનની અપેક્ષાથી ન્યૂનાધિક દેહવાળા પણ હોય, તેથી - સાત હાથ પ્રમાણ કાયાની ઉંચાઈ હતી - x - એ લક્ષણહીન પણ હોય, તેથી સમચતુરસ્ર - શરીર લક્ષણ શાસ્ત્રોક્ત પ્રમાણ - x - ચાર દિશાને ઉપલક્ષીને શરીર અવયવ જેને છે તેવા કહ્યા. બીજા કહે છે - सम એટલે અન્યૂનાધિક, अस्त्रयः - પર્યંક આસને બેસીને જાનુના અંતરે - આસનના લલાટથી ઉપરના ભાગનું અંતર, જમણાં ખભાથી ડાબા જાનુનું અંતર, ડાબા ખભાથી જમણા જાનુનું અંતર.

યાવત્ શબ્દથી આ વિશેષણો જાણવા - વજ્રઋષભનારાચ સંઘયણ, સુવર્ણ પુલક નિઘસ એવા પક્ષ્મગૌર, ઉગ્રતપસ્વી, ઉદાર-ઘોર-ઘોરગુણ-ઘોરતપસ્વી, ઘોર બ્રહ્મચર્યવાસી, શરીરત્યાગી, સંક્ષિપ્તવિપુલ તેજોલેશ્યી, ચૌદપૂર્વી, ચાર જ્ઞાનોપયુક્ત, સર્વાક્ષર સંનિપાતિ [એવા તે] ભગવંત મહાવીરની કંઈક સમીપ, ઉર્ધ્વજાનુ, અધોશિર, ધ્યાનકોષ્ઠોપગત, સંયમ અને તપ વડે આત્માને ભાવિ કરતાં વિચરે છે.

ત્યારે તે ગૌતમસ્વામી જાતશ્રદ્ધ, જાતસંશય, જાત કુતૂહલ, ઉત્પન્ન શ્રદ્ધાદિ, સંજાત શ્રદ્ધાદિ, સમુત્પન્ન શ્રદ્ધાવાળા, ઉત્થાનથી ઉઠીને જ્યાં શ્રમણ ભગવંત મહાવીર છે, ત્યાં આવે છે. આવીને શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વખત આદક્ષિણ-પ્રદક્ષિણા કરીને, વાંદી-નમીને, અતિ દૂર નહીં તેમ અતિ નીકટ નહીં, તે સ્થાને શુશ્રૂષા કરતાં, નમન કરતાં, અભિમુખ વિનયથી અંજલિ કરતાં પર્યુપાસના કરતાં આમ કહે છે—

અહીં વ્યાખ્યા — અનંતરોક્ત વિશેષણ હીન સંહનન પણ હોય, તેથી કહે છે — વજ્રઋષભનારાચ સંહનની એટલે બંને બાજુ મર્કટબંધ, તેના ઉપર વેષ્ટન

પટ્ટ, ત્રણે હાડકાંને ભેદક અસ્થિરૂપ કીલિકા, એવા સ્વરૂપનું સંહનન જેનું છે તે. તે નિઘવર્ણ પણ હોય, તેથી સુવર્ણના પુલકોલવનો જે કષપટ્ટક રેખારૂપ, તેની સમાન અને પદ્મકેસરાવત્ ગૌર. તે વિશિષ્ટ ચરણરહિત પણ હોય, તેથી કહે છે — ઉગ્ર અનશનાદિ તપવાળા, - x - દીપ્ત-જાજ્વલ્યમાન દહન સમાન કર્મવન ગહનને દહન સમર્થતાથી જ્વલિત-તપ-ધર્મધ્યાનાદિ, તપ્ત તપ્ - જેના વડે સર્વે અશુભ કર્મોને બાળી નાંખનાર. મહત્-પ્રશસ્ત, આશંસાદિ દોષ રહિતત્વથી તપવાળા. ઉદાર - પ્રધાન કે ઉગ્રાદિ વિશેષણ વિશિષ્ટ તપ કરવાથી પાસે રહેલાં અલ્પસત્વીને ભયાનક - તથા -

ઘોર - નિર્ઘૃણ, પરીષહ-ઈન્દ્રિયાદિ શત્રુગણના વિનાશને આશ્રીને નિર્દય કે આત્મનિરપેક્ષ. ઘોરગુણ - દુરનુચર મૂલ ગુણાદિવાળા, ઘોર તપ વડે તપસ્વી, ઘોર બ્રહ્મચારી - દારુણ અલ્પ સત્વથી દુરનુચરત્વ થકી જે બ્રહ્મચર્ય - તેમાં વસવાના આચારવાળા, સંસ્કારના પરિત્યાગથી શરીરત્યાગી. સંક્ષિપ્ત - શરીર અંતર્ગતત્વથી લઘુતા પામેલ અને વિસ્તીર્ણ અનેક યોજન પ્રમાણ ક્ષેત્ર આશ્રિત વસ્તુ દહન સમર્થત્વથી, તેજોલેશ્યા - વિશિષ્ટ તપોજન્ય લબ્ધિ વિશેષ પ્રભવ તેજો જ્વાલાવાળા. ચૌદ પૂર્વવાળા, આના વડે શ્રુતકેવલિતા કહી, તે અવધિજ્ઞાનાદિ રહિતને પણ હોય, તેથી કહે છે — મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યાયરૂપ ચાર જ્ઞાનયુક્ત. આ બંને વિશેષણયુક્ત હોવા છતાં પણ કોઈક સમગ્ર શ્રુત વિષય વ્યાપી જ્ઞાન ન પણ હોય, કેમકે ચૌદપૂર્વી પણ છ સ્થાનથી પતિત સાંભળેલા છે. તેથી કહે છે — બધાં અક્ષર સંનિપાતને જાણનારા અર્થાત્ જગત્માં જે પદાનુપૂર્વી, વાક્યાનુપૂર્વી સંભવે છે, તે બધાંને જાણે છે અથવા કાનને સુખકારી અક્ષરો નિત્ય બોલવાના આચારવાળા છે.

આવા ગુણ વિશિષ્ટ, વિનયની રાશિ સમાન, શિષ્યાચારત્વથી સાક્ષાત્ એમ કરીને શ્રમણ ભગવંત મહાવીરની કંઈક સમીપ વિચરે છે. તેમાં દૂર અને નીકટના પ્રતિષેધથી અદૂરસામંત અર્થાત્ અતિ દૂર નહીં તેમ અતિ નિકટ નહીં. કેવા થઈને ત્યાં વિહરે છે? ઉર્ધ્વ જાનુ રાખીને, શુદ્ધ પૃથ્વી આસનથી વર્જીને ઔપગ્રહિક નિષધાના અભાવથી ઉત્કટુક આસન. અધોશિર-ઉર્ધ્વ કે તીર્છી દૃષ્ટિ રહિત, પરંતુ નિયત ભૂભાગ નિયમિત દૃષ્ટિ ધ્યાન-ધર્મ કે શુક્લ, તે જ કોઠાર, તે ધ્યાનકોષ્ઠને પામીને ધ્યાનકોષ્ઠવત્ ગૌતમસ્વામી પણ ધ્યાનથી અવિપ્રકીર્ણ ઈન્દ્રિયાંત-કરણવૃત્તિ. સંયમ-પાંચ આશ્રવ નિરોધ, તપ-અનશનાદિ. સંયમ અને તપ વડે પ્રધાન મોક્ષાંગત્વ જણાવે છે. સંયમ આશ્રવ રોકવા અને તપ પૂર્વ કર્મોની નિર્જરાહેતુપણાથી છે. તેના વડે જ સર્વ કર્મનો મોક્ષ થાય છે. આત્માને વાસિત કરીને રહે છે. - x - x - x -

ત્યારપછી - જાત શ્રદ્ધાદિ વિશેષણયુક્ત થઈ ઉત્થાન કરે છે. તેમાં જાતશ્રદ્ધ-વક્ષ્યમાણ અર્થતત્વજ્ઞાન જાણવાની ઈચ્છાવાળા, જાતસંશય-અનવધારિત અર્થનું જ્ઞાન, તે આ રીતે — અન્યતીર્થિકોએ જંબૂદ્વીપ વક્તવ્યતા અન્યથા-અન્યથા કહી છે, તેથી



તત્વ શું છે ? તેવો સંશય. તથા જાતકુતૂહલ-ઉત્સુકતાવાળા - આ જંબૂદ્વીપ વક્તવ્યતાને સર્વજ્ઞ ભગવંતે કઈ રીતે કહી છે ? - તથા -

ઉત્પન્ન શ્રદ્ધા - પહેલાં ન હતી, તેવી શ્રદ્ધા થવી. જાતશ્રદ્ધાથી ઉક્ત અર્થ જ છે, તો ઉત્પન્ન શ્રદ્ધા કેમ કહ્યું ? પ્રવૃત્ત શ્રદ્ધત્વથી ઉત્પન્ન શ્રદ્ધત્વની પ્રાપ્તિ છે, અનુત્પન્નથી નહીં, અહીં કહે છે — હેતુત્વના પ્રદર્શન અર્થે છે. હેતુત્વ પ્રદર્શન ઉચિત જ છે. - x - x - x - તથા ઉત્પન્ન સંશય અને ઉત્પન્ન કુતૂહલ પૂર્વવત્ છે. 'સંજાત શ્રદ્ધ' ઈત્યાદિ છ પૂર્વવત્, વિશેષ એ કે — અહીં 'સં' શબ્દ પ્રકર્ષાદિ વચનો જાણવા. બીજા કહે છે કે — જાત શ્રદ્ધત્વાદિ અપેક્ષાથી ઉત્પન્ન શ્રદ્ધત્વાદિ સમાનાર્થા વિવક્ષિત અર્થના પ્રકર્ષના પ્રતિપાદન માટે સ્તુતિ મુખથી ગ્રંથકારે કહેલ છે, તેમાં પુનરુક્ત દોષ નથી. - x - x -

ઉત્થાનથી ઉઠીને - ઉર્ધ્વ વર્તનપણે ઉર્ધ્વ થાય છે. અહીં ઉઠે છે - એમ કહેતા ક્રિયા આરંભ માત્ર જ પ્રતીત થાય છે. જેમકે - કહેવાને ઉઠે છે. તેથી તેના વ્યવચ્છેદને માટે કહે છે — ઉત્થાનથી જાય છે એ ઉત્તર ક્રિયાની અપેક્ષાથી ઉત્થાન ક્રિયાની પૂર્વકાલતા જણાવવા - ઉઠીને કહ્યું. જો કે બંને ક્રિયાના પૂર્વ-ઉત્તર નિર્દેશથી પૂર્વકાળ આક્ષેપલભ્ય જ છે, - x - x - x - જે દિશા ભાગમાં શ્રમણ ભગવંત મહાવીર વર્તે છે, તે જ દિશા ભાગમાં જાય છે. - x - x -

ત્યાં જઈને શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વખત જમણાં હાથેથી આરંભીને પ્રદક્ષિણ-ફરતાં ભમીને જમણે જ આદક્ષિણપ્રદક્ષિણા કરે છે કરીને વંદે છે - વચન વડે સ્તુતિ કરે છે. નમન કરે છે - કાયાથી પ્રણમે છે. વાંદીને અને નમીને, અતિ નીકટ નહીં કેમકે અવગ્રહ પરિહાર છે. અથવા અતિ નીકટ સ્થાને રહીને નહીં. તથા અતિદૂર નહીં - અનૌચિત્યના પરિહારથી બહુ દૂર નહીં. અથવા ઘણાં દૂરના સ્થાને રહેતા નથી.

ભગવંતના વચનોને સાંભળવાને ઈચ્છતા, ભગવંતને લક્ષ્ય કરીને મુખ જેનું છે, તે અભિમુખ. વિનય વડે પ્રકૃષ્ટ-પ્રધાન લલાટના તટ ઘટિતત્વથી અંજલિ-સંયુક્ત હસ્તમુદ્રા વિશેષ કરીને તે પ્રાંજલિકૃત્. - x - પર્યુપાસના-સેવના કરતાં. આ વિશેષણો વડે શ્રવણ વિધિ કહી. કહ્યું છે કે — નિદ્રા, વિકથા પરિવર્જીને-ગુપ્ત થઈને, પ્રાંજલિપુટ કરીને ભક્તિ-બહુમાનપૂર્વક ઉપયુક્ત થઈને સાંભળવું જોઈએ.

એમ વક્ષ્યમાણ પ્રકાર વડે કહે છે — જંબૂદ્વીપ વક્તવ્યતા વિષયક પ્રશ્ન કહ્યો. જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ માતૃકારૂપ ચાર પ્રશ્ન હૃદય-અભિસંહિતાને ભગવંત આગળ વચનયોગથી પ્રગટ કર્યા.

(શંકા) ગૌતમ પણ ચૌદ પૂર્વધર, સર્વાક્ષર સંનિપાતિ, સંભિન્ન શ્રોતા, સકલ પ્રજ્ઞાપનીય ભાવના પરિજ્ઞાનમાં કુશલ સૂત્રથી પ્રવચનના પ્રણેતા અને સર્વજ્ઞદેશીય જ છે. કહ્યું છે — જો કોઈ પૂછે તો સંખ્યાતીત ભાવોને કહે છે અનતિશયી જાણતા નથી, આ છદ્મસ્થ. તો પછી તેને શંકા કઈ રીતે સંભવે છે ? શંકાના અભાવે પૂછે કેમ ?

(સમાધાન) જો કે ગૌતમસ્વામી યથોક્તગુણ વિશિષ્ટ છે, તો પણ તેને હજી સુધી છદ્મસ્થપણું હોવાથી કદાચિત્ અનાભોગ પણ થાય છે. જેમ કહ્યું છે — છદ્મસ્થને અનાભોગ હોય છે, કોઈને ન હોય - x - તેથી આ અનાભોગના સંભવથી ગૌતમને પણ સંશય થાય. આ અનાર્ષ નથી. જેમ ઉપાસકદશામાં કહ્યું — આનંદ શ્રમણોપાસકના અવધિનિર્ણયના વિષયમાં કે — ભગવન્ ! તે આનંદ શ્રાવકને તે સ્થાનની આલોચના યાવત્ પ્રતિક્રમણ છે કે મને છે ? ત્યારે ગૌતમ આદિ શ્રમણને ભગવન્ મહાવીરે એ પ્રમાણે કહ્યું કે — "ગૌતમ ! તું જ તે સ્થાનની આલોચના યાવત્ પ્રતિક્રમણ કરે અને આ કથન માટે આનંદ શ્રાવકને ખમાવ. ત્યારે શ્રમણ ગૌતમસ્વામીએ શ્રમણ ભગવંત મહાવીરની પાસે આ કથન વિનયથી સાંભળ્યું, સાંભળીને, તે સ્થાનની આલોચના યાવત્ પ્રતિક્રમણ કર્યુ તથા આનંદ શ્રાવકને તે કથન માટે ખમાવે છે.

અથવા તેઓ સંશયરહિત હોવા છતાં પણ સ્વકીય બોધ સંવાદ અર્થે અજ્ઞાલોકના બોધના માટે કે શિષ્યોને પોતાના વચનમાં વિશ્વાસ ઉપજાવવા પૂછે છે અથવા આ જ સૂત્રરચનાકલ્પ છે.

શું કહ્યું — તે કહે છે — કયા દેશમાં, 'ભંતે' - ગુરુનું આમંત્રણ છે. - x - હે ભદંત ! હે સુખ કલ્યાણ સ્વરૂપ ! - x - ભવ - સંસાર કે ભયના હેતુત્વથી ભવાંત કે ભયાંત, તેનું આમંત્રણ, પૂર્વવર્ણિત અન્વર્થક જંબૂદ્વીપ નામે દ્વીપ વર્તે છે. આના દ્વારા જંબૂદ્વીપનું સ્થાન પૂછ્યું.

તથા ભગવન્ ! કેટલા પ્રમાણમાં મોટો આલય - આશ્રય. જેનો વ્યાપ્ય ક્ષેત્રરૂપ છે તે, કેટલાં પ્રમાણમાં મોટો છે ? આના વડે પ્રમાણ પૂછ્યું. હવે ભદંત ! તેનું સંસ્થાન શું છે તે, આના વડે સંસ્થાન પૂછ્યું. તથા ભદંત ! આકારભાવ-સ્વરૂપ વિશેષ, કયા આકારભાવ પ્રત્યવતાર તેના છે, તે કેવા આકારાદિથી છે ? અથવા આકાર-સ્વરૂપ, ભાવ-જગતી, વર્ષ, વર્ષધરાદિ, તેમાં રહેલ પદાર્થનો આકાર-ભાવ, તેનું અવતરણ-આવિર્ભાવ. તે આકાર-ભાવપ્રત્યવતાર - x - આના દ્વારા જંબૂદ્વીપ સ્વરૂપ અને તેમાં રહેલાં પદાર્થો પૂછ્યા.

એ પ્રમાણે ઈન્દ્રભૂતિ વડે ચાર પ્રશ્ન કરાતા પ્રતિવચન શ્રવણ ઉત્સાહતા કરવાને માટે જગત્ પ્રસિદ્ધ ગોત્ર અભિધાનથી તેને આમંત્રીને ચાર ઉત્તરોને ભગવંત કહે છે - x - હે ગૌતમ ! જ્યાં આપણે રહીએ છીએ તે - આના દ્વારા સમયક્ષેત્રની બહાર વર્તતા અસંખ્યાત જંબૂદ્વીપોનો વ્યવચ્છેદ કર્યો. જંબૂદ્વીપ નામે દ્વીપ. કઈ રીતે ? તે કહે છે — ધાતકીખંડ આદિ સર્વે દ્વીપો અને લવણોદ આદિ બધાં સમુદ્રોની સમસ્તપણે અંદર, સર્વ તીર્છાલોક મધ્યવર્તી તે સર્વાભ્યંતર. પુષ્કરવરદ્વીપની અપેક્ષાથી ધાતકીખંડ પણ અભ્યંતર માત્ર છે, તેથી સર્વ શબ્દનું ઉપાદાન કર્યુ. આના દ્વારા જંબૂદ્વીપનું અવસ્થાન કહ્યું.

તથા બધાં - બાકીના દ્વીપ સમુદ્રોથી લઘુ, તેથી કહે છે — બધાં લવણાદિ



સમુદ્રો, ધાતકીખંડાદિ દ્વીપો, જંબૂદ્વીપથી આરંભીને, બમણાં-બમણાં વિષ્કંભ, આયામ, પરિધિ છે. તેથી શેષદ્વીપ સમુદ્રની અપેક્ષાથી લઘુ છે. આના વડે સામાન્યથી પ્રમાણ કહ્યું. વિશેષથી આયામ આદિ ગત પ્રમાણ આગળ કહેશે. - x - x -

તથા વૃત્ત, તે પોલાણયુક્ત વૃત્ત પણ છે. તેથી કહે છે — તેલના પૂંડલા સંસ્થાનથી સંસ્થિત - તેલ વડે પક્વ પુંડલા પ્રાયઃ પરિપૂર્ણ વૃત્ત હોય, ઘીથી પકવેલ નહીં. માટે તેલ વિશેષણ મૂક્યું છે તેના જેવું જે સંસ્થાન, તેના વડે સંસ્થિત, તથા વૃત્ત - રથ ચક્રવાલ સંસ્થાનથી સંસ્થિત - રથના અંગના ચક્રના મંડલની જેમ સંસ્થાન વડે સંસ્થિત, અથવા મંડલ, મંડલધર્મના યોગથી રથચક્ર પણ રથચક્રવાલ છે એ પ્રમાણે વૃત્ત - પુષ્કરકર્ણિકા સંસ્થાન સંસ્થિત. પદ્મબીજ કોશ-કમળનો મધ્યભાગ. વૃત્ત-પરિપૂર્ણચંદ્ર સંસ્થાન સંસ્થિત પૂર્વવત્.

એક જ પ્રકારના અર્થપણું છતાં વિવિધ દેશના શિષ્યોના ક્ષયોપશમ વૈચિત્ર્યથી કોઈકને કંઈક બોધક હોવાથી ઉપમાપદ વૈવિધ્ય છે. તેથી જ પ્રતિ ઉપમાપદ યોજનમાનત્વથી, વૃત્તપદના પુનરુક્તિની શંકા ન કરવી. આના દ્વારા સંસ્થાન કહ્યું.

હવે સામાન્યથી પૂર્વોક્ત પ્રમાણને વિશેષથી કહેવા માટે - એક લાખ યોજન, પ્રમાણાંગુલ નિષ્પન્ન લાખ યોજન. આયામ-વિષ્કંભથી છે. અહીં કહે છે — જંબૂદ્વીપનું લાખ યોજન પ્રમાણ કહ્યું, તે પૂર્વ-પશ્ચિમની જગતી મૂલવિષ્કંભથી બાર-બાર યોજન ક્ષેપમાં ૨૪ અધિક થાય છે. તથા યથોક્ત માન વિરુદ્ધ નથી. જંબૂદ્વીપ જગતી વિષ્કંભ સાથે જ લાખ ઉમેરવા. લવણ સમુદ્ર જગતી વિષ્કંભથી લવણસમુદ્ર બે લાખ, એ પ્રમાણે બીજા પણ દ્વીપ-સમુદ્રોમાં છે, અન્યથા સમુદ્રના પ્રમાણથી જગતી પ્રમાણના પૃથક્ કહેવાથી મનુષ્ય ક્ષેત્ર પરિધિથી અતિરિક્ત છે. તે જ ૪૫-લાખ પ્રમાણ ક્ષેત્રની અપેક્ષાથી કહે છે.

આ જ આશય અભયદેવસૂરિજી વડે ચોથા અંગની વૃત્તિમાં પંચાવનમાં સમવાયમાં પ્રગટ થયેલ છે. તથા ૩,૧૬,૨૨૭ યોજન, ત્રમ કોશ, ૧૨૮ ધનુષ્, સાડાતેર અંગુલથી કંઈક વિશેષ. એ પરિધિ કહી.

પરિધિ લાવવાનો આ ઉપાય ચૂર્ણિકારે કહેલ છે — વિષ્કંભના વર્ગને દશ ગુણા કરવાથી વૃત્તની પરિધિ થાય, વિષ્કંભપાદ ગુણિત પરિધિ તેનું ગણિત પદ. તેની વ્યાખ્યા કરે છે — જંબૂદ્વીપનો વિષ્કંભ-વ્યાસ, સ્થાપના, જેમકે — ૧,૦૦,૦૦૦, તેનો વર્ગ કરવો. લાખને લાખ વડે ગુણવા. તેથી એક ઉપર દશ શૂન્ય આવે. તેને દશ વડે ગુણતાં એક ઉપર અગિયાર શૂન્ય આવશે. પછી करणी - વર્ગમૂળ કાઢવું. તે આ રીતે - x - x - x - એ પ્રમાણે આ કરણ વડે વર્ગમૂળ કરાતા અધસ્તન છેદરાશિ આવશે - ૬,૩૨,૪૪૭. અહીં સપ્તકરૂપ અંત્ય અંક બમણો કરાતો નથી, તેથી તેનું વર્જન કરી બાકી બધાને અડધું કરાય છે —

તેથી પ્રાપ્ત રાશિ થશે - ૩,૧૬,૨૨૭. છેદરાશિના સપ્તકને પણ બમણી કરાતા થશે - ૬,૩૨,૪૫૪. ઉપરના શેષાંશ - ૪,૮૪,૪૭૧, આ યોજન સ્થાનીયના કોશ

લાવવાને માટે ચાર વડે ગુણવાથી આવે - ૧૯,૩૭,૮૮૪. છેદરાશિ વડે ભાગ દેવાતા -૩-ક્રોશ આવશે. શેષ રહેશે - ૪૦,૫૨૨. તેને ધનુષ્ કરવાને માટે ૨૦૦૦ વડે ગુણતાં આવશે - ૮,૧૦,૪૪,૦૦૦. છેદરાશિ વડે ભાગ દેવાતા આવશે-૨૮-ધનુષ્, પછી બાકી રહેશે - ૮૯,૮૮૮. પછી ૯૬ અંગુલ માનત્વથી ધનુષ્ના અંગુલ લાવવાને માટે-૯૬ વડે ગુણતાં ૮૬,૨૯,૨૪૮ આવશે. છેદ વડે ભાગ દેવાતા આવશે-૧૩ અંગુલ. પછી શેષ વધે ૪,૦૭,૩૪૬. અહીં યવ આદિ પણ લાવવા. તે આ રીતે - આઠ યવ વડે એક અંગુલ થાય, તેથી આવશે - ૩૨,૫૮,૭૬૮. પૂર્વવત્ છેદ સંખ્યાથી ભાગ દેતાં આવે-૫-યવ. તેને પણ આઠ-આઠ વડે ગુણતાં યૂકા આદિ આવે, તેમાં યૂકા-૧, આ બધાં અર્ધાંગુલના કિંચિત્ વિશેષાધિકત્વ કથનથી સૂત્રકારે પણ સામાન્યથી સંગૃહિત કરેલ છે, તેમ જાણવું.

ગણિત પદ, તેનું કરણ સદૃષ્ટાંત આગળ કહેશે. હવે આકાર ભાવપ્રત્યાવતાર વિષયક પ્રશ્નને કહે છે —

● **સૂત્ર-૪ :-**

***તે એક વજ્રમય જગતી દ્વારા ચોતરફથી વીંટળાયેલ છે. તે જગતી આઠ યોજન ઉંચી, મૂળમાં ૧૨-યોજન વિષ્કંભથી, મધ્યે આઠ યોજન વિષ્કંભથી, ઉપર ચાર યોજન વિષ્કંભથી છે. મૂળમાં વિસ્તીર્ણ, મધ્યે સંક્ષિપ્ત, ઉપર પાતળી છે. ગોપુચ્છ સંસ્થાનથી સંસ્થિત છે. સર્વ વજ્રમયી, સ્વચ્છ, શ્લક્ષ્ણ, ઘૃષ્ટ, મૃષ્ટ, નીરજ, નિર્મળ, નિષ્પંક, નિષ્કંટક છાયા, સપ્રભા, સકિરણ, સોદ્યોત, પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ છે.***

***તે જગતી એક મહાંત ગવાક્ષ-કટકથી ચોતરફથી વીંટળાયેલ છે, તે ગવાક્ષકટક અર્ધયોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી, ૫૦૦ ધનુષ્ વિષ્કંભથી, સર્વ રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.***

***તે જગતીથી ઉપર બહુ મધ્યદેશ ભાગમાં એક મોટી પદ્મવર વેદિકા કહી છે, તે અર્ધયોજન ઉચ્ચત્વથી, ૫૦૦ ધનુષ્ વિષ્કંભથી જગતી સમિત પરિક્ષેપથી સર્વરત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે તે પદ્મવર વેદિકાનો આ આવા સ્વરૂપનો વર્ણાવાસ કહેલ છે. તે આ પ્રમાણે - વજ્રમય નેમા, એ પ્રમાણે જેમ જીવાભિગમમાં કહેલ છે, તેમ યાવત્ અર્થ યાવત્ ધ્રુવ, નિત્ય, શાશ્વત યાવત્ નિત્ય છે.***

● **વિવેચન-૪ :-**

તે અનંતર કહેલ — આયામ, વિષ્કંભ, પરિધિ પરિમાણ જંબૂદ્વીપ છે. એક સંખ્યાથી કે અદ્વિતીય, વજરત્નમય જંબૂદ્વીપ પ્રાકાર રૂપે દ્વીપ-સમુદ્ર સીમાકારિણી મહાનગરના પ્રાકાર સમાન બધી દિશામાં-બધી વિદિશામાં સારી રીતે વેષ્ટિત છે. તે જગતી આઠ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી, વસ્તુનું અનેક પ્રકારે ઉચ્ચત્વ હોય, ઉર્ધ્વ સ્થિતનું એક, તિર્છાસ્થિતનું બીજું, આદિ. તેમાં ઉર્ધ્વ રહેલનું જે ઉચ્ચત્વ તે ઉર્ધ્વ ઉચ્ચત્વ એમ આગમમાં રૂઢ છે.





મૂળમાં બાર યોજન વિષ્કંભ, મધ્યે આઠ, ઉપર ચાર. તેથી જ મૂળમાં વિષ્કંભને આશ્રીને વિસ્તીર્ણ, મધ્યમાં સંક્ષિપ્ત-કેમકે ત્રિભાગન્યૂન છે, ઉપર પાતળી-મૂળને આશ્રીને ત્રીજો ભાગ માત્ર વિસ્તારથી છે માટે. આ જ ઉપમાથી કહે છે — ગાયની પૂંછ જેવા સંસ્થાન વડે સંસ્થિત, ઉંચા કરેલ ગોપુચ્છાકારે રહેલ છે. તે સંપૂર્ણ વજ્રમયી, આકાશ સ્ફટિકવત્ સ્વચ્છ, શ્લક્ષ્ણ પુદ્ગલસ્કંધ નિષ્પન્ન-શ્લક્ષ્ણદલ નિષ્પન્નપટ સમાન. ઘૂંટેલ પટ માફક મસૃણ. ખરશાણ પાષાણ પ્રતિમાવત્ ઘૃષ્ટ, સુકુમાર શાણપાષાણ પ્રતિમાવત્ મૃષ્ટ. સહજ રજોરહિત, આવનારા મેલ રહિત, કલંક કે કાદવ રહિત, કવચ રહિત, એવી નિરાવરણ છાયા કે દીપ્તિ જેની છે તે.

તથા — સ્વરૂપથી પ્રભાવાળી અથવા પોતાની મેળે શોભતી કે પ્રકાશતી, તે સ્વપ્રભા, કિરણ સહિત-પ્રકાશ કરનારી, મનને પ્રહ્લાદકારી હોવાથી પ્રાસાદીય, દર્શનયોગ્ય - જેને જોતાં આંખોને શ્રમ ન લાગે તે દર્શનીય, બધાં જોનારને મનને પ્રાસાદ અનુકૂલપણે અભિમુખરૂપ હોવાથી અભિરૂપ અર્થાત્ અત્યંત કમનીય. તેથી જ પ્રતિવિશિષ્ટ-અસાધારણ રૂપ જેનું છે, તે પ્રતિરૂપ અથવા પ્રતિક્ષણ નવું-નવું રૂપ જેનું છે તે. અહીં સૂત્રમાં ન કહ્યા છતાં વાચનારની અધિક અર્થની જિજ્ઞાસાથી જગતીમાં ઈષ્ટ સ્થાને વિસ્તાર દર્શાવે છે —

તેમાં મૂળ, મધ્ય અને ઉપરનું વિષ્કંભ પરિમાણ સાક્ષાત્ સૂત્રમાં પ્રાપ્ત થાય છે. અપાંતરાલમાં ઉપરથી નીચે જવામાં આ ઉપાય છે — જગતીના શિખરથી નીચે સુધી ઉત્તીર્ણમાં એક ભંગથી જે પ્રાપ્ત, તે ચાર વડે યુક્ત ઈષ્ટ સ્થાનમાં વિસ્તાર છે. તે આ રીતે — ઉપરના ભાગથી યોજન અને એક ગાઉ અવતીર્ણ. પછી આ રાશિને એક વડે ભાગ દઈ પ્રાપ્ત એક ગાઉ અધિક એક યોજન, તેને યોજન ચતુષ્ક યુક્ત કરીએ. તેથી પાંચ યોજન અને એક ગાઉ થશે. આટલો તે પ્રદેશમાં વિષ્કંભ છે. એમ બધે કહેવું.

હવે મૂળથી ઉપર જતાં વિસ્તાર લાવવાનો ઉપાય-મૂળથી ઉપર જતાં યાવત્ ઉર્ધ્વ જતાં, તેને એક વડે ભાગ દેતા. જે પ્રાપ્ત થાય, તે મૂળ વિસ્તારથી શોધિત કરતાં, જે શેષ, તેમાં યોજનાદિ અતિક્રાંત થતાં વિસ્તાર. તે આ રીતે — મૂળથી ઉત્પન્ન થઈને એક યોજન - ગાઉ બેથી અધિક જઈ, પછી યોજન અને બે ગાઉ અધિકના એક ભાગથી ભાગ દઈ, જે પ્રાપ્ત યોજન અને બે ગાઉ અધિક, એ મૂળ સંબંધી બાર યોજન વિસ્તાર લઈ લેવો. તેથી રહેશે દશ યોજન અને બે ગાઉ અધિક. આટલા પ્રમાણથી સાર્ધ યોજનાતિક્રમમાં વિસ્તાર કહેવો. એમ બધે કહેવું.

એ પ્રમાણે ઋષભકૂટ, જંબૂ-શાલ્મલી વૃક્ષ વનગત કૂટોના ઈષ્ટ સ્થાનમાં વિસ્તાર લાવવાને માટે આ જ કરણ કહેવું.

હવે આ ગવાક્ષકટક વર્ણન માટે કહે છે — અનંતરોક્ત સ્વરૂપા જગતી, એક મહાગવાક્ષકટક - બૃહદ્ જાલક સમૂહ વડે ચારે દિશા-વિદિશામાં સમસ્તપણે વ્યાપ્ત

છે. તે ગવાક્ષકટક ઉર્ધ્વ ઉચ્ચત્વથી અર્ધયોજન-બે ગાઉ વિષ્કંભથી ૫૦૦-ધનુષ્ છે, સર્વપણે રત્નમય, સ્વચ્છ છે. અહીં યાવત્ કરણથી પૂર્વે વર્ણન કરાયેલ વિશેષણપદ ગ્રાહ્ય છે. ગવાક્ષશ્રેણિ લવણસમુદ્ર પડખામાં જગતી ભિત્તિના બહુમધ્ય ભાગગત જાણવી. - x -

હવે જગતીના ઉપરના ભાગના વર્ણનને માટે કહે છે — યથોક્ત સ્વરૂપા જગતીની ઉપરિતન તલમાં જે બહુ મધ્યદેશ લક્ષણ ભાગ છે ભાગ પ્રદેશ લક્ષણ પણ છે. તેમાં પદ્મવરવેદિકાનો અવસ્થાન સંભવે છે. આ દેશગ્રહણથી મહાભાગ અર્થ કરવો. તે ચાર યોજનરૂપ જગતી ઉપરના તલની મધ્યે ૫૦૦ ધનુષ્ છે. આ બહુમધ્યદેશ ભાગમાં પૂર્વવત્ મોટી એક પદ્મવરવેદિકા-દેવભોગ ભૂમિ મેં અને બાકીના તીર્થંકરોએ કહેલી છે.

તે વેદિકા ઉર્ધ્વ-ઉચ્ચત્વથી અર્દ્ધ યોજન, ૫૦૦ ધનુષ્ વિષ્કંભથી, જગતીની સમાન પરિક્ષેપ-પરિધિ છે. અર્થાત્ જંબૂદ્વીપની ચોતરફ વલયાકારથી સ્થિત જગતીના યાવત્ ઉપરના તળને ચાર યોજન વિસ્તારાત્મક, ત્યાંથી લવણની દિશામાં દેશોન બે યોજન ત્યાગીને પૂર્વે જ્યાં સુધી જગતીની પરિધિ છે, ત્યાં સુધી આ પણ છે, સમસ્તપણે રત્નખચિત છે. બાકી પાઠ પૂર્વવત્.

હવે આનું અતિદેશગર્ભ વર્ણક સૂત્ર કહે છે —

તે પદ્મવરવેદિકાના અયં એ વક્ષ્યમાણપણાથી પ્રત્યક્ષ અને તે કહેવાનાર ન્યૂનાધિક પણ હોય. આ જ સ્વરૂપ જેનું છે તે તથા વર્ણ - શ્લાઘા યથાવસ્થિત સ્વરૂપ કીર્તન, તેનો નિવાસ અર્થાત્ ગ્રંથ પદ્ધતિરૂપ વર્ણક નિવેશ અથવા વર્ણક ગ્રંથ વિસ્તર કહેલ છે. તે આ રીતે — 'વજ્રમયનેમ' ઈત્યાદિ, આ પ્રકાર વડે જેમ જીવાભિગમમાં પદ્મવર વેદિકા વર્ણક વિસ્તાર કહેલ છે, તે રીતે જાણવો. તે ક્યાં સુધી ? તે કહે છે - યાવત્ અર્થ-પદ્મવર વેદિકા શબ્દનો અર્થ નિર્વચન. પછી પણ ક્યાં સુધી ? તે કહે છે — યાવત્ ધ્રુવ, નિયત, શાશ્વત. વળી તે પણ ક્યાં સુધી ? તે કહે છે — નિત્ય સુધી.

તે સમગ્ર પાઠ આ પ્રમાણે — વજ્રમય નેમા, રિષ્ટમય પ્રતિષ્ઠાન, વૈડૂર્યમય સ્તંભ, સુવર્ણમય ફલક, લોહિતાક્ષમય શૂચિઓ, વજ્રમય સંધી, વિવિધ મણિમય કડેવર, વિવિધ મણિમય કડેવર સંઘાડા, વિવિધ મણિમયરૂપ, વિવિધ મણિમય રૂપસંઘાડ, અંકમય પદ્મ અને પક્ષબાહા, જ્યોતિરસમય વંશ, વંશ કવેલ્લુક, રજતમય પટ્ટિકા, જાત્ય રૂપમય અવઘાટનીઓ, વજ્રમય ઉપરની પુંછણી, સર્વ શ્વેત, રજતમય છાદન, તે પદ્મવરવેદિકા એક-એક હેમજાલથી, એક એક કનકવક્ષ જાલથી, એકૈક ખિંખીણી જાલથી, એકૈક ઘંટાજાલથી, એ પ્રમાણે મુક્તા જાલથી, મણિજાલથી, કનક જાલથી, રત્નજાલથી, પદ્મજાલથી, સર્વ રજતમયથી, ચારે દિશા-વિદિશા વેષ્ટિત છે.

તે જાલો તપનીય લંબૂશક, સુવર્ણ પ્રતરક મંડિત, વિવિધ મણિરત્ન હાર



અર્ધહારથી ઉપશોભિત સમુદયવાળા, કંઈક અન્યોન્ય સંપ્રાપ્ત, પૂર્વ-પશ્ચિમ-દક્ષિણ-ઉત્તરથી આવતા મંદ-મંદ વાયુથી કંઈક કંપતા-કંપતા, લંબાતા-લંબાતા, પ્રઝંઝમાણ, ઉદાર મનોજ્ઞ મનહર કર્ણમન નિવૃત્તિકર શબ્દો વડે તે પ્રદેશમાં ચોતરફથી આપૂરિત કરતા-કરતા શ્રી વડે અતીવ-અતીવ ઉપશોભિત કરતાં રહે છે.

તે પદ્મવરવેદિકાથી તે-તે દેશમાં ત્યાં-ત્યાં ઘણા અશ્વસંઘાટ ગજસંઘાટ, નરસંઘાટ, કિંનરસંઘાટ, કિંપુરુષસંઘાટ, મહોરગસંઘાટ, ગંધર્વસંઘાટ, વૃષભસંઘાટ બધાં રત્નમય યાવત્ પ્રતિરૂપ છે. એ પ્રમાણે પંક્તિ, વિથી, મિથુનકો પણ કહેવા.

તે પદ્મવરવેદિકાના તે-તે દેશમાં ત્યાં-ત્યાં ઘણી પદ્મલતા, નાગલતા, અશોકલતા, ચંપકલતા, વનલતા, વાસંતીલતા, અતિમુક્તલતા, કુંદલતા, શ્યામલતા નિત્યકુસુમિત-મુકુલિત-લવચિક, સ્તબકિત-ગુલયિત-ગુચ્છિકા-યમલિય-યુગલિક વિનમિત-પ્રણમિત-સુવિભક્ત પિંડમંજરી અવતંસકધારી, નિત્યસુકુમિતા - x - યાવત્ - x - મંજરી અવતંસકધારી, સર્વરત્નમય સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.

તે પદ્મવરવેદિકાથી તે-તે દશમાં, ત્યાં-ત્યાં ઘણાં અક્ષત સૌવસ્તિક કહેલાં છે. તે સર્વરત્નમય યાવત્ પ્રતિરૂપ છે.

ભગવન્ ! એવું કેમ કહે છે - પદ્મવરવેદિકા પદ્મવરવેદિકા છે ? ગૌતમ ! પદ્મવરવેદિકાથી તે તે દેશમાં, ત્યાં-ત્યાં વેદિકામાં, વેદિકાબાહામાં, વેદિકાપુંટાતરમાં, સ્તંભમાં, સ્તંભબાહા-શીર્ષ-પુટાંતરમાં, શૂચિમાં, શૂચિ મુખ-ફલક-પુટાંતરમાં, પક્ષમાં, પક્ષબાહામાં ઘણાં ઉત્પલ, પદ્મ, કુમુદ, સુભગ, સૌગંધિક, પૌંડરિક, મહાપૌંડરિક, શતપત્ર, સહસ્રપત્ર, સર્વરત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ કહેલ છે. તેથી હે ગૌતમ ! પદ્મવર વેદિકા એ પદ્મવરવેદિકા છે અથવા હે ગૌતમ ! પદ્મવરવેદિકા શાશ્વત નામ કહેલ છે.

ભગવન્ ! પદ્મવરવેદિકા શાશ્વત છે કે અશાશ્વત ? ગૌતમ ! કંઈક શાશ્વત, કંઈક અશાશ્વત. એમ કેમ કહ્યું ? ગૌતમ ! દ્રવ્યાર્થતાથી શાશ્વત અને વર્ણ-ગંધ-રસ-સ્પર્શ પર્યાયોથી અશાશ્વત છે. તેથી એવું કહે છે કે — કંઈક શાશ્વત છે, કંઈક અશાશ્વત છે.

ભગવન્ ! પદ્મવરવેદિકા કાળથી કેટલી જૂની છે ? ગૌતમ ! તે કદિ ન હતી તેમ નહીં, નહીં હોય તેમ નહીં, નહીં હશે તેમ નહીં. ધ્રુવ, નિત્ય, શાશ્વત, અક્ષત, અવ્યય, અવસ્થિત, નિત્ય છે.

ઉક્ત સૂત્રની વ્યાખ્યાનો સાર — અનંતરોક્ત પદ્મવરવેદિકાના વજરત્નમય નેમા-ભૂમિભાગથી ઉર્ધ્વ નીકળતા પ્રદેશો છે, રિષ્ઠ રત્ન મય મૂલપાદ છે. - x - સુવર્ણ રૂપ્યમય ફલકો-પદ્મવરવેદિકાના અંગભૂત છે. લોહિતાક્ષ રત્નમય બે ફલક સ્થિર સંબંધકારી પાદુકા સ્થાનીય છે. વજ્રમય ફલકની સંધિ છે. નાના મણિમય કડેવર-મનુષ્યશરીરો છે. સંઘાટયુગ્મ - x - રૂપ - હાથી આદિના રૂપો, તેમાં કેટલાંક શોભાર્થે, કેટલાંક વિનોદાર્થે કેટલાંક દગ્દોષ નિવારણાર્થે છે. - x - x -

અંક રત્નવિશેષમય, પક્ષ - તેનો એક દેશ, જ્યોતિરસ નામે રત્નમયવંશ, પૃષ્ઠવંશની બંને બાજુ તીર્છા સ્થાપના વંશ તે કેવલુક - x - x - રજતમય વંશની ઉપર કંબા સ્થાનીયા પટ્ટિકા, સુવર્ણ વિશેષમય અવઘાટિની આચ્છાદન હેતુ કળા ઉપર સ્થાપ્યમાન મહા પ્રમાણ કિલિંચ સ્થાનીય, પુંછણી-નિબિડતર આચ્છાદન હેતુ, શ્લક્ષ્ણ તૃણ વિશેષ સ્થાનીય - x - x - કિંકિણી - ક્ષુદ્રઘંટિકા, ઘંટાજાલ-કિંકિણીની અપેક્ષાથી કંઈક મોટી ઘંટા, મુક્તાજાલ-મુક્તા ફળમય દામસમૂહ - x - કનક-પીળું સ્વર્ણ વિશેષ - x - x - અહીં સ્થળજાત મણિઓ, જલજાત રત્નો એ રત્ન મણિનો ભેદ છે - x -

તે જાલો તપનીય - આરક્ત સુવર્ણ. લંબૂસગ-માળાના અગ્રિમ ભાગમાં-મંડન વિશેષ, - x - પ્રતરક-પતરા વડે મંડિત, તથા નાનારૂપ-જાતિભેદથી અનેક પ્રકારે. - x - હાર-અઢાર સરો, અર્ધહાર-નવસરો, તેના વડે ઉપશોભિત. - x - અન્યોન્ય-પરસ્પર અસંપ્રાપ્ત-અસંલગ્ન. - x - एज्यमान - કંપતો. - x - x - x - પછી પરસ્પર સંપર્ક વશથી पसंसमाणा - શબ્દો કરતા, उदार - સ્ફાર શબ્દ વડે, તે સ્ફાર શબ્દ મનને પ્રતિકૂળ પણ હોય, તેથી કહે છે — મનોનુકૂલ વડે તે મન અનુકૂલત્વ થોડું પણ હોય, તેથી કહે છે — મનોહર એટલે મન અને શ્રોત્રને હરે છે - આત્મવશ કરે છે, તે મનોહર. તેનું મનોહરત્વ કઈ રીતે તે કહે છે — સાંભળનારના કાન અને મનને સુખોત્પાદક - x - x -

વળી આગળ દર્શાવે છે — તે પદ્મવરવેદિકાના, તે જ દેશન તે-તે એકદેશમાં, એટલે કે જે દેશમાં એક હોય, તે અન્યમાં પણ હોય છે. ઘણાં અશ્વસંઘાટો પણ કહેવા, આ બધાં સર્વથા રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ ઈત્યાદિ છે. આ બધાં પણ અશ્વસંઘાટાદિ સંઘાટો પુષ્પાવકીર્ણકા કહેલાં છે. હવે આ જ અશ્વાદિ પંક્તિ આદિને કહે છે —

જેમ આ અશ્વાદિ આઠે સંઘાટો કહ્યા, તેમ પંક્તિઓ, વીથિઓ પણ મિથુનક કહેવી. તે આ રીતે — તે પદ્મવરવેદિકાથી તે દેશમાં, ત્યાં-ત્યાં ઘણી અશ્વપંક્તિ-ગજપંક્તિઓ ઈત્યાદિ છે. વિશેષ એ કે — એક દિશામાં જે શ્રેણી, તે પંક્તિ કહેવાય છે. બંને પડખે એક-એક શ્રેણિ ભાવથી જે બે શ્રેણિ તે વીથી. આ વીથી, પંક્તિ, સંઘાટ અશ્વાદિની અને પુરુષોની કહી. હવે આ જ અશ્વાદિના સ્ત્રી-પુરુષ યુગ્મપ્રતિપાદનાર્થે મિથુનકો કહ્યા. ઉક્ત પ્રકારે અશ્વાદિના મિથુનકો કહેવા. જેમકે - તે તે દેશના ત્યાં-ત્યાં ઘણાં અશ્વ યુગલો છે.

તે પદ્મવર વેદિકા તે તે દેશમાં ત્યાં ત્યાં - x - એમ કહેતા જ્યાં જ્યાં એક લતા, ત્યાં અન્યા પણ ઘણી લતાઓ હોય છે એમ પ્રતિપાદિત થયેલ જાણવું, ઘણી પદ્મલતા-પદ્મિની, નાગલતા-નાગ નામે દ્રુમ વિશેષ, તે જ લતા તીર્છી શાખાના પ્રસારના અભાવે નાગલતા આદિ કહ્યા. - x - કુડ્મલ કલિકા. નિત્ય લવકિત - સંજાત પલ્લવ. નિત્ય સ્તબકિત-સંજાત પુષ્પ સ્તબક, નિત્ય ગુલ્મિત-સંજાત ગુલ્મક, તે



લતાસમૂહ છે નિત્ય ગુંછિત, ગુંછ એટલે પત્રસમૂહ, જો કે પુષ્પ અને સ્તબક અભેદ છે, તેવું નામકોશ જણાવે છે, તો પણ અહીં પુષ્પ, પત્રકૃત્ વિશેષ જાણવું. નિત્ય યમલિત, યમલ નામે સમાન જાતિય લતા યુગ્મ, તેમાંથી થયેલ. યુગલિત-સજાતીય વિજાતીય બે લતા, વિનમિત-ફળપુષ્પાદિ ભારથી વિશેષ નમેલ-નીચે તરફ ઝુકેલ. પ્રણમિત-તેના વડે જ નમવાને આરંભ કરેલ, કેમકે પ્ર શબ્દની આદિ કર્માર્થતા છે, અન્યથા પૂર્વ વિશેષણથી અભેદ થાય. સુવિભક્ત-પ્રતિવિશિષ્ટ મંજરીરૂપ જે અવતંસક, તેને ધારણ કરનાર અથવા ઉવવાઈ આદિના પાઠ મુજબ સુવિભક્ત એટલે અતિ વિવિક્ત, સુનિષ્પન્નતાથી લુંબી અને મંજરી.

આ બધાં પણ કુસુમિતપણાદિ ધર્મ એકએક લતાના કહ્યા. હવે કેટલીક લતાના સર્વ કુસુમિતત્વાદિ ધર્મના પ્રતિપાદ ન માટે કહે છે — નિત્ય કુસુમિત મુકુલિત યાવત્ સુવિભક્તપ્રતિમંજરી-અવતંસકધારી છે. અર્થ પૂર્વવત્ જાણવો.

આ બધી જ લતા કેવા સ્વરૂપે છે, તે કહે છે — સંપૂર્ણપણે રત્નમય, સ્વચ્છ-શ્લક્ષ્ણ ઈત્યાદિ વિશેષણ પૂર્વવત્.

અહીં જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્રની પ્રતિમાં અક્ષત સૌવસ્તિકા સૂત્ર જણાય છે, પણ મલયગિરિ આદિ વૃત્તિકારે તેની વ્યાખ્યા કરી ન હોવાથી અમે પણ વ્યાખ્યા કરતાં નથી.

હવે પદ્મવરવેદિકા શબ્દ પ્રવૃત્તિ નિમિત્તે જિજ્ઞાસુ પૂછે છે — કયા કારણે ભગવન્ ! પદ્મવરવેદિકાને પદ્મવરવેદિકા કહે છે ? અર્થાત્ પદ્મવરવેદિકારૂપ શબ્દની તેમાં પ્રવૃત્તિમાં શું નિમિત્ત છે ? ભગવંતે કહ્યું — હે ગૌતમ ! પદ્મવરવેદિકામાં તે-તે દેશમાં, તે દેશના ત્યાં-ત્યાં એક દેશમાં વેદિકામાં-ઉપવેશન યોગ્ય મત્તવારણ રૂપમાં, વેદિકાબાહા-વેદિકા પાર્શ્વોમાં, બે વેદિકાપુટના અંતરોમાં, સ્તંભ-સ્તંભાપાર્શ્વ-સ્તંભશીર્ષ-બે સ્તંભોના પુટાંતરમાં, ફલક સંબંધનું વિઘટન ન થાય તે હેતુથી પાદુકા સ્થાનીય-સૂચિમાં, જે પ્રદેશમાં સૂચિ ફલક ભેદીને મધ્યે પ્રવેશે તે સૂચિમુખમાં, સૂચિ સંબંધી ફલકોમાં, તે સૂચિની ઉપર-નીચે વર્તે છે. સૂચિ પુટાંતરમાં - બે સૂચિપુટના અંતરોમાં, પક્ષબાહા-વેદિકા દેશ વિશેષ.

- - તેમાં ઘણાં ઉત્પલ-ગર્દભક કંઈક નીલ એવા પદ્મો, સૂર્ય વિકાસી - કંઈક શ્વેત પદ્મ, નલિન-કંઈક લાલ પદ્મ, કુમુદ-ચંદ્ર વિકાસી પદ્મ વિશેષ, સૌગંધિક-કલ્હાર, પુંડરીક-સ્વેત પદ્મો, તેજ મહાન્ હોય તો મહાપુંડરીક, શતપત્ર - સો દલથી યુક્ત, સહસ્રપત્ર-હજાર દલિકયુક્ત. આ બધાં પદ્મવિશેષ પત્ર સંખ્યા વિશેષથી અલગ ગ્રહણ કરેલા છે. આ બધાં સર્વરત્નમય છે. अच्छ ઈત્યાદિ વિશેષણો પૂર્વવત્ જાણવા. મહાપ્રમાણવાળા, વર્ષાકાળે પાણીના રક્ષણાર્થે જે કરાયેલ તે વાર્ષિક, તે-તે છત્રો, તેની સમાન કહેલા છે.

હે શ્રમણ ! તપઃપ્રવૃત્ત !, હે આયુષ્યમાન્ ! પ્રશસ્તજીવિત તે આ અન્વર્થથી હે ગૌતમ ! પદ્મવરવેદિકાને પદ્મવરવેદિકા કહે છે. તેમાં તેમાં યથોક્તરૂપમાં યથોક્તરૂપના

પદ્મો પદ્મવરવેદિકા શબ્દની પ્રવૃત્તિમાં નિમિત્ત છે. વ્યુત્પત્તિ આ પ્રમાણે છે - પદ્મ વડે પ્રધાન વેદિકા તે પદ્મવરવેદિકા. હવે બીજું નિમિત્ત શું ? તે કહે છે —

પદ્મવરવેદિકા એ શાશ્વત નામ કહેલ છે — તેનો અભિપ્રાય આ છે - પ્રસ્તુત પુદ્‌ગલ પ્રચય વિશેષમાં પદ્મવરવેદિકા એ શબ્દની નિરુક્તિ નિરપેક્ષ અનાદિકાલીન રૂઢિ છે.

પદ્મવર વેદિકા શાશ્વતી છે કે અશાશ્વતી ? અર્થાત્ તે નિત્ય છે કે અનિત્ય ? ભગવંતે કહ્યું — ગૌતમ ! કદાચ શાશ્વતી છે, કદાચ અશાશ્વતી અર્થાત્ કથંચિત્ નિત્ય-કથંચિત્ અનિત્ય.

આ જ વાત સવિશેષ જિજ્ઞાસુ પૂછે છે - x - કયા કારણે ભદંત ! એમ કહેવાય છે કે — કથંચિત્ શાશ્વતી-કથંચિત્ અશાશ્વતી ? ભગવંતે કહ્યું — ગૌતમ ! દ્રવ્યાર્થતાથી શાશ્વતી, દ્રવ્ય-તે તે પર્યાય વિશેષમાં જાય છે, એમ વ્યુત્પત્તિ છે. દ્રવ્ય જ અર્થ - તાત્ત્વિક પદાર્થ પ્રતિજ્ઞામાં જેના પર્યાયો નહીં, તે દ્રવ્યાર્થ-દ્રવ્ય માત્ર અસ્તિત્વ પ્રતિપાદક નય વિશેષ, તેનો ભાવ તે દ્રવ્યાર્થતા. તે નયથી શાશ્વતી. કેમકે દ્રવ્યાર્થિકનય મત પર્યાલોચનમાં ઉક્તરૂપ પદ્મવરવેદિકાના આકારનો સદ્‌ભાવ છે. તથા વર્ણ પર્યાયથી કૃષ્ણાદિ, ગંધપર્યાયથી સુગંધાદિ, રસપર્યાયથી-તિક્તાદિ, સ્પર્શ પર્યાયથી - કઠિનત્વાદિ વડે અશાશ્વતી-અનિત્ય. તેના વર્ણાદિ પ્રતિક્ષણ કે કેટલાંક કાળાન્તરે અન્યથા-અન્યથા થાય છે. આ પણ ભિન્નાધિકરણ નિત્યત્વ-અનિત્યત્વ નથી. - x - x - x - x - x - તેથી એમ કહ્યું.

અહીં દ્રવ્યાસ્તિક નયવાદી સ્વમત પ્રતિષ્ઠાપનાર્થે એમ કહે છે — ઉત્પાદ અત્યંત અસત્ નથી, સત નથી, ભાવો પણ અસત્ કે સત્ વિધમાન નથી. જે પ્રતિવસ્તુનો ઉત્પાદ-વિનાશ દેખાય છે, તે આવિર્ભાવ કે તિરોભાવ માત્ર છે. જેમ સર્પનુ ફેણ ફેલાવવું-સંકોચવું તેથી બધું વસ્તુ નિત્ય છે.

એ પ્રમાણે તેના મતની વિચારણામાં સંશય થાય કે — શું ઘટ આદિ માફક દ્રવ્યાર્થપણે શાશ્વતી કે સર્વકાળ એવા સ્વરૂપે છે? તેથી સંશય નિવારવા ભગવંતને ફરી પૂછે છે — હે ભગવન્! પરમ કલ્યાણ યોગી! પદ્મવરવેદિકા કેટલા કાળથી છે? કેટલો કાળ રહેશે? ભગવંતે કહ્યું — કદાપી ન હતી, તેમ નથી. અર્થાત્ હંમેશાં હતી જ. કેમકે અનાદિ છે. કદિ નહીં હોય તેમ નહીં અર્થાત્ સર્વદા વર્તમાન છે, કેમકે સર્વદા હોય છે. કદિ નહીં હશે, તેમ પણ નથી, પણ સર્વધા રહેશે કેમકે અપર્યવસિત છે. એ રીતે ત્રણ કાળમાં 'નાસ્તિત્વ'નો પ્રતિષેધ કરી, હવે અસ્તિત્વનું પ્રતિપાદન કરે છે.

હતી-છે અને રહેશે. એ પ્રમાણે ત્રિકાળ અવસ્થાયી છે. મેરુ આદિવત્ ધ્રુવ છે, ધ્રુવત્વથી સદા સ્વસ્વરૂપથી નિયત છે. નિયતપણાથી જ શાશ્વતી છે - સતત ગંગા સિંધુ પ્રવાહ પ્રવૃત્ત છતાં પદ્મદ્રહ સમાન અનેક પુદ્‌ગલના વિઘટનમાં પણ તેટલાં માત્ર પુદ્‌ગલના ઉચ્ચટનના સંભવથી અક્ષય - જેનો ક્ષય થતો નથી - યથોક્ત સ્વરૂપ-



આકાર પરિભ્રંશ જેનો છે તેવી. અક્ષયત્વથી અવ્યય, સ્વ-રૂપ ચલનનો થોડો પણ સંભવ નથી. અવ્યયત્વથી જ સ્વ પ્રમાણમાં અવસ્થિત, માનુષોત્તર પર્વત પછીના સમુદ્રવત્ છે. એમ સ્વસ્વ પ્રમાણમાં સદા અવસ્થાનપણે વિચારતા નિત્ય છે.

હવે જગતી ઉપર પદ્મવરવેદિકાથી આગળ શું છે ?

**● સૂત્ર-૫ :-**

***તે જગતીની ઉપર અને પદ્મવરવેદિકા બહાર એક વિશાળ વનખંડ કહેલ છે. તે દેશોન બે યોજન વિષ્કંભથી, જગતી સમાન પરિધિથી છે, વનખંડ વર્ણન જાણી લેવું.***

**● વિવેચન-૫ :-**

જગતીની ઉપર, પદ્મવરવેદિકાની બહાર, આગળ જે પ્રદેશ છે ત્યાં, એક મહાન્ વનખંડ કહેલ છે, અનેક જાતીય ઉત્તમ અને પૃથ્વીમાંથી ઉગેલ સમૂહનો વનખંડ છે. - x - તે વનખંડ દેશોન કંઈક ન્યૂન બે યોજન વિસ્તારથી છે. દેશ અહીં ૨૫૦ ધનુષ્ જાણવો તે આ રીતે — ચાર યોજન વિસ્તૃત જગતીનાશિરે બહુ મધ્યભાગે ૫૦૦ ધનુષ્ વ્યાસવાળી પદ્મવરવેદિકા છે, તેના બાહ્ય ભાગમાં એક વનખંડ, બીજું અંતર્ભાગમાં છે. હવે જગતી મસ્તક વિસ્તાર વેદિકા વિસ્તાર-૫૦૦ ધનુષ્નો અડધો કરવો. તેથી યથોક્ત માન આવે તથા જગતી સમ એટલે જગતીતુલ્ય પરિક્ષેપથી છે.

વનખંડ વર્ણક - બધું જ અહીં પહેલા ઉપાંગથી જાણવું, તે આ છે — કૃષ્ણ-કૃષ્ણાવભાસ, નીલ-નીલાવભાસ, હરિત-હરિતાવભાસ, શીત-શીતાવભાસ, સ્નિગ્ધ-સ્નિગ્ધાવભાસ, તિવ્ર-તિવ્રાવભાસ, એ રીતે જ કૃષ્ણ-કૃષ્ણછાય યાવત્ તિવ્ર-તિવ્રછાય, ધનકડિતછાયા, રમ્ય, મહામેઘ નિકુરંબ ભૂત....

...તે વૃક્ષો મૂલવાળા, સ્કંધવાળા, ત્વચાવાળા, શાખાવાળા, પ્રવાલવાળા, પત્રવાળા, પુષ્પવાળા, ફળવાળા, બીજવાળા, આનુપૂર્વી સુજાત રુચિર વૃત્ત ભાવ પરિણત, એક સ્કંધવાળા, અનેક શાખા-પ્રશાખા વિડિમા, ઈત્યાદિ તથા અછિદ્રપત્ર, અવિરલ પત્ર, અવાદીણપત્ર, અણઇતિપત્ર ઈત્યાદિ - x - x -

નિત્ય કુસુમિત, નિત્ય મુકુલિત, નિત્ય લવકિત, નિત્ય સ્તબકિત, નિત્ય ગુલયિત, નિત્ય ગુચ્છિત, નિત્ય યમલિત, નિત્ય યુગલિત, નિત્ય વિનમિત, નિત્ય પ્રણમિત, નિત્ય કુસુમિત મુકુલિતાદિ, સુવિભક્ત પ્રતિમંજરીવતંસકધર.

શુક, બરહિણ, મદનશલાકા, કોકિલક, ઉરગ, ભૃંગારક, કોંડલક, જીવંજીવક, નંદીમુખ, કપિલ, પિંગલાક્ષ, કારંડ, ચક્રવાલ, હંસ, સારસ અનેક શુકનગણ વિરચિત શબ્દોન્નતિક મધુર, સુરમ્ય, સંપિંડિત દૃપ્ત ભ્રમર મધુકર ઈત્યાદિથી ગુંજતો દેશભાગ, અભ્યંતર પુષ્પફળ, બાહ્ય પત્રછન્ન પુષ્ફ અને ફૂલ વડે ઈત્યાદિ - x - x - x - પ્રાસાદીય યાવત્ પ્રતિરૂપ.

ઉક્ત સૂત્રની વ્યાખ્યા — આ પ્રાયઃ મધ્યમ વયમાં વર્તમાન પત્રો કૃષ્ણ હોય

છે. તેના યોગથી વનખંડ પણ કૃષ્ણ છે, ઉપચાર માત્રથી કૃષ્ણ કહ્યાં નથી, પણ તેવા પ્રતિભાસથી કહ્યું છે, તેથી કહે છે — કૃષ્ણાવભાસ, જેટલાં ભાગમાં કૃષ્ણપત્રો છે, તેટલા ભાગમાં તે વનખંડ અતીવ કૃષ્ણ અવભાસે છે. - x - તથા પ્રદેશાંતરમાં નીલ પત્રના યોગથી વનખંડ પણ નીલ છે, એ પ્રમાણે નીલાવભાસ ઈત્યાદિ... નીલ-મયૂરના કંઠવત્, હરિત-પોપટના પીંછા સમાન.

તથા પ્રાયઃ સૂર્યના અપ્રવેશથી વૃક્ષોના પત્રો શીત થાય છે, તેના યોગથી વનખંડ પણ શીત છે. આ ઉપચાર માત્રથી નથી, તેથી કહે છે — શીત-અવભાસ, અધોવર્તી દેવ-દેવીના તે યોગ શીત-વાત સ્પર્શથી શીત વનખંડ અવભાસે છે તથા આ કૃષ્ણ-નીલ-હરિત વર્ણો યથાસ્વં પોત-પોતાના સ્વરૂપમાં અત્યર્થ ઉત્કટ, સ્નિગ્ધ અને તીવ્ર કહેવાય છે, તેથી તેના યોગથી વનખંડ પણ સ્નિગ્ધ અને તીવ્ર કહેલ છે. આ ઉપચાર માત્ર નથી, પરંતુ પ્રતિભાસ પણ છે. આ અવભાસ ભ્રાંત પણ હોય, જેમ રણમાં જળનો અવભાસ હોય, તેથી અવભાસમાત્ર ન દર્શાવીને યથાવસ્થિત વસ્તુ સ્વરૂપ વર્ણવેલ છે. - x - x -

કૃષ્ણવનખંડ, કઈ રીતે ? કૃષ્ણછાય - x - જે કારણે કૃષ્ણા છાયા-આકાર સર્વ અવિસંવાદિતાથી તેને છે, તે કારણે કૃષ્ણ-સર્વ અવિસંવાદિતાથી તેમાં કૃષ્ણ આકાર પ્રાપ્ત થાય છે. ભ્રાંતિથી નહીં. - x - તેથી તત્ત્વવૃત્તિથી તે કૃષ્ણ ભ્રાંત અવભાસમાત્ર સ્થાપેલ નથી. એ રીતે નીલ-નીલછાય આદિ પણ કહેવા. વિશેષ એ કે — શીત, શીતછાય, આદિમાં છાયા શબ્દ આતપ પ્રતિપક્ષ વસ્તુવાચી જાણવો.

'ઘણ' આ શરીરના મધ્ય ભાગમાં કટિ, તેથી બીજાનો પણ મધ્યભાગ કટિ સમાન, કટિ જ કહેવાય છે. કટિતટ માફક ઘન અર્થાત્ અન્યોન્ય શાખા, પ્રશાખા અનુપ્રવેશતી નિબિડ કટિતટ-મધ્ય ભાગમાં છાયા જેની છે તે ઘનકટિતટછાય - મધ્ય ભાગમાં નિબિડતર છાયા અથવા - x - ઘન નિબિડ કટિતકટની માફક અધોભૂમિમાં છાયા જેની છે, તે ઘનકટિત કટછાયા છે, તેથી જ રમણીય.

જળભારથી નમેલ પ્રાવૃટ્કાળ ભાવી જે મેઘસમૂહ, તે ગુણ વડે પ્રાપ્ત મહામેઘવૃંદની ઉપમા. જે સંબંધી વનખંડ છે, તે વૃક્ષો મૂળવાળા આદિ દશ પદો છે. તેમાં મૂળ પ્રભૂત દૂર રહેલ હોય છે, તેથી મૂળવાળા. જે કંદની નીચે છે, તે મૂલ. તેની ઉપર રહે છે તે કંદ. સ્કંધ-થડ, જેમાંથી મૂળ શાખા નીકળે છે. ત્વચા-છાલ, શાલા-શાખા, પ્રવાલ-પલ્લવ અંકુર, પત્ર-પુષ્પ-ફળ-બીજ પ્રસિદ્ધ છે. - x - x -

रुचिर - સ્નિગ્ધપણે દીપ્યમાન શરીરવાળા તથા વૃત્ત ભાવથી પરિણત અર્થાત્ એ પ્રમાણે. બધી દિશા-વિદિશામાં શાખાદિ વડે પ્રસૃત, જે રીતે વર્તુલ આકૃત્તિ થાય છે. તથા તે વૃક્ષો પ્રત્યેક એક સ્કંધવાળા છે. - x - અનેક શાખા-પ્રશાખા વડે મધ્યભાગમાં વિસ્તાર જેનો છે તે, તથા તીર્છા બે બાહુ પ્રસારણ પ્રમાણ વ્યામ. અનેક પુરુષ વ્યામ વડે સુપ્રસારિતથી અગ્રાહ્ય નિબિડ વિસ્તીર્ણ સ્કંધવાળા.

જેના પત્રો અછિદ્ર છે, તે અછિદ્રપત્ર. અર્થાત્ તે પત્રોમાં વાયુદોષ કે



કાળદોષથી ગડ્ડરિક આદિ ઈતિ ઉપજતી નથી, કે જે તેમાં છિદ્રો કરશે, માટે અછિદ્રપત્ર અથવા એવી અન્યોન્ય શાખા-પ્રશાખાના અનુપ્રવેશથી પત્રો પત્રો ઉપર જતાં, જેના વડે કંઈપણ અંતરાલરૂપ છિદ્ર દેખાતા નથી. અવિરલપત્ર - જે કારણે અવિરલ પત્ર છે, તેથી અછિદ્રપત્ર છે. અવિરલપત્ર પણ કઈ રીતે? તે કહે છે — વાયુ વડે ઉપહત અર્થાત્ વાયુ વડે પાડેલ. એવા પત્રો નથી, તે અવાતીન પત્રો જેના છે તે અર્થાત્ કઠોર વાયુવાય છે, જેથી પત્રો તુટીને ભૂમિ ઉપર પડે છે. તેથી અવાતીન પત્રત્વથી અવિરલપત્ર.

'અછિત્રપત્ર' એમાં પ્રથમ વ્યાખ્યાપક્ષમાં હેતુ કહે છે — જેમાં ઈતિ વિદ્યમાન નથી તે. ઈતિ-ગડ્ડરિકાદિરૂપ જેમાં નથી તે અનીતિ. અનીતિપત્રપણાથી અછિદ્રપત્ર તથા દૂર કરાયેલ છે જરઠ-પુરાણત્વથી કર્કશ, તેથી જ પાંડુર પત્રો જેમાં તે. આ આશય છે - જે વૃક્ષસ્થાનમાં ઉક્ત સ્વરૂપ પત્રો છે, તે વાયુ વડે ઉડાડીને ભૂમિ ઉપર પડાય છે, - x - તથા નવા-તાજા ઉગેલા હરિત-પોપટના પીંછાની આભાથી ભાસમાનપણાથી સ્નિગ્ધત્વચા દીપ્યમાનતાથી પત્રભાર-દલસંચય વડે જે અંધકાર થાય છે, તેના વડે ગંભીર-મધ્યભાગ અપ્રાપ્ત હોય.

ઉપવિનિર્ગત-નિરંતર વિનિર્ગત નવતરુણ પત્ર-પલ્લવ વડે તથા કોમલ-મનોજ્ઞ ઉજ્જ્વલ શુદ્ધ ચલન વડે - કંઈક કંપતા એવા કિશલય-અવસ્થાવિશેષોપેતથી પલ્લવ વિશેષ વડે તથા સુકુમાર પલ્લવાંકુર વડે શોભિત વરાંકુર યુક્ત અગ્ર શિખરો જેના છે તે, અહીં અંકુર-પ્રવાલ કાલકૃત્ અવસ્થાવિશેષ કહેવા.

પોપટ, મેના, મોર, કોકિલ ઈત્યાદિ સારસ સુધીના અનેક પક્ષિ કુળોના યુગલ-સ્ત્રીપુરુષ યુગ્મ વડે વિરચિત ઉન્નત શબ્દ અને મધુર સ્વરનો જેમાં નાદ સંભળાય છે તે. તેથી જ અતિમનોજ્ઞ છે. અહીં શુક્ર - પોપટ, बर्हिण - મોર, મદનશલાકા-મેના, - x - બાકીના જીવ વિશેષો લોકથી જાણવા. સંપિડિત-એકત્ર પિંડીભૂત, દૃપ્ત મદોન્મત્તપણે, ભ્રમર-મધુકરીનો સંઘાત, જેમાં છે તે. પરિલીયમાન-અત્યંત આવી-આવીને મત્ત ભ્રમર આશ્રય કરે છે. તે ભ્રમરો કિંજલ્કના પાનમાં લંપટ, મધુર ગુનગુનાહટ કરતાં, ગુંજન કરતાં દેશ ભાગો જેમાં છે તે. - x - x - જેમાં અંતવર્તી પુષ્પ-ફળો છે તે. તથા બહાર પત્રો વડે વ્યાપ્ત છે તથા પત્રો અને પુષ્પો વડે છન્ન-પરિછન્ન-એકાર્થિક બંને શબ્દોના ઉપાદાનથી અત્યંત આચ્છાદિત.

નીરોગ-રોગવર્જિત વૃક્ષ ચિકિત્સા શાસ્ત્રોમાં, જેમાં પ્રતિક્રિયા છે, તે રોગ વડે સ્વત જ વિરહિત છે. અકંટક-તે વૃક્ષોમાં બોર આદિ નથી. તેમાં સ્વાદુ ફળો છે. ક્યાંક સ્નિગ્ધફળ છે. વિવિધ ગુચ્છ-વૃંતાકી આદિ વડે, ગુલ્મ-નવમાલિકાદિ વડે, મંડપક-દ્રાક્ષાદિના મંડપ વડે, શોભિત અર્થાત્ ઉક્તરૂપ ગુચ્છાદિ વડે સંશ્રિત.

વિચિત્ર શુભ કેતુ-ધ્વજાને પ્રાપ્ત. તેમાં શુભ-મંગલભૂત ધ્વજા વડે વ્યાપ્ત, તથા વાપી-ચોખૂણી હોય. વૃત્ત-પુષ્કરિણી, દીર્ધિકા-ઋજુ સારિણી, તે સારી રીતે નિવેશિત

રમ્ય જાલક ગૃહો જેમાં છે તે. આ અર્થ છે — જ્યાં તે વૃક્ષો રહેલ છે, ત્યાં વાપી આદિમાં ગવાક્ષવાળા ગૃહો, જલક્રીડા કરતાં વ્યંતર મિથુનો ઘણાં છે. પુદ્ગલ સમૂહરૂપ-દૂર દેશ સુધી જતી સદ્ગંધિકા શુભ સુરભિ ગંધાંતરથી મનોહર જે છે તે. - x - ગંધઘ્રાણિ-જેટલાં ગંધ પુદ્ગલ વડે ઘ્રાણેન્દ્રિયને તૃપ્તિ ઉપજાવે છે, તેટલાં પુદ્ગલ સંહતિરૂપ ઉપચારથી ગંધઘ્રાણિ એમ કહેવાય છે, તેને નિરંતર છોડતાં.

તથા શુભ-પ્રધાન, સેતુ-માર્ગ, કેતુ-ધ્વજા, બહુલા-અનેકરૂપ જેમાં છે તે. રથ-ક્રીડારથાદિ, યાન-કહેલ અને કહેવાનાર સિવાયના, શકટાદિ-વાહનો, યુગ્ય-ગોલદેશ પ્રસિદ્ધ બે હાથપ્રમાણ ચાર ખૂણાવાળી વેદિકાયુક્ત જંપાન, શિબિકા-કૂટાકારથી આચ્છાદિત જંપાન વિશેષ, સ્યંદમાનિકા-પુરુષ પ્રમાણ જંપાન વિશેષ, - x - x -

હવે વનખંડના ભૂમિભાગનું વર્ણન કહે છે —

**● સૂત્ર-૬ :-**

***તે વનખંડની અંદર બહુસમરમણીય ભૂમિભાગ કહેલ છે જેમ કોઈ આલિંગપુષ્કર યાવત્ વિવિધ પંચવર્ણી મણી વડે, તૃણ વડે ઉપશોભિત હોય, તે આ પ્રમાણે કૃષ્ણવર્ણ વડે એ પ્રમાણે વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, શબ્દ છે. ત્યાં પુષ્કરિણી, પર્વતગૃહ, મંડપ, પૃથ્વીશિલાપટ્ટક છે. તેમ હે ગૌતમ ! જાણવું.***

***ત્યાં ઘણાં વ્યંતર દેવો અને દેવીઓ બેસે છે, સુએ છે, રહે છે, નિષધા કરે છે, ત્વગ્વર્તન કરે છે, રમે છે, મનોરંજન કરે છે, ક્રીડા કરે છે, મૈથુન કરે છે, પૂર્વસંચિત સુપરાક્રાંત શુભ, કલ્યાણકર, કૃત્ કર્મોના કલ્યાણ-ફળ-વૃત્તિ વિશેષને અનુભવતા વિચરે છે.***

***તે જગતીની ઉપર પદ્મવરવેદિકામાં અહીં એક મોટું વનખંડ કહેલ છે, તે દેશોન બે યોજન વિષ્કંભથી વેદિકાસમાન પરિક્ષેપથી છે. તે કૃષ્ણ યાવત્ તૃણરહિત જાણવું.***

**● વિવેચન-૬ :-**

તે વનખંડ મધ્યે, અત્યંત સમ તે બહુસમ, તે રમણીય ભૂમિભાગ કહેલો છે. કેવા પ્રકારે ? તે કહે છે. તે સકલ લોકપ્રસિદ્ધ છે. તે દૃષ્ટાંત વડે કહે છે — नाम - શિષ્ય આમંત્રણ અર્થમાં છે. आलिंग - મુરજ, વાદ્ય વિશેષ, તેનો પુષ્કર-ચર્મપુટ, તે અત્યંત સમ હોવાથી તેના વડે ઉપમા કરી છે. इति શબ્દ-સર્વે પણ સ્વસ્વ ઉપમાભૂત વસ્તુ સમાપ્તિ ધોતક છે. वा શબ્દ સમુચ્ચયમાં છે યાવત્ શબ્દથી બહુસમત્વવર્ણક અને મણિલક્ષણ વર્ણક લેવું. તે આ છે — મુરજપુષ્કર, સરતલ, કરતલ, ચંદ્રમંડલ, સૂર્યમંડલ, આદર્શમંડલ, ઉરભ્ર ચર્મ, વૃષભચર્મ ઈત્યાદિ - x - અનેક શંકુ હજાર ખીલીઓ વડે વિતત, આવર્ત્ત-પ્રત્યાવર્ત્ત આદિ - x - પદ્મલતાના વિચિત્ર ચિત્રોથી છાયા-પ્રભાદિ વડે૦ - x -

હવે ઉક્ત સૂત્રની વ્યાખ્યા — મૃદંગ લોકપ્રસિદ્ધ છે, મર્દલનો પુષ્કર તે મૃદંગ પુષ્કર, પરિપૂર્ણ-પાણીથી ભરેલ, તળાવનું તળ-ઉપરનો ભાગ તે સરસ્તલ. વાયુરહિત



જળપૂર્ણ સરોવર લેવું. અન્યથા વાયુ વડે ઉદ્ધૂત વડે ઉંચા-નીચા થતાં જળ વડે વિવક્ષિત સમભાવ ન થાય.

ચંદ્રમંડલ, સૂર્યમંડલ જોકે વસ્તુગતિથી ઉત્તાની કૃતાર્ધ કપિત્થ આકાર પીઠપ્રાસાદ અપેક્ષાથી વૃત્ત કહેલ છે. તદ્ગત દૃશ્યમાન ભાગ સમતલ નથી, તો પણ સમતલ દેખાય છે, માટે તેનું ગ્રહણ છે. ઉરભ્ર ચર્મ ઈત્યાદિ બધાંમાં "અનેક શંકુ કીલકથી વિતત" પદ જોડવું.

ઉરભ્ર-ઘેટું, દ્વીપી-ચિત્તો, આ બધાંનું ચામડું અનેક શંકુ પ્રમાણ હજારો ખીલીઓ વડે તાડિત છે - x - જે રીતે અત્યંત બહુસમ થાય છે, તે રીતે તે પણ વનખંડનો મધ્ય બહુસમ ભૂમિભાગ છે.

ફરી કેવો છે ? તે કહે છે — જાતિભેદથી વિવિધ પ્રકારના જે પંચવર્ણી મણી અને તૃણો વડે ઉપશોભિત છે. કેવા મણી વડે ? તે કહે છે — મણીના લક્ષણો, તેમાં આવર્ત્ત પ્રસિદ્ધ છે. એક આવર્ત્તની પ્રતિ અભિમુખ આવર્ત્ત, તે પ્રત્યાવર્ત્ત. શ્રેણિ-તથાવિધ બિંદુ જાતાદિની પંક્તિ, તે શ્રેણિથી જે વિનિર્ગત, અન્ય શ્રેણિ તે પ્રશ્રેણિ. - x - x - વર્ધમાનક-શરાવ સંપુટ, મત્સ્યાંડ-કમકરાંડ બંને જલચર વિશેષ અંડક પ્રસિદ્ધ છે. જાર-માર એ લક્ષણ વિશેષ છે. તે લોકથી જાણવા. પુષ્પાવલિ આદિ પ્રતીત છે તેના આશ્ચર્યકારી ચિત્ર-આલેખ જેમાં છે તે.

અહીં શું કહે છે ? આવર્ત્તાદિ લક્ષણયુક્ત, શોભન છાયા જેમાં છે, તેના વડે. - x - આવા પ્રકારે વિવિધ પ્રકારના પંચવર્ણી મણિ અને તૃણ વડે શોભિત છે. તે આ રીતે — કૃષ્ણવર્ણથી યુક્ત, આ પ્રકારે બાકીના પણ નીલાદિ વર્ણને મણિ-તૃણ વિશેષણપણે યોજવા. જેમકે નીલવર્ણ વડે, લોહિત વર્ણ વડે, પીળા વર્ણ વડે, શુક્લવર્ણ વડે. તે મણિ-તૃણોના ગંધ, સ્પર્શ અને શબ્દો જાણવા. તથા તે વનખંડના ભૂમિભાગમાં પુષ્કરિણીના પર્વતગૃહ, મંડપ, પૃથ્વીશિલાપટ્ટકો જાણવા. - x - એ પ્રમાણે યાવત્ પૂર્વવત્ વર્ણન કરવું. - x - x -

અહીં આ સૂત્ર અભિપ્રાયની અભિવ્યક્તિમાં જીવાભિગમાદિ ગ્રન્થોક્ત કેટલાંક પાઠો લખે છે - તેમાં જે તે કૃષ્ણમણી અને તૃણ છે, તેનો આ આવા સ્વરૂપે વર્ણાવાસ કહેલ છે. તે આ — જેમ કોઈ જીમૂત, અંજન, ખંજન, કાજળ, મસી, મસીગુલિકા, ગવલ, ગવલગુલિકા, ભ્રમર, ભ્રમરાવલી, ભ્રમર પત્રસાર, જાંબૂફળ, આદ્રારિષ્ઠ, પરપૃષ્ઠ, ગજ, ગજકલભ, કૃષ્ણસર્પ, કૃષ્ણ કેસર, આકાશથિગ્ગલ, કૃષ્ણાશોક, કૃષ્ણકર્ણવીર, કૃષ્ણ બંધુજીવક જેવા તે વર્ણ છે? ગૌતમ! આ_ર્થ સમર્થ નથી. તે કૃષ્ણ મણી અને તૃણ આના કરતાં ઈષ્ટતરક, કાંતતરક, મનોજ્ઞતરક, મણામતરક કહેલ છે.

ઉક્ત સૂત્રનો વ્યાખ્યાસાર — તે પંચવર્ણી મણી અને તૃણની મધ્યે જે કૃષ્ણ મણી-તૃણ છે તે [કેવા છે ?] જીમૂત-મેઘ, તે વર્ષારંભે જળપૂર્ણ કહેલ છે. તે પ્રાયઃ અતિ કાલિમાવાળો હોય. - x - અંજન-સૌવીરાંજન રત્નવિશેષ, ખંજન-દીપક મલ્લિકાનો

મેલ, કજ્જલ-કાજળ, દીપશિખાથી પતિત મષી, તામ્ર ભાજનાદિમાં સામગ્રી વિશેષથી ઘોલિત, મષીગુલિકા-ઘોલિત કાજળની ગુટિકા, ગવલ-ભેંસની શીંગ, તે પણ દૂર કરાયેલ ઉપરના ત્વચા ભાગવાળા લેવા. કેમકે તેમાં વિશેષ કાલિમા સંભવે છે. તેમાંથી બનાવેલ ગુટિકા તે ગવલગુટિકા. ભ્રમરાવલી-ભ્રમરપંક્તિ, ભ્રમરસાર-ભ્રમરની પાંખની ભ્રમરની પાંખની અંદરનો વિશિષ્ટ શ્યામતાથી ઉપચિત પ્રદેશ. આર્દ્રારિષ્ઠ-કોમળકાક, પરપુષ્ટ-કોકીલ, કૃષ્ણસર્પ-કાળા વર્ણની સર્પજાતિ વિશેષ. કૃષ્ણ કેસર-કૃષ્ણ બકુલ. શરદનો મેઘમુક્ત આકાશખંડ, તે ઘણો કૃષ્ણ દેખાય છે. કૃષ્ણાશોક આદિ વૃક્ષના ભેદો છે. અશોકાદિ પંચવર્ણી જ છે, તેથી બાકીના વર્ણોને છોડવા કૃષ્ણનું ગ્રહણ કર્યુ.

ત્યારે ગૌતમે પૂછ્યું – શું મણી અને તૃણોના કૃષ્ણવર્ણ આવા સ્વરૂપનો છે ? - x - ભગવંતે કહ્યું – આ અર્થ ઉપયુક્ત નથી. - x - તે કૃષ્ણ મણિ-તૃણ જીમૂત આદિથી ઈષ્ટતરક છે, તે કંઈક અકાંત હોવા છતાં કોઈકને ઈષ્ટતર હોય છે, તેથી અકાંતતાનો છેદ કરવા કહ્યું કાંતતરક, - x - તેથી જ મનોજ્ઞતરક-મન વડે જણાય છે, અનુકૂળપણે સ્વપ્રવૃત્તિ વિષયી કરાય છે, તેથી મનોજ્ઞ-મનોનુકૂલ, તે મનોજ્ઞ છતાં કંઈક મધ્યમ હોય, તેથી સર્વોત્કર્ષ પ્રતિપાદન માટે કહે છે – મનઆપતરક-જોનારના મનમાં વસી જાય છે. પ્રકૃષ્ટતા દેખાડવા 'तर' પ્રત્યય મુક્યો. અથવા આ બધાં એકાર્થિક શબ્દો છે, પણ વિવિધ દેશના શિષ્યોના અનુગ્રહાર્થે છે.

તેમાં જે નીલમણી-તૃણ છે, તેમનો આવા સ્વરૂપનો વર્ણાવાસ કહેલ છે - જેમ કોઈ ભૃંગ-ભૃંગપત્ર, ચાસ-ચાસપિચ્છ, શુક-શુકપિચ્છ, નીલી-નીલીભેદ-નીલીગુલિકા, શ્યામાક, ઉચ્ચંતક વનરાજી કે બળદેવનું વસ્ત્ર, મોરની ગ્રીવા, પારાપતની ગ્રીવા, અતસીકુસુમ, બાણકુસુમ, અંજનકેશિકા કુસુમ, નીલોત્પલાદિ વત્ વર્ણ છે ? ગૌતમ ! ના, આ અર્થ યુક્ત નથી. તે નીલ મણી અને તૃણ કરતાં પણ ઈષ્ટતરક, કાંતતરક, મનોજ્ઞતરક, મણામતરક વર્ણથી કહેલ છે.

ઉક્ત સૂત્ર વ્યાખ્યાસાર – ભૃંગ-કીટક વિશેષ, પક્ષ્મલ-પાંખ, શુક-પોપટ, પિચ્છ-પીંછા, ચાષ-પક્ષી વિશેષ નીલી-ગળી, શ્યામક-ધાન્ય વિશેષ અથવા શ્યામા-પ્રિયંગુ, ઉચ્ચંતક-દંતરાગ, હલધર-બલભદ્ર, તેનું વસ્ત્ર, તે નીલ હોય છે. તે - x - નીલવસ્ત્ર જ ધારણ કરે છે. અંજનકેશિકા-વનસ્પતિ વિશેષ તેનું પુષ્પ. નીલોત્પલ-કુવલય. નીલાશોક આદિ બધાં વૃક્ષ વિશેષ છે.

તેમાં જે લોહિતક-લાલ મણી અને તૃણ છે. તેનો આવો વર્ણાવાસ કહેલ છે, તે આ પ્રમાણે – જેમ કોઈ સસલાનું, ઘેટાનું, વરાહનું, મનુષ્યનું, ભેંસનું આ બધાંનું લોહી હોય, બાલેન્દ્રગોપ, બાળસૂર્ય સંધ્યાભ્રરાગ, ગુંજાર્દ્ધરાગ, જાતહિંગલોક, શિલાપ્રવાલ, પ્રવાલાંકુર, લોહિતાક્ષમણી, લાક્ષારસ, કૃમિરાગકંબલ, ચીણપિષ્ટરાશિ, જાસુનદકુસુમ, કિંશુક કુસુમ, પારિજાતકુસુમ, રક્તોત્પલ, રક્તાશોક, રક્ત કણવીર, રક્ત બંધુજીવક, આ બધાં જેવો છે ? ગૌતમ ! આ અર્થયુક્ત નથી. તે લોહિત મણી



અને તૃણ, આનાથી ઈષ્ટતરકાદિ વર્ણથી કહેલ છે.

ઉક્ત સૂત્ર વ્યાખ્યાસાર – શશક-સસલું, ઉરભ્ર-ઘેટું, વરાહ-શૂકર, ઈત્યાદિ લોહીનો વર્ણ બીજા લોહીથી ઉત્કટ વર્ણનો છે. માટે આ લોહીનું ગ્રહણ કર્યું. બલેન્દ્રગોપ-તાજો જન્મેલ ઈન્દ્રગોપ, કેમકે તે મોટો થતાં કંઈક પાંડુરક્ત વર્ણનો થાય છે. ઈન્દ્રગોપ-વર્ષાકાળમાં થતો કીટક વિશેષ. બાલ દિવાકર-પહેલો ઉગતો સૂર્ય. સંધ્યાભ્રરાગ-વર્ષાકાળમાં સંધ્યા સમયે થતો અભ્રરાગ. ગુંજા-ચણોઠી, તેનો અર્ધભાગ અતિલાલ હોય છે. અડધો અતિકૃષ્ણ હોય, તેથી ગુંજાર્દ્ધ ગ્રહણ કર્યુ છે. શિલાપ્રવાલ-પ્રવાલ નામે રત્ન વિશેષ. પ્રવાલાંકુર-તેના જ અંકુર, તે જ પહેલા ઉદ્‌ગત થતાં અતિ લાલ હોય છે. લોહિતાક્ષ-એ રત્ન વિશેષ છે, લાક્ષારસ-લાખનો રસ, કૃમિરાગથી રંગેલ કંબલ, ચીનપિષ્ટ-સિંદૂર, જયાકુસુમાદિ પ્રસિદ્ધ છે. - x -

તેમાં જે પીળા મણી અને તૃણ છે, તેનો આવો વર્ણ કહેલ છે. તે આ રીતે – જેમ કોઈ ચંપક, ચંપકની છાલ, ચંપકનો છેદ, હળદર, હળદરખંડ, હળદર ગુલિકા, હરતાલિકા, હરતાલિકાગુલિકા, ચીકુર, ચીકરંગરાગ, વરકનક, વરકનક નિઘસ, વાસુદેવનું વસ્ત્ર, અલ્લકી-ચંપક-કોહંતુકના પુષ્પ, કોરંટમાલ્યદામ, ઈત્યાદિ પુષ્પો - x - પીતાશોક, પીતકણવીર, પીતબંધુજીવા, આ બધાં જેવો વર્ણ હોય ? ગૌતમ ! આ અર્થયુક્ત નથી. તે પીળા મણી અને તૃણ આના કરતાં ઈષ્ટતરક યાવત્ વર્ણથી કહેલાં છે.

સૂત્ર વ્યાખ્યાસાર – चंपक - સામાન્યથી સુવર્ણચંપક વૃક્ષ. ચંપકછલ્લી-સુવર્ણ ચંપકની ત્વચા, ભેદ-છેદ, હરિદ્રાગુલિકા-હળદરના સારમાંથી બનાવેલ ગુટિકા. હરિતાલિકા-પૃથ્વીવિકારરૂપ - x - ચિકુર-રંગવાનું દ્રવ્ય વિશેષ, ચિકુરાંગરાગ-ચિકુર સંયોગ નિમિત્ત વસ્ત્રાદિમાં રાગ, વરકનક-પ્રધાન પીળું સુવર્ણ - x - વરપુરુષ-વાસુદેવ, વસન-વસ્ત્ર, તે પીળું જ હોય છે.

અલ્લકી કુસુમ-લોકથી જાણવું, ચંપકકુસુમ-સુવર્ણ ચંપકનું ફૂલ, કૂષ્માંડિકા કુસુમ-પુંસ્ફલીનું પુષ્પ, કોરંટકમાલ્યદામ-કોરંટક પુષ્પની એક જાતિ. તે કંટાસેલિ નામે સંભવે છે. માલ્ય-પુષ્પ, દામ-માળા, સમુદાયમાં જ વર્ણની ઉત્કટતાં સંભાવે છે તેથી માળાનું ગ્રહણ કર્યુ. તડવડા-આઉલીનું પુષ્પ, - x - સુહિરણ્યિકા-વનસ્પતિ વિશેષ, બીજક-વૃક્ષ વિશેષ, પીતાશોક-પીળું અશોકવૃક્ષ બાકી પૂર્વવત્.

તેમાં જે શ્વેત મણી અને તૃણ છે, તેનો આવારૂપે વર્ણાવાસ કહેલ છે – જેમ કોઈ અંક, ક્ષીર, ક્ષીરપુર, ક્રૌંચાવલી, હારાવલી, બલાકાવલી, શારદીય બલાહક, ધંતધૌતરૂપ્યપટ્ટ, ચોખાના લોટનો ઢગલો, કુંદપુષ્પરાશિ, કુમુદરાશિ, શુક્લછિવાકિ, - x - મૃણાલ, ગજદંત, લવંગદલ, પુંડરીકદલ, સિંદુવારમાલ્યદામ, શ્વેતાશોક, શ્વેતકણવીર, શ્વેતબંધુજીવક. એ બધાં જેવો શ્વેત વર્ણ હોય છે? ગૌતમ! આ અર્થયુક્ત નથી. તે શુક્લ મણી અને તૃણ આનાથી ઈષ્ટતર યાવત્ વર્ણથી કહેલ છે.

સૂત્રવ્યાખ્યાસાર — अंक - રત્ન વિશેષ, કુંદ-પુષ્પ વિશેષ, દક-ગંગાજલાદિ, દકરજ-જળના કણ, દધિઘન-દહીંનો પીંડ, ક્ષીરપૂર-દૂધનો ઉભરો. ક્રૌંચાદિ શબ્દમાં આવલિનું ગ્રહણ વર્ણની ઉત્કટતા પ્રતિપાદન માટે છે. ચંદ્રાવલિ-તળાવાદિમાં જળ મધ્યે પ્રતિબિંબિત ચંદ્રપંક્તિ, શારદિક બલાહક-શરત્ કાળ ભાવી મેઘ, ધ્માતધૌતરૂપ્યપટ-અગ્નિના સંપર્કથી અતિ નિર્મળ કરાયેલ, રાખ વગેરેથી અતિ ચળકીત કરાયેલ ચાંદીનો પટ્ટ. - x - શાલિપિષ્ટ-ચોખાનો લોટ, છેવાડી-વાલ આદિની ફલિકા - x - પહેુણ મિંજિકા-મોરના પીંછાના મધ્યવર્તી ભાગ, બિસ-પદ્મિની કંદ, મૃણાલ-પદ્મતંતુ. બાકી પૂર્વવત્.

એ પ્રમાણે વર્ણસ્વરૂપ કહ્યું, હવે ગંધ સ્વરૂપ કહે છે—

ભગવન્ ! તે મણી અને તૃણની કેવી ગંધ કહી છે ? જેમ કોઈ કોષ્ઠ, તગર, એલા, ચોય, ચંપક, દમનક, કુંકુમ, ચંદન, ઓસીર, મરુતક, જાઈ, જૂહી, મલ્લિકા, ન્હાણમલ્લિકા, કેતકી, પાડલ, નોમાલિકા, અગર, લવંગ, વાસ, કર્પૂર [આ બધાંના] પુડાની ગંધ લહેરાતી હવામાં ઉંચે-નીચે ઉડે, કુટવામાં આવે, વિખેરવામાં આવે, પરિભોગ કરાય, એક ભાંડથી બીજા ભાંડમાં સંહરવામાં આવે, ઉદાર, મનોજ્ઞ, મનોહર, ઘ્રાણ અને મનને નિર્વૃત્તિકર એવી ગંધ હોય શું ? હે ગૌતમ ! આ અર્થયુક્ત નથી. તે મણી અને તૃણ આનાથી પણ ઈષ્ટતર યાવત્ મણામતર ગંધવાળા કહ્યા છે.

ભગવન્ ! તેની જગતી. પદ્મવરવેદિકા, વનખંડ સ્થાનોના મણી અને તૃણની કેવી ગંધ કહી છે ? હે ગૌતમ ! જેમ કોઈ ગંધ "પ્રસરતી હોય" - એનો સંબંધ બધે જોડવો. કોષ્ઠ-ગંધદ્રવ્ય, તેનો પુડો, તે કોષ્ઠપુટ, અહીં એક પુટની પ્રાયઃ તેવી ગંધ પ્રસરે નહીં કેમકે ગંધદ્રવ્ય અલ્પ હોય છે, તગર પણ ગંધદ્રવ્ય છે, ચોયપણ ગંધ દ્રવ્ય છે. - x - x - હ્રીબેરપુટ-વાલપુટ, સ્નાનમલ્લિકા-સ્નાનયોગ્ય મલ્લિકા. આ બધાંનો અનુવાત-સુંઘનાર પુરુષને અનુકૂળ વાયુ વાય છે, ઉદ્‌ભિધમાન-ઉદ્‌ઘાટ્યમાન, નિર્ભિધમાન-અતિશય ભિધમાન - x - કુટ્ટ્યમાન-ખાંડણીયાદિમાં કૂટતા, રુંચિજ્જમાણ-શ્લક્ષ્ણ ખંડ કરવામાં આવે, આ બંને વિશેષણો કોષ્ઠાદિ દ્રવ્યના જાણવા કેમકે પ્રાયઃ તેનું કૂટવા આદિ સંભવે છે. ઉત્કીર્યમાણ-છરી આદિ વડે, વિકીર્યમાણ-અહીંતહીં વિખેરતા, પરિભુજ્યમાણ-પરિભોગને માટે ઉપયોગમાં લેવાતા અથવા પરિભાજ્યમાણ-પાસે રહેલાંને થોડું-થોડું દેવાતાં તથા એક સ્થાનેથી બીજા સ્થાનમાં લઈ જવાતા.

ઉદાર, પણ તે અમનોજ્ઞ પણ હોય છે, તેથી કહે છે — મનોજ્ઞ-મનોનુકૂળ, તે મનોજ્ઞત્વ કઈ રીતે છે? મનોહર-મનને હરે છે, આત્મવશ કરે છે, મનોહર છે માટે મનોજ્ઞ છે. તે મનોહરત્વ કઈ રીતે છે? ઘ્રાણ અને મનને નિર્વૃત્તિકાર-સુખોત્પાદક છે. એ પ્રમાણે બધી દિશામાં સામસ્ત્યથી ગંધ સુંઘનારની અભિમુખ નીકળે છે. ત્યારે શિષ્ય પૂછે છે કે — શું તે ગંધ આવી છે? ભગવંતે કહ્યું — આ



અર્થયુક્ત નથી, તે મણી અને તૃણોની આનાથી ઈષ્ટતર અને યાવત્ મણામતર ગંધ કહેલી છે.

ભગવન્ ! તે મણી અને તૃણોનો સ્પર્શ કેવો કહેલ છે ? જેમ કોઈ આજિનક, રૂ, બૂર, નવનીત, હંસગર્ભતૂલી, શિરીષકુસુમ-નિચય, બાલકુમુદ પત્ર રાશિ જેવો સ્પર્શ હોય શું ? ગૌતમ ! આ અર્થ યુક્ત નથી. તે મણી અને તૃણ આના કરતાં ઈષ્ટતરક યાવત્ સ્પર્શથી કહેલ છે. હવે ઉક્ત સૂત્રનો વ્યાખ્યાસર —

મણિ અને તૃણોનો સ્પર્શ કેવો છે ? आजिनक - ચર્મ મય વસ્ત્ર, રૂ-કપાસનું બનેલ, બૂર-વનસ્પતિ વિશેષ, નવનીત-માખણ, બાલ-તુરંતના ઉત્પન્ન જે કુમુદપત્રો, તેની રાશિ - x -

ભગવન્ ! તે મણી અને તૃણોને પૂર્વ-પશ્ચિમ-દક્ષિણ ઉત્તરથી આવીને વાતો મંદ-મંદ પવન, તેના વડે એજિત, વેજિત, કંપિત, ચાલિત, સ્પંદિત, ઘટ્ટિત, ક્ષોભિત, ઉદીરિત થતાં કેવાં શબ્દો કરે છે ? ગૌતમ ! જેમ કોઈ શિબિકા, સ્યંદમાનિકા કે રથના છત્ર-ધ્વજ-ઘંટા-પતાકા-શ્રેષ્ઠ તોરણ સહિત, [આ બધાંના તથા] નંદીઘોષના, ઘંટિકા સહિત સુવર્ણની જાલ ચોતરફ હોય - x - x - x - x - મણિમય તલને ઘટ્ટિત થતાં જે ઉદાર, મનોજ્ઞ, કર્ણ અને મનને સુખકારક શબ્દો ચોતરફથી નીકળે છે, શું તે શબ્દો આવા હોય છે ? ના, આ અર્થ યુક્ત નથી.

- આ સૂત્રનો વ્યાખ્યાસાર — - x - પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ, ઉત્તરથી આવતા મંદ-મંદ કંપિત તથા વિશેષ કંપિત થતાં, આ જ કથન પર્યાય શબ્દથી કહે છે — કંપિત અને ચાલિત-અહીં તહીં વિક્ષિપ્ત, આ જ કથન પર્યાયથી કહે છે - સ્પંદિત તથા ઘટ્ટિત-પરસ્પર ઘર્ષણયુક્ત, કઈ રીતે ઘટ્ટિત ? તે કહે છે — ક્ષોભિત અર્થાત્ સ્વસ્થાનથી ચાલિત, સ્વસ્થાનથી ચાલન છતાં પણ કઈ રીતે, તે કહે છે — ઉદીરિત એટલે પ્રબળતાથી-પ્રેરિત થઈને કેવા પ્રકારના શબ્દો કહે છે ?

ભગવંતે કહ્યું — ગૌતમ ! જેમ કોઈ શિબિકા, સ્યંદમાનકિા કે રથના૦ શિબિકા-જંપાન વિશેષરૂપ ઉપર આચ્છાદિત કોષ્ઠ આકાર, દીર્ઘ જંપાન વિશેષ, પુરુષને સ્વપ્રમાણ તે સ્યંદમાનિકા. આના શબ્દો પુરુષ વડે ઉપાડતાં નાની હેમઘંટિકાદિના ચલન વશથી જાણવા. રથ શબ્દથી અહીં રણ રથ લેવો, ક્રીડારથ નહીં - x - તેની ફલવેદિકા જે કાળમાં જે પુરુષો, તેની અપેક્ષાથી કટિ પ્રમાણ જાણવું. તે રથના વિશેષણો કહે છે — છત્ર, ધ્વજ અને ઘંટા સહિતના - બંને પડખે રહેલ મહા પ્રમાણ ઘંટાયુક્તના, પતાકા-લઘુધ્વજના, તોરણ-પ્રધાનતોરણયુક્ત, નંદીઘોષ-બાર પ્રકારના વાજિંત્રના નિનાદથી યુક્ત.

આ બાર વાદ્યો આ પ્રમાણે — ભંભા, મકુંદ, મર્દલ, કડંબ, ઝાલર, હુડુક્ક, કંસાલ, કાહલ, તલિમા, વંસ, શંખ, પ્રણવ.

તથા લઘુ ઘંટા વડે વર્તે છે, તે સકિંકિણીક, જે હેમજાલ-સુવર્ણમય માળા સમૂહ, તેના વડે બહારના પ્રદેશોમાં વ્યાપ્ત, તેના. તથા હિમવંત પર્વતે રહેલ વિચિત્ર

મનોહારી તિનિશ વૃક્ષ સંબંધી કનક નિયુક્ત-અર્થાત્ કનકપટ્ટિકા સંવલિત. તેવા પ્રકારે દારુ-કાષ્ઠ જેનું છે તે. - x - તથા લોઢા વડે સુષ્ઠુ-અતિશયથી કરેલ નેમ-બાહ્ય પરિધિના ચંત્રના ચારક ઉપર ફલ ચક્વાલનું કર્મ જેમાં તે કાલાયસ સુકૃત્ નેમિ ચંત્ર કર્મા.

આકીર્ણ-ગુણો વડે વ્યાપ્ત, જે પ્રધાન અશ્વો, અતિશયપણે સમ્યક્ પ્રયુક્ત જેમાં છે તે, સારથી કર્મમાં જે કુશળ નરો છે, તેમની મધ્યે અતિશય દક્ષ સારથી, તેમના વડે સારી રીતે પરિગૃહીત, તથા જેમાં પ્રત્યેકમાં સો બાણો રહેલા છે, તે શરશત, તે બત્રીશ તૂણ, બાણ આશ્રયે રહેલ શરશત બત્રીશતૂણ વડે મંડિત. અહીં શું કહેવા માંગે છે ? એ પ્રમાણે તે બત્રીશ શરશત તૂણ રથની ચોતરફ પર્યન્તે અવલંબિત, તે રણના ઉપકલ્પિતને અતીવ મંડનને માટે થાય છે. તથા કવચ અને શિરસ્ત્રાણ, તેની સાથે વર્તે છે તે તથા તેની, ચાપની સાથે જે શર અને જે કુંતાદિ પ્રહરણ અને ખેટકાદિ આવરણ, તેના વડે પૂર્ણ, તથા યોધાના યુદ્ધ નિમિત્તે સજ્જ, તે યોધયુદ્ધસજ્જ.

તે આવા સ્વરૂપના રાજ આંગણ કે અંતઃપુરમાં, રમ્ય એવા મણિબદ્ધ ભૂમિતળમાં, વારંવાર મણિકોટ્ટિમતલ પ્રદેશ કે રાજ આંગણ આદિ પ્રદેશથી અભિઘટ્ટયમાન-વેગ વડે જતાં જે ઉદાર-મનોજ્ઞ, કર્ણ-મનને સુખકર, ચોતરફથી શબ્દો શ્રોતાને અભિમુખ નીકળે છે.

શું તે મણિ અને તૃણોનો શબ્દો આવા સ્વરૂપના હોય છે ? ભગવંતે કહ્યું — ગૌતમ ! આ અર્થયુક્ત નથી. ફરી ગૌતમે કહ્યું —

જેમ કોઈ વૈતાલિક વીણાથી ઉત્તર મંદામૂર્છિતાથી અંકમાં સુપ્રતિષ્ઠિત વડે કુશલ નર-નારિમાં સંપગ્રહિત ચંદનસારકોણ પરિઘટ્ટિતથી પ્રત્યુષ્કાળ સમયમાં મંદ મંદ એજિત-વેજિતાદિથી કાન અને મનને સુખકર ચોતરફથી શબ્દો નીસરે છે. તેવા શબ્દો શું હોય છે ? ના, એ અર્થયુક્ત નથી.

આ સૂત્રનો વ્યાખ્યાસાર — જેમ કોઈ સવાર-સાંજ દેવતા આગળ, જે વાદન માટે ઉપસ્થાપિત છે, તે મંગલપાઠિકા, તાલના અભાવે વગાડે તે વિતાલ, તેથી થાય તે વૈતાલિકી, તે વૈતાલિકી વીણાની 'ઉત્તરમંદામૂર્છિતાથી' ઉત્તર મંદા નામે ગંધાર સ્વર અંતર્ગત્ વડે સાતમી મૂર્છના વડે મૂર્છિત, અર્થાત્ ગંધાર સ્વરની સાત મૂર્છના હોય છે. તે આ રીતે —

નંદી, ક્ષુદ્રિમા, પૂરિમા, ચોથી શુદ્ધ ગંધારા, ઉત્તરગંધારા પણ પાંચમી મૂર્છા થાય છે, છઠ્ઠી નિયમથી સુષ્ઠતર-આયામા જાણવી અને ઉત્તરમંદા સાતમી મૂર્છા થાય છે.

મૂર્છના કયા સ્વરૂપે છે ? ગાંધારાદિ સ્વર સ્વરૂપ ન છોડીને અતિમધુર ગાય છે, અન્યાન્ય સ્વર વિશેષથી જે કરતાં શ્રોતાને મૂર્છિત કરે છે, પરંતુ સ્વયં પણ મૂર્છિત સમાન તેને કરે છે અથવા સ્વયં પણ સાક્ષાત્ મૂર્છાને કરે છે. - x - x -





ગાંધાર સ્વરગત મૂર્છનાની મધ્યે સાતમી ઉત્તરમંદા મૂર્છના અતિ પ્રકર્ષ પ્રાપ્ત થાય છે, તેથી તેનું ઉપાદાન કર્યું. તે મુખ્ય વૃત્તિથી વગાડીને મૂર્છિત થાય છે. પરમ ભેદોપચારથી વીણા પણ મૂર્છિતા કહી છે. તે પણ જે અંકમાં સુપ્રતિષ્ઠિત હોતી નથી, તેને મૂર્છના પ્રકર્ષને ધારણ કરતી નથી. તેથી કહે છે — સ્ત્રી કે પુરુષના ઉત્સંગમાં સુપ્રતિષ્ઠિત હોય તથા કુશલ-વાદ નિપુણ નર કે નારી વડે સુષ્ઠુ-અતિશયપણે સમ્યક્ પ્રગૃહીતના, તથા ચંદનનો સાર-ગર્ભ, તેનાથી નિર્માપિત જે કોણ-વાદનદંડ, તેના વડે પરિઘટ્ટિત-સંઘટ્ટિતના, પ્રભાતકાળ સમયમાં, - - -

- - - 'કાળ' શબ્દનો વર્ણ અર્થ પણ થાય. તેથી કહે છે — 'સમય'. 'સમય'નો અર્થ 'સંકેત' પણ થાય છે. તેથી કહે છે — કાલ. ધીમે ધીમે ચંદનસાર કોણ વડે કંઈક કંપિત તથા વિશેષ કંપિત, આને જ પર્યાય વડે કહે છે — ચાલિત, તથા ઘટ્ટિત - ઉર્ધ્વ અધો જતાં ચંદનસાર કોણથી ગાઢતર વીણાદંડ સાથે તંત્રી વડે સ્પૃષ્ટ.

તથા સ્પંદિત નખના અગ્રભાગથી સ્વર વિશેષ ઉત્પાદનના અર્થના મીષથી ચાલિત, ક્ષોભિત-મૂર્છા પ્રાપિતા જે ઉદાર મનોહર મનોજ્ઞ કર્ણ અને મનને સુખકર, ચોતરફથી નીકળે છે. શું આવા સ્વરૂપનો તે મણી અને તૃણોનો શબ્દ છે ?

ભગવંતે કહ્યું — આ અર્થયુક્ત નથી. ફરી ગૌતમ કહે છે —

જેમ કોઈ કિંનર, કિંપુરુષ, મહોરગ કે ગંધર્વોના ભદ્રશાલવન, નંદનવન, સોમનસવન કે પંડકવનમાં ગચેલ હોય, મહાહિમવંત-મલય મંદર ગિરિની ગુફામાં ગચેલ હોય, એકલો કે સહિત સંમુખ ગયેલ હોય, સાથે બેઠા-ઉભા, પ્રમુદીત-ક્રીડા કરતાં, ગીતરતિ, ગંધર્વ હર્ષિત મનથી ગેય, પદ્મ, કત્થ - x - x - આદિ સાત સ્વરયુક્ત, આઠ રસ સંપ્રયુક્ત, અગિયાર અલંકાર, છ દોષ વિપ્રમુક્ત, આઠ ગુણ વડે ઉપયુક્ત, રત્ત, ત્રણ સ્થાન કરણ શુદ્ધ કુહર સહ ગુંજતા વંસતંતી આદિ યુક્ત મધુર-સમ-સુલલિત ઈત્યાદિ - x - ગેય હોય, એવા સ્વરૂપના તે શબ્દો હોય છે ? ગૌતમ ! એવા રૂપે છે.

ઉક્તસૂત્ર વ્યાખ્યાસાર — તે કોઈ કિંનર આદિ હોય. આ કિંનર આદિ રત્નપ્રભાના ઉપરના હજાર યોજનમાં વ્યંતરનિકાય અષ્ટક મધ્યગત પાંચમા, છઠ્ઠા, સાતમાં, આઠમાં નિકાયરૂપ વ્યંતર વિશેષ, તેમાં કેવા પ્રકારના ? તે કહે છે —

ભદ્રશાલવનમાં ગયેલના ઈત્યાદિ. તેમાં મેરુની ચોતરફ ભૂમિમાં ભદ્રશાલવન, પહેલી મેખલામાં નંદનવન, બીજી મેખલામાં સોમનસ વન, મસ્તકે ચૂલિકા, પડખામાં ફરતું પંડકવન, ત્યાં ગયેલને, હેમવંત ક્ષેત્રની ઉતરે સીમાકારી વર્ષધર પર્વતના, ઉપલક્ષણથી બધાં વર્ષધર પર્વતના, મેરુગિરિની ગુફાને પ્રાપ્ત. આ સ્થાનોમાં કિન્નરાદિ પ્રાયઃ પ્રમુદિત હોય છે. તેથી આ સ્થાનોનું ઉપાદાન કર્યું.

એક સ્થાને, સમુદિત તથા પરસ્પર સંમુખ આવેલ - રહેલને અર્થાત્ કોઈને પણ પીંઠ દઈને રહેલ. કેમકે પીંઠ દેવાથી હર્ષમાં વિઘાતની ઉત્પત્તિ થાય, તથા પરસ્પર

અબાધારહિત સમુપવિષ્ટ - x - પ્રમુદિત-હર્ષ પામેલ, ક્રીડા કરવાને આરંભેલ, તેમના, ગીતમાં રતિ જેમને છે, તે ગીતરતિ, ગંધર્વ વડે કરાયેલ તે ગાંધર્વ-નાટ્યાદિ, તેમાં હર્ષિત મનવાળા. - x - x -

ગદ્ય આદિ ભેદથી આઠ ભેદે ગેય, ત્યાં ગદ્ય-જેમાં સ્વર સંચારથી ગદ્ય ગવાય છે. જે પદ્ય-વૃત્તાદિ જે ગવાય છે, તે પદ્ય, જેમાં કથિકાદિ ગવાય છે, તે કથ્ય, પદબદ્ધ - જે એકાક્ષરાદિ તે પાદબદ્ધ-જે વૃત્તાદિ ચતુર્ભાગ માત્રમાં પાદમાં બદ્ધ, ઉત્ક્ષિપ્તક પ્રથમથી સમારંભ કરાતા, પ્રવૃત્તક-પ્રથમ સમારંભથી ઉર્ધ્વ આક્ષેપપૂર્વક પ્રવર્તમાન. મંદાક-મધ્ય ભાગમાં સર્વ મૂર્છનાદિ ગુણયુક્ત મંદ-મંદ સંચરતા, ધીમે-ધીમે પ્રક્ષેપ કરાતો સ્વર જે ગેયના અવસાને છે તે રોચિતાવસાન.

સપ્તસ્વર-ષડ્જ આદિ — ષડ્જ, ઋષભ, ગંધાર, મધ્યમ, પંચમ, ધૈવત, નેસ એ સાત સ્વરો છે. તે સાતે સ્વરો પુરુષ કે સ્ત્રીની નાભિથી ઉદ્ભવે છે. તથા આઠ રસ - શ્રૃંગારાદિ વડે પ્રકર્ષથી યુક્ત છે, તથા અગિયાર અલંકાર પૂર્વ અંતર્ગત્ સ્વર પ્રાભૃતમાં સારી રીતે અભિહિત છે. તે પૂર્વો હાલ વિચ્છેદ પામેલ છે. - x -

તથા છ દોષ રહિત - તે છ દોષ આ પ્રમાણે છે —

(૧) ભીત-ત્રાસ પામેલ, જો ત્રાસ પામેલ મન વડે ગવાય, ત્યારે ભીતપુરુષના નિબંધનત્વથી, તે ધર્માનુવૃત્તત્વથી ભીત કહેવાય છે. (૨) દ્રુત-જે ત્વરિત ગવાય છે, ત્વરિત ગાવાથી રાગ-તાનાદિ પુષ્ટિ અક્ષર વ્યક્તિ થતી નથી. (૩) ઉપ્પિચ્છ-શ્વાસ સંયુક્ત, (૪) ઉત્તાલ-પ્રાબલ્યથી અતિતાલ કે અસ્થાનતાલ, તાલ તે કંસિકાદિ સ્વર વિશેષ. કાકસ્વર-શ્લક્ષ્ણાશ્રવ્ય સ્વર, અનુનાસ-નાસિકાથી નીકળતા.

આઠ ગુણો વડે યુક્ત - તે આઠ ગુણો આ પ્રમાણે છે —

(૧) પૂર્ણ-જે સ્વરકલા વડે પૂર્ણ ગવાય છે. (૨) રક્ત-ગેય રાગાનુરક્તથી જે ગવાય છે તે. (૩) અલંકૃત્ - અન્યોન્ય સ્ફૂટ શુભ સ્વર વિશેષના કરણથી અલંકૃત્, (૪) વ્યક્ત - અક્ષર સ્વર સ્ફૂટકરણથી, (૫) અવિઘુષ્ટ - વિક્રોશની જેમ જે વિસ્વર ન થાય તે. (૬) મધુર - કોકિલાના શબ્દ સમાન, (૭) સમ-તાલવંશ સ્વરાદિ સમનુગત, (૮) સુલલિત-સ્વર ઘોલના પ્રકારથી અતિશય લલત્ સમાન. - x - x -

આ આઠ ગુણો ગેયના હોય છે. આના રહિત વિડંબના માત્ર છે. આ આઠ ગુણો મધ્યે કંઈક વિશેષ પ્રતિપાદનાર્થે કહે છે — રક્ત-પૂર્વોક્ત સ્વરૂપ, ત્રિસ્થાનકરણશુદ્ધ, ત્રણ સ્થાનો-ઉરસ્ વગેરે, તેમાં ક્રિયા વડે શુદ્ધ, તે — હૃદય શુદ્ધ, કંઠ શુદ્ધ, શિરોવિશુદ્ધ.

તેમાં જે હૃદયમાં સ્વર વિશાલ હોય તો ઉરોવિશુદ્ધ, પણ જો તે કંઠમાં અસ્ફૂટિત વર્તતો હોય તો કંઠ વિશુદ્ધ, જો વળી મસ્તકે પ્રાપ્ત થઈ અનુનાસિક થાય તો શિરોવિશુદ્ધ અથવા ત્રણે સાથે વિશુદ્ધ હોય.

સકુહર - સચ્છિદ્ર, ગુંજન-શબ્દ કરતો જે વંશ તે તંત્રી-તલ-તાલ-લય



ગ્રહીને તેના વડે અતિશય સંપ્રયુક્ત વર્તે અર્થાત્ કુહર સહિત વંશમાં ગુંજે અને તંત્રી વડે વગાડાતા, જે વંશ-તંત્રી સ્વર વડે અવિરુદ્ધ હોય તે સકુહરગુંજવંશતંત્રી સંપ્રયુક્ત છે. પરસ્પર આહત-હસ્તતાલ સ્વરાનુવર્તી જે ગીત, તે તાલમાં સંપ્રયુક્ત. જે મુરજ-કંશિકા આદિ આતોદ્યના આહતનો જે ધ્વનિ અને નર્તકી પાદોત્ક્ષેપથી નર્તન કરે તે તાલસંપ્રયુક્ત. - x - લયને અનુસરીને ગાવું તે લયયુક્ત. વંશ તંત્રી આદિ વડે સ્વર ગ્રહીને સમ સ્વરથી ગવાય તે ગ્રહસંપ્રયુક્ત - x - તેથી જ મનોહર છે.

વળી તે કેવું છે, તે કહે છે — મૃદુ સ્વરથી યુક્ત, નિષ્ઠુર વડે નહીં. જેમાં સ્વર અક્ષર અને ઘોલના સ્વર વિશેષમાં સંચરતો રાગ અતિ ભાસે તે પદસંચારને રિભિત કહે છે. ગેય નિબદ્ધમાં સંચાર જેમાં છે તે મૃદુરિભિત પદ સંચાર, શ્રોતાને જેમાં સારી રતિ થાય તે સુગતિ. જેના અવસાનમાં નમવાપણું છે તે સુનતિ. - x -

કયા સ્થાને ? તે કહે છે — દેવસંબંધી, નૃત્યવિધિમાં સજ્જ તે નાટ્ય સજ્જ ગીતવાદ્યમાં, તેવી નાટ્યવિધિ પણ સુમનોહર થાય. ઉક્ત સ્વરૂપ ગેય, ગાવાને આરંભનારના જે શબ્દો અતિમનોહર હોય છે, શું તે એવા પ્રકારનો તે મણી અને તૃણોના શબ્દ છે ? દૃષ્ટાંત સર્વ સામ્ય અભાવથી હોય, તેથી તે પદનું ઉપાદન છે. આમ પૂછતાં ભગવંતે કહ્યું — ગૌતમ ! કંઈક એવા પ્રકારે શબ્દ હોય.

હવે પુષ્કરિણી સૂત્ર — તે વનખંડના તે-તે દેશમાં ત્યાં-ત્યાં ઘણી નાની-મોટી વાવો, પુષ્કરિણીઓ, દીર્ઘિકાઓ, ગુંજાલિકાઓ ઈત્યાદિ સ્વચ્છ, શ્લક્ષ્ણ, રજતમય કીનારાવાળી, સમતીર, વજ્રમય પાષાણયુક્ત, તપનીયતળવાળી, સુવર્ણ શુભ્રરજત વાલુકાઓ - x - તથા વિવિધ મણિ તીર્થ સુબદ્ધ, ચતુષ્કોણ, અનુપૂર્વ સુજાત વપ્રગંભીર શીતળ જળ, સંછન્નપત્રાદિ, ઘણાં ઉત્પલ, કુમુદ ઈત્યાદિના કેસરાથી ઉપચિત, ષટ્પદ પરિભોગ કરતાં કમળો, વિમલ સલિલપૂર્ણ, ભ્રમણ કરતાં મત્સ્ય, કાચબાદિ - x - પ્રત્યેક પદ્મવરવેદિકા પરિક્ષિપ્ત, પ્રત્યેક વનખંડ પરિક્ષિપ્ત, કેટલુંક આસવ ઉદક, કેટલુંક વારુણુદક, કેટલુંક ક્ષોદોદક આદિ ઉદકરસથી પ્રાસાદીયાદિ કહેલ છે.

ઉક્તસૂત્રની વ્યાખ્યા — ઘણાં ક્ષુદ્ર અને લઘુ-ક્ષુલ્લિકા, વાપી-ચોરસ આકારે, પુષ્કરિણી-વૃત્તઆકારે, દીર્ઘિકા-સારણી, તે જ વક્રાગુંજાલિકા, ઘણાં પુષ્પો અવકીર્ણ હોય તે સરોવર, ઘણી સરની એક પંક્તિથી રહેવું તે સરપંક્તિ, ઘણી સરપંક્તિ તે સરસરપંક્તિ, બિલ-કૂવા, તેની પંક્તિ બિલપંક્તિ, આ બધાં કેવા પ્રકારે છે ? તે કહે છે —

अच्छ - સ્ફટિકવત્ બહારનો નિર્મળપ્રદેશ, શ્લક્ષ્ણ-પુદ્ગલ નિષ્પાદિત બાહ્ય પ્રદેશ, રજતમય કિનારા જેના છે તથા, સમ-ખાડા આદિનો સદ્ભાવ નથી, તીરવર્તી સ્થાનો જળ વડે પૂરિત છે, તે સમતીર, પાષાણ-વજ્રમય છે, હેમ વિશેષમય તળીયું

જેનું છે તે, સુવર્ણ અને રૂપ્ય વિશેષ રજતમય વાલુકાયુક્ત, તથા વૈડૂર્ય-મણિમય, સ્ફટિકરત્ન સંબંધી પટલમય, તટ સમીપવર્તી ઉન્નત્ત પ્રદેશો જેના છે તે. તથા જળમાં સુખેથી અવતાર એટલે કે પ્રવેશન જેમાં છે તે સુ-અવતાર, સુખે જળમાંથી બહાર નિર્ગમન જેમાં છે તે સુખોત્તાર. નાના મણિ વડે સુબદ્ધ તીર્થો જેમાં છે તેવું તથા ચાર ખૂણાઓ જેમાં છે તે ચાતુષ્કોણ. આ વિશેષણ વાવ અને કૂવા પ્રતિ જાણવું, કેમકે તેમને જ ચતુષ્કોણ સંભવે છે, બીજાને નહીં.

ક્રમથી નીચે, વધુ નીચે ભાવ રૂપથી અતિશય વડે જે જાત વપ્ર-કેદાર જળસ્થાન, તેમાં ગંભીર-તળીયું દેખાતું નથી તે, જેમાં શીતળ જળ છે, તેવી. તથા જળ વડે અંતરિત પત્ર-બિશ-મૃણાલ જેમાં છે તે, આ બિશમૃણાલના સાહચર્યથી પત્રો પદ્મિની પત્રો જણાય છે. બિશ-કંદ, મૃણાલ-પદ્મનાલ તથા ઘણાં ઉત્પલ, કુમુદ, નલીન, આદિના વિકસ્વર કિંજલ્ક વડે ભરેલ.

તથા ભ્રમર વડે પરિભોગ કરાતા કમળો અને ઉપલક્ષણ વડે કુમુદ આદિ જેમાં છે, તે તથા, સ્વરૂપથી સ્ફટિકવત્ શુદ્ધ, નિર્મળ અર્થાત્ આવનાર મેલથી રહિત એવા પાણી વડે પૂર્ણ, પડિહત્થા - અતિ પ્રભૂત. - આ દેશી શબ્દ છે. - x - x - ત્યાં ઘણાં મત્સ્ય, કાચબાઓ ભ્રમણ કરે છે. અનેક પક્ષીયુગલના અહીં-તહીં ફરવાથી સર્વથા વ્યાપ્ત છે.

આ વાપીથી સરસરપંક્તિ સુધી પ્રત્યેક - x - પદ્મવરવેદિકા વડે પરિક્ષિપ્ત છે અને પ્રત્યેક વનખંડથી પરિક્ષિપ્ત છે. - x -

કેટલીક વાપી આદિ ચંદ્રહાસાદિ પરમ આસવ માફક ઉદકવાળી છે. કોઈક વારણ સમુદ્રવત્ ઉદકવાળી છે. કોઈક ક્ષીર સમાન ઉદકવાળી છે, કોઈ ઘી જેવા ઉદકવાળી છે. કોઈ ઈક્ષુરસ જેવા ઉદકવાળી છે. કોઈ અમૃતરસ જેવા ઉદકવાળી છે. કેટલીક સ્વાભાવિક જળયુક્ત છે. પ્રાસાદીય આદિ પૂર્વવત્.

તે ક્ષુદ્રા-ક્ષુદ્રિકા વાપી યાવત્ બિલપંક્તિ પ્રત્યેકની ચારે દિશામાં ચાર ત્રિસોપાનક પ્રતિરૂપકા કહેલા છે. તે ત્રિસોપાન પ્રતિરૂપકનું વર્ણન આ પ્રકારે છે –

વજ્રમય નેમા, રિષ્ઠમય પ્રતિષ્ઠાન, વૈડૂર્યમય સ્તંભ, સોના-રૂપના ફલકો, વજ્રમય સંધી, લોહિતાક્ષમય શૂચિ, વિવિધ મણિમય અવલંબન બાહાઓ પ્રાસાદીયાદિ છે.

સૂત્રવ્યાખ્યા – તે ક્ષુદ્ર-ક્ષુદ્રિકા યાવત્ બિલપંક્તિ પ્રત્યેક ચારે દિશામાં, ચારે-એકૈક દિશામાં એક-એક એ રીતે ત્રિસોપાન પ્રતિરૂપક છે. તથા પ્રતિવિશિષ્ટ રૂપ જેનું છે, તે પ્રતિરૂપક, ત્રણ સોપાનોનો સમૂહ તે ત્રિસોપાન. - x - તે કહેલાં છે. તે ત્રિસોપાન પ્રતિરૂપકોનો આ કહેવાનાર વર્ણકનિવેશ છે –

તે આ રીતે – વજ્રરત્નમય ભૂમિથી ઉર્ધ્વ નીકળતા પ્રદેશો, રિષ્ટરત્નમય ત્રિસોપાનના મૂળ પાદ, વૈડૂર્યમય સ્તંભો, સોના-રૂપામય ફલકો, ત્રિસોપાનના અંગભૂત વજ્રરત્ન વડે પૂરેલી સંધિ-બે ફલકનો અપાંતરાલ પ્રદેશ, લોહિતાક્ષમયી સૂચિઓ -



બે ફલક સંબંધી વિઘટન ન થાય તે માટે પાદુકાના સ્થાને છે વિવિધ મણિમય અવલંબન-ચડતા ઉતરતા અવલંબન હેતુભૂત, અવલંબન બાહા પણ વિવિધ મણિમય છે. અવલંબનબાહા એટલે બંને પડખે અવલંબન આશ્રયભૂત ભીંતો. પ્રાસાદીયાદિ ચાર પદો પૂર્વવત્ છે.

તે ત્રિસોપાન પ્રતિરૂપકોની આગળ પ્રત્યેકમાં તોરણો કહેલાં છે. તે તોરણોનું વર્ણન આ પ્રમાણે કહેલ છે –

તે તોરણો વિવિધ મણિમય સ્તંભો ઉપર ઉપનિવિષ્ટ-સંનિવિષ્ટ છે, વિવિધ ઉત્તંતરોપિત, વિવિધ તારારૂપોપિત, ઈહામૃગ-ઋષભ-અશ્વ-નગરાદિ ચિત્રોથી ચિત્રિત, સ્તંભોદ્ગત વજ્ર વેદિકા પરિગત-અભિરામ, વિદ્યાધર યમલ યુગલયંત્ર યુક્તવત્, અર્ચી સહસ્રમાલનીય, હજારો રૂપયુક્ત યાવત્ પ્રાસાદીય છે.

તેની વ્યાખ્યા – તે ત્રિસોપાન પ્રતિરૂપકોની આગળ પ્રત્યેકે પ્રત્યેક તોરણો કહેલાં છે, તે તોરણોનું વર્ણન વિશેષ આ છે – તે તોરણો વિવિધ મણિમય, મણિ - ચંદ્રકાન્તાદિ, સ્તંભોમાં સામીપ્યથી રહેલ છે. તે કદાચ ચલિત કે અપદપતિત હોવાની શંકા થાય, તેથી કહે છે – નિશ્ચલતાથી અને અપદપરિહારથી નિવિષ્ટ છે. વિવિધ વિચ્છિત્તિયુક્ત મુક્તાફળ - x - અંતરા અંતરા આરોપિત જેમાં છે તે. વિવિધ તારારૂપે ઉપચિત, તોરણોમાં જ શોભાર્થે તારકો બંધાય છે, તે લોકમાં પ્રસિદ્ધ છે.

ઈહામૃગ-વૃક, ઋષભ-બળદ, વ્યાલ-સર્પ, રુરુ, મૃગ વિશેષ, શરભ-અષ્ટાપદ, ચમર-અટવીની ગાય, વનલતા-અશોકલતા આદિ. પદ્મલતા-પદ્મિની આ બધાંના ચિતરેલાં ચિત્રો જેમાં છે તે. સ્તંભની ઉપરવર્તી વજ્રરત્નમય વેદિકા વડે પરિકરિત છે, તે અતિરમણીય છે. વિદ્યાધર - વિશિષ્ટ શક્તિવાળા પુરુષ વિશેષનું સમશ્રેણિક યુગલ, તેના વડે યંત્રથી સંચરતી બે પુરુષ પ્રતિમારૂપથી યુક્ત છે. અર્ચિ-મણિરત્નોની પ્રભાના હજારો પરિવારણીય હજારોરૂપ યુક્તથી સ્પષ્ટ દીપતી, અતિ દીપતી તથા ચક્ષુથી અવલોકતા, દર્શનીયતા અતિશયથી શ્લેષ પામે છે, તથા શુભ સ્પર્શ, શોભા સહિત રૂપક જેમાં છે તે. 'પ્રાસાદીય' આદિ ચાર વિશેષણ પૂર્વવત્.

તે તોરણોની ઉપર આઠ-આઠ મંગલો કહેલાં છે – સ્વસ્તિક, શ્રીવત્સ, નંદાવર્ત, વર્ધમાનક, ભદ્રાસન, કળશ, મત્સ્ય અને દર્પણ, આ બધાં રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.

સૂત્ર વ્યાખ્યા – સુગમ છે. વિશેષ આ - યાવત્ શબ્દથી ઘૃષ્ટ, મૃષ્ટ, નીરજા ઈત્યાદિ ગ્રહણ કરવા.

તે તોરણોની ઉપર કૃષ્ણ ચામર ધ્વજ, નીલ ચામરધ્વજ, રક્ત ચામર ધ્વજ, પીળો ચામર ધ્વજ, સફેદ ચામર ધ્વજ, સ્વચ્છ-શ્લક્ષ્ણ-રૂપ્ય પટ્ટ - વજ્રદંડ, જલચામલ ગંધિકા, પ્રાસાદીયાદિ છે.

વ્યાખ્યા – તે તોરણોની ઉપર ઘણાં કૃષ્ણ ચામરયુક્ત ધ્વજો, એ પ્રમાણે

નીલાદિ પણ જાણવા. આ બધાં કેવા પ્રકારે છે, તે કહે છે – સ્વચ્છાદિ સ્પષ્ટ છે. રૂપાનો વજ્રમયના દંડની ઉપરનો પટ્ટ જેમાં છે તે, વજ્રમય દંડ રૂપ્યપટ્ટ મધ્યવર્તી જેમાં છે તે, જલજાનની માફક-પદ્મ માફક અમલ, કુદ્રવ્ય ગંધ સંમિશ્ર જે ગંધ, જેમાં વિદ્યમાન છે તે જલ જામલ ગંધિકા. તેથી જ સુરમ્ય છે. પ્રાસાદીય આદિ પૂર્વવત્.

તે તોરણોની ઉપર ઘણાં છત્રાતિ છત્રો, પતાકાતિ-પતાકા, ઘંટા યુગલ, ચામર યુગલ, ઉત્પલ હસ્તકાદિ યાવત્ સહસ્રપત્ર હસ્તક, બધાં સર્વરત્નમય યાવત્ પ્રતિરૂપ છે.

સૂત્ર વ્યાખ્યા – તે તોરણોની ઉપર ઘણાં - છત્રથી લોકપ્રસિદ્ધ એક સંખ્યાકથી અતિશાયીની બે સંખ્યા કે ત્રણ સંખ્યા રૂપ છત્રો, તે છત્રાતિચ્છત્ર, ઘણી પતાકાથી અતિશાયી દીર્ઘત્વથી વિસ્તાર વડે પતાકા તે પતાકાતિપતાકા. ઉત્પલહસ્તકા-ઉત્પલ નામક જલજ કુસુમ સમૂહ વિશેષ, એ પ્રમાણે પદ્મહસ્તકાદિ કહેવા. આ છત્રાતિછત્ર આદિ બધાં પણ સર્વરત્નમય યાવત્ પ્રતિરૂપ છે. યાવત્ શબ્દ સ્વચ્છ, શ્લક્ષ્ણ, લષ્ટાદિ વિશેષણ લેવા.

હવે પર્વતક સૂત્ર આ રીતે – તે ક્ષુદ્રિકા, વાપી યાવત્ બિલપંક્તિઓ તે-તે દેશમાં ત્યાં-ત્યાં ઘણાં ઉત્પાત પર્વતો, નિયતિ પર્વતો, જગતી પર્વતો, દારુપર્વત, દકમંડપ, દગમંચક, દકમાલક, દકપ્રાસાદ, ક્ષુદ્રા, આંદોલક, પક્ષમમાંદોલક સર્વે રત્નમય યાવત્ પ્રતિરૂપ છે.

સૂત્રની વ્યાખ્યા – તે ક્ષુલ્લિકા, વાપી યાવત્ બિલપંક્તિ આદિ કહ્યા. તે-તે દેશમાં, તે દેશના ત્યાં-ત્યાં એકદેશમાં ઘણાં ઉત્પાત પર્વતો છે, જ્યાં આવીને ઘણાં વ્યંતર દેવો-દેવીઓ વિચિત્રક્રીડા નિમિત્તે વૈક્રિય શરીર રચે છે. નિયતિ - નૈયત્યથી પર્વતો અથવા નિયત-સદા ભોગ્યત્વથી અવસ્થિત પર્વતો. જ્યાં વ્યંતર દેવ-દેવીઓ ભવધારણીય વૈક્રિય શરીરથી પ્રાયઃ સદા રમણ કરે છે. જગતી પર્વત, દારુ નિર્માપિતા સમાન પર્વતો, સ્ફટિક મંડપ ઈત્યાદિ છે. આ સ્ફટિક મંડપાદિમાં કોઈક ઉંચા, કોઈક લઘુ, કોઈક અતિલઘુ અને લાંબા તથા આંદોલક અને પક્ષ્યાંદોલક, ત્યાં આવી-આવીને મનુષ્યો પોતાને આંદોલિત કરે છે. જ્યાં પક્ષી આવી-આવીને પોતાને આંદોલિત કરે છે, તે પક્ષ્યંદોલક છે.

તે વનખંડમાં તે-તે પ્રદેશમાં વ્યંતર દેવ-દેવી ક્રીડાયોગ્ય ઘણાં હોય છે. તે ઉત્પાતપર્વતાદિ કેવા સ્વરૂપના છે ? તે કહે છે – સર્વરત્નમય, સ્વચ્છ ઈત્યાદિ વિશેષણ પૂર્વવત્.

તે ઉત્પાતપર્વત યાવત્ પક્ષ્યંદોલકમાં ઘણાં હંસાસન, ક્રૌંચાસન, ગરુડાસન, ઉન્નતાસન, પ્રણતાસન, દીર્ઘાસન, ભદ્રાસન, પક્ષાસન, મકરાસન, પદ્માસન, સીંહાસન, દિશા સૌવસ્તિકાસન સર્વ રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.

સૂત્રવ્યાખ્યા – તે ઉત્પાત્ પર્વતમાં યાવત્ પક્ષ્યંદોલકમાં યાવત્ કરણથી નિયત પર્વતાદિ પરિગ્રહ. ઘણાં હંસાસન, તેમાં જે આસનોના અધોભાગે હંસો



રહેલા છે. જેમ સિંહાસનમાં સિંહો હોય તેમ હંસાસન. એ રીતે ક્રૌંચ-ગરુડાસન કહેવા. ઉન્નતાસન-ઉંચા આસન, પ્રણતાસન-નીંચા આસન, દીર્ઘાસન-શય્યારૂપ, ભદ્રાસન-જેના અધોભાગમાં પીઠિકાબંધ હોય પક્ષ્યાસન-જેના અધોભાગમાં વિવિધ પક્ષીઓ હોય. - x - પદ્માસન-પદ્માકાર આસનો. દિક્સૌવસ્તિકાસન એટલે જેના અધોભાગમાં દિશાપ્રધાન સ્વસ્તિક આલેખેલા હોય. - x - x - આ બધાં આસનો રત્નમયાદિ છે.

હવે ગૃહક સૂત્ર – તે વનખંડના તે-તે દેશમાં ત્યાં-ત્યાં ઘણાં આલિગૃહ, માલિગૃહ, કદલીગૃહ, અક્ષણગૃહ, પ્રેક્ષણગૃહ, મજ્જન ગૃહ, પ્રસાધનગૃહ, ગર્ભગૃહ, મોહનગૃહ, માલગૃહ, જાલગૃહ, કુસુમગૃહ, ચિત્રગૃહ, ગંધર્વગૃહ, આદર્શગૃહ છે. તે સર્વે રત્નમયાદિ છે.

સૂત્ર વ્યાખ્યા – તે વનખંડની મધ્યમાં ત્યાં-ત્યાં પ્રદેશમાં પ્રદેશના તે-તે એકદેશમાં ઘણાં આલિગૃહો, आलि - વનસ્પતિ વિશેષ, તેનાથી યુક્ત ગૃહો. માલિ- પણ વનસ્પતિ વિશેષ છે. - x - અક્ષણ ગૃહ-અવસ્થાનગૃહ, જેમાં ગમે ત્યારે આવીને સુખાસિકથી રહે છે. પ્રેક્ષણકગૃહ-પ્રેક્ષણક નિરખે છે. મજ્જનગૃહ - જ્યાં આવીને સ્વેચ્છાથી સ્નાન કરે છે. પ્રસાધનગૃહક-જ્યાં આવીને પોતે અને બીજા મંડન કરે છે. ગર્ભગૃહ-ગર્ભગૃહાકાર, મોહનગૃહ-મૈથુન સેવા પ્રધાન ગૃહો, શાલાગૃહ-પટ્ટશાલા પ્રધાનગૃહ, જાલગૃહ-જાલયુક્ત ગૃહ, કુસુમગૃહ-પુષ્પના ઢગલાંથી યુક્ત ગૃહ, ચિત્રગૃહ-ચિત્રપ્રધાનગૃહ, ગંધર્વગૃહ-ગીત નૃત્યાભ્યાસ યોગ્ય ગૃહો - x - x - એ કેવા છે ? રત્નમયાદિ.

તે આલિગૃહ યાવત્ આદર્શગૃહોમાં ઘણાં હંસાસન યાવત્ દિશા સૌવસ્તિકાસન, સર્વે રત્નમય યાવત્ પ્રતિરૂપ છે.

હવે મંડપસૂત્ર - તે વનખંડના તે-તે દેશમાં, ત્યાં-ત્યાં ઘણાં જાઈ મંડપ, જૂહીમંડપ, મલ્લિકામંડપ, નોમાલિકા મંડપ, વાસંતી મંડપ, દધિવાસુકા મંડપ, સૂરિલ્લિમંડપ, તંબોલીમંડપ, નાગલતા મંડપ, અતિમુક્ત મંડપ, આસ્ફોટામંડપ, માલુકામંડપ, સર્વે રત્નમય યાવત્ નિત્ય કુસુમીત યાવત્ પ્રતિરૂપ છે.

સૂત્ર વ્યાખ્યા – जाइ - માલતી, તેનાથી યુક્ત મંડપ. એ રીતે આગળ પણ પદયોજના કરવી. - x - x - યૂથિકાદિ પુષ્પપ્રધાન વનસ્પતિ છે. દધિવાસુકા - વનસ્પતિ વિશેષ છે. તાંબૂલી-નાગવલ્લી, નાગ-વૃક્ષ વિશેષ. તે જ લતા-નાગલતા. જેની તીર્છી તથાવિધ શાખા કે પ્રશાખા પ્રસરેલ હોય, તે લતા કહેવાય છે. અતિમુક્તક - પુષ્પ પ્રધાન વનસ્પતિ, માલુકા - એકાસ્થિક ફળ, વૃક્ષ વિશેષથી યુક્ત મંડપ, તે માલુકામંડપ. આ બધાં રત્નમય ઈત્યાદિ છે.

તે જાઈ મડંપ યાવત્ માલુકામંડપમાં ઘણાં પૃથ્વીશિલા પટ્ટકો કહેલાં છે. કેટલાંક હંસાસન સંસ્થિત, કેટલાંક ક્રૌંચાસન સંસ્થિત યાવત્ કેટલાંક દિશા સૌવસ્તિકાસન સંસ્થિત, કેટલાંક બહુ શ્રેષ્ઠશયન આસન વિશિષ્ટ સંસ્થાન

સંસ્થિત કહેલા છે. તે આજિનક, રૂ, બૂર, નવનીત, તૂલ સ્પર્શવત્ મૃદુ અને સર્વરત્નમયાદિ છે.

સૂત્રવ્યાખ્યા — તે જાતિમંડપ યાવત્ માલુકામંડપે - x - ઘણાં શિલાપટ્ટકો કહેલા છે. એકૈક શિલાપટ્ટકે હંસાસનવત્ સંસ્થિત છે. - x - બીજા પણ ઘણાં શિલાપટ્ટક, જે વિશિષ્ટ ચિહ્ન અને વિશિષ્ટ નામો, પ્રધાન શયન-આસન છે, તેની માફક સંસ્થિત છે. ઘણાં શિલાપટ્ટકો માંસલ-અકઠિન, સુઘૃષ્ટ-અતિશય મસૃણ, વિશિષ્ટ સંસ્થાન સંસ્થિત છે. આજિનક ઈત્યાદિ સુગમ છે.

સૂત્ર વ્યાખ્યા — તે આ ઉત્પાત્ પર્વતાદિગત હંસાસન આદિમાં યાવત્ વિવિધરૂપ સંસ્થાન સંસ્થિત પૃથ્વીશાલિપટ્ટકમાં, ઘણાં વનોના અંતરોમાં થાય તે વાણમંતર દેવો-દેવીઓ સુખ પડે તેમ બેસે છે, આશ્રયણીય સ્તંભાદિ, સુએ છે - દીર્ઘકાય પ્રસારણથી વર્તે છે. પણ નિદ્રા કરતાં નથી. તેમને દેવયોનિકતાથી નિદ્રાનો અભાવ હોય. અહીં ઉપલક્ષણ થકી "રહે છે" ઈત્યાદિ પાઠ જીવાભિગમમાં કહેલ લખેલ છે —

તિષ્ઠન્તિ - ઉર્ધ્વસ્થાનથી વર્તે છે. નિષીદંતિ-બેસે છે, ત્વગ્વર્તન કરે છે - ડાબુ પડખું બદલીને જમણાં પડખાં રહે છે કે જમણું પડખું બદલીને ડાબે પડખે રહે છે. લલંતિ-મનને ઈષ્ટ જેમ થાય તેમ વર્તે છે. ક્રીડન્તિ-સુખ ઉપજે તેમ અહીં-તહીં ગમન વિનોદથી, ગીત-નૃત્યાદિ વિનોદથી રહે છે. મોહન્તિ-મૈથુન સેવા કરે છે. એ પ્રમાણે - પૂર્વે - પૂર્વભવમાં, કરેલાં કર્મોનો, તેથી જ પૂર્વેના સુચરિતજનિત કર્મ. - x - તેનો આ ભાવાર્થ છે - વિશિષ્ટ તથાવિધ ધર્માનુષ્ઠાન વિષયમાં અપ્રમાદ કરણ, ક્ષાંત્યાદિ સુચરિત, સુપરાક્રાંત જનિત કર્મો. - x - સર્વે સત્ત્વ મૈત્રી સત્ય ભાષણ પરદ્રવ્ય અપહાર ન કરવો, સુશીલ આદિ રૂપ સુપરાક્રમ જનિત.

તેથી જ શુભફળોમાં અહીં કિંચિત્ અશુભફળ પણ ઈન્દ્રિય મતિ વિપર્યાસથી શુભફળ માને છે. તેથી તાત્ત્વિક શુભ ફળ પ્રતિપત્તિ અર્થે આના જ પર્યાયને કહે છે - કલ્યાણ અર્થાત્ તત્ત્વવૃત્તિથી તથાવિધ વિશિષ્ટ ફળદાયી અથવા અનર્થોપશમકારી કે કલ્યાણરૂપ ફળ વિપાકને અનુભવતા વિચરે છે.

એ પ્રમાણે પદ્મવરવેદિકાના બહાર સ્થિત વનખંડ વક્તવ્યતા કહી, હવે તેની પૂર્વે રહેલ વનખંડ વક્તવ્યતાને કહે છે —

તે જગતી ઉપર પદ્મવર વેદિકાની અંતર્મધ્યે જે પ્રદેશ છે, તેમાં એક મોટું વનખંડ કહેલ છે, દેશોન બે યોજન વિષ્કંભથી પદ્મવરવેદિકાના સમાન તુલ્ય પરિધિથી છે. - x - પદ્મવર વેદિકાના બાહ્ય પ્રદેશથી અંદર ૫૦૦ ધનુષ્ જતાં જે પરિક્ષેપ ન્યૂનત્વ છે તેની વિવક્ષા અલ્પત્વને કારણે કરી નથી. - x - બહિર્વનખંડવત્ વિશેષણ રહિત વનખંડ વર્ણક લેવું. વિશેષ એ કે તૃણ વિહીન જાણવું. - x - ઉપલક્ષણત્વથી મણિલક્ષણ વિહીન પણ જાણવું. પદ્મવર વેદિકાના અંતરિતપણાથી તથાવિધ વાયુના અભાવથી મણી અને તૃણના અચલનથી પરસ્પર સંઘર્ષના અભાવથી શબ્દનો અભાવ છે. - x -



હવે જંબૂદ્વીપની દ્વાર સંખ્યા પ્રરૂપણાર્થે કહે છે —

● **સૂત્ર-૭,૮ :-**

***[૭] ભગવન્ ! જંબૂદ્વીપના કેટલાં દ્વારો કહેલા છે ? ગૌતમ ! ચાર દ્વારો કહેલ છે, તે આ પ્રમાણે — વિજય, વૈજયંત, જયંત, અપરાજિત. એ પ્રમાણે ચારે પણ દ્વારો સરાહનીય કહેવા.***

***[૮] ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપનું વિજય નામે દ્વાર ક્યાં કહેલ છે ? ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપમાં મેરુ પર્વતની પૂર્વે ૪૫,૦૦૦ યોજન જઈને જંબૂદ્વીપ દ્વીપના પૂર્વી છેડાથી લવણસમુદ્રના પૂર્વાર્દ્ધથી પશ્ચિમમાં સીતા મહાનદીની ઉપર અહીં જંબૂદ્વીપનું વિજય નામે દ્વાર કહેલ છે. તે આઠ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી, ચાર યોજન વિષ્કંભથી, તેટલું જ પ્રવેશથી છે. તે શ્વેત શ્રેષ્ઠ સુવર્ણ સ્તુપિકાથી યાવત્ દ્વારનું વર્ણન યાવત્ રાજધાની [કહેવું.]***

● **વિવેચન-૭,૮ :-**

સૂત્રનો પ્રશ્ન અને ઉત્તર બંને પણ સુગમ છે. વિશેષ એ કે — પૂર્વથી પ્રાદક્ષિણા વડે વિજયાદિ દ્વારો જાણવા. દ્વારોના જ સ્થાન વિશેષ નિયમનને માટે કહે છે —

ભદંત ! જંબૂદ્વીપ દ્વીપનું વિજય નામે પ્રસિદ્ધ દ્વાર ક્યાં કહેલ છે ? ભગવંતે કહ્યું — ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપમાં જે મેરુગિરિ છે, તેની પૂર્વ દિશામાં ૪૫,૦૦૦ યોજન અતિક્રમીને જંબૂદ્વીપ દ્વીપમાં પૂર્વના અંતે અને લવણસમુદ્રના પૂર્વાર્ધના પાશ્ચાત્ય ભાગમાં શીતા મહાનદી ઉપર જે પ્રદેશ છે તે, આમાં જંબૂદ્વીપ દ્વીપના વિજય નામે દ્વાર કહેલ છે, તે આઠ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી, ચાર યોજન વિસ્તારથી છે. આ દ્વાર વિષ્કંભનું પ્રમાણ સ્થૂળ ન્યૂન કહ્યું છે. સૂક્ષ્મતાથી વિભાવના કરતાં દ્વાર શાખાના બે વિષ્કંભથી બે કોશ ઉમેરતા સાર્ધયોજન થાય છે. તેની વિવક્ષા કરી નથી, ચાર યોજન ભીંતનું બાહલ્ય છે.

તે કેવા છે, તે કહે છે ? શ્વેત વર્ણયુક્ત, કેમકે બાહુલ્યથી અંકરત્નમયપણે છે. વર કનકમયી સ્તૂપિકા જેની છે તે.

હવે શેષ દ્વાર વર્ણન રાજધાનીવર્ણનના અતિદેશથી કહે છે — દ્વારનું વર્ણન યાવત્ રાજધાની વર્ણન, જે જીવાભિગમ ઉપાંગમાં કહેલ છે, તે સંપૂર્ણ કહેવું. તેમાં પહેલા દ્વારવર્ણક આ રીતે — ઈહામૃગ, ઋષભ, તુરગ, નગર, મગર ઈત્યાદિના ચિત્રો આલેખેલ છે. સ્તંભ ઉપરની વેદિકામાં અભિરામ વિદ્યાધર યમલયુગલ યંત્રયુક્ત, અર્ચીસહસ્ર માલનીય, હજારો રૂપયુક્ત દીપતા, વિશેષ દીપતા ચક્ષુલોચનલેશ, સુખસ્પર્શ, સશ્રીકરૂપ યુક્ત છે. દ્વારવર્ણનમાં — વજ્રમય નેમા, રિષ્ટમય પ્રતિષ્ઠાન, વૈડૂર્યના સ્તંભ, જાત્ય રૂપોપચિત, પંચવર્ણ મણિ-રત્ન કુટ્ટિમતલ, હંસગર્ભમય લુક, ગોમેજ્જમય ઈન્દ્રકીલ, લોહિતાક્ષમય દ્વારચેટી, જ્યોતિસ્મય ઉતરંગ, વૈડૂર્યમય કપાટ, વજ્રમય સંધી, લોહિતાક્ષમય સૂચિ, વિવિધ મણિમય

સમુદ્ગક, વજ્રમય અર્ગલા-અર્ગલ પ્રાસાદ, રજતમય આવર્ત્તન પીઠિકા, અંકોત્તરપાશક નિરંતરિત ઘનકપાટ, ૫૬ ત્રિકભિત્તિગુલિકા, ત્રણ ગોમાનસી, વિવિધ મણિ-રત્નવાલ રૂપક લીલાસ્થિત શાલભંજિકા વજ્રમય કૂટ, રજતમય ઉત્સેધ, સર્વ તપ્નીયમય ઉલ્લોક, વિવિધ મણિરત્ન જાલપંજર મણિવંશક લોહિતાક્ષ પ્રતિવંશક રજત ભૌમ, અંકમય પક્ષ, પક્ષબાહા, જ્યોતિષ્મય વંશા, વંશ કવેલ્લુક, રજતમયી પટ્ટિકા, જાત્યરૂપમયી અવઘાટની, વજ્રમય ઉપરની પુંછણી, બધું શ્વેત, રજતમય આચ્છાદન, અંકમય-કનક-કૂડ તપનીય સ્તુપિકા, શ્વેત શંખતલ ઈત્યાદિ - x - પ્રાસાદીયાદિ છે.

સૂત્ર વ્યાખ્યા — ઈહામૃગાદિ આદિ દશ વિશેષણ, પદ્મવર-વેદિકાગત વાપી-તોરણ અધિકારમાં વ્યાખ્યાત કરી છે. વિજય નામના દ્વારનું વર્ણન કહેવાયેલ છે, તે કહે છે — તે આ પ્રમાણે - વજ્રમયનેમા આદિ, દ્વારવર્ણન અધિકારમાં જ્યાં કેવળ વિશેષણ છે, સાક્ષાત્ દ્વારની વિશેષણતા, વિશેષ્ય સહિત તેના જાણવા.

તે વિજયદ્વારના વજ્રમય નેમા - ભૂમિભાગથી ઉર્ધ્વ નીકળતાં પ્રદેશો, રિષ્ઠરત્નમય મૂળપાદો, વૈડૂર્યરત્નમય રુચિર સ્તંભ, સુવર્ણ વડે યુક્ત પ્રવર પંચ વર્ણમણિ રત્ન વડે બદ્ધ ભૂમિતલ જેનું છે, તે તથા, આ વિજયદ્વારની હંસગર્ભરત્નમય દેહલી, ગોમેદ રત્નમય ઈન્દ્રકીલ - ગોપુર કપાટયુગ સંધિ નિવેશ સ્થાન, પદ્મરાગ નામે રત્ન, તેનાથી યુક્ત દ્વારશાખા, જ્યોતીરસમય દ્વારની ઉપર તીર્છું રહેલ કાષ્ઠ, વૈડૂર્યમય કપાટ, લોહિતાક્ષરત્નાત્મિક સૂચિઓ, વજ્રમય સંધિ-ફલકોની સંધિમેલા. અહીં શું કહે છે ?

વજરત્ન વડે આપૂરિત ફલકોની સંધિઓ, વિવિધ મણિમય સમુદ્ગક-ચૂલિકાગૃહ, જેમાં રાખેલ કપાટ-બારણા નિશ્ચલપણે રહે છે, વજ્રમય અર્ગલાપ્રાસાદ, અર્ગલા-આગળીયો, આગળીયાના ખૂંટા, જેમાં આગળીયાને અંકુશીત કરાય - ભરાવાય છે. રજતમયી આવર્તનપીઠિકા, આવર્તનપીઠિકા જેમાં ઈન્દ્રકીલ હોય છે. અંકરત્નમય ઉત્તર પાર્શ્વ જેના છે. નિરંતરિત ઘન કપાટ - લઘુ અંતરરૂપ જે છે, તેવા ઘનકપાટ જેના છે. - x - તે દ્વારના બંને પડખે ભીંતમાં જઈને ભિત્તિગુલિકા પીઠકસંસ્થાનીય-૧૬૮ [૫૬x૩] ભિત્તિગુલિકા હોય છે. તથા ગોમાનસી-શચ્યા, છપ્પનત્રિક પ્રમિત છે. વિવિધ મણિરત્નમય ફણિરૂપક, લીલા કરતી રહેલી પુતળીઓ, તથા તે દ્વારનો વજ્રમય કૂટ-માઢ ભાગ, રજતમય ઉત્સેધ, શિખર - અહીં શિખર માત્ર માઢ ભાગનો કહેવો, દ્વારનો નહીં. કેમકે તે પૂર્વે કહેલ છે.

સર્વથા તપનીયમય ઉપરનો ભાગ, મણિમય વંશા જેના છે, તે મણિવંશક, લોહિતાક્ષમય પ્રતિવંશ જેમાં છે તે. રજતમયી ભૂમિ જેની છે તે. વિવિધ મણિરત્નમય જાલપંજર-ગવાક્ષ જે દ્વારમાં છે, તે. તથા અંકમય પક્ષ આદિ પદ્મવરવેદિકાવત્ કહેવા.



કનકમય મોટું શિખર, તપનીયમય લઘુશિકર જેનું છે તે. આના વડે જે પૂર્વે સામાન્યથી કહ્યું — શ્વેત વરકનક સ્તુપિકા, તે જ પ્રપંચથી કહેવું. હવે તે જ શ્વેતત્વ ફરી દર્શાવે છે —

શ્વેતત્વ જ ઉપમા વડે ફરી દૃઢ કરે છે — વિમળ જે શંખનો ઉપરનો ભાગ, જે નિર્મળ ઘનીભૂત દહીં, ગાયના દૂધના ફીણ, રજતના ઢગલા જેવો પ્રકાશ જેનો છે તે. તિલકરત્ન-પુંડ્ર વિશેષ, તે અર્ધચંદ્રાકાર વડે સોપાન વિશેષથી ચિત્રકારી તિલકરત્નાર્દ્ધ ચંદ્ર ચિત્ર, તથા વિવિધ મણિમય માળા વડે અલંકૃત્, અંદર અને બહાર શ્લક્ષ્ણ પુદ્ગલ સ્કંધ નિર્માપિત, તપનીયમયી વાલુકા-રેતી, તેનો પ્રસ્તાર જેમાં છે તે. - x -

વિજયદ્વારના બંને પડખે બે નિષીધિકામાં બબ્બે ચંદન કળશો કહેલાં છે, તે ચંદન કળશો શ્રેષ્ઠ કમલ ઉપર રહેલા છે. સુગંધી શ્રેષ્ઠ જળથી પ્રતિપૂર્ણ છે. ચંદનથી ચર્ચીત, પદ્મકમળથી ઢાંકેલ, સર્વ રત્નમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ, યાવત્ પ્રતિરૂપ છે. મોટા-મોટા મહેન્દ્ર કુંભ સમાન કહેલ છે.

સૂત્ર વ્યાખ્યા — વિજય દ્વારના બંને પડખે એક-એક નૈષેધિકીથી બે પ્રકારની નૈષેધિકા છે. નૈષેધિકી એટલે નિસરણી. તેમાં પ્રત્યેકમાં બબ્બે વંદન કળશો-મંગલ ઘટ કહેલાં છે. તે વંદન-કળશો શ્રેષ્ઠ કમળના આધારે રહેલાં છે. ચંદનકૃત્ ઉપરાગવાળા, તેના કંઠમાં લાલ સુતરરૂપ પરોવેલ છે. ઈત્યાદિ - x - કુંભમાં ઈન્દ્ર એવો ઈન્દ્રકુંભ, જે અતિશય મહાન્ છે તેવો મહાકળશ પ્રમાણ, અથવા મહેન્દ્ર-રાજા, તેના માટે કે તેના સંબંધી કુંભ-અભિષેક કળશ, તેની સમાન કહેલો છે.

વિજયદ્વારના બંને પડખે બે નિષીધિકામાં બબ્બે ચંદન કળશો કહેલાં છે, તે ચંદન કળશો શ્રેષ્ઠ કમલ ઉપર રહેલા છે. સુગંધી શ્રેષ્ઠ જળથી પ્રતિપૂર્ણ છે. ચંદનથી ચર્ચીત, પદ્મકમળથી ઢાંકેલ, સર્વ રત્નમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ, યાવત્ પ્રતિરૂપ છે. મોટા મોટા મહેન્દ્ર કુંભ સમાન કહેલ છે.

સૂત્ર વ્યાખ્યા — વિજય દ્વારના બંને પડખે એક-એક નૈષેધિકીથી બે પ્રકારની નૈષેધિકા છે. નૈષેધિકી એટલે નિસરણી તેમાં પ્રત્યેકમાં બબ્બે વંદનકળશો - મંગલઘટ કહેલાં ચે. તે વંદન-કળશો શ્રેષ્ઠ કમળના આધારે રહેલાં છે. ચંદનકૃત્ ઉપરાગવાળા, તેના કંઠમાં લાલ સુતરરૂપ પરોવેલ છે. ઈત્યાદિ - x - કુંભમાં ઈન્દ્ર એવો ઈન્દ્રકુંભ, જે અતિશય મહાન્ છે તેવો મહાકળશ પ્રમાણ, અથવા મહેન્દ્ર-રાજા, તેના માટે કે તેના સંબંધી કુંભ-અભિષેક કળશ, તેની સમાન કહેલો છે.

વિજયદ્વારના બંને પડખે બે નિષીધિકામાં બબ્બે નાગદંતકો કહેલ છે. તે નાગદંતકો મુક્તાજાલાંતર ઉશ્રિત હેમ જાલકૃવક્ષજાલ, લઘુ ઘંટિકા, છંટાજાલથી પરિક્ષિપ્ત છે, તે અભ્યુદ્ગત, અભિનિવિષ્ટ, તીર્છું સુસંપગ્રહિત, અધો પન્નગાર્દ્ધરૂપ, પન્નગાર્દ્ધ સંસ્થાન સંસ્થિત, સર્વ વજ્રમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. તે મોટા-મોટા ગજદંત સમાન કહેલ છે. - x -

બબ્બે નાગદંતક - નર્કુટિક અંકુટિકા કહેલ છે. તે નાગ દંતકો, મુક્તાજાલના અંતરોમાં જે ઉચ્છ્રિત-લંબાયેલ હેમમય માળાસમૂહ, જે ગવાક્ષજાલ-ગવાક્ષ આકૃતિ રત્ન વિશેષ દામસમૂહ, જે કિંકિણી ઘંટાજાલ - ક્ષુદ્રઘંટા સમૂહ, તેના વડે પરિક્ષિપ્ત-સર્વથા વ્યાપ્ત, અભિમુખ ઉદ્‌ગત, અભ્યુદ્‌ગત-અગ્રિમભાગમાં કંઈક ઉન્નત, તેમાં ફૂલની માળા સુસ્થિત છે. અભિમુખ-બહારના ભાગમાં અભિમુખ, નિર્ગત-અભિનિસૃષ્ટ, તીર્છા-ભિત્તિપ્રદેશથી અતિશયપણે કંઈક પણ ન ચલીત થઈને પરિગૃહીત છે.

અધસ્તન-નીચે જે પન્નગ-સાપનો અર્ધભાગ, તેના જેવો આકાર જેનો છે તે તથા, અર્ધપન્નગવત્ અતિ સરળ અને દીર્ઘ, તેની જ વ્યાખ્યા કરે છે - અર્ધ પન્નગ જેવા સંસ્થાનથી સંસ્થિત સર્વથા વજ્રમય, સ્વચ્છ ઈત્યાદિ પૂર્વવત્ છે. અતિશય મહાન્ - ગજદંત સમાન કહેલ છે.

તે નાગદંતકોમાં ઘણાં કૃષ્ણસૂત્ર બદ્ધ વગ્ઘારિત માલ્યદામ યુક્ત એ પ્રમાણે નીલ, લોહિત, હાલિદ્ર, શુક્લ સૂત્રબદ્ધ વગ્ઘારિત ફૂલની માળા યુક્ત છે. તે માળા તપનીય લંબૂશક મય, સુવર્ણ પ્રતરક મંડિત, વિવિધ મણિરત્ન, વિવિધ હાર-અર્દ્ધહાર ઉપશોભિત સમુદય યાવત્ શ્રી વડે અતીવ ઉપશોભિત કરતાં-કરતાં રહે છે

- હવે સૂત્ર વ્યાખ્યા — તે નાગદંતકમાં ઘણાં કાળા દોરાથી બાંધેલા, વગ્ઘારિઅ - અવલંબિત પુષ્પમાળાનો સમૂહ છે. એ પ્રમાણે નીલ, લાલ, પીળા અને સફેદ દોરાથી બાંધેલ પણ પુષ્પમાળા સમૂહો કહેવા.

તે માળાઓ તપનીય સુવર્ણમય લંબૂશક-માળાના અગ્રભાગમાં પ્રાજ્ઞણમાં લટકતાં મંડન વિશેષ ગોલક આકૃતિ જેમાં છે તે તપનીય લંબૂસક તથા પડખાથી - સમસ્તપણે સુવર્ણ પ્રતરકથી સોનાના પતરાથી મંડિત, તેવા વિવિધરૂપ મણી અને રત્નોના જે વિવિધ વિચિત્ર વર્ણના હાર-અઢારસરા, તેના વડે શોભિત સમુદાય જેમાં છે તે યાવત્ શ્રી વડે અતીવ શોભતા રહેલ છે.

અહીં યાવત્ કરણથી એ પ્રમાણે પરિપૂર્ણ પાઠ જાણવો. કંઈક અન્યોન્ય જોડાયેલ પૂર્વ-પશ્ચિમ-દક્ષિણ-ઉત્તરથી આવતો મંદ-મંદ પવન, તેનાથી કંપતા, લંબાયેલા, એવા ઉદાર મનોજ્ઞ મનહર કર્ણ-મનને સુખકર શબ્દો વડે તે પ્રદેશ ચોતરફથી આપૂરિત કરતાં-કરતાં શ્રી વડે અતી શોભિત થયેલ રહે છે.

ઉક્ત સૂત્રની વ્યાખ્યા પૂર્વે પદ્મવરવેદિકા વર્ણનમાં વ્યાખ્યાત છે, તેથી તેની ફરી વ્યાખ્યા કરતા નથી.

તે નાગદંતકોની ઉપર બબ્બે નાગદંતકો કહેલાં છે. તે નાગદંતકો મુક્તાજાલંતર ઉશ્રિત આદિ પૂર્વવત્ યાવતે હે આયુષ્યમાન્ શ્રમણ ! તે નાગદંતકોમાં ઘણાં રજતમય સિક્કા કહેલા છે. તે સિક્કામાં ઘણી વૈડૂર્યમયી ધૂપઘટી કહેલી છે. તે ધૂપઘટી કાલાગરુ, પ્રવર કુંદુરુષ્ક, તુરુષ્કની ધૂપથી મઘમઘતા, ગંધોદ્ધૃતથી અભિરામ, સુગંધ વરગંધિકા, ગંધવર્તીભૂત, ઉદાર મનોજ્ઞ ઘ્રાણ-મનને સુખકર ગંધ વડે તે પ્રદેશને



ચોતરફથી આપૂરિત કરતાં શ્રી વડે અતીવ શોભતા રહે છે.

સૂત્ર વ્યાખ્યા — તે નાગદંતકો ઉપર બીજા બબ્બે નાગદંતકો છે. તે નાગદંક ઈત્યાદિ પૂર્વોક્ત બધું કહેવું યાવત્ ગજદંત સમાન કહેલ છે. તે નાગદંતકોમાં ઘણાં રજતમય સિક્કા કહેલા છે, તે સિક્કામાં ઘણી વૈડૂર્યમય ધૂપઘટિકાઓ છે. તે ધૂપઘટિકા કાળો અગરુ, ચીડા નામક ગંધદ્રવ્ય વિશેષ, સિહ્‌લક, દશાગાંદિ ગંધ દ્રવ્ય સંયોગજન્ય, તેના સંબંધી જે મઘમઘાયમાન અતિશયવાન્ અહીં-તહીં પ્રસરતી ગંધ વડે અભિરામ છે. તે શોભનગંધયુક્ત છે. - x - પ્રધાનવાસયુક્ત તેની ગંધ છે. તેથી સુગંધવરગંધ ગંધિકા કહ્યું. સૌરભ્ય અતિશયથી ગંધદ્રવ્ય ગુટિકા સમાન ઉદાર-સ્ફાર-મનોજ્ઞ વડે મનોનૂકૂલ. મનોનુકૂલત્વથી તે કહે છે — ઘ્રાણ-મન સુખકર ગંધ વડે નીકટના પ્રદેશને આપૂરિત કરતાં-કરતાં શ્રી વડે અતીવ શોભતા રહેલ છે.

વિજયદ્વારની બંને પડખે બે નિષીધિકામાં બબ્બે શાલભંજિકા કહી છે. તે શાલભંજિકાઓ લીલાસ્થિત, સુપ્રતિષ્ઠિત, સુઅલંકૃત્, વિવિધ રંગી વસ્ત્રો, રક્ત અંગ, કાળાવાળવાળી મૃદુ વિષય પ્રશસ્ત લક્ષણ ઈત્યાદિ યુક્ત - x - x - કંઈક અશોક વર પાદપ સમુસ્થિત, ડાબા હાથમાં ગ્રહણ કરેલ શાખા ઈત્યાદિ - x - x - પૃથ્વી પરિણામા, શાશ્વત ભાવને પામેલ, ચંદ્રાનના, ચંદ્ર વિલાસીની, ચંદ્રાર્દ્ધસમ નીડાલ, ચંદ્રાધિક સૌમ્ય દર્શનવાળી, ઉલ્કાની માફક ઉદ્યોતીત, - x - x - શ્રૃંગારાકાર ચારુ વેશવાળી, પ્રાસાદીય, તેજ વડે અતીવ-અતીવ ઉપશોભિત થઈ રહે છે.

સૂત્ર વ્યાખ્યા — વિજયદ્વારની બંને બાજુના પડખામાં એકૈક નૈષેધિકી ભાવથી બે પ્રકારની નૈષેધિકીમાં બબ્બે શાલભંજિકા કહેલી છે. તે શાલભંજિકા લલિતાંગ નિવેશરૂપ વડે સ્થિત છે. તે મનોજ્ઞપણે પ્રતિષ્ઠિત છે. તે અતિશય રમણીયપણે અલંકૃત તે સ્વલંકૃત, તથા વિવિધ પ્રકારના રંગથી રંગાયેલાં વસ્ત્રો સંવૃત્તપણે જેમાં છે. જેના આંખના ખૂણા લાલ છે, કાળા વાળ છે, કોમળ-નિર્મળ-પ્રશસ્ત શોભન, અસ્ફૂટિતાગ્રત્વ વગેરે લક્ષણો જેના છે, તે પ્રશસ્ત લક્ષણો. - - -

- - - સંવેલ્લિત-સંવૃત્ત કંઈક આકુંચિત અગ્ર જેનું શેખર કરણથી છે, તે સંવેલ્લિતાગ્ર શિરોજ-વાળ, - x - વિવિધ રૂપના પુષ્પોને યથોચિત સ્થાને ધારણ કરેલા - સ્થાપિત કરેલા છે. - x - મુષ્ટિગ્રાહ્ય તનુતરત્વથી સુંદર મધ્યભાગ જેનો છે. તેવી, આપીડ - શેખરક, તેના સમશ્રેણિક બે યુગલ, તેની માફક વર્તિત-બદ્ધ સ્વભાવ ઉપચિત કઠિન ભાવ. તેથી જ તુંગઅભ્યુન્નત, પીનરતિદ સંસ્થિત-પીવર સુખદ સંસ્થાન એવા પયોધર-બંને સ્તનો જેણીના છે તેવી.

તથા કંઈક શ્રેષ્ઠ અશોકવૃક્ષમાં સમવસ્થિત-આશ્રિત તથા ડાબા હાથે ગ્રહણ કરેલ અગ્ર શાખાવાળી. કંઈક તીર્છી વળેલી, ચક્ષુ-જેમાં કટાક્ષરૂપ ચેષ્ટિતમાં શ્રૃંગાર આવિર્ભાવક-ક્રિયા વિશેષમાં, - x - પરસ્પર આંખોના અવલોકન વડે સંશ્લેષ, તેના વડે ખિદ્યમાન સમાન અર્થાત્ એવા પ્રકારના તે તીર્છાવલિત કટાક્ષો વડે પરસ્પર

અવલોકતી રહેલી છે. જેમ પરસ્પરના સૌભાગ્યને ન સહન કરતી તીર્છા વસિત કટાક્ષ વડે પરસ્પર ખીજાતી હોય તેવી.

તથા પૃથ્વી પરિણામરૂપ શાશ્વતભાવને વિજયદ્વારની જેમ પામેલ, ચંદ્રાનના-ચંદ્રમુખી, ચંદ્રવત્ મનોહર વિલાસ કરતી એવા સ્વભાવવાળી તે ચંદ્ર વિલાસીની, ચંદ્રાર્દ્ધ-આઠમના ચંદ્રની સમાન જેનું લલાટ છે, તે ચંદ્રાર્દ્ધ સમ લલાટવાળા. ચંદ્રથી પણ અધિક સુભગ કાંતિવાળા આકાર જેનો છે, તે તથા.

ઉલ્કા માફક - ગગનના અગ્નિની જ્વાલા માફક ઉદ્યોત કરતાં, વિદ્યુત-મેઘવહ્નિ, તેના ઘન-નિબિડ કીરણો, તેનાથી જે સૂર્યના દીપ્યમાન, ઘનાદિ અનાવૃત્ત તેજ, તેનાથી અધિકતર પ્રકાશ જેનો છે તે તથા, શ્રૃંગાર-મંડન ભૂષણ આટોપ, તેનાથી પ્રધાન આકાર જેના છે તે. ચારુવેષ - મનોહરવસ્ત્રાદિ અથવા શ્રૃંગાર-પહેલા રસના ગૃહ સમાન સુંદર વેશ જેનો છે તે તથા પ્રાસાદીય, ઈત્યાદિ ચાર પદો પૂર્વવત્.

વિજયદ્વારની બંને પડખે બે નિષિધિકામાં બબ્બે જાલકટક કહેલાં છે. તે જાલકટકો સર્વરત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. વિજયના૦ ઈત્યાદિ પૂર્વત્ બબ્બે જાલકટક - જાલક આકીર્ણ રમ્ય સંસ્થાન પ્રદેશ વિશેષ કહેલ છે. તે જાલકટકો સર્વરત્નમય, સ્વચ્છ ઈત્યાદિ પૂર્વવત્ છે.

વિજયદ્વારના બંને પડખે બબ્બે નિષીધિકામાં બબ્બે ઘંટાઓ કહેલી છે. તે ઘંટાનું વર્ણન આવા સ્વરૂપે કહેલ છે — તે આ પ્રમાણે — જાંબૂનદમયી ઘંટા, વજ્રમયી લાલા, વિવિધ મણિમય ઘંટાપાશક, તપનીયમયી સાંકળ, રજતમયી

રજ્જુ છે - તે ઘેટા ઓઘસ્વરા, મેઘસ્વરા, હંસસ્વરા, ક્રૌંચસ્વરા, સીંહસ્વરા, દુદુંભિસ્વરા, નંદિસ્વરા, નંદિઘોષા, મંજુઘોષા, સુસ્વરા, સુસ્વર ઘોષા, ઉદાર-મનોજ્ઞ-મનહર કર્ણ-મનને સુખકર શબ્દોથી યાવત્ રહે છે. - - અક્ષરગમનિકા પૂર્વવત્.

બબ્બે ઘંટા કહેલ છે. તે ઘંટાનું આવા સ્વરૂપનું વર્ણન છે - જાંબૂનદમય ઘંટા, વજ્રમયી લાલા, વિવિધ મણિમય ઘંટાનો એકદેશ વિશેષ, તપનીયમય સાંકળ જેમાં છે તે અવલંબીને રહેલ છે. રજતમય રજ્જુ છે.

તે ઘંટા ઓઘ - પ્રવાહથી સ્વર જેનો છે તે, મેઘની જેમ અતિ દીર્ઘ સ્વર જેનો છે તે મેઘસ્વરા, એ પ્રમાણે — હંસની જેવા મધુર સ્વરવાળી, ક્રૌંચ જેવા સ્વરવાળી, સીંહની જેમ પ્રભૂતદેશ વ્યાપીર સ્વરવાળી, એ રીતે દુંદુભિ સ્વર, સુખદાયી સ્વર જેનો છે તે, નંદી - બાર વાજિંત્રોના સંઘાત જેવો સ્વર જેનો છે તે. નંદિવત્ ઘોષ - નિનાદ જેનો છે તે. મંજુ-પ્રિય, કાન અને મનને સુખદાયી સ્વર જેનો છે તે, એ રીતે મંજુઘોષ, વધું કેટલું કહીએ — સુસ્વરા, સુસ્વર ઘોષા અથવા સુષ્ઠુ જે સ્વકીય અનંતરોક્ત વર્ણ-શ્રૃંખલા આદિ, તેના વડે રાજે-શોભે તે સુસ્વરા. શોભન સ્વરઘોષ જેનો છે, તે ઈત્યાદિ - x -

વિજયદ્વારને બંને પડખે બંને નિષીધિકાએ બબ્બે વનમાલાઓ કહી છે. તે



વનમાલા વિવિધ દ્રુમલતા કિસલય પલ્લવથી સમાકુલ, ભ્રમરા વડે પરિભોગ્યમાન, શોભંત, સશ્રીક અને પ્રાસાદીયાદિ છે.

સૂત્ર વ્યાખ્યા — પદ યોજના પૂર્વવત્. બબ્બે વનમાલા કહી છે. તે વનમાલા, વૃક્ષો અને વિવિધ લતાનાં જે કિશલયરૂપ અતિકોમળ પલ્લવો વડે સમાકુલ, ભ્રમરો વડે પરિભોગ કરાતા હોવાથી શોભતા. તેથી જ સશ્રીક. પ્રાસાદીય ઈત્યાદિ પૂર્વવત્ છે.

વિજયદ્વારની બંને પડખે, બંને નિષીધિકામાં બબ્બે પ્રકંઠકો કહેલા છે. તે પ્રકંઠકો ચાર યોજન આયામ-વિષ્કંભથી, બે યોજન બાહલ્ય થકી, સર્વ વજ્રમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.

સૂત્ર વ્યાખ્યા — પદ યોજના પૂર્વવત્. બબ્બે પ્રકંઠકો કહેલ છે, પ્રકંઠક એટલે પીઠ વિશેષ અથવા અવનત પ્રદેશ પીઠ તે પ્રકંઠક. તે પ્રકંઠકો ચાર યોજન આયામ-વિષ્કંભ વડે બે યોજન બાહલ્યથી છે, તે સર્વાત્મના વજ્રમય તે પ્રકંઠકો છે.

તે પ્રકંઠકોની ઉપર પ્રત્યેક-પ્રત્યેક પ્રાસાદાવતંસક કહેલ છે. તે પ્રાસાદાવતંસક ચાર યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી, બે યોજન આયામ વિષ્કંભથી, અભ્યુદ્ગત ઉશ્રિત પ્રહસિત, વિવિધ મણિરત્નથી ચિત્રિત, વાયુ વડે ઉડતી વિજય-વૈજયંતી પતાકા, છત્રાતિછત્રથી યુક્ત, ઉંચે, ગગનતલમાં સ્પર્શતા શિખરો, જાલંતર રત્ન પંજર ઉન્મિલિત સમાન મણિ-કનક-સ્તૂપિકા, વિકસિત શતપત્ર-પૌંડરીક, તિલકરત્ન અર્દ્ધ ચંદ્રચિત્ત, અંદર અને બહાર શ્લક્ષ્ણ તપનીય વાલુકા પ્રસ્તટ, સુખસ્પર્શવાળા, સશ્રીકરૂપ પ્રાસાદીયાદિ છે.

સૂત્ર વ્યાખ્યા — તે પ્રકંઠકોની ઉપર પ્રત્યેક પ્રાસાદાવતંસક કહેલ છે, પ્રાસાદાવતંસક નામ પ્રાસાદ વિશેષ વ્યુત્પત્તિ આ રીતે — પ્રાસાદોના અવતંસક સમાન-શેખરક સમાન તે પ્રાસાદાવતંસક. તે પ્રત્યેક ચાર યોજન ઉર્ધ્વ-ઉચ્ચત્વથી છે, બે યોજન આયામ-વિષ્કંભથી છે. અભ્યુદ્ગત — આભિમુખ્યતાથી ચોતરફથી વિનિર્ગત, ઉત્સૃત-પ્રબળતાથી બધી દિશામાં પ્રસરેલ જે પ્રભા વડે બદ્ધની માફક રહે છે, અન્યથા કઈ રીતે તે અતિ ઉંચે આલંબન રહિત રહે છે.

તથા વિવિધ મણિરત્ન, વિવિધ-અનેક પ્રકારના જે મણિ-ચંદ્રકાંતાદિ, રત્નો-કર્કેતનાદિ, તેના ચિત્રો કે આશ્ચર્યવાળા આલેખો. - x - તથા વાયુ વડે કંપિત, અભ્યુદયને સંસૂચિકા વૈજયંતી નામની જે પતાકા અથવા વિજયા એ વૈજયંતીની પાર્શ્વકર્ણિકા કહે છે. તેથી પ્રધાન વૈજયંતી તે વિજયવૈજયંતી-પતાકા, તે જ વિજય વર્જિતા વૈજયંતી. છત્રાતિછત્ર-ઉપર ઉપર રહેલ આતપત્ર, તેનાથી યુક્ત ઉચ્ચત્વથી ચાર યોજન પ્રમાણત્વથી તુંગ કહે છે. તેથી જ આકાશને ઉલ્લંઘતા શિખરો જેના છે તે.

તથા જાલ - જાલક, ઘરની ભીંતની જાળી, તેના અંતરમાં વિશિષ્ટ શોભા નિમિત્તે રત્નો જેમાં છે તે. પંજરથી ઉન્મિસિત સમાનબહિષ્કૃત્ માફક. જેમ કોઈપણ વસ્તુ વંશાદિમય પ્રચ્છાદન વિશેષથી બહિષ્કૃત અત્યંત અવિનષ્ટ છાયાવાળી થાય છે.

એ પ્રમાણે તે પ્રાસાદઅવતંસકો પણ જાણવા. અથવા જાલાંતરમાં રહેલ રત્ન સમુદાય વિશેષથી ઉન્મીલિતની માફક ઉન્મિષિત લોચન જેવા છે.

વિકસ્વર શતપત્રો અને પુંડરીક-કમલ વિશેષ, દ્વાર આદિમાં પ્રતિકૃતિત્વપણે સ્થિત તિલકરત્ન અને અર્ધચંદ્ર, તેના વડે વિવિધરૂપના કે આશ્ચર્યભૂત. અંદર-બહારથી મસૃણ તપનીયલાલ સુવર્ણની રેતીનો પ્રસટ્ટ, જેના પ્રાંગણામાં છે તે. બાકી પૂર્વવત્.

તે પ્રાસાદાવતંસકના ઉલ્લોક પદ્મલતા, અશોકલતાં, ચંપકલતા, ચૂતલતા, વનલતા, વાસંતિલતાથી ચિત્રિત છે. તે બધાં તપનીયમય યાવત્ પ્રતિરૂપ છે.

વ્યાખ્યા - તે પ્રાસાદાવતંસકનો ઉલ્લોક-ઉપરનો ભાગ પદ્મલતાદિના ચિત્રોથી યુક્ત છે, સ્વચ્છ, શ્લક્ષ્ણાદિ વિશેષણ પૂર્વવત્.

તે પ્રાસાદાવતંસકમાં બહુસમરમણીય ભૂમિભાગ કહેલ છે. જેમ કોઈ આલિંગપુષ્કર યાવત્ મણી વડે ઉપશોભિત છે. મણીનો વર્ણ, ગંધ, સ્પર્શાદિ (પૂર્વવત્) જાણવો.

વ્યાખ્યા — પ્રાસાદાવતંસકનું વર્ણન - x - સમભૂમિ વર્ણન, વર્ણપંચક, સુરભિગંધ, શુભ સ્પર્શ વર્ણન પૂર્વવત્ જાણવું.

તે બહુ સમરમણીય ભૂમિભાગના બહુમધ્યદેશભાગમાં પ્રત્યેક સીંહાસન છે, તેનું આવા સ્વરૂપનું વર્ણન કહેલ છે. રજતમય સીંહ, સુવર્ણના પાયા, તપનીયમય ચકલા, વિવિધમણિમય, પાદશીર્ષક, જાંબૂનદમય પતરા વજમય સંધી વિવિધ મણિમય છે તે સીંહાસન ઈહામૃગ, વૃષભ યાવત્ પદ્મલતાના ચિત્રોથી યુક્ત છે. સંસારસાર ઉપચિત વિવિધ મણિરત્નના પાદપીઠ છે. આસ્તરક મૃદુ મસૂરક, નવી ત્વચા કુશાંત કોમળ કેસરથી આચ્છાદિત હોવાથી રમણીય છે. આજિનક-રૂ-નવનીત તુલ્ય સ્પર્શ છે. સુવિરચિત રજસ્ત્રાણ ઈત્યાદિ - x - સુરમ્ય, પ્રાસાદીયાદિ છે.

સૂત્ર વ્યાખ્યા — તે પ્રાસાદાવતંસકોની અંદરનો બહુસમરમણીય ભૂમિભાગ, તેના બહુમધ્યદેશ ભાગમાં પ્રત્યેક સીંહાસન છે. તે સીંહાસનનું વર્ણન — રજતમય સીંહ, તેના વડે ઉપશોભિત સીંહાસન, સુવર્ણમય પાદ છે, તપનીયમય ચક્કલાપાયાનો અધોપ્રદેશ હોય છે. મુક્તાવિવિધ મણિમય પાદશિર્ષકપાયાનો ઉપરિતન અવયવ વિશેષ છે. જાંબૂનદમય ઈષાદિ છે, વજરત્નથી પૂરિત અવયવોનો સંધિમેલ છે. - x -

તે સીંહાસન ઈહામૃગ, ઋષભ, તુરગ, નર, મકર, સર્પ, કિન્નર, ઋઋ, શરભ આદિના ચિત્રો છે. સારસાર-પ્રધાન એવા વિવિધ મણિ રત્નોથી ઉપચિત પાદપીઠ સહ છે. આસ્તરક-આચ્છાદન મૃદુ - x - છે. જેની નવી ત્વચા છે, પ્રત્યગ્રત્વચાર દર્ભ પર્યન્તરૂપ કોમળ છે, કેસરા નમ્રશીલ છે. ક્યાંક સિંહકેસરા એવો પાઠ છે. - x - - x - આચ્છાદિત હોવાથી અભિરામ છે.

आजिनक - ચર્મમય વસ્ત્ર, તે સ્વભાવથી અતિ કોમળ હોય છે. રૂત -





કપાસનું પક્ષ્મ, બૂર - વનસ્પતિ વિશેષ, નવનીત-માખણ, તૂલ-અર્કતૂલ, તે બધાં જેવો સ્પર્શ જેનો છે તે, જેમાં પ્રત્યેકની ઉપર સુવિરચિત રજસ્ત્રાણ છે. પરિકર્મિત જે દુકૂલ-કપાસનું વસ્ત્ર, તે રજસ્ત્રાણ ઉપર બીજું આચ્છાદન છે. તે અતિરમણીય વસ્ત્રથી સંવૃત્ત-આચ્છાદિત છે, તેથી જ સુરમ્ય છે. પ્રાસાદીય ઈત્યાદિ ચાર પદ પૂર્વવત્ છે.

તે સીંહાસન ઉપર વિજય દૂષ્ય કહેલ છે. તે વિજય દૂષ્ય શંખ, કુંદ, દકરજ, મથિત ફીણપુંજ સદૃશ સર્વરત્નમય છે.

વ્યાખ્યા — સિંહાસનની ઉપર પ્રતિ સીંહાસનમાં એક-એક વિજયદૂષ્ય-ઢાંકવાનું વસ્ત્ર વિશેષ છે. તે વિજયદૂષ્ય શંખાદિ સમાન શ્વેત છે. તેમાં કુંદ-કુંદકુસુમ દકરજ-પાણીના કણીયા, અમૃત-ક્ષીરોદધિનું જળ, મંથન કરેલ દૂધના ફીણ - x - તેની સમાન પ્રભા જેની છે તે. સર્વ રત્નમય છે.

તે વિજદૂષ્યના બહુ મધ્યદેશ ભાગમાં પ્રત્યેકમાં વજમય અંકુશ કહેલ છે. તે વજમય અંકુશમાં પ્રત્યેકમાં કુંભિકા મુક્તાદામ કહેલા છે, તે કુંભિકા મુક્તાદામ બીજા ચાર, તેનાથી અર્ધ ઉચ્ચત્વ પ્રમાણ માત્રથી અર્ધકુંભિકા મુક્તાદામથી, ચોતરફથી ઘેરાયેલ છે, તે દામ તપનીયલંબૂશક સુવર્ણ પ્રતરકથી મંડિત છે - યાવત્ - રહેલ છે.

સૂત્ર વ્યાખ્યા — તે સીંહાસનની ઉપર રહેલ પ્રત્યેક વિજયદૂષ્યના બહુમધ્ય દેશભાગમાં અંકુશ આકાર મુક્તાદામના અવલંબન આશ્રયભૂત કહેલ છે. તે વજમય અંકુશમાં પ્રત્યેકમાં કુંભ પરિમામ મુક્તામય મુક્તાદામ કહેલ છે. - x - કુંભ માન આગળ ચર્મરત્ન છત્રરત્ન સમુદ્‌ગક સ્થિત, ચક્રવર્તીના ગૃહપતિરત્ન વડે ધાન્યરાશિ સમર્પણ અધિકારમાં કહેવાશે. તે પ્રત્યેક મુક્તાદામ બીજા ચાર મુક્તાદામથી ઘેરાયેલ છે. - x - x -

અહીં કેટલીક સૂત્ર પ્રતિમાં - "તે પ્રાસાદાવતંસકોની ઉપર આઠ અષ્ટમંગલ કહેલા છે. સ્વસ્તિક, સીંહાસન યાવત્ છત્રાતિછત્ર." એવું સૂત્ર દેખાય છે, તેનું વ્યાખ્યાન વ્યક્ત છે.

વિજયદ્વારના બંને પડખે બંને નીસરણીમાં બબ્બે તોરણો કહ્યું છે, તે તોરણો વિવિધ મણિમયાદિ પૂર્વવત્ આઠ અષ્ટમંગલ, ધ્વજ, છત્રાતિછત્ર છે. તે તોરણોની આગળ બબ્બે શાલભંજિકા કહી છે, પહેલાં સૂત્રોમાં કહ્યું, તેમ અહીં કહેવું. તે તોરણોની આગળ બબ્બે નાગદંતકો કહેલાં છે. તે નાગદંતકો મુક્તાજાલંતર ઉશ્રિતાદિ પૂર્વવત્ છે. તે નાગદંતકોમાં ઘણાં કૃષ્ણ સૂત્ર બદ્ધ વગ્ઘારિત માલ્યદામયુક્ત યાવત્ રહે છે.

સૂત્ર વ્યાખ્યા પૂર્વવત્ જાણવી. વિશેષ એ કે — નાગદંતક સૂત્રમાં ઉપરના નાગદંતકો ન કહેવા.

તે તોરણોની પૂર્વે બબ્બે અશ્વસંઘાટક યાવત્ વૃષભ સંઘાટક સર્વરત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. એ પ્રમાણે પંક્તિ, વિથિ, મિથુનકો જાણવા. તે તોરણોની

આગળ બબ્બે પદ્મલતા યાવત્ શ્યામલતા નિત્ય કુસુમિત યાવત્ સર્વરત્નમય યાવત્ પ્રતિરૂપ છે - તેની વ્યાખ્યા —

તે તોરણોની આગળ બબ્બે અશ્વસંઘાટક, બબ્બે ગજ સંઘાટક, એ રીતે મનુષ્ય, કિંપુરુષ, મહોરગ, ગંધર્વ અને વૃષભ સંઘાટકો છે. તે કેવા છે ? બધાં રત્નમય સ્વચ્છ, શ્લક્ષ્ણ ઈત્યાદિ પૂર્વવત્. એ પ્રમાણે પંક્તિ, વીથી, મિથુનક એ પ્રત્યેકને કહેવા.

તે તોરણોની આગળ બબ્બે પદ્મલતા છે. યાવત્ શબ્દથી બબ્બે-બબ્બે નાગલતા, અશોકલતા, ચંપકલતા, ચૂતલતા, વાસંતી લતા, કુંદલતા, અતિમુક્તલતા પણ ગ્રહણ કરવી. બબ્બે શ્યામલતા છે. આ લતાઓ કેવી છે ? નિત્યકુસુમિત છે યાવત્ શબ્દથી તે બધી નિત્ય મુકુલિત, લવયિત, સ્તબકિત, ગુલયિત, ગુચ્છિક યમલિત, યુગલિક, વિનમિત, પ્રણમિત, સુવિભક્ત પ્રતિમંજરી અવતંસકધરી અને નિત્ય કુસુમિતાદિ સર્વે વિશેષણયુક્ત લેવી. તેની વ્યાખ્યા પૂર્વવત્ કહેવી.

વળી કેવી છે ? સર્વ રત્નમય યાવત્ પ્રતિરૂપ - x -

તે તોરણોની આગળ બબ્બે વંદન કળશો કહ્યા છે. તે વંદન કળશો શ્રેષ્ઠ કમળ ઉપર રહેલા છે, ઈત્યાદિ પૂર્વવત્. તે સર્વે રત્નમય યાવત્ પ્રતિરૂપ છે. વર્ણન પૂર્વવત્.

તે તોરણોની આગળ બબ્બે ભૃંગારક કહેલા છે. શ્રેષ્ઠ કમળ ઉપર રહેલા આદિ પૂર્વવત્. સર્વે રત્નમય યાવત્ પ્રતિરૂપ છે. મત્ત હાથીના મહામુખની આકૃતિ સમાન કહેલા છે.

વ્યાખ્યા તે તોરણોની આગળ બબ્બે ભૃંગારકો - x - માફક વંદન કળશોની માફક વર્ણન કહેવું. વિશેષ એ કે — છેલ્લે કહ્યું કે — ઉન્મત્ત એવા હાથીનું જે અતિ વિશાળ મુખ, તેના આકાર જેવા કહેવા.

તે તોરણોની આગળ બબ્બે આદર્શ કહેલાં છે, તેનું વર્ણન આવા સ્વરૂપે છે — તપનીયમય પ્રકંઠક, વૈડૂર્યમય ત્સરુ, વજ્રમય વારક, વિવિધ મણિમય વલાક્ષ, અંકમય મંડલ, અનોઘર્ષિત નિર્મળ છાયાથી બધાં સમનુબદ્ધ ચંદ્ર મંડલ પ્રતિનિકાસ મહત્ અર્ધકાય સમાન કહેલા છે.

વ્યાખ્યા — તે તોરણોની આગળ બબ્બે દર્પણો કહેલાં છે, તે દર્પણનું વર્ણન આવું છે — તપનીયકાય પીઠ વિશેષ, વૈડૂર્યમય-દર્પણનો ગંડ પ્રતિબદ્ધ પ્રદેશ અર્થાત્ દર્પણનો મુઠ્ઠીમાં ગ્રહણ યોગ્ય પ્રદેશ છે. વજ્રમય વારક-ગંડ છે. વિવિધ મણિમય વલક્ષ અર્થાત્ સાંકળરૂપ અવલંબન, જેમાં બંધાઈને દર્પણ સુસ્થિર રહે છે. તથા અંકરત્નમય મંડલ, જેમાં પ્રતિબિંબ પડે છે. અવઘર્ષણ-રાખ વડે નિર્માજન કરવું, તે અવઘર્ષિત. તેનો અભાવ તે અનવઘર્ષિત, તેના વડે નિર્મળ, તેવી કાંતિ વડે યુક્ત. તથા ચંદ્રમંડલની સમાન. અતિશય મોટા એટલે કે અર્ધકાય સમાન-આલોકતાર વ્યંતર આદિની કાયાના અડધાં પ્રમાણ જેટલાં છે.

તે તોરણોની આગળ બબ્બે વજ્રનાભ થાળા કહેલા છે. તે નિર્મળ, ત્રિછડિત



શાલિ ચોખા નખસંદષ્ટ પ્રતિપૂર્ણ સમાન રહેલા છે, સર્વ જાંબુનદમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે અને અતિ મોટા રથચક્ર સમાન કહેલા છે.

વ્યાખ્યા — તે તોરણોની આગળ બબ્બે વજ્રમય મધ્યભાગ જેનો છે તેવા થાળા કહ્યા છે - થાળા રહેલા છે તે નિર્મળ શુદ્ધ સ્ફટિકવત્, ત્રણ વખત છડેલા, તેથી જ નખનખિકા, સંદષ્ટ-મુશળ આદિ વડે ચુંબિત છે. - x - નિર્મળ ત્રિછડિત, શાલિ ચોખા નખસંદષ્ટ વડે પરિપૂર્ણ એવા છે. - x - તે પૃથ્વી પરિણામરૂપ છે, તે રીતે રહેલા એ કેવળ આકારની ઉપમા છે, તેથી કહે છે સંપૂર્ણ જાંબુનદમય છે. - x - અતિશય મહાન્ રથના ચક્ર સમાન કહેલા છે.

તે તોરણોની આગળ બબ્બે પાત્રીઓ કહેલી છે. તે પાત્રીઓ નિર્મળ જળથી પરિપૂર્ણ છે, વિવિધ પ્રકારના હરિત ફળો વડે બહુ પ્રતિપૂર્ણ હોય તેમ રહેલી છે. બધી જ રત્નમય યાવત્ પ્રતિરૂપ છે, અતિ મોટા ગોકલિંજ ચક્ર સમાન હે આયુષ્યમાન્ ! કહેલી છે.

વ્યાખ્યા — તે તોરણોની આગળ બબ્બે પાત્રીઓ કહેલી છે, તે પાત્રી સ્વચ્છ પાણી વડે પડિહત્થ - પરિપૂર્ણ છે. વિવિધ પ્રકારના લીલા ફળો વડે પ્રભૃત પ્રતિપૂર્ણ એવી રહેલી છે, નિશ્ચે તે ફળો કે જળ નથી, પરંતુ તેવા પ્રકારે શાશ્વત ભાવને પામેલ પૃથ્વી પરિણામી છે, તે ઉપમા માત્ર છે. સર્વરત્નમય આદિ પૂર્વવત્. અતિશય મોટા ગાયના ચરવાને માટે જે વાંસના દળયુક્ત મોટું ભાજન અર્થાત્ ડાલો, તે ગોકલિંજ, તે જ વૃત્ત આકારત્વથી ચક્ર કહ્યું, તેના સમાન કહેલ છે.

તે તોરણોની આગળ બબ્બે સુપ્રતિષ્ઠક કહ્યાં છે, તે સુપ્રતિષ્ઠક સુસર્વૌષધિથી પ્રતિપૂર્ણ, વિવિધ પ્રસાધક ભાંડથી ઘણાં પ્રતિપૂર્ણ સમાન રહેલ છે. સર્વ રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.

વ્યાખ્યા — તે તોરણોની આગળ બબ્બે સુપ્રતિષ્ઠક-આધાર વિશેષ કહેલાં છે, તે સુસર્વૌષધિથી ભરેલા છે અને વિવિધ, પંચવર્ણના પ્રસાધન ભાંડ વડે ઘણાં ભરેલાં હોય તે રીતે રહેલાં છે. - x - ઉપમાન ભાવના પૂર્વવત્. સર્વે રત્નમય ઈત્યાદિ પૂર્વવત્ છે.

તે તોરણોથી આગળ બબ્બે મનોગુલિકાઓ કહેલી છે, તે મનોગુલિકા સર્વે વૈડૂર્યમય યાવત્ પ્રતિરૂપ છે. તે મનોગુલિકામાં ઘણાં સોના-રૂપાના ફલકો કહેલા છે. તે સોના રૂપાના ફલકોમાં ઘણાં વજ્રમય નાગદંતક કહેલાં છે. તે નાગદંતકોમાં રજતમય સિક્કા કહેલાં છે.

આ આખા સૂત્રની પૂર્વે વ્યાખ્યા કરી છે. વિશેષ આ - મનોગુલિકા એટલે પીઠિકા.

તે રજતમય સિક્કામાં ઘણાં વાતકરકો કહ્યા છે. તે વાતકરકો કાળા સૂત્રના સિક્કગ-ગવચ્છિત છે. યાવત્ શ્વેત સૂત્રના સિક્કગગવચ્છિત છે, સર્વ વૈડૂર્યમય યાવત્ પ્રતિરૂપ છે.

વ્યાખ્યા — તે રજતમય શિક્કામાં વાતકરક અર્થાત્ જળ શૂન્ય કરક કહેલાં

છે. તે વાત કરકો કાળા દોરાના ગવચ્છ-આચ્છાદન, તેનાથી યુક્ત છે. - x - એ પ્રમાણે નીલસૂત્ર, ઈત્યાદિ પણ કહેવા. તે સંપૂર્ણ વૈડૂર્યમય છે.

તે તોરણોની આગળ બબ્બે ચિત્ર રત્નકરંડકો કહેલા છે, જેમ કોઈ ચાતુરંત ચક્રવર્તી રાજાના ચિત્ર રત્નકરંડક વૈડૂર્ય મણી, સ્ફાટિક પટલથી આચ્છાદિત સ્વ પ્રભા વડે તે પ્રદેશને ચોતરફથી અવભાસિત, ઉધોતીત, તાપિત, પ્રભાસિત કરે છે, એ પ્રમાણે તે ચિત્ર રત્નકરંડક યાવત્ પ્રભાસે છે.

વ્યાખ્યા – તે તોરણોની આગળ બબ્બે ચિત્રવર્ણ યુક્ત, આશ્ચર્યકારી રત્નકરંડક કહેલ છે. આજ વાત દૃષ્ટાંત વડે કહે છે – જેમ કોઈ ચાતુરંગ ચક્રવર્તી – દક્ષિણ, ઉત્તર, પૂર્વ, પશ્ચિમરૂપ ચારે પૃથ્વીના અંત સુધી ચક્ર વડે વર્તવાના શીલવાળો છે, તે ચાતુરંત ચક્રવર્તી, તેના આશ્ચર્યભૂત વિવિધ વર્ણી મણિમયત્વથી અથવા બાહુલ્યથી વૈડૂર્યમણિમય તથા સ્ફાટિક પટલમય આચ્છાદન સ્વકીયા પ્રભા વડે તેમાં પ્રવેશીને બધી દિશામાં સામસ્ત્યથી અવભાસે છે, આ જ વાત ત્રણ પર્યાય વડે કહે છે – ઉધોતીત, તાપિત, પ્રભાસિત કરે છે.

તે તોરણોની આગળ બબ્બે અશ્વકંઠ યાવત્ વૃષભકંઠ કહેલ છે. તે સર્વે રત્નમય યાવત્ પ્રતિરૂપ છે.

વ્યાખ્યા – તે તોરણોની આગળ બબ્બે હયકંઠ પ્રમાણ રત્નવિશેષ કહેલાં છે. એ પ્રમાણે હાથી, મનુષ્ય, કિંનર, કિંપુરુષ, મહોરગ, ગાંધર્વ, વૃષભકંઠ પણ કહેવા. બધાં રત્નવિશેષ રૂપ, સ્વચ્છ આદિ પૂર્વવત્ છે.

તે તોરણની આગળ બબ્બે પુષ્પ ચંગેરીઓ કહી છે. એ પ્રમાણે માલ્યચૂર્ણ, ગંધ, વસ્ત્ર, આભરણ, સિદ્ધાર્થક, લોમહસ્તક, ચંગેરી કહેવા. તે સર્વ રત્નમય યાવત્ પ્રતિરૂપ છે. વૃત્તિકૃત્ વ્યાખ્યામાં માત્ર અનુવાદ છે. - x -

તે તોરણોની આગળ બબ્બે પુષ્પપટલક યાવત્ રોમહસ્તક પટલક છે, તે સર્વે રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. એ પ્રમાણે પુષ્પાદિ ચંગેરીવત્ પુષ્પાદિ આઠેના પટલ બબ્બે સંખ્યામાં કહેવા.

તે તોરણોની આગળ બબ્બે સીંહાસનો કહેલાં છે. તે સીંહાસનનું વર્ણન આ પ્રમાણે છે – પૂર્વવત્ જાણવું. - x -

તે તોરણોની આગળ બબ્બે રૂપ્ય આચ્છાદન છત્ર કહેલા છે, તે છત્રો વૈડૂર્ય વિમલદંડવાળા, જાંબૂનદ કર્ણિકા, વજસંધી, મુક્તાજાલ પરિગત, ૮૦૦૦ શ્રેષ્ઠ સુવર્ણશલાકા, દર્દર મલય સુગંધી સર્વઋતુક સુરભી શીતલછાયા, મંગલ ભક્તિચિત્રયુક્ત ચંદ્રાકાર ઉપમાવાળા છે.

વ્યાખ્યા – તે તોરણોની આગળ બબ્બે રજતમય આચ્છાદન છત્ર છે, તે છત્ર વૈડૂર્યરત્નમય વિમલદંડયુક્ત, સુવર્ણથી યુક્ત જેની કર્ણિકા છે, તે જાંબૂનદ કર્ણિકા, વજરત્ન વડે પૂરિત દંડશલાકા સંધિવાળું, મુક્તાજાલ પરિગત ૮૦૦૦ શ્રેષ્ઠ સુવર્ણમય શલાકા જેમાં છે તેવું, તથા દર્દર-વસ્ત્ર ઢાંકીને કુંડિકાદિ ભાજનમાં ગાળેલ, અથવા તેમાં પકાવેલ, મલય - મલય પર્વતે થયેલ શ્રીખંડ-ચંદન, તેના સંબંધી જે સુગંધી ગંધવાસ, તેની માફક બધી ઋતુમાં સુરભિ શીતલ છાયા જેની છે તે તથા મંગલ - સ્વસ્તિકાદિ આઠના દોરેલા આલેખો જેમાં છે તે. ચંદ્રાકાર - જેની ચંદ્ર આકૃતિની ઉપમા છે તે. અર્થાત્ ચંદ્રમંડલ સમાન વૃત્ત.



તે તોરણોની આગળ બબ્બે ચામરો કહી છે, તે ચામરો ચંદ્રપ્રભ વજ વૈડૂર્ય વિવિધિમણિરત્ન ખચિત વિચિત્ર દંડો છે. સૂક્ષ્મ રજત દીર્ઘ વાળ છે. શંખ-કુંદ-દક્રજ-અમૃત મથિત ફણના પુંજ સદૃશ છે, તે સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.

વ્યાખ્યા – તે તોરણોની આગળ બે-બે ચામરો છે. તે ચામરો છે. તે ચામરો ચંદ્રપ્રભાદિ૦ ચંદ્રપ્રભ-ચંદ્રકાંત, - x - સૂત્રાર્થ મુજબના વિવિધ આકારનો દંડ જે ચામરોનો છે, તે. - x - x - अंक - રત્ન વિશેષ, કુંદ-કુંદપુષ્પ, દકરજ-જળનાકણીયા, ક્ષીરોદના જળનું મથન કરવાથી ઉત્પન્ન ફીણનો પુંજ, તેના જેવી પ્રભા જેની છે તે - x -

તે તોરણોની આગળ બબ્બે તેલ સમુદ્ગક કહેલા છે. એ રીતે કોષ્ઠસમુદ્ગક, પત્ર સમુદ્ગક, ચોય સમુદ્ગક, તગર સમુદ્ગક, એલા સમુદ્ગક, હરિતાલ સમુદ્ગક, હિંગલોક સમુદ્ગક, મનઃશીલ સમુદ્ગક, અંજન સમુદ્ગક છે એ બધાં સર્વરત્નમય યાવત્ પ્રતિરૂપ છે.

વ્યાખ્યા – તે તોરણોની આગળ બબ્બે તેલસમુદ્ગક સુગંધી તેલના આધાર વિશેષ છે. એ રીતે - x - કોષ્ઠ-ગંધદ્રવ્યવિશેષ, પત્ર-તમાલપત્રાદિ. ચોય-ત્વગ્ નામક ગંધદ્રવ્ય, અંજન-સૌવીરાંજન. અહીં સંગ્રહણી ગાથા પણ આપી છે. - x - આ બધાં સમુદ્ગક સર્વે રત્નમય છે, ઈત્યાદિ પૂર્વવત્.

વિજયદ્વારમાં ૧૦૮ ચક્રધ્વજ, ૧૦૮ મૃગધ્વજ, ૧૦૮ ગરુડ ધ્વજ, ૧૦૮-વૃગધ્વજ, ૧૦૮-છત્ર ધ્વજ, ૧૦૮-પિચ્છધ્વજ, ૧૦૮-શકુની ધ્વજ, ૧૦૮-સિંહધ્વજ, ૧૦૮-વૃષભધ્વજ, ૧૦૮ શ્વેત ચતુર્વિશાણ શ્રેષ્ઠ હાથી ધ્વજ. એ પ્રમાણે બધાં મળીને વિજય દ્વારમાં - ૧૦૮૦ ધ્વજો હોય છે, એમ કહેલ છે.

વ્યાખ્યા – તે વિજયદ્વારમાં ૧૦૮ ચંદ્રધ્વજ - ચક્રાલેખરૂપ ચિહ્નયુક્ત ધ્વજ છે. એ પ્રમાણે મૃગ, ગરુડ, વૃક આદિ બધાં ૧૦૮-૧૦૮ કહેવા. એ પ્રમાણે પૂર્વાપર-બધાં મળીને ૧૦૮૦ ધ્વજો વિજયદ્વારે હોય છે, તેમ મેં તથા અન્ય તીર્થંકરોએ કહેલ છે.

વિજયદ્વારની આગળ નવ ભૌમ કહેલા છે. તે ભૌમ અંદર બહુસમરમણીય ભૂમિભાગ કહેલ છે, યાવત્ મણીના સ્પર્શ, તે ભૌમની ઉપર ઉલ્લોક, પદ્મલતા યાવત્ શ્યામલતાના ચિત્રો ચીતરેલ છે, યાવત્ સર્વ તપનીયમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. તે ભૌમની બહુમધ્યદેશ ભાગમાં જે તે પાંચમું ભૌમ, તે ભૌમના બહુમધ્યદેશભાગમાં એક મોટું સીંહાસન કહેલ છે, સીંહાસન વર્ણક. વિજયદૂષ્ય યાવત્ અંકુશ યાવત્ દામો રહેલાં છે.

સૂત્ર વ્યાખ્યા – વિજય દ્વારની આગળ નવ ભૌમ-વિશિષ્ટ સ્થાનો કહેલા છે. ચોથા અંગમાં – ''વિજયદ્વારની એક એક બાહામાં નવ ભૌમ કહેલ છે.''

સંખ્યા શબ્દની આગળ વીપ્સા વચનથી ઉભય બાહાના મળવાથી ભૌમની ૧૮ સંખ્યા સંભવે છે. તત્ત્વ સાતિશયી લોકો જાણે. - x - તે ભૌમના બહુમધ્યદેશ ભાગમાં જે પાંચમું ભૌમ છે, તેના બહુમધ્યદેશ ભાગમાં વિજય દ્વારના અધિપતિ વિજયદેવ યોગ્ય સીંહાસન કહેલ છે. તે સીંહાસન વર્ણન વિજયદૂષ્ય કુંભાગ્ર મુક્તાદામ વર્ણન પૂર્વવત્.

ઉત્તરપૂર્વમાં આ વિજયદેવના ૪૦૦૦ સામાનિકોના ૪૦૦૦ ભદ્રાસનો કહેલાં છે. તે સીંહાસનની પૂર્વે વિજયદેવની સપરિવાર ચાર અગ્રમહિષીના ૪૦૦૦ ભદ્રાસનો કહેલાં છે. તે સીંહાસનની દક્ષિણ પશ્ચિમે વિજયદેવની અભ્યંતર પર્ષદાના ૮૦૦૦ દેવના ૮૦૦૦ ભદ્રાસનો કહેલા છે. તે સીંહાસનની દક્ષિણે આ વિજયદેવની મધ્યમ પર્ષદાના ૧૦,૦૦૦ દેવોના ૧૦,૦૦૦ ભદ્રાસનો કહેલાં છે. તે સીંહાસનની દક્ષિણ-પશ્ચિમે આ વિજયદેવની બાહ્ય પર્ષદાના ૧૨,૦૦૦ દેવોના ૧૨,૦૦૦ ભદ્રાસનો કહેલાં છે. તે સીંહાસનની પશ્ચિમે આ વિજયદેવના સાત સૈન્યાધિપતિના સાત ભદ્રાસનો કહેલાં છે, તે સીંહાસનની પૂર્વ-દક્ષિણ-પશ્ચિમ-ઉત્તરથી અહીં વિજયદેવના ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવોના ૧૬,૦૦૦ ભદ્રાસનો કહેલાં છે. તે આ પ્રમાણે — પૂર્વમાં ૪૦૦૦, એ પ્રમાણે ચારે દિશામાં યાવત્ ઉત્તરમાં ૪૦૦૦. બાકીના ભૌમમાં પ્રત્યેકના સીંહાસન સપરિવાર કહેલ છે —

સૂત્ર વ્યાખ્યા — તે સીંહાસનની પશ્ચિમ-ઉત્તરમાં અર્થાત્ વાયવ્ય ખૂણામાં છે. ઉત્તર દિશામાં અને ઉત્તરપૂર્વ-ઈશાન ખૂણામાં સર્વ સંકલનાથી ત્રણે દિશામાં અહીં વિજય દેવના ચાર સમાનમાં - વિજય દેવ સદૃશ આયુ, ધુતિ, વૈભવાદિમાં હોય તે સામાનિકો - x - તેના ૪૦૦૦ ભદ્રાસનો કહેલા છે. તે સિંહાસનની પૂર્વમાં અહીં વિજયદેવની ચાર અગ્રમહિષીના - અહીં અભિષેક કરાયેલ દેવી મહિષી કહેવાય છે. તે સ્વપરિવારની બધી દેવીઓમાં અગ્ર-પ્રધાન હોય છે માટે અગ્રમહિષી કહેવાય. તે પ્રત્યેકના હજાર દેવી પરિવાર સહિતના ૪૦૦૦ ભદ્રાસનો કહેલાં છે. તે સિંહાસનની દક્ષિણ પૂર્વે અર્થાત્ અગ્નિ કોણમાં વિજયદેવની અભ્યંતર પર્ષદાના ૮૦૦૦ દેવોને યોગ્ય ૮૦૦૦ ભદ્રાસનો કહેલાં છે, તે સિંહાસનની દક્ષિણ દિશામાં વિજયદેવની મધ્યમા પર્ષદાના ૧૦,૦૦૦ દેવોના ૧૦,૦૦૦ ભદ્રાસનો ઈત્યાદિ - x - છે.

અભ્યંતર, મધ્ય, બાહ્ય પર્ષદાના દેવો કોણ છે? જેના વડે અભ્યંતર પર્ષદાદિ વ્યવહાર થાય છે? અભ્યંતર પર્ષદાના દેવો બોલાવે તો જ સ્વામી પાસે આવે છે, વણ બોલાવ્યા નહીં, કેમકે તેઓ પરમ ગૌરવપાત્રત્વ છે. મધ્યમપર્ષદાના દેવો બોલાવ્યા કે વણ બોલાવ્યા પણ સ્વામી પાસે આવે છે. કેમકે મધ્યમ પ્રતિપત્તિ વિષયવાળા છે. બાહ્ય પર્ષદાવાળા વણ બોલાવ્યા સ્વામી પાસે આવે છે, કેમકે તેમને અકારણ લક્ષણ ગૌરવનું અયોગ્યપણું છે અથવા જેની ઉત્તમ મતિત્વથી વિચારીને વિજયદેવ કાર્યને કરે છે, તે ગૌરવ પર્યાલોચનામાં અત્યંત અભ્યંતર છે તે આભ્યંતરિકા, જેની આગળ અભ્યંતર પર્ષદા સહ પર્યાલોચન કરીને દૃઢીકૃત પદ



ગુણદોષના કથનથી પ્રપંચે છે, તે ગૌરવ પર્યાલોચનામાં મધ્યમ ભાવે હોય તે માધ્યમિકા, જેની આગળ પહેલી પર્ષદા સહ પર્યાલોચિત હોય, બીજી પર્ષદા સાથે પ્રપંચિત પદ આજ્ઞાપ્રધાન થઈ આ કરવું કે ન કરવું તેમ પ્રરૂપે છે, તે ગૌરવ અને પર્યાલોચનથી બહારના ભાવે છે, તે બાહ્યા.

તે સિંહાસનની પશ્ચિમ દિશામાં અહીં વિજયદેવના સાત અનીકાધિપતિના સાત ભદ્રાસનો કહેલાં છે, હવે પરિક્ષેપાંતર કહે છે — તે સીંહાસનની પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ, ઉત્તર એ ચારે દિશામાં અહીં વિજયદેવના ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવોને યોગ્ય ૧૬,૦૦૦ ભદ્રાસનો કહેલાં છે. તે આ રીતે — પૂર્વમાં ૪૦૦૦ ઈત્યાદિ - x -

સૂત્ર વ્યાખ્યા — વૃત્તિમાં તો તે સિંહાસનની બધી દિશામાં સામસ્ત્યથી ઈત્યાદિ વ્યાખ્યાન છે. તે પાઠાંતર અપેક્ષાથી સંભવે છે. બાકીના ભૌમોમાં પૂર્વા-પર મળીને આઠ સંખ્યકમાં પ્રત્યેક-પ્રત્યેક સિંહાસન સપરિવાર સામાનિકાદિ દેવ યોગ્ય ભદ્રાસનરૂપ પરિવાર સહિત કહેલ છે.

વિજયદ્વારના ઉપરના આકારમાં ૧૬ ભેદે રત્નો ઉપશોભિત છે. તે આ પ્રમાણે — રત્ન, વજ, વૈડૂર્ય, લોહિતાક્ષ, મસારગલ્લ, હંસગર્ભ, પુલક, સૌગંધિક, જ્યોતિરસ, અંક, અંજન, રજત, જાત્યરૂપ, અંજન પુલક, સ્ફટિક અને રિષ્ટ. તેની વ્યાખ્યા—

વિજયદ્વારનો ઉપરનો આકાર - ઉત્તરંગાદિરૂપ, સોળ ભેદે રત્નો વડે શોભે છે. રત્ન આદિ. તેમાં રત્ન-કર્કેતનાદિ, વજાદિ રત્ન વિશેષ પ્રસિદ્ધ છે. વિશેષ એ કે — रजत - રૂપું, જાત્યરૂપ-સોનું, આ બંને પણ રત્ન જ છે.

વિજયદ્વારની ઉપર આઠ અષ્ટમંગલ કહેલા છે. તે આ — સ્વસ્તિક, શ્રીવત્સ યાવત્ દર્પણ, સર્વે રત્નમય યાવત્ પ્રતિરૂપ છે. વ્યાખ્યા - x - સુગમ છે.

વિજયદ્વારની ઉપર ઘણાં કાળાચામરધ્વજ છે યાવત્ તે બધાં રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. વિજયદ્વારની ઉપર ઘણાં છત્રાતિછત્ર છે તે પૂર્વવત્. વ્યાખ્યા પૂર્વવત્ - x - x -

ભગવન્ ! તે વિજયદ્વારને ‘‘વિજયદ્વાર’’ કેમ કહે છે ? ગૌતમ ! વિજયદ્વારે વિજય નામે મહર્દ્ધિક, મહાધુતિક, મહાબલ, મહાયશા, મહાસૌખ્યા, પલ્યોપમ સ્થિતિક દેવ વસે છે. તે ત્યાં ૪૦૦૦ સામાનિકો, સપરિવાર ચાર અગ્રમહિષી, ત્રણ પર્ષદા, સાત સૈન્યો, સાત સૈન્યાધિપતિઓ, ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવો, વિજયદ્વાર અને વિજયા રાજધાનીના બીજા ઘણાં વિજયરાજધાની વાસ્તવ્યા દેવો અને દેવીનું આધિપત્ય, પૌરોપત્ય, સ્વામીત્વ, ભર્તૃત્વ, મહત્તરકત્વ, આજ્ઞા-ઐશ્વર્ય સેનાપત્ય કરતો, પાલન કરતો, મહા આહત-નૃત્ય-ગીત આદિના રવ વડે દિવ્ય ભોગોપભોગને ભોગવતો રહે છે. તેથી તે વિજયદ્વારને વિજયદ્વાર કહે છે.

સૂત્ર વ્યાખ્યા — ભગવંત! કયા હેતુથી વિજયદ્વારને વિજયદ્વાર કહે છે. ભગવંતે કહ્યું — વિજયદ્વારમાં વિજય નામે અનાદિકાળના પ્રવાહથી વિજય એ નામનો મહાઋદ્ધિ-ભવન, પરિવારાદિ જેને છે તેવો, મહાધુતિક-જેને શરીરગત અને આભરણગત મોટી ધુતિ છે તે. મહાબલ-શારીરના પ્રાણ, મહાયશ-ખ્યાતિ

જેને છે તે, મહા ઈશ નામે પ્રસિદ્ધિ જેને છે તે મહેશાખ્ય. અથવા ઈશ-ઐશ્વર્ય-પોતાની ખ્યાતિ, તે ઈશાખ્ય. મહાન એવો તે ઈશાખ્ય, તે મહેશાખ્ય અથવા ક્યાંક મહાસૌખ્ય પાઠ છે - પ્રભૂત સત્ વેદ્ય ઉદયને વશ છે તે. પલ્યોપમ સ્થિતિક વસે છે.

તેમાં ૪૦૦૦ સામાનિક, સપરિવાર ચાર અગ્રમહિષી છે, તે પ્રત્યેક એક-એક હજાર સંખ્યક પરિવાર સહિત છે. ત્રણે પર્ષદામાં અનુક્રમે આઠ, દશ, બાર હજાર સંખ્યક દેવો છે. સાત સૈન્ય-આશ્વ, હાથી, રથ, પદાતિ, મહિષ, ગંધર્વ, નાટ્યરૂપ છે. તે સામેના અધિપતિના અને ૧૬,૦૦૦ આત્મરક્ષકો, વિજયદ્વારનું, વિજયા રાજધાનીનું ત્યાં વસતા બીજા અનેક દેવ-દેવીઓનું અધિપતિકર્મ-રક્ષા કરતો, તે રક્ષા સામાન્યથી આત્મરક્ષકો વડે કરાય છે, તેથી કહે છે –

પુરનો પતિ તે પુરપતિ, તેનું કર્મ તે પૌરપત્ય અર્થાત્ બધામાં અગ્રેસરત્વ, તે અગ્રેસરત્વ નાયકત્વ સિવાય પણ થાય, સ્વનાયક નિયુક્ત તથાવિધ ગૃહચિંતક સામાન્ય પુરુષની માફક, તેથી નાયકત્વના સ્વીકારને માટે કહે છે – સ્વામી, તેનો ભાવ તે સ્વામીત્વ અર્થાત્ નાયકત્વ. તે નાયકત્વ પોષકત્વ સિવાય પણ થાય છે, જેમ-મૃગ યૂથાધિપતિ મૃગ. તેથી કહે છે – ભર્તૃત્વ-પોષકત્વ, તેથી જ મહત્તરકત્વ, એ મહત્તરકત્વ કોઈ આજ્ઞારહિતને પણ થાય, જેમ કોઈ વણિકનું સ્વ દાસ-દાસી વર્ગ પ્રતિ હોય. તેથી કહે છે –

આજ્ઞા વડે ઈશ્વર તે આજ્ઞેશ્વર, સેનાનો પતિ સેનાપતિ, આજ્ઞેશ્વર એવો આ સેનાપતિ, તેનું કર્મ આજ્ઞેશ્વર સેનાપત્ય સ્વસૈન્ય પ્રતિ અદ્ભૂત આજ્ઞાપ્રાધાન્ય, અન્ય નિયુક્ત પુરુષ વડે પાલન કરાવતા. મોટા અવાજ સાથે, આખ્યાનક પ્રતિબદ્ધ અથવા અવ્યાહત, નિત્ય અનુબંધ, જે નાટ્યગીત-નૃત્યગાન, જે વાદિત તંત્રી-તલ-તાલ-ત્રુટિત, તંત્રી-વીણા, તલ-હસ્તતલ, તાલ-કંશિકા, ત્રુટિત-બાકીના વાદ્યો તથા જે ઘનમૃદંગ-મેઘ સમાન ધ્વનિ-મુરજ, પટુ પુરુષ વડે પ્રવાદિત. આ બધાંનો જે નાદ, તેના વડે સહકારીભૂત, સ્વર્ગમાં થનાર તે દિવ્ય-અતિપ્રધાન, ભોગાર્હ-ભોગ-શબ્દાદિ ભોગ ભોગો અથવા ભોગ વડે - ઔદારિકકાય ભાવથી અતિશયી ભોગ તે ભોગ ભોગ, તેને ભોગવતો - અનુભવતા વિચરે છે - રહે છે. આ કારણે ગૌતમ! એમ કહે છે – વિજયદ્વાર એ વિજયદ્વાર છે. વિજય નામે તેનો સ્વામી દેવ છે. - x - x -

વિજયદેવની સ્થિતિ પ્રતિપાદક કલ્પ પુસ્તકમાં વિજયને વિજય નામથી બોલાવેલ છે અથવા ગૌતમ ! વિજયદ્વારનું શાશ્વત નામ છે. તે હંમેશા હતું - છે અને રહેશે. અથવા વિજય એ અનાદિપ્રસિદ્ધ નામ છે, બાકી સુગમ છે. - x - x - વિજયદ્વાર વર્ણન કહ્યું.

હવે રાજધાની વર્ણન કહે છે. જેમકે – હે ભગવન્ ! વિજય દેવની વિજયા નામે રાજધાની ક્યાં આવેલી છે ? ગૌતમ ! વિજય દ્વારની પૂર્વે તીર્છા અસંખ્ય દ્વીપ-સમુદ્ર ગયા પછી બીજા જંબૂદ્વીપ દ્વીપમાં ૧૨,૦૦૦ યોજન અવગાહ્ય પછી, આ



વિજયદેવની વિજયા નામે રાજધાની કહી છે. અહીંથી આરંભીને વિજય દેવ૦ ત્યાં સુધીના સૂત્રને જાણવું. પ્રશ્નસૂત્ર સુગમ છે. ઉત્તર સૂત્રમાં વિજયદ્વારની પૂર્વ દિશામાં તીર્છા અસંખ્યાત દ્વીપસમુદ્રો અતિક્રમીને આ અંતરમાં જે બીજો જંબૂદ્વીપ અધિકૃત્ દ્વીપતુલ્ય નામે. આના દ્વારા જંબૂદ્વીપોનું અસંખ્યેયત્વ સૂચવે છે. તેમાં ૧૨,૦૦૦ યોજન અવગાહીને ત્યાં વિજયદેવની વિજયા નામે રાજધાની મેં તથા અન્ય તીર્થંકર વડે કહેવાયેલ છે. તે નિર્ગમન સૂત્ર સુધી કહેવું. - x - x - x - હવે શેષ દ્વારાદિના સ્વરૂપ કથન માટે અતિદેશ –

એ પ્રમાણે વિજયના દ્વારના પ્રકારથી ચારે પણ જંબૂદ્વીપના દ્વારો રાજધાની સહિત કહેવા. [શંકા] વિજય દ્વારના વર્ણિતપણાથી સૂત્રમાં કઈ રીતે ચતુર્દ્વાર વિષયક અતિદેશ સમસૂત્રિ છે ?

અતિદેશથી અતિદેશ પ્રતિયોગીના અત્યંત તુલ્ય વર્ણકત્વના પ્રતિપાદનાર્થે છે. તેથી જે રીતે વિજયદ્વારનું વર્ણક છે, તે રીતે વૈજયંત, જયંત, અપરાજિત દ્વારોનું પણ છે. જે રીતે આ ત્રણે દ્વારો છે, તે રીતે વિજયદ્વાર પણ છે. જેમ વિજયરાજધાનીનું વર્ણક છે, તે રીતે વૈજયંતા, જયંતા, અપરાજિતા રાજધાનીનું પણ છે. જે રીતે તે ત્રણેનું છે, તે રીતે વિજયા રાજધાનીનું પણ છે.

આ દ્વારો પૂર્વ દિશાથી પ્રાદક્ષિણા વડે નામથી જાણવા. તે આ રીતે – પૂર્વમાં વિજય, દક્ષિણમાં વૈજયંત, પશ્ચિમમાં જયંત અને ઉત્તરમાં અપરાજિત છે.

અહીં વૈજયંતાદિ દ્વારો પણ જીવાભિગમથી જ પ્રશ્ન અને ઉત્તરરૂપે આલાપકો જાણવા. તે આ રીતે – ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપનું વૈજયંત નામે દ્વાર ક્યાં કહેલ છે ? ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપમાં મેરુ પર્વતની દક્ષિણે ૪૫,૦૦૦ અબાધાથી જંબૂદ્વીપ દ્વીપના દક્ષિણાંતથી લવણ સમુદ્ર દક્ષિણાર્દ્ધના ઉત્તરથી અહીં જંબૂદ્વીપ દ્વીપનું વૈજયંત નામે દ્વાર કહેલ છે. આઠ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી આદિ બધી વક્તવ્યતા યાવત્ નિત્ય છે. રાજધાની, તે દક્ષિણથી યાવત્ વૈજયંત દેવ.

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપનું જયંત નામે દ્વાર ક્યાં કહેલ છે ? ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપના મેરુ પર્વતની પશ્ચિમે ૪૫,૦૦૦ અબાધાથી જંબૂદ્વીપના પશ્ચિમાંતથી લવણ સમુદ્રના પશ્ચિમાર્દ્ધના પૂર્વથી સીતોદા મહાનદીની ઉપર આ જંબૂદ્વીપનું જયંત નામે દ્વાર કહેલ છે, પ્રમાણ પૂર્વવત્, જયંતદેવ, પશ્ચિમથી તે રાજધાની યાવત્ જયંતદેવ છે.

ભગવન્ ! જંબૂદ્વીપનું અપરાજિત નામે દ્વાર ક્યાં કહેલ છે ? ગૌતમ ! મેરુની ઉત્તરમાં ૪૫,૦૦૦ યોજન અબાધાથી જંબૂદ્વીપ દ્વીપના ઉત્તરાંતથી લવણસમુદ્રમાં ઉત્તરની દક્ષિણથી અહીં જંબૂદ્વીપ દ્વીપનું અપરાજિત નામે દ્વાર કહેલ છે, પ્રમાણ પૂર્વવત્ રાજધાની, ઉત્તરથી યાવત્ અપરાજિત દેવ છે.

ચારે અન્ય જંબૂદ્વીપમાં છે.

હવે વ્યાખ્યા – ભગવન્ ! જંબૂદ્વીપનું વૈજયંત નામે દ્વાર ક્યાં આવેલ છે ? ગૌતમ ! મેરુની દક્ષિણ દિશામાં ૪૫,૦૦૦ યોજન અબાધાથી, બાધા-આક્રમણ, ન

બાધા તે અબાધા. દૂરવર્તીત્વથી અનાક્રમણ-અપાંતરાલ. અપાંતરાલને છોડીને.

જંબૂદ્વીપ દ્વીપના દક્ષિણ છેડાથી, લવણ સમુદ્રના દક્ષિણાર્દ્ધના ઉત્તરથી જંબૂદ્વીપ દ્વીપનું વૈજયંત નામે દ્વાર છે. આઠ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી ઈત્યાદિ, વિજયદ્વાર સંબંધી બધી વક્તવ્યતા યાવત્ નિત્ય. વૈજયંત દેવની વૈજયંતી નામે રાજધાની ઈત્યાદિ બધું પૂર્વવત્. વૈજયંત દેવ. એ પ્રમાણે જયંત, અપરાજિત દ્વાર વક્તવ્યતા પણ કહેવી. માત્ર દિશાનો ફેર છે. - x -

હવે વિજયાદિ દ્વારનું પરસ્પર અંતર બતાવે છે —

● **સૂત્ર-૯,૧૦ :-**

***[૯] ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપના એક દ્વારથી બીજા દ્વારનું અબાધા અંતર કેટલું કહ્યું છે ? ગૌતમ ! ૭૯,૦૫૨ યોજન અને કંઈક ન્યૂન અર્ધ યોજન એક દ્વારથી બીજા દ્વારનું અબાધા અંતર કહેલ છે.***

***[૧૦] જંબૂદ્વીપનું દ્વારાંતર કંઈક ન્યૂન ૭૯,૦૫૨ યોજનનું છે.***

● **વિવેચન-૯,૧૦ :-**

ભદંત! જંબૂદ્વીપ દ્વીપ સંબંધી દ્વારથી દ્વારનું કેટલા પ્રમાણમાં અબાધા અંતર છે? બાધા - પરસ્પર સંશ્લેષથી પીડવું તે. બાધા નહીં તે અબાધા. તે અબાધા વડે જે અંતર અર્થાત્ વ્યવધાન. અહીં અંતર શબ્દ મધ્ય વિશેષાદિ અર્થોમાં વર્તતું જાણવું. તેથી તેના વ્યવચ્છેદથી વ્યવધાન અર્થ પરિગ્રહણ કરવા માટે 'અબાધા' શબ્દ લીધો છે.

અહીં ઉત્તરમાં ભગવંત કહે છે — ગૌતમ! ૭૯,૦૫૨ યોજન અને દેશોન અડધું યોજન દ્વારથી દ્વારનું અબાધા અંતર કહેલું છે. તે આ રીતે — જંબૂદ્વીપ પરિધિ પૂર્વે નિર્દેશ કર્યા મુજબ - ૩,૧૬,૨૨૭ યોજન, ૩-ક્રોશ, ૧૨૮-ધનુષ્, ૧૩॥ અંગુલ છે. અહીંથી દ્વાર ચતુષ્કનો વિસ્તાર ૧૮ યોજન બાદ કરવો. જેથી એકૈક દ્વારનો વિસ્તાર ચાર યોજન પ્રતિ દ્વાર અને બે દ્વાર શાખાનો વિસ્તાર બે ક્રોશ છે. આ દ્વાર અને શાખાના પરિમાણને ચાર વડે ગુણતાં ૧૮ યોજન આવશે. તેને બાદ કરતાં શેષ પરિધિ ગણતાં ૩,૧૬,૨૦૯ યોજનરૂપને ચતુર્ભાગમાં પ્રાપ્ત યોજન ૭૯,૦૫૨ યોજન, એક ક્રોશ તથા પરિધિના ત્રણ કોશના ધનુષ્ કરતાં ૬૦૦૦ ધનુષ્ થાય. તેમાં પરિધિમાં રહેલ ૧૨૮ ધનુષ્ ઉમેરતાં ૬૧૨૮ ધનુષ્ થાય છે, તેને પણ ચાર વડે ભાંગતા ૩-અંગુલ આવે, શેષ એક અંગુલમાં આઠ યવ છે, તેમાં પરિધિના પાંચ યવ ઉમેરતાં ૧૩-યવો થશે. તેને પણ ચાર વડે ભાંગતા ત્રણ યવ આવશે. પછી એક યવ રહેશે. તેના આઠ યૂકા થશે. તેમાં પરિધિના એક યૂકાને ઉમેરતાં નવ યૂકા થાય. તેને ચાર વડે ભાંગની બે યૂકા આવે. શેષની અલ્પપણાથી વિવક્ષા કરી નથી.

અને આ બધું દેશોન એક ગાઉ થાય છે, પૂર્વ પ્રાપ્ત ગાઉની સાથે દેશોન અર્ધયોજન થાય.

આ જ અર્થને લાઘવતાને માટે ગાથા વડે કહેલ છે.



હવે ચોથો પ્રશ્ન જ આકાર ભાવ પ્રત્યવારરૂપમાં ભરતક્ષેત્રનું સ્વરૂપ જિજ્ઞાસુ પૂછે છે —

● **સૂત્ર-૧૧ :-**

***ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં ભરત નામે ક્ષેત્ર ક્યાં કહ્યું છે ? ગૌતમ ! લઘુ હિમવંત વર્ષધર પર્વતની દક્ષિણેથી દક્ષિણ લવણસમુદ્રની ઉત્તરેથી પૂર્વ લવણસમુદ્રની પશ્ચિમથી પશ્ચિમ લવણસમુદ્રની પૂર્વે. અહીં જંબૂદ્વીપ દ્વીપમાં ભરત નામે ક્ષેત્ર કહેલ છે.***

***આ ભરતક્ષેત્રમાં સ્થાણુ, કંટક, વિષમ, દુર્ગ, પર્વત, પ્રવાદ, ઉજ્ઝર, નિર્ઝર, ખાડી, દરિ, નદી, દ્રહ, વૃક્ષ, ગુચ્છ, ગુલ્મ, લતા, વેલ, અટવી, શ્વાપદ, તૃણ, તસ્કર, ડિંભ, ડમર, દુર્ભિક્ષ, દુષ્કાળ, પાખંડ, કૃપણ, વનીપક, ઈતિ, મારિ, કુવૃષ્ટિ, અનાવૃષ્ટિ, રાજા, રોગ, સંક્લેશ, વારંવારનો સંક્ષોન [આ બધાં]ની બહુલતા છે.***

***આ ભરતક્ષેત્ર પૂર્વ-પશ્ચિમ લાંબુ, ઉત્તર-દક્ષિણ વિસ્તીર્ણ, ઉત્તરથી પલ્યંક સંસ્થાન સંસ્થિત, દક્ષિણથી ધનુપૃષ્ઠ સંસ્થિત છે, ત્રણ તરફથી લવણસમુદ્રને સ્પર્શિત, ગંગા-સિંધુ મહાનદી વડે અને વૈતાઢ્ય પર્વતથી છ ભાગમાં વિભક્ત છે.***

***જંબૂદ્વીપદ્વીપના ૧૯૦ ભાગ કરતાં, ૫૨૬-યોજન અને એક યોજનના ૬/૧૯ ભાગ વિષ્કંભથી છે.***

***ભરતક્ષેત્રના બહુમધ્યદેશ ભાગમાં વૈતાઢ્ય નામે પર્વત કહેલ છે. જે ભરતક્ષેત્રને બે ભાગમાં વિભાગ કરતો રહેલ છે, તે આ પ્રમાણે - દક્ષિણાર્દ્ધભરત અને ઉત્તરાર્ધ ભરત.***

● **વિવેચન-૧૧ :-**

પૂછનારની અપેક્ષાથી નીકટપણાથી પહેલા ભરતનું જ પ્રશ્ન સૂત્ર છે. ભગવન્ ! જંબૂદ્વીપમાં ભરત નામે વર્ષક્ષેત્ર ક્યાં કહ્યું છે ? ભગવંતે કહ્યું — ગૌતમ ! ચૂલ્લ શબ્દ દેશી છે, ક્ષુલ્લ તેનો પર્યાય છે. મહાહિમવંતની અપેક્ષાથી લઘુ, જે હિમવાન્ વર્ષધર પર્વત-ક્ષેત્ર મર્યાદા કરનાર પર્વત વિશેષ, તેના દક્ષિણથી, દક્ષિણ દિશામાં દાક્ષિણાત્ય લવણ સમુદ્રની ઉત્તરમાં પૂર્વી લવણ સમુદ્રની પશ્ચિમે પાશ્ચાત્ય લવણસમુદ્રની પૂર્વ દિશામાં જે અવકાશ છે, ત્યાં ભરતક્ષેત્ર છે.

તેમાં શું વિશેષ છે ? સ્થાણુ-કીલક, જે છેદાયેલ વનસ્પતિના શુષ્ક અવયવરૂપ છે, લોકમાં ઠુંઠું કહે છે. તે પ્રચુર વ્યાપ્ત છે. અથવા જ્યાં ઘણાં ઠુંઠા છે તે. એમ બધે પદ યોજના કરવી.

કંટક-બોરના કાંટા, વિષમ-ઉંચાનીચા સ્થાન. દુર્ગ-દુર્ગમ સ્થાન, પર્વત-નાના ગિરિ, પ્રપાત-જ્યાં મરવાની ઈચ્છાવાળા લોકો ઝંપ કરે છે અથવા પ્રપાત-રાત્રિઘાટી, અવઝર-પર્વતના તટથી જળનું અધઃપતન, તે સદા અવસ્થાયી હોય તો નિર્ઝર. ગર્ત્તા-ખાડો. દરિ-ગુફા. વૃક્ષ-સહકાર આદિ, ગુચ્છ-વૃંતાકી આદિ, ગુલ્મ-નવમાલિકાદિ. લતા-પદ્મલતાદિ, વલ્લી-કૂષ્માંડી આદિ, અહીં નદી, દ્રહ, વૃક્ષાદિનું અશુભ ભાવજનિત

બાહુલ્ય જાણવું, પણ તેવા પ્રકારના શુભ ભાવજનિત હોવાથી એકાંત સુષમાદિ કાળમાં તેમ ન હોય. - x -

અટવી-જનનિવાસ સ્થાનથી ઘણી દૂર ભૂમિ. શ્વાપદ-હિંસક જીવ, સ્તેન-ચોર, તસ્કર-સર્વદા ચોરી કરનાર, ડિંબ-સ્વદેશમાં થતો વિપ્લવ. ડમર-પરરાજાકૃત્ ઉપદ્રવ, દુર્ભિક્ષ-ભિક્ષાચરોને ભિક્ષાની દુર્લભતા, દુષ્કાળ-ધાન્યનું મોંઘાપણું આદિ દુષ્ટકાળ. પાખંડ-પાખંડી જન વડે સ્થાપિત મિથ્યાવાદ, વનીપક-યાચક, ઈતિ-ધાન્યાદિ ઉપદ્રવકારી શલભ-મૂષકાદિ. મારિ-મરકી, કુવૃષ્ટિ-કુત્સિત વૃષ્ટિ, ખેડૂત લોકોને ન ગમે તેવો વરસાદ. અનાવૃષ્ટિ-વર્ષાનો અભાવ, રાજા-આધિપત્ય કરનાર, જે પ્રજાને પીડાકારી હોય. સંક્ષોભ-ચિત્તની અનવસ્થિતતા - x -

આ બધાં વિશેષણ ભરતના છે તે પ્રજ્ઞાપકની અપેક્ષાથી મધ્યકાલીન અનુભાવ જ વર્ણવેલ છે. તેના વડે ઉત્તરસૂત્રમાં એકાંત સુષમાદિમાં બહુસમરમણીયત્વ અતિસ્નિગ્ધત્વ આદિ છે એકાંત દુઃષમાદિમાં નિર્વનસ્પતિકત્વ, અરાજત્વાદિ છે, તેથી હવે કહેવાનાર (કથન) વિરોધી નથી.

દિશા વિવક્ષામાં પ્રાચીન એટલે પૂર્વ - x - પૂર્વ પશ્ચિમ લાંબુ. ઉત્તર-દક્ષિણ પહોળું. - x - હવે તે જ સંસ્થાનથી વિશેષિત કરે છે. ઉત્તર દિશામાં પલ્યંક માફક સંસ્થાન જેનું છે તે, દક્ષિણ દિશામાં આરોપિત-જ્યાના ધનુષ્ - કોદંડના પૃષ્ઠ-પાશ્ચાત્ય ભાગ, તેની જેમ સંસ્થાન જેનું છે તે. તેથી આ ધનુઃપૃષ્ઠ શરજીવા બાહાનો સંભવ છે. આનું સ્વરૂપ સ્વ-સ્વ અવસરે નિરૂપિત કરાશે. ત્રિધા-પૂર્વ કોટિ ધનુઃપૃષ્ઠ અપર કોટિ વડે લવણસમુદ્ર - ક્રમથી પૂર્વ-દક્ષિણ-અપર લવણસમુદ્ર અવયવને સ્પર્શે છે - x - અર્થાત્ પૂર્વકોટિ વડે પૂર્વ લવણસમુદ્ર ધનુઃપૃષ્ઠથી દક્ષિણલવણસમુદ્રને અપરકોટિ વડે પશ્ચિમ લવણસમુદ્રને સ્પર્શીને રહેલ છે. હવે આને છ ખંડ વિભાજન દ્વારા વિશેષિત કરે છે — ગંગા, સિંધુ મહાનદી વડે અને વૈતાઢ્ય પર્વત વડે છ સંખ્યા ભાગ થાય અર્થાત્ અનંતરોક્ત ત્રણ વડે દક્ષિણ-ઉત્તરના પ્રત્યેકના ત્રણ ખંડ કરવાથી ભરતના છ ખંડ કરેલાં છે.

હવે જો જંબૂદ્વીપના એકદેશભૂત ભરત છે, તો વિષ્કંભથી કેટલામાં ભાગે તે કહેવાય ? જંબૂદ્વીપ દ્વીપના વિષ્કંભનો ૧૯૦મો જે ભાગ, તેમાં છે. હવે ૧૯૦માં ભાગમાં કેટલાં યોજનો છે તે કહે છે - ૫૨૬ યોજન અને એક યોજનનો ૬/૨૧ ભાગ. શું અર્થ છે ? જેવો ૧૯માં ભાગ સમુદિત વડે યોજન થાય, તેવા છ ભાગો. - x - અહીં અંક સ્થાપના - ૫૨૬| ૬/૧૯. તેનો ભાવ આ પ્રમાણે - જંબૂદ્વીપના વિસ્તારના લાખ યોજન રૂપના ૧૯૦ ભાગથી પ્રાપ્ત. ૫૨૬|૬/૧૯ યોજન. આટલો જ ભરતક્ષેત્રનો વિસ્તાર છે.

(શંકા) ભાજકરાશિ ૧૯૦ રૂપ છે. છ ભાગ યોજન વડે ૧૯ કળારૂપ છે. તે વિસદૃશ સમાન લાગે છે. [સમાધાન] ગણિતનિપુણને બધું સુજ્ઞાન જ છે. તે આ રીતે — જંબૂદ્વીપનો વ્યાસ લાખ યોજન છે. તેને ૧૯૦ વડે ભાગ દેતાં શેષ-૬૦-વધે છે. ૬૦ને ૧૯૦ વડે ભાંગી ન શકાય, તેથી ભાજ્ય-ભાજક રાશિ ૬૦/૧૯૦ને ૧૦ વડે છેદ



કરતાં ૬/૧૯ ભાજ્ય રાશિ-૬, ભાજક રાશિ-૧૯ આવે છે.

(શંકા) ૧૯૦ રૂપ ભાજક અંકની ઉત્પત્તિમાં બીજ શું છે ? [ઉત્તર] એક ભાગ ભરતનો, બે ભાગ હિમવતના-કેમકે પૂર્વક્ષેત્રથી બમણું છે. ચાર હૈમવંત ક્ષેત્રના - કેમકે પૂર્વ વર્ષધરથી બમણાં છે, આઠ મહાહિમવંતના, ૧૬-હરિવર્ષના, ૩૨-નિષધના એ બધાં મળીને ૬૩-ભાગ થયા. આ મેરુથી દક્ષિણે થયા. એ રીતે ઉત્તર તરફ પણ ૬૩ ભાગ થશે અને વિદેહ ક્ષેત્રના ૬૪-ભાગ થાય. તેથી ૬૩+૬૪+૬૩=૧૯૦ થશે. સર્વ પ્રમાણથી આટલા ભાગો વડે દક્ષિણથી-ઉત્તરથી જંબૂદ્વીપ લાખ યોજનથી પૂરિત થાય છે. તેથી ૧૯૦ વડે ભાગ દીધો.

હવે જે કહ્યું કે — ગંગા, સિંધુ, વૈતાઢ્યથી છ ભાગ થાય છે. તે વૈતાઢ્યના સ્વરૂપની પ્રરૂપણા કરવા કહે છે — ભરતના બહુમધ્ય દેશ ભાગમાં વૈજયંતદ્વારથી ત્રણ કળા અધિક ૨૩૮ યોજન અતિક્રમી ૫૦-યોજન ક્ષેત્રખંડમાં વૈતાઢ્ય નામે પર્વત કહેલ છે. તે ભરતક્ષેત્રને બે ભાગમાં વિભક્ત કરે છે. - x - x -

તેમાં આદિમાં નીકટપણાથી દક્ષિણાર્દ્ધ ભરતનો પ્રશ્ન —

**● સૂત્ર-૧૨ :-**

***ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં દક્ષિણાર્દ્ધ ભરત નામે ક્ષેત્ર ક્યાં કહેલ છે ? ગૌતમ ! વૈતાઢ્ય પર્વતની દક્ષિણથી દક્ષિણી લવણ સમુદ્રની ઉત્તરથી પૂર્વી લવણસમુદ્રની પશ્ચિમથી, પશ્ચિમ લવણ સમુદ્રની પૂર્વથી આ જંબૂદ્વીપ દ્વીપમાં દક્ષિણાર્દ્ધ ભરત નામે વર્ષક્ષેત્ર કહેલ છે. તે પૂર્વ-પશ્ચિમ લાંબુ, ઉત્તર-દક્ષિણ વિસ્તીર્ણ છે, અર્ધચંદ્ર સંસિથાન સંસ્થિત છે. ત્રણ સ્થાને લવણસમુદ્રને સ્પૃષ્ટ છે. ગંગા અને સિંધુ મહાનદી વડે ત્રણ ભાગમાં વિભક્ત છે.***

***દક્ષિણાર્દ્ધ ભરત ક્ષેત્ર ૨૩૮ યોજન અને એક યોજનના ૩/૧૯ ભાગ વિષ્કંભથી છે.***

***તેની જીવા ઉત્તરથી પૂર્વ-પશ્ચિમ લાંબી લવણસમુદ્રને બે સ્થાને સ્પૃષ્ટ છે, પૂર્વી કોટિથી પૂર્વના લવણ સમુદ્રને સ્પૃષ્ટ છે, પશ્ચિમ કોડીથી પશ્ચિમના લવણસમુદ્રને સ્પૃષ્ટ છે.***

***દક્ષિણાર્દ્ધ ભરતક્ષેત્ર-૯૭૪૮-યોજન અને એક યોજનના ૧૨/૧૯ ભાગ લંબાઈથી તેનું ધનુપૃષ્ઠ, દક્ષિણથી ૯૭૬૬ યોજન અને એક યોજનનો ૧/૧૯ ભાગથી કંઈક વિશેષાધિક પરિક્ષેપથી કહેલ છે.***

***ભગવન્ ! દક્ષિણાર્દ્ધ ભરતક્ષેત્રના કેવા પ્રકારે આકાર-ભાવ પ્રત્યવતાર કહેલ છે ? ગૌતમ ! બહુસમરમણીય ભૂમિભાગ કહેલ છે. જેમ કોઈ આલિંગપુષ્કર યાવત્ વિવિધ પંચવર્ણી મણી અને તૃણ વડે ઉપશોભિત છે. તે આ રીતે કૃત્રિમ અને અકૃત્રિમ વડે.***

***ભગવન્ ! દાક્ષિણાર્દ્ધ ભરતક્ષેત્રના મનુષ્યોના કેવા આકાર ભાવ પ્રત્યવતાર કહેલ છે ? ગૌતમ ! તે મનુષ્યોના સંઘયણ, સંસ્થાન, ઉચ્ચત્વપર્યાય અને આયુ પર્યાયો ઘણાં પ્રકારે છે. ઘણાં વર્ષો આયુને પાળે છે, પાળીને કેટલાંક મનુષ્યો***

***નરકગામી, કેટલાંક તિર્યંચગામી, કેટલાંક મનુષ્યગામી, કેટલાંક દેવગામી થાય છે. કેટલાંક સિદ્ધ-બુદ્ધ-મુક્ત થઈ પરિનિર્વાણ પામી, સર્વ દુઃખોનો અંત કરે છે.***

**● વિવેચન-૧૨ :-**

આ સૂત્ર પૂર્વસૂત્રથી સમાન આલવાપણે વિવૃત્ત પ્રાય છે. વિશેષ એ – અર્દ્ધ ચંદ્ર સંસ્થાન સંસ્થિતત્વ, દક્ષિણભરતાર્દ્ધના જંબૂદ્વીપ પટ્ટ આદિમાં આલેખ દર્શનથી વ્યક્ત જ છે. તથા ત્રણ સંખ્યા ભાગ તે ત્રિભાગ, તેના વડે વિભક્ત છે. તેનો પૂર્વી ભાગ ગંગા વડે પૂર્વ સમુદ્રના મીલનથી કરેલ છે. પાશ્ચાત્ય ભાગ સિંધુ વડે પશ્ચિમ સમુદ્રને મળવાથી કરેલ છે. મધ્યભાગ ગંગા-સિંધુ વડે કૃત્ છે.

૨૩૮ યોજન અને યોજનના $^{3}/_{૧૯}$ ભાગ વિષ્કંભથી છે અહીં શું કહે છે ? ૫૨૬|$^{૬}/_{૧૯}$ યોજન ભરત વિસ્તારથી, વૈતાઢ્ય વિસ્તારમાં ૫૦ યોજન શોધિત કરતાં બાકી રહેલ ૪૭૬ યોજન અને ૬-કળા એટલે કે ૪૭૬|$^{૬}/_{૧૯}$ થાય. તેનું અડધું એટલે ૨૩૮ યોજન અને ૩-કળા = ૨૩૮|$^{3}/_{૧૯}$ થશે. એ રીતે યથોક્ત પ્રમાણ થાય છે. આના દ્વારા શર-પ્રરૂપણા કરી, કેમકે શર, વિષ્કંભ અભેદ છે.

હવે જીવા સૂત્ર કહે છે – તે દક્ષિણાર્દ્ધ ભરતની જીવા સમાન જીવા - ઋજ્વી સર્વાન્તિમ પ્રદેશ પંક્તિ છે.

મેરુ દિશાની ઉત્તરમાં, પૂર્વમાં પ્રતીચીન-પશ્ચિમમાં લંબાઈ વાળી, બે તરફ લવણસમુદ્રને સ્પૃષ્ટ, આ જ અર્થને પ્રગટ કરે છે – પૂર્વ કોટિ-અગ્રભાગથી પૂર્વી લવણસમુદ્ર અવયવને સ્પર્શીને પાશ્ચાત્ય કોટિ વડે લવણસમુદ્ર અવયવને સ્પૃષ્ટ છે. ૯૭૪૮ યોજન અને એક યોજનના $^{૧૨}/_{૯}$ ભાગ લંબાઈથી છે. જે સમવાયાંગ સૂત્રમાં- દક્ષિણાર્દ્ધ ભરતની જીવા પૂર્વ-પશ્ચિમ લાંબી છે, તે બંને બાજુ લવણસમુદ્રને સ્પૃષ્ટ છે. ૯૦૦૦ યોજન આયામથી કહ્યું, તે સૂચના માત્રપણે છે, સૂત્રની શેષ વિવક્ષા કરેલ નથી. વૃત્તિકારે આ અવશિષ્ટ રાશિરૂપ વિશેષ ગૃહીત છે.

અહીં સૂત્રમાં અનુક્ત છતાં જીવા લાવવા માટે કરણભાવના દર્શાવે છે. તે આ રીતે – વિવક્ષિત ક્ષેત્રમાં જંબૂદ્વીપના વ્યાસથી શોધાય છે. તેથી જે આવે, તેને ઈષુ વડે ગુણાય છે. પછી ફરી ચાર વડે ગુણાય છે. અહીં સ-સંસ્કાર રાશિ વિવક્ષિત ક્ષેત્રનો જીવાવર્ગ કહેવાય છે. આના મૂળને ગ્રહણ કરતાં જે પ્રાપ્ત થાય, તે જીવાની કલાનું પ્રમાણ છે. તેની ૧૯ ભાગમાં યોજનરાશિ અને શેષ કલારાશિ. તેમાં જીવાદિ પરિજ્ઞાન ઈષુ પરિમાણ પરિજ્ઞાન વિના ગણેલ છે. તે પરિપૂર્ણ જનસંખ્યાંક નથી, પણ કલા વડે આતિરેક કરીને વિવક્ષિત ક્ષેત્રાદિથી ઈષુના સવર્ણનાર્થે કલા કરાય છે. તે કલીકૃતથી જ જંબૂદ્વીપ વ્યાસ વડે સુખે શોધનીય છે.

એ પ્રમાણે મંડલક્ષેત્ર વ્યાસ પણ ૧, શૂન્ય-૫-રૂપ કલીકરણને માટે ૧૯ વડે ગુમતાં થશે-૧૯, શૂન્ય-૫. પછી દક્ષિણ ભરતાર્ધની ઈષુના ૨૩૮ યોજન માત્ર કલિકૃતના પ્રક્ષિપ્ત ઉપરની કલા ત્રિકના ૪૫૨૫-રૂપથી ગુણીએ, આવશે ૮,૫૭,૭૦,૨૪,૩૭૫ આ ચતુર્ગુણ ૩૪,૩૦,૮૦,૯૭,૫૦૦, આ દક્ષિણાર્દ્ધ ભરતનો જીવાવર્ગ. તેનું વર્ગમૂળ કરવાથી આવે ૧,૮૫,૨૨૪ કળા. શેષ કલાંશ ૧,૬૭,૩૨૪ અને નીચે છેદરાશિ ૩,૭૦,૪૪૮.



પ્રાપ્ત કલાના ૧૯ ભાગમાં યોજન-૯૭૪૭ અને કળા-૧૨. આ દક્ષિણાર્દ્ધ ભરતની જીવા છે.

એ પ્રમાણે વૈતાઢ્યાદિ જીવામાં પણ કહેવું. જ્યાં સુધી દક્ષિણ તરફની વિદેહાર્દ્ધ જીવા છે, એ પ્રમાણે ઉત્તરાર્દ્ધ ઐરાવત જીવા, યાવત્ ઉત્તરાર્દ્ધ વિદેહ જીવા પણ કહેવી.

હવે દક્ષિણ ભરતાર્દ્ધના ધનુઃપૃષ્ઠનું નિરૂપણ કરે છે – અનંતરોક્ત જીવાથી દક્ષિણની દિશા-લવણ દિશા. ધનુપૃષ્ઠ અધિકારથી દક્ષિણ ભરતાર્દ્ધનું કહેવું-વ્યાખ્યા કરવી. ૯૭૬૬ યોજન અને એક યોજનના $^{૧}/_{૧૯}$ ભાગથી કંઈક વિશેષાધિક પરિધિથી કહેલ છે.

અહીં કરણભાવના જે રીતે વિવક્ષિત છે, આ વિવક્ષિત ગુણોમાં પુનઃ છ-ગુણ વિવક્ષિત જીવા વર્ગયુક્ત જે રાશિ છે તે ધનુઃપૃષ્ઠ વર્ગ એ રીતે ઓળખાવાય છે. તેના વર્ગમૂળમાં પ્રાપ્ત કળાના ૧૯ ભાગમાં યોજન પ્રાપ્ત થાય છે-અવશિષ્ટ કળા છે.

તેથી કહે છે – દક્ષિણ ભરતાર્દ્ધમાં કળા-૪૫૨૫. આનો વર્ગ ૨,૦૪,૭૫,૬૨૫, આના છ ગુણ-૧૨,૨૮,૫૩,૭૫૦ થાય. હવે દક્ષિણાર્દ્ધ ભરતનો જીવાવર્ગ થશે - ૩૪,૩૦,૮૦,૯૭,૫૦૦. આની યુતિ ૩૪,૪૩,૦૯,૫૧,૨૫૦ થાય. આ ધનુઃપૃષ્ઠ વર્ગ છે. આના વર્ગમૂળમાં પ્રાપ્ત કળા - ૧,૮૫,૫૫૫ છે અને બાકી કલાંશ ૨,૯૩,૨૨૫ થાય. છેદકરાશિ નીચેથી - ૩,૭૧,૨૧૦, કળાના ૧૯ ભાગમાં, યોજન - ૯૭૬૬ અને કળા-૧ અને જે વર્ગમૂળ અવશિષ્ટ કલાંશા છે, તે વિવક્ષાથી અને સૂત્રકારે કલાથી વિશેષ અધિકપણાથી કહેલ છે.

કહે છે – એ પ્રમાણે જીવાકરણમાં પણ વર્ગમૂલ અવશિષ્ટ કલાંશના સદ્‌ભાવથી, ત્યાં પણ ઉક્ત કળાનું સાધિકત્વ પ્રતિપાદન ન્યાયપ્રાપ્ત છે, તો પણ કેમ ન કહ્યું ? - ઉત્તરમાં કહે છે - સૂત્રગતિના વૈચિત્ર્યથી અવિવક્ષીત હોવાથી નથી કહ્યું. - x - વૈતાઢ્યાદિ ધનુપૃષ્ઠોમાં પણ એ પ્રમાણે કહેવું. દાક્ષિણાત્ય વિદેહાર્દ્ધ ધનુપૃષ્ઠ જે પ્રમાણે છે, તે પ્રમાણે ઉત્તર ઐરવતાર્દ્ધનું ધનુપૃષ્ઠ છે, એ પ્રમાણે ઉત્તરાર્દ્ધવિદેહનું પણ ધનુપૃષ્ઠ છે. અહીં દક્ષિણાર્દ્ધ ભરતમાં બાહા અસંભવ છે.

હવે દક્ષિણાર્દ્ધ ભરતનું સ્વરૂપ પૂછતાં આ કહે છે – ભગવન્ ! દક્ષિણાર્દ્ધ ભરતનો કેવો આકાર-સ્વરૂપનો ભાવ-પર્યાય છે, તેનો પ્રત્યવતાર-પ્રાદુર્ભાવ કેવો છે ? અર્થાત્ પ્રસ્તુત ક્ષેત્રનું સ્વરૂપ વિશેષ કેવું છે ?

ભગવંતે કહ્યું – ગૌતમ ! ભરતનો બહુસમરમણીય ભૂમિભાગ કહેલો છે ? "જેમ કોઈ આલિંગપુષ્કર૰ ઈત્યાદિ બહુ સમત્વવર્ણક, બધું જ ગ્રહણ કરવું યાવત્ વિવિધ પંચવર્ણોથી મણિ અને તૃણ વડે ઉપશોભિત છે. તે મણિ અને તૃણમાં શું વિશિષ્ટ છે ? કૃત્રિમ-ક્રમથી શિલ્પી અને કર્ષકાદિના પ્રયોગ વડે નિષ્પન છે. અકૃત્રિમ-ક્રમથી રત્નની ખાણમાંથી ઉપજેલ આદિથી શોભતો દક્ષિણાર્દ્ધ ભરતનો ભૂમિભાગ છે. આના વડે તેનું કર્મભૂમિત્વ કહ્યું, અન્યથા હૈમવતાદિ અકર્મભૂમિમાં પણ આ વિશેષણ કહ્યું હોત. - x -

(શંકા) આ સૂત્ર વડે કહેવાનાર ઉત્તરાર્દ્ધ ભરત વર્ણક સૂત્રથી સાથે "ઠુંઠા-

વિષમતા-કંટકની બહુલતા છે'' ઈત્યાદિ સામાન્ય ભરતવર્ણકસૂત્ર વિરોધ છે. આ સૂત્ર આરા વિશેષની અપેક્ષાથી નથી, સામાન્ય ભરતસૂત્ર પ્રજ્ઞાપકના કાળની અપેક્ષાથી છે, તેથી તેમાં વિરોધ ન કહેવો. કેમકે મણી અને તૃણના કૃત્રિમ અને અકૃત્રિમપણાંને કહેવાથી પ્રજ્ઞાપક કાલીનત્વનું ઔચિત્ય છે. ત્યાં પણ કૃત્રિમ મણી અને તૃણોનો સંભવ છે. પ્રજ્ઞાપકનો કાલ અવસર્પિણીના ત્રીજા આરકના અંતથી આરંભીને સૌ વર્ષ ન્યૂન દુષમા આરા સુધી કહેલ છે.

(સમાધાન) અહીં ''ઠુંઠાની બહુલતા, વિષમતા આદિ સૂત્રના બાહુલ્યની અપેક્ષાથી કહેવાયેલ છે, કોઈ દેશ વિશેષમાં પુરુષ વિશેષના પુન્યફળ ભોગાર્થે ઉપસંપદ્ય્ ભૂમિના બહુસમ રમણીયત્વ આદિમાં વિરોધ નથી. કેમકે ભોજકની વિચિત્રતામાં ભોગ્ય વૈચિત્ર્યની નિયતતા છે. આના દ્વારા તેના એકાંત શુભ, એકાંત અશુભ મિશ્રલક્ષણ ત્રણ કાળનું આધારત્વ દેખાડ્યું. એકાંત શુભ કાળમાં સર્વ ક્ષેત્ર ભાવશુભ અને એકાંત અશુભમાં બધાં અશુભ જ હોય, મિશ્રમાં ક્યાંક શુભ, ક્યાંક અશુભ છે. તેથી જ પાંચમાં આરાથી યાવત્ ભૂમિ ભાગ વર્ણક બહુસમ રમણીયત્વાદિ જ સૂત્રકારે કહ્યું, પણ છઠ્ઠા આરામાં તો એકાંત અશુભ છે, તે રીતે બધું સુસ્થાયી નથી.

હવે તેમાં જ મનુષ્ય સ્વરૂપને પૂછે છે - પ્રશ્નસૂત્ર સુગમ છે. ઉત્તરસૂત્રમાં ભગવંતે કહ્યું — ગૌતમ ! જે સ્વરૂપની તમે જિજ્ઞાસા કરી છે, તે મનુષ્યો ઘણાં-વજ્રઋષભનારાચ આદિ સંઘયણો - x - છે. ઘણાં-સમચતુરસ્રાદિ સંસ્થાનો છે - x - ઘણાં-વિવિધ પ્રકારે શરીરની ઉંચાઈ છે, પર્યાય-૫૦૦ ધનુષ્થી સાત હાથ આદિ વિશેષ છે. આયુ-પૂર્વકોટિથી ૧૦૦ વર્ષ આદિ છે. ઘણાં વર્ષોનું આયુ પાળીને કોઈ નરકગતિમાં, કોઈક તિર્યંચગતિમાં, કોઈ મનુષ્યગતિમાં, કોઈ દેવગતિમાં જાય છે. કોઈ બધાં કર્મોનો ક્ષય કરીને નિષ્ઠીતાર્થી થાય છે. કેવળ જ્ઞાનથી વસ્તુતત્ત્વને જાણે છે, ભવોપગ્રાહી કર્માંશોથી મૂકાય છે, કર્મકૃત્ તાપના વિરહથી શાંત થાય છે, સર્વ દુઃખોનો અંત કરે છે. - x -

હવે તેનો સીમાકારી વૈતાઢ્ય ક્યાં છે ? તે પૂછે છે.

● સૂત્ર-૧૩ :-

*જંબૂદ્વીપ દ્વીપમાં ભરતક્ષેત્રમાં વૈતાઢ્ય નામે પર્વત ક્યાં કહેલો છે ? ગૌતમ ! ઉત્તરાર્દ્ધ ભરતક્ષેત્રની દક્ષિણે દક્ષિણ અર્દ્ધ ભરતક્ષેત્રની ઉત્તરે, પૂર્વી લવણસમુદ્રની પશ્ચિમે, પશ્ચિમ લવણસમુદ્રની પૂર્વે, આ જંબૂદ્વીપ દ્વીપમાં ભરતક્ષેત્રમાં વૈતાઢ્ય નામનો પર્વત કહેલો છે. તે પૂર્વ-પશ્ચિમ લાંબો, ઉત્તર-દક્ષિણ વિસ્તીર્ણ છે. બંને બાજુ લવણ સમુદ્રને સ્પૃષ્ટ છે. પૂર્વની કોટીથી પૂર્વના લવણસમુદ્રને સ્પૃષ્ટ છે, પશ્ચિમની કોટીથી પશ્ચિમના લવણ સમુદ્રને સ્પૃષ્ટ છે.*

*આ વૈતાઢ્ય પર્વત ૨૫-યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી, સવા છ યોજન ઉદ્વેધથી, ૫૦ યોજન વિષ્કંભથી છે. તેની બાહા પૂર્વ-પશ્ચિમ ૪૮૮ યોજન અને એક યોજનના ૧૬/૧૯ ભાગ છે. તથા અર્ધયોજન લંબાઈથી કહી છે.*





*તેની જીવા ઉત્તરમાં પૂર્વ-પશ્ચિમ લાંબી, બંને બાજુ લવણસમુદ્રને સ્પૃષ્ટ, પૂર્વની કોટિથી પૂર્વી લવણસમુદ્રને સ્પૃષ્ટ, પશ્ચિમની કોટિથી પશ્ચિમી લવણસમુદ્રને સ્પૃષ્ટ ૧૦,૭૨૦ યોજન અને યોજનના ૧૨/૧૯ ભાગ આયામથી છે. તેનું ધનુપૃષ્ઠ દક્ષિણથી ૧૦,૭૪૩ યોજન અને યોજનના ૧૫/૧૯ ભાગ પરિધિ છે.*

*તે વૈતાઢ્ય પર્વત રુચક સંસ્થાન સંસ્થિત, સર્વરજતમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ, લષ્ટ, ઘૃષ્ટ, મૃષ્ટ, નીરજ, નિર્મળ, નિષ્પંક, નિષ્કંટક છાયા, પ્રભા-કીરણ સહિત, પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ છે.*

*તેની બંને બાજુ બે પદ્મવરવેદિકા, બે વનખંડ ચોતરફથી વીંટાયેલ છે. તે પદ્મવરવેદિકા અર્ધયોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી, ૫૦૦ ધનુષ્ વિષ્કંભથી, પર્વતસમાન આયામથી છે. વર્ણન કહેવું.*

*તે વનખંડ દેશોન બે યોજન વિષ્કંભથી, પદ્મવર વેદિકા સમાન આયમથી, કૃષ્ણ-કૃષ્ણાવભાસ યાવત્ વર્ણન કરવું.*

*વૈતાઢ્ય પર્વતની પૂર્વ-પશ્ચિમમાં બે ગુફા કહેલ છે. ઉત્તર-દક્ષિણ પૂર્વ-પશ્ચિમ વિસ્તીર્ણ, ૫૦ યોજન આયમથી, ૧૨-યોજન વિષ્કંભથી, આઠ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી, વજ્રમય કપાટ-અવઘાટીનીથી, યમલ યુગલ ઘનકપાટથી દુષ્પ્રવેશ્ય, નિત્યાંધકારથી તમિસ્ર, ગ્રહ-ચંદ્ર-સૂર્ય-નક્ષત્ર અને જ્યોતિષ્ પ્રભાથી રહિત યાવત્ પ્રતિરૂપ છે. તે બે ગુફા આ પ્રમાણે - તમિસ્રગુફા અને ખંડપ્રપાતગુફા.*

*તે ગુફામાં બે મહર્દ્ધિક, મહાદ્યુતિક, મહાબલી, મહાયશસ્વી, મહાસૌખ્ય, મહાનુભાવ અને પલ્યોપમ સ્થિતિક દેવો વસે છે. તે આ રીતે — કૃતમાલ અને નૃત્યમાલ.*

*તે વનખંડના બહુસમરમણીય ભૂમિભાગથી વૈતાઢ્ય પર્વતની બંને બાજુ દશ-દશ યોજન ઉર્ધ્વ જઈને અહીં બે વિદ્યાધરશ્રેણી કહેલી છે. તે પૂર્વ-પશ્ચિમ લાંબી, ઉત્તર-દક્ષિણ વિસ્તીર્ણ, દશ-દશ યોજન વિષ્કંભથી છે, પર્વત સમાન આયામથી બંને પડખે બે પદ્મવરવેદિકા વડે બે વનખંડથી પરિવૃત્ત છે.*

*તે પદ્મવરવેદિકા અર્ધયોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી, ૫૦૦ ધનુષ્ વિષ્કંભથી, પર્વત સમાન આયામથી છે. વર્ણન જાણવું. વનખંડો પણ પદ્મવરવેદિકા સમાન આયામથી છે. વર્ણન કરવું.*

*ભગવન્ ! વિદ્યાધર શ્રેણી ભૂમિના કેવા આકાર-ભાવાદિ કહેલ છે ? ગૌતમ ! બહુસમરમણીય ભૂમિભાગ કહેલ છે. જેમ કોઈ આલિંગપુષ્કર યાવત્ વિવિધ પંચવર્ણી મણી અને તૃણ વડે શોભિત છે. તે આ પ્રમાણે — કૃત્રિમ અને અકૃત્રિમ વડે.*

*તેમાં દક્ષિણની વિદ્યાધરશ્રેણી ગગનવલ્લભ પ્રમુખ-૫૦ વિદ્યાધર નગરાવાસ કહેલ છે. ઉત્તરની વિદ્યાધરશ્રેણીમાં રથ-નેપુર-ચક્વાલ પ્રમુખ-૬૦-વિદ્યાધર નગરાવાસ કહેલ છે.*

*એ પ્રમાણે બધાં મળીને દક્ષિણ અને ઉત્તરની વિદ્યાધર-શ્રેણીમાં ૧૧૦-*

*વિદ્યાધર નગરાવાસ છે, તેમ કહેલ છે. તે વિદ્યાધરનગરો ઋદ્ધ-સ્તિમિત-સમૃદ્ધ પ્રમુદિત જન-જાનપદ યાવત્ પ્રતિરૂપ છે. તે વિદ્યાધર નગરમાં વિદ્યાધર રાજા વસે છે. તે મહા હિમવંત, મલય-મંદર-મહેન્દ્રસાર આદિ રાજાનું વર્ણન કહેવું.*

*ભગવન્ ! વિદ્યાધર શ્રેણીના મનુષ્યોનો કેવો આકાર-ભાવાદિ કહેલ છે ? ગૌતમ ! તે મનુષ્યો ઘણાં સંઘયણ-સંસ્થાન-ઉચ્ચત્વપર્યાયવાળા અને ઉત્તમ આયુપર્યાયવાળા છે યાવત્ સર્વ દુઃખનો અંત કરે છે.*

*તે વિદ્યાધર શ્રેણીના બહુસમરમણીય ભૂમિ ભાગથી વૈતાઢ્ય પર્વતના બંને પડખે દશ-દશ યોજન ઉર્ધ્વ જઈને અહીં બે આભિયોગ-શ્રેણી કહેલ છે. પૂર્વ-પશ્ચિમ લાંબી, ઉત્તર-દક્ષિણ વિસ્તીર્ણ, ૧૦-૧૦ યોજન વિષ્કંભથી પર્વત સમાન આયામથી બંને પડખે બે પદ્મવર વેદિકા અને બે વનખંડોથી પરિવૃત્ત છે. બંને પર્વત સમાન આયામથી છે.*

*ભગવન્ ! અભિયોગશ્રેણીનો કેવો આકાર ભાવ પ્રત્યવતાર કહેલ છે ? ગૌતમ ! બહુસમરમણીય ભૂમિભાગ કહેલ છે. યાવત્ તૃણ વડે શોભિત છે. વર્ણ યાવત્ તૃણ શબ્દ. તે અભિયોગ શ્રેણીના તે-તે દેશમાં ત્યાં-ત્યાં યાવત્ વ્યંતર દેવો અને દેવીઓ બેસે છે, સુવે છે યાવત્ ફળ વૃત્તિ વિશેષને અનુભવતા વિચરે છે.*

*તે અભિયોગ શ્રેણીમાં દેવેન્દ્ર દેવરાજ શક્રના સોમ-યમ-વરુણ-વૈશ્રમણ કાયિક આભિયોગ દેવોના ઘણાં ભવનો કહેલાં છે. તે ભવનો બહારથી વૃત્ત, અંદરથી ચતુરસ્ર વર્ણન યાવત્ અપ્સર ઘન-સંઘ વિકિર્ણ યાવત્ પ્રતિરૂપ છે. ત્યાં દેવેન્દ્ર દેવરાજ શક્રના સોમ, યમ, વરુણ, વૈશ્રમણકાયિક ઘણાં આભિયોગિક દેવો કે જે મહર્દ્ધિક, મહાદ્યુતિક, યાવત્ મહાસૌખ્ય અને પલ્યોપમસ્થિતિક દેવો વસે છે.*

*તે આભિયોગિક શ્રેણીનો બહુસમ રમણીય ભૂમિભાગથી વૈતાઢ્ય પર્વતની બંને બાજુ પાંચ-પાંચ યોજન ઉર્ધ્વ જઈને, અહીં વૈતાઢ્ય પર્વતનું શિખરતલ કહેલ છે તે પૂર્વ-પશ્ચિમ લાંબુ, ઉત્તર-દક્ષિણ વિસ્તીર્ણ. ૧૦ યોજન વિષ્કંભથી પર્વત સમાન આયામથી છે. તે એક પદ્મવરવેદિકા અને એક વનખંડથી ચોતરફથી પરિવૃત્ત છે. બંનેનું વર્ણન પૂર્વવત્.*

*ભગવન્ ! વૈતાઢ્ય પર્વતના શિખરતલનો કેવો આકાર ભાવ પ્રત્યવતાર કહેલ છે ? ગૌતમ ! બહુસમરમણીય ભૂમિભાગ કહેલ છે, જેમ કોઈ આલિંગપુષ્કર૰ યાવત્ વિવિધ પંચવર્ણી મણીથી શોભિત યાવત્ વાવ, પુષ્કરિણી યાવત્ વ્યંતર દેવો અને દેવીઓ બેસે છે, યાવત્ ભોગવતાં વિચરે છે.*

*ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં ભરતક્ષેત્રમાં વૈતાઢ્ય પર્વતે કેટલાં કૂટો કહેલા છે ? ગૌતમ ! નવ કૂટો કહેલા છે — સિદ્ધાયતનકૂટ, દાક્ષિણાર્દ્ધભરતકૂટ, ખંડપ્રપાતગુફા કૂટ, માણિભદ્રકૂટ, વૈતાઢ્યકૂટ, પૂર્ણભદ્રકૂટ, તમિસગુફાકૂટ, ઉત્તરાર્દ્ધભરતકૂટ, વૈશ્રમણકૂટ.*



**● વિવેચન-૧૩ :-**

પૂર્વસૂત્ર સમાન આ સૂત્ર છે. વિશેષ આ — ઉત્તરાર્ધભરતથી દક્ષિણમાં આદિ દિશા સ્વરૂપ જંબૂદ્વીપ પટ્ટાદિથી જાણવું. ૨૫-યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી, સવા છ-યોજન ઉદ્વેધ-ભૂમિમાં છે કેમકે મેરુ સિવાયના સમય-ક્ષેત્રવર્તીગિરિ પોત-પોતાના ઉત્સેધ-ચતુર્થાંશથી ભૂમિ અવગાહ કહ્યો છે. તેથી ૨૫-યોજનના ચતુર્થાંશ આ પ્રમાણે થાય.

અહીં પ્રસ્તાવથી "શર" જણાવે છે તે ૨૮૮ યોજન અને ૩-કળા છે. તેનું કરણ-દક્ષિણ ભરતાર્દ્ધ શર-૨૩૮|૩/૧૯ છે. એ પ્રમાણે વૈતાઢ્ય પૃથુત્વમાં ૫૦-યોજનરૂપ ઉમેરતા યથોક્ત પ્રમાણ થાય છે. - x - ખંડ મંડલ ક્ષેત્રમાં આરોપિતજ્ય ધનુષ્ આકૃતિ થાય છે. તેમાં આયામને જાણવાને જીવા પરિક્ષેપ પ્રકર્ષ પરિજ્ઞાનને માટે ધનુઃપૃષ્ઠ વ્યાસ પ્રકર્ષ પરિજ્ઞાનને માટે શર, તે ધનુપૃષ્ઠ મધ્યમ જ થાય છે.

પ્રસ્તુત ગિરિના કેવળ ધનુષ્ આકૃતિના અભાવથી ધનુષ્ પૃષ્ઠનો પણ અભાવ થવાથી શર પણ સંભવતો નથી. તેથી દક્ષિણ ધનુષ્ પૃષ્ઠની સાથે આનુ ધનુષ્ પૃષ્ઠત્વ છે. પ્રાચ્ય શર મિશ્રિત જ આનો વિષ્કંભ શર થાય છે. અન્યથા શર વ્યતિરિક્ત સ્થાનમાં ન્યૂન-અધિકત્વથી પ્રકૃષ્ટ વ્યાસ પ્રાપ્તિની જ અનુપપત્તિ થાય. આ શર કરણ દક્ષિણાર્દ્ધ વિદેહ સુધી જાણવું. એ પ્રમાણે ઉત્તરમાં પણ ઐરાવતના વૈતાઢ્યથી આરંભીને ઉત્તરાર્દ્ધ વિદેહ સુધી છે.

હવે તેની બાહા — વૈતાઢ્યની બાહા દક્ષિણ-ઉત્તર લાંબી વક્ર આકાશ પ્રદેશ પંક્તિ છે. પૂર્વ-પશ્ચિમની એકૈકની ૪૮૮ યોજન અને યોજનના ૧૬/૧૯ ભાગની અર્ધકલા અર્થાત્ યોજનના ૩૮ ભાગ, આયામથી કહેલ છે. ઋજુબાહા પર્વતમધ્યવર્તીની પૂર્વ-પશ્ચિમ આયતપ્રમાણથી ક્ષેત્ર વિચારાદિથી જાણવી.

અહીં કરણ — જેમકે ગુરુધનુપૃષ્ઠથી લઘુ ધનુઃપૃષ્ઠ શોધીને શેષને અડધી કરતાં બાહા આવે. જેમકે ગુરુ ધનુઃપૃષ્ઠ વૈતાઢ્યનું કલા રૂપ-૨,૦૪,૧૩૨ છે. તેમાંથી લઘુ ધનુઃપૃષ્ઠ કલારૂપ - ૧,૮૫,૫૫૫ શોધિત કરતાં આવે - ૧૮,૫૭૭, તેને અડધાં કરતાં કલા - ૯૨૮૮ થશે. તેના ૧૯ ભાગે યોજન - ૪૮૮ અને ૧૬ કલાર્દ્ધ થશે. ઈત્યાદિ - x -

હવે તેની જીવા કહે છે — વૈતાઢ્યની જીવા પૂર્વવત્. વિશેષ એ - ૧૦,૭૨૦ યોજન અને ૧૨/૧૯ ભાગ. અહીં કરણભાવના - પૂર્વોક્ત કરણ ક્રમથી જંબૂદ્વીપવ્યાસ કલારૂપ-૧૯, શૂન્ય-૫. તેમાંથી વૈતાઢ્ય શર કલાના ૫૪૭૫ શોધિત કરાતં ૧૮,૯૪,૫૨૫ થશે. આ વૈતાઢય શર - ૫૪૭૫ વડે ગુણતાં - ૧૦,૩૭,૨૫,૨૪,૩૭૫ થાય, તેના ચારણગુણા કરતાં - ૪૧,૪૯,૦૦,૯૭,૫૦૦, આ વૈતાઢ્ય જીવા વર્ગ છે. આનું મૂળ કરતાં છેદરાશિ - ૪,૦૭,૩૮૨ છે. પ્રાપ્ત કળા છે - ૨,૦૩,૬૯૧ થાય. શેષ કલાંશ રહેશે - ૭૪,૦૧૯. પ્રાપ્ત કળાને ૧૯ ભાગથી પ્રાપ્ત યોજન - ૧૦,૭૨૦ અને કળા-૧૧ થશે. શેષ કલાંશ અર્ધ અધિક થવાથી છે. એ અર્ધને અધિક કરતાં ૧૨ કળા થશે.

હવે તેનું ધનુઃપૃષ્ઠ કહે છે — તેમાં વિશેષ એ — ૧૦,૩૪૪ યોજન અને

૧૫/૧૯ ભાગ. અહીં કરણ જે રીતે વૈતાઢ્યમાં કલારૂપ-૫૪૭૫ તેનો વર્ગ-૨,૯૯,૭૫,૬૨૫, તેના છ ગણાં-૧૭,૯૮,૫૩,૭૫૦, વૈતાઢ્ય જીવા વર્ગ-૪૧,૪૯,૦૦,૯૭,૫૦૦ છે. બંનેના મળવાથી થાય-૪૧,૬૬,૯૯,૫૧,૨૫૦ આ વૈતાઢ્ય ધનુઃપૃષ્ઠ વર્ગ. મૂલ છેદરાશિ - ૪,૦૮,૨૬૪. પ્રાપ્ત કળા થાય ૨,૦૪,૧૩૨, શેષ કલાંશ - ૭૭,૮૨૬. પ્રાપ્ત કળાને ૧૯થી ભાગ દેતાં ૧૦,૭૪૩|૧૫/૧૯ થાય.

હવે આ વૈતાઢ્ય કેવો વિશિષ્ટ છે, તે કહે છે — રુચક એટલે ગળાનું એક આભરણ, તે સંસ્થાનથી સંસ્થિત, સર્વથા રજતમય છે. બંને પડખે બે પદ્મવરવેદિકા, બે વનખંડ વડે ચોતરફથી પરિવૃત્ત છે.

અહીં બે પદ્મવરવેદિકા તેને પૂર્વ-પશ્ચિમ જગતીથી રુદ્ધ થવાથી નિરવકાશત્વથી એકીભવન અસંભવ છે. - x - x -

હવે તેમાં રહેલ બે ગુફાની પ્રરૂપણાર્થે કહે છે — વૈતાઢ્ય પર્વતની પૂર્વ-પશ્ચિમથી, અહીં પૂર્વ દિશા માટે પુરચ્છિમ શબ્દને પૂર્વે નિપાત છતાં પશ્ચિમમાં પૂર્વની વ્યાખ્યા કરવી. ગ્રન્થાંતરમાં પશ્ચિમમાં તમિસ્ર ગુફા અને પૂર્વમાં ખંડપ્રપાતગુફા નામ છે. ઉત્તર-દક્ષિણ લાંબી, આટલો જ વૈતાઢ્યનો વિષ્કંભ, તે જ આની લંબાઈ છે. પૂર્વ-પશ્ચિમ વિસ્તીર્ણ, તે આધ અર્થથી વ્યક્ત છે. - x - x - વજ્રમય કપાટ વડે આચ્છાદિત છે. આ બંને દ્વાર, ચક્રવર્તીના કાળને વર્જીને દક્ષિણ અને ઉત્તરપાર્શ્વમાં પ્રત્યેક સદા સંમીલિત વજ્રમય કપાટ યુગલ છે. તેથી જ સમસ્થિત છે. બે રૂપ છે, નિશ્છિદ્ર છે, તેથી દુષ્પ્રવેશ છે. નિત્ય અંધકારવાળી છે. - x - વિશેષણ દ્વારા અત્ર અર્થે હેતુ કહે છે —

ગ્રહ, ચંદ્રાદિની જ્યોતિ ચાલી ગયેલ છે, એવો માર્ગ જેમાં છે તે. અથવા ચાલી ગઈ છે. ગ્રહાદીની પ્રભા જેમાંથી તે યાવત્ પ્રતિરૂપ છે. - x - x - ઉક્ત ગુફા નામથી દર્શાવે છે - તમિસ્રાગુફા અને ખંડ પ્રપાતાગુફા. ચૈવ શબ્દ બંનેની તુલ્યકક્ષતા બતાવે છે. તેના વડે આ બંને સમસ્વરૂપમાં જાણવી. આ બધી વિજયદેવ સમાન આલાવામાં પ્રાયઃ વ્યાખ્યા કરી છે. વિશેષ એ કે - તમિ સ્રાધિપતિ કૃતમાલક, ખંડપ્રપાતાધિપતિ નૃતમાલક છે.

હવે અહીં શ્રેણિ પ્રરૂપણા માટે કહે છે — તે વૈતાઢ્યના ઉભય પાર્શ્વવર્તી ભૂમિગત વનખંડનો બહુસમ રમણીય ભૂમિભાગથી ઉર્ધ્વ વૈતાઢ્યગિરિના બંને પડખે દશ યોજન થઈને અહીં બે વિદ્યાધરને આશ્રયભૂત શ્રેણી કહે છે — એક દક્ષિણમાં, એક ઉત્તરમાં છે. - x - ઉભય વિષ્કંભથી દશ-દશ યોજન, તેથી પહેલી મેખલામાં વૈતાઢ્ય વિષ્કંભ ૩૦-યોજન છે. પર્વત સમિપ આયામથી છે. વૈતાઢ્યવત્ આ પણ પૂર્વ-પશ્ચિમ સમુદ્રને સ્પર્શે છે. તથા પ્રત્યેક બંને પડખે બે પદ્મવર વેદિકા વડે અને બે વનખંડ વડે પરિવૃત્ત છે. એ પ્રમાણે એકૈક શ્રેણીમાં બે પદ્મવર વેદિકા અને બે વનખંડ છે, તેથી બંને શ્રેણીથી ચાર પદ્મવર વેદિકા અને ચાર વનખંડ જાણવા. - x - x -

હવે તે શ્રેણીનું સ્વરૂપ પૂછે છે — વિદ્યાધર આદિ અર્થ કહેલો છે. વિશેષ એ



કે વિવિધ મણી-પંચવર્ણીમણી વડે આ પાઠ ઘણી પ્રતોમાં દેખાતો નથી, પણ રાજપ્રશ્નીયની વૃત્તિમાં દેખાય છે અને સંગત હોવાથી, અહીં તે પાઠ લખેલો છે, તેમ જાણવું.

હવે ઉભય શ્રેણીના નગરોની સંખ્યા કહે છે — દક્ષિણ વિદ્યાધરશ્રેણીમાં ગગનવલ્લભાદિ-૫૦-વિદ્યાધર નગરાવાસ કહ્યા છે. - x - તે નગરાવાસો રાજધાનીરૂપ જાણવા. - x - x - ઉત્તર વિદ્યાધર શ્રેણીમાં રથનૂપુર ચક્રવાલ આદિ-૬૦-વિદ્યાધર નગરાવાસો કહેલાં છે. કેમકે દક્ષિણ શ્રેણીથી આ શ્રેણી અધિક દીર્ઘપણે છે. ઋષભ ચરિત્રમાં દક્ષિણ શ્રેણીમાં રથ-નુપૂર ચક્રવાલ, ઉત્તર શ્રેણીમાં ગગનવલ્લભ કહેલ છે, તત્ત્વ સાતિશય શ્રુતધર જાણે. - x - બંને શ્રેણી મળીને ૧૧૦ વિદ્યાધર નગરાવાસ છે, તેમ મેં અને અન્ય તીર્થંકરે કહેલ છે. આ ૧૧૦ નગરોના નામો હેમાચાર્યકૃત્ ઋષભ ચરિત્રથી જાણવા.

તે વિદ્યાધર નગરો ભવનાદિ વડે વૃદ્ધિને પામેલ, નિર્ભયત્વથી સ્થિર, ધન-ધાન્યાદિથી સમૃદ્ધ છે. પ્રમોદ વસ્તુના સદ્ભાવથી-પ્રમુદિત, जन - નગરીમાં રહેતા લોકો, जानपद - જનપદમાં થયેલ કે તેમાં આવેલ. યાવત્ શબ્દથી બધું ચંપાનગરીનું વર્ણન પહેલા ઉપાંગથી જાણવું. તે પ્રતિરૂપ સુધી જાણવું.

વિદ્યાધર નગરોમાં વિદ્યાધર રાજા વસે છે. - x - તે કેવા છે ? મહાહિમવાન્-હૈમવત ક્ષેત્રના ઉત્તરે સીમાકારી વર્ષધર પર્વત, મલય-પર્વત વિશેષ, મંદર-મેરુ, માહેન્દ્ર-પર્વત વિશેષ. તેની જેમ પ્રધાન. રાજાનું વર્ણન પહેલાં ઉપાંગથી જાણવું.

હવે અહીં જ વર્તતી આભિયોગશ્રેણીને નિરૂપે છે - તે વિદ્યાધર શ્રેમીના બહુસમ રમણીય ભૂમિ ભાગથી વૈતાઢ્ય પર્વતના બંને પડખે દશ યોજન ઉર્ધ્વ જઈને અહીં બે આભિયોગ્ય - અભિ મુક્યતાથી પ્રેષ્યકર્મમાં પ્રયોજાય છે તે. - શક્રના લોકપાલના પ્રેષ્ય કર્મકારી વ્યંતર વિશેષ, તેના આવાસ ભૂત શ્રેણી. બંને જાતિ અપેક્ષાથી પદ્મવર વેદિકા વનખંડનું વર્ણક કહેવું.

પર્વત સમિક ચારે પણ પદ્મવરવેદિકા દીર્ઘતાથી છે. અહીં તેના સંબંધી વનખંડો પણ પર્વત સમાન આયામથી છે.

પૂર્વે નીચેના સૂત્રમાં જગતી પદ્મવરવેદિકા સમભૂ ભાગ મણિ-તૃણ વર્ણાદિ અને વ્યંતર દેવ-દેવી ક્રીડાદિ, જે ગમ વડે વર્ણવ્યા તે જ ગમ છે, તેથી ફરી વ્યાખ્યા કરી નથી.

તે આભિયોગ્ય શ્રેણિમાં શક્રના - આસન વિશેષન અધિષ્ઠાતા શક્ર, તેના દક્ષિણાર્દ્ધ લોકાધિપતિ, દેવો મધ્યે પરમ ઐશ્વર્યયુક્ત તે દેવેન્દ્ર, દેવોમાં કાંતિ આદિ ગુણોથી અધિક રાજમાન-શોભતા તે દેવરાજાના સોમ-પૂર્વ દિશાપાલ, યમ-દક્ષિણ દિક્પાલ, વરુણ-પશ્ચિમ દિક્પાલ, વૈશ્રમણ - ઉત્તર દિક્પાલ, તેની નિકાય. - x - શક્ર સંબંધી સોમાદિ દિક્વાલ પરિવારભૂત.

આભિયોગ્ય દેવોના ઘણાં ભવનો કહેલ છે. તે ભવનો બહારથી વૃત્તાકાર, અંદરથી સમચતુરસ્ર છે. અહીં ભવનોનું વર્ણન કહેવું. - x - તે પ્રજ્ઞાપનાના સ્થાન

નામે બીજા પદમાં કહેલ છે. જેમકે નીચે પુષ્કર કર્ણિકા સંસ્થાન સંસ્થિત, વિપુલ ગંભીર ખાત વરિખા, પ્રાકાર - અટ્ટાલક-કપાટ-તોરણ-પ્રતિદ્વાર દેશભાગ, યંત્ર-શતઘ્નિ-મુસલ-મુસુંઢી પરિવારિક ઈત્યાદિ - x - x - x - x - x -

હવે ઉક્ત સૂત્રની વ્યાખ્યા કહે છે — નીચેના બાગમાં પુષ્કર કર્ણિકા સંસ્થાન સંસ્થિત છે, ઉત્કીર્ણ એટલે અતિ વ્યક્ત. જે ખાત-પરીખાનું અંતર ઉત્કીર્ણ છે તે. અર્થાત્ ખાત અને પરીખાનું સ્પષ્ટ, વૈવિકત્યના મીલન અર્થે અપાંતરાલમાં મોટી પાળી સમ છે. વિપુલ - વિસ્તીર્ણ, ગંભીર - મધ્યભાગ પ્રાપ્ત નથી તે.

ખાત-પરિખામાં આ ભેદ છે — પરિખા, ઉપર વિશાળ છે, નીચે સંકુચિત છે. ખાત-બંને સ્થાને સમ છે. પ્રાકાર - વપ્રમાં પ્રતિભવન અટ્ટાલકા-પ્રાતરની ઉપરવર્તી આશ્રય વિશેષ. કપાટ-પ્રતાલીદ્વાર, આના વડે પ્રતોલી સર્વત્ર સૂચિત છે. અન્યથા કપાટ જ અસંભવ થશે. તોરણ - પ્રતોલી દ્વારમાં હોય છે. પ્રતિદ્વાર - મૂળદ્વારના અપાંતરાલમાં રહેલ લઘુદ્વાર. એ રૂપ દેશવિશેષ જેમાં છે તે.

યંત્ર - વિવિધ પ્રકારે, શતઘ્નિ - મહાયષ્ટિ કે મહાશિલા. જે ઉપરથી ફેંકવામાં આવતા, સો પુરુષોને હણે છે. મુષંઢી - શસ્ત્ર વિશેષ, તેના વડે પરિવારિત - ચોતરફથી વેષ્ટિત. તેથી જ બીજા વડે યુદ્ધ કરવાનું અશક્ય છે. અયોધ્યત્વથી જ સર્વકાળ જય જેમાં છે તે સદા જય અર્થાત્ સર્વકાળ જયંવતી. કેમકે સર્વકાળ ગુપ્ત પ્રહરણ અને પુરુષ વડે યોદ્ધા વડે સર્વથા નિરંતર પરિવારિતપણે બીજાને સહન ન કરતાં થોડો પણ પ્રવેશ અસંભવ છે. - x -

કોષ્ઠક - અપરવરક, રચિત - સ્વયં જ રચનાને પ્રાપ્ત જેમાં છે તે. - x - x - જેમાં વનમાલાદિના ચિત્રો છે તે. બીજા કહે છે - अडयाल એ દેશી શબ્દ ચે. તે પ્રશંસાવાચી છે. તેથી આવો અર્થ નીકળે કે — પ્રશસ્ત કોષ્ઠક રચિત, પ્રશસ્ત વનમાલાકૃત્. ક્ષેમ - પરકૃત્ ઉપદ્રવ રહિત, શિવ - સદા મંગલયુક્ત, કિંકર - નોકરરૂપ દેવ - x - લાઈઅ-છાણ આદિ વડે ભૂમિનું ઉપલેપન કરવું. ઉલ્લાઈઅ - ચુના આદિ વડે ભીંત આદિને ધોળવું વગેરે, તે દ્વારા પૂજિત. ગોશીર્ષ-ચંદન વિશેષ. સરસ-રક્તચંદન, દર્દર - દર્દર નામક ચંદન, તેના વડે પંચાંગુણી થાપા દેવાયેલ છે તે. ઉપચિત-નિવેશત, મુકેલા વંદનાકળશ - માંગલ્ય ઘટ, વંદનઘટ - માંગલ્ય કળશ, તેના વડે શોભતા, જે તોરણો તેને પ્રતિદ્વારના દેશ ભાગમાં મૂકેલા છે.

આસક્ત-ભૂમિમાં લાગેલા, ઉત્સકત-ઉપર લાગેલા, વિપુલ-અતિ વિસ્તીર્ણ, વૃત્ત-વતુળ. વગ્ધારિય - લટકાવેલી, માલ્યદામ કલાપ-પુષ્પમાળાનો સમૂહ. - x - x - ઉપચાર-પૂજા. અપસરગણનો સંઘ-સમુદાય, તેના વડે સમ્યક્ - રમણીયપણે વિકીર્ણ-વ્યાપ્ત. દિવ્ય ત્રુટિત-આતોદ્યના જે શબ્દો, તેના વડે સમ્યક્ - કાનને મનોહારીપણે પ્રકર્ષથી - સર્વકાળ, નદિત-શબ્દ કરે છે. - x - x -

હવે વૈતાઢ્યના શિખરતલને કહે છે — બંને આભિયોગ્ય શ્રેણીના બહુસમરમણીય ભૂમિભાગથી વૈતાઢ્ય પર્વતની બંને બાજુ પાંચ-પાંચ યોજન ઉર્ધ્વ જઈને, આ અંતરમાં વૈતાઢ્ય પર્વતનું શિખરતલ કહેલ છે. અને તે શિખરતલ એક



પદ્મવરવેદિકાથી તેને વીંટળાયેલ એક વનખંડ વડે ચોતરફથી પરિવૃત્ત છે. અર્થાત્ જેમ જગતીના મધ્યભાગમાં પદ્મવરવેદિકા એકૈક જગતીને દિશા-વિદિશામાં વીંટાઈને રહેલ છે, તેમ આ સર્વથા શિખરતલ પર્યન્ત વીંટીને રહેલ છે. પરંતુ આ લાંબુ, ચાર ખૂણાવાળું શિખરતલ સંસ્થિત હોવાથી આયત ચતુરસ્ર જાણવું. તેથી એક એક સંખ્યાવાળું કહ્યું, તેથી આગળ બહિવર્તી વનખંડ પણ એક જ છે, પરંતુ વૈતાઢ્ય મૂલગત પદ્મવર વેદિકાવનની માફક દક્ષિણ-ઉત્તર વિભાગવત્ બે રૂપે નથી. ક્ષેત્ર વિચાર બૃહદ્વૃત્તિમાં આમ કહ્યું છે.

પ્રમાણ - વિષ્કંભ, આયામવિષયક. પદ્મવરવેદિકા અને વનખંડનું વર્ણન પૂર્વવત્ જાણવું.

હવે શિખરતલનું સ્વરૂપ પૂછે છે — આ બધું જગતીની પદ્મવરવેદિકાના વનખંડ ભૂમિ ભાગવત્ વ્યાખ્યા કરવી.

હવે તેની કૂટ વક્તવ્યતા પૂછે છે — ભગવન્ ! જંબૂદ્વીપદ્વીપમાં ભરતક્ષેત્રમાં વૈતાઢ્ય પર્વત ઉપર કેટલા કૂટો કહેલા છે ? ભગવંતે કહ્યું — ગૌતમ ! નવ કૂટો કહ્યા છે. તે આ પ્રમાણે —

સિદ્ધ-શાશ્વત કે સિદ્ધ, શાશ્વતી અર્હત્ પ્રતિમાનું સ્થાન તે સિદ્ધાયતન, તેનો આધારભૂત કૂટ તે સિદ્ધાયતન કૂટ. દક્ષિણાર્દ્ધ ભરત નામે નિવાસભૂત કૂટ તે દક્ષિણાર્દ્ધ ભરતકૂટ. ખંડ ગુફાધિપતિ દેવનો નિવાસભૂત કૂટ તે ખંડ પ્રપાતકૂટ. મણિભદ્ર નો દેવનો નિવાસભૂત કૂટ તે માણિભદ્રકૂટ. વૈતાઢ્ય નામક દેવના નિવાસભૂત કૂટ તે વૈતાઢ્યકૂટ. પૂર્ણભદ્ર દેવનો નિવાસભૂત કૂટ તે પૂર્ણભદ્રકૂટ. એ પ્રમાણે તમિસ્રગુફાધિપતિ દેવનો કૂટ તે તમિસ્ર ગુફાકૂટ, ઉત્તરાર્દ્ધ ભરતકૂટ. વૈશ્રમણકૂટ પણ જાણવા.

હવે તેમાં પહેલું સિદ્ધાયતનકૂટ સ્થાનનો પ્રશ્ન —

● **સૂત્ર-૧૪ :-**

***ભગવન્! જંબૂદ્વીપ દ્વીપના ભરતક્ષેત્રના વૈતાઢ્ય પર્વતે સિદ્ધાયતનકૂટ નામે કૂટ ક્યાં કહેલો છે? ગૌતમ! પૂર્વી લવણસમુદ્રની પશ્ચિમથી દાક્ષિણાર્દ્ધ ભરતકૂટના પૂર્વમાં આ જંબૂદ્વીપ દ્વીપના ભરતક્ષેત્રમાં વૈતાઢ્ય પર્વત ઉપર સિદ્ધાયતન કૂટ નામે કૂટ કહેલ છે. તે છ યોજન - એક કોશ ઉર્ધ્વ ઉચ્ચત્વથી છે તે મૂલમાં છ યોજન - એક કોશ વિષ્કંભથી, મધ્યમાં દેશોન પાંચ યોજન વિષ્કંભથી, ઉપર સાતિરેક ત્રણ યોજન વિષ્કંભતી છે. મૂલમાં દેશોન ૨૨-યોજન પરિધિથી, મધ્યમાં દેશોન પંદર યોજન પરિધિથી, ઉપર સાતિરેક નવ યોજન પરિધિથી છે. તે મૂલમાં વિસ્તીર્ણ, મધ્યમાં સંક્ષિપ્ત, ઉપર પાતળી, ગોપુચ્છ સંસ્થાનથી સંસ્થિત છે. તે સર્વ રત્નમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ યાવત્ પ્રતિરૂપ છે.***

***તે એક પદ્મવરવેદિકાથી અને એક વનખંડથી ચારે દિશા-વિદિશાથી સંપરિવૃત્ત છે. પ્રમાણાદિ પૂર્વવત્.***

*સિદ્ધાયતન કૂટની ઉપર બહુસમરમણીય ભૂમિભાગ કહેલ છે. જેમ કોઈ આલિંગપુષ્કર૦ યાવત્-વ્યંતર દેવ-દેવીઓ યાવત્ વિચરે છે — રહે છે.*

*તે બહુસમરમણીય ભૂમિભાગના બહુમધ્યદેશ ભાગમાં અહીં એક મહાન્ સિદ્ધાયતન કહેલ છે. તે એક કોશ આયામથી, અર્દ્ધકોશ વિષ્કંભથી, દેશોન કોશ ઉર્ધ્વ ઉચ્ચત્વથી છે. તે અનેક શત સ્તંભ સંનિવિષ્ટ છે. તે અભ્યુન્નત, સુરચિત વેદિકા, તોરણો તથા સુંદર પુતળીઓથી સુશોભિત છે. તેના ઉજ્જવળ સ્તંભ ચીકણા, વિશિષ્ટ, સુંદર આકારયુક્ત ઉત્તમ વૈડૂર્ય મણીથી નિર્મિત છે. તેનો ભૂમિભાગ વિવિધ પ્રકારના મણી અને રત્નોથી ખચિત, ઉજ્જ્વલ, અત્યંત સમતલ અને સુવિભક્ત છે. તેમાં ઈહામૃગ, વૃષભ, ઘોડા, મગર, મનુષ્ય, પક્ષી, સર્પ, કિન્નર, મૃગ, શરભ, ચામર, હાથી, વનલતા યાવત્ પદ્મલતાના ચિત્રોથી અંકિત છે.*

*તેની સ્તૂપિકા સુવર્ણ, મણિ અને રત્નોથી નિર્મિત છે તે સિદ્ધાયતન અનેક પ્રકારના પંચરંગી મણીઓથી વિભૂષિત છે. તેના શિખરો ઉપર અનેક પ્રકારની પંચરંગી ધ્વજા અને ઘંટ લાગેલા છે. તે શ્વેતવર્ણી, મરીચી કવચ છોડતો, લાઉલ્લોઈત મહિત છે.*

*તે સિદ્ધાયતનની ત્રણ દિશામાં ત્રણ દ્વાર કહેલા છે, તે દ્વારો ૫૦૦ ધનુષ્ ઉર્ધ્વ ઉચ્ચત્વથી, ૨૫૦ ધનુષ્ વિષ્કંભથી, તેટલાં જ પ્રવેશથી, શ્વેત ઉત્તમ સુવર્ણ નિર્મિત સ્તૂપિકાઓ છે. દ્વાર વર્ણન યાવત્ વનમાલા [અન્યત્ર છે.]*

*તે સિદ્ધાયતનની અંદર બહુસમ રમણીય ભૂમિભાગ કહેલ છે, તે જેમ કોઈ આલિંગ પુષ્કર૦ યાવત્ તે સિદ્ધાયતનના બહુસમ રમણીય ભૂમિભાગના બહુ મધ્યદેશ ભાગમાં અહીં ૧૦૮ જિનપ્રતિમા જિન ઉત્સેધ પ્રમાણ માત્ર રહેલી છે. એ પ્રમાણે ધૂપકડછાં સુધી કહેવું.*

**● વિવેચન-૧૪ :-**

સૂત્ર સરળ છે. વિશેષ એ કે — દક્ષિણાર્દ્ધ ભરતકૂટ જ આની પશ્ચિમ દિશામાં રહેલ છે. તેથી પૂર્વથી. તેના ઉચ્ચત્વાદિનું પ્રમાણ કેટલું છે ? છ યોજન અને એક કોશ, ઉર્ધ્વ ઉચ્ચત્વથી છે. મૂળમાં છ યોજન એક ક્રોશ ઈત્યાદિ સૂત્રાર્થ મુજબ કહેવું.

હવે આના શિખરથી નીચે જવાથી વિવક્ષિત સ્થાનમાં પૃથુત્વ જાણવાને માટે કરણ કહે છે — શિખરથી ઉતરીને યોજનાદિ સુધી જઈને તેટલાં પ્રમાણમાં યોજનાદિ બે વડે ભાંગતા કૂટના ઉત્સેધથી અર્દ્ધયુક્ત જે થાય, તે ઈષ્ટસ્થાને વિષ્કંભ.

તેથી કહે છે — શિખરથી ત્રણ યોજન અને અર્ધક્રોશ ઉતરીને, ત્યાંથી ત્રણ યોજન ક્રોશાર્દ્ધાધિકનો બે ભાગ કરી પ્રાપ્ત છ ક્રોશ અને ક્રોશનો પાદ, કૂટોત્સેધ સક્રોશ-છ યોજન, આના અર્દ્ધ યોજનત્રયી તે ક્રોશાર્દ્ધાધિક. આમાં પૂર્વ રાશિ ઉમેરતા થસે સપાદક્રોશ ન્યૂન પાંચ યોજન. આ મધ્યદેશમાં વિષ્કંભ છે - x -

મૂળથી ઉર્ધ્વગમનમાં ઈષ્ટ સ્થાનમાં વિષ્કંભપરિજ્ઞાન માટે આ કરણ છે - મૂળથી અતિક્રાંત યોજનાદિ બે વડે ભાંગતા પ્રાપ્ત મૂળ વ્યાસથી શોધિત કરતાં



અવશિષ્ટ ઈષ્ટ સ્થાનમાં વિષ્કંભ છે. તે આ રીતે — મૂળથી ત્રણ યોજન અને અર્દ્ધક્રોશ ઉર્ધ્વ જઈને, બે વડે પ્રાપ્ત ભાગ છ ક્રોશ અને ક્રોશનો પાદ આટલા માપ વડે મૂળવ્યાસથી શોધિત થાય છે. શેષ પાંચ યોજનમાં સપાદ ક્રોશ ન્યૂન છે. આ મધ્યભાગ વિષ્કંભ છે. - x -

આ આરોહ-અવરોહ કરણમાં બાકીના વૈતાઢ્યકૂટોમાં પાંચ શતિકમાં, હિમવદાદિ કૂટોમાં સહસ્ર અંકમાં અને હરિસ્સહાદિ કૂટમાં આઠ યોજનિકમાં, ઋષભકૂટોમાં અવતારણીય છે. વાંચનાંતર પ્રમાણ અપેક્ષાથી ઋષભકૂટોમાં કરણ જગતીવત્ છે.

આની પદ્મવરવેદિકાદિનું વર્ણન કહે છે — તે સ્પષ્ટ છે.

હવે જિનગૃહ વર્ણન કહે છે — બહુસમરમણીય ભૂમિ ભાગના બહુમધ્ય દેશભાગમાં અહીં એક મોટું સિદ્ધોનું શાશ્વતી અર્હત્ પ્રતિમાનું આયતન-સ્થાન અર્થાત્ ચૈત્ય છે. તે એક ક્રોશ લાંબુ, અર્દ્ધક્રોશ વિષ્કંભથી, દેશોન ક્રોશ ઉર્ધ્વ ઉચ્ચત્વથી છે. અહીં દેશ ૫૬૦ ધનુષ્રૂપ છે. - x - x - તે વૈતાઢ્યકૂટની ઉપર ચૈત્યગૃહ, દ્રહદેવી ભવન તુલ્ય પરિમાણથી છે. જેમ શ્રીગૃહ એક ક્રોશ લાંબુ અડધો ક્રોશ પહોળું, ૧૪૪૦ ધનુષ્ ઉચ્ચ છે.

તથા અનેકશત સ્તંભોમાં સંનિવિષ્ટ છે. અર્થાત્ તેના આધારે રહેલ છે. સ્તંભમાં રહેલ સુકૃત્ નિપુણ શિલ્પીરચિત. તેવા પ્રકારની દ્વાર શુંડિકા ઉપર વજરત્નમયી વેદિકા અને તોરણ છે. તથા પ્રધાન નયન-મનઃસુખકારિણી શાલભંજિકા તેમાં છે. તથા સંબદ્ધ પ્રધાન મનોજ્ઞ સંસ્થાન જેનું છે તે. તથા તેવા પ્રકારે પ્રશંસાસ્પદીભૂત વૈડૂર્ય વિમલ સ્તંભ જેમાં છે તે. વિવિધ મણિરત્નોથી ખચિત છે તે. - x -

તેવા પ્રકારે ઉજ્જવલ, અત્યંત સમ, સુવિભક્ત ભૂમિ ભાગ જેમાં છે તે. ઈહામૃગ આદિ પૂર્વવત્ વ્યાખ્યા કરવી. વિશેષ એ કે — મરીચી કવચ એટલે કિરણજાળને છોડતા તથા લાઇઅ અર્થાત્ જે ભૂમિનું છાણ આદિથી ઉપલંપન. ઉલ્લોકિત - ભીંતો અને માળનું ચુના વડે સંમૃષ્ટિકરણ. આ લાઉલ્લોઈય વડે પૂજિત. જેમકે છાણ આદિ વડે ઉપલિપ્ત, ચૂના વડે ધવલ કરાયેલ જેથી ગૃહાદિ સશ્રીક થાય છે. તેમ આ પણ થાય.

યાવત્ ધ્વજ. અહીં યાવત્ કરણથી કહેવાનાર ચમિકા રાજધાની પ્રકરણમાં સિદ્ધાયતન વર્ણમાં અતિદિષ્ટ સુધર્મા સમ ગમ કહેવો યાવત્ સિદ્ધાયતન ઉપર ધ્વજા ઉપવર્ણિત છે. જો કે અહીં યાવત્ પદમાં ગ્રાહ્ય દ્વારવર્ણક, પ્રતિમાવર્ણક, ધૂપકડછાં આદિ બધું અંદર આવે છે. તો પણ સ્થાન અશુન્યતાર્થે કંઈક સૂત્રમાં દર્શાવે છે —

સિદ્ધાયતનની ત્રણે દિશા તે ત્રિદિક્, તેમાં. પૂર્વ-દક્ષિણ-ઉત્તર વિભાગમાં ત્રણ દ્વારો કહેલા છે. તે દ્વારો ૫૦૦ ધનુષ્ ઉર્ધ્વ ઉચ્ચત્વથી છે, ૨૫૦ ધનુષ્ વિષ્કંભથી છે. તેટલાં જ માત્ર પ્રવેશતી છે. ''શ્વેત શ્રેષ્ઠ સુવર્ણ ભૂમિભાગ''થી દ્વારવર્ણક મંતવ્ય વિજયદ્વારવત્ યાવત્ વનમાલા વર્ણન કહેવું.

તેના બહુસમરમણીય ભૂમિભાગના બહુમધ્યદેશ ભાગમાં અહીં એક મહાન્ દેવછંદક - દેવને બેસવાનું સ્થાન કહ્યું. અહીં ન કહેલ હોવા છતાં લંબાઈ-પહોડાઈ

વડે દેવછંદક સમાન ઉચ્ચત્વથી અને તેનું અડધું પ્રમાણ તે મણિપીઠિકા સંભવે છે. - x - x - તે સિદ્ધાયતનના બહુમધ્યદેશ ભાગમાં અહીં એક મોટી મણિપીઠિકા કહી છે. તે ૧૬-યોજન આયામ-વિષ્કંભથી છે, આઠ યોજન ઉચ્ચત્વથી છે. - x -

તે સિદ્ધાયતનના બહુમધ્યદેશ ભાગમાં એક મોટી મણિપીઠિકા કહી છે, તે બે યોજન આયામ-વિષ્કંભથી, એક યોજન બાહલ્યથી સર્વ મણિમયી, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે અને તે દેવ છંદક ૫૦૦ ધનુષ્ આયામ-વિષ્કંભથી, સાતિરેક સાધિક ૫૦૦ ધનુષ્ ઉર્ધ્વ-ઉચ્ચત્વથી છે. તે સર્વથા રત્નમય છે. તે દેવછંદકમાં ૧૦૮ જિનપ્રતિમા, જિનોત્સેધ પ્રમાણ માત્ર - એટલે તીર્થંકર શરીરનું ઉચ્ચત્વ. તે પ્રમાણ ઉત્કૃષ્ટથી ૫૦૦ ધનુષ્ અને જઘન્યતી સાત હાથ પ્રમાણ છે. અહીં ૫૦૦ ધનુષ્ જ ગ્રહણ કરાય છે. *[અહીં હીરસૂરિજીની વૃત્તિનો હવાલો આપેલ છે - અહીં તીર્છાલોકવર્તીત્વથી ૫૦૦ ધનુષ્ અર્થ લેવો.* તે ઉત્સેધાંગુલથી સાત હાથ ઉર્ધ્વલોક અને અધોલોકમાં છે, તીર્છાલોકમાં ૫૦૦ ધનુષ્ પ્રમાણ શાશ્વત પ્રતિમાને હું વંદુ છું.] - x - x -

દેવછંદકની ચારે દિશામાં પ્રત્યેક ૨૭-ભાવે રહેલ છે. [શંકા] પદ્મવરવેદિકા માફક સાશ્વતભાવરૂપ જિનપ્રતિમા હોય છે, પણ પ્રતિષ્ઠિતત્વ અભાવથી તેનું આરાધ્યત્વ કઈ રીતે છે ? [સમાધાન] શાશ્વત ભાવની માફક શાશ્વત ભાવધર્મ પણ સહજસિદ્ધ જ હોય છે. તેથી શાશ્વતપ્રતિમાવત્ શાશ્વત પ્રતિમા ધર્મ પણ પ્રતિષ્ઠિતત્વ આરાધ્યપણું આદિ સહજ સિદ્ધ જ છે. તો પ્રતિષ્ઠાપના સિવાયના વિચારથી શું ? તેથી શાશ્વત પ્રતિમામાં સહજસિદ્ધ આરાધ્યત્વ છે. - x -

અહીં પ્રતિમાસૂત્ર વર્ણન જીવાભિગમાદિમાં કહેલ છે, તે આ રીતે — તે જિનપ્રતિમાઓ - તપનીયમય હસ્તતલ અને પાદતલ, અંકમય નખો, અંતે લોહિતાક્ષ પ્રતિશેક, કનકમય પાદ, કનકમય ગુલ્ફ, કનકમય જંઘા, કનકમય જાનૂ, કનકમય ઉરૂ, કનકમય ગાત્રલષ્ટિ, રિષ્ઠમય મંસૂ, તપનીયમય નાભિ, રિષ્ઠમય રોમરાજી, તપનીયમય ચુચ્ચુક, તપનીયમય શ્રીવત્સ, કનકમય બાહા, કનકમયગ્રીવા, શિલપ્રવાલમય હોઠ, સ્ફટિકમય દાંત, તપનીયમય જીભ, તપનીયમય તાલુ, કનકમય નાસિકા, અંતે લોહિતાક્ષ પ્રતિસેક, અંકમય આંખ અંતે લોહિતાક્ષ પ્રતિસેક, પુલકમયી દૃષ્ટિ, રિષ્ઠમય તારક - અક્ષીપત્ર અને ભ્રમર, કનકમય કપોલ-શ્રવણ-નિડાલપટ્ટિકા, વજ્રમય શીર્ષઘંટિકા, તપનીયમય કેશાંતકેશ ભૂમિ, રિષ્ટમય ઉપરના વાળ છે.

તે જિનપ્રતિમાની પ્રત્યેકની પાછળ છત્રધાર પ્રતિમા કહી છે. તે છત્રધારપ્રતિમા હિમ-રજત-કુંદ-ઇંદુ સમાન, સકોરંટ માલ્યદામયુક્ત ધવલ આતપત્ર, લીલાસહિત ધારણ કરીને રહી છે.

તે જિનપ્રતિમાની બંને પડખે પ્રત્યેકમાં બબ્બે ચામરધારી પ્રતિમાઓ છે. તે ચામરધર પ્રતિમા ચંદ્રપ્રભ વજ્ર વૈડૂર્ય વિવિધ મણિ કનકરત્ન ખચિત મહાર્હ તપનીય ઉજ્વલ વિચિત્ર દંડો ચિલ્લિકાઓ, શંખ-કકુંદ-દક્રજમય મથિત ફીણપુંજ સમાન,



સૂક્ષ્મ રજતના દીર્ઘવાળયુક્ત, શ્વેત ચામર લીલાસહિત ધારણ કરીને રહી છે.

તે જિનપ્રતિમાની આગળ બબ્બે નાગપ્રતિમા, બબ્બે યક્ષપ્રતિમા બબ્બે ભૂતપ્રતિમા, બબ્બે કુંડધાર પ્રતિમા વિનયથી નમેલી પગે પડતી, અંજલિ જોડેલી એવી રહેલી છે. તે બધી જ રત્નમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ, લષ્ટ, ધૃષ્ટ, મૃષ્ટ, નીરજ, નીષ્પંક યાવત્ પ્રતિરૂપ છે.

તે જિનપ્રતિમાની આગળ એકસો આઠ - એકસો આઠ ઘંટા, વંદનકળશ, ભૃંગાર આદર્શક, થાળા, પાત્રી, સુપ્રતિષ્ઠક, મનોગુલિકા, વાતકરક, ચિત્ર રત્નકરંડક, અશ્વકંઠક યાવત્ વૃષભકંઠક, પુષ્પચંગેરી યાવત્ લોમહસ્ત ચંગેરી, પુષ્પપટલક યાવત્ લોમહસ્ત પટલક છે.

સૂત્ર વ્યાખ્યા — *[વૃત્તિકારશ્રીએ પ્રાકૃત પાઠનું સંસ્કૃતમાં રૂપાંતર જ કરેલ હોવાથી અમે અહીં માત્ર વિશિષ્ટ શબ્દાદિ જ લીધાં છે —]*

તે જિનપ્રતિમાનો આ આવા સ્વરૂપનો વર્ણ વ્યાસ કહેલ છે. તે આ પ્રમાણે — અંકમય - અંકરત્નમય, લોહિતાક્ષ-આ નામનું એક રત્ન, રિષ્ઠમય-રિષ્ટરત્નમય, ચુચુક-સ્તનની ડીંટડી, શિલપ્રવાલ મય - વિદ્રુમમય, - x - x - પ્રતિસેવક-ખૂણા કે ધાર, રિષ્ટરત્નની બનેલી આંખની મધ્યે રહેલ કીકી, રિષ્ટરત્નમય અક્ષિપત્ર-નેત્રરોમ, - x - x - તપનીયમય વાળની અંતભૂમિ - કેશભૂમિ અર્થાત્ ટાલકુ રિષ્ઠરત્નમય ઉપરના મૂર્ધજ - વાળ છે.

[શંકા] કેશરહિત મસ્તક-મુખયુક્ત ભાવજિનોની પ્રતિકૃતિની સદ્‌ભાવ સ્થાપના હોય છે, તો જિનોને કેશ-કૂર્ચાદિનો સંભવ કઈ રીતે હોય ? [સમાધાન] ભાવજિનોને પણ અવસ્થિત કેશાદિનું પ્રતિપાદન સિદ્ધાંતથી સિદ્ધ છે. જેમ - સમવાયાંગમાં અતિશયના અધિકારમાં "અવસ્થિત કેશ-શ્મશ્રૂ-રોમ-નખ" કહેલ છે. અવસ્થિતત્વ દેવ માહાત્મ્યથી છે, પૂર્વોત્પન્ન કેશાદિનું તે પ્રમાણે અવસ્થાન છે, પણ સર્વથા અભાવત્વ નથી. આ જ શોભાતિરેક દર્શન અને પુરુષ પ્રતિપત્તિ છે. તેથી પ્રસ્તુતમાં તેની પ્રતિરૂપતામાં વ્યાઘાત નથી.

(શંકા) જો એમ છે તો અર્ચનક વડે, શું આલંબન કરીને તેની શ્રામણ્યવસ્થાને ભાવવી ? [સમાધાન] પરિકર્મિત રિષ્ઠમણિમય તથાવિધ અલ્પ કેશાદિ રમણીય મુખાદિ સ્વરૂપ. જે શ્રી ધર્મઘોષસૂરિજીએ ભાષ્યવૃત્તિમાં ભગવંતને ચાલીગયેલ [રહિત] કેશવાળા મસ્તક-મુખ નિરીક્ષણથી શ્રામણ્યાવસ્થા સુજ્ઞાન જ કહેલ છે. તે ન વધતા અને અલ્પપણાથી અભાવની વિવક્ષામાં શ્રામણ્યાવસ્થાના અપ્રતિબંધકત્વથી કહ્યું, તેમાં કશું અયુક્ત નથી.

તે જિનપ્રતિમાની પાછળ એક-એક છત્રધાર પ્રતિમા કહી છે તે છત્રધાર પ્રતિમા આદિ સૂત્રાર્થવત્ આતપત્ર-છત્ર. તે જિનપ્રતિમાની બંને પડખે પ્રત્યેકમાં બબ્બે ચામરધાર પ્રતિમા કહી છે. તે પ્રતિમા ચંદ્રપ્રભ-ચંદ્રકાંત, વજ્ર-હીરકમણિ ઈત્યાદિથી ખચિત જે દંડોમાં છે તે. એવા સ્વરૂપના મહાર્ઘ, તપનીય ઉજ્જવલ દંડ જેમાં છે તે. - x - લીલાસહિત ધારણ કરે છે - વીંઝે છે, વીંઝતા રહેલ છે. તે જિનપ્રતિમાની

આગળ બબ્બે-બબ્બે નાગ, યક્ષ, ભૂત, કુંડધાર પ્રતિમા છે.

તે દેવછંદકમાં જિનપ્રતિમાની આગળ ૧૦૮-૧૦૮ ઘંટા, વંદનકળશ-માંગલ્યઘટ, ઈત્યાદિ બધું સૂત્રાર્થવત્ જાણવું. વિશેષ આ – મનોગુલિકા-પીઠિકા વિશેષરૂપ, અશ્વકંઠ હસ્તિકંટ-નરકંઠ-કિન્નરકંઠ-કિંપુરુષકંઠ - મહોરગ કંઠ - ગંધર્વકંઠ - વૃષભકંઠ તથા પુષ્પચંગેરી, એ રીતે માલ્ય - ચૂર્ણ - ગંધ-વસ્ત્ર-આભરણ-સિદ્ધાર્થક-રોમહસ્ત આ બધાંની ચંગેરી, તેમાં રોમહસ્ત - મોરપીંછની પૂંજણી, પુષ્પ પટલ, માલ્ય પટલ, મુક્લ, પુષ્પ, ગ્રથિતમાળા, ચૂર્ણ પટલક, ગંધ-વસ્ત્રાદિ બધાંના પટલક, એ બધાં ૧૦૮-૧૦૮ જાણવા ૧૦૮-૧૦૮ સિંહાસન, છત્ર, ચામર, તૈલસમુદ્ગક, કોષ્ઠ સમુદ્ગક, ચોયગસમુદ્ગક, તગર સમુદ્ગક, મેલાસમુદ્ગક, હરિતાલ આદિ સમુદ્ગક આ બધાં જ તેલાદિ પરમ સુરભિગંધયુક્ત જાણવા. ૧૦૮ ધ્વજા છે. - x - x -

સિદ્ધાયતનકૂટ વક્તવ્યતા કહી, હવે દક્ષિણાર્દ્ધ ભરતકૂટ –

**● સૂત્ર-૧૫ થી ૧૮ :-**

***[૧૫] ભગવન્ ! વૈતાઢ્ય પર્વતમાં દાક્ષિણાર્દ્ધ ભરતકૂટ નામક કૂટ ક્યાં કહ્યો છે ? ગૌતમ ! ખંડપ્રપાત કૂટની પૂર્વમાં, સિદ્ધાયતન કૂટની પશ્ચિમે, અહીં વૈતાઢ્ય પર્વતનો દાક્ષિણાર્દ્ધ ભરતકૂટ નામનો કૂટ કહેલ છે. સિદ્ધાયતન કૂટ પ્રમાણ સદેશ યાવત્ તે બહુસમરમણીય ભૂમિભાગના બહુમધ્યદેશ ભાગમાં અહીં એક મોટો પ્રાસાદાવતંસક કહેલ છે. તે એક કોશ ઉર્ધ્વ ઉચ્ચત્વથી, અર્ધકોશ વિષ્કંભથી અભ્યુદ્ગત ઉસ્રિત પ્રહસિત યાવત્ પ્રાસાદીયાદિ છે.***

***તે પ્રાસાદાવતંસકના બહુમધ્યદેશ ભાગમાં એક મોટી મણિપીઠિકા કહી છે, તે ૫૦૦ ધનુષ્ આયામ-વિષ્કંભથી, ૨૫૦-ધનુષ્ બાહલ્યથી, સર્વમણીમયી, તે મણિપીઠિકાની ઉપર સીંહાસન કહેલ છે, તે સપરિવાર કહેવું.***

***ભગવન્ ! તેને દક્ષિણાર્દ્ધ ભરતકૂટ કેમ કહે છે ? ગૌતમ ! દાક્ષિણાર્દ્ધ ભરત નામક મહર્દ્ધિક યાવત્ પલ્યોપમ સ્થિતિક દેવ અહીં વસે છે. તે ત્યાં ૪૦૦૦ સામાનિક, સપરિવાર ચાર અગ્રમહિષી, ત્રણ પર્ષદા, સાત અનિકો, સાત અનિકાધિપતિ, ૧૬,૦૦૦ આત્મરક્ષકદેવ, દાક્ષિણાર્દ્ધ ભરતકૂટ, દાક્ષિણાર્દ્ધ રાજધાની, બીજા ઘણાં દેવો અને દેવીનું આધિપત્યાદિ કરતાં યાવત્ વિચરે છે.***

***દાક્ષિણાર્દ્ધ ભરતકૂટ દેવની દાક્ષિણાર્દ્ધા રાજધાની ક્યાં કહી છે ? ગૌતમ ! મેરુ પર્વતની દક્ષિણમાં તિર્છા અસંખ્યાત દ્વીપસમુદ્ર અતિક્રમીને આ જંબૂદ્વીપ દ્વીપમાં દક્ષિણમાં ૧૨,૦૦૦ યોજન જઈને, અહીં દાક્ષિણાર્દ્ધ ભરતકૂટ દેવની દાક્ષિણાર્દ્ધા નામે રાજધાની કહેવી. જે રીતે વિજયદેવની કહી છે. એ પ્રમાણે સર્વે કૂટો જાણવા યાવત્ વૈશ્રમણકૂટ. તે પરસ્પર પૂર્વથી પશ્ચિમ છે. આ વર્ણાવાસ ગાથા –***

***[૧૬] વૈતાઢ્ય પર્વતના મધ્યમાં ત્રણ કૂટ સ્વર્ણમય છે. બાકીના બધાં કૂટો રત્નમય છે.***

***[૧૭] જે નામના કૂટ છે, તે નામના દેવો હોય છે, તે પ્રત્યકે પ્રત્યેકની***



***પલ્યોપમની સ્થિતિ હોય છે.***

***[૧૮] માણિભદ્રકૂટ, વૈતાઢ્યકૂટ, પૂર્ણભદ્રકૂટ. આ ત્રણ કૂટો સુવર્ણમય છે, બાકીના છ રત્નમય છે. બે વિસદેશ નામવાળા દેવ છે - કૃતમાલક અને નૃત્યમાલક. બાકીના છ સદેશ નામવાળા છે.***

***રાજધાનીઓ જંબૂદ્વીપદ્વીપના મેરુ પર્વતની દક્ષિણમાં તીર્છા અસંખ્યાત દ્વીપ-સમુદ્ર અતિક્રમીને બીજા જંબૂદ્વીપમાં ૧૨,૦૦૦ યોજન જઈને, અહીં રાજધાની કહેવી, તે વિજય રાજધાની સદેશ છે.***

**● વિવેચન-૧૫ થી ૧૮ :-**

અહીં બધે પદયોજના સુગમ છે. વિશેષ - પ્રાસાદાવતંસક એક કોશ ઉર્ધ્વ ઉચ્ચત્વથી, અર્દ્ધ કોશ વિષ્કંભથી, અર્દ્ધ કોશ આયામથી પણ જાણવું. - x - એ પ્રમાણે સોમતિલકસૂરિકૃત્ શ્રીનિલય એ ક્ષેત્ર વિચારના વચનથી જાણવું. ઉમાસ્વાતિકૃત્ જંબૂદ્વીપ સમાસમાં પણ પ્રાસાદાવતંસક આવા પ્રકારના પ્રમાણથી કહેલ છે. - x - x -

तस्स णं આદિ સુગમ છે. વિશેષ એ - सपरिवार - દક્ષિણાર્દ્ધ ભરતકૂટાધિપ સામાનિકાદિ દેવ યોગ્ય ભદ્રાસન સહિત.

હવે પ્રસ્તુત કૂટોના અન્વર્થ પૂછે છે – આ આખું સૂત્ર વિજયદ્વાર નામક અન્વર્થ સૂચક સૂત્રવત્ કહેવું. વિશેષ આ - x - દક્ષિણાર્દ્ધ ભરતની રાજધાની. અહીં નથી છતાં से तेणट्ठेणं૦ સ્વયં જાણવું. તથા દક્ષિણાર્દ્ધ ભરતકૂટ નામે દેવ, સ્વામીત્વથી આનો છે.

હવે તેની રાજધાની ક્યાં છે ? તેમ પૂછે છે – તે સ્પષ્ટ છે. હવે અપર કૂટ વક્તવ્યતાને દક્ષિણાર્દ્ધ ભરતકૂટના અતિદેશથી કહે છે – એ પ્રમાણે દક્ષિણાર્દ્ધ ભરતકૂટ ન્યાયથી બધાં કૂટો-ત્રીજા ખંડ પ્રપાતા કૂટાદિ બુદ્ધિપથથી પ્રાપ્ત કરવા. તે નવમાં વૈશ્રમણકૂટ સુધી જાણવું. તે પરસ્પર-પૂર્વાપરથી, આ અર્થ છે – પૂર્વમાં પૂર્વ-પૂર્વ, પશ્ચિમમાં ઉત્તર-ઉત્તર, પૂર્વાપર વિભાગની આપેક્ષિકત્વથી કહ્યું.

આ કૂટોના વર્ણક વિસ્તારમાં આ વક્ષ્યમાણ ગાથા છે. इमा से० તે કૂટોના વર્ણાવાસમાં આ ગાથા યોજનીય છે - मज्झे वेअड्ढस्स० - x - તેનાથી વૈતાઢ્ય મધ્યે ચોથું-પાંચમું-છટ્ઠું રૂપ ત્રણ કૂટો કનકમય હોય છે. - x - બાકીના પર્વત કૂટો વૈતાઢ્ય વર્ષધર મેરુ આદિ ગિરિકૂટો - x - હરિસ્સહ, હરિકૂટ, બલકૂટ વર્જિત બધાં રત્નમય જાણવા.

જે આ વૈતાઢ્ય પ્રકરણમાં બધાં પર્વતમાં રહેલ કૂટનું જાણપણું છે. તે બધું એક વર્ણકત્વથી લાઘવાર્થે છે. વૈતાઢ્ય શબ્દ અહીં જાતિ અપેક્ષાએ છે, તેથી ભરત, ઐરવત, મહાવિદેહ વિજયમાં રહેલ વૈતાઢ્યના નવે કૂટોમાં સર્વમધ્યમ ત્રણ-ત્રણ કૂટો સુવર્ણના જાણવા. આ જ કથન વેતાઢ્યમાં વ્યક્તપણે દર્શાવે છે - માણિભદ્ર ઈત્યાદિ. બે કૂટનો વિસદેશ નામક દેવો છે – કૃતમાલ, નૃત્યમાલ. બાકીના છ કૂટોના સદેશ નામના દેવો છે. જેમકે દક્ષિણાર્દ્ધ ભરત કૂટનો સ્વામી

દક્ષિણાર્દ્ધ ભરતકૂટ દેવ છે.

આ જ અર્થને વ્યક્ત કરતી ગાથા કહેલ છે — જ નામના કૂટો છે, તે નામના દેવો પલ્યોપમ સ્થિતિક નિશ્ચે હોય છે અને તે પ્રત્યેક કૂટના જાણવા. આના દ્વારા આઠ કૂટોના સ્વામી કહ્યા. સિદ્ધાયતન કૂટમાં સિદ્ધાયતનના જ મુખ્યપણાથી તેના સ્વામી દેવનું નામ જણાવેલ નથી.

(શંકા) દક્ષિણાર્દ્ધ ભરત કૂટોના સદૃશ નામ દેવ આશ્રય ભૂતત્વથી નામો અન્વર્થ થાય છે. જેમકે દક્ષિણાર્દ્ધ ભરત નામના દેવ સ્વામીત્વથી ઉપચારથી - x - દક્ષિણાર્દ્ધ ભરત એવું નામ છે. એમ બીજામાં પણ છે. પરંતુ ખંડપ્રપાત ગુફાકૂટ અને તમિસ્ર ગુફા કૂટમાં તે કઈ રીતે છે ? તેના સ્વામી નૃત્તમાલ, કૃતમાલ વિસદૃશ નામપણે છે. ખંડપ્રપાત ગુફાના ઉપરવર્તીકૂટ ખંડપ્રપાત ગુફાકૂટ ઈત્યાદિ જ અન્વર્થ થતો નથી.

આ સૂત્રમાં દક્ષિણાર્દ્ધ ભરતકૂટ સમાન, બીજા કૂટના અતિદેશથી બૃહત્‌ક્ષેત્ર સમાસવૃત્તિમાં "એ પ્રમાણે શેષ કૂટો પણ સ્વ-સ્વ અધિપતિ યોગથી પ્રવૃત્ત છે, તેમ જાણવું. ખંડપ્રપાતગુફાધિપતિનો કૂટ ખંડપ્રપાતકૂટ એ યૌગિક નામાંતર અપેક્ષાથી અહીં પણ અન્વર્થ ઘટે છે જ. તેથી જ કહે છે કે — ત્રીજા કૂટમાં ખંડપ્રપાતગુફાધિપતિ દેવ આધિપત્યાદિ કરે છે, તેથી તે ખંડપ્રપાતગુફાકૂટ કહેવાય છે. ત્યારપછી રાજદાની વિષયક સૂત્ર છે. તે સરળ છે - x - રાજધાની ખંડપ્રપાતગુફા નામે છે, માણિભદ્ર દેવ છે. - x -

● **સૂત્ર-૧૯,૨૦ :-**

***[૧૯] ભગવન્ ! વૈતાઢ્ય પર્વતને વૈતાઢ્ય પર્વત કેમ કહે છે ? ગૌતમ ! વૈતાઢ્ય પર્વત ભરતક્ષેત્રને બે ભાગમાં વિભક્ત કરતો રહેલ છે. તે આ પ્રમાણે — દાક્ષિણાર્દ્ધ ભરત, ઉત્તરાર્દ્ધ ભરત. અહીં મહર્દ્ધિક યાવત્ પલ્યોપમસ્થિતિક વૈતાઢ્યકુમાર દેવ વસે છે. તેથી હે ગૌતમ ! એમ કહેવાય છે - વૈતાઢ્ય પર્વત એ વૈતાઢ્ય પર્વત કહેવાય છે.***

***અથવા હે ગૌતમ ! વૈતાઢ્ય પર્વત એ શાશ્વત નામ કહેલ છે, જે કદી ન હતું તેમ નહીં, કદી નથી તેમ નહીં, કદી નહીં હશે એમ પણ નથી, હતું - છે અને રહેશે. તે ધ્રુવ, નિયત, શાશ્વત, અક્ષય, અવ્યય, અવસ્થિત, નિત્ત્ છે.***

***[૨૦] ભગવન્ ! જંબૂદ્વીપમાં ઉત્તરાર્દ્ધ ભરતક્ષેત્ર ક્યાં આવેલ છે ? ગૌતમ ! લઘુહિમવંત વર્ષધર પર્વતની દક્ષિણમાં વૈતાઢ્ય પર્વતની ઉત્તરમાં પૂર્વી લવણસમુદ્રની પશ્ચિમે, પશ્ચિમ લવણસમુદ્રની પૂર્વે, અહીં જંબૂદ્વીપ દ્વીપમાં ઉત્તરાર્દ્ધ ભરત નામે વાસ ક્ષેત્ર કહેલ છે.***

***આ ક્ષેત્ર પૂર્વ-પશ્ચિમ લાંબુ, ઉત્તર-દક્ષિણ પહોળું પલ્યંક સંસ્થાને રહેલ, બે તરફ લવણ સમુદ્રને સ્પૃષ્ટ, પૂર્વ કોટિથી પૂર્વ લવણ સમુદ્રને સ્પૃષ્ટ અને પશ્ચિમ કોટિથી૦ યાવત્ સ્પૃષ્ટ છે. ગંગા-સિંધુ મહાનદી વડે ત્રણ ભાગમાં વિભક્ત, ૨૩૮ યોજન અને એક યોજનના ૩/૧૯ ભાગ વિષ્કંભથી છે.***



***તેની બાહા પૂર્વ-પશ્ચિમથી ૧૮૯૨ યોજન અને એક યોજનના ૭/૧૯ ભાગ અને અર્ધભાગ લંબાઈથી છે. તેની જીવા ઉત્તરમાં પૂર્વ-પશ્ચિમ લાંબી, લવણસમુદ્રને બે બાજુ સ્પૃષ્ટ છે યાવત્ ૧૪,૪૭૧ યોજન અને ૬/૧૯ ભાગથી કંઈક વિશેષ ન્યૂન આયામથી કહેલ છે. તેનું ધનુપૃષ્ઠ દક્ષિણથી ૧૪,૫૨૮ યોજન અને યોજનના ૧૧/૧૯ ભાગ પરિક્ષેપથી છે.***

***ભગવન્ ! ઉત્તરાર્દ્ધ ભરતક્ષેત્રનો કેવો આકાર પ્રત્યવતાર કહેલ છે ? ગૌતમ ! બહુસમરમણીય ભૂમિભાગ કહેલ છે. જેમ કોઈ આલિંગપુષ્કર૦ યાવત્ કૃત્રિમ અને અકૃત્રિમ વડે છે.***

***ભગવન્ ! ઉત્તરાર્દ્ધ ભરતના મનુષ્યના કેવા આકારભાવ પ્રત્યવતાર કહેલ છે ? તે મનુષ્યો ઘણાં સંઘયણી યાવત્ કેટલાંક સિદ્ધ થાય છે, યાવત્ સર્વે દુઃખોનો અંત કરે છે.***

● **વિવેચન-૧૯,૨૦ :-**

હવે વૈતાઢ્ય નામની નિરુક્તિ પૂછે છે — ઉત્તરમાં કહે છે - ભરતક્ષેત્રને બે ભાગમાં વિભાગ કરીને રહેલ છે. તેથી જે ભરત ક્ષેત્રના બે અડધા કરે છે, તેથી વૈતાઢ્ય કહ્યો. હવે બીજા પ્રકારે નામનો અન્વર્થ કહે છે — અહીં વૈતાઢ્યગિરિકુમાર દેવ મહર્દ્ધિક, મહાદ્યુતિકાદિ છે. પલ્યોપમસ્થિતિક દેવ અહીં વસે છે. તેનાથી વૈતાઢ્યનો નામાન્વર્થ વિજયદ્વારવત્ જાણવો. કેમકે સદૃશ નામના સ્વામી છે. अदुत्तरं० ઈત્યાદિ પૂર્વવત્ છે.

હવે ઉત્તરાર્દ્ધભરતક્ષેત્ર ક્યાં છે ? એ પ્રશ્નસૂત્ર કહે છે. દક્ષિણાર્દ્ધ ભરતના સમાન ગમત્વથી વ્યક્ત છે. વિશેષ એ કે — પલ્યંકવત્ સંસ્થાન જેનું છે તે. તે ૨૩૮|૩/૧૯ યોજન વિષ્કંભ છે. આનો શર પણ પ્રાચ્યશર સહિત સ્વક્ષેત્ર વિસ્તારથી ૫૨૬ યોજન અને ૬-કળા છે.

હવે તેની બાહા — ઉત્તરાર્દ્ધ ભરતની બાહા - પૂર્વોક્ત સ્વરૂપ પૂર્વાપર દિશામાં એકૈક ૧૮૯૨|૭/૧૯ ભાગ અને યોજનનો અર્ધભાગ પણ ૧૯માં ભાગનો છે અર્થાત્ યોજનનો ૩૮મો ભાગ છે.

આનું કરણ — ગુરુધનુઃપૃષ્ઠ કલારૂપ ૨,૭૬,૦૪૨. તેમાંથી ૨,૦૪,૧૩૧ કળારૂપ લઘુ ધનુઃપૃષ્ઠ શોધિત કરતાં થશે - ૭૧,૯૧૧. તેને અડધું કરતાં ૩૫,૯૫૫ કલાર્દ્ધ થાય છે. તેના યોજનો ૧૮૯૨ અને ૭-કલાર્દ્ધ થશે. આ એક પડખાંની બાહાની લંબાઈ છે.

હવે તેની જીવા કહે છે — તેની જીવા-પૂર્વોક્ત સ્વરૂપા ઉત્તરમાં લઘુહિમવંતગિરિની દિશામાં પૂર્વ-પશ્ચિમ લાંબી બંને બાજુ લવણસમુદ્રને સ્પૃષ્ટ, દક્ષિણાર્દ્ધ ભરત જીવા સૂત્રવત્ જ જાણવી. - x - ૧૪,૪૭૧ - ૬/૧૯ ભાગથી કિંચિત્ વિશેષ ન્યૂન લંબાઈથી છે.

આના કરણ આ રીતે — કલીકૃત્ જંબૂદ્વીપ વ્યાસ ૧૯ શૂન્ય-૫, ઈષૂનિત ૧૮૯ શૂન્ય-૪, ઈષુગુણ-૧૮૯, શૂન્ય-૮, ચાર ગણું કરતાં-૭૫૬, શૂન્ય-૮. આ ઉત્તરાર્દ્ધ ભરતનો જીવાવર્ગ છે. આનું વર્ગમૂળ કરતાં પ્રાપ્ત કળા છે - ૨,૭૪,૯૫૪, શેષ

કલાંશ-૨,૯૭,૮૮૪ અને છેદ-૫,૪૯,૯૦૮ થાય. પ્રાપ્ત કળાના-૧૯ ભાગે યોજન કરતાં ૧૪,૪૭૧ - ૫/૧૯ ઉદ્ધર્યા પછી શેષ કલાંશમાં ઉમેરતાં કંઈક વિશેષ ન્યૂન ૬૦ કળા વિવક્ષિત છે.

હવે આનું ધનુઃપૃષ્ટ કહે છે — તે ઉત્તરાર્દ્ધ ભરત જીવાના દક્ષિણ પાર્શ્વમાં ધનુઃપૃષ્ઠ અર્થાત્ ઉત્તરાર્દ્ધભરતના ૧૪,૫૨૮ ૧૧/૧૯ યોજન પરિધિથી કહેલ છે. અહીં કરણ - ઉત્તરાર્દ્ધ ભરતના કલીકૃત્ ઈષુ ૧૦,૦૦૦, આનો વર્ગ-૧, શૂન્ય-૮, તેને છ વડે ગુણતા ૬-શૂન્ય-૮. તે પણ ઉત્તરાર્દ્ધ ભરત જીવા વર્ગથી ૭૫,૬૦,૦૦,૦૦,૦૦૦ એ સ્વરૂપે મિશ્રિત થતાં ૭૬૨ અને શૂન્ય-૮. આ ઉત્તરાર્દ્ધ ભરતનો જીવા વર્ગ, તેના મૂલથી પ્રાપ્ત કળા ૨,૭૬,૦૪૩, શેષ કલાંશ-૨,૬૨,૧૫૧ અને છેદ રાશિ-૫,૫૨,૦૨૬, કળાના ૧૯મા ભાગે ૧૪,૫૨૮ ૧૧/૧૯. અહીં શેષાંશોના અવિવક્ષિતત્વથી ૧૧-કળાનું સાધિકત્વ સૂચવ્યું. અહીં દક્ષિણાર્દ્ધ ભરતાદિ ક્ષેત્ર સંબંધી શરાદિ ચતુષ્ક સુખેથી પરિજ્ઞાનને માટે વૃત્તિકારશ્રીએ કોષ્ટક આપેલ છે.

| ક્ષેત્ર | શર | બાહા | જીવા | ધનુઃપૃષ્ઠ |
|---|---|---|---|---|
| દક્ષિણભરતાર્દ્ધ | ૨૩૮/૩ | — | ૯૭૩૮/૧૨ | ૯૭૬૬/૧ |
| વૈતાઢ્ય પર્વત | ૨૮૮/૩ | ૪૮૮/૬॥ | ૧૦૭૨૦/૧૨ | ૧૦૭૪૩/૧૫ |
| ઉત્તર ભરતાર્દ્ધ | ૫૨૬/૬ | ૧૮૯૨/૭॥ | ૧૪૪૭૧/૫ | ૧૫૫૨૮/૧૧ |

આ શર આદિ કરણવિધિ પ્રસંગથી અહીં દર્શાવેલ છે. અહીંથી આગળ ઉત્તરમાં લઘુહિમવતાદિ સૂત્રમાં તે દર્શાવેલ નથી. તે ક્ષેત્રવિચાર વૃત્તિથી જાણવું. હવે ઉત્તરાર્દ્ધ ભરતનું સ્વરૂપ પૂછે છે. તે સ્પષ્ટ છે. અહીં જ મનુષ્યનું સ્વરૂપ પૂછે છે — તે પણ પૂર્વવત્. યાવત્ કોઈ સર્વ દુઃખોનો અંત કરે છે.

(શંકા) અહીં મનુષ્યોમાં અરહંતાદિના અભાવથી મુક્તિ અંગભૂત ધર્મશ્રવણાદિના અભાવથી કઈ રીતે મુક્તિ પ્રાપ્તિના સૂત્રના ઔચિત્યને કહે છે ? તે કહે છે. ચક્રવર્તી કાળમાં ખુલ્લી બંને ગુફાના અવસ્થાનથી જતા-આવતાં દક્ષિણાર્દ્ધ ભરતવાસી સાધુ આદિથી કે અન્યદા પણ વિદ્યાધર-શ્રમણાદિથી કે જાતિ સ્મરણાદિથી મુક્તિ પ્રાપ્તિ સૂત્ર ઉચિત છે.

*[અહીં હીરસૂરિજીની વૃત્તિનો સંદર્ભ છે — જો કે ઉત્તરાર્દ્ધ ભરતક્ષેત્રમાં તીર્થંકરાદિના અભાવથી અનાર્યદેશોત્પન્નત્વથી ત્યાંના મનુષ્યોને ધર્મપ્રાપ્તિ સામગ્રી અભાવ છે, તો પણ ચૈત્ય નમસ્કારાદિ પ્રયોજન વશ તત્રગત વિદ્યાધરાદિ સાધુ અને જિનપ્રતિમાના દર્શનથી કર્મના ક્ષયોપશમના વૈચિત્ર્યથી આર્દ્રકુમારાદિવત્ જાતિસ્મરણ થાય.]*

હવે આ ક્ષેત્રવર્તી ઋષભકૂટ ક્યાં છે, તે પૂછે છે —

● **સૂત્ર-૨૧ :-**

***ભગવન્ ! જંબૂદ્વીપદ્વીપમાં ઉત્તરાર્દ્ધ ભરતક્ષેત્રમાં ઋષભ કૂટ નામક પર્વત કહેલ છે ? ગૌતમ ! ગંગાકૂટની પશ્ચિમે, સિંધુ કૂટની પૂર્વે લઘુહિમવંત વર્ષધર પર્વતના દક્ષિણી નિતંબમાં, અહીં જંબૂદ્વીપ દ્વીપમાં ઉત્તરાર્દ્ધ ભરતક્ષેત્રમાં ઋષભકૂટ***





***નામે પર્વત કહેલ છે. - તથા -***

***આ ઋષભકૂટ આઠ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી, બે યોજન ઉદ્વેધથી, મૂળમાં આઠ યોજન, મધ્યમાં છ યોજન, ઉપર ચાર યોજન વિષ્કંભથી કહેલ છે. મૂળમાં સાતિરેક ૨૫-યોજન, મધ્યમાં સાતિરેક ૧૮-યોજન, ઉપર સાતિરેક ૧૨-યોજન પરિધિ છે.***

***પાઠાંતરથી - મૂળમાં બાર યોજન, મધ્યમાં આઠ યોજન, ઉપર ચાર યોજન વિષ્કંભથી, મૂળમાં સાતિરેક ૩૭-યોજન, મધ્યે સાતિરેક ૨૫-યોજન, ઉપર સાતિરેક ૧૨-યોજન પરિધિથી ઋષભકૂટ કહેલ છે.***

***તે મૂળમાં વિસ્તીર્ણ, મધ્યમાં સંક્ષિપ્ત, ઉપર તનુ. ગોપુચ્છ સંસ્થાન સંસ્થિત, સર્વ જાંબૂનદમય, સ્વચ્છ-શ્લક્ષ્ણ-યાવત્ પ્રતિરૂપ છે. તે એક પદ્મવરવેદિકાથી પૂર્વવત્ યાવત્ ભવન કોશ લંબાઈથી, અર્દ્ધકોશ પહોળાઈથી, દેશોન કોશ ઉર્ધ્વ ઉચ્ચત્વથી છે, અર્થ પૂર્વવત્. ઉત્પલો, પદ્મ યાવત્ ઋષભ, અહીં મહર્દ્ધિક દેવ યાવત્ દક્ષિણથી રાજધાની પૂર્વવત્ મેરુ પર્વતના, જેમ વિજયની છે તેમ કહેવી.***

● **વિવેચન-૨૧ :-**

ભગવન્ ! જંબૂદ્વીપદ્વીપમાં ઉત્તરાર્દ્ધ ભરતમાં ઋષભકૂટ પર્વત ક્યાં છે ? ગૌતમ ! જ્યાં હિમવત્‌થી ગંગા નીકળે છે, તે ગંગા કૂટ તેની પશ્ચિમે, એ રીતે સિંધૂકુડની પૂર્વમાં, લઘુ હિમવત વર્ષધરના દક્ષિણી નિતંબમાં છે. આ પ્રદેશમાં જંબૂદ્વીપ દ્વીપમાં ઋષભ કૂટ નામે પર્વત કહેલ છે. તે આઠ યોજન ઉંચો આદિ બધું સૂત્રાર્થવત્ જાણવું. ઉદ્વેધ-ભૂમિમાં રહેલો છે. વિષ્કંભ-વિસ્તાર, ઉપલક્ષણથી આયામ પણ છે. પરિક્ષેપ-પરિધિ. - x - x -

અહીં કહે છે — એક વસ્તુના વિષ્કંભાદિ પરિમાણમાં બે રૂપ અસંભવ હોવાથી આ ગ્રંથના સાતિશય સ્થવિર પ્રણીતપણામાં કોઈ એક નિર્ણય કેમ નથી ? - x - સત્ય છે. જિનેશ્વરો બધાં ક્ષાયિક જ્ઞાની હોવાથી મૂળથી એક જ મત હોય. પાછળથી કાલાંતરથી વિસ્મૃતિ આદિ વડે આ વાચના ભેદ છે. જ્યોતિષ્કરંડક વૃત્તિમાં કહેલ છે કે — દુઃખમાનુભાવથી દુર્ભિક્ષપ્રવૃત્તિથી સાધુ વડે પઠન-ગુણનાદિમાં મુશ્કેલી થઈ. સુભિક્ષકાળ થતાં બંને સંઘનો મેલાપક થયો. એક વલ્લભીમાં, એક મથુરામાં. ત્યાં સૂત્રાર્થ સંઘટનમાં પરસ્પર વાચના ભેદ થયો. - x - તેમ અહીં પણ કોઈ એક નિર્ણય દુષ્કર હતો. - x - x - ઈત્યાદિ.

પરંતુ સિદ્ધાંત શિરોમણી પૂજ્યશ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ પ્રણીત ક્ષેત્ર સમાસ સૂત્રમાં ઉત્તરમત જ દર્શાવેલ છે. જેમકે — બધાં જ ઋષભકૂટ ઉર્ધ્વ આઠ યોજન હોય છે, બાર, આઠ અને ચાર, મૂળમાં-મધ્યમાં-ઉપર વિસ્તીર્ણ છે.

હવે એની પદ્મવર વેદિકાદિ કહે છે — સિદ્ધાયતન કૂટમાં પૂર્વે કહ્યું તેમ અહીં પણ વક્તવ્યતા કહેવી. તે ઋષભ નામના દેવના સ્થાન-ભવન સુધી કહેવું. તે આ — એક વનખંડથી ચોતરફથી પરિવૃત્ત છે. ઋષભકૂટ ઉપર બહુસમ રમણીય ભૂમિભાગ

કહેલ છે. - x - યાવત્ ત્યાં વ્યંતરો વિચરે છે. તે બહુસમરમણીય ભૂમિભાગના બહુ મધ્યદેશ ભાગમાં એક મોટું ભવન કહેલ છે. આની વ્યાખ્યા પૂર્વવત્.

ભવનનું પ્રમાણ સૂત્રમાં સાક્ષાત્ જ દર્શાવિલ છે. - x - જો કે ભવનના આયામની અપેક્ષાથી કંઈક ન્યૂન ઉંચાઈ પ્રમાણ છે, પ્રાસાદ આયામથી બે ગણો ઉંચો છે. જ્ઞાતાધર્મકથાની વૃત્તિમાં ભવન અને પ્રાસાદમાં શું ભેદ ? તેવા પ્રશ્નના ઉત્તરમાં કહ્યું, તેનું અહીં એકાર્થત્વ જાણવું. ક્ષેત્ર સમાસવૃત્તિમાં પણ ભવનનું પ્રમાણ કહેલ છે. નામનો અન્વર્થ ઋષભકૂટનો તે જ પ્રમાણે, જેમ જીવાભિગમ આદિમાં યમકાદિ પર્વતોનો કહ્યાં છે. તે રીતે અહીં પણ ઔચિત્યથી કહેવો. તે આ રીતે —

ભગવન્ ! તેને ઋષભકૂટ પર્વત કેમ કહે છે ? ગૌતમ ! ઋષભપર્વતમાં ક્ષુદ્રા, ક્ષુદ્રિકા, વાપી, પુષ્કરિણી આદિમાં ઘણાં ઉત્પલ, પદ્મ આદિ ઋષભકૂટપ્રભા, ઋષભકૂટ વર્ણાભા છે. અર્થાત્ ઋષભકૂટ આકારના છે - x - તેથી તેના આકારપણું અને વર્ણપણાથી તદ્વર્ણ સાદૃશ્યથી ઋષભકૂટ પ્રસિદ્ધ છે. તેના યોગથી આ પર્વત પણ ઋષભકૂટ છે. અથવા અનાદિકાળ પ્રસિદ્ધ નામ હોવાથી આ પ્રવૃત્તિ છે. - x -

પ્રકારાંતરથી પણ નામ નિમિત્ત કહે છે — ઋષભ એ અહીંનો મહર્દ્ધિક દેવ છે, યાવત્ શબ્દથી મહાદ્યુતિક યાવત્ ઋષભકૂટ અને ઋષભા રાજધાની આદિનું આધિપત્યાદિ કરતો યાવત્ વિચરે છે. તેથી તે ઋષભકૂટ કહેવાય છે.

ઋષભદેવની ઋષભા નામે રાજધાની મેરુ પર્વતની દક્ષિણથી તેમજ કહેવી, જેમ વિજયદેવની પૂર્વે કહી. આ વિજયા રાજધાનીનું નામથી અંતર છે, વર્ણનમાં કોઈ અંતર નથી.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**વક્ષસ્કાર-૧-નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**



## ❀ વક્ષસ્કાર-૨-"કાળ" ❀

— x — x — x — x —

● સૂત્ર-૨૨ થી ૨૬ :-

*[૨૨] ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં ભરતક્ષેત્રમાં કેટલા કાળ કહેલ છે ? ગૌતમ ! બે ભેદે કાળ કહેલ છે, તે આ — અવસર્પિણીકાળ અને ઉત્સર્પિણીકાળ.*

*ભગવન્ ! અવસર્પિણીકાળ કેટલા ભેદે કહેલ છે ? ગૌતમ ! છ ભેદે કહેલ છે, તે આ — સુષમસુષમાકાળ, સુષમાકાળ, સુષમદુઃષમાકાળ, દુષમ સુષમાકાળ, દુઃષમાકાળ, દુઃષમ દુઃષમાકાળ.*

*ભગવન્ ! ઉત્સર્પિણીકાળ કેટલા ભેદે કહેલ છે ? ગૌતમ ! છ ભેદે કહેલ છે. તે આ — દુઃષમદુઃષમાકાળ યાવત્ સુષમસુષમાકાળ.*

*ભગવન્ ! એક-એક મુહૂર્ત્તના કેટલા ઉચ્છ્વાસકાળ કહેલ છે ? ગૌતમ ! અસંખ્યાત સમયના સમુદય સમિતિ સમાગમથી તે એક આવલિકા કહી છે, સંખ્યાત આવલિકાનો ઉચ્છ્વાસ અને સંખ્યાત આવલિકાનો એક નિઃશ્વાસ થાય છે.*

*[૨૩] હૃષ્ટ-પુષ્ટ, અગ્લાન, નીરોગ મનુષ્યનો એક ઉચ્છ્વાસ-નિઃશ્વાસ પ્રાણ કહેવાય છે.*

*[૨૪] સાત પ્રાણોનો એક સ્તોક, સાત સ્તોકનો એક લવ અને ૭૭-લવનું એક મુહૂર્ત્ત કહેલ છે.*

*[૨૫] ૩૭૭૩ ઉચ્છ્વાસનું મુહૂર્ત્ત અનંતજ્ઞાનીએ કહેલ છે.*

*[૨૬] આ મુહૂર્ત્ત પ્રમાણથી ૩૦-મુહૂર્ત્તનો અહોરાત્ર, પંદર અહોરાત્રનો પક્ષ, બે પક્ષનો માસ, બે માસની ઋતુ, ત્રણ ઋતુનું એક અયન, બે અયનનું સંવત્સર, પાંચ સંવત્સરનો યુગ, વીસ યુગના સો વર્ષ, દશ શતવર્ષના હજાર વર્ષ, સો હજારવર્ષના એક લાખવર્ષ, ૮૪ લાખ વર્ષનું એક પૂર્વાંગ, ૮૪ લાખ પૂર્વાંગનું એક પૂર્વ, એ પ્રમાણે દ્વિગુણ-દ્વિગુણ જાણવું. ત્રુટિતાંગ-ત્રુટિત, અડડાંગ-અડડ, અવવાંગ-અવવ, હુહુકાંગ-હુહુક, ઉત્પલાંગ-ઉત્પલ, પદ્માંગ-પદ્મ, નલિનાંગ-નલિન, અર્થનિપુરાંગ-અર્થ નિપુર, અયુતાંગ-અયુત, નયુતાંગ-નયુત, પ્રયુતાંગ-પ્રયુત, ચૂલિકાંગ-ચૂલિકા, શીર્ષપ્રહેલિકાંગ-શીર્ષપ્રહેલિકાંગ-શીર્ષપ્રહેલિકા, યાવત્ - x - આટલે સુધી ગણિત છે, આટલો ગણિતનો વિષય છે, તેથી આગળ ઉપમાકાળ છે.*

● વિવેચન-૨૨ થી ૨૬ :-

ક્ષેત્રો અવસ્થિત અને અનવસ્થિત કાળ ભેદથી બે પ્રકારે જાણવા છતાં અહીં સાક્ષાત્ ઘટતાં શુભ ભાવોને જોઈને પારિશેષ્યથી સંભવતા અનવસ્થિતકાળને હૃદયમાં ધારીને પૂછે છે —

જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં કેટલો કાળ કહેલ છે? ભગવંતે કહ્યું — ગૌતમ! બે પ્રકારે કાળ કહેલ છે. તે આ રીતે — ઘટતા આરાપણાથી અવસર્પે

છે અથવા ક્રમથી આયુ, શરીરાદિ ભાવો ઘટાડે છે, તેથી તે અવસર્પિણી એવો આ કાળ છે. પ્રજ્ઞાપક અપેક્ષાથી તે પહેલા કહ્યો છે. ઉત્સર્પતિ-આરાની અપેક્ષાથી વધે છે, અથવા ક્રમથી આયુ આદિ ભાવો વધે છે, તે ઉત્સર્પિણીકાળ છે. च કાર બંને આરાની સમાનતા, સમાન પરિણામતા આદિને જણાવે છે. તેથી પ્રશ્ન કરે છે —

અવસર્પિણીકાળ કેટલા ભેદે છે ? છ ભેદે. (૧) શોભન વર્ષો જેમાં છે, તે સુષમા, સુષમા એવો આ સુષમા તે સુષમાસુષમા. - બંને સામાનાર્થ છે, પ્રકૃષ્ટાર્થ વાચકત્વથી અત્યંત સુષમા, એકાંત સુખરૂપ આ જ પહેલો આરો છે. તેવો આ કાળ, તે સુષમા સુષમા કાળ. બીજો સુષમાકાળ, ત્રીજો સુષમદુષમા - દુષ્ટ વર્ષો જેમાં છે તે દુઃષમા, સુષમ એવો આ દુષમા તે સુષમદુષમા અર્થાત્ સુષમાનુંભાવની બહુલતા અને દુષમાભાવની અલ્પતા. ચોથો દુષમ સુષમા અર્થાત્ દુષમ ભાવની બહુલતા, સુષમભાવની અલ્પતા. પાંચમો દુષ્મા, છટ્ઠો દુષમદુષમાકાળ.

એ પ્રમાણે ઉત્સર્પિણી સૂત્રો પણ કહેવા. પરંતુ છ એ કાળો વિપરીત ક્રમે કહેવા. દુષમદુષમાથી સુષમસુષમા કાળ.

કાળને વિશેષથી જાણવા પૂછે છે — ભગવન્ ! એકૈક મુહૂર્ત્તનો કેટલો ઉચ્છ્વાસ પ્રમિત કાળ વિશેષ કહ્યો છે ? એક મુહૂર્ત્તમાં કેટલાં ઉચ્છ્વાસ થાય છે ? ઉચ્છ્વાસ શબ્દથી અહીં ઉપલક્ષણથી ઉચ્છ્વાસ-નિઃશ્વાસ સાથે જ લેવા. તેનો ઉત્તર - અસંખ્યાત સમય પ્રસિદ્ધ પટ-શાટિકા ફાળવાના દૃષ્ટાંત બોલનારના સ્વરૂપનો પરમનિકૃષ્ટ કાળ વિશેષ સમયોનું વૃંદ, તેમનું જે મીલન, તેનો સમાગમ-એક થવાથી જે કાળમાન થાય છે, તે એક જઘન્યયુક્ત અસંખ્યાતસમય પ્રમાણની ''આવલિકા'' એવી સંજ્ઞાથી જિનેશ્વરે કહેલ છે. - x - x - x - x - x - x - x - x - x - x -

સંખ્યાત આવલિકાનો ઉચ્છ્વાસ-અંતર્મુખ પવન, સંખ્યાત આવલિકાનો નિઃશ્વાસ-બહિર્મુખ પવન થાય.

સંખ્યેયત્વની ઉપપત્તિ આ પ્રમાણે — ૨૫૬ આવલિકાનો એક ક્ષુલ્લક ભવ ગ્રહણ થાય, સાતિરેક ૧૭ ક્ષુલ્લકભવ, તે એક ઉચ્છ્વાસ - નિઃશ્વાસકાળ થાય. જેવા પ્રકારના ઉચ્છ્વાસ વડે મુહૂર્ત્તમાન થાય, તે કહે છે — પુષ્ટ ધાતુવાળો, જરાથી ન હારેલ, વ્યાધિ વડે પૂર્વે કે હાલ અભિભૂત ન થયેલ એવા મનુષ્યાદિના એક ઉચ્છ્વાસથી યુક્ત નિઃશ્વાસ, તે ઉચ્છ્વાસનિઃશ્વાસ, તે પ્રાણ કહેવાય છે. ધાતુહાનિ-જરાદિ વડે અસ્વસ્થ પ્રાણીના ઉચ્છ્વાસનિઃશ્વાસ ત્વરિતાદિ સ્વરૂપપણે હોય, સ્વભાવસ્થ નહીં, તેથી હૃષ્ટાદિ વિશેષણ ગ્રહણ કર્યું.

સાત પ્રાણ - ઉચ્છ્વાસ નિઃશ્વાસનો સ્તોક, સાત સ્તોકે લવ, ૭૭ લવોનો આ અધિકૃત્ જિજ્ઞાસા - પ્રશ્ન છે, તે મુહૂર્ત કહે છે. હવે ૭૭ લવના પ્રમાણથી સામાન્યથી નિરૂપિત મુહૂર્ત્ત જ ઉચ્છ્વાસ સંખ્યા વડે વિશેષથી નિરૂપણ કરવા કહે છે — તેનો આ ભાવાર્થ છે — સાત ઉચ્છ્વાસથી સ્તોક, સાત સ્તોકે લવ, તેથી ૭ x ૭ = ૪૯. અને ૭૭ લવનો એક મુહૂર્ત. ૪૯ x ૭૭ = ૩૭૭૩ થશે. તેથી ૩૭૭૩ ઉચ્છ્વાસે એક મુહૂર્ત.



''બધાં અનંતજ્ઞાની વડે'' એમ કહીને બધાં જિનોની એક વાક્યતા જ્ઞાપનથી સદૃશ જ્ઞાનિત્વ સૂચવ્યું છે. - x - x -

હવે જે હેતુથી મુહૂર્ત્તાદિ પ્રશ્ન છે, તે માનવિશેષને કહી, દ્વિવિધ કાળ પરિમાણ જ્ઞાપન માટે ઉપક્રમ કહે છે — एएणमुहूत्त॰ ઈત્યાદિ. અનંતર કહેલ મુહૂર્ત્ત પ્રમાણથી ૩૦-મુહૂર્ત્તનો અહોરાત્ર. ૧૫-અહોરાત્રનો પક્ષ, બે પક્ષનો માસ ઈત્યાદિ સૂત્રાર્થવત્ જાણવું. છેલ્લે ૮૪ લાખ વર્ષનો એક પૂર્વાંગ કહ્યો. પછી ૮૪ લાખ પૂર્વાંગે - એક પૂર્વ. પૂર્વનું પરિમાણ આ પ્રમાણે — ૭,૦૫,૬૦,૦૦,૦૦,૦૦,૦૦૦.

આ પ્રમાણે પૂર્વાંગ-પૂર્વ ન્યાયથી સંખ્યા સ્થાન ઉત્તરોત્તર ત્રુટિતાંગ-ત્રુટિત ઈત્યાદિ - x - *[અહીં હીરસૂરિજીની વૃત્તિનો સંદર્ભ છે - - x - પૂર્વાંગની અપેક્ષાએ પૂર્વપ્રધાન છે, પૂર્વની અપેક્ષાથી ત્રુટિતાંગ પ્રધાન છે, તેની અપેક્ષાથી ત્રુટિત, ઈત્યાદિ યાવત્ શીર્ષ પ્રહેલિકા સર્વ પ્રધાન છે. કેમકે બહુતર પદાર્થ વિષયત્વથી છે ઈત્યાદિ - x -]* સૂત્રમાં એકત્વથી નિર્દેશ કરાતા-૧૩-સંખ્યા સ્થાનો છે, લાઘવપ્રધાન સૂત્રથી આ કહ્યું. પરંતુ આ સૂત્રને બે ગુણાકાર ભ્રમજનક ન જાણવું. કેમકે ૮૪ ગુણકારને અનંતર જ કહેલ છે. તેથી આ શબ્દ સંસ્કાર માત્ર છે.

ત્રુટિતાંગ-ત્રુટિત, અડડાંગ-અડડ, ઈત્યાદિ સૂત્રાર્થવત્ જાણવું યાવત્ ૮૪ લાખ શીર્ષ પ્રહેલિકાંગે એક શીર્ષપ્રહેલિકા થાય. તેની સ્થાપના આ પ્રમાણે છે — ૭૫,૮૨૬૩,૨૫૩૦,૭૩૦૧,૦૨૪૧,૧૫૭૯,૭૩૫૬,૯૯૭૫,૬૯૬૮,૯૬૨૧,૮૯૬૬,૮૪૮૦, ૮૦૧૮,૩૨૯૬. એ રીતે ૫૪ અંકો અને આગળ ૪૦ શૂન્ય આવે, એ પ્રમાણે શીર્ષપ્રહેલિકમાં આ બધાં ૧૯૪ સંખ્યાના અંક સ્થાનો થાય છે. આ માથુરી વાચના મુજબ અને અનુયોગદ્વારાદિ સંવાદિ સંખ્યાસ્થાન કહ્યા.

આ માથુરી વાચનાગત અને અનુયોગદ્વારાદિ સંવાદી સંખ્યા સ્થાનનું પ્રતિપાદન કર્યું. જ્યોતિષ્કરંડક પ્રકીર્ણક સાથે વિસંવાદ છે. પરંતુ તેમાં વિચિકિત્સા ન કરવી. *[હીરસૂરીશ્વરજીની વૃત્તિનો સંદર્ભ-વલ્લભી વાચના અને જ્યોતિષ્ કરંડક બંનેમાં આ સંખ્યા ગણિત જુદી રીતે છે — પૂર્વાંગ-પૂર્વ, લતાંગ-લતા, મહાલતાંગ-મહાલતા, નલિનાંગ-નલિન, મહાનલિનાંગ-મહાનલિન, મહાકુમુદાંગ-મહાકુમુદ, ત્રુટિતાંગ-ત્રુટિત, મહા ત્રુટિતાંગ-મહાત્રુટિત, અટટાંગ-અટટ, મહા અટટાંગ-મહા અટટ, ઊહાંગ-ઊહ, મહોહાંગ-મહોહ, શીર્ષપ્રહેલિકાંગ-શીર્ષપ્રહેલિકા - અહીં સંમોહ ન કરવો. દુર્ભિક્ષા દોષતી શ્રુતહાની થતાં જેને જેવી સ્મૃતિ હતી, તેને તેવી સંમતિ કરીને લખ્યું. એક મથુરા અને બીજીએ વલ્લભી લખ્યું ઈત્યાદિ]*

વલ્લભી વાચનામાં ઉક્ત સંખ્યા ભેદથી તેની શીર્ષપ્રહેલિકા અંક સ્થાપના આવી જાણવી — ૧૮,૭૫૫, ૧૭,૯૫૫, ૦૧,૧૨૫, ૯૫૪૧૯, ૦૦૯૬૯, ૯૮૧૩૪, ૩૯૭૭૦, ૭૯૭૪૬,૫૪૯૪૨, ૬૧૯૭૭, ૭૭૭૪૭, ૬૫૭૨૫, ૭૩૪૫૭, ૧૮૬૮૧, ૬. એ ૭૦ [૭૧] અંકો અને આગળ ૧૮૦ શૂન્ય થશે. જ્યોતિષ્કરંડકમાં કહેલ શીર્ષ પ્રહેલિકામાં ૨૫૦ સંખ્યક અંક સ્થાનો થાય. અહીં સત્ય શું ? તે કેવલી જાણે. આટલા કાળમાનથી કેટલાંક રત્નપ્રભા નારક, ભવનપતિ, વ્યંતર, સુષમદુષમઆરાના મનુષ્ય, તિર્યંચોનું યથાસંભવ આયૂ માપે છે. આટલું માત્ર સમયથી શીર્ષ પ્રહેલિકા સુધી કાળ ગણિત-સંખ્યા સ્થાન છે. આટલો શીર્ષ પ્રહેલિકા પ્રમેય રાશિ પરિમાણ ગણિતનો વિષય -

આયુ સ્થિત્યાદિ કાળ છે.

તેનાથી આગળ ઉપમા વડે નિર્વૃત્ત ઔપમિક કાળ છે. ઉપમા - x - કાળ વિશે પ્રશ્ન કરે છે —

● સૂત્ર-૨૭ થી ૩૧ :-

[૨૭] તે ઔપમિકકાળ શું છે ? બે ભેદે છે — પલ્યોપમ અને સાગરોપમ. તે પલ્યોપમ શું છે ? પલ્યોપમની પ્રરૂપણા કરીશ.

પરમાણુ બે ભેદે કહેલ છે. તે આ રીતે — સૂક્ષ્મ અને વ્યવહારિક. અનંત સૂક્ષ્મપરમાણુ પુદ્‌ગલોના સમુદાય સમિતિ સમાગમથી વ્યવહારિક પરમાણુ નિપજે છે, તેને શસ્ત્રો કાપી ન શકે.

[૨૮] સુતિક્ષ્ણ શસ્ત્ર વડે જેનું છેદન-ભેદન કરવું શક્ય નથી, તે પરમાણુ એમ સિદ્ધો કહે છે, તે પ્રમાણોની આદિ છે.

[૨૯] વ્યવહારિક પરમાણુના સમુદય સમિતિ સમાગમથી તે એક ઉત્શ્લક્ષ્ણ-શ્લક્ષ્ણિકા થાય છે, શ્લક્ષ્ણ શ્લક્ષ્ણિકા-યાવત્ - ઉત્સેધાંગુલ જાણવું. [તે આ રીતે—] આઠ ઉત્શ્લક્ષ્ણ-શ્લક્ષ્ણિકાની એક શ્લક્ષ્ણ શ્લક્ષ્ણિકા, આઠ શ્લક્ષ્ણ-શ્લક્ષ્ણિકાનો એક ઉર્ધ્વરેણુ, આઠ ઉર્ધ્વરેણુનો એક ત્રસરેણુ, આઠ ત્રસરેણુનો એક રથરેણુ, આઠ રથરેણુના એક દેવકુરુ-ઉત્તરકુરુના મનુષ્યનો વાલાગ્ર, આઠ દેવકુરુ-ઉત્તર કુરુના મનુષ્યના વાલાગ્રનો એક હરિવર્ષ-રમ્યક્‌વર્ષના મનુષ્યનો વાલાગ્ર, એ પ્રમાણે હેમવંત-હૈરણ્યવંતના મનુષ્યોનો, પૂર્વ-પશ્ચિમ વિદેહના મનુષ્યનો, તેના આઠ વાલાગ્રની એક લિક્ષા, આઠ લીંખની એક જૂ, આઠ જૂનો એક જવમધ્ય, આઠ જવમધ્યનો એક અંગુલ.

આ અંગુલ પ્રમાણથી છ અંગુલનો એક પાદ, બાર અંગુલની એક વેંત, ૨૪- અંગુલની એક રત્ની, ૪૮-અંગુલની કુક્ષી, ૯૬ અંગુલનો એક અક્ષ, - દંડ, ધનૂ, યુગ, મુસલ, નાલિકા એમ ગણતાં ૨૦૦૦ ધનુષ્‌નો એક ગાઉ, ચાર ગાઉનો એક યોજન થાય.

આ યોજનપ્રમાણનો જે પલ્ય, આયામ-વિષ્કંભથી એક યોજન હોય, ઉર્ધ્વ ઉચ્ચત્વથી એક યોજન હોય, તેનાથી સાધિક ત્રણગણી પરિધિ હોય, તે પલ્યને એક, બે, ત્રણ યાવત્ ઉત્કૃષ્ટ સાત અહોરાત્રના જન્મેલ યૌગલિકના વધેલા વાલાગ્રોથી સઘન, નિચિત, નિબિડ રૂપે ભરવામાં આવે. તે વાલાગ્ર ન ખરાબ થાય, ન વિધ્વસ્ત થાય, ન અગ્નિ બાળે, ન વાયુ હરે, ન સડી જાય. ત્યારપછી સો-સો વર્ષે એક-એક વાલાગ્રને બહાર કાઢતા જેટલા કાળે તે પલ્ય ક્ષીણ, નીરજ, નિર્લેપ, નિષ્ઠિત થાય છે, તે પલ્યોપમ.

[૩૦] આવા કોડાકોડી પલ્યોપમને દશગણાં કરવાથી એક સાગરોપમનું પરિમાણ થાય છે.

[૩૧] આ સાગરોપમ પ્રમાણથી (૧) ચાર કોડાકોડી સાગરોપમ કાળ તે સુષમસુષમા. (૨) ત્રણ સાગરોપમ કોડાકોડી કાળ તે સુષમા. (૩) બે સાગરોપમ



કોડાકોડી કાળ તે સુષમદુષમા, (૪) એક સાગરોપમ કોડાકોડીમાં ૪૨,૦૦૦ વર્ષ ન્યૂન કાળ તે દુષમસુષમા, (૫) ૨૧,૦૦૦ વર્ષનો કાળ તે દુષમા (૬) ૨૧,૦૦૦નો કાળ તે દુષમદુષમા.

ફરી ઉત્સર્પિણીમાં ૨૧,૦૦૦ વર્ષનો કાળ તે દુષમદુષમા, એ પ્રમાણે ઉલટાક્રમથી જાણવું યાવત્ ચાર સાગરોપમ કોડાકોડી કાળ તે સુષમસુષમા.

એમ દશ સાગરોપમ કોડાકોડી કાળ અવસર્પિણીનો છે, દશ સાગરોપમ કોડાકોડી કાળ ઉત્સર્પિણીનો છે. એમ વીશ સાગરોપમ કોડાકોડી કાળ અવસર્પિણી-ઉત્સર્પિણીનો છે.

● વિવેચન-૨૭ થી ૩૧ :-

તે ઔપમિક શું છે ? બે ભેદે છે — પલ્ય વડે કહેવાનાર સ્વરૂપથી ઉપમા જેની છે, તે તથા દુર્લભ પારપણથી સમુદ્ર વડે જેની ઉપમા છે તે. 'च' કાર બંનેની તુલ્યકક્ષતા જણાવે છે. જે તુલ્ય કક્ષતા બંનેના અસંખ્યાતકાળને સૂચવે છે.

તે પલ્યોપમ શું છે ? તે હું કરીશ. આના દ્વારા ક્રિયારંભ સૂચક વચનથી શિષ્યને મનની પ્રસક્તિ કરાવી. અન્યથા ''પરમાણુ બે ભેદે છે'' એ દૂરસાધ્ય પલ્યોપમ પ્રરૂપણાં પ્રતિ સંદેહવાળો થઈ શિષ્ય આદરવાળો ન થાય. શિષ્યને વાચના દાનમાં આ વિધિ છે. અતિ સુંદર ધર્મમય ઉપનીત કારણ ગુણો વડે શિષ્યના મનને પ્રહલાદ કરતાં આચાર્ય બોલે.

પરમાણુ બે ભેદે — સૂક્ષ્મ અને વ્યવહારિક - તેમાં સૂક્ષ્મના ''કારણ જ અન્ત્ય સૂક્ષ્મ અને નિત્ય એક — રસ, વર્ણ, ગંધ અને બે સ્પર્શ તથા કાર્યલિંગ પરમાણુ હોય છે ઈત્યાદિ લક્ષણ લક્ષિત અત્યંત પરમ નિકૃષ્ટતા લક્ષણ કહ્યું, વૈશેષિક રૂપનું પ્રતિપાદન કરેલ નથી. તેની સ્થાપના કરી વ્યવહારનું સ્વરૂપ કહે છે —

અનંતા સૂક્ષ્મ પરમાણુરૂપ પુદ્‌ગલો સંબંધી જે સમુદાય — ત્રણ, ચાર આદિનો સંયોગ, તેની જે સમિતિ - ઘણું મીલન, તેમના સંયોગથી - એકી ભાવથી, એક વ્યવહારિક પરમાણું થાય છે. અર્થાત્ નિશ્ચયનય જ નિર્વિભાગ સૂક્ષ્મ પુદ્‌ગલ પરમાણુને ઈચ્છે છે, જ્યારે વ્યવહાર પરમાણુ અનેક વડે હોવાથી સ્કંધ જ કહેવાય છે. વ્યવહાર નય, તે અનેક સંઘાત નિષ્પન્ન હોવા છતાં પણ જે શસ્ત્રછેદ, અગ્નિદાહ આદિનો વિષય ન હોય, તે હજી પણ તથાવિધ સ્થૂલ ભાવ ન પામ્યા હોવાથી પરમાણુપણે વ્યવહાર કરે છે. તેથી આ નિશ્ચયથી સ્કંધ હોવા છતાં પણ વ્યવહારનયના મતથી વ્યવહારિક પરમાણુ કહ્યો. - x - x - અનંત પરમાણુ વડે નિષ્પન્ન કાષ્ઠાદિ શસ્ત્ર છેદાદિ વિષય દૃષ્ટ, તો પણ અનંતના અનંત ભેદત્વથી તેટલાં પ્રમાણમાં નિષ્પન્ન હજી પણ સૂક્ષ્મત્વથી શસ્ત્ર છેદાદિ વિષયતાને પામતો નથી. આને અગ્નિ વડે બાળવું, જળથી ભીંજાવું, ઈત્યાદિ બધાને નિરસ્ત કરેલ છે.

આ અર્થ માટે પ્રમાણ કહે છે — સુતીક્ષ્ણ શસ્ત્ર વડે પણ ખડ્‌ગ આદિથી બે ભેદ કરવા, અનેક પ્રકારે વિદારવા, સોય વડે વસ્ત્રાદિ માફક છિદ્ર સહિત કરવાનું જે પુદ્‌ગલાદિ વિશેષ નિશ્ચયથી સમર્થ નથી, તે વ્યવહારિક પરમાણુ સિદ્ધ છે. તેમ

અરહંત ભગવંતે ઉત્પન્ન કેવળજ્ઞાનથી, સિદ્ધિમાં ગયેલ નહીં, કહેલ છે ઈત્યાદિ - x - x - x -

(શંકા) તે સૂક્ષ્મત્વથી ચક્ષુ આદિ ગમ્ય નથી, પણ જે અનંત સૂક્ષ્મ પરમાણુ વડે એક વ્યવહારિક પરમાણુ આરંભ થાય, તે ચક્ષુ આદિ અગોચર, શસ્ત્ર છેદાદિ અગોચર છે, તે મંદ છે. [કહે છે—] પુદ્‌ગલપરિણામ બે ભેદે છે — સૂક્ષ્મ અને બાદર. - x - આગમમાં પણ પુદ્‌ગલોના સૂક્ષ્મત્વ-અસૂક્ષ્મત્વ પરિણામ કહેલા છે. જેમકે દ્વિપ્રદેશી સ્કંધ એક જ નભપ્રદેશમાં સમાય છે. તે જ બંને પણ સમાય છે, તે સંકોચ-વિકાશકૃત ભેદ છે. લોકમાં પણ દેખાય છે. પિંજેલ રુ અને લોહીપિંડના પરિમાણમાં ભેદ છે. તેથી વિસ્તાર કરતાં નથી.

હવે પ્રમાણાંતર લક્ષણાર્થે કહે છે — અનંત વ્યવહારિક પરમાણુના સમુદય સમિતિ સમાગમથી જે પરિમાણ માત્ર છે, તે એક અતિશય શ્લક્ષ્ણ છે. - x - ઉત્-પ્રાબલ્યથી શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા તે ઉત્‌શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા, - x - આ શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકાદિથી અંગુલ સુધી પ્રમાણ ભેદો ઉત્તર ક્રમે અષ્ટ ગુણા હોવા છતાં પ્રત્યેક અનંત પરમાણુત્વ છોડતાં નથી. તેથી નિર્વિશેષિત પણ કહેલ છે.

પૂર્વોક્ત પ્રમાણ અપેક્ષાથી અષ્ટગુણત્વથી સ્થૂળતાથી ઉર્ધ્વ રેણુ અપેક્ષાથી અષ્ટભાગ પ્રમાણત્વથી શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા કહેવાય છે. સ્વથી કે પરથી ઉર્ધ્વ-અધો-તિર્છા ચલન ધર્મ જાલપ્રવિષ્ટ સૂર્યપ્રભા અભિવ્યંઙ્ગ્ય રેણુ તે ઉર્ધ્વરેણુ, પૂર્વાદિ વાયુ પ્રેરિત જે જાય છે, તે રેણુને ત્રસરેણુ છે. રથના ગમનથી જે રેણુ તે રથરેણુ છે.

દેવકુરુ આદિ નિવાસી માનવોના વાળ સ્થૂળતાના ક્રમથી ક્ષેત્ર શુભાનુભાવ હાનિ કહેવી યાવત્ વિદેહ આશ્રયીમનુષ્યોના આઠ વાલાગ્રની એક લિક્ષા, આઠ લિક્ષાની એક યૂકા, આઠ યૂકાના એક યવમધ્ય, આઠ યવમધ્યનો એક અંગુલ. આ અંગુલ પ્રમાણથી જ કહે છે — છ અંગુલનો પાદ - પગનો મધ્યતલપ્રદેશ અથવા પાદ-હાથનો ચોથો ભાગ, બાર અંગુલની એક વેંત - x - x - એ પ્રમાણે આગળ પણ ૨૪-અંગુલની એક રત્નિ, એ સામયિકી પરિભાષા છે. નામ કોશાદિમાં ‘‘બદ્ધ-મુષ્ટિવાળોની હાથ તે રત્નિ’’ એમ કહ્યું છે. ૪૮-અંગુલની કુક્ષિ, ૯૬ અંગુલનો એક અક્ષ-ગાડાનો અવયવ વિશેષ - x - દંઢ સ્કંધ કાષ્ઠ તે મુસલ અને નાલિકા-તે યષ્ટિ વિશેષ છે. - x - x -

ધનુષ્ પ્રમાણથી ૨૦૦૦ ધનુષ્‌નો એક ગાઉ, ચાર ગાઉનો એક યોજન, આ યોજન પ્રમાણ વડે જે પલ્ય-ધાન્યાશ્રય વિશેષ, બધે સમપણે હોવાથી, તેની જેમ કહ્યું. ઉપમા શબ્દનો લોપ થયો છે. યોજન આયામ અને વિષ્કંભ વડે સમવૃત્તત્વ હોવાથી પ્રત્યેક ઉત્સેધ અંગુલ નિષ્પન્ન યોજન, યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી છે. તે યોજન પરિધિથી સાધિક ત્રણગુણો છે. વૃત્ત પરિધિથી કંઈક ન્યૂન છ ભાગ અધિક ત્રિગુણત્વથી છે.

ઉક્ત પ્રમાણવાળો પલ્ય, એક-બે કે ત્રણ ઉત્કૃષ્ટથી સાત દિવસના ઉગેલ



સુધીના વાલાગ્રકોટીથી ભરેલ. તેમાં મુંડિત મસ્તકના એક, બે, ત્રણ દિવસના પૂરેલ, પ્રચય વિશેષથી નિબિડીકૃત, વાળની અગ્ર કોટી-પ્રકૃષ્ટ વિભાગ. અથવા વાલાગ્ર કોટિ એટલે વિદેહ ક્ષેત્રના મનુષ્યની અપેક્ષાથી સૂક્ષ્મત્વાદિ લક્ષણ યુક્તપણાથી શ્રેષ્ઠ વાલાગ્ર, કુરુના મનુષ્યના રોમ, તેની કોટિ, કોટાકોટી પ્રમુખ સંખ્યા. - x - જેમ અડદ આદિથી ભરેલ કોઠી હોય તેમ વાલાગ્રકોટીથી ભરેલ.

વાલાગ્રની સંખ્યા લાવવાનો ઉપાય આ છે — દેવકુરુ, ઉત્તરકુરુ મનુષ્યના વાલાગ્રથી આઠગણાં હરિવર્ષ-રમ્યક વર્ષના મનુષ્યના વાલાગ્ર છે. જ્યાં એક હરિવર્ષ-રમ્યક્ વર્ષના મનુષ્યનો વાલાગ્ર છે, ત્યાં કુરુક્ષેત્રના મનુષ્યના આઠ વાલાગ્ર હોય છે. જ્યાં એક હૈમવત-હૈરણ્યવત મનુષ્યના વાલાગ્ર છે. ત્યાં કુરુક્ષેત્રના ૬૪-વાલાગ્ર છે. એ પ્રમાણે વિદેહના મનુષ્યના ૫૧૨ વાલાગ્ર, લિક્ષા-૪૦૯૬, યૂકા-૩૨,૭૬૮, વયમધ્ય ૨,૬૨,૧૪૪, અંગુલ સંખ્યા ૨૦,૯૭,૧૫૨, અહીં અંગુલથી ઉત્સેધાંગુલ લેવા. કેમકે આત્માંગુલ અનિયત છે અને પ્રમાણાંગુલ અતિમાત્રાથી છે.

અહીં બધે પૂર્વ પ્રમાણની અપેક્ષાથી ઉત્તર-ઉત્તર પ્રમાણથી આઠ ગણાથી આ સંખ્યા થાય છે. આ રાશિને ૨૪-ગણી કરીએ, તેથી ૫,૦૩,૩૧,૬૪૮ થશે, કેમકે હાથ-૨૪ અંગુલ પ્રમાણ છે. આ રાશિના ચારગણાં કરીએ. ચાર હાથથી ધનુષ્ થાય. તેથી પ્રાપ્ત સંખ્યા થસે - ૨૦,૧૩,૨૬,૫૯૨. આ ૨૦૦૦ ગણું કરીએ. ૨૦૦૦ પ્રમાણથી એક ક્રોશ થાય. તેથી સંખ્યા થશે - ૪,૦૨,૬૫,૩૧,૮૪,૦૦૦ થશે. પછી આ રાશિને ચાર ગણા કરીએ, કેમકે યોજનમાં ચાર ક્રોશ પ્રમાણ થાય છે. તેથી સંખ્યા આવે - ૧૬,૧૦,૬૧,૨૭,૩૬,૦૦૦.

શૂચિ ગણનાથી આ જ ગમિત જાણવું. આ શૂચિરાશિ છે, આના વડે જ ગુણિત પ્રતર સમચતુરસ્ર યોજનમાં છે. કેમકે શૂચિ વડે શૂચિ ગુણિતથી જ પ્રતરપણું છે. સંખ્યાથી - ૨,૫૯,૪૦,૭૩,૩૮,૫૩,૬૫,૪૦,૫૬,૯૬,૦૦,૦૦૦.

આ રાશિ વળી પૂર્વ રાશિ વડે ગુણિત ઘનરૂપ રોમરાશિ થાય છે. તે આ રીતે — ૪,૧૭૮૦, ૪૭૬૩, ૨૫૮૮, ૧૫૮૪, ૨૭૭૮, ૪૫૪૪, ૨૫૬૦, ૦૦૦૦, ૦૦૦૦ થશે.

ઉક્ત રાશિ સમચતુરસ્ર ઘન યોજન પ્રમિત પલ્યગત છે. સમવૃત્ત ઘનયોજન પ્રમિત પલ્યગત રાશિની અપેક્ષાથી કેટલા ભાગથી અધિક છે, તેના વડે અધિક ભાગ પાતન અર્થે સુકુમારના વડે સ્થૂલ ઉપાય કહે છે — અનંતરોક્ત રાશિને ૨૪ ભાગ વડે ઘટાડતાં પ્રાપ્ત થાય છે — ૧૭૪૦, ૮૫૩૧, ૮૦૨૪, ૫૦૬૬, ૦૧૧૫, ૭૬૮૯, ૩૪૪૦, ૦૦૦૦, ૦૦૦૦.

ઉક્ત રાશિને ૧૯ વડે ગુણવા. તેથી સમવૃત્ત ઘનયોજન પલ્યગત રાશિ થાય છે. તે સંખ્યાથી આ પ્રમાણે થશે - ૩૩, ૩૦૭૫, ૨૧૦૪, ૨૪૫૫, ૫૨૫૪, ૨૧૯૯, ૫૦૯૧, ૫૩૫૦, ૦૦૦૦, ૦૦૦૦. તેનો અર્થ આ છે — જેવા ૨૪ ભાગોથી સમચતુરસ્ર ઘન યોજન પ્રમિત પલ્યગત રોમરાશિ થાય છે. તેટલા ૧૯ ભાગો વડે સમવૃત્ત ઘન યોજન પ્રમિત પલ્યગત રાશિ થાય છે.

(શંકા) ચોવીશ વડે ભાગ દઈને ૧૯ વડે ગુણવાનો શું અર્થ છે ? (સમાધાન)

એક યોજન પ્રમાણ વૃત્ત ક્ષેત્રના કરણરીતિથી આવેલ ત્રણ યોજન અને યોજનનો છટ્ઠો ભાગ - ૩|૧/૬. સવર્ણથી થશે ૧૯/૬ અને વૃત્તપલ્ય પરિધિ ક્ષેત્ર, આના વડે સમચતુરસ્ર પલ્ય પરિધિ ક્ષેત્ર ચાર યોજન રૂપ ગુણીએ. સ્થાપના આ રીતે — ૧૦/૬ x ૪/૧ આ ૧૯/૬ સમછેદમાં ૨૪/૬ લાઘવ માટે બંનેનો છેદ કરતાં થશે. ૧૯-૨૪. અર્થાત્ - સમચતુરસ્ર પરિધિ ક્ષેત્રથી વૃત્ત પરિધિ ક્ષેત્રથી સ્થૂળ વૃત્તિથી પાંચ ભાગ ન્યૂન છે. તેના કરણ માટે આ ઉપક્રમ છે અને સ્થૂળ વૃત્તિ યોજનના છ ભાગની કંઈક અધિકતાની વિવક્ષા કરી નથી.

તે વાલાગ્રો પ્રચયના વિશેષથી પોલાણ અભાવે અને વાયુના અસંભવથી અસારતાં થતી નથી. તેથી પરિવિધ્વંસ પામતા નથી. કંઈક પરિસડન આશ્રીને વિધ્વંસ પામતા નથી. તેને અગ્નિ બાળે નહીં, વાયુ હરે નહીં. કેમકે અતિ ઘન હોવાથી અગ્નિ કે વાયુ તેને અતિક્રમે નહીં. તે કદી પૂતિભાવ ન પામે - અર્થાત્ કદી દુર્ગંધીત્વ ન પામે.

તે વાલાગ્રથી અથવા તે પ્રકારે પલ્ય ભર્યા પછી સો-સો વર્ષે એકૈક વાલાગ્રને હરતા કાળ માપવો. તેથી જેટલા કાળ વડે તે પલ્ય ક્ષીણ થાય - વાલાગ્ર કાઢી લેતા ખાલી થાય.

તથા નીરજ - રજ રહિત સમાન સૂક્ષ્મ વાલાગ્ર. - x - નિર્લેપ - અત્યંત સંશ્લેષથી તન્મયતાગત વાલાગ્રના લેપના અપહારથી. દ્રવ્યના અપનયને આશ્રીને નિષ્ઠાને પામેલ તે નિષ્ઠિત.

અથવા આ એકાર્થિક શબ્દો છે અથવા આ શબ્દો અતિ વિશુદ્ધિ પ્રતિપાદનપર છે. - x - તે આ પલ્યોપમ છે.

આ પલ્યગત વાલાગ્રોના સંખ્યાત વર્ષથી અપહારના સંભવથી સંખ્યાત વર્ષ કોટાકોટી માનથી બાદર પલ્યોપમ જાણવું. આના વડે કહેવાનાર સુષમસુષમાદિ કાળમાનાદિ અધિકાર ન જાણવો. પણ સૂક્ષ્મ પલ્યોપમ સ્વરૂપને સરળતાથી સમજવાને પ્રરેપણા કરેલી છે, તેમ જાણવું. તેથી પૂર્વકોત એકૈક વાલાગ્રના અસંખ્યાત ખંડ કરીને ભરેલ ઉત્સેધ અંગુલ યોજન પ્રમાણ આયામ, વિષ્કંભ અવગાહ પલ્યને સો-સો વર્ષે એકૈક વાલાગ્ર અપહારથી સર્વ વાલાગ્રખંડ નિર્લેપના કાળરૂપ અસંખ્યાત વર્ષ કોટાકોટી પ્રમાણ સૂક્ષ્મ પલ્યોપમ છે. - x - x -

એ પ્રમાણે આગળ સાગરોપમમાં પણ જાણવું. હવે સાગરોપમ સ્વરૂપ પદ્ય ગાથા વડે જાણવું —

અનંતરોક્ત પલ્યોપમને દશ વડે ગુણેલ કોડાકોડી તે સાગરોપમ થાય છે. તે બધું સરળ છે. વિશેષ એ કે આ સાગરોપમ પ્રમાણથી ન્યૂનાધિક નહીં એવા ચાર કોડાકોડી સાગરોપમ કાળ, તે સુષમ સુષમા - ચાર સાગરોપમ કોડાકોડી લક્ષણકાળ તે પહેલો આરો કહેવાય છે. જે કાળમાં ૪૨,૦૦૦ વર્ષ ન્યૂન છે. તે ચોથો આરો કહેવાય છે. તે ૨૧,૦૦૦ વર્ષના દુઃષમ કાળ અને ૨૧,૦૦૦ વર્ષના દુઃષમ દુઃષમા રૂપ છે. તેના વડે પૂર્ણ એક કોડાકોડી થાય છે. અવસર્પિણીકાળ દશ સાગરોપમ કોડાકોડીથી



પૂર્ણ થાય. એ પ્રમાણે પશ્ચાનુપૂર્વીથી ઉત્સર્પિણી કહેવી. અવસર્પિણી-ઉત્સર્પિણીથી કાળચક્ર થાય.

ભરતમાં કાળનું સ્વરૂપ કહ્યું, હવે કાળમાં ભરતનું સ્વરૂપ પૂછતાં કહે છે — તેમાં અવસર્પિણીના વર્તમાનપણાથી સુષમ સુષમાનો પ્રશ્ન કહે છે —

**● સૂત્ર-૩૨ :-**

***ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપના ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીમાં સુષમ સુષમા નામે પહેલાં આરામાં ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત ભરતક્ષેત્રના કેવા સ્વરૂપે આચાર-ભાવ-પ્રત્યવતાર છે ?***

***ગૌતમ ! બહુસમરમણીય ભૂમિભાગ છે. જેમ કોઈ આલિંગપુષ્કર યાવત્ વિવિધ પંચવર્ણી મણિ વડે અને તૃણ-મણિથી ઉપશોભિત છે. જેમકે — કૃષ્ણ યાવત્ શુક્લ. એ પ્રમાણે વર્ણ, ગંધ અને શબ્દથી તૃણ અને મણિ કહેવા યાવત્ ત્યાં ઘણાં મનુષ્યો અને માનુષીઓ ત્યાં બેસે છે, સુવે છે, રહે છે, નિષધા કરે છે, ત્વગ્ વર્તન કરે છે, હસે છે, રમે છે, ક્રીડા કરે છે.***

***તે સમયમાં ભરત વર્ષમાં ઘણાં ઉદ્દાલ, કુદ્દાલ, મુદ્દાલ, કૃમાલ, નૃતમાલ, દંતમાલ, નાગમાલ, શ્રૃંગમાલ, શંખમાલ, શ્વેતમાલ નામક વૃક્ષ સમૂહો હતા. તે કુશ-વિકુશ રહિત મૂળવાળા હતા, તે મૂળમંત, કંદમંત યાવત્ બીજમંત, પત્ર-પુષ્પ અને ફળ વડે ઢંકાયેલા રહેતા હતા. શ્રી વડે અતીવ-અતીવ શોભતા રહેલા હતા.***

***તે સમયગાળામાં ભરતક્ષેત્રમાં ત્યાં-ત્યાં ઘણાં ભેરુતાલ, હેરુતાલ, મેરુતાલ, પ્રભતાલ, શાલ, સરલ, સપ્તપર્ણ, પૂગફલી, ખજૂરી, નાળિયેર એ બધાંના વનો હતા. જે કુશવિકુશ રહિત મૂળવાળા વૃક્ષ હતા યાવત્ રહેલા હતા.***

***તે આરામાં ભરતક્ષેત્રમાં ત્યાં-ત્યાં ઘણાં સેરિકા, નોમાલિકા, કોરંટક, બંધુજીવક, મનોજ, બીજ, બાણ, કણેર, કુજ્જાય, સિંદુવાર, મોગર, જૂહિકા, મલ્લિકા, વાસંતિકા, વસ્તુલ, કસ્તુલ, સેવાલ, અગસ્તિ, મગદંતિકા, ચંપક, જાતિ, નવનીતિકા, કુંદ, મહાજાતિ એ બધાંના ગુલ્મો હતા. તે બધાં રમ્ય, મહામેઘ નિકુરંબભૂત, પંચવર્ણી પુષ્પોથી કુસુમિત હતા. તે ભરતક્ષેત્રના બહુસમરણીય ભૂમિભાગને વાયુ વડે કંપિત અગ્રશાખાથી ફૂલને પાડીને પુષ્પના પુંજોપચારયુક્ત કરતા હતા.***

***તે આરામાં ભરતક્ષેત્રમાં ત્યાં-ત્યાં, ત્યારે-ત્યારે ઘણી વનરાજીઓ કહેલી હતી. જે કૃષ્ણ-કૃષ્ણાવભાસ યાવત્ મનોહર હતી. પુષ્પ પરાગની સૌરભથી મત, ભ્રમર, કોરંક, ભૃંગારક, કુંડલક, ચકોર, નંદીમુખ, કપિલ, પિંગલાક્ષક, કરંડક, ચક્રવાક, બતક, હંસ આદિ અનેક પક્ષીના યુગલો ત્યાં વિચરતા હતા. તે વનરાજીઓ પક્ષીઓના મધુર શબ્દોથી સદા પ્રતિધ્વનિત રહેતી હતી. તે વનરાજીના પ્રદેશ પુષ્પોના આસવ પીવામાં ઉત્સુક, મધુર ગુંજન કરતા ભ્રમરીના સમૂહથી પરિવૃત્ત, દૈપ્ત, મત ભ્રમરોના મધુર ધ્વનિથી મુખરિત હતા. તે વનરાજીઓ***

***અંદરની બાજુ ફળોથી અને બહારની બાજુ પુષ્પોથી આચ્છાદિત હતી. ત્યાંના ફળો સ્વાદિષ્ટ હતા, વાતાવરણ નીરોગ હતું.***

***તે કાંટાથી રહિત હતી. વિવિધ પ્રકારના ફુલોના ગુચ્છો, લતાના ગુલ્મો તથા મંડળોથી શોભિત હતી. વાવ-પુષ્કરિણી-દીર્ધિકા હતી. તે બધાં ઉપર જાલગૃહ હતા. ઈત્યાદિ - x - તે સર્વઋતુક પુષ્પ-ફળથી સમૃદ્ધ હતી યાવત્ પ્રાસાદીય હતી.***

**● વિવેચન-૩૨ :-**

ભગવન્ ! જંબૂદ્વીપદ્વીપમાં ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીમાં વર્તમાનમાં, સુષમાસુષમા નામના समा - કાળ વિભાગ લક્ષણ-આરામાં. તે કેવો છે ? પ્રકૃષ્ટ અવસ્થાને પ્રાપ્ત, પાઠાંતરથી તત્કાળ અપેક્ષાથી ઉત્કૃષ્ટ વર્ણાદિને પ્રાપ્ત - તેના ઉત્તમાર્થને પ્રાપ્ત, ભરતક્ષેત્રનો કેવા આકારાદિ હતા ?

બધાંની પૂર્વે વ્યાખ્યા કરી છે. વિશેષ એ કે અહીં મનુષ્યોપભોગ અધિકારમાં નિદ્રા સહિત અને રહિતત્વના ભેદથી શયનમાં બંને રીતે જાય છે. હવે સવિશેષ મનુષ્ય જિજ્ઞાસામાં ન પૂછવા છતાં ગુરુ વડે શિષ્યને માટે ઉપદેશ છે. પ્રશ્ન પદ્ધતિ રહિત પહેલા આરાના અનુભાવ જનિત ભરતભૂમિ સૌભાગ્ય સૂચક ચાર સૂત્ર કહે છે —

તે આરામાં ભરત વર્ષમાં ઘણાં ઉદ્દાલ, કુદ્દાલાદિ નામક દ્રુમજાતિ વિશેષ સમૂહ તીર્થંકર અને ગણધરે કહેલ છે. તે કેવા છે ? તે કહે છે — कुश - દર્ભ, विकुश - બલ્વમદિ તૃણ વિશેષ વડે વિશુદ્ધ - રહિત, વૃક્ષમૂલ - તેનો અધોભાગ છે. અહીં મૂળ, શાખાદિ પણ આદિ ભાગ લક્ષણથી કહે છે, જેમકે શાખા-મૂળ ઈત્યાદિ, પછી સર્વ વૃક્ષના મૂળની પ્રતિપત્તિ માટે વૃક્ષનું ગ્રહણ છે. મૂળમંત, કંદમંત એ બે પદ યાવત્ પદ સંગ્રાહ્ય જગતી વનના તરુગણ માફક વ્યાખ્યા કરવી. - x - x -

તે આરામાં ઘણાં ભેરુતાલાદિ વૃક્ષ વિશેષ છે. ક્યાંક પ્રભવાલવન પાઠ છે. તેમાં પ્રભવાલ એ વૃક્ષ વિશેષ છે. શાલસર્જ્જ, સરલ-દેવદાર, તે બધાંના વન, પૂગફલી-ક્રમુકવૃક્ષ. ખજૂરી આદિ પ્રસિદ્ધ છે, તેના વન, બીજું પૂર્વવત્.

તે આરામાં ઘણાં શેરિકા, નવમાલિકા આદિના ગુલ્મો છે. તેમાં બધું જીવક ગુલ્મો, જેના પુષ્પો મધ્યાહ્ને વિકસે છે સિંદુવાર ગુલ્મ-જાતિગુલ્મ, અગત્સ્યગુલ્મ-મગદંતિકાગુલ્મ, ગુલ્મ એટલે નાનો સ્કંધ, બહુકાંડ, પત્ર-પુષ્પ-ફળ યુક્ત. આમાંના કેટલાંક જાણીતા છે, કેટલાંક દેશ વિશેષથી જાણવા.

દશાર્દ્ધ વર્ણ - પંચવર્ણી, કુસુમ-જાતિ એકવચન છે તેથી કુસુમ સમૂહ અર્થ થશે. - x -

ભરત વર્ષનો બહુસમરમણીય ભૂમિભાગ, વાયુ વડે કંપિત અગ્રશાલા, તેના વડે છોડાયેલ જે પુષ્પપુંજ, તે જ ઉપચાર-પૂજા તેના વડે કલિત-યુક્ત કરે છે.

હવે આ જ વનશ્રેણીના વર્ણનને માટે કહે છે — તે તે દેશમાં, તે તે દેશના ત્યાં-ત્યાં પ્રદેશમાં ઘણી વનરાજી કહી છે. અહીં એક-અનેક પ્રકારના વૃક્ષોની પંક્તિ



છે, તે વનરાજી છે. શેષ કથન પૂર્વ સૂત્રવત્ છે, તેથી ફરી કહેલ નથી. કૃષ્ણ-કૃષ્ણાભાસ પછી યાવત્ શબ્દથી નીલ-નીલાવભાસ, હરિત-હરિતાવભાસ, શીત-શીતાવભાસ, સ્નિગ્ધ-સ્નિગ્ધાવભાસ, હરિત-હરિતાવભાસ, શીત-શીતાવભાસ, સ્નિગ્ધ-સ્નિગ્ધાવભાસ, તીવ્ર-તીવ્રાવભાસ, કૃષ્ણ-કૃષ્ણચ્છાય, નીલ-નીલચ્છાય, હરિત-હરિતચ્છાય, શીત-શીતછાય, સ્નિગ્ધ-સ્નિગ્ધછાય, તીવ્ર-તીવ્રછાય, ઘનકડિત છાયા, વાચનાંતરથી ઘનકડિત છાયા, મહામેઘનિકુરંબ ભૂત, રમ્ય. આ સૂત્ર પૂર્વે પદ્મવર વેદિકાવન વર્ણન અધિકારમાં લખેલ છે, જે ફરી લખેલ છે, તે અતિદેશદર્શિત સૂત્રમાં સાક્ષાત્ દર્શાવિલ છે. - x - x -

સૂત્રમાં કંઈક એક દેશ ગ્રહણથી છે, કંઈક સર્વ ગ્રહણ વડે છે. કંઈક ક્રમથી છે, કંઈક ઉત્ક્રમથી સાક્ષાત્ લખેલ છે. તે કારણે વાચકને વ્યામોહ ન થાય, તે માટે સમ્યક્પાઠને જણાવવા વૃત્તિમાં ફરી લખીએ છીએ — रयमत्तछप्पयकोरग० ઈત્યાદિ. - x - x - - તેમાં संपिंडिअ - સંપિંડિત દૃપ્ત ભ્રમર-મધુકર-પથકર ઈત્યાદિ છે - x - नानाविहगुच्छ - વિવિધ ગુચ્છ, ગુલ્મ, મંડપથી શોભિત, વાવ આદિ सुणित्ति - વાવ, પુષ્કરિણી, દીર્ધિકામાં સારી રીતે નિવેશિત રમ્ય જાલગૃહો છે. विचित्त - વિચિત્ર શુભ ધ્વજાભૂત, अंब्भितत्ति - અભ્યંતર પુષ્પ, ફળ. બહાર પત્રથી આચ્છાદિત. साउ - સ્વાદુ ફળ, निरोगकत्ति - નીરોગતા, पिंडिमत्ति - પિંડમ નિર્હારિમ સુગંધી. - x -

ઉક્ત સૂત્રની વ્યાખ્યા પૂર્વવત્ છે. વિશેષ એ કે — रतमत्त - સુરત ઉન્માદી જે ભ્રમર આદિ જીવો, ઈત્યાદિ. એ પ્રમાણે જ સૂત્રકારે - x - અતિદેશ કરેલ છે. સૂત્રમાં લાઘવતા દર્શાવે છે, જેમ નિશીથભાષ્યમાં સોળમાં ઉદ્દેશામાં કહેલ છે — ક્યાંક દેશ ગ્રહણ છે, ક્યાંક સંપૂર્ણ ભણેલ છે, ઈત્યાદિ - x -

હવે અહીં વૃક્ષના અધિકારથી કલ્પવૃક્ષ સ્વરૂપ બતાવે છે—

**● સૂત્ર-૩૩ :-**

***તે આરામાં ભરતક્ષેત્રમાં ત્યાં ત્યાં, ત્યારે ત્યારે, મત્તાંગ નામે વૃક્ષગણ કહેલ છે. જેમ તે ચંદ્રપ્રભા યાવત્ છન્નપ્રતિચ્છન્ન રહેલ છે, એ પ્રમાણે યાવત્ અનગ્ન નામક વૃક્ષગણ કહેલ છે.***

**● વિવેચન-૩૩ :-**

તે આરામાં ભરતવર્ષમાં તે-તે દેશમાં, તે-તે પ્રદેશમાં મત્ત-મદના અંગ-કારણ, તે મદિરારૂપ, જેમાં છે - તે મત્તાંગ નામે વૃક્ષગણ કહેલ છે. તે કેવા છે ? તે કહે છે — જેમ તે ચંદ્રપ્રભા આદિ મદ્ય વિધિ ઘણાં પ્રકારે છે યાવત્ છન્ન-પ્રતિચ્છન્ન રહેલ છે. - x - અહીં બધાં યાવત્ શબ્દો વડે સૂચિત મત્તાંગ આદિ વૃક્ષ વર્ણન જીવાભિગમ ઉપાંગ મુજબ કહેવું.

તે આ પ્રમાણે — જેમ તે ચંદ્રપ્રભા, મનશીલા, વર સીધુ, વર વારુણી, સુજાત પત્ર-પુષ્પ-ફળ-ચોયણિજ્જાસ સારબહુ દ્રવ્ય યુક્તિ સંભાર કાળ સંધિ આસવ, મધુ-મરગ-રિષ્ટાભ-દુદ્ધજાતિ પ્રસન્ન તલ્લગ આદિ સુરા [મદિરા] વર્ણ-ગંધ-રસ-સ્પર્શયુક્ત,

બલ-વીર્ય પરિણામવાળા, ઘણાં પ્રકારની મદ્યવિધિ હોય, તે પ્રમાણે તે મત્તાંગાદિ દ્રુમગણ અનેક બહુ વિવિધ વિસ્રસા પરિણત, મદ્યવિધિ યુક્ત ફળ વડે પૂર્ણ બીસ-દંતિ, કુસ-વિકુસ રહિત વૃક્ષમૂળ યાવત્ છન્નપ્રતિચ્છન્ન, શ્રી વડે અતિ શોભિત-અતિશોભિત રહેલ છે.

સૂત્ર વ્યાખ્યા — આ સંકેત વાક્ય છે. બીજે સ્થાને પણ વ્યાખ્યા કરાયેલ કલ્પદ્રુમસૂત્રોથી જાણવું. ચંદ્રપ્રભા — ચંદ્રના જેવી પ્રભા જેની છે તે. મણિશિલા, શ્રેષ્ઠ એવી તે સીધુ-વરસીધુ, શ્રેષ્ઠ એવી તે વારુણી-વરવારુણી, સુજાત-સુપરિપાકગત પુષ્પો, ફળો, ગંધ દ્રવ્યોનો જે રસ, તેના વડે સાર તથા ઘણાં દ્રવ્યોના ઉપબૃંહણકોનો સંયોગ. તેનું પ્રભૂત્વ જેમાં છે તે. તથા સ્વસ્વને ઉચિત સંધિત અંગભૂત દ્રવ્યોનું સંધાન યોજવું. તેમાંથી ઉત્પન્ન થાય તે કાલ સંધિજા. આવા પ્રકારે તે આસવ છે.

અહીં શું કહે છે ? પત્રાદિ વાસક દ્રવ્ય ભેદથી અનેક પ્રકારનો આસવ તે પત્રાસવ. - x - મદ્ય વિશેષ રિષ્ઠરત્ન વર્ણની આભા, જે શાસ્ત્રાંતરમાં ''જંબૂફલકલિકા'' નામે પ્રસિદ્ધ છે. દુગ્ધજાતિ - આસ્વાદથી દુધ જેવી. પ્રસન્ન - સુરા વિશેષ, તલ્લક-સુરાવિશેષ, શતાયુ - જે સો વખત શોધિત છતાં સ્વ-રૂપને છોડતી નથી. ''સાર'' શબ્દ બધાં સાથે જોડતાં ખર્જૂરસારથી બનેલ આસવ વિશેષ તે ખર્જૂરસાર, મૃદ્વિકા-દ્રાક્ષ, તેના સારથી નિષ્પન્ન આસવ તે મૃદ્વીકાસાર. કપિશાયન - મદ્ય વિશેષ, સુપક્વ-પરિપાક પામેલ, જે ક્ષોદરસ-શેરડીનો રસ તેમાંથી નિષ્પન્ન ઉત્તમ સુરા. આ બધાં મદ્ય વિશેષ છે.

ઉક્ત મદ્ય લોકપ્રસિદ્ધ છે, આ પણ બીજા શાસ્ત્રોથી કે લોકથી યથા સ્વરૂપ જાણવું. આ મદ્ય વિશેષ કેવું છે ? વર્ણના પ્રસ્તાવથી અતિશાયી, એ પ્રમાણે ગંધ-રસ-સ્પર્શથી સહિત, બળહેતુક વીર્ય પરિણામ જેમાં છે, તે તથા ઘણાં પ્રકારના જાતિભેદયુક્ત એ ભિન્ન ક્રમથી યોજવું.

તેવા સ્વરૂપથી, પરંતુ અન્ય પ્રકારની નહીં તેવી મદ્ય વિધિ વડે યુક્ત તે મતાંગ દ્રુમગણ છે. અન્યથા દૃષ્ટાંત યોજના સમ્યક્ ન થાય. કેવી વિશિષ્ટ મદ્યવિધિ? તે કહે છે — अनेक - વ્યક્તિ ભેદથી, बहु - પ્રભૂત, વિસ્રસા-સ્વભાવથી, તેવા પ્રકારની ક્ષેત્ર વિશેષ સામગ્રીથી જનિત-પરિણત, પણ ઈશ્વરાદિ વડે નિષ્પાદિત નહીં, તે મદ્યવિધિ વડે યુક્ત, તાલાદિ વૃક્ષની માફક અંકુરાદિમાં નહીં, પણ ફલાદિમાં, તેથી કહે છે - ફળોમાં પૂર્ણ મદ્યવિધિ વડે. સામર્થ્યથી તે જ અનંતરોક્ત મદ્યવિધિ વડે શ્રવે છે.

ક્યાંક વિસટ્ટુન્તિ પાઠ છે. તેમાં ''વિકસે છે'' એમ વ્યાખ્યા કરવી. અર્થાત્ તે ફળો પરિપાકગત મદ્ય વિધિ વડે પૂર્ણ સ્ફૂટ થઈ-થઈને તે મદ્યવિધિને છોડે છે. - x -

હવે બીજા કલ્પવૃક્ષના જાતિ સ્વરૂપને કહે છે — તે આરામાં ત્યાં-ત્યાં, ત્યારે-ત્યારે ઘણાં 'ભૃગાંગ' નામે વૃક્ષ ગણ કહેલા છે. જેમ તે વારક, ઘટક, લશક, કરક, કર્કરી, પાયંચણિ, ઉદંકવર્દ્ધની, સુપ્રતિષ્ઠક, વિષ્ટરપારી, ચસક ભૃંગાર ઈત્યાદિ - x



- વિચિત્ર વૃત્ત - x - સુવર્ણ, મણિ, રત્ન આદિથી ચિત્રિત ભાજન વિધિ-ઘણાં પ્રકારે હોય. તે પ્રમાણે તે ભૃંગાગ વૃક્ષો અનેક બહુવિધ વિસ્રસા પરિણત ભાજન વિધિથી ઉપયુક્ત ફળો વડે પૂર્ણવત્ રહેલાં છે.

સૂત્ર વ્યાખ્યા — भृत - ભરવું, પૂરવું તે. અંગ-કારણ. ભરણ ક્રિયા, ભરવાના ભાજન વિના થતી નથી. તેના સંપાદકપણાથી વૃક્ષો પણ ભૃતાંગ છે. જેમ તે વારક-મરુદેવ પ્રસિદ્ધ માંગલ્યઘટ, ઘટક-નાનો ઘડો, કળશ-મોટો ઘડો, કરક-પ્રસિદ્ધ છે, કર્કરી-તે જ વિશેષથી, પાદકાંચનિકા - પગ ધોવા માટેની સોનાની પાત્રી, ઉદંક-જેના વડે પાણી છોડાય છે, વાર્દ્ધાની-ગલંતિકા, જો કે નામકોશમાં કરક, કર્કરી, વાર્દ્ધાનીમાં કંઈ જ ભેદ નથી, તો પણ અહીં સંસ્થાનાદિ કૃત્ ભેદ લોકથી જાણવો. સુપ્રતિષ્ઠક-પુષ્પ પાત્ર વિશેષ, પારી-તેલાદિનું વાસણ, ચષક-સુરાપાનનું પાત્ર, ભૃંગાર-કનકાલુષ, સરક-મદિરાપાત્ર, દકવારક-પાણીનો ઘડો, વિચિત્ર-વિવિધ વિચિત્રયુક્ત, વૃત્તક-ભોજન ક્ષણે ઉપયોગી ઘી આદિના પાત્ર. તે જ મણિપ્રધાન વૃત્તક તે મણિવૃત્તક, શુક્તિ-ચંદનાદિના આધારભૂત, બાકીના વિષ્ટર કરોડી, નલ્લક, ચપલિતાદિ લોકથી કે સંપ્રદાયથી જાણવા, સુવર્ણ અને મણિ રત્નોના ચિત્રો વડે ચિત્રિત ભાજનના પ્રકારો ઘણાં પ્રકારે છે અર્થાત્ એક એકમાં અનંતર અનેકભેદ છે.

ભૃતાંગ પણ વૃક્ષગણ છે. ભાજનપ્રકારથી યુક્ત, ફળો વડે પૂર્ણ હોય તેમ વિકસે છે. તેનો આ અર્થ છે — તેના ભાજન પ્રકારો ફળોની જેમ શોભે છે. અથવા 'इव' શબ્દની ભિન્ન ક્રમથી યોજના કરવી, તેથી ફળો વડે પૂર્ણ ભાજન વિધિથી યુક્ત છે.

હવે ત્રીજા કલ્પવૃક્ષનું સ્વરૂપ — તે આરામાં તે-તે દેશમાં ઘણાં ત્રુટિતાંગ નામે વૃક્ષ સમૂહો કહેલા છે. જેમ તે આલિંગ-મૃદંગ-પ્રણવ-પટહ-દર્દરક-ડિંડિમ-કરડી-ભંભા-હોરંભ-કણિય-ખરમુખી-મુકુંદ-શંખિઅ-પિરલી-વંસ-વેણુઘોષ-વિપંચી-મહતિ-કચ્છભી-તલતાલ-કાંસ્યતાલથી સુસંપ્રયુક્ત આતોદ્યવિધિ, નિપુણ ગંધર્વ શાસ્ત્ર કુશલ વડે સ્પંદિત ત્રિસ્થાન કરણ શુદ્ધ હોય, તે પ્રમાણે તે વૃક્ષગણ પણ અનેક બહુવિધ વિસ્રસા પરિણત તત-વિતત-ઘન-ઝુસિર આતોદ્યવિધિથી ઉપયુક્ત ફળથી પૂર્ણવત્ રહે છે. - x -

સૂત્ર વ્યાખ્યા — જેમ તે આલિંગ નામક જે વાદક વડે મુરજ આલિંગ્ય વગાડાય છે. અર્થાત્ હૃદયે ધારણ કરીને વગાડાય છે. મૃદંગ-નાનું મર્દલ. પ્રણવ-ભાંડ, પટહ-લઘુપટહ, દર્દરિક-જેના ચાર ચરણ વડે સ્થિત ગાયના ચર્મ વડે અવનદ્ધ વાદ્ય વિશેષ. ડિંડિમ-પહેલા પ્રસ્તાવનું સૂચક પ્રણવ વિશેષ, ભંભા-ઢક્કા - x - હોરંભ-મોટી ઢક્કા, ક્વણિતા-કોઈક વીણા, ખરમુખી - કાહલ, મુકુંદ-મુરજ વિશેષ, શંખિકા-નાના શંખરૂપ, તેનો સ્વર કંઈક તીક્ષ્ણ હોય છે, પણ શંખ જેવો અતિ ગંભીર નહીં, પિરલી અને વર્ચક-તૃણરૂપ વાદ્ય વિશેષ છે. પરિવાદની-સાત તારી વીણા, વેણુ-વંશ વિશેષ, સુઘોષા-વીણા વિશેષ, વિપંચી-તંત્રી, વીણા-મોટી શતતંત્રિકા, કચ્છપી-ભારતી વીણા, રિંગિસિગિકા - ઘર્ષ્યમાણ વાજિંત્ર વિશેષ.

આ વાજિંત્રો કેવા પ્રકારના છે? તલ - હાથની તાળી, તાલ આદિથી સંપ્રયુક્ત-સુષ્ઠુ અતિશયથી સમ્યગ્-યથોક્ત રીતે, પ્રયુક્ત-સંબદ્ધ, જો કે હસ્તપુટ એ કોઈ વાદ્ય વિશેષ નથી, તો પણ તેનાથી થતો શબ્દ પડઘાતા શબ્દને લક્ષીને છે.

આવા પ્રકારે આતોદ્યવિધિ - તૂર્ય પ્રકાર. જે રીતે નિપુણ હોય, એ પ્રમાણે ગંધર્વ-નાટ્ય શાસ્ત્રમાં કુશળ, તેના વડે સ્પંદિત. વળી શું વિશિષ્ટ તે કહે છે – આદિ, મધ્ય, અંત્ય સ્થાનોમાં કરણ વડે - ક્રિયા વડે યથોક્ત વાદન ક્રિયા વડે શુદ્ધ - અવદાત, પણ અસ્થાન સ્પંદન વડે લેશ દોષથી પણ કલંકિત નહીં તે, ત્રુટિતાંગ વૃક્ષગણ પણ તેવા પ્રકારે જ છે, બીજા પ્રકારે નહીં.

તત-વીણાદિ, વિતત-પટહ આદિ, ઘન-કાંસ્યતાલાદિ, શુષિર-વંશાદિ. આવા સ્વરૂપે સામાન્યથી ચાર પ્રકારની આતોદ્ય વિધિથી યુક્ત છે. બાકી પૂર્વવત્.

હવે ચોથા કલ્પવૃક્ષનું સ્વરૂપ કહે છે – તે આરામાં તે-તે દેશમાં ત્યાં-ત્યાં ઘણાં દીપ શીખા નામક વૃક્ષગણો કહેલા છે, જેમ તે સંધ્યા વિરાગ સમયમાં નવનિધિ પતિ, દ્વીપિકા ચક્રવાલ વૃંદ, પ્રભૂત વૃત્તિપલિત્ત સ્નેહ, ઉજ્જ્વલિત, તિમિરમર્દક, કનક નિકરકુસુમિત-પાલિઆતગવન પ્રકાશ, કંચન-મણિ-રત્ન-વિમલ-મહાર્હ-તપનીય-ઉજ્વલ વિચિત્ર દંડ વડે દ્વીપિકાથી સહસા પ્રજ્વાલિત - x - x - ઈત્યાદિથી શોભતા, તે પ્રમાણે જ દીપશિખા વૃક્ષગણ પણ અનેક બહુવિધ વિસ્રસા પરિણત ઉદ્યોતવિધિથી યુક્ત ફળોથી પૂર્ણવત્ કુસ-વિકુસ રહિત યાવત્ રહે છે.

સૂત્ર વ્યાખ્યા – તે આરામાં દીપશિખા સમાન દીપશિખા તેના કાર્યકારીત્વથી છે, અન્યથા વ્યાઘાતકાળત્વથી, તેમાં અગ્નિના અભાવથી દીપશિખાનો પણ અસંભવ થાય. - x -

જેમ તે સંધ્યારૂપ ઉપરમ સમય વર્તિત્વથી મંદ રાગ છે, તે અવસરે નવનિધિપતિ ચક્રવર્તી માફક હ્રસ્વ દીપા દીપિકા, તેનો ચક્રવાલ - સર્વ તરફથી પરિમંડલરૂપ વૃંદ કેવું હોય તે કહે છે – પ્રભૂત - સ્થૂર, વર્તય-દશા જેની છે તે તથા, પર્યાપ્ત-પરિપૂર્ણ સ્નેહ - તૈલાદિ રૂપ, ઘન-અત્યર્થ ઉજ્જ્વલિત, તેથી જ તિમિરમર્દક, વળી શું વિશિષ્ટ છે તે કહે છે –

કનકનિકર - સુવર્ણરાશિ, કુસુમિત એવું પારિજાતકવન-પુષ્પિત સુરતરુ વિશેષ વન. તેની જેમ પ્રકાશ-પ્રભા, આકાર જેનો છે તે તથા. આટલા સમુદાય વિશેષણ કહ્યા, હવે સમુદાય અને સમુદાયીના કંઈક ભેદ છે, તે જણાવવા સમુદાય વિશેષણની જ વિવક્ષાથી સમુદાયી વિશેષણો કહે છે - x - कंचण ઈત્યાદિ. દીપિકા વડે શોભતો. કેવા પ્રકારની દીપિકા વડે ? તે કહે છે –

સુવર્ણ મણિરત્નમય, વિમલ-સ્વાભાવિક આગંતુક મલ રહિત, મહાર્હ-મહોત્સવાર્હ, તપનીય-સુવર્ણ વિશેષ, તેનાથી ઉજ્જ્વલ-દીપ્ત, વિચિત્ર-વિચિત્રવર્ણી દંડ, જેનો છે, તે તથા તેના વડે સહસા-એક કાળ પ્રજ્વાલિત અને ઉત્સર્પિતા વર્તી ઉત્સર્પણથી તથા સ્નિગ્ધ-મનોહર તેજ જેમાં છે તે. દીપ્યમાન-રાત્રિના દેખાતા, વિમલ-





ધૂળ આદિના અભાવે, ગ્રહસમૂહ જેવી પ્રભા જેની છે તે. વિતિમિરકર-નિરંધકારકાસ કિરણ, તેવો આ સૂર, તેની જેમ જે પ્રસરેલ ઉદ્યોત-પ્રભા સમૂહ, તેના વડે દીપ્યમાન, જ્વાલાવત્ ઉજ્જ્વલ, પ્રહસિત-હાસ્ય, તેના વડે અભિરામ-રમણીય, તેથી જ શોભાયમાન.

તેની જેમજ દીપશિખા વૃક્ષગણ પણ અનેક-બહુવિધ વિસ્રસા પરિણત ઉદ્યોત વિધિ વડે યુક્ત, જેમ દીપશિખા રાત્રિમાં ઘરની અંદર ઉદ્યોત કરે છે, દીવસે પણ ઘર આદિમાં તેની જેમ આ વૃક્ષો છે, તેવું કહેવાનો આશય છે. એ પ્રમાણે હવે કહેવાનાર જ્યોતિષિકા નામે વૃક્ષથી વિશેષ છે. બાકી પૂર્વવત્.

હવે પાંચમાં કલ્પવૃક્ષનું સ્વરૂપ કહે છે – તે આરામાં ત્યાં-ત્યાં ઘણાં જ્યોતિષિકા નામે વૃક્ષગણ કહેલા છે. જેમ તે તુરંતનો ઉગેલો શરદ સૂર્યમંડલ, પડતી ઉલ્કા, હજારો દીપતી વિદ્યુત્, ઉજ્જ્વલ હુતાવહ, નિર્ધૂમ જલિત-નિદ્ધંત-ધૌત-તપ્ત-તપનીય કિશુંક, જાસુવન કુસુમ, વિમુકુલિતપુંજ મણિ-રત્ન કિરણ, જાત્ય હિંગલોકનો ઢગલો, અતિરેક રૂપ. તેની જેમ જ્યોતિષિકા વૃક્ષગણ અનેક બહુવિધ વિસ્રસા પરિણત, ઉદ્યોત વિધિથીયુક્ત, શુભલેશ્યા, મંદલેશ્યા, મંદાતપ લેશ્યા, કૂડા માફક સ્થાનસ્થિત, અન્યોન્ય સમવગાઢ લેશ્યા વડે સ્વ પ્રભાથી તે પ્રદેશને ચોતરફથી અવભાસિત, ઉદ્યોતીત, પ્રભાસીત યાવત્ રહેલ છે.

સૂત્ર વ્યાખ્યા – તે આરામાં જ્યોતિષિકા નામે વૃક્ષગણો કહેલ છે. અન્વર્થ આ પ્રમાણે – જ્યોતિષ્ક દેવો, તે જ જ્યોતિષિક. - x - x - જીવાભિગમ વૃત્તિમાં જ્યોતિષિકા કહેલ છે. તેથી અહીં જ્યોતિષિક શબ્દથી સૂર્ય ગ્રહણ થાય છે, તેની સમાન પ્રકાશકારીત્વથી વૃક્ષો પણ જ્યોતિષિક કહ્યા છે. જ્યોતિ શબ્દ સૂર્ય કે વહ્નિ વાચક છે. તે કેવા સ્વરૂપે છે, તે કહે છે –

જેમ તે તુરંતનું ઉગેલ શરત્ સૂર્યમંડલ, અથવા પડતી એવી હજારો ઉલ્કા, દીપતી એવી વિદ્યુત્, ઉદ્ગત એવી જ્વાલા જેની છે તે, ધૂમરહિત દીપ્ત દહન-અગ્નિ. આ કેવા સ્વરૂપે છે તે કહે છે – નિર્ધ્માત-હંમેશાં અગ્નિ સંયોગથી શોધિત મલ, ધૌત-શોધિત તપ્ત અને તપનીય, જે કિંશુક-અશોક-જપાકુસુમ, વિમુકુલિત-વિકસિત પુંજ, જે મણિ-રત્નકિરણો, જાત્ય હિંગલોકનો સમૂહ, તે સ્વરૂપથી અતિશય યથાયોગ વર્ણથી પ્રભા વડે સ્વરૂપ જેનું છે તે.

તેની જેમ જ્યોતિષિકા વૃક્ષગણ પણ અનેક બહુવિધ વિસ્રસા પરિણતથી ઉદ્યોતવિધિ વડે યુક્ત જ્યાં સુધી છે તે સંટક, (શંકા) જો સૂર્યમંડલાદિવત્ પ્રકાશક છે, તો દુર્નિરીક્ષ્યત્વ, તીવ્રત્વ, જંગમત્વાદિ ધર્મયુક્ત પણ હોય છે, તેથી કહે છે – સુખકારિણી લેશ્યાતેજ જેનું છે તે, તેથી જ મંદલેશ્યા, મંદાતપ લેશ્યા, જેની છે તે તથા સૂર્ય-અનલાદિ આતપનું તેજ, જેમ દુસ્સહ છે, તેમાં તેમ નથી.

તથા પર્વતાદિના શ્રૃંગની માફક સ્થિર. સમયક્ષેત્રની બહાર વર્તતા જ્યોતિષ્કોની માફક તે અવભાસે છે. તથા પરસ્પર સમવગાઢ લેશ્યા સહિત અર્થાત્ જેમાં વિવક્ષિત જ્યોતિષિકા નામક તરુલેશ્યા અવગાઢ છે, ત્યાં બીજાની લેશ્યા પણ અવગાઢ છે,

જ્યાં બીજા તરુની લેશ્યા અવગાઢ છે, ત્યાં વિવક્ષિત તરુલેશ્યા અવગાઢ છે. પ્રભાસંતિ એ અંતસૂત્ર વિજયદ્વાર તોરણ સંબંધી રત્નકરંડક વર્ણનમો વ્યાખ્યાચિત કરેલ છે. આ તો બહુવ્યાપી દીપશિખાવૃક્ષના પ્રકાશની અપેક્ષાથી તીવ્ર પ્રકાશ હોય છે, એટલું પહેલાંથી વિશેષ છે.

હવે છટ્ઠા કલ્પવૃક્ષનું સ્વરૂપ કહે છે — તે આરામાં ત્યાં-ત્યાં ઘણાં ચિત્રાંગ નામે વૃક્ષગણ કહેલ છે. જેમ તે પ્રેક્ષાગૃહ વિચિત્ર રમ્ય શ્રેષ્ઠ કુસુમદામમાળાથી ઉજ્જ્વલ, પ્રકાશતા મુક્ત પુષ્પપુંજોપચાર વડે યુક્ત, વરલ્લિય વિચિત્ર માલ્ય શ્રી સમુદય પ્રગર્ભ ગ્રંથિમ-વેષ્ટિમ - પૂરિમ-સંઘાતિમ માલ્યથી છેક શિલ્પી વિભાગ રચિતથી સર્વ તરફથી સમનુબદ્ધ પ્રવિરલ-લંબાતા-વિપ્રકૃષ્ટ-પંચવર્ણી કુસુમદામથી શોભતા વનમાળા કચગ્રચ માફક દીપતા.

તેની માફક ચિત્રાંત વૃક્ષગણ પણ છે. તે અનેક બહુવિધ વિસ્રસા પરિણત માલ્યવિધિથી યુક્ત યાવત્ રહેલ છે.

સૂત્ર વ્યાખ્યા — તે આરામાં, ઈત્યાદિ પૂર્વવત્, અનેક પ્રકારના ચિત્રના વિવક્ષા પ્રાધાન્યથી માલ્યના અંગ-કારણ, તેના સંપાદકત્વથી વૃક્ષો પણ ચિત્રાંગ છે. જેમકે — તે પ્રેક્ષાગૃહ, વિવિધ ચિત્રયુક્ત, તેથી જ રમ્ય - જોનારને મનને આનંદ આપે છે. તેમાં શું વિશિષ્ટ છે તે કહે છે — શ્રેષ્ઠ કુસુમની માળા, શ્રેણીઓ, તેના વડે ઉજ્જ્વલ, દેદીપ્યમાનપણાથી કહ્યું છે. ભાસ્વાન્ - વિકસિતપણે અને મનોહરપણે દીપતા, મુક્ત જે પુષ્પોપચાર પુંજ, તેના વડે યુક્ત, વિરલ્લિત-વિરલીકૃત્ વિચિત્ર જે માલ્ય-ગ્રથિત પુષ્પમાળા, તેનો જે શોભા પ્રકર્ષ, તેના વડે અતિ પરિપુષ્ટ, ગ્રંથિમ-જે સૂત્ર વડે ગ્રથિત, વેષ્ટિમ-જે પુષ્પમુગટ સમાન ઉપરના શિખર આકૃતિ વડે માળા સ્થાપન. પૂરિમ-જે લઘુ છિદ્રોમાં પુષ્પો મૂકીને પૂરાય છે. સંઘાતિમ - જે પુષ્પ પુષ્પ વડે પરસ્પર નાલ પ્રવેશથી સંયોજાય છે. આ પ્રકારે માલ્ય વડે પરમદક્ષિણકળાવાન્ દ્વારા વિભક્તિપૂર્વક જે અહીં યોગ્ય ગ્રંથિમાદિ. તેના વડે બધી દિશામાં સારી રીતે બદ્ધ, પ્રવિરલત્વ-થોડાં પણ અસંહતત્વ માત્રથી થાય છે. તેથી વિપ્રકૃષ્ટત્વ પ્રતિપાદનાર્થે કહે છે — બૃહદ્ અંતરાલથી પંચવર્ણી કુસુમદામ વડે શોભતા. વંદન માળા અગ્રભાગમાં કરેલ છે જેને તે, તે સ્વરૂપે દીપતા, તેની જેમ ચિત્રાંગ વૃક્ષગણો પણ અનેક બહુવિધ વિસ્રસા પરિણતથી માલ્યવિધિ વડે યુક્ત. - x -

હવે સાતમાં કલ્પવૃક્ષનું સ્વરૂપ કહે છે —

તે આરામાં ત્યાં-ત્યાં ઘણાં ચિત્રરસ નામે વૃક્ષગણ કહેલાં છે. જેમ તે સુગંધી શ્રેષ્ઠ કમળ, શાલિ તંદુલ, વિશિષ્ટ નિરુપહતદુર્દ્ધરાર્દ્ધ શારદ ઘી ગોળ ખાંડ મધુમેલિત, અતિરસ પરમાન્ન હોય, ઉત્તમવર્ણ-ગંધયુક્ત હોય અથવા ચક્રવર્તી રાજાના નિપુણ રસોયાએ નિર્મિત કરેલ હોય, - x - અથવા પ્રતિપૂર્ણ દ્રવ્યથી ઉપસ્કૃત હોય, વર્ણ-ગંધ-રસ-સ્પર્શયુક્ત બલ-વીર્ય પરિણામવાળા હોય, ઈન્દ્રિય-બલ-પુષ્ટિની વૃદ્ધિ કરનાર, ભુખ-તરસને હણનાર, ઈત્યાદિ હોય - x - x -

તે પ્રમાણે તે ચિત્રરસ વૃક્ષગણ પણ અનેક બહુવિધ વિસ્રસા પરિણત ભોજન



વિધિથી યુક્ત અને કુશ-વિકુશ રહિત યાવત્ રહે છે.

સૂત્ર વ્યાખ્યા — તેનો આરામાં ઈત્યાદિ પૂર્વવત્. વિશેષ એ કે ચિત્ર - મધુરાદિ ભેદ ભિન્નત્વથી અનેક પ્રકાર અને ખાનારને આશ્ચર્યકારી રસ જેમાં છે તે. જેમ પરમાન્ન-ખીર હોય છે, તેમ. બીજું શું વિશેષ છે? પ્રવરગંધયુક્ત - x - પ્રધાન, દોષરહિત ક્ષેત્રકાલાદિ સામગ્રી સંપાદિત આત્મ લાભ. કલમશાલિ- ચોખા વિશેષ, તંદુલ-અચિતકણ, ભાત, વિશિષ્ટ ગાય આદિ સંબંધી, પાકાદિ વડે અવિનાશિત દુધ તેના વડે પકાવેલ અર્થાત્ પરમ કલમ શાલિ વડે અને પરમ દુધ વડે યથોચિત માત્ર પાકથી નિષ્પાદિત. તથા શરદઋતુનો ઘી, ગોળ કે મધ, શર્કરાનો અપર પર્યાય મેલિત જેમાં છે તે. જોતાં જ સુખ ઉપજે તેવું. તેથી જ અતિરસ-ઉત્તમ વર્ણ ગંધવત્-

— જેમ ચક્રવર્તી રાજાના ઓદનવત્ હોય છે. નિપૂણ એવા રસોઈયાએ નિષ્પાદિત - x - રસવતી શાસ્ત્રના જ્ઞાતા જ ઓદનના વિષયમાં સુકુમારતા લાવવાને માટે સેક વિષયમાં ચતુર કલ્પોને ધારણ કરે છે. તે ઓદનમાં શું વિશિષ્ટ છે ? કલમશાલિ વડે યુક્ત છે, વિશિષ્ટ પરિપાકગત છે, બાષ્પને છોડતા, કોમળ ચતુષ્કલ્પ સેકાદિ વડે પરિકર્મિત હોવાથી વિશદ્, સર્વથા તુષાદિ મલથી રહિત, પૂર્ણ સિકથ જેમાં છે તે. અનેક પુષ્પ-ફળ આદિ પ્રસિદ્ધ, તેના વડે યુક્ત છે.

અથવા લાડવા જેવા હોય છે. શું વિશિષ્ટ છે ? તે કહે છે — પરિપૂર્ણ, એલચી આદિથી સંસ્કારેલ - x - યથોક્ત માત્રામાં અગ્નિ પરિતાપ આદિ વડે પરમ સંસ્કારને પામેલ, વર્ણ-ગંધ-રસ અને સ્પર્શના સામર્થ્યથી અતિ શયવાળા, બલ-વીર્ય હેતુ પરિણામી હોય. - x - તેમાં बल - શારીરિક, વીર્ય-અંતરનો ઉત્સાહ તથા ઈન્દ્રિયોના-ચક્ષુ આદિના, સ્વસ્વ વિષય ગ્રહણની પટુતા, તેની પુષ્ટિ, તેમાં વૃદ્ધિ કરે છે. ભુખ-તરસને હણે છે તથા પ્રધાન ક્વથિત-નિષ્પક્વ ગોળ કે તેવી ખાંડ, તેવી ખાંડેલી સાકર-મીશ્રી, તેવું ઘી, તેના વડે યોજિત છે.

તથા સૂક્ષ્મ એવા ત્રણ વસ્ત્ર વડે ગાળવાથી સમિત-ઘઉંનું ચૂર્ણ, તેનો ગર્ભ-તેના મૂળદળથી નિષ્પન્ન. અત્યંત વલ્લભ, તદુપયોગી દ્રવ્ય વડે સંયુક્ત. તેના જેવા તે ચિત્રરસ વૃક્ષો પણ અનેક બહુવિધ વિસ્રસા પરિણત ભોજન વિધિથી યુક્ત ઈત્યાદિ પૂર્વવત્.

હવે આઠમાં કલ્પવૃક્ષનું સ્વરૂપ કહે ચે — તે આરામાં ત્યાં ત્યાં ઘણાં મણ્યંગ નામે વૃક્ષગણ કહેલા છે. જેમ તે હાર, અર્ધ હાર, વેઢનક, મુગટ, કુંડલ, વામોત્તક, હેમજાલ, મણિજાલ, સૂત્રક, ગડુચી, અક્ષાટક, ક્ષુદ્રક, એકાવલિ, કંઠસૂત્ર, મકરી, ગ્રૈવેયક, શ્રોણિસૂત્ર, ચૂડામણિ, કનકતિલક, સિદ્ધાર્થક, કર્ણવાલિ ચંદ્ર-સૂર્ય-વૃષભ-ચક્રાગ, તલભંજક, ત્રુટિત, હસ્ત માલક, હરિસય, કેઉર વલય, પ્રાલંબ, અંગુલિજ્જક, વલાક્ષ દીનારમાલિકા, કંચિમેહલ, કલાવ, પ્રતરક, પાદજાલ, ઘંટિકા, ખિંખિણી, રત્નોરુજાલ, નેપુર, ચલણ માલિકા, ઈત્યાદિ - x - કંચન, મણિ, રત્ન વડે ચિત્રિત. તે પ્રમાણે મણ્યંગ વૃક્ષગણો અનેક યાવત્ ભૂષણ વિધિથી યુક્ત છે.

સૂત્ર વ્યાખ્યા — તે આરામાં૰ ઈત્યાદિ પૂર્વવત્. વિશેષ એ કે — મણિમય આભરણ, અધેયમાં આધારના ઉપચારથી મણી માફક અંગો - અવયવો જેના છે, તે મણ્યંગ અર્થાત્ આભૂષણના સંપાદક. જેમકે તે હાર-અઢારસરો, અર્દ્ધહાર-નવસરો, વેષ્ટનક-કાનનું આભરણ, વામોત્તકહેમજાલ - છિદ્રવાળા સુવર્ણાલંકાર વિશેષ, એ પ્રમાણે મણિકનકજાલ પણ જાણવું.

સૂત્રક - વૈકક્ષકકૃત્ સુવર્ણ સૂત્ર, ઉચિતકટક - યોગ્ય વલય, ક્ષુદ્રક-અંગુલીયક વિશેષ, એકાવલી - વિચિત્ર મણિની કૃત્ એકસરિકા, કંઠસૂત્ર-પ્રસિદ્ધ છે. મકરિકા-મકરાકાર આભરણ ઉરસ્થ-હૃદયાભરણ, ગ્રૈવેય-ગળાનું આભરણ.

અહીં સામાન્ય વિવક્ષાથી ગ્રૈવેય, એ જીવાભિગમ વૃત્તિ અનુસાર કહ્યું, અન્યથા હૈમવ્યાકરણાદિમાં અલંકાર વિવક્ષામાં ગ્રૈવેયક કહેલ છે. એ પ્રમાણે બીજે પણ તે-તે વૃત્તિ અનુસાર જાણવું.

શ્રોણિસૂત્ર - કટિસૂત્ર, ચૂડામણિ નામે સર્વનૃપરત્નસાર, નર-અમરેન્દ્ર મગટમાં સ્થાયી અમંગલમય પ્રમુખ દોષને હરનાર અને પરમ મંગલભૂત આભરણ વિશેષ. કનકતિલક-લલાટાભરણ, પુષ્પાકૃતિ લલાટાભરણ, સિદ્ધાર્થક-સર્ષપપ્રમાણ સ્વર્ણકણ રચિત સુવર્ણ-મણિમય કર્ણવાલી-કાનના ઉપરના ભાગનું ભૂષણ.

શશિ-સૂર્ય-વૃષભ સ્વર્ણમય ચંદ્રકાદિરૂપ આભરણ વિશેષ. ચક્રાકાર શિરોભૂષણ વિશેષ, ત્રુટિક-બાહાનું આભરણ. - x - કેયૂર-અંગદ, વલય-કંકણ, પ્રાલંબ-ઝુંબનક, અંગુલીયક-મુદ્રિકા, વલક્ષ-રૂઢિથી જાણવું. દીનારમાલિકી આદિ - દીનારાદિ આકૃતિ મણિમાળા. કાંચી મેખલા કલાપ - સ્ત્રીનું કટી આભરણવિશેષ. પ્રતરક - વૃત્તપ્રતલ આભરણ વિશેષ, પારિહાર્ય-વલય વિશેષ પગમાં જાલાકૃતિ, ઘંટિકા-ઘર્ઘરિકા, કિંકિણી-ક્ષુદ્ર ઘંટિકા, રત્નોરુ જાલ-રત્નમય એવું જાંઘનું લટકતું સંકલક સંભવે છે. ચરણ માલિકા-સંસ્થાન વિશેષકૃત્ પગનું આભરણ, કનક નિગડ-બેડી આકારનું આભરણ વિશેષ, જે સુવર્ણનું સંભવે છે. લોકમાં તે કડલાં નામે પ્રસિદ્ધ છે. એ બધાંની શ્રેણિ - x -

આ અને આવી ભૂષણવિધિ - આભૂષણ પ્રકારો છે. તે અવાંતર ભેદથી ઘણાં પ્રકારે છે. તેમાં શું વિશેષ છે ? કંચન-મણિ-રત્નના ચિત્રોથી ચિત્રિત. તે પ્રમાણે આભૂષણ વિધિથી યુક્ત છે, તે મણ્યંગ, એવો તાત્પર્યાર્થ છે. બાકી પૂર્વવત્.

હવે નવમાં કલ્પવૃક્ષને કહે છે — તે આરામાં ત્યાં ત્યાં ઘણાં ગૃહાકાર નામના વૃક્ષગણો કહેલા છે. જેમ તે પ્રાકાર, અટ્ટાલક, ચરિકા, દ્વાર, ગોપુર, પ્રાસાદ, આકાશતલ, મંડપ, એક શાલક, બે શાલક, ત્રિશાલક, ચતુઃશાલક, ગર્ભગૃહ, મોહનગૃહ, વલ્લભી, માલી ગૃહ, ભક્તિગૃહ, વૃત્ત-ત્ર્યંસ્ર, ચતુરસ્ર, નંદ્યાવર્ત્ત સંસ્થિત, પંડુરતલ-મુંડમાલહર્મિત, ધવલહર-અર્ધમાગધ વિભ્રમ, શૈલ-અર્ધશૈલથી સંસ્થિત, કૂડાગાર સુવિહિત કોષ્ઠક અનેક ઘર - સરણ-લયન-આપણ વિડંગ જાલ વૃંદ નિર્યૂહ અપવહરક ચંદ શાલિકારૂપ વિભક્તિ કલિત ભવનવિધિ, બહુ વિકલ્પા છે.



તે પ્રમાણે તે ગેહાકાર વૃક્ષગણો પણ અનેક-બહુવિધ-વિવિધ વિસ્રસા પરિણત, સુખારોહણ, સુખોત્તારણ, સુખનિષ્ક્રમણ-પ્રવેશ, દર્દર સોપાન પંક્તિ યુક્ત, શુભવિહારથી, મનોનુકૂળ, ભવનવિધિ વડે ઉપયુક્ત યાવત્ રહેલ છે.

સૂત્ર વ્યાખ્યા — ગેહાકાર નામે વૃક્ષગણો કહેલાં છે, જે રીતે તે પ્રાકાર-વપ્ર, અટ્ટાલક-પ્રાકાર ઉપર રહેલ આશ્રય વિશેષ, ચરિકા-નગરના પ્રાકારના અંતરાલમાં આઠ હાથ પ્રમાણ માર્ગ, દ્વાર, ગોપુર-પુરદ્વાર, પ્રાસાદ-નરેન્દ્રનો આશ્રય, આકાશતલ-કટ આદિથી ઢાંકેલ કુટ્ટિમ, મંડપ-છાયાદિ માટે પટાદિમય આશ્રય વિશેષ.

એકશાલક, બે શાલક આદિ ભવનો છે. વિશેષ એ કે — ગર્ભ ગૃહ એ અભ્યંતરગૃહ છે. અન્યથા કહેવાનાર અપવરકથી પુનરુક્તિ થાય. મોહનગૃહ-કતિક્રીડાગૃહ, વલ્લભી-છદિ આધારપ્રધાનગૃહ, ચિત્રશાલ ગૃહ - ચિત્રકર્મવત્ ગૃહ, માલકગૃહ-બીજી ભૂમિકાદિની ઉપરવર્તી ગૃહ, ચિત્રાદિ આલેખ પ્રધાન ગૃહ, વૃત્ત-વર્તુલાકાર, ત્ર્યસ્ર-ત્રિકોણ, ચતુરસ્ર-ચતુષ્કોણ, નંદ્યાવર્ત્ત-પ્રાસાદવિશેષની જેમ સંસ્થાનગૃહ.

પાંડુરતલ-સુધામયતલ, મુંડમાલહર્મ્ય-ઉપરી અનાચ્છાદિત શિખરાદિ ભાગરહિત હર્મ્ય, ધવલગૃહ-સૌધ, અર્ધમાગધવિભ્રમ-ગૃહવિશેષ શૈલ સંસ્થિત-પર્વતાકાર ગૃહ, અર્ધશૈલ સંસ્થિત-તેમજ છે. કૂટાકાર-શિખરાકૃતિ આઢ્ય, સુવિધિકોષ્ઠક-સુસૂત્રણાપૂર્વ કરચિત્તનો ઉપરનો ભાગ વિશેષ, અનેક ગૃહો, સામાન્યથી શરણ-તૃણમય, લયન-પર્વત નિકુટ્ટિત ગૃહ, આપણ-હાટ ઈત્યાદિ ભવનવિધિ-વાસ્તુપ્રકાર ઘણાં વિકલ્પે છે. તે કેવા છે ?

વિટંક-કપોતપાલી, જાલવૃંદ-ગવાક્ષસમૂહ, નિર્યૂહ-દ્વારના ઉપરના પડખે નીકળેલ લાકડું, ચંદ્રશાલિકા-શિરોગૃહ, એવા પ્રકારના વિભાગોથી યુક્ત તે પ્રમાણે ભવનવિધિ વડે યુક્ત તે ગૃહાકાર વૃક્ષો પણ રહેલાં છે. કઈ વિશિષ્ટ વિધિથી રહેલા છે ?

સુખથી આરોહણ-ઉર્ધ્વગમન, સુખેનાવતાર - નીચે ઉતરવું તે, સુખથી નિષ્ક્રમણ-નિર્ગમ અને પ્રવેશ જેમાં છે તે તથા, કઈ રીતે ઉક્ત સ્વરૂપ કહેલ છે ? — દર્દર સોપાન પંક્તિયુક્ત, એકાંતે સુખ વિહાર, અવસ્થાન, શયનાદિ રૂપ જેમાં છે તે. જેમાં છે તે, તથા મનોનુકૂલ છે, તે વ્યક્ત છે. બાકી પૂર્વવત્.

હવે દશમું કલ્પવૃક્ષ — તે સમય આરામાં ત્યાં ત્યાં ઘણાં અનગ્ન નામે વૃક્ષગણ કહેલ છે. જેમ તે આજિનક, ક્ષૌમ તનુલ, કંબલ, દુકૂલ, કોશેય, કાલમૃગપટ્ટ અંશુક-ચિનાંશુક પટ્ટ, આભરણ-ચિત્ર-શ્લક્ષ્ણ-કલ્યાણક, ભૃંગનીલ, કાજળ બહુવર્મી રક્ત-પીત-શુક્લ ઈત્યાદિ - x - ના ભત્તિચિત્રો યુક્ત બહુ પ્રકારે વસ્ત્રવિધિથી પ્રવર પટ્ટનુગત વર્ણરાગયુક્ત છે.

તે પ્રમાણે અનગ્ન વૃક્ષ પણ કહેલ છે. તે અનેક, બહુવિધ, વિવિધ, વિસ્રસા પરિણત વસ્ત્રવિધિથી યુક્ત યાવત્ રહેલ છે.

સૂત્ર વ્યાખ્યા — નામાર્થ છે - વિચિત્ર વસ્ત્રદાયીપણાથી તત્કાલીન લોકોને નગ્નતા જેનાથી રહેતી નથી, તે અનગ્ન. - x - x - आजिनक - ચર્મમય વસ્ત્ર,

ક્ષૌમ-સામાન્યથી કપાસનું બનેલ, બીજાના મતે અતસીનું બનેલ. તનુ-શરીરને સુખસ્પર્શપણે લાતિ-અનુગ્રહણ કરે છે, તે તનુલ-તનુસુખાદિ, કંબલ, તનુકકંબલ એ પાઠ મુજબ-તંતુક-સૂક્ષ્મ ઉનનું કંબલ, દુકૂલ-ગૌડ દેશનું વિશિષ્ટ કાર્પાસિક અથવા દુકૂલ-વૃક્ષ વિશેષ, તેનું વલ્ક લઈને ઉદૂખલ જળ વડે કુટીને વણાય છે તે. કૌશેય-ત્રસરિતંતુથી નિષ્પન્ન કાલમૃગપટ્ટ - કાળમૃગચર્મ, અંશુકચિનાંશુક એ વિવિધ દેશમાં પ્રસિદ્ધ દુકૂલવિશેષરૂપ છે. અથવા પૂર્વોક્ત વલ્કની જે અભ્યંતર હીરિ વડે નિષ્પાદિત થાય, સૂક્ષ્માંતર હોય તે ચીનાંશુક પટ્ટ-પટ્ટસૂત્ર નિષ્પન્ન, આભરણ વિચિત્ર. શ્લક્ષ્ણ-સૂક્ષ્મતંતુ નિષ્પન્ન, કલ્યાણક-પરમવસ્ત્ર લક્ષણયુક્ત.

ભૃંગ-કીટ વિશેષ, તેની જેમ નીલ, કજ્જલવર્ણ બહુવર્ણ-વિચિત્રવર્ણ, લાલ-પીળું-સફેદ, સંસ્કૃત-પરિકર્મિત, જે મૃગરોમ અને હેમ, તે રૂપ કનકરસચ્છુરિતત્વાદિ ધર્મયોગથી. રલ્લક-કંબલ વિશેષ જીન આદિ. આ કેવા પ્રકારે છે ? તે કહે છે — પશ્ચિમ દેશ, ઉત્તરદેશ, સિંધુદેશ, ઉસભત્તિ-સંપ્રદાયથી જાણવું, દ્રવિડ-બંગ-કલિંગ દેશો છે. ઉક્ત દેશોમાં ઉત્પન્નપણાથી જે છે તે. નલિનતંતુ - સૂક્ષ્મતંતુ મય જે વિશિષ્ટ રચના, તેને વડે ચિત્રિત, ઈત્યાદિ, વસ્ત્ર વિધિ ઘણાં પ્રકારે હોય છે. વરપત્તન-તે-તે પ્રસિદ્ધ પત્તન, તેમાંથી નીકળેલ.

વિવિદ મંજિષ્ઠારાગાદિ વડે યુક્ત, તે પ્રમાણે અનગ્નક વૃક્ષગણ પણ અનેક બહુવિધ વિવિધ વિસ્રસા પરિણત વસ્ત્રવિધિ વડે યુક્ત ઈત્યાદિ. જીવાભિગમની પ્રતિમાં ક્યાંક ક્યાંક કંઈક અધિક પદ પણ દેખાય છે, તે વૃત્તિમાં વ્યાખ્યાયિત કરેલ નથી. તેથી અમે પણ અર્થપદ લખેલ નથી. તે સંપ્રદાયથી જાણવું. - x -

સુષમસુષમામાં કલ્પવૃક્ષનું સ્વરૂપ કહ્યું. હવે તે કાળના મનુષ્યનું સ્વરૂપને પૂછતા કહે છે —

● સૂત્ર-૩૪ :-

*ભગવન્ ! તે આરામાં-સમયગાળામાં ભરતક્ષેત્રમાં મનુષ્યના કેવા સ્વરૂપના આકાર ભાવ પ્રત્યવતાર કહેલ છે ?*

*ગૌતમ ! તે મનુષ્યો સુપ્રતિષ્ઠિત કૂર્મ ચારુ ચરણવાળા યાવત્ લક્ષણ-વ્યંજન-ગુણયુક્ત, સુજાત સુવિભક્તસંગત અંગવાળા પ્રાસાદીય યાવત્ પ્રતિરૂપ છે.*

*ભગવન્ ! તે આરામાં-સમયગાળામાં ભરતક્ષેત્રમાં માનુષીના કેવા સ્વરૂપના આકાર ભાવપ્રત્યવતાર કહેલ છે ?*

*ગૌતમ! તે માનુષીઓ સુજાત સર્વાંગસુંદરી, પ્રધાનમહિલા ગુણો વડે યુક્ત, અતિકાંત વિસર્પમાન મૃદુતા, સુકુમાલ કૂર્મ સંસ્થિત વિશિષ્ટ ચરણો, ઋજુ મૃદુ પીવર સુસાધક અંગુલી, અભ્યુન્નત રચિત તલિન તામ્રશૂચિ સ્નિગ્ધ નખો, રોમરહિત, વૃત્ત-લષ્ટ-સંસ્થિત, અજઘન્ય પ્રશસ્ત લક્ષણ, અકકોપ્પ જાંઘયુગલ, સુનિર્મિત સુગૂઢ સુજાનુ મંડલ સંબદ્ધસંધી, કદલી સ્તંભાતિરેક સંસ્થિત નિર્વ્રણ સુકુમાલ મૃદુ માંસલ અવિરલ સમ સંહિત સુજાત વૃત્ત પીવર નિરંતર ઉરૂ, અષ્ટાપદ વીતિકસ્પૃષ્ટ સંસ્થિત પ્રશસ્ત વિછિન્ન,*



*પૃથુલ શ્રોણી - -*

*- - - વદન આયામ પ્રમાણથી બમણી વિશાળ માંસલ સુબદ્ધ, શ્રેષ્ઠ જઘન ધારિણી, વજ વિરાજિત પ્રશસ્ત લક્ષણ નિરોદર, ત્રિવલીક વલિ, તનુનક મધ્યભાગ, ઋજુ સમ સહિત જાત્યતનુ કૃત્સ્ન સ્નિગ્ધ આદેય લડહ સુજાત સુવિભક્ત કાંત શોભંત રુચિર રમણીય રોમરાજી ગંગાવર્ત પ્રદક્ષિણાવર્ત્ત તરંગ ભંગુર રવિકિરણ તરુણ બોધિત ક્રોશાયંત, પદ્મ ગંભીર વિવૃત નાભિ, અનુદ્ભટ પ્રશસ્ત પીનકુક્ષી, સન્નત પાર્શ્વ, સંગત પાર્શ્વ, મૃદુ-માચીક પીન રચિત પાર્શ્વ, અકરંડુક કનક રુચક નિર્મળ સુજાત નિરુપહત ગાત્રયષ્ટિ, કંચન કળશ પ્રમાણ સમ સહિત લષ્ટ ચુચ્ચુક આમેલક યમલયુગલ વર્તિક અભ્યુન્નત પીન રચિત પીવર પયોધરા, ભુયંગ અનુપૂર્વ તનુક ગોપુચ્છ વૃત્ત સંહિત નમિત. આદેય સુલભિત બાહુઓ, તામ્રનખ, માંસલ અગ્રહસ્ત - - -*

*- - - પીવર કોમળ શ્રેષ્ઠ અંગુલી, સ્નિગ્ધ હસ્તરેખા, રવિ-શશિ-શંખ-ચક્ર-સ્વસ્તિકથી સુવિભક્ત સુવ્વિરચિત હાથની રેખાઓ, પીન-ઉન્નત હાથ-કક્ષા-બસ્તિપ્રદેશ, પ્રતિપૂર્ણ ગાળ-કપોલ, ચતુરંગુલ સુપ્રમાણ કંબુવર સદેશ ગ્રીવા, માંસલ સંસ્થિત પ્રશસ્ત હનુક, દાડમપુષ્પ સમાન પીવર પ્રલંબ કુંચિત વર અધર, સુંદર ઉત્તરોષ્ઠ, દહીં દકરક ચંદ કુંદ વાસંતિ મુકુલ ધવલ અછિદ્ર વિમલ દાંત, રક્ત ઉત્પલપત્ર મૃદુ સુકુમાલ તાલુ અને જીભ, કણેર મુકુલ કુટિલ અભ્યુદ્ગત ઋજુ તુંગ નાક, શારદ નવ કમલ કુમુદ કુવલય વિમલદલ નિકર સદેશ લક્ષણ પ્રશસ્ત અજિમ્હ કાંત નયનો, પ્રતલ ધવલ આયત આતામ્રલોચન, આનામિત ચાપ રુચિર કૃષ્ણાભ્રરાજિ સંગત સુજાત ભ્રમર, આલીન પ્રમાણયુક્ત કાન, પીન મૃષ્ટ ગંડ લેખા, ચતુરસ્ર પ્રશસ્ત સમ નિડાલ, કૌમુદી રજનીકર વિમળ પ્રતિપૂર્ણ સૌમ્ય વદના, છત્રોન્નત ઉત્તમાંગ, અકપિલ સુસ્નિગ્ધ સુગંધ દીર્ઘવાળ - - -*

*- - - છત્ર, ધ્વજ, યૂપ, સ્તુભ, દામનિ, કમંડલુ, કળશ, વાપી, સ્વસ્તિક, પતાકા, યવ, મત્સ્ય, કુંભ, શ્રેષ્ઠરથ, મગરધ્વજ, અંક, થાળ, અંકુશ, અષ્ટાપદ, સુપ્રતિષ્ઠક, મયૂર, શ્રી-અભિષેક, તોરણ, મેદિની, ઉદધિ, શ્રેષ્ઠ ભવન, ગિરિ, શ્રેષ્ઠ આદર્શ, સલીલગત, વૃષભ, સીંહ અને ચામર એ ઉત્તમ પ્રશસ્ત બત્રીશ લક્ષણધારી - - -*

*- - - હંસ સદેશગતિકા, કોયલ મધુર ગિર સુસ્વરા, કાંતા, બધાંને અનુમતા, ચાલી ગયેલ વળીઆ - પળીઆ - વ્યંગ - દુર્વર્ણ, વ્યાધિ, દોર્ભાગ્ય, શોકાદિ. જે ઉચ્ચત્વ મનુષ્યોનું છે, તેનાથી કંઈક ન્યૂન ઉંચાઈવાળી, સ્વભાવથી શ્રૃંગાર-ચારુ વેશવાળી, સંગત ગત હસિત ભણિત ચેષ્ટિત વિલાસ સંલાપ નિપુણયુક્તોપચાર કુશલા, સુંદર સ્તન જઘન વદન હાથપગ નયન લાવણ્ય રૂપ યૌવન વિલાસયુક્ત છે.*

*- - - [તે માનુષી સ્ત્રીઓ] નંદનવન વિવર ચારિણી અપ્સરા જેવી, જાણે*

***ભરતક્ષેત્રની માનુષી અપ્સરાઓ છે, તે આશ્ચર્યકારી, પ્રેક્ષણીય, પ્રાસાદીયા યાવત્ પ્રતિરૂપા છે.***

***તે મનુષ્યો ઓઘસ્વર, હંસસ્વર, ક્રૌંચસ્વર, નંદીસ્વર, નંદીઘોષ, સીંહસ્વર, સીંહઘોષ, સુસ્વર, સુસ્વરનિર્ઘોષ, છાયા-આતપ-ઉદ્યોત-વ્યંગ અંગવાળા છે - -***

***- - - વજ્રઋષભ નારાચ સંઘયણી, સમચતુરસ્ર સંસ્થાન, આતંક રહિત શરીર, અનુલોમ વાયુવેગ, કંકગ્રહણી, કપોતપરિણામા, શકુની-પોષ-પિટ્ઠંતર-ઉરુ પરિણત, ૬૦૦૦ ધનુષ્ ઉંચા છે. તે મનુષ્યોને ૨૫૬ પિઠ કરંડકો હે આયુષ્યમાન્ શ્રમણ ! કહેલી છે.***

***તેઓ પદ્મ ઉત્પલ ગંધ સદૃશનીઃશ્વાસયુક્ત સુરભિવદન વાળા છે. તે મનુષ્યો પ્રકૃતિથી ઉપશાંત, પ્રકૃતિથી પતલા ક્રોધ-માન-માયા-લોભવાળા, મૃદુ-માર્દવતા સંપન્ન, આલીન, ભદ્રક, વિનીત, અલ્પ ઈચ્છાવાળા, અસંનિધિસંચય, વિડિમંતર પરિવસન, ઈચ્છાનુસાર કામભોગ ભોગવનારા હતા.***

● **વિવેચન-૩૪ :-**

ભગવન્ ! તે સમય-આરામાં ભરતવર્ષમાં મનુષ્યોના ક્રમથી યુગલોના કેવા આકાર-ભાવ-પ્રત્યવતાર કહેલાં છે. ભગવંતે કહ્યું – ગૌતમ ! તે મનુષ્યો સત્પ્રતિષ્ઠાન-વાળા અર્થાત્ સંગતનિવેશા છે. કાચબા જેવા ઉન્નતપણાથી ચારવત્ ચરણ જેમના છે. તે તથા.

(શંકા) - x - મનુષ્ય યુગ્મના પગથી આરંભીને વર્ણન કઈ રીતે દેવવત્ યુક્ત છે? (સમાધાન) વરેણ્ય પુણ્યપ્રકૃતિ વડે તેઓ દેવપણે અભિમત છે. અહીં યાવત્ શબ્દ સંગ્રાહ્ય "મૂર્દ્ધનશિરયા" સુધી છે. જીવાભિગમાદિ પ્રસિદ્ધ સૂત્ર આ છે –

રક્ત ઉત્પલપત્ર, મૃદુ સુકુમાલ કોમળતલ, નગ-નગર-મગર-સાગર-ચક્રાંક-હરાંક લક્ષણાંકિત ચરણ, અનુક્રમે સુસાહત અંગુલી, ઉન્નત તનુ તામ્ર સ્નિગ્ધ નખો, સંસ્થિત સુશ્લિષ્ટ ગૂઢ ગુંફ, એણી કુરુવિંદાવર્ત્ત વૃત્ત અનુપૂર્વ જાંઘો, સમુદ્ગ નિમગ્ન ગૂઢ જાનુ, ગજ-શશન સુજાત સંનિભ ઉરૂ, વરવારણમત તુલ્ય વિક્રમ વિલાસી ગતિ, પ્રમુદિત શ્રેષ્ઠ અશ્વ-સીંહ-વર વર્તીત કટી, શ્રેષ્ઠ અશ્વ સુજાત ગુહ્ય દેશ, આકીર્ણહય સમાન નિરુપલેપ, સાહય સોણંદ મુસલ દર્પણ નિકરી અવર કનક ત્સરુ સદૃશ શ્રેષ્ઠ વલિત મધ્યભાગ, ઝસવિહગ સુજાત પીન કુક્ષી, ઝસોદર, ગંગાવર્ત્ત પ્રદક્ષિણાવર્ત તરંગ ભંગુર રવિ કિરણ તરુણ બોધિત આક્રોશાયંત પદ્મ ગંભીર વિકટ નાભિ, ઋજુ સમ સંહિત જાત્ય તનુ કૃત્સ્ન સ્નિગ્ધ આદેય લડહ સુકુમાલ મૃદુ રમણીય રોમરાજી, સંનત-સંગત-સુંદર સુજાત પડખાં - - -

- - - અકરંડુક કનક રુચક નિર્મળ સુજાત નિરુપહત દેહધારી, પ્રશસ્ત બત્રીશ લક્ષણધર, કનકશિલાતલ ઉજ્જ્વલ પ્રશસ્ત સમતલ ઉપચિત, વિસ્તીર્ણ પૃથુલ છાતીવાળા, શ્રીવત્સઅંકિતવત્સા, યુપસંનિભ પીન રચિત પીવર પ્રકૃષ્ટ સંસ્થિત સુશ્લિષ્ટ વિશિષ્ટ ઘન સ્થિર સુબદ્ધ સંધિ પુરવર શ્રેષ્ઠ ફલિહ વર્તિકભુજા,



ભુજગેશ્વર વિપુલ ભોગ આયાણ ફલિહ ઉચ્છૂઢ દીર્ઘ બાહૂ, રક્ત તલોપચિત મૃદુ માંસલ સુજાત પ્રશસ્ત લક્ષણ અછિદ્ર જાલપાણી, પીવર કોમલ અંગુલી, રુચિર સ્નિગ્ધ નખો, ચંદ્રપામિ રેખા, સૂર્યપાણિરેખા, શંખપાણિરેખા, ચક્રપાણિરેખા, દિશા સૌવસ્તિક પાણિરેખા, ચંદ્ર-સૂર્યાદિપાણિરેખા, અનેક શ્રેષ્ઠ લક્ષણ ઉત્તમ પ્રશસ્ત સુચિર હસ્તરેખા - - -

- - - શ્રેષ્ઠ મહિષ-વરાહ-સીંહ-શાર્દુલ-વૃષભ-નગવર-પ્રતિપૂર્ણ વિપુલ સ્કંધ, ચતુરંગુલ સુપ્રમાણ કંબુવર સદૃશ ગ્રીવા, માંસલ, સંસ્થિત પ્રશસ્ત શાર્દુલ વિપુલ હનુક, અવસ્થિત સુવિભક્ત ચિત્રશ્મશ્રૂ, શિલપ્રવાલ બિંબફળ જેવા અધરોષ્ઠ, પંડુર-શશિ-વિમલ નિર્મળ શંખ ગોક્ષીર ફેણી કુંદ જળકણ જેવી દંત શ્રેણી, અખંડ-અસ્ફૂટિત-સુજાત-અવિરલ દાંત, એક દંત શ્રેણીવત્ અનેકદાંત, હુતાવહ નિદ્ધત ધૌત તપ્ત તપનીય રક્ત તાલુ-જિહ્વા, ગરુડ જેવું લાંબુ તુંગ નાક, વિકસિત કમળ જેવા નયનો, ધવલ પ્રતલ અક્ષી, કૃષ્ણભ્રરાજી સંસ્થિત સંગત લાંબી સુજાત તનુ સ્નિગ્ધ ભ્રમર, આલીન પ્રમાણયુક્ત કાન, પીન માંસલ કપોલ દેશભાગ ઈત્યાદિ બધું જીવાભિગમ સૂત્રવત્ જાણવું.

સૂત્રની વ્યાખ્યા – રક્ત - લાલ કમળ પત્રવત્, મૃદુક-માર્દવ ગુણયુક્ત, તે સુકુમાર પણ સંભવે છે, જેમ પાષાણ પ્રતિમા, તેથી કહે છે – સુકુમાલ શિરીષકુસુમાદિ કરતા પણ કોમળ તલ-પગના તળીયા જેના છે તે, નગ-પર્વત, અંકધર-ચંદ્ર, અંક-તેના જેવું લાંછન, જે લોકમાં હરણ કહેવાય છે. એવા સ્વરૂપે ઉક્ત આકાર પરિણત રેખાથી અંકિત પગ જેના છે તે. - x - ક્રમથી વધતા કે ઘટતા નખો, સુસંહત-અવિરલ, અંગુલી-પગના અગ્ર અવયવો જેના છે તે. અહીં ક્રમથી પગની અંગુલી લેવી - x - ઉન્નત-મધ્યમાં તુંગ, તનુ-પ્રતલ, તામ્ર-લાલ, સ્નિગ્ધ-સ્નિગ્ધ કાંતિવાળા નખો - x -

સંસ્થિત-સમ્યક્ સ્વપ્રમાણપણે સ્થિત, સુશ્લિષ્ટ-સુઘન કે સુસ્થિર, ગૂઢ-ગુપ્ત, માંસલત્વથી ન દેખાતા, ગુલ્ફ-ઘુંટણ, એણી-હરિણી, તેની અહીં જંઘા લેવી, કુરુવિંદ-તૃણ વિશેષ, વૃત્ત-વર્તુળ, ક્રમથી ઉર્ધ્વ સ્થૂળ-સ્થૂળતર, જંઘા જેની છે તે. - x - કુરુવિંદ-કુટિલક નામક રોગ વિશેષ તેને પણ ત્યજેલ, સમુદ્ગ-સમસુદ્ગક નામે ભાજન વિશેષ, તેને ઢાંકવા વડે, સંધિ માફક નિમગ્ન, ગૂઢ-માંસલ પણાથી અનુપલક્ષ્ય જાનુ જેના છે તે. પાઠાંતરથી સમુદ્ગક પક્ષી વિશેષની માફક સ્વભાવિક માંસલત્વથી અનુન્નત - x -

ગજ-હાથી, શ્વસન-શુંઢ, સુજાત-સુનિષ્પન્ન તેની જેવા ઉરૂ જેના છે તે. મત્ત વર-પ્રધાન, ભદ્રજાતીયત્વથી વારણ-હાથી, તેનું ચક્રમણ, તેની વિલાસિતા-વિલાસવાળી ગતિ-ગમન જેનું છે તે. રોગાદિ અભાવથી પ્રમુદિત, તેથી અતિપુષ્ટ-યૌવન પ્રાપ્ત, એવા જે શ્રેષ્ઠ અશ્વ અને સીંહ, તેના જેવી વૃત કરી જેની છે તે. શ્રેષ્ઠ અશ્વની જેમ સુજાત, સુગુપ્તત્વથી સુનિષ્પન્ન ગુહ્ય દેશ જેનો છે તે. જાત્ય અશ્વની જેમ નિરુપલેપશરીરી, જાત્ય અશ્વજ મૂત્રાદિ અનુપલિપ્ત ગાત્ર હોય છે, સંહતસૌનંદ નામક ઉર્ધ્વીકૃત્

ઉલૂખલ આકૃતિ કાષ્ઠ, તેની મધ્યે તનુ બંને પડખે બૃહત્ અથવા સંહત-સંક્ષિપ્ત મધ્ય, સૌનંદ-રામઆયુધ મુસલ વિશેષ, સામાન્યથી દર્પણગંડ અર્થ લેવો. નિગરીત-સારીકૃત શ્રેષ્ઠ સુવર્ણ, તેની ખડ્ગાદિ મુષ્ટિ સદંશ.

વરવ્રજ-સૌધર્મેન્દ્રના આયુધની જેમ વલિત્રણયુક્ત મધ્યભાગ જેનો છે તે, ઝષની જેમ અનંતરોક્તની જેમ જેનું ઉદર છે તે, શુચિ-પવિત્ર કે નિરૂપલેપ, કરણ-ચક્ષુ આદિ ઈન્દ્રિયો જેની છે તે, - x - ગંગાના આવર્ત્ત, તેની જેમ પ્રદક્ષિણાવર્ત્ત, પરંતુ વામાવર્ત્ત નહીં, ત્રણ વલય, તેની જેમ ભગ્ન સૂર્ય કિરણ, તરુણ-તાજા, બોધિત-નીકળેલા, પદ્મ, તેની જેમ ગંભીર, વિકટ-વિશાળ નાભિ જેની છે તે. - x -

ઋજુક-અવક્ર, સંહિતા-સંતતિરૂપે સ્થિત પણ અપાંતરાલપણે વ્યવચ્છિન્ન નહીં, સુજાત-સુજન્મા પણ કાળ આદિ વૈગુણ્યથી દુર્જન્મા નહીં, તેથી જ જાત્ય-પ્રધાન, પાતળી પણ સ્થૂળ નહીં, કાળી પણ મર્કટવર્ણી નહીં, સ્નિગ્ધ-ચીકણી, આદેય-જોવાના માર્ગમાં આવેલ છતાં ફરી-ફરી આકાંક્ષણીય, ઉક્ત કથનનું સમર્થન કરતાં કહે છે –

સુકુમારમદ્વી - અતિ કોમળ, રમણીય-રમ્ય રોમરાજિ જેની છે તે, સમ્યક્ અધો-અધોક્રમથી નમેલા પડખાં જેના છે તે, સંગત-દેહ પ્રમાણોચિત પડખાં જેના છે તે, તેથી જ સુંદર પાર્શ્વ, સુજાતપાર્શ્વ, તથા પરિમિત માત્રાયુક્ત, ઉચિત પ્રમાણથી ન્યૂનાધિક નહીં, પીન-ઉપચિત, રતિદા પડખાં જેના છે તે. અવિદ્યમાન - માંસલત્વથી અનુપલક્ષ્યમાણ કરંડક-પૃષ્ઠ વંશ અસ્થિક જેનો દેહ છે તે અકરંડુક - x - અથવા અકરંડુકવત્ વ્યાખ્યા કરવી.

કનકની માફક રુચિ જેની છે તે, નિર્મળ-સ્વાભાવિક આગંતુક મળ રહિત, સુજાત-બીજાધાનથી આરંભીને જન્મદોષ રહિત, નિરુપદ્રવ - જ્વરાદિ, દંશાદિ ઉપદ્રવ રહિત. એવા પ્રકારના દેહને ધારણ કરવાના સ્વભાવવાળા તથા કનકશિલાતલવત્ ઉજ્જ્વલ પ્રશસ્ત અવિષમ માંસલ ઉર્ધ્વ-અધો અપેક્ષાથી વિસ્તીર્ણ, દક્ષિણ-ઉત્તરથી પૃથુલ છાતી જેની છે તે. શ્રીવત્સ લાંછન વિશેષથી અંકિત વક્ષ જેનું છે તે. વૃત્તત્વ અને આયતત્વથી યૂપતુલ્ય, પીન-માંસલ, રતિદા-જોતાં જ સુભગ પીવર પ્રકોષ્ઠક-અકૃશકલાચિક, સંસ્થિત-સંસ્થાન વિશેષવંત, સુશ્લિષ્ટ-સુઘન, વિશિષ્ટ-પ્રધાન, ઘન-નિબિડ, સ્થિર-અતિશ્લથ નહીં, સુબદ્ધ-સ્નાયુ વડે સારી રીતે બદ્ધ, સંધિ-હાડકાંનું સંધાન, પુરવર પરિઘવત્ - મહાનગરની અર્ગલાવત્ વૃત્ત ભુજા જેમની છે તે. વળી તે બાહુ કેવા છે ? ભુજગરાજ, તેનું વિપુલ જે શરીર, આદીયતે - બારણું અટકાવવાનો આગળીયો, સ્વસ્થાનથી અવક્ષિપ્ત નિષ્કાશિત દ્વારનો પૃષ્ઠ બાગે અપાયેલ. તેના જેવા દીર્ઘ બાહુ જેના છે તે. - x - x -

રક્તતલ - અરુણનો અધોભાગ ઉપચિત - ઉન્નત્ત કે ઔપચિક અથવા ઉચિત કે અવપતિત-ક્રમથી ઘટતો ઉપચય, મૃદુ - માંસલ-સુજાત એ ત્રણ પદ પૂર્વવત્, અછિદ્રજાલ-અવિરલ અંગુલી સમુદાય હાથ જેના છે તે. આતામ્ર-કંઈક રક્ત, લીન-પ્રતલ, શુચિ-પવિત્ર, રુચિર-મનોજ્ઞ, સ્નિગ્ધ-અરૂક્ષ નખ જેમના છે તે.



ચંદ્રની જેમ ચંદ્રાકાર હસ્તરેખા જેમની છે તે, દિક્સ્વસ્તિક-દિક્પ્રધાન સ્વસ્તિક અથવા દક્ષિણાવર્ત્ત સ્વસ્તિક, તે રેખા જેના હાથમાં છે તે. ઉક્ત વિશેષણોના પ્રશસ્ત અને અપકર્ષના પ્રતિપાદન માટે સંગ્રહવચનથી કહે છે – ચંદ્ર સૂર્યાદિ૦ આ સિવાય બીજા પણ અનકે-પ્રભૂત, વર-પ્રધાનલક્ષણ વડે ઉત્તમ-પ્રશંસાસ્પદીભૂત, શૂચિપવિત્ર, રચિત-સ્વકર્મ વડે નિષ્પાદિત હસ્તરેખા જેની છે તે.

વરમહિષ-પ્રધાન સૈરિભ, વરાહ-વન્યશૂકર, સીંહ-કેસરીસીંહ, શાર્દુલ-વાઘ, ઋષભ-બળદ, નાગવર-પ્રધાન હાથી, તેની જેમ પ્રતિપૂર્ણ-સ્વપ્રમાણથી અહીન, વિપુલ-વિસ્તીર્ણ, સ્કંધ-અંશ દેશ જેના છે તે, ચતુરંગુલ-સ્વ અંગ અપેક્ષાથી ચાર અંગુલ માપ, સુષ્ઠુ-શોભન પ્રમાણ જેનું છે તે, કંબુવરસદંશી-ઉન્નતપણાથી ત્રણ વલીના યોગથી, પ્રધાન શંખ જેવી ગ્રીવા જેની છે તે. માંસલ-પુષ્ટ સંસ્થિત-સંસ્થાન, તેના વડે પ્રશસ્ત-સંકુચિત કમળના આકારત્વથી શાર્દુલ-વાઘની જેમ, વિસ્તીર્ણ હનુક જેની છે તે.

અવસ્થિત-ન વધનારી, સુવિભક્ત-પરસ્પર શોભતા વિભાગો, વદનવિવરના કૂર્ચકેશ પુંજની માફક પુંજીની માફક પુંજીભૂત, ચિત્ર-અતિરમ્યપણે અદ્ભૂત, શ્મશ્રૂ-દાઢી આદિના વાળ જેના છે તે, કેમકે શ્મશ્રૂના અભાવે નપુંસકભાવની પ્રતિપત્તિ થાય છે. હીયમાનત્વથી વાર્ધક્યની પ્રતિપત્તિ થાય છે અને વર્દ્ધમાનત્વમાં સંસ્કારકજનાભાવ જણાય છે, તેથી અવસ્થિતત્વ કહ્યું.

ઉઅવિસ-પરિકર્મિત જે શીલારૂપ પ્રવાલ-વિદ્રુમખંડ, પણ મણિકાદિ રૂપ નહીં, બિંબફળ-પાકેલ ગોલ્હાફળ, તેની જેમ રક્તપણે ઉન્નત, મધ્યપણે, નીચેના દંતછંદ-અધરોષ્ઠ જેના છે તે. પાંડુર-જે ચંદ્રમંડલખંડ અર્થાત્ અકલંક ચંદ્રમંડલ ભાગ. વિમલની મધ્યે નિર્મળ જે શંખ, ગાયના ફીણ, કુંદ કુસુમ, દકરજ-વાયુ વડે આહત જલકણ, મૃણાલિકા-પદ્મિની મૂલ, તેની જેમ ધવલ, દંતપંક્તિ જેની છે તે. અખંડદંત-પરિપૂર્ણદાંત, અસ્ફૂટિતદંત-અજર્જર દાંત તેથી જ સુજાત દાત-જન્મદોષરહિત દાંત, અવિરલદંત-નિરંતરદાંત, પરસ્પર અનુપલક્ષ્ય દંત વિભાગત્વથી એકાકાર દંત શ્રેણિ જેની છે તે, અનેક - બત્રીશ દાંત જેના છે તે. - x -

હુતવહ - અગ્નિ વડે નિર્ધ્માત - નિર્દગ્ધ, ધૌત-શોધિત મલ, તપ્ત-સતાપ, તપનીય-સુવર્ણ વિશેષ, તેની જેમ લાલ તલ-લોહિત રૂપ તાળવું, જિહ્વા-રસના, ગરુડ-પક્ષીરાજની જેમ લાંબી, ઋજવી-સરળ, તુંગ-ઉન્નત પણ મુદ્ગલ જાતીયની માફક ચપટી નહીં તેવી નાસિકા જેની છે તે. અવદાલિત રવિકિરણથી વિકાસિત જે પુંડરીક-શ્વેત પદ્મ, તેના જેવા નયન જેના છે તે. કોઆસિત-વિકસિત અને ધવલ, કોઈક દેશમાં પત્રલ-પાંખવાળા નેત્રો જેના છે તે. આનામિત-કંઈક નમેલ, આરોપિત, જે ચાપ-ધનુષ્, તેની જેમ રુચિર-સંસ્થાન વિશેષ ભાવથી રમણીય કૃષ્ણાભ્રરાજિ માફક રહેલ. સંગત-યથોક્ત પ્રમાણયુક્ત, આયત-દીર્ઘ, સુજાત-સુનિષ્પન્ન, તનૂ-શ્લક્ષ્ણ પરિમિત વાળના પંક્તિરૂપપણાથી કૃષ્ણ-કાલિમાયુક્ત, સ્નિગ્ધ છાય ભ્રમર જેની છે તે.

આલીન-મસ્તક ભિંતે કંઈક લાગેલ, પ્રમાણયુક્ત-સ્વ પ્રમાણોપેત શ્રવણ-કર્ણ, જેના છે તે, તેથી જ સુશ્રવણ અથવા સુષ્ઠુ શ્રવણ - શબ્દોપલંભ જેને છે તે, પીન-પુષ્ટ, માંસલ-ઉપચિત કપોલ લક્ષણ દેશભાગ - મુખનો અવયવ જેનો છે તે. નિર્વ્રણ-વિસ્ફોટકાદિ ક્ષતરહિત, સમ-અવિષમ, લષ્ટ-મનોજ્ઞ, મૃષ્ટ-મસૃણ, ચંદ્રાર્ધસમ-આઠમના ચંદ્ર સદૃશ લલાટ જેનું છે તે, પ્રતિપૂર્ણ-પૂનમનો, ઉડુપતિ-ચંદ્ર, તેની જેમ સોમ-સશ્રીક વદન જેણીનું છે તે.

ઘનવત્ - અયોઘનવત્ નિચિત-નિબિડ, સુબદ્ધ-સારી રીતે સ્નાયુબદ્ધ, લક્ષણોન્નત-પ્રશસ્ત લક્ષણ, કૂટ-ગિરિશિખરના આકારથી નિભ-સદૃશ, પાષાણપિંડની જેમ વતુળપણાથી પિંડિકાયમાન અગ્રશિર જેનું છે તે. છત્રાકાર - છત્ર સમાન ઉત્તમાંગરૂપ દેશ જેનો છે તે, દાડમના પુષ્પના પ્રકાશથી તથા તપનીય સદૃશી નિર્મળ, સુજાત વાળ સમીપની કેશ ઉત્પત્તિ સ્થાનરૂપ મસ્તકની ત્વચા જેની છે તે, શાલ્મલી વૃક્ષ વિશેષનું જે બોંડ-ફળ, તેની જેમ ઘન-નિચિત, અતિશય નિબિડ, છોટિતા-કેમકે યુગલોને પરિજ્ઞાનના અભાવે વાળ બાંધવાનો અભાવ છે, પરંતુ છોટિતા પણ તેવા સ્વભાવથી શાલ્મલીના ફળના આકારવત્ ઘન નિચિત જ રહે છે.

મૃદુ-અખર, વિશદ-નિર્મળ, પ્રશસ્ત-પ્રશંસારૂપ, સૂક્ષ્મ-શ્લક્ષ્ણ, લક્ષણવાન્, સુગંધા-પરમગંધોપેત, તેથી જ સુંદર, ભુજમોચક-રત્ન વિશેષ, ભૃંગ-નીલકીડો, આનું ગ્રહણ નીલ અને કૃષ્ણના ઐક્યથી છે નીલ-મરકતમણિ, કાજળ, પ્રહૃષ્ટ-પુષ્ટ, ભ્રમગણ, તે અત્યંત કાલિમા વાળા હોય છે. તેની જેમ સ્નિગ્ધ, નિકુંબરભૂત હોવાથી નિચિત, પણ વિકીર્ણ ન હોવાથી સંકુચિત, કંઈક કુટીલ-કુંડલીરૂપ, પ્રદક્ષિણાવર્ત્ત મસ્તકના વાળ જેના છે તે. આટલું અતિદેશ સૂત્ર છે.

હવે મૂળસૂત્રને અનુસરીએ છીએ — લક્ષણ-સ્વસ્તિકાદિ, વ્યંજન-મષીતિલકાદિ, ગુણ-ક્ષાંતિ આદિ. તેના વડે યુક્ત, સુવિભક્ત-અંગ પ્રત્યંગોના યથોક્ત વૈવિક્ત્યના સદ્‌ભાવથી સંગત-પ્રમાણયુક્ત, પરંતુ છ આંગળી આદિવત્ ન્યૂનાધિક દેહ જેનો નથી તે.

હવે યુગલધર્મમાં સમાન હોવા છતાં પંક્તિભેદ ન કરવા યુગ્મિનું સ્વરૂપ પૂછે છે - ભગવન્ ! તે સમયમાં ભરતક્ષેત્રમાં માનુષીના પ્રસ્તાવથી યુગ્મિનીનો કેવા આકાર ભાવ પ્રત્યાવતાર કહેલ છે ? ગૌતમ આદિ પૂર્વવત્.

તા માનુષી સુજાત-યથોક્ત પ્રમાણોપેતપણાથી શોભન જન્મા સર્વે અંગો જેણીના છે તે, તેથી જ સુંદર આકારવાળી છે. પ્રધાન એવા જે સ્ત્રીના ગુણો - પ્રિયંવદત્વ, પોતાના પતિના ચિત્તને અનુવર્તનપણુ આદિ વડે યુક્ત, એ રીતે બે વિશેષણથી સામાન્યથી વર્ણન કરીને તેણી અને તેના ભર્તાને પણ પ્રાચીન દાનના ફળને પ્રગટ કરી વિશેષથી વર્ણવે છે —

અતિકાંત-અતિ રમ્ય, તેથી જ સ્વશરીરાનુસારી પ્રમાણ પણ ન્યૂનાધિક માત્રા નહીં. અથવા સંચરતા પણ મૃદુની મધ્યે સુકુમાલ, કૂર્મ સંસ્થિત-ઉન્નત્વથી



કાચબા સંસ્થાને મનોજ્ઞ પગ જેના છે તે. ઋજુ-સરળ, મૃદુ-કોમળ, પીવર-અદૃશ્યમાન સ્નાયુ આદિ સંઘત્વથી ઉપચિત, સુસંહત-સુશ્લિષ્ટ અર્થાત્ નિર્વિચાલા, પગની આંગળીઓ જેની છે તે. અભ્યુન્નત જોનારને સુખ દેનારા અથવા લાક્ષારસથી રંગેલ, તલિન-પ્રતલ, તામ્ર-કંઈક લાલ, શુચિ-પવિત્ર, સ્નિગ્ધ-ચિક્કણા નખો જેના છે, તે તથા - -

- - - રોમરહિત વર્તુળ, લષ્ટ સંસ્થિત-મનોજ્ઞ સંસ્થાન, ક્રમથી ઉર્ધ્વ સ્થૂળ-સ્થૂળતર. અજઘન્ય-ઉત્કૃષ્ટ પ્રશસ્ત લક્ષણો જેમાં છે તે, અકોપ્ય-અદ્વેષ્યમતિ સુભગત્વથી જંઘા યુગલ જેના છે તે, સારી રીતે હંમેશા મિત-પરિમાણયુક્ત, સુગૂઢ-અનુપલક્ષ્ય જે જાનુમંડલ, તેના વડે સુબદ્ધ દૃઢ સ્નાયુત્વથી કહ્યું. સંધી-સંધાન. કદલી સ્તંભથી અતિશય સંસ્થિત-સંસ્થાન, નિર્વ્રણ-વિસ્ફોટકાદિ ક્ષત રહિત, સુકુમારમૃદક-અતિ કોમળ, માંસપૂર્ણ, પરંતુ કાકની જાંઘવત્ દુર્બળ, અવિરલ-પરસ્પર નીકટ, સમ-પ્રમાણથી તુલ્ય, સહિક-ક્ષમ, સુજાત-સુનિષ્પન્ન, વૃત્ત-વર્તુળ, પીવર-ઉપચય સહિત, નિરંતર-પરસ્પર નિર્વિશેષ, ઉરુ-સાથળ જેના છે તે.

વીતિ-ઈતિક રહિત, અષ્ટાપદ-દ્યુતફલક, પ્રષ્ઠ સંસ્થિત-પ્રધાન સંસ્થાન, પ્રશસ્ત, અતિ વિપુલ શ્રોણિ-કટિનો અગ્રભાગ જેણીનો છે તે. વદનનું આયામ પ્રમાણ અને મુખના દીર્ઘત્વના બાર અંગુલ પ્રમાણ તેથી બમણું ચોવીશ અંગુલ વિસ્તીર્ણ માંસલ-પુષ્ટ, સુબદ્ધ, જઘનવર-પ્રધાન કટી પૂર્વભાગને ધારણ કરનારી.

વજવત્ વિરાજિત ક્ષામત્વથી તથા પ્રશસ્ત લક્ષણ સામુદ્રિક પ્રશસ્ત ગુણયુક્ત વિકૃત ઉદર રહિત અથવા અલ્પત્વથી અવિવક્ષા કરવા વડે નિરુદર, ત્રણ વલય જેમાં છે તે ત્રિવલિક, બલિત-સંજાતબલ, ક્ષામત્વથી દુર્બળતાની આશંકા ન કરવી. તનુ-કૃશ, નત-નમ્ર. આવો મધ્ય ભાગ જેણીનો છે તે, ઋજુ-અવક્ર, સમાન-તુલ્ય, ક્યાંય દંતુરા સહિત નહીં, ક્યાંય અપાંતરાલમાં વ્યવચ્છિન્ન નહીં. જાત્ય-સ્વભાવ જ કે પ્રધાન, સૂક્ષ્મ કૃષ્ણ પણ મર્કટવર્ણા નહીં, સ્નિગ્ધ-સતેજવાળા, આદેય-દૃષ્ટિસુભગ, સુજાત-સુનિષ્પન્ન, સુવિભક્ત, કાંત-કમનીય, તેથી જ શોભમાન, રુચિર, રમણીય-અતિ મનોહર, રોમરાજિ-આવલિ જેની છે તે.

અનુદ્‌ભટ, પ્રશસ્ત, પીનકુક્ષી જેની છે તે. - x - કાંચન અને કળશની માફક પ્રમાણ જેનું છે તે, સમ-પરસ્પર તુલ્ય, એક હીન નહીં કે અધિક નહીં. સહિત-સંહત, આના અંતરાલમાં મૃણાલ સૂત્ર પણ પ્રવેશ પામતો નથી. સુજાત-જન્મદોષરહિત, મનોજ્ઞ સ્તનનું મુખ શેખર, યમલ-સમશ્રેણિક યુગલરૂપ વૃત્ત અભ્યુન્નતપતિની અભિમુખ ઉન્નત, પીન-પુષ્ટ રતિ પતિને દેનાર તે પીનરતિદા, પીવર-પુષ્ટ પયોધર જેના છે તે.

ભુજંગવત્ ક્રમથી નીચે-નીચેનો ભાગ, તનુક તેથી જ ગાયની પુંછવત્ વૃત્ત, સમ-પરસ્પર તુલ્ય, સંહિત-મધ્યકાય અપેક્ષાથી અવિરલ, નમેલ-સ્કંધ દેશના નમવાથી, આદેય-અતિ સુભગતાથી ઉપાદેય, તલિન-મનોજ્ઞ ચેષ્ટા યુક્ત બાહૂ જેના છે તે.

તામ્રનખી, હાથનો અગ્ર ભાગ માંસલ જેનો છે તે. હાથની રેખાઓ સ્નિગ્ધ છે ઈત્યાદિ પૂર્વવત્. સૂર્ય-ચંદ્રાદિ ચિહ્ન સુપ્રગટ છે, સુવિરચિત - સુનિર્મિત હસ્ત રેખા જેની છે તે, પીન-ઉપચિત અવયવો, અભ્યુન્નત, હાથનું મૂળ-હૃદય-ગુહ્ય પ્રદેશ જેનો છે તે. - x - x -

પીવર-ઉપચિત, પ્રલંબ-હોઠની અપેક્ષાએ કંઈક લાંબા. આકુંચિત-કંઈક વળેલ, વર-પ્રધાન, અધર-નીચેનો દશનછદ જેનો છે તે. દકરજ-જળના કણ, કુંદ કુસુમાદિ - વનસ્પતિ વિશેષકલિકા છે, તેની જેમ ધવલ - x - અછિદ્ર-અવિરલ, વિમળ-નિર્મળ, દશન-દાંત જેના છે તે. લાલ કમળવત્ લાલ, મૃદુસુકુમાર-અતિ કોમળ, તાળવું અને જીભ જેના છે તે.

કરવીર કલિકાવત્ નાકના બે ફોયણાં યથોક્ત પ્રમાણતાથી સંવૃત્તાકારપણે અકુટિલ-અવક્ર હોવાથી અભ્યુદ્ગત - બે ભ્રમર મધ્યેથી નીકળતી, તેથી જ ઋદુ-સરળ, તુંગ-ઉચ્ચ પરંતુ ગાય આદિના શીંગડાવત્ વક્ર નહીં, એવું નાક જેનું છે તે. શરદમાં થનાર નવું કમળ તે રવિ બોધ્ય, કુમુદ-ચંદ્રબોધ્ય, કુવલય-તેની જેમ નીલ, આનો જે દલનિકર-પત્ર સમૂહ, તેની સમાન, પ્રશસ્તલક્ષણ, અમંદ ભદ્ર ભાવપણે નિર્વિકાર-ચપળ. કાંત નયન જેના છે તે.

- x - સ્ત્રીના અંગમાં જ નચ સૌભાગ્ય જ પરમ શ્રૃંગાર અંગ, પત્રલ-પક્ષ્મવતી, પણ રોગ વિશેષથી રોમક નહીં, - x - કંઈક તામ્ર લોચન જેના છે તે. માંસલતાથી પીન પણ કૂપાકાર નહીં, મૃષ્ટાશુદ્ધ પણ શ્યામ છાયાયુક્ત નહીં એવી કપાળની પાળી જેની છે તે. ચારે ખૂણામાં દક્ષિણ-ઉત્તરના પ્રત્યેક ઉર્ધ્વ-અધો ભાગ રૂપમાં પ્રશસ્ત અહીનાધિક લક્ષણથી સમ-અવિષમ લલાટ જેનું છે તે.

કૌમુદી-કાર્તિકી પૂર્ણિમા, તેનો રજનીકર - ચંદ્ર, તેની જેમ વિમલ, પ્રતિપૂર્ણ-અહીન, સૌમ્ય-અક્રૂર, પણ બહુકાંતાની માફક ભીષણ વદન જેનું નથી તે. અકપિલ-શ્યામ, સુસ્નિગ્ધ-તૈલ અભાવથી અભ્યંગ નિરપેક્ષતાથી સ્વાભાવિક ચીકણા, સુગંધી, દીર્ઘ અને પુરુષના વાળની જેમ નિકુંબરભૂત નહીં, ધમ્મિલાદિ પરિણામવાળા નહીં કેમકે સંયમવિજ્ઞાનનો અભાવ છે, તેવા મસ્તકના કેશવાળી.

છત્ર, ધ્વજ, યૂપ-સ્તંભ વિશેષ, સ્તૂપ-પીદ, દામિણી-રૂઢિથી જાણવું, કમંડલુ-તાપસનું પાણીનું પાત્ર, કળશ, વાપી, સ્વસ્તિક, પતાકા, યવ, મત્સ્ય, કૂર્મ, શ્રેષ્ઠરથ, મકરધ્વજ-કામદેવ, તેનું સંસૂચક, તે સર્વકાળ અવિધવત્વાદિ સૂચક છે. અંક-ચંદ્રબિંબ અંતવર્તી કાળો અવયવ, ક્યાંક અંકના સ્થાને શુક એવું દેખાય છે. સ્થાલ, અંકુશ, અષ્ટાપદ-દ્યુતફલક, સુપ્રતિષ્ઠા-સ્થાપનક, મયૂર, શ્રી અભિષેક-લક્ષ્મી અભિષેક, તોરણ, મેદિની, ઉદધિ, વરભવન-પ્રધાનગૃહ, ગિરિ, વરાદર્શ-શ્રેષ્ઠ દર્પણ, સલીલગજ-લીલા કરતો હાથી, ઋષભ-બળદ, સિંહ, ચામર. આ ઉત્તમ-પ્રધાન, પ્રશસ્ત-સામુદ્રિક શાસ્ત્રોમાં પ્રશંસારૂપ બત્રીશ લક્ષણો ધારણ કરે છે તે.

હંસના જેવી ગતિવાળી, કોકીલાના આમ્રમંજરી સંસ્કૃતત્વ થકી પંચમ સ્વર ઉદ્ગારમયી જે મધુર ગીત, તેની જેમ શોભન સ્વર જેનો છે તે. કાંતા - કમનીય,



સર્વ તેના પ્રત્યાસન્નવર્તી લોકને અનુમતસંમત, કોઈને પણ કંઈપણ દ્વેષ્ય નથી. વલિ-શીથીલતાથી ઉદ્ભવેલ ચામડીનો વિકાર, પલિત-પાંડુરકચ, તે વલિ-પલિત જેનામાં નથી તે. વિરુદ્ધ અંગ તે વ્યંગ-વિકારવાળા અવયવ, દુર્વર્ણ-દુષ્ટ શરીરત્વચા, વ્યાધિ આદિથી વિમુક્ત એવી છે.

ઉંચાઈમાં મનુષ્યો, સ્વપતિથી કંઈક ન્યૂન જે રીતે હોય, તે રીતે ઉંચાઈવાળી, કંઈક ન્યૂન ત્રણ ગાઉ ઉંચી. ઐદંયુગી મનુષ્યની પત્ની માફક પોતાની પતિની સમાન કે અધિક ઉચ્ચત્વ વાળી નહીં. અર્થાત્ - જેમ હાલ પુરુષની અન્યૂન ઉચ્ચત્વવાળી પત્નીના યોગે લોકમાં ઉપહાસ પાત્ર થાય છે, તેવું તે મનુષ્યોની સ્ત્રીમાં નથી, તેવા સ્વભાવથી જ શ્રૃંગારરૂપ ચારુ-પ્રધાન વેશ જેનો છે તે. પ્રાયઃ નિર્વિકાર મનસ્કત્વ અને અદૃષ્ટ પૂર્વકત્વથી તેના સીમંત-ઉન્નયનાદિ ઔપાધિક શ્રૃંગારનો અભાવ છે. સંગત-ઉચિત, ગત-ગમન હંસીગમનવત્, હસિત-હસન કપોલવિકાશી અને પ્રેમસંદર્શી છે, ભણિત-ભણન, ગંભીર દર્પને ઉદ્દીપક ચેષ્ટન-સકામ અંગ-પ્રત્યંગોપાંગ દર્શનાદિ, વિલાસનેત્રચેષ્ટા, સંલાપ-પતિ સાથે સકામ સ્વ હૃદય પ્રત્યર્પણ ક્ષમ પરસ્પર સંભાષણ, તેમાં નિપુણ, યુક્ત-સંગત જે ઉપચાર-લોક વ્યવહાર, તેમાં કુશલ. આવા પ્રકારના વિશેષણ સ્વપતિ પ્રતિ જાણવા, પરંતુ પરપુરુષ પ્રત્યે ન જાણવા, તેવા પ્રકારના કાળ સ્વભાવથી પાતળા કામપણાથી પરપુરુષ પ્રતિ તેવા અભિલાષ અસંભવ છે.

એ પ્રમાણે યુગ્મી પુરુષોને પણ પરસ્ત્રી પ્રતિ અભિલાષ ન હોય તેમ જાણવું. [શંકા] જો એમ હોય તો પહેલા ભગવંતને સુનંદાનું પાણિ ગ્રહણ કઈ રીતે ઉચિત હતું ? પુરુષનું મૃત્યુ થતાં તેના પરસંબંધીપણાના અવિરોધથી છે ? [સમાધાન] ભગવંતનું નિષિદ્ધ વિરુદ્ધ આચરણ ન બોલવું. - x - કન્યાવસ્થામાં જ તે ભગવંતનું પાણિગ્રહણ કરાયેલ છે. જેથી - પહેલા અકાલમૃત્યુ, તેમાં તાળફળથી બાળક હણાયુ કન્યા બચી ગઈ તે કન્યા કુલકરે ઋષભની પત્નીરૂપે ગ્રહણ કરી.

જો એમ છે, તો સાથે જન્મેલ સુમંગલા સાથે પાણિગ્રહણ કઈ રીતે ? સત્ય છે. ત્યારે તે લોકા ચીર્ણત્વથી છે માટે અવિરુદ્ધત્વ છે.

સુંદર ઈત્યાદિ વ્યક્ત છે, વિશેષ એ કે — જઘન-પૂર્વનો કટીભાગ, લાવણ્યઅય - આકારની સ્પૃહણીયતા, વિલાસ - સ્ત્રીની ચેષ્ટા વિશેષ, કહ્યું છે — સદાન, આસન ગમન અને હાથ, ભ્રૂ, નેત્ર કર્મોનો જે વિશેષ શ્લિષ્ટ તે વિલાસ છે.

નંદનવન - મેરુનું બીજું વન, તેનો વિવર - અવકાશ વૃક્ષરહિત ભૂ ભાગ, તેમાં ચરતી એવી અપ્સરા-દેવી, ભારતક્ષેત્રમાં માનુષીરૂપ અપ્સરા છે, આશ્ચર્ય - અદ્ભૂત, તેથી પ્રેક્ષણીય, પ્રાસાદીય.

હવે સ્ત્રી-પુરુષ સાધારણપણાથી તત્કાળભાવિ મનુષ્યસ્વરૂપ વિવક્ષા માટે આ કહે છે — 'તે ણં મણુઆ' તે સુષમસુષમા ભાવિ મનુષ્ય ઓઘ-પ્રવાહી સ્વર જેનો છે તે. હંસની જેવો મધુર સ્વર જેનો છે તે. ક્રૌંચની જેમ પ્રયાસ વિના નીકળેલ પણ દીર્ઘદિશવ્યાપી સ્વર જેનો છે તે. નંદી-બાર ભેદે વાજિંત્ર સમુદય, તેની જેમ શબ્દાંતર

અતિરોધાયી સ્વર જેનો છે તે. નંદિની જેમ ઘોષ-અનુનાદ જેનો છે તે. સિંહની જેમ બલિષ્ટ સ્વર જેનો છે તે, એ પ્રમાણે સિંહઘોષ.

ઉક્ત વિશેષણોનો વિશેષણ દ્વારા હેતુ કહે છે — સુસ્વરા, સુસ્વર નિર્ઘોષ, છાયા-પ્રભા, તેના વડે ધોતિત અંગો - અવયવો જેના છે, તે એવા પ્રકારે અંગ-શરીર જેનું છે તે. વજ્રઋષભનારાચ નામે સર્વોત્કૃષ્ટ આધ સંહનન જેનું છે તે, સમચતુરસ્ર સંસ્થાન-સર્વોત્કૃષ્ટ આકૃતિ વિશેષ, તેના વડે સંસ્થિત, છવી-ત્વચા, નિરાતંક-નીરોગ-દાદર કુષ્ઠ કિલાસાદિ ત્વગ્ દોષ રહિત શરીર અથવા છવિ-છવિવાળો, છવિ-છવિમતના અભેદ ઉપચારથી દીર્ઘત્વથી ''મત'નો લોપ થયો છે અર્થાત્ ઉદાત્ત વર્ણ સુકુમાર ત્વચાયુક્ત.

અનુલોમ - અનુકૂળ વાયુવેગ - શરીર અંતવર્તી વાતજવ જેને છે તે. કપોતની જેમ ગુલ્મરહિત ઉદરનો મધ્યપ્રદેશ. કેમકે ગુલ્મમાં પ્રતિકૂળ વાયુવેગ થાય છે. કંક-પક્ષી વિશેષ, તેની જેમ ગ્રહણી-ગુદાશય, નીરોગ વર્ચસ્કતાથી જેના છે તે. કપોત-પક્ષી વિશેષ માફક પરિણામ-આહારનો પરિપાક જેને છે તે. કપોતને જ જઠરાગ્નિ થોડાં પાષાણને પણ પચાવી જાય છે, તેવી લૌકિક શ્રુતિ છે. એ પ્રમાણે તેમને પણ અતિ આહાર ગ્રહણ કરવા છતાં પણઅજીર્ણ દોષાદિ થતાં નથી. પક્ષીની જેમ પુરુષના ઉત્સર્ગમાં નિર્લેપતાથી પોસ-અપાન દેશ જેને છે તે. - x - તથા પૃષ્ઠ-શરીરનો પાછળનો ભાગ, અંતર-પૃષ્ઠોદરનો અંતરાલ અર્થાત્ પડખાં. ઉરૂ-સાથળ. આ બધાં પરિનિષ્ઠિતતાને પામલે છે જેમના તે પરિણત. - x - અર્થાત્ યથોચિત પરિણામથી સંજાત છે. ૬૦૦૦ ધનુષ્ ઉંચા, ઉત્સેધ અંગુલથી ત્રણ ગાઉ પ્રમાણકાયા અને યુગ્મીનીની જે કંઈક ન્યૂન ત્રણ ગાઉ પ્રમાણ ઉચ્ચત્વ કહેલ છે, તેની અલ્પતાથી વિવક્ષા કરી નથી.

હવે તેના શરીરના પૃષ્ઠ કરંડકની સંખ્યા કહે છે — તેસિ ણં૰ ઈત્યાદિ તે મનુષ્યોને ૨૫૬ પૃષ્ઠ કરંડક છે. પાઠાંતરતી ૧૦૦ પૃષ્ઠ કરંડક કહેલ છે. પૃષ્ઠ કરંડક-પૃષ્ઠવંશવર્તી ઉન્નત અસ્થિખંડ અર્થાત્ પાંસળી, હે શ્રમણ ઈત્યાદિ પૂર્વવત્.

મનુષ્યોના પદ્મ-કમલ, ઉત્પલ-નીલોત્પલ અથવા પદ્મપદ્મક નામે ગંધદ્રવ્ય, ઉત્પલ-કુષ્ઠ, તે બંનેની ગંધ-પરિમલ સદેશ-સમ, જે નિઃશ્વાસ, તેના વડે સુરભિગંધી વદન જેનું છે તે. પ્રકૃતિસ્વભાવથી ઉપશાંત પણ ક્રૂર નહીં, પ્રકૃતિથી પ્રતનું - અતિમંદરૂપ ક્રોધ-માન-માયા-લોભ જેના છે તે. તેથી જ મૃદુ-મનોજ્ઞ પરિણામે સુખાવહ. જે માર્દવ તેના વડે સંપન્ન, પરંતુ કપટી મૃદુતા યુક્ત નહીં.

આલીન-ગુરુજન આશ્રિત, અનુશાસનમાં પણ ગુરુ પ્રત્યે દ્વેષ ન કરનાર, અથવા આ - ચોતરફથી બધી ક્રિયામાં લીન-ગુપ્ત, ઉલ્વણ ચેષ્ટાકારી નહીં. ભદ્રક-કલ્યાણભાગી, અથવા ભદ્રક-ભદ્ર હાથીની ગતિ, વિનિત-મોટા પુરુષને વિનય કરવાના સ્વભાવવાળા અથવા વિનિતા જેવા - વિજિત ઈન્દ્રિયવાળા જેવા. અલ્પેચ્છા-મણિ કનકાદિ પ્રતિબંધ રહિત. તેથી જ જેને વિધમાન નથી સંનિધિપર્યુષિત ખાધ આદિ, સંચય-ધારણ કરવી તે.





વિટપાંતર - શાખાંતરમાં પ્રાસાદાદિ આકૃતિમાં પરિવસન - આકાલ આવાસ જેનો છે તે, જેમકે ઈચ્છિત કામ-શબ્દાદિ કામયંત-અર્થોને ભોગવવાનો સ્વભાવ જેનો છે તે.

અહીં જીવાભિગમાદિમાં યુગ્મી વર્ણનાધિકારમાં આહારાર્થે પ્રશ્નોત્તરસૂત્ર દેખાય છે. અહીં કાળદોષથી ત્રુટિત સંભવે છે, અહીં જ ઉત્તરત્ર બીજા-ત્રીજા આરાના વર્ણન સૂત્રમાં આહારાર્થસૂત્રના સાક્ષાત્ દૃશ્યમાનત્વથી છે. તેથી અહીં સ્થાનશૂન્યાર્થે જીવાભિગમ આદિથી લખીએ છીએ —

**● સૂત્ર-૩૫ :-**

***ભગવન્ ! તે મનુષ્યોને કેટલા કાળે આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે ? ગૌતમ ! તેમને અઠ્ઠમભક્ત [ત્રણ દિવસ] પછી આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે. હે આયુષ્યમાન્ શ્રમણો ! તે મનુષ્યોને પૃથ્વી, પુષ્પ, ફળનો આહાર કહેલો છે.***

***ભગવન્ ! તે પૃથ્વીનો આસ્વાદ કેવા પ્રકારે કહેલો છે ? ગૌતમ ! જેમ કોઈ ગોળ કે ખાંડ કે શર્કરા કે મત્સંડી કે પર્પટ, મોદક, મૃણાલ, પુષ્પોત્તર, પદ્મોત્તર, વિજયા, મહાવિજયા, આકાશિકા, આદર્શિકા, આકાશ ફલોપમ, ઉપમા કે અનોપમા, શું આવા પ્રકારનો તે પૃથ્વીનો આસ્વાદ હોય છે [ભગવન્ !] ?***

***ના, એ અર્થ સમર્થ નથી, તે પૃથ્વી આનાથી ઈષ્ટતરિકા યાવત્ મણામમતરિકા આસ્વાદવાળી કહી છે.***

***તે પુષ્પફળોનો કેવા પ્રકારનો આસ્વાદ કહેલ છે ? ગૌતમ ! જેમ કોઈ ચાતુરંત ચક્રવર્તી રાજાનું ભોજન લાખ સુવર્ણમુદ્રના વ્યયથી નિષ્પન્ન થાય છે, તે કલ્યાણકર, પ્રશસ્ત, વર્ણયુક્ત યાવત્ સ્પર્શયુક્ત, આસ્વાદનીય, વિસ્વાદનીય, દીપનીય, દર્પણીય, મદનીય, બૃંહણીય, સર્વે ઈન્દ્રિય-ગાત્રને પ્રહ્લાદનીય હોય, [શું તે પુષ્પો ફળોનો સ્વાદ] આવા પ્રકારનો કહ્યો છે ?***

***ના, તે અર્થ સમર્થ નથી. તે પુષ્પ ફળોનો સ્વાદ આનાથી પણ ઈષ્ટતરક યાવત્ આસ્વાદ કહેલ છે.***

**● વિવેચન-૩૫ :-**

ભગવન્ ! તે મનુષ્યોને કેટલો કાળ ગયા પછી ફરી આહાર ઈચ્છા ઉત્પન્ન થાય છે — આહાર લક્ષણ પ્રયોજન ઉપસ્થિત થાય છે ?

ભગવંતે કહ્યું — આઠ ભક્ત અતિક્રાંત થતાં આહારેચ્છા ઉત્પન્ન થાય છે. જો કે સરસ આહારિત્વથી આટલો કાળ તેમના ક્ષુધા વેદનીયના અભાવથી સ્વતઃ જ અભક્તાર્થતા છે, નિર્જરાર્થે તપ નથી. તો પણ અભક્તાર્થત્વના સાધર્મ્યથી અઠ્ઠમભક્ત કહેલ છે. અઠ્ઠમભક્ત એ ત્રણ ઉપવાસની સંજ્ઞા છે.

હવે તેઓ જે આહાર કરે છે, તે કહે છે — પૃથ્વી એટલે ભૂમિ અને ફળો - કલ્પતરુના ફળોનો આહાર જેમને છે તે. આવા પ્રકારે તે મનુષ્યો કહેલા છે — ઈત્યાદિ.

હવે આ આહાર મધ્યે પૃથ્વીનું સ્વરૂપ પૂછે છે — તે પૃથ્વીનો કેવો આસ્વાદ

કહેલો છે ? - x - ભગવંતે કહ્યું — હે ગૌતમ ! જેમ કોઈ૦ આદિ પૂર્વવત્. ગોળ-શેરડીના રસનો કવાથ, ખાંડ-ગોળનો વિકાર, શર્કરાકાશ આદિથી થયેલ, મત્સ્યંડિકા-ખંડ શર્કરા, પુષ્પોત્તર, પદ્મોતર એ શર્કરાના જ ભેદ છે. બાકી તે પર્પટમોદકાદિ ખાદ્ય વિશેષ લોકથી જાણવા. આ મધુરદ્રવ્ય વિશેષના સ્વામીના નિર્દિષ્ટ નામમાં આવા પ્રકારના રસવાળી પૃથ્વી કદાચિત્ હોય, એ વિકલ્પારૂઢ મતિ ગૌતમ કહે છે — શું તે પૃથ્વીનો આસ્વાદ આવો છે ?

ભગવંતે કહ્યું — ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. તે પૃથ્વી આ ગોળ-શર્કરાદિથી ઈષ્ટતર છે. યાવત્ શબ્દતી કાંતતર, પ્રિયતર પણ કહેવું. આસ્વાદથી મણામતર કહેલ છે.

હવે પુષ્પ, ફળોના આસ્વાદને પૂછે છે - તે પુષ્પ ફળોના કલ્પવૃક્ષ સંબંધી કેવા પ્રકારનો આસ્વાદ કહેલ છે ? જે પૂર્વસૂત્રમાં યુગ્મીના આહારત્વથી વ્યાખ્યા કરી છે, તે જાણવી.

ભગવંતે કહ્યું — ગૌતમ ! જેમ કોઈ રાજા, તે રાજા લોકમાં કેટલાંક દેશનો અધિપતિ પણ હોય, તેથી કહે છે ત્રણ સમુદ્ર અને હિમવત્ એ ચાર અંતવાળા ક્ષેત્રને ચક્ર વડે જીતનાર એવો ચાતુરંત ચક્રવર્તી હોય, આના દ્વારા વાસુદેવની વ્યાવૃત્તિ કરી. તેના કલ્યાણ - એકાંત સુખાવહ ભોજન વિશેષ, જે લાખ દ્રવ્યના વ્યયથી નિષ્પન્ન હોય, વર્ણ વડે અતિશયયુક્ત હોય, અન્યથા સામાન્ય ભોજન પણ વર્ણમાત્રવાળું સંભવે છે. તો અધિક વર્ણનથી શું ? યાવત્ અતિશય સ્પર્શ વડે યુક્ત હોય યાવત્ ગંધ અને રસ વડે અતિશયતાયુક્ત હોય, સામાન્યથી આસ્વાદનીય હોય અને વિશેષથી વિસ્વાદનીય-તેના રસથી કંઈક અધિક હોય દીપનીય - અગ્નિવૃદ્ધિકર, જઠરાગ્નિમાં અગ્નિની વૃદ્ધિ કરનાર હોય, દર્પણીય-ઉત્સાહની વૃદ્ધિ કરનાર, મદનીય-કામને જન્મ આપનાર, બૃંહણીય-ધાતુને ઉપચયકારીપણે, સર્વે ઈન્દ્રિયો અને ગાત્રને પ્રહલાદકારી હોય. - x -

એ પ્રમાણે કહેતા ગૌતમે પૂછ્યું — ભગવન્ ! તો શું તે પુષ્પ અને ફળોનો આસ્વાદ આવો હોય ? ભગવંતે કહ્યું — ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. તે પુષ્પ ફળોનો ચક્રવર્તીના ભોજનથી ઈષ્ટતરક આદિ સ્વાદ છે.

અહીં કલ્યાણ ભોજનમાં સંપ્રદાય આ પ્રમાણે છે — ચક્રવર્તી સંબંધી પુંડ્ર ઈક્ષુચારિણી નામે ગાયન લાખના અર્ધ-અર્ધક્રમથી પીતગોક્ષીર પર્યન્ત યાવત્ એક ગાય સંબંધી જે દુધ, તે રાદ્ધ કલમ શાલી પરમાન્નરૂપ અનેક સંસ્કાર દ્રવ્ય સંમિશ્ર કલ્યાણભોજન પ્રસિદ્ધ છે. ચક્રવર્તી અને સ્ત્રીરત્ન વિના બીજાને તે ખીર ખાવી દુર્જર અને મહાઉન્માદક છે.

હવે એ ઉક્ત સ્વરૂપ આહાર આહારી ક્યાં વસે છે તે પૃચ્છા —

● સૂત્ર-૩૬,૩૭ :-

*[૩૬] ભગવન્ ! તે મનુષ્યો તે આહારને કરતાં કઈ વસતિમાં વસે છે ? ગૌતમ ! તે મનુષ્યો વૃક્ષરૂપ ઘરમાં રહેનારા છે, તેમ હે આયુષ્યમાન્ શ્રમણ*



*કહેલ છે.*

*ભગવન્ ! તે વૃક્ષોનો કેવા પ્રકારે આકાર ભાવ પ્રત્યવતાર કહેલો છે ? ગૌતમ ! કૂડાગાર સંસ્થિત, પ્રેક્ષાગૃહ, છત્ર, ધ્વજ, સ્તૂપ, તોરણ, ગોપુર, વેદિકા, ચોપ્ફાલ, અટ્ટાલિકા, પ્રાસાદ હર્મ્ય, હવેલી, ગવાક્ષ, વાલાગ્રપોતિકા તથા વલ્લભીગૃહ સદૃશ સંસ્થાન સંસ્થિત છે.*

*આ ભરત ક્ષેત્રમાં બીજા પણ એવા વૃક્ષ છે. જેના આકાર ઉત્તમ વિશિષ્ટ ભવનો જેવા છે, જે સુખપ્રદ શીતલ છાયા યુક્ત છે એમ હે આયુષ્યમાન્ શ્રમણ ! કહેલ છે.*

*[૩૭] ભગવન્ ! તે સમયે ભરતક્ષેત્રમાં શું ઘર હોય છે કે ગેહાપણ હોય છે ? ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. કેમકે તે મનુષ્યો હે આયુષ્યમાન શ્રમણ ! વૃક્ષગેહાલયા કહેલા છે.*

*ભગવન્ ! તે સમયે ભરતક્ષેત્રમાં ગામ કે યાવત્ સંનિવેશ છે ? ગૌતમ ! તે અર્થ સમર્થ નથી. તે મનુષ્યો સ્વભાવથી યથેચ્છ-વિચરણશીલ કહેલા છે.*

*ભગવન્ ! તે સમયે અસી, મસી, કૃષિ, વણિક્કળા, પણ્ય અથવા વાણિજ્ય છે ? તે અર્થ સમર્થ નથી. કેમકે હે આયુષ્યમાન્ શ્રમણ ! તે મનુષ્યો અસિ મસિ કૃષિ વણિક્ કળા પણ્ય વાણિજ્ય જીવિકાથી રહિત કહેલા છે.*

*ભગવન્ ! તે સમયે ત્યાં હિરણ્ય, સુવર્ણ, કાંસ્ય, દૂષ્ય, મણિ, મોતી, શંખ, શિલા-પ્રવાલ, રક્ત રત્ન, સાવઈજ્જ હોય છે ? હા, હોય છે પણ તે મનુષ્યોના પરિભોગપણે શીઘ્ર ઉપયોગમાં આવતા નથી.*

*ભગવન્ ! તે સમયે ભરતક્ષેત્રમાં રાજા યુવરાજ, ઈશ્વર, તલવર, માડંબિક, કૌટુંબિક, ઈભ્ય, શ્રેષ્ઠી, સેનાપતિ કે સાર્થવાહ છે ? ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. તે મનુષ્ય ઋદ્ધિ-સત્કાર રહિત છે.*

*ભગવન્ ! તે સમયે ભરતક્ષેત્રમાં દાસ, પ્રેષ્ય, શિષ્ય, ભૃતક, ભાગિયા કે કર્મકર છે ? ના, એ અર્થ સમર્થ નથી. હે આયુષ્યમાન શ્રમણ ! તે મનુષ્યો આભિયોગ રહિત છે.*

*ભગવન્ ! તે સમયે ભરતક્ષેત્રમાં માતા, પિતા, ભાઈ, બહેન, પત્ની, પુત્ર, પુત્રી કે પુત્રવધૂ હોય છે ? હા, હોય છે, પરંતુ તેમને તીવ્રપ્રેમ બંધન ઉત્પન્ન થતું નથી.*

*ભગવન્ ! તે સમયે ભરતક્ષેત્રમાં અરી, વૈરી, ઘાતક, વધક, પ્રત્યનીક કે પ્રત્યામિત્ર છે ? ના, એ અર્થ સમર્થ નથી. હે આયુષ્યમાન્ શ્રમણ ! તે મનુષ્યો વૈરાનુશય રહિત હોય છે.*

*ભગવન્ ! તે સમયે ભરતક્ષેત્રમાં મિત્ર, વયસ્ય, જ્ઞાતક, સંઘાટક, સખા, સુહૃદ કે સાંગતિક છે ? હા, છે. પણ તે મનુષ્યોને તીવ્ર રાગબંધન ઉત્પન્ન થતું નથી.*

*ભગવન્ ! તે સમયે ભરતક્ષેત્રમાં આવાહ, વિવાહ, યજ્ઞ, શ્રાદ્ધ, સ્થાલીપાક*

*કે મૃતપિંડ નિવેદના હોય છે? ના, એક અર્થ સમર્થ નથી. હે આયુષ્યમાન્ શ્રમણ! તે મનુષ્યો આબાહ, વિવાહ, યજ્ઞ, શ્રાદ્ધ, સ્થાલીપાક, મૃતપિંડ નિવેદના વ્યવહાર રહિત છે.*

*ભગવન્! તે સમયે ભરતક્ષેત્રમાં ઈન્દ્ર-સ્કંદ-નાગ-યક્ષ-ભૂત-અગડ-તડાગ-દ્રહ-નદી-વૃક્ષ-પર્વત-સ્તુપ કે ચૈત્યનો મહોત્સવ હોય છે? ના, એ અર્થ સમર્થ નથી. તે મનુષ્યો મહોત્સવ મહિમા રહિત કહેલા છે.*

*ભગવન્! તે સમયે ભરતક્ષેત્રમાં નટ-નર્તક-જલ્લ-મલ્લ-મૌષ્ટિક-વેલંબક-કથક-પ્લવક કે લાસકની પ્રેક્ષા કહેલી છે? ના, એ અર્થ સમર્થ નથી. હે આયુષ્યમાન્ શ્રમણ! તે મનુષ્યો કુતૂહલ રહિત કહેલા છે.*

*ભગવન્! તે સમયે ભરતક્ષેત્રમાં શકટ, રથ, યાન, યુગ્ય, ગિલ્લિ, થિલ્લિ, સીયા કે સ્યંદમાનિકા છે, ના એ અર્થ સમર્થ નથી. તે મનુષ્યો પાદચાર વિહારી કહેલા છે.*

*ભગવન્! તે સમયે ભરતક્ષેત્રમાં ગાય, ભેંસ, બકરા કે ઘેટા છે? હા, હોય છે. પરંતુ તે મનુષ્યોના પરિભોગમાં આવતા નથી.*

*ભગવન્! તે સમયે ભરતક્ષેત્રમાં અશ્વ, હાથી, ઉંટ, ગાય, ગવય, બકરા, ઘેટા, પ્રશ્રય, મૃગ, વરાહ, ઋઋ, શરભ, ચમર, કુરંગ, ગોકર્ણ આદિ હોય છે? હા, હોય છે. પણ તેમના પરિભોગમાં આવતા નથી.*

*ભગવન્! તે સમયે ભરતક્ષેત્રમાં સીંહ, વાઘ, વૃક, દ્વીપિક, અચ્છ, તરક્ષ, શિયાલ, બિડાલ, સુનક, કોકંતિક કે કોલશુનક છે? હા, છે પણ તે મનુષ્યોને આબાધ, વ્યાબાધ, છવિચ્છેદ, કરતા નથી. આયુષ્યમાન્ શ્રમણો! તે શ્વાપદગણ પ્રકૃતિથી ભદ્રક છે.*

*ભગવન્! તે સમયે ભરતક્ષેત્રમાં શાલી, વ્રીહી, ગોધૂમ, જવ, જવજવ, કલમ, મસૂર, મગ, અડદ, તલ, કળથી, નિષ્ફાવ, આલિસંદક, અતસી, કુસુંભ, કોદ્રવ, કંગુ, વરક, સલક, શણ, સરસવ, મૂલગ કે બીજ છે? હા, હોય છે. પરંતુ તે મનુષ્યોના ઉપભોગમાં આવતા નથી.*

*ભગવન્! તે સમયે ભરતક્ષેત્રમાં ગડ્ડા, દરી, અવપાત, વિષમ કે વિજ્જલ હોય છે? ના, એ અર્થ સમર્થ નથી. કેમકે ભરત ક્ષેત્રમાં બહુસમરમણીય ભૂમિભાગ કહેલ છે. જેમ કોઈ આલિંગપુષ્કર ઈત્યાદિ હોય, તેમ જાણવું.*

*ભગવન્! તે સમયે ભરતક્ષેત્રમાં સ્થાણુ, કંટક, તૃણ, કચવર કે પત્ર કચવર હોય છે? ના, તે અર્થ સમર્થ નથી. તે ભૂમિ સ્થાણુ, કંટક, તૃણ, કચવર, પત્રકચવર રહિત છે.*

*ભગવન્! તે સમયે ભરતક્ષેત્રમાં ડાંસ, મશક, જૂ, લીંખ, ઢિંકુણ કે પિસ્સુ હોય છે? ના, એ અર્થ સમર્થ નથી તે ભૂમિ ડાંસ, મશક, જૂ, લીખ, ઢિંકુણ અને પિસ્સુના ઉપદ્રવરહિત કહેલી છે.*

*ભગવન્! તે સમયે ભરતક્ષેત્રમાં સર્પ કે અજગર હોય છે? હા, હોય છે. પરંતુ તે મનુષ્યોને આબાહ આદિ કરતા નથી. યાવત્ તે પ્રકૃતિભદ્રક વ્યાલક ગણ કહેલ છે.*



*ભગવન્! તે સમયે ભરતક્ષેત્રમાં ડિંભ, ડમર, કલહ, બોલ, ક્ષાર, વૈર, મહાયુદ્ધ, મહાસંગ્રામ, મહાશસ્ત્રપતન કે મહાપુરુષ પત્તન હોય છે? ગૌતમ! ના, એ અર્થ સમર્થ નથી. તે મનુષ્યો વૈરાનુબંધ રહિત કહેલા છે.*

*ભગવન્! તે સમયે ભરતક્ષેત્રમાં દુર્ભૂત, કુલરોગ, ગ્રામ રોગ, મંડલરોગ, પોટ્ટરોગ, શીર્ષવેદના, કર્ણ-હોઠ-અક્ષિ-નખ-દંત વેદના, કાશ, શ્વાસ, શોષ, દાહ, અર્શ અજીર્ણ, જલોદર, પાંડુરોગ, ભગંદર, એકાહિક-દ્વ્યાહિક-ત્ર્યાહિક-ચતુર્હિક (એ બધાં) જ્વર-તાવ, ઈન્દ્રગ્રહ, ધનુગ્રહ, સ્કંદગ્રહ, કુમારગ્રહ, યક્ષગ્રહ, ભૂતગ્રહ, મસ્તકશૂળ, હૃદયશૂળ, પેટશૂળ, કુક્ષીશૂળ, યોનિશૂળ, ગ્રામમારી યાવત્ સન્નિવેશમારી, પ્રાણીક્ષય, જનક્ષય, કુળક્ષય, વ્યસનભૂત અનાર્ય એ બધું હોય છે? ગૌતમ! ના, તે અર્થ સમર્થ નથી. હે આયુષ્યમાન્ શ્રમણ! તે મનુષ્યો રોગાતંક રહિત કહેલા છે.*

**● વિવેચન-૩૬,૩૭ :-**

ભગવન્! તે મનુષ્યો, તે અનંતરોક્ત સ્વરૂપ આહાર કરીને કયા ઉપ-આશ્રયમાં જાય છે - વસે છે? ભગવંતે કહ્યું — ગૌતમ! વૃક્ષરૂપ ગૃહ આલય-આશ્ર જેનો છે તે, એવા પ્રકારે મનુષ્યો કહેલા છે. હે શ્રમણ! ઈત્યાદિ પૂર્વવત્.

હવે આ ગૃહાકાર વૃક્ષો કેવા સ્વરૂપના છે, તેમ પૂછે છે — પ્રશ્નસૂત્ર પદયોજના સુલભ છે. આકાર ભાવ પ્રત્યાવતાર પૂર્વવત્.

ભગવંતે કહ્યું — હે ગૌતમ! તે વૃક્ષો કૂટ-શિખર, તે આકારે રહેલ છે. પ્રેક્ષા-પ્રેક્ષાગૃહ, નાટ્યગૃહ. સંસ્થિત શબ્દ બધે જોડવો. તેથી પ્રેક્ષાગૃહ સંસ્થિત અર્થાત્ પ્રેક્ષાગૃહ આકારથી સંસ્થાનવત્. એ પ્રમાણે છત્ર, ધ્વજ, તોરણ, સ્તૂપ, ગોપુર, વેદિકા, ચોપ્ફાલ, અટ્ટાલક, પ્રાસાદ, હર્મ્ય, ગવાક્ષ, વાલાગ્રપોતિકા વલ્લભીગૃહ સંસ્થિત. તેમાં છત્રાદિ પ્રસિદ્ધ છે. ગોપુર-પુરદ્વાર, વેદિકા-ઉપવેશન યોગ્ય ભૂમિ, ચોપ્ફાલ - મત્તવારણ, અટ્ટાલક-પૂર્વવત્, પ્રાસાદ-દેવતા કે રાજાનું ગૃહ કે ઘણો ઉંચો પ્રાસાદ, આ બંનેને અંતે શિખર હોય છે. - - -

- - - હર્મ્ય-શિખરરહિત ધનવાનોનું ભવન, ગવાક્ષ-ગોળ, વાલાગ્રપોતિકા-જળની ઉપરનો પ્રાસાદ, વલભી-છદિરાધાર, તેનાથી પ્રધાનગૃહ, અહીં આશય એવો છે — કેટલાંક વૃક્ષો કૂટ સંસ્થિત છે, તે સિવાયના બીજા પ્રેક્ષાગૃહસંસ્થિતા છે, બીજા છત્ર સંસ્થિત છે. એ પ્રમાણે બધે ભાવના કરવી.

બીજા કહે છે — અહીં સુષમાસુષમામાં ભરતક્ષેત્રમાં ઘણાં શ્રેષ્ઠ ભવનો, સામાન્યથી વિશિષ્ટગૃહો છે. તેના જે વિશિષ્ટ સંસ્થાન તેના વડે સંસ્થિત, શુભ-શીતલ છાયા જેની છે તે તથા આવા પ્રકારના વૃક્ષગણો કહેલા છે. શ્રમણાદિ પૂર્વવત્. પૂર્વે ગેહાકાર કલ્પવૃક્ષ સ્વરૂપ વર્ણન કહેવા છતાં પણ આ પરમપુણ્ય પ્રકૃતિક યુગ્મીના આવા સુંદર આશ્રયોમાં વસે છે તે જણાવવાને ફરી તે વર્ણક સૂત્રનો આરંભ સાર્થક

છે. શું ત્યારે ગૃહો નથી હોતા ? હોય છે, પણ તે ગૃહો ધાન્યવત્ તેમના ઉપયોગમાં આવતા નથી, એવી આશંકાથી પૂછે છે - x -

ભગવન્ ! તે સમયે ભરતક્ષેત્રમાં ગૃહો કે પ્રતીત ગૃહોમાં આયતન કે આપતન ઉપભોગાર્થે આવે છે ? ઉત્તરસૂત્ર પૂર્વવત્. આના વડે ત્યારે મનુષ્યાદિ પ્રયોગજન્ય ગૃહનો અભાવ છે, તેથી જ તેમના ઉપભોગાર્થે ત્યાં આપણાકનો અભાવ કહેલ છે.

કહેવાયેલ કહેવાનાર આ યુગ્મી સૂત્રોમાં પ્રશ્નોત્તર આલાવા વાક્ય યોજના પૂર્વવત્ છે વિશેષ એ કે ગામો વૃત્તિથી આવૃત્ત કે કરોવાળા જાણવા. યાવત્ શબ્દથી નગરાદિને લેવા. તેમાં નગર - ચાર ગોપુરને ઉદ્‌ભાષક કે જ્યાં કરો વિદ્યમાન નથી તે નગર અર્થાત્ કરરહિત. - x - નિગમ-પ્રભૂત વણિક્‌લોકોના આવાસો, ખેડ-ધૂળના પ્રાકારથી નિબદ્ધ - x -, ક્ષુલ્લક પ્રાકાર વેષ્ટિત અભિત કે પર્વતથી આવૃત્ત તે કર્બટ.

મડંબ-અઢી ગાઉ અંતર સુધી ગામ રહિત કે ૫૦૦ ગ્રામ ઉપજીવ્ય. પત્તન-જળ, સ્થળ પથ યુક્ત કે રત્નયોનિભૂત, દ્રોણમુખ-સિંધુવેલાવલયિત, આકર-સોનાની ખાણ વગેરે. આશ્રત-તાપસનું સ્થાન, સંબાધ-પર્વતના શ્રૃંગ સ્થાપી નિવાસ કે યાત્રાથી આવેલ પ્રભૂતજન નિવેશ, રાજધાની જેમાં નગર કે પત્તનમાં અન્યત્ર રાજા વસે છે. સંનિવેશ-જેમાં સાર્થ, કટકાદિના આવાસો હોય છે. એ પ્રશ્ન છે. તેનો ઉત્તર છે — આ અર્થ સમર્થ નથી.

આ અર્થ માટે વિશેષણ દ્વારા હેતુ કહે છે — યથા ઈપ્સિત-ઈચ્છાને અનતિક્રમ્ય, કામ-અત્યર્થ, ગામિનો-ગમનશીલ તે મનુષ્યો છે. અહીં અત્યર્થ કથનથી તેમનું સર્વદા સ્વાતંત્ર્ય કહ્યું. ગ્રામ નગર આદિ વ્યવસ્થામાં નિયત આશ્રયત્વથી તેમનો ઈચ્છાનિરોધ થાય. જીવાભિગમમાં પણ 'जहेच्छिअकामगामिणो' ને સ્થાને 'जं नेच्छिअ कामगामिणो એ પાઠ છે, તેનો આ અર્થ છે — જેથી ઈચ્છિત કામગામી નથી. ન ઈચ્છિત-ઈચ્છાના વિષયીકૃત્ ઈચ્છિત નથી. અહીં 'नञ्' શબ્દ અનાદેશનો અભાવ છે. નેચ્છિત-ઈચ્છાના અવિષયીકૃત, કામ-સ્વેચ્છાથી જવાનો સ્વભાવ છે તે, એવા કામગામી તે મનુષ્યો છે. જો કે ગૃહસૂત્રથી જ અર્થાપત્તિથી ગ્રામાદિનો અભાવ સૂચવેલ છે, તો પણ અવ્યુત્પન્ન વિનેયજન વ્યુત્પત્તિ અર્થે આ સૂત્રનો ઉપન્યાસ છે.

અહીં असि - ખડ્‌ગ, જેની જીવિકાથી લોકો સુખવૃત્તિક થાય છે, અથવા સાહચર્ય લક્ષણથી અસિ શબ્દથી અહીં અસિ ઉપલક્ષિત પુરુષો ગ્રહણ કરવા. એ પ્રમાણે આગળના વિશેષણોમાં પણ યથાયોગ જાણવું. मषी - જેની આજીવિકાથી લેખક કળા, कृषि - ખેડવું. વણિક-વેપારથી જીવનાર, પણિત-કરિયાણું, વાણિજ્ય - x - ઈત્યાદિ. આ અર્થ સમર્થ નથી. કેમકે તેઓ અસિ-મષી-કૃષિ-વણિક્-પણિત-વાણિજ્ય જેમાંથી ચાલ્યા ગયેલ છે તેવા તે મનુષ્યો કહેલ છે.

હિરણ્ય-રૂપું કે ન ઘડેલ સુવર્ણ, સુવર્ણ-ઘડેલું સોનું, કાંસુ, દૂષ્ય-વસ્ત્રની જાતિ, મણિ-ચંદ્રકાંતાદિ, મોતી, શંખ-દક્ષિણાવર્ત્ત આદિ, શિલા-ગંધપેષણાદિ, પ્રવાલ,



રક્તરત્ન-પદ્મરાગાદિ, સ્વાપતેય - રજતસુવર્ણાદિ દ્રવ્ય.

(શંકા) જો હિરણ્ય રૂપ્ય છે, તો રૂપાની ખાણ ત્યાં સંભવે છે, જો ન ઘડેલ સુવર્ણ છે, તો સોનાની ખાણ છે. પરંતુ ઘડેલ સુવર્ણ તથા તાંબુ-ત્રપુસ્ સંયોગથી બનેલ કાંસુ અને વણીને બનાવેલ વસ્ત્ર, તે ત્યાં કઈ રીતે સંભવે ? તે શિલ્પપ્રયોગ જન્યત્વથી છે. તે અહીં અતીત ઉત્સર્પિણીના નિધાનગત સંભવતું નથી તેમ કહેવું. કેમકે સાદિ સપર્યવસિત પ્રયોગ બંધનો અસંખ્યેયકાળ સ્થિત અસંભવે છે. એકોરુક અને ઉત્તરકુરુ સૂત્રના આ આલાપકનો અકથન પ્રસંગ છે.

(સમાધાન) સંહરણપ્રવૃત્ત, ક્રીડા પ્રવૃત્ત દેવ પ્રયોગથી તેનો સંભવ હોય તેમ સંભવે છે... અહીં ઉત્તર-'હંત' શબ્દથી વાક્યારંભ કે કોમળ આમંત્રણ છે. હિરણ્યાદિ છે, તે મનુષ્યોના પરિભોગ્યપણે તે ક્યારેય પણ આવતા નથી.

રાજા - ચક્રવર્તી આદિ, યુવરાજ - રાજ્યને યોગ્ય, ઈશ્વર-ભોગિકાદિ કે અણિમાદિ આઠ પ્રકારે ઐશ્વર્યયુક્ત, તલવર-રાજાએ સંતુષ્ટ થઈને આપેલ સુવર્ણપટ્ટ અલંકૃત્ - x - માડંબિક-પૂર્વોક્ત મડંબ, તેના અધિપતિ, કૌટુંબિક-કોઈક કુટુંબનો સ્વામી, ઈભ્ય-જેના દ્રવ્યનો ઢગલો કરતા હાથી પણ ન દેખાય તેટલું દ્રવ્ય, ઈભ-હસ્તી, તેટલા પ્રમાણમાં દ્રવ્યને યોગ્ય. શ્રેષ્ઠી-શ્રીદેવતા અધ્યાસિત સુવર્ણપટ્ટ અલંકૃત્ મસ્તક, નગર શ્રેષ્ઠ વણિક્ વિશેષ. - - -

- - - સેનાપતિ-જેની આજ્ઞામાં રાજા વડે ચતુરંગ સેના રાખી હોય, સાર્થવાહ - જે ગણિમાદિ ક્રયાણક ગ્રહણ કરીને દેશાંતર જતાં સહચારીને માર્ગમાં સહાયક થાય છે.

ઉક્ત પ્રશ્નનો ઉત્તર છે, "આ અર્થ સમર્થ નથી." તેમને ઋદ્ધિ, વૈભવ, ઐશ્વર્ય ચાલ્યા ગયેલ છે. સત્કાર-તેનું સેવન પણ ચાલી ગયું છે જેમને તેવા.

દાસ-આમરણ ખરીદીને રાખેલ કે ગૃહદાસી પુત્ર. પ્રેષ્ય-પ્રેષણ યોગ્ય જન-દૂતાદિ. શિષ્ય-ઉપાધ્યાયનો ઉપાસક અર્થાત્ શિક્ષણીય. ભૃતક-નિયતકાળ માટે મર્યાદા કરીને વેતનથી કર્ણકરણને માટે રાખેલ કે દુષ્કાળ આદિમાં નિશ્રિત. ભાગિક-બીજો વગેરે ભાગ ગ્રહણ કરનાર, કર્મકર-છાણ આદિ લઈ જનાર. અહીં કહે છે કે તે અર્થ સમર્થ નથી કેમકે તેઓ આભિયોગિક કર્મરહિત છે.

માતા — જે, જન્મ આપે, પિતા-જે, બીજને રોપે, ભ્રાતા-જે સાથે જન્મે, ભગિની-જે સાથે જન્મે, ભાર્યા-ભોગ્યજન્ય, પુત્રજન્મ આપેલ, દુહિતા-પુત્રી, સ્નૂષા-પુત્રવધૂ, અહીં ભગવંત કહે છે — હા. પણ તેના માટે મનુષ્યોને તીવ્ર-ઉત્કટ પ્રેમબંધન ઉત્પન્ન થતું નથી. કેમકે તેવો ક્ષેત્ર સ્વભાવ છે, તેઓ પાતળા પ્રેમ બંધનવાળા યુગ્મી કહ્યા છે.

(શંકા) જેમ કુટુંબ મનુષ્યોમાં સ્નુષા સંબંધ જો આપેક્ષિક છે, તો ભત્રીજા-ભાણેજા આદિ સંબંધ કેમ ન સંભવે ? કહે છે — કુબેરદત-કુબેરદત્તાના સ્વકભાવવત્ તે પણ ઉપલક્ષણથી લેવા, પણ પ્રગટ વ્યવહારથી આ જ સંબંધો છે.

અરિ-સામાન્યથી શત્રુ, વૈરિ-જાતિ નિબદ્ધ વૈરયુક્ત, ઘાતક-જે બીજા વડે

ઘાત કરે. વધક-સ્વયં હણે કે વ્યથક-થપાટ આદિ વડે મારનાર, પ્રત્યનીક-કાર્ય ઉપઘાતક, પ્રત્યમિત્ર - જે પૂર્વે મિત્ર થઈ, પછી અમિત્ર કે અમિત્ર સહાયક થાય. એ પ્રશ્નોના ઉત્તરમાં 'ના' કહે છે. કેમકે તેમને વૈરજન્ય પશ્ચાત્તાપથી રહિતના છે. કેમકે વૈર કરીને તેના ફળવિપાકરૂપ પુરુષ પશ્ચાત્તાપ કરે છે.

મિત્ર-સ્નેહપ્રાપ્ત, વયસ્ય-સમાન વયવાળા ગાઢતર સ્નેહ પ્રાપ્ત, જ્ઞાત-સ્વજ્ઞાતીય, અથવા સંવાસાદિ વડે જ્ઞાત એટલે સહજ પરિચિત. સંઘાટિક-સહચારી, સખા-સમાન ખાનપાનથી ગાઢતમ સ્નેહ પ્રાપ્ત, સુહૃદ્-મિત્ર જ સર્વકાળ દૂર ન થનાર અને હિતોપદેશદાતા, સાંગતિક-સંગતિ માત્ર ઘટિત છે. "હા" છે - પૂર્વવત્. પરંતુ તે મનુષ્યોને તીવ્ર રાગબંધન થતું નથી.

આવાહ - વિવાહ પૂર્વેનો તાંબૂલદાન ઉત્સવ, વિવાહ-પરિણાયત, યજ્ઞ-પ્રતિદિન સ્વસ્વ ઈષ્ટ દેવતા પૂજા, શ્રાદ્ધ-પિતૃ ક્રિયા, સ્થાલીપાક-સંપ્રદાયથી જાણવું, મૃતપિંડ નિવેદન-મૃતોને શ્મશાનમાં ત્રીજા-નવમાદિ દિવસે પિંડનિવેદન-પિંડ સમર્પણ. એ હોતું નથી. કેમકે તેઓ આવાહ, વિવાહાદિ રહિત છે.

ઈન્દ્ર-પ્રસિદ્ધ છે, મહ-પ્રતિનિયત દિવસે થતો ઉત્સવ, સ્કંદ-કાર્તિકેય, નાગ-ભવનપતિ વિશેષ, યક્ષ અને ભૂત-વ્યંતર વિશેષ, અવટ-કૂવો, તડાગ-તળાવ આદિ, સ્તૂપ-પીઠ વિશેષ, ચૈત્ય-ઈષ્ટ દેવતાનું આયતન. આ બધું નથી કેમકે તે મનુષ્યો આવા મહોત્સવથી રહિત છે.

નટ-નાટ્ય કરનાર, તેમની પ્રેક્ષા-જોવાને માટે કૌતુક દર્શન ઉત્સુક લોકોનો મેળાપ. નૃત્ત-નૃત્ય કરનાર, જલ્લ-દોરડા ઉપર ખેલનાર, મલ્લ-ભુજા યુદ્ધ કરનરા, મૌષ્ટિક-મલ્લ, જે મુષ્ઠિ વડે પ્રહાર કરે છે. વિડંબક-વિદૂષક મુખવિકારાદિથી લોકોને હાસ્ય ઉત્પન્ન કરનાર, કથક-રસવાળી કથાના કથનથી શ્રોતાને રસઉત્પત્તિ કરનારા, પ્લવક-જે કુદકા આદિ દ્વારા ગર્ત્તાદિને કૂદે છે અથવા નદી આદિને તરી જાય છે. લાસક-રાસ આદિ કરનાર. તેમને જોવા, ઉપલક્ષણથી આખ્યાયકની પ્રેક્ષા પણ ગ્રહણ કરવી. - - - તે અર્થ સમર્થ નથી. તે મનુષ્યો કુતૂહલ રહિત છે.

ગાડુ વગેરે પ્રસિદ્ધ છે. રથ-ક્રીડા રથાદિ, યાન-જેના વડે જવાય તે. યાન-કહેલ અને કહેવાનાર ગંત્રી આદિ યુગ્ય-પુરુષો વડે ઉપાડાતું જંપાન, ગિલ્લિ - બે પુરુષો વડે ઉપાડાતી ડોલી, થિલ્લિ - બે વેસરાદિથી નિર્મિત યાન, શિબિકા - (પાલખી), સ્યંદમાનિકા - પુરુષ પ્રમાણ લાંબી શિબિકા, આ બધું નથી. કેમકે તે મનુષ્યો પગે ચાલનાર છે, ગાડા આદિ વિચરનારા નથી.

ગો મહિષી આદિ, તેમાં એડકા-ઘેટી. તે મનુષ્યોના પરિભોગપણે કદાચિત્ આવતા નથી, તેના દુધ આદિ તે મનુષ્યોને ઉપભોગમાં આવતા નથી.

અશ્વ આદિ - - - તેમાં ગોણ-બળદ, ગવય-વન્યગાય, પ્રશ્નક - બે ખુરવાળા અટવી પશુ વિશેષ, રુરુ-મૃગ વિશેષ, શરભ-અષ્ટાપદ, ચમર-વન્ય ગાય, જેમના પૂંછ અને કેશ ચામરપણે થાય છે. શબર-જેની અનેક શાખામાં શીંગડા હોય છે, કુરંગ અને ગોકર્ણ, બંને હરણના ભેદો છે, તેમ શીંગડા અને વર્ણાદિ વિશેષના સામર્થ્યથી



જાણવું - આ બધાં ત્યાં છે - x - પણ તે પહેલા આરાના મનુષ્યોને યથાસંભવ સારોહણાદિ કાર્યમાં આવતા નથી.

હવે નાખર પ્રશ્નસૂત્ર કહે છે — અહીં સીંહ-કેસરીસીંહ, વૃક-ઈહામૃગ, દ્વીપિન-ચિત્તો, રુક્ષ-અક્ષભલ્લ, તરક્ષ-મૃગાદન, બિડાલ-માર્જાર, શુનક-શ્વાન, કૌકંતિક-લોમટક જે રાત્રિના કો કો એમ અવાજ કરે છે. કોલશૂનક - મહાશૂકર. આ બધાં પશુ હોય છે, પરંતુ તે મનુષ્યોને કિંચિત્ બાધા, વિશેષ અબાધા, ચર્મ કર્તન આદિ ઉત્પન્ન કરતાં નથી. કેમકે તે શ્વાપદો પ્રકૃતિથી ભદ્રક છે, તેમ કહેલ છે.

શાલિ-કલમાદિ વિશેષ, વ્રીહી-સામાન્યથી [ડાંગર], યવયવ-યવ વિશેસષ, કલ-કલાયના ત્રિપુટ નામે કે ગોળ ચણા. મસૂર-માલવદેશ પ્રસિદ્ધ ધાન્ય વિશેષ કુલત્થા-ચપલક તુલ્યા ચિપિટા થાય છે, નિષ્પાવ-વાલ - x - અલસી-ધાન્ય, તેનું તેલ અલસીના તેલ નામે પ્રસિદ્ધ છે. કુસુંભ-જેના પુષ્પો વડે વસ્ત્રાદિનો રંગ કરાય છે, કોદ્રવ-કોદરા, કંડુ-પીળા તાંદુલ, વરટ્ટી-ધાન્ય વિશેષ, રાલક-કંગુ વિશેષ - x - શણ-ત્વચાપ્રધાન નાલ, એક ધાન્ય છે. મૂલક-એક શાક, તેના બીજો. આ બધું છે, પણ તે મનુષ્યોના પરિભોગ્યપણે ક્યારેય આવતા નથી, કેમકે તેમને કલ્પવૃક્ષના - પુષ્પ-ફળાદિનો આહાર હોય છે.

ગર્ત્તો-મોટો ખાડો, દરી-ઉંદરાદિએ કરેલ નાનો ખાડો, અવપાન-પ્રપાત સ્થાન, જ્યાં ચાલતા લોકો પ્રકાશ હોવા છતાં પણ પડે છે. પ્રપાત - ભૃગુ, જ્યાં લોકો કંક ઈચ્છા કરીને પડે છે વિષમ - દુઃખે. આરોહ-અવરોહ થાય તેવું સ્થાન, વિજ્જલ-ચીકણા કાદવયુક્ત સ્થાન, જ્યાં લોકો કારણ વિના જ પડે છે આ અર્થ યોગ્ય નથી, કેમકે ભરતક્ષેત્રમાં બહુસમરમણીય ભૂમિભાગ કહેલ છે. વર્ણન પૂર્વવત્.

અહીં સ્થાણુ-ઉર્ધ્વકાષ્ઠ, કંટક-કાંટા, તૃણ અને પાંદડા રૂપ કચરો. એ બધું નથી. કેમકે તે સ્થાણુ આદિ રહિત છે.

એ રીતે સુષમાસુષમા નામે આરો કહ્યો.

અહીં ડાંસ, મશકાદિ છે ? તેમાં ઢિંકુણ-માંકડ, પિશુક-ચંચટ, તેનો ઉત્તર છે — ડાંસ, મશકાદિ રહિત તથા ઢિંકુણ આદિના ઉપદ્રવ રહિત છે. એવો તે સમય કહેલ છે. - x - x -

અહય-સામાન્યથી સર્પ, અજગર-મહાકાય સર્વ, બાકી પૂર્વવત્. જે કારણે પ્રકૃતિભદ્રક વ્યાલગણ-સરિસૃપ જાતિ ગણ કહેલ છે. - x - x -

અહીં ડિંબ-ડમર પૂર્વવત્, કલહ-વચનની રાટિ, બોલ-ઘણાં લોકોના અવ્યક્ત અક્ષર રૂપ ધ્વનિ-કલકલ, ક્ષાર-પરસ્પર મત્સર, વૈર-પરસ્પર અસહમાનપણાથી હિંસ્ય-હિંસકતાના અધ્યવસાય, મહાયુદ્ધ - વ્યવસ્થાહીન મહારણ, મહાસંગ્રામ-ચક્રાદિ વ્યૂહરચના યુક્તતાથી સવ્યવસ્થા મહારણ, મહાશસ્ત્ર-નાગ બાણાદિ, તેને હિંસાબુદ્ધિથી ફેંકવા આદિ. આ બધાંના અદ્‌ભૂત વિચિત્ર શક્તિતત્વથી મહાશસ્ત્રત્વ છે. તેથી કહે છે — નાગબાણ ધનુષ્ય ઉપર આરોપિત બાણ આકાર મુક્તા જાજ્વલ્યમાન અસહ્ય

ઉલ્કાદંડ રૂપ છે, તે બીજાના શરીરે સંક્રાંત થઈ નાગમૂર્તિ થઈને પાશત્વ કરે ચે. તામસ બાણ - સકલ રણભૂમિ વ્યાપી મહાંધ તમસ રૂપપણે છે. પવનબાણ - તેવા પ્રકારના પવન સ્વરૂપપણે છે. વહ્નિ બાણ - તેવા પ્રકારના વહ્નિ પ્રકારથી પરિણત પ્રતિવૈરી વાહિનીમાં વિધ્નોત્પાદક થાય છે. એ પ્રમાણે બીજામાં પણ સ્વ-સ્વ નામાનુસાર સ્વસ્વ જન્ય કાર્યને ઉત્પન્ન કરે છે.

અહીં વૃત્તિકારશ્રીએ ઉક્તાર્થ સૂચક બે ગાથા કહી છે.

મહાપુરુષ - છત્રપતિ આદિ, તેમનું પતન-કાળ ધર્મને પામે, તેથી જ મહારુધિર-છત્રપતિ આદિનું લોહી, તેનું નિપતન-પ્રવાહરૂપે વહન. તેનો ઉત્તર - એવું નથી. જેથી તે વૈરાનુબંધ-સંતાનભાવથી પ્રવૃત્તિ જેને નથી તેવા તે મનુષ્યો છે.

દુષ્ટ-લોકોના ધાન્યાદિ ઉપદ્રવ હેતુત્વથી, ભૂતસત્ત્વ, ઉંદર-શલભ વગેરે ઈતિ, કુળરોગ-ગ્રામરોગ-મંડલરોગ અનુક્રમે ઘણાં સ્થાનવ્યાપી છે. પોટ્ટ-દેશીશબ્દ છે, તેનો અર્થ ઉંદર છે. શીર્ષ-મસ્તક, તેની વેદના. એ રીતે કર્ણાદિ વેદના, કાસ-શ્વાસાદિરોગમાં શૌષ-ક્ષયરોગ, અર્શ,-ગુદાંકુર, મસા. દકોદર-જળોદર, પાંડુરોગાદિ પ્રસિદ્ધ છે. એકાહિક - જે તાવ એક દિનના અંતરે આવે છે. એ પ્રમાણે દ્વ્યાહિક આદિ જાણવું. ઈન્દ્રગ્રહ આદિ ઉન્મતતાના કારણરૂપ વ્યંતરાદિ દેવકૃત્ ઉપદ્રવ, ધનુર્ગ્રહ-સંપ્રદાયથી જાણવું, મસ્તક શૂળાદિ પ્રસિદ્ધ છે. મારિ-યુગપત્ રોગ વિશેષાદિથી ઘણાંના મરણ થવા. યાવત્ શબ્દથી નગરમારિ આદિ ગ્રહણ કરવા. પ્રાણિ ક્ષય - ગાય આદિનો ક્ષય, જન ક્ષય - મનુષ્ય ક્ષય, કુળક્ષય - વંશક્ષય.

ઉક્ત રોગાદિ કેવા છે ? વ્યસનભૂત - લોકોને આપત્તિરૂપ, અનાર્ય-પાપાત્મક. અહીં કહે છે કે — આમાંનું કશું નથી, કેમકે તેઓ રોગરહિત છે. रोग - ચિરસ્થાયી કુષ્ઠાદિ આતંક - તે મનુષ્યો ઉક્ત રોગાદિ રહિત કહેલાં છે.

હવે એમની ભવસ્થિતિ પૂછે છે —

● સૂત્ર-૩૮ :-

*ભગવન્ ! તે સમયે ભરતક્ષેત્રના મનુષ્યોની કેવી કાલ સ્થિતિ કહેલી છે ? ગૌતમ ! જઘન્યથી દેશોન ત્રણ પલ્યોપમ, ઉત્કૃષ્ટથી દેશોન ત્રણ પલ્યોપમ છે.*

*ભગવન્ ! તે સમયે ભરતક્ષેત્રના મનુષ્યોના શરીરની કેટલી ઉંચાઈ કહેલી છે ? ગૌતમ ! જઘન્યથી ત્રણ ગાઉ અને ઉત્કૃષ્ટ પણ ત્રણ ગાઉ.*

*ભગવન્ ! તે મનુષ્યો કેવા સંઘયણવાળા કહ્યા છે ? ગૌતમ ! વજ્રઋષભનારાચ સંઘયણવાળા કહ્યા છે.*

*ભગવન્ ! તે મનુષ્યોના શરીર કેવા સંસ્થાને કહેલ છે ? ગૌતમ ! સમચતુરસ્ર સંસ્થાને સંસ્થિત છે.*

*હે આયુષ્યમાન્ શ્રમણ ! તે મનુષ્યોને ૨૫૬-પૃષ્ઠ કરંડકો કહેલા છે.*

*ભગવન્ ! તે મનુષ્યો મૃત્યુના અવસરે, મૃત્યુ પામી ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ? ગૌતમ ! છ માસ આયુ બાકી રહેતા એક યુગલને જન્મ આપે છે, ૪૯ અહોરાત્ર તેમનું સંરક્ષણ અને સંગોપન કરે છે. તેમ કરીને ખાંસી-છીંક કે બગાસુ આવતા કષ્ટરહિત, વ્યથા રહિત, પરિતાપ રહિતપણે મૃત્યુ અવસરે મૃત્યુ પામીને દેવલોકમાં ઉપજે છે તે મનુષ્યો દેવલોક પરિગ્રહા-સ્વર્ગમાં જન્મનારા કહેલ છે.*



*ભગવન્ ! તે સમયે ભરતક્ષેત્રમાં કેવા પ્રકારના મનુષ્યો હોય છે ? ગૌતમ ! છ પ્રકારના મનુષ્યો કહેલા છે. તે આ પ્રમાણે — પદ્મગંધી, મૃગગંધી, અમમ, તેજસ્વી, સહનશીલ અને છટ્ઠા શનૈશ્ચારી મનુષ્યો હોય છે.*

● વિવેચન-૩૮ :-

પ્રાયઃ આ સૂત્ર કંઠ્ય છે. વિશેષ એ કે દેશોન ત્રણ પલ્યોપમ સ્થિતિ યુગલિનીની જાણવી. તે દેશ અહીં પલ્યોપમના અસંખ્યાત ભાગરૂપ જાણવો. જેમકે જીવાભિગમમાં કહ્યું છે કે — "દેવકુરુ અને ઉત્તરકુરુ કર્મભૂમિની મનુષ્યસ્ત્રીની સ્થિતિ, ભગવન્ ! કેટલા કાળની કહી છે ? ગૌતમ ! દેશોન ત્રણ પલ્યોપમ, પલ્યોપમનો અસંખ્યાતભાગ ન્યૂન અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ.

હવે અવગાહનાને પૂછતા કહે છે — તે સુગમ છે. વિશેષ એ કે દેશોન ત્રણ કોશ, તે પણ યુગલિનીને આશ્રીને છે. "ઉંચાઈમાં મનુષ્યોથી થોડી ન્યૂન ઉંચાઈવાળી" એ વચનથી. જો કે ૬૦૦૦ ધનુષ્ ઉંચાઈવાળી, એમ પૂર્વસૂત્રથી તેની અવગાહના પ્રાપ્ત થાય છે, તો પણ જઘન્ય અને ઉત્કૃષ્ટનો ભેદ જણાવવા ફરી અવગાહના સૂત્ર કહેલ છે.

હવે તેમનું સંહનન કેવું છે ? - x - તે મનુષ્યો વજ્રઋષભનારાચ કહેલા છે. સંસ્થાન સૂત્ર સુગમ છે. વિશેષ એ કે — સંસ્થિત એટલે તેમનું સંસ્થાન. જો કે પૂર્વ વર્ણક સૂત્રમાં વિશેષણ દ્વારા એમના સંહનનાદિ કહેલ છે, તો પણ તે કાળે વર્તતા બધાંના સંહનનાદિની માત્રાને જણાવવાને આ સૂત્રનો પ્રશ્નોત્તર પદ્ધતિથી નિર્દેશ કરેલ છે, તેથી પુનરુક્તિની શંકા ન કરવી.

હવે આગળ આવનાર પૃષ્ઠ કરંડક સૂત્રમાં — "તે મનુષ્યોને કેટલાં પૃષ્ઠ કરંડક કહ્યા છે ? અહીં પ્રશ્ન સૂત્રાંશ અધ્યાહાર છે. તેમના પૃષ્ઠ કરંડક શત - પૂર્વોક્ત સ્વરૂપવાળા કેટલાં છે ? ભગવંત કહે છે — બસો છપ્પન પૃષ્ઠ કરંડક કહેલાં છે.

તે મનુષ્યો કાળ-મરણના માસે-જે કાળ વિશેષમાં અવશ્ય કાળધર્મ પામે, તે કાળને કરીને, માસના ઉપલક્ષણથી કાળદિવસે ઈત્યાદિ જાણવું. ક્યાં જાય છે - ક્યાં ઉત્પન્ન થાય છે ? એવા બે પ્રશ્ન છતાં પણ "દેવલોકમાં ઉત્પન્ન થાય છે," એમ એક જ ઉત્તર છે. ગમન પૂર્વકત્વથી ઉત્પાદના ઉત્પાદ નામથી ગમન સામર્થ્યથી જાણવું. એવો આશય છે અથવા ગતિ એટલે દેશાંતર પ્રાપ્તિ થાય છે," ક્યા જાય છે ?" એ પણ પર્યાય વડે કહે છે — ઉત્પત્તિ ધર્મવાળા થાય છે, તેથી જ ઉત્તર સૂત્રમાં ઉત્પન્ન થાય છે, તેમ કહ્યું.

ભગવંતે કહ્યું — ગૌતમ ! છ માસ આયુ બાકી રહેતા, પર-ભવના આયુનો બંધ કરે છે. તેમ જાણવું. એક યુગલને જન્મ આપે છે. આમને આયુના ત્રણ ભાગ

આદિનાં પરભવના આયુના બંધનો અભાવ કહે છે. તેઓ ૪૯ રાત્રિદિવસ-અહોરાત્ર, સંરક્ષંતિ-ઉચિત ઉપચાર કરવા વડે, પાલન કરે છે — અનાભોગથી હસ્તસ્ખલન કષ્ટથી સંગોપન કરે છે. એ રીતે સંરક્ષણ સંગોપન કરીને શું ?

કાસિત્વા - ખાંસી ખાઈને, ક્ષુત્વા-છીંકીને, જૃંભયિત્વા-બગાસુ ખાઈને, અક્લિષ્ટા-પોતાના શરીરથી ઉત્પન્ન કલેશને વર્જીને, અવ્યથિતા - બીજા વડે અપાતા દુઃખથી, અપરિતાપિત-પોતાથી કે બીજાથી શરીર કે મનનો પરિતાપ ઉપજાવ્યા વિના. આના દ્વારા તેઓનું સુખમરણ કહેલ છે.

કાળમાસે કાળ કરીને દેવલોકમાં - ઈશાન સુધીના દેવલોકમાં ઉત્પન્ન થાય છે, કેમકે પોતાના સમ કે હીન આયુષ્ક દેવમાં જ તેમની ઉત્પત્તિ સંભવે છે. અહીં કાલમાસ એ કથનથી તે કાળમાં થનાર મનુષ્યનો અકાળમરણનો અભાવ કહેલ છે. કેમકે અપર્યાપ્તના અંતર્મુહૂર્તકાળ અનંતર અપવતનરહિત આયુષ્ક હોય છે.

અહીં કોઈ કહે છે — શું સર્વથા વર્તમાન ભવાયુ કર્મપુદ્ગલ પરિશાટન કાળ જ મરણકાળત્વથી કઈ રીતે કાળમરણ સ્વીકારેલ છે, જેનો અભાવ વર્તમાન સમય - આરામાં નિરૂપેલ છે. સત્ય છે, મનુષ્ય અને તિર્યંચનું આયુ બે પ્રકારે છે — અપવર્ત્તનીય અને અનપવર્ત્તનીય. તેમાં પહેલુ બહુકાળ વેદ્ય હોવાથી તેવા અધ્યવસાય યોગજનિત શિથિલ બંધનબદ્ધપણે ઉદીર્ણ સર્વ પ્રદેશાગ્ર અપવર્ત્તનાના કરણ વશથી રજ્જુદહન આદિ ન્યાયથી એક સાથે વેદાય છે. બીજું ગાઢબંધનપણાથી અનપવર્તના યોગ્ય, ક્રમથી વેદાય છે. તેથી ઘણામાં વર્તમાન આરક ઉચિત અનપવર્તનીય આયુ ક્રમથી અનુભવતા. કોઈ એકાદનું આયુ પરિવર્તન પામે છે, ત્યારે તેને લોકો વડે અકાળ મરણ એમ કહે છે. ‘‘પ્રથમ અકાળમરણ’’ ઈત્યાદિવત્, તેના સિવાય અકાળ મરણ સંભવે, તેથી તેનો નિષધ કર્યો, તેમાં દોષ નથી.

હવે કઈ રીતે તેઓ દેવલોકમાં ઉત્પન્ન થાય છે, તે કહે છે — દેવલોક-ભવનપતિ આદિ આશ્રયરૂપ, તેનો તેવા પ્રકારના કાળ-સ્વભાવથી, તેને યોગ્ય આયુબંધથી પરિગ્રહ-અંગીકાર જેમને છે, તે તે રીતે દેવલોકગામી છે.

આમને ૪૯-દિવસની અવધિનાં પરિપાલનમાં કેવી અવસ્થા કહી - એ શ્લોકની વૃત્તિકાર કૃત્ વ્યાખ્યા આ પ્રમાણે છે — આર્ય જન્મદિવસથી સાત દિવસ સુધી ચત્તા સૂઈને પોતાનો અંગુઠો ચુસે છે, પછી બીજા સાત દિવસ પૃથ્વીમાં રમે છે [ફરે છે.] પછી ત્રીજા સાત દિવસ કલગિર-વ્યક્તવાચાવાળો થાય, પછી ચોથા સાત દિવસ સ્ખલના પામતો પગે ચાલે, પછી પાંચમાં સાત દિવસ સ્થિર પગે ચાલે, પછી છઠ્ઠા સાત દિવસ કલાસમૂહથી ભરેલો થાય, પછી સાતમાં સપ્તકમાં તારુણ્ય ભોગ ઉદ્ગત થાય. કેટલાંક સુદંગાદાનમાં - સમ્યક્ત્વ ગ્રહણમાં પણ યોગ્ય થાય એ ક્રમ છે.

આ અવસ્થાનકાળ સુષમાસુષમાની આદિમાં જાણવું. પછી કંઈક અધિક પણ સંભવે છે. અહીતં પ્રસ્તાવથી કોઈ કહે છે — હવે ત્યારે અગ્નિસંસ્કારાદિના



અપ્રાદુર્ભૂતપણાથી મૃત શરીરોની શું ગતિ થાય ? તો કહે છે — ભારંડ આદિ પક્ષી તેના તેવા જગત્ સ્વાભાવથી નીડકાષ્ઠ માફક ઉપાડીને સમુદ્ર મધ્યે ફેંકે છે. હેમાચાર્યએ ઋષભ ચરિત્રમાં કહ્યું છે કે — પૂર્વે મૃતયુગલ શરીરોને મોટાપક્ષી - x - સમુદ્રમાં ફેંકતા. જો કે આ શ્લોકમાં ‘‘અંબુધિ’’ના ઉપલક્ષણથી યથાયોગ ગંગા વગેરે નદીમાં પણ તેમને ફેંકતા, તેમ જાણવું.

(શંકા) ઉત્કૃષ્ટથી પણ ધનુષ્ પૃથક્ત્વ પ્રમાણ શરીરથી તેમનું ઉત્કૃષ્ટ પ્રમાણ છે. તો કઈ રીતે સુવહન થાય ? - યુગ્મી શરીરને અંબુધિ ક્ષેપ મોટા પક્ષી કરે પચી ઘણાં સ્થાનોમાં પ્રતિપાદનથી સીદાય અથવા પક્ષીના શરીરપ્રમાણના યથાસંભવ આરાની અપેક્ષાથી બહુ-બહુતર-બહુતમ ધનુષ્ પૃથકત્વ રૂપના પણ સંભવથી તે કાળ વર્તી યુગ્મી મનુષ્ય હાથી આદિના શરીરની અપેક્ષાથી બહુ ધનુષ્ પૃથકત્વ પરિમાણ શરીર નથી, માટે તેનું દુર્વહન સંભવતું નથી. આ કથનોમાં તત્ત્વ શું છે તે તો બહુશ્રુત જાણે. - x - x - x -

હવે ત્યારે મનુષ્યોમાં એકપણું હતું કે વિવિધપણું ? એવો પ્રશ્ન કરતાં કહે છે — ભગવન્ ! તે સમયમાં ભારતક્ષેત્રમાં જાતિભેદથી કેટલાં પ્રકારના મનુષ્યો કાળથી કાળાંતરે અનુવૃત્તવંત છે, અર્થાત્ સંતતિ ભાવથી થાય છે ?

ભગવંતે કહ્યું — છ ભેદે છે, તે આ રીતે — પદ્મગંધી, મૃગ ગંધી, અમમા, તેજલિન, સહા, શનૈશ્ચારી. આ જાતિવાચક શબ્દો સંજ્ઞા શબ્દત્વથી રૂઢ છે. જેમ પૂર્વે એકાકાર પણ મનુષ્ય જાતિ ત્રીજા આરાને અંતે શ્રી ઋષભદેવ વડે ઉગ્ર-ભોગ-રાજન્ય-ક્ષત્રિય ભેદથી ચાર પ્રકારે કર્યા, તેમ અહીં પણ છ ભેદે તે સ્વભાવથી જ હોય છે. જો કે શ્રી અભયદેવસૂરિજી વડે પાંચમાં અંગના છઠ્ઠા શતકના સાતમાં ઉદ્દેશામાં પદ્મસમાનગંધી, મૃગમદગંધી, મમત્વરહિત, તેજ અને તલ રૂપ જેને છે, તે તેજસ્તલિન, સહિષ્ણુ-સમર્થ, શનૈઃ - મંદ ઉત્સુકતા અભાવથી ચરે છે એવા શીલવાળા એવી વ્યાખ્યા કરી છે. તો પણ તથાવિધ સંપ્રદાયના અભાવથી સાધારણ વ્યંજકાભાવથી આના જાતિ પ્રકારોના દુર્બોધત્વથી જીવાભિગમની વૃત્તિમાં સામાન્યથી જાતિવાચકપણે વ્યાખ્યાન દર્શનથી વિશેષથી વ્યક્ત કર્યા નથી.

પહેલો આરો પુરો થયો.

● સૂત્ર-૩૯ :-

***તે સમયે - આરામાં ચાર કોડાકોડી સાગરોપમ કાળ ગયા પછી અનંતા વર્ણપર્યાય, અનંતા ગંધપર્યાય, અનંતા રસપર્યાય, અનંતા સ્પર્શ પર્યાય, અનંતા સંઘયણ પર્યાય, અનંતા સંસ્થાન પર્યાય, અનંતા ઉચ્ચત્વ પર્યાય, અનંતા આયુ પર્યાય, અનંતા ગુરુલઘુ અને અગુરુલઘુ પર્યાય, અનંતા ઉત્થાન-કર્મ-બલ-વીર્ય-પુરુષાકાર પરાક્રમ પર્યાયોથી, અનંતગુણની પરિહાનીથી ઘટતાં આ સુષમા નામનો સમયકાળ - આરો હે શ્રમણાયુષ્ ! પ્રાપ્ત થાય છે.***

***ભગવન્ ! જંબૂદ્વીપમાં આ અવસર્પિણીમાં સુષમા આરામાં ઉત્તમકાષ્ઠા***

***પ્રાપ્ત ભરતક્ષેત્રનો કેવો આકાર-ભાવ-સ્વરૂપ હોય છે ? ગૌતમ ! બહુસમરમણીય ભૂમિભાગ હોય છે. જેમ કોઈ આલિંગપુષ્કર૰ બધું સુષમસુષમામાં પૂર્વે વર્ણવ્યા મુજબ કહેવું. વિશેષ એ કે — ૪૦૦૦ ધનુષ્ ઉંચા, ૧૨૮-પૃષ્ઠ કરંડક, છટ્ઠ ભક્ત-બે દિવસ પછી આહારેચ્છા, ૬૪ અહોરાત્ર અપત્ય સંરક્ષણ, બે પલ્યોપમ આયુ બાકી રહેતા પૂર્વવત્.***

***તે સમયમાં ચાર પ્રકારે મનુષ્યો હોય છે. તે આ રીતે — એકા, પઉરજંઘા, કુસુમા, સુસમણા.***

● **વિવેચન-૩૯ :-**

તે સુષમસુષમા નામના આરાના ચાર કોડાકોડી સાગરોપમ કાળ વીત્યા પછી અથવા ચાર કોડાકોડી સાગરોપમ વડે કાલ પ્રમાણ ગણિત પછી, અહીં મિત આદિ શબ્દ અધ્યાહારથી યોજવા. એ સમય પછી સુષમા નામે કાળ લાગેલો-શરૂ થયેલો.

સુષમા આરો ઉત્સર્પિણીમાં પણ થાય, તેથી કહે છે — અનંત ગુણ પરિહાનિથી ઘટતાં હાનિને પામે છે. સમયે સમયે હાનિ પામે છે. હવે કાળના નિત્ય દ્રવ્યત્વથી હાનિ પ્રાપ્ત ન થાય, અન્યથા અહોરાત્ર સર્વદા ત્રીશ મુહૂર્ત્તનું જ છે, તે ન થાય, તેથી કહે છે —

અનંતવર્ણ પર્યાયાદિથી૰ - અહીં વર્ણ — શ્વેત, પીત, રક્ત, નીલ અને કૃષ્ણ ભેદથી જાણવું. કપિશ આદિ તેના સંયોગથી જન્મેલ છે, તેથી શ્વેતાદિથીમાંના કોઈ વર્ણના પર્યવ-બુદ્ધિકૃત્ નિર્વિભાગ ભાગ એકગુણ શ્વેતતાદિ સર્વ જીવ રાશિથી અનંતગુણાધિક, તેથી અનંતા જે ગુણો - અનંતરોક્ત સ્વરૂપ ભાગ, તેની પરિહાનિ - અપચય, ઘટતાં-ઘટતાં સુષમા કાલ વિશેષ એમ યોજવું. આગળ પણ તેમ જાણવું.

હવે જે રીતે આનું અનંતત્વ પ્રતિસમયે છે, તે રીતે અનંત ગુણહાનિ દર્શાવે છે — પહેલા સમયે કલ્પ વૃક્ષના પુષ્પ-ફળાદિગત જે શ્વેત વર્ણ, તે ઉત્કૃષ્ટ છે, તેને કેવલિપ્રજ્ઞાથી છેદતા જો નિર્વિભાગ ભાગ કરીએ, તો અનંતા થાય છે. તેની મધ્યેથી અનંતભાગાત્મક એક રાશિ પહેલા આરાના બીજા સમયે ત્રુટિત થાય છે, એ પ્રમાણે તૃતીયાદિ સમયમાં પણ કહેવું. યાવત્ પહેલાં આરાના અંત્ય સમય સુધી કહેવું. આ જ રીતિ અવસર્પિણીના છેલ્લા સમય સુધી યાવત્ જાણવી. તેથી જ અનંતગુણ પરિહાનિ, એ પ્રમાણે અહીં અનંતગુણોની પરિહાનિ એવો જ અર્થ કરવો.

ગુણ શબ્દ ભાગ પર્યાય વચન અનુયોગ દ્વાર વૃત્તિકૃત્ એકગુણ કાળા પર્યવ વિચારમાં સુસ્પષ્ટ કહેલો છે. એ પ્રમાણે થતાં શ્વેતવર્ણના નીકટનો જ સર્વથા છેદ થાય. તેમ થતાં શ્વેત વસ્તુના અશ્વેતત્વ પ્રસંગ થાય અને તે જાતિપુષ્પાદિમાં પ્રત્યક્ષ વિરુદ્ધ છે ? તેનું સમાધાન કરતાં કહે છે — આગમમાં અનંતકના અનંતભેદપણાથી હીયમાન ભાગોનું અનંતક અલ્પ છે. તેનાથી મૂલરાશિના ભાગનું અનંતક બૃહત્તર



જાણવું. જેમ સિદ્ધપણું પામતાં ભવ્ય લોકોમાં તેમને અનંતકાળે પણ નિર્લેપન આગમમાં કહેલ નથી, તો સર્વજીવોથી અનંતગુણોના ઉત્કૃષ્ટ વર્ણગત ભાગોનું કઈ રીતે થાય ? જેમ તેઓ સંખ્યાતા જ સિદ્ધ થાય છે, તેમ આ પ્રતિસમયે અનંતા ઘટે છે, તેમ મહત્ દૃષ્ટાંત વૈષમ્ય કહેવું.

જેમ ત્યાં જે રીતે સિદ્ધ થતાં ભવ્યોની સંખ્યાતતા છે, તેમ સિદ્ધિકાળ અનંત, એ પ્રમાણે અહીં પણ જેમ પ્રતિસમય અનંતની આ હીયમાનતા તેમ હાનિકાળ અવસર્પિણી પ્રમાણ જ, પછી પરમ ઉત્સર્પિણી પ્રથમ સમયાદિમાં તે જ ક્રમથી વૃદ્ધિ પામે છે, એ બધું સમ્યક્ છે. એ પ્રમાણે પીત આદિ વર્ણોમાં અને ગંધ-રસ-સ્પર્શમાં યથાસંભવ આગમ અવિરોધથી વિચારવું.

તથા અનંત સંહનનપર્યવો વડે, સંહનન-અસ્થિનિચય રચના વિશેષરૂપ, વજ્રઋષભનારાચ - ઋષભનારાચ - નારાચ - અર્ધ નારાચ-કીલિકા અને સેવાર્ત્ત ભેદથી છ છે. તેમાં આ આરામાં પહેલું જ લેવું, ઋષભનારાચ આદિનો અભાવ છે. બીજે યથા સંભવ તેનું ગ્રહણ કરવું, તેના પર્યાયો પણ તે રીતે જ ઘટે છે. સંહનન વડે જ શરીરમાં દૃઢતા ઉત્પન્ન થાય છે, તે સર્વોત્કૃષ્ટ સુષમસુષમના આદ્ય સમયમાં હોય છે. પછી પરમ અનંત-અનંત પર્યવ વડે સમયે-સમયે ઘટે છે. એમ જાણવું.

તથા સંસ્થાન-આકૃતિરૂપ, સમચતુરસ્ર-ન્યગ્રોધ-સાદિ-કુબ્જ-વામન-હુંડ એ છ ભેદથી છે. તે પહેલાં આરામાં સર્વોત્કૃષ્ટ હોય, ત્યારપછી તે પ્રમાણે ઘટે છે.

તથા ઉચ્ચત્વ-શરીરનો ઉત્સેધ, તે પહેલાં સમયમાં ત્રણ ગાઉ પ્રમાણ ઉત્કૃષ્ટ છે, ત્યારપછી તેના પ્રમાણ તારતમ્યરૂપ પર્યવો અનંતા સમયે સમયે ઘટે છે.

(શંકા) ઉચ્ચત્વ જ શરીરના સ્વ અવગાઢ મૂળક્ષેત્રથી ઉપર-ઉપરના આકાશપ્રદેશ અવગાહિત્વ છે, તેના પર્યાયો એક-બે-ત્રણ પ્રતર અવગાહિત્વથી અસંખ્ય પ્રતર અવગાહિત્વ અંતથી અસંખ્યાતા જ છે. કેમકે અવગાહના ક્ષેત્રના અસંખ્યાત પ્રદેશાત્મકત્વથી છે, તો આનું અનંતત્વ કઈ રીતે છે ? કઈ રીતે એ અનંતભાગ પરિહાનિથી ઘટે છે ?

(સમાધાન) પહેલાં આરામાં જે પ્રથમ સમય ઉત્પન્ન થયેલનું ઉત્કૃષ્ટ શરીર ઉચ્ચત્વ હોય છે, તેનાથી દ્વિતીયાદિ સમયે ઉત્પન્નનું યાવત્ એક આકાશ પ્રતર અવગાહિત્વ લક્ષણ પર્યવોની હાનિ સુધી પુદ્ગલ અનંતક ઘટાડો જાણવો. કેમકે આધાર હાનિમાં આધેય હાનિનું આવશ્યકત્વ છે. તેનાથી ઉચ્ચત્વ પર્યવોનું પણ અનંતત્વ સિદ્ધ થાય છે. કેમકે આકાશપ્રતર અવગાહનું પુદ્ગલ ઉપચય સાધ્યત્વ છે - તથા -

આયુ - જીવિત, તે પણ તેમાં, પ્રથમ સમયમાં ત્રણ પલ્યોપમ ઉત્કૃષ્ટ છે. ત્યારપછી તેના પર્યવો પણ અનંતા પ્રતિ સમયે ઘટે છે. [શંકા] પર્યવો એક સમય ન્યૂન, બે સમય ન્યૂન યાવત્ અસંખ્યાત સમય ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ છે. તેથી સ્થિતિ

સ્થાન તારતમ્યરૂપ અસંખ્યાતા જ છે. કેમકે આયુ સ્થિતિના અસંખ્યાત સમયાત્મકત્વથી છે. તો સૂત્રમાં અનંત આયુપર્યવોથી કેમ કહ્યું ?

(સમાધાન) પ્રતિ સમય ઘટતાં સ્થિતિ સ્થાન કારણરૂપ અનંત આયુના કર્મ દલિકો ઘટે છે, તેથી કારણ હાનિમાં કાર્ય હાનિના આવશ્યકપણાથી એમ કહ્યું છે, તે ભવસ્થિતિના કારણપણાથી આયુષ્યના પર્યવો છે. તેથી તે અનંતા છે.

તથા અનંત ગુરુ-લઘુ પર્યવો વડે – અહીં ગુરુલઘુ દ્રવ્ય એટલે બાદર સ્કંધ દ્રવ્યો અને ઔદારિક, વૈક્રિય, ાહારક અને તૈજસરૂપ તેના પર્યવો છે. તેમાં સ્વાભાવિક વૈક્રિય અને આહારકનો અનુપયોગ છે, તેથી ઔદારિક શરીરને આશ્રીને ઉત્કૃષ્ટ વર્ણાદિ. તેમાં આરંભના સમયે જાણવા. ત્યારપછી તે પ્રમાણે જ તૈજસને આશ્રીને ઘટે છે – કપોત પરિણામી જઠરાગ્નિ આદિ સમયે ઉત્કૃષ્ટ હોય, ત્યારપછી મંદ-મંદતરાદિ વીર્યકત્વ રૂપ હોય છે.

તથા અનંત અગુરુ લઘુ પર્યવ વડે, અગુરુલઘુ દ્રવ્ય એટલે સૂક્ષ્મદ્રવ્ય, પ્રસ્તુતમાં પૌદ્ગલિક જાણવા. અન્યથા અપૌદ્ગલિક એવા ધર્માસ્તિકાયાદિના પર્યવોનો પણ હાનિ પ્રસંગ આવે.

તે કાર્મણ મનો-ભાષાદિ દ્રવ્યો અનંત પર્યવો વડે [ઘટે] તેમાં કાર્મણના સાતા વેદનીય શુભનિર્માણ સુસ્વર સૌભાગ્ય આદેય આદિરૂપ બહુ સ્થિતિ-અનુભાગ-પ્રદેશપણાથી, મનોદ્રવ્યના બહુગ્રહણ-અસંદિગ્ધ ગ્રહણ, જલ્દી ગ્રહણ, બહુ ધારણા આદિથી, ભાષા દ્રવ્યના ઉદાતત્વ ગંભીર ઉપનીત રાગત્વ પ્રતિનાદ આદિથી. તે બધામાં આદિ સમયે ઉત્કૃષ્ટતા, પછી ક્રમથી અનંતા પર્યવો ઘટે છે.

અનંત ઉત્થાનાદિ પર્યવોથી [ઘટે] તેમાં ઉત્તાન-ઉંચે થવું તે, કર્મ-ચડવું, ઉતરવું અથવું જવું વગેરે, બલ-શારીરિક પ્રાણ, વીર્ય-જીવોત્સાહ, પુરુષાકાર - પૌરુષ અભિમાન, પરાક્રમ - તે જ અભિમત પ્રયોજન અથવા પુરુષ ક્રિયા, તે પ્રાયઃ સ્ત્રી ક્રિયાથી પ્રકર્ષવતી હોય છે, તેના સ્વભાવત્વ આદિ, એ વિશેષણથી તેનું ગ્રહણ કર્યુ. પરાક્રમ - શત્રુનો વિનાશ. આ બધાં શરૂઆતના સમયે ઉત્કૃષ્ટ અને પછી અનુકમે પૂર્વવત્ ઘટે છે.

તથા કહ્યું છે કે – મનુષ્યોના સંઘયણ, સંસ્થાન, ઉંચાઈ, આયુ, પ્રત્યેક સમયે અવસર્પિણી કાળ દોષથી હાનિ પામે છે. મનુષ્યોના ક્રોધ, મદ, માયા, લોભ વધે છે. - x - તુલાનું વિષમપણું, જનપદના માનનું વિષમપણું, રાજકુળ અને વર્ષાનું વિષમપણું થાય છે. વિષમ વર્ષાથી ઔષધિબલ અસાર થાય છે, અસાર ઔષધિબળથી મનુષ્યોના આયુ ઘટે છે. એ પ્રમાણે તંદુલવૈચારિકમાં અવસર્પિણી કાળ દોષતી હાનિ કહેલી છે, તે બહુલતાથી દુઃષમ આરાને આશ્રીને છે. બાકીના આરામાં તે યથા સંભવ જાણવી.

નિત્યદ્રવ્યની પણ કાળની હાનિ કઈ રીતે? એમ બીજાએ કરેલ અસંભવ આશંકાના નિવારણાર્થે વર્ણાદિ પર્યવોની હાનિ કહી છે અને તે પુદ્ગલ ધર્મ છે,





તો બીજા ધર્મોના ઘટાડાની વિવક્ષા કરી, કાળ કઈ રીતે ઘટે, તે ઘણું અસંગત છે. તેમ હોવાથી વૃદ્ધાની વય હાનિમાં યુવતિની પણ વય હાનિનો પ્રસંગ છે, ના કાળના કાર્ય વસ્તુ માત્રમાં કારણત્વ અંગીકાર કરવાથી કાર્યગત ધર્મ કારણમાં ઉપચાર પામે છે.

હવે પ્રસ્તુત આરા સંબંધી પ્રશ્ન - પૂર્વવત્, તેમાં માત્ર આટલો તફાવત ચે – ૪૦૦૦ ધનુષ્ અને બે કોશ તે મનુષ્યો ઉંચા છે. ૧૨૮ પાંસળી છે. છ ભક્ત ગયા પછી આહારેચ્છા થાય છે. ૬૪ અહોરાત્ર પર્યન્ત તે મનુષ્યો સંતાનોનું રક્ષણ કરે છે. તેમાં સાત અવસ્થાક્રમ પૂર્વોક્ત જ છે. વિશેષ એ કે એકૈક અવસ્થાનું કાળમાન નવ દિવસ અને આઠ ઘટી, ૩૪-પલ, ૧૭-અક્ષરથી કંઈક અધિક છે. કેમકે ૬૪ ને ૭-વડે ભાંગતા આટલો કાળ આવે અને જે પૂર્વથી અધિક અપત્ય સંરક્ષણકાળ છે, તે કાળના ઘટાડાપણાથી ઉત્થાન આદિના ઘટાડાપણાનું વ્યક્તપણું છે. એમ આગળ પણ જાણવું. તે મનુષ્યોનું આયુ બે પલ્યોપમ હોય છે. - x - x - x -

અહીં હવે ભગવંત સ્વયં જ ન પૂછેલા એવા મનુષ્યોના ભેદોને કહે છે – એકા, પ્રચુર જંઘા, કુસુમા, સુશમના. આ બધાં પણ પૂર્વવત્ જાતિ શબ્દો જાણવા. અન્વર્થતા આ પ્રમાણે છે. એકા-શ્રેષ્ઠ, પ્રચુર જંઘા - પૃષ્ટ જંઘાવાળા, પણ કાકજંઘા નહીં. કુસુમા-કુસુમના સદૃશપણાથી સુકુમારતા આદિ ગુણયોગથી કુસુમા. સુશમના-અતિશય શાંતભાવ જેમના છે તે, કેમકે પાતળા કષાયવાળા છે. અહીં પૂર્વોક્ત છ પ્રકારના મનુષ્યોનો અભાવ છે, આ અન્ય જાતિભેદ છે.

બીજો આરો પૂર્ણ થયો.

● **સૂત્ર-૪૦ :-**

***બીજા આરાનો ત્રણ કોડાકોડી સાગરોપમ કાળ વીત્યા પછી અનંતા વર્ણ પર્યાયો યાવત્ અનંતગુણ પરિહાનીથી ઘટતાં-ઘટતાં હે આયુષ્યમાન્ શ્રમણ ! આ સુષમા દુઃષમા કાળ શરૂ થયો.***

***તે [ત્રીજો] આરો ત્રણ ભેદે છે – પહેલાં ત્રિભાગ, વચલા ત્રીજા ભાગ, છેલ્લા ત્રિભાગ.***

***ભગવન્ ! જંબૂદ્વીપના આ અવસર્પિણીના સુષમાદુઃખમા આરાના પહેલા અને વચલા ત્રિભાગમાં ભરતક્ષેત્રના કેવા આકાર-ભાવ-પ્રત્યાવતાર કહ્યા છે ?***

***ગૌતમ બહુસમરમણીય ભૂમિભાગ હોય છે. પૂર્વવત્ આલાવો કહેવો. વિશેષ એ કે ૨૦૦૦ ધનુષ્ ઉર્ધ્વ ઉંચાઈથી હોય છે. તે મનુષ્યોને પીઠની ૬૪-પાંસળી હોય, એક દિવસ [ચોથભક્ત] વીત્યા પછી આહારેચ્છા થાય છે. એક પલ્યોપમ આયુ હોય છે. ૭૯ અહોરાત્ર [પોતાના અપત્યનું] સંરક્ષણ અને સંગોપન કરે છે, યાવત્ હે આયુષ્યમાન્ શ્રમણ ! તે મનુષ્યો મરીને સ્વર્ગે જ જાય છે.***

***ભગવન્! ત્રીજા આરાના પાછલા ત્રિભાગમાં ભરતક્ષેત્રનું સ્વરૂપ કેવું છે? ગૌતમ! બહુસમ રમણીય ભૂમિભાગ હોય છે. જેમ કોઈ આલિંગપુષ્કર હોય યાવત્ મણિ વડે ઉપશોભિત હોય છે. તે આ પ્રમાણે કૃત્રિમ અને અકૃત્રિમ.***

***ભગવન્ ! તે આરાના પાછલના ત્રિભાગમાં ભરતક્ષેત્રના મનુષ્યોનું સ્વરૂપ કેવું છે ? ગૌતમ ! તે મનુષ્યોને છ પ્રકારે સંઘયણ, છ પ્રકારે સંસ્થાન, ઘણા સો ધનુષ્ય ઉર્ધ્વ ઉંચાઈ, જઘન્યથી સંખ્યાત વર્ષ અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત વર્ષનું આયુ પાળે છે. પાળીને કેટલાંક નરકમાં, કેટલાંક તિર્યંચમાં, કેટલાંક મનુષ્યમાં અને કેટલાંક દેવગતિમાં જાય છે, કેટલાંક સિદ્ધ થઈને યાવત્ સર્વ દુઃખોનો અંત કરે છે.***

**● વિવેચન-૪૦ :-**

વ્યાખ્યા પૂર્વવત્ જાણવી. - x - x - હવે આને જ વિભાગ પ્રદર્શનાર્થે કહે છે — તે સુષમદુઃષમા નામે ત્રીજા આરો લક્ષણ વડે ત્રણ ભાગ કરાય છે. તે આ પ્રમાણે — પહેલા તૃતીયાંશ ભાગ તે પ્રથમ ત્રિભાગ, એ પ્રમાણે આગળ પણ જાણવું. તેનો ભાવ આ છે — બે કોડાકોડી સાગરોપમના ત્રણ ભાગ વડે જે આવે, તે એકૈક ભાગનું પ્રમાણ છે, તે આ પ્રમાણે — ૬૬ કરોડ લાખ, ૬૬ કરોડ હજાર, ૬ કરોડ શતક, ૬૬ કરોડ, ૬૬ લાખ, ૬૬ હજાર, ૬૬૬ સાગરોપમ અને $^2/_3$ સાગરોપમ. આ અંકો આ રીતે આવે — ૬, ૬૬, ૬૬, ૬૬, ૬૬, ૬૬, ૬૬૬ $^2/_3$.

હવે પૂર્વના અને મધ્યમના ભાગને આશ્રીને પ્રશ્ન કરે છે - સ્વરૂપ વિષયક પ્રશ્ન પૂર્વવત્. વિશેષતા આ છે — ૨૦૦૦ ધનુષ્ અને કોશ ઉંચાઈ છે ૬૪ પીઠની પાંસળી છે કેમકે ૧૨૮નું અડધું આટલું થાય છે. એક દિવસ વીત્યા પછી આહારેચ્છા થાય છે. પલ્યોપમનું આયુ હોય, અપત્ય યુગલને ૭૯ અહોરાત્ર સંરક્ષણ અને સંગોપન કરે છે. તેનો અવસ્થા ક્રમ પૂર્વવત્ છે. વિશેષ એ કે એકૈક અવસ્થામાં કાલમાન ૧૧-દિવસ, ૧૭ ઘટી, ૮-પલ, ૩૪-અક્ષરથી કંઈક અધિક છે. ૭૯ને સાત વડે ભાગવાથી આટલો કાળ આવે છે. આમાં મનુષ્યોની ભિન્ન જાતિ નથી. ત્યારે તેનો અસંભવ હોઈ શકે છે. તત્વ વિદ્વાનો જાણે અને જે ઉગ્ર, ભોગ, રાજન્ય, ક્ષત્રિય એ ચાર ભેદ કહ્યા છે, તે ત્રીજા આરાના અંતે થનાર હોવાથી, અહીં તેનો અધિકાર નથી.

(શંકા) આ આરાના ત્રણ વિભાગ કેમ કર્યા ? જેમ પહેલો આરામાં ત્રણ પલ્યોપમાયુ, ત્રણ ગાઉ ઉંચાઈ, ત્રણ દિવસ પછી ભોજન, ૪૯ દિવસ અપત્ય સંરક્ષણ છે, પછી ક્રમથી કાળની પરિહાનિથી બીજા આરાની આદિમાં બે પલ્યોપમાયુ, બે ગાઉ ઉંચાઈ, બે દિવસ પછી ભોજન, ૬૪ દિવસ અપત્ય સંરક્ષણ, પછી પણ તે પ્રમાણે જ પરિહાનિથી ત્રીજા આરાની આદિમાં એક પલ્યોપમાયુ, એક ગાઉ ઉંચાઈ, એક દિવસ પછી. ભોજન, ૭૯ દિવસ અપત્ય સંરક્ષણ કરીને પછી, ત્રણ ભાગ કરાયેલ ત્રીજા



આરાના પહેલાં બે ત્રિભાગ સુધી, તે પ્રમાણે જ નિયત પરિહાનિથી ઘટતાં યુગલ મનુષ્યો થાય છે. અંતિમ ત્રિભાગમાં તે પરિહાનિ અનિયત થાય છે, તેમ સૂચવવા માટે ત્રિભાગ કરણ સાર્થક હોય તેમ સંભવે છે. અન્યથા જેમ આગમ સંપ્રદાયમાં ત્રિભાગકરણનો હેતુ છે, તે જાણી લેવો.

હવે ત્રીજા આરાના સ્વરૂપનો પ્રશ્ન કરતાં પૂછે છે — - x - જેમ દક્ષિણાર્દ્ધ ભરતના સ્વરૂપના પ્રતિપાદન અધિકારમાં વ્યાખ્યા કરી, તેમ અહીં સૂત્રમાં નિરવશેષ ગ્રહણ કરવી. વિશેષ એ કે — અહીં કૃષિ આદિ કર્મ પ્રવૃત્ત થયું, કૃત્રિમ તૃણ - કૃત્રિમ મણિ વડે એમ કહ્યું. પછી મનુષ્યોનું સ્વરૂપ પૂછે છે, તે પૂર્વવત્.

હવે જે રીતે જગત્‌ની વ્યવસ્થા થઈ તે કહે છે —

**● સૂત્ર-૪૧ :-**

***તે આરાના પાછલા ત્રિભાગમાં એક પલ્યોપમનો આઠમો ભાગ બાકી રહેતા, અહીં આ પંદર કુલકરો ઉત્પન્ન થયા. તે આ પ્રમાણે — સુમતિ, પ્રતિશ્રુતી, સીમંકર, સીમંધર, ક્ષેમંકર, ક્ષેમંધર, વિમલવાહન, ચક્ષુષ્માન્, યશસ્વાન્, અભિચંદ્ર, ચંદ્રાભ, પ્રસેનજિત, મરુદેવ, નાભિ અને ઋષભ.***

**● વિવેચન-૪૧ :-**

ત્રીજા આરાના છેલ્લા ત્રિભાગમાં પલ્યોપમનો આઠમો ભાગ બાકી રહેતા આ સમયમાં આ પંદર કુલકરો થયા. કુલકર એટલે વિશિષ્ટ બુદ્ધિ વડે લોક વ્યવસ્થાકારી કુલકરણશીલ પુરુષ વિશેષ.

અહીં કોઈ કહે છે — આવશ્યક નિર્યુક્તિ આદિમાં સાત કુલકરોના નામો છે, અહીં પંદર નામો છે, તે કઈ રીતે સંભવે છે ? [સ્થાનાંગ આદિમાં સાત જે કુલકરો કહ્યા છે - x - વિમલ વાહન, ચક્ષુષ્માન્, યશસ્વાન્, અભિચંદ્ર, પ્રસેનજિત્, મરુદેવ અને નાભિ. અહીં ઋષભદેવ સહિત પંદર કહેલા છે. તેમાં પણ અભિચંદ્ર અને પ્રસેનજિતના અંતરાલમાં ચંદ્રાભ કહેલ છે. તો અન્યોન્ય સંગતિ કઈ રીતે થાય ? - હીરસૂરિ વૃત્તિ]

પુણ્ય પુરુષોના અધિકાધિક વંશ્ય પુરુષવર્ણનના ન્યાયથી આમ કહ્યું હોય. પરંતુ પલ્યોપમના આઠ ભાગ બાકી રહેતા - એ વચન કાળને સારી રીતે બાધક છે. તે આ રીતે — અસત્કલ્પનાથી પલ્યોપમના ૪૦-ભાગ કલ્પીએ, તેનો આઠમો ભાગ તે પાંચ થાય. તેમાં પણ પહેલા વિમલવાહનનું આયુ પલ્યોપમનો દશમો ભાગ, પછી ચાર ચાલીશ ભાગ તેના આયુના ગયા. બાકી એક પલ્યોપમનો ૪૦મો સંખ્યેય ભાગ રહે, તે ચક્ષુષ્માન્ આદિના અસંખ્યાત પૂર્વથી - નાભિના સંખ્યાત પૂર્વથી શ્રી ઋષભસ્વામી ૮૪ લાખ પૂર્વથી બાકીના ૮૯ પક્ષથી પરિપૂર્ણ કરાય છે. તો પૂર્વના સુમતિ આદિ કુલકરોના મહત્તમ આયુનો અવકાશ કઈ રીતે રહે ?

*[હીર વૃત્તિમાં કહે છે — કુલકરો બે પ્રકારે છે. કુલકર કૃત્યોમાં નિયુક્ત અને સ્વતંત્રપ્રવૃત્ત. વિમલવાહનાદિ નિયુક્ત છે તે સ્થાનાંગ આદિમાં કહ્યા છે, તે જ કુલકર કૃત્ય કરતાં કુલકરો*

*છે, એવા અભિપ્રાયથી બંનેનું ગ્રહણ કરેલ છે. સાતમાં સ્થાનમાં સાત, દશમાં સ્થાનમાં દશ અને અહીં પંદર કુલકરો કહેલા છે. - X - કદાચ આ વાચનાભેદ હોય]*

પહેલા સુમતિનું પલ્ય દશમાંશ આયુ, પછી બાર વંશ્ય સુધી પૂર્વ દર્શિત ન્યાયથી એક/ચાલીશમાં બાકીના ભાગમાં અસંખ્યાત પૂર્વો, તે આગળ-આગળ હીન-હીન થતાં નાભિનું સંખ્યાતપૂર્વાયુ. એ અવિરુદ્ધ લાગે છે. - X - આવશ્યકવૃત્તિમાં મતાંતરથી નાભિનું અસંખ્યાત પૂર્વાયુ કહ્યું - X - ઈત્યાદિમાં પરસ્પર વિરોધ નથી અને આવશ્યકાદિમાં વિમલવાહનનું પલ્યદશમાંશ આયુ કહ્યું તે વાંચનાભેદ જાણવો. નામ-પાઠ ભેદ પણ તેમજ જાણવો.

હવે પ્રસ્તુત ઉપક્રમ કહ્યો તે – સુમતિ, પ્રતિશ્રુતિ યાવત્ ઋષભ છે, તે સૂત્રાર્થ મુજબ સમજી લેવો.

વળી પદ્મ ચરિત્રમાં ચૌદ કુલકરો કહ્યા છે, અહીં પંદરમાં ઋષભનો પણ ઉલ્લેખ છે. તે ભરતક્ષેત્ર પ્રકરણમાં ભરતભર્તા ભરત નામે પણ મહારાજાની પ્રરૂપણા અનુક્રમે છે, તે જણાવવાને છે.

હવે આ કુલકરત્વ કઈ રીતે કરે છે તે કહે છે –

● **સૂત્ર-૪૨ :-**

***તેમાં સુમતિ, પ્રતિશ્રુતિ, સીમંકર, સીમંધર અને ક્ષેમંકર એ પાંચ કુલકરોની 'હક્કાર' નામે દંડનીતિ હતી, તે મનુષ્યો 'હક્કાર' દંડથી અભિહત થઈ લજ્જિત, વિલજ્જિત, વ્યર્દ્ધ, ભીત થઈ મૌનપૂર્વક વિનયથી નમીને રહેતા હતા.***

***તેમાં ક્ષેમંકર, વિમલવાહન, ચક્ષુષ્મન્, યશસ્વાન્ અને અભિચંદ્ર એ પાંચ કુલકરોની મક્કાર નામે દંડનીતિ હતી. તે મનુષ્યો મક્કાર દંડથી અભિહત થઈ યાવત્ રહે છે.***

***તેમાં ચંદ્રાભ, પ્રસેનજિત, મરુદેવ, નાભિ અને ઋષભ એ પાંચ કુલકરોમાં ધિક્કાર નામે દંડનીતિ હતી. તે મનુષ્યો ધિક્કાર દંડ વડે અભિહત થઈ યાવત્ રહે છે.***

● **વિવેચન-૪૨ :-**

તે પંદર કુલકરો મધ્યે સુમતિ, પ્રતિશ્રુતિ, સીમંકર, સીમંધર, ક્ષેમંકર એ પાંચ કુલકરોના 'હા' એવા અધિક્ષેપાર્થક શબ્દના કરવાને 'હાકાર' નામે દંડ-અપરાધિનું અનુશાસન, તેમાં નીતિન્યાય થતો હતો. અહીં સંપ્રદાય આ રીતે છે –

પૂર્વે ત્રીજા આરાના અંતે કાલદોષથી વ્રતભ્રષ્ટ યતીની માફક કલ્પદ્રુમના મંદપણામાં પોતાના દેહના અવયવોની જેમ તેમાં યુગલોના મમત્વના જન્મમાં બીજાએ સ્વીકારેલ બીજા અન્ય વડે ગ્રહણ કરાતા પરસ્પર વિવાદ જન્મતા, પરાભવથી અસહિષ્ણુતા આવતા તેમને સ્વામીપણે કરતાં. તે તેમનો ભાગ કરીને વૃદ્ધો ગોત્રીઓને દ્રવ્યની માફક આપતા. જ્યારે તે સ્થિતિ અતિ થઈ, ત્યારે તેના શાસનને માટે જાતિસ્મરણથી નીતિજ્ઞપણે 'હાકાર' દંડનીતિ કરી. તેને પ્રતિશ્રુતિ આદિ ચારે પ્રવર્તાવી.



ત્યારે તેઓ કેવા થયા ? તે કહે છે –

તે મનુષ્યો 'હાકાર' દંડ વડે અભિહત થઈ લજ્જિત થઈ, વ્રીડિત થઈ, વ્યર્દ્ધ - પ્રકર્ષવાળી લજ્જાવાળા થઈ. આ ત્રણે પર્યાયવાચી શબ્દો છે, ડરીને, મૌન ધરી વિનયથી નમીને - X - રહેતા. તેઓ આ દંડ વડે પોતાને હરાયેલા માનીને ફરી તે અપરાધમાં ન પ્રવર્તતા. અહીં પૂર્વે ન જોયેલ શાસનના તેમને દંડાદિ ઘાતથી અતિશય મર્મઘાતીપણે થવાથી 'હત' એવું આ વચન છે.

હવે પછીના કાળવર્તી કુલકર કાળમાં તે જ દંડનીતિ શું હતી ? તે આશંકાનું સમાધાન કરતાં કહે છે –

તેમાં ક્ષેમંધરાદિ પાંચ કુલકરોમાં 'મા' એવા નિષેધાર્થ કરણ - નામક 'માકાર' નામે દંડનીતિ થઈ. બાકી પૂર્વવત્.

આવશ્યકાદિમાં તો વિમલવાહન અને ચક્ષુષ્મત કુલકરને 'હાકાર'રૂપ દંડનીતિ છે. જે અભિચંદ્ર અને પ્રસેનજિતના મધ્યે ચંદ્રાભનું અકથન છે, તે વાચનાંતર જાણવું. અહીં એવું કહેવા માંગે છે કે – ક્રમથી અતિ સંસ્તવ આદિ વડે જીર્ણભીતિકત્વથી 'હાકાર'ના અતિક્રામમાં ગંભીર વેદી હાથીની માફક યુગલોમાં ક્ષેમંધર કુલકરે બીજી 'માકાર' રૂપ દંડનીતિ કરી, તેને વિમલવાહનાદિ ચારેએ અનુસરી.

અહીં સંપ્રદાય આ પ્રમાણે છે – મોટા અપરાધમાં 'માકાર' રૂપ અને બીજામાં 'હાકાર' દંડનીતિ જ હતી. હેમસૂરીએ ઋષભચરિત્રમાં સાત કુલકર અધિકારમાં યશસ્વીના વારામાં દંડનીતિને આશ્રીને કહ્યું છે કે – અલ્પ અપરાધમાં પહેલી નીતિ, મધ્યમમાં બીજી, મહા અપરાધમાં બંને પણ નીતિ તે મહામતિએ પ્રયોજી.

હવે ત્રીજા કુલકર પંચકમાં વ્યવસ્થા કહે છે - X - તેમાં 'ધિક્' એ પ્રમાણેના ઉચ્ચારણયુક્ત 'ધિક્કાર' નીતિ હતી. સંપ્રદાય આ છે – પૂર્વનીતિના અતિક્રમણમાં ચંદ્રાભકુલકરે ધિક્કાર દંડનીતિ કરી. તેને પ્રસેનજિત આદિ ચારે એ અનુસરી, મોટા અપરાધમાં ધિક્કાર અને મધ્યમ-જઘન્યમાં માકાર-હાકાર નીતિ.

બીજી પરિભાષણાદિ નીતિ ભરતના કાળમાં હતી. તે આ – પહેલી પરિભાષણા, બીજી મંડલિબંધ, ત્રીજી ચારક, ચોથી છવિચ્છેદાદિ એ ભરતની ચારે નીતિઓ હતી. કોઈ કહે છે તે ઋષભના કાળે હતી.

હવે ૧૫-કુલકરમાં કુલકરત્વ માત્ર ૧૪-સાધારણ, અસાધારણ પુન્ય પ્રકૃતિ ઉદયજન્મ ત્રિ જગત્‌ના જનથી પૂજનીયતાને દર્શાવવા આ લોકમાં વિશિષ્ટ ધર્મ-અધર્મ સંજ્ઞા વ્યવહાર પ્રવર્તાવેલ, તેને કહે છે –

● **સૂત્ર-૪૩ :-**

***નાભિ કુલકરની મરુદેવા નામે પત્નીની કુક્ષિમાં તે સમયે ઋષભ નામે અર્હત્, કૌશલિક, પ્રથમ રાજા, પ્રથમ જિન, પ્રથમ કેવલિ, પ્રથમ તીર્થંકર, પ્રથમ***

*શ્રેષ્ઠ ધર્મ ચક્રવર્તી ઉત્પન્ન થયા.*

*ત્યારે તે ઋષભ કૌશલિક અર્હત્ ૨૦-લાખ પૂર્વ કુમારવાસ મધ્યે રહ્યા. રહીને ૬૩-લાખ પૂર્વ મહારાજાપણે રહ્યા. ૬૩-લાખ પૂર્વ મહારાજાપણે વસતા લેખ આદિ ગણિત પ્રધાન, પક્ષીઓની બોલી સુધીની ૭૨-કળાઓ, ૬૪-મહિલા ગુણો, ૧૦૦ શિલ્પકર્મ, એ ત્રણેનો પ્રજાના હિતને માટે ઉપદેશ આપ્યો.*

*ત્યારપછી ૧૦૦ પુત્રોને રાજરૂપે અભિસંચિત કર્યા, કરીને ૮૩-લાખ પૂર્વ ગૃહસ્થવાસમાં રહ્યા. રહીને જે તે ગ્રીષ્મનો પહેલો માસ, પહેલો પક્ષ, તે ચૈત્રવદની નોમના દિવસે પાછલા ભાગે હિરણ્યનો ત્યાગ કરી, સુવર્ણનો ત્યાગ કરી, કોશ-કોષ્ઠાગારનો ત્યાગ કરી, વિપુલ ધન-સુવર્ણ-રત્ન-મણિ-મૌક્તિક-શંખ-શિલા-પ્રવાલ-રક્તરત્ન-સારરૂપ દ્રવ્યનો પરિત્યાગ કરીને, તેમાંથી મમત્વ ત્યજીને, દાયકોને દઈને, પરિભાગ કરીને, સુદર્શના નામે શિબિકામાં દેવ-મનુષ્ય-અસુરની પર્ષદા વડે સારી રીતે અનુગમન કરાતાં [તથા] - - -*

*- - - શાંખિક, ચક્રી, નાંગલિક, મુખ માંગલિક, પુષ્ય-માનવ, વર્દ્ધમાનક, આખ્યાયક, મંખ, ઘંટિકાગણ વડે અનુસરાતા, ઈષ્ટ-કાંત-પ્રિય-મનોજ્ઞ-મણામ-ઉદાર-કલ્યાણ-શિવ-ધન્ય-મંગલ-સશ્રીક-હૃદયંગમ-હૃદય પ્રહ્લાદનીય, કાન અને મનને સુખકર-અપુનરુક્ત-અર્થશતિક વાણી વડે અનવરત અભિનંદાતા, અભિસ્તવાતા એમ કહે છે —*

*હે નંદ! તમારો જય થાઓ, હે ભદ્ર! તમારો જય થાઓ. ધર્મ વડે પરીષહો અને ઉપસર્ગોથી અભિત રહો, ભય અને ભૈરવમાં ક્ષાંતિક્ષમ રહો, તમને ધર્મમાં અવિઘ્ન થાઓ. એમ કહી અભિનંદન અને અભિસ્તવન કરે છે.*

*ત્યારે તે ઋષભ કૌશલિક અરહંત હજારો નયનમાળા વડે જોવાતા જોવાતા યાવત્ નીકળે છે, તે ઉવવાઈ સૂત્ર મુજબ બધું કહેવું યાવત્ આકાશને ઘણાં શબ્દોથી આકુળ કરતાં વિનીતા રાજધાનીની વચ્ચોવચ્ચથી નીકળે છે.*

*[ત્યારે] રાજમાર્ગ આસિક્ત, સંમાર્જિત, સુરભિજળથી સિંચિત, પુષ્પોપચારયુક્ત કરાયેલો છે, જે સિદ્ધાર્થ વન સુધી તે રીતે છે. ઘોડા-હાથી-રથ-પદાતી આદિ વડે કરેલા માર્ગથી મંદ-મંદ ઉદ્ધત ધૂળને કરતાં જ્યાં સિદ્ધાર્થ વન ઉધાન છે, જ્યાં અશોક શ્રેષ્ઠ વૃક્ષ છે, ત્યાં પહોંચે છે. પહોંચીને શ્રેષ્ઠ અશોકવૃક્ષ નીચે શીબિકાને સ્થાપે છે, સ્થાપીને તે શિબિકામાંથી ઉતરે છે, ઉતરીને સ્વયં જ આભરણ-અલંકાર ઉતારે છે, ઉતારીને સ્વયં જ ચાર મુટ્ઠી લોચ કરે છે, કરીને, જળ રહિત છઠ્ઠ ભક્ત વડે આષાઢા નક્ષત્રમાં ચંદ્રનો યોગ થતાં ઉગ્ર, ભોગ, રાજન્ય અને ક્ષત્રિય ૪૦૦૦ પુરુષો સાથે, પોતે એક દેવદૂષ્ય ધારણ કરી મુંડ થઈને ઘર છોડીને*



*અનગારિક પ્રવ્રજ્યાને પ્રાપ્ત કરી.*

**● વિવેચન-૪૩ :-**

નાભિ કુલકરની મરુદેવી નામની પત્નીની કુક્ષિમાં આ સમયમાં ઋષભ-સંયમનો ભાર વહન કરવામાં ઋષભ સમાન અથવા વૃષભ એવા સંસ્કારથી વૃષભ, વૃષ વડે શોભે છે તે વૃષભ. એ પ્રમાણે બધાં પણ અર્હન્ત ઋષભ કે વૃષભ છે. ઉરુમાં વૃષભ લાંછનત્વથી કે માતાએ જોયેલ ચૌદ સ્વપ્નોમાં પહેલું વૃષભને જોવાથી ઋષભ કે વૃષભ નામ હતું. કોશલ-અયોધ્યામાં થવાથી કૌશલિક. કેમકે અયોધ્યા સ્થાપના ઋષભદેવના રાજ્ય સમયે કરાઈ, તેથી ભાવિનો ભૂતવત્ ઉપચાર કરતાં કૌશલિક કહ્યું. તેને ભરતક્ષેત્ર નામના કથન અવસરે જણાવેલ છે.

અરહંત પાર્શ્વનાથ આદિની જેમ કેટલાંક અસ્વીકારેલ રાજધર્મવાળા પણ હોય, તેથી કયા ક્રમે અરહંત થયા તે કહે છે —

પહેલા રાજા — આ અવસર્પિણીમાં નાભિકુલકરે આદેશ કરેલ યુગલ મનુષ્યો અને શક્ર વડે પહેલા રાજા તરીકે અભિષિક્ત કર્યા. પહેલા જિન-પહેલાં રાગાદીને જીતનારા અથવા પહેલાં મનઃપર્યવજ્ઞાની, રાજ્યના ત્યાગ પછી દ્રવ્યથી અને ભાવથી સાધુપદમાં વર્તવાપણાથી. કેમકે આ અવસર્પિણીમાં આ જ ભગવંત પહેલાં થયા. સ્થાનાંગમાં જિનપણું - અવધિ, મનઃપર્યવ, કેવલી ત્રણ ભેદે કહેલ છે. અવધિ જિનત્વની વ્યાખ્યા કરતાં સૂત્ર અક્રમબદ્ધ થશે. - x -

પહેલા કેવલી — આધ સર્વજ્ઞ, કેવલીત્વ તીર્થંકર નામ કર્મોદયથી હતું, તેથી કહે છે — પહેલાં તીર્થંકર — આધ ચાતુર્વર્ણ સંઘ સ્થાપક, તીર્થંકર નામકર્મના ઉદયથી કેવા થાય છે? પહેલાં ધર્મ પ્રધાન ચક્રવર્તી, જેમ ચક્રવર્તી બધે જ અપ્રતિહત વીર્યથી ચક્ર વડે વર્તે છે, તેમ તીર્થંકર પણ વર્તે છે. તે સમુત્પન્ન થયા.

હવે ભગવંતે જે રીતે અવસ્થા સ્વીકારી, તે કહે છે - જન્મ કલ્યાણક પછી, ઋષભ અરહંત વીશ લાખ પૂર્વ કુમારપણે - રાજ્ય અભિષેક ન કરાયેલ રાજપુત્રપણે તેમાં રહ્યા, કુમારપણે આશ્રય કર્યો. પછી ૬૩-લાખ પૂર્વ મહારાજાપણે - સામ્રાજ્ય વડે રહ્યા - વસ્યા, તેમાં વસતા કઈ રીતે પ્રજાને ઉપકાર કર્યો ? તે કહે છે —

૬૩-લાખ પૂર્વ સુધી મહારાજારૂપે વસતા લિપિવિધાન આદિ ગણિત-અંકવિધા, ધર્મ-કર્મ વ્યવસ્થા કરી. - x - શકુનરુત-પક્ષિની બોલી, જેના અંતે છે તે, ૭૨ કળા-કલન અર્થાત્ વિજ્ઞાન, પ્રાયઃ પુરુષોપયોગી આ ૭૨ કલા (શીખવી). ૬૪-સ્ત્રીગુણો, કર્મોમાં-જીવન ઉપાયો મધ્યે ૧૦૦ શિલ્પ, ૧૦૦ વિજ્ઞાન, કુંભકાર શિલ્પ આદિ. આ ત્રણે વસ્તુ લોકોપકાર માટે ઉપદેશી. - x - બધાં જ આદિ તીર્થંકરોની આ જ ઉપદેશ વિધિ છે, તે જણાવવા માટે છે. જો કે કૃષિ-વાણિજ્યાદિ ઘણાંને જીવન-ઉપાય છે, તો પણ તે પછીના કાળે પ્રાદુર્ભાવ પામેલ, ભગવંતે તો સો શીલ્પોનો જ ઉપદેશ આપેલ, તેથી જ આચાર્યના ઉપદેશથી થયેલ તે શીલ્પ અને અનાચાર્યના ઉપદેશથી થયેલ તે કર્મ એમ શીલ્પ અને કર્મમાં ભેદ મનાય છે.

હેમસૂરિકૃત્ આદિદેવ ચરિત્રમાં — તૃણહાર, કાષ્ઠહાર, કૃષિ, વાણિજ્ય, અન્ય પણ કર્મો લોકોના જીવિતને માટે કરાયા તથા કર્મો જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટ ભેદથી ત્રણે પણ ઉપદેશે છે, તે પણ વ્યાખ્યા કરવી અને સો શિલ્પો જુદા જ કહ્યા છે, તેમ જાણવું.

અહીં સંક્ષેપથી કહ્યું છે, વિસ્તારથી રાજપ્રશ્નીય સૂત્રમાં બતાવેલ ૭૨-કળા કહીએ છીએ — લેખ, ગણિત, રૂપ, નૃત્ય, ગીત, વાજિંત્ર, સ્વરગત, પુષ્કરગત, સમતાલ [૯], ધુત, જનવાદ, પાસા, અષ્ટાપદ, પુરકાવ્ય, જળમાટિક, અન્નવિધિ, પાનવિધિ, વસ્ત્રવિધિ [૧૮] વિલેપન વિધિ, શયનવિધિ, આર્યા, પ્રહેલિકા, માગધિકા ગાથા, ગીત, શલોક, હિરણ્યયુક્તિ [૨૭] સુવર્ણયુક્તિ, ચૂર્ણયુક્તિ, આભરણ વિધિ, તરુણી પરિકર્મ, સ્ત્રી લક્ષણ, પુરુષલક્ષણ, અશ્વલક્ષણ, હાથી લક્ષણ, બળદ લક્ષણ [૩૬] કુકડાલક્ષણ, છત્રલક્ષણ, દંડલક્ષણ, અસિલક્ષણ, મણિ લક્ષણ, કાકણિલક્ષણ, વાસ્તુવિદ્યા, સ્કંધાવારમાન, નગરમાન [૪૫] ચાર, પ્રતિચાર, વ્યૂહ, પ્રતિવ્યૂહ ચક્રવ્યૂહ, ગરુડ વ્યૂહ, શકટ વ્યૂહ, યુદ્ધ, નિયુદ્ધ [૫૪] યુદ્ધાતિયુદ્ધ, દૃષ્ટિયુદ્ધ, મુષ્ટિયુદ્ધ, બાહુયુદ્ધ, લતાયુદ્ધ, ઈષુશાસ્ત્ર, ત્સરુપ્રવાદ, ધનુર્વેદ, હિરણ્યપાક [૬૩] સુવર્ણપાક, સૂત્ર ખેટ, વસ્ત્રખેટ, નાલિકાખેટ, પત્રછેદ, કટછેદ, સજીવ, નિર્જીવ, શકુનરુત એ બોંતેર કળા. - x - x -

તેમાં (૧) લેખન તે લેખ - અક્ષર વિન્યાસ વિષયક, કળા - વિજ્ઞાન. તે ભગવંત ઉપદેશે છે, એમ બધે જ જોડવું. તે લેખ બે ભેદે છે — લિપિ અને વિષયભેદથી છે. તેમાં લિપિ અઢાર સ્થાને કહી છે. અથવા લાટાદિ દેશ ભેદથી તેવા પ્રકારની વિચિત્ર ઉપાધિ ભેદથી અનેક પ્રકારે છે. તો પણ પત્ર-વલ્કલ-કાષ્ઠ-દંત-લોહ-તામ્ર-રજતાદિ અક્ષરોના આધાર છે, તથા લેખન, ઉત્કિરણ, સ્યૂત, વ્યૂત, છિન્ન, ભિન્ન, દગ્ધ સંક્રાંતિત અક્ષરો થાય છે.

વિષયની અપેક્ષાથી પણ અનેક પ્રકારે સ્વામી-નોકર, પિતા-પુત્ર, ગુરુ-શિષ્ય, પત્ની-પતિ, શત્રુ-મિત્રાદિની લેખ-વિષયના અનેકત્વથી અને તેવા પ્રકારના પ્રયોજન ભેદથી છે. - x - x -

(૨) ગણિત-સંખ્યાન, સંકલિતાદિ અનેક ભેદ છે. (૩) રૂપ-લેપ્ય, શિલા, સુવર્ણ, મણિ, વસ્ત્ર, ચિત્રાદિમાં રૂપ નિર્માણ, (૪) નાટ્ય-અભિનય સહિત અને રહિત બે ભેદે છે. (૫) ગીત-ગંધર્વકળા કે ગાનવિજ્ઞાન. (૬) વાદિત-વાદ્ય, તત-વિતત ભેદથી. (૭) સ્વરગત-ગીતના મૂળભૂત ષડ્જ ઋષભાદિ સ્વરોનું જ્ઞાન, (૮) પુષ્કરગત-મૃદંગ મંત્રી આદિ ભેદ, તે વિષયક વિજ્ઞાન, (૯) સમતાલ - ગીતાદિ માન કાળ અને તાલ, તે સમ-અન્યૂનાધિક માત્રિકત્વથી જેમાંથી જણાય તે.

(૧૦) ધુત, (૧૧) જનવાદ — ધુત વિશેષ, (૧૨) પાસા, (૧૩) અષ્ટાપદ-શારિફલકધુત, તે વિષયની કળા, (૧૪) પુરઃકાવ્ય — શીઘ્ર કવિત્વ, (૧૫) દગમટ્ટિક-જળ સંયુક્ત માટી, વિવેચક દ્રવ્ય પ્રયોગ પૂર્વિકા, તેની વિવેચન કળા, તે ઉપચારથી



દક મૃતિકા, (૧૬) અન્નવિધિ-રસોઈકળા, (૧૭) પાનવિધિ - દકમૃતિકા કળા વડે પ્રસાદિતનું સહજ નિર્મળનું સંસ્કાર કરણ અથવા જળપાન વિષયમાં ગુણ દોષનું જ્ઞાન. (૧૮) વસ્ત્રવિધિ-વસ્ત્રના પરિધાન આદિરૂપ - x - x -.

(૧૯) વિલેપનવિધિ - યક્ષકર્દમાદિ પરિજ્ઞાન, (૨૦) શયન વિધિ - પલંગાદિની વિધિ, તે આ પ્રમાણે — સો આંગળ તોરી શય્યા રાજાને જયને માટે થાય, નેવું — છ ન્યૂન - બાર ન્યૂન - છત્રીશ ન્યૂન તે ચારે અનુક્રમે રાજપુત્ર, મંત્રી, સેનાપતિ અને પુરોહિતની હોય - x - x - ઈત્યાદિ જે વિજ્ઞાન અથવા શયન-સ્વપ્ન, તે વિષયક વિધિ, જેમકે પૂર્વમાં મસ્તક કરવું વગેરે વિધિ.

(૨૧) આર્યા - છંદ રચવાની કળા, (૨૨) પ્રહેલિકા - ગૂઢાશય પદ્ય, પહેલી. (૨૩) માગધિકા - છંદ વિશેષ, બે ત્રણ ચાર પાંચ છ માત્રિકા ગણ અને ક-ચ-ટ-ત-પ સંજ્ઞા ઈત્યાદિ. (૨૪) ગાથા - સંસ્કૃત સિવાયની ભાષા વડે નિબદ્ધ આર્યા જ. (૨૫) ગીતિકા - પૂર્વાર્દ્ધ સદેશ, અપરાર્દ્ધ લક્ષણ આર્યા જ, (૨૬) શ્લોક-અનુષ્ટુપ્ વિશેષ,

(૨૭) હિરણ્ય યુક્તિ - રૂપાને યથાસ્થાને યોજવું તે. (૨૮) એ પ્રમાણે સુવર્ણયુક્તિ, (૨૯) ચૂર્ણયુક્તિ - કોષ્ઠ આદિ સુરભિ દ્રવ્યોમાં ચૂર્ણ કરીને તે-તે ઉચિત દ્રવ્યો ભેગા કરવા. (૩૦) આભરણ વિધિ, (૩૧) તરુણીપરિકર્મ - યુવતીના અંગોની વર્ણાદિ વૃદ્ધિરૂપ.

(૩૨) સ્ત્રીલક્ષણ, (૩૩) પુરુષ લક્ષણ, (૩૪) અશ્વલક્ષણ - લાંબી ડોક, લાંબી આંખ ઈત્યાદિ અશ્વ વિજ્ઞાન, (૩૫) હાથી લક્ષણ - પાંચ ઉન્નત, આઠ હાથ પરિમાણ, મંદ, ભદ્ર ઈત્યાદિ - x - જ્ઞાન. (૩૬) બળદ લક્ષણ - x -, (૩૭) કુકડા લક્ષણ-પાતળી આંગળી, તામ્રવક્ર નખ વગેરે. (૩૮) છત્ર લક્ષણ - જેમ ચક્રીનું છત્રરત્ન, (૩૯) દંડલક્ષણ - લાકડી, આતપત્ર, અંકુશ, નેતર, ચાપ, વિતાન, કુંત, ધ્વજ, ચામરોનું વ્યાપીત કૃષ્ણ વર્ણ ઈત્યાદિ. - x - x - x - કોને કઈ રીતે લાભદાયી છે તે વિષયક જ્ઞાન - x - (૪૦) અસિલક્ષણ - જેમકે ૫૦-અંગુલ ઉત્તમ છે, ૨૫-અંગુલથી ખડ્ગ થાય વગેરે. તેમાં શુભાશુભતા કઈ રીતે થાય છે ઈત્યાદિ વિજ્ઞાન. (૪૧) મણિ લક્ષણ - રત્ન પરીક્ષા ગ્રંથમાં કહેલ કાકપદ અક્ષિકાપદ કેશરાહિત્ય આદિ, તેના ગુણદોષનું વિજ્ઞાન. (૪૧) કાકણીલક્ષણ - ચક્રીનું રત્ન વિશેષ, તેનું લક્ષણ - વિષહરણ, માન, ઉન્માનાદિ - x -

(૪૩) વાસ્તુવિદ્યા - ગૃહ કે ભૂમિવિદ્યા, વાસ્તુ શાસ્ત્ર પ્રસિદ્ધ ગુણ-દોષ વિજ્ઞાન. (૪૪) સ્કંધાવારમાન - એક રથ, ત્રણ અશ્વ, પાંચ પદાતિ, સેના - x - x - ઈત્યાદિ - x - (૪૫) નગરમાન - બાર યોજન લંબાઈ, નવ યોજન પહોળાઈ ઈત્યાદિ પરિજ્ઞાન, ઉપલક્ષણથી કળસ આદિ નિરીક્ષણપૂર્વક સૂત્રન્યાસ અને યથા સ્થાને વર્ણાદિ વ્યવસ્થાનું પરિજ્ઞાન.

(૪૬) ચાર-જ્યોતિષ્ક ભ્રમણનું વિજ્ઞાન, (૪૭) પ્રતિચાર-પ્રતિકૂળ ચાર, ગ્રહોનું

વક્રગમનાદિ, તેના પ્રવ્યૂહમાં ચક્રાકૃતિમાં - x - રાજન્યચક્રસ્થાના. (૪૯) પ્રતિવ્યૂહ - તેમના પ્રતિદ્વંદીનો ભંગ ઉપાયનો વ્યૂહ, (૫૦) ચક્રવ્યૂહ - ચક્રાકૃતિ સૈન્ય રચના, (૫૧) ગરુડ વ્યૂહ-ગરુડ આકૃતિ સૈન્યરચના, (૫૨) એ રીતે શકટવ્યૂહ.

(૫૩) યુદ્ધ-કુકડાની જેમ મુંડામુંડી યુદ્ધ, શીંગડાવાળાની જેમ શ્રૃંગાશ્રૃંગી વ્યૂહ, (૫૪) નિયુદ્ધ-મલ્લયુદ્ધ, (૫૫) યુદ્ધાતિયુદ્ધ - ખડ્‌ગાદિ ફેંકવા પૂર્વક મહાયુદ્ધ જેમાં પ્રતિદ્વન્દ્વી પુરુષોને પાડી દેવામાં આવે, (૫૬) દૃષ્ટિયુદ્ધ - યોદ્ધા અને પ્રતિયોદ્ધાની આંખોનું નિર્નિમેષ રહેવું તે. (૫૭) મુષ્ટિયુદ્ધ - યોદ્ધાનું પરસ્પર મુષ્ટિ વડે હનન. (૫૮) બાહુ યુદ્ધ - યોદ્ધા પ્રતિયોદ્ધાનું અન્યોન્ય પ્રસારિત બાહુને નમાવ્યા વિના વાળવું તે. (૫૮) લતાયુદ્ધ - જેમ લતા વૃક્ષને ચડી જાય તેમ યોદ્ધો મૂળથી. મસ્તક સુધી તેને વીંટી દે, તે રીતે યોદ્ધો પ્રતિયોદ્ધાના શરીરને ગાઢ રીતે પીડીને ભૂમિમાં પાડી દે.

(૬૦) ઈષુ શાસ્ત્ર-નાગબાણ આદિ દિવ્ય અસ્ત્રાદિ સૂચક શાસ્ત્ર (૬૧) ત્સરુપ્રવાદ - ખડ્‌ગ, મુષ્ટિ તેના અવયવના યોગથી, તેનો પ્રવાદ જે શાસ્ત્રમાં છે તે અર્થાત્ ખડ્‌ગ શિક્ષા શાસ્ત્ર. (૬૨) ધનુર્વેદ-ધનુષ્‌સાસ્ત્ર,

(૬૩) હિરણ્યપાક - રજતસિદ્ધિ, (૬૪) સુવર્ણપાક-કનક સિદ્ધિ, (૬૫) સૂત્રખેટ - સૂત્રક્રીડા, (૬૬) એ પ્રમાણે વસ્ત્રક્રીડા, (૬૭) નાલિકાખેડ - દ્યુત વિશેષ, - x - નાલિકા-જેમાંથી પાશા ફેંકાય છે - x - x - (૬૮) પત્ર છેદ્ય-૧૦૮ પાંદડા મધ્યે વિવક્ષિત સંખ્યાવાળા પત્રના છેદનની કળા, (૬૯) કટછેદ્ય - સાદડી માફક ક્રમ છેદ્ય વસ્તુનું વિજ્ઞાન - x -

(૭૦) સજ્જીવ-મૃતધાતુ આદિનું સહજ સ્વરૂપ ઉપાદાન, (૭૧) નિજ્જીવ - નિર્જીવકરણ, હેમાદિ ધાતુ મારણ અથવા રસેન્દ્રનું મૂર્છા પ્રાપ્ત કરાવવું તે, (૭૨) શકુનરુત - ઉપલક્ષણથી વસંતરાજાદિ ઉક્ત સર્વ શકુન લેવા, ગતિ-ચેષ્ટા-દિશાબલાદિનો સંગ્રહ.

હવે સ્ત્રીઓની ૬૪ કળા કહે છે — નૃત્યુ, ઔચિત્ય, ચિત્ર, વાદિત્ર, મંત્ર, તંત્ર, જ્ઞાન, વિજ્ઞાન [૮] દંભ, જળસ્તંભ, ગીતમાન, તાલમાન, મેઘવૃષ્ટિ, ફલાકૃષ્ટિ, આરામરોપણ, આકાર ગોપન, [૧૬], ધર્મવિચાર, શકુનસાર, ક્રિયાકગલ્પ, સંસ્કૃત બોલવું, પ્રાસાદનીતિ, ધર્મરીતિ, વર્ણિકાવૃદ્ધિ, સ્વર્ણસિદ્ધ [૨૪] સુગંધી તૈલ કરણ, લીલાપૂર્વક ચાલવું, અશ્વ-હાથી પરીક્ષણ, પુરુષ-સ્ત્રી લક્ષણ, હેમરત્નભેદ, અઢાર લિપિ પરિચ્છેદ, તત્કાલબુદ્ધિ, વાસ્તુસિદ્ધિ [૩૨] કામવિક્રિયા, વૈદ્યકક્રિયા, કુંભભ્રમ, સારિશ્રમ, અંજનયોગ, ચૂર્ણયોગ, હસ્ત લાઘવ, વચનપાટવ [૪૦] ભોજ્ય વિધિ, વાણિજ્ય વિધિ, મુખ મંડન, શાલિખંડન, કથાકથન, ફૂલ ગુંથવા, વક્રોક્તિ, કાવ્ય-શક્તિ [૪૮], સ્ફારવિધિવેષ, સર્વભાષા વિશેષ, અભિધાનજ્ઞાન, ભૂષણ પરિધાન, ભૃત્યોપચાર, ગૃહાચાર, વ્યાકરણ, પરનિરાકરણ [૫૬] રાંધવું, વાળ બાંધવા, વીણાનાદ, વિતંડાવાદ, અંકવિચાર, લોક વ્યવહાર, અંત્યાક્ષરી,



પ્રશ્ન પ્રહેલિકા.

અહીં ઉપલક્ષણથી ઉપર કહેલ સિવાયની સ્ત્રી અને પુરુષની કળા પણ બીજા ગ્રંથમાં અને લોકમાં પ્રસિદ્ધ જાણવી. અહીં જે પુરુષકાળમાં સ્ત્રીકળાનું અને સ્ત્રીકળામાં પુરુષ કળાનું સાંકર્ય છે, તે બંનેના ઉપયોગીત્વથી છે. [શંકા] તો "ચોસઠ મહિલાગુણ" એ ગ્રંથ વિરોધ નથી ? [સમાધાન] આ ગ્રંથ સ્ત્રી માત્રના ગુણને જણાવવા માટે નથી, પરંતુ સ્ત્રી સ્વરૂપ પ્રતિપાદક છે, તેથી ક્યાંક પુરુષ ગુણપણામાં પણ વિરોધ નથી. - x -

સો શિલ્પ આ પ્રમાણે છે — કુંભાર, લુહાર, ચિત્ર, વણકર, નાપિત રૂપ પાંચ મૂળ શિલ્પ છે તે પ્રત્યેકના વીશ-વીશ ભેદો છે. - x - [શંકા] આ પાંચ મૂળ શિલ્પોની ઉત્પત્તિમાં નિમિત્ત શું છે ? [ઉત્તર] યુગલોને કાચા ધાન્યોના આહારમાં મંદાગ્નિપણાથી પચતું ન હોવાથી અગ્નિમાં નાંખતા, તુરંત બળી જવાથી યુગલ મનુષ્યોની વિનંતીથી હાથીના સ્કંધ ઉપર આરૂઢ ભગવંત વડે પહેલા દડાનું શિલ્પ પ્રગટ કરાયું, ક્ષત્રિયો હાથમાં શસ્ત્રો વડે જ દુષ્ટોથી પ્રજાની રક્ષા કરે, તેથી લોહ શિલ્પ, ચિત્રાંગ કલ્પવૃક્ષની હાનિ થવાથી ચિત્રકાર શિલ્પ, વસ્ત્ર કલ્પવૃક્ષમાં હાનિથી વણકર શિલ્પ, ઘણાં યુગલ ધર્મમાં પહેલાં ન વધતાં વાળ અને નખો, વધવા લાગતાં મનુષ્યોને માટે નાપિત શિલ્પ.

હેમાચાર્ય કૃત્ ઋષભ ચરિત્રમાં ગૃહાદિ નિમિત્ત વર્ધકી અને લુહારના યુગ્મરૂપ બીજું શિલ્પ કહેલ છે. બાકી બધું તે જ છે.

ભોગ્ય સત્કર્મવાળા અરહંત ભગવંતને સમુત્પન્ન વ્યાધિના પ્રતિકાર સમાન સ્ત્રી આદિ પરિગ્રહ કરે છે, બીજો નહીં, તો પછી નિરવદ્યમાં એક રુચિ એવા ભગવન્ કેમ સાવદ્યાનુબંધી કલાદિને દેખાડવામાં પ્રવૃત્ત થયા ? [સમાધાન] સમાનુભાવથી આજીવિકારહિત, દીન મનુષ્યોમાં દુઃખને વિચારીને સંજાત કરુણા એકરસત્વથી, સમુત્પન્ન વિવક્ષિત રસ સિવાય બીજો કોઈ રસ-સાપેક્ષ હોઈ નહીં. જેમ ભગવંત વીરે બ્રાહ્મણને વસ્ત્રદાન કર્યુ.

જો એમ છે તો ભગવંતે સમગ્ર વસ્ત્રનું દાન કેમ ન કર્યું? સત્ય છે, ભગવંતે ચાર જ્ઞાનના ધારકપણાથી તેને તેટલો જ માત્ર લાભ જોઈને અને અધિક યોગ ન હોવાથી ક્ષેમના નિર્વાહ માટે તેમ કર્યું. *[હીર-વૃત્તિ મુજબ - ભગવંત ઋષભનું સર્વલોક વ્યવહાર પ્રવર્તન પ્રજાના હિતને માટે હતું - x - x -]* - x - x - કલા આદિ ઉપાયથી પ્રાપ્ત સુખ વૃત્તિ - આજીવિકાથી ચોરી આદિ વ્યસન આસક્તિ પણ થતી નથી.

(શંકા) નામોક્ત હેતુ જગત્સ્વામીને કલાદિનું ઉપદર્શન ઠીક છે, પરંતુ રાજધર્મ પ્રવર્તકત્વ કઈ રીતે ઉચિત છે ? [સમાધાન] શિષ્ટના અનુગ્રહને માટે, દુષ્ટના નિગ્રહને માટે અને ધર્મસ્થિતિના સંગ્રહને માટે [યોગ્ય છે.]. તેઓ રાજ્યસ્થિતિ શ્રી વડે સમ્યક્ પ્રવર્તનારા, અનુક્રમે બીજા મહાપુરુષ માર્ગોપદર્શકતાથી ચોરી આદિ

વ્યસનના નિવર્તનથી, નરકના અતિથીપણાની નિવારકતાથી અને આલોક તથા પરલોકના સુખસાધકપણાથી પ્રશસ્ત જ છે, મહાપુરુષોની પ્રવૃત્તિ, બધે જ પરાર્થત્વ વ્યાપ્ત અને ઘણાં ગુણ-અલ્પદોષ કાર્ય-કારણની વિચારણા પૂર્વકના હોય છે. યુગની આદિમાં જગત્‌ની વ્યવસ્થા પ્રથમ રાજા વડે જ થવી તે આચાર છે.

સ્થાનાંગનાં પાંચમા અધ્યયનમાં પણ કહ્યું છે — ધર્મમાં વિચરનારને પાંચ નિશ્રાસ્થાન કહેલાં છે — છક્કાય, ગણ, રાજા, ગાથાપતિ અને શરીર. તેની વૃત્તિમાં - રાજાની નિશ્રાને આશ્રીને, રાજા એટલે નરપતિ, તેનું ધર્મસહાયકત્વ દુષ્ટોથી સાધુના રક્ષણ વડે કહ્યું છે એ પ્રમાણે પરમ કરુણાવાળા ચિત્તથી પરમ ધર્મ પ્રવર્તક ત્રણ જ્ઞાનયુક્ત ભગવંતનું રાજધર્મ પ્રવર્તકપણું કંઈ પણ અનૌચિત્ય મનમાં ન ચિંતવવું. - x - તેનો વિસ્તાર જિનભવન પંચાશક સૂત્રની વૃત્તિના યતના દ્વારમાં વ્યક્તરૂપે દર્શાવેલ છે, તે જાણી લેવું. - x -

અહીં ત્રીજા આરાને અંતે રાજ્ય સ્થિતિના ઉત્પાદમાં ધર્મસ્થિતિ ઉત્પાદ છે, પાંચમાં આરાને અંતે — ‘‘શ્રુત, સૂરિ, સંઘ અને ધર્મ પૂર્વાહ્નમાં વિચ્છેદ પામશે - x - ’’ એ વચનથી ધર્મસ્થિતિ વિચ્છેદમાં, રાજ્યસ્થિતિનો પણ વિચ્છેદ થશે, એ રીતે રાજ્યસ્થિતિનો ધર્મ સ્થિતિ હેતુપણે છે તેમ જાણવું.

ત્યારપછી ભગવંતે શું કર્યુ ? કલાદિનો ઉપદેશ કરી ભરત, બાહુબલિ વગેરે સો પુત્રોને કોશલા, તક્ષશિલાદિ સો રાજ્યમાં સ્થાપે છે. અહીં શંક આદિ પ્રભંજન સુધીના ભરતના ૯૮ ભાઈના નામો પ્રસિદ્ધ હોવાથી લખેલ નથી. દેશના નામો ઘણાં અપ્રસિદ્ધ છે.

હવે ભગવંતનું દીક્ષા કલ્યાણક કહે છે — ૮૩ લાખ પૂર્વ રાજ્યમાં રહી - ગૃહવાસમાં વસે છે અર્થાત્ ગૃહસ્થ પર્યાયે રહે છે. *[અહીં હીર-વૃત્તિમાં કહે છે — ૮૩ લાખ પૂર્વ મહારાજાપણે વાસ કરે છે, તેમાં વસે છે, જો કે તેમ નથી, કેમકે ૨૦-લાખ પૂર્વ કુમારવાસ મધ્યે રહે છે અને ૬૩-લાખ પૂર્વ મહારાજાવાસ મધ્યે વસે છે. અહીં ભાવિનો ભૂતવત્ ઉપચાર એ ન્યાયથી રાજ્યને યોગ્ય કુમાર રાજવત્ કુમારાવસ્થા પણ મહારાજાવસ્થાની જેમ વિવક્ષાથી સર્વ અવસ્થાને તેમ કહી છે.]*

પૂર્વોક્ત વ્યાધિપ્રતિકાર ન્યાયથી તીર્થંકરોનું ગૃહવાસમાં પ્રવર્તન છે, તે સામાન્યથી યથોક્ત જ છે, તેમાં દોષ નથી અથવા ‘‘મહાન્ અરાગ જેમાં છે તેવો વાસ’’ એમ યોજવું. તે ભગવંતની અપેક્ષા વડે એ પ્રમાણે જ છે. આના વડે ૬૩-લાખ મહારાજ મધ્યે વસે છે, તે પૂર્વ વચનનો વિરોધ નથી વસ્યા પછી —

જે આ ગ્રીષ્મનો પહેલો માસ, ગ્રીષ્મકાળ માસ મધ્યે પહેલો માસ, પહેલો પક્ષ તે ચૈત્ર કૃષ્ણ પક્ષ, તેની નવમી તિથિ-આઠમો દિવસ, તેમાં - આના વડે ‘ચૈત્રવદ આઠમ’ વાક્ય સાથે આગમમાં વિરોધ આવતો નથી અથવા વાચનાંતરથી નવમો પક્ષ - નવમી દિવસ, દિવસના-આઠમા દિવસના મધ્યદિનના ઉત્તરકાળમાં, જો કે દિવસ શબ્દ અહોરાત્રના અર્થમાં અન્યત્ર પ્રસિદ્ધ છે, તો પણ અહીં દિવસ - x - સૂર્યના



ચારનું વિશિષ્ટ કાળ વિશેષ ગ્રહણ કરવું. અન્યથા ‘‘દિવસના છેલ્લા ભાગે’’ એવો અર્થ થશે નહીં.

હિરણ્ય - ન ઘડેલ સુવર્ણ કે રજત, સુવર્ણ-ઘડેલું સોનું, કોશ-ભાંડાગાર, કોષ્ઠાગાર - ધાન્યનું આશ્રયગૃહ, બલ-ચાતુરંગ સેના, વાહન-વેસરાદિ, ધન-ગાય આદિ, કનક-સુવર્ણ, મૌક્તિક-આકાશાદિથી ઉત્પન્ન શુક્તિ, શંખ-દક્ષિણાવર્ત્ત, શિલા-રાજપટ્ટાદિરૂપ, પ્રવાલ-વિદ્રુમ, રક્તરત્ન-પદ્મરાગ, ઈત્યાદિ સ્વરૂપનું જે સારરૂપ દ્રવ્ય, તેને છોડીને-મમત્વનો ત્યાગ કરીને, વિચ્છર્દ - ફરી મમત્વ ન કરવા વડે, કઈ રીતે મમત્વ ત્યાગ? આ અસ્થિર હોવાથી જુગુપ્સા યોગ્ય છે એમ કહીને, નિશ્રાને ત્યજીને, કઈ રીતે? ગોત્રિકોને દઈને, ધનનો વિભાગ કરીને આપવા વડે, કેમકે ત્યારે અનાથ, માર્ગમાં યાચના કરનારા આદિનો અભાવ હતો, તેથી ગોત્રિક લીધાં, તેઓએ પણ મમત્વ રહિતતાથી ભગવંતની પ્રેરણાથી શેષ માત્ર સ્વીકાર્યું.

[અહીં આવશ્યકચૂર્ણિના સાક્ષીપાઠ સાથે હીરવૃત્તિમાં કહે છે — જે ગોત્રિકોને દાન, તે શેષા માત્ર જ છે, યાચના નથી. જે ઈચ્છિત યાચના કરનારને દાન, તે યાચકોને જ છે, બીજાને નથી. અહીં શંકા કરે છે કે — તીર્થંકર આગળ માંગવામાં બાધા શું છે? - x - યાચના વિના નિર્વાહકરણ સમર્થ ગૃહસ્થોને મહાપુરુષો પાસે યાચના કરવી અનુચિત છે, તેથી જ શ્રી મહાવીરદાન અધિકારમાં ‘‘દાતાર વડે દાન’’ એ પદ યાચકના ગ્રહણને માટે અધિક કહ્યું છે ઈત્યાદિ - x - x - x -]

આ જગત્ ગુરુનો આચાર છે કે જે ઈચ્છા મર્યાદાથી દાન આપે છે, અને તેમની ઈચ્છાપૂર્તિ કરે છે. અહીં ઈચ્છા સંબંધી આશંકા - x - નો ઉત્તર આપતા કહે છે — પ્રભુના પ્રભાવથી અપરિમિત ઈચ્છાનો તેમને અસંભવ છે. સુદર્શના શિબિકામાં બેઠા, ભગવંત કેવા વિશિષ્ટ લાગે છે? સ્વર્ગ-મૃત્યુ-પાતાલ લોક નિવાસી જન સહિતથી સમુદાય વડે સમ્યક્ અનુગમન કરાતા, આવા પ્રભુના આગળના ભાગે શાંખિકાદિ અભિનંદન અને અભિસ્તવન કરતાં આગળ પ્રમાણે કહે છે.

તેમાં શાંખિકો - હાથમાં ચંદનગર્ભ શંખવાળા માંગલ્ય કરનારા કે શંખ વગાડનારા, ચાક્રિક-ચક્ર ભમાડનારા, લાંગલિક-ગળામાં લટકાવેલ સુવર્ણાદિમય હળધારી ભટ્ટ વિશેષ, મુખમંગલિક-મીઠું બોલનાર, વર્દ્ધમાનકા-ખંભે મનુષ્યને બેસાડનારા, આખ્યાયક-શુભાશુભકથા કહેનારા, લંખ-વાંસડા ઉપર ખેલનારા, મંખ-હાથમાં ચિત્ર ફલકવાળા, ઘાંટિક-ઘંટા વાદક - x - x - x - પાંચમાં અંગસૂત્રમાં જમાલિ ચરિત્રમાં નિષ્ક્રમણ મહોત્સવ વર્ણનમાં શાંખિકાદિનું વર્ણન છે.

ઉપરોક્ત વિવક્ષિતોની વાણી દ્વારા અભિનંદાતા અને અભિસ્તવાતા એમ જોડવું. વિવક્ષિતપણાને કહે છે —

ઈચ્છવા યોગ્ય તે અતિ ઈષ્ટ, તેમના વડે, પ્રયોજન વશથી ઈષ્ટ પણ કંઈક સ્વરૂપથી કાંત અને અકાંત હોય, તેથી કહે છે — કાંત અર્થાત્ કમનીય શબ્દો વડે, પ્રિય-પ્રિય અર્થ વડે, મનોજ્ઞ-મન વડે સુંદરપણે જણાય તે મનોજ્ઞ-ભાવથી સુંદર, મનામ-મન વડે ફરી-ફરી જે સુંદરત્વથી અતિશય જણાય તેવા, ઉદાર-શબ્દથી અને અર્થથી, કલ્યાણ-કલ્યાણપ્રાપ્તિ સૂચક વડે, શિવ-નિરુપદ્રવ, શબ્દાર્થના દુષણોને છોડીને, ધન્યા-ધન લાભ કરાવનારી, માંગલ્ય-અનર્થના પ્રતિઘાતમાં સાધુ, સશ્રીકા વડે - અનુપ્રાસાદી અલંકાર યુક્ત એવી, હૃદયગમનીય - અર્થ પ્રાગટ્ય ચાતુરીપણાથી સુબોધા, હૃદય-પ્રહ્લાદનીય-હૃદયમાં રહેલ કોપ, શોકાદિ ગ્રંથિને ઓગાળી દેનારી, કાન અને મનને સુખ આપનારી, અર્થશતિકા - જેમાં સો અર્થો રહેલા છે તેવી અથવા અર્થ-ઈષ્ટકાર્ય - x - વાણી વડે.

અનવરત - વિશ્રામનો અભાવ, અભિનંદયંત - જય, જીવો ઈત્યાદિ કહેવા વડે, એ રીતે અભિસ્તવના કરતા, શું કહે છે ? જય-જય નંદ-સમૃદ્ધ થાવ, નંદ એ ભગવંતનું આમંત્રણ છે. અથવા હે જગત્નંદ તમે જય પામો ઈત્યાદિ. ભદ્ર-કલ્યાણવાળા, કલ્યાણકારી.

ધર્મ-કરણરૂપથી, અભિમાન કે લજ્જાદિથી નહીં, પરીષહ-ઉપસર્ગોથી ડરીને નહીં અર્થાત્ પરીષહ-ઉપસર્ગોને જીતનારા થાઓ. તથા ક્ષાંતિ વડે - અસામર્થ્યાદિ વડે નહીં, ક્ષમ-સહન કરનારા થાઓ. ભય - આકસ્મિક, ભૈરવ-સિંહાદિથી થયેલ અથવા ભૈરવભય - ભયંકર ભયોમાં ક્ષાંત થાઓ.

નાના વક્તૃણાં - વિવિધ વચનભંગી - x - ધર્મ-પ્રસ્તુત ચારિત્રધર્મ, અવિઘ્ન-વિઘ્નનો અભાવ, આપને થાઓ. એ પ્રમાણે બોલતા વારંવાર અભિનંદન અને અભિસ્તવન કરે છે.

હવે જે પ્રકારે નીકળે છે તે કહે છે — ત્યારપછી ઋષભકૌશલિક અરહંત હજારો નયન માલા વડે - શ્રેણીમાં રહેલ ભગવંતને જ માત્ર જોવાની ઈચ્છાવાળા નગરજનોના નેત્ર વૃંદો વડે જોવાતા-જોવાતા અર્થાત્ ફરી ફરી અવલોકન કરાતા, - x - યાવત્ નીકળે છે. જે રીતે પહેલાં ઉપાંગમાં ચંપાથી શ્રેણિક પુત્ર નીકળ્યો, તે પ્રમાણે અહીં કહેવું. વાચનાંતરથી યાવત્ આકુલ બોલ બહુલ આકાશને કરતાં, સુધી કહેવું. તેમાં જે વિશેષ છે, તે બતાવે છે — વિનીતા રાજધાનીની વચ્ચોવચ્ચથી નીકળે છે - x - ઉવવાઈ સૂત્રનો આલાવો આ પ્રમાણે છે —

હજારો હૃદયમાળા વડે અભિનંદન કરાતા, હજારો મનોરથ માળા વડે ઈચ્છાતા, હજારો વચનમાળા વડે અભિસ્તવાતા, કાંતિ-રૂપ-સૌભાગ્ય ગુણો વડે પ્રાર્થાતા, હજારો અંગુલિ માલા વડે દેખાડાતા, જમણા હાથથી ઘણાં હજારો નર-નારીની હજારો અંજલિ વડે અંજલિ કરાતા, મંજુલ ઘોષ વડે પ્રતિબોધિત કરાતા, હજારો ભવન પંક્તિને ઉલ્લંઘતા, તંતી-તાલ-તુટિત-ગીત-વાજિંત્રના રવ વડે મધુર-મનહર જય શબ્દના ઉદ્ઘોષ વિષયથી મંજુલ શબ્દોથી પ્રતિબોધિત કરાતા. - - -



- - - કંદર, ગિરિ, વિવર, કુહર, ગિરિવરના પડખામાં રહેલ ભવન, દેવકુળ, શ્રૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, આરામ, ઉદ્યાન, કાનન, સભા, પ્રપાતના દેશભાગ પ્રતિઘોષ કરાતા. ઘોડાનો હણહણાટ - હાથીનો ગુલગુલાટ, રથનો ઘણઘણાટ એ શબ્દોના મીશ્ર-મોટા કલકલ રવ વડે, લોકોના મધુર અવાજથી પૂરીત, સુગંધ શ્રેષ્ઠ કુસુમ-ચૂર્ણથી આકાશને વાસિત કરતા, કાળો અગરુ-કુંદુરુષ્ક-તુરુષ્કની ધૂપનો ક્ષેપ કરતાં જીવલોકની જેમ વાસિત કરીને, ચોતરફ ક્ષુભિત ચક્રવાલ પ્રચુર જન-બાલ-વૃદ્ધ પ્રમુદિત અત્વરિત નીકળ્યો.

ઉક્ત સૂત્રનો વ્યાખ્યાસાર આ પ્રમાણે છે —

હૃદયમાલ સહસ્ર - લોકાના મનસમૂહ વડે - સમૃદ્ધિને પામો, જય-જીવ-નંદ એમ આશીર્વાદના દાન વડે અભિનંદન કરાતા, મનોરથમાલા સહસ્ર - આની જ આજ્ઞામાં અમે રહીએ ઈત્યાદિ લોક વિકલ્પો વડે વિશેષ સ્પર્શાતા, વદન કે વચનમાળા સહસ્ર વડે અભિસ્તવાતા, પતિ કે સ્વામી પણે સ્ત્રી-પુરુષ જન દ્વારા અભિલાષા કરાતા, - x - અંજલિમાલા અર્થાત્ સંયુક્ત કર-મુદ્રા વિશેષ, તેનું વૃંદ, પ્રતિચ્છન્ન - ગ્રહણ કરતાં. અહીં શું કહે છે ? ત્રૈલોક્યનાથ પ્રભુ વડે લોકોમાં અમારી અંજલિરૂપ ભક્તિ મનમાં અવતરે. તે માટે જમણા હાથનું દર્શન, મહાપ્રમોદને માટે થાય એમ કરતાં.

મંજુમંજુના — અતિ કોમળ, ઘોષ-સ્વર વડે, પ્રતિપૃચ્છન્ - પ્રશ્ન કરતાં, પ્રણમન્ - સ્વરૂપાદિ વાર્તા, ભવન-વિનીતા નગરીના ઘરો, પંક્તિ-સમશ્રેણિ સ્થિતિ, પણ વિખરાયેલી સ્થિતિ નહીં. - x - ત્રુટિત-બાકીનાં વાદ્યો, તેનું વાદન, - x - x - ગીત-ગીત મધ્યમાં જે વાદિત-વાદન, તેના વડે જે રવ-શબ્દ, તેનાથી મધુર-મનોહર તથા જય શબ્દનો ઉદ્ઘોષ વિશદ્ - સ્પષ્ટપણે પ્રતિભાસ થતો જેમાં છે તે મંજુમંજુ ઘોષથી અને નગરજનના શબ્દોથી પ્રતિબોધિત કરાતા - સાવધાન કરાતા.

કંદર-પર્વતની દરાર, વિવર-ગુફા, કુહર-પર્વતના અંતર, ગિરિવર-શ્રેષ્ઠ પર્વત, પ્રાસાદ-સાત માળનો આદિ, ઉર્ધ્વઘનભવન- ઉચ્ચ અવિરલ ગૃહ, શ્રૃંગાટક - ત્રિકોણ સ્થાન, ત્રિક-જ્યાં ત્રણ શેરી ભેગી થાય, ચતુષ્ક - જ્યાં ચાર શેરી ભેગી થાય, ચત્વર - ઘણાં માર્ગો, આરામ-પુષ્પજાતિપ્રધાન વનખંડ, ઉદ્યાન-પુષ્પાદિવાળા વૃક્ષો, કાનન-નગરની નજીકના, સભા-બેઠક, પ્રપા-જળદાન સ્થાન, આ બધાંના જે પ્રદેશ-દેશ રૂપ ભાગ, તેને. તેમાં પ્રદેશ-લઘુતર ભાગ, દેશ-લઘુ ભાગ, પ્રતિશ્રુત-પડઘાં, તેમનાં સંકુલને કરતાં.

ઘોડાઓના હણહણાટ રૂપ, હાથીના ગુલગુલાયિત રૂપ અને રથોના ઘણઘણાહટરૂપ, એ શબ્દો વડે, લોકોના મિશ્રિત શબ્દથી મોટા કલકલ રવથી આનંદ શબ્દત્વથી મધુર-અક્રુર શબ્દોથી પૂરતાં, આકાશને તેમ યોગ જોડવો, તે ઉત્તરગ્રંથમાં વર્તે છે.

સુગંધી શ્રેષ્ઠ પુષ્પોનું ચૂર્ણ, તેની ઉંચે જતી વાસરેણુ એટલે વાસક રજ, તેના વડે આકાશને કપિલ કરતાં, કાળો અગરુ-કુંદુરુષ્ક - સિલ્હક - ધૂપ એટલે દશાંગઆદિનો ગંધ દ્રવ્ય સંયોગ, આ બધાંના વહેવાથી જાણે જીવલોક વાસિત જેવું [જણાય છે.] - x - ચોતરફ ક્ષુભિત-સાશ્ચર્યપણે સસંભ્રમ ચક્રવાલ - જનમંડલ થાય તે રીતે જાય છે પ્રચુર લોકો અથવા પૌરજનો, બાળ અને વૃદ્ધો જે પ્રમુદિત છે અને જલ્દી જલ્દી જઈ રહ્યા છે, તેમના અતિ વ્યાકુળના જે શબ્દ, તે જ્યાં ઘણાં છે એવા પ્રકારે આકાશને કરતાં. - x -

નીકળીને જ્યાં આવે છે, તે કહે છે — ગંધોદક વડે કંઈક સિંચેલ, કચરો શોધવા વડે પ્રમાર્જિત, તે કારણે જ પવિત્ર થયેલ, પુષ્પો વડે જે પૂજા તેનાથી યુક્ત - x - x - એ પ્રમાણે સિદ્ધાર્થવન સુધી વિપુલ રાજમાર્ગને કરતાં, તથા અશ્વ-હાથી-રથ અર્થાત્ અશ્વાદિ સેના તથા પદાતી ચડકર વૃંદ વડે જે રીતે મંદમંદ થાય તેમ. જે રીતે અશ્વાદિ સેના પાછળ ચાલે છે, તે રીતે બહુતર કે બહુતમ ઉંચે ઉડતી રજ વાળું કરતાં, જ્યાં સિદ્ધાર્થવન ઉદ્યાન છે, તેમાં જ્યાં શ્રેષ્ઠ અશોકવૃક્ષ છે, ત્યાં ભગવંત આવે છે.

ત્યાં આવીને શું કરે છે ? શ્રેષ્ઠ અશોકવૃક્ષની નીચે શિબિકાને સ્થાપન કરે છે, સ્થાપીને શિબિકામાંથી ઉતરે છે. ઉતરીને સ્વયં જ આભરણ-મુગુટ આદિ અને અલંકાર-વસ્ત્રાદિ - x - ત્યાગ કરે છે. કુલમહત્તરિકાના હંસલક્ષણ પટ્ટમાં મૂકીને, પોતે જ ચાર મુટ્ઠી વડે કરાતા એવા વાળનો લોચ કરે છે, - x - બીજા અલંકારાદિનો ત્યાગ કરવાપૂર્વક મસ્તકના અલંકારાદિનો ત્યાગ એ વિધિક્રમ છે, તેથી અંતે મસ્તક અલંકારરૂપ વાળનો ત્યાગ કરે છે. તીર્થંકરોને પંચમુષ્ટિક લોચનો સંભવ છતાં આ ભગવંત ચારમુષ્ટિક લોચવાળા છે.

શ્રી હેમાચાર્ય કૃત્ ઋષભ ચરિત્રાદિનો આ અભિપ્રાય છે - પહેલા એક મુટ્ઠી વડે દાઢી-મુંછનો લોચ કર્યો, ત્રણ મુટ્ઠી વડે મસ્તકનો લોચ કર્યો, એક મુટ્ઠી બાકી રહેલાં વાળ, પવનથી આંદોલિત થતાં સુવર્ણ મય જણાતાં ભગવંતના સ્કંધની ઉપર લોટતાં મરકતની ઉપમાને ધારણ કરતાં પરમ રમણીય કેશને જોઈને આનંદીત થયેલાં શક્ર વડે - ભગવન્ ! મારા ઉપર અનુગ્રહ કરીને આટલા કેશને ધારણ કરો, એમ વિનંતી કરતાં ભગવંતે પણ તે કેશ તેમજ રાખ્યા. - x - આ કારણે જ શ્રી ઋષભની મૂર્તિમાં સ્કંધોની ઉપર વલ્લરિકા કરાય છે. લુંચિત કેશ શક્ર વડે હંસલક્ષણપટ્ટમાં લઈ ક્ષીરસમુદ્રમાં નાંખ્યા.

છટ્ઠભક્ત - બે ઉપવાસરૂપ અને પાણીનો પણ ત્યાગ એ રીતે ચારે પ્રકારના આહાર ત્યાગ વડે અષાઢ - ઉત્તરાષાઢા નક્ષત્રથી ચંદ્રનો યોગ થતાં, આ પ્રભુએ આરક્ષકપણે નિયુક્ત-ઉગ્ર, ગુરુપણે વ્યવહરેલ-ભોગ, મિત્રરૂપે સ્થાપેલ તે રાજન્ય, બાકીની પ્રજારૂપે રહેલાં તે ક્ષત્રિય, એવા ૪૦૦૦ પુરુષો સાથે, આ બધાં પુરુષો ભાઈઓ, મિત્રો અને ભરત વડે પણ નિષેધ કરાયેલ છતાં કૃતજ્ઞપણાથી સ્વામીના





ઉપકારનું સ્મરણ કરતાં, સ્વામીના વિરહથી કરીને વાંત અન્નની માફક રાજ્ય સુખમાં વિમુખ થઈ, જેમ સ્વામી અનુષ્ઠાન કરશે તેમ અમે કરીશું એવો નિશ્ચય કરીને સ્વામીને અનુસરે છે.

[ભગવંત ઋષભ] શક્રએ પોતાના આચાર મુજબ ડાબે સ્કંધે અર્પિત એક દેવદૂષ્ય સ્વીકારીને, પણ રજોહરણાદિ લિંગ ન લઈને, કેમકે જિનેન્દ્રો કલ્પાતીત છે, મુંડ-દ્રવ્યથી માથાના વાળનો લોચ કરીને અને ભાવથી કોપાદિ રહિત થઈને, ગૃહવાસથી નીકળીને અનગારિતાગૃહી અર્થાત્ સંસારી, તેનો પ્રતિષેધ કરી અનગારી-સંયતનો ભાવ અર્થાત્ સાધુતાને પ્રાપ્ત કરી અથવા નિર્ગ્રન્થપણે પ્રવ્રજ્યા સ્વીકારી.

હવે પ્રભુનો વસ્ત્ર ધારણ કાળ કહે છે —

● **સૂત્ર-૪૪ :-**

***કૌશલિક ઋષભ અરહંત સાધિક એક વર્ષ વસ્ત્રધારી રહ્યા. ત્યારપછી અચેલક થાય.***

***જ્યારથી કૌશલિક ઋષભ અરહંત મુંડ થઈને ગૃહવાસત્યાગી નિર્ગ્રન્થ પ્રવ્રજ્યા લીધી, ત્યારથી કૌશલિક ઋષભ અરહંત નિત્ય કાયાને વોસિરાવીને, દેહ મમત્ત્વ તજીને, જે કોઈ ઉપસર્ગો ઉપજે છે, તે આ પ્રમાણે — દેવે કરેલ યાવત્ પ્રતિકૂળ કે અનુકૂળ, તેમાં પ્રતિકૂળ જેમ કોઈ વેંત વડે યાવત્ કશ વડે કાયાને પીટે કે અનુકૂળ - જેમકે વંદન કરે કે પર્યુપાસના કરે, તેવા ઉત્પન્ન થયેલ સર્વે પરીષહોને સમ્યક્ રીતે સહન કરે છે યાવત્ અધ્યાસિત કરે છે.***

***ત્યારે તે ભગવન્ શ્રમણ થયા, ઈર્યાસમિત યાવત્ પારિષ્ઠાપનિકા સમિત, મન સમિત, વચન સમિત, કાય સમિત, મનો ગુપ્ત યાવત્ ગુપ્ત બ્રહ્મચારી, ક્રોધરહિત યાવત્ લોભરહિત, શાંત, પ્રશાંત, ઉપશાંત, પરિનિવૃત્ત, છિન્ન સ્રોત, નિરૂપલેપ, શંખની જેમ નિરંજન, જાત્યકંચનવત્ જાત્યરૂપ, દર્પણગત્ પ્રતિબિંબવત્ પ્રાકૃત ભાવવાળા, કર્મવત્ ગુપ્તેન્દ્રિય, પુષ્કરપત્ર વત્ નિરૂપલેપ, આકાશવત્ નિરાલંબન, અનિલવત્ નિરાલય, ચંદ્ર જેવા સૌમ્ય, સૂર્ય જેવા તેજસ્વી, પક્ષી જેવા અપ્રતિબદ્ધગામી, સાગર જેવા ગંભીર, મેરુ પર્વત જેવા અકંપ, પૃથ્વી જેવા સર્વ સ્પર્શને સહન કરનાર, જીવની જેમ અપ્રતિહત ગતિ. [એવા પ્રકારના થયા]***

***તે ભગવંતને કોઈ પ્રકારનો પ્રતિબંધ નથી. તે પ્રતિબંધ ચાર પ્રકારે હોય છે, તે આ પ્રમાણે — દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી, દ્રવ્યથી અહીં - આ મારી માતા, મારા પિતા, મારો ભાઈ, મારી બહેન યાવત્ ચિરપરિચિત્ લોકો છે, મારુ સોનું, મારું રૂપુ યાવત્ ઉપકરણ અથવા સંક્ષેપથી સચિત્ત, અચિત્ત અને મિશ્ર દ્રવ્યજાત એ [મારા છે] એવું તે ભગવંતને ન હતું.***

***ક્ષેત્રથી ગ્રામ, નગર, અરણ્ય, ખેતર, ખળા, ગૃહ, આંગણ [આદિ] માં***

*તેમને કોઈ પ્રતિબંધ-આસક્તિ ન હતા.*

*કાળથી સ્તોક, લવ, મુહૂર્ત, અહોરાત્ર, પક્ષ, માસ, ઋતુ, અયન, સંવત્સર કે અન્ય કોઈ દીર્ઘકાળમાં તેમને કોઈ પ્રતિબંધ ન હતો.*

*ભાવથી ક્રોધમાં યાવત્ લોભમાં, ભયમાં, હાસ્યમાં તે ભગવંતને કોઈ પ્રતિબંધ-આસક્તિભાવ ન હતો.*

*તે ભગવંત વર્ષાવાસને વર્જીને હેમંત અને ગ્રીષ્મમાં ગામમાં એક રાત્રિ અને નગરમાં પાંચ રાત્રિ વિચરતા હાસ્ય, શોક, અરતિ, ભય, પરિત્રાસથી વર્જિત અને મમત્વ તથા અહંકાર રહિત થઈને લઘુભૂત, અગ્રંથ, વસુલ [કુહાડાથી] ચામડી છેદાવા છતાં દ્વેષ ન કરતાં, ચંદન વડે અનુલેપનમાં પણ અરક્ત હતા. ઢેફાં કે સુવર્ણમાં સમદૃષ્ટિ, આ લોકમાં અપ્રતિબદ્ધ, જીવિત-મરમમાં નિરવકાંક્ષ, સંસાર પારગામી, કર્મના સંગનું નિર્ઘાતન કરવામાં અભ્યુદ્યત હતા.*

*તે ભગવંતને આવા વિહારથી વિચરતા ૧૦૦૦ વર્ષ વ્યતીત થયા ત્યારે પુરિમતાલ નગરની બહાર શકટમુખ ઉદ્યાનમાં શ્રેષ્ઠ ન્યગ્રોધવૃક્ષની નીચે ધ્યાનાંતરિકામાં વર્તતા ફાગણવદ-૧૧-ના પૂર્વાહ્ણકાળ સમયમાં અષ્ટમ ભક્ત-નિર્જળ અઠ્ઠમ તપથી ઉત્તરાષાઢા નક્ષત્રમાં ચંદ્રમાંનો યોગ થયો ત્યારે અનુત્તરજ્ઞાનથી યાવત્ ચારિત્રથી, અનુત્તર તપથી, બળ-વીર્યથી, આલય વિહારથી, ભાવના-ક્ષાંતિ-ગુપ્તિ-મુક્તિ-તુષ્ટીથી, આર્જવ-માર્દવ-લાઘવથી, સુચરિત-સોપચિત-ફળ નિર્વાણ માર્ગથી આત્માને ભાવિત કરતાં અનંત અનુત્તર નિર્વ્યાઘાત નિરાવરણ સંપૂર્ણ પ્રતિપૂર્ણ શ્રેષ્ઠ કેવળજ્ઞાનદર્શન ઉત્પન્ન થયા, તેઓ જિન થયા, કેવલી-સર્વજ્ઞ-સર્વદર્શી, નૈરયિક-તિર્યંચ-મનુષ્ય-દેવ સહિત લોકના પર્યાયોને જાણે છે, જુએ છે. તે આ રીતે —*

*આગતિ, ગતિ, સ્થિતિ, ઉપપાત, ભુક્ત, કૃત્, પ્રતિસેવિત, પ્રગટ કર્મ, અપ્રગટ કર્મ, તે - તે કાળે મન-વચન-કાયના યોગ એ પ્રમાણે જીવોના સર્વભાવો, અજીવોના સર્વભાવો, મોક્ષમાર્ગના વિશુદ્ધતર ભાવો એ બધાંને જાણનારા-જોનારા તથા નિશ્ચે આ મોક્ષમાર્ગ મને અને બીજા જીવોને હિત-સુખ-નિઃશ્રેયસ્કર સર્વદુઃખવિમોચક અને પરમ સુખ સમાપન્ન થશે [તેવા જ્ઞાતા અને દૃષ્ટા થયા.]*

*ત્યારપછી ભગવંત ઋષભ શ્રમણ નિર્ગ્રન્થ અને નિર્ગ્રન્થીને ભાવના સહિત પાંચ મહાવ્રત, છ જીવનિકાય ધર્મનો ઉપદેશ કરતાં વિચરે છે, તે આ પ્રમાણે — પૃથ્વીકાયિકની ભાવનાનો આલાવો અને ભાવના સહિત પાંચ મહાવ્રતો અહીં કહેવા.*

*કૌશલિક ઋષભ અરહંતને ૮૪ ગણો અને ૮૪-ગણધરો હતા. કૌશલિક ઋષભ અરહંતને ઋષભસેન વગેરે ૮૪,૦૦૦ શ્રમણોની ઉત્કૃષ્ટ સંપદા થઈ. ભગવંત ઋષભને બ્રાહ્મી-સુંદરી વગેરે ત્રણ લાખ શ્રમણીઓની ઉત્કૃષ્ટ શ્રમણી*



*સંપદા થઈ. ભગવંત ઋષભને શ્રેયાંસ આદિ ત્રણ લાખ પાંચ હજાર શ્રમણોપાસકની ઉત્કૃષ્ટ શ્રમણોપાસક સંપદા થઈ. ભગવંત ઋષભને સુભદ્રા વગેરે પાંચ લાખ ચોપન હજાર શ્રમણોપાસિકાની ઉત્કૃષ્ટ સંપદા થઈ.*

*ભગવંત ઋષભને અજિન છતાં જિન સમાન, સર્વાક્ષર સંનિપાતિ, જિનની માફક અવિતથ નિરૂપણા કરનાર ૪૭૫૦ ચૌદ પૂર્વીની ઉત્કૃષ્ટ સંપદા થઈ. ભગવંત ઋષભને ઉત્કૃષ્ટ ૯૦૦૦ અવધિજ્ઞાની, ૨૦,૦૦૦ કેવલી, ૨૦,૬૦૦ વૈક્રિયલબ્ધિધર, ૧૨,૬૫૦ વિપુલમતિ મનઃપર્યવજ્ઞાની એ પ્રમાણે ઉત્કૃષ્ટ સંપદા થઈ.*

*ભગવંત ઋષભને ગતિ કલ્યાણક - સ્થિતિ કલ્યાણક - આગમિષ્યભદ્ર ૨૨,૯૦૦ મુનિઓ અનુત્તરોપપાતિકમાં ગયા. ૨૦,૦૦૦ શ્રમણો સિદ્ધ થયા, ૪૦,૦૦૦ શ્રમણી સિદ્ધ થયા, એ રીતે ૬૦,૦૦૦ અંતેવાસી સિદ્ધિ ગતિને પામ્યા.*

*ભગવંત ઋષભના ઘણાં અંતેવાસી અણગારો હતા. તેમાં કેટલાંક એક માસના પર્યાયવાળા હતા ઈત્યાદિ જેમ ઉવવાઈમાં કહ્યા છે તેમ સર્વે અણગારનું વર્ણન કરવું યાવત્ ઉર્ધ્વજાનૂ, અધોશિર થઈને ધ્યાનરૂપી કોઠામાં ઉપગત થઈ, સંયમ અને તપ વડે આત્માને ભાવિત કરતાં વિચરતા હતા.*

*અરહંત ઋષભને બે પ્રકારે અંતકર ભૂમિ થઈ. તે આ રીતે — યુગાંતકર ભૂમિ અને પર્યાયાંતકર ભૂમિ, યુગાંતકરભૂમિ યાવત્ અસંખ્યાત પુરુષયુગ સુધી રહી અને પર્યાયાંતકર ભૂમિ અંતર્મુહૂર્ત પર્યાયમાં [કોઈ કેવલીએ જીવનનો] અંત કર્યો.*

● **વિવેચન-૪૪ :-**

કૌશલિક ઋષભ અરહંત સાધિક અર્થાત્ એકમાસ સહિત સંવત્સર - વર્ષ સુધી વસ્ત્રધારી રહ્યા, પછી પરમ અચેલક થયા. અહીં જે કોઈ લિપિ પ્રમાદ - આદર્શોમાં આ અધિક કહે છે, તે આવશ્યક ચૂર્ણિમાં ઋષભના દેવદૂષ્ય અધિકારમાં આ આલાપક જાણવો — "શક્ર લાખ મૂલ્યવાળા દેવદૂષ્યને બધાં જિનેશ્વરને ખંભે સ્થાપિત કરે, વીરને સાધિક એક વર્ષ રહ્યું, બધાંની તે જ સ્થિતિ જાણવી.

શ્રમણ થઈને પ્રભુ કઈ રીતે પ્રવૃત્ત થયા ? તે કહે છે — જ્યારથી કૌશલિક ઋષભ અરહંત પ્રવ્રજિત થયા, ત્યારથી નિત્ય પરિકર્મના વર્જન વડે કાયાને વોસિરાવીને, પરીષહાદિના સહેવા દ્વારા શરીરનો ત્યાગ કરીને, તથા જે કોઈ ઉપસર્ગો ઉત્પન્ન થતાં, જેમકે દિવ્ય - દેવે કરેલા, યાવત્ શબ્દથી મનુષ્ય કે તિર્યંચે ઉત્પન્ન કરેલા. તે પ્રતિકૂળપણે વેદાતા હોય કે અનુકૂળપણે વેદાતા હોય. તેમાં પ્રતિકૂળપણે - વેગ વડે - જળવાંસથી યાવત્ શબ્દથી ત્વચા-છિવા કે લતા વડે, કષ-ચર્મદંડ વડે કોઈ દુષ્ટાત્મા - x - મારે, તાડન કરે. અનુકૂળ ઉપસર્ગ તે - વંદન કરે, યાવત્ શબ્દથી પૂજે, સત્કાર કરે, સન્માન કરે, ઈત્યાદિ.

તેમાં વંદન - સ્તુતિ કરવા વડે, પૂજા - પુષ્પાદિ વડે, સત્કાર વસ્ત્રાદિ વડે, સન્માન - અભ્યુત્થાનાદિ વડે, કલ્યાણ - ભદ્રકારિપણાથી, મંગલ - અનર્થ-પ્રતિઘાતિત્વથી, દેવતા-ઈષ્ટ દેવતા સમાન, ચૈત્ય-ઈષ્ટ દેવતાની પ્રતિમા સમાન, પર્યુપાસના-સેવે.

તે પ્રતિકૂળ અને અનુકૂળ ભેદથી ઉપસર્ગોને સમ્યક્ રીતે અને ભયના અભાવથી સહન કરે યાવત્ શબ્દથી ક્રોધના અભાવથી ખમે, દિનતા ધારણ કર્યા વિના તિતિક્ષા કરે, અવિચલકાયપણે અધ્યાસે.

હવે ભગવંતની શ્રમણાવસ્થાને વર્ણવે છે – ત્યારપછી તે ભગવંત શ્રમણ-મુનિ થયા. કેવા સ્વરૂપના ? ઈર્યા - ગમનાગમનમાં સમિત - સમ્યક્ પ્રવૃત્ત અર્થાત્ ઉપયોગવાળા યાવત્ શબ્દથી ભાષા સમિત - નિરવધ ભાષાણમાં ઉપયોગવંત, એષણા - પિંડ વિશુદ્ધિમાં, આધાકર્માદિ દોષરહિત ભિક્ષા ગ્રહણમાં ઉપયોગવંત, ભાંડ માત્ર - ઉપકરણ માત્રના ગ્રહણમાં અને મૂકવામાં ઉપયોગવંત અર્થાત્ પ્રત્યુપેક્ષણાદિ સુંદર ચેષ્ટા વડે યુક્ત અથવા આદાન સાથે ભાંડમાત્રનું નિક્ષેપણ, ઉચ્ચાર-મળ, પ્રશ્રવણ-મૂત્ર, ખેલ-કફ, સિંઘાન-નાકનો મલ, જલ્લ-શરીરનો મેલ, એ બધાંનું પારિષ્ઠાપન - સર્વ પ્રકારે અપુનર્ગ્રહણપણે મૂકવું અર્થાત્ પરિત્યાગ કરવો તે. પારિષ્ઠાપનામાં સુંદર ચેષ્ટા-ક્રિયા, તેમાં ઉપયોગવંત - x - x - થયા.

જો કે આ છેલ્લી બે સમિતિ ભગવંતને ભાંડ, સિંઘાનકાદિ અસંભવ હોવા છતાં અખંડનાર્થે કહેલી છે. તે બાદર પ્રેક્ષણ જણાય છે. સૂક્ષ્મ પ્રેક્ષણથી તો જેમ વસ્ત્રૈષણાના અસંભવ છતાં સર્વથા એષણા સમિતિનો ભગવંતને અસંભવ નથી, કેમકે આહારાદિમાં તેનો ઉપયોગ છે. તથા બીજા ભાંડના અસંભવમાં પણ દેવદૂષ્ય સંબંધી ચોથી સમિતિ હોય જ છે. જેમ ભગવંત વીરના બ્રાહ્મણને વસ્ત્રદાનમાં આદાન-નિક્ષેપ છે. એ પ્રમાણે શ્લેષ્માદિના અભાવમાં પણ નીહાર [સ્થંડિલ] પ્રવૃત્તિમાં પાંચમી સમિતિ છે, એટલું પ્રસંગથી કહ્યું.

તથા મન સમિત-કુશળ મનોયોગ પ્રવર્તક, વચનસમિત - કુશળ વાક્યોગ પ્રવર્તક, ભાષા સમિત કહેવા છતાં જે વચન સમિત એમ કહ્યું. તે બીજી સમિતિમાં અતિ આદરના નિરૂપણને માટે અને ત્રણ કરણની શુદ્ધિના સૂત્રમાં સંખ્યા-પૂરણ અર્થમાં છે. કાય સમિત - પ્રશસ્ત કાયાના વ્યાપારવાળો - પ્રવૃત્ત જાણવો.

મનોગુપ્ત - અકુશલ મનોયોગને રૂંધનાર, યાવત્ શબ્દથી વચનગુપ્ત-અકુશલ વાક્યોગના રોધક, કાયગુપ્ત-અકુશલ કાયયોગના રોધક. એ પ્રમાણે સત્પ્રવૃત્તિરૂપ સમિત અને અસત્પ્રવૃત્તિ નિરોધ રૂપ ગુપ્ત, એમ જાણવું, તેથી જ ગુપ્ત કેમકે સર્વથા સંવૃત્ત છે. તેમાં જ વિશેષણ દ્વારા હેતુને કહે છે –

ગુપ્તેન્દ્રિય - શબ્દાદિ ઈન્દ્રિય વિષયોમાં રાગ-દ્વેષ રહિતપણે પ્રવર્તન કરવાથી તથા ગુપ્તિ વડે વસતિ આદિથી યત્નપૂર્વક રક્ષિત હોવાથી ગુપ્ત. બ્રહ્મ-મૈથુન વિરતિરૂપ વિચરનારા. અક્રોધ, અહીં યાવત્ શબ્દથી અમાન, અમાયા પદ બંને લેવા, અલોભ.



અહીં ચારેમાં સ્વલ્પ અર્થમાં નિષેધ જાણવો. તેથી સ્વલ્પ ક્રોધાદિ વડે, અન્યથા સૂક્ષ્મ સંપરાય ગુણ સ્થાનક સુધીના લોભોદયની ઉપશાંત મોહ અવધિ અને ચારે પણ ક્રોધાદિનો સત્તામાં સંભવ છતાં તેનો અભાવ સંભવે છે. આ પ્રમાણે કેમ હોય ? તે કહે છે –

શ્રાંત-ભવભ્રમણથી પ્રસ્વાંત-પ્રકૃષ્ટ ચિત્ત, ઉપસર્ગાદિ આવવા છતાં ધીરચિત્ત-પણાથી, ઉપશાંત છે, તેથી જ પરનિર્વૃત છે. કેમકે સર્વ સંતાપ વર્જિત છે. છિન્નસ્રોત-છિન્ન સંસાર પ્રવાહ અથવા છિન્નશોક, નિરુપલેપ-દ્રવ્ય અને ભાવમલરહિત.

હવે ઉપમાન સહિત ચૌદ વિશેષણો વડે ભગવંતને વિશેષથી કહે છે – શંખની જેમ જેમાંથી મંજન ચાલી ગયેલ છે તે - કર્મ જીવમાલિન્ય હેતુપણાથી આ ઉપમા છે. જાત્ય કનક - સોળ વર્ણના સુવર્ણની જેમ. જાતરૂપ - સ્વરૂપ, રાગ આદિ કુદ્રવ્યથી રહિત છે તે. આદર્શ-અરીસો, તેમાં પ્રતિબિંબની જેમ પ્રગટ ભાવ અર્થાત્ જેમ અરીસામાં પ્રતિબિંબિત વસ્તુનું જેમ-જેમ પ્રાપ્ત સ્વભાવ આંખ-મુખ આદિ દેખાય છે, તેમ સ્વામીના પણ યથાસ્થિત મનના પરિણામ દેખાય છે. પણ શઠવત્ દેખાતા નથી.

કાચબાની માફક ગુપ્તેન્દ્રિય, કાચબો જ મસ્તકથી પગ સુધીના પાંચ અવયવોથી ગુપ્ત હોય છે, તેમ ભગવંત પણ પાંચ ઈન્દ્રિયો વડે ગુપ્ત છે. પૂર્વોક્ત ગુપ્તેન્દ્રિયપણું દૃષ્ટાંત દ્વારા કહ્યું તેથી તેમાં પુનરુક્તિ નથી.

પુષ્કરપત્ર સમાન નિરૂપલેપ, કાદવ અને જળ સમાન સ્વજન વિષયક સ્નેહ રહિત, આકાશની જેમ નિરાલંબન - કુળ, ગ્રામ, નગરાદિ નિશ્રા રહિત. વાયુની જેમ વસતિના પ્રતિબંધ રહિત, કેમકે યથોચિત સતત વિહારપણું છે. અહીં એવું કહે છે – જેમ વાયુ બધે જ વહેવાના કારણે અનિયતવાસી છે, તેમ ભગવંત છે.

ચંદ્રની જેમ સૌમ્યદર્શન - અરૌદ્રમૂર્તિ, સૂર્યની જેમ તેજસ્વી-પરતીર્થિકને અપહાર કરવાથી કહ્યા. પક્ષીની જેમ અપ્રતિબદ્ધપણે જવાના સ્વભાવવાળા છે. અર્થાત્ સ્થલચર અને જલચરને સ્થળ અને જળની નિશ્રાએ ગમન હોય છે, તેવું વિહગ-આકાશગામીને હોતું નથી, પોતાના અવયવરૂપ પાંખોથી તેઓ ગમન કરે છે. તેમ વિહગવત્ આ પ્રભુ અનેક અનાર્ય દેશોમાં કર્મના ક્ષયમાં સહાય કરનાર પ્રત્યે અનપેક્ષ થઈ સ્વશક્તિથી વિચરે છે.

સાગર જેવા ગંભીર - બીજા વડે મધ્ય ભાગ અપ્રાપ્ય, નિરૂપમ જ્ઞાનવાળા હોવા છતાં બીજાએ ખાનગીમાં સેવેલ દુશ્ચરિત્રને જાહેર ન કરનારા, હર્ષ-શોકાદિ કારણોનો સદ્ભાવ હોવા છતાં તેના વિકારને નહીં જોનારા. મેરુ જેવા અકંપ, કેમકે સ્વપ્રતિજ્ઞા અને તપઃસંયમમાં દૃઢ આશયપણાથી પ્રવર્તે છે. પૃથ્વીની જેમ સર્વ અનુકૂળ કે પ્રતિકૂળ સ્પર્શને સહન કરનારા છે.

જીવની જેમ અપ્રતિહત - અસ્ખલિત ગતિવાળા છે. જેમ જીવની ગતિ ભીંત આદિ વડે હણાતી નથી, તેમ કોઈપણ પાખંડી વડે આર્ય-અનાર્ય દેશોમાં સંચરતા

પ્રભુ પણ છે.

પ્રભુને કદાચ બીજો કોઈ ગતિ વિઘાતક ન બને, પણ પોતાના પ્રતિબંધ-આસક્તિથી ગતિ ન હણાય તે માટે કહે છે — તે ભગવંતને ક્યાંય પણ પ્રતિબંધ - ''આ મારું છે અને હું આનો છું'' એવા આશયરૂપ આસક્તિ નથી. આ જ વાત સંસાર શબ્દથી જણાવે છે — 'આ મારું' એ સંસાર છે અને ન હું - ન મારું એ નિવૃત્તિ છે. - x -

આ પ્રતિબંધ દ્રવ્યથી - દ્રવ્યને આશ્રીને, એ પ્રમાણે ક્ષેત્ર ઈત્યાદિ પણ જાણવા. - x -

આ લોકમાં મારી માતા, મારા પિતા, યાવત્ શબ્દથી મારી પત્ની, મારો પુત્ર, મારી પુત્રી, મારી પુત્રવધૂ ઈત્યાદિ. તેમાં ધૂઆ - પુત્રી, નપ્તા-પૌત્ર, સ્નુષા - પુત્રવધૂ, સખા-મિત્ર, સ્વજન-કાકા આદિ સગ્રન્થ - સ્વજનના સ્વજન, ભત્રીજો-શાળો આદિ. સંસ્તુત-વારંવાર દર્શનથી પરિચિત, આ બધાંને જીવપર્યાય હોવાથી દ્રવ્યત્વ કહ્યું. મારું રુપુ, મારુ સોનું યાવત્ શબ્દથી મારું કાંસુ, મારા વસ્ત્ર, મારું ધન ઈત્યાદિ, ઉપકરણ - ઉક્ત વ્યતિરિક્ત. આ યાવત્ પદ સંગ્રહ મૂળમાં અદૃષ્ટ હોવાથી મારા વડે સિદ્ધાંત શૈલીથી પ્રગટ કરીને સ્થાનની અશૂન્યતા માટે લખેલ છે. તે સૈદ્ધાંતિકોએ તેના મૂળપાઠને શોધવાને ઉધમ કરવો જોઈએ.

બીજા પ્રકારે દ્રવ્ય પ્રતિબંધ કહે છે — ઉક્ત રીતિથી વ્યક્ત કરવાનું કથન અશક્ય હોવાથી સંક્ષેપથી કહે છે. સચિત્ત-દ્વિપદાદિ, અચિત્ત-હિરણ્યાદિ, મિશ્ર-હિરણ્યથી અલંકૃત્ દ્વિપદાદિ. દ્રવ્યજાત-દ્રવ્ય પ્રકારમાં કે સમુચ્ચયમાં, તે પ્રતિબંધ તે ભગવંતને નથી અર્થાત્ મારું આ - એવો આશયબંધ હોતો નથી.

ક્ષેત્રથી - એ પ્રાયઃ વ્યક્ત છે. વિશેષ એ કે — ક્ષેત્ર એટલે ધાન્યની જન્મભૂમિ, ખેતર. ખલ-ધાન્યને મેળવવા કે પચનાદિ ભૂમિ, ખળો. એ પ્રમાણે આશયબંધ, તે ભગવંતને નથી.

કાળથી - સાત પ્રાણ પ્રમાણ-સ્તોક, સાત સ્તોક પ્રમાણ - લવ, મુહૂર્ત-૭૭ લવ પ્રમાણ, અહોરાત્ર-૩૦ મુહૂર્ત પ્રમાણ, પક્ષ-પંદર અહોરાત્ર પ્રમાણ, માસ-બે પક્ષ પ્રમાણ, ઋતુ - બે માસ પ્રમાણ, અયન-ત્રણ ઋતુ પ્રમાણ, સંવત્સર - બે અયન પ્રમાણ, તે સિવાયનો સો વર્ષ આદિ કોઈ દીર્ઘકાળ, ઉક્ત રીતે તેમને પ્રતિબંધ નથી. મને આ ઋતુ અનુકૂળ છે, આ ઋતુ પ્રતિકૂળ છે એવી મતિ તેમને નથી. જેમકે શ્રીમંતોને શીત ઋતુ અનુકૂળપણે પ્રતિબંધ કરે છે, નિર્દ્ધનોને ઉષ્ણ ઋતુ અનુકૂળ પ્રતિબંધ કરે છે - ઈત્યાદિ.

ભાવથી - સરળ છે, વિશેષ એ કે — કદાગ્રહના વશથી હં ક્રોધાદિને તજીશ નહીં એવી બુદ્ધિ તેમને હોતી નથી. આ સૂત્રના ઉપલક્ષણ રૂપ, તેના વડે ન કહેવાયેલ બધાં પાપસ્થાનો અહીં ભાવમાં લેવા.

હવે ભગવન્ કઈ રીતે વિચરે છે, તે કહે છે — ભગવંત વર્ષામાં - પ્રાવૃટ્કાળમાં



વાસ-અવસ્થાન, તેને વર્જીને હેમંત-શીત કાળ માસ, ગ્રીષ્મ-ઉષ્ણકાળમાસ, તેમાં ગામમાં - નાના સંનિવેશમાં એક રાત્રિ વસવા વડે તે એકરાત્રિક અર્થાત્ એક દિન વસનાર, નગર મોટા સંનિવેશમાં પાંચ રાત્રિ વસવા વડે તે પાંચ દિન વસનાર.

*[અહીં હીર-વૃત્તિમાં કહે છે — ''ગામમાં એકરાત્રિ'' ઈત્યાદિ પ્રવચન બળથી સાધુને મુખ્યવૃત્તિથી આમ જ હોય તેવી શંકા કરે છે. સાધુને આશ્રીને આ પ્રમાણે સૂત્રપાઠ-અભિગ્રહ વિશેષ જ જાણવો. ઉવવાઈ સૂત્રની વૃત્તિમાં તેમજ વ્યાખ્યાન છે. તેથી જ સામાન્યથી સાધુના વિહારમાં વિચિત્રતા પણ આગમમાં પ્રસિદ્ધ છે. તેથી જ એક દિવસ-પાંચ દિવસ કે મહિના સુધી જેમ સમાધિ રહે તેમ - ઈત્યાદિ કહ્યું છે.]*

જો કે દિવસ શબ્દ - અહોરાત્રવાચી છે, તો પણ રાત્રિ શબ્દ પણ અહોરાત્રવાચી છે, તો પછી દિવસ શબ્દનું ગ્રહણ કેમ ન કર્યુ ? રાત્રિનો વિહાર અસંયમહેતુપણે છે. તેથી ચાર જ્ઞાની તીર્થંકર પણ અવગૃહીત વસતિમાં રાત્રિના વસ કરે છે, તેવો વૃદ્ધ આમ્નાય છે.

હાસ્ય-શોકાદિ ચાલ્યા ગયા છે તેવા — તેમાં અરતિ-મન વડે અનૌત્સુતાથી ઉદ્વેગનું ફળ. રતિ-તેનો અભાવ. પરિત્રાસ-આકસ્મિક ભય, બાકીના શબ્દો પ્રસિદ્ધ છે. મમ - 'મારુ' શબ્દ જેમનામાંથી નીકળી ગયો છે તે. અર્થાત્ પ્રભુને 'મારુ' એવા અભિલાપથી અભિલાપ નથી અર્થાત્ જેમાં મારું-મારું નથી એવી સાધુતા, નિરહંકાર - હું - હું એમ કરવું તે અહંકાર, તે જેમાંથી ચાલ્યો ગયો છે તે.

લઘુભૂત-ઉર્ધ્વગતિક હોવાથી, તેથી જ બાહ્ય-અભ્યંતર પરિગ્રહ રહિત. વાસ્ય-સુથારનું શસ્ત્રવિશેષ તેના વડે જે છોલવું અર્થાત્ ચામડીને ઉખેડવી તે, તેમાં દ્વેષરહિત, ચંદન વડે લેપમાં રાગ વગરના. લેષ્ટપત્થર અને સોનામાં સમભાવી, ઉપેક્ષણીય હોવાથી બંનેમાં સમાન ભાવને ભજનાર-ધારણ કરનારા.

આ લોકમાં - વર્તમાન ભવમાં, મનુષ્યલોકમાં. પરલોક-દેવના ભવાદિમાં આસક્તિ રહિત. તેમાં અતિસુખની તૃષ્ણારહિત. જીવનમાં કે મરણમાં આકાંક્ષા રહિત - ઈન્દ્ર, નરેન્દ્રાદિ પૂજાની પ્રાપ્તિમાં જીવિત અને ભયંકર પરીષહ પ્રાપ્તિમાં મરણ વિશે નિસ્પૃહ. - x - કર્મોનો સંગ-અનાદિ કાલીન જીવપ્રદેશો સાથેનો સંબંધ, તેનું નિર્ઘાતન-છુટા પાડવા તેને માટે ઉધત થઈ વિચરે છે.

હવે જ્ઞાનકલ્યાણકનું વર્ણન કરે છે — ભગવંતને હમણાં કહેલા વિહારથી વિચરતા ૧૦૦૦ વર્ષ વીત્યા પછી પુરિમતાલ નગરની બહાર શકટમુખ ઉધાનમાં ન્યગ્રોધના શ્રેષ્ઠવૃક્ષની નીચે ધ્યાનાંતરિકા-વિચ્છેદનું કરવું તે અંતરિકા, અથવા અંતર તે જ આંતર્ય - x - આંતરી કે આંતર્ય જ અંતરિકા, ધ્યાનાંતરિકા - આરંભેલ ધ્યાનની સમાપ્તિ અને અપૂર્વનો અનારંભ, તેમાં વર્તતા એવા.

અહીં શું કહેવા માંગે છે? (૧) પૃથકત્વવિતર્ક સવિચાર, (૨) એકત્વવિતર્ક અવિચાર, (૩) સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતિ, (૪) વ્યુચ્છિન્ન ક્રિયા અનિવર્તિ. એ ચાર ચરણરૂપ શુક્લ ધ્યાનના બે ચરણના ધ્યાનમાં અને છેલ્લા બે ચરણને ન

પામીને. યોગનિરોધરૂપ ધ્યાનનું ચૌદમાં ગુણસ્થાનકવર્તી હોવાથી કેવલીને જ સંભવે છે.

એ રીતે ફાગણવદ-૧૧ ના પૂર્વાહ્ણ કાળરૂપ જે સમય-અવસર, તેમાં અઠ્ઠમ ભક્ત - આગમ કથિત ત્રણ ઉપવાસરૂપ અને તે પણ નિર્જળ, તેમાં ઉત્તરાષાઢા નક્ષત્રમાં ચંદ્ર સાથે યોગ થયો ત્યારે - x - અનુત્તર-ક્ષપક શ્રેણિ સ્વીકારીને કેવળ આસન્નપણે પરમ વિશુદ્ધિપદ પ્રાપ્તપણાથી જેમાં ઉત્તર-પ્રધાન અગ્રવર્તી કે છાદ્મસ્થિક જ્ઞાન વિદ્યમાન રહેલ નથી તે. તેવા જ્ઞાનથી - તત્ત્વાવબોધરૂપ.

એ પ્રમાણે યાવત્ શબ્દથી દર્શન વડે - ક્ષાયિક ભાવ પામીને, સમ્યકત્વ વડે. ચારિત્ર - વિરતિ પરિણામરૂપ ક્ષાયિક ભાવને પામીને, તપ વડે, બળ-સંહનનથી ઉઠેલ પ્રાણ વડે, વીર્ય-મનના ઉત્સાહ વડે, આલય - નિર્દોષ વસતિ વડે, વિહાર-ગોચર-ચર્યાદિથી ફરવા રૂપ વડે, ભાવના-મહાવ્રત સંબંધી મનોગુપ્તિ આદિરૂપ અથવા પદાર્થોના અનિત્યત્વાદિ ચિંતનરૂપ વડે [તથા] - -

- - - ક્ષાંતિ - ક્રોધ નિગ્રહ વડે, ગુપ્તિ-પૂર્વે વ્યાખ્યા કરેલ છે, તેના વડે, મુક્તિ - નિર્લોભતા વડે, તુષ્ટિ - ઈચ્છાની નિવૃત્તિ વડે, આર્જવ-માયાના નિગ્રહ વડે, માર્દવ-માનના વિગ્રહ વડે, લાઘવ-ક્રિયામાં દક્ષ ભાવથી, સોપચિત - ઉપચય સહિત, પુષ્ટ. આવા પ્રકારના પ્રસ્તાવથી નિર્વાણ માર્ગ સંબંધી, સુચરિત - સત્ આચરણ વડે ફળ-ક્રમથી મુક્તિ લક્ષણ જેમાંથી છે, તેવો જે નિર્વાણ માર્ગ - અસાધારણ રત્નત્રયરૂપ, તેના વડે આત્માને ભાવિત કરતાં, શ્રેષ્ઠ કેવળ જ્ઞાન-દર્શન સમુત્પન્ન થયા. એ પ્રમાણે અન્વય છે.

તેમાં અવિનાશીપણાથી અનંત, સર્વોત્તમપણાથી અનુત્તર, ભીંત આદિ વડે અપ્રતિહતપણાથી નિર્વ્યાઘાત, ક્ષાયિકપણાથી નિરાવરણ, સર્વ અર્થના ગ્રાહકપણાથી સંપૂર્ણ, પૂર્ણચંદ્રની માફક સર્વ કલાંશોથી યુક્ત હોવાથી પરિપૂર્ણ, કેવલ-અસહાય કેમકે ''છાદ્મસ્થિક જ્ઞાન નષ્ટ થતાં'' એવું વચન છે. પરમ-પ્રધાન જ્ઞાન અને દર્શન - x - તેમાં સામાન્ય-વિશેષ ઉભયાત્મક જ્ઞેય વસ્તુનું જ્ઞાન તે વિશેષ અવબોધરૂપ છે અને દર્શન-સામાન્ય અવબોધરૂપ છે. અહીં કહેવાનો આશય આ પ્રમાણે છે —

દૂરથી જ તાલ-તમાલ આદિ વૃક્ષસમૂહને વિશિષ્ટ વ્યક્તિ રૂપપણે અનવધારિત અવલોકતા પુરુષને સામાન્યથી વૃક્ષમાત્રની જ પ્રતિતિ કરાવે છે, તે અપરિસ્ફૂટ કંઈપણ રૂપને ચકાસે છે તે દર્શન. - x - પરંતુ તે જ તાલ-તમાલાદિને વ્યક્તિરૂપપણે અવધારવું, તે જ વૃક્ષ સમૂહને જોતા વિશિષ્ટ વ્યક્તિ પ્રતીતિ જનક પરિસ્ફૂટ રૂપને જુએ છે, તે જ્ઞાન છે.

(શંકા) આ અનુભવસિદ્ધ જ્ઞાનમાં છદ્મસ્થોને વિશેષ ગ્રાહકતા અને દર્શનમાં સામાન્ય ગ્રાહકતા, પરંતુ કેવલીને જ્ઞાન લક્ષણમાં સામાન્યાંશના અગ્રહણથી દર્શન વડે વિશેષાંશ ગ્રહણનો અભાવ વડે, બંને પણ સર્વાર્થ વિષયત્વ વિરુદ્ધ ન થાય ?



(સમાધાન) જ્ઞાન ક્ષણમાં જ કેવલીને જ્ઞાનમાં યાવત્ વિશેષને ગ્રહણ કરે ત્યારે સામાન્ય પ્રતિભાસે જ છે. અશેષ વિશેષ રાશિરૂપપણાથી સામાન્ય. દર્શન ક્ષણમાં દર્શનમાં સામાન્યને ગ્રહણ કરતાં યાવત્ વિશેષ પ્રતિભાસે છે જ, કેમકે વિશેષના અલિંગિંતમાં સામાન્યનો અભાવ હોય છે. ઈત્યાદિ - x -

અહીં શો અર્થ છે ? જ્ઞાનમાં પ્રધાનભાવથી, વિશેષ ગૌણભાવથી સામાન્ય, દર્શનમાં પ્રધાનભાવથી સામાન્ય અને ગૌણ ભાવથી વિશેષ, એમ બંનેમાં તફાવત જાણવો.

સમુત્પન્ન - સમ્યક્, કેમકે ક્ષાયિકપણાને લીધે દેશ સ્થાપનાનો અભાવ છે, ઉત્પન્ન - પ્રાદુર્ભૂત ઉત્પન્ન કેવળ ભગવંતનું જે સ્વરૂપ છે તે પ્રગટ કરે છે — जिन - રાગાદિના જિતનાર, કેવલ-શ્રુતજ્ઞાનાદિની સહાય વિના જ્ઞાન જેને છે, તે કેવલી. તેથી જ સર્વજ્ઞ-વિશેષાંશ પુરસ્કારથી સર્વજ્ઞાતા. સર્વદર્શી - સામાન્યાંશના પુરસ્કારથી સર્વજ્ઞાતા.

(શંકા) અરહંતોને કેવળજ્ઞાન-કેવળદર્શન આવરણ, ક્ષીણ મોહના અંત્ય સમયે જ ક્ષીણ થવાથી એક સાથે ઉત્પન્ન થવા પણાનો ઉપયોગ સ્વભાવ છે, અને ક્રમ પ્રવૃત્તિમાં સિદ્ધોને માટે સર્વજ્ઞ-સર્વદર્શી એવું સૂત્ર, જેમ જ્ઞાન પ્રાથમ્ય સૂચક રહેલ છે. તેમ સર્વદર્શી સર્વજ્ઞ એ પ્રમાણે. દર્શનની પ્રથમતાનું સૂચક કેમ નથી ?

તુલ્ય ન્યાયત્વથી. તેમ નથી. બધી લબ્ધિઓ સાકારોપયુક્તને ઉપજે છે, અનાકારોપયુક્તને નહીં. એ પ્રમાણે આગમના ઉત્પત્તિક્રમથી સર્વદા જિનોને પહેલા સમયે જ્ઞાન અને બીજા સમયે દર્શન હોય છે, એમ જ્ઞાપનર્થપણાથી આ ઉપન્યાસ છે. પરંતુ છદ્મસ્થોને તો પહેલાં સમયે દર્શન અને બીજા સમયે જ્ઞાન હોય છે તેમ જાણવું. [અહીં સમય શબ્દ અવસરવાચકપણે જાણવો.]

ઉક્ત બંને વિશેષણને વિશેષથી કહે છે — નૈરયિક, તિર્યંચ, મનુષ્ય, દેવ સહિતના પંચાસ્તિકાયાત્મક ક્ષેત્ર ખંડના અને ઉપલક્ષણથી લોકના અને અલોકનાપણ - આકાશ પ્રદેશ માત્ર ક્ષેત્ર વિષયના પર્યાયોને - અનુક્રમે ભાવિ સ્વરૂપ વિશેષને કેવળજ્ઞાન વડે જાણે છે અને કેવળદર્શન વડે જુએ છે. ''પર્યાય'' એમ કહેવાથી દ્રવ્ય અને પર્યાય બંને ગ્રહણ કરવા, કેમકે દ્રવ્ય રહિત પર્યાય કે પર્યાય રહિત દ્રવ્ય હોતા નથી. તે આધાર અને આધેય છે. અન્યથા આધેયપણું ન રહે. - x - x -

અથવા સામાન્યથી પર્યાયોને કહ્યા. જ્ઞાનને સ્પષ્ટરૂપે નિરૂપણ કરતાં કહે છે — आगति - જીવો વિવક્ષિત સ્થાને જે સ્થાનથી આવે છે તે. ગતિ - જ્યાં મરીને ઉત્પન્ન થાય છે તે. સ્થિતિ - કાય અને ભવ સ્થિતિરૂપ, ચ્યવન - દેવલોકથી દેવોનું મનુષ્ય કે તિર્યંચમાં અવતરણ. ઉપપાત - દેવે કે નારકનું જન્મસ્થાન. ભુક્ત - અશનાદિ, કૃત - ચોરી આદિ. પ્રતિસેવિત - મૈથુનાદિ. આવિઃકર્મ - પ્રગટ કાર્ય, રહઃકર્મ - પ્રચ્છન્ન કાર્ય.

તે - તે કાળમાં - x - મન, વચન, કાયાના યોગો અર્થાત્ ત્રણે કરણના વ્યાપાર ઈત્યાદિ. જીવોના સર્વભાવોને અર્થાત્ જીવધર્મોને. અજીવોના પણ સર્વ ભાવોને અર્થાત્ રૂપ આદિ ધર્મોને. મોક્ષ માર્ગના-રત્નત્રયરૂપના વિશુદ્ધતરક - પ્રકર્ષકોટિ પ્રાપ્ત કર્મક્ષય હેતુક ભાવોને - જ્ઞાનાચારાદિ, તેને જાણતાં-જોતાં વિચરે છે.

કઈ રીતે જાણતાં-જોતાં વિચરે છે ? અનંતર વક્ષ્યમાણ ધર્મ, નિશ્ચે મોક્ષમાર્ગ છે. સિદ્ધિ સાધકપણાથી મને અર્થાત્ કહેનારને અને બીજાને - સાંભળનારને હિત-કલ્યાણ અર્થાત્ પથ્યભોજન સમાન થાય છે. સુખ-અનુકૂળવેદ્ય, પિપાસા - શીતળજળપાનવત્, નિઃશ્રેયસમોક્ષ, તેને કરનાર. ઉક્ત હિતાદિનો કારક છે.

સર્વ દુઃખ વિમોક્ષણ - બધાં દુઃખને છોડાવનાર, પરમસુખ આત્યંતિક સુખને સમ્યક્ રીતે પ્રાપ્ત કરાવે છે. - x - x - x -

હવે ઉત્પન્ન કેવળજ્ઞાનવાળા ભગવંત જે રીતે ધર્મને પ્રગટ કરે છે, તે કહે છે — તે ભગવંત શ્રમણ નિર્ગ્રન્થ અને નિર્ગ્રન્થીને પાંચ મહાવ્રત - સર્વ પ્રાણાતિપાત વિરમણાદિ, સભાવના - ઈર્યાસમિતિ આદિ ભાવના યુક્ત તથા છ જીવનિકાય - પૃથ્વીકાયાદિથી ત્રસકાય પર્યન્ત, એ પ્રમાણે ધર્મનો ઉપદેશ કરતાં વિચરે છે. ધર્મમાં જે પ્રક્રમથી છ જીવનિકાયનું કથન કરાયું, તે ''જીવ-પરિજ્ઞા'' સિવાય વ્રતપાલનનો અસંભવ છે, તેમ જણાવવા માટે છે.

(શંકા) શું 'જીવ-પરિજ્ઞા'નો નિયમ પહેલા વ્રતમાં જ ન સંભવે ? કેમકે મૃષાવાદ વિરમણાદિ તો ભાષાવિભાગાદિ જ્ઞાનને અધીન છે, તેમાં આ નિયમ ન સંભવે [સમાધાન] બાકીના વ્રતો પણ પ્રાણાતિપાત-વિરમણ વ્રતના રક્ષકપણે નિયુક્ત છે જેમ મહાવનના વૃત્તિવૃક્ષ હોય છે. તેથી કહે છે — મૃષા ભાષા ન બોલતો જ અભ્યાખ્યાનાદિ વિરત છે. તે કુળવધૂ આદિને મારતો નથી. અદત્તાદાન ન લેતો ધનસ્વામીને અને સચિત્ત જળ-ફળાદિને મારતો નથી. મૈથુનથી વિરત નવ લાખ પંચેન્દ્રિયોને મારતો નથી અને પરિગ્રહ વિરત શુકિત અને કસ્તુરી મૃગની હત્યા કરતો નથી. તેથી આ જ વાત કંઈક વ્યક્ત રીતે કરે છે —

પૃથ્વીકાયિક જીવોને જોતો વિચરે છે. લાઘવ અર્થે સૂત્રની પ્રવૃત્તિથી દેશના ગ્રહણથી પૂર્ણ આલાપક કહ્યો. તે આ રીતે — અપ્કાયિક, તેઉકાયિક, વાયુકાયિક, વનસ્પતિકાયિક અને ત્રસકાયિકને.

તથા પંચમહાવ્રત ભાવના સહિત, ભાવનાનો આલાવો આચારાંગ સૂત્રના બીજા શ્રુતસ્કંધમાં ભાવના નામક અધ્યયનથી જાણવો અહીં સૂત્રમાં જે ઉદ્દેશથી પાંચ મહાવ્રતો ઈત્યાદિ કહ્યા, તેમાં પછી પૃથ્વીકાયિક ઈત્યાદિ કેમ છે, તેવા શંકા ન કરવી. કેમકે પછી ઉદ્દિષ્ટ કરાયા છતાં છ જીવનિકાયોની પ્રસ્તુત ઉપાંગમાં સ્વલ્પ વક્તવ્યતાથી પહેલાં પ્રરૂપણામાં યુક્તિ ઉપપન્ન છે. - x - આચાર્યની વિચિત્ર સૂત્ર કૃતિ છે, એ ન્યાયથી અથવા સ્વયં જાણવું.



(શંકા) ભગવંત વડે ગૃહિધર્મ અને સંવિગ્ન પાક્ષિક ધર્મ પણ મોક્ષના અંગરૂપે કહેવાયેલ છે તેમ નથી ? જે કહ્યું છે — સાવદ્યયોગના પરિવર્જનથી યતિધર્મ સર્વોત્તમ છે, બીજો શ્રાવકધર્મ, ત્રીજો સંવિગ્નપક્ષ. તે અહીં તે બંને કેમ ન કહ્યા ?

(સમાધાન) સર્વસાવદ્યના વર્જનથી દેશનામાં યતિધર્મનું પ્રથમ કહેલ હોવાથી અને મોક્ષપથપણાની અતિ નીકટતાથી શ્રમણસંઘની પ્રથમ વ્યવસ્થાપનીયતાથી પ્રાધાન્ય દર્શાવવા પહેલાં કહેલ છે. તેથી ''વ્યાખ્યાથી વિશેષાર્થ જણાય છે'' એ ન્યાયથી આવું પૂછતાં તે બંને ધર્મો ભગવંતે પ્રરૂપેલા છે, તેમ જાણવું. - x - x -

હવે અવંધ્ય શક્તિવચનગુણ પ્રતિબદ્ધ પ્રભુના પરિકરરૂપ સંઘની સંખ્યા કહે છે — ઋષભદેવના૰ ઈત્યાદિ સુગમ છે. વિશેષ એ કે — જેના જેટલા ગણ હોય, તેના તેટલાં ગણધરો હોય. - x - એ વચનથી સૂત્રમાં ગણોનાં સાક્ષાત્ નિર્દેશ કરવાથી તેટલાં ગણધરો જાણવા. કેટલાંક જીર્ણ પ્રતોમાં ૮૪ ગણો અને ગણધરો હતા, તેવો પાઠ પણ દેખાય છે, તેથી ૮૪ ગણો અને ૮૪ ગણધરો એમ જાણવું.

ગણ એટલે એક વાચના અને આચારવાળો યતિ સમુદાય અને તેને ધારણ કરે તે ગણધર અર્થાત્ વાચનાદિ વડે જ્ઞાનાદિ સંપદાના સંપાદકત્વથી ગણના આધારરૂપ.

ભગવંત ઋષભને ઋષભસેન આદિ ૮૪,૦૦૦ શ્રમણો થયા. આ ઉત્કૃષ્ટ ભાગ છે. તેટલી ઉત્કૃષ્ટી સંપદા થઈ. - x -

ભગવંત ઋષભને૰ ઈત્યાદિ સૂત્ર પ્રાયઃ સુગમ છે. વિશેષ એ કે ચૌદપૂર્વીના સૂત્રમાં અજિન - છદ્મસ્થ, સર્વાક્ષર સંનિપાતિ - અકારાદિ બધાં જ અક્ષરોનો સંનિપાત - બે આદિ સંયોગ અનંત હોવાથી અનંતા પણ જાણ પણે વિદ્યમાન જેમાં છે તે. જિનતુલ્યત્વનો હેતુ કહે છે — જિનની જેમ અવિતથ - યથાર્થ વ્યાકુર્વન - ઉત્તર આપે છે કે કહે છે. કેમકે પ્રજ્ઞાપનામાં કેવલી અને શ્રુત કેવલીની તુલ્યતા બતાવે છે - [આગમમાં શ્રુત કેવલીને અસંખ્યભવ નિર્ણાયક કહ્યા છે.] તે ચૌદપૂર્વીની ઉત્કૃષ્ટ સંખ્યાનો અહીં સૂત્રકારે નિર્દેશ કરેલો છે.

વૈક્રિયલબ્ધિવાળા ઈત્યાદિ સ્પષ્ટ છે. વિપુલમતિ એટલે મનઃપર્યવજ્ઞાન વિશેષવાળા. ઈત્યાદિ - x -

વાદી-વાદિલબ્ધિવાળા, બીજા વાદીના નિગ્રહમાં સમર્થ.

ગતિ-દેવગતિરૂપ, કલ્યાણ - જેમાં પ્રાયઃ સાતાના ઉદય તેમને હોય છે. સ્થિતિ - દેવાયુરૂપ, જેમાં કલ્યાણ હોય છે. અપ્રવીચાર - સુખના સ્વામીપણાથી. આગમિષ્યત્ ભદ્ર - જેમાં તેઓ આગામીભવે મોક્ષમાં જનાર હોય છે તે. અનુત્તરોપપાતિક - પાંચ અનુત્તર લવ સપ્તમ દેવ વિશેષ ૨૨,૯૦૦ થયા.

ઋષભદેવને૰ ઈત્યાદિ સુગમ છે. વિશેષ એ કે — શ્રમણ અને શ્રમણી બંનેની સંખ્યાના મિલનથી અંતેવાસીઓની સંખ્યા પ્રાપ્ત થાય છે. તેથી સૂત્રમાં ભેગી સંખ્યા દર્શાવી.

હવે ભગવંતના શ્રમણોનું વર્ણસૂત્ર કહે છે — અરહંત ઋષભના ઘણાં અંતેવાસી - શિષ્યો હતા, તે ગૃહસ્થ પણ હોઈ શકે, તેથી અણગાર ભગવંત પૂજ્ય કહ્યા છે. તેમાં કેટલાંક એક માસ પર્યાય - ચારિત્રપાલન જેમને છે તેવા કહ્યા. જેમ ઉવવાઈ ઉપાંગ સૂત્રમાં સર્વે અણગારનું વર્ણન છે, તે પ્રમાણે અહીં પણ કહેવું.

તે ક્યાં સુધી કહેવું ? તે કહે છે — જેમના ઉર્ધ્વજાનુ છે, તે ઉર્ધ્વજાનુવાળા. શુદ્ધ પૃથ્વીના આસનને વર્જીને ઔપગ્રહિક નિષધાના અભાવે ઉત્કટુક આસનવાળા જાણવા. અધોશિર - અધોમુખ, ઉર્ધ્વ કે તીર્છી વિક્ષિપ્તદૃષ્ટિવાળા નહીં.

વળી ધ્યાનરૂપ કોષ્ઠ-કોઠી, તેને પામેલા. તેમાં પ્રવેશેલા. જેમ કોઠીમાં નાંખેલ ધાન્ય વિખેરાઈ જતું નથી, તેમ અણગારો વિષયોમાં ન ફેલાયેલી ઈન્દ્રિયોવાળા હોય છે.

સંયમ વડે - સંવર વડે, તપથી - અનશનાદિથી. અહીં સંયમ અને તપનું ગ્રહણ મોક્ષના પ્રધાન અંગપણાથી છે. તેમાં સંયમનું મુખ્યપણું નવા કર્મોનું ઉપાદાન ન કરવાના હેતુથી છે અને તપનું ઉપાદાન જૂના કર્મોની નિર્જરાના હેતુપણાથી છે. કેમકે નવા કર્મોનું અનુપાદાન અને જૂના કર્મોના ક્ષયથી સર્વ કર્મક્ષય લક્ષણ મોક્ષ છે.

આત્માને ભાવિત કરતાં - તેમાં વાસ કરતા રહે છે.

અહીં યાવત્ પદથી સંગ્રાહ્ય - ''કેટલાંક બે માસ પર્યાય વાળા હતા'' ઈત્યાદિ ઉવવાઈ ગ્રંથમાં છે. તે વિસ્તાર ભયથી અત્રે લખતા નથી, ત્યાંથી જાણી લેવું.

હવે ઋષભ સ્વામીને કેવલજ્ઞાનની ઉત્પત્તિ પછી કેટલા કાળના અંતરે ભવ્યોનું સિદ્ધિગમન ચાલુ થયું અને કેટલા કાળ સુધી તે અનુવર્ત્યુ તે કહે છે —

ભગવંત ઋષભને બે પ્રકારે ભવનો અંત કરનારા એટલે કે અંતકરો - મુક્તિમાં જનારા થયા, તેમની ભૂમિ અર્થાત્ કાળ, કાળના આધારપણાના કારણત્વથી ભૂમિપણે ઓળખાવાય છે. તે આ રીતે — યુગ એટલે પાંચ વર્ષ પ્રમાણ કાળવિશેષ અથવા લોકપ્રસિદ્ધ કૃત્યુગાદિ, તે ક્રમવર્તી, તેના સાધર્મ્યથી ક્રમવર્તી ગુરુ શિષ્ય-પ્રશિષ્યાદિ રૂપ પુરુષો, તે પણ સાધ્યવસાનલક્ષણની અભેદ પ્રતિપત્તિથી યુગ અર્થાત્ પટ્ટપદ્ધતિ પુરુષો અર્થ જાણવો. તેમના વડે પ્રમિત અંતકર ભૂમિ તે યુગાંતકર ભૂમિ કહેવાય.

પર્યાય - તીર્થંકરના કેવલિપણાનો કાળ, તેની અપેક્ષાથી અંતકર ભૂમિ. શો અર્થ છે ? ઋષભજિનના આટલો કેવલપર્યાયકાળ વીત્યા પછી મુક્તિગમન પ્રવૃત થયું.

તેમાં યુગાંતકરભૂમિ અસંખ્યાત પુરુષ - પાટે આવેલા, તે યુગાનિ-પૂર્વોક્ત યુક્તિથી પુરુષો, પુરુષયુગ. - x - ભગવંત ઋષભથી લઈને ભગવંત અજિતના તીર્થ સુધીમાં ભગવંત ઋષભની પટ્ટ પરંપરામાં આરૂઢ અસંખ્યાતા સિદ્ધ થયા અર્થાત્ તેટલો કાળ મુક્તિગમનમાં વિરહ ન થયો, એમ જાણવું.

જે આદિત્યયશ વગેરે ઋષભદેવના વંશજ રાજાઓ ચૌદ લાખ પ્રમાણનું



ક્રમથી પહેલાથી સિદ્ધિગમન, પછી એક સર્વાર્થસિદ્ધે ગયાં, ઈત્યાદિ અનેક રીતિથી અજિતજિનના પિતા સુધી મર્યાદા કરીને નંદીસૂત્રની ચૂર્ણિ, વૃત્તિ, સિદ્ધદંડિકાદિમાં સર્વાર્થસિદ્ધ સુધી ગમન છે તેમ જણાવેલું છે, તે સિદ્ધિ ગમ કહ્યો. તે કોશલાપટ્ટપતિને આશ્રીને જાણવો. પણ આ પુંડરીકગણધરાદિને આશ્રીને વિશેષ છે.

તથા પર્યાયાંતકર ભૂમિ, તેમને અંતર્મુહૂર્ત્તનો કેવળજ્ઞાન પર્યાય જેનો છે, તે છે.

આ પ્રમાણે ઋષભદેવમાં અંત - ભવનો અંત કરાયો, પરંતુ તે પૂર્વે નહીં. જે ભગવંતની માતા મરુદેવા પહેલાં સિદ્ધ થયા, તે ભગવંત ઋષભના કેવલ ઉત્પત્તિના અનંતર મુહૂર્ત પછી જ સિદ્ધ થયા.

હવે જન્મ કલ્યાણકાદિ નક્ષત્રો કહે છે —

● **સૂત્ર-૪૫ :-**

***અરહંત ઋષભને પાંચ વસ્તુ ઉત્તરાષાઢા નક્ષત્રમાં અને છઠ્ઠી અભિજિત્ નક્ષત્રમાં થઈ. તે આ પ્રમાણે —***

***ઉત્તરાષાઢા નક્ષત્રમાં ચવ્યા, ચવીને ગર્ભમાં ઉત્પન્ન થયા. યાવત્ ઉત્તરાષાઢા નક્ષત્રમાં રાજ્યાભિષેક પામ્યા, ઉત્તરાષાઢાનક્ષત્રમાં મુંડ થઈને ગૃહવાસ છોડી અનગાર-પ્રવ્રજ્યા લીધી. ઉત્તરાષાઢા નક્ષત્રમાં અનંત યાવત્ સમુત્પન્ન થયા.***

***અભિજિત્ નક્ષત્રમાં ભગવંત નિર્વાણ પામ્યા.***

● **વિવેચન-૪૫ :-**

અરહંત ઋષભ પાંચ વસ્તુમાં - ચ્યવન, જન્મ, રાજ્યાભિષેક, દીક્ષા અને કેવળજ્ઞાન ઉત્તરાષાઢા નક્ષત્ર ચંદ્ર વડે ભોગવાય છે, તેમાં તથા છઠ્ઠા અભિજિત નક્ષત્રમાં - નિર્વાણરૂપ વસ્તુ બની. - x -

ઉક્ત અર્થને જ કહે છે — તે આ પ્રમાણે :- ઉત્તરાષાઢા વડે યુક્ત ચંદ્ર. - x - ચ્યુતઃ સર્વાર્થસિદ્ધ નામના મહાવિમાનથી નીકળી, ચ્યવીને ગર્ભમાં આવ્યા - મરુદેવાની કુક્ષિમાં અવતર્યા.

જાત-ગર્ભાવાસથી નીકળ્યા, રાજ્યાભિષેકને પ્રાપ્ત થયા, મુંડ ઘઈને - ઘર છોડીને અનગારિતા - સાધુતામાં દીક્ષા પામ્યા. અનંત એવું યાવત્ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. યાવત્ પદ સંગ્રહ પૂર્વવત્.

અભિજિત્ યુક્ત ચંદ્રમાં પરિનિર્વૃત્ત - સિદ્ધિમાં ગયા.

(શંકા) આ જ વિભાગ સૂત્રના બળથી આદિ દેવના છ કલ્યાણકો પ્રાપ્ત થાય છે. - - - ના, કલ્યાણક તે જ છે જેમાં આસન કંપવા યુક્ત અવધિથી સર્વે સુરાસુરેન્દ્રો આચાર સમજી વિધિ-મહોત્સવે એકસાથે સંભ્રમ સહિત હાજર થાય છે. તે અહીં છ કલ્યાણક વડે આપે નિરૂપણ કરેલા હોવાથી રાજ્યાભિષેક પણ તેની સમાન છે. તેને ભગવંત મહાવીરના ગર્ભાપહારવત્ જાણવું. પણ તે કલ્યાણક નથી. અનંતર કહેલ લક્ષણના યોગથી કહ્યું, તેથી નિરર્થક આ કલ્યાણક અધિકારમાં તેનું

પઠન ન વાંચવું - ન જાણવું.

પહેલાં તીર્થંકરનો રાજ્યાભિષેકનો આચાર શક્ર વડે કરાતાં દેવકાર્યત્વ લક્ષણ સાધર્મ્યથી સમાન નક્ષત્રપણું હોવાથી, પ્રસંગે તેના પઠનની સાર્થકતા હોવાથી કહેલ છે. તેથી સમાનનક્ષત્રમાં તે વસ્તુ હોવા છતાં કલ્યાણકત્વના અભાવથી અનિયત વક્તવ્યતાથી ક્યારેક રાજ્યાભિષેકના કથનમાં પણ દોષ નથી.

વળી દશાશ્રુતસ્કંધના આઠમાં અધ્યયનમાં પર્યુષણા કલ્પમાં શ્રી ભદ્રબાહુ સ્વામી કહે છે — “તે કાળે તે સમયે અરહંત ઋષભ કૌશલિકને ચાર ઉત્તરાષાઢામાં અને પાંચમું અભિજિત્‌માં થયું. એ પ્રમાણે પાંચ કલ્યાણક નક્ષત્રનું પ્રતિપાદન કરતું સૂત્ર બાંધ્યુ, પણ રાજ્યાભિષેક નક્ષત્રનું અભિધાન ન કર્યું.

આ વ્યાખ્યાનનું અનાગમિકત્વ પણ ન વિચારવું. કેમકે આચારાંગમાં ભાવના અધ્યયનમાં શ્રીવીર કલ્યાણક સૂત્રનું એ પ્રમાણે જ વ્યાખ્યાન કરાયેલ છે.

હવે ભગવંતની શરીર સંપદા અને શરીરપ્રમાણનું વર્ણન કરતાં કહે છે —

● સૂત્ર-૪૬ :-

*કૌશલિક ઋષભ અરહંત વજ્રઋષભનારાચ સંઘયણી, સમચતુરસ્ર સંસ્થાનથી સંસ્થિત, ૫૦૦ ધનુષ્ ઉર્ધ્વ ઉંચા હતા.*

*ઋષભ અરહંત ૨૦ લાખ પૂર્વ કુમારવાસ મધ્યે રહીને, ૬૩ લાખ પૂર્વ મહારાજાપણે રહીને, એમ કુલ ૮૩ લાખ પૂર્વ ગૃહવાસમાં રહીને મુંડ થઈને ગૃહત્યાગ કરી સાધુપણે દીક્ષા લીધી.*

*ઋષભ અરહંત ૧૦૦૦ વર્ષ છદ્મસ્થ પર્યાય પાળીને, એક લાખ પૂર્વમાં ૧૦૦૦ વર્ષ ન્યૂન કેવલિપર્યાય પાળીને, એ રીતે કુલ એક લાખ પૂર્વ બહુ પ્રતિપૂર્ણ શ્રામણ્ય પર્યાયનું પાલન કર્યું.*

*એમ કુલ ૮૪ લાખ પૂર્વ સર્વાયુષ્ય પાળીને જે તે હેમંત ઋતુનો ત્રીજો માસ, પાંચમો પક્ષ-માઘકૃષ્ણ, તે મહાવદની તેરસના દિવસે ૧૦,૦૦૦ અણગાર સાથે સંપરિવૃત્ત થઈને અષ્ટાપદ પર્વતના શિખરે અપાનક ચૌદ ભક્ત અર્થાત્ નિર્જળ છ ઉપવાસપૂર્વક પલ્યંકાસને રહીને [પદ્માસનમાં] પૂર્વાહ્ણકાળ સમયમાં અભિજિત્ નક્ષત્રમાં ચંદ્રનો યોગ થયો ત્યારે સુષમદુષમા આરાના ૮૯ પક્ષ [૩ વર્ષ, ૮॥ માસ] બાકી હતા ત્યારે કાળધર્મ [નિર્વાણ] પામ્યા યાવત્ સર્વદુઃખથી રહિત થયા [મુક્તિ પામ્યા].*

*જે સમયે કૌશલિક ઋષભ અરહંત કાળધર્મ [નિર્વાણ] પામ્યા, જન્મ-જરા-મરણના બંધનો છિન્ન થયા, સિદ્ધ-બુદ્ધ યાવત્ સર્વદુઃખથી મુક્ત થયા, તે સમયે દેવેન્દ્ર દેવરાજ શક્રનું આસન ચલિત થયું. ત્યારે તે દેવેન્દ્ર દેવરાજ શક્રે આસનને ચલિત થયું જુએ છે. જોઈને અવધિ જ્ઞાનને પ્રયોજ્યું. પ્રયોજીને અવધિજ્ઞાન વડે તિર્થંકર ભગવંતને જુએ છે, જોઈને આ પ્રમાણે બોલ્યા —*



*જંબૂદ્વીપ દ્વીપમાં ભરતક્ષેત્રમાં કૌશલિક ઋષભ અરહંત પરિનિર્વાણ પામ્યા છે. તો અતીત-વર્તમાન-અનાગતના દેવેન્દ્ર દેવરાજ શક્રનો એ પરંપરાગત આચાર છે કે તીર્થંકરનો પરિનિર્વાણ મહોત્સવ કરવો જોઈએ...*

*...તો હું ત્યાં જઉં અને તીર્થંકર ભગવંતનો પરિનિર્વાણ મહોત્સવ કરું. એમ કહીને વંદન-નમન કરે છે. કરીને પોતાના ૮૪,૦૦૦ સામાનિકો, ૩૩ ત્રાયસ્ત્રિંશકો, ચાર લોકપાલ યાવત્ ચારગણાં ૮૪,૦૦૦ આત્મરક્ષક દેવો તથા બીજા પણ ઘણાં સૌધર્મકલ્પવાસી વૈમાનિક દેવો અને દેવીઓ સાથે સંપરિવરીને, તેવી ઉત્કૃષ્ટ યાવત્ અસંખ્યાતા તીર્છા દ્વીપ સમુદ્રોની વચ્ચોવચ્ચથી જ્યાં અષ્ટાપદ પર્વત છે, જ્યાં તીર્થંકર ભગવંતનું શરીર છે, ત્યાં આવે છે.*

*આવીને ઉદાસ, નિરાનંદ, અશ્રુપૂર્ણનયને તીર્થંકરના શરીરને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરે છે. કરીને બહુ નજીક નહીં કે બહુ દૂર નહીં તેવા સ્થાને રહીને સુશ્રૂષા કરતાં યાવત્ પર્યુપાસે છે.*

*તે કાળે - તે સમયે ઉત્તરાર્દ્ધ લોકાધિપતિ દેવેન્દ્ર દેવરાજ ઈશાન, કે જે ૨૮-લાખ વિમાનનો અધિપતિ છે, હાથમાં શૂળ છે, વૃષભ વાહન છે, નિર્મળ આકાશ જેવા વર્ણના વસ્ત્ર પહેરેલ છે યાવત્ વિપુલ ભોગોપભોગને ભોગવતો વિચરે છે.*

*ત્યારે તે દેવેન્દ્ર દેવરાજ ઈશાનનું આસન ચલિત થયું. ત્યારે તે ઈશાન યાવત્ દેવરાજ આસનને ચલિત થતું જુએ છે, જોઈને અવધિજ્ઞાન પ્રયોજે છે, પ્રયોજીને તીર્થંકર ભગવંતને અવધિ વડે જુએ છે. જોઈને શક્રની જેમ નીકળ્યો. અહીં તેનો પોતાનો પરિવાર કહેવો યાવત્ તે પર્યુપાસના કરે છે.*

*એ પ્રમાણે બધાં દેવેન્દ્રો યાવત્ અચ્યુતેન્દ્ર પોત-પોતાના પરિવાર સાથે ત્યાં આવ્યા. એ પ્રમાણે યાવત્ ભવનવાસી ઈન્દ્રો, વ્યંતરના ૧૬-ઈન્દ્રો, જ્યોતિષ્કના બંને ઈન્દ્રો પોતપોતાના પરિવાર સાથે ત્યાં આવ્યા, એ પ્રમાણે જાણવું. [કહેવું.]*

*ત્યારે તે દેવેન્દ્ર દેવરાજ શક્રે, ઘણાં જ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોને આ પ્રમાણે કહ્યું — હે દેવાનુપ્રિયો! નંદનવનથી સરસ શ્રેષ્ઠ ગોશીર્ષ ચંદનના કાષ્ઠ લઈ આવો, લાવીને પછી ત્રણ ચિત્તાની રચના કરો. એક ભગવંત તીર્થંકરની, એક ગણધરની અને એક બાકીના અણગારો માટેની.*

*ત્યારે તે ભવનપતિ યાવત્ વૈમાનિક દેવો નંદનવનથી સહરસ, શ્રેષ્ઠ, ગોશીર્ષચંદનના કાષ્ઠ લાવે છે, લાવીને ત્રણ ચિત્તા રચે છે. એક તીર્થંકર ભગવંતની, એક ગણધરની, એક બાકીના અણગારોની.*

*ત્યારપછી તે દેવેન્દ્ર દેવરાજ શક્ર આભિયોગિક દેવોને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે તેમને કહ્યું — જલ્દીથી ઓ દેવાનુપ્રિયો ! ક્ષીરોદક*

સમુદ્રથી ક્ષીરોદકને લાવો, ત્યારે તે આભિયોગિક દેવો ક્ષીરોદક સમુદ્રથી ક્ષીરોદકને લાવે છે.

ત્યારપછી તે દેવેન્દ્ર દેવરાજ શક્ર તિર્થંકરના શરીરને ક્ષીરોદક વડે સ્નાન કરાવે છે, કરાવીને તેને સરસ શ્રેષ્ઠ ગોશીર્ષ ચંદનથી અનુલેપન કરે છે, કરીને હંસલક્ષણ - શ્વેત પટશાટક પહેરાવે છે, પછી સર્વ અલંકારો વડે વિભૂષિત કરે છે.

ત્યારપછી તે ભવનપતિ યાવત્ વૈમાનિકો ગણધરના શરીરોને અને અણગારના શરીરોને ક્ષીરોદક વડે સ્નાન કરાવે છે, પછી તેને સરસ-શ્રેષ્ઠ ગોશીર્ષ ચંદન વડે અનુલેપન કરે છે. કરીને અહત-ન ફાટેલા દિવ્ય દેવદૂષ્ય-વસ્ત્ર યુગલ પહેરાવે છે, પહેરાવીને સર્વ અલંકાર વડે વિભૂષિત કરે છે.

ત્યારપછી તે દેવેન્દ્ર દેવરાજ શક્ર તે ઘણાં ભવનપતિ યાવત્ વૈમાનિક દેવોને આ પ્રમાણે કહે છે – ઓ દેવાનુપ્રિયો ! જલ્દીથી ઈહામૃગ, ઋષભ, અશ્વ યાવત્ વનલતાના ચિત્રોથી ચિત્રિત ત્રણ શિબિકાઓની વિકુર્વણા કરો. એક તીર્થંકર ભગવંતની, એક ગણધરોની, એક બાકી રહેલા અણગારોની.

ત્યારે તે ઘણાં ભવનપતિ યાવત્ વૈમાનિકો ત્રણ શિબિકા વિકુર્વે છે – એક તીર્થંકર ભગવંતની, એક ગણધરોની, એક બાકીના અણગારોની.

ત્યારપછી તે દેવેન્દ્ર દેવરાજ શક્ર ઉદાસ, આનંદરહિત અને અશ્રુપૂર્ણ નયનથી ભગવંત તીર્થંકરના વિનષ્ટ જન્મ-જરા-મરણવાળા શરીરને શિબિકામાં આરોહે છે. આરોહીને ચિતામાં સ્થાપન કરે છે. ત્યારે તે ઘણાં ભવનપતિ યાવત્ વૈમાનિક દેવો ગણધરોના અને અણગારોના કે જેમના જન્મ-જરા-મરણ નષ્ટ થયેલા છે. તેમના શરીરોને શીબિકામાં આરોહે છે. આરોહણ કરીને ચિતામાં સ્થાપે છે.

ત્યારપછી તે દેવેન્દ્ર દેવરાજ શક્ર અગ્નિકુમાર દેવોને બોલાવે છે, બોલાવીને તેમને આમ કહે છે – ઓ દેવાનુપ્રિયો ! જલ્દીથી તીર્થંકરની ચિતામાં યાવત્ અણગારોની ચિતામાં અગ્નિકાયની વિકુર્વણા કરો, કરીને મારી આજ્ઞા મને પાછી સોંપો.

ત્યારે તે અગ્નિકુમાર દેવો ઉદાસ, આનંદરહિત થઈ, અશ્રુ પૂર્ણ નયને તીર્થંકરનની ચિતા યાવત્ અણગારની ચિતામાં અગ્નિકાયની વિકુર્વણા કરે છે.

ત્યારપછી દેવેન્દ્ર દેવરાજ શક્ર વાયુકુમાર દેવોને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહ્યું – ઓ દેવાનુપ્રિયો ! જલ્દીથી તીર્થંકરની ચિતામાં યાવત્ અણગારોની ચિતામાં વાયુકાયને વિકુર્વો. વિકુર્વીને અગ્નિકાયને ઉજ્જ્વાલિત કરો અને તીર્થંકરના શરીરને, ગણધરોના શરીરને અને અણગારોના શરીરને અગ્નિસંયુક્ત કરો.

ત્યારે તે વાયુકુમાર દેવો ઉદાસ, આનંદરહિત અને અશ્રુપૂર્ણ નયનવાળા





થઈ તીર્થંકરની ચિતામાં યાવત્ વિકુર્વણા કરીને અગ્નિકાયને પ્રજ્વાલિત કરે છે. કરીને તીર્થંકરના શરીરને યાવત્ અણગારના શરીરોને અગ્નિસંયુક્ત કરે છે – [બાળે છે.]

ત્યારપછી તે દેવેન્દ્ર દેવરાજ શક્ર ઘણાં ભવનપતિ યાવત્ વૈમાનિક દેવને આ પ્રમાણે કહે છે – ઓ દેવાનુપ્રિયે જલ્દીથી તીર્થંકરની ચિતામાં યાવત્ અણગારોની ચિતામાં કુંભાગ્ર અને ભારગ્ર અર્થાત્ વિપુલ પ્રમાણમાં અગરુ, તુરુષ્ક, ઘી, મધને નાંખો. ત્યારે તે ભવનપતિ યાવત્ તીર્થંકર યાવત્ નાંખે છે.

ત્યારપછી તે દેવેન્દ્રદેવરાજ શક્ર મેઘકુમાર દેવોને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહ્યું – ઓ દેવાનુપ્રિયો ! જલ્દીથી તીર્થંકરની ચિતા યાવત્ અણગારોની ચિતામાં ક્ષીરોદક વડે નિર્વાપિત-શાંત કરો. ત્યારે તે મેઘકુમાર દેવો તીર્થંકરની ચિતાને યાવત્ નિર્વાપિત-શાંત કરે છે. [ઠારે છે.]

ત્યારપછી તે દેવેન્દ્ર દેવરાજ શક્ર તીર્થંકર ભગવંતની ઉપરની જમણી દાઢાને ગ્રહણ કરે છે. દેવેન્દ્ર દેવરાજ ઈશાન ઉપરની ડાબી દાઢાને ગ્રહણ કરે છે. અસુરેન્દ્ર અસુરરાજ ચમર નીચેની જમણી દાઢાને ગ્રહણ કરે છે. વૈરોચનેન્દ્ર વૈરોચનરાજ બલિ નીચેની ડાબી દાઢાને ગ્રહણ કરે છે. બાકીના ભવનપતિ યાવત્ વૈમાનિક દેવો યથાર્હ બાકીના અંગોપાંગને ગ્રહણ કરે છે, કોઈ જિનભક્તિથી, કોઈ પોતાનો આચાર સમજીને અને કોઈ ધર્મ સમજીને ગ્રહણ કરે છે.

ત્યારપછી તે દેવેન્દ્ર દેવરાજ શક્ર ઘણાં ભવનપતિ યાવત્ વૈમાનિક દેવને યથાર્હ આ પ્રમાણે કહે છે – ઓ દેવાનુપ્રિયો ! જલ્દીથી સર્વરત્નમય મહા વિશાળ ત્રણ ચૈત્યસ્તુપને કરો. એક ભગવંત તીર્થંકરના ચિતા સ્થાને, એક ગણધરચિતા સ્થાને અને એક બાકીના અણગારોની ચિતા સ્થાને. ત્યારે તે ઘણાં દેવો તે પ્રમાણે યાવત્ ત્રણ ચૈત્યસ્તુપ કરે છે.

ત્યારપછી તે ઘણાં ભવનપતિ યાવત્ વૈમાનિક દેવો તીર્થંકરનો પરિનિર્વાણ મહોત્સવ કરે છે. કરીને જ્યાં નંદીશ્વરદ્વીપ છે. ત્યાં આવે છે, ત્યારે તે દેવેન્દ્ર દેવરાજ શક્ર પૂર્વીય અંજનક પર્વતમાં અષ્ટાહ્નિકા મહોત્સવ કરે છે, ત્યારે દેવેન્દ્ર શક્રના ચાર લોકપાલો ચાર દધિમુખ પર્વત ઉપર અષ્ટાહ્નિકા મહોત્સવ કરે છે. દેવેન્દ્ર દેવરાજ ઈશાન ઉત્તરીય અંજનક પર્વતે અષ્ટાહ્નિકા મહોત્સવ કરે છે. તેમના લોકપાલો ચારે દધિમુખ ઉપર અષ્ટાહ્નિકા મહોત્સવ કરે છે. ચમરેન્દ્ર દક્ષિણના અંજનકે, તેના લોકપાલો દધિમુખ પર્વતે, બલીન્દ્ર પશ્ચિમી અંજનકે, તેના લોકપાલો દધિમુખે મહોત્સવ કરે છે.

ત્યારપછી તે ઘણાં ભવનપતિ, વ્યંતર દેવો યાવત્ અષ્ટાહ્નિકા મહામહોત્સવ કરે છે, કરીને પોત-પોતાના વિમાનોમાં જ્યાં પોત-પોતાના ભવનો છે, જ્યાં

***પોત-પોતાની સુધર્માસભા છે. જ્યાં-જ્યાં પોત-પોતાના માણવક ચૈત્ય સ્તંભો છે, ત્યાં જાય છે, જઈને ત્યાં વજ્રમય ગોળ-વૃત્ત સમુદ્ગકો છે, તેમાં જિન અસ્થિ પધરાવે છે, પધરાવીને અભિનવ ઉત્તમ માળા અને ગંધ વડે અર્ચના કરે છે, કરીને વિપુલ ભોગોપભોગને ભોગવતા વિચરે છે.***

● **વિવેચન-૪૬ :-**

હવે ઋષભનો કુમારાવસ્થા અને રાજ્યના ગ્રહણપણાથી જે કાળ પૂર્વે કહ્યો, તે સંગ્રહરૂપપણે જણાવવાને કહે છે — તે વ્યક્ત છે.

હવે છદ્મસ્થતા આદિ પર્યાયને બતાવવાપૂર્વક નિર્વાણ કલ્યાણક કહે છે — ઋષભ અરહંત ૧૦૦૦ વર્ષ છદ્મસ્થ પર્યાય પૂર્ણ કર્યો. ૧૦૦૦ વર્ષ ન્યૂન એક લાખ પૂર્વ કેવલી પર્યાય પામીને એક લાખ પૂર્વ બહુ પ્રતિપૂર્ણ અર્થાત્ દેશથી પણ ન્યૂન નહીં એ રીતે શ્રામણ્ય પર્યાય પાળીને અને ૮૪ લાખ સર્વાયુ પાળીને - ભોગવીને...

... હેમંત-શીતકાળ માસની મધ્યે જે ત્રીજો માસ, પાંચમો પક્ષ તે માઘબહુલ અર્થાત્ મહામાસનો કૃષ્ણ પક્ષ, તે મહાવદની તેરસના દિવસે - x - ૧૦,૦૦૦ અણગાર સાથે સંપરિવરીને અષ્ટાપદ પર્વતના શિખરે ચૌદભક્ત - છ ઉપવાસ, તે પણ પાણીના આહારરહિત સમ્યક્ પર્યંક-પદ્માસને બેસીને, પણ ઉભા ઈત્યાદિ નહીં, પૂર્વાહ્ણ કાળ સમયાં અભિજિત નક્ષત્ર વડે ચંદ્રનો યોગ પામીને સુષમાદુષમામાં ૮૯ પક્ષ બાકી રહ્યા ત્યારે - x - x - મરણધર્મને પામ્યા, સંસારને ઉલ્લંઘી ગયા. યાવત્ શબ્દથી જન્મ-જરા-મરણના બંધનથી મુક્ત થયા, સિદ્ધ-બુદ્ધ-મુક્ત-અંતકૃત્ થઈ પરિનિર્વાણ પામ્યા.

તેમાં સમ્યગ્ - ફરી ન આવવાપણે, ઉર્ધ્વ-લોકાગ્રલક્ષણ સ્થાન પામ્યા, ફરી સુગત આદિની જેમ અવતારી ન થાય તે. જેમ અન્ય તીર્થિકો કહે છે કે — ધર્મતીર્થના કર્તા જ્ઞાની પરમપદને પામીને, ગયા પછી પણ ફરી તીર્થના નિસ્તારને માટે પાછા આવે છે, તે વાત [જૈન મતમાં સ્વીકાર્ય નથી] તેથી ''અપુનરાવૃત્તિ'' કહ્યા છે.

જન્માદિ બંધન છેદીને, બંધન-બંધનના હેતુભૂત કર્મને છેદીને. સિદ્ધ-નિષ્ઠિતાર્થ. બુદ્ધ-જ્ઞાતતત્વ, મુક્ત-ભવોપગ્રાહી કર્માંશોથી, સર્વ દુઃખોનો અંત કરનાર. પરિનિવૃત્ત-ચોતરફથી શીતીભૂત થયેલ, કેમકે કર્મકૃત્ સકલ સંતાપોથી રહિત છે. જેમના સર્વે પણ શારીરાદિ દુઃખો ક્ષીણ થયા છે તેવા.

હવે ભગવંત નિર્વાણ પામતા જે દેવકૃત્ય છે તેને કહે છે — જે સમયે૦ ઈત્યાદિ. અવધિજ્ઞાન વડે ઉપયોગયુક્ત થતાં. બાકી સુગમ છે ઉપયોગ કરીને એ પ્રમાણે કહ્યું — શું કહ્યું ? પરિનિવૃત્ત, જંબૂદ્વીપદ્વીપમાં ભરતક્ષેત્રમાં કૌશલિક ઋષભ અરહંત. તે હેતુથી જીત - કલ્પ, આચાર. હવે કહેવાનાર તેવો — ભૂત, વર્તમાન, ભાવિ [ત્રણે કાળના] શક્રના - આસન વિશેષ અધિષ્ઠાતા દેવોની મધ્યમાં, ઈન્દ્રોના - પરમ ઐશ્વર્યયુક્ત દેવોના કે દેવોમાં, રાજ્ઞા-કાંતિ આદિ ગુણથી અધિક શોભતાં,



તીર્થંકરોના પરિનિર્વાણ મહોત્સવ કરવાને ત્યાં જઈએ.

હું પણ તીર્થંકર ભગવંતનો પરિનિર્વાણ મહોત્સવ કરીશ. એમ વિચારીને નિર્વાણ પામેલ ભગવંતને વંદે છે — સ્તુતિ કરે છે, નમે છે - પ્રણામ કરે છે.

જે જીવરહિત છતાં તીર્થંકરના શરીરને ઈન્દ્ર વાંધુ, તે ઈન્દ્રના સમ્યગ્ દૃષ્ટિપણાથી નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ અરહંતનું વંદનીયપણું તેના વડે શ્રદ્ધાન્ તે તત્ત્વ છે.

*[અહીં વંદન અને નમન, એ બે વિશેષણોથી શક્રનો ભગવંતમાં તીવ્રરાગ અને ધર્મનીતિજ્ઞત્વને સૂચવે છે. [શંકા] જ્ઞાનાદિશૂન્ય એવા તીર્થંકરના શરીરનું જે વંદનાદિ પર્યુપાસન સુધી કહ્યું, તે શક્રનો આચાર જ છે, પણ ધર્મનીતિ નથી, એમ ન કહેવાય ? ના, તેમ નથી. સ્થાપના જિનના પણ વંદનાદિ ધર્મ અને નીતિમાં આપત્તિ આવે. સ્થાપના જિનની આરાધનાની અછિન્ન પરંપરા અને આગમની સંમતિથી યુક્તિયુક્ત છે. કેમકે આગમમાં પણ કુલ, ગણ, સંઘ, ચૈત્યાદિની વૈયાવચ્ચાદિનું કથન છે. પ્રવચનમાં જે આરાધ્ય છે, તે નામાદિ ચારે પણ યથાસંભવ વિધિ વડે આરાધ્ય છે. - x - x - ઈત્યાદિ કથન પ્રસંગે શ્રી હીર-વૃત્તિમાં છે.]*

વાંદી-નમીને શું કરે છે ? તે કહે છે — ૮૪,૦૦૦ સામાનિકોની શરીર-વૈભવ-ધુતિ-સ્થિતિ આદિ વડે શક્રની તુલ્યતા વડે, ૩૩-ત્રાયસ્ત્રિંસક-ગુરુસ્થાનીય દેવો વડે, ચાર લોકપાલો — સોમ, યમ, વરુણ અને કુબેર નામના છે, તેના વડે, યાવત્ પદથી આઠ અગ્રમહિષીઓ — પદ્મા, શિવા, શચી, અંજૂ, અમલા, અપ્સરા, નવમિકા, રોહિણી, આ આઠેના પરિવાર સહિત, એ સોળ હજાર — સોળ હજાર દેવી પરિવાર યુક્ત, ત્રણ પર્ષદા-બાહ્ય-મધ્ય-અભ્યંતરરૂપ, તેના વડે. સાત સૈન્ય — અશ્વ, હાથી, રથ, સુભટ, વૃષભ, ગંધર્વ, નાટ્ય, તે સાત વડે, તે સાત સૈન્યોના અધિપતિ તેના વડે, ચાર-ચોર્યાશી હજાર અર્થાત્ ચારે દિશામાં પ્રત્યેકમાં ૮૪,૦૦૦ અંગરક્ષકો વડે કુલ ૩,૩૬,૦૦૦ અંગરક્ષક દેવો વડે અને બીજા પણ ઘણાં સૌધર્મ કલ્પવાસી દેવો અને દેવીઓ વડે પરિવરેલો...

આવો શક્ર દેવજનપ્રસિદ્ધ એવી ઉત્કૃષ્ટ - કેમકે પ્રશસ્ત વિહાયોગતિમાં ઉત્કૃષ્ટપણે છે, યાવત્ પદથી માનસ ઉત્સુકતાથી ત્વરિત એવી, કાયાથી ચપળતાવાળી, ચંડા-ક્રોધાવિષ્ટા સમાન શ્રમના અસંવેદનવાળી, જવના - પરમ ઉત્કૃષ્ટ વેગવાળી ગતિ વડે.

અહીં સિદ્ધાંત પ્રસિદ્ધ ચંડાદિ ગતિ ગ્રહણ ન કરવી, તેનો પ્રતિક્રમ સંખ્યાત યોજન પ્રમાણ ક્ષેત્રના અતિક્રમણથી. તેથી આટલા પદો દેવગતિના વિશેષણરૂપે યોજવા જોઈએ. દેવો તથા ભવ સ્વભાવ વડે અચિંત્ય સામર્થ્યથી અત્યંત શીઘ્ર જ ચાલે છે. અન્યથા જિનેશ્વરના જન્મ આદિમાં મહોત્સવ નિમિત્તે તે જ દિવસે જલ્દીથી દેવલોકથી અત્યંત દૂર દેવો કઈ રીતે આવે ?

ઉધ્ધૂતા - ઉડતી એવી દિશાના અંત સુધી વ્યાપેલી રજ જેવી જે ગતિ, તેના વડે. તેથી જ નિરંતર શીઘ્રત્વના યોગથી શીઘ્ર એવી દિવ્યા-દેવોચિત દેવગતિ વડે જતાં-જતાં. તીર્છા અસંખ્યાતા દ્વીપસમુદ્રોની વચ્ચોવચ્ચથી - મધ્યભાગતી જ્યાં અષ્ટાપદ

પર્વત છે, જ્યાં તીર્થંકર ભગવંતનું શરીર છે, ત્યાં જ આવે છે. - x - x -

ત્યાં આવીને જે કરે છે, તે કહે છે — આવીને વિમના—શોકાકુળ મનવાળા, અશ્રુપૂર્ણ નયને તીર્થંકરના શરીરને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરે છે, પછી બહુ દૂર નહીં કે બહુ નીકટ નહીં તેવા યથાસ્થાને શુશ્રૂષા કરતા હોય તેમ, તે અવસરમાં પણ, ભક્તિના આવેશપણાથી ભગવંતના વચનના શ્રવણની ઈચ્છાથી અનિવૃત્ત, યાવત્ પદથી પંચાંગપ્રણામાદિ વડે નમસ્કાર કરતાં, अभि - ભગવંતને લક્ષ્ય કરીને મુખ છે જેમનું તે, તથા વિનય - અંતર બહુમાનથી અંજલિ કરીને પૂર્વવત્ પર્યુપાસે - સેવે છે.

હવે બીજા ઈન્દ્રની વક્તવ્યતા કહે છે — તે સ્પષ્ટ છે. વિશેષ એ — અરજાંસિ - નિર્મળ જે અંબર વસ્ત્ર-સ્વચ્છતાથી આકાશ સમાન વસ્ત્રો, તેને ધારણ કરે છે. યાવત્ શબ્દથી માળા મુગટ ધારી, નવા સુવર્ણના સુંદર ચંચળ કુંડળ ગાલ ઉપરતી ફરી રહેલા હોય તેવા, મહાઋદ્ધુ, મહાદ્યુતિ, મહાબળ, મહાયશ, મહાનુભાવ, મહાસૌખ્ય, સુંદર શરીરી, લાંબી વનમાળાધારી, ઈશાનકલ્પમાં ઈશાનઅવતંસક વિમાનમાં સૌધર્મા સભામાં ઈશાન સિંહાસને બેસીને...

૨૮ લાખ વિમાનો, ૮૦,૦૦૦ સામાનિકો, ૩૩-ત્રાયસ્ત્રિંસકો, ચાર લોકપાલો, સપરિવાર આઠ અગ્રમહિષી, ત્રણ પર્ષદા, સાત સૈન્ય, સાત સૈન્યાધિપતિ, ૩,૨૦,૦૦૦ આત્મરક્ષક દેવો, બીજા ઈશાનકલ્પવાસી દેવો-દેવીનું આધિપત્ય, પૌરોપત્ય, સ્વામીત્વ, ભર્તૃત્વ, મહત્તરકત્વ, આજ્ઞા-ઐશ્વર્ય સેનાપત્ય કરતો, પાળતો, મહા આહતયુક્ત ગીત, વાજિંત્ર, તંત્રી, તલ, તાલાદિના રવથી૦ બધું સ્પષ્ટ છે.

વિશેષ એ કે — આલગિત - યથાસ્થાને સ્થાપેલ માળા-મુગટ જેણે તે તથા નવા જ એવા સુવર્ણમય સુંદર ચિત્રકૃત્, ચંચળ- અહીં તહીં ચાલતા એવા કુંડલો વડે જેના ગાલ વિલેખિત છે તેવો.

જે રીતે શક્ર સૌધર્મેન્દ્ર પોતાના પરિવાર સાથે કહ્યો. તે રીતે ઈશાનેન્દ્ર પણ કહેવો. તે પર્યુપાસે છે સુધી જાણવું.

એ પ્રમાણે — શક્રના કથન મુજબ બધાં દેવેન્દ્ર-વૈમાનિકો અચ્યુતેન્દ્ર સુધી આવે છે. કઈ રીતે ? નિજકપરિવાર - પોત પોતાના સામાનિકાદિ પરિવારની સાથે. ભગવંત શરીરની પાસે આવ્યા.

એ પ્રમાણે વૈમાનિકના પ્રકારથી યાવત્ ભવનવાસી-દક્ષિણોત્તર ભવનપતિના વીશ ઈન્દ્રો આવે છે. અહીં યાવત્ શબ્દ અન્ય કોઈ અંતર્ગત્ સંગ્રહનું સૂચક નથી. કેમકે સંગ્રહ ગ્રાહ્ય પદોનો અભાવ છે, પરંતુ સજાતીય ભવનપતિનું સૂચક છે.

વાણમંતર - વ્યંતરોના કાળ આદિ સોળ ઈન્દ્રો આવે છે. [શંકા] સ્થાનાંગાદિમાં ૩૨-વ્યંતરેન્દ્રો કહ્યા છે, અહીં ૧૬-કેમ કહ્યા ? [સમાધાન] મૂળભેદરૂપ ૧૬-મહર્દ્ધિક 'કાળ' આદિ ઈન્દ્રો લીધા છે, તેના અવાંતર ભેદ રૂપ ૧૬-'અણપન્ની આદિ ઈન્દ્રો અલ્પ ઋદ્ધિવાળા હોવાથી અહીં તેની વિવક્ષા કરેલ નથી અથવા આ સૂત્રકારની



વિચિત્ર પ્રવૃત્તિ છે, જે બીજે પ્રસિદ્ધ ભાવો, કોઈ આશય વિશેષથી સ્વસૂત્રમાં સૂત્રકાર બાંધતા નથી. જેમ પ્રતિવાસુદેવો બીજે - આવશ્યક નિર્યુક્તિ આદિમાં ઉત્તમ પુરુષ રૂપે પ્રસિદ્ધ છે, છતાં ચોથા અંગમાં ચોપનમાં સમવાયમાં પ્રતિવાસુદેવને ઉત્તમ પુરુષ કહ્યા નથી.

ભરત અને ઐરવત ક્ષેત્રમાં એક-એક અવસર્પિણીમાં ચોપન-ચોપન મહાપુરુષો ઉપજે છે, તે આ પ્રમાણે — ૨૪ તીર્થંકરો, ૧૨-ચક્રવર્તી, ૯-બલદેવ, ૯-વાસુદેવ. પણ ઉપલક્ષણથી તે પણ ગ્રહણ કરવા.

જ્યોતિષ્કોના બે ચંદ્રો, બે સૂર્યો છે, જાતિને આશ્રીને એક-એક ગણેલ છે. વ્યક્તિગત તો તે અસંખ્યાતા છે. નિજક પરિવાર - સહ વર્તી સ્વપરિકરવાળા ગણવા.

ત્યારપછી શક્ર શું કરે છે ? તે કહે છે — ત્યારપછી દેવેન્દ્ર દેવરાજ શક્ર, તે ઘણાં ભવનપતિ આદિ દેવોને આમ કહે છે — જલ્દીથી અર્થાત્ વિલંબરહિતપણે, ઓ દેવોનો પ્રિય ! અહીં देवान् - સ્વામીને અનુકૂળ આચરણથી અનુરૂપ રહી ખુશ કરે તે દેવાનુપ્રિય. નંદનવનથી સરસ સ્નિગ્ધ-રૂક્ષ નહીં તે ગોશીર્ષ નામનું શ્રેષ્ઠ ચંદન, તેના લાકડાં લાવો, લાવીને ત્રણ ચિતા કરાવો. એક તીર્થંકર ભગવંતની, એક ગણધરની, એક બાકી રહેલા અણગારોની.

અહીં આ આવશ્યકવૃત્તિ આદિમાં કહેલ ચિતા રચનાનો દિશા વિભાગ - નંદનવનથી લાવેલ ચંદનના લાકડા વડે ભગવંતને માટે પૂર્વમાં ગોળ ચિતા, ગણધરોને માટે પશ્ચિમમાં ત્ર્યસ્ર ચિતા, બાકીના સાધુને ઉત્તરમાં ચતુરસ્ર ચિતા દેવોએ કરી.

(શંકા) આવશ્યકાદિમાં ઈક્ષ્ણાકૂણમાં બીજી ચિતા કહી, અહીં ગણધરોને કેમ કહી ? [સમાધાન] અહીં પ્રધાનપણે ગણધરોના ઉપાદાનમાં પણ ઉપલક્ષણથી ગણધર વગેરેની ઈક્ષ્વાકૂણામાં બીજી ચિતા જાણવી, તેમાં કોઈ આશંકા ન કરવી.

ત્યારપછી ચિતા રચના બાદ શક્ર શું કરે છે ? તે કહે છે — તે સ્પષ્ટ છે, પછી ક્ષીરોદક મંગાવીને પછી તે શક્ર શું કરે છે તે બતાવે છે — પછી શક્ર તીર્થંકરના શઓરીરને ક્ષીરોદક વડે ન્હવડાવે છે, પછી શ્રેષ્ઠ ગોશીર્ષ ચંદન વડે અનુલેપન કરે છે, અનુલેપન કરીને હંસલક્ષણ - સ્વેત શાટક-વસ્ત્ર માત્ર, તે એક વિશાળ પટ્ટ કહેવાય છે. તેવા હંસનામક પટશાટકને પહેરાવે છે. પછી સર્વાલંકારથી વિભૂષિત કરે છે.

ત્યારપછી તે ભવનપતિ આદિ દેવો ગણધરો અને અણગારોના શરીરોને તે પ્રમાણે જ કરે છે. अहत - અખંડિત દિવ્ય એવા શ્રેષ્ઠ દેવદૂષ્ય યુગલને પહેરાવે છે. બાકી વ્યક્ત છે.

ત્યારપછી શક્રએ ભવનપતિ આદિને આ પ્રમાણે કહ્યું — ઓ દેવાનુપ્રિયો ! જલ્દીથી ઈહામૃગાદિના ચિત્રયુક્ત ત્રણ શિબિકાને વિકુર્વો ઈત્યાદિ સ્પષ્ટ છે.

ત્યારપછી શક્ર ભગવંતના શરીરને શિબિકામાં આરોહે છે - મૂકે છે, મહાઋદ્ધિ વડે ચિતાના સ્થાને લઈ જઈને ચિતામાં સ્થાપન કરે છે, બાકી બધું સ્પષ્ટ જ છે.

પછી શક્ર, અગ્નિકુમાર દેવોને આમંત્રણ કરે છે - બોલાવે છે. બોલાવીને આ પ્રમાણે કહે છે — ઓ અગ્નિકુમાર દેવો ! તીર્થંકરની ચિતામાં, ગણધરની ચિતામાં અને અણગારોની ચિતામાં અગ્નિકાયની વિકુર્વણા કરો. વિકુર્વીને મારી આજ્ઞા પાછી આપો.

પછીના બંને સૂત્રો પણ વ્યક્ત જ છે, ઉજ્જ્વાલયત-દીપ્ત, પ્રગટાવો, તીર્થંકરના શરીર યાવત્ અણગારના શરીરને ધ્માપિત કરો, સ્વ વર્ણનો ત્યાગ કરીને, બીજા વર્ણને પામે તે રીતે તે શરીરોના અગ્નિસંસ્કાર કરો.

ત્યારપછી તે શક્રએ ભવનપતિ આદિ દેવોને આ પ્રમાણે કહ્યું — ઓ દેવાનુપ્રિય ! તીર્થંકરની ચિતામાં યાવત્ અણગારની ચિતામાં અગરુ, તુરુષ્ક, ઘી, મધ એ દ્રવ્યો કુંભાગ્રશઃ અનેક કુંભ પરિમાણ અને ભારાગ્રશઃ અનેક ૨૦-તુલા પરિમાણ અથવા પુરુષ વડે ઉત્ક્ષેપણીય તે ભાર, તે અગ્ર - પરિમાણ જેનું છે તે ભારાગ્ર, તેવાં ઘણાં ભારાગ્રને લઈ આવો એ પૂર્વવત્ જાણવું.

હવે માંસાદિને બાળી નંખાયા પછી બાકી રહેલાં અસ્થિનું શક્ર શું કરે છે ? કરે છે ? તે કહે છે - તે સ્પષ્ટ છે. વિશેષ એ કે — ક્ષીરોદક વડે અર્થાત્ ક્ષીરસમુદ્રથી લાવેલ જળ વડે વિધ્યાપિત - શાંત કરે છે.

હવે અસ્થિ વક્તવ્યતા કહે છે — ત્યારપછી ચિતિકાને શાંત કર્યા પછી ભગવંત તીર્થંકરની ઉપરની જમણી બાજુની સકિથ-દાઢા શક્ર ગ્રહણ કરે છે. કેમકે તે ઉર્ધ્વલોકનો વાસી છે અને દક્ષિણ લોકાર્દ્ધનો અધિપતિ છે. [અહીં હીર-વૃત્તિમાં જણાવે છે—]

*જિનની દાઢા જિનની જેમ આરાધ્ય છે કેમકે જિનસંબંધી વસ્તુપણે છે. જિનપ્રતિમા કે જિનસ્થાપિત તીર્થસમાન છે. જેનામાં જિનભક્તિ છે. તેનામાં જ તેમની દાઢાદિની ભક્તિ છે, અન્યથા ભક્તિ અસંભવ છે. અમિત્રની આકૃતિ જોઈને અને નામાદિ સાંભળીને કે અનુમોદનથી ભક્તિ ન થાય પણ કોઈપણે કોઈ રીતે તેને સાંભલીને કે જોઈને તેની ભક્તિ થાય. એમ દાઢાદિની ભક્તિ જિનભક્તિ જેવી છે.*

*(શંકા) જિનપ્રતિમા તેવી જિન આકૃતિવાળી હોવાથી જિનની સ્મૃતિના હેતુપણાથી તીર્થની અને તીર્થંકરસ્થાપિતપણાથી સર્વગુણોના આશ્રયત્વથી અને તીર્થંકર પણ નમસ્કરણીયતાથી તેમનું આરાધન યુક્ત છે, કેમકે વસ્તુગત તે જિનારાધનપણાથી જ છે, પરંતુ દાઢાનું આરાધન કઈ રીતે જિનભક્તિ કહેવાય ?*

*(સમાધાન) જેમ એક જ હરિવંશકુળ આ નેમિનાથના કુળ ઈત્યાદિ રૂપથી નેમિનાથને આશ્રીને મહાફળદાયી થાય છે, તે એ પ્રમાણે કૃષ્ણ વાસુદેવના કુળ આદિ વડે કૃષ્ણ વાસુદેવને આશ્રીને ન થાય, એ પ્રમાણે દાઢા આદિ ઋષભદેવાદિ સંબંધિ તીર્થંકરને આશ્રીને શ્રવણપથમાં આવેલ છતાં મહાફળનો હેતુ છે, તો પછી તેનું પૂજનાદિ શા માટે? પ્રતિમા તીર્થંકરની આકૃતિ માત્ર જ છે, તેના શરીરના અવયવો નથી શું? દાઢા સાક્ષાત્ શરીર અવયવ જ છે. આ દાઢા ઋષભદેવ સંબંધી છે, એ*



*પ્રમાણે સ્વયં વિચારતા કે સાંભળતા મહાનિર્જરાનો હેતુ છે. એમ કરીને સ્વયં જ સમ્યગ્ વિચારતા આશંકા થતી નથી. એ રીતે સમ્યગ્દૃષ્ટિને તેમના અસ્થિ આદિનું ગ્રહણ અને પૂજન જિનભક્તિ છે તેમ સિદ્ધ થાય છે. એ પ્રમાણે હીરવૃત્તિમાં કહે છે.*

ઈશાનેન્દ્ર એ ઉપરની ડાબી દાઢા ગ્રહણ કરી, કેમકે તે ઉર્ધ્વ લોકવાસી છે અને ઉત્તર લોકાર્દ્ધનો અધિપતિ છે.

અસુરેન્દ્ર અસુરરાજ ચમરે નીચેની જમણી બાજુની દાઢા ગ્રહણ કરી, કેમકે તે અધોલોકવાસી છે અને દક્ષિણ શ્રેણીનો અધિપતિ છે. બલિ, દક્ષિણના અસુર વડે વિ - વિશિષ્ટ રોચન - દીપવું તે, અર્થાત્ દીપ્તિ જેની છે, તે વૈરોચન, ઉત્તરનો અસુર, દક્ષિણના કરતાં ઉત્તરીયની અધિક પુન્યપ્રકૃતિ હોવાથી, તેનો ઈન્દ્ર, એ રીતે વૈરોચન રાજા પણ છે, તેણે નીચેની ડાબી બાજુની દાઢા ગ્રહણ કરી કેમકે તે અધોલોકવાસી અને ઉત્તરશ્રેણિનો અધિપતિ છે.

બાકીના ભવનપતિ, યાવત્ શબ્દથી વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકો પણ લેવા. વૈમાનિક દેવો મહર્દ્ધિકના ક્રમે બાકીના અંગો-ભુજાદિના અસ્થિ અને ઉપાંગ-અંગની સમીપવર્તી અંગુલી આદિના અસ્થિને ગ્રહણ કરે છે.

અહીં ભાવ આ છે — સનત્કુમારાદિ ૨૮-ઈન્દ્રો બાકી રહેલા ૨૮-દાંતોને અને બાકી રહેલા ઈન્દ્રો અંગ-ઉપાંગના અસ્થિને ગ્રહણ કરે છે. દેવોને તેનું ગ્રહણ કરવામાં શો હેતુ છે ? તે કહે છે — કેટલાંક લોકો જિનભક્તિથી જિનેશ્વર નિર્વાણ પામ્યા પછી જિનઅસ્થિને જિનવત્ આરાધ્ય જાણે છે. કેટલાંક આ જિન-પુરાતન એવું આચીર્ણ હોવાથી અમારું પણ આ કર્તવ્ય છે, એમ માનીને લે છે. કેટલાંક તે પુન્ય છે' માનીને લે છે.

અહીં બીજા ગ્રંથમાં પ્રસિદ્ધ આ હેતુ પણ છે — જે (આ દાઢા આદિને) રોજ પૂજે છે, તેનો કદાચ ક્યારેક કોઈ પરાભવ કરે તો તે દાઢાદિને પ્રક્ષાલીને તેના જળ વડે પોતાની રક્ષા કરાય છે. સૌધર્મેન્દ્ર અને ઈશાનેન્દ્ર બંનેને પરસ્પર વૈર હોય છે, તેને છાંટવાથી વૈરનો ઉપશમ થાય છે ઈત્યાદિ જાણવું.

તથા ''વ્યાખ્યાથી વિશેષાર્થ જણાય છે'' આથી વિદ્યાધર મનુષ્યો ચિતાની ભસ્મની શેષ ગ્રહણ કરે છે, તેઓ સર્વોપદ્રવને શાંત કરનાર માને છે. ત્રણ જગત્ના આરાધ્ય તીર્થંકરો તો ઠીક, પણ યોગ ભૃત્ ચક્રવર્તીની અસ્થિ પણ દેવો ગ્રહણ કરે છે.

હવે ત્યાં વિદ્યાધર આદિ વડે અહંપૂર્વિકાથી ભસ્મ ગ્રહણ કરાય ત્યારે અને અખાતની ગર્તામાં જતાં ત્યાં પામરજનકૃત્ આશાતના પ્રસંગ ન આવે અને તીર્થ પ્રવૃત્તિનું સાતત્ય રહે તેથી સ્તૂપવિધિ કહે છે — તે સર્વે સ્પષ્ટ છે. વિશેષ એ કે — સંપૂર્ણપણે રત્નમય - અંદર અને બહાર રત્નોથી ખચિત મહાતિમહત - અતિ વિસ્તીર્મ, - x - ત્રણ ચૈત્યસ્તૂપો. તેમાં ચૈત્ય-ચિત્તને આહ્લાદક એવા સ્તૂપોને ત્રણે ચિતાની ભૂમિ ઉપર કરે છે, આજ્ઞા કરણ સૂત્રમાં તે ઘણાં ભવનપતિ આદિ દેવો તે પ્રમાણે કરે છે. [તેમ જાણવું.]

જેમ આજ્ઞા કરણ સૂત્રમાં યાવત્ કરણથી સૂત્રકારે લાઘવતા સૂચવી, તે પ્રમાણે પૂર્વસૂત્રમાં પણ કેમ લાઘવ વિચારણા ન કરી ?

સૂત્રથી પ્રવૃત્તિ વિચિત્ર હોય છે, માટે તેમ કર્યું.

ત્યારપછી તે ઘણાં ભવનપતિ આદિ દેવો સ્તૂપ ઉપર-પાસે યથોચિત તીર્થંકરનો પરિનિર્વાણ મહોત્સવ કરે છે. કરીને જ્યાં આકાશખંડમાં નંદીશ્વરદ્વીપ છે, ત્યાં આવે છે.

ત્યારપછી તે શક્ર પૂર્વના અંજનગિરિ પર્વતે અષ્ટાહ્નિકા-આઠ દિવસીય સમારોહ જે મહોત્સવમાં હોય છે, તે અષ્ટાહ્નિકા, તેમાં મહામહોત્સવ કરે છે.

ત્યારપછી શક્રના ચારે લોકપાલો સોમ-યમ-વરુણ અને વૈશ્રમણ, તેની નીકટના ચાર દધિમુખ પર્વત ઉપર અષ્ટાહ્નિકા મહોત્સવ કરે છે. અહીં નંદીશ્વરાદિ શબ્દોનો શો અર્થ છે ?

નન્ધા-પર્વત પુષ્કરિણી આદિ પદાર્થ સાર્થ સમુદ્‌ભૂત એવી અતિ સમૃદ્ધિથી ઈશ્વર-સ્ફાતિમાન તે નંદીશ્વર, તે જ મનુષ્યદ્વીપોની અપેક્ષાથી ઘણાં સિદ્ધાયતનાદિના સદ્‌ભાવથી શ્રેષ્ઠ છે, માટે નંદીશ્વરવર, તથા અંજનરત્નમયપણાથી અંજન અથવા કૃષ્ણ વર્ણપણાથી અંજન તુલ્ય હોવાથી અંજનક. દહીં સમાન ઉજ્જ્વલ વર્ણ મુખ-શિખર, રજતમયપણાથી જેમાં છે તે.

હવે ઈશાનેન્દ્રના નંદીશ્વરે આગમનની વક્તવ્યતા કહે છે — ઈશાન દેવેન્દ્ર ઉત્તરના અંજનકે અષ્ટાહ્નિકા કરે છે, તેમના લોકપાલો ઉત્તરીય અંજનકના પરિવારરૂપ ચાર દધિમુખે અષ્ટાહ્નિકા કરે છે.

ચમર દક્ષિણના અંજનકે અને તેના લોકપાલો દધિમુખ પર્વત ઉપર કરે. બલીન્દ્ર પશ્ચિમના અંજનકે અને તેના લોકપાલો દધિમુખ પર્વત ઉપર અષ્ટાહ્નિકા કરે છે.

ત્યારપછી તે ઘણાં ભવનપતિ આદિ દેવો અષ્ટાહ્નિકા મહામહોત્સવરૂપ કરે છે. આ અષ્ટાહ્નિકા સૌધર્મેન્દ્ર આદિ વડે અલગ-અલગ કરાય છે. અષ્ટાહ્નિકા મહામહોત્સવ કરીને જે લોકદેશમાં પોત-પોતાના સંબંધી વિમાનો હોય, જ્યાં-જ્યાં પોત-પોતાના ભવનો-નિવાસપ્રાસાદ હોય, તેમાં જ્યાં-જ્યાં સુધર્માસભા હોય, જ્યાં-જ્યાં પોત-પોતાના સંબંધી માણવક નામે ચૈત્ય સ્તંભ હોય, ત્યાં આવે છે. આવીને ત્યાં વજ્રમય ગોલક સમુદ્‌ગક - ગોળ ડાબલામાં જિનસકિથને મૂકે છે. સકિથ પદના ઉપલક્ષણથી દાંત વગેરે પણ યથાયોગ્ય મૂકે છે.

અહીં જ્ઞાતાધર્મકથાંગમાં કહેલ મલ્લિનાથ નિર્વાણ મહિમા અધિકારમાં કહેલ સૂત્રગત વૃત્તિ અનુસારે માણવક, તેમાંથી ગોળ ડાબલો કાઢીને સિંહાસને મૂકે છે. તેમાં રહેલા જિનસકિથ પૂજે છે. તેમાં ઋષભજિનના સકિથ-દાઢાદિ પણ મૂકે છે, તેમ જાણવું.

મૂકીને પછી તેને શ્રેષ્ઠ માળા વડે અને ગંધ વડે અર્ચના કરે છે, અર્ચન કરીને



વિપુલ-ભોગોચિત્ત, ભોગોને ભોગવતાં વિચરે છે - રહે છે. અહીં બીજા કહે છે કે — ચારિત્રાદિગુણ રહિત ભગવંતના શરીરના પૂજનાદિ પૂર્વે પણ મને અંદરના ઘાની જેમ નડતા હતા, ત્યારે પછી આ જિનસકિથ આદિનું પૂજન ઘામાં ક્ષારની જેમ વધારે પીડે છે. (તેનું શું ?)

આવું ન બોલવું. નામ, સ્થાપના, દ્રવ્ય જિન પણ ભાવજિન માફક જ વંદનીયપણે છે. ત્યારે ભગવંતના શરીરના દ્રવ્યજિન રૂપત્વથી અને સકિથ આદિ તેમનાં જ અવયવ હોવાથી ભાવજિનના ભેદથી વંદનીયપણે જ છે. અન્યથા ગર્ભપણે ઉત્પન્ન માત્ર ભગવંતને “શ્રમણ ભગવંત મહાવીર” ઈત્યાદિ આલાપ વડે સૂત્રકારે સૂત્ર રચનામાં શક્રસ્તવ આદિ પ્રયોગ કર્યો ન હોત. તેથી જ જિનસકિથ આદિના આશાતનાભીરુ જ દેવો ત્યાં કામ સેવનાદિમાં પણ પ્રવર્તતા નથી.

એ રીતે ત્રીજો આરો ગયો. હવે ચોથા આરાનું સ્વરૂપ કહે છે —

● **સૂત્ર-૪૭ થી ૪૯ :-**

*(૪૭) ત્રીજા આરાનો બે કોડાકોડી સાગરોપમ કાળ વીત્યા પછી અનંત વર્ણ પર્યાયોથી યાવત્ અનંત ઉત્થાન કર્મ યાવત્ હ્રાસ થતાં થતાં આ દુષમસુષમા નામક આરાનો હે આયુષ્યમાન્ શ્રમણ ! આરંભ થયો.*

*ભગવન્ ! તે સમયમાં ભરતક્ષેત્રના કેવા પ્રકારના આકારભાવ પ્રત્યાવતાર કહેલા છે ? ગૌતમ ! બહુસમરમણીય ભૂમિભાગ કહેલ છે, જેમ કોઈ આલિંગપુષ્કર૦ યાવત્ મણી વડે ઉપશોભિત હોય, તે આ પ્રમાણે કૃત્રિમ અને અકૃત્રિમ.*

*ભગવન્ ! તે આરામાં ભરતક્ષેત્રના મનુષ્યોના કેવા આકારભાવ પ્રત્યાવતાર કહેલા છે ? ગૌતમ ! તે મનુષ્યોને છ ભેદે સંઘયણ, છ ભેદે સંસ્થાન, ઘણાં ધનુષ્ ઉર્ધ્વ ઉંચાઈથી, જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી પૂર્વકોડીનું આયુ પાલન કરે છે. પાળીને કેટલાંક નરકગામી, યાવત્ દેવગામી થાય છે, કેટલાંક સિદ્ધ, બુદ્ધ યાવત્ સર્વ દુઃખોનો અંત કરનારા થાય છે.*

*તે ચોથા આરામાં ત્રણ વંશો ઉત્પન્ન થયા. તે આ પ્રમાણે — અરહંતવંશ, ચક્રવર્તીવંશ, દશાર્હવંશ.*

*તે સમયમાં ૨૩ તીર્થંકરો ૧૧-ચક્રવર્તીઓ, ૯-બલદેવ અને ૯-વાસુદેવ ઉત્પન્ન થયા.*

*(૪૮) તે ચોથા આરામાં ૪૨,૦૦૦ વર્ષ ન્યૂન એક સાગરોપમ કોડાકોડી કાળ વ્યતીત થયા પછી અનંત પર્યવોથી આદિ પૂર્વવત્ યાવત્ પરિહાનીથી હ્રાસ થતાં-થતાં આ દૂષમા નામે પાંચમો આરાનો આરંભ હે આયુષ્યમાન્ શ્રમણો ! થશે.*

*ભગવન્ ! તે આરામાં ભરતક્ષેત્રના કેવા આકાર-ભાવપ્રત્યાવતાર થશે ? ગૌતમ ! બહુસમ રમણીય ભૂમિભાગ થશે, જેમ કોઈ આલિંગપુષ્કર કે મૃદંગપુષ્કર યાવત્ વિવિધ પંચવર્ણીમણી કે જે કૃત્રિમ અથવા અકૃત્રિમ હોય તેના વડે [તે*

શોભિત હશે.]

ભગવન્ ! તે સમયમાં ભરતક્ષેત્રના મનુષ્યોના કેવા પ્રકારે આકાર ભાવ પ્રત્યવતાર કહેલ છે ? ગૌતમ ! તે મનુષ્યોને છ ભેદે સંઘયણ, છ ભેદે સંસ્થાન, ઘણાં રત્ની (હાથ) ઉર્ધ્વ ઉંચાઈથી હોય, જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી સાતિરેક સો વર્ષનું આયુ પાલન કરશે, પાલન કરીને કેટલાંક નરકગામી થશે યાવત્ સર્વ દુઃખોનો અંત કરનારા કેટલાંક થશે.

તે સમયમાં પાછલા ત્રિભાગમાં ગણધર્મ, પાખંડ ધર્મ, રાજધર્મ, જાત તેજ તથા ચારિત્રધર્મ વિચ્છેદ પામશે.

[૪૯] તે સમયમાં-પાંચમા આરાના ૨૧,૦૦૦ વર્ષ-કાળ વીત્યા પછી અનંતા વર્ણ પર્યાયોથી, ગંધ-રસ-સ્પર્શ પર્યાયોથી યાવત્ હ્રાસ થતાં-થતાં આ દુષ્મદુષમા નામનો છઠ્ઠો આરો હે આયુષ્યમાન્ શ્રમણ ! આરંભ થશે.

ભગવન્! તે આરામાં ઉત્તમકાષ્ઠપ્રાપ્ત ભરત ક્ષેત્રનું [સ્વરૂપ] આકારભાવ પ્રત્યવતાર કેવા હશે? ગૌતમ! તે કાળે હાહાભૂત, ભંભાભૂત, કોલાહલભૂત સમઅનુભાવથી અત્યંત કઠોર, ધૂળથી મલિન, દુર્વિષહ, વ્યાકુળ, ભયંકર વાયુ અને સંવર્તક વાયુ ચાલશે. દિશાઓ વારંવાર ધુમાડાને છોડશે. તે સર્વથા રજથી ભરેલી અને ધૂળથી મલિન તથા ઘોર અંધકારને કારણે પ્રકાશશૂન્ય થઈ જશે. કાળની રૂક્ષતાના કારણે ચંદ્ર અધિક અપથ્ય શીતને છોડશે. સૂર્ય અધિક તપશે.

ગૌતમ ! ત્યારપછી અરસમેઘ, વિરસમેઘ, ક્ષારમેઘ, ખાત્રમેઘ, અગ્નિમેઘ, વિદ્યુત્મેઘ, વિષમેઘ, અપ્રયોજનીય જળયુક્ત વ્યાધિ-રોગ-વેદના ઉત્પાદક પરિમાણ જળ, અમનોજ્ઞ જળયુક્ત, ચંક-વાયુથી અપહત તીક્ષ્ણ ધારા છોડનારી વર્ષાને વરસાવશે.

ઉક્ત વર્ષાથી ભરતક્ષેત્રમાં ગ્રામ, આકાર, નગર, ખેડ, કર્બટ, મડંબ, દ્રોણમુખ, પાટણ, આશ્રમમાં રહેલ જનપદ-ચતુષ્પદ-ગવેલક- ખેચર-પક્ષિસંઘ ગામ અને અરણ્યમાં રહેલ ત્રસ અને પ્રાણ જીવો, ઘણાં પ્રકારના વૃક્ષ-ગુચ્છ-ગુલ્મ-લતા-વલ્લિ-પ્રવાલ-અંકુર આદિ તૃણ, વનસ્પતિ અને ઔષદિનો વિધ્વંસ કરી દેશે... (તથા)

...પર્વત, ગિરિ, ડુંગર, ઉન્નત સ્થળ, ભ્રાષ્ટ્ર આદિક અને વૈતાઢ્યગિરિ સિવાયના પર્વતાદિનું નામ નિશાન મિટાવી દશે.

ગંગા, સિંધુ નદી સિવાયના જળના સ્રોતો, ઝરણા, વિષમગર્ત નીચા-ઉંચા જળના સ્થાનોને સમાન કરી દેશે.

ભગવન્ ! તે સમયમાં ભરતક્ષેત્રની ભૂમિના કેવા આકારભાવ પ્રત્યવતાર [સ્વરૂપ] થશે ?

ગૌતમ ! ભૂમિ અંગારભૂત, મુર્મુરભૂત, ક્ષારિકભૂત, તપ્ત કવેલ્લકભૂત, તપ્તસમ જ્યોતિભૂત, ધૂળ-રેણુ-પંક-કીચડ અને ચલનિ એ બધાંની બહુલતાવાળી ભૂમિ થશે. તે ધરતી ઉપર જીવોને ચાલવાનું દુષ્કર બની જશે.



ભગવન્ ! તે સમયમાં ભરત ક્ષેત્રના મનુષ્યોના કેવા આકાર-ભાવ પ્રત્યવતાર થશે ?

ગૌતમ ! તે મનુષ્યો કુરૂપ, કુવર્ણ, દુર્ગંધ, દુરસ અને દુષ્ટસ્પર્શવાળા થશે. (તથા) અનિષ્ટ, અકાંત, અપ્રિય, અશુભ, અમનોજ્ઞ, અમણામ થશે. (વળી) હીનસ્વરવાળા, દીનસ્વરવાળા, અનિષ્ટસ્વરવાળા, અકાંત સ્વરવાળા, અપ્રિયસ્વરવાળા, અમણામ સ્વરવાળા, અમનોજ્ઞસ્વરવાળા, અનાદેય વચનવાળા, અવિશ્વાસ્ય, નિર્લજ્જ થશે...

...[તે મનુષ્યો] કૂડ, કપટ, કલહ, બંધ તથા વૈરમાં નિરત થશે. મર્યાદાના અતિક્રમણમાં પ્રધાન, અકાર્ય કરવામાં સદા ઉદ્યત, ગુરુના નિયોગ અને વિનયથી રહિત, વિકલરૂપવાળા, વધી ગયેલા નખ-વાળ-દાઢી અને મુંછવાળા, કાળા અને રૂક્ષ-કઠોર સ્પર્શવાળા, ફૂટેલ જેવા મસ્તક યુક્ત, કપિલવર્ણી-પલિત વાળવાળા, ઘણાં જ સ્નાયુઓ વડે નિબદ્ધ, દુર્દર્શનીય રૂપવાળા, દેહની આસપાસ પડેલ કડચલીરૂપ તરંગોથી વ્યાપ્ત એવા અંગઉપાંગથી યુક્ત હતા... [તેમજ]

...[તે મનુષ્યો] જરાયુક્ત વૃદ્ધોની સદેશ પરિણત વયવાળા, પ્રવિરલ અને પરિશટિત દંતશ્રેણિવાળા, ઘડાના વિકૃતમુખ સમાન મુખવાળા, વિષમ એવા ચક્ષુ અને વાંકી નાકવાળા, વંકવલી, વિકૃત-ભયાનક મુખવાળા, દાદ-ખાજ ઈત્યાદિથી વિકૃત કઠોર ચામડીવાળા, કાબરચીતરા શરીરવાળા, ખસર નામક ચામડીના રોગથી પીડિત, કઠોર તીક્ષ્ણ નખોથી ખરજવાને લીધે વિકૃત શરીરવાળા... [તથા]

...તે મનુષ્યો ટોલગતિ [ઉંટ જેવી ચાલવાળા], વિષમ સંધિ બંધનવાળા, અક્કડુ અસ્થિવાળા, વિભક્ત, દુર્બળ, કુસંઘયણ, કુપ્રમાણ, કુસંસ્થિત, કુરૂપ, કુસ્થાન, કુઆસન, કુશય્યા, કુભોજન એ બધાંથી યુક્ત, અશુચિ, અનેક વ્યાધિથી પીડિત અંગ-ઉપાંગવાળા, સ્ખલંત-વિહ્વળ ગતિ વાળા, નિરુત્સાહી, સત્વપરિવર્જિત, ચેષ્ટાહિન, નષ્ટતેજ, વારંવાર શીત-ઉષ્ણ-ખર-કઠોર વાયુથી વ્યાપ્ત શરીરવાળા, મલિનધુળથી આવૃત્ત દેહવાળા.

...[તથા] ઘણાં ક્રોધ-માન-માયા-લોભવાળા, ઘણાં મોહવાળા, અશુભ દુઃખના ભાગી, પ્રાયઃ ધર્મસંજ્ઞા અને સમ્યક્ત્વથી પરિભ્રષ્ટ થશે.

તેઓ ઉત્કૃષ્ટ એક હાથ પ્રમાણ ઉંચાઈવાળા, સોળથી વીસ વર્ષ પરમ આયુષ્યવાળા હોય છે. પોતાના ઘણાં પુત્ર-પૌત્ર પરિવારમાં અતિપ્રણય યુક્ત હોય છે. ગંગા-સિંધુ મહાનદી અને વૈતાઢ્ય પર્વતની નિશ્રામાં બિલોમાં રહેશે. તે બિલવાસીની સંખ્યા ૭૨ની હશે. તેમનાથી ભવિષ્યમાં ફરી મનુષ્ય જાતિનો

*વિસ્તાર થશે.*

*ભગવન્ ! તે મનુષ્યો શું આહાર કરશે ?*

*ગૌતમ! તે કાળે, તે સમયે ગંગા-સિંધુમહાનદી રથ ચાલવાના માર્ગ જેટલી માત્ર વિસ્તારમાં હશે. અક્ષસ્રોત પ્રમાણમાત્ર ઉંડુ ત્યાં પાણી હશે. તે જળમાં ઘણાં મત્સ્ય કાચબા આદિ હશે. તે જળમાં સજાતીય અપ્કાય જીવ વધુ નહીં હોય. ત્યારે તે મનુષ્યો સૂર્યના ઉગવાના મુહૂર્તમાં અને સૂર્ય આથમવાના મુહૂર્તમાં બિલોમાંથી દોડતા નીકળશે. બિલોમાંથી દોડતા નીકળીને તે મત્સ્ય, કાચબાને પકડીને જમીન ઉપર લઈ આવશે. સ્થળ [જમીન] ઉપર લાવીને શીત અને આતપ વડે મત્સ્ય અને કાચબાને રસરહિત બનાવશે. એ રીતે પોતાની આજીવિકા ચલાવતા ૨૧,૦૦૦ વર્ષ સુધી પોતાનો નિર્વાહ કરતાં રહેશે.*

*ભગવન્ ! તે મનુષ્યો નિઃશીલ, નિર્વ્રત, નિર્ગુણ, નિર્મર્યાદ, પ્રત્યાખ્યાન અને પૌષધોપવાસ રહિત હશે. વળી તે પ્રાયઃ માંસાહારી, મત્સ્યાહારી, ક્ષુદ્ર આહારી, કુણિમાહારી (હશે) તે કાળમાસે કાળ કરીને ક્યા જશે ? ક્યાં ઉત્પન્ન થશે ?*

*ગૌતમ ! પ્રાયઃ નરકગતિ અને તિર્યંચગતિમાં ઉપજશે.*

*ભગવન્ ! તે આરામાં સીંહ, વાઘ, વૃક, દ્વીપિકા, અચ્છ, તરક્ષ, પરાસર, સરભ, શિયાળ, બિડાલ, શુનક, કોલશુનક, શશક, ચિત્તા, ચિલ્લક પ્રાયઃ માંસાહારી, મત્સ્યાહારી, ક્ષુદ્રાહારી, કુણિમાહારી (હશે) તે મૃત્યુકાળે મૃત્યુ પામી ક્યાં જશે ? ક્યાં ઉપજશે ?*

*ગૌતમ ! પ્રાયઃ નરક અને તિર્યંચયોનિકોમાં ઉપજશે.*

*ભગવન્ ! તે ઢંક, કંક, પીલક, મદ્ગુક, શિખી પ્રાયઃ માંસાહારી ઈત્યાદિ હશે યાવત્ ક્યાં જશે ? ક્યાં ઉપજશે ?*

*ગૌતમ ! પ્રાયઃ નરક અને તિર્યંચયોનિમાં ઉપજશે.*

● વિવેચન-૪૭ થી ૪૯ :-

તે અનંતર વર્ણિત આરાના બે કોડાકોડી સાગરોપમ, એટલો કાળ વ્યતીત થતાં અનંતા વર્ણપર્યાયો આદિથી પૂર્વવત્ બીજા આરાની પ્રતિપત્તિના ક્રમથી જાણવું યાવત્ અનંત ઉત્થાન-બળ-વીર્ય-પુરુષાકાર પરાક્રમોથી અનંતગુણ પરિહાની વડે ઘટતાં-ઘટતાં પછી અનંતર એવો દુષમસુષમા નામનો કાળ આવે છે.

હવે પૂર્વેના આરાની માફક ભરતક્ષેત્રનું સ્વરૂપ પૂછતા કહે છે — તે સ્પષ્ટ છે. પછી તેમાંના મનુષ્યનું સ્વરૂપ પૂછતા કહે છે — તે કાળે૰ ઈત્યાદિ. આ બંને સૂત્રો પ્રાયઃ પૂર્વના સૂત્ર સદૃશ આલાવાવાળા હોવાથી સુગમ છે. વિશેષ એ કે — તે કાળના મનુષ્યો આયુને જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી પૂર્વકોટિનું પાલન કરે છે. પાળીને પાંચે ગતિમાં અતિથિ થાય છે.



હવે પૂર્વની સમાપ્તિમાં વિશેષ કહે છે — તે આરામાં ત્રણ વંશ સમાન વંશ-પ્રવાહ થયા, તે સંતાનરૂપ પરંપરાના અર્થમાં નથી. કેમકે પરસ્પર પિતા-પુત્ર, પૌત્ર-પ્રપૌત્ર આદિ વ્યવહારનો અભાવ છે. તે ઉત્પન્ન થયા, તે આ પ્રમાણે — અર્હત્ વંશ, ચક્રવર્તીવંશ, દશાર્હ - બલદેવ અને વાસુદેવોનો વંશ. અહીં જે દશાર શબ્દ વડે બંનેનું કથન કર્યુ, તે પછીના સૂત્રના બળથી કરેલ છે. અન્યથા દશાર્હ શબ્દથી વાસુદેવ જ પ્રતિપાદિત કર્યા હોત. કેમકે अहय च दसाराणाम् એ વચન છે.

જે પ્રતિવાસુદેવ વંશ કહેલ નથી, તે પ્રાયઃ અંગને અનુસરતા ઉપાંગો છે, કેમકે સ્થાનાંગમાં ત્રણ વંશની પ્રરૂપણા છે. જે હેતુથી ત્યાં નિર્દેશ છે, તેમાં આ વૃદ્ધ પરંપરા છે — પ્રતિવાસુદેવો વાસુદેવ વડે વધ્ય હોવાથી તેની પુરુષોત્તમપણાની વિવક્ષા કરતા નથી.

આ જ અર્થને સ્પષ્ટ કરતાં કહે છે — તે આરામાં ૩૩-તીર્થંકરો, ૧૧-ચક્રવર્તીઓ થયા. કેમકે ભગવંત ઋષભ અને ચક્રવર્તી ભરત બંને ત્રીજા આરામાં થયા છે. નવ બળદેવ અને નવ વાસુદેવ થયા. અહીં બળદેવ એ મોટા ભાઈ હોય છે, તેથી તેનું ગ્રહણ પહેલાં કર્યુ. ઉપલક્ષણથી પ્રતિવાસુદેવનો વંશ પણ ગ્રહણ કરવો.

ચોથો આરો પુરો થયો, હવે પાંચમો કહે છે — તે આરામાં ૪૨,૦૦૦ વર્ષ ન્યૂન એક કોડાકોડી સાગરોપમનો કાળ હતો. તેના દ્વારા પાંચમો અને છઠ્ઠો આરો બંને ૨૧,૦૦૦ - ૨૧,૦૦૦ વર્ષના જાણવા.

કાળ વ્યતીત થતાં અનંત વર્ણાદિ પર્યાયો પૂર્વવત્ યાવત્ પરિહાનિથી ઘટતાં-ઘટતાં, આ સમયમાં દુઃષમ નામે કાળ આવશે. - x -

હવે અહીં ભરતનું સ્વરૂપ પૂછતાં કહે છે — તે બધું પૂર્વે કહેવાઈ ગયેલ છે. વિસેષ એ કે પૂછનારની અપેક્ષાથી ''થશે'' એવો ભવિષ્યકાળનો પ્રયોગ કરેલ છે. અહીં ભૂમિનું બહુસમરમણીયતર આદિ ચોથા આરાની ઘટતાં-ઘટતાં સર્વથાહીન જાણવું.

[શંકા] સ્થાણુ-કાંટા અને વિષમતાની બહુલતા ઈત્યાદિ જે પછીના સૂત્ર વડે અને લોકપ્રસિદ્ધિથી કહ્યું, તે વિરોધ ન આવે.

[સમાધાન] આવું અવિચારિત ચિંતવવું નહીં. કેમકે અહીં બહુલ શબ્દ વડે સ્થાણુ આદિની બહુલતા વિચારવી, પણ છઠ્ઠા આરાની જેમ એકાંતિકપણું ન વિચારવું. તેથી ક્વચિત્ ગંગા તટાદિમાં, આરામ આદિમાં, વૈતાઢ્ય ગિરિનિકુંજાદિમાં બહુસમ-રમણીયત્વ આદિ પ્રાપ્ત થાય છે જ, તેથી ઉક્ત વિધાનમાં કોઈ વિરોધ નથી.

હવે તેના મનુષ્યોનું સ્વરૂપ પૂછતાં કહે છે — બધું પૂર્વ વ્યાખ્યા કરાયેલ છે. વિશેષ એ કે — ઘણાં રત્નિ એટલે હાથ, સાત હાથ ઉંચાઈ જેમાં છે તે. જો કે નામકોશમાં બદ્ધમુટ્ઠી હાથને રત્નિક એમ કહેલ છે. તો પણ સિદ્ધાંતની પરિભાષાથી

પૂર્ણ હાથ જાણવો.

તે મનુષ્યો જઘન્યથી અંતમુહૂર્ત અને ઉત્કૃષ્ટથી સાતિરેક ૧૩૦ વર્ષ આયુ પાળે છે. કોઈક-કોઈક નરકગતિગામી છે યાવત્ બધાં દુઃખોનો અંત કરનારા થાય છે. આ અંતક્રિયા ચોથા આરામાં જન્મેલા પુરુષોની અપેક્ષા વડે છે. કેમકે તેઓ જ પાંચમાં આરામાં સિદ્ધ થાય છે - જંબૂસ્વામી માફક પરંતુ સંહરણને આશ્રીને આ ન વિચારવું. તેમ હોવાથી જ પહેલા અને છટ્ઠા આરા આદિમાં આ સૂત્રપાઠ પ્રાપ્ત થાય છે.

અહીં પાળે છે, અંત કરે છે ઈત્યાદિમાં ભવિષ્યકાળના પ્રયોગમાં કઈ રીતે વર્તમાનનો નિર્દેશ છે ? તે કહે છે — બધી જ અવસર્પિણીમાં પાંચમાં આરામાં આ જ સ્વરૂપ છે, એ પ્રમાણે નિત્ય પ્રવૃત્ત હોવાથી વર્તમાનકાળમાં વર્તમાનનો પ્રયોગ છે જેમ ''બે સાગરોપમ કાળમાં શક્ર રાજ્ય કરે છે'' તે રીતે [આ વર્તમાન નિર્દેશ જાણવો.]

તો પછી ''દુઃષમ આરામાં કાળ પ્રાપ્ત થશે'' ઈત્યાદિ પ્રયોગ કઈ રીતે છે ? તે કહે છે — પ્રજ્ઞાપકપુરુષની અપેક્ષાથી આ પ્રયોગ છે.

ફરી પણ તે કાળમાં બીજું શું-શું વર્તે છે, તે કહે છે — તે દુઃષમા નામના આરામાં પાછલાં ત્રિભાગમાં વર્ષસહસ્ર સપ્તક પ્રમાણ અતિક્રાંત થતાં પરંતુ બાકી કાળમાં નહીં, તેમ હોવાથી ૨૧,૦૦૦ વર્ષ પ્રમાણ શ્રી વીર ભગવંતના તીર્થના અવ્યુચ્છિન્ન કાળની આપૂર્તિમાં ગણ - સમુદાય, નિજજ્ઞાતિ, તેનાં ધર્મ-સ્વસ્વ પ્રવર્તિત વ્યવહાર વિવાહાદિ, પાખંડ-શાક્યાદિનો ધર્મ પ્રસિદ્ધ છે, રાજધર્મ-નિગ્રહ અનુગ્રહાદિ, જાતિતેજ - અગ્નિ, તે પણ અતિ સ્નિગ્ધ સુષમસુષમાદિ જેવો નહીં, અતિરૂક્ષ-દુષમદુઃષમાદિ જેવો નહીં. તેવો ઉત્પન્ન થશે. च કારથી અગ્નિહેતુક ''સંધવા આદિ''નો વ્યવહાર. ચરણધર્મ-ચારિત્રધર્મ. च શબ્દથી ગચ્છ વ્યવહાર. - x - વિચ્છેદને પ્રાપ્ત થશે. સમ્યક્ત્વ ધર્મ કેટલાંકને સંભવે છે. બિલવાસીને અતિ ક્લિષ્ટત્વથી ચારિત્રનો અભાવ જ છે.

તેથી જ પ્રજ્ઞપ્તિમાં કહેલ છે — પ્રાયઃ કરીને ધર્મસંજ્ઞાથી પ્રભ્રષ્ટ થયેલા છે. અહીં ओसन्न શબ્દ પ્રાયઃ અર્થમાં ગ્રહણ કરવો. ક્યારેક સમ્યક્ત્વને પામે પણ છે, એવો ભાવ છે.

પાંચમો આરો પુરો થયો, હવે છટ્ઠાનો આરંભ કરે છે —

તે આરાના ૨૧,૦૦૦ વર્ષ પ્રમાણ કાળ વ્યતીત થતાં અનંત વર્ણ પર્યાયથી તેમજ ગંધ-સ્પર્શ પર્યાયોથી યાવત્ ઘટતાં-ઘટતાં દુઃષમ-દુઃષમ નામનો આરો પ્રાપ્ત થશે.

હવે તે વખતના ભરતનું સ્વરૂપ કહે છે — તે આરામાં ઉત્તમ કાષ્ઠાપ્રાપ્ત અર્થાત્ ઉત્તમ અવસ્થાગતમાં અથવા પરમકષ્ટ પ્રાપ્ત સ્થિતિમાં ભરતનું કેવું કેવા પ્રકારે, આકારભાવ-આકૃતિલક્ષણ પર્યાયનો પ્રત્યવતાર-અવતરણ તે આકારભાવ પ્રત્યવતાર [સ્વરૂપ] કહેલું છે.



ભગવંતે કહ્યું — ગૌતમ! એમ આમંત્રીને હવે કહેવાનાર વિશિષ્ટ કાળ થસે, કેવા પ્રકારે? તે કહે છે — हाहाभूत - એટલે 'હાહા' એ પ્રમાણે આ શબ્દનું દુઃખાર્ત્તલોક વડે કરણ તે હાહા કહેવાય છે. તે રૂપ પ્રાપ્ત જે કાળ, તે 'હાહાભૂત' કાળ. 'ભાંભા' એ દુઃખાર્ત્ત ગાય આદિથી કરાય તે - ભાંભરવું, એવો જે કાળ તે 'ભંભાભૂત' કાળ. આ બંને અનુકરણ શબ્દો છે અથવા ભંભા એટલે 'ભેરી' તે અંતઃશૂન્ય છે, તેથી ભંભા સમાન જે કાળ, જનક્ષયથી તે શૂન્ય, તેને 'ભંભાભૂત' કહે છે. કોલાહલ - એ પીડિત પક્ષીનો સમૂહધ્વનિ છે, તે રૂપ પ્રાપ્ત, તે કોલાહલભૂત. સમઅનુભાવથી - કાળ વિશેષ સામર્થ્યથી. અહીં च કાર એ વાચ્યાંતર દર્શાવે છે.

ખરપુરુષ - અત્યંત કઠોર અને ધૂળથી મલિન જે વાયુ તે તથા દુર્વિષહ-દુસ્સહ અર્થાત્ વ્યાકુળ, અસમંજસ. ભયંકર વાય છે. - x - સંવર્તક - તૃણ, કાષ્ઠ આદિનો અપહારક વાયુ વિશેષ, તે પણ વાય છે અહીં આ કાળમાં વારંવાર ધૂમાળોને ઉંચે ફેંકતી એવી દિશા હોય છે. તે કેવા પ્રકારની હોય ? તે કહે છે —

ચોતરફ રજવાળી, તેથી જ રેણુ-રજ વડે કલુષ-મલિન તથા તમઃપટલ-અંધકારના વૃંદથી નિરાલોક-પ્રકાશ વગરની, અથવા જ્યાં દૃષ્ટિ પ્રસરી શકતી નથી તેવી. કેમકે સમય અને કાળની રૂક્ષતા છે.

અધિક, અહિત કે અપથ્ય ચંદ્ર શીતહિમને છોડે છે. તે રીતે જ સૂર્ય પણ તપે છે અર્થાત્ તાપને મુકે છે. કાળની રુક્ષતાથી શરીરની રૂક્ષતા છે, તેનાથી અધિક શીત-ઉષ્ણ પરાભવ છે.

હવે ફરી તેનું સ્વરૂપ ભગવંત સ્વયં જ કહે છે — વળી બીજું એ કે હે ગૌતમ ! વારંવાર अरस - મનોજ્ઞરસ વર્જિત પાણીવાળો જે મેઘ છે તે, વિરસ-વિરુદ્ધ રસવાળો જે મેઘ છે તે. આ જ વાતને વધુ વ્યક્ત કરે છે — ક્ષારમેઘ - સર્જાદિ ક્ષાર સમાન જળથી યુક્ત મેઘ. ખાત્રમેઘ-છાણ જેવા રસના જળથી યુક્ત મેઘ, ક્વચિત્ ત્યાં ખાટા પાણીવાળો મેઘ, અગ્નિમેઘ-અગ્નિવત્ દાહકારી જળવાળો મેઘ, વિદ્યુત્પ્રધાનની જેમ જળ વર્જિત મેઘ અથવા વિદ્યુત્નો નિપાત કરતો કે વિદ્યુત્ નિપાત કાર્યકારી જળનિપાતવાળો મેઘ, વિષમેઘ-લોકોના મરણ થાય તેવા હેતુવાળો મેઘ, અહીં 'અસનિમેઘ' એવું પદ પણ ક્યાંક દેખાય છે. તેનો અર્થ આ છે — કરક આદિનો નિપાત કરતો પર્વતાદિના વિદારણમાં સમર્થ જલપણાથી વજ્રમેઘ, અયાપનીય - અપ્રયોજન જલ જેમાં છે તે અર્થાત્ અસમાધાનકારી જળ. ક્યારેક ન પીવાયોગ્ય જલ પણ હોય.

આ જ કથનને સ્પષ્ટ કરે છે — વ્યાધિ-રોગ-વેદના-પરિણામ જળ. અહીં વ્યાધિ-સ્થિર કુષ્ઠાદિ, રોગ-સદ્યઘાતી શૂલાદિ, તેમાંથી ઉત્થિત જે વેદનાની ઉદીરણા-અપ્રાપ્ત સમયમાં ઉદયને પ્રાપ્ત, તે પરિણામ-પરિપાક જે પાણીનો છે તે. તે એવા પ્રકારે જલ જેમાં છે તે. તેથી જ અમનોજ્ઞ પાણી, ચંડ પવન વડે પ્રહત, તીક્ષ્ણ-

વેગવતી ધારાનો જે નિપાત, તે પ્રચુર પ્રમાણમાં જે વર્ષામાં છે તે. એવી વર્ષાને વરસાવે છે. બીજા ગ્રંથમાં આ ક્ષારમેઘાદિ ૧૦૦ વર્ષ ન્યૂન ૨૧,૦૦૦ વર્ષ પ્રમાણ દુઃષમાકાળ અતિક્રમ્યા પછી વરસે છે.

હવે તે અરસ મેઘાદિના વરસવાથી શું કરશે ? તે કહે છે – જે વરસવાના કરણરૂપથી પૂર્વોક્ત વિશેષણવાળો મેઘ વિધ્વંસ કરે છે તે. ભરત વર્ષમાં ગ્રામ આદિ આશ્રમ સુધીના પૂર્વે વ્યાખ્યાયિત કરેલ છે, તેમાં રહેલ જનપદ-મનુષ્યલોક, ચતુષ્પદ-ગાય,ભેંસ આદિ. ગો શબ્દથી ગોમતિક ઘેટી વગેરે લેવી. તથા ખેચર-વૈતાઢ્યવાસી વિદ્યાધરો તથા પક્ષી સંઘો. તથા ગામ અને અરણ્યમાં જે વિચરણ, તેમાં આસક્ત ત્રસ અને પ્રાણ એટલે બેઈન્દ્રિયાદિ ઘણાં પ્રકારે.

તથા વૃક્ષ-આમ્ર આદિ, ગુચ્છ-વૃંતાકી આદિ, ગુલ્મ-નવ માલિકા આદિ, લતા-અશોકલતા આદિ, વલ્લી-વાલુંકી આદિ પ્રવાલ-પલ્લવ, અંકુર - શાલ્યાદિ બીજ ઈત્યાદિ તૃણ-વનસ્પતિ કાયિક-બાદર વનસ્પતિકાયિકો. કેમકે સૂક્ષ્મ વનસ્પતિકાયિકોને તેમના વડે ઉપઘાતનો અસંભવ છે. તથા ઔષધિ-શાલિ આદિ.

પર્વતાદિ અન્યત્ર એકાર્થપણે રૂઢ છે, તો પણ અહીં વિશેષથી જાણવા. તે આ પ્રમાણે – પર્વતન અર્થાત્ ઉત્સવ વિસ્તારણથી પર્વત-ક્રીડા પર્વત - ઉજ્જયંત, વૈભારાદિ. ગૃણન્તિ-લોકોના નિવાસ રૂપત્વથી બોલાવાય છે તે ગિરિ-ગોપાલગિરિ, ચિત્રકૂટ આદિ. ડુંગ-શિલાવૃંદ કે ચોરવૃંદ જ્યાં હોય છે તે, તેને પ્રત્યય લાગીને બન્યું ડુંગર અર્થાત્ શિલોચ્ચય માત્રરૂપ. ઉન્નત - ઉંચી ધૂળના ઢગ રૂપ સ્થળ, ભક્રિ-ભ્રાષ્ટ્ર, પાંસુ આદિ સિવાયની ભૂમિ.

ઉક્ત સર્વે સ્થાનો પછી आदि શબ્દ છે, તેનાથી પ્રાસાદ અને શિખરાદિ પણ ગ્રહણ કરવા.

च શબ્દ મેઘોની બીજી ક્રિયા જણાવે છે. ‘‘વિદ્રાવણ કરશે’’ એ ક્રિયાયોગ કહેલો છે.

આ અર્થમાં અપવાદસૂત્ર કહે છે – વૈતાઢ્યગિરિ સિવાયના પર્વતાદિ લેવા કેમકે તે પર્વતો શાશ્વત હોવાથી તેનો વિધ્વંસ ન થાય. ઉપલક્ષણથી ઋષભકૂટ (પણ લેવા) અને પ્રાયઃ શાશ્વતપણાથી શત્રુંજય ગિરિ આદિનું પણ વર્જન કરવું.

તથા સલિલબિલ-જમીનના ઝરણાં અને વિષમગર્તા-પૂરી ન શકાય તેવા શ્વભ્ર-ઉંડા ખાડા, ક્યાકં દુર્ગપદ પણ દેખાય છે, ત્યાં દુર્ગ-ખાત વલય પ્રાકાર આદિ દુર્ગમ. નિમ્ન અને ઉન્નત તે ઉંચા નીચા, તેમાં પણ શાશ્વત નદીપણાથી ગંગા અને સિંધુ બંનેનું વર્જન કરેલ છે.

હવે ત્યાં ભરતભૂમિના સ્વરૂપનો પ્રશ્ન કહે છે – ભગવન્ ! તે આરામાં ભરતની ભૂમિનું સ્વરૂપ કેવું હશે ?

ભગવંતે કહ્યું – ગૌતમ ! [આવી] ભૂમિ થશે :- અંગારભૂત-જ્વાલારહિત અગ્નિના પિંડરૂપ, મુર્મુરભૂત - વિરલ અગ્નિકણરૂપ, ક્ષારિકભૂત-ભસ્મરૂપ, તપ્ત





કવેલ્લુકભૂત - અગ્નિથી અતિ તપેલ રેતી જેવી, તપ્તસમ જ્યોતિર્ભૂત - તાપ વડે તુલ અગ્નિરૂપ થયેલી તે. ધૂલિબહુલ - ધૂળ ઘણી હોય તેવી, રેણુ-રેતી, પંક-કાદવ, પનક-પાતળો કાદવ, ચલની-ચાલી શકાય તેટલા પ્રમાણવાળો કાદવ.

ઉક્ત કારણોથી ભૂમિમાં ચાલતા ઘણાં જીવોને દુઃખથી સતત ક્રમણ-ચાલવાનું જેમાં છે તે દુર્નિષ્ક્રમ અર્થાત્ દુરતિક્રમણીય છે. अपि શબ્દથી દુઃખે કરીને બેસવું આદિ પણ સમજી લેવું. - x - x -

હવે ત્યાંના મનુષ્યોનું સ્વરૂપ પૂછે છે – પ્રશ્નસૂત્ર પૂર્વવત્ છે. ઉત્તરસૂત્રમાં કહે છે – ગૌતમ ! તે મનુષ્યો આવા પ્રકારના થાય છે - કેવા ? દૂરૂપ-દુષ્ટ સ્વભાવવાળા. દુર્વર્ણ - કુત્સિત વર્ણવાળા, એ પ્રમાણે દુર્ગન્ધી, દૂરસા-રોહિણી આદિવત્ કુત્સિત રસયુક્ત. દુસ્પર્શ - કર્કશ આદિ કુત્સિત સ્પર્શવાળા, અનિષ્ટ-અનિચ્છનીય વિષયવાળા, પરંતુ અનિષ્ટ કંઈક કમનીય પણ હોય, તેથી કહે છે – અકાંત એટલે અકમનીય. અકાંત પણ કંઈક કારણવશથી પ્રીતિને માટે થાય, તેથી અપ્રિય-અપ્રિયહેતુક.

તેમનું અપ્રિયત્વ કઈ રીતે થાય ? તે કહે છે – અશુભ એટલે અશોભન ભાવરૂપત્વથી. અશુભત્વને વિશેષથી કહે છે – મન વડે અર્થાત્ અન્તઃ સંવેદનથી શુભપણે ન જણાય, તેથી અમનોજ્ઞ. અમનોજ્ઞપણે અનુભૂત છતાં સ્મૃતિદશામાં દશાવિશેષથી કંઈક મનોજ્ઞ હોય, તેથી કહે છે – અમનોમ અર્થાત્ મન વડે ફરી સ્મરણ કરવું ન ગમે તેવું. અથવા આ બધાં શબ્દો એકાર્થિક છે, તે અનિષ્ટતાના પ્રકર્ષને સૂચવનારા જાણવા.

અનિષ્ટાદિ વિશેષણયુક્ત હોવા છતાં કેટલાંક ડુંબની જેમ સુસ્વરવાળા હોય છે, તેથી કહે છે – हीन - ગ્લાનની જેવો સ્વર જેમનો છે તે. દીન-દુઃખિતની જેવા સ્વરવાળા, અનિષ્ટાદિ શબ્દો ઉક્ત અર્થવાળા છે, તે જ અહીં સ્વર સાથે યોજવા.

અનાદેયવચનપ્રત્યાજાતા - અસુભગપણાથી અગ્રાહ્ય વચન, તેવા પ્રકારે જેમનો જન્મ છે તે. નિર્લજ, કૂટ-ભ્રાંતિજનકદ્રવ્ય, કપટ-બીજાને છેતરવા માટે વેષાંતર કરવો તે, કલહ, વધ-હાથ આદિ વડે તાડન કરવું તે. બંધ-દોરડા વડે બાંધવા, વૈર, આ બધામાં નિરત.

મર્યાદા અતિક્રમમાં પ્રધાન, અકાર્યમાં નિત્ય ઉધત, ગુરુ-માતા આદિ વડીલ, તેમનો નિયોગ-આજ્ઞા, તેમાં જે વિનય-‘હા, ભલે’ ઈત્યાદિરૂપ, તેનાથી રહિત.

વિકલ - અસંપૂર્ણ, કાણો - ચાર અંગુલિકાદિ સ્વભાવપણાથી રૂપ જેમનું છે તે. પ્રરૂઢ - ખાડામાં પડેલ સૂકરની જેમ આ જન્મ સંસ્કારના અભાવથી વધી ગયેલા નખ, વાળ, દાઢી-મુંછ અને રોમ-વાળ જેમના છે તે, કાલા-કૃતાંત સદેશ અથવા કુરપ્રકૃતિપણાથી ખર પુરુષ - સ્પર્શથી અતિ કઠોર, શ્યામવર્ણ-નીલી કુંડમાં નાંખેલ કે કાઢેલ પુરુષ - સ્પર્શથી અતિ કઠોર, શ્યામવર્ણ - નીલીકુંડમાં નાંખેલ કે કાઢેલ એવા. ક્યાંક ધ્યામવર્ણી એવું પદ પણ દેખાય છે, તેનો અર્થ અનુજ્જ્વલ - ઉજ્જ્વલ નહીં તેવા વર્ણવાળા છે.

સ્ફૂટિત શિરસ્ - ફૂટેલ એવું દેખાતું મસ્તક જેમનું છે તે. કપિલ-વર્ણ છે, પલિત-શુક્લ [શ્વેત] વાળવાળા, ઘણાં સ્નાયુ વડે બદ્ધ એવા, દુઃખથી જોઈ શકાય એવા રૂપવાળા. શંકુટિત - સંકુચિત વલ્લિ-નિર્માંસ અને ચામડીનાં વિકારવાળા, તેને અનુરૂપ આકારપણાથી તરંગ-વીચિ, તેનાથી પરિવેષ્ટિત અંગો-અવયવો જેમાં છે, એવા પ્રકારે અંગ-શરીર જેમનું છે તે.

કોની જેવા ? વૃદ્ધાવસ્થાથી પરિણત એવા અર્થાત્ સ્થવિર મનુષ્યો જેવા. સ્થવિરો બીજી રીતે પણ ઓળખાવાય છે, તેથી જરાપરિણતનું ગ્રહણ કર્યુ છે. પ્રવિરલ - અંતરાલપણાથી છુટા છુટા દાંતવાળા, કેટલાંક પડી ગયેલા દાંતની શ્રેણિ જેમની છે તે. ઉદ્‌ભટ-વિકરાળ, ઘોડાં જેવું મુખ જેમનું છે તેવા મુખવાળા, કેમકે તુચ્છ દંત છેદવાળા છે ક્વચિત્ 'ઉબ્ભડઘાડામુહ' એવો પાઠ છે, તેનો અર્થ છે — સ્પષ્ટ કૃકાટિક વદન જેમનું છે તેવા. વિષમ નયનવાળા, વક્રનાકવાળા. - x - x - વિકૃત-બીભત્સ, ભીષણ-ભયજનક મુખવાળા.

દદ્રુકિટિભસિદ્માનિ - ક્ષુદ્ર કુષ્ઠ વિશેષ, તેથી પ્રધાન. સ્ફૂટિત અને કઠોર, શરીરની ત્વચાવાળા. તેથી જ ચિત્રલાંગ-કાબર ચીતરા અવયવ શરીરી, કચ્છૂ-પામ અને કસર વડે વ્યાપ્ત થયેલા તેથી જ ખરતીક્ષ્ણનખ - કઠિન તીવ્ર નખો વડે ખણવાથી વિકૃત-વ્ર કરાયેલા શરીરવાળા, ટોલાકૃતિ-અપ્રશસ્ત આકારવાળા અથવા ટોલગતિ-ઉંટ આદિ માફક ચાલનારા. [તથા]

વિષમ-દીર્ઘહ્રસ્વ ભાવથી સંધિરૂપ બંધનો જેને છે તે. ઉત્કટુક - યથા સ્થાને અનિવિષ્ટ, અસ્થિક-પ્રીકસ [હાડકાદિ] વિભક્ત વત્ - અંતરો દેખાતા હોય તેવા - x - અથવા તેવા પ્રકારના સ્વભાવથી ઉત્કુટુક રહેલા, વિભક્ત-ભોજન વિશેષ રહિત, દુર્બળ-બળરહિત, કુસંહનન-સેવાર્ત્ત સંહનનવાળા, કુપ્રમાણ-પ્રમાણહીન, કુસંસ્થિત-દુઃસંસ્થાનવાળા. - x - તેથી જ કહે છે —

કુરૂપ-કુઆકારવાળા, કુસ્થાનાસન - કુત્સિત આશ્રયે રહેલા, કુશય્યા-કુત્સિત શયનવાળા, કુભોજી-દુષ્ટ ભોજનવાળા, અશુચિ-સ્નાન, બ્રહ્મચર્યાદિ રહિત અથવા અશ્રુતિ-શાસ્ત્રરહિત.

અનેક વ્યાધિ વડે પરિપીડિત અંગવાળા, સ્ખલિત થતાં કે વિહ્વળ અથવા જેવી-તેવી ગતિવાળા, નિરુત્સાહ, સત્ત્વ પરિવર્જિત, વિકૃત ચેષ્ટાવાળા, નષ્ટ તેજવાળા. વારંવાર શીત-ઉષ્ણ ખર-કઠોર વાયુ વડે મિશ્રિત અર્થાત્ વ્યાપ્ત.

મલિન પાંસુરૂપ રજ વડે પણ પુષ્પરજ વડે નહીં, તે રીતે જેમના અંગો-અવયવો ધૂળથી ખરડાયા છે તેવા અંગવાળા.

ઘણાં ક્રોધ, માન, માયા, લોભતી યુક્ત તથા ઘણાં મોહવાળા, જેમને શુભ-અનુકૂળ વેદ્ય કર્મ જેમને નથી તેવા, તેથી જ દુઃખના ભાગી, અથવા દુઃખાનુબંધી દુઃખના ભાગી.

બહુલતાથી ધર્મસંજ્ઞા - ધર્મશ્રદ્ધા અને સમ્યક્ત્વ, તે બંને વડે પરિભ્રષ્ટ.



બાહુલ્યગ્રહણથી જે રીતે તેમનું સમ્યગ્‌દૃષ્ટિત્વ કદાચિત્ સંભવે છે, તે પ્રકારે પછીના ગ્રંથમાં વ્યાખ્યા કરેલ છે.

ઉત્કૃષ્ટથી રત્નિ-હાથ, તેના જે ૨૪-અંગુલ લક્ષણ પ્રમાણ વડે જેની માત્રા-પરિમાણ છે તેવા. અહીં કદાચ ૧૬ વર્ષ અને કદાચ ૨૦-વર્ષ પરમ આયુ જેમનું છે તેવા કહે છે. શ્રી વીરચરિત્રમાં તો સ્ત્રીના ૧૬-વર્ષ અને પુરુષોના ૨૦-વર્ષ કહેલાં છે.

ઘણાં પુત્રો, પૌત્રોના પરિવારવાળા, તેમના પ્રણય-સ્નેહની બહુલતાવાળા છે. આના દ્વારા અલ્પાયુ હોવા છતાં ઘણાં સંતાનવાળા તેમને કહેલાં છે. અલ્પકાળમાં યૌવનના સદ્‌ભાવથી આમ કહ્યું ચે.

તેઓ ગૃહાદિના અભાવે ક્યાં વસે છે ? ગંગા-સિંધુ મહાનદીમાં, વૈતાઢ્ય પર્વતની નિશ્રામાં બોંતેર સ્થાન વિશેષાશ્રિત નિગોદ-કુટુંબો છે. તેમાં બોંતેરની સંખ્યા આ પ્રમાણે —

વૈતાઢ્યની પૂર્વે ગંગાના બે કિનારે નવ-નવ બિલોનો સંભવ છે, તેથી અઢાર અને સિંધુ નદીના પણ અઢાર. એ છત્રીશમાં દક્ષિણાર્દ્ધ ભરતના મનુષ્યો વસે છે. વૈતાઢ્યથી આગળ ગંગાના બંને કિનારે અઢાર અને સિંધુના બંને કિનારે અઢાર, અહીં ઉત્તરાર્દ્ધ ભરત વાસી મનુષ્યો વસે છે.

બીજની માફક બીજ થતાં જનસમૂહોના હેતુપણાથી બીજની જેમ માત્રા-પરિમાણ જેમનું છે તે. સ્વલ્પ અર્થાત્ સ્વરૂપથી, બિલવાસી મનુષ્યો થશે. - x - x -

હવે તેમના આહારનું સ્વરૂપ પૂછતાં કહે છે — ભગવન્ ! તે મનુષ્યો શું આહાર કરે છે ? શું ખાશે ?

ભગવંતે કહ્યું — તે કાળમાં અર્થાત્ એકાંત દુઃષમલક્ષણ રૂપ અને તે સમયમાં — છઠ્ઠા આરાના અંત સ્વરૂપ, ગંગા-સિંધુ બંને મહાનદી રથપથ-ગાડાંના બે પૈડાથી મપાય તેટલો માર્ગ, તે માત્રા-પરિમાણ. જેનું છે, તેટલાં પ્રમાણમાં વિસ્તાર - પ્રવાહનો વ્યાસ જેનો છે તે તથા અક્ષ-પૈડાની નાભિમાં મૂકાતું કાષ્ઠ, તેમાં જે સ્રોત-ધુરીનો પ્રવેશરન્ધ્ર, તેટલું પ્રમાણ, તેની માત્રા-અવગાહના જેની છે, તેટલાં પ્રમાણમાં જળ કહેલ છે. આટલાં પ્રમાણમાં જ, પરંતુ ગંભીર ઉંડાણમાં જળને ધારણ કરશે નહીં.

(શંકા) લઘુહિમવત્ આરાની વ્યવસ્થાના રહિતપણાથી તેમાં રહેલ પદ્મદ્રહથી નીકળતો આ પ્રવાહ, તેનાથી આ ન્યૂનરૂપ કહેલ પ્રવાહ કઈ રીતે એક સાથે જાય છે ?

(સમાધાન) ગંગા પ્રપાત કુંડમાંથી નીકળ્યા પછી ક્રમથી કાળ અનુભાવ જનિત ભરત ભૂમિમાં રહેલ તાપના વશથી જળના શોષણમાં અને સમુદ્રના પ્રવેશમાં - બંનેમાં ઉક્ત માત્રામાં જ શેષ જળના વહનપણાથી તેમ છે, તેથી તેમાં કોઈ આપત્તિ નથી.

તેટલાં પણ પાણીમાં ઘણાં મત્સ્ય અને કાચબાથી વ્યાપ્ત હોય છે અને

અપ્‌કાયની અર્થાત્ સજાતીય અપ્‌કાય સમુહની બહુલતા હોતી નથી. ત્યારપછી તે મનુષ્યો સૂર્યના ઉગવાના અને અસ્ત થવાના સમયમાં - x - x - બિલોમાંથી શીઘ્ર ગતિથી બહાર નીકળે છે. કેમકે મુહૂર્ત્ત પછી અતિતાપ કે અતિશીત [આરંભ થાય છે.] તેને સહન કરવા શક્તિમાન હોતા નથી.

બિલોમાંથી નીકળીને મત્સ્ય અને કાચબાને સ્થળે અર્થાત્ કિનારાની ભૂમિ - x - થકી પ્રાપ્ત કરે છે - ગ્રહણ કરે છે. ગ્રહણ કરીને ઠંડી અને ગરમીમાં તપ્ત અર્થાત્ રાત્રિમાં ઠંડી વડે અને દિવસના આતપ વડે રસ શોષાયેલ પ્રાપિત આહાર યોગ્ય થાય છે. કેમકે અતિસ-રસ તેમના જઠરાગ્નિ વડે પચી શકતો નથી. એ રીતે માછલા અને કાચબાઓ વડે ૨૧,૦૦૦ વર્ષ સુધી આજીવિકા કરતાં વિચરશે.

હવે તેની ગતિનું સ્વરૂપ પૂછતાં કહે છે — ભગવન્ ! તે મનુષ્યો નિશ્શીલ-આચાર રહિત, નિર્વ્રત-મહાવ્રત, અણુવ્રત રહિત, નિર્ગુણ-ઉત્તરગુણથી રહિત, નિર્મર્યાદ-કુળ આદિ મર્યાદા જેમને નથી તેવા, નિષ્પ્રત્યાખ્યાન પૌષધોપવાસા - પોરિસિ આદિ નિયમ નથી તેવા, તથા જેમને અષ્ટમી આદિ પર્વના ઉપવાસાદિ વર્તતા નથી તેવા [તે મનુષ્યો હોય છે.]

પ્રાયઃ માંસાહારી, કઈ રીતે ? તે કહે છે — કેમકે મત્સ્યાહારી છે, તથા ક્ષૌદ્રાહારી - મધુભોજી અથવા ક્ષીણ - તુચ્છ વધેલા, તુચ્છ ધાન્ય આદિ આહાર જેમનો છે તેવા. - x - x - કેટલીક પ્રતોમાં અહીં 'ગડ્ડાહાર' શબ્દ દેખાય છે, તે લિપિપ્રમાદ જ સંભવે છે. કેમકે પાંચમાં અંગના સાતમાં શતકમાં, છઠ્ઠા ઉદ્દેશામાં દુષ્ષમદુષ્ષમ આરાના વર્ણનમાં આવો પાઠ દેખાતો નથી. અથવા સંપ્રદાયાનુસાર આ પદની વ્યાખ્યા કરવી. કુણપ-શબ્દ-તેનો રસ અને ચરબીનો આહાર.

कालमासे - ઈત્યાદિ પૂર્વવત્, ઉત્તરસૂત્ર પણ પૂર્વવત્ છે. વિશેષ એ કે "પ્રાયઃ" શબ્દના ગ્રહણથી કોઈક ક્ષુદ્ર આહારવાળા અક્લિષ્ટ અધ્યવસાયથી દેવલોકગામી પણ થાય છે.

હવે જે તે કાળાના બાકી રહેલાં ચતુષ્પદો છે, તેમની શું ગતિ છે, એમ પૂછે છે — ભગવન્ ! તે આરામાં ચતુષ્પદ-સિંહ આદિ પૂર્વે વ્યાખ્યા કરેલા અર્થવાળા શ્વાપદ-શિકારી પશુ, પ્રાયઃ માંસાહારાદિ વિશેષણ વિશિષ્ટ છે, તેઓ ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ?

ભગવંતે કહ્યું — ગૌતમ ! પ્રાયઃ નરક-તિર્યંચયોનમાં ઉત્પન્ન થશે. 'પ્રાયઃ' શબ્દના ગ્રહણથી કોઈક માંસાદિ રહિત દેવયોનિમાં પણ જાય. વિશેષ એ કે — ચિલ્લલક એટલે નાખર વિશેષ પ્રાણી.

હવે તે કાળના પક્ષિની ગતિને વિશે પ્રશ્ન કરે છે — તે સ્પષ્ટ છે. વિશેષ એ કે — બાકી રહેલા જે પક્ષીઓ, યત્ શબ્દથી ગ્રહણ કરવા. તેમાં ઢંક - કાક વિશેષ, કંકા-લાંબા પગવાળા, પિલક-રૂઢિથી જાણવું, મદ્‌ગુક-જળ કાગડા, શિખિ-મોર.



છઠ્ઠો આરો પુરો થયો. તેથી અવસર્પિણી પણ પૂરી થઈ.

હવે પૂર્વે કહેલ ઉત્સર્પિણીને નિરૂપવાની ઈચ્છાથી તેના પ્રતિપાદનને કાળના પ્રતિપાદનપૂર્વક પહેલા આરાનું સ્વરૂપ—

**● સૂત્ર-૫૦ :-**

***તે છઠ્ઠા આરાના ૨૧,૦૦૦ વર્ષનો કાળ વીત્યા પછી આગામી ઉત્સર્પિણીમાં શ્રાવણ માસના કૃષ્ણ પક્ષની એકમે, બાલવકરણમાં અભિજિત્ નક્ષત્રમાં ચૌદશમાં કાળના પહેલા સમયમાં અનંત વર્ણપર્યાયો યાવત્ અનંતગુણની પરિવૃદ્ધિથી વૃદ્ધિ પામતાં-પામતાં આ દૂષમદૂષમા નામનો આરો-સમયકાળ હે આયુષ્યમાન્ શ્રમણ ! પ્રાપ્ત થશે.***

***ભગવન્ ! તે આરામાં ભરતક્ષેત્રનો કેવા પ્રકારનો આકાર-ભાવ પ્રત્યાવતાર [સ્વરૂપ] થશે ?***

***ગૌતમ ! તે કાળ હાહાભૂત, ભંભાભૂત ઈત્યાદિ થશે, તે અવસર્પિણીના દુષમદુષમા આરા માફક જાણવો.***

***તે આરાના ૨૧,૦૦૦ વર્ષનો કાળ વીત્યા પછી અનંતા વર્ણ પર્યાયોથી યાવત્ અનંતગુણ પરિવૃદ્ધિથી વૃદ્ધિ પામતાં-પામતાં આ દુષમા નામે આરાનો કાળ પ્રાપ્ત થશે.***

**● વિવેચન-૫૦ :-**

તે આરામાં અવસર્પિણીમાં દુષમદુષમા નામક ૨૧,૦૦૦ વર્ષ પ્રમાણ કાળ વ્યતિક્રાંત થયા પછી ઉત્સર્પિણી આવશે. તે શ્રાવણ માસના કૃષ્ણપક્ષની એકમ અને પૂર્વે અવસર્પિણીના અષાઢ માસની પૂર્ણિમાનો અંત સમય હશે. કેમકે તેનું પર્યવસાન છે. બાલવ નામના કરણમાં વદ પક્ષની એકમ તિથિ આદિમાં જ તેનો સદ્‌ભાવ હોય છે. અભિજિત્ નક્ષત્રમાં ચંદ્ર વડે યોગ થાય છે.

ચતુર્દશ કાળ વિશેષના પ્રથમ સમયે - પ્રારંભ ક્ષણે અનંતા વર્ણ પર્યાયોથી યાવત્ અનંતગુણ પરિવૃદ્ધિથી વધતાં-વધતાં એટલાં અંતરમાં દુઃષમદુઃષમા નામનો આરો-સમય કાળ, હે આયુષ્યમાન્ શ્રમણ ! પ્રાપ્ત થશે, એમ વર્ણાદિની વૃદ્ધિ જે ક્રમથી પૂર્વે અવસર્પિણીના આરામાં હાનિ કહી, તેમજ કહેવી.

ચર્તુદશ કાળ વિશેષ વળી નિઃશ્વાસ કે ઉચ્છ્‌વાસથી ગણાય છે. સમયના નિર્વિભાગ કાળપણાથી આધન્ત વ્યવહારાભાવથી અને આવલિકાના અવ્યવહાર - અર્થત્વથી ઉપેક્ષા.

તેમાં નિઃશ્વાસ કે ઉચ્છ્‌વાસ, પ્રાણ, સ્તોક, લવ, મુહૂર્ત્ત, અહોરાત્ર, પક્ષ, માસ, ઋતુ, અયન, સંવત્સર, યુગ, કરણ, નક્ષત્ર. આ ચૌદ. તેમાંના પાંચ, સૂત્રમાં સાક્ષાત્ કહેલાં છે, બાકીના ઉપલક્ષણથી સંગૃહીતમાં પહેલાં સમયે. તેનો અર્થ શો છે ?

જે આ ચૌદ કાળ વિશેષમાંનો પહેલો સમય છે, તે જ ઉત્સર્પિણીના પહેલા આરાનો પહેલો સમય છે. અવસર્પિણીમાં આ અષાઢ પૂનમનો છેલ્લો સમય જ

પર્યવસાનથી જાણવો.

અહીં એવું કહેવા માંગે છે કે — અવસર્પિણીની આદિમાં મહાકાળે પહેલાંથી પ્રવર્તમાન બધાં પણ તેના અવાંતરરૂપ કાળ વિશેષ પ્રથમથી જ એક સાથે પ્રવર્તે છે. પછી સ્વસ્વ પ્રમાણ સમાપ્તિમાં સમાપ્ત થાય છે. તે જ પ્રમાણે ફરી પ્રવર્તે છે, ફરી પરિસમાપ્તિ પામે છે યાવત્ મહાકાળ પરિસમાપ્તિ પામે છે.

જો કે બીજા ગ્રંથમાં ઋતુનું અષાઢાદિપણાથી કથન વડે ઉત્સર્પિણીનું શ્રાવણ આદિપણાથી આ પ્રથમ સમય સરખો થતો નથી. કેમકે ઋતુનું અડધું ચાલી ગયેલ છે, તો પણ પ્રાવૃટ્ - શ્રાવણાદિ વર્ષા રાત્રિ, વર્ષા - આસો આદિ, શરદ્ - મૃગશિર્ષાદિ, હેમંત-માઘાદિ, વસંત-ચૈત્ર આદિ ગ્રીષ્મ-જ્યેષ્ઠ આદિ ઈત્યાદિ ભગવતી સૂત્રની વૃત્તિના વચનથી શ્રાવણ આદિપણાના પક્ષનું આશ્રયપણ કહેવું, તેમાં દોષ નથી. પરંતુ આ સૂત્ર ગંભીર છે અને બીજા ગ્રંથમાં વ્યક્ત અનુપલભ્ય ભાવાર્થક છે, તેથી બીજી રીતે પણ આગમના અવિરોધથી મધ્યસ્થ બહુશ્રુતોએ પરિભાવના કરવી જોઈએ.

હવે અહીં કાળ સ્વરૂપ પૂછે છે — તે બધું સુગમ છે. વિશેષ એ કે — દુષમદુષમાના અવસર્પિણીના છઠ્ઠા આરાના વર્ણકને જાણવું — કેમકે તે આની સમાન પ્રાપ્ત થાય છે.

ઉત્સર્પિણીનો પહેલો આરો પુરો થયો, હવે બીજા આરાનું સ્વરૂપ વર્ણવે છે. તે બધું સુગમ છે. વિશેષ એ કે — તેને ઉત્સર્પિણીનો બીજા આરો કહેવો જોઈએ.

હવે અવસર્પિણીના દુઃષમા આરાથી આનું વિશેષ કહે છે —

● સૂત્ર-૫૧ :-

*તે કાળે - તે સમયે પુષ્કલ સંવર્તક નામક મહામેઘ ઉત્પન્ન થશે. તે મહામેઘ લંબાઈથી ભરતને અનુરૂપ અને વિષ્કંભ તથા બાહલ્યથી પણ અનુરૂપ હશે. ત્યારપછી તે પુષ્કલ સંવર્તક મહામેઘ શીઘ્રતાથી ગર્જના કરશે. શીઘ્રતાથી ગર્જના કરીને, શીઘ્રતાથી વિધુત્‌યુક્ત થશે. શીઘ્રતાથી વિધુત્ યુક્ત થઈને શીઘ્રતાથી યુગ મુસલ મુષ્ટિ પ્રમાણ માત્ર ધારા વડે સાતરાત્રિ સુધી ઓઘમેઘ વર્ષા વરસાવશે.*

*ઉક્ત વર્ષાથી ભરતક્ષેત્રના ભૂમિભાગના અંગારભૂત, મુર્મુરભૂત, ક્ષારિકભૂત, તપ્ત કવેલ્લકભૂત, તપ્ત સમજ્યોતિભૂત ભૂમિને નિર્વાપિત-શીતળ કરી દેશે.*

*તે પુષ્કલ સંવર્તક મહામેઘ સાત અહોરાત્ર ભૂમિને શીતળ કર્યા પછી, અહીં ક્ષીરમેઘ નામક મહામેઘનો પ્રાદુર્ભાવ થશે. તે મહામેઘ ભરતપ્રમાણ માત્ર લંબાઈથી અને તેને અનુરૂપ વિષ્કંભ અને બાહલ્યથી થશે. ત્યારે તે ક્ષીરમેઘ નામક મહામેઘ જલ્દીથી ગર્જના કરશે. યાવત્ જલ્દીથી યુગમુશલ મુષ્ટિ યાવત્ સાત અહોરાત્ર વર્ષા વરસાવશે.*



*ઉક્ત વર્ષાથી ભરતક્ષેત્રની ભૂમિમાં (શુભ) વર્ણ-ગંધ-રસ અને સ્પર્શ ઉત્પન્ન કરશે.*

*તે ક્ષીરમેઘ સાત અહોરાત્ર પર્યન્ત ભૂમિને શીતલકરે પછી અહીં ઘૃતમેઘ નામે મહામેઘ ઉત્પન્ન થશે, તે લંબાઈથી ભરતક્ષેત્ર પ્રમાણ માત્ર અને તેને અનુરૂપ વિષ્કંભ અને બાહલ્યથી હશે.*

*ત્યારે તે ઘૃતમેઘ નામક મહામેઘ જલ્દીથી ગર્જના કરશે. યાવત્ વર્ષા વરસાવશે. જેનાથી ભરતક્ષેત્રની ભૂમિ સ્નિગ્ધભાવ વડે યુક્ત થશે - સ્નેહભાવ જન્માવશે.*

*તે ઘૃતમેઘ સાત અહોરાત્ર ભૂમિને શીતળ કર્યા પછી અહીં અમૃતમેઘ નામક મહામેઘનો ઉદ્‌ભવ થશે, તે ભરતક્ષેત્ર પ્રમાણ લંબાઈ વડે યાવત્ વર્ષાને વરસાવશે.*

*ઉક્ત મેઘથી ભરતક્ષેત્ર, વૃક્ષ, ગુચ્છ, ગુલ્મ, લતા, વલ્લિ, તૃણ, પર્વક, હરિત, ઔષધિ, પ્રવાલ, અંકુર આદિ તૃણ વનસ્પતિકાયને ઉત્પન્ન કરશે - તૃણ વનસ્પતિયુક્ત થશે.*

*તે અમૃતમેઘ સાત અહોરાત્ર ભૂમિને શીતળ કર્યા પછી અહીં રસમેઘ નામક મહામેઘ ઉત્પન્ન થશે. તે ભરત પ્રમાણ માત્ર લંબાઈથી યાવત્ વર્ષા વરસાવશે.*

*ઉક્ત વર્ષાથી ઘણાં જ વૃક્ષ, ગુચ્છ, ગુલ્મ, લતા, વલ્લિ, તૃણ, પર્વક, હરિત, ઔષધિ, પ્રવાલ, અંકુર આદિ તિક્ત-કટુક-કષાય-અમ્લ અને મધુર પાંચ પ્રકારના રસવિશેષને જન્માવશે. ત્યારે ભરતક્ષેત્ર પ્રરૂઢ વૃક્ષ, ગુચ્છ, ગુલ્મ, લતા, વલ્લિ, તૃણ, પર્વક, હરિત, ઔષધિથી યુક્ત થશે. ઉપચિત ત્વચા-પત્ર-પ્રવાલ-અંકુર-પુષ્પ-ફળ યુક્ત સુખોપભોગ્ય થશે.*

● વિવેચન-૫૧ :-

તે કાળે અર્થાત્ ઉત્સર્પિણીના બીજા આરારૂપ, તે સમયે અર્થાત્ તેના જ પ્રથમ સમયાં, પુષ્કલ - સર્વ અશુભ અનુભાવરૂપ ભરત ક્ષેત્રમાં રહેલ રૂક્ષ દાહાદિને પ્રશસ્ત ઉદક વડે સંવર્ત્ત - નાશ કરશે. પુષ્કલ સંવર્ત્તક, તે પર્જન્ય આદિ મેઘ ત્રણની અપેક્ષાથી મહાન્ મેઘ-૧૦,૦૦૦ વર્ષની અવધિવાળી એક વર્ષાથી ભૂમિના ભાવુકપણાથી મહામેઘ પ્રગટ થશે - ઉદ્‌ભવશે.

ભરતક્ષેત્ર પ્રમાણથી સાધિક ૧૪,૪૭૧ પ્રમાણ જેનું છે તે, કઈ રીતે? લંબાઈ વડે. આ ભાવ છે — પૂર્વ સમુદ્રથી આરંભીને પશ્ચિમ સમુદ્ર સુધી તેના વાદળો વ્યાપ્ત થશે. તે ભરતક્ષેત્ર સદૃશ - x - હશે. કોના વડે? વિષ્કંભ અને બાહલ્યથી અર્થાતે જેટલો વ્યાસ ભરતક્ષેત્રના ઈષુ સ્થાને - ૫૨૬ યોજન, ૬-કળા અને યોજનના ૨૧-ભાગરૂપ છે, તેનાથી અતિરિક્ત સ્થાનમાં અનિયતપણાથી, આનો પણ વિષ્કંભ છે. બાહલ્ય-જેટલા જળ ભાર વડે જેટલા અવગાઢ ભરતક્ષેત્રની તપ્ત

ભૂમિ ભીની થાય અને તાપની ઉપશાંતિ થાય તેટલા પ્રમાણમાં જળસમૂહને નિષ્પન્ન થયેલ ગ્રહણ કરવો.

હવે તે પ્રાદુર્ભૂત થઈને જે કરશે, તે કહે છે — ત્યારપછી તે પુષ્કલ સંવર્તક મેઘ જલ્દીથી - x - x - પ્રકર્ષથી ગર્જના કરશે. તેમ કરીને જલ્દીથી યુગ-રથનો અવયવ વિશેષ, મુશલ-સાંબેલુ, મુષ્ટિ-મુટ્ઠી, ભેગી કરેલ આંગળી સહિતનો હાથ, આનું જે પ્રમાણમાં લંબાઈ-પહોળાઈ આદિ, તેના વડે પ્રમાણ જેનું છે તે. આટલા પ્રમાણમાં સ્થૂળ એવી ધારાથી સામાન્યથી ભરતક્ષેત્રના ભૂમિભાગને અંગારરૂપ-મુર્મુરરૂપ-ક્ષારિકરૂપ-તપ્ત કવેલ્લકરૂપ-તપ્ત સમ જ્યોતિરૂપ છે તેને તે પુષ્કર સંવર્તક મહામેઘ શાંત કરી દેશે.

હવે બીજા મેઘની વક્તવ્યતા કહે છે — અને તેમાં, અહીં 'च' શબ્દ બીજા વાક્યના પ્રારંભાર્થે છે. પુષ્કલ સંવર્તક મહામેઘ સાત અહોરાત્ર સુધી પડ્યા પછી - નિર્ભર વરસ્યા પછી, તે અંતરમાં ક્ષીરમેઘ નામક મહામેઘ ઉત્પન્ન થાય છે. બાકી પૂર્વવત્.

હવે તે મેઘ પ્રગટ થઈને શું કરે છે ? તે કહે છે — અહીં "વરસશે" સુધી પૂર્વવત્, જે મેઘ ભરતની ભૂમિમાં (શુભ) વર્ણ, ગંધ, રસ, સ્પર્શને ઉત્પન્ન કરશે. અહીં વર્ણાદિ શુભ જ ગ્રહણ કરવા, જેનાથી લોકો અનુકૂળ વેદન કરે છે. કેમકે અશુભ વર્ણાદિ પૂર્વકાળના અનુભાવથી જનિત તો વર્તતા જ હોય છે.

[શંકા] જો શુભવર્ણાદિને ઉત્પન્ન કરે છે, તો તરુપત્રાદિ નીલ વર્ણ, જાંબૂફળાદિ કૃષ્ણ, મરિચ આદિમાં તીખો રસ, કારેલા આદિમાં કળવો રસ, ચણા આદિમાં રૂક્ષ સ્પર્શ, સુવર્ણ આદિમાં ભારે સ્પર્શ, કક્કચાદિમાં ખર સ્પર્શ, ઈત્યાદિ અશુભવર્ણાદિ કેમ સંભવે ?

[સમાધાન] અશુભ પરિણામો પણ આમને અનુકૂળ વેદ્યપણાથી શુભ જ છે. જેમ મરચા આદિનો તીખો રસ આદિ પ્રતિકૂળ વેદ્યતાથી શુભ છતાં અશુભ જ છે, જેમ કુષ્ઠ આદિને થયેલ શ્વેત વર્ણાદિ.

હવે ત્રીજા મેઘની વક્તવ્યતા કહે છે — તે ક્ષીરમેઘ સાત અહોરાત્ર પડી ગયા પછીના અંતરમાં ઘી જેવો સ્નિગ્ધ મેઘ-ઘૃતમેઘ નામે મહામેઘ પ્રગટ થાય છે, ઈત્યાદિ બધું પૂર્વવત્.

હવે તે પ્રગટ થઈને શું કરશે તે કહે છે — બધું પૂર્વવત્. વિશેષ એ કે ઘૃતમેઘ ભરતભૂમિમાં સ્નેહભાવ-સ્નિગ્ધતાને ઉત્પન્ન કરશે.

હવે ચોથા મેઘની વક્તવ્યતા કહે છે — તે ઘૃતમેઘ સાત દિનરાત્રિ પડ્યા પછી અહીં-પ્રસ્તાવિત અમૃતમેઘ નામ પ્રમાણે અર્થ ધરાવતો તેવો મહામેઘ પ્રગટ થશે, યાવત્ વરસશે, તે બધું પૂર્વવત્ જે મેઘ ભરતક્ષેત્રમાં વૃક્ષ, ગુલ્મ, ગુચ્છ, લતા, વલ્લિ, તૃણ-આ વૃક્ષાદિ પ્રસિદ્ધ છે, પર્વગ-શેરડી આદિ. હરિત-દુર્વા આદિ, ઔષધિ-શાલિ આદિ, પ્રવાલ-પલ્લવ અંકુર - શાલ્યાદિ બીજ ઈત્યાદિ તૃણ વનસ્પતિકાયો - બાદર



વનસ્પતિકાયોને ઉત્પન્ન કરશે.

હવે પાંચમાં મેઘના સ્વરૂપની વક્તવ્યતા કહે છે — વ્યક્ત છે. પરંતુ રસજનક મેઘ એટલે રસમેઘ. જે રસમેઘ, તે અમૃતમેઘથી ઉત્પન્ન ઘણાં વૃક્ષાદિ અંકુર સુધીની વનસ્પતિના તિક્ત-લીંબડા આદિમાં રહેલ, કટુક-મરચા આદિમાં રહેલ, કષાય - બિભીતક, આમલકાદિમાં રહેલ, અંબ-આંબલી આદિ આશ્રિત, મધુર-શર્કરાદિ આશ્રિત. આ પાંચ પ્રકારના રસ વિશેષોને ઉત્પન્ન કરશે. લવણરસ મધુરાદિના સંસર્ગથી જન્ય હોવાથી તેની વિવક્ષા ભેદમાં કરી નથી. કેમકે તેમાં માધુર્ય આદિ સંસર્ગ સંભવે છે. બધાં રસોમાં લવણના પ્રક્ષેપથી જ સ્વાદુપણું ઉત્પન્ન થાય છે, તેથી જુદો નિર્દેશ કર્યો નથી.

આ પાંચ મેઘોનું ક્રમથી આ પ્રયોજન સૂત્ર કહ્યા છતાં સ્પષ્ટીકરણને માટે ફરી લખીએ છીએ —

(૧) પહેલાં મેઘમાં ભરતભૂમિના દાહનો ઉપશમ થાય છે.

(૨) બીજા મેઘમાં તેમાં જ શુભવર્ણગંધાદિની ઉત્પત્તિ.

(૩) ત્રીજા મેઘમાં તેમાં જ સ્નિગ્ધતાની ઉત્પત્તિ, અહીં ક્ષીરમેઘ વડે જ શુભ વર્ણ-ગંધ-રસ-સ્પર્શ સંપત્તિમાં ભૂમિની સ્નિગ્ધતા સંપત્તિ ન કહેવી. કેમકે તેમાં સ્નિગ્ધતાની અધિકતાનું સંપાદન છે, જેવી સ્નિગ્ધતા ઘી માં હોય તેવી દુધમાં ન હોય, તે અનુભવ જ સાક્ષી છે.

(૪) ચોથા મેઘમાં તેમાં વનસ્પતિની ઉત્પત્તિ.

(૫) પાંચમાં મેઘમાં વનસ્પતિમાં સ્વ-સ્વ યોગ્ય રસવિશેષની ઉત્પત્તિ થાય છે. જો કે અમૃતમેઘથી વનસ્પતિ સંભવમાં વર્ણાદિસંપત્તિ પણ તેની સહચારી હોવાથી રસની પણ સંપત્તિ તેનાથી જ હોય તે યુક્તિ છે, તો પણ સ્વ-સ્વ યોગ્ય રસ વિશેષને સંપાદિત કરવાને રસમેઘ જ પ્રભુ-સમર્થ છે, તેમ જાણવું.

ત્યારે ભરતક્ષેત્ર જેવું થશે, તે કહે છે — ત્યારપછી - ઉક્ત સ્વરૂપ પાંચ મેઘના વરસ્યા પછી ભરતક્ષેત્ર કેવું થાય છે ? તે કહે છે —

પ્રરૂઢ - ઉગેલા વૃક્ષ, ગુચ્છ, ગુલ્મ, લતા, વલ્લિ, તૃણ, પર્વજા હરિત ઔષધિ જ્યાં - ત્યાં હોય છે તેવું અર્થાત્ આ વનસ્પતિજીવોથી યુક્ત, ઉપચિત-પુષ્ટિને પામેલ, ત્વચા-પત્ર-પ્રવાલ-પલ્લવ-અંકુર-પુષ્પ-ફળો સમુદિત - સમ્યક્ પ્રકારે ઉદયને પ્રાપ્ત જેમાં છે તેવું. - x - આના વડે પુષ્પ અને ફળોની રીતિ દર્શાવી, તેથી જ સુખોપભોગ્ય-સુખેથી સેવી શકાય તેવું થશે. અહીં વાક્યાંતરની યોજના માટે (ભવિષ્ય) થશે એવું પદ યોજેલ છે. તેથી પુનરુક્તિ ન વિચારવી.

હવે તત્કાલીન મનુષ્યો તેવા ભરતક્ષેત્રને જોઈને જે કરશે તેને કહેવા માટે સૂત્રકારશ્રી જણાવે છે —

● **સૂત્ર-૫૨,૫૩ :-**

***[૫૨] ત્યારે મનુષ્યો ભરતક્ષેત્રને વૃદ્ધિ પામેલ વૃક્ષ, ગુચ્છ, ગુલ્મ, વલ્લિ,***

*લતા, તૃણ, પર્વક, હરિત, ઔષધિથી ઉપચિત ત્વચા, પત્ર, પ્રવાલ, પલ્લવ, અંકુર, પુષ્પ, ફળ સમુદિત અને સુખોપભોગ્ય થયેલું જોશે. જોઈને બિલોમાંથી શીઘ્રતાથી નીકળશે. નીકળીને હૃષ્ટ-તુષ્ટ થઈ એકબીજાને બોલાવશે. એકબીજાને બોલાવીને તે મનુષ્યો (પરસ્પર) આ પ્રમાણે કહેશે –*

*ઓ દેવાનુપ્રિયો ! ભરતક્ષેત્ર વૃદ્ધિ પામેલ વૃક્ષ, ગુલ્મ, ગુચ્છ, લતા, વલ્લિ, તૃણ, પર્વત, હરિત યાવત્ સુખોપભોગ્ય થયું છે, તો હે દેવાનુપ્રિયો ! આપણે જે કંઈ આ જ પર્યન્ત અશુભ, કુણિમ આહારને કરતા હતા, તે અનેક છાયા સુધી વર્જનીય કરીશું [તેની છાયાને પણ સ્પર્શીશુ નહીં], એમ કરીને સમીચીન વ્યવસ્થા કરશે.*

*ત્યારપછી તેઓ તે ભરતક્ષેત્રમાં સુખપૂર્વક રમણ કરતાં-કરતાં વિચરણ કરશે.*

*[૫૩] ભગવન્ ! તે આરામાં [ઉત્સર્પિણીના બીજા આરામાં] ભરત ક્ષેત્રના કેવા પ્રકારે આકાર-ભાવ-પ્રત્યાવતાર [સ્વરૂપ] થશે ?*

*ગૌતમ ! બહુસમ રમણીય ભૂમિભાગ થશે યાવત્ કૃત્રિમ અને અકૃત્રિમ મણીથી શોભિત થશે.*

*ભગવન્ ! તે આરામાં મનુષ્યોના કેવા આકાર ભાવ આદિ [સ્વરૂપ] થશે ?*

*ગૌતમ ! તે મનુષ્યોને છ ભેદે સંઘયણ, છ ભેદે સંસ્થાન, ઘણાં રત્ની [હાથ] ઉર્ધ્વ ઉચ્ચત્વથી, જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ સાતિરેક સો વર્ષ આયુ પાળશે. પાળીને કેટલાંક નરકગામી યાવત્ કેટલાંક દેવગતિ ગામી થશે, સિદ્ધ થસે નહીં.*

*તે આરામાં ૨૧,૦૦૦ વર્ષનો કાળ વીત્યા પછી અનંતા વર્ણપર્યાયોથી યાવત્ વૃદ્ધિ પામતા - પામતા આ દૂષમસુષમા નામે કાળ હે આયુષ્યમાન્ શ્રમણ ! પ્રાપ્ત થશે.*

*ભગવન્ ! તે આરામાં ભરતક્ષેત્રના કેવા આકાર-ભાવ-પ્રત્યાવતાર થશે ?*

*ગૌતમ ! બહુસમ રમણીય યાવત્ અકૃત્રિમાદિ પૂર્વવત્.*

*ભગવન્ ! તે આરામાં મનુષ્યોના કેવા આકાર-ભાવ-પ્રત્યાવતાર થશે ? ગૌતમ ! તે મનુષ્યોને છ ભેદે સંઘયણ, છ ભેદે સંસ્થાન, ઘણાં ધનુષ્યો ઉર્ધ્વ ઉચ્ચત્વથી, જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પૂર્વકોડી આયુનું પાલન કરશે, પાલન કરીને કેટલાંક નરકગામી થશે યાવત્ કેટલાંક સર્વે દુઃખોનો અંત કરશે.*

*તે ત્રીજા આરામાં ત્રણ વંશ ઉત્પન્ન થશે. તે આ પ્રમાણે – તીર્થંકર વંશ, ચક્રવર્તીવંશ, દશાર્હવંશ.*

*તે આરામાં ૨૩-તીર્થંકરો, ૧૧-ચક્રવર્તીઓ, ૯-બલદેવો અને ૯-વાસુદેવો સમુત્પન્ન થશે.*



*તે આરામાં આયુષ્યમાન્ શ્રમણ ! ૪૨,૦૦૦ વર્ષ ન્યૂન એક કોડાકોડી સાગરોપમ કાળ વ્યતીત થયા પછી અનંત વર્ણપર્યાયોથી યાવત્ અનંતગુણ પરિવૃદ્ધિથી વધતાં-વધતાં આ સુષમદૂષમા નામે આરો [સમય-કાળ] પ્રાપ્ત થશે.*

*ઉક્ત સમય ત્રણ ભેદે વિભાજીત થશે. પહેલાં ત્રિભાગ, મધ્યમ ત્રિભાગ, પાછલા ત્રિભાગ.*

*ભગવન્ ! તે આરામાં પહેલાં ત્રિભાગમાં ભરતક્ષેત્રનો કેવા પ્રકારે આકાર-ભાવ-પ્રત્યવતાર થશે ?*

*ગૌતમ ! બહુસમરમણીય યાવત્ થશે. મનુષ્યોની જે પ્રકાર અવસર્પિણીના પાછલ ત્રિભાગની વક્તવ્યતા છે, તે કહેવી, માત્ર તેમાં કુલકર અને ઋષભસ્વામી ન કહેવા.*

*બીજા કહે છે કે – તે આરામાં પહેલા ત્રિભાગમાં આ પંદર કુલકરો ઉત્પન્ન થશે. તે આ પ્રમાણે – સુમતિ યાવત્ ઋષભ, બાકી બધું પૂર્વવત્ જાણવું. દંડનીતિઓ ઉલટા ક્રમે જાણવી.*

*તે આરાના પહેલાં ત્રિભાગમાં રાજધર્મ યાવત્ ધર્મ-ચારિત્ર વિચ્છેદ પામશે.*

*તે આરાના મધ્યમ અને પાછલા ત્રિભાગમાં યાવત્ પહેલી અને મધ્યમ ત્રિભાગની વક્તવ્યતા, જે અવસર્પિણીમાં કહી, તે કહેવી.*

*સુષમા આરો પૂર્વવત્, સુષમસુષમા પણ પૂર્વવત્ કહેવો. યાવત્ છ ભેદે મનુષ્યો યાવત્ શનૈશ્ચારી ઈત્યાદિ પૂર્વવત્.*

**● વિવેચન-૫૨,૫૩ :-**

ત્યારપછી તે મનુષ્યો ભરતક્ષેત્રને યાવત્ સુખોપભોગ્ય જુએ છે. જોઈને બિલોમાંથી જલ્દીથી નીકળે છે. નીકળીને આનંદિત થયેલા અને સંતોષને પામેલા એવા તે પછી અન્યોન્યને બોલાવશે બોલાવીને આ પ્રમાણે કહેશે, હવે તે શું કહેશે ? તે કહે છે –

ઓ દેવાનુપ્રિયો ભરતક્ષેત્ર વૃદ્ધિગત વૃક્ષવાળું યાવત્ સુખે ઉપભોગ્ય થયું છે, તેથી હે દેવાનુપ્રિયો ! આપણે - આપણી જાતિનાએ કંઈપણ આજથી અશુભ, કુણિમ-માંસાહારનો આહાર કરશે, તે પુરુષ અનેક છાયા વડે, ભોજનાદિમાં સાથે પંક્તિમાં બેસવની જે શરીર સંબંધિ જે છાયા, તે પણ વર્જવી.

તેનો અર્થ આવો છે – તેમની અસ્પૃશ્યતાથી શરીર સ્પર્શ તો દૂર રહ્યો, તેના શરીરની છાયાનો સ્પર્શ પણ વર્જનીય છે. - x - x - એ પ્રમાણે સંસ્થિતિ-મર્યાદાની સ્થાપના કરશે. સ્થાપીને ભરતવર્ષમાં સુખે સુખે અભિરમાણ - અર્થાત્ સુખપૂર્વક ક્રીડ કરતાં-કરતાં વિચરશે - પ્રવર્તશે એમ જાણવું.

હવે ભરતભૂમિનું સ્વરૂપ પૂછે છે – બધું પૂર્વવત્. [શંકા] કૃત્રિમમણિ આદિ કરણ, ત્યારે તે મનુષ્યોને શિલ્પોપદેશક આચાર્યના અભાવથી અસંભવ છે [તેનું શું ?]

[સમાધાન] બીજા આરામાં પુર-આદિ નિવેશ, રાજનીતિ-વ્યવસ્થાદિકૃત્ જાતિસ્મરણવાળા પુરુષ વિશેષ દ્વારા અથવા ક્ષેત્રના અધિષ્ઠાયક દેવના પ્રયોગથી કે પછી કાલાનુભાવજનિત નૈપુણ્યથી તેનો સુસંભવ હોવાથી કહ્યું છે...

...અન્યથા કઈ રીતે આ જ ગ્રંથમાં પ્રસ્તુત આરાને આશ્રીને પુષ્કર સંવર્તકાદિ પાંચ મહામેઘની વૃષ્ટિ પછી વૃક્ષાદિ વડે અને ઔષધિ વડે ભાસુર સંજાત થતાં ભરત ભૂમિમાં તત્કાલીન મનુષ્યો બિલોથી નીકળીને માંસાદિ ભક્ષણ નિયમ મર્યાદાને ધારણ કરે છે અને તેનો લોપ કરનારને પંક્તિની બહાર કરશે, એ અર્થનું અભિધાપક પૂર્વોક્ત સૂત્ર સંગત થઈ શકે ?

હવે મનુષ્યનું સ્વરૂપ કહે છે — બધું અવસર્પિણીના દુઃષમ આરાના મનુષ્યનું સ્વરૂપ છે તેમ કહેવું. વિશેષ એ કે સિદ્ધ થતાં નથી અર્થાત્ સર્વ કર્મક્ષય લક્ષણ સિદ્ધિને પામતાં નથી. કેમકે ચારિત્રધર્મની પ્રવૃત્તિનો અભાવ છે - x -

એ રીતે ઉત્સર્પિણીનો બીજો આરો પુરો થયો.

તે આરામાં - દુઃષમા નામના આરામાં ૨૧,૦૦૦ વર્ષનો કાળ વ્યતિક્રાંત થયા પછી અનંતા વર્ણપર્યાય વડે યાવત્ વધતાં-વધતાં એ અવસરમાં દુઃષમ સુષમા નામક કાળ, ઉત્સર્પિણીનો ત્રીજો આરો હે શ્રમણ ! પ્રાપ્ત થશે, ઈત્યાદિ પૂર્વવત્.

અવસર્પિણીના ચોથા આરા સમાન ઉત્સર્પિણીનો ત્રીજો આરો છે, તેના સાદૃશ્યને પ્રગટ કરતાં કહે છે —

પ્રાયઃ પૂર્વે વ્યાખ્યાયિત કરેલ અર્થ છે. તેમાં પદ્મનાભ આદિ તેવીશ તીર્થંકરો થશે, કેમકે ચોવીશમાં ભદ્રકૃત્ નામના તીર્થંકર ચોથા આરામાં ઉત્પન્ન થવાના છે.

અગિયાર ચક્રવર્તી ભરતાદિ, વીર ચરિત્રમાં દીર્ઘદંત આદિ, બારમાં અરિષ્ઠ નામક ચક્રવર્તી ચોથા આરામાં કહ્યા છે.

નવ બલદેવો - જયંત આદિ, નવ વાસુદેવ નંદી આદિ. જો કે તિલકાદિ પ્રતિવાસુદેવો અહીં કહ્યા નથી, તેમાં પૂર્વોક્ત હેતુ જ જાણવો. - એ રીતે ચક્રવર્તી આદિ થશે.

ત્રીજો આરો પૂર્ણ થયો, હવે ઉત્સર્પિણીનો ચોથો આરો કહે છે — તે આરામાં ૪૨,૦૦૦ વર્ષ ન્યૂન કોડાકોડી સાગરોપમ કાળ વ્યતીત થયા પછી અનંત વર્ણપર્યાયોથી યાવત્ વૃદ્ધિ પામતા-પામતાં પ્રસ્તાવિત સુષમ દુઃષમા નામનો આરો-ઉત્સર્પિણીના ચોથા આરા રૂપ કાળ પ્રાપ્ત થશે.

તે આરો ત્રણ ભેદે વિભાગ પામશે. પહેલો - મધ્યમ અને પાછલો ત્રિભાગ. તેમાં આદ્ય ત્રિભાગનું સ્વરૂપ કહે છે —

ભગવન્ ! તે આરામાં પહેલાં ત્રિભાગમાં ભરતક્ષેત્રના કેવા આકારભાવ પ્રત્યવતાર થશે ? ગૌતમ ! બહુસમ રમણીય યાવત્ થશે યાવત્ શબ્દથી પૂર્ણ પણ ભૂમિવર્ણકનો આલાવો લેવો. મનુષ્યનો પ્રશ્ન ભગવન્ સ્વયં કહે છે —

તત્કાલીન મનુષ્યોની જે અવસર્પિણીના ત્રીજા આરાની પાછલના ત્રિભાગમાં જે



વક્તવ્યતા છે, તે અહીં પણ કહેવી.

અહીં અપવાદસૂત્ર કહે છે — કુલકરોને વર્જીને તે વક્તવ્યતા કહેવી જોઈએ. એ પ્રમાણે ઋષભદેવને પણ વર્જવા.

અવસર્પિણીમાં કુલકરોએ સંપાદિત કરેલ દંડનીતિ આદિ માફક ઋષભસ્વામી સંપાદ્ય અન્નપાકાદિ પ્રક્રિયા, શિલ્પ-કળાનું ઉપદર્શનાદિની માફક ઉત્સર્પિણીમાં પણ બીજા આરાના ભાવિ કુલકર પ્રવર્તિત તેમની તે વખતે અનુવર્તનારી, તેના પ્રતિપાદક પુરુષના કથનના પ્રયોજનના અભાવથી, જેમ અવસર્પિણીના ત્રીજા આરાના ત્રીજા ભાગમાં કુલકરોના સ્વરૂપ, ઋષભ સ્વામીનું સ્વરૂપ પૂર્વે કહ્યું, તે રીતે અહીં કહેવું નહીં.

અથવા ઋષભસ્વામીના વર્જનથી ઋષભસ્વામીનો આલાવો વર્જવો જોઈએ. એમ તાત્પર્ય છે. તેથી ઋષભ સ્વામીનો આલાવો વર્જીને ભદ્રકૃત્ તીર્થંકરનો આલાવો કરવો જોઈએ. કેમકે ઉત્સર્પિણીના છેલ્લા તીર્થંકરના પ્રાયઃ અવસર્પિણીના પ્રથમ તીર્થંકરના સમાન શીલપણાથી [એમ કહ્યું] અન્યથા ઉત્સર્પિણીના ચોવીશમાં તીર્થંકર ક્યારે સંભવે છે, એવા સંશયાદિ પણ થાય. - x -

હવે કુલકર વિષયક વાચનાભેદ કહે છે —

બીજા આચાર્યો કહે છે — તે આરાના પ્રથમ ત્રિભાગમાં આ કહેવાનાર પંદર કુલકરો ઉત્પન્ન થશે, તે આ પ્રમાણે — સુમતિથી ઋષભ પર્યન્ત. ક્યાંક ''સંમુચી'' એવો પાઠ છે, તેમાં ''સંમતિ'' શબ્દ પ્રાકૃતના નિયમથી 'સંમુઈ' થયો હોય અથવા ''સંમુચિ'' એ પ્રમાણે યાવત્ શબ્દથી પૂર્વોક્ત 'પ્રતિશ્રુતિ' આદિ જ ગ્રહણ કરવા.

વાંચનાંતર અનુસારથી જે કુલકર સંભવ નિરૂપિત છે, તેના સિવાયના બાકીના પાંચ-પાંચ પુરુષ પર્વ સંપાદ્યમાન નવ-નવ દંડનીતિ આદિ તે પ્રમાણે પૂર્વોક્ત જ જાણવી.

અહીં જ દંડનીતિક્રમ વિશેષ સ્વરૂપને કહે છે — દંડનીતિ કુલકર વડે સંપાદ્ય હા-કાર આદિ પ્રતિલોમ-પશ્ચાનુપૂર્વી થતી જાણવી - અર્થાત્ બુદ્ધિપથમાં પ્રાપ્ય છે.

પહેલાં પંચકની ધિક્કાર આદિ ઉત્કૃષ્ટ-મધ્યમ-જઘન્ય અપરાધીને યથાયોગ્ય ત્રણે છે. બીજા પંચકની કાળાનુભાવથી ઉત્કૃષ્ટ અપરાધ કરનારને ત્રીજી અને મધ્યમ-જઘન્ય અપરાધમાં ''માકાર'' અને હાકારરૂપ બે, ત્રીજા કુલકર પંચકને પૂર્વ અપરાધદ્વય ધારણ કરનારને બે જઘન્ય અપરાધમાં 'હાકાર'રૂપ પહેલી દંડનીતિ છે.

અહીં દંડનીતિઓએ ઉપલક્ષણ છે, તેનાથી શરીર અને આયુ - પ્રમાણાદિ પણ યથાસંભવ પ્રતિલોમ - પશ્ચાનુપૂર્વીપણે જાણવું.

બીજી વાચનાના સૂત્રનો આ ભાવ છે — અહીં વ્યવચ્છિન્ન રાજધર્મમાં કાલાનુભાવથી પાતળા-પાતળા કષાયોથી શાસન કરનારા અગ્રતેજસ્ક દંડ કરશે

નહીં. તેમજ શાસનીય મનુષ્યો તેવા દંડને ઉચિત અપરાધ પણ કરશે નહીં. ત્યારપછી અરિષ્ઠ નામક ચક્રવર્તીના સંતાનીય પંદર કુલકરો થશે. બાકીના તેમણે કરેલ મર્યાદાના પાલક થશે અને ક્રમથી બધાં પણ અહમિન્દ્ર મનુષ્યત્વને પ્રાપ્ત કરશે.

અહીં ઋષભ નામે કુલકર, પરંતુ ઋષભ નામે તીર્થંકર ન લેવા. તેને સ્થાને ભદ્રકૃત્ તીર્થંકર, પ્રસ્તુત આરાના ૮૯-પક્ષ વ્યતિક્રાંત થતાં ઉત્પન્ન થનારપણે આગમમાં કહ્યા છે.

જો કે સ્થાનાંગના સાતમા સ્થાનમાં સાત કુલકરો કહ્યા છે, તેમાં સુમતિ નામ પણ કહેલ નથી. દશમાં સ્થાનમાં સીમંકર આદિ દશ કુલકર કહ્યા છે, તેમાં સુમતિ નામ કહ્યું છે, પરંતુ અંતે નહીં. વળી સમવાયાંગમાં તો સાત જ પૂર્વવત્ કહ્યા છે. દશમાં વિમલવાહનથી સુમતિ સુધીના કહ્યા છે.

સ્થાનાંગમાં નવમાં સ્થાનકમાં સુમતિના પુત્રપણાથી પદ્મનાભની ઉત્પત્તિ કહી છે. તથા પ્રસ્તુત ગ્રંથમાં બીજા આરાનાં કુલકરો મૂલથી જ કહ્યા નથી. ચોથા આરામાં મતાંતરથી સુમતિ આદિ પંદર કહ્યા છે, તેથી કુલકરોને આશ્રીને ભિન્ન-ભિન્ન નામપણું, વ્યસ્તનામપણું, અન્યૂનાધિક નામપણારૂપ સૂત્રપાઠના દર્શનથી વ્યામોહ ન કરવો જોઈએ. કેમકે તે વાચનાભેદ જનિતપણું છે. વાચના ભેદથી પાઠભેદ થાય છે. તત્ત્વ કેવલિ જાણે.

હવે અહીં જ ત્રિભાગમાં શું શું વ્યુચ્છેદ પામશે તે દર્શાવતા કહે છે – તે આરામાં પહેલા ત્રિભાગમાં રાજધર્મ યાવત્ ચારિત્રધર્મ વિચ્છેદ પામશે યાવત્ શબ્દથી ગણધર્મ, પાખંડધર્મ, અગ્નિધર્મ પણ વિચ્છેદ પામશે તેમ જાણવું.

હવે શેષ દ્વિભાગ વક્તવ્યતાને કહે છે –

તે આરામાં મધ્યમ અને પશ્ચિમ ત્રિભાગમાં, પ્રથમ અને મધ્યમની અહીં યથાસંભવ અર્થ યોજનાના ઔચિત્યથી મધ્યમ અને પ્રથમ, એ પ્રમાણે જાણવું જોઈએ. અત્યથા શુદ્ધ પ્રતિલોમ્ય અભાવથી અર્થની અનુપપત્તિ થાય છે. અવસર્પિણીની વક્તવ્યતા તે કહેવી.

ચોથો આરો પૂર્ણ થયો.

હવે પાંચમો અને છટ્ઠો આરો અતિદેશથી કહે છે –

'સુષમા' પાંચમાં આરાના લક્ષણ, કાળ તે પ્રમાણે અર્થાત્ અવસર્પિણીના બીજા આરા પ્રમાણે છે.

'સુષમાસુષમા' નામનો છટ્ઠો આરો, તે પણ - તે પ્રમાણે જ - અવસર્પિણીના પહેલા આરા સમાન છે.

આ બધું ક્યાં સુધી જાણવું ? તે કહે છે – જ્યાં સુધી છ પ્રકારના મનુષ્યો સંતતિ વડે અનુવર્તશે યાવત્ શનૈશ્ચારી. અહીં યાવત્ પદથી પદ્મગંધાદિ પૂર્વોક્ત જ ગ્રહણ કરવા.



પાંચમો અને છટ્ઠો આરો પૂર્ણ થયો. તે પૂર્ણ થતાં અવસર્પિણી કાળ પણ પૂર્ણ થયો. તેના પૂર્ણ થવાથી અવસર્પિણી અને ઉત્સર્પિણી રૂપ કાળ ચંદ્ર પણ પૂર્વ થયું.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**વક્ષસ્કાર-૨-નો ટીકા સહિત અનુવાદ પૂર્ણ**

-- ० -- ० -- ० -- ० -- ० --

# 卐 ભાગ-૨૫-મો પૂર્ણ 卐

# આગમ સટીક અનુવાદનું વિભાગીકરણ

| આગમનું નામ | ભાગ ક્રમાંક |
|---|---|
| આચારાંગ | ૧ અને ૨ |
| સૂત્રકૃતાંગ | ૩ અને ૪ |
| સ્થાનાંગ | ૫ થી ૭ |
| સમવાયાંગ | ૮ |
| ભગવતી | ૯ થી ૧૩ |
| જ્ઞાતાધર્મકથા | ૧૪ |
| ઉપાસકદશા, અંતકૃત્‌દશા,<br>અનુત્તરોપપાતિકદશા, પ્રશ્નવ્યાકરણ | ૧૫ |
| વિપાકશ્રુત, ઔપપાતિક | ૧૬ |
| રાજપ્રશ્નીય | ૧૭ |
| જીવાજીવાભિગમ | ૧૭ થી ૧૯ |
| પ્રજ્ઞાપના | ૨૦ થી ૨૨ |
| સૂર્ય/ચંદ્ર-પ્રજ્ઞપ્તિ | ૨૩,૨૪ |
| જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ | ૨૫ થી ૨૭ |
| નિરયાવલિકા પંચક અને પયન્નાસૂત્રો-૧૦+૧ | ૨૮ |
| નિશીથ, વ્યવહાર, બૃહત્કલ્પ<br>દશાશ્રુતસ્કંધ અને જીતકલ્પ | ૨૯ |
| મહાનિશીથ | ૩૦ |
| આવશ્યક | ૩૧ થી ૩૪ |
| પિંડનિર્યુક્તિ, ઓઘનિર્યુક્તિ | ૩૫ |
| દશવૈકાલિક | ૩૬ |
| ઉત્તરાધ્યયન | ૩૭ થી ૩૯ |
| નંદીસૂત્ર | ૪૦ |
| અનુયોગદ્વાર | ૪૧ |
| કલ્પ (બારસા) સૂત્ર | ૪૨ |

॥ नमो नमो निम्मलदंसणस्स ॥

# આગમસૂત્ર

## સટીક અનુવાદ

૨૬

અનુવાદ શ્રેણી સર્જક -

**મુનિ દીપરત્નસાગર**

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ
नमो नमो निम्मलदंसणस्स
પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# આગમસટીક અનુવાદ

# જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ-૨

-: અનુવાદ-શ્રેણીના સર્જક :-

## મુનિ દીપરત્નસાગર

તા. ૨૩/૧૦/૨૦૦૯ શુક્રવાર ૨૦૬૬ કા.સુ.૫

આગમ સટીક અનુવાદ
ભાગ ૧ થી ૪૨ સંપૂર્ણ
મૂલ્ય-રૂા-૧૦,૦૦૦

૦ શ્રી શ્રુત પ્રકાશન નિધિ ૦

સંપર્ક સ્થળ
આગમ આરાધના કેન્દ્ર, શીતલનાથ સોસાયટી
ફ્લેટ નં. ૧૩, ચોથે માળે, બ્હાઈ સેન્ટર,
ખાનપુર, અમદાવાદ.





# આગમ સટીક અનુવાદના

આ ભાગ - ૨૬ માં છે...

૦ જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ-

ઉપાંગસૂત્ર-૭ ના...

—૦— વક્ષસ્કાર-૩

—૦— વક્ષસ્કાર-૪

-- x -- x -- x -- x -- x -- x -- x --

-: ટાઈપ સેટીંગ :-
શ્રી મહાકાલી એન્ટરપ્રાઈઝ
ચાંદલોડિયા, અમદાવાદ.
(M) 9824419736

-: મુદ્રક :-
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ, અમદાવાદ.
Tel. 079-25508631

## ૦ વંદના એ મહાન્ આત્માને ૦

વિક્રમ સંવત-૨૦૬૧માં ફાગણસુદ-૩ નો દિવસ અને મંગલપારેખના ખાંચામાં શ્રી શાંતિનાથ પરમાત્માની વર્ષગાંઠનો પ્રસંગ, અતિભવ્ય અને ઘણી જ લાંબી રથયાત્રાના પ્રયાણની ઘડીએ, આગમોના ટીકા સહિતના અનુવાદ કરવા માટેની મનોભાવનાનું જેમના મુખેથી વચન પ્રાગટ્ય થયું, અંતરના આશીર્વાદ, સૂરિમંત્રથી અભિમંત્રિત વાસ ચૂર્ણનો ક્ષેપ અને ધનરાશિની જવાબદારીના યથાશક્ય સ્વીકાર સહ જેમની કાર્ય પ્રેરણાની સરવાણીમાં ભીંજાતા મારા ચિત્તે આશિર્ષ અનેરો હર્ષોલ્લાસ અનુભવ્યો. જેમની હયાતી દરમ્યાન કે હયાતી બાદ પણ, જેમના નામસ્મરણ માત્રથી આ કાર્ય વિઘ્નરહિતપણે મૂર્ત સ્વરૂપને પામ્યું, એવા...

**પૂજ્ય આચાર્યશ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજી મ૦ ના**

**ચરણ કમળમાં સાદર કોટીશઃ વંદના**

## ૦ કેમ ભૂલાય એ ગુરુદેવને પણ ? ૦

ચારિત્ર પ્રતિ અંતરંગ પ્રીતિથી યુક્ત, અનેક આત્માઓને પ્રવ્રજ્યા માર્ગે પ્રયાણ કરાવનાર, સંયમમૂર્તિ, પ્રતિ વર્ષ ઉપધાન તપ વડે શ્રાવકધર્મના દીક્ષા દાતા, શારીરિક સમસ્યાઓ વચ્ચે પણ બંને શાશ્વતી ઓળીની આરાધનાને ન ચૂકનારા, સાગર સમુદાયમાં ગચ્છાધિપતિ પદને શોભાવનારા અને સમર્થ શિષ્ય પરિવારયુક્ત એવા મહાન વિભૂતિરત્ન–

**પૂજ્ય આચાર્યશ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ૦**

જેમના આજીવન અંતેવાસી, શાસનપ્રભાવક

**પૂજ્ય આચાર્યશ્રી હર્ષસાગરસૂરિજી મ.સા.**

જેમણે આ અનુવાદ કાર્ય માટે ઘણાં વર્ષો પૂર્વે પ્રેરણા કરેલી અને આ કાર્ય સાદ્યંત પાર પહોંચાડવા માટે વિપુલ ધનરાશિ મોકલાવી.

*ઉક્ત બંને આચાર્ય ભગવંતોની અસીમ કૃપા અને તેઓ દ્વારા પ્રેરિત સંઘો થકી થયેલ ધનવર્ષાના બળે પ્રસ્તુત કાર્ય મૂર્તસ્વરૂપ પામ્યું.*



## આગમ સટીક અનુવાદના

**આ ભાગ ૨૬ ની**

**સંપૂર્ણ દ્રવ્ય સહાયના પ્રેરણાદાતાશ્રી**

**પ.પૂ. આ.દેવ શ્રી ભક્તિસૂરીશ્વરજી મ.ના**

**સમુદાયવર્તી**

***પૂજ્ય આચાર્યશ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજી***

**તેઓશ્રીની પ્રેરણાથી લાભલેનાર**

**શ્રી પાર્શ્વભક્તિધામ જૈન ધાર્મિક ટ્રસ્ટ**

**તણસા**

# અનુદાન દાતા

**આગમ સટીક અનુવાદના કોઈ એક ભાગના સંપૂર્ણ સહાયદાતા**

સચ્ચારિત્ર ચુડામણી પૂજ્ય ગચ્છાધિપતિ સ્વ૦ આચાર્યદેવ
શ્રીમદ્ દેવેન્દ્રસાગરસૂરીશ્વરજીના આજીવન અંતેવાસી
**સદ્‌ગુણાનુરાગી પૂજ્ય આ૦દેવશ્રી હર્ષસાગરસૂરિજી મ.ની**
જ્ઞાનઅનુમોદક પ્રેરણાથી પ્રેરિત
શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ
તથા શ્રી શેઠ ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, સુરત.
**૧૬ ભાગોના સંપૂર્ણ સહાયક થયેલ છે.**

**પરમપૂજ્ય સરળ સ્વભાવી, ભદ્રિક પરિણામી, શ્રુતાનુરાગી**
**સ્વ૦ આચાર્યદેવશ્રી વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની**

પુનિત પ્રેરણાથી ૧૦ ભાગો માટે
નીચેના સંઘો સહાયક થયા છે.

(૧) શ્રી મંગલપારેખનો ખાંચો, જૈનસંઘ, અમદાવાદ — બે ભાગ.
(૨) શ્રી ભાવનગર જૈન શ્વે૦મૂ.પૂ. સંઘ, ભાવનગર — બે ભાગ.
(૩) શ્રી આદિનાથ જૈન શ્વે૦ મૂ.પૂ. સંઘ, નવસારી — બે ભાગ.
(૪) શ્રી ગિરિરાજ સોસાયટી આદિનાથ જૈન સંઘ, બોટાદ — બે ભાગ.
(૫) શ્રી જૈન શ્વે૦ મૂ.પૂ. તપાગચ્છ સંઘ, બોટાદ — એક ભાગ.
(૬) શ્રી પાર્શ્વભક્તિધામ જૈન ધાર્મિક ટ્રસ્ટ, તણસા — એક ભાગ.

*[પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજીની પ્રેરણાથી તેમના સમુદાયવર્તી શ્રમણીવર્યાઓ તરફથી પ્રાપ્ત સહાયની નોંધ આગળ છે.]*

સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદિવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી વૈયાવચ્ચ પરાયણ **પંન્યાસ પ્રવર શ્રી વજ્રસેનવિજયજી મ.સા.**ની પ્રેરણાથી એક ભાગ-શ્રી હાલારતીર્થ આરાધના ધામ, વડાલિયા, સીંહણ, તરફથી

આગમ સટીક અનુવાદ શ્રેણીના સર્જક **મુનિશ્રી દીપરત્નસાગરજી**ની પ્રેરણાથી આ બે દાતાઓએ મળીને એક ભાગ માટે સહાય કરી છે.

(૧) શ્રી જૈન શ્વે૦ મૂર્તિ૦ સંઘ, થાનગઢ

(૨) શાહ હંજારીમલજી ભૂરમલજી, કર્નૂલ.

**પૂ૦પૂ૦ ક્રિયારૂચિવંત, પ્રભાવક, આદેય નામકર્મધર સ્વર્ગસ્થ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજીથી પ્રેરિત પુન્યવંતી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત અનુદાનો**

૧- વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ભક્તિસૂરીશ્વરજી સમુદાયવર્તી મિલનસાર **સાધ્વીશ્રી સૌમ્યપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી ત્રણ ભાગો માટેની દ્રવ્ય સહાય પ્રાપ્ત થઈ છે, તે આ પ્રમાણે—

- (૧) શ્રી કારેલીબાગ, શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, વડોદરા.
- (૨) શ્રી કારેલીબાગ, જૈન સંઘની શ્રાવિકા બહેનો, વડોદરા.
- (૩) શ્રી ભગવાન નગરનો ટેકરો, જૈનસંઘ, અમદાવાદ.

૨- સુવિશાળ પરિવારયુક્તા **સાધ્વીશ્રી ભાવપૂર્ણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી "શ્રી ક્ષેત્રપાલ ભક્તિ ટ્રસ્ટ" - નવસારી તરફથી.

૩- વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યદેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **પ.પૂ. સાધ્વીશ્રી ધ્યાનરસાશ્રીજી તથા સાધ્વીશ્રી પ્રફુલ્લિતાશ્રીજી**ની પ્રેરણાથી -

"શ્રી માંગરોળ જૈન શ્વે૦ તપ૦ સંઘ, માંગરોળ - તરફથી.

૪- પરમપૂજ્યા જયશ્રીજી-લાવણ્યશ્રીજી મ૦ના પરિવારવર્તીની **સાધ્વીશ્રી સત્યાનંદશ્રીજી મ.સા.**ની પુનિત પ્રેરણાથી
"શ્રી ગાંધીનગર જૈન સંઘ, બેંગલોર - તરફથી."

૫- પરમપૂજ્ય ક્રિયારૂચીવંત આ૦દેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **શ્રમણીવર્યા મોક્ષનંદિતાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી વલ્લભનગર જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ, વલ્લભનગર, ઈન્દૌર

**પરમપૂજ્ય આગમોદ્ધારક, સામાચારી સંરક્ષક, બહુશ્રુત આચાર્યદેવ આનંદસાગરસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી શ્રુત અનુરાગીણી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત સહાયો.**

(૧) પરમપૂજ્યા નીડરવક્તા **સાધ્વીશ્રી ચંદ્રયશાશ્રીજી** મ૦થી પ્રેરિત
-૧- શ્રી ત્રિલોકપદ્મ ચિંતામણિધામ જૈન સંઘ, અંધેરી, મુંબઈ.
-૨- શ્રી મહાવીરનગર જૈન દહેરાસરજી ટ્રસ્ટ, નવસારી.

(૨) અપ્રતિમ વૈયાવૃત્ત્યકારિકા પ.પૂ. મલય-પ્રગુણાશ્રીજી મ૦ના શિષ્યા સુસંવાદી પરિવારયુક્તા **સાધ્વીશ્રી પ્રશમશીલાશ્રીજી** મ૦ના શ્રુતાનુરાગી શિષ્યા સા૦શ્રી પ્રશમરત્નાશ્રીજીની પ્રેરણાથી-
"શ્રી શ્વેતાંબર જૈન તપાગચ્છ સંઘ," વાંકાનેર.

(3) પરમપૂજ્યા માતૃહૃદયા **સાધ્વીશ્રી અમિતગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી
- "શ્રી આદિનાથ જૈન શ્વે૦ સંઘ," ભોપાલ.

(૪) પરમપૂજ્યા વર્ધમાનતપસાધિકા, શતાવધાની **સાધ્વીશ્રી અમિત-ગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી-૧૦૦ ઓળીની પૂર્ણાહૂતિ નિમિત્તે
"કરચેલીયા જૈન શ્વે૦ મહાજન પેઢી," કરચેલીયા, સુરત.

(૫) શ્રમણીવર્યા ભક્તિરસિક પૂજ્ય મલયાશ્રીજી મ૦ના વ્યવરદક્ષ શિષ્યા **સાધ્વીશ્રી હિતજ્ઞાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી જૈન મરચન્ટ સંઘની શ્રાવિકા બહેનો, અમદાવાદ.

(૬) પરમપૂજ્યા મલય-કૈવલ્ય-ભવ્યાનંદશ્રીજી મ૦ના સુવિનિતા મિષ્ટ ભાષી, તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પૂર્ણપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી
"સર્વોદય પાર્શ્વનાથ ચેરિટેબલ ટ્રસ્ટ," મુંબઈ

## આગમ-સટીક અનુવાદ સહાયકો

(૧) પ.પૂ. ભગવતીજી દેશનાદક્ષ **આ૦દેવશ્રી નરદેવસાગરસૂરિજી મ૦સા૦**ની પ્રેરણાથી - "શ્રી વિશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ," જામનગર.

(૨) વર્ધમાન તપોનિધિ પૂજ્ય આ.દેવ **શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ૦** ની પ્રેરણાથી – "અભિનવ જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ," અમદાવાદ.

(૩) શ્રુતસંશોધનરસિક પૂજ્ય **આ૦દેવશ્રી મુનિચંદ્રસૂરિજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી વિજયભદ્ર ચેરિટેબલ ટ્રસ્ટ," ભીલડીયાજી.

(૪) પ.પૂ. જયલાવણ્યશ્રીજી મ૦સા૦ના સુશિષ્યા **સા૦ સૂર્યપ્રભાશ્રીજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી ભગવતીનગર ઉપાશ્રયની બહેનો," અમદાવાદ.

(૫) પરમપૂજ્યા વરધર્માશ્રીજી મ૦ના શિષ્યા તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પ્રીતિધર્માશ્રીજી** મ૦ની પાવન પ્રેરણાથી.

- (૧) શ્રી પાર્શ્વભક્તિ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, ડોંબીવલી.
- (૨) શ્રી રાજાજી રોડ શ્વે૦મૂ૦પૂ૦ તપા૦ જૈન સંઘ, ડોંબીવલી.

(૬) સ્વનામધન્યા **શ્રમણીવર્યાશ્રી સૌમ્યગુણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી.
"શ્રી પરમ આનંદ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ," પાલડી, અમદાવાદ.

**મુનિ દીપરત્નસાગરજી દ્વારા પ્રકાશિત સાહિત્ય-એક ઝલક**
**કુલ પ્રકાશનોનો અંક-૩૦૧**

## ૧-आगमसुत्ताणि-मूलं

### ૪૯-પ્રકાશનો

આ સંપુટમાં મૂળ આગમો છે. જેમાં ૪૫ આગમો ૪૫ અલગ-અલગ પુસ્તકોમાં મુદ્રિત કરાવાયેલ છે. ચાર વૈકલ્પિક આગમો પણ તેમાં સમાવાઈ ગયેલ છે. એ રીતે ૪૫ + ૪ કુલ (૪૯) આગમોનું આ સંપુટમાં સંપાદન છે. તેમજ પ્રત્યેક સૂત્રને અંતે પૂજ્ય સાગરાનંદસૂરિશ્વરજી સંપાદિત આગમો તથા તેની વૃત્તિના અંકો પણ ટાંક્યા છે.

અમારા આ પ્રકાશનમાં શ્રુતસ્કંધ, શતક/અધ્યયન/વક્ષસ્કાર/પદ, પ્રતિપત્તિ, ઉદ્દેશક, સૂત્ર/ગાથા આદિ સ્પષ્ટતયા જુદા નજરે પડે તેવી વિશિષ્ટ મુદ્રણકલાને પ્રયોજેલ છે. પુસ્તકો અલગ-અલગ અને નાના કદના હોવાથી વાંચન કે કંઠસ્થ કરવાની અતિ સરળતા રહે છે.

૪૫-આગમની પૂજા, પૂજન, રથયાત્રા કે શ્રી ગૌતમસ્વામી પૂજનાદિ માટે અલગ-અલગ પીસ્તાળીશ પુસ્તકો હોવાથી ગોઠવણી સરળ બને છે.

आगमसद्दकोसो, आगमनामकोसो, આગમવિષયદર્શન, આગમકથાનુયોગના મૂળ સંદર્ભ જોવા માટે આ પ્રકાશન વસાવવું જરૂરી જ છે. જેની કિંમત છે રૂા. ૧૫૦૦/-દર્શન-પૂજન માટે આજીવન ઉપયોગી છે.

## ૨. આગમ-ગુજરાતી અનુવાદ

### ૪૭-પ્રકાશનો

આપણા મૂળ આગમો અર્ધમાગધી ભાષામાં છે. જેઓ ભાષાજ્ઞાનથી વંચિત છે, શાસ્ત્રીય કારણોથી આગમના અભ્યાસથી વંચિત રહ્યા છે, આગમોની વાંચના પ્રાપ્ત કરી શકતા નથી ઈત્યાદિ કારણે આગમિક પદાર્થોનું જ્ઞાન પામી શક્યા ન હોય તેવા ભવ્યાત્માઓ શ્રી કલ્પસૂત્ર માફક સરળતાથી આગમોનું વાંચન અને બોધ પ્રાપ્ત કરી શકે, તેમજ ભવભીરુ આત્માઓ પોતાનું જીવન માર્ગાનુસાર બનાવી શકે તેવું પ્રકાશન.

સાત ભાગોમાં સમાવિષ્ટ ૨૮૦૦ જેટલા પૃષ્ઠોમાં પીસ્તાળીશ આગમોનો અક્ષરશઃ અનુવાદ ધરાવતા આ "આગમદીપ" સંપુટમાં બીજા બે વૈકલ્પિક આગમોનું ગુજરાતી પણ આપેલ જ છે.

અંદાજે ૯૦,૦૦૦ શ્લોક પ્રમાણ મૂળ આગમનો આ ગુજરાતી અનુવાદ રૂા. ૨૦૦૦/-ની કિંમતે ઉપલબ્ધ થઈ શકે છે. પણ હાલ તેની એક પણ નકલ બચેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની લોકપ્રિયતાનો પૂરાવો છે. અનેક પૂજ્યશ્રીએ આ ગુજરાતી અનુવાદનો સ્વાધ્યાયાદિ અર્થે ઉપયોગ કરેલો છે.

## ३. आगमसुत्ताणि-सटीकं

### ४६-પ્રકાશનો

જેઓને મૂળ આગમો વાંચ્યા પછી તેની વિસ્તૃત સમજ મેળવવી છે. તેમાં રહેલા પદાર્થોને ઊંડાણથી અવગાહવા છે, તેમાં રહેલા તત્ત્વો આધારિત કથા, દૃષ્ટાંત કે દ્રવ્યાનુયોગને જાણવો છે, તેવા વિશિષ્ટ જ્ઞાનપિપાસુ માટેનું અમારું આ ૧૩,૦૦૦ જેટલા પૃષ્ઠોમાં પથરાયેલ અને ત્રીશ ભાગોમાં વિભાજીત એવું દળદાર પ્રકાશન છે.

આ પ્રકાશનમાં મૂળ આગમો પર પ્રાપ્ત બધી જ નિર્યુક્તિઓ, ૩૯ આગમો પરની વૃત્તિ, શેષ આગમોની સંસ્કૃત છાયા, કેટલાંક ભાષ્યો તથા ચૂર્ણિઓ ઈત્યાદિ સર્વે વિવેચનોનો સમાવેશ કરાયેલ છે.

સૂત્રો અને ગાથાના સ્પષ્ટ અલગ વિભાજન, પ્રચુર પેરેગ્રાફ્સ, અધ્યયન, ઉદ્દેશક, સૂત્ર આદિની સુસ્પષ્ટ અલગ પેજ લાઈન તેમજ અમારા મૂળ અને અનુવાદિત આગમોમાં અપાયેલા ક્રમાંક મુજબના જ સૂત્ર ક્રમાંકન તથા વ્યવસ્થિત અનુક્રમણિકાને લીધે કોઈપણ પસંદિત ચોક્કસ વિષયવસ્તુ કે સમગ્ર અધ્યયનના વાંચનમાં સરળતા રહે તે રીતે આ સંપુટનું સંપાદન અને મુદ્રણ કરાયેલું છે.

આ પ્રકાશનના અભ્યાસમૂલ્ય અને સંશોધનક્ષેત્રે ઉપયોગિતા તેમજ સમગ્ર વિશ્વમાં આગમ પ્રકાશનની આવી એક જ માત્ર શ્રૃંખલા ઉપલબ્ધ હોવાને કારણે રૂા. ૧૧,૦૦૦/- મૂલ્ય હોવા છતાં તેની એક પણ નકલ સ્ટોકમાં રહેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની મહત્તા સાબિત કરે છે.

## ૪. આગમ-વિષય-દર્શન

આ એક એવું પ્રકાશન છે, જેમાં ૪૫-આગમોની વિશદ્રૂપે અનુક્રમણિકા અપાયેલ છે, છતાં તેના પૃષ્ઠો છે. — ૩૮૪.

પ્રત્યેક આગમના પ્રત્યેક સૂત્ર કે ગાથાના વિષયોને એ જ આગમોના સૂત્રોના ક્રમાંકન અનુસાર, અતીવ સુસ્પષ્ટ રૂપે અને પૃથક્-પૃથક્ સ્વરૂપે અપાયેલી આ અનુક્રમણિકાથી તમે તમારો મનગમતો-આવશ્યક કે તમારા સંશોધન અને લેખનને અનુરૂપ વિષય સહેલાઈથી પસંદ કરી શકો છો.

ગુજરાતી ભાષામાં તૈયાર કરાયેલ આ અનુક્રમણિકાથી તમે અમારા અનુવાદિત આગમોમાં તો મૂળ વિષય જોઈ જ શકો છો. તદુપરાંત મૂળ આગમો કે આગમસટીકં માં પણ તમારી પસંદગીનો વિષય શોધવો આ બૃહત્ અનુક્રમ પરથી ખૂબ જ સરળ છે.

રૂા. ૪૦૦/-ની કિંમતને લક્ષમાં ન લઈ તેનું ઉપયોગિતા મૂલ્ય સમજશો.

## ૫. आगमसद्दकोसो

### ૪-પ્રકાશનો

આ શબ્દકોશ - એટલે સંદર્ભસ્થળ નિર્દેશ સહિતની ''આગમ-ડીક્ષનેરી'' જેમાં તમને મળે છે મૂળ આગમમાંથી લેવાયેલા ૪૬,૦૦૦ શબ્દો અને તેના ૩,૭૫,૦૦૦ જેટલા આગમ સંદર્ભો સહિત મૂળ-અર્ધમાગધી શબ્દોના સંસ્કૃત અર્થ અને ગુજરાતી એક કે વધુ અર્થો.

ચાર ભાગોમાં સમાવિષ્ટ ૨૪૦૦ જેટલા પાનાઓનો આ પુસ્તકનો સેટ મેપલીથો કાગળ, પાકુ બાઈન્ડીંગ અને આકર્ષક મુખપૃષ્ઠ તો ધરાવે જ છે. પણ તમારે માટે તેની ઉપયોગિતા છે — अ થી ह પર્યંતનો કોઈપણ શબ્દ શોધવા માટે. ત્યાં ફક્ત શબ્દનો અર્થ જ જોઈને બેસી નથી રહેવાનું. પણ પીસ્તાળીશે પીસ્તાળીશ આગમોમાં આ શબ્દ જ્યાં જ્યાં વપરાયો હોય તે-તે બધાં સ્થાનોનો નિર્દેશ પણ મળશે જ - જેના દ્વારા એક જ શબ્દ જો જુદા જુદા સંદર્ભમાં વપરાયો હશે, તો તે ભિન્ન-ભિન્ન સંદર્ભયુક્ત અર્થ કે વ્યાખ્યા પણ જાણી શકાશે.

— વળી આવા સંદર્ભો જોવા માટે તમારે જુદા જુદા પ્રકાશનોના આગમોને ફેંદવાની કોઈ જરૂર નથી. તમે માત્ર અમારું आगमसुत्ताणि — સંપુટ સાથે રાખો. તમારે ઉપયોગી શબ્દો મૂળ આગમ કે આગમ-સટીકં માં મળી જ જવાના

## ૬. आगमनामकोसो

આગમ શબ્દકોશની એક પૂરક ડીક્ષનેરી તે આ ''આગમ નામકોશ''. આ પ્રકાશન આગમસટીકં માં આવતા નામો (કથાઓ)ની ડીક્ષનેરી છે. આ ડીક્ષનેરીમાં કથાના પાત્રોના નામો તો કક્કાવારી ક્રમમાં આપેલા જ છે. સાથે સાથે તે પાત્રો કે નામોનો સંક્ષિપ્ત પરિચય પણ છે.

તમારે મૂળ આગમ ઉપરાંત નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ કે વૃત્તિમાં જો આ નામ કે તે નામ સાથે સંકડાયેલ કથા કે દૃષ્ટાંત જાણવા છે તો અમારી ડીક્ષનેરીમાં તે-તે નામને અંતે નિર્દેશ કરાયેલ આગમ સંદર્ભ જોવો. આગમ સંદર્ભ જોતાં જ તમને તે સંદર્ભવાળા આગમનું નામ, પંચાંગીનો પ્રકાર અને સૂત્રક્રમ મળી જશે. જેના આધારે તમે તે કથા કે દૃષ્ટાંતનો સહેલાઈથી અભ્યાસ કરી શકશો.

આ નામકોશનું મહત્ત્વ તો ત્યારે જ સમજાય જ્યારે એક જ નામ ધરાવતા એકથી વધારે પાત્રોનો અલગ-અલગ પરીચય કે જુદી જુદી કથાઓ તમને જોવા મળે. તે પણ ફક્ત રૂા. ૨૦૦/-ની કિંમતમાં.

સંદર્ભ મુજબ કથા જોવા માટે અમારું आगमसुत्ताणि-सटीकं તો છે જ.

## ૭. आगमसूत्र हिन्दी अनुवाद

### ૪૭-પ્રકાશનો

મૂળ આગમના ૯૦,૦૦૦ જેટલાં શ્લોક પ્રમાણ સાહિત્યના મૂળ પ્રકાશન પછી જેમ તેનો ગુજરાતી અનુવાદ કર્યો, તેમ હિન્દી અનુવાદ પણ કર્યો. ફર્ક એટલો જ કે આ હિન્દી અનુવાદ બાર ભાગોમાં આશરે ૩૨૦૦ જેટલા પાનાઓમાં પથરાયેલો છે. ગુજરાતી અનુવાદ કરતા ૩૦૦થી પણ વધારે પૃષ્ઠો તેમાં ઉમેરાયા છે. જે ફક્ત કદની વૃદ્ધિ જ નથી, પણ અર્થવિસ્તાર અને પેરેગ્રાફોની પ્રચૂરતા પણ ધરાવે જ છે.

હિન્દીભાષી મહાત્માઓને પણ આગમના પદાર્થજ્ઞાનથી વંચિત ન રહેવું પડે તે આશયથી તૈયાર કરાયેલ આ આગમસૂત્ર હિન્દી અનુવાદ હિન્દી ભાષાની સમૃદ્ધિ અને સાહિત્યિક મૂલ્ય તો ધરાવે જ છે. તે ગુજરાતી ભાષી આગમરસિકો અને તત્ત્વજિજ્ઞાસુઓ માટે પણ મહત્ત્વનું સંદર્ભશાસ્ત્ર બની રહ્યું છે.

રૂા. ૨૭૦૦/-નું મૂલ્ય ધરાવતા આ आगमसूत्र-हिन्दी अनुवाद માં પણ ક્રમાંકન તો મૂળ આગમ, આગમ ગુજરાતી અનુવાદ અને आगम सटीकं અનુસાર જ થયેલ છે. તેથી અભ્યાસીઓને તુલના કરવી સરળ પડે છે.

## ૮. આગમ કથાનુયોગ

### ૬-પ્રકાશનો

આગમ કાર્ય વિષયક આ અમારું નવમું પ્રકાશન છે. જેમાં "કથાનુયોગ" નામે અનુયોગની મુખ્યતા છે. આ પ્રકાશનમાં મૂળ આગમો, આગમો પરની નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ કે અવચૂરી એ તમામનો સમાવેશ કરી આ આગમ કથાનુયોગનું સંકલન અને ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. જે છ ભાગોમાં વિભાજીત છે ૨૨૦૦ જેટલા પૃષ્ઠોમાં સમાવિષ્ટ છે અને કથાઓને દશ વિભાગમાં ગોઠવેલ છે.

આ કથાનુયોગમાં તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ એ ઉત્તમપુરુષો સંબંધી કથાનક કે માહિતીનો સંગ્રહ છે, શ્રમણ વિભાગમાં ગણધરો, પ્રત્યેકબુદ્ધો, નિહ્નવો, અન્ય શ્રમણોની કથાઓ છે. તે સાથે આશરે ૯૦થી વધુ પૃષ્ઠોમાં ગોશાળાનું કથાનક તેના પૂર્વભવ, વર્તમાનભવ અને ભાવિ ભવો સહિત મૂકેલ છે. તે સિવાય શ્રમણી કથા, શ્રાવક કથા, શ્રાવિકા કથા, અન્યતીર્થી કથા, પ્રાણી કથા, પ્રકીર્ણ કથા અને દૃષ્ટાંતોના અલગ વિભાગો છે. પ્રત્યેક કથાને અંતે તેના આગમ સંદર્ભો પણ મૂકેલા છે, જેથી મૂળ માહિતી સ્રોત જોઈ શકાય. છટ્ઠા ભાગમાં અકારાદિક્રમે પ્રત્યેક કથાના નામોની ગોઠવણી અને તેની સાથે પૃષ્ઠાંક આપેલા છે, જેથી કોઈપણ કથા શોધવી અત્યંત સરળ બને છે.

આ "આગમ કથાનુયોગ" કેવળ કથારસિકો તથા વ્યાખ્યાતાઓ માટે અત્યંત ઉપયોગી પ્રકાશન છે. જેનું મૂલ્ય માત્ર રૂા. ૧,૫૦૦/- છે. તેમજ સન-૨૦૦૪માં જ પ્રકાશિત થયેલ હોવાથી હજી સરળતાથી ઉપલબ્ધ છે.

## ૯. આગમ મહાપૂજનવિધિ

આ એક લઘુ પુસ્તિકા છે. જેમાં પીસ્તાળીશ આગમ મહાપૂજન ભણાવવા માટેની સરળ, સ્પષ્ટ, શાસ્ત્રીય વિધિ છે. સાથે-સાથે પંડિત શ્રી રૂપવિજયજી કૃત્ ૪૫-આગમ પૂજાઓ પણ આપી દીધેલ છે. અષ્ટપ્રકારી પૂજાના અભિનવ દુહા પણ છે.

કોઈપણ વિધિકારકને સહેલાઈથી પૂજન કરાવતા ફાવે તે રીતે વિધિ સાથે સૂચનાઓનો નિર્દેશ છે. તેમજ આગમ મંડપની રચના, માંડલુ, આવશ્યક સામગ્રી, વિધિમાં પ્રત્યેક કાર્ય માટે જરૂરી એવા સહાયકોની કાર્ય વહેંચણી પણ જણાવેલ છે.

મોટા ટાઈપ, પદ્યોની સુંદર ગોઠવણી, પ્રત્યેક પૂજન માટેનું અલગ પેજ, દરેક પૂજનને માટેની સૂચના, તે પૂજનની સાથે જ અપાયેલી હોય તેવું આ એક માત્ર પ્રકાશન છે.

## ૧૦. આગમસૂત્ર સટીક અનુવાદ

### ૪૮-પ્રકાશનો

પ્રસ્તુત પ્રકાશનમાં આગમોના મૂળસૂત્રોનો અક્ષરશઃ અનુવાદ તો છે જ. સાથે સાથે આગમોની નિર્યુક્તિ અને ટીકાનો પણ અનુવાદ કરેલ હોવાથી અમે "સટીક અનુવાદ" એવું નામકરણ કરેલ છે. જેમાં ૪૫ આગમો ઉપરાંત બે વૈકલ્પિક આગમો અને કલ્પ [બારસા] સૂત્રના સમાવેશથી ૪૮ પ્રકાશનો થાય છે. જેને આ સાથે અમે ૪૨-ભાગોમાં પ્રકાશિત કરેલ છે.

આ સટીક અનુવાદમાં છ છેદ સૂત્રોનો અનુવાદ માત્ર મૂળનો જ છે, તેમાં સટીક અનુવાદ નથી. સંસ્કૃત અને પ્રાકૃત ભાષાજ્ઞાનથી વંચિત શ્રુતરસિકો કે સ્વાધ્યાય પ્રેમીઓને આ અત્યંત ઉપયોગી પ્રકાશન છે, જેનું સંયુક્ત મૂલ્ય રૂા. ૧૦,૦૦૦/- છે, કે જે કિંમતમાં તો કોઈ ૪૫ સટીક આગમોનો અનુવાદ પણ ન કરી આપે.

આ સટીક અનુવાદ સંપુટમાં-અંગસૂત્રો, ઉપાંગ સૂત્રો અને મૂળસૂત્રોનો સંપૂર્ણ સટીક અનુવાદ છે. પયન્ના સૂત્રોમાં પણ ઉપલબ્ધ ટીકાઓનો અનુવાદ કરેલો જ છે, નંદી અને અનુયોગ બંને સૂત્રોનું વર્તમાન પદ્ધતિથી સાનુવાદ વિવેચન કરેલ છે અને છેદસૂત્રો, કલ્પસૂત્ર અને કેટલાંક પયન્નાઓનો મૂળનો અનુવાદ છે.

— x — x —

**આ હતી આગમ સંબંધી અમારા ૨૫૦ પ્રકાશનોની યાદી**

— x — x —

## આગમ સિવાયના સાહિત્ય સર્જનની ઝાંખી

**(૧) વ્યાકરણ સાહિત્ય :-**

૦ અભિનવ હૈમ લઘુપ્રક્રિયા ભાગ-૧ થી ૪ [૪]

— મહોપાધ્યાય વિનયવિજયજી કૃત્ "લઘુપ્રક્રિયા" પર સિદ્ધહેમ શબ્દાનુશાસન અને તેની સાથે સંબંધિત અનેક સંદર્ભગ્રંથોના ઉપયોગથી તૈયાર કરાયેલો એવો આ દળદાર ગ્રંથ છે. જે કાઉન આઠ પેજમાં તૈયાર થયેલ છે. સંસ્કૃત વ્યાકરણના અભ્યાસ માટેનું આ પ્રકાશન છે. જે ગુજરાતી ભાષાના માધ્યમથી તૈયાર થયેલ છે. તેમાં મૂળસૂત્ર, તેનો અર્થ, વૃત્તિ, વૃત્ત્યર્થ, અનુવૃત્તિ, વિશેષ વિવેચન જેવા સાત વિભાગો અને પ્રચૂર પરિશિષ્ટો છે.

૦ કૃદન્તમાલા :- [૧]

— આ લઘુ સર્જનમાં ૧૨૫ ધાતુઓના ૨૩ પ્રકારે થતાં કૃદન્તોનું કોષ્ટક છે.

**(૨) વ્યાખ્યાન સાહિત્ય :-** [3]

૦ અભિનવ ઉપદેશ પ્રાસાદ ભાગ-૧ થી ૩.

— આ એક સ્વતંત્ર વ્યાખ્યાનમાળા છે. "મન્નહ જિણાણં" નામક સજ્ઝાયમાં આવતા શ્રાવકના ૩૬ કર્તવ્યો ઉપરના ૧૦૮ વ્યાખ્યાનો તેમાં ગોઠવેલા છે. પ્રત્યેક વ્યાખ્યાન માટે દશ-દશ પેજ ફાળવેલ છે. જે પ્રત્યેકમાં શ્લોક-જૈનેત્તર પ્રસંગ - સંબંધિત કર્તવ્યની તાત્ત્વિક વ્યાખ્યા અને સમજ-જૈનકથા અને કર્તવ્યને અનુરૂપ સ્તવનાદિ પંક્તિની સુંદર ગુંથણી છે.

૦ નવપદ-શ્રીપાલ [૧]

— શાશ્વતી ઓળીના વ્યાખ્યાનરૂપે આ પુસ્તકનું સર્જન થયું છે, જેમાં નવે પદનું અલગ-અલગ વિવેચન સાથે નવ દિવસમાં શ્રીપાલચરિત્ર પણ પૂરું થાય, તે રીતે ગોઠવેલા નવ વ્યાખ્યાનોનો સમન્વય છે.

**(૩) તત્ત્વાભ્યાસ સાહિત્ય :-**

૦ તત્ત્વાર્થસૂત્ર પ્રબોધ ટીકા-અધ્યાય-૧ [૧]

૦ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા-અધ્યાય-૧ થી ૧૦ [૧૦]

— આ ગ્રંથમાં તત્ત્વાર્થ સૂત્રના દશે અધ્યાયોનું અલગ-અલગ દશ પુસ્તકમાં અતિ વિસ્તૃત વિવેચન ધરાવતું દશાંગ વિવરણ છે. જેમાં સૂત્રહેતુ, મૂળસૂત્ર, સંધિરહિત સૂત્ર, સૂત્રાર્થ, શબ્દજ્ઞાન, અનુવૃત્તિ, અનેક સંદર્ભ ગ્રંથોને આધારે તૈયાર કરાયેલ અભિનવ ટીકા, સૂત્રસંદર્ભ, સૂત્રપદ્ય, સૂત્રનિષ્કર્ષ જેવા દશ વિભાગો છે.

પ્રત્યેક અધ્યાયને અંતે સૂત્રક્રમ, અકારાદિ ક્રમ, શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદ જેવા પરિશિષ્ઠો તથા દશમા અધ્યાયના પુસ્તકમાં અંતે શબ્દસૂચિ, વિષયસૂચિ, સંબંધકારિકા જેવા ઉપયોગી પરિશિષ્ઠો છે.

o તત્ત્વાર્થ સૂત્રના આગમ આધાર સ્થાનો. [૧]

– આ સંશોધન કક્ષાનું એક વિશિષ્ટ પુસ્તક છે. જેમાં તત્ત્વાર્થ સૂત્રના પ્રત્યેક સૂત્રનો મૂળ આગમમાંથી ઉપલબ્ધ સંદર્ભ, સંદર્ભ પાઠ, સંદર્ભ સ્થળનો ઉલ્લેખ છે. તેમજ શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદની તાલિકા અને વિશ્લેષણ છે.

**(૪) આરાધના સાહિત્ય :-** [3]

o સમાધિમરણ :-

અંત સમયે અને ભાવિ ગતિ સુધારવા માટે મરણ સમયે ચિત્તની સમાધિ જળવાય રહે તેવી આરાધના વિધિ, આરાધના સૂત્રો, આરાધના પદ્યો, આરાધના પ્રસંગો વગેરે સાત વિભાગોમાં આ ગ્રંથ સર્જેલો છે.

o સાધુ અંતિમ આરાધના

o શ્રાવક અંતિમ આરાધના

સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો અંત સમય સુધારવા માટે નિત્ય કરવાની એવી આ આરાધના છે, મૂળ પ્રાકૃત અને સંસ્કૃતમાં ગ્રંથસ્થ થયેલ આ વિધિને સરળ ગુજરાતીમાં રજૂ કરેલ છે. પંચાંગના કદની આ પુસ્તિકા સાથે રાખવી પણ સરળ છે.

**(૫) વિધિ સાહિત્ય :-** [3]

o દીક્ષા-યોગાદિ વિધિ

o વિધિ સંગ્રહ ભાગ-૧

o સાધુ-સાધ્વી કાળધર્મ વિધિ

**(૬) પૂજન સાહિત્ય :-** [૧]

o આગમ મહાપૂજન વિધિ-*જેની નોંધ આગમ વિભાગમાં છે.*

o પાર્શ્વ પદ્માવતી પૂજનવિધિ

**(૭) યંત્ર સંયોજન :-**

o ૪૫-આગમ યંત્ર

o વિંશતિ સ્થાનક યંત્ર

(૮) જિનભક્તિ સાહિત્ય :- ૯

- चैत्यवन्दन पर्वमाला
- चैत्यवन्दनसंग्रह-तीर्थजिन विशेष
- चैत्यवन्दन चोविसी
- ચૈત્યવંદન માળા

— આ એક સંપાદન ગ્રંથ છે. જેમાં પર્વદિન તથા પર્વતિથિના ચૈત્યવંદનો, ચોવિસ જિનની ચોવિસી રૂપ ચૈત્યવંદનો, વિવિધ તીર્થમાં બોલી શકાય તેવા અને જિનેશ્વર પરમાત્મા વિષયક વિવિધ બોલ યુક્ત એવા ૭૭૯ ચૈત્યવંદનોનો વિશાળ સંગ્રહ છે.

- શત્રુંજય ભક્તિ
- शत्रुञ्जय भक्ति
- સિદ્ધાચલનો સાથી - સિદ્ધાચલ ભાવયાત્રા, સ્તુતિ-ચૈત્યવંદનાદિ
- વીતરાગ સ્તુતિ સંચય-૧૧૫૧ ભાવવાહી સ્તુતિનો સંચય
- ચૈત્ય પરિપાટી

(૯) પ્રકીર્ણ સાહિત્ય :- ૯

- શ્રી નવકાર મંત્ર-નવ લાખ જાપ નોંધપોથી
- શ્રી ચારિત્ર પદ એક કરોડ જાપ નોંધપોથી
- અભિનવ જૈન પંચાંગ
- अभिनव जैन पञ्चाङ्ग
- અમદાવાદ જિનમંદિર-ઉપાશ્રય આદિ ડિરેક્ટરી
- બાર વ્રત પુસ્તિકા તથા અન્ય નિયમો
- શ્રી જ્ઞાનપદ પૂજા
- કાયમી સંપર્ક સ્થળ
- ચોઘડીયા તથા હોરા કાયમી સમયદર્શિકા

(૧૦) સૂત્ર અભ્યાસ-સાહિત્ય :- ૫

- જૈન એડ્યુકેશનલ સર્ટિફિકેટ કોર્સ
- પ્રતિક્રમણસૂત્ર અભિનવ વિવેચન ભાગ-૧ થી ૪

**આ રીતે અમારા ૩૦૧ પ્રકાશનો થયા છે.**

— x — x —

**બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ**

**નમો નમો નિમ્મલદંસણસ્સ**

**પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ**

# -: ભાગ-૨૬ :-

૦ આ ભાગમાં અઢારમું આગમ કે જે ઉપાંગ સૂત્રોમાં સાતમું [છટ્ઠુ] ઉપાંગ છે, તેવા ''જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ'' સૂત્રનો સમાવેશ કરાયેલ છે. પ્રાકૃતમાં તે ''जंबूद्दीवपन्नति' નામે ઓળખાય છે. સંસ્કૃતમાં जंबूद्वीप प्रज्ञप्ति નામ છે. વ્યવહારમાં આ નામે જ ઓળખાય છે. તેની શ્રી શાંતિચંદ્રગણિકૃત્ ટીકા હાલ ઉપલબ્ધ છે, તેમાં આ ઉપાંગનો ક્રમ છઠ્ઠો જણાવેલ છે, સાથે ઉપાંગના ક્રમ વિશે મતભેદ છે, તેવો પણ ઉલ્લેખ આ ટીકામાં થયેલો જ છે.

આ ઉપાંગમાં ગણિતાનુયોગની મુખ્યતા ગણાવાય છે, પણ ભગવંત ઋષભદેવ અને ચક્વર્તી ભરતના ચરિત્રદ્વારા કથાનુયોગ પણ કહેવાયેલો છે. યત્કિંચિત્ બાકીના બે અનુયોગનું વર્ણન પણ છે. છતાં આ આગમને ''જૈનભૂગોળ''રૂપે વિશેષથી ઓળખાવી શકાય, ચક્વર્તી વિષયક સઘન વર્ણન માટેનો આધારભૂત સ્રોત પણ આ જ ઉપાંગમાં છે, તે નોંધનીય છે.

આ ઉપાંગની ચૂર્ણિ અને અન્યાન્ય વૃત્તિ રચાયાનો ઉલ્લેખ અવશ્ય મળે છે, પણ ઉપલબ્ધ ટીકા શ્રી શાંતિચંદ્ર ગણિની છે, જેમાં શ્રી હીરવિજયજીકૃત્ વૃત્તિના ઘણાં અંશો પણ છે, તે જ અમારા આ સટીક અનુવાદનો આધાર છે.

સાત વક્ષસ્કારો [અધ્યયન] વાળા આ આગમને અમે ત્રણ ભાગમાં ગોઠવેલ છે. પહેલાં ભાગમાં બે વક્ષસ્કાર, બીજામાં બે વક્ષસ્કાર અને ત્રીજામાં ત્રણ વક્ષસ્કાર ગોઠવેલ છે, જેમાં આ બીજા ભાગમાં વક્ષસ્કાર ત્રણ અને ચારનો અનુવાદ કર્યો છે.

પદાર્થોના સંબંધથી ક્યાંક કંઈક ઉમેર્યું પણ છે. ન્યાય વ્યાકરણ આદિ કેટલીક વસ્તુને છોડી પણ દીધેલ છે. માટે જ અમે અનુવાદને ''ટીકાનુસારી વિવેચન'' નામે ઓળખાવીએ છીએ.





# ૧૮ જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ-ઉપાંગસૂત્ર-૭/૨

**અનુવાદ તથા ટીકાનુસારી વિવેચન**

## ❀ વક્ષસ્કાર-૩ ❀

-- x -- x -- x --

[● વક્ષસ્કાર- ૧ અને ૨, ભાગ-૨૫માં સૂત્ર ૧ થી ૫૩ અંતર્ગત્ મુદ્રિત થયેલ છે. આ ભાગ-૨૬માં વક્ષસ્કાર ૩ અને ૪ નો સટીક અનુવાદ છે –]

**● સૂત્ર-૫૪ :-**

***ભગવન્ ! ભરતક્ષેત્રનું ભરતક્ષેત્ર નામ ક્યા કારણથી છે ? ગૌતમ ? ભરતક્ષેત્ર વૈતાઢ્ય પર્વતની દક્ષિણથી ૧૧૪-૧૧/૧૯ યોજન અબાધાથી, લવણસમુદ્રની ઉત્તરથી ૧૧૪-૧૧/૧૯ યોજન અબાધાથી, ગંગા મહાનદીથી પશ્ચિમે અને સિંધુ મહાનદીથી પૂર્વે દક્ષિણાર્દ્ધ ભરતના મધ્યમ ત્રિભાગના બહુ મધ્યદેશ ભાગમાં વિનીતા રાજધાની કહી છે. તે પૂર્વ-પશ્ચિમ લાંબી અને ઉત્તર-દક્ષિણ પહોળી છે. લંબાઈ ૧૨ યોજન, પહોળાઈ ૯ -યોજન છે. ધનપતિની બુદ્ધિથી નિર્મિત, સ્વર્ણમય પ્રાકાર યુક્ત, વિવિધમણીમય પંચક વર્ણી કપિશીર્ષક પરિમંડિત, સુંદર, અલકાપુરી જેવી, પ્રમુદિત-પ્રક્રિડિત, પ્રત્યક્ષ દેવલોકરૂપ, ઋદ્ધ-સ્તિમિત-સમૃદ્ધ, પ્રમુદિત જન-જાનપદા યાવત્ પ્રતિરૂપ છે.***

**● વિવેચન-૫૪ :-**

સંપૂર્ણ ભરતક્ષેત્ર સ્વરૂપ કથન પછી ભગવન્ ! કયા હેતુથી એમ કહ્યું કે ભરતક્ષેત્રનું નામ ભરતક્ષેત્ર છે ? - x - ગૌતમ ! ભરત ક્ષેત્રમાં વૈતાઢ્ય પર્વતની દક્ષિણથી ૧૧૪-૧૧/૧૯ યોજનનું અપાંતરાલ કરીને તથા લવણસમુદ્રની ઉત્તરથી-દક્ષિણ લવણસમુદ્રની ઉત્તરથી તેમજ છે. પૂર્વ-પશ્ચિમ સમુદ્રની ગંગા-સિંધુ વડે વ્યવહિતપણાથી તેની વિવક્ષા કરેલ નથી. ગંગામહાનદીની પશ્ચિમમાં અને સિંધુ મહાનદીની પૂર્વમાં દક્ષિણાર્દ્ધભરતના મધ્ય ત્રીજા ભાગના બહુમધ્ય દેશ ભાગમાં અહીં - આટલા ક્ષેત્રમાં વિનીતા-અયોધ્યા નામે રાજધાની-રાજનિવાસ નગરી મેં તથા બીજા તીર્થંકરોએ કહેલી છે.

સાધિક ૧૧૪ યોજન ઉત્પત્તિમાં આ રીતે છે – ભરતક્ષેત્ર ૫૨૬ યોજન અને ૬/૧૯ ભાગરૂપ વિસ્તૃત છે. એમાંથી ૫૦-યોજન વૈતાઢ્ય ગિરિનો વ્યાસ બાદ કરીએ, તો ૪૭૬-૬/૧૯ કળા આવે. દક્ષિણ અને ઉત્તર ભરત્તાર્દ્ધના વિભાજનથી તેનું અડધું કરતાં ૨૩૮-૩/૧૯ યોજન. આટલા દક્ષિણાર્દ્ધ ભરતના વ્યાસથી - x - વિનીતાના વિસ્તારરૂપ ૯ યોજન બાદ કરતાં ૨૨૯-૩/૧૯ યોજન થાય. તેના મધ્ય ભાગમાં

નગરી છે, તેથી અડધું કરતાં ૧૧૪ યોજન અને ૧૧ કળા થાય છે.

તેને જ વિશેષણ વડે વિશેષથી કહે છે — પૂર્વ પશ્ચિમ દિશામાં લાંબી, ઉત્તર દક્ષિણમાં પહોળી છે. ૧૨-યોજન લાંબી, ૯-યોજન પહોળી, ધનપતિ-ઉત્તરના દિક્પાલની બુદ્ધિ વડે નિર્મિત છે. નિપુણ શિલ્પી વડે રચિત અતિસુંદરપણે છે. જે રીતે ધનપતિ વડે નિર્મિત છે, તે ગ્રંથાંતરથી કંઈક વ્યક્તરૂપે જણાવાય છે —

*[વૃત્તિકારશ્રી અહીં ૩૬-ગાથા નોંધે છે, તેનો સારાંશ આ છે —]*

પ્રભુના રાજ્ય સમયમાં શક્રના આદેશથી નવી નગરીને કુબેરે સુવર્ણસમૂહથી સ્થાપી. તે ૧૨-યોજન લાંબી, ૯-યોજન પહોળી, અષ્ટ દ્વાર મહાશાળા જે ઉજ્જ્વલ તોરણવાળી હતી. તે ૧૨૦૦ ધનુષ્ ઉંચા અને ૮૦૦ ધનુષ્નું તળીયું હતું. ૧૦૦ ધનુષ્ની લંબાઈ હતી.

તેનું અર્દ્ધ સુવર્ણનું, કપિશીર્ષાવલિ યુક્ત હતું - x - તથા નક્ષત્રાવલિવત્ ઉદ્ગત હતી. તેમાં ચાર ખૂણા, ત્રણ ખૂણા, વૃત્ત અને સ્વસ્તિક તથા મંદરાદિ એક-બે-ત્રણ-સાત માળ સુધીના - x - રત્નસુવર્ણના પ્રાસાદો હતા. ઈશાનમાં સાતમાળી હતા, ચતુરસ્ર સોનાના હતા. ચક્રાકાર વાપી યુક્ત નાભિરાજાનો પ્રાસાદ હતો. પૂર્વ દિશામાં ભરત માટે સર્વતોભદ્ર, સપ્તભૂમિ, મહાઉન્નત, વર્તુળ પ્રાસાદ ધનદે કર્યો. અગ્નિ ખૂણામાં બાહુબલિનો અને બાકીના કુમારોના તેના આંતરામાં ભવનો કર્યા.

ત્યારપછી આદિદેવનો ૨૧-ભૂમિનો ત્રૈલોક્ય વિભ્રમ નામે પ્રાસાદ રત્નરાજિ વડે કર્યો. તે વપ્રખાતિક, રમ્ય, સુવર્ણ કળશાવૃત્તાદિ યુક્ત હતો, જે હરિએ બનાવેલો. ૧૦૦૮ મણિજાળયુક્ત અને તેમના યશને કહેતો એવો સંખ્યમુખ હતો. બધાં કલ્પવૃક્ષોથી પરિવૃત્ત હતા. - x -

સુધર્મસભા જેવી સુંદર, રત્નમય તે નગરી બની, યુગાદિ દેવના પ્રાસાદથી પ્રભાવાળી હતી. ચારે દિશામાં મણિ, તોરણની માળાઓ હતી, પંચવર્ણી પ્રભાંકૂર પૂર ડંબરિત આકાશ હતું. ૧૦૦૮ મણિ બિંબ વડે વિભૂષિત, બે ગાઉ ઉંચુ અને મણિરત્નમય, વિવિધ ભૂમિ ગવાક્ષથી ઋદ્ધિયુક્ત, વિચિત્ર મણિ વેદિકાવાળો જગદીશનો પ્રાસાદ હતો.

વિશ્વકર્મા વડે સામંત-માંડલિકોના નંધાવર્ત્તાદિ શુભ પ્રાસાદો નિર્માણ પામેલા. ૧૦૦૮ જિનોના ભવનો થયા. ચતુષ્પથ પ્રતિબદ્ધ ૮૪ ઉંચા સુવર્ણ કળશો વડે અર્હતોના રમ્ય પ્રાસાદો થયા. - x - x - દક્ષિણમાં ક્ષત્રિયોના વિવિધ સૌધ શસ્ત્રાગાર થયા. - x - x - x - x - પૂર્વ-પશ્ચિમમાં કારુકોના ગૃહો થયા, તે એકભૂમિ મુખવાળા ત્ર્યસ્ર, યાવત્ ઉંચા હતા.

તે નગરીને ધનદે અહોરાત્રમાં નિર્માણ કરી, હિરણ્ય-રત્ન-ધાન્ય-વસ્ત્ર-આભરણ યુક્ત કરી. સરોવર-વાપી-કૂવા-દીર્ઘિકા-દેવતાલય અને બીજું બધું ધનદે અહોરાત્રમાં કર્યુ. ચારે દિશામાં વનો, સિદ્ધાર્થ શ્રી નિવાસ, પુષ્પાકાર અને નંદન તથા બીજા ઘણાં વનો કર્યા. પ્રત્યેક સુવર્ણ ચૈત્યમાં જિનેશ્વરોના ભવનો શોભતા હતા, પવનથી આવેલ પુષ્પપંક્તિ પૂજિત વૃક્ષો પણ હતા.

પૂર્વ આદિમાં અષ્ટાપદ, મહા ઉન્નત મહાશૈલ, સુરશૈલ, ઉદયાચલ પર્વતો હતા,



તે કલ્પવૃક્ષોથી યુક્ત હતા, જિનાવાસ મણિ અને રત્નોથી પવિત્રિત હતા. શક્રની આજ્ઞાથી રત્નમયી વિનીતા જેનું બીજું નામ અયોધ્યા હતું તેવી નગરીનું નિર્માણ કર્યું. જેમાં વસતાં લોકો દેવ-ગુરુ ધર્મમાં આદરવાળા, સ્થૈર્યાદિ ગુણોથીયુક્ત, સત્ય-શૌચ-દયાવાળા હતા. કલાકલાપમાં કુશળ, સત્સંગતિરત, શાંત, સદ્ભાવી આદિ હતા.

તે નગરીમાં દેવ-અસુર-નરથી અર્ચિત ઋષભસ્વામી રાજ્ય - x - કરતાં હતાં. - x - x -

સંક્ષેપથી તેનું સ્વરૂપ સૂત્રકારે પણ કહ્યું છે — સુવર્ણના પ્રાકાર, વિવિધ મણિના કપિશીર્ષોથી પરિમંડિત, અભિરામ, અલકાપુરી સદૃશ, પ્રમુદિત લોકોવાળી નગરી - x - તથા ક્રીડા કરવાને આરંભવાળા, તેવા પ્રકારના જે લોકો, તેમના યોગથી નગરી પણ પ્રક્રીડિતા હતી. પ્રત્યક્ષ પ્રમાણથી, તેના અનુમાનની અધિકતાથી વિશેષ પ્રકાશકત્વથી - x - x - સ્વર્ગલોક સમાન, સમૃદ્ધ આદિ વિશેષણયુક્ત હતી. - x - x -

આ ક્ષેત્રની નામ પ્રવૃત્તિ કઈ રીતે થઈ ? તે કહે છે —

● **સૂત્ર-૫૫ :-**

***ત્યાં વિનીતા રાજધાનીમાં ભરત નામે ચાતુરંત ચક્રવર્તી રાજા ઉત્પન્ન થયો. તે મહાહિમવંત, મહંત, મલય, મંદર સદૃશ યાવત્ રાજ્યને પ્રશાસિત કરતો વિચરતો હતો.***

***રાજાના વર્ણનનો બીજો આલાવો આ પ્રમાણે છે — ત્યાં અસંખ્ય કાળના વાસ પછી ભરત ચક્રવર્તી ઉત્પન્ન થયો. તે યશસ્વી, ઉત્તમ, અભિજાત, સત્વ-વીર્ય-પરાક્રમ ગુણવાળો, પ્રશસ્ત-વર્ણ, સ્વર, સાર સંઘયણ શરીરી, તીક્ષ્ણબુદ્ધિ, ધારણા, મેધા, ઉત્તમ સંસ્થાન, શીલ અને પ્રકૃતિવાળો, ઉત્કૃષ્ટ ગૌરવ-કાંતિ-ગતિયુક્ત, અનેકવચન પ્રધાન, તેજ-આયુ-બલ-વીર્યયુક્ત, નિશ્છિદ્ર ઘન નિચિત લોહશૃંખલા જેવા સુદૃઢ વજ્ર ઋષભનારાચ સંઘયણ શરીરધારી હતો.***

***તેની હથેળી અને પગના તળીયા ઉપર મત્સ્ય, ભૃંગાર, વર્ધમાનક, ભદ્રમાનક, શંખ, છત્ર, ચામર, પતાકા, ચક્ર, હળ, મુશલ, રથ, સ્વસ્તિક, અંકુશ, ચંદ્ર, સૂર્ય, અગ્નિ, યૂપ, સાગર, ઈન્દ્રધ્વજા, પૃથ્વી, પદ્મ, કુંજર, સીંહાસન, દંડ, કુંભ, ગિરિવર, શ્રેષ્ઠ અશ્વ, શ્રેષ્ઠ મુગટ, કુંડલ, નંદાવર્ત્ત, ધનુષ્, કુંત, ગાગર, ભવનવિમાન એ છત્રીશ લક્ષણો ઈત્યાદિ અનેક ચિહ્નો પ્રશસ્ત, સુવિભક્ત, અંકિત હતા.***

***તેના વિશાળ વક્ષસ્થળ ઉપર ઉર્ધ્વમુખી, સુકોમલ, સ્નિગ્ધ, મૃદુ અને પ્રશસ્ત કેશ હતા, જેનાથી સહજરૂપે શ્રીવત્સનું ચિહ્ન નિર્મિત હતું. દેશ અને ક્ષેત્રને અનુરૂપ તેનું સુગઠિત સુંદર શરીર હતું. બાળસૂર્યના કિરણોથી વિકસિત કમળના મધ્યભાગ જેવો તેનો વર્ણ હતો. પૃષ્ઠાંત, ઘોડાના પૃષ્ઠાંત જેવું નિરુપલિપ્ત હતું. તેના શરીરમાંથી પદ્મ, ઉત્પલ, ચમેલી, માલતી, જૂહી, ચંપક, કેસર, કસ્તુરી સદૃશ સુગંધ નીકળતી હતી. તે છત્રીશથી પણ અધિક પ્રશસ્ત, રાજોચિત***

***લક્ષણોથી યુક્ત હતો. અખંડિત છત્રનો સ્વામી હતો.***

***તેના માતૃવંશ તથા પિતૃવંશ નિર્મળ હતા. પોતાના વિશુદ્ધ કુળરૂપી આકાશમાં તે પૂર્ણિમાના ચંદ્ર જેવો હતો. તે ચંદ્ર જેવો સૌમ્ય, મન અને નયનને આનંદપ્રદ, સમુદ્રસમાન ગંભીર, યુદ્ધમાં સદા અપરાજિત, પરમ વિક્રમશાળી હતો, તેના શત્રુ નષ્ટ થઈ ગયેલા. કુબેરની જેમ તે ભોગોપભોગમાં દ્રવ્યનો સમુચિત પ્રચુર વ્યય કરતો હતો. એ રીતે તે સુખપૂર્વક ભરતક્ષેત્રના રાજ્યને ભોગવતો હતો.***

**● વિવેચન-૫૫ :-**

ત્યાં વિનીતા રાજધાનીમાં ભરત નામે રાજા હતો. રાજા તો સામંતાદિ પણ હોય, તેથી કહે છે — ચક્રવર્તી, પણ ચક્રવર્તી તો વાસુદેવ પણ હોય, તેથી કહે છે — ચાર અંત જેને છે તે — પૂર્વ, પશ્ચિમ, દક્ષિણમાં ત્રણ સમુદ્રો છે, ચોથો હિમવંત, એ પ્રમાણે જેને છે તે ચાતુરંત એવો ચક્રવર્તી થયો. મહાહિમવાન્ - હૈમવત અને હરિવર્ષ ક્ષેત્રના વિભાજક કુલગિરિ, તેની જેમ મહાન્, મલય - ચંદનવૃક્ષ ઉત્પત્તિ પ્રસિદ્ધ ગિરિ, મંદર-મેરુ. યાવત્ પદથી પહેલા ઉપાંગથી સમગ્ર રાજવર્ણન લેવું. તે રાજ્યને પાળતો વિચરે છે, સુધી કહેવું.

(શંકા) એમ હોય તો પણ શાશ્વતી ભરત નામક પ્રવૃત્તિ કેમ છે ? કહેવાનાર નિગમન પણ અસંભવે, એવી આશંકાથી બીજા પ્રકારે તે-તે કાળ ભાવિ ભરત નામે ચક્રવર્તી ઉદ્દેશથી રાજવર્ણન કહે છે.

બીજો પાઠ વિશેષ - x - તે વિનીતામાં અસંખ્યાતકાળ જે વર્ષોથી, તેના અંતરાલથી અર્થાત્ પ્રવચનમાં જ કાળની અસંખ્યેયતા છે - x - અન્યથા સમય અપેક્ષાથી અસંખ્યેયત્વમાં ઐદંયુગીન મનુષ્યોના અસંખ્યેય આયુષ્કત્વના વ્યવહારનો પ્રસંગ આવે. અસંખ્યેય વર્ષરૂપ કાળ જતાં એક ભરતચક્રવર્તી પછી બીજો ભરત ચક્રવર્તી, જેનાથી આ ક્ષેત્રનું ભરત એવું નામ પ્રવર્તે છે, તે ઉત્પન્ન થાય છે. આવશ્યક ચૂર્ણિમાં “સંખ્યાતકાળ વર્ષાયુષ્ક” - x - પાઠ છે, તેનાથી યુગ્મી મનુષ્યત્વનો વ્યવહાર દૂર કરેલો જાણવો. કેમકે તેમનો અસંખ્યાત વર્ષાયુ હોય છે.

(શંકા) ભરતચક્રીથી અસંખ્યાતકાળે સગર ચક્રી આદિ વડે આ સૂત્ર વ્યભિચરે છે, કેમકે તેમાં ભરત નામત્વનો અભાવ હોય છે ? [સમાધાન] આ સૂત્ર અસંખ્યાતકાળ વર્ષાંતરથી સર્વકાળવર્તી ચક્રવર્તી મંડલમાં નિયમથી ભરતના નામનો સૂચક નથી, કદાચિત્ સંભવ સૂચવે છે. જેમકે આગામી ઉત્સર્પિણીમાં ભરત નામે પહેલો ચક્રી થશે. - x -

તે કેવો છે ? યશસ્વી, શલાકાપુરુષત્વથી ઉત્તમ, ઋષભાદિ વંશત્વથી કુલીન, સાહસિક, આંતરબળયુક્ત, શત્રુ વિત્રાસન શક્તિવાળો આવા રાજાને ઉચિત સર્વાતિશાયી ગુણવાળો, પ્રશસ્ત-વખાણવાલાયક, શરીરની ત્વચા-વર્ણ, ધ્વનિ, શુભ પુદ્ગલોપચય જન્ય ધાતુ વિશેષ, સંહનન - અસ્થિ નિચયરૂપ, તનુ-શરીર, ઔત્પાત્તિકી આદિ-બુદ્ધિ, ધારણા-અનુભૂત અર્થની અવિચ્યુતિ, મેધા-હેયોપાદેય બુદ્ધિ, સંસ્થાન-



યથાસ્થાને અંગઉપાંગનો વિન્યાસ, શીલ-આચાર, પ્રકૃતિ-સહજ.

પ્રશસ્ત વર્ણાદિ અર્થવાળા, - x - x - ગૌરવ-મહાસામંત આદિએ કરેલ અભ્યુત્થાનાદિ, છાયા-શરીર શોભા, ગતિ-સંચરણ, વિવિધ વક્તવ્યોમાં મુખ્ય. નિજશાસન પ્રવર્તનાદિમાં અનેક પ્રકારના વચનપ્રકારો હોય છે. જેમકે આદિમાં મધુર ઈત્યાદિ - x - x -

તેજ-બીજા વડે અસહનીય - x - x - આયુર્બલ-પુરુષાયુષ્ તે વીર્ય વડે યુક્ત. તેથી જરા-રોગાદિ વડે ઉપહત વીર્યત્વ જેને નથી તે. પુરુષાયુષ્ - તે કાળે લોકોને પૂર્વકોટિ સંભવે છે, તો પણ આનું ત્રુટિતાંગ પ્રમાણ જાણવું. કેમકે નરદેવનું આટલું જ આયુ સિદ્ધાંતમાં કહ્યું છે.

અશુષિર-નિશ્છિદ્ર, તેથી જ ઘનનિચિત લોઢાની સાંકળની જેમ વજ્ર ઋષભનારાચ સંઘયણ જેમાં છે તેવા પ્રકારે દેહ ધરનાર.

છત્રીશ લક્ષણોમાંના વિશિષ્ટ લક્ષણનો અર્થ — ઝષ-માછલું, યુગ-ગાડાંનું અંગ વિશેષ, ભૃંગાર-જળનું ભાજન વિશેષ, વ્યંજની-ચામર, યૂપ-યજ્ઞસ્તંભ, સિંહાસન-સિંહના ચિહ્નવાળું રાજાનું આસન, નંધાવર્ત્ત-પ્રતિ દિશામાં નવખૂણાવાળું, ગાગર-સ્ત્રીનું પરિધાન વિશેષ, ભવન-ભવનપતિ દેવાવાસ, વિમાન-વૈમાનિક દેવાવાસ.

આટલા માંગલ્ય, અતિશય વિવિક્ત, જે સાધિક હજાર પ્રમાણ લક્ષણો, તેના વડે વિસ્મયકર હાથ-પગના તળીયાવાળા, તીર્થંકરોની જેમ ચક્રવર્તીને પણ ૧૦૦૮ લક્ષણો સિદ્ધાંત સિદ્ધ છે. નિશીથ ચૂર્ણિમાં પણ તેનો સાક્ષીપાઠ છે.

ભૂમિમાંથી ઉગેલા અંકુરોની જેમ જેના મુખ ઉર્ધ્વ છે, તે ઉર્ધ્વમુખ એવા જે રોમ, તેનો સમૂહ જેમાં છે તે. આના વડે શ્રીવત્સાકાર સ્પષ્ટ કર્યો. - x - સુકુમાલ, નવનીત-પિંડાદિ દ્રવ્યવત્ મૃદુ, આવર્ત્ત-ચિકુર સંસ્થાન વિશેષ. પ્રશસ્ત-માંગલ્ય દક્ષિણાવર્ત્ત. તેનાથી વિરચિત જે વત્સ - x - x - તેના વડે આચ્છાદિત વિપુલ વક્ષવાળા. દેશકોશલ દેશાદિમાં, ક્ષેત્ર-તેના એકદેશરૂપ વિનીતા નગરી આદિમાં, યથાસ્થાન વિનિવિષ્ટ અવયવવાળો જે દેહ, તેને ધારણ કરનાર. અર્થાત્ તે કાળે ભરતક્ષેત્રમાં ભરતચક્રીથી વધુ સુંદર કોઈ ન હતો.

ઉગતા સૂર્યના કિરણો વડે વિકસિત જે શ્રેષ્ઠ કમળ-સરોજ, તેનો વિકસ્વર જે ગર્ભ, તેના જેવો વર્ણ-શરીરની ત્વચા જેની છે તે. અશ્વના ગુદા પ્રદેશ જેવો - x - સુગુપ્તત્વથી તેની સમાન, પ્રશસ્ત પૃષ્ઠ ભાગનો અંત-ગુદા પ્રદેશ, તે મળના લેપથી રહિત હોય છે.

ઉત્પલ-કુષ્ઠ, કુંદજાતિ, વરચંપક-રાજચંપક, નાગકેસરકુસુમ સારંગ-પ્રધાનદલ અથવા - x - સારંગમદ-કસ્તૂરી, એ બધાંની તુલ્ય ગંધ-શરીર પરિમલ જેની છે તે. ૩૬-અધિક પ્રશસ્ત એવા રાજાના ગુણો વડે યુક્ત, તે આ પ્રમાણે — અવ્યંગ, લક્ષણથી પૂર્ણ, રૂપ સંપત્તિયુક્ત શરીર, અમદ, જગત્ઓજસ્વી, યશસ્વી ઈત્યાદિ જાણવા.

ઉક્ત ૩૬-ગુણોમાં વિશેષ શબ્દોનો અર્થ આ પ્રમાણે છે — ઔદાર્ય-દાક્ષિણ્યતા, તેથી દાન શૌંડતા ગુણથી આ ગુણ જુદો છે. જોકે આ ગુણોમાંના કેટલાંક ગુણો

સૂત્રકારે સાક્ષાત્ પૂર્વસૂત્રમાં કહેલાં છે અને ઉત્તરસૂત્રમાં પણ કહેશે, તો પણ ૩૬-સંખ્યા બતાવવા તે કહ્યા, તેમાં દોષ નથી. ઉપલક્ષણથી માન-ઉન્માનાદિ વૃદ્ધિ, ભક્ત વત્સલતા આદિ બીજા પણ ગુણો ઉક્ત અતિરિક્ત લેવા.

અવ્યવચ્છિન્ન - અખંડિત છત્રવાળા, આના દ્વારા પિતા અને દાદાના ક્રમથી આવેલ રાજ્યનું ભોક્તાપણું સૂચિત છે, અથવા સંયમકાળથી પૂર્વે કોઈપણ બલવાન્ શત્રુ વડે તેનું પ્રભુત્વ છેદાયું નથી. પ્રગટ-વિશદ્ અવદાતતાથી જગત્ પ્રતિત માતા-પિતારૂપ જેને છે તે. તેથી જ વિશુદ્ધ-નિષ્કલંક જે નિજકકુળ છે, તેની જેમ ગગન, તેમાં પૂર્ણચંદ્ર સમાન, મૃદુ સ્વભાવથી નયન અને મનને આહ્લાદક.

અક્ષોભ-ભયરહિત, ક્ષીરસમુદ્રાદિ માફક સ્થિર ચિંતાના કલ્લોલથી રહિત, પણ લવણસમુદ્ર માફક વેલા અવસરે વધતા કલ્લોલ માફક અસ્થિર નહીં. ધનપતિ-કુબેર માફક ભોગનો સમ્યક્ ઉદય, તેની સાથે વિદ્યમાન દ્રવ્ય જેના છે તેવા. અર્થાત્ ભોગોપયોગી ભોગાંગ સમૃદ્ધ. સમર-સંગ્રામમાં અપરાજિત. અમરપતિની સમાન અત્યર્થ તુલ્યરૂપ જેનું છે તે, મનુજપતિ-નરપતિ એવો ભરત ચક્રવર્તી ઉત્પન્ન થયો. - x - હવે ઉત્પન્ન થઈને શું કરે છે ?

અનંતર સૂત્રમાં દર્શિત સ્વરૂપવાળો ભરતચક્રવર્તી ભરત ક્ષેત્રનું શાસન કરે છે, - x - તેથી આ ભરતક્ષેત્ર કહેવાય છે, એવું નિગમન આગળ કહેવાશે. હવે ભરતની દિગ્‌વિજયાદિ વક્તવ્યતા —

● સૂત્ર-૫૬ થી ૬૦ :-

*[૫૬] ત્યારપછી રાજા ભરતની આયુધઘરશાળામાં કોઈ દિવસે દિવ્ય ચક્રરત્ન ઉત્પન્ન થયું. ત્યારે તે આયુધગૃહિકે ભરત રાજાના આયુધ શાળામાં દિવ્ય ચક્રરત્ન ઉત્પન્ન થયું જોયું, જોઈને હર્ષિત, સંતુષ્ટ, આનંદિત ચિત્ત, નંદિત, પ્રીતિમાન, પરમ સૌમનસ્યિક અને હર્ષના વશથી વિકસિત હૃદય થઈ જ્યાં દિવ્ય ચક્રરત્ન છે, ત્યાં આવે છે. આવીને તેને ત્રણ વખત આદક્ષિણ-પ્રદક્ષિણા કરે છે. કરીને બે હાથ જોડી યાવત્ અંજલિ કરીને ચક્રરત્નને પ્રણામ કરે છે, કરીને આયુધશાળાની બહાર નીકળે છે.*

*બહાર નીકળીને જ્યાં ઉપસ્થાનશાળા છે, જ્યાં ભરત રાજા છે, ત્યાં આવે છે, આવીને બે હાથ જોડી, જય-વિજયથી વધાવે છે. વધાવીને આ પ્રમાણે કહ્યું — હે દેવાનુપ્રિય ! નિશ્ચે આપની આયુધશાળામાં દિવ્ય ચક્રરત્ન ઉત્પન્ન થયેલ છે, આપની પ્રિયતાર્થે આ પ્રિય સંવાદ નિવેદિત કરું છું, જે પ્રિય થાઓ.*

*ત્યારે તે ભરત રાજા, તે આયુધગૃહિકની પાસે આ અર્થને સાંભળી, અવધારી, હર્ષિત યાવત્ સૌમનસ્યિક, વિકસિત શ્રેષ્ઠ કમલ જેવા વદન અને નયનવાળો થયો. હાથમાં પહેરેલા ઉત્તમ કટક, ત્રુટિત, કેયુર, મસ્તકે ધારણ કરેલ મુગટ, કાનના કુંડલ, ચંચલ થઈ ગયા. હર્ષાતિરેકથી હલતા હારથી તેનું વક્ષસ્થલ અતિ શોભિત લાગતું હતું, તેના ગળામાં લટકતી લાંબી પુષ્પમાળા ચંચળ થઈ ગઈ.*



*રાજા ઉત્કંઠિત થઈને ઘણી ત્વરાથી, જલ્દીથી સિંહાસનથી ઉભો થયો. ઉભો થઈને પાદપીઠથી ઉતર્યો, ઉતરીને પાદુકાઓ ઉતારી, ઉતારીને એકશાટિક ઉત્તરાસંગ કર્યું. કરીને હાથોને અંજલિબદ્ધ કર્યા. પછી ચક્રરત્ન સન્મુખ સાત-આઠ પગલાં સામે ગયો. જઈને ડાબો ઘુંટણ ઉંચો કર્યો. જમણો ઘૂંટણ જમીનતલ ઉપર મુક્યો. બે હાથ જોડી યાવત્ અંજલિ કરીને ચક્રરત્નને પ્રણામ કર્યા. કરીને તે આયુધ અધિકારીને મુગટ સિવાયના વધારાના બધાં આભૂષણ દાન કર્યા. કરીને વિપુલ આજીવિકાયોગ્ય પ્રીતિદાન આપ્યું. આપીને સત્કારી-સન્માનીને પ્રતિ વિસર્જિત કર્યો. કરીને શ્રેષ્ઠ સિંહાસને જઈ પુર્વાભિમુખ થઈ બેઠો.*

*ત્યારપછી ભરતરાજાએ કૌટુંબિક પુરુષોને બોલાવીને આ પ્રમાણે કહ્યું — ઓ દેવાનુપ્રિયો ! જલ્દીથી વિનીતા રાજધાનીને અંદર અને બહારથી આસિક્ત-સંમાર્જિત-સિક્ત-શુચિક કરો. માર્ગ અને ગલીઓ સ્વચ્છ કરાવો. મંચાતિમંચયુક્ત કરો. વિવિધ રંગોમાં રંગી વસ્ત્રોથી નિર્મિત ધ્વજા, પતાકા, અતિપતાકાથી સુશોભિત કરો-કરાવો. લેપન અને ચુનો કરો, ગોશીર્ષ અને સરસ ચંદનથી સુરભિત કરો. પ્રત્યેક દ્વાર ભાગને ચંદન કળશો અને તોરણોથી સજાવો. યાવત્ સુગંધિત ગંધની પ્રચુરતાથી ત્યાં ગોળગોળ ધૂમ્રમય બનતી દેખાઈ તેવી કરો, કરાવો, કરી-કરાવીને મારી આ આજ્ઞા મને પાછી સોંપો.*

*ત્યારે તે કૌટુંબિક પુરુષો એ ભરત રાજાને એમ કહેતા સાંભલી હર્ષિત યાવત્ બે હાથ જોડી, સ્વામીની આજ્ઞા વચનને વિનયથી સાંભળે છે. સાંભળીને ભરતની પાસેથી નીકળે છે, નીકળીને વિનીતા રાજધાનીને યાવત્ કરે છે - કરાવે છે, આજ્ઞા પાછી સોંપે છે.*

*ત્યારપછી તે ભરત રાજા જ્યાં સ્નાનગૃહ છે, ત્યાં જાય છે. જઈને તે સ્નાનગૃહમાં પ્રવેશે છે. પ્રવેશીને મુક્તાજાલથી વ્યાપ્ત, સુંદર, વિચિત્ર મણિરત્નયુક્ત તળવાળા, રમણીય, સ્નાનમંડપમાં, વિવિધ મણિરત્નોના આલેખિત ચિત્રોવાળી સ્નાનપીઠે સુખેથી બેઠો. શુદ્ધોદક, ગંધોદક, પુષ્પોદક અને શુભોદકથી પુન્ય-કલ્યાણક પ્રવર સ્નાન વિધિ વડે સ્નાન કર્યું. ત્યાં સેંકડો કૌતુકો કર્યા. બહુવિધ કલ્યાણક પ્રવર સ્નાન પછી પક્ષ્મલ સુકુમાલ ગંધ કાષાયિક વસ્ત્રથી શરીર લુછ્યું. સરસ સુગંધી ગોશીર્ષ ચંદનથી ગાત્રો લીંપ્યા. અક્ષત મહાર્ઘ વસ્ત્રરત્નથી સુસંવૃત્ત થયો. પવિત્ર માળા પહેરી. વિલેપન કર્યું. મણીજડિત સુવર્ણ આભુષણ પહેર્યા. હાર, અર્ધહાર, તીનસરોહાર, લાંબા-લટકતા કટિસૂત્રથી પોતાને શોભિત કર્યો. ગળાનું આભરણ પહેર્યું. આંગળીઓમાં વીંટી પહેરી. વિવિધ મણિમય કંકણ તથા ત્રુટિત દ્વારા ભુજાને સ્તંભિત કરી.*

*એ રીતે રાજાની શોભા ઘણી વધી ગઈ. કુંડલોથી મુખ દીપ્ત હતું, મસ્તક મુગટથી દીપ્ત હતું. હારથી ઢાંકેલ વક્ષસ્થળ સુંદર લાગતું હતું. એક લાંબુ-લટકતું વસ્ત્ર ઉત્તરીયરૂપે ધારણ કરેલું. મુદ્રિકાને લીધે રાજાની આંગળીઓ પીળી લાગતી હતી. સુયોગ્ય શિલ્પી દ્વારા વિવિધ મણિ-સ્વર્ણ-રત્નથી સુરચિત,*

*વિમળ, મહાર્હ, સુશ્લિષ્ટ, ઉત્કૃષ્ટ, પ્રશસ્ત વીરવલય ધારણ કર્યા હતા.*

*બીજું કેટલું કહીએ ? કલ્પવૃક્ષ સદૃશ અલંકિત, વિભૂષિત નરેન્દ્રએ કોરંટપુષ્પની માળા સહિત છત્ર યાવત્ ચાર ચામરથી વિંઝાતો મંગલ જય-જય શબ્દથી થયેલ લોકયુક્ત, અનેક ગણનાયક, દંડનાયક યાવત્ દૂત, સંધિપાલ સાથે પરિવરીને શ્વેત મહામેઘથી નીકળતાં યાવત્ ચંદ્રવત્ શોભતો, પ્રિયદર્શન નરપતિ, ધૂપ-ગંધ-માળાયુક્ત સ્નાનગૃહથી નીકળ્યો. નીકળીને જ્યાં આયુધશાળા છે, જ્યાં ચક્રરત્ન છે, ત્યાં જવાને પ્રસ્થાન કર્યું.*

*ત્યારે તે ભરતરાજાની પાછળ-પાછળ ઘણાં ઈશ્વર વગેરે ચાલ્યા, જેમાં કેટલાંકના હાથમાં પદ્મ, કેટલાંકના હાથમાં ઉત્પલ યાવત્ કેટલાંક સહસ્રપત્ર હાથમાં લઈને ચાલ્યા. ત્યારે તે ભરત રાજાની ઘણી...*

*[૫૭ થી ૫૯] કુબ્જા, ચિલાતી, વામણી, વડભી, બર્બરી, બાકુશિકા, યોનિકી, પલ્હવિકા, ઈસિણિકા, થારુ કિનિકા, લાકુશિકા, લકુશિકા, દમિલિ, સિંહલિ, આરબી, પુલિંદિ, પક્વણી, બહલિ, મુરુંડી, શબરી અને પારસી દાસીઓ ચાલી. જેમાંની કેટલીક હાથમાં ચંદનકળશ લઈને, કેટલીક ચંગેરી પુષ્પપડલ લઈને, એ રીતે ભૃંગાર, દર્પણ, થાળ, પાત્રિ, સુપ્રતિષ્ઠક, વીંજણા, રત્નકરંડક, પુષ્પચંગેરી, માળા, વર્ણ, ચૂર્ણ, ગંધ હાથમાં લઈને તથા વસ્ત્ર, આભરણ, રોમહસ્ત, ચંગેરી, પુષ્પપટલ હાથમાં લઈને યાવત્ મોરપીંછી લઈને અને કેટલીક સીંહાસન, છત્ર, ચામર, તેલસમુદ્ગક લઈને ચાલી. કેટલીક તેલ-કોષ્ઠ સમુદ્ગક, પત્ર, ચોય, મગરમેલા, હરિતાલ, હિંગલોક, મનઃશિલા, સરસવ સમુદ્ગક લઈને ચાલી.*

*[૬૦] કેટલીક દાસી હાથમાં તાલવૃંત લઈને, કેટલીક ધૂપ-કડછાં હાથમાં લઈને ભરત રાજાની પાછળ-પાછળ ચાલી.*

*ત્યારે ભરતરાજા સર્વઋદ્ધિ, સર્વદ્યુતિ, સર્વબલ, સર્વસમુદય, સર્વ આદર, સર્વ વિભૂષા, સર્વ વિભૂતિ, સર્વ વસ્ત્ર-પુષ્પ-ગંધ-માળા-અલંકાર આદિની વિભૂષાથી, સર્વ ત્રુટિતના શબ્દ સંનિનાદથી, મહા ઋદ્ધિ યાવત્ મહા વરત્રુટિત-યમકશમકના પ્રવાદિતથી, શંખ-પ્રણવ-પટહ-ભેરી-ઝલરી-ખરમુખી-મુરજ-મૃદંગ-દુંદુભિના નિર્ઘોષ નાદથી જ્યાં આયુધશાળા હતી ત્યાં ગયો, જઈને ચક્રરત્નને જોતાં જ પ્રણામ કર્યા.*

*ત્યારપછી ચક્રરત્ન પાસે ગયો, જઈને મોરપીંછીથી પોંછ્યુ. પછી ચક્રરત્નની પ્રમાર્જના કરી, કરીને દિવ્ય ઉદકધારાથી સિંચન કર્યું. કરીને સરસ ગોશીર્ષ ચંદનથી અનુલિંપન કર્યું, કરીને પ્રધાન શ્રેષ્ઠ ગંધ અને માળાથી અર્ચના કરી, પુષ્પ ચડાવ્યા, માળા-ગંધ-વર્ણ-ચૂર્ણ-વસ્ત્ર ચડાવ્યા, આભરણો ચડાવ્યા. પછી સ્વચ્છ, શ્લક્ષ્ણ, શ્વેત રત્નમય, અક્ષત-તંદુલ વડે ચક્રરત્નની આગળ આઠ-આઠ મંગલનું આલેખન કર્યું. તે આ પ્રમાણે — સ્વસ્તિક, શ્રીવત્સ, નંદ્યાવર્ત્ત, વર્દ્ધમાનક, ભદ્રાસન, મત્સ્ય, કળશ, દર્પણ. અષ્ટમંગલ આલેખીને ઉપચાર કરે છે.*

*તે ઉપચાર શું છે? પાડલ, મલ્લિકા, ચંપક, અશોક, પુન્નાગ, આમ્રમંજરી, નવમલ્લિકા, બકુલ, તિલક, કણેર, કુંદ, કુબ્જક, કોરંટક, પત્ર, દમનક જે સુરભિત-*



*સુગંધી પુષ્પ રાજાએ હાથમાં લીધા, ચક્રરત્નની આગળ વધારી, ચઢાવ્યા. તેનાથી તે પંચરંગી ફૂલોનો ચક્રરત્નની આગળ જાનુપ્રમાણ ઉંચો ઢગલો થઈ ગયો.*

*ત્યારપછી રાજાએ ધૂપદાન હાથમાં લીધું. જે ચંદ્રકાંત, વજ્ર, વૈડૂર્ય રત્નમય દંડયુક્ત, વિવિધ ચિત્રાંકનના રૂપે સંયોજિત સુવર્ણ, મણિ અને રત્નયુક્ત, કાળો અગરુ ઉત્તમ કુન્દુરુક્ક, લોબાન તથા ધૂપની મહેકથી શોભિત, વૈડૂર્ય મણિથી નિર્મિત હતું. આદરપૂર્વક ધૂપ પ્રગટાવી સાત-આઠ ડગલાં પાછળ ગયો. પછી ડાબો ઘૂંટણ ઉંચો કર્યો યાવત્ પ્રણામ કર્યા, કરીને આયુધશાળાથી બહાર નીકળ્યો.*

*ત્યારપછી જ્યાં બાહ્ય ઉપસ્થાન શાળા હતી, જ્યાં સીંહાસન હતું ત્યાં આવ્યો, આવીને શ્રેષ્ઠ સીંહાસન ઉપર પૂર્વાભિમુખ થઈને બેઠો. બેસીને અઢાર શ્રેણી-પ્રશ્રેણી લોકોને બોલાવ્યા અને કહ્યું —*

*ઓ દેવાનુપ્રિયો ! જલ્દીથી, ચક્રરત્નના ઉપલક્ષ્યમાં વિજયસૂચક અષ્ટાહ્નિકા મહા મહોત્સવ કરો. તે દિવસોમાં ઉત્શુલ્ક, ઉત્કર, ઉત્કૃષ્ટ, અદેય, અમેય, અભટપ્રવેશ, અદંડ-કોદંડિમ, અધરિમ [નીતિ અપનાવો] ગણિકાના શ્રેષ્ઠ નાટ્કયુક્ત, અનેક તાલાચર અનુચરિત, સમુદ્ભાવિત મૃદંગયુક્ત કરો, અમ્લાન ફૂલોની માળાથી નગર સજાવો, પ્રમુદિત, પ્રક્રિડિત જન-જાનપદયુક્ત નગરને કરો. મારી આ આજ્ઞા પાછી આપો.*

*ત્યારે તે અઢાર શ્રેણિ-પ્રશ્રેણીજનો ભરતરાજા પાસે આ પ્રમાણે સાંભળીને હર્ષિત થઈ યાવત્ વિનયથી શ્રવણ કરે છે. કરીને ભરત રાજા પાસેથી નીકળે છે, નીકળીને ઉત્શુલ્ક, ઉત્કર યાવત્ કરે છે અને કરાવે છે, પછી ભરતરાજા પાસે આવીને યાવત્ તેની આજ્ઞા પાછી સોંપે છે.*

**● વિવેચન-૫૭ થી ૬૦ :-**

માંડલિકત્વ પ્રાપ્તિ પછી તે ભરત રાજાને અન્ય કોઈ દિવસે માંડલિકત્વ ભોગવતા ૧૦૦૦ વર્ષ ગયા પછી, આયુધશાળામાં દિવ્ય ચક્રરત્ન ઉત્પન્ન થયું. ચક્રરત્નની ઉત્પત્તિ પછી, આયુધ ગૃહિક, જે ભરત રાજાના આયુધગૃહનો અધ્યક્ષ કરાયેલો હતો, તેણે ભરતરાજાની આયુધશાળામાં દિવ્ય ચક્રરત્ન ઉત્પન્ન થયેલ જોઈને, અતિ હર્ષિત, સંતુષ્ટ થયો અર્થાત્ અહો મેં આ અપૂર્વ જોયું તેવા વિસ્મીતથી હર્ષિત અને સારું થયું જે મેં પહેલાં આ અપૂર્વ જોયું, જેના નિવેદનથી સ્વસ્વામીને પ્રીતિપાત્ર કરીશ એવો સંતોષ પામેલ ચિત્તવાળો, પ્રમોદ પ્રાપ્ત અથવા અતિ તુષ્ટ તથા ચિત્તથી આનંદિત, નંદિત-મુખસૌમ્યતાદિ ભાવોથી સમૃદ્ધિને પામેલ, પ્રીતિ-મનમાં જે પ્રીણન તથા ચક્રરત્ન પ્રતિ બહુમાન પરાયણ થયો. પરમ સૌમનસ્કત્વ પામ્યો. આ જ કથનને વિશેષથી કહે છે — હર્ષના વશથી ઉલ્લસિત હૃદયવાળો થયો. ઉક્ત વિશેષણો પ્રમોદના પ્રકર્ષને પ્રતિપાદિત કરે છે. - x -

જ્યાં તે દિવ્ય ચક્રરત્ન હતું, ત્યાં જઈને ત્રણ વખત જમણા હાથેથી આરંભીને પ્રદક્ષિણા કરે છે, ત્રણ પ્રદક્ષિણા કરીને - x - x - હથેળી વડે પરિગૃહિત, તે હાથ સંબંધી દશ નખોને જોડીને મસ્તકે આવર્ત્ત પ્રદક્ષિણાથી પરિભ્રમણ કરીને - x -

મસ્તકે અંજલિ-મુકુલિત કમલાકાર બે હાથરૂપ કરીને ચક્રરત્નને પ્રણામ કરે છે. કરીને આયુધશાળાથી નીકળે છે. નીકળીને જ્યાં બાહ્ય ઉપસ્થાનશાળા - સભામંડપ છે, જ્યાં ભરત રાજા છે ત્યાં આવે છે. આવીને પૂર્વવત્ જય અને વિજય વડે - x - x - વધાવે છે. અર્થાત્ તેવી આશિષ્ આપે છે અને કહે છે — આ જે મેં કહ્યું છે, તે વિપર્યય આદિથી અન્યથા ન થાઓ.'' આપની આયુધશાળામાં દિવ્ય ચક્રરત્ન ઉત્પન્ન થયેલ છે'' - x - તે આપને પ્રિયતા અર્થે ઈષ્ટ નિવેદન કરું છું. આ નિવેદન આપને પ્રિય થાઓ.

પછી ભરતે શું કર્યું ? તે કહે છે — ત્યારપછી ભરત રાજા તે આયુધગૃહિક પાસે આ અર્થને સાંભળીને, અવધારીને હૃદયથી તુષ્ટ યાવત્ સૌમનસ્થિત થયો. પ્રમોદના અતિરેકથી જે ભાવો ભરતને થયા, તેને વિશેષણ દ્વારથી કહે છે — વિકસિત કમળ જેવા નયન અને વદનવાળો, ચક્રરત્નની ઉત્પત્તિના શ્રવણ જનિત સંભ્રમના અતિરેકથી કંપિત પ્રધાન વલયવાળો, બાહુરક્ષક, કેયુર, મુગટ, કુંડલવાળો થયો - x - હાર વડે વિરાજિત અને રતિદ વક્ષઃવાળો થયો. લટકમાં, સંભ્રમથી જ ઝુંબનકવાળો, આંદોલિત થતાં આભૂષણને ધરે છે. - x -

એવો આદર સહિત, મનની ઉત્સુકતા વાળો, કાયાની ચપળતાવાળો જે રીતે થાય, તેમ તે નરેન્દ્ર સિંહાસનથી ઉભો થયો, થઈને પાદપીઠથી નીચે ઉતરે છે, ઉતરીને પાદુકાને ભક્તિના અતિશયથી મૂકે છે. મુકીને અખંડ શાટક એવું ઉત્તરાસંગ- હૃદયથી તીર્યું વિસ્તારિત વસ્ત્ર-વિશેષને કરે છે. કરીને પછી અંજલિ કરીને ચક્રરત્ન અભિમુખ સાત-આઠ પદો નીકટ થાય છે. - x - x - x - જઈને ડાબો ઢીંચણ ઉભો કરે છે. જમણો ઢીંચણ ધરણીતલે રાખીને, પૂર્વવત્ અંજલિ જોડીને ચક્રરત્નને પ્રણામ કરે છે. કરીને તે આયુધગૃહિકને યથાપરિહિત - x - x - x - દાન આપે છે. - x - x - મુગટ સિવાયના બધાં આભરણો આપી દે છે. કેમકે રાજચિહ્ન અલંકારપણાથી અદેય છે. પણ કૃપણતાથી નથી આપતા તેમ નહીં. - x - x - x - આપીને બીજું શું કરે છે?

વિપુલ આજીવિકા યોગ્ય પ્રીતિદાન આપે છે, વસ્ત્રાદિ વડે સત્કાર કરે છે, વચનબહુમાનથી સન્માન કરે છે. પછી પ્રતિવિસર્જન કરે છે - સ્વસ્થાન ગમન માટે જણાવે છે. તેને પ્રતિવિસર્જિત કરી શ્રેષ્ઠ સિંહાસને પૂર્વાભિમુખ બેઠો.

હવે ભરતે જે કર્યુ, તે કહે છે — તે સ્પષ્ટ છે. પછી તે કહે છે — ઓ દેવાનુપ્રિયો ! જલ્દીથી વિનીતા રાજધાનીને નગરના મધ્યભાગ અને નગરનો બહિર્ભાગ જેમાં છે તેને, ગંધોદકને છાંટવા વડે કંઈક સિંચિત્ કરો, કચરો સાફ કરવા વડે સંમાર્જિત કરો, સિક્ત જળથી જ શુચિકા છે, વિષમ ભૂમિના ભંગથી રાજમાર્ગ અને અવાંતર માર્ગોને સંમૃષ્ટ કરો.

આ વિશેષણ યોજનાના વિચિત્રપણાથી સંમૃષ્ટ-સંમાર્જિત-સિક્ત-આસિક્ત-શુચિકર ઈત્યાદિ જાણવું - x - મંચ-માળ, પ્રેક્ષણક જોવા આવેલ લોકોને બેસવા નિમિત્તે, અતિમંચ-તેની ઉપર, જે છે તેના વડે યુક્ત, વિવિધ રાગ-રંગવું તે કૌસુંભ



મંજિષ્ટાદિરૂપ, વસન-વસ્ત્રો છે તેવી ઉંચી કરેલ ધ્વજા-સિંહ, ગરુડાદિ રૂપક સહિત મોટા પટ્ટરૂપ, પતાકા-તે સિવાયના રૂપે, અતિપતાકા - તેની ઉપર રહેલ, તેના વડે મંડિત, શેષ વર્ણન પૂર્વે વ્યાખ્યાયિત છે.

આવા વિશેષણ વિશિષ્ટ સ્વયં કરો, બીજા પાસે કરાવો અને મારી આ આજ્ઞા મને પાછી આપો.

ત્યારે તેઓ શું કરે છે ? ભરતની આજ્ઞા પછી કૌટુંબિકા-અધિકારી પુરુષો, ભરત રાજાએ આમ કહેતા હર્ષિત થઈ, બે હાથ જોડી આદિ પૂર્વવત્, એ પ્રમાણે સ્વામી ! જેમ આપે આદેશ કર્યો તેમ, એવા પ્રતિવચન વડે, આજ્ઞાનો - સ્વામી શાસનના ઉક્ત લક્ષણથી નિયમથી, વચનને અંગીકાર કરે છે. - ત્યારપછી તેઓ શું કરે છે ?

સાંભળીને ત્યાંથી નીકળે છે. નીકળીને વિનીતા રાજધાનીને અનંતરોક્ત સર્વે વિશેષણ વિશિષ્ટ કરી-કરાવીને તે આજ્ઞા પાછી સોંપે છે.

હવે ભરત શું કરે છે ? ત્યારપછી ભરત રાજા સ્નાનગૃહમાં જાય છે. જઈને તેમાં પ્રવેશે છે, પ્રવેશીને મોતીની જાળ-ગવાક્ષ વડે વ્યાપ્ત અને અભિરામ એવા, વિચિત્ર મણિરત્નમય તળીયાવાળા - બદ્ધભૂમિકાવાળા, તેથી જ સમભૂમિકપણાથી રમણીય સ્નાનમંડપમાં, વિવિધ પ્રકારના મણી અને રત્નોના ઔચિત્યાનુસાર રચના વડે આશ્ચર્યકારી સ્નાનયોગ્ય આસને સુખપૂર્વક બેસીને તીર્થોદક કે સુખોદક અર્થાત્ બહુ ઉષ્ણ કે બહુશીત નહીં તેવા, ચંદનાદિરસ મિશ્રગંધોદકથી, પુષ્પોદકથી, અન્ય જળાશયના સ્વાભાવિક જળ વડે સ્નાન કરે છે. - x - આના દ્વારા કાંતિજનક અને શ્રમણ હનનાદિ ગુણાર્થે સ્નાન કહ્યું.

હવે અરિષ્ઠ વિઘાતાર્થે કહે છે — ફરી કલ્યાણકારી પ્રવર સ્નાન-વિરુદ્ધગ્રહપીડા નિવૃત્તિ અર્થક વિહિત ઔષધિ આદિ સ્નાન વિધિથી - શુદ્ધયર્થકત્વથી સ્નાનાર્થકપણાથી મજ્જિત-અંતઃપુર વૃદ્ધા વડે સ્નાન કરાવાયું. કઈ રીતે સ્નાન કર્યું ? સ્નાનાવસરે કૌતુક-સેંકડો રક્ષા આદિ અથવા કૌતૂહલિક લોકો વડે સ્વસેવા સમ્યક્ પ્રયોગાર્થે દર્શાવતા ભાંડુ ચેષ્ટાદિ અનેક પ્રકારના કુતૂહલ વડે.

હવે સ્નાનોત્તર વિધિ કહે છે — કલ્યાણક, પ્રવર સ્નાન પછી રૂંછડાવાળા, તેથી જ સુકુમાલ ગંધપ્રધાન કષાય - પીતરક્ત વર્ણાશ્રય રંગવાની વસ્તુ વડે રંગેલ કાષાયિકી અર્થાત્ કષાયરંગી શાટિકા વડે, રૂક્ષિત-નિર્લેપતાને પ્રાપ્ત અંગ જેનું છે તે. સરસ સુરભિ ગોશીર્ષચંદન વડે અનુલિપ્ત શરીરવાળા, મળ કે મૂષિકાદિ વડે અનુપદ્રુત-અહત, બહુ મૂલ્યવાન્ જે વસ્ત્રરત્ન-પ્રધાનવસ્ત્ર, તેને સારી રીતે પહેરેલો, આના દ્વારા વસ્ત્ર-અલંકાર કહ્યા. અહીં વસ્ત્રસૂત્ર પહેલાં યોજવું, ચંદનસૂત્ર પછી લેવું, કેમકે વ્યાખ્યાન ક્રમની પ્રાધાન્યતા છે, પણ ન્હાઈને જ ચંદન વડે શરીરના વિલેપનનો વિધિક્રમ નથી. [તથા]

પવિત્ર માળા, ફુલોની માળાથી મંડનકારી કુંકુમાદિ વિલેપન જેને છે તે. આના વડે પુષ્પાલંકાર કહ્યા. નીચેના સૂત્રમાં શરીરની સુગંધ માટે વિલેપન કહ્યું છે, અહીં

શરીરના મંડન માટે છે, તે ભેદ છે. મણિ-સુવર્ણ પહેરેલો, આના દ્વારા રજતાદિ અલંકારનો નિષેધ સૂચવેલ છે. મણિ સુવર્ણના અલંકારોને જ વિશેષથી કહે છે — યથા સ્થાને ધારણ કરેલ અઢાર સરોહાર, નવસરોહાર, ત્રિસરોહાર, લટકતાં ઝુમખા, કટિઆભરણ વડે જેની શોભા અધિક છે તે, અથવા ધારણ કરેલા હારાદિથી સારી રીતે શોભા કરેલો તથા ગ્રૈવેયક-કંઠનું આભરણ બાંધેલો, આંગળીના આભરણવાળો, આના દ્વારા આભરણ-અલંકાર કહ્યા.

લલિત-સુકુમાલ અંગક-મુર્દ્ધ આદિ, શોભાવાળા કેશના આભરણ-પુષ્પાદિવાળો, આના દ્વારા કેશાલંકાર કહ્યા. હવે સિંહાવલોકન ન્યાયથી ફરી પણ આભરણ-અલંકારનું વર્ણન કરતાં કહે છે — વિવિધ મણીના કટક અને ત્રુટિક વડે - x - સ્તંભિત ભૂજાવાળો - x - કુંડલો વડે ઉદ્યોતિત મુખવાળો, મુગટ વડે દીપતા મસ્તકવાળો, હાર વડે આચ્છાદિત અને તેથી જ પ્રેક્ષકજનોને રતિદાયી વક્ષઃ જેને છે તે. દીર્ઘ દોલાયમાન સારી રીતે નિર્મિત વસ્ત્ર વડે ઉત્તરાસંગ કરેલો. મુદ્રિકા વડે પીળી લાગતી આંગળી જેને છે તે. વિવિધ મણિમય, વિમળ, બહુમૂલ્ય, નિપુણ શિલ્પી વડે પરિકર્મિત, દીપ્યમાન, નિર્મિત, સુસંધિ, બીજાથી વિશિષ્ટ, મનોહર, સંસ્થાન જેનું છે તે, એવા વીરવલયો પહેરેલો - x - x - બીજું કેટલુંક વર્ણન કરવું ?

(ટૂંકમાં) કલ્પવૃક્ષ જેવો અલંકૃત્ અને વિભૂષિત, તેમાં દલ આદિથી અલંકૃત્ અને ફલ-પુષ્પાદિથી વિભૂષિત એવા કલ્પવૃક્ષની માફક મુગટાદિથી અલંકૃત્ રાજા અને વસ્ત્રાદિથી વિભૂષિત, નરેન્દ્ર, કોરંટ નામના પુષ્પો, જે પીળા વર્ણના છે, માળાને અંતે શોભાર્થે બંધાય છે, તેની - પુષ્પોની માળા જેમાં છે તે. એવા છત્રને મસ્તકે ધારણ કરેલો શોભે છે. આગળ, પાછળ અને બંને પડખે એમ ચાર ચામરો જેને વીંઝી રહ્યા છે, જેનું દર્શન થતાં લોકો જય શબ્દ બોલે છે. [તથા...]

...અનેક ગણનાયક-મલ્લ આદિ ગણમુખ્ય, દંડનાયક-તંત્ર પાલ, - x - માંડલિક રાજા, ઈશ્વર-યુવરાજ અથવા અણિમાદિ ઐશ્વર્ય યુક્ત, તલવર-રાજાએ ખુશ થઈ આપેલ પટ્ટબંધ વિભૂષિત રાજસ્થાનીય, માડંબિક-છિન્ન મડંબના અધિપતિ, કૌટુંબિક-કેટલાંક કુટુંબનો અધિપતિ, મંત્રી, મહામંત્રી, ગણક-ગણિતપ કે ભાંડાગારિક, દૌવારિક-પ્રતિહાર, અમાત્ય-રાજ્યાધિષ્ઠાયક, ચેટ-દાસ, પીઠમર્દ-નીકટના સેવકો કે વયસ્ય, અથવા વેશ્યાચાર્ય, નગર-નગરનિવાસી પ્રજા, નિગમ-વણિક્‌નો વાસ, શ્રેષ્ઠી-મહત્તર, સેનાપતિ, સાર્થવાહ, દૂત-બીજા રાજ્યમાં જઈ રાજાનો આદેશ નિવેદક, સંધિપાલ-રાજ્ય સંધિ રક્ષક - x - આ બધાંની સાથે, પણ એકલો નહીં, તેમના વડે પરિવરેલો રાજા સ્નાનગૃહથી નીકળ્યો.

રાજા કેવો લાગે છે ? પ્રિયદર્શન, ધવલ એવા શરદ્‌ના મેઘથી નીકળેલ સમાન, - x - વિશેષણનો આ અર્થ છે — જેમ શરદ્‌ના વાદળ સમૂહથી નીકળેલ સમાન, ગ્રહ-ગણ અને શોભતાં નક્ષત્રો તથા તારાગણ મધ્યે વર્તતા ચંદ્ર જેવો પ્રિયદર્શન લાગે, તે રીતે ભરત પણ સુધા ધવલ સ્નાનગૃહથી નીકળતો અનેક ગણનાયકાદિ પરિવાર મધ્યે વર્તતો પ્રિયદર્શન લાગતો હતો.



વળી કેવા પ્રકારનો રાજા નીકળે છે, તે કહે છે — ધૂપ-પુષ્પ-ગંધ-માળા પૂજોપકરણ જેના હાથમાં છે તે. ધૂપ-દશાંગાદિ, પુષ્પ-પ્રકીર્ણક પુષ્પો, ગંધ-વાસ, માલ્ય-ગુંથેલા પુષ્પો. નીકળીને શું કરે છે ? જ્યાં આયુધ શાળા છે, જ્યાં ચક્રરત્ન છે, તે તરફ ચાલ્યો - જવાને પ્રવૃત્ત થયો.

ભરતના ગમન પછી તેના અનુચરોએ જે કર્યું, તે કહે છે — ભરતના નીકળ્યા પછી, તે ભરત રાજાના ઘણાં ઈશ્વર આદિ - x - પૂર્વવત્ કેટલાંક હાથમાં પદ્મ લઈને, કેટલાંક ઉત્પલ લઈને - x - કેટલાંક હાથમાં કુમુદ લઈને, કેટલાંક હાથમાં નલિન લઈને, કેટલાંક હાથમાં સૌગંધિક લઈને, કેટલાંક હાથમાં પુંડરીક લઈને, કેટલાંક હાથમાં સહસ્રપત્ર લઈને ચાલ્યા. વ્યાખ્યા પૂર્વવત્. વિશેષ એ કે — ભરત રાજાની પાછળ પાછળ ચાલ્યા. અર્થાત્ અનુક્રમે ચાલ્યા. બધાં સામંતોની એક જ વૈનેયિકીગતિ છે, તેમ બતાવવા વીપ્સામાં દ્વિવચન છે. માત્ર સામંતો જ નહીં, દાસીઓ પણ ચાલી, તે કહે છે —

સામંત નૃપના અનુગમન પછી તે ભરત રાજાની ઘણી દાસીઓ ભરતરાજાની પાછળ-પાછળ ચાલી, તે કોણ હતી ? કુબ્જિકા-વક્રજંઘા, ચિલાત દેશમાં ઉત્પન્ન, અત્યંત હ્રસ્વદેહવાળી, વડભિકા-નીચેની કાયા વક્ર હોય તેવી, બર્બર દેશમાં ઉત્પન્ન, બકુશ દેશની, યોનિકી-યોનકદેશની, પલ્હવ દેશની, ઈસિનિકા-થારુકિનિક-લાસક-લકુશિકી-દ્રવિડ યાવત્ - પારસ બધી તે તે દેશમાં ઉત્પન્ન થયેલ જાણવી. અહીં ચિલાતી આદિ અઢાર પૂર્વોક્ત રીતે તે-તે દેશોદ્‌ભવપણાથી તે-તે નામની જાણવી અને કુબ્જાદિ ત્રણે વિશેષણરૂપ જાણવી. તે શું લઈને ચાલી ? તે કહે છે —

કેટલીક વંદનકળશ - માંગલ્યઘટ હાથમાં લઈને, એ રીતે ભૃંગાર આદિ લઈને ચાલી, વ્યાખ્યા પૂર્વવત્, વિશેષ એ કે — પુષ્પચંગેરીથી આરંભીને માલાદિ સુધી ચંગેરી જાણવી. - x - લાઘવાર્થે સૂત્રમાં બધી સાક્ષાત્ કહી નથી. - x - એ પ્રમાણે હાથમાં પુષ્પપટલ, માલ્યાદિ પટલ પણ કહેવું. કેટલીક-કેટલીક હાથમાં સિંહાસન લઈને, છત્ર-ચામર લઈને, તૈલ સમુદ્‌ગ-તેલનું ભાજન વિશેષ લઈને, એ પ્રમાણે કોષ્ઠ સમુદ્‌ગક યાવત્ સરસવ સમુદ્‌ગક લઈને ચાલી યાવત્ પદથી સંગૃહિત ‘‘રાજપ્રશ્નીય’’ ઉપાંગથી જાણવું. એ રીતે તાલવૃંત-વીંઝણો, ધૂપકડછો લઈને ચાલી.

હવે જે સમૃદ્ધિથી ભરત આયુધશાળામાં પહોંચ્યો, તે કહે છે — તે ભરત રાજા આયુધશાળામાં સર્વઋદ્ધિથી - સમસ્ત આભરણાદિરૂપ લક્ષ્મી વડે યુક્ત થઈ પહોંચ્યો. એ પ્રમાણે બીજા પણ પદો યોજવા. વિશેષ એ કે — યુક્તિ - પરસ્પર ઉચિત પદાર્થોનો મેળ, તેના વડે, બલ-સૈન્ય, સમુદય-પરિવાર આદિ સમુદય, આદર-આયુધરત્ન ભક્તિ બહુમાનથી, વિભૂષા-ઉચિત નેપથ્યાદિ શોભા, વિભૂતિ વડે. એ પ્રમાણેના વિસ્તારથી.

ઉક્ત વિભૂષા સ્પષ્ટ કહે છે — સર્વ પુષ્પાદિ. પૂર્વવત્ વિશેષ એ કે :- અલંકાર-મુગટ આદિરૂપથી, ત્રુટિત-તૂર્યોનો જે શબ્દ-ધ્વનિ, તેનો સંગત નિનાદ-પ્રતિધ્વનિ, - x - x - મહા ઋદ્ધિથી ઈત્યાદિ, યોજના પૂર્વવત્ કહેવી. - x - મહતા-ઘણાં, વરત્રુટિત-નિઃસ્વાનાદિ તૂર્યોનો એકસાથે પ્રવાદિત-ધ્વનિત તેના સહિત. શંખ, પ્રણવ-

નાનો પટહ, ભેરી-ઢક્કા, ઝલ્લરી-ચાર અંગુલ નાલિ કરટિ સદૃશી વલયાકાર, ખરમુખી, મુરજ-મોટું મર્દલ, મૃદંગ-નાનું મર્દલ, દુંદુભિ-દેવવાદ્ય. એ બધાંના નિર્ઘોષ નાદિતથી. તેમાં નિર્ઘોષ-મહાધ્વનિનો નાદ અને પડઘા. - x - x -

આયુધગૃહશાળામાં પહોંચ્યા પછીનો વિધિ કહે છે — ત્યાં જઈને ચક્રરત્નના દર્શનમાત્ર થતાં પ્રણામ કરે છે. કેમકે શ્રેષ્ઠ આયુધના પ્રત્યક્ષ દેવતાપણાની સંકલ્પના છે. જ્યાં ચક્રરત્ન છે, ત્યાં જાય છે. પ્રમાર્જનિકાને હાથ વડે ગ્રહણ કરે છે. ગ્રહણ કરીને ચક્રરત્નને પ્રમાર્જે છે. જો કે તેવા રત્નમાં રજનો સંભવ નથી, તો પણ ભક્તજનની વિનય પ્રક્રિયાને જણાવવા આ લીધેલ છે. પ્રમાર્જીને દિવ્ય ઉદકધારા વડે સીંચે છે - ન્હવડાવે છે. પછી સરસ ગોશીર્ષચંદન વડે અનુલેપન કરે છે. અનુલેપન કરીને અપરિભૂક્ત અભિનવ શ્રેષ્ઠ ગંધ-માલ્ય વડે અર્ચના કરે છે. એ જ વાત સ્પષ્ટ કરે છે — પુષ્પ-માળા-વર્ણ-ચૂર્ણ-વસ્ત્ર-આભરણનું આરોપણ કરે છે.

ત્યારપછી અચ્છ-નિર્મળ, શ્લક્ષ્ણ-પાતળાં, શ્વેત-રજતમય, તેથી જ અચ્છરસ છે અર્થાત્ પ્રતિ આસન્ન વસ્તુ પ્રતિબિંબના આધારભૂતની જેમ અતિ નિર્મળ, એવા ચોખા વડે - x - સ્વસ્તિક આદિ અષ્ટમંગલ-મંગલ વસ્તુને આલેખે છે. અહીં આઠ-આઠ એવા વિશેષણથી પ્રત્યેક વસ્તુ આઠ-આઠ જાણવી. અથવા ‘અષ્ટ’ એ સંખ્યા શબ્દ છે. અષ્ટમંગલ એ અખંડ સંજ્ઞા શબ્દ છે. - x - x - આ આઠ નામો ફરીથી કહે છે — સ્વસ્તિક ઈત્યાદિ, વ્યાખ્યા પૂર્વવત્ જાણવી. - x -

આ અષ્ટમંગલનો આલેખ-આકાર કરીને, અંતર્વર્ણકાદિ ભરણથી પૂર્ણ કરીને અર્થ છે. ઉપચાર-ઉચિત સેવા કરે છે. - x - તે આ-પાટલપુષ્પ, વિચકિલપુષ્પ-વેલિ, ચંપકાદિ પ્રસિદ્ધ છે, આમ્રમંજરી, બકુલ-જે સ્ત્રીમુખના સિધુથી સિંચાતા વિકસે છે, તિલક-સ્ત્રીના કટાક્ષથી વિકસે છે, કણેર, કુંદ, કુબ્જક-કૂબ વૃક્ષનું પુષ્પ, કોરંટક. પત્ર-મરુબકપત્રાદિ, દમણો આના વડે અત્યંત સુગંધી. - તથા -

સુગંધ-શોભનચૂર્ણની ગંધવાળું, - x - કચગ્રહ-મૈથુનના આરંભે મુખચુંબનાદિ અર્થે યુવતીના કેશનું પંચાંગુલિથી ગ્રહણ, એ ન્યાયે ગૃહિત, પછી હથેળીથી મૂકેલ - x - પંચવર્ણી પુષ્પની રાશિ. તેને ચક્રરત્ન પરિકર ભૂમિમાં આશ્ચર્યકારી અને જાનું સુધી ઉચ્ચત્વના પ્રમાણથી યુક્ત પુરુષના ચાર આંગળ ચરણ-૨૪ આંગળ જંઘા ઉચ્ચત્વથી ૨૮-અંગુલરૂપ માત્રા જેની છે તે. મર્યાદાથી વિસ્તાર કરીને.

ચંદ્રકાંત, વજ-હીરા, વૈડૂર્યમય વિમલ દંડવાળું, તથા તે સુવર્ણ-મણિ-રત્નોની આશ્ચર્યકારી રચના વડે ચિત્રિત. કૃષ્ણાગરુ, કુંદુરુષ્ક, તુરુષ્ક તેની જે ધૂપની ઉત્કૃષ્ટ સૌરભ્ય - x - તેના વડે વ્યાપ્ત. તેના વડે ધૂમશ્રેણીને મુક્તી. માત્ર વૈડૂર્યરત્ન વડે ઘડેલ સ્થાલક-સ્થગનક આદિ અવયવોમાં, દંડવત્ ચંદ્રકાંતાદિ રત્નમયપણામાં, અંગાર-ધૂમ્ર સંસર્ગજનિત, ધૂપધાણાને લઈને, આદ્રિયમાણ ધૂપ સળગાવે છે. પછી પ્રમાર્જનાદિ કારણ વિશેષથી સન્નિધીયમાન છતાં ચક્રરત્નને અતિ નીકટતાથી આશાતના ન થાય, તે માટે સાત-આઠ પગલાં પાછો જાય છે. જઈને ડાબો ઘૂંટણ ઉંચો કરે છે. જમણો ઘૂંટણ ભૂમિતળે મૂકે છે. પછી બે હાથ જોડી, દશ નખ ભેગા કરી, મસ્તકે અંજલિ



કરી - x - પ્રણામ કરે છે - x - પ્રણામ કરીને આયુધશાળાની બહાર નીકળે છે.

ત્યારપછી જ્યાં બાહ્ય ઉપસ્થાન શાળા છે, ત્યાં સિંહાસને જાય છે, જઈને શ્રેષ્ઠ સિંહાસને પૂર્વાભિમુખ બેસે છે. બેસીને અઢાર શ્રેણી-કુંભકારાદિ પ્રજા, પ્રશ્રેણી-તેના પેટા ભેદો. એ બધાંને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહે છે :- તેમાં અઢાર શ્રેણીઓ આ પ્રમાણે — કુંભાર, પટ્ટઈલ્લ, સોની, સૂપકાર, ગંધર્વ, કાશ્યપ, માલાકાર, કચ્છકાર, તંબોલિક. આ નવ પ્રકારે નારુક કહ્યા. હવે નવ પ્રકારે કારુઅવર્ણ કહીશ. ચર્મતરુ, યંત્રપીલક, ગંછિક, છિંપાક, કાંસ્યકાર, શીવક, ગુઆર, ભિલ્લ, ધીવર. ચિત્રકારાદિ આમાં અંતર્ભાવ પામેલ છે. [અહીં હીરવૃત્તિમાં કહે છે — અઢાર શ્રેણિપ્રશ્રેણી એટલે અઢાર સંખ્યામાં સ્વદેશ ચિંતાર્થે નિયુક્ત તંત્રપાલાદિ અધિકારી. પરંતુ આગળની પાદનોંધ કહે છે કે તંત્રપાલ અર્થ અહીં લેવો ઉચિત નથી.]

હવે નગરજનો પ્રતિ શું કહે છે ? જલ્દીથી ઓ દેવાનુપ્રિયો ! ચક્રરત્નનો આઠ દિવસીય સમારોહ જે મહોત્સવમાં હોય, તે અષ્ટાહિનકા મહા મહિમા કરો. કરીને મારી આ આજ્ઞા પાછી સોંપો. હવે ક્રમથી વિશેષણસહ જણાવે છે કે કેવો મહિમા કરે ? શૂલ્કરહિત - વેચાતા ભાંડનું રાજદેય દ્રવ્ય ન લેવું. ઉત્કર-ગાય આદિનો પ્રતિવર્ષ જે કર, ઉત્કૃષ્ટ-કર્ષણ લભ્ય ગ્રહણને માટે, તે ન લેવા. અદેય-વેચાણ નિષેધ, કોઈને કંઈપણ ન દેવું [વેચવું] અમેય-ખરીદ વેચામના નિષેધથી માપવાનો નિષેધ, ભટ-રાજપુરુષોના આજ્ઞાદાયી પ્રવેશ જે કુટુંબી ગૃહોમાં છે, તેનો નિષેધ. દંડથી પ્રાપ્ત દ્રવ્ય તે દંડ, કુદંડ-જેમાં રાજ્ય દંડ નથી લેવાતો તે. અહીં દંડ-અપરાધાનુસાર રાજગ્રાહ્ય દંડ, કુદંડ-કારણિકના પ્રજ્ઞાદિ અપરાધથી મોટા અપરાધીના અપરાધમાં અલ્પ રાજ્યગ્રાહ્ય દ્રવ્ય, અધરિમ-ઋણદ્રવ્ય વિદ્યમાન નથી તે. અર્થાત્ ઉત્તમ કે અધમ ઋણ માટે કંઈ વિવાદ ન કરતાં અમારી પાસેથી ધન લઈને ઋણ ચૂકવી દેવું તે.

ગણિકાવર-વિલાસીની પ્રધાન નાટક પ્રતિબદ્ધ પાત્ર વડે યુક્ત જેણી છે તે, અનેક તાલાચર-પ્રેક્ષાકારી વિશેષથી આસેવિત. આનુરૂપતા વડે માર્દઙ્ગિક વિધિ અનુસાર ઉદ્ધુત-વાદન અર્થે મૃદંગો જેમાં મૂકાયા છે તે. જેમાં અમ્લાન પુષ્પદામો છે તે. મ્લાન પુષ્પમાળા ઉતારીને નવી-નવી આરોપવી. ક્રીડાને આરંભેલ અયોધ્યાવાસીલોક સહિત, કોશલદેશવાસી લોકો જેમાં છે તે. અતિશય વિજયનું પ્રયોજન જેમાં છે તે. અર્થાત્ આ આયુધરત્નને સમ્યક્ આરાધીને મને અભિપ્રેત મહાવિજય સાધે છે તે. - x - x - x - વિજય વૈજયંત ધ્વજબદ્ધ. આવા પ્રકારનું જે ચક્રરત્ન, તેની અષ્ટાહ્નિકા એ પ્રમાણે પૂર્વવત્. - x - x -

અષ્ટાહ્નિકા મહામહિમા પછી શું થયું ?

● **સૂત્ર-૬૧ :-**

***અષ્ટાહ્નિકા મહામહોત્સવ સંપન્ન થયા બાદ તે દિવ્યચક્રરત્ન આયુધગૃહ શાળાથી નીકળે છે, નીકળીને આકાશમાં પ્રતિપન્ન થયું. તે ૧૦૦૦ યક્ષોથી ઘેરાયેલ હતું. દિવ્ય વાદ્યોની ધ્વનિ અને નિનાદથી આકાશ વ્યાપ્ત હતું. તે ચક્રરત્ન વિનીતા રાજધાનીની વચ્ચોવચ્ચથી નીકળ્યું. નીકળીને ગંગા મહાનદીના***

*દક્ષિણી કિનારેથી થઈને પૂર્વ દિશામાં માગધતીર્થ તરફ ચાલ્યુ. ભરત રાજા તે દિવ્ય ચક્રરત્નને ગંગા મહાનદીના જમણી કિનારાથી થઈને પૂર્વ દિશામાં માગધ તીર્થ તરફ જતું જોઈ, તે હર્ષિત અને સંતુષ્ટ યાવત્ વિકસીત હૃદયી થઈ કૌટુંબિક પુરુષોને બોલાવીને કહ્યું —*

*ઓ દેવાનુપ્રિયો ! જલ્દી આભિષેક્ય હસ્તિરત્નને સુસજ્જ કરો, ઘોડા-હાથી-રથ-શ્રેષ્ઠ યોદ્ધાથી યુક્ત ચતુરંગિણી સેના તૈયાર કરો. મારી આ આજ્ઞા મને પાછી સોંપો. કૌટુંબિક પુરુષોએ પણ તેમ કર્યું.*

*ત્યારપછી તે ભરત રાજા સ્નાનગૃહે ગયો. ત્યાં જઈને સ્નાનગૃહમાં પ્રવેશ્યો. પ્રવેશીને મુક્તાજાળ સહિત અભિરામ૦ પૂર્વવત્ યાવત્ ધવલ મહામેઘ સમાન ચંદ્રવત્ પ્રિયદર્શન સ્નાનગૃહથી નીકળ્યો. નીકળીને અશ્વ-હસ્તિ-રથ-પ્રવરવાહન-ભટ્ટ ચટકર પથકરથી યુક્ત સેનાથી સુશોભિત, જ્યાં બાહ્ય ઉપસ્થાનશાળા હતી. જ્યાં આભિષેક્ય હસ્તિરત્ન હતો ત્યાં આવ્યો. આવીને અંજનગિરિના શિખર સમાન ગજપતિ ઉપર તે નરપતિ આરૂઢ થયો.*

*ત્યારે તે ભરતાધિપ નરેન્દ્રનું વક્ષઃસ્થળ હારોથી વ્યાપ્ત અને સુશોભિત હતું, કુંડલથી ઉદ્યોતિત મુખ, મુગટથી દિપ્ત મસ્તક, નરસીંહ, નરપતિ, નરેન્દ્ર, નવવૃષભ, મરુત રાજ વૃષભ સમાન, અભ્યધિક રાજતેજ લક્ષ્મીથી દિપ્યમાન્, પ્રશસ્ત મંગલ શબ્દોથી સ્તવાતા, લોક વડે જય શબ્દ કરાતો, શ્રેષ્ઠ હસ્તિના સ્કંધે બેઠો. કોરંટ માલ્યની માળા યુક્ત છત્રને ધારણ કરેલો, શ્રેષ્ઠ શ્વેત ચામર વડે વીંઝાતો, હજાર યક્ષ વડે સંપરિવૃત્ત, ધનપતિ વૈશ્રમણ સદૈશ, દેવરાજ ઈન્દ્રતુલ્ય ઋદ્ધિવાન્, વિશ્રુત યશવાળો ગંગા મહાનદીના દક્ષિણ કિનારેથી હજારો ગામ, આકર, નગર, ખેટ, મડંબ, કર્બટ, દ્રોણમુખ, પાટણ, આશ્રમ, સંબાધથી શોભિત પ્રજાજનયુક્ત પૃથ્વીને જીતતો એવો, શ્રેષ્ઠ રત્નોને ભેટમાં ગ્રહણ કરતો, તે દિવ્ય ચક્રરત્નને અનુસરતો એવો એક એક યોજન પડાવ નાંખતો, માગધતીર્થ હતું ત્યાં આવ્યો.*

*આવીને માગધતીર્થની સમીપે ૧૨ યોજન લાંબો, નવ યોજન પહોળો શ્રેષ્ઠ નગર સમાન વિજય સ્કંધાવાર નિવેશ કરે છે. કરીને વર્દ્ધકીરત્નને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહ્યું — ઓ દેવાનુપ્રિય ! જલ્દીથી મારો આવાસ અને પૌષધશાળા કર, કરીને મારી આજ્ઞા પાછી સોંપ.*

*ત્યારે તે વર્દ્ધકીરત્ન ભરત રાજાએ એમ કહેતા હર્ષિત-તુષ્ટ-આનંદિત ચિત્ત-પ્રીતિમન થઈ યાવત્ અંજલિ કરી, તહત્તિ કરી, આજ્ઞાવચનને વિનયપૂર્વક સ્વીકારે છે. સ્વીકારીને ભરત રાજાનો આવાસ અને પૌષધશાળા કરે છે, કરાવીને જલ્દીથી તેમની આજ્ઞા પાછી સોંપે છે.*

*ત્યારે તે ભરત રાજા આભિષેક્ય હસ્તિરત્નથી નીચે ઉતર્યો, ઉતરીને પૌષધશાળાએ આવ્યો, આવીને પૌષધશાળામાં પ્રવેશ્યો. પ્રવેશીને પૌષધશાળાને પ્રમાર્જી, પ્રમાર્જીને દર્ભનો સંથારો પાથર્યો, દર્ભ સંથારે આરૂઢ થયો, થઈને*





*માગધતીર્થકુમાર દેવને આશ્રીને અષ્ટમભક્ત ગ્રહણ કર્યો. કરીને પૌષધશાળામાં પૌષધિક, બ્રહ્મચારી, મણિ-સુવર્ણનો ત્યાગી, માળા-વર્ણક-વિલેપન રહિત, શસ્ત્ર-મુશલાદિ દૂર મૂકીને, દર્ભ સંસ્તારકે રહીને એકલો-અદ્વિતીય અટ્ઠમભક્તમાં પ્રતિજાગરિત થઈ વિચરવા લાગ્યો.*

*ત્યારે તે ભરતરાજા અટ્ઠમભક્ત પરિપૂર્ણ થતાં પૌષધશાળાથી બહાર નીકળ્યો, નીકળીને બાહ્ય ઉપસ્થાનશાળાએ ગયો. જઈને કૌટુંબિક પુરુષોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું — ઓ દેવાનુપ્રિયો ! જલ્દીથી અશ્વ-હસ્તિ-રથ-પ્રવર યોદ્ધા યુક્ત ચાતુરંગિણી સેનાને સજ્જ કરો, ચાતુર્ઘંટ અશ્વરત્નને સજાવો, એમ કહી સ્નાનગૃહમાં પ્રવેશ્યો, પ્રવેશીને પૂર્વવત્ યાવત્ ધવલમહામેઘ નીકળ્યો યાવત્ - x - નીકળીને અશ્વ-હસ્તિ-રથ-પ્રવર વાહન યાવત્ સેનાપતિ, પ્રથિતકીર્તિ બાહ્ય ઉપસ્થાનશાળામાં જ્યાં ચાતુર્ઘંટ અશ્વરથ છે, ત્યાં આવીને ચાતુર્ઘંટ અશ્વરથમાં બેઠો.*

● **વિવેચન-૬૧ :-**

ત્યારપછી તે દિવ્ય ચક્રરત્ન અષ્ટાહ્નિકા મહિમા થયા પછી આયુધગૃહ શાળાથી નીકળીને આકાશમાં રહ્યું. હજાર યક્ષ પરિવૃત્ત-ચક્રધરના ચૌદ રત્નોમાં પ્રત્યેક હજાર દેવથી અધિષ્ઠિત હોય છે તેથી. દિવ્ય ત્રુટિત શબ્દના નિનાદ સહિત શબ્દો વડે આકાશને વ્યાપ્ત કરે છે. વિનીતા રાજધાનીના મધ્યભાગથી નીકળે છે. નીકળીને ગંગા મહાનદીના દક્ષિણ બાજુના કિનારાથી - x - અર્થાત્ સમુદ્ર પાસેના કિનારેથી. અહીં એવો ભાવ છે કે — વિનીતાની સમશ્રેણિમાં જ ગંગા વહે છે અને માગધતીર્થ સ્થાનમાં પૂર્વ સમુદ્રમાં પ્રવેશે છે. આ પણ માગધતીર્થને સાધવાની ઈચ્છાથી પૂર્વ દિશામાં જવા માટે અનુ નદી કિનારે જાય છે. તે કિનારો દક્ષિણ દિશાવર્તીપણાથી દાક્ષિણાત્ય એમ કહેવાય છે. તેથી દક્ષિણના કિનારેથી પૂર્વ દિશામાં માગધતીર્થાભિમુખ ચાલ્યું, એમ પણ હોય.

આ પ્રયાણના પહેલા દિવસે જેટલાં ક્ષેત્રને અતિક્રમીને રહ્યું, તેટલાં યોજનને જણાવે છે — તે પ્રમાણાંગુલ નિષ્પન્નતાથી ભરત ચક્રીના સ્કંધાવારને સ્વશક્તિથી જ નિર્વહે છે. બીજા કહે છે દિવ્યશક્તિથી નિર્વહે છે. પછી શું થયું, તે કહે છે — તે ઉક્તાર્થ છે.

શું કહ્યું ? દેવાનુપ્રિયો ! જલ્દીથી અભિષેક યોગ્ય હસ્તિરત્ન-પટ્ટહસ્તી, સજ્જ કરો. અશ્વાદિ ચતુરંગિણી - x - સેનાને સજ્જ કરો યાવત્ શબ્દથી — ''ભરત રાજા દ્વારા એમ કહેવાતા હર્ષિત, સંતુષ્ટ, આનંદિત ચિત્ત થયા'' એમ ગ્રહણ કરવું. સ્વીકાર સૂત્ર મિશ્ર આજ્ઞાસૂત્ર સ્પષ્ટ છે.

ભરત દિગ્યાત્રા જવાની ઈચ્છાથી જે વિધિ કરે છે, તે કહે છે — સ્નાનસૂત્ર પૂર્વવત્. અશ્વ, હાથી, રથ, પ્રવર વાહનો, યોદ્ધા-તેમનો વિસ્તાર વૃંદ, - x - તેનાથી વ્યાપ્ત સેનાની સાથે [ચાલ્યો], વિખ્યાત કીર્તિ ભરત, જ્યાં બાહ્ય ઉપસ્થાનશાળા છે, જ્યાં બાહ્ય ઉપસ્થાન શાળા છે, જ્યાં આભિષેક્ય હસ્તિરત્ન છે, ત્યાં આવે છે,

આવીને અંજનગિરિના નિતંબભાગની સમીપ એટલા પ્રમાણ ઉચ્ચત્વથી, ગજપતિ ઉપર નરપતિ આરૂઢ થયો.

આરૂઢ થઈને કેવી ઋદ્ધિથી ચક્રરત્ન વડે દેખાડાતાં સ્થાને જાય છે ? તે કહે છે — ત્યારે તે ભરતક્ષેત્રપતિ, તે ભરતાધિપ દેવ પણ છે, તેથી નરેન્દ્ર, પ્રસ્તાવથી વૃષભપુત્ર એવો ચક્રી. - x - હારવિરાજિતાદિ પૂર્વવત્ સૂરપણાથી નરસિંહ, સ્વામીત્વથી નરપતિ, પરમ ઐશ્વર્ય યોગથી નરેન્દ્ર, સ્વીકૃત કૃત્યનાભારના નિર્વાહકપણાથી નરવૃષભ, વ્યંતરાદિનો દેવમરુત્, તેના રાજા-સન્નિહિતાદિ ઈન્દ્ર, તેમની મધ્યે મુખ્ય સૌધર્મેન્દ્રાદિ સમાન. અભ્યધિક રાજતેજલક્ષ્મીથી દીપતો, પ્રશસ્ત મંગલ સૂચક વચન વડે કરીને બંદિ વડે સ્તવાતો. - x - હસ્તિના સ્કંધને પામેલો...

કોની સાથે ? કોરંટ પુષ્પની માળા સહિત છત્ર વડે ધારણ કરાયેલો. અર્થાત્ જ્યારે રાજા હાથીના સ્કંધ ઉપર હોય, ત્યારે છત્ર પણ હાથીના સ્કંધ ઉપર હોય તેમ ધારણ કરાય છે અન્યથા છત્ર ધારણ કરવું અસંગત છે. એ રીતે શ્વેત ચામરો વડે વીંઝાતો. - x - અધિકાર્થ પ્રસ્તાવના અર્થપણાથી આ યક્ષ-દેવ વિશેષની હજારો સંખ્યાથી પરિવરેલ. કેમકે ચક્રીના શરીરને ૨૦૦૦ વ્યંતરદેવે અધિષ્ઠિત કરેલ હોય છે.

વૈશ્રમણ સમાન ધનપતિ, અમરપતિ સમાન ઋદ્ધિ વડે, વિસ્તૃત કીર્તિવાન્, ગંગા મહાનદીના દાક્ષિણાત્ય કિનારાના - x - ગ્રામ, આકર આદિ-પૂર્વ પહેલાં આરાના વર્ણનમાં યુગલ વર્ણનાધિકારમાં કહેલાં સ્વરૂપના હજારો વડે શોભિત, તેમાં વસવાની બહુલતાથી ભરત ભૂમિના નિર્ભયપણે રહેલા પૃથ્વી આશ્રિત લોકો જેમાં છે, તેમાં આ રાજાના પ્રજાપ્રિયત્વથી - x - x - એવા પ્રકારની પૃથ્વીનો જય કરતો-કરતો, - તેમાં અતિ અધિક વસવા વડે સ્વવશમાં કરતો-કરતો. અત્યંત ઉત્કૃષ્ટ રત્નો - તે તે જાતિપ્રધાન વસ્તુ, આજ્ઞાને વશવર્તી કરતો તે-તે દેશના અધિપતિ વડે ઉપહારરૂપે અપાતા ગ્રહણ કરતો - કરતો. તે દિવ્ય ચક્રરત્નની પાછળ જતો અર્થાત્ ચક્રરત્નગતિ અંકિત માર્ગે ચાલતો, ચાર ગાઉરૂપ એક યોજન માર્ગે રહેતો-રહેતો અર્થાત્ વિશ્રામ કરતો-કરતો અર્થાત્ એક વિશ્રામ, પછી યોજન જઈને ફરી વિશ્રામ લેતો, માગધતીર્થે આવે છે.

માગધતીર્થે આવીને શું કરે છે ? માગધતીર્થે આવીને તેનાથી બહુ દૂર નહીં તેમ બહુ નીકટ નહીં, તેવા સ્થાને બાર યોજન લાંબી, નવ યોજન પહોળી શ્રેષ્ઠ નગર સમાન વિજયયુક્ત સ્કંધાવાર - છાવણીની સ્થાપના કરે છે, કરીને વર્ધકિરત્ન-સુતાર મુખ્યને બોલાવે છે, બોલાવીને એ પ્રમાણે કહ્યું કે — દેવાનુપ્રિય ! જલ્દીથી મારા માટે આવાસ અને પૌષધશાળા કરો. તેમાં પૌષધ-પર્વદિને કરવાનું તપ ઉપવાસાદિ, તેના માટેની શાળા-ગૃહવિશેષ, તેને કરીને મારી આજ્ઞા પાછી સોંપો. - x -

હવે ભરત શું કરે છે? તે કહે છે — પછી તે ભરત રાજા આભિષેક્ય હસ્તિરત્નથી ઉતરે છે, ઉતરીને જ્યાં પૌષધશાળા છે, ત્યાં જાય છે, જઈને પૌષધશાળામાં પ્રવેશે છે, પ્રવેશીને પૌષધશાળા પ્રમાર્જે છે, પ્રમાર્જીને દર્ભસંસ્તારક પાથરે છે, પાથરીને દર્ભ સંથારા ઉપર બેસે છે. બેસીને માગધતીર્થકુમાર દેવને સાધવાને માટે અથવા તે દેવને આશ્રીને



અઠ્ઠમ ભક્ત અર્થાત્ ત્રણ ઉપવાસ કરે છે. અષ્ટમભક્ત એટલે - એક દિનમાં બે વખતના ભોજન ઔચિત્યથી ત્રણ દિવસના છ ભોજન તથા આગલા પાછલા દિવસના એક-એક ભોજનનો ત્યાગ, એ રીતે ભોજન જેમાં ગ્રહણ થાય તે. આના વડે આહાર પૌષધ કહ્યો, પૌષધશાળામાં ગ્રહણ કરીને પૌષધિક-પૌષધવાળો થયો. અહીં પૌષધ એટલે અભિમત દેવતાને સાધવાને માટે વ્રતવિશેષ અભિગ્રહ અર્થ કરવો, પણ અગિયારમાં વ્રત સ્વરૂપ નહીં, કેમકે સાંસારિક કાર્યની વિચારણા અનૌચિત્ત છે.

[શંકા] અગિયારમું વ્રત ઉચિત નથી, તો બ્રહ્મચર્યાદિ અનુષ્ઠાન સૂત્રમાં કેમ કહ્યું ? ઐહિક અર્થની સિદ્ધિ પણ સંવર અનુષ્ઠાનપૂર્વક જ થાય છે, તેવો ઉપાયોપેય ભાવ દર્શાવવા માટે કહ્યું, અભયકુમારાદિની માફક જાણવું. તેથી જ પરમ જાગરૂક પુણ્ય પ્રકૃતિક સંકલ્પ માત્રથી દેવને સાધવાના સિદ્ધ નિશ્ચયની સાધન ઈચ્છા જાણી જિન-ચક્રી અતિસાતાના ઉદયવાળા કષ્ટાદિમાં અઠ્ઠમાદિ કરતાં નથી, પરંતુ માગધતિર્થાધિપાદિ દેવને હૃદયમાં ધારણ કરતાં તેઓ ભેટણું લઈ જલ્દીથી સેવા કાર્યાર્થે ઉપસ્થિત થાય છે. એ વાત શ્રી હેમચંદ્રસૂરિજીએ શાંતિનાથ ચારિત્રમાં પણ કરેલ છે. - x - x - x - ઈત્યાદિ.

જો કે શ્રામણ્યમાં જગત્ ગુરુ દુર્વિષહ પરીષહોને તેમના કર્મ ક્ષયાર્થે સહન કરે છે, આના દ્વારા સાધર્મ્યથી પૌષધશબ્દ પ્રવૃત્તિ પણ છે જે રીતે આ પૌષધવ્રત વડે સાધર્મ્ય છે, તે રીતે કહે છે — બ્રહ્મચારી અર્થાત્ મૈથુનના ત્યાગી, આના વડે બ્રહ્મચર્ય પૌષધ કહ્યો. મણિ-સુવર્ણમય આભરણના ત્યાગી, જેમાંથી માળા-વર્ણક-વિલેપન ચાલ્યા ગયેલ છે તે. અહીં વર્ણક-ચંદન. આ બે પદો વડે શરીર સત્કાર પૌષદ કહ્યો. હાથથી ક્ષુરિકાદિ મુશળ છોડી દીધેલ છે તેવો, આના વડે ઈષ્ટ દેવતા ચિંતનરૂપ એક વ્યાપાર છોડીને બીજા વ્યાપારત્યાગરૂપ પૌષધ કહ્યો. एक - આંતર વ્યક્ત રાગાદિ સહાય સિવાય, अद्वितीय - તેવા પ્રકારે પદાતિ આદિની સહાય થકી રહિત. અઠ્ઠમ તપને પાલન કરતાં રહ્યા.

પછી ભરતરાજા અઠ્ઠમ તપ પરિપૂર્ણ થતાં - x - પૌષધશાળાથી નીકળે છે. નીકળીને બાહ્ય ઉપસ્થાન શાળાએ આવે છે. આવીને કૌટુંબિક પુરુષોને બોલાવે છે. બોલાવીને આ પ્રમાણે કહ્યું — ઓ દેવાનુપ્રિયો ! જલ્દીથી અશ્વાદિયુક્ત ચતુરંગિણી સેનાને સજ્જ કરો. તેની ચારે બાજુ એકૈક દિશામાં ઘંટા, છત્રિકા હોય તેવો અશ્વરથ ગોઠવો. અર્થાત્ અશ્વ વડે વહનીય રથ નિયોજો. - x - આના વડે સાંગ્રામિકરથત્વ કહ્યું. તે સજ્જ કરો - x -

ત્યારપછી સ્નાનગૃહમાં પ્રવેશે છે, પ્રવેશીને મુક્તાજાળ વડે સુંદર સ્નાનગૃહમાં ઈત્યાદિ પૂર્વવત્. - x - યાવત્ સ્નાનગૃહથી નીકળે છે. નીકળીને અશ્વ, હાથી, રથ, પ્રવર વાહન, યોદ્ધાનો સમૂહ આદિ - x - પૂર્વવત્. અહીં પૌષધ પૂર્ણ થતાં માગધતીર્થે જવાને માટે ભરતનું જે સ્નાન કહ્યું, તે ઉત્તરકાળ ભાવિ બલિકર્માદિ માટે જાણવું. એ વાત હેમંચદ્રસૂરિજી આદિનાથ ચરિત્રમાં પણ કરે છે. - x - અહીં સૂત્રમાં ન કહ્યું હોવા છતાં ''બલિકર્મ'' સમજી લેવું. હવે સ્નાનાદિ બાદ ભરત શું કરે છે? તે કહે છે —

● સૂત્ર-૬૨ થી ૬૭ :-

*[૬૨] ત્યારે તે ભરત રાજા ચાતુર્ઘંટ અશ્વરથમાં આરૂઢ થયા પછી અશ્વ, હાથી, રથ, પ્રવરયોદ્ધાયુક્ત સેનાથી ઘેરાયેલો, મોટા-મોટા યોદ્ધાઓના સમૂહ-વૃંદથી પરિવરેલો, ચક્રરત્ન દ્વારા દેખાડેલા માર્ગે ચાલતો હતો. અનેક શ્રેષ્ઠ હજારો રાજા તેની પાછળ ચાલતા હતા. તેમના ઉત્કૃષ્ટ મોટા સિંહનાદના કલકલ શબ્દોથી જાણે વાયુ વડે પ્રક્ષુભિત મહાસાગર ગર્જતો હોય તેમ જણાતું હતું. પૂર્વ દિશાભિમુખ માગધતીર્થથી લવણસમુદ્રનું અવગાહન કર્યુ યાવત્ રથના પૈડા ભીના થયા.*

*ત્યારે ભરત રાજાએ ઘોડાને રોક્યા, રોકીને રથને સ્થાપ્યો. પછી ધનુષ્ ઉઠાવ્યું. ત્યારે તે ધનુષ્ તુરંતના નીકળેલ બાલચંદ્ર અને ઈન્દ્રધનુષ્ સમાન, ઉત્કૂટ ગર્વયુક્ત ભૈંસાના સુદૃઢ સઘન શ્રૃંગમાફક નિશ્છિદ્ર હતું. તેનો પૃષ્ઠ ભાગ ઉત્તમ નાગ, મહિષશ્રૃંગ, શ્રેષ્ઠ કોકિલ, ભ્રમર સમુદાય તથા નીલસદૃશ ઉજ્જ્વલ કાળી કાંતિથી યુક્ત, તેજથી જાજ્વલ્યમાન અને નિર્મળ હતું. નિપુણ શિલ્પી દ્વારા ચમકાવાયેલ, દેદીપ્યમાન મણિ અને રત્નોની ઘંટીના સમૂહથી પરિવેષ્ટિત હતો. વિજળી માફક ઝગમગાતા કિરણોથી યુક્ત, સુવર્ણ પરિબદ્ધ તથા ચિહ્નયુક્ત હતું. દર્દર તથા મલય પર્વતના શિખરે રહેનારા સિંહની કેસરા, ચામરબાલ, અર્ધચંદ્રાકાર બંધ યુક્ત, કાળા-લીલા-લાલ-પીળા-સફેદ સ્નાયુની પ્રત્યંચાથી બદ્ધ, શત્રુના જીવનનો અંત કરનાર, ચંચળ જીવાયુક્ત ધનુષ્‌ને તે રાજાએ ઉઠાવ્યું.*

*ધનુષ્ ઉપર બાણ ચડાવ્યું, તે બાણની બંને કોટિઓ ઉત્તમ વજ્રની બનેલ હતી, તેનું મુખ વજ્ર માફક અભેધ હતું, તેની પૂંછ સુવર્ણમાં જડેલ ચંદ્રકાંતાદિ મણી અને રત્નોથી સુસજ્જ હતી, તેના ઉપર અનેક મણી અને રત્નો દ્વારા સુંદરરૂપે રાજા ભરતનું નામ અંકિત હતું. ભરત વૈશાખી સંસ્થાને રહી, બાણને કાન સુધી ખેંચી, આ વચનો કહ્યા —*

*[૬૩] સાંભળો, બહિર્ભાગમાં અધિષ્ઠિત નાગકુમાર, સુવર્ણકુમારાદિ જે દેવો તમોને હું પ્રણામ કરું છું.*

*[૬૪] સાંભળો, અંતર્ભાગમાં રહેલા જે નાગકુમાર, સુવર્ણકુમારાદિ દેવો સર્વે મારા વિષયવાસી થાઓ. - - - એમ કરીને બાણ ફેંક્યુ.*

*[૬૫] અખાડામાં ઉતરતો મલ્લ જેમ કમર બાંધેલ હોય છે, તેની જેમ ભરતે યુદ્ધોચિત વસ્ત્ર બંધ દ્વારા પોતાની કમર બાંધી. તેનું કૌશેયવસ્ત્ર હવાથી ફરકતું એવું ઘણું સુંદર લાગતું હતું.*

*[૬૬] વિચિત્ર ઉત્તમ ધનુષ્ ધારણ કરેલ તે સાક્ષાત્ ઈન્દ્ર માફક સુશોભિત લાગતો હતો, વિદ્યુત્વત્ દેદીપ્યમાન હતો, પંચમીના ચંદ્ર માફક શોભિત તે મહાધનુષ્ રાજાના વિજયોદ્યત ડાબા હાથમાં ચમકતું હતું.*

*[૬૭] ત્યારે રાજા ભરત દ્વારા છોડાયેલ તે બાણ તુરંત જ બાર યોજન સુધી જઈને માગધતીર્થના અધિપતિ દેવના ભવનમાં પડ્યું. ત્યારે તે માગધ તીર્થાધિપતિ દેવે જેવું બાણને પોતાના ભવનમાં પડતું જોયું કે તુરંત ક્રોધથી*



*લાલ રોષયુક્ત, કોપાવિષ્ટ, પ્રચંડ અને ક્રોધાગ્નિથી ઉદ્દિપ્ત થઈ ગયો. કપાળે ત્રણ સળ પાડી, ભૃકુટી તાણીને બોલ્યો —*

*અરે આ કોણ અપ્રાર્થિતનો પ્રાર્થક, દુરંત પ્રાંત લક્ષણ, હીનપુન્ય ચૌદશીયો, હ્રી-શ્રી પરિવર્જિત છે, જે મારી આવી આવા સ્વરૂપની દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવદ્યુતિ, દિવ્ય દેવાનુભાવ લબ્ધ-પ્રાપ્ત-અભિસમન્વાગત ઉપર પ્રહાર કરતો મોતથી પણ ન ડરતો, મારા ભવનમાં બાણ ફેંકે છે ?*

*એમ કહીને તે પોતાના સિંહાસનેથી ઉભો થયો અને જ્યાં તે નામાકિંત બાણ પડેલું, ત્યાં આવ્યો. આવીને બાણ ઉઠાવ્યું, નામાંકન જોયું. જોઈને તેને આવો અભ્યર્થિત-ચિંતિત-પ્રાર્થિત-મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો કે — અરે ! નિશ્ચે, જંબૂદ્વીપ દ્વીપના ભરત ક્ષેત્રમાં ભરત નામે ચાતુરંત ચક્રવર્તી રાજા ઉત્પન્ન થયો છે. અતીત-વર્તમાન-ભાવિ માગધતીર્થ કુમાર દેવોનો એ આચાર છે કે રાજાને ઉપહાર ભેટ કરે. તો હું પણ જઉં અને ભરત રાજાને ભેંટણું ધરુ.*

*એમ વિચારીને તેણે હાર, મુગટ, કુંડલ, કટક, કડા, ત્રુટિત, વસ્ત્ર, અન્યાન્ય વિવિધ અલંકાર, ભરતના નામનું અંકિત બાણ અને માગધતીર્થનું જળ લીધું. લઈને ઉત્કૃષ્ટ-ત્વરિત-ચપલ-જયન-સીંહ જેવી-શીઘ્ર-ઉદ્ધુત-દિવ્ય દેવગતિથી ચાલતો-ચાલતો ભરત રાજા પાસે આવ્યો. આવીને આકાશમાં સ્થિત થઈ, નાની ઘંટિકાયુક્ત, પંચરંગી પ્રવર વસ્ત્ર ધારણ કરી, બે હાથ જોડી, દશ નખ ભેગા કરી યાવત્ મસ્તકે અંજલિ કરી, ભરત રાજાને જય-વિજયથી વધાવીને બોલ્યો —*

*આપ દેવાનુપ્રિયએ પૂર્વ દિશામાં માગધ તીર્થ સુધી સમસ્ત ભરતક્ષેત્રને જીતી લીધું છે. હું આપે જીતેલ દેશનો નિવાસી છું. હું આપ દેવાનુપ્રિયનો આજ્ઞાવર્તી સેવક છું. આપનો પૂર્વદિશાનો અંતપાલ છું. આપ મારું આ આવા પ્રકારનું પ્રીતિદાન છે, એમ કહીને હાર, મુગટ, કુંડલ, કટક યાવત્ માગધ તિર્થોદકનો સ્વીકાર કરો. ત્યારે ભરત રાજાએ માગધતીર્થકુમાર દેવના એવા પ્રકારના પ્રીતિદાનનો સ્વીકાર કર્યો. સ્વીકારીને માગધતીર્થકુમાર દેવને સત્કારી-સન્માનીને વિદાય આપી.*

*ત્યારપછી તે ભરત રાજાએ રથને પાછો ફેરવ્યો. ફેરવીને માગધતીર્થથી લવણસમુદ્રથી પાછો ફર્યો - પાછો ફરીને જ્યાં વિજય સ્કંધાવાર નિવેશમાં જ્યાં બાહ્ય ઉપસ્થાનશાળા હતી, ત્યાં આવ્યો. આવીને અશ્વોનો નિગ્રહ કર્યો, કરીને રથને ઉભો રાખ્યો, રથથી ઉતર્યો. ઉતરીને જ્યાં સ્નાનગૃહ છે ત્યાં આવ્યો, સ્નાનગૃહમાં પ્રવેશ્યો, યાવત્ ચંદ્રવત્ પ્રિયદર્શન નરપતિ સ્નાનગૃહથી બહાર નીકળ્યો.*

*ત્યારપછી ભોજનમંડપે ગયો, જઈને ભોજનમંડપમાં શ્રેષ્ઠ સુખાસને બેઠો, અઠ્ઠમતપનું પારણું કર્યુ. કરીને ભોજનમંડપથી નીકળ્યો નીકળીને બાહ્ય ઉપસ્થાનશાળામાં સીંહાસન પાસે આવ્યો. આવીને શ્રેષ્ઠ સીંહાસને પૂર્વાભિમુખ*

*બેઠો. બેસીને અઢાર શ્રેણી-પ્રશ્રેણી જનોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું — ઓ દેવાનુપ્રિયો ! જલ્દીથી ઉત્શુલ્ક, ઉત્કર યાવત્ માગધતીર્થકુમાર દેવને આશ્રીને આઠ દિવસીય મહામહિમા કરો. કરીને મારી આ આજ્ઞાને પાછી સોંપો. ત્યારે તે અઢાર શ્રેણી-પ્રશ્રેણીજન ભરત રાજાએ આમ કહેતા હર્ષિત થયા યાવત્ મહામહિમા કરીને તેમની આજ્ઞા પાછી સોંપી.*

*ત્યારપછી તે દિવ્ય ચક્રરત્ન, કે જેના તુંબ વજ્રમય હતા. આરાઓ લોહિતાક્ષમય હતા, નેમિ જાંબૂનદમય હતી, વિવિધ મણીયુક્ત અંદરનો પરિધિભાગ હતો, મણિ-મોતીના જાળથી વિભૂષિત હતો, નંદીઘોષ સહિત, ઘંટિકાસહિત, તે દિવ્યપ્રભાવી-મધ્યાહ્નના સૂર્યમંડલ સદૃશ તેજયુક્ત, વિવિધ મણિ અને રત્નોની ઘંટિકાના જાલથી વીંટાયેલ, સર્વઋતુક સુગંધી કુસુમની માલ્યદામથી યુક્ત, આકાશમાં અવસ્થિત, હજારયક્ષ વડે સંપરિવૃત્ત, દિવ્યત્રુટિતના શબ્દોના નિનાદથી અંબરતલને વ્યાપ્ત કરતા હોય તેવું, સુદર્શન નામથી હતું. તે રાજા ભરતનું તે પ્રથમ ચક્રરત્ન શસ્ત્રાગારથી નીકળી દક્ષિણ-પશ્ચિમમાં વરદામતીર્થ તરફ ચાલ્યું.*

● **વિવેચન-૬૨ થી ૬૭ :-**

ત્યારે તે ભરત રાજા ચતુર્ઘંટ અશ્વરથે આરૂઢ થઈને અશ્વ, હાથી આદિ યુક્ત અર્થાત્ સેના સાથે સંપરિવરીને મહાભટો ચડગર-વિસ્તારવાળા, પહગર-સમૂહ, તેમનું જે વૃંદ-સમૂહ અર્થાત્ વિસ્તારવાળો સમૂહ. તેનાથી પરિવરીને ચક્રરત્ને દેખાડેલા માર્ગે અનેક હજારો મુગટબદ્ધ રાજા વડે અનુગમન કરતો, મહા આનંદધ્વનિ, સીંહનાદ, અવ્યક્ત શબ્દોના કલકલનો જે રવ, તેના વડે મહાવાયુના વશથી ઉત્કલ્લોલ એવો જે મહાસમુદ્ર તેનો રવ પ્રાપ્ત થતો હોય તેવા દિશામંડલ તે કરતો પૂર્વ દિશાભિમુખ માગધ નામક તીર્થથી લવણસમુદ્રમાં પ્રવેશે છે.

કેટલો અવગાહે છે ? તે રથના કૂર્પર-રથના અવયવો ભીના થાય, તેથી જ સૂત્રના બળથી બીજે આના નીકટરૂપ રથચક્રની નાભિ સમાન અવયવની વિવક્ષા કરે છે. - x - x - પછી ભરત રાજા ઘોડાનો નિગ્રહ કરે છે. અહીં બે અશ્વ એવું દ્વિવચન સૂત્રાર્થથી સિદ્ધ છે છતાં વરદામ સૂત્રમાં ચાર ઘોડા કહેવાયા છે, તેથી બહુવચનની વ્યાખ્યા કરવી. ઘોડાને રોકીને રથને ઉભો રાખે છે, રાખીને ધનુષ્‌ને સ્પર્શે છે, હવે જેવા ધનુષ્‌ને સ્પર્શ્યા, તેવા ધનુષ્‌નું વર્ણન કરે છે —

તે પછી — ધનુષ્‌ને સ્પર્શ્યા પછી, તે નરપતિ હવે કહેવાનાર વચનો બોલ્યો. ધનુષ્ ગ્રહણ કરીને, કેવું ધનુષ્ ? તુરંતનો ઉગેલ જે શુક્લપક્ષની બીજનો ચંદ્ર, ઉત્તરસૂત્રમાં જે પંચમીના ચંદ્રની ઉપમા છે, તે આરોપિત ગુણની અતિ વક્રતા જણાવવા માટે છે. ઈન્દ્રધનુષ્ વક્રતાથી તેની સમાન છે. દર્પિત-બંને સમાનાર્થથી અતિશય-વાચકત્વથી સંજાત દર્પાતિશય, જે પ્રધાન મહિષ, તેના દૃઢ-નિબિડપુદ્ગલ નિષ્પન્ન, તેથી જ ઘન-નિશ્છિદ્ર જે શ્રૃંગાગ્ર, તેના વડે રચિત સાર૦

તેમાં उरगवर - શ્રેષ્ઠ ભુજગ, પ્રવરગવલ-શ્રેષ્ઠ મહિષશ્રૃંગ, પ્રવરપરભૃત-શ્રેષ્ઠ કોકિલ, ભ્રમરકુલ-મધુકર સમૂહ, નીલ-ગુલિકા એ બધાંની જેમ કાળી કાંતિવાળો,



તેજ વડે બળતો, નિર્મળ પૃષ્ઠભાગ જેનો છે તે, તથા નિપુણ શિલ્પી વડે ઉજ્જ્વાલિત, દેદીપ્યમાન મણિરત્ન ઘંટિકાની જે જાળ, તેના વડે વેષ્ટિત, તથા વિદ્યુત્‌ની માફક તરુણ કિરણો જેના છે, એ પ્રકારે તપનીયના સંબંધી બદ્ધ લાંછન જેમાં છે તે. દર્દર અને મલય નામના જે પર્વત, તેના જે શિખરો, તે સંબંધી જે કેસરા-સિંહના સ્કંધના કેશ, ચમરના પુંછડાના વાળ, ઉક્ત બંને પર્વતના અતિ સુંદરત્વથી આ બંનેનું ઉપાદાન કરેલ છે. ખંડચંદ્રના પ્રતિબિંબ ચિત્રરૂપ આવા ચિહ્નો જેમાં છે તે, જે ધનુષ્‌માં સિંહ કેસરા બંધાય છે, તે મહાશૂર, એવા શૌર્યને જણાવવા આ વિશેષણ છે. ચમરવાળ બંધન - શોભાના અતિશયને માટે છે.

કાળા વગેરે વર્ણના જે સ્નાયુઓ તેના વડે બદ્ધ જીવા-પ્રત્યંચા જેની છે તે. શત્રુના જીવિતનો અંત કરનાર. અર્થાત્ આમાંથી છોડાયેલ બાણ અવશ્ય શત્રુનો જય કરે. 'चलजीव' એ વિશેષણની વ્યાખ્યા છઠ્ઠા અંગમાં શ્રી અભયદેવસૂરિએ કરી નથી, માટે અહીં પણ કરતાં નથી. પણ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્રાદર્શોમાં વ્યાખ્યા કરેલી જોઈને તેના ટંકાર કરણરૂપ चल - ચંચળ જીવા એવી વ્યાખ્યા કરી છે.

ફરી શું કરીને ? તે કહે છે — બાણ લઈને, તેને વિશેષથી કહે છે — શ્રેષ્ઠ વજ્રમય કોટી-છેડા જેના છે તે. શ્રેષ્ઠવજ્રવત્ અભેદ્યત્વથી અભંગુર મુખ વિભાગ ભલ્લીરૂપ જેનું છે તે, કાંચન બદ્ધ ચંદ્રકાંતાદિ મણિ, સુવર્ણબદ્ધ કર્કેતનાદિ રત્નો જેના પ્રદેશ વિશેષમાં છે, તે નિર્મળપણાથી ધૌત ધનુષ્ઠોને અભિમત, નિપુણશિલ્પી વડે નિર્મિત જેનો પૃષ્ઠભાગ છે તે, અનેક મણિરત્નો વડે વિવિધ પ્રકારે સુવિરચિત, પોતાના નામની વર્ણ પંક્તિરૂપ છે તે.

વળી કઈ રીતે ? તે કહે છે — વૈશાખ નામક પાદ ન્યાસ વિશેષ રૂપે રહીને - સમહસ્ત પ્રમાણ બે પગનો વિસ્તાર કરીને, કૂટલક્ષ્યમનો વેધ કરવો. ફરી પણ શું કરીને ? તે કહે છે — તીરને પ્રયત્નપૂર્વક કાન સુધી ખેંચીને. આ વચનો કહ્યા - x - हंदी - સત્ય અર્થાત્ જેવો આશય છે, તેમ કહું છું અથવા हंदी - સંબોધન અર્થમાં છે. તમે સાંભળો. મેં પ્રયોજેલ બાણના ત્વચાભાગે જે અધિષ્ઠાયક દેવો-ત્વચાને દૃઢાદિ કરનારા છે, તે કોણ છે ? નાગ, અસુર, ગરુડકુમાર દેવો. તેમને નિશ્ચે હું નમસ્કાર કરું છું. અહીં नमो અને प्रणिपतामि એ પુનર્વચન ભક્તિના અતિશયને જણાવવા માટે છે. આના વડે બાણના પ્રયોગને માટે સહાયકર્તા બાહ્યભાગવાસી દેવોનું સંબોધન કહેલ છે.

હવે અભ્યંતર ભાગવર્તી દેવોને સંબોધનને માટે કહે છે — અભ્યંતર - બાણના ગર્ભ ભાગમાં જે અધિષ્ઠાયક - તેને દૃઢાદિ કરનારા છે તેને અહીં સંબોધે છે, તે બધાં દેવો મારા દેશવાસી. - x - આ વચન-આ બધાં દેવો મારી આજ્ઞાવશવદત્વથી મારા ઈષ્ટ બાણ પ્રયોગને સાહાય કરશે, એવો આશય છે. - x - x -

[શંકા] આ દેવો આજ્ઞાવશવર્તી છે, તો નમસ્કાર્યત્વ ઉપયુક્ત નથી, [સમાધાન] ક્ષત્રિયોને શસ્ત્રના નમસ્કાર્યત્વ ચક્રરત્નની જેમ વ્યવહારદર્શનથી છે. તેથી તેના અધિષ્ઠાતાને પણ સ્વ અભિમત કૃત્યના સાધકપણાથી નમસ્કાર્યત્વ અનુપયુક્ત

નથી. એમ કરી બાણ મૂકે છે.

હવે ભરતના આ પ્રસ્તાવ વર્ણન માટે બે પદ્ય કહે છે — મલ્લકચ્છબંધ વડે - યુદ્ધોચિત વસ્ત્ર બંધ વિશેષ, જેનો મધ્ય ભાગ સુબદ્ધ છે તે, સમુદ્ર વાતથી ઉત્ક્ષિપ્ત શોભતા વસ્ત્ર વિશેષ જેના છે તે, આશ્ચર્યકારી શ્રેષ્ઠ ધનુષ્ વડે શોભે છે, તે ભરત. ઈન્દ્ર સમાન સાક્ષાત્ પૂર્વોક્ત સ્વરૂપ મહાચાપ ચંચલ થતાં અર્થાત્ કાંતિ ઝાત કરનારથી, આરોપિત ગુણત્વથી પંચમીના ચંદ્રની ઉપમાથી શોભે છે. નરપતિના ડાબા હાથમાં, તે માગધતીર્થને સાધવામાં.

પછી તે બાણ ભરત રાજાએ છોડ્યું, ત્યારે જલ્દીથી બાર યોજન જઈને માગધ તીર્થાધિપતિ દેવના ભવનાં પડ્યું. ત્યારે શું થયું તે કહે છે — ત્યારે તે માગધપતિ દેવે પોતાના ભવનમાં બાણને પડેલ જોઈને જલ્દી ક્રોધના ઉદયથી મૂઢ થયો અર્થાત્ કોપનો ચિહ્ન પ્રગટ થયા, ક્રોધ ઉદિત થયો. ચાંડિક્ય ઉત્પન્ન થયું - રૌદ્રરૂપ પ્રગટ્યું. કોપનો ઉદય વધ્યો. ક્રોધાગ્નિ વડે બળતો એવો અથવા આ શબ્દો એકાર્થિક છે, તે કોપના પ્રકર્ષની પ્રતિપાદનાર્થે કહેલ છે. ત્રણ વાક્ય-પ્રકોપથી ઉત્થિત લલાટની રેખા જેની છે તે. કોપથી વિકૃત્ ભ્રૂ રૂપ કરે છે. સંહરીને એમ કહે છે —

કોણ અજ્ઞાતકુલશીલ સહજત્વથી અનિર્દિષ્ટ નામક - x - x - આ બાણ પ્રયોજનાર, અપ્રાર્થિત-કોઈપણ અમનોરથના પ્રસ્તાવથી મરણનો અભિલાષી, જે મારી સાથે યુદ્ધ કરવાને ઈચ્છે છે, તે મરવાનો જ છે. તે દુષ્ટાવસાન તુચ્છ લક્ષણવાળો, પુણ્યમાં હીન અને ચૌદશે જન્મેલ, તેમાં ચૌદશ ખરેખર તિથિ - જન્મને આશ્રિત પુણ્ય-પવિત્ર-શુભ થાય છે, તે પૂર્ણ અત્યંત ભાગ્યવાન્ જન્મ વાળો થાય. એ રીતે અહીં આક્રોશતા કહેલ છે. ક્યાંક ''ભિન્નપુન્ન ચાઉદ્દસ'' કહે છે. તેમાં ભિન્ન-પરતિથિના સંગમથી ભેદને પ્રાપ્ત જે પુન્ય ચૌદશ, તેમાં જન્મેલ, લજ્જા અને શોભા વડે રહિત, આ પ્રત્યક્ષ અનુભવાતા, આવા સ્વરૂપના - જે સમયાંતરમાં ભંગુરત્વાદિ રૂપાંતરને ન પામતાં, તે સ્વર્ગમાં સંભવ જે પ્રધાન એવી દેવોની ઋદ્ધિ તેને, એમ સર્વત્ર જાણવું.

વિશેષ એ કે — ધુતિ-દીપ્તિ, શરીર-આભરણાદિ સંપત્તિ અથવા તેની યુતિ-ઈષ્ટ પરિવારાદિ સંયોગરૂપ, દિવ્ય-પ્રધાન દેવાનુભાવ વડે - ભાગ્ય મહિમાથી અથવા દિવ્ય-દેવ સંબધી અનુભાવ વડે - અચિંત્ય વૈક્રિયાદિ કરણ મહિમા વડે, લબ્ધ-જન્માંતર અર્જિત, પ્રાપ્ત - અહીં ઉપસ્થિત, અભિસમન્વાગત - ભોગ્યતાને પામેલ - x - x - આદિ કરીને સિંહાસનથી ઉભો થાય છે. ઉભો થઈને જે કર્તવ્ય છે તે કહે છે —

જ્યાં તે નામરૂપ અખંડિત ચિહ્ન છે, તે નામાંક. એવા પ્રકારે બાણ ત્યાં [છોડે છે] જાય છે. તે નામાહતાંક બાણને ગ્રહણ કરે છે, પછી વર્ણાનુપૂર્વીક્રમથી વાંચે છે, તે વાંચતા તેનો આવા સ્વરૂપે આત્મવિષયક સંકલ્પ થયો. સંકલ્પ બે ભેદે છે — ધ્યાનાત્મક અને ચિંતાત્મક. તેમાં પહેલો સ્થિર અધ્યવસાય લક્ષણ, તેવા પ્રકારે દૃઢ સંહનનાદિ ગુણયુક્ત છે, બીજો ચલ અધ્યવસાય લક્ષણ છે. તે બેમાં આ ચિંતારૂપ, ચિત્તના અનવસ્થિતત્વથી છે તે અનભિલાષાત્મક પણ હોય, તેથી કહે છે — પ્રાર્થનાવિષય



છે. આ મારા મનોરથ છે. તે મનમાં જ છે પણ બહાર વચન વડે પ્રકાશિત નથી, સંકલ્પ ઉપજ્યો.

તે જ કહે છે — - x - x - જંબૂદ્વીપ દ્વીપના ભરત ક્ષેત્રમાં ભરત નામે ચાતુરંત ચક્રવર્તી રાજા થયો છે, તેથી અતીત-વર્તમાન-અનાગત માગધ તીર્થાધિપતિકુમારનો એ આચાર છે, અહીં નાગકુમારના જાતીયત્વથી કુમારપદનું વાચ્યત્વ છે, તે નામે દેવોનો રાજા - નરદેવને ભેટણું કરવાને ત્યાં જઈશ, હું પણ ભરત રાજાને ઉપસ્થાનિક કરું. એમ મનમાં વિચારી પોતાની ઋદ્ધિને જુએ છે.

પછી શું કરે છે ? હાર આદિ જોઈને - x - બાણ ભરતને પાછું આપવાને માટે - x - x - તથા તે માગધ તીર્થોદક અને રાજ્યાભિષેક ઉપયોગી બધું ગ્રહણ કરીને. ત્યારપછી શું કરે છે ? તે લઈને દિવ્ય એવી દેવગતિથી આદિ ચાલ્યો, તે પૂર્વવત્. વિશેષ એ કે — સિંહગતિ સમાન કેમકે અતિમહત્ બળથી આરંભેલ છે. જે પૂર્વ ઋષભદેવના નિર્વાણ કલ્યાણ અધિકારમાં ગતિ આલાપક કથનમાં કહેલ છે, અહીં તેનું કથન વિસ્તારથી છે, તે સૂત્રકારની પ્રવૃત્તિની વિચિત્રતા છે.

જ્યાં ભરત રાજા છે, ત્યાં જાય છે, જઈને આકાશમાં રહી, કેમકે દેવો ભૂમિ પર પગ મૂકતા નથી. ક્ષુદ્ર ઘંટિકા સાથે રહેલ પંચવર્ણી શ્રેષ્ઠ વસ્ત્રો વિધિપૂર્વક પહેરેલ છે. અર્થાત્ જે રીતે પંચવર્ણી વસ્ત્રો પહેરેલા છે, તે રીતે લઘુઘંટિકા પણ જાણવી. અહીં ઘંટિકાના ગ્રહણથી તેના નટાદિ યોગ્ય વેષધારિત્વ દર્શાવવા વડે તેની ભરત પ્રત્યે પ્રગાઢભક્તિને જણાવી છે. અથવા ઘંટિકાથી ઉત્પન્ન શબ્દ વડે સર્વજન સમક્ષ ''હું સેવક છું'' પણ અપ્રગટ નથી તેમ જણાવવાને તેના સહિત આવ્યો. અથવા ઘંટિકા બદ્ધ, તે બંધ શોભાના અતિશયને માટે છે. બે હાથ જોડી દશ નખ ભેગા કરી મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ કરીને ભરત રાજાને જય અને વિજય વડે વધાવે છે. વધાવીને આમ કહ્યું —

આજ્ઞાવશ થઈ બોલ્યો દેવાનુપ્રિય - વંધપાદ વડે સંપૂર્ણપણાથી કેવળજ્ઞાન સમાન ભરતક્ષેત્રને પૂર્વમાં માગધતીર્થ સુધી, તેથી હું આપનો દેશવાસી છું, તેથી કહે છે કે — આપનો આજ્ઞાવર્તી દાસ - સેવક છું. હું આપનો પૂર્વ દિશા સંબંધી આપના આદેશ્ય દેશ સંબંધી ઉપદ્રવોથી રક્ષણ કરીશ તેથી અંતપાલ છું અર્થાત્ પૂર્વ દિશાના દેશના લોકોનું દેવાદિકૃત્ સમસ્ત ઉપદ્રવ નિવારક છું. - x - x - તો હે દેવાનુપ્રિય ! મારું આ લાવેલ આવા સ્વરૂપનું પ્રત્યક્ષ અનુભવાતું સંતોષદાન - ભેંટણું સ્વીકારો. એમ કરીને હારાદિનું ભેટણું કર્યું.

ત્યારપછી તે ભરતરાજા માગધતીર્થકુમાર દેવના આવા સ્વરૂપના પ્રીતિદાનને તેની પ્રીતિ ઉત્પાદન માટે લોભરહિત ગ્રહણ કરે છે. કરીને માગધતીર્થકુમાર દેવને વસ્ત્રાદિ વડે સત્કારી, ઉચિત પ્રતિપત્તિ વડે સન્માની, સ્વસ્થાને જવાને માટે અનુમતિ આપી.

હવે તેનું ઉત્તર કર્તવ્ય કહે છે — ત્યારપછી ભરત રાજાએ રથને ભરતક્ષેત્ર અભિમુખ કર્યો. કરીને માગધતીર્થથી લવણ સમુદ્રથી પ્રતિ અવતરે છે. અવતરીને

જ્યાં વિજય સ્કંધાવાર નિવેશ છે, જ્યાં બાહ્ય ઉપસ્થાનશાળા છે, ત્યાં આવે છે, આવીને ઘોડાને રોકે છે, રોકીને રથને ઉભો રાખે છે. ઉભો રાખીને રથથી ઉતરે છે, ઉતરીને જ્યાં સ્નાનગૃહ છે, ત્યાં આવે છે. ત્યાં આવીને સ્નાનગૃહમાં પ્રવેશે છે, પ્રવેશીને યાવત્ સંપૂર્ણ સ્નાન આલાપક કહેવો તે પૂર્વવત્. રાજા સ્નાનગૃહથી નીકળે છે, નીકળીને જ્યાં ભોજનમંડપ છે, ત્યાં આવે છે. આવીને ભોજનમંડપમાં સુખાસને બેઠો. અટ્ઠમભક્તને પારે છે. પારીને બોજન મંડપથી નીકળે છે. નીકળીને બાહ્ય ઉપસ્થાનશાળામાં જ્યાં સિંહાસન છે, ત્યાં આવે છે. આવીને સિંહાસને પૂર્વાભિમુખ બેઠો. બેસીને અઢાર શ્રેણિ-પ્રશ્રેણિને બોલાવે છે. બોલાવીને આ પ્રમાણે કહ્યું. સૂત્રમાં અહીં ‘યાવત્’ શબ્દ લિપિ પ્રમાદથી આવેલ છે. કેમકે સંગ્રાહક પદનો અભાવ છે. હવે શું કહે છે ? પૂર્વવત્.

જે રીતે રાજાની આજ્ઞા લોકોએ ધારણ કરી, તે વ્યક્ત છે. પછી માગધતીર્થકુમાર દેવ વિજય અષ્ટાહ્નિકા મહામહિમા પછી ચક્રરત્ન કઈ રીતે અને ક્યાં સંચર્યુ તે કહે છે — ત્યારપછી તે દિવ્ય ચક્રરત્ન વજ્રમય તુંબ-આરાનું નિવેશ સ્થાન જેમાં છે તે. લોહિતાક્ષ રત્નમય આરા જેમાં છે તે, પીતસુવર્ણમય ધારા જેમાં છે તે, નાનામણિમય અંત, ક્ષુરપ્રરૂપ સ્થાલ - અંત પરિધિ રૂપ વડે પરિગત છે તે. મણિ અને મોતીની જાળ વડે ભૂષિત છે. નંદિ-ભંભા, મૃદંગાદિ બાર પ્રકારે વાજિંત્ર સમુદાય, તેનો ઘોષ, તેની સાથે રહેલ જે છે તે. લઘુ ઘંટિકા સહિત, ‘દિવ્ય’ એ વિશેષણ પૂર્વે કહ્યા છતાં પ્રશસ્તતાના અતિશયને જણાવવા માટે ફરી વચન નોંધ્યું છે. તરુણ સૂર્યમંડલ સમાન વિવિધ મણિરત્ન ઘંટિકા જાળ વડે ચોતરફથી વ્યાપ્ત છે. - x - x -

નરપતિ - ચક્રી, પ્રથમ - સર્વરત્નોમાં પ્રધાન, તેના મુખ્યત્વથી વૈરી વિજયમાં સર્વત્ર અમોઘ શક્તિત્વથી ચક્રરત્ન. - x - માગધતીર્થકુમાર દેવના અષ્ટાહ્નિકા મહામહિમા પુરો થતાં આયુધગૃહ શાળાથી નીકળે છે, નીકળીને નૈઋત્ય દિશામાં વરદામ તીર્થ સન્મુખ ચાલે છે. અહીં એવું કહે છે કે — શુદ્ધ પૂર્વ સ્થિતથી શુદ્ધ દક્ષિણવર્તી વરદામતીર્થે ચાલ્યો. ચાલતા આગ્નેયી વિદિશામાં જાય છે. ત્યાં વક્ર માર્ગ હોવાથી એમ કહ્યું છે. - x -

આ જે ચક્રરત્નનું પૂર્વથી દક્ષિણ દિશામાં ગમન, તે સૃષ્ટિ ક્રમથી દિગ્વિજયની સાધનાર્થે છે —

● **સૂત્ર-૬૮ :-**

***ત્યારપછી તે ભરત રાજા તે દિવ્ય ચક્રરત્નને દક્ષિણ-પશ્ચિમમાં વરદામતીર્થ તરફ જતું જુએ છે. જોઈને હર્ષિત-સંતુષ્ટ થયો૰ કૌટુંબિક પુરુષોને બોલાવ્યા. બોલાવીને કહ્યું — ઓ દેવાનુપ્રિયો ! જલ્દીથી ઘોડા-હાથી-રથ-શ્રેષ્ઠ યોદ્ધાયુક્ત ચાતુરંગિણી સેના સજાવો. આભિષેક્ય હસ્તિરત્ન તૈયાર કરો. એમ કહીને સ્નાનગૃહમાં પ્રવેશે છે.***

***ત્યારપછી પૂર્વના ક્રમથી યાવત્ શ્વેત મહામેઘવત્ નીકળ્યો. યાવત્ શ્વેત શ્રેષ્ઠ ચામરો વડે વીંઝાતો-વીંઝાતો, પોતાના હાથમાં ઉત્તમ ઢાલ રાખી, શ્રેષ્ઠ***



***કમરબંધ બાંધી, ઉત્તમ કવચ બાંધેલ હોય તેવા હજારો યોદ્ધાથી તે પરિગત હતો. શ્રેષ્ઠ ઉન્નત મુગટ, કુંડલ, પતાકા, નાની પતાકા, ધ્વજા, વૈજયંતી, ચાલતી ચામર, છત્રથી અંધકાર છવાયો હતો. અસિ, ક્ષેપણી, ખડ્ગ, ચાપ, નારાચ, કણક, કલ્પની, શૂલ, લાઠી, ભિંદીપાલ, વાંસના ધનુષ્, તૂણીર, શર આદિ શસ્ત્રોથી જે કાળા-નીલા-લાલ-પીળા-સફેદ વર્ણના સેંકડો ચિહ્નોથી યુક્ત હતા. તે ભુજાને ઠોકતા, સિંહનાદ કરતા, યોદ્ધા ભરત રાજાની સાથે ચાલતા હતા.***

***ઘોડા હણહણતા હતા, હાથી ચિંઘાડતા હતા, લાખો રથોના ચાલવાનો ધ્વનિ, ચાબુકોનો અવાજ, ભંભા-કૌરંભ-વીણા-ખરમુખી-મુકુંદ-શંખિકા-પરિલી-વચ્ચક-પરિવાદિની-દંસ-વેણુ-વિપંચી-મહતી-કચ્છપી-સારંગી-કરતાલ-કાંસ્યતાલ-હસ્તતાડન આદિથી ઉત્પન્ન વિપુલ ધ્વનિ-પ્રતિધ્વનિથી સમગ્ર જગત્ આપૂર્ણ થતું હતું.***

***એ બધાંની વચ્ચે રાજા ભરત પોતાની ચાતુરંગિણી સેના તથા વિભિન્ન વાહનોથી યુક્ત, હજારો યક્ષોથી પરિવરેલો કુબેર સમાન ઋદ્ધિવાન્ તથા પોતાની ઋદ્ધિથી ઈન્દ્ર જેવો ઐશ્વર્યશાળી લાગતો હતો. તે ગ્રામ, આકર, નગર, ખેડ, કર્બટ આદિ પૂર્વવત્ યાવત્ વિજય સ્કંધાવાર નિવેશ કરે છે. કરીને વર્દ્ધકી રત્નને બોલાવીને આ પ્રમાણે કહ્યું — ઓ દેવાનુપ્રિય ! જલ્દીથી મારા આવાસ અને પૌષધશાળાને કરો. મારી આ આજ્ઞાને પાછી આપો.***

● **વિવેચન-૬૮ :-**

ત્યારપછી તે ભરતરાજાએ તે દિવ્ય ચક્રરત્નને દક્ષિણ-પશ્ચિમ દિશામાં વરદામ તીર્થ અભિમુખ જતું જોયું. જોઈને હર્ષિત-સંતુષ્ટ થયો, ઈત્યાદિ પૂર્વવત્. કૌટુંબિક પુરુષોને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહ્યું — જલ્દીથી૰ આદિ પૂર્વે કહેલ છે. અહીં લાઘવાર્થે અતિદેશ વાક્ય કહે છે — પૂર્વોક્ત સ્નાનાધિકાર સૂત્ર પરિપાટીથી ત્યાં સુધી કહેવું, જ્યાં સુધી “શ્વેત મહામેઘથી નીકળ્યો” ઈત્યાદિ નિગમન સૂત્ર છે. ત્યારપછી શ્વેત શ્રેષ્ઠ ચામર વડે વીંઝાતો સુધી રાજહસ્તિ ઉપર બેઠો સૂધી સૂત્ર કહેવું.

હવે જેવો ભરત વરદામ તીર્થે પહોંચ્યો, જે રીતે ત્યાં સ્કંધાવાર નિવેશ કરે છે, તે રીતે કહે છે, અહીં સૂત્રમાં બે વાક્ય છે, તેમાં આદિ વાક્ય પૂર્વવત્, બાકીનો અતિદેશપદથી સૂચિત ગ્રંથમાં - “જ્યાં વરદામ તીર્થ છે ત્યાં આવે છે.” - x - બીજા વાક્યમાં વિજય સ્કંધાવાર નિવેશ કરે છે. શું લક્ષણ છે ? તે કહે છે — ‘माइय’ - હાથમાં પાશિત વરફલક-પ્રધાન ખેટક જેના વડે છે તે તથા પ્રવર પરિકર-પ્રગાઢ ગાત્રિકા બંધ અને ખટેક જેમાં છે તે, ફલક અને દારૂમય ખેટક - વંશ શલાકાદિમય છે તેથી પુનરુક્તિ નથી. શ્રેષ્ઠ વર્મ્મ કવચ - સન્નાહ વિશેષ જેના છે તે. આમને વિશેષથી કલાકુશલો દ્વારા જાણવું. - x - તેના હજારો-વૃંદવૃંદ વડે યુક્ત જે છે તે. કેમકે રાજા પ્રયાણ સમયે યુદ્ધ અંગોની સાથે સંચરે છે.

ઉન્નત પ્રવર મુગટ, કિરિટ-તે જ ત્રણ શિખરયુક્ત, પતાકા-લઘુપટ્ટરૂપ, ધ્વજા-મોટા પટ્ટરૂપ, વૈજયંત-પડખે બે લઘુપતાકાથી યુક્ત પતાકાજ, ચામરાદિ સંબંધી જે

અંધકાર-છાયારૂપ, તેનાથી યુક્ત - x - 'કલિત' શબ્દ પૃથક્ જ છે, તેથી કહેવાનાર અનંતર સૂત્રમાં 'કલિત' શબ્દ જોડવો અન્યથા તેમાં રહેલ च કારનું બળથી ત્યાં પણ જોડવો. આ વિશેષણનો આ ભાવાર્થ છે — ચાલતા ચક્રીના મુગટાદિ, તેના સૈન્યની છત્ર સિવાયની સામગ્રી તેવી રીતે હોય, જેથી માર્ગમાં કંઈપણ તાપક્લેશ ન હોય, અહીં ભરતની સૈન્ય સંબદ્ધ છાયા ભરતના વિશેષણપણે બદ્ધ છે.

સૈન્યકૃત્ ''સ્વામીનો જય'' વ્યવહાર દર્શનથી છે. ફરી પણ ભરતને જ વિશેષથી કહે છે — ખડ્ગ વિશેષ શીષક ગુટિકા ફેંકે છે. ક્ષેપિણિ-'હથનાલિ' એમ લોક પ્રસિદ્ધ છે. ચાપ-કોદંડા, નારાચ-સર્વ લોહ બાણ, કણક-બાણ વિશેષ, કલ્પની-કૃપાણી, શૂળ, લાઠી, ભિંદીપાલ-હાથ વડે ફેંકવાનું મોટા ફળવાળું દીર્ઘ આયુધ વિશેષ, ધનૂંષિ-વંશમય બાણાસન જે કિરાતજન ગ્રહણ કરે છે. તૂણીર, બાણ ઈત્યાદિ પ્રહરણો વડે - x - યુક્ત દિગ્વિજય માટે ઉધત રાજાના જ શસ્ત્રો સેના સહવર્તી હોય છે, એવું જણાવે છે, કઈ રીતે ઉક્ત પ્રહરણ વડે યુક્ત ? તે કહે છે —

काले - અહીં રુધિર શબ્દ લાલ અર્થમાં છે, તેનાથી કાળો, નીલો, રક્ત, પીત, શુક્લ જાતિના પાંચ વર્ણો છે, તેના અવાંતર ભેદથી અનેક રૂપ છે. જે સેંકડો ચિહ્નો, તે જેમાં સંનિવિષ્ટ છે, તે રીતે જાણવા. શો અર્થ છે ? રાજાના જ શસ્ત્રાધ્યક્ષ તે-તે જાતિના, તે-તે દેશીક શસ્ત્રોને વિલંબ વિના જાણવા માટે શસ્ત્રકોશમાં ઉક્ત રૂપ ચિહ્નો કરે છે. શસ્ત્રોમાં તે-તે વર્ણમય કેશો કરે છે.

હવે વાધ સામગ્રી કથન દ્વારા ભરતને વિશેષથી કહે છે — આસ્ફોટિત-હાથના આસ્ફોટરૂપ, સિંહનાદ-સિંહની જેમ અવાજ કરવો, સેંટિત-હર્ષોત્કર્ષથી સીત્કાર કરણ, હયહેષિત૦ આદિ ઘોડા વગેરેના શબ્દો છે. આ શબ્દોથી સહિત તથા યુગપત્ એવી ભંભા, હોરંભા ઈત્યાદિ તૂર્યપદની વ્યાખ્યા છે, પૂર્વોક્ત ત્રુટિતાંગકલ્પવૃક્ષના અધિકારથી જાણવું. વિશેષ એ કે — कल - મધુર, તાલ, ઘનવાધ વિશેષ, કાંસ્યતાલ, કરધ્માન-હસ્તતાલ, તેના વડે ઉત્થિત જે મોટા શબ્દો, તેના નિનાદથી સર્વ પણ જીવલોકને પૂરતો. ચતુરંગ સૈન્ય, શિબિકાદિ, આની ક્રમથી વૃદ્ધિ જેની છે તે. અથવા બલ-વાહનના સમુદયથી યુક્ત. - x -

માગધતીર્થ પ્રકરણમાં કહેલ હજારો યક્ષોથી પરિવૃત્ત ઈત્યાદિ વિશેષણો ગ્રહણ કરવા. અહીં તે - x - અતિદેશથી સૂચિત છે. - x - જેમકે-હજારો યક્ષોથી સંપરિવૃત્ત, ધનપતિ જેવો વૈશ્રમણ, અમરપતિ સદૃશ ઋદ્ધિથી પ્રથિત કીર્તિ, ગ્રામ-નગર-આકર આદિથી મંડિત પૃથ્વીને જીતતો જીતતો, પ્રધાન-શ્રેષ્ઠ રત્નોને સ્વીકારતો - સ્વીકારતો, તે દિવ્ય ચક્રરત્નને અનુસરતો, યોજનના અંતરથી વસતિમાં વસતો-વસતો વરદામ તીર્થે જાય છે. વ્યાખ્યા પૂર્વવત્. બીજા વાક્યમાં પણ કહે છે — વરદામ તીર્થે જઈ નીકટમાં બાર યોજન લાંબી ઈત્યાદિ વિજય સ્કંધાવાર નિવેશ કરે છે. - x -

હવે રાજાની આજ્ઞા પછી કેવો વર્દ્ધકીરત્ન અને કેવા પ્રકારનો વૈનયિક આચાર કરે છે, તે કહે છે —



**● સૂત્ર-૬૯ થી ૭૨ :-**

***[૬૯] ત્યારે તે વર્ધકીરત્ન આશ્રમ, દ્રોણમુખ, ગ્રામ, પાટણ, પુર, સ્કંધાવાર, ગૃહ, આપણની રચનામાં કુશળ, ૮૧ પ્રકારના સર્વ વાસ્તુમાં અનેકગુણનો જ્ઞાતા, પંડિત, વિધિજ્ઞ, ૪૫ દેવોની વાસ્તુપરિચ્છા, નેમિપાર્શ્વ, ભોજન શાળા, કોટ્ટણિ અને વાસગૃહોની રચનામાં કુશળ, છેદન, વેધનમાં, દાનકર્મમાં પ્રધાનબુદ્ધિ હતો. જલગત અને ભૂમિગત ભાજનમાં. જલ-સ્થલ-ગુફામાં, યંત્ર અને પરિખામાં, કાળ જ્ઞાનમાં પૂર્વવત્ શબ્દ, વાસ્તુપ્રદેશમાં પ્રધાન હતો. ગર્ભિણી-કર્ણવૃક્ષ - વેલી-વેષ્ટિતના ગુણ-દોષનો જ્ઞાતા, ગુણાઢ્ય, સોળ પ્રાસાદ કરણમાં કુશળ, ચોસઠ પ્રકારે ગૃહરચનામાં ચતુર હતો. નંદાવર્ત્ત, વર્દ્ધમાન, સ્વસ્તિક, રુચક તથા સર્વતોભદ્રના સંનિવેશમાં અને બહુવિશેષ ઉદ્દંડિત દેવ કોષ્ઠ દારુ ગિરિ ખાત વાહનની રચનામાં કુશલ હતો.***

***[૭૦] તે શિલ્પકાર અનેકાનેક ગુણયુક્ત હતો. રાજા ભરતને પોતાના પૂર્વાચરિત તપ તથા સંયમના ફળ સ્વરૂપ પ્રાપ્ત તે શિલ્પીએ કહ્યું. સ્વામી ! હું આપના માટે શું નિર્માણ કરું ?***

***[૭૧] રાજાના વચનને અનુરૂપ તેણે દેવકર્મ વિધિથી દિવ્ય ક્ષમતા દ્વારા મુહૂર્ત્ત માત્રમાં સૈન્ય શિબિર તથા સુંદર આવાસ અને ભવનની રચના કરી.***

***[૭૨] કરીને શ્રેષ્ઠ પૌષધગૃહ કર્યું. કરીને જ્યાં ભરત રાજા હતો યાવત્ આ આજ્ઞા જલ્દી પાછી આપી. બાકી પૂર્વવત્ યાવત્ સ્નાનગૃહથી નીકળ્યો, નીકળીને જ્યાં બાહ્ય ઉપસ્થાનશાળા હતી, જ્યાં ચાતુર્ઘંટ અશ્વરથ હતો ત્યાં આવ્યો.***

**● વિવેચન-૬૯ થી ૭૨ :-**

પછી વર્દ્ધકીરત્ન હું શું કરું ? દેવાનુપ્રિય ! આજ્ઞા કરો - x - રાજાની નીકટ આવ્યો. - x - તે વર્દ્ધકીરત્ન કેવો હતો ? આશ્રમાદિ પદો પૂર્વવત્. તેના વિભાગમાં - ઉચિત સ્થાને તેના નિવેશમાં કુશળ - x - યોગ્યાયોગ્ય સ્થાન વિભાગજ્ઞ. - x - એવા પ્રકારે વાસ્તુ-ગૃહભૂમિમાં - x - 'च' શબ્દ બીજા વાસ્તુના પરિગ્રહાર્થે છે. અનેક ગુણો અને દોષોનો જ્ઞાયક - x - પંડિત-સાતિશય બુદ્ધિવાળો, - x - x - વિધિજ્ઞ-૪૫ દેવતાના ઉચિત સ્થાન નિવેશમાં વિધિનો જ્ઞાતા.

હવે જે રીતે ૪૫ દેવોના ૮૧-પદ વાસ્તુન્યાસ જે રીતે છે તે શિલ્પી શાસ્ત્રાનુસારે દેખાડે છે. *[અહીં એક્યાશી પદ - ચોસઠ પદ - શતપદ એ ત્રણે વાસ્તુન્યાસની આકૃતિ વૃત્તિમાં છે, તે જોઈ લેવી.]*

આના સંવાદનને માટે સૂત્રધાર મંડને કરેલ વાસ્તુસારોક્તિ પણ લખે છે. *[અહીં વૃત્તિકારશ્રી તેર ગાથા નોંધે છે. તેમાં ચોસઠ પદ વાસ્તુ ન્યાસ આદિ નોંધેલ છે, અમને તેમાં સમજ ન પડતા. અનુવાદ કરેલ નથી જિજ્ઞાસુઓને મૂળ વૃત્તિ જોવા વિનંતી - દીપરત્ન સાગર ]* છેલ્લે તેમાં લખ્યું છે કે વાસ્તુના આરંભે કે પ્રવેશમાં વાસ્તુપૂજન શ્રેયસ્કર છે, તેમ ન કરતા સ્વામીનો નાશ થાય છે, તેથી હિતાર્થીએ તેની પૂજા કરવી.

અહીં વરાહમિહિરે કહેલ ૮૧-પદની સ્થાપનાવિધિની ગાથા પણ વૃત્તિકારશ્રીએ

મૂકેલ છે.

હવે પ્રસ્તુત સૂત્રની વૃત્તિ કહે છે — વસ્તુપરિચ્છા અર્થાત્ વાસ્તુ અને પરીક્ષામાં વિધિજ્ઞ. - x - અથવા વાસ્તુના પરિચ્છેદમાં - કટકંબાદિ વડે આવરણ, તેમાં વિધિજ્ઞ - x - નેમિપાર્શ્વ - સંપ્રદાયથી જાણવું, ભોજનશાળામાં, કોટ્ટની-તેમાં કોટ્ટ એટલે દુર્ગ - x - કોટ્ટના ગ્રહણને માટે પ્રતિકોટ્ટભિંતને ઉત્થાપે છે, તેમાં. તથા વાસગૃહ-શયનગૃહમાં, વિભાગ કુશલ - ઔચિત્યાનુસાર વિભાજક, છેદ્ય-છેદનયોગ્ય કાષ્ઠાદિ, વેધ્ય-વેધન યોગ્ય, દાનકર્મ-અંકનાર્થે ગિરિકરક સૂત્રથી રેખાદાન, તેમાં પ્રધાનબુદ્ધિ તથા જળગત ભૂમિકાની જલોત્તરણાર્થે કપધાકરણને માટે ઔચિત્યથી વિભાજક. ઉન્મગ્ન નિમગ્ન નદી આદિના ઉતરવામાં સામર્થ્ય. જળ અને સ્થળના સંબંધીમાં, ગુફા-સુરંગમાં તથા યંત્ર-ઘટી યંત્રાદિમાં, પરિખામાં વિધિજ્ઞ. કાલજ્ઞાન-વાસ્તુના પ્રશસ્ત-અપ્રશસ્ત લક્ષણના પરિજ્ઞાનમાં-વૈશાખ, શ્રાવણ, માઘ, ફાગણમાં ઘર કરવું ઈત્યાદિ. શબ્દશાસ્ત્રમાં સર્વ કળા વ્યુત્પત્તિમાં, વાસ્તુપ્રદેશ-ગૃહક્ષેત્રના એક દેશમાં — ઈશાનમાં દેવગૃહ, રસોડુ અગ્નિમાં કરવું નૈઋર્ઈત્યમાં ભાંડોપસ્કર અર્થધાન્ય વાયવ્યમાં ઈત્યાદિ ગૃહ અવયવ વિભાગમાં શાસ્ત્રોક્ત વિધિ વિધાનમાં મુખ્ય છે.

ગર્ભિણી-ફલાભિમુખ વેલ, કન્યા-અફલા અથવા દૂર ફલા વલ્લી અને વૃક્ષ જે વાસ્તુક્ષેત્રમાં વધેલ હોય. વલ્લિવેષ્ટન - વાસ્તુ ક્ષેત્રમાં ઉગેલ વૃક્ષોમાં આરોહણ. આ બધાંના ગુણ-દોષનો વિશેષજ્ઞ. જેમકે — જે ભૂમિમાં ગર્ભિણીવલ્લી ઉગી હોય તે, તુરંત ફળદાયી છે ઈત્યાદિ - x - x - x - ફરી તેને જ વિશેષથી કહે છે —

ગુણાઢ્ય-પ્રજ્ઞા, ધારણા, બુદ્ધિ, હસ્તલાઘવાદિ ગુણવાળો. ૧૬-પ્રાસાદો - સ્વસ્તિકાદિ રાજાના ગૃહો, તે કરવામાં કશળ, ૬૪ ભેદે ગૃહો-જે વાસ્તુમાં પ્રસિદ્ધ છે. તેમાં અમૂઢ મતિ જેની છે તે તથા. વિકલ્પો ચોસઠ જ છે - પ્રમોદ વિજયાદિ ૧૬ ગૃહો પૂર્વદ્વારવાળા છે. સ્વસ્તનાદિ ૧૬-ગૃહો દક્ષિણ દ્વારવાળા, ધનદાદિ-૧૬-ઉત્તર દ્વારવાળા, દુર્ભગાદિ-૧૬-પશ્ચિમ દ્વારવાળા, બધાં મળીને ૬૪-થાય છે. નંધાવર્ત્ત-ગૃહ વિશેષ, એમ આગળ પણ જાણવું - x - વર્ધમાન, સ્વસ્તિક, રુચક તથા સર્વતોભદ્ર સંનિવેશમાં ઘણાં પ્રકારે જ્ઞેયપણે અને કર્તવ્યપણે જેને છે તે.

અહીં વરાહના મત મુજબની ચાર ગાથા વૃત્તિકારશ્રી નોંધે છે. *[અમને તેમાં કંઈ સમજાતુ નથી, જિજ્ઞાસુઓએ વૃત્તિ જોવી.]*

ફરી તેને જ વિશેષથી કહે છે — ઉર્ધ્વ દંડમાં થાય તે ઉદ્દંડિક અર્થાત્ ધ્વજ, દેવ-ઈન્દ્રાદિ પ્રતિમા, કોષ્ઠ-ઉપરનું ગૃહ કે ધાન્યની કોઠી. દારૂ-વાસ્તુ ઉચિત્ત કાષ્ઠ, ગિરિ-દુર્ગાદિકરણાર્થે જનાવાસ યોગ્ય પર્વત, ખાત-પુષ્કરિણી આદિ, વાહન-શિબિકાદિ, તેના વિભાગમાં કુશળ. ધ્વજની રચના વિશે એક ગાથા છે, - x - તે-તે ગ્રંથોથી જાણવું.

એમ ઉક્ત પ્રકારે બહુ ગુણાઢ્ય, તે નરેન્દ્રચંદ્ર - ભરતચક્રીના સ્થપતિરત્ન-વર્ધકીરત્ન તપ અને સંયમ અને કરણભૂત વડે પ્રાપ્ત છે. "શું કરીએ ?" ઈત્યાદિ પૂર્વવત્. હવે ઉપસ્થિત થઈને વર્ધકી જે કરે છે, તે કહે છે — તે વર્દ્ધકી દેવકર્મવિધિથી ચિંતિત માત્ર કાર્યકરણરૂપથી સ્કંધાવારને નરેન્દ્રના વચનથી રાજાનો આવાસ-ભવન



આદિથી યુક્ત કરે છે. બધું જ મુહૂર્તથી અર્થાત્ વિલંબરહિત કરે છે. પછી શ્રેષ્ઠ પૌષદગૃહ કરે છે. કરીને ભરત રાજા છે ત્યાં જાય છે. આ આજ્ઞા જલ્દી જ પાછી સોંપે છે. - x -

● **સૂત્ર-૭૩ :-**

***જઈને - તે રથ પૃથ્વી ઉપર શીઘ્રગતિથી ચાલનાર હતો. અનેક ઉત્તમ લક્ષણયુક્ત હતો. હિમવંત પર્વતની વાયુરહિત કંદરાઓમાં સંવર્ધિત તિનિશ નામક રથનિર્માણોપયોગી વૃક્ષોના કાષ્ઠથી બનેલ હતો. તેનું યૂપ જંબૂનદ સુવર્ણથી નિર્મિત હતો. આરા સ્વર્ણમયી તાડીના હતા. તે પુલક, વરેન્દ્ર, નીલ સાસક, પ્રવાલ, સ્ફટિક, લેષ્ટુ, ચંદ્રકાંત, વિદ્રુમ, રત્નો અને મણીઓથી વિભૂષિત હતા. પ્રત્યેક દિશામાં બાર બારના ક્રમથી તેના ૪૮ આરા હતા. તુંબો સ્વર્ણમય પટ્ટોથી દૃઢીકૃત્ હતા. તેના પૃષ્ઠ વિશેષરૂપથી ઘેરાયેલ, બાંધેલી, જોડેલી નવી પટ્ટીથી સુનિષ્પન્ન હતી. અત્યંત મનોજ્ઞ નવી લોઢાની સાંકળ તથા ચામડાની રસ્સીથી તેના અવયવ બાંધેલ હતા. તેના બંને પૈડા વાસુદેવના શસ્ત્રરત્ન સમાન હતા. જાલી ચંદ્રકાંત, ઈન્દ્રનીલ, શસ્યક રત્નોથી સુરચિત અને સુસજ્જિત હતી. તેના ઘોડાના ગળામાંની રસ્સી કમનીય, કીરણયુક્ત, લાલિમામય સ્વર્ણથી બનેલ હતી. તેમાં સ્થાને સ્થાને કવચ પ્રસ્થાપિત હતા. તે રથ પ્રહરણોથી પરિપૂરિત હતો.***

***ઢાલો, કણકો, ધનુષો, પંડલાગ્ર, ત્રિશૂળ, ભાલા, તોમર તથા સેંકડો બાણોથી યુક્ત બત્રીશ તૂણીરોથી તે પરિમંડિત હતો. તેના ઉપર સુવર્ણ અને રત્નો દ્વારા ચિત્ર બનેલા હતા. તેમાં હલીમુખ, બગલા, હાથીદાંત, ચંદ્ર, મોતી, ભલ્લિકા, કુંદ, કુટજ તથા કંદલના પુષ્પ, સુંદર ફીણની રાશિ, મોતીના હાર અને કાશ સદંશ શ્વેત, પોતાની ગતિ દ્વારા મન અને વાયુની ગતિને જિતનારી, ચપળ, શીઘ્રગામી, ચામર અને સ્વર્ણમય આભૂષણોથી વિભૂષિત ચાર ઘોડા જોડેલ હતા. તેના ઉપર છત્ર હતું, ધ્વજા-ઘંટિકા-પતાકા લાગેલી.***

***તેનુ સંધિ યોજન સુંદર રૂપમાં નિષ્પાદિત હતો. યથોચિત રૂપે સુસ્થાપિત સમરના ગંભીર ઘોષ જેવો તેનો ઘોષ હતો. તેના કૂર્પર ઉત્તમ હતા. તે સુંદર ચક્રયુક્ત તથા ઉત્કૃષ્ટ નેમિમંડલયુક્ત હતા. યૂપના બંને કિનારા ઘણાં સુંદર હતા. બંને તુંબ શ્રેષ્ઠ વજરત્નના બનેલ હતા, તે શ્રેષ્ઠ સુવર્ણથી શોભિત હતા. સુયોગ્ય શિલ્પીથી નિર્મિત હતા, ઉત્તમ ઘોડા જોડેલ હતા. સુયોગ્ય સારથીથી સુનિયોજિત હતા. ઉત્તમોત્તમ રત્નથી પરિમંડિત હતો. નાની-નાની સોનાની ઘંટીઓથી શોભિત હતી. તે અયોધ્યા હતો.***

***તેનો વર્ણ વિદ્યુત્, પરિતપ્ત સ્વર્ણ, કમળ, જપા-કુસુમ, દીપ્ત અગ્નિ તથા પોપટની ચાંચ જેવો હતો. તેની પ્રભા ચણોઠીના અર્ધ ભાગ, બંધુજીવકપુષ્પ, સંમર્દિત હિંગુલ રાશિ, સિંદુર, શ્રેષ્ઠ કેસર, કબૂતરના પગ, કોયલની આંખ, અધરોષ્ઠ, મનોહર રક્તાશોક તરુ, સ્વર્ણ, પલાશપુષ્પ, હાથીનું તાળવું, ઈન્દ્રગોપક, જેવી હતી. કાંતિ બિંબફળ, શિલપ્રવાલ અને ઉદીયમાન સૂર્ય સદંશ હતી. બધી***

*ઋતુમાં વિકસિત થનારા પુષ્પોની માળા તેમાં લાગેલી હતી. તેના ઉપર ઉન્નત શ્વેત ધજા ફરકતી હતી. તેનો ઘોષ ગંભીર હતો, શત્રુના હૃદયને કંપાવી દે તેવો હતો. લોક વિશ્રુત, યશસ્વી રાજા ભરત પ્રાતઃકાળે પૌષધ પારી, તે અહત ચાતુર્ઘંટ અશ્વરથ ઉપર આરૂઢ થયો. - x - બાકી પૂર્વવત્.*

*[રાજા ભરત] દક્ષિણાભિમુખ વરદામતીર્થથી લવણ સમુદ્રને અવગાહે છે યાવત્ શ્રેષ્ઠ રથના કૂર્પર ભીના થયા યાવત્ પ્રીતિદાન. વિશેષ એ કે વરદામ તીર્થકુમારે દિવ્ય ચૂડામણી, હૃદય અને ગળના અલંકાર, શ્રોણિસુતક, કટક, ત્રુટિત ભેંટ કર્યા. યાવત્ દક્ષિણનો અંતઃપાલ યાવત્ અષ્ટાહ્નિકા મહામહિમા કરે છે કરીને આજ્ઞા પાછી સોંપી.*

*ત્યારપછી તે દિવ્ય ચક્રરત્ન વરદામતીર્થકુમાર દેવતા અષ્ટાહ્નિકા મહામહિમા નિવૃત્ત થતાં આયુધગૃહ શાળાથી નીકળે છે, નીકળીને આકાશે ચાલતા યાવત્ અંબરતલને પૂરિત કરતાં ઉત્તર-પશ્ચિમ દિશામાં પ્રભાસ તીર્થાભિમુખ પ્રયાણ કર્યું. ત્યારે ભરત રાજાએ તે દિવ્ય ચક્રરત્નને યાવત્ ઉત્તર-પશ્ચિમ દિશામાં પૂર્વવત્ યાવત્ પશ્ચિમ દિશાભિમુખ પ્રભાસ તીર્થથી લાવણસમુદ્રમાં ઉતર્યા. ઉતરીને યાવત્ તે શ્રેષ્ઠ રથના કૂર્પર ભીના થયા યાવત્ પ્રીતિદાન. વિશેષ એ કે પ્રભાસતીર્થકુમારે માળા, મુગટ, મોતીજાલ, હેમજાલ, કટક, ત્રુટિત, આભરણ, નામાંકિત બાણ અને પ્રભાસ તીર્થોદક ગ્રહણ કર્યું. કરીને યાવત્ પશ્ચિમથી પ્રભાસતીર્થની મર્યાદામાં હું દેવાનુપ્રિયનો દેશવાસી છું યાવત્ પશ્ચિમ દિશાનો અંતપાલ છું, તેમ કહ્યું, બાકી પૂર્વવત્ યાવત્ અષ્ટાહ્નિકા મહોત્સવ નિવર્ત્યો.*

● **વિવેચન-૭૩ :-**

જઇને૰ ઈત્યાદિ પૂર્વવત્. તે પ્રસિદ્ધ તે પ્રસિદ્ધ ભરતચક્રી શ્રેષ્ઠ મહારથે આરૂઢ થયો એમ સંબંધ છે. કેવા પ્રકારે ? ધરણિતલે જતો, શીઘ્રગામી. કેવો શ્રેષ્ઠ પુરુષ ? સર્વત્ર જય સંભાવનાથી જનિત પ્રમોદરસ પુલકિતપણે વિસ્તીર્ણ અર્થાત્ પ્રફૂલ્લિત હૃદય. હવે ફરી રથને વિશેષથી કહે છે —

બહુ લક્ષણ પ્રશસ્ત, ક્ષુદ્ર હિમવત્ ગિરિ-વાતરહિત જે દરીનો મધ્યભાગ, તેમાં સંવર્દ્ધિત ચિત્રા-વિવિધા તિનિશા-રથદ્રુમ, તે જ દલિક જેના છે તે. - x - જાંબૂનદ સુવર્ણમય સુઘટિત કૂર્પર-યુગંધર જેમાં છે તે. કનકમય લઘુદંડરૂપ આરાવાળો. પુલક વરેન્દ્રનીલ સાસક રત્ન વિશેષ. પ્રવાલ અને સ્ફટિક રત્ન, લેષ્ટ-વિજાતિરત્ન, મણિ-ચંદ્રકાંતાદિ, વિદ્રુમ-પ્રવાલ વિશેષ. - x - તેના વડે વિભૂષિત, પ્રતિદિશામાં બાર-બારના સદ્ભાવથી ૪૮-આરાઓ જેમાં છે તે. - x - લાલ સુવર્ણમય પટ્ટક વડે લોકમાં ''મહલૂ'' રૂપે પ્રસિદ્ધ છે. સંગૃહિત-દૃઢીકૃત્ તથા ઉચિત અર્થાત્ અતિલઘુ કે અતિ મોટા નહીં તેવા, તુંબો જેના છે તે...

...પ્રકર્ષથી ધૃષ્ટ, પ્રકર્ષથી બદ્ધ, એવા નિર્મિત નવી પટ્ટિકા જેમાં છે તે તેવા પ્રકારે જે ચક્રપરિધિરૂપ, જે લોકમાં પૂંડી નામે પ્રસિદ્ધ છે, તેથી સુનિષ્પન્ન કાર્ય નિર્વાહકત્વથી જેના છે તે. - x - અતિમનોજ્ઞ નવા લોઢાના ચર્મરજ્જુ, તેનું કાર્ય જેમાં છે તે. અર્થાત્





તે રથમાં જે અવયવો છે તે લોહચર્મ વડે બદ્ધ છે. હરિ-વાસુદેવ, તેના ચક્રરત્ન સદૃશ, કર્કેતન, ઈન્દ્રનીલ, શસ્યક રૂપ ત્રણ રત્નમય, સમ્યક્ નિવેશિત અર્થાત્ સુંદર સંસ્થાન કરેલ. આવો બદ્ધ જાલકટક જેમાં છે તે. અહીં આવો ભાવ છે —

રથગુપ્તજાલક - સચ્છિદ્ર રચના વિશિષ્ટ અવયવ વિશેષ. તેની ઘણાં શોભા હોય છે. તથા પ્રશસ્ત વિસ્તીર્ણ અવક્ર ધૂરી જેમાં છે તે. નગરની જેમ ચોતરફથી ગુપ્ત. રથ, પ્રાયઃ ચોતરફથી લોહાદિમય આવૃત્તિ થાય છે, નગરના દૃષ્ટાંતના કથનો આ અર્થ છે — જેમ નગરના ગોપુરભાગ પરિત્યાગથી ચોતરફથી વપ્રગુપ્ત હોય છે. તથા આ પણ આરોહ સ્થાન સારથી સ્થાન છોડીને ગુપ્ત. શોભમાન કાંતિક જે તપનીય-રક્ત સુવર્ણમય ચોલ્ક, તેના વડે યુક્ત. - x - x -

અહીં આ સૂત્રાદર્શમાં 'તપનીય જાલકલિત' એ પાઠ અશુદ્ધ સંભવે છે. કેમકે આવશ્યક ચૂર્ણિમાં આ જ પાઠ દર્શાવિલ છે. કંકટક-સન્નાહ, તેમાં સ્થાપિત છે. - x - જે રીતે શોભે તેમાં સન્નાહ સ્થાપિત છે. તથા પ્રહરણો વડે ભરેલ છે. આ જ વ્યક્તિતથી કહે છે — ખેટક, કણક-બાણ વિશેષ, ધનૂંષિ, મંડલાગ્ર-તરવાર, વરશક્તિ-ત્રિશૂળ, કુંત-ભાલો, તોમર - બાણ વિશેષ, સેંકડો બાણો જેમાં છે, તેવા પ્રકારે બત્રીશ ભસ્રકા છે, તેના વડે પરિમંડિત, કનકરત્ન ચિત્ર, અશ્વ વડે જોડેલ એમ કહેવું.

બીજું શું વિશિષ્ટ છે તે કહે છે — હલીમુખ, બલાક-બક, ગજદંતચંદ્ર, મૌક્તિક-મોતી, તણ સોંલ્લિઅ-મલ્લિકાપુષ્પ, કુંદ-શ્વેતપુષ્પ વિશેષ, કુટજપુષ્પ - વરસિંદુવાર નિર્ગુંડીપુષ્પ, કંદલવૃક્ષ વિશેષ પુષ્પ, શ્રેષ્ઠ ફીણનો સમૂહ હાર-મોતીનો સમૂહ, કાશ-તૃણ વિશેષ, પ્રકાશ-ઉજ્વળતા, તેની જેવા શ્વેત, અમર-દેવ, ચિત્ત, પવન-વાયુ તેના વેગને જીતાનાર - તે અમરમનપવન જયી. તેથી જ અતિશીઘ્રગામી છે. તે ચાર સંખ્યક છે. તથા ચામર અને કનક વડે ભૂષિત અંગ જેનું છે તે. - x -

હવે ફરી રથને વિશેષથી કહે છે — છત્ર, ધ્વજ, ઘંટ, પતાકા સહિત પૂર્વવત્. સુકૃત્-સારી રીતે નિર્મિત, સંધિ યોજન જેમાં છે તે. સુસમાહિત-સમ્યક્ યથોચિત સ્થાને નિવેશિત જે સંગ્રામવાદ્ય વિશેષ, તેના વીરોમાં વીરરસ ઉત્પાદકત્વથી તુલ્ય ગંભીર ઘોષ-ધ્વની જેમાં છે તે - x - સુચક્ર વરનેમિમંડલ-પ્રધાન ચક્રધારા આવૃત્ત, શોભતું ધૂર્વીકૂબર જેનું છે તે. શ્રેષ્ઠ વજ્ર વડે બદ્ધ તુંબ જેના છે તે. શ્રેષ્ઠ સુવર્ણથી ભૂષિત, વરાચાર્ય-પ્રધાન શિલ્પી વડે નિર્મિત, શ્રેષ્ઠ અશ્વોથી યુક્ત, શ્રેષ્ઠ સારથી વડે સારી રીતે સંપ્રગૃહિત. અહીં ચક્રાદિનું પુનર્વચન રથ અવયવોમાં પ્રધાનતા જણાવવાને માટે છે. દૂરૂઢ અને આરૂઢ એ સમાનાર્થક બે પદોનું ગ્રહણ સુખે આરૂઢ થયો તેમ જણાવવા માટે છે. - x - x - x -

રથના આરોહકને જણાવવા કહે છે — પ્રવરરત્ન પરિમંડિત સુવર્ણની ઘંટડી જાલ વડે શોભિત, અયોધ્ય-હારે નહીં તેવો. સૌદામિની-વિદ્યુત્, તપ્ત સુવર્ણ લાલરંગનું હોય છે, તપ્ત શબ્દથી વિશેષિત પંકજ-કમળ, તે પણ સામાન્યથી લાલ વર્ણી હોય છે. જ્વલિત જ્વલન-દીપ્ત અગ્નિ. - x - પોપટની ચાંચ જેવી રક્તતા જેની છે તે. ચણોઠીનો

લાલ ભાગ, બંધુજીવક-મધ્યાહ્ને વિકશતા પુષ્પ, સંમર્દિત હિંગલોકનો સમૂહ, સિંદુર, કુંકુમ, કબૂતરના પગ, કોકિલના નેત્ર, અધરોષ્ઠ-તે સામુદ્રિકમાં અતિ લાલવર્ણી વર્ણવેલ છે. રતિદ-મનોહર અતિરિક્ત-અધિક અરુણ અશોકવૃક્ષ, આવા સુવર્ણ, કિંશુક-પલાશપુષ્પ તથા ગજતાલુ, સુરેન્દ્રગોપક-વર્ષામાં લાલવર્ણી ક્ષુદ્ર જંતુ વિશેષ તેની સદૃશ પ્રભા જેની છે તે, એવો પ્રકાશ - તેજનો પ્રસાર જેનો છે તે. બિંબફળ, શિલપ્રવાલ - અહીં અશ્લીલ શબ્દ સમાન — "શ્રીને લાવે તે" તેનું શ્લીલ થયું, એવો જે પ્રવાલ, તે શ્લીલપ્રવાલ - પરિકર્મિત વિદ્રુમ અથવા શિલાપ્રવાલ. ઉગતો સૂર્ય, તેની સમાન, છ ઋતુમાં થનાર સુગંધી અગ્રથિત પુષ્પ અને ગ્રથિતપુષ્પો જેમાં છે તે. ઉંચો કરેલ શ્વેત ધ્વજ જેમાં છે તે. મહામેઘનું જે ગર્જન, તેની જેમ ગંભીર સ્નિગ્ધ ઘોષ જેનો છે તે. - x -

પ્રભાતે - અઠ્ઠમતપના પારણા દિવસે, - x - પૌષધિક-તુરંત પારિત પૌષધવ્રત, તેવો નરપતિ ચતુર્ઘંટ અશ્વરથમાં આરૂઢ થયો. સશ્રીક નામક પૃથ્વી વિજયલાભ નામે પ્રખ્યાત છે. અહીં બેઠેલ પુરુષ પૃથ્વીનો વિજય પામે છે એવું સાન્વર્થ નામ છે. કેવો નરપતિ ? લોક વિશ્રુત યશવાળો, અહત-ક્યારેય પણ અવયવમાં અખંડિત અથવા સર્વત્ર અસ્ખલિત ચાલનારો રથ. રથમાં બેસીને ભરતે શું કર્યુ ?

પછી ભરતરાજા ચતુર્ઘંટ અશ્વરથમાં બેઠો, બાકી પૂર્વવત્. - x - માગધતીર્થના આલાવા મુજબ જાણવું. હવે કહે છે — વરદામ નામક તીર્થ-અવતરણમાર્ગથી લવણસમુદ્રમાં અવગાહે છે. "બાકી પૂર્વવત્" એ વચનથી — અશ્વ, હસ્તિ, રથ, પ્રવર યોદ્ધાયુક્ત - સંપરિવૃત્ત, મહા ભટ્ટ-ચડગર પથકરવૃંદ પરિક્ષિપ્ત, ચક્રરત્ન દેશિત માર્ગે અનેક હજાર રાજા દ્વારા અનુસરાતા માર્ગે, મહા-ઉત્કૃષ્ટ સીંહનાદ બોલ કલકલરવથી પ્રક્ષુભિત મહાસમુદ્રના રવ સમાન કરતાં-કરતાં. કેટલે દૂર લવણસમુદ્રમાં અવગાહે છે ? જ્યાં સુધી રથના કૂર્પર ભીના થાય છે. અહીં યાવત્ પદ સંગ્રાહ્ય પદ સંગ્રાહક નથી, પરંતુ જળનું અવગાહ પ્રમાણને સૂચનાર્થે છે. અહીં પણ માગધદેવ સાધનાધિકારમાં કહેલ સૂત્ર પ્રીતિદાન સુધી કહેવું. તે તીર્થાધિપસુરના પ્રીતિદાન શબ્દથી-પ્રીતિદાનાર્થે વિવક્ષિત ચૂડામણિ આદિ વસ્તુ કહે છે. અહીં "યાવત્ દક્ષિણી અંતપાલ" સુધી કહ્યું, - x - યાવત્ અષ્ટાહ્નિકા મહોત્સવ કરે છે.

ઉક્ત વાક્યોનો આ અર્થ છે — પ્રીતિદાન નિમિત્તે ચૂડામણી આદિ વસ્તુ ગ્રહણ પ્રતિપાદક સૂત્ર છે. તેનો સમુદિત અર્થ આ છે — અશ્વોને રોકવા, રથ ઉભો રાખવો, ધનુષ્ ઉપાડવું, બાણ છોડવું - x - પ્રીતિદાન સૂત્ર સુધી માગધતીર્થાધિકારના સૂત્રવત્ જાણવું. વિશેષ એ કે — પ્રીતિદાનમાં ચૂડામણિ અને મનોહર સર્વ વિષ-અપહારી મસ્તકના ભૂષણરૂપ, વક્ષઃના ભૂષણરૂપ, ડોકનું આભરણ, કટિ મેખલાં, ત્રુટિક લેવા. તે સૂત્ર ક્યાં સુધી કહેવું ? "હું દક્ષિણ દિશાનો અંતપાલ છું" સુધી. પ્રીતિવાક્ય, ભેંટણું ધરવું, ભરત દ્વારા તેનો સ્વીકાર કરવો, દેવનું સન્માન, વિદાય દેવી, રથ પાછો વાળવો, છાવણીમાં જવું, સ્નાનગૃહમાં જવું, સ્નાન-ભોજન કરવું, શ્રેણિ-પ્રશ્રેણિને બોલાવવાનું સૂત્ર કહેવું. ક્યાં સુધી ? અઢાર શ્રેણિ-પ્રશ્રેણિ વડે અષ્ટાહ્નિકા મહામહોત્સવ કરે છે આજ્ઞા પાછી સોંપે છે.



હવે પ્રભાસતીર્થની સાધના માટે ચાલે છે — બધું પૂર્વવત્. વિશેષ એ કે — વાયવ્ય દિશામાં, શુદ્ધ દક્ષિણવર્તી વરદામતીર્થથી શુદ્ધ પશ્ચિમવર્તી પ્રભાસમાં જવાને માટે નીકળ્યો, કેમકે આ જ માર્ગ સરળ છે અન્યથા વરદામથી પશ્ચિમમાં જતાં અનુવારિધિવેલ જાથી પ્રભાસતીર્થની પ્રાપ્તિ દૂરથી થાત. પ્રભાસ તીર્થ, જ્યાં સિંધુ નદી સમુદ્રમાં પ્રવેશે છે. હવે તેવા ચક્રરત્નને જોઈને જે રાજા કરે છે, તે કહે છે — બધું પૂર્વવત્. માત્ર પ્રિતીદાનમાં ભેદ છે, - x - રત્નમાળા, મુગટ, દિવ્ય મોતીનો ઢગલો, સુવર્ણરાશિ. બાકી આ પ્રીતિદાનનો સ્વીકાર, દેવ સન્માન, વિદાય ઈત્યાદિ માગધ દેવાધિકાર સમાન કહેવું. - x - હવે સિંધુદેવી સાધનાધિકાર —

● **સૂત્ર-૭૪ :-**

***ત્યારે તે દિવ્ય ચક્રરત્ન પ્રભાસતિર્થકુમાર દેવના અષ્ટાહ્નિકા મહામહોત્સવ નિવર્તી ગયા પછી આયુધગૃહશાળાથી નીકળ્યું, નીકળીને યાવત્ અંબરતલને પૂરતા સિંધુ મહાનદીથી દક્ષિણી કૂળથી પૂર્વ દિશામાં સિંધુદેવીના ભવન અભિમુખ પ્રયાણ કર્યું.***

***ત્યારપછી તે ભરત રાજા તે દિવ્ય ચક્રરત્નને સિંદુ મહાનદીના દક્ષિણી કૂળથી પૂર્વ દિશામાં સિંધુદેવીના ભવનની અભિમુખ જતું જુએ છે, જોઈને હર્ષિત-સંતુષ્ટ ચિત્ત થઈ, પૂર્વવત્ યાવત્ જ્યાં સિંધુદેવીનું ભવન છે, ત્યાં જાય છે, જઈને સિંદુ દેવીના ભવનની કંઈક નીકટ બાર યોજન લાંબી, નવ યોજન પહોળી શ્રેષ્ઠ નગરસદૃશ વિજય સ્કંધાવાર નિવેશ કરે છે, યાવત્ સિંધુદેવી નિમિત્તે અઠ્ઠમભક્ત સ્વીકાર કરે છે, કરીને પૌષધશાળામાં પૌષધિક બ્રહ્મચારી થઈ યાવત્ દર્ભના સંસ્તારકે બેસી અઠ્ઠમભક્તિથી સિંધુદેવીને મનમાં કરીને રહ્યો.***

***ત્યારપછી તે ભરતરાજા અઠ્ઠમભક્ત પરિણમમાણ થતાં સિંધુદેવીનું આસન ચલિત થયું, ત્યારે તે સિંધુદેવી આસનને ચલિત થયું જુએ છે. જોઈને અવધિજ્ઞાન પ્રયોજે છે, પ્રયોજીને ભરત રાજાને અવધિ વડે જુએ છે. જોઈને તેણીને આ આવા સ્વરૂપનો અભ્યર્થિત, ચિંતિત, પ્રાર્થિત, મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો. નિશ્ચે જંબૂદ્વીપ દ્વીપના ભરત ક્ષેત્રમાં ભરત નામે ચાતુરંત ચક્રવર્તી રાજા ઉત્પન્ન થયો છે. તો અતીત-વર્તમાન-અનાગત એવો જીત-કલ્પ છે કે સિંધુદેવી ભરતના રાજાને ભેંટણું કરે. તો હું પણ જઉં અને ભરતરાજાને ભેંટણું કરું.***

***એમ વિચારી સિંધુદેવી રત્નમય ૧૦૦૮ કળશ, વિવિધ મણિ-કનક-રત્નમય ચિત્રયુક્ત સ્વર્ણ નિર્મિત બે ભદ્રાસન, કટક અને ત્રુટિત યાવત્ આભરણોને લે છે. લઈને તેણી ઉત્કૃષ્ટી યાવત્ ગતિથી જઈ આ પ્રમાણે બોલી — દેવાનુપ્રિય વડે કેવલકલ્પ ભરતક્ષેત્ર જીતાયું છે, હું આપ દેવાનુપ્રિયની દેશવાસિની છું. હું આપ દેવાનુપ્રિયની આજ્ઞાવર્તી દાસી છું. હે દેવાનુપ્રિય ! આપ મારું આ આવા સ્વરૂપનું પ્રીતિદાન સ્વીકાર કરો. એમ કહીને ૧૦૦૮ રત્નમયી કુંભો, વિવિધમણી-સુવર્ણ-કટક યાવત્ પૂર્વવત્ યાવત્ વિદાય આપી.***

***ત્યારપછી તે ભરત રાજા પૌષધશાળાથી નીકળ્યો, નીકળીને જ્યાં સ્નાનગૃહ***

***છે, ત્યાં આવે છે, આવીને સ્નાન તથા બલિકર્મ કરી યાવત્ જ્યાં ભોજનમંડપ છે, ત્યાં આવે છે, આવીને ભોજન મંડપમાં શ્રેષ્ઠ સુખાસને બેસી અઠ્ઠમ ભક્તનું પારણું કરે છે, કરીને યાવત્ શ્રેષ્ઠ સીંહાસને પૂર્વાભિમુખ જઈ બેસે છે. બેસીને અઢાર શ્રેણી-પ્રશ્રેણીજનોને બોલાવે છે, બોલાવીને યાવત્ અષ્ટાહ્નિકા મહામહોત્સવ કરી, તે આજ્ઞા ભરતરાજાને પાછી સોંપી.***

● **વિવેચન-૭૪ :-**

તए णं० ઈત્યાદિ વક્તાર્થ છે. વિશેષ એ કે – અહીં પશ્ચિમદિશાવર્તી પ્રભાસતીર્થથી આવતો વૈતાઢ્યગિરિકુમાર દેવને સાધવાની ઈચ્છાથી તેના વાસકૂટાભિમુખ જાય છે, પ્રથમની જેમ અનુક્રમે જાય છે. આ દિગ્વિભાગજ્ઞાન જંબૂદ્વીપપટ્ટાદિમાં આલેખીને દર્શનથી અને ગુરુજનના સંદર્શિતતાથી સુબોધ છે. સિંધુદેવીગૃહની અભિમુખ ચક્રરત્ન ચાલ્યું. (શંકા) સિંધુદેવી ભવન આ જ સૂત્રમાં ઉત્તર ભરતાર્દ્ધ મધ્ય ખંડમાં સિંધુકુંડમાં સિંધુદ્વીપમાં કહેલ છે, તો તેનો અહીં કઈ રીતે સંભવ છે ? તેનું સમાધાન કહે છે –

મહર્દ્ધિક દેવીના મૂળસ્થાનથી અન્યત્ર પણ ભવનાદિ સંભવ અયુક્ત નથી. જેમ સૌધર્મેન્દ્રાદિની અગ્રમહિષીના સૌધર્માદિ દેવલોકમાં વિમાનના સદ્ભાવ છતાં નંદીશ્વર કે કુંડલમાં રાજધાનીઓ છે અથવા જેમ આ જ દેવીની અસંખ્યાતમાં દ્વીપમાં રાજદાની સિંધુ આવર્તન કૂટમાં પ્રાસાદાવતંસક છે, એમ સિંધુદ્વીપમાં સિંધુ દેવી ભવનના સદ્ભાવ છતાં અહીં સૂત્ર બળથી તે છે તેમ જાણવું - x -

પછી ભરતે શું કર્યુ ? સુબોધ છે. અહીં વર્દ્ધકીરત્નને બોલાવવો, પૌષધશાળા કરવી આદિ સર્વે લેવું. તે પૌષધશાળામાં સિંધુદેવીને સાધવા માટે અઠ્ઠમભક્ત ગ્રહણ કર્યો, કરીને પૌષધિક-પૌષધવ્રતવાળો, તેથી જ બ્રહ્મચારી યાવત્ દર્ભ સંસ્તારકે બેઠો. અહીં યાવત્ શબ્દથી મણિ-સુવર્ણ ત્યાગીને ઈત્યાદિ બધું લેવું. અઠ્ઠમ તપ કરેલા તેણે સિંધુદેવીને ધ્યાયતો રહ્યો.

પછી તે ભરતરાજા અઠ્ઠમભક્ત પરિપૂર્ણ પ્રાય થતાં સિંધુદેવીનું આસન ચલિત થયું, પછી સિંધુદેવીએ આસન ચલિત થતું જોઈને અવધિ પ્રયોજ્યું, પ્રયોજીને ભરત રાજાને અવધિ વડે જોયો, જોઈને તેણીને આ આવા સ્વરૂપનો આધ્યાત્મિક, ચિંતિત, પ્રાર્થિત, મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો - x - x - આ સિંધુદેવી આસનના કંપવાથી ઉપયોગ આપીને જાતિસ્મરણથી પોતે જ અનુકૂળ આશય થયો. તેથી બાણ છોડવું આદિ અહીં ન કહેવું અને એ પ્રમાણે કર્મચક્રીના વૈતાઢ્યદેવાદિના સાધવાને માટે પણ તથા જિનચક્રીને સર્વત્ર દિગ્વિજયયાત્રામાં બાણ છોડવાદિ સિવાયની જ પ્રવૃત્તિ છે, તેથી તે પ્રકારે જ સાધ્યસિદ્ધિ હોય છે.

તે સંકલ્પ કયો છે ? તે કહે છે – નિશ્ચયથી જંબૂદ્વીપ નામક દ્વીપમાં ભરત ક્ષેત્રમાં ભરત નામે ચાતુરંત ચક્રવર્તી ઉત્પન્ન થયો છે. તેથી સિંધુદેવીનો ત્રણે કાળમાં આ આચાર છે કે ચક્રી-અર્ધચક્રીને માટે - ભરત રાજાને માટે ભેંટણું કરવું જોઈએ, તો હું જઉં, હું પણ ભરત રાજાને ભેંટણું કરું. ''વિચારણા જ કાર્ય કર્યાની જેમ



ફળદાયી થાય છે'' તેથી કહે છે – એમ વિચારીને ૧૦૦૮ રત્નચિત્રિત કુંભ, વિવિધ મણિ, સુવર્ણ, રત્નોની વિવિધ રચના વડે ચિત્રિત બે સુવર્ણ ભદ્રાસન, કટક, ત્રુટિક યાવત્ આભરણો લે છે. લઈને તેણી ઉત્કૃષ્ટિ ઈત્યાદિ ગતિથી જઈ યાવત્ એમ બોલી, શું બોલી ? દેવાનુપ્રિય-શ્રીમત્ વડે જીતાયેલ છે કેવલકલ્પ-પરિપૂર્ણ ભરતક્ષેત્ર, તેથી હું આપની દેશવાસિની છું, આપની આજ્ઞાસેવિકા છું, તો દેવાનુપ્રિય ! મારું આ પ્રીતિદાન ગ્રહણ કરો. એમ કહીને ૧૦૦૮ રત્નચિત્રિત કુંભાદિ ભેટ કર્યા, ઈત્યાદિ બધું માગધદેવના આલાવા મુજબ અહીં અનુસરવું યાવત્ વિદાય કરે છે.

પછી ઉત્તરવિધિ કહે છે – તે બધું પૂર્વવત્. વિશેષ એ કે શ્રેણિ-પ્રશ્રેણિઓ અષ્ટાહ્નિકા મહામહોત્સવ કરી તે આજ્ઞા પાછી સોંપે છે સુધી કહેવું. હવે વૈતાઢ્ય દેવને સાધન કહે છે –

● **સૂત્ર-૭૫ :-**

***ત્યારપછી તે દિવ્ય ચક્રરત્ન સિંધુદેવી સંબંધી અષ્ટાહ્નિકા મહા મહોત્સવ નિવર્ત્યા પછી આયુધગૃહશાળાથી નીકળ્યું આદિ પૂર્વવત્ યાવત્ ઉત્તર-પશ્ચિમ દિશામાં વૈતાઢ્ય પર્વતાભિમુખ પ્રતિ પ્રયાણ કર્યું.***

***ત્યારપછી તે ભરત રાજા યાવત્ જ્યાં વૈતાઢ્ય પર્વત છે, જ્યાં વૈતાઢ્ય પર્વતના દક્ષિણી નિતંબ છે ત્યાં જાય છે. જઈને વૈતાઢ્ય પર્વતના દક્ષિણી નિતંબમાં બાર યોજન લાંબી, નવ યોજન પહોળી શ્રેષ્ઠ નગર સદૃશ વિજય સ્કંધાવારની રચના કરે છે, કરીને યાવત્ વૈતાઢ્ય ગિરિકુમાર દેવના નિમિત્તે અઠ્ઠમભક્ત ગ્રહણ કરે છે, કરીને પૌષધશાળામાં યાવત્ અઠ્ઠમભક્તિક થઈ વૈતાઢ્યગિરિકુમાર દેવને મનમાં ચિંતવીને રહ્યો.***

***ત્યારે તે ભરત રાજા અઠ્ઠમભક્તમાં પરિપૂર્ણ થતાં વૈતાઢ્ય ગિરિકુમાર દેવનું આસન ચલિત થયું, એમ સિંધુ આલાવાવત્ જાણવું. પ્રીતિદાન, અભિસેક, રત્નાલંકાર, કટક, ત્રુટિક, વસ્ત્ર અને આભરણ લે છે. લઈને તેવી ઉત્કૃષ્ટી યાવત્ અષ્ટાહ્નિકા યાવત્ આજ્ઞા સોંપે છે.***

***ત્યારપછી તે દિવ્ય ચક્રરત્ન અષ્ટાહ્નિકા મહામહોત્સવ પૂર્ણ થતાં યાવત્ પશ્ચિમ દિશામાં તિમિસ્ર ગુફા અભિમુખ પ્રતિ પ્રયાણ કર્યું.***

***ત્યારપછી તે ભરત રાજા, તે દિવ્ય ચક્રરત્ન યાવત્ પશ્ચિમ દિશામાં તિમિસ્ર ગુફા અભિમુખ પ્રતિ જતું જોયું. જોઈને હર્ષિત-સંતુષ્ટ ચિત્ત થઈ યાવત્ તિમિસ્ર ગુફાથી કંઈક નીકટ બાર યોજન લાંબી, નવ યોજન પહોળી યાવત્ કૃતમાલ દેવને આશ્રીને અઠ્ઠમભક્ત ગ્રહણ કરે છે, કરીને પૌષધશાળામાં પૌષધિક બ્રહ્મચારી થઈ યાવત્ કૃતમાલક દેવને મનમાં અવધારીને ત્યાં રહે છે.***

***ત્યારપછી તે ભરત રાજાએ અઠ્ઠમ ભક્ત પરિપૂર્ણ થતાં કૃતમાલ દેવનું આસન ચલિત થાય છે આદિ પૂર્વવત્ યાવત્ વૈતાઢ્યગિરિ કુમારના વિશેષ એ કે – પ્રીતિદાન, સ્ત્રીરત્નને માટે તિલક ચૌદ ભાંડાલંકાર, કટક યાવત્ આભરણો ગ્રહણ કરે છે, કરીને તેવી ઉત્કૃષ્ટી યાવત્ સત્કાર અને સન્માન કરીને વિદાય***

*આપી યાવત્ ભોજન મંડપ, પૂર્વવત્ કૃતમાલને મહામહોત્સવ અને આજ્ઞા પાછી સોંપી.*

● વિવેચન-૭૫ :-

પૂર્વે વ્યાખ્યાત અર્થ છે. વિશેષ એ કે — ઈશાનખૂણામાં ચક્રરત્ન વૈતાઢ્ય પર્વતાભિમુખ ચાલ્યું. આ અર્થ છે — સિંધુદેવી ભવનથી વૈતાઢ્ય દેવની સાધનાર્થે વૈતાઢ્યદેવના આવાસરૂપ વૈતાઢ્યકૂટે જતાં ઈશાન દિશા જ સરળ માર્ગ છે, પછીનું સૂત્ર ઉક્તપ્રાયઃ છે. વિશેષ એ — વૈતાઢ્ય પર્વતના દક્ષિણાર્દ્ધ ભરત પાર્શ્વવર્તી નિતંબ, તે ભરત રાજાના અટ્ઠમ ભક્ત પૂર્ણ થતાં વૈતાઢ્ય ગિરિમાં કુમારવત્ ક્રીડાકારિત્વથી વૈતાઢ્ય ગિરિકુમાર દેવનું આસન ચલિત થાય છે. એમ સિંધુદેવીના પાઠ સમાન જાણવું. - x - પરંતુ સિંધુદેવીના સ્થાને વૈતાઢ્યગિરિકુમાર દેવ એમ કહેવું.

જે સિંધુદેવીનું અતિદેશ કથન બાણ વ્યાપાર સિવાય આમ જ કહેવું, તે સાદૃશ્ય જણાવવાને છે. પ્રીતિદાન અભિષેક યોગ્ય રાજપરિધેય રત્નાલંકાર - મુગટ બાકી પૂર્વવત્ યાવત્ શબ્દોથી ગ્રહણ કરવું. ઉક્તાતિરિક્ત વિશેષણ સહિત ગતિ પ્રીતિવાક્ય-પ્રાભૃત ઉપનયન ગ્રહણ, દેવનું સન્માનથી વિસર્જન, સ્નાન ભોજન, શ્રેણી-પ્રશ્રેણી આમંત્રણ સૂચવે છે. - x -

હવે તમિસ્રા ગુફાધિપ કૃતમાલ દેવની સાધનાર્થે કહે છે — ત્યારપછી તે દિવ્ય ચક્રરત્ન અષ્ટાહ્નિકા મહા મહોત્સવ પૂર્ણ થતાં અર્થાત્ વૈતાઢ્ય ગિરિકુમાર દેવના યાવત્ પશ્ચિમદિશા પ્રતિ તમિસ્ર ગુફાભિ મુખ ચાલ્યા. વૈતાઢ્યગિરિકુમાર સાધન સ્થાનના તમિસ્રાના પશ્ચિમમાં વર્તે છે.

પછીનું સૂત્ર પૂર્વવત્ છે. પ્રીતિદાનમાં અહીં વિશેષ એ છે કે — તે આ - સ્ત્રીરત્નના માટે તિલક-લલાટાભરણ, રત્નમય ચૌદ જેમાં છે, તે તિલક ચૌદ, આવા ભાડાલંકાર - x - ચૌદ આભરણ આ રીતે — હાર, અર્દ્ધહાર, ઈક, કનક, રત્ન, મુક્તાવલી, કેતુર, કટક, ત્રુટિક, મુદ્રા, કુંડલ, ઉરસૂત્ર, ચૂડામણિ અને તિલક. - x - ભોજનમંડપ સુધી કહેવું. પૂર્વવત્ - માગધદેવની માફક મહામહોત્સવ, કૃતમાલ નિમિત્તે અષ્ટાહ્નિકા ઈત્યાદિ - x -

● સૂત્ર-૭૬ :-

*ત્યારપછી તે ભરતરાજા કૃતમાલ નિમિત્તે અષ્ટાહ્નિકા મહા મહોત્સવ પૂર્ણ થતાં સુસેન સેનાપતિને બોલાવે છે, બોલાવીને એમ કહ્યું — ઓ દેવાનુપ્રિય ! જા, સિંધુ મહાનદીથી પશ્ચિમી નિષ્કુટ સિંધુ સહિત સાગર અને ગિરિની મર્યાદામાં સમ-વિષમ નિષ્કુટોને ક્ષેત્રોને અધિકૃત્ કરો. અધિકૃત્ કરીને પ્રધાન શ્રેષ્ઠ રત્નો ગ્રહણ કરો. કરીને મારી આ આજ્ઞા પાછી આપો.*

*ત્યારે તે સેનાપતિ સેનાનો નેતા, ભરતક્ષેત્રમાં વિશ્રુ યશવાળો, મહાબલી, પરાક્રમી, સ્વભાવથી ઉદ્દાત, ઓજસ્વી, તેજલક્ષણયુક્ત, મ્લેચ્છ ભાષા વિશારદ, ચિત્તચારુભાષી હતો. ભરતક્ષેત્રમાં નિષ્કુટો, નિમ્નો, દુર્ગમો, દુષ્પ્રવેશોનો વિશેષજ્ઞ હતો, અર્થશાસ્ત્રકુશળ, સુષેણ સેનાપતિરત્ન, ભરત રાજાએ આ પ્રમાણે કહેતાં*



*હર્ષિત-સંતુષ્ટ-ચિત્ત આનંદિત થયો યાવત્ બે હાથ જોડી, દશનખ ભેગા કરી, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ કરી, એ પ્રમાણે સ્વામી ! 'તહત્તિ' કરી આજ્ઞા વચનને વિનયથી સ્વીકાર્યું.*

*સ્વીકારીને ભરત રાજાની પાસેથી નીકળે છે, નીકળીને જ્યાં પોતાનો આવાસ છે, ત્યાં જાય છે, જઈને કૌટુંબિક પુરુષોને બોલાવે છે, પછી એમ કહ્યું — ઓ દેવાનુપ્રિયો ! જલ્દી આભિષેક્ય હસ્તિરત્નને સજાવો. અશ્વહસ્તિ-રથ-પ્રવરયોદ્ધા યાવત્ ચાતુરંગિણી સેનાને સજ્જ કરો. એમ કહીને જ્યાં સ્નાનગૃહ છે, ત્યાં જાય છે, જઈને સ્નાનગૃહમાં પ્રવેશે છે. પ્રવેશીને સ્નાન, બલિકર્મ કરીને, કૌતુક-મંગલ-પ્રાયશ્ચિત્ત કરીને, સન્નદ્ધ-બદ્ધ-વર્મિતકવચ થઈ, સરાશનપટ્ટિક બાંધીને, પિનદ્ધ-ગ્રૈવેયક-બદ્ધ-આવિદ્ધ-વિમલવર ચિંધ પટ્ટ થઈ, આયુધ-પ્રહરણ લઈને, અનેક ગણનાયક-દંડનાયક યાવત્ સાથે સંપરિવૃત્ત થઈ કોરંટપુષ્પની માળા સહિત છત્ર ધારણ કરેલો, મંગલ-જય શબ્દ-કૃતાલોક સ્નાનગૃહથી નીકળ્યો. નીકળીને જ્યાં બાહ્ય ઉપસ્થાન શાળા હતી, જ્યાં આભિષેક્ય હસ્તિરત્ન હતો ત્યાં આવે છે, આવીને આભિષેક્ય હસ્તિરત્ન ઉપર આરૂઢ થયો.*

*ત્યારે તે સુષેણ સેનાપતિ શ્રેષ્ઠ હસ્તિના સ્કંધે જઈ, કોરંટ પુષ્પની માળાયુક્ત છત્ર ધારણ કરાયેલો, અશ્વ-હાથી-રથ-પ્રવર યોદ્ધાયુક્ત ચાતુરંગિણી સેના સાથે સંપરીવરીને મોટા સુભટાદિના વૃંદથી ઘેરાયેલો મહા ઉત્કૃષ્ટ સીંહનાદ-બોલ-કલકલ શબ્દથી સમુદ્રના રવની માફક કરતો-કરતો સર્વ ઋદ્ધિ, સર્વ દ્યુતિ, સર્વ બલથી યાવત્ નિર્ઘોષ નાદિતથી જ્યાં સિંધુ મહાનદી છે, ત્યાં આવે છે. આવીને ચર્મરત્નને સ્પર્શે છે.*

*ત્યારે તે શ્રીવત્સ સદૃશરૂપ હતું, તેના ઉપર મોતી, તારા તથા અર્ધચંદ્રના ચિત્ર બનેલા હતા. તે અચલ અને અકંપ હતું, અભેદ્ય કવચ જેવું હતું, નદી અને સમુદ્રોને પાર કરવાનું યંત્ર હતું. દિવ્ય ચર્મરત્નમાં વાવેલ સત્તર પ્રકારના ધાન્ય એક દિવસમાં ઉત્પન્ન થાય, તેવી વિશેષતાયુક્ત હતું. ચક્વર્તી ભરત દ્વારા પરામૃષ્ટ તે ચર્મરત્ન કંઈક અધિક બાર યોજન વિસ્તૃત હતું. સેનાપતિ સુષેણ દ્વારા સ્પર્શતા તે ચર્મરત્ન જલ્દી નાવરૂપે પરિણત થઈ ગયું. સેનાપતિ સુષેણ સૈન્ય શિબિરમાં વિદ્યમાન સેના સહિત તે ચર્મરત્ન ઉપર સવાર થયો. પછી નિર્મળ જળની ઉંચી ઉઠતી તરંગોથી પરિપૂર્ણ સિંધુ મહાનદીને સેના સહિત પાર કર્યું.*

*— પાર કરીને સિંધુ મહાનદીને અપ્રતિહત શાસન તે સેનાપતિ ગામ, આકર, નગર, પર્વત, ખેડ, કર્બટ, મડંબ, પટ્ટન આદિ જીતતો સિંહલક, બર્બરક, સર્વ અંગલોક, બલાયાલોક, પરમ રમ્ય મણિરત્ન કોશાગાર સમૃદ્ધ યવનદ્વીપ, અરબ, રોમ, અલસંડ, પિક્ખુર, કાલમુખ, યોનક, ઉત્તર વૈતાઢ્ય પર્વતની તળેટીમાં વસેલ ઘણાં મ્લેચ્છ જાતિના લોકો, દક્ષિણ પશ્ચિમથી સિંધુસાગરાંત સુધી સર્વ પ્રવર કચ્છ દેશને સાધીને પાછો ફર્યો. તે કચ્છના બહુસમરમણીય ભૂમિભાગ છે, ત્યાં સુખથી રહ્યો.*

*ત્યારે તે જનપદ, નગર, પટ્ટણના સ્વામી, અનેક આકરપતિ મંડલપતિ, પટ્ટણપતિ બધાં આભરણ, ભૂષણ, રત્ન, બહુમૂલ્ય, વસ્ત્ર, અન્યાન્ય શ્રેષ્ઠ, રાજોચિત વસ્તુઓ હાથ જોડી, મસ્તકે અંજલિ કરી, ભેંટણારૂપે સેનાપતિ સુષેણને ભેટ કરી. ફરી પાછા ફરતા તેમણે હાથ જોડ્યા, મસ્તકે લગાડીને નમ્યા. પછી કહ્યું – આપ અમારા સ્વામી છો, દેવતાની માફક અમે આપના શરણાગત છીએ, આપના દેશવાસી છીએ. એ રીતે વિજયસૂચક શબ્દ કહેતા, તે બધાંને સેનાપતિએ પૂર્વવત્ યથાયોગ્ય કાર્યમાં સ્થાપ્યા, નિયુક્ત કર્યા, સન્માન કર્યું અને વિદાય આપી. તેઓ પોતાના નગરો, પટ્ટણો આદિ સ્થાનોમાં પાછા ફર્યા.*

*પોતાના રાજા પ્રતિ વિનયશીલ, અનુપહત શાસન અને સૈન્ય યુક્ત સેનાપતિ સુષેણે બધાં ભેંટણા, આભરણ, ભૂષણ, રત્નો લઈને સિંધુ નદીને પાર કરી. તેઓ રાજા ભરત પાસે આવ્યા. પૂર્વવત્ રાજાને બધો વૃત્તાંત કહ્યો. નિવેદન કરીને પ્રાપ્ત બધો ઉપહાર રાજાને અર્પિત કર્યો. રાજાએ તેને સત્કારી, સન્માની, સહર્ષ વિદાય આપી. તે પોતાના મંડપ-આવાસે આવ્યો.*

*ત્યારપછી સુષેણ સેનાપતિએ સ્નાન કર્યું, બલિકર્મ કર્યું, કૌતુક-મંગલ-પ્રાયશ્ચિત્ત કર્યા, જમ્યા પછી મુખશુદ્ધિ આદિ કરી યાવત્ સરસ ગોશીર્ષ ચંદનથી ગાત્ર-શરીરનું લિંપન કર્યું. પછી ઉપરના શ્રેષ્ઠ પ્રાસાદમાં ગયો. ત્યાં મૃદંગ વાગી રહ્યા હતા, બત્રીશબદ્ધ નાટકો શ્રેષ્ઠ તરુણીથી સંપ્રયુક્ત હતા. તેમના નૃત્ય-ગીત-ઉપલાલિત્ય, મહા આહત નૃત્ય-ગીત-વાજિંત્ર-તંત્રી-તાલ-ત્રુટિત-ઘન મૃદંગ પટુ પ્રવાદીના રવ વડે ઈષ્ટ શબ્દ-સ્પર્શ-રસ-રૂપ-ગંધરૂપ પંચવિધ માનુષી કામભોગો ભોગવતો રહ્યો.*

● **વિવેચન-૭૬ :-**

સૂત્ર નિગદ સિદ્ધ છે. વિશેષ એ કે – સુષેણ નામે સેનાપતિ રત્ન છે. શું કહ્યું ? દેવાનુપ્રિય ! તું જા સિંધુ મહાનદીના પશ્ચિમ દિશાવર્તી નિષ્કૂટ-કોણવર્તી ભરતક્ષેત્ર ખંડરૂપ, આના વડે પૂર્વ દિશાવર્તી ભરત ક્ષેત્રખંડનો નિષેધ કર્યો છે. આ કયા વિભાજકથી વિભક્ત છે. તે કહે છે – પૂર્વ અને દક્ષિણમાં સિંધુ નદી, પશ્ચિમમાં સાગર, ઉત્તરમાં ગિરિ વૈતાઢ્ય, આના વડે કરેલા વિભાગરૂપપણે સહિત. આના વડે બીજા પાશ્ચાત્ય નિષ્કુટથી ભેદ દર્શાવ્યો છે. તેમાં પણ સમ-સમ ભૂભાગવર્તી અને વિષમ-દુર્ગભૂમિકા અને નિષ્કુટ-અવાંતર ક્ષેત્રખંડરૂપ. ओअवेहि - સાધવું, અમારી આજ્ઞા પ્રવર્તન વડે અમને વશ કરવા. આ કથનથી પ્રથમ સિંધુ નિષ્કુટ સાધવામાં થોડા પણ ભૂભાગના સાધનમાં ગજનિમીલિકા ન કરવી [?] તેમ જણાવે છે. એ પ્રમાણે અખંડ છ ખંડનું રાજાપણાની પ્રાપ્તિ છે. ओअवेत्ता - સાધીને અગ્ર પ્રધાન રત્ન - સ્વ સ્વ જાતિની ઉત્કૃષ્ટ વસ્તુ લે છે. મારી આ આજ્ઞા પાછી સોંપો.

ત્યારપછી સુષેણે જે કર્યું, તે કહે છે – ભરતની આજ્ઞા પછી સુષેણે સ્વામીના આજ્ઞા વચનને વિનયથી સાંભળ્યા. - x - x - સુષેણ કેવો છે ? સેના - હસ્તિ આદિના સ્કંધરૂપ બળના નેતા - સ્વતંત્રપણે પ્રવર્તક, ભરતક્ષેત્રમાં વિશ્રુતયશવાળો,



અતુચ્છ સૈન્યના ક્રમથી ભરતચક્રી સંબંધી પરાક્રમ જેનાથી છે તે. - x - x - મહાત્મા-ઉદાત્ત સ્વભાવ, ઓજસ્વી-આત્મ વડે વીર્યાધિક, તેજથી-શારીરિક લક્ષણ વડે - સત્ત્વાદિથી યુક્ત. પારસી-આરબી પ્રમુખ ભાષામાં પંડિત. તે-તે દેશના મ્લેચ્છોને સામ-દાનાદિ વાક્યો વડે બોધ પમાડવામાં સમર્થ. તેથી જ વિવિધ અગ્રામ્યતાદિ ગુણયુક્ત બોલવાના આચાર વાળો.

ભરતક્ષેત્રમાં નિષ્કુટ, ગંભીર સ્થાન, દુર્ગમ સ્થાન, દુઃખે પ્રવેશી શકાય તેવા સ્થાનો-ભૂભાગોનો જાણકાર, તેમાં તેના રહેનારાની જેમ પ્રચાર ચતુર. તેથી યોગ્યતા મુજબ તેમના શાસનમાં નિયુક્ત. અર્થ શાસ્ત્ર-નીતિશાસ્ત્રાદિમાં કુશળ, સૈન્યમાં મુખ્ય, તેને ભરત રાજાએ એ પ્રમાણે કહેતા હર્ષિત-સંતુષ્ટ થયો ઈત્યાદિ પૂર્વવત્.

પછી તે શું કરે છે ? તે પાઠસિદ્ધ છે. સુષેણ, શરીરના આરોપણથી સન્નદ્ધ, કષના બંધનથી બદ્ધ, લોહકવચાદિ વર્મ, - x - એવા કવચવાળો. ઉત્પીડિત-ગાઢ ગુણારોપણથી દંઢીકૃત્. શરાસન પટ્ટિકા-ધનુર્દંડ, ગ્રીવાભરણ કે ગીવા ત્રાણ પહેરેલો, બદ્ધ-ગ્રંથિદાનથી આવિદ્ધ, મસ્તક વેષ્ટનથી પરિહિત, વીરાતિવીર સૂચક વસ્ત્ર વિશેષયુક્ત, આયુધ અને પ્રહરણ ગ્રહણ કરેલો - આ બંનેમાં ક્ષેપ્ય અને અક્ષેપ્યકૃત ભેદ જાણવો, તેમાં ક્ષેપ્ય-બાણાદિ, અક્ષેપ્ય-ખડ્ગાદિ. - x -

પછીનું સૂત્ર પૂર્વ વ્યાખ્યાત છે. વિશેષ એ – સુષેણ ચર્મ રત્નને સ્પર્શે છે. અહીં પ્રસ્તાવથી ચર્મરત્નનું વર્ણન કહે છે - x - તે વિસ્તૃતનામક છે, આવા સ્વરૂપે 'इन' - સ્વામી, ચક્રવર્તીરૂપ જેને છે તે. જેના હસ્તસ્પર્શથી ઈચ્છા વડે કે વિસ્તૃણ કરે છે, તે સ્વામી. શ્રીવત્સ સમાનરૂપ જેનું છે તે. [શંકા] શ્રીવત્સ આકારત્વમાં ચારે પણ છેડા સમ અને વિષમ હોય છે અને તે કિરાતે કરેલ વૃષ્ટિ-ઉપદ્રવ નિવારણ માટે તીર્છું વિસ્તારવા વડે વૃત્તાકારથી છત્રરત્ન સાથે કઈ રીતે સંઘટના થાય ? [સમાધાન] સ્વતઃ શ્રીવત્સાકાર પણ હજાર દેવના અધિષ્ઠિતપણાથી યથા અવસર ચિંતિતાકાર થાય છે, તેથી તેમાં દોષ નથી.

મોતી, તારક, અર્ધચંદ્ર એ બધાંના આલેખ્ય-ચિત્રો જેમાં છે તે, અચલ-અકંપ, બંને સદંશાર્થક છે. શબ્દના અતિશયથી અતિ દંઢ પરિણામ સૂચવે છે. ચક્રી સકલ સૈન્યાક્રાંતત્વમાં પણ જરાપણ કંપતા નથી. અભેદ્ય-દુર્ભેદ્ય કવચ સમાન, અર્થાત્ વજ્ર ખંજર સમાન દુર્ભેદ્ય, નદી કે સાગરને પાર કરવાના યંત્રરૂપ-ઉપાયભૂત, દિવ્ય-દેવકૃત્ પ્રાતિહાર્ય ચર્મરત્ન-ચર્મમાં પ્રધાન, પવન-પાણી વડે અનુપઘાતિ. જેમાં શણધાન્ય ૧૭-સંખ્યામાં છે, તે સર્વધાન્યો વવાય છે, એક જ દિવસમાં તે લણાય છે. સંપ્રદાય આ પ્રમાણે છે – ગૃહપતિરત્ન આ ચર્મરત્નમાં સૂર્યોદયે ધાન્ય વાવે છે, અસત્ સમયે લણી લે છે. આ ૧૭ ધાન્યો – શાલિ, જવ, ઘઉં, કોદરા, રાલય, તલ, મગ, અડદ, ચોળા, ચણા, તુવેર, મસૂર, કુલત્થા, ગોધુમ, નિષ્પ્રાવ, અતસી, શણ છે. - x - બીજો ચોવીશ ધાન્ય પણ કહ્યા છે. લોકમાં પણ ઘણાં ક્ષુદ્ર ધાન્યો છે.

ફરી ચર્મરત્નના બીજા ગુણો કહે છે – જલદ વૃષ્ટિ જાણીને ચક્રવર્તી વડેલ સ્પર્શેલ દિવ્ય ચર્મરત્ન બાર યોજન તીર્છું વધે છે. તેમાં ઉત્તર ભારત મધ્યખંડવર્તી

કિરાતકૃત્ મેઘોપદ્રવ નિવારણાદિ કાર્યમાં કિંચિત્ અધિક છે. [શંકા] બાર યોજનની મર્યાદામાં રહેલ ચક્રી સ્કંધાવારનો અવકાશ બાર યોજન પ્રમાણ જ છે, અહીં વધારે યોજેલ છે તો અધિક વિસ્તારવાથી શું ? [સમાધાન] ચર્મ-છત્ર બંનેના અંતરાલ પૂરણને માટે ઉપયોગમાં લીધો, માટે સાધિક વિસ્તાર કહ્યું.

અહીં 'यत्' શબ્દથી ફરી દિવ્ય ચર્મરત્નનું ગ્રહણ કરેલ છે. તે આલાવો અંતર વ્યવધાનથી વિસ્મરણશીલ શિષ્યના સ્મરણાર્થે છે.

હવે પ્રસ્તુત સૂત્ર — પછી તે દિવ્ય ચર્મરત્ન સુષેણ સેનાપતિ વડે સ્પૃષ્ટ થતા વિલંબરહિતપણે મોટી નદી પાર કરવાની નાવતુલ્ય થઈ ગયું. - x - ચર્મરત્ન નાવ થયા પછી સુષેણ સેનાપતિ સૈન્યની જે હસ્તિ આદિ ચાતુરંગ શિબિકાદિરૂપ, તેની સાથે વર્તે છે જે તે સ્કંધાવાર બલવાહન નાવરૂપ ચર્મરત્ન ઉપર બેસે છે.

સિંધુમહાનદી, વિમળજળના અતિ ઉચ્ચ કલ્લોલ જેમાં છે તે તથા તે નાવરૂપ ચર્મરત્નથી બલ-વાહન સાથે વર્તે છે, તે સબલવાહન. એ પ્રમાણે ભરતની આજ્ઞા સહિત સારી રીતે પાર ઉતર્યા. બીજી કથાની પ્રસ્તાવનામાં મહાનદી સિંધુ પાર કરવામાં અખંડિત આજ્ઞ સેનાપતિ. કેટલાંક ગામ, આકર, નગર, પર્વત, ખેડ ઈત્યાદિ અર્થાત્ ક્વચિત્ ખેડ-મડંબ, ક્વચિત પતન તથા સિંહલ અને બર્બર દેશોદ્ભવ, સર્વ અંગલોક અને બલાવલોક, આ બંને પણ મ્લેચ્છ જાતિય જનાશ્રયભૂત સ્થાન, યવન દ્વીપ-નામે દ્વીપ વિશેષ, એમ આગળ પણ જાણવું. —

— આ ત્રણેમાં પણ સાધારણ-વિશેષ કહે છે — પ્રવર મણિ-રત્ન-કનકોના ભાંડાગાર, તેના વડે સમૃદ્ધ. આરબ અને રોમ દેશમાં જન્મેલ, અલસંડ વિષયવાસી, પિકખુરાદિ મ્લેચ્છ વિશેષ, આ બધાંને સાધવા વડે બાકીના નિષ્કુટ પણ સાધિત કહ્યા છે કે નહીં ?

ઉત્તર દિશાવર્તી વૈતાઢ્ય, આ દક્ષિણસિંધુ નિષ્કુટાંતથી, અહીંથી વૈતાઢ્ય ઉતર દિશામાં વર્તે છે, તેમાં ઉત્પન્ન અને રહેલ મ્લેચ્છ જાતિ ઘણાં પ્રકારે છે. નૈઋર્ત ખૂણા સુધી સિંધુ નદી સંગત સાગર તે સિંધુસાગર, ત્યાં સુધી, સર્વ પ્રવર કચ્છદેશ સાધીને સ્વાધીન કરીને પાછો વળ્યો. તે કચ્છદેશના બહુસમરમણીય ભૂમિભાગમાં સુષેણ સુખેથી રહ્યો. પછી શું થયું ? તે કહે છે —

તે કાળે - x - x - દેશ, નગર અને પત્તનોના, તે નિષ્કુટમાં સ્વામિક-ચક્રવર્તી, સુષેણ સેનાપતિ અપેક્ષાથી અલ્પઋદ્ધિકપમાથી અજ્ઞાતસ્વામીમાં અજ્ઞાતાર્થે क પ્રત્યય છે. જે ઘણાં સુવર્ણાદિની ખાણના સ્વામી, દેશકાર્ય નિયુક્ત મંડલના સ્વામી, તેઓ પ્રાભૃત, અંગ પરિધેય-આભરણ, ઉપાંગ પરિધેય-ભૂષણ, રત્ન, બહુ મૂલ્ય વસ્ત્રો, બીજી હાથી-સ્થાદિક પ્રધાન વસ્તુ, રાજા યોગ્ય ભેંટણા, જે અભિલષણીય હોય આ બધું પૂર્વોક્ત સેનાપતિ પાસે લાવે છે. મસ્તકે અંજલિ કરે છે.

ત્યારપછી તેઓ શું કરે છે ? - x - પ્રાભૃતાદિ લાવ્યા પછીના કાળે અંજલિ કર્યા પછીના અવસરે ફરી પણ મસ્તકે અંજલિ કરી, નમ્રત્વ સ્વીકારી, "તમે અહીં અમારા સ્વામી છો" દેવતાની જેમ શરણાગત છો, "અમે તમારા દેશવાસી છીએ"



આ વિજયસૂચક વચન બોલતા સેનાપતિ વડે ઔચિત્યાનુસાર નગરાદિના અધિપતિ આદિ પૂર્વકાર્યમાં નિયોજિત, વસ્ત્રાદિ વડે પૂજિત અને સ્વસ્થાને જવાને અનુજ્ઞા અપાયેલ છે. તેઓ પાછા ફરીને પોત-પોતાના નગરાદિમાં પ્રવેશ્યા.

વિસર્જન પછી સેનાપતિએ જે કર્યુ તે કહે છે — તે કાળે સેનાપતિ સવિનયી, સ્વામી ભક્તિને અંતરમાં ધારી પ્રાભૃતાદિ લઈને ફરી પણ તે સિંધુમહાનદી પાર કરીને અક્ષત-ક્વચિત્ અખંડિત શાસન-આજ્ઞા અને બળ જેનું છે તે, તે પ્રમાણે જ જેમ-જેમ પોતે સાધ્યા, તેમ-તેમ ભરત રાજાને નિવેદન કરે છે, કરીને પ્રાભૃતો અર્પણ કરે છે. - x - x - પછી સ્વામી વડે વસ્ત્રાદિથી સત્કારિત, બહુમાન વચનાદિથી સત્કારિત, પ્રભુના સત્કારત્વથી હર્ષ પ્રાપ્ત, તેને સ્વ સ્થાને જવાની અનુજ્ઞા પામી, પોતાના દિવ્યપટકૃત્ મંડપ કે પ્રાસાદમાં પ્રવેશ્યો. હવે પોતાના આવાસમાં પ્રવેશેલ સુષેણ કઈ રીતે વિલાસ કરે છે, તેને જણાવે છે —

ત્યારપછી તે સુષેણ સેનાપતિ ન્હાયો ઈત્યાદિ પૂર્વવત્. રાજ ભોજન વિધિથી જમ્યો. ભોજન પછીના કાળે ઉપવેશન સ્થાને આવ્યો. યાવત્ પદથી શુદ્ધ પાણી વડે હાથ-મુખને ધોયા, લેપ-સિકથ આદિ દૂર કરવા વડે ચોખ્ખો થયો, એ રીતે પરમ શૂચિભૂત થયો. શિષ્ટજનનો ક્રમ આમજ હોવાથી કહે છે કે ઉક્ત ત્રણે પદની યોજના ક્રમ પ્રાધાન્યથી "ભોજન કર્યા પછી" એ પદ પૂર્વક યોજવી. અન્યથા જુગુપ્સાપાત્ર થાય.

ફરી સેનાપતિને વિશેષથી કહે છે — સરસ ગોશીર્ષ ચંદનથી ગાત્ર - શરીરના અવયવો - વક્ષઃ વગેરેને સીંચ્યા - x - અહીં જે ચંદન વડે સીંચન કહ્યું તે માર્ગના શ્રમને દૂર કરવાને માટે છે. સીંચેલા ચંદનથી જ તાપના વિરહિતત્વથી અતિ શીતલ સ્પર્શ થાય છે. ઉપરના શ્રેષ્ઠ પ્રાસાદે પહોંચ્યો. અતિ જલ્દી આસ્ફાલનના વશથી દ્વિદલત્‌ની માફક મૃદંગોના મસ્તકની માફક ઉપરનો ભાગ, ઉભય પાર્શ્વ ચામડા વડે બંધાયેલ હતો, તેના વડે ઉપનૃત્યમાન ઈત્યાદિ યોજવું. તથા બત્રીશ અભિનેતવ્ય પ્રકાર વડે રાજપ્રશ્નીય ઉપાંગ સૂત્રમાં કહેલ છે. - x - x - નૃત્ય વિષયી કરાતા તે અભિનય સહ નર્તનથી, તેના ગુણ ગાનથી ઉપગીયમાન, ઈપ્સિત અર્થના સંપાદનથી ઉપલભ્યમાન. - x - ઈષ્ટ-ઈચ્છા વિષયી કૃત્ શબ્દાદિ પંચવિધ મનુષ્ય સંબંધી કામભોગ, શબ્દ-રૂપ તે કામ, સ્પર્શ-રસ-ગંધ તે ભોગ, તેને ભોગવતો વિચરે છે.

● **સૂત્ર-૭૭ :-**

***ત્યારે તે ભરત રાજા અન્યદા ક્યારેક સુષેણ સેનાપતિને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહ્યું — ઓ દેવાનુપ્રિય ! જલ્દી જા, તિમિસ્ર ગુફાના દક્ષિણ દિશાના દ્વારના કમાડ ઉઘાડો. ઉઘાડીને મારી આ આજ્ઞા પાછી સોંપો. ત્યારે તે સુષેણ સેનાપતિ ભરત રાજાએ એવું કહેતા હર્ષિત-સંતુષ્ટ-આનંદિત ચિત્ત થઈ યાવત્ બે હાથ જોડી, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ કરી યાવત્ પ્રતિશ્રવણ કરે છે. કરીને ભરત રાજાની પાસેથી નીકળ્યો.***

***પછી જ્યાં પોતાનો આવાસ છે, જ્યાં પૌષધશાળા છે ત્યાં આવે છે,***

*આવીને દર્ભ સંસ્તારકે બેસે છે યાવત્ કૃતમાલ દેવ નિમિત્તે અટ્ઠમ ભક્ત ગ્રહણ કરે છે. પૌષધશાળામાં પૌષધિક, બ્રહ્મચારી યાવત્ અટ્ઠમભક્ત પરિણમમાણ થતાં પૌષધશાળાથી નીકળ્યો. નીકળીને જ્યાં સ્નાનગૃહ છે, ત્યાં આવે છે. આવીને સ્નાન કરી, બલિકર્મ કરી, કૌતુક-મંગલ-પ્રાયશ્ચિત્ત કરી, શુદ્ધ-પ્રાવેશ્ય-મંગલ પ્રવર વસ્ત્રો પહેરી, અલ્પ પણ મહાર્ઘ આભરણથી શરીર અલંકૃત્ કરી, હાથમાં ધૂપ-પુષ્પ-ગંધ-માલા સહ સ્નાનગૃહથી નીકળે છે.*

*ત્યારપછી જ્યાં તિમિસ્ર ગુફાનાં દક્ષિણી દ્વારના કમાડ હતા ત્યાં જવા નીકળ્યો. ત્યારપછી તે સુષેણ સેનાપતિના ઘણાં રાજા-ઈશ્વર-તલવર-માડંબિક યાવત્ સાર્થવાહ વગેરેમાં કેટલાંક હાથમાં ઉત્પલ લઈને યાવત્ સુષેણ સેનાપતિની પાછળ-પાછળ જાય છે. ત્યારે તે સુષેણ સેનાપતિની પાછળ ઘણી કુબ્જા ચિલાતિકાઓ યાવત્ ઇંગિત-ચિંતિત-પ્રાર્થિતને જાણનારી, નિપુણ-કુશલ-વિનીત હતી. કેટલીક હાથમાં કળશ લઈને યાવત્ પાછળ જતી હતી.*

*ત્યારે તે સુષેણ સેનાપતિ સર્વઋદ્ધિથી સર્વદ્યુતિથી યાવત્ નિર્ઘોષ નાદિતથી જ્યાં તિમિસ્ર ગુફાનું દક્ષિણદિશાનું દ્વાર છે, તેના કમાડ પાસે આવે છે. આવીને જોતાની સાથે જ પ્રણામ કરે છે. કરીને મોરપીંછીને સ્પર્શે છે, સ્પર્શીને તિમિસ્ર ગુફાના દક્ષિણી દ્વારના કમાડને મોરપીંછીથી પ્રમાર્જે છે, પ્રમાર્જીને દિવ્ય ઉદકધારાથી પ્રક્ષાલે છે. પછી સરસ ગોશીર્ષ ચંદનથી પંચાંગુલિતલથી થાપા આપે છે. થાપા મારીને અગ્ર શ્રેષ્ઠ ગંધ અને માળા વડે અર્ચિત કરે છે. કરીને પુષ્પારોહણ યાવત્ વસ્ત્રારોહણ કરે છે. કરીને ઉપરથી નીચે સુધી ફેલાયેલ, વિસ્તીર્ણ, ગોળ ચંદરવો બાંધ્યો. બાંધીને સ્વચ્છ, શ્લક્ષ્ણ રજતમય અચ્છરસ તંદુલો વડે તિમિસ્ર ગુફાના દક્ષિણના દ્વારના કમાડ આગળ આઠ-આઠ મંગલ આલેખે છે - સ્વસ્તિક, શ્રીવત્સ યાવત્ કચગ્રહ ગ્રહિત કરતલ પ્રભ્રષ્ટ ચંદ્રપ્રભ-વજ-વૈડૂર્ય વિમલ દંડ યાવત્ ધૂપ આપે છે. આપીને ડાબો ઘૂંટણ ઉંચો કરીને યાવત્ મસ્તકે અંજલિ કરી કમરાડોને પ્રણામ કરે છે.*

*ત્યારપછી દંડ રત્નને હાથમાં લે છે. તે દંડરત્નતીર્છા અવયવ યુક્ત હતું, વજસારનું બનેલ, સર્વશત્રુ સેનાનું વિનાશક, રાજાની છાવણી, ગર્ત્તા-દરી-વિષમ પ્રાગ્ભાર-ગિરિવર પ્રપાતને સમ કરનાર હતું તે રાજાને શાંતિ-શુભ-હિતને કરનારું હતું. રાજાના હૃદયના ઈચ્છિત મનોરથનું પૂરક હતું. દિવ્ય-અપ્રતિહત હતું તે દંડરત્ન લઈને સાત-આઠ પગલાં પાછો ખસ્યો, પાછો ખસીને તિમિસ્ર ગુફાના દક્ષિણના દ્વારના કમાડને દંડરત્ન વડે મોટા-મોટા શબ્દોથી ત્રણ વખત પ્રહાર કર્યો.*

*ત્યારે તિમિસ્રગુફાના દક્ષિણના દ્વારના કમાડ સુષેણ સેનાપતિ વડે દંડરત્નથી મોટા-મોટા શબ્દથી ત્રણ વખત આહત કરાતા મોટા-મોટા શબ્દોથી કૌંચારવ કરતાં સર-સર કરતાં પોતાને સ્થાને સરક્યા. ત્યારે સુષેણ સેનાપતિ તિમિસ્ર ગુફાના દક્ષિણના દ્વારના કમાડ ઉઘાડે છે, ઉઘાડીને જ્યાં ભરત રાજા છે, ત્યાં જાય છે. જઈને યાવત્ ભરત રાજાને બે હાથ જોડી, જય અને વિજયથી વધાવે છે. વધાવીને આમ કહ્યું –*

*દેવાનુપ્રિય ! તિમિસ્ર ગુફાના દક્ષિણ દિશાના દ્વારના કમાડ ઉઘડી ગયા છે. દેવાનુપ્રિયને આ પ્રિય નિવેદન પ્રિય થાઓ. ત્યારે ભરત રાજા સુષેણ સેનાપતિ પાસે આ કથન સાંભળી-સમજી, હર્ષિત-સંતુષ્ટ-આનંદિત ચિત્ત થઈ યાવત્ સુષેણ સેનાપતિને સત્કારે છે, સન્માને છે. સત્કારી-સન્માની કૌટુંબિક પુરુષોને બોલાવે છે. બોલાવીને આમ કહ્યું – ઓ દેવાનુપ્રિયો ! જલ્દીથી આભિષેક્ય હસ્તિરત્નને સજાવો, અશ્વ-હાથી-રથ-પ્રવર યોદ્ધા પૂર્વવત્ યાવત્ અંજનગિરિકૂટ સમાન શ્રેષ્ઠ હાથી ઉપર તે નરપતિ આરૂઢ થયો.*



**● વિવેચન-૭૭ :-**

સૂત્ર નિગદસિદ્ધ છે. સંબંધ સંતતિ સંસ્કાર માત્રથી વિવરણ કરાય છે. પછી તે ભરતરાજા અન્યદા કોઈ દિને સુષેણ સેનાપતિને બોલાવે છે, બોલાવીને એમ કહ્યું – દેવાનુપ્રિય ! જલ્દી જા. તમિસ્રા ગુફામાં દક્ષિણના દ્વારના કમાડો - x - ઉદ્‌ઘાટિત કરો યાવત્ મને આ આજ્ઞા પાછી સોંપો.

અહીં ભરતની આજ્ઞાનું પ્રતિશ્રવણાદિ, સ્નાનગૃહથી નીકળવું ત્યાં સુધી પૂર્વવત્ કહેવું. વિશેષ આ - તમિસ્રાગુફાના દક્ષિણી દ્વારના કમાડો પાસે જવાનો સંકલ્પ કર્યો. તમિસ્ર ગુફા ગમન સંકલ્પકરણ પછી ઘણાં રાજા ઈશ્વરાદિ લોકો સુષેણ સેનાપતિની પાછળ ચાલ્યા. અહીં બધું ભરત ચક્રીની અર્ચાની માફક કહેવું. દાસીસૂત્ર પણ પૂર્વવત્ છે. વિશેષ આ – કેવા લક્ષણવાળી દાસી ? કથન તો દૂર, નયનાદિની ચેષ્ટાથી જ સ્વામીના મનમાં સંકલ્પિત જે - તે પ્રાર્થિત છે તે-તે જાણે છે. તથા અત્યંત કુશલા, આજ્ઞા કારિણી આદિ.

પછી તમિસ્રા ગુફાભિમુખ ચાલ્યા પછી તે સુષેણ સેનાપતિ સર્વ ઋદ્ધ્યાદિથી યાવત્ નિર્ઘોષ નાદિતથી તમિસ્રા ગુફાના દક્ષિણી દ્વાર પાસે આવ્યો. આવીને જોતાં જ પ્રણામ કરે છે. પછી બધું ચક્રરત્નની પૂજાવત્ કહેવું. અંતે ફરી પણ કમાડોને પ્રણામ કરે છે. કેમકે તે - x - શિષ્ટવ્યવહાર ઔચિત્ય છે. પ્રણામ કરીને દંડરત્નને સ્પર્શે છે.

હવે અવસરગત દંડરત્ન સ્વરૂપ નિરૂપણ કરે છે. - તે દંડ રત્ન અર્થાત્ દંડજાતિમાં રત્ન-ઉત્કૃષ્ટ, ક્યારેય પણ પ્રતિઘાત ન પામનાર, દંડ નામે રત્ન ગ્રહણ કરીને સાત-આઠ પગલાં સરકે છે. તે કેવું છે ? રત્નમયી કત્તલિકારૂપ અવયવો જેમાં છે તે. વજરત્નના પ્રધાન દ્રવ્યમય તેના દલિક, સર્વ શત્રુસેનાનું વિનાશક, નરપતિની છાવણીના પ્રસ્તાવથી જવાને પ્રવૃત્ત થતાં ગર્ત્તાદિ, પ્રાગ્ભારાંત પદો પૂર્વવત્. ગિરિ-પર્વત. અહીં ગિરિ શબ્દથી ક્ષુદ્રગિરિ લેવા. - x - તે બધાંથી સંરક્ષણીય. પ્રપાત - જતાં લોકોના સ્ખલન હેતુથી પાષાણ કે ભૃગુ હોય તેને સમ કરવા, શાંતિકર - ઉપદ્રવ શામક.

[શંકા] જો ઉપદ્રવ ઉપશામક છે, તો દંડરત્નમાં સગર ચક્રીના પુત્રોને જ્વલનપ્રભનાગાધિપે કરેલ ઉપદ્રવ કેમ ઉપશાંત ન થયો ?

[સમાધાન] કેમકે સોપક્રમ ઉપદ્રવને શાંત કરવાનું જ તેનું સામર્થ્ય છે,

અનુક્રમ ઉપદ્રવ તો સર્વથા દૂર ન કરી શકાય તેવો જ છે. અન્યથા વીર ભગવંતે કુશિષ્યે છોડેલ તેજોલેશ્યા સુનક્ષત્ર અને સર્વાનુભૂતિ બંને સાધુને કઈ રીતે બાળી શકી ? અવશ્યભાવિ ભાવો મહાનુભાવો વડે પણ દૂર કરવાનું શક્ય નથી. શુભકર - કલ્યાણકર, હિતકર-ગુણોને ઉપકારક. રાજા-ચક્રવર્તીના હૃદયના ઈચ્છિત મનોરથપૂરક, કેમકે ગુફાના કબાટ ઉઘાડવાના કાર્યકરણમાં સમર્થ છે. હજાર દિવ્ય યક્ષ અધિષ્ઠિત છે.

અહીં સેનાપતિનું સાત-આઠ પદ સરકવું, તે દૃઢ પ્રહાર કે અધિક પ્રહાર કરવાને માટે છે. સરકીને શું કર્યુ ? તમિસ્રા ગુફાના દક્ષિણી દ્વારના કમાડ દંડરત્ન વડે મોટા-મોટા શબ્દોથી ત્રણ વાર તાડિત કર્યા. જે રીતે મહા શબ્દ ઉત્પન્ન થાય તેવા પ્રકારે તાડન કરે છે. - x - x - x - પછી શું થયું ? તાડન પછી તમિસ્રા ગુફાના દક્ષિણી દ્વારના કમાડો સુષેણ સેનાપતિએ દંડ વડે તાડિત કર્યા પછી મોટા અવાજ સાથે ચરહરાટ કરતાં - x - તે કમાડો પોતાના સ્થાનેથી - x - x - સરક્યા.

तए णं० ઈત્યાદિ... આ સૂત્ર આવશ્યક ચૂર્ણિમાં અને વર્ધમાન સૂરિકૃત્ આદિ ચારિત્રમાં દેખાતું નથી. તેમાં કમાડ ઉદ્ઘાટન જ અભિહિત છે - x - x - વિઘાટનાર્થે આ સૂત્ર ફરી કહેલ છે. કમાડો સરક્યા પછી સુષેણ સેનાપતિ તમિસ્રા ગુફાના દક્ષિણી દ્વારના કમાડો ઉઘાડીને શું કરે છે ? - x - x - દેવાનુપ્રિયને પ્રિય નિવેદન કરીએ. - x - x - આપને તે પ્રિય થાઓ. - x - પછી ગજારૂઢ થયેલ રાજાએ જે કર્યું, તે કહે છે —

● **સૂત્ર-૭૮ :-**

*ત્યારપછી રાજા ભરતે મણિરત્નને સ્પર્શ કર્યો. તે મણિરત્ન ચાર અંગુલ પ્રમાણ માત્ર, અનર્ઘ, ત્ર્યસ્ર, નીચે ષટ્કોણ, અનોપમ દ્યુતિ, દિવ્ય, મણિરત્નના સ્વામીવત્, વૈડૂર્ય જાતિક, બધાં જીવોને કાંત હતું. જે મસ્તકે ધરે તેને કોઈ દુઃખ ન રહે, યાવત્ સર્વકાળ આરોગ્યપ્રદ હતું. તીર્યંચ-દેવ-માનુષ્યકૃત્ ઉપસર્ગ સર્વે તેમને દુઃખ કરતાં ન હતા. સંગ્રામમાં પણ તે મણિને ધારણ કર્તા મનુષ્યને અશસ્ત્રવધ્ય હતું. તેના પ્રભાવે યૌવન સ્થિર રહેતુ અને વાળ-નખ અવસ્થિત રહે છે. સર્વ ભય રહિત છે.*

*તે મણિરત્ન ગ્રહણ કરીને તે નરપતિ હસ્તિરત્નના દક્ષિણ કુંભીએ બાંધે છે. પછી તે ભરતાધિપતિ નરેન્દ્રનું વક્ષસ્થળ હારોથી વ્યાપ્ત, સુશોભિત અને પ્રીતિકર હતું યાવત્ તે અમરપતિ સદૃશ ઋદ્ધિવાળો અને પ્રથિત કીર્તિ લાગતો હતો. મણિરત્નકૃત્ ઉધોત તથા ચક્રરત્ને દેખાડેલ માર્ગે અનેક હજાર રાજા તેની પાછળ ચાલતા હતા. મહા ઉત્કૃષ્ટ સીંહનાદના બોલ અને કલકલ રવથી સમુદ્રના રવની જેમ ગર્જના કરતાં-કરતાં જ્યાં તમિસ્ર ગુફાનું દક્ષિણ દ્વાર હતું, ત્યાં આવે છે. આવીને તમિસ્ર ગુફાના દક્ષિણી દ્વારે આવ્યો. મેઘાંધકારથી નીકળતા ચંદ્રની જેમ તે તમિસ્ર ગુફામાં પ્રવેશ્યો.*

*ત્યારપછી ભરત રાજા છતલયુક્ત, બાર ખૂણાવાળા, આઠ કર્ણિકા,*



*અધિકરણી સંસ્થિત, આઠ સૌવર્ણિક કાકણિરત્નને સ્પર્શે છે. તે ચાર અંગુલ પરિમિત, વિષનાશક, અનુપમ, ચતુરસ્ર સંસ્થાન સંસ્થિત, સમતલ, સમુચિત માનોન્માન યુક્ત હતું. સર્વજન પ્રજ્ઞાપક સંસૂચક હતું.*

*જે ગુફાના અંદરના અંધકારને ચંદ્ર કે સૂર્ય નષ્ટ કરી શકતો ન હતો, અગ્નિ કે બીજા મણિ જેને નિવારી શકતા ન હતા, તે અંધકાર કાકણી રત્ન નષ્ટ કરતું હતું. તેની દિવ્યપ્રભા બાર યોજન સુધી વિસ્તૃત હતી. ચક્રવર્તીની સૈન્ય છાવણીમાં સર્વકાળે શતમાં દિવસ જેવો પ્રકાશ કરવાનો તેનો પ્રભાવ હતો. બીજા અર્ધ ભરતને વિજય કરવાના હેતુથી, તેના પ્રકાશમાં રાજા ભરતે સૈન્ય સહિત તમિસ્રા ગુફામાં પ્રવેશ કર્યો.*

*રાજા ભરતે કાકણીરત્ન હાથમાં લઈ તમિસ્રા ગુફાની પૂર્વ અને પશ્ચિમ દિશાવર્તી ભીંતો ઉપર એક-એક યોજનના અંતરે ૫૦૦ ધનુષ્ પ્રમાણ વિસ્તીર્ણ, યોજન ક્ષેત્રને ઉદ્યોતિત કરનાર, રથચક્રની પરિધિવત્ ગોળ, ચંદ્રમંડલવત્ ભાસ્વર, ૪૯ મંડલ આલેખિત કર્યા. તે તમિસ્રા ગુફા રાજા ભરત દ્વારા એક-એક યોજનને અંતરે આલિખિત એક યોજન સુધી ઉધોત કરનારા ૪૯ મંડલોથી શીઘ્ર દિવસ સમાન પ્રકાશવાળી થઈ.*

● **વિવેચન-૭૮ :-**

પછી તે ભરત રાજા મણિરત્નને સ્પર્શે છે. મણિરત્ન કેવું છે? - x -દીર્ઘતાથી ચાર અંગુલ પ્રમાણ માત્રાવાળું. च શબ્દથી બે અંગુલ પહોળું લેવું. અમૂલ્ય, તેનાથી કંઈપણ મૂલ્યવાન્ નથી. ત્રણ ખૂણાવાળું, ષડ્કોટિક. લોકમાં પણ પ્રાયઃ વૈડૂર્યનું મૃદંગાકારત્વથી પ્રસિદ્ધપણે હોવાથી મધ્યમાં ઉન્નત-વૃત્તત્વથી અંતરિતના સહજસિદ્ધ ઉભય અંતર્વર્તી ત્ર્યસ્ર છે. કહે છે કે — ષડસ્ર એમ સિદ્ધ હોવા છતાં ત્ર્યસ્ર-ષડસ્ર કેમ કહ્યું?

બંને બાજુના અંતે નિરંતર છ કોટિપણાથી છ ખૂમા સંભવે છે. તેથી તેના વ્યવચ્છેદને માટે ત્ર્યસ્ર છતાં ષડસ્ર કહ્યું. અનુપમદ્યુતિ દિવ્ય મણિરત્નોમાં સર્વોત્કૃષ્ટત્વથી પતિસમાન હતું બધાં ભૂતોને કામ્ય હતું. આ જ ગુણોને બીજી રીતે વર્ણવતા કહે છે — જે મસ્તકે ધારણ કરનારને કંઈ દુઃખ થતું નથી, સર્વકાળે આરોગ્ય રહે છે. તિર્યંચાદિ કૃત્ - તે સંબંધથી તે બધાં ઉપસર્ગો તેને દુઃખ કરતાં નથી. સંગ્રામમાં પણ અલ્પવિરોધી યુદ્ધમાં પણ અશસ્ત્રવધ્ય છે. - x - x - તે શસ્ત્રવધ્ય થતો નથી. તે શ્રેષ્ઠ મણી ધરનાર મનુષ્ય વિનશ્વર ભાવ યૌવન પ્રાપ્ત થાય છે. અર્થાત્ સ્થાયી યૌવન છે. તેના કેશ અને વાળ વધતાં નથી. સર્વભયરહિત થાય છે - x - અહીં દેવ કે મનુષ્યના પક્ષથી થયેલ ભય જાણવો. - x -

હવે મણિરત્ન ગ્રહણ કરીને રાજાએ જે કર્યુ તે કહે છે — ભરત રાજાએ હસ્તિરત્નના દક્ષિણના કુંભસ્થળમાં મણિરત્ન બાંધ્યુ. પછી તે ભરતાધિપ નરેન્દ્રએ હાર ધારણ કર્યો ઈત્યાદિ વિશેષણ પૂર્વવત્. મણિરત્ને કરેલ ઉધોત્ અને ચક્રરત્ને દેખાડેલ માર્ગે યાવત્ - x - તમિસ્રા ગુફાના દક્ષિણી દ્વારે આવે છે. આવીને તેમાં

પ્રવેશે છે. ઈત્યાદિ - x -

પ્રવેશ પછી જે કૃત્ય છે, તે કહે છે — તે ભરતરાજાએ કાકણીરત્નને સ્પર્શે છે. શું વિશિષ્ટ છે, તે કહે છે — ચાર દિશામાં ચાર કોણ, બે ઉર્ધ્વ અને અધો, એ પ્રમાણે છ સંખ્યામાં તલ જેમાં છે તે. તે અહીં મધ્યખંડરૂપ છે. જે ભૂમિમાં અવિષમપણે રહે છે. બાર-નીચે, ઉપર, તીર્છા ચારે દિશામાં પ્રત્યેક ચારે ખૂમા જેમાં છે તે. કર્ણિકા-કોણ. અહીં ત્રણ ખૂણા મળે છે. તેમાં નીચે-ઉપર પ્રત્યેક ચારેના સદ્‌ભાવથી અષ્ટકર્ણિક, અધિકરણી-સોનીનું ઉપકરણ, તેની જેમ સંસ્થિત, સમચતુરસ્રત્વથી તેના જેવો આકાર છે. હવે તૌલ્યમાન કહે છે — આઠ સુવર્ણમાન છે, તેથી અષ્ટ સૌવર્ણિક. તેમાં સુવર્ણમાન આ પ્રમાણે છે — ચાર મધુર તૃણફળોનો એક શ્વેતસર્ષપ, સોળ શ્વેતસર્ષપનો એક ધાન્યમાષફળ, બે ધાન્યમાષફળનો એક ગુંજ, પાંચ ગુંજનો એક કર્મમાષક, ૧૬-કર્મમાષકનો એક સુવર્ણ. આવા આઠ સુવર્ણ વડે એક કાકણીરત્ન નિષ્પન્ન થાય છે.

આ અધિકારમાં — આ મધુરતૃણફળાદિ ભરત ચક્રીના કાળના સંભવતા જ ગ્રહણ કરવા. અન્યથા કાળ ભેદથી તેનું વૈષમ્ય સંભવતા કાકણીરત્ન બધાં ચક્રીનું તુલ્ય ન થાય. આ કથન માટે અનુયોગદ્વાર વૃત્તિ અને સ્થાનાંગ વૃત્તિનો સાક્ષીપાઠ છે. - x - અહીં અંગુલ-પ્રમાણાંગુલ જાણવું. કેમકે બધાં ચક્રીના કાકણી આદિ રત્નોનું પ્રમાણ તુલ્ય છે વળી - x - x - અનુયોગ દ્વાર સૂત્રના બળથી ઉત્સેધાંગુલ પણ નિષ્પન્ન છે કોઈ વળી સાત એકેન્દ્રિયરત્નો સર્વે ચક્રવર્તીને આત્માંગુલ વડે કહે છે અને બાકીના સાત પંચેન્દ્રિય રત્નો તે કાળના પુરુષોચિત્ત માનથી કહે છે. - x - આ ત્રણે પક્ષમાં સત્ય તો સર્વવિદ્ જાણે. - x -

કાકણી રત્નને સ્પર્શીને શું કરે છે ? તે કહે છે — કાકણીરત્નને ચક્રવર્તી રાજાએ લઈ ૪૯ સુધી મંડલો આલેખ્યા, પછી પ્રવેશ કર્યો. તે મંડલો કેવા છે ? ચાર અંગુલ પ્રમાણ માત્ર, ઐકૈકના ખૂણા ચાર અંગુલ પ્રમાણ વિષ્કંભવાળા છે. - x - આના સમચતુરસ્રત્વથી લંબાઈ અને વિષ્કંભ પ્રત્યેકના ચાર અંગુલ પ્રમાણ જ થાય છે. જે ઉર્ધ્વ કરાતા લંબાઈ થાય, તે જ તીર્છા રખાતા વિષ્કંભ થાય છે. - x - તેથી વિષ્કંભના ગ્રહણથી લંબાઈનું પણ ગ્રહણ જાણવું, કેમકે સમચતુરસ્ર છે. એ પ્રમાણે બધે જ ચાર અંગુલ પ્રમાણ આ સિદ્ધ છે.

અનુયોગદ્વાર સૂત્રમાં ‘‘ઐકૈક કોડી ઉત્સેધાંગુલ વિષ્કંભ, તે શ્રમણ ભગવન્ મહાવીરનું અર્દ્ધાંગુલ’’ કહ્યું, તેને મતાંતર જાણવું, તથા આઠ સુવર્ણ વડે નિષ્પન્ન તે આઠ સુવર્ણ મૂલદ્રવ્ય વડે નિષ્પન્ન કહેવું. વિષ-જંગમાદિ ભેદ ભિન્ન, તેનું હરણ, કેમકે આઠ ગુણ સુવર્ણ મધ્યે વિષહરણ પ્રસિદ્ધ છે. આ તેવા સ્વર્ણમય હતું. અતુલ-તુલા રહિત અનન્ય સદૃશ, ચાર ખૂણાના આકારે રહેલ, અધિકરણી દૃષ્ટાંતથી કહેવું.

(શંકા) અધિકરણિ દૃષ્ટાંતને વિચારતા પૂર્વોક્ત ચાર આંગળ પ્રમાણ થશે નહીં, કેમકે અધિકરણની નીચેનો ભાગ સંકુચિત હોય - તે વિષમ ચતુરસ્ર હોય છે. સમ પણ ન્યૂનાધિક છ તલ જેને છે તે આ જ કથન યત્ શબ્દ ગર્ભિત વાક્ય દ્વારા વિશેષથી કહે છે — જેથી કાકણી રત્નથી માનોન્માન યોગ-માન વિશેષ વ્યવહાર





લોકમાં પ્રવર્તે છે. તેમાં માન-ધાન્યમાન સેતિકા કુડવ આદિ. રસમાન-ચોસઠાદિ, ઉન્માન-કર્ષપલાદિ ખાંડ-ગોળ આદિ દ્રવ્યમાન હેતુ. ઉપલક્ષણથી સુવર્ણાદિ માન હેતુ પ્રતિમાન પણ ગુંજાદિ ગ્રહણ કરવું.

તે વ્યવહારમાં શું વિશેષ છે ? સર્વ જનોના માપના દ્રવ્યોનું આટલું નિર્ણાયક છે. અર્થાત્ જે રીતે હાલ આપ્તજન કૃત્ નિર્ણય અંકથી કુડવાદિમાનનો લોક વિશ્વાસ્ય વ્યવહાર પ્રવર્તે છે. તેની જેમ ચક્રવર્તીકાળે કાકણીરત્ન અંકિત તેના કાળ મુજબ જાણવું. યત્ શબ્દગર્ભ વાક્યથી જ બીજું માહાત્મ્ય કહે છે — ચંદ્ર ત્યાં અંધકારનો નાશ ન કરી શકે. સૂર્ય પણ નહીં, દીપ આદિનો અગ્નિ કે મણીઓ પણ ત્યાં તિમિરનો નાશ ન કરી શકે - x - x - તેવી અંધકારવાળી ગિરિ ગુફાદિમાં તકત્-કાકણીરત્ન, દિવ્ય-પ્રભાવયુક્ત, અંધકારનો નાશ કરે છે.

હવે તે કેટલા ક્ષેત્રને પ્રકાશે છે, તે કહે છે — બાર યોજન તેની લેશ્યા-પ્રભા વૃદ્ધિ પામે છે અર્થાત્ અમંદપણે પ્રકાશે છે. તે લેશ્યા કેવી છે? તિમિરના સમૂહને પ્રતિષેધ કરી તમિસ્રા ગુફાના પૂર્વ-પશ્ચિમે બાર યોજન વિસ્તાર બંને બાજુ પ્રસરીને રહે છે. તે રત્ન રાત્રિમાં પણ સર્વ કાળે સ્કંધાવારમાં દિવસ જેવો પ્રકાશ કરે છે. જેવું દિવસે દેખાય તેવું જ રાત્રિમાં પણ દેખાય છે, જેના પ્રભાવથી ચક્રવર્તી તમિસ્રા ગુફામાં પ્રવેશે છે. સૈનાસહિત બીજા અર્ધાભારત - ઉત્તર ભારતને જીતવા જાય છે. - x - x -

રાજવર-ભરત કાકણીરત્ન લઈને તમિસ્રા ગુફાના પૂર્વ અને પશ્ચિમ ભીંતોમાં યોજનના અંતરે પ્રમાણાંગુલ નિષ્પન્ન યોજનનો અંતરાલ છોડીને, અવગાહનાની અપેક્ષાથી ઉત્સેધાંગુલ નિષ્પન્ન ૫૦૦ ધનુષ્ વિષ્કંભ, વૃત્તના ગ્રહણથી વિષ્કંભ જેટલી જ લંબાઈ પણ જાણવી. એ રીતે ચક્રીના હાથથી કાકણીરત્ન વડે મંડલો કરાયા, આ મંડલ અવગાહ સ્વ-સ્વ પ્રકાશ્ય યોજન મધ્યે જ ગણાય છે. અન્યથા ૪૯-મંડલોના અવગાહમાં ભેગા કરાયેલ ગુફાની ભીંતની લંબાઈ ઉક્ત પ્રમાણથી અધિકપ્રમાણ થાય.

— તેથી જ યોજન માત્ર ક્ષેત્ર પ્રકાશક કહ્યું. જેટલાં મંડલનું અંતરાલ, તેટલા મંડલ પ્રકાશ્ય ગુફાની ભીંતક્ષેત્ર જાણવું. ચક્રની પરિધિ, તેવા આકારે વૃત્ત લેવું. ચંદ્રમંડલના ભાસ્વરત્વ સદૃશ છે. ૪૯ મંડલો-ગોળ, સુવર્ણ રેખારૂપ, કેમકે કાકણીરત્ન સુવર્ણમય છે. આલેખતો-આલેખતો - વિન્યાસ કરતો ગુફામાં પ્રવેશે છે, તેમ જાણવું. અહીં વીપ્સા વચન આભીક્ષ્ણ્યને જણાવવા માટે છે.

મંડલ આલેખનો ક્રમ આ છે — ગુફામાં પ્રવેશતો ભરત પાછળ આવતા લોકોને પ્રકાશ કરવાને માટે દક્ષિણ દ્વારમાં પૂર્વ દિશાના કમાડે પહેલું યોજન છોડીને પહેલું મંડલ આલેખે છે. પછી ગોમૂત્રિકાક્રમે આગળ પશ્ચિમ દિક્ કમાડ ઉક્કમાં ત્રીજા યોજનાદિમાં બીજું મંડળ આલેખે છે. એ રીતે - x - ચોથા યોજનની આદિમાં ત્રીજું મંડલ, પછી પશ્ચિમદિક્ ભીંતમાં પાંચમા યોજનાની આદિમાં ચોથું મંડલ - x - x - એ ક્રમે ચાલતાં ઉત્તર દિશાના દ્વારે પશ્ચિમ દિશાના કમાડમાં પહેલાં યોજનની

આદિમાં ૪૯-મું એ રીતે આલેખે છે. એ રીતે એક ભીંતમાં-૨૫ અને બીજીમાં ૨૪, એ પ્રમાણે-૪૯ મંડલો થાય છે.

આટલામાં ગુફામાં તીર્છા બાર યોજન પ્રકાશે છે, ઉર્ધ્વ-અધો ભાવથી આઠ યોજન, કેમકે ગુફાના વિસ્તૃત ઉચ્ચત્વ ક્રમથી આટલાં જ થાય છે. આગળ અને પાછળ યોજનને પ્રકાશ કરે છે. [શંકા] ગોમૂત્રિકા રચના ક્રમથી મંડલના આલેખનમાં કઈ રીતે આ યોજન અંતરિત્વ થાય? જો એક ભીંતના મંડલની અપેક્ષા છે, તો બે યોજન અંતરિતત્વ આવશે અન્યથા બીજા મંડલની એક ભીંતમાં થવાનો પ્રસંગ છે, તેમ થાય તો ગોમૂત્રિકા ભંગ થશે. બીજી ભીંતના મંડલની અપેક્ષાથી તો તીર્છા સાધિક બાર યોજન અંતરિતત્વ થશે. [સમાધાન] પૂર્વ ભીંતમાં પહેલું મંડલ આલેખે છે, પછી તેના સામેના પ્રદેશની અપેક્ષાથી યોજન જઈને બીજું મંડળ, પછી તેની સન્મુખના પ્રદેશની અપેક્ષાથી યોજન જઈને પૂર્વની ભીંતમાં ત્રીજું મંડલ આલેખે, એ ક્રમે મંડલ કરતાં ગોમૂત્રિકાકારપણું અને યોજન અંતર થઈ જશે તે સ્પષ્ટ જ છે. - x - x -

એ પ્રમાણે છ યોજન ક્ષેત્રમાં પાંચ મંડલ થાય, તેમાં એક પક્ષમાં ત્રણ અને બીજામાં બે મંડલો થશે. એ પ્રમાણે આ ગોમૂત્રિકા મંડલાકારના રચના ક્રમથી ૫૦ યોજન લંબાઈમાં ગુફામાં ૪૯ મંડલોની સ્થાપના સ્વયં જાણી લેવી. બીજા આચાર્યોના મતે પૂર્વ દિશાના કમાડે આદિમાં યોજન મૂકીને પહેલું મંડલ કરે છે, પછી પશ્ચિમ દિશાના કમાડે તેની સન્મુખ બીજું, પછી પૂર્વ દિશાના કમાડથી પહેલા મંડલ પછી યોજન મૂકીને ત્રીજું - x - x - એ રીતે આગળ આગળ - x - x - એમ બંને ભીંતમાં ૪૯-૪૯ મંડલો થાય છે અને કુળ બંને ભીંતના મળીને ૯૮ મંડલો થાય.

● **સૂત્ર-૭૯ :-**

***તે તમિસ્રા ગુફાના બહુમધ્યદેશ ભાગમાં અહીં ઉન્મગ્નજલા અને નિમગ્નજલા નામે બે મહાનદીઓ કહી છે. જે તમિસ્રા ગુફાના પૂર્વના ભીંત પ્રદેશથી નીકળી, પશ્ચિમ ભીંત પ્રદેશે થઈને સિંધુ મહાનદીને મળે છે. ભગવન્! આ નદીઓને ઉન્મગ્ન જલા અને નિમગ્ન જલા એમ કેમ કહે છે? ગૌતમ! જે ઉન્મગ્ન જલા મહાનદીમાં તૃણ, પત્ર, કાષ્ઠ, શર્કર, અશ્વ, હાથી, રથ, યૌદ્ધા કે મનુષ્ય પ્રક્ષેપે છે, તે ઉન્મગ્નજલા મહાનદી ત્રણ વખત અહીં-તહીં ઘુમાવીને એકાંત સ્થળમાં ફેંકી દે છે. જે નિમગ્ન જલા મહાનદી છે, તે તૃણ-પત્ર-કાષ્ઠ-શર્કર-યાવત્ મનુષ્યને ફેંકે છે. તેને નિમગ્ન જલા મહાનદી ત્રણ વખત અહીં-તહીં ઘુમાવીને જળની અંદર સમાવી દે છે. તેથી તેને ઉન્મગ્ન-નિમગ્ન જલા કહી છે.***

***ત્યારપછી તે ભરતરાજા ચક્રરત્ને દેખાડેલા માર્ગે અનેક રાજા૰ ઈત્યાદિ મહા ઉત્કૃષ્ટ સીંહનાદ યાવત્ કરતાં-કરતાં સિંધુ મહાનદીના પૂર્વના કૂટે જ્યાં ઉન્મમગ્ન જલા મહાનદી છે, ત્યાં જાય છે. જઈને વર્દ્ધકીરત્નને બોલાવે છે, બોલાવીને આમ કહ્યું — ઓ દેવાનુપ્રિય! જલ્દી ઉન્મગ્નજલા-નિમગ્નજલા મહાનદીમાં અનેકશત સ્તંભ સંનિવિષ્ટ અચલ અકંપ અભેદ્યકવચ આલંબનબાહા સવ્વરત્નમય સુખસંક્રમ કરો - પુલ બનાવો. બનાવીને મારી આ આજ્ઞા મને પાછી સોંપો.***



***ત્યારે તે વર્ધકીરત્ન ભરત રાજાએ આમ કહેતા હર્ષિત-સંતુષ્ટ-આનંદિત ચિત્ત યાવત્ વિનયથી સાંભળીને જલ્દીથી ઉન્મગ્ન-નિમગ્નજલા મહાનદીમાં યાવત્ તેવો પુલ બનાવે છે. બનાવીને જ્યાં ભરત રાજા છે, ત્યાં આવીને યાવત્ આજ્ઞા પાછી સોંપે છે.***

***ત્યારે તે વર્ધકીરત્ન ભરત રાજા સ્કંધાવાર અને સૈન્ય સહિત ઉન્મગ્ન-નિમગ્ન જલા મહાનદીમાં તે અનેકશત સ્તંભ સંનિવિષ્ટ યાવત્ સુખ સંક્રમ-પુલ વડે પાર ઉતર્યો. ત્યારે તે તિમિસ્ર ગુફાના ઉત્તર દ્વારના કમાડો સ્વયં જ મોટા-મોટા ક્રૌંચારવા કરતા સરસર કરતાં-કરતાં ખસ્યા.***

● **વિવેચન-૭૯ :-**

તે તમિસ્રાગુફાના બહુમધ્યદેશ ભાગમાં દક્ષિણદ્વારથી તોડ્ક સમથી ૨૧-યોજનથી આગળ ઉત્તર દ્વારના તોડ્કસમથી ૨૧ યોજન પૂર્વે ઉન્મગ્નજલા, નિમગ્નજલા નામક મહાનદીઓ કહી છે. જે તમિસ્ર ગુફાની પૂર્વી ભીંતી પ્રદેશથી પ્રવ્યૂઢ નીકળતી પશ્ચિમ કટકને ભેદીને સિંધુ મહાનદીમાં પ્રવેશે છે. હવે આ નદીનો અન્વર્થ પૂછતા કહે છે — ભદંત ! કયા કારણે ઉન્મગ્ન જલા અને નિમગ્ન જલા મહાનદીઓ કહેવાય છે ?

ગૌતમ ! ઉન્મગ્ન જલા મહાનદીમાં જે તૃણ-પાન-કાષ્ઠ-પત્થરના ટુકડા-હાથી-ઘોડા-રથ-યોદ્ધા કે મનુષ્ય નાંખીએ તે તૃણાદિને ઉન્મગ્ન જલા મહાનદી ત્રણ વખત ભમાડીને-જળ વડે હલાવી-હલાવીને જળપ્રદેશથી નિર્જળ પ્રદેશમાં અર્થાત્ કિનારે ફેંકી દે છે. તુંબડાની જેમ શિલા ઉન્મગ્નજળમાં તરે છે. તેથી ઉન્મજ્જન કરતી હોવાથી ઉન્મગ્ન. - x - હવે બીજીનો નામાર્થ કહે છે — પૂર્વોક્ત વસ્તુ નિમગ્ન જલા નદીમાં ત્રણ વખત હલાવી-હલાવીને જળમાં ડૂબાડી દે છે. શીલાની જેમ તુંબડાને પણ જળમાં ડૂબાડી દે છે. તેથી જ જેમાં તૃણાદિ નિમજ્જે છે માટે નિમગ્ન હવે તેનો નિગમન કહે છે તે સુગમ છે.

આ બંને નદીનું યથાક્રમે ઉન્મજ્જકત્વ અને નિમજ્જકત્વ છે, તેમાં વસ્તુનો સ્વભાવ જ કારણ છે, કેમકે તે તર્કને યોગ્ય નથી. આ બંને પણ વિસ્તારમાં ત્રણ યોજન અને ગુફાના વિસ્તાર જેટલી લાંબી છે. અન્યોન્ય બે યોજનના અંતરે જાણવી. અહીં ભરતે શું કર્યુ ? તે કહે છે —

પછી તે ભરત રાજા ચક્રરત્ન દર્શિત માર્ગે - x - સિંધુ મહાનદીના પૂર્વ તટે - x - અર્થાત્ તમિસ્રાની નીચે સિંધુ વહે છે, તે તમિસ્રાની પૂર્વ ભીંતને આશ્રીને જ છે. ઉન્મગ્ના પણ પૂર્વ ભીંતથી નીકળી છે. તેથી બંનેનું એક સ્થાનપણું સૂચવવાને આ સૂત્ર છે.

ઉન્મગ્નજલા નદી પાસે જાય છે, જઈને વર્ધકીરત્નને બોલાવે છે. બોલાવીને કહ્યું કે — જલ્દીથી આ બંને મહાનદીઓ ઉપર અનેકશત સ્તંભવાળો સુસંસ્થિત, તેથી જ અચલ, મહાબલના આક્રાંતત્વ છતાં પણ સ્વસ્થાનેથી ન ચલે તેવો, અકંપ-દૃઢ સેતુબંધ નિર્માણ કરો અથવા અચલ-પર્વત, તેની જેમ અકંપ, અભેદ્ય કવચ જેવો

- જલાદિ વડે ભેદ ન પામે તેવો. - x - x - આલંબન-ઉપર જતાં અવલંબનરૂપથી દૃઢતર ભીંત જેવા આલંબન સહિત ઉભયપાર્શ્વ જેના છે તેવો. સંપૂર્ણ રત્નમય. જો કે અન્યત્ર પાષાણમય કે કાષ્ઠમય કહ્યો છે. સુખેથી પગ મૂકી ચલાય તેવો. આવો સેતુ બનાવીને મારી આજ્ઞા પાછી સોંપો.

હવે તે શું કરે છે, તે કહે છે — આ અનુવાદ સૂત્ર હોવાથી બધું પૂર્વવત્. [શંકા] ઉન્મગ્નજલાના જળનો ઉન્મજ્જનનો સ્વભાવ છે, તો તેમાં સંક્રમાર્થક શિલાસ્તંભાદિ કઈ રીતે સુસ્થિત રહે છે ? તે દીર્ઘપટ્ટશાલા આકારે છે, જળ ઉપરના કાષ્ઠ આદિમય સંભવતો નથી. કેમકે તેના અસારત્વથી ભાર સહન કરી શકતો નથી. [સમાધાન] વર્ધકીરત્ને દિવ્યશક્તિના અચિંત્ય શક્તિપણાથી કરેલ છે. એના વડે ચક્રી રાજ્યની પરિસમાપ્તિ સુધી સર્વલોક પણ પાર ઉતરે છે. ચક્રીના કાળ સુધી ગુફામાં તે મંડલો પણ તેમજ રહે છે, ગુફા પણ ખુલ્લી રહે છે. ચક્રીના મૃત્યુ બાદ બધી ઉપરમે છે. ઈત્યાદિ - x -

ત્યારપછી તે ભરતરાજા સ્કંધાવાર-રૂપ-બલ સહિત ઉન્મગ્ન-નીમગ્નજલા મહાનદી પાર ઉતરે છે. એમ ઉતરતા ચક્રીને ઉત્તરદ્વારે જે થયું તે કહે છે — ઉત્તર દ્વારના કમાડો સ્વયં જ - દંડરત્નના પ્રહાર વિના જ મોટા-મોટા ક્રૌંચારવથી સરસર કરતાં ખુલી ગયા - x - x - તેનું કારણ એ છે કે — સેનાપતિએ કરેલ કમાડના ઉદ્ઘાટન વિધિથી સંતુષ્ટ ગુપાના અધિપતિના અનુકૂળ આશયથી બીજી બાજુના કમાડ સ્વયં ઉઘડી ગયા. — હવે ઉત્તર ભરતાર્દ્ધ વિજય વિવક્ષા —

● સૂત્ર-૮૦ :-

*તે કાળે તે સમયે ઉત્તરાર્ધ ભરતક્ષેત્રમાં ઘણાં આપાત નામે કિરાતો વસતા હતા, જે આઢ્ય, દીપ્ત, વિત્ત, વિસ્તીર્ણ વિપુલ ભવન-શયન-આસન-યાન-વાહન, બહુધન-બહુ સુવર્ણ-રજત, આયોગ પ્રયોગ સંપ્રયુક્ત, વિછર્દિત પ્રચુર ભોજન-પાનયુક્ત, ઘણાં દાસી-દાસ-ગાય-ભેંસ-ઘેટા પ્રભૂત હતા, ઘણાં લોકોથી અપરિભૂત-શૂર-વીર-વિક્રાંત, વિસ્તીર્ણ-વિપુલ-બલ-વાહનવાળા, ઘણાં સમર સંપરાયમાં લબ્ધલક્ષ્ય હતા.*

*ત્યારે તે આપાત કિરાતો અન્યદા કોઈ દિવસે દેશમાં અકસ્માત સેંકડો ઉત્પાત ઉત્પન્ન થયા. તે આ રીતે — અકાલે ગર્જિત, અકાલે વિદ્યુત્, અકાલે વૃક્ષો ઉપર પુષ્પો આવવા, વારંવાર આકાશમાં દેવતાનો નાચ. ત્યારે તે આપાતકિરાતો દેશમાં ઘમાં સેંકડો ઉત્પાત ઉદ્ભવેલા જુએ છે. જોઈને પરસ્પર બોલાવે છે, બોલાવીને આમ કહ્યું—*

*નિશ્ચે દેવાનુપ્રિયો ! અમારા દેશમાં ઘણાં સેંકડો ઉત્પાતો ઉદ્ભવ્યા છે, જેમકે — અકાળે ગર્જના, અકાળે વિદ્યુત્ - x - ઈત્યાદિ. તો દેવાનુપ્રિયો ! ન જાણે આપણા દેશમાં કેવો ઉપદ્રવ થશે ! એમ વિચારી અપહત મનોસંકલ્પવાળા, ચિંતા-શોક સાગરમાં પ્રવિષ્ટ, હથેળી ઉપર મુખ રાખીને આર્ત્તધ્યાનોપગત, ભૂમિગત દૃષ્ટિક થઈ ચિંતિત થઈ ગયા.*



*ત્યારે તે ભરતરાજા ચક્રરત્ન દર્શિત માર્ગે યાવત્ સમુદ્રના રવભૂતની જેમ કરતાં-કરતાં તમિસ્ર ગુફાના ઉત્તરીય દ્વારેથી અંધકારમાંથી નીકળતાં ચંદ્રની જેમ નીકળ્યો. ત્યારે તે આપાત કિરાતો ભરતરાજાના અગ્રસૈન્યને આવતા જુએ છે, જોઈને આસુરુક્ત, રુષ્ટ, ચાંડિક્ય, કુપિત, ગુસ્સાથી ધમધમતા એકમેકને બોલાવે છે, અને બોલાવીને આ પ્રમાણે કહ્યું — દેવાનુપ્રિયો ! આ કોણ અપ્રાર્થિતના પ્રાર્થિત, દુરંત-પ્રાંતલક્ષણ, હીનપુન્ય ચાતુર્દશ, હ્રી-શ્રી પરિવર્જિત છે, જે અમારા દેશની ઉપર બલાત્કારે જલ્દીથી આવે છે.*

*દેવાનુપ્રિયો ! જલ્દી ત્યાં ધસી જઈએ, જ્યાં આ અમારા દેશની ઉપર બલાત્કારે જલ્દી ન આવે. એમ કહી એકબીજાની પાસે આ અર્થને સાંભળે છે, સાંભળીને સન્નદ્ધબદ્ધવર્મિતકવચવાળા થઈ, ઉત્પીડિત શરાસનપટ્ટિકા, પિનદ્ધ ગ્રૈવેયકા, બદ્ધ-આવિદ્ધ-વીમલવર ચિંધપટ્ટ, આયુધ-પ્રહરણ લઈને જ્યાં ભરત રાજાનું અગ્ર સૈન્ય હતું. ત્યાં આવે છે, આવીને તેમની સાથે યુદ્ધે ચડી ગયા. ત્યારે તે આપાત કિરાતોએ ભરત રાજાના અગ્રસૈન્યને હત-મથિત-પ્રવરવીર ઘાતિક-વિપતિત ચિહ્ન-ધ્વજ-પતાકાવાળું કરી દીધું. ત્યારે તે સૈન્ય મુશ્કેલીથી પોતાના પ્રાણ બચાવી અહીં-તહીં ભાગી છૂટ્યું.*

● વિવેચન-૮૦ :-

ત્રીજા આરાને અંતે, જેમાં ભરત ઉત્તર ભરતાર્દ્ધને જીતવા માટે તમિસ્રા ગુફાથી નીકળે છે, ઉત્તરાર્ધભરત ક્ષેત્રમાં આપાત નામે કિરાતો વસતા હતા, તેઓ ધનિક, ગર્વિષ્ઠ, તેમની જાતિમાં પ્રસિદ્ધ, અતિ વિપુલ ભવનો તેમાં હતા તથા શયન-આસન, રથાદિ, અશ્વાદિયુક્ત હતા. તેમાં પ્રભૂત ગણિમ-ધરિમાદિ ધન, ઘણાં જાત્યરૂપરજત હતા. આયોગ અને પ્રયોગ વ્યાપારમાં જોડાયેલા હતા. તેમને ત્યજેલ-ઘણાં લોકોને ભોજનના દાનથી બચેલું-છાંડેલું સંભવે છે. સવિસ્તર, ઘણાં પ્રકારે, પ્રભૂત ભોજન-પાન જેમાં છે તે. ઘણાં દાસી-દાસ ઈત્યાદિ જેમાં છે તે. ઘણાં લોકો વડે અપરિભૂત, પ્રતિજ્ઞાના નિર્વાહ કે દાનમાં શૂર, સંગ્રામમાં વીર, પૃથ્વી ઉપર આક્રમણમાં સમર્થ, અતિ વિપુલ બલવાહનવાળા, ઘણાં યુદ્ધોમાં - આના દ્વારા અતિ ભયાનકત્વ સૂચવેલ છે, સમરરૂપ યુદ્ધોમાં અમોઘહસ્ત હતા. - x - હવે તે મંડલમાં જે થયું, તે કહે છે —

તે આપાતકિરાતોને અન્યદા કોઈ દિને ચક્રવર્તીના આગમન કાળથી પૂર્વે, - x - x - દેશમાં ઘણાં સેંકડો ઉત્પાતો - અરિષ્ટ સૂચક સેંકડો નિમિત્તો પ્રગટ થયા. તે આ પ્રમાણે — અકાળે વર્ષા, કાલ વ્યતિરિક્ત કાળે ગર્જના, અકાળે વિજળી, અકાળમાં - વૃક્ષમાં પુષ્પો ઉગવા, વારંવાર આકાશમાં ભૂતવિશેષો નાચે છે.

હવે તે આપાતકિરાતો શું કરે છે ? ઉત્પાત્ થયા પછી તેઓ દેશમાં ઘણાં સેંકડો ઉત્પાતો પ્રગટ થયેલા જુએ છે, જોઈને એકબીજાને બોલાવે છે, બોલાવીને આમ કહ્યું - x - આપણાં દેશમાં ઘણાં સેંકડો ઉત્પાતો ઉત્પન્ન થયા છે, જેમકે — અકાળે ગર્જનાદિ, જાણતાં નથી કે અમારા દેશમાં - x - કેવા ઉપદ્રવો થશે ? એમ કહીને વિમનરક, રાજ્યભ્રંશ અને ધન અપહારાદિ ચિંતનથી જે શોકની ચિંતાથી

શોક સાગરમાં ડૂબેલા હતા. ઈત્યાદિ - x - x - આવી પડેલા સંકટમાં શું કરવું, તેમ ચિંતવતા હતા.

હવે પ્રસ્તુત ભરતનું ચરિત કહે છે — તેમના ઉત્પાત ચિંતન પછી તે ભરતરાજા ચક્રરત્ન દર્શિત માર્ગ યાવત્ સમુદ્રના રવ રૂપ ગુફામાં કરતાં-કરતાં તમિસ્ર ગુફાથી ઉત્તરના દ્વારથી નીકળે છે. - x - ગુફાથી નીકળ્યા પછી તે આપાત કિરાતો ભરતરાજાના સૈન્યના અગ્રભાગને આવતા જોઈને આસુરુત્ત ઈત્યાદિ થયા તે પૂર્વવત્. એકબીજાને બોલાવીને આ પ્રમાણે કહ્યું — હે દેવાનુપ્રિયો ! કોઈ અજ્ઞાત અપ્રાર્થિત પ્રાર્થકાદિ વિશેષણ વિશિષ્ટ છે, જે અમારા દેશની ઉપર આત્મશક્તિથી જલ્દી આવે છે, તો આપણે તેને દિશા-વિદિશામાં વિખેરી નાંખીએ. જેથી તે આપણા દેશ ઉપર આત્મશક્તિથી જલ્દી ધસી ન આવે. આ સમયે શું થયું ? તે કહે છે —

અનંતરોદિત વિચિંત્ય એકબીજાની પાસે આ કથનને 'હા' કહી સ્વીકારી, સ્વીકારીને સન્નદ્ધબદ્ધ૦ ઈત્યાદિ પૂર્વવત્. જ્યાં ભરતરાજાનું અગ્રસૈન્ય છે, ત્યાં આવે છે, આવીને તેની સાથે યુદ્ધને માટે પ્રવૃત્ત થયા. તેઓ શું કરે છે ? તે કહે છે — તે આપાત કિરાતોએ ભરત રાજાના અગ્રસૈન્યને હણ્યુ, કેટલાંક પ્રાણત્યાગથી, કેટલાંક માનથી મથિત થયા. કેટલાંક પ્રધાનયોદ્ધા પ્રહારદાનથી ઘાત કરાયા, કેટલાંક સ્વસ્થાનથી ભ્રષ્ટ ગરુડ ધ્વજા, પતાકાદિ ચિહ્ન વાળા થયા, મહા કષ્ટે પ્રાણોને પ્રાપ્ત એકથી બીજા દિશામાં - x - ભાગી ગયા - x - આ તરફ ભરત સૈન્યમાં શું થયું ? તે કહે છે —

● **સૂત્ર-૮૧ થી ૮૩ :-**

*[૮૧] ત્યારપછી તે સેનાબલના નેતા યાવત્ ભરત રાજાના અગ્રસૈન્યને આપાતકિરાત વડે હથ-મથિત-પ્રવરવીર યાવત્ દિશા-વિદિશામાં ભાગતા જોયા, જોઈને અત્યંત ક્રુદ્ધ, રુષ્ટ, ચાંડિક્ય, કુપિત થયો. તે ધમધમતો કમલામેલ અશ્વરત્ન ઉપર આરૂઢ થયો.*

*તે અશ્વરત્ન ૮૦ અંગુલ ઉંચો, ૯૯ અંગુલ પરિધિયુક્ત, ૧૦૮-અંગુલ લાંબો, ૩૨-અંગુલ મસ્તકવાળો, ચાર અંગુલ કાનવાળો, ૨૦ અંગુલ બાહાવાળો, ૪-અંગુલ જાનૂ, ૧૬-અંગુલ જંઘા, ૪-અંગુલ ખુર, દેહનો મધ્યભાગ મુક્તોલી સદૃશ વૃત્ત તથા વલિત, કંઈક અંગુલ નમેલ પૃષ્ઠ, સંનત-સંગાત-સુજાત-પ્રશસ્ત-વિશિષ્ટ પીઠવાળો, હરિણીના જાનુ જેવી ઉન્નત્ત-વિસ્તૃત-સ્તબ્ધ પીઠયુક્ત, વેત્ર-લતા-કસ-નિપાત-અંકેલ્લણ-પ્રહાર પરિવર્જિત દેહવાળો હતો. લગામ સુવર્ણ જડેલ દર્પણ આકારયુક્ત અશ્વોચિત્ત સ્વર્ણાભરણ યુક્ત હતી. કાઠી બાંધવાના હેતુથી પ્રયોજનીય રસ્સી, ઉત્તમ સ્વર્ણઘટિત સુંદર પુષ્પો તથા દર્પણોથી સમાયુક્ત હતી. વિવિધ રત્નમય હતી. તેની પીઠ સ્વર્ણયુક્ત મણિ રચિત તથા કેવલ સ્વર્ણ નિર્મિત પત્રકસંજ્ઞક આભૂષણ જેના મધ્યમાં જડેલ હતા. એવી વિવિધ પ્રકારની ઘંટી અને મોતીની સેરોથી પરિમંડિત હતી. - x -*

*મુખાલંકરણ હેતુ કર્કેતન-ઇંદનીલ-મરકત આદિથી રચિત અને માણેક*



*સાથે આવિદ્ધથી તે વિભૂષિત હતી. સ્વર્ણમય તિલકથી સુસજ્જ મુખ હતું. તે અશ્વ દેવમતિથી વિરચિત હતું. દેવરાજ ઈન્દ્રની સવારીના અશ્વ સમાન ગતિશીલ તથા સુરૂપ હતો. પાંચ ચામરોને ધારણ કરેલો, અનભ્રચારી, વિકસિત નયન, કોકાસિત પત્તલયુક્ત આંખો, સદાવરણનવ કનક તપિત તપનીય તાલુ-જીભ, શ્રી આભિષેક્ય નાક, પુષ્કરપત્ર સમાન-સલિલ બિંદુયુક્ત અચંચલ સ્ફૂર્તિલું શરીર હતું. ચોક્ષ ચરક પરિવ્રાજક સમાન હિલીયમાન, ખુરચરણ ચર્ચપુટથી ધરણિતલને અભિહત કરતો બંને ચરણોને યુગપત્ ઉઠાવતા જાણે મુખમાંથી નીકળતા હોય તેવો જણાતો હતો, તેમની ગતિ લાઘવયુક્ત હતી.*

*તે જળમાં પણ સ્થલ સમાન શીઘ્રતાથી ચાલવામાં સમર્થ હતો. પ્રશસ્ત આવર્ત્તોથી યુક્ત હતો. ઉત્તમ જાતિ-કુળ-રૂપ-વિશ્વાસ્ય હતો. વિશુદ્ધ લક્ષણયુક્ત હતો. સુકુળ પ્રસૂત, મેધાવી-ભદ્રક-વિનીત, અણુ-તનુક-સુકુમાલ-સ્નિગ્ધ રોમ શરીરી હતો. પોતાની ગતિથી દેવતા, મન, વાયુ તથા ગરુડની ગતિને જિતનારો હતો, ચપલ અને દ્રુતગામી હતો. ઋષિની જેમ ક્ષાંતિક્ષમ, સુશિષ્યસમાન પ્રત્યક્ષતઃ વિનીત હતો.*

*તે જળ, અગ્નિ, પત્થર, માટી, કીચડ, કંકરથી યુક્ત સ્થાન. રેતીવાળા સ્તાન, નદીના તટ, પહાડની તળેટી, ઉંચા-નીચા પઠાર, પર્વતીય ગુફા, એ બધાંને અનાયાસ લાંઘવામાં સમર્થ હતો. તે અચંડપાતિક, દંડપાતિક, અણંસુપાતિક, અકાલતાલુ, કાળહેસિ, જિતનિદ્ર ગવેષક, જિતપરિષહ, જાત્યજાતિક, મલ્લિહાનિ, સુગપત્ર સુવર્ણ કોમળ મણાભિરામ કમલામેલ નામના અશ્વરત્નને સેનાપતિ ક્રમથી આરૂઢ થયો.*

*એવા અશ્વારૂઢ સેનાપતિએ રાજા પાસેથી અસિરત્ન લીધું. તે તલવાર નીલકમલ જેવી, ચંદ્રમંડલ સદૃશ, શત્રુવિનાશક હતી. તેની મૂઠ સ્વર્ણ અને રત્નથી નિર્મિત હતી. તેમાંથી નવમાલિકા પુષ્પ જેવી સુગંધ આવતી હતી. વિવિધ પ્રકારે મણીથી નિર્મિત વેલ આદિના ચિત્રો હતા. તે ચમકતી અને તીક્ષ્ણ હતી, લોકમાં અનુપમ હતી. તે વાંસ, વૃક્ષ, ભેંસ આદિના શ્રૃંગ, હાથી આદિના દાંત, લોહ, લોહમય ભારે દંડ, વજ, આદિના ભેદનમાં સમર્થ હતી. સર્વત્ર અપ્રતિહત યાવત્ જંગમ દેહના ભેદનમાં સમર્થ હતી.*

*[૮૨] તે અસિરત્ન ૫૦-અંગુલ લાંબી, ૧૬-અંગુલ પહોળી અને અર્ધ અંગુલ પ્રમાણ જાડી હતી.*

*[૮૩] રાજાના હાથથી તે અસિરત્ન લઈને સેનાપતિ આપાત કિરાતો હતા ત્યાં આવ્યો. આપાત કિરાતો સાથે યુદ્ધ કરવા લાગ્યો. ત્યારે તે સુષેણ સેનાપતિએ આપાતકિરાતોને હત-મથિત-પ્રવરવીર ઘાતિત યાવત્ દિશા-વિદિશામાં ભગાડી દીધા.*

● **વિવેચન-૮૧ થી ૮૩ :-**

સ્વ સૈન્ય પ્રતિષેધ થયા પછી સેનારૂપબળનો નેતા વેષ્ટક - વસ્તુ વિષયવર્ણક પૂર્વોક્ત જ લેવું. યાવત્ ભરત રાજાના અગ્રસૈન્ય આપાત કિરાતો વડે યાવત્ પ્રતિષેધિત

જોઈને આશુરુક્તાદિ વિશેષણ વિશિષ્ટ કમલાપીડ કે કમલામેલ નામે અશ્વ ઉપર બેઠો.

હવે અશ્વરત્નનું વર્ણન કરે છે - x - તે પ્રસિદ્ધગુણ નામના કમલામેલ અશ્વરત્નને સેનાપતિ સન્નાહાદિ પરિધાનવિધિથી બેઠો. તે અશ્વ કેવો હતો ? ૮૦ અંગુલ ઉંચો, અંગુલ એ અહીં પ્રમાણ છે, ૯૯ અંગુલ પ્રમાણ મધ્ય પરિધિવાળો, ૧૦૮ અંગુલ લાંબો, ઘોડાની ઉંચાઈ-ખુરથી આરંભીને કર્ણ સુધી, મધ્ય ભાગ-પૃષ્ઠ-પાર્શ્વ-ઉદરાંતર સુધી, લંબાઈ-મુખથી પૂંછડા સુધી. - x - x - બત્રીશ અંગુલ ઉંચાઈ, ચાર અંગુલ પ્રમાણ કાન કેમકે નાના કાન એ જાત્ય અશ્વનું લક્ષણ છે. આ કાનની ઉંચાઈથી સ્થિર યૌવનત્વ જણાવેલ છે. ઘોડાનાં યૌવનનું પતન થતાં સ્ત્રીના સ્તનની માફક અને બંને કર્ણોનું પતન થાય છે. - x - x - ૨૦ અંગુલ પ્રમાણ બાહા - શિરોભાગના અધોવર્તી અને ઘુંટણની ઉપરવર્તી ચરણ ભાગ, ચાર અંગુલ પ્રમાણ ઘુંટણ-બાહા અને જાંઘની સંધિરૂપ અવયવ, ૧૬-અંગુલ પ્રમાણ જંઘા-જાનુ નીચેના ખુર સુધીના અવયવ, ચાર અંગુલ ઉંચી ખુર-પગના તલરૂપ અવયવ, આ બધાં અવયવોના સરવાળાથી પૂર્વોક્ત ૮૦-અંગુલરૂપ થાય. શ્રેષ્ઠ અશ્વમાનને આશ્રીને છે. જો કે પારાસર નામે લૌકિક ગ્રંથમાં આ વિષયમાં ત્રણ ગાથા વૃત્તિકારે નોંધી છે. જો - x - x - x - જો કે તેમાં પ્રમાણમાં ફેરફાર છે. [અમે તે મતાંતર નોંધેલ નથી.]

હવે અવયવોમાં લક્ષણોપેતત્વ સૂચવે છે. મુક્તોલી-નીચે અને ઉપર સંકીર્ણ, પણ મધ્યે કંઈક વિશાળ કોઠી વત્ સમ્યગ્‌વર્તુળ, વળવાના સ્વભાવવાળો પણ સ્તબ્ધ નહીં તેવો મધ્યભાગ, અહીં મધ્ય પરિધિરૂપ જ વિચારતા ઉચિત ઉપમા થશે. કંઈક અંગુલ સુધી નમવાને આરંભેલ, કેમકે અતિ નમેલ હોય તો બેસવું દુઃખદ બને છે. પૃષ્ઠ - પર્યાણ સ્થાન, અર્થાત્ બેસનારને સુખાવહ પીઠ છે. સમ્યગ્ - નીચેનીચેના ક્રમે નમેલ પૃષ્ઠ જેની છે તે, સંગત-દેહ પ્રમાણોચિત પૃષ્ઠ જેનું છે તે. સુજાત-જન્મદોષ રહિત પૃષ્ઠવાળો. પ્રશસ્ત-લક્ષણાનુસાર પીઠવાળા.

બીજું કેટલું કહીએ ? પ્રધાનપૃષ્ઠવાળો. પૃષ્ઠ વર્ણન કહ્યું. હવે તેના જ બાકીના ભાગને કહે છે — હરિણીની જાનુવત્ ઉન્નત અને બંને પડખાં વિસ્તૃત તથા ચરમ ભાગમાં સ્તબ્ધ સુદૃઢ પૃષ્ઠવાળો. વેત્ર, લતા, ચર્મદંડ, તર્જન વિશેષ આઘાતથી રહિત કેમકે તે અસવારના મનને અનુકૂળ ચારિપણે છે તપનીયમય દર્પણ આકારે અશ્વાલંકાર વિશેષ છે જેમાં તેવું મુખ સંયમન વિશેષવાળો. વરકનકમય શોભનપુષ્પ અને સ્થાસક તેના વડે ચિત્રિત રત્નમયી રજ્જુ - x - પર્યાણના દૃઢી કરણાર્થે અશ્વના બંને પડખે બંધાતી પટ્ટિકા, સુવર્ણયુક્ત મણિમય પત્રિકા નામે ભૂષણ, - x - વિવિધ ઘંટિકાજાલ અને મૌક્તિક જાલ, તેના વડે પરિમંડિત પૃષ્ઠ વડે શોભતા કર્કેતનાદિ રત્નમય મુખમંડનાર્થે રચિત પ્રીતમાણેક અશ્વના મુખના ભૂષણ વડે ભૂષિત કનકમય પદ્મથી સુષ્ઠુકૃત્ તિલક.

દેવમતિથી વિવિધ પ્રકારે સજ્જિત સુરેન્દ્રનું વાહન-અશ્વ, તેને યોગ્ય - x - x - જેવો ખુરલીશ્રમ દેવ અશ્વ કરે છે, તેવો આ પણ કરે છે. સુરૂપ-સુંદર, અહીં-



તહીં દોલાયમાન કેમકે સહજ ચંચલ અંગો છે, ગળું-મસ્તક-ભાલ-બે કાનના મૂળમાં વિનિવેશથી પાંચ સંખ્યાવાળા જે ચારુ ચામર તેને મસ્તકમાં ધારણ કરેલ. - x - અહીં આપીડ શબ્દના વ્યાખ્યાનમાં મસ્તકના અલંકાર રૂપે જ કહેલ છે, કર્ણાદિ અલંકારરૂપે નહીં. લોકમાં પણ તે રીતે પાંચ ચામર કહેવાય છે.

દેવમતિ વિકલ્પિતાદિ વિશેષણ વિશિષ્ટ ઉચ્ચૈઃશ્રવા નામે શક્રનો અશ્વ પણ થાય, તેથી કહે છે — અનભ્રચારી, કેમકે અભ્રચારી અશ્વ ઉચ્ચૈશ્રવા છે, તેનાથી અન્ય. - x - અમેલ-દોષાદિ વડે અસંકુચિત નયન જેના છે તે. તેથી જ કોકાસિત-વિકસિત દૃઢ કેમકે અશ્રુપાત નથી કરતા, પક્ષ્મવાળી પણ રોમરહિત આંખો જેની નથી તેવો. શોભાને માટે કે દંશ-મશકાદિથી રક્ષાર્થે પ્રચ્છાદન પટ્ટયુક્ત, તે નવા સુવર્ણના-સ્વર્ણતંતુ યુક્ત પ્રચ્છાદન પટ્ટ છે. તપ્ત તપનીયવત્ લાલ તાળુવુ અને જીભ જેના છે તેવા મુખવાળો. લક્ષ્મીના અભિષેક નામક શારીરિક લક્ષણયુક્ત નાસિકા જેની છે તે. અથવા પાઠાંતરથી શિરિષપુષ્પવત્ અતિશ્વેત નાસિકા જેની છે તે. જેમાં કમલદલ સમાન જળબિંદુઓ છે તેવો અર્થાત્ જેમ પુષ્કરપત્ર જળમાં રહીને વાયુની આહતથી જળબિંદુયુક્ત થાય છે, તેમ આ પણ સલિલ અર્થાત્ લાવણ્યમય છે. તેના બિંદુ-છાટાથી યુક્ત, બિંદુના ગ્રહણથી અહીં પ્રત્યંગ લાવણ્ય સૂચવેલ છે. - x -

— અચંચલ-સ્વામીનું કાર્ય કરવામાં સ્થિર, ચંચલ-શરીરના જાતિસ્વભાવથી. - x - ચોક્ષ-સ્નાન કરેલ, ચરક-ઘાટિભિક્ષાચર પરિવ્રાજક, તે ચરકપરિવ્રાજક, - x - અશુચિના સંસર્ગની શંકાથી પોતાને સંવરતો એવો - x - હવે આ ક્રિયાવિશેષથી જાત્યત્વ બતાવે છે — ખુર પ્રધાન ચરણો, આઘાત વિશેષથી તેના વડે ધરણિતલને ઠોકતો-ઠોકતો - x - x - અસવારના પ્રયોગથી નૃત્ય કરતો જ અશ્વ અગ્રપાદને ઉંચા કરે છે, તેમાં આ શક્તિને વિશેષદ્વારથી દર્શાવે છે — બંને પણ ચરણોને એકસાથે મુખમાંથી નીકળતા હોય તેમ કાઢતો એવો - x - x - ફરી બીજી ક્રિયાના દર્શનથી આ જ વસ્તુને વિશેષથી કહે છે — લાઘવ વિશેષથી પદ્મનાલના તંતુ અને જળ, તે પણ દુર્ગાદિકને સંચરતા અર્થાત્ જેમ બીજે સંચરતા મૃણાલ તંતુ ઉદકમાં પગ સ્થિર થતા નથી, તેવો આ નથી. - x -

માતૃપક્ષ, પિતૃપક્ષ, સંસ્થાન, વિશ્વાસ્યતાથી તે પ્રશસ્ત છે, કેમકે પ્રદક્ષિણાવહત્વ અને શુભસ્થાનસ્થિતત્વ છે, વળી બાર આવર્ત્ત જેમાં છે તે. - x - x - વરાહ કહે છે, તે શ્લોકની કંઈક વૃત્તિ જણાવે છે —

પ્રપાણ-ઉત્તરોષ્ઠનું તલ, ગલ-કંઠ, જેમાં રહેલ દેવમણિ નામક આવર્ત્ત અશ્વના મહાલક્ષણપણે પ્રસિદ્ધ છે બંને કાન, એટલાં સ્થાનોમાં રહેલ તથા પૃષ્ઠ-પર્યાણ સ્થાન મધ્યે, ચક્ષુની ઉપર રહેલ, બંને હોઠ, સક્થિ-પાછળના બંને પગના ઘૂંટણના ઉપરના ભાગે, ભુજા-બંને પગના ઘુંટણનો ઉપરનો ભાગ, કુક્ષિ-બંને પડખામાં રહેલ, લલાટ એટલા સ્થાનો આવર્ત્ત સહિત હતા. અહીં કાન અને નયન આદિ સ્થાનો બબ્બે સંખ્યાપણે હોવા છતાં જાતિની અપેક્ષાથી બાર જ સ્થાનો ગમવા. સ્થાન ભેદાનુસાર સ્થાનીભેદો પણ બાર જ છે.

સુકુલ પ્રસૂત-અશ્વ શાસ્ત્રોક્ત ક્ષત્રિયઅશ્વપિતૃક, મેધાવી-સ્વામીની સંજ્ઞાદિથી પ્રાપ્તાર્થના ધારક, ભદ્રક-અદુષ્ટ, વિનીત-સ્વામીના ઈષ્ટકારિત્વથી, અણુકતનુક-અતિ સૂક્ષ્મ, સુકુમાલ રોમયુક્ત સ્નિગ્ધશરીરી, - x - દેવ, મન, પવન, ગરુડના વેગથી અધિકવેગથી જય કરનારી ગતિ. તેથી જ ચપળ શીઘ્રગામી-અતિ શીઘ્રગતિક. ક્રોધના અભાવે પણ અસમાર્થ્યથી નહીં, તેવી ક્ષાંતિથી જે ક્ષમા. ઋષિ-અનગારવત્, ક્ષમાપ્રધાનત્વથી તેના પગે લતાનો માર કે મુખમાં ચોકડું કે પુંછમાં આઘાત કરવો નથી પડતો. સુશિષ્યની જેમ પ્રત્યક્ષપણે વિનીત - x - x - તટ-નદીનો કિનારો, કટક-પર્વતીય નિતંબ, લંઘન-અતિક્રમણ, પ્રેરણ-આરૂઢ પુરુષના અભિમુખ દર્શન-ધાવનાદિ વડે સંજ્ઞાકરણપૂર્વક પ્રવર્તવું, નિસ્તારણા-તેના પાર પમાડવો. તેમાં સમર્થ. - x - x - માર્ગાદિના ખેદ અને મેદમાં પણ આંસુ ન પાડનારો, અશ્યામ તાલુવાળો - x - x - કાલ-અરાજકતામાં રાજાના નિર્ણાયકપણામાં અધિવાસનાદિ સમયે શબ્દ કરનારો કાલહેષિ. આળસને જીતેલ તે જિતનિદ્રા કેમકે કાર્યમાં અપ્રમાદી છે. અથવા જિતનિદ્રત્વ-યુદ્ધનો અવસર પ્રાપ્તપણાથી અશ્વરત્નના અલ્પનિદ્રાપણાથી છે.

— ગવેષક-મૂત્ર મળના ઉત્સર્ગાદિમાં ઉચિત અનુચિત સ્થાનનો અન્વેષક, જિતપરીષહ-શીત, આતપાદિમાં પણ ખેદ ન પામતો, જાતિ-માતૃપક્ષમાં પ્રધાન-નિર્દોષ માતૃક, નિર્દોષ પિતૃકત્વ, આવા ગુણવાળો જ સમયે સ્વામીનો દ્રોહ કરતો નથી - x - મલ્લિ-વિકસિત કુસુમ જેવો શુભ્ર, અશ્લેષત્વથી પૂતિગંધ રહિત ઘ્રાણ-નાસિકાવાળો. પોપટના પીંછા જેવા સુષ્ઠુ વર્ણ જેનો છે તે. કાયાથી કોમળ, મનોભિરામ કમલામેલ અશ્વ હતો.

પછી તેણે શું કર્યુ, તે કહે છે — ''કુવલય'' ઈત્યાદિ. તે અસિરત્ન નરપતિના હાથથી ગ્રહણ કરીને તે સેનાપતિ જ્યાં આપાત કિરાતો છે, ત્યાં જાય છે. જઈને આપાતકિરાત સાથે યુદ્ધ કરવાને લાગ્યો.

તે અસિરત્ન કેવું હતું? નીલોત્પલના દલ સદૃશ. રજનિકર મંડલ-ચંદ્રબિંબ, તેની સદૃશ, તેને ભમાડતા વર્તુલિત તેજસ્કત્વથી ચંદ્રમંડલાકાર દેખાય છે. અથવા રજનિકરમંડલ સમાન મુખવાળું છે. શત્રુજનનો વિનાશ કરનાર, કનકરત્નમય હાથમાં ગ્રહણ યોગ્ય મુષ્ટિ જેની છે તેવું, નવમાલિકા નામે જે પુષ્પ, તેની જેવું સુરભિગંધવાળું. વિવિદ મણિમયી વલ્લિ આકારના ચિત્રોની વિવિધ રચના વડે આશ્ચર્યકૃત્. શાણ ઉપરથી ઉતારીને નિષ્કિટ્ટી કરેલ. તેથી જ દીપ્યમાન તીક્ષ્ણ ધારા જેની છે તેવું, દિવ્ય ખડ્ગજાતિપ્રધાન, લોકમાં અનુપમાન કેમકે અનન્ય સદૃશ છે. વળી તેના ઘણાં ગુણો છે. કેવા?

વંશ-વેણુ, રુક્ષ-વૃક્ષ, શ્રૃંગ-મહિષાદીના શીંગ, હાથી આદિના દાંત, કાલાયસ-લોઢું, વિપુલલોહ દંડક - વજ હીરકજાતિય, તેનો ભેદક. અહીં વજ્રના કથનથી દુર્ભેદ્યનું પણ ભેદકત્વ કહેલ છે. બીજું કેટલું કહીએ ? બધે જ અપ્રતિહત, દુર્ભેદ છતાં અમોઘશક્તિક વસ્તુ. જંગમ-ચર પશુ-મનુષ્યાદિના દેહ, તેનો ભેદ કરવામાં સમર્થ. અહીં યાવત્ શબ્દ સંગ્રાહક નથી પણ ભેદકશક્તિ પ્રકર્ષક અધિવચન છે.



હવે તેનું પ્રમાણ કહે છે — ૫૦ અંગુલ લાંબુ, ૧૬-અંગુલ પહોળું, અર્ધ અંગુલ પ્રમામ જાડાઈવાળું એ તેનું ઉત્કૃષ્ટ પ્રમાણ છે, એવું તે અસિરત્ન કહેલ છે. જે ૩૨-અંગુલ પ્રમાણ સંભળાય છે, તે મધ્યમ પ્રમઆમ છે - x - x - સેનાપતિએ યુદ્ધ કર્યા પછી શું થયું ? તે કહે છે — સુષેણ સેનાપતિએ આપાતકિરાતોને હત-મથિતાદિ કરી દીધા ઈત્યાદિ.

● સૂત્ર-૮૪ :-

*ત્યારે તે આપાતકિરાતો સુષેણ સેનાપતિ વડે હથ-મથિત થયા યાવત્ ભાગી ગયેલા. તેઓ ડર્યા, ત્રસ્ત-વ્યથિત-ઉદ્વિગ્ન થયા, ભય પામી ગયા, અસ્થામ-બળ-વીર્ય-પુરુષકાર પરાક્રમ રહિત થઈ ગયા. ટકી શકવાને અસમર્થ થઈ અનેક યોજન દૂર ચાલ્યા જઈ, એકાંતમાં મળ્યા, મળીને જ્યાં સિંધુ મહાનદી હતી ત્યાં આવ્યા, આવીને વાલુકા સંથારામાં સંથર્યો, સંથરીને વાલુકા સંથારે બેઠાં, બેસીને અઠ્ઠમ ભક્ત ગ્રહણ કર્યો, ગ્રહણ કરીને વાલુકાસંથારોપગત થઈ, મુખ ઉંચુ કરી, વસ્ત્રરહિત થઈ, અઠ્ઠમ ભક્તિકપણે તેમના કુળ દેવતા મેઘમુખનાગકુમાર દેવોને મનમાં ધ્યાન કરતા રહ્યા.*

*ત્યારે તે આપાતકિરાતોનો અઠ્ઠમભક્ત પરિપૂર્ણ થતાં મેઘમુખ નાગકુમાર દેવોના આસનો ચલિત થયા. ત્યારે તે મેઘમુખ નાગકુમાર દેવોએ આસનોને ચલિત થયા જોયા, જોઈને અવધિ પ્રયોજ્યું. પ્રયોજીને આપાતકિરાતોને અવધિજ્ઞાનથી જોયા. જોઈને એકબીજાને બોલાવીને આમ કહ્યું — નિશ્ચે હે દેવાનુપ્રિયો ! જંબૂદ્વીપ દ્વીપના ઉત્તર ભરતાર્દ્ધ ક્ષેત્રમાં આપાતકિરાતો સિંધુ મહાનદીમાં વાલુકાના સંથારે જઈને, મુખ ઉંચુ રાખી, વસ્ત્રરહિત થઈ, અઠ્ઠમ ભક્તિકપણે આપણને-કુલદેવતા મેઘમુખ નાગકુમાર દેવને મનમાં ધ્યાયીને રહ્યા છે. તો હે દેવાનુપ્રિયો ! તો આપણે માટે શ્રેયસ્કર છે કે આપણે આપાત કિરાતોની પાસે પ્રગટ થવું જોઈએ.*

*એમ કહી એકબીજાની પાસે આ કથન સ્વીકારીને તેવી ઉત્કૃષ્ટિ, ત્વરીત ગતિથી યાવત્ ચાલતા-ચાલતા જ્યાં જંબૂદ્વીપદ્વીપનું ઉત્તરાર્દ્ધ ભરત ક્ષેત્ર છે, જ્યાં સિંધુ મહાનદી છે, જ્યાં આપાત-કિરાતો છે, ત્યાં આવે છે. આવીને આકાશમાં અદ્ધર રહી. ઘંટડીયુક્ત પંચવર્ણી પ્રવર વસ્ત્રો ધારણ કરી તે આપાતકિરાતોને આમ કહ્યું—*

*ઓ આપાતકિરાતો ! તમે બધાં જેને માટે ઉર્ધ્વમુખ થઈ, વસ્ત્રરહિતપણે અઠ્ઠમભક્તિક થઈ અમને-કુલદેવતા મેઘમુખ નાગકુમાર દેવને મનમાં ધ્યાયીને રહ્યા છો, તે અમે-મેઘમુખ નાગકુમાર દેવો, તમારા કુલદેવતા તમારી પાસે પ્રગટ થયા છીએ. તો હે દેવાનુપ્રિયો ! કહો, અમે શું કરીએ ? તમે શું ઈચ્છો છો ?*

*ત્યારે તે આપાતકિરાતો મેઘમુખ નાગકુમાર દેવો પાસે આ કથન સાંભળી, અવધારી, હર્ષિત-સંતુષ્ટ-આનંદિત ચિત્ત થઈ યાવત્ પ્રસન્ન હૃદયે ઉત્થાનથી ઉઠે છે. ઉઠીને જ્યાં મેઘકુમાર દેવો છે, ત્યાં જાય છે, જઈને બે હાથ જોડી યાવત્*

***મસ્તકે અંજલિ કરી, મેઘમુખ નાગકુમાર દેવોને જય-વિજયજી વધાવે છે, વધાવીને આમ કહ્યું —***

***હે દેવાનુપ્રિયો કોઈ અપ્રાર્થિત પ્રાર્થક, દુરંત પ્રાંતલક્ષણ યાવત્ હ્રી-શ્રી પરિવર્જિત છે, જેણે અમારા દેશની ઉપર જલ્દીથી ધસી આવેલ છે. હે દેવાનુપ્રિયો ! તેમને ખદેડી દો, જેથી અમારા દેશ ઉપર તે આક્રમણ ન કરી શકે. ત્યારે તે મેઘમુખ નાગકુમાર દેવોએ આપાત કિરાતોને આમ કહ્યું — ઓ દેવાનુપ્રિયો ! તે મહર્દ્ધિક મહાદ્યુતિક યાવત્ મહાસૌખ્ય ભરત નામે ચાતુરંત ચક્રવર્તી છે. તેમને કોઈ દેવ, દાનવ, કિંનર, કિંપુરુષ, મહોરગ કે ગંધર્વ શસ્ત્રપ્રયોગ, અગ્નિ પ્રયોગ કે મંત્રપ્રયોગ વડે બાધા પહોંચાડવા કે રોકવા સમર્થ નથી. તો પણ અમે તમારા પ્રિય અર્થને માટે ભરત રાજાને ઉપસર્ગ કરીશું.***

***એમ કહી આપાતકિરાતો પાસેથી નીકળે છે, નીકળીને વૈક્રિય સમુદ્ઘાત કરે છે. કરીને મેઘસૈન્ય વિકુર્વે છે, વિકુર્વીને જ્યાં ભરત રાજાનો વિજય સ્કંધાવાર નિવેશ હતો, ત્યાં આવે છે, આવીને વિજય સ્કંધાવાર નિવેશ ઉપર જલ્દી વાદળા ગરજવા લાગ્યા, જલ્દી વિજળી ચમકવા લાગી, તુરંત યુગ મુશલ મુષ્ઠિ પ્રમાણ ધારા વડે ઓઘમેઘને સાત અહોરાત્ર વરસાદ વરસાવવાને પ્રવૃત્ત થયા.***

**● વિવેચન-૮૪ :-**

ત્યારે તે આપાત કિરાતો સુષેણ સેનાપતિ વડે હતમથિત યાવત્ પ્રતિષેધિત થઈ ભયાકુળ, નષ્ટ, પ્રહાર વડે અર્દિત, ઉદ્વિગ્ન-ફરી આની સાથે ન યુદ્ધ કરીએ તેવા આશયવાળા થયા. એ રીતે સમ્યક્ ભય પ્રાપ્ત થયા. અસ્થામ-સામાન્ય શક્તિ રહિત, અબલ-શારીરિક શક્તિ રહિત, પુરુષાભિમાન - પરાક્રમથી રહિત, પરસૈન્યને સહન કરવાને અશક્ય છે તેમ જાણી અનેક યોજનો ભાગી ગયા. પછી શું કરે છે ?

ભાગીને તે આપાતકિરાતો એક સ્થાને ભેગા થાય છે, થઈને જ્યાં સિંધુ મહાનદી છે, ત્યાં આવે છે, આવીને રેતીના કણમય સંથારો કરે છે, કરીને રેતીના સંથારે આરોહે છે, પછી અઠ્ઠમભક્ત ગ્રહણ કરે છે, કરીને વાલુકા સંસ્તારકે રહેલા ઉર્ધ્વમુખ, નિર્વસ્ત્ર થઈ પરમ આતાપના કષ્ટને અનુભવે છે. પછી ત્રણ દિન અનાહારી થઈ તેમના કુલવત્સલ દેવો મેઘમુખ નામે નાગકુમાર દેવોને મનમાં ધ્યાયીને રહે છે.

હવે તે દેવો શું કરે છે ? તે કહે છે — ચિત્તમાં ચિંતવ્યા પછી તે આપાતકિરાતોને અઠ્ઠમભક્ત પરિપૂર્ણ થતાં મેઘમુખ નાગકુમાર દેવોના આસનો ચલિત થાય છે, તે દેવો - x - અવધિજ્ઞાન પ્રયોજે છે, પ્રયોજીને અવધિજ્ઞાન વડે આપાતકિરાતોને જુએ છે, જોઈને એકબીજાને બોલાવીને કહે છે કે — જંબૂદ્વીપમાં ઉત્તરાર્ધ ભરતક્ષેત્રમાં આપાતકિરાતો સિંધુનદીમાં રેતીના સંથારાને પ્રાપ્ત થઈ યાવત્ મેઘમુખ દેવોને મનમાં ધ્યાન કરીને રહ્યા છે, તો આપણે તે આપાતકિરાતો પાસે પ્રગટ થઈને - એકબીજાની પાસે આમ વિચારણા કરે છે — અનંતરોક્ત કથન સ્વીકારે છે - x -

સ્વીકાર્યા પછી તેઓ શું કરે છે ? તે કહે છે — તે દેવો તેવી ઉત્કૃષ્ટ અને



ત્વરિત ગતિ વડે યાવત્ ચાલતાં-ચાલતાં જંબૂદ્વીપદ્વીપના ઉત્તર ભરતાર્દ્ધમાં સિંધુનદીમાં આપાતકિરાત લોકો હતા ત્યાં આવ્યા, આવીને અંતરિક્ષમાં રહી લઘુઘંટિકાયુક્ત પંચવર્ણી પ્રવર વસ્ત્રો પહેરીને તે આપાત કિરાતોને આ પ્રમાણે કહ્યું — ઓ આપાતકિરાતો - x - વાલુકાસંસ્તારકે રહેલ યાવત્ અષ્ટમભક્તિકો કુલદેવતા મેઘમુખ નાગકુમાર દેવોને મનમાં ધ્યાયીને રહેલા છો, તેથી અમે મેઘમુખ દેવો, તમારા કુળદેવતા, તમારી પાસે આવેલા છીએ, તો અમારું શું કાર્ય છે, તે જણાવો, અમે કઈ પ્રવૃત્તિ કરીએ ? આપના મનને અભીષ્ટ શું છે ? તે જણાવો.

કુળદેવતા પ્રશ્ન કર્યા પછી શું કરે છે ? તે કહે છે — પછી તે આપાતકિરાત મેઘમુખ દેવો પાસે આ કથન સાંભળી-સમજીને હર્ષિત-સંતુષ્ટ થયા ઈત્યાદિ પૂર્વવત્. ઉર્ધ્વ થવાપણે ઉઠ્યા, ઉઠીને મેઘમુખ દેવો પાસે આવ્યા, આવીને બે હાથ જોડ્યા ઈત્યાદિ પૂર્વવત્. મેઘમુખ દેવોને જય-વિજયથી વધાવીને આ પ્રમાણે કહ્યું - x - કોઈ અપ્રાર્થિતનો પ્રાર્થક આદિ વિશેષણ યુક્ત અમારા દેશ ઉપર ધસી આવેલ છે, તેથી તેમને તથા પ્રકારે ફેંકી દો જેથી ફરી અહીં ન આવે. હવે મેઘમુખ દેવોએ જે કહ્યું ? તે કહે છે - x -

હે દેવાનુપ્રિયો! આ ભરત નામે ચાતુરંતચક્રવર્તી રાજા છે, જે મહર્દ્ધિક, મહાદ્યુતિક યાવત્ મહાસૌખ્ય છે. આ ભરતને કોઈ દેવ-વૈમાનિક, દાનવ-ભવનવાસી, કિંર આદિ ચાર વ્યંતર વિશેષવાચી છે, તેઓ શસ્ત્ર કે અગ્નિ કે મંત્રપ્રયોગ વડે, આ ત્રણે ઉત્તરોત્તર બલાધિકપણે જાણવા. તે ઉપદ્રવ કરવાને, આપના દેશને આક્રમણરૂપ પાપકર્મથી નિવારવા સમર્થ નથી. તો પણ આ દુઃસાધ્ય કાર્યમાં પણ આપની પ્રીતિ અર્થે ભરત રાજાને ઉપસર્ગ કરીશું, એમ કહી, તે આપાતકિરાતોની પાસેથી નીકળે છે - x -

પછી શું કર્યુ ? તે કહે છે — જઈને ઉત્તર વૈક્રિયાર્થે પ્રયત્ન વિશેષથી આત્મપ્રદેશોને શરીરની બહાર વિકુર્વે છે અને સમવહત થઈને તે આત્મપ્રદેશ વડે ગૃહિત પુદ્ગલો વડે વાદળો વિકુર્વે છે, વિકુર્વીને ભરતના વિજય સ્કંધાવાર નિવેશ પાસે આવે છે, આવીને તેની ઉપર જલ્દીથી ઈત્યાદિ બધું પુષ્કલ સંવર્તક મેઘાધિકારવત્ કહેવું. યાવત્ વરસવાને તે દેવો પ્રવૃત્ત થયા. આ વ્યતિકર થતાં જે ભરતાધિપે કર્યુ, તે કહે છે —

**● સૂત્ર-૮૫ થી ૮૭ :-**

***[૮૫] ત્યારે તે ભરતરાજા, વિજય સ્કંધાવારની ઉપર યુગમુશલ મુષ્ટિ પ્રમાણ માત્ર ધારાથી સાત રાત્રિ ઓઘમેઘ વર્ષા વરસાવતા જુએ છે. જોઈને ચર્મરત્નને સ્પર્શે છે. ત્યારે તે શ્રીવત્સ સદૃશરૂપ આલાવો કહેવો યાવત્ બાર યોજન તીર્છું વિસ્તારે છે - ફેલાવે છે.***

***ત્યારે તે ભરત રાજા પોતાની સ્કંધાવાર સૈન્ય સહિત ચર્મરત્ન ઉપર આરૂઢ થયો. થઈને દિવ્ય છત્રરત્નનો સ્પર્શ કર્યો. તે છત્રરત્ન ૯૯,૦૦૦ સ્વર્ણ શલાકાથી પરિમંડિત હતું. મહાર્હ અને અયોધ્ય હતું. તે નિર્વ્રણ-સુપ્રશસ્ત-વિશિષ્ટ-લષ્ટ-કંચનમય સુપૃષ્ઠ દંડ યુક્ત હતું. મૃદુ આકારવાળું, વૃત્ત-લષ્ટ-***

*અરવિંદ કર્ણિકા સમાન રૂપવાળું હતું. બસ્તિપ્રદેશમાં પિંજર જેવું પ્રતિત થતું હતું. તેના પર વિવિધ ચિત્રકારી કરેલી, મણિ-મોતી-મૂંગા-તપેલ સ્વર્ણ તથા રત્નો દ્વારા પૂર્ણ કળશાદિ માંગલિક વસ્તુના પંચરંગી ઉજ્જ્વલ આકાર બનેલા હતા. રત્નોના કિરણો સદૃશ રંગરચનામાં નિપુણ પુરુષો દ્વારા સુંદર રૂપે રંગેલ હતું. તેના ઉપર રાજલક્ષ્મીનું ચિહ્ન અંકિત હતું —*

*— અર્જુન સુવર્ણદ્વારા આચ્છાદિત પૃષ્ઠભાગ, ચાર ખૂણા તપ્ત સુવર્ણમય પટ્ટથી પરિવેષ્ટિત હતું. અત્યધિક શ્રીથી યુક્ત હતું. શરદઋતુના નિર્મળ, પરિપૂર્ણ ચંદ્રમંડલ સદૃશ રૂપવાન્ હતું. તેનો સ્વાભાવિક વિસ્તાર રાજા ભરત દ્વારા તીર્છી ફેલાવેલી પોતાની બંને ભૂજાના વિસ્તાર જેટલો હતો. તે કુમુદવન સદૃશ ધવલ હતું, ભરત રાજાના જંગમ વિમાન જેવું હતું. સૂર્યના આતપ, આંધી, વર્ષાદિ દોષોનું વિનાશક હતું. પૂર્વાચરિત તપ-પુણ્ય-કર્મના ફળસ્વરૂપ તે પ્રાપ્ત થયેલ હતું.*

*[૮૬] તે છત્રરત્ન અહત, બહુગુણ પ્રદાયક, ઋતુમાં વિપરીત સુખ-છાયા કરનારું, છત્રરત્તનમાં પ્રધાન, અલ્પપુન્યવાળાને સુદુર્લભ હતું.*

*[૮૭] ચક્રવર્તી રાજાના તપ ગુણોના ફળના એકદેશ ભાગરૂપ, વિમાનવાસીને પણ દુર્લભતર હતું. તેના ઉપર ફૂલોની માળા લટકતી હતી. શારદીય ધવલમેઘ તથા ચંદ્રના પ્રકાશ સમાન ભાસ્વર હતું. તે દિવ્ય હતું, ૧૦૦૦ દેવોથી અધિષ્ઠિત હતું. રાજા ભરતનું તે છત્રરત્ન ભૂતલ ઉપરના પરિપૂર્ણ ચંદ્રમંડલ જેવું લાગતું હતું, રાજા ભરતે સ્પર્શતા તે છત્રરત્ન સાધિક બાર યોજન તીર્છું ફેલાઈ ગયું.*

**● વિવેચન-૮૫ થી ૮૭ :-**

દિવ્યવર્ષા પછી તે ભરતરાજા સ્વસૈન્યમાં ઉક્ત પ્રકારે સાતરાત્રિ પ્રમાણ કાળ મેઘવૃષ્ટિ થતી જોઈને ચર્મરત્નને સ્પર્શે ચે. અહીં અવસરગત ચર્મરત્ન વર્ણક સૂત્રનો અતિદેશ કરતા કહે છે — તે સર્વે પૂર્વવત્.

હવે છત્રરત્ન કેવું છે, એવું જિજ્ઞાસુને તેનું સ્વરૂપ પ્રગટ કરતાં કહે છે — છત્રરત્ન, ભરતનું-ધરણિતલના પૂર્ણચંદ્ર સમાન વર્તે છે. બીજી શી વિશેષતા છે ? ૯૯,૦૦૦ પ્રમાણ સુવર્ણમય શલાકા વડે પરિમંડિત, બહુમૂલ્ય અથવા ચક્રવર્તીને યોગ્ય, અયોધનીય-જેને જોતાં જ પ્રતિશત્રુના શસ્ત્ર ઉઠતા નથી. નિર્વ્રણ-છિદ્ર ગ્રંથિ આદિ દોષરહિત, લક્ષણયુક્ત હોવાથી સુપ્રશસ્ત, અતિમનોજ્ઞ અથવા અતિભારેપણાથી એકદંડ વડે દુર્વહત્વથી પ્રતિદંડ સહિત એવું જે લષ્ટ કાંચનમય સુપુષ્ટ દંડ જેમાં છે તે —

— મૃદુ-ધૃષ્ટમૃષ્ટ હોવાથી સુકુમાલ, રૂપાસંબંધી, વૃત્ત. લષ્ટ જે અરવિંદ, તેનો બીજ કોશ, તેના સમાન શ્વેતત્વ અને વૃત્તત્વથી આકાર જેનો છે તે. બસ્તિપ્રદેશ નામક છત્રમધ્યભાગવર્તી દંડના પ્રક્ષેપસ્થાન રૂપ છે. પાંજરાના આકારે વિરાજિત છે. વિવિધ પ્રકારની રચના વડે ચિત્રકર્મ જેમાં છે તે. એક જ વાતને વિશેષથી કહે છે — મણિ, મોતી, પ્રવાલ, તપ્ત એવું જે તપનીય-રક્ત સુવર્ણ પંચવર્ણિક. શાણ ઉત્તારથી



દીપ્તિવાળા કરાયેલ રત્નો, તેના વડે રચિત. રૂપ-પૂર્ણકળશાદિ માંગલ્ય વસ્તુનો આકાર જેમાં છે તે. રત્નોની કિરણ સમ રચના, તેના પરિકર્મકારી. યથોચિત સ્થાને રંગદાન વડે અનુસંપ્રદાયક્રમે રંજિત. રાજલક્ષ્મી ચિહ્ન અર્જુન નામે જે શ્વેત સુવર્ણ તેના વડે આચ્છાદિત પૃષ્ઠ દેશભાગ જેનો છે તે.

બીજા વિશેષણના પ્રારંભમાં તત્કાળ ધ્માત, જે તપનીય, તેના પટ્ટહસ્તથી પરિવેષ્ટિત, ચારે અંતમાં રક્તસુવર્ણપટ્ટ યોજિત છે. તેથી જ અધિક સશ્રીક શરત્કાળના ચંદ્રવત્ નિર્મળ પ્રતિપૂર્ણ ચંદ્રમંડલ સમાનરૂપ. ભરત રાજાના તીર્છા પ્રસારિત બંને બાહુ પ્રમાણ માન વિશેષ, તે પ્રમાણથી સ્વભાવથી વિસ્તૃત. તે ચક્રીએ સ્પર્શતા સાધિક બાર યોજન વિસ્તૃત થાય છે. ચંદ્રવિકાશીના વનની જેમ શ્વેત. ભરતના સંચરણશીલ જંગમ વિમાન જેવું કેમકે સુખાવહ છે. સૂર્યનાતાપાદિ દોષો, તેનો ક્ષય કરનાર અથવા તેનાથી જન્મતા વિષાદનો ક્ષય કરનાર. આ છત્રના આશ્રયથી વિષાદી દોષ થતાં નથી.

તપોગુણ-પૂર્વ જન્મમાં આચીર્ણ તપોગુણ મહિમાથી લબ્ધ. હવે ગાથા બંધનથી વિશેષણોને કહે છે — अहत - રણમાં બીજા કોઈ અન્ય યોદ્ધા વડે ખંડિત ન કરાયેલ, તેમાં ઐશ્વર્યાદિના દાનરૂપ ઘણાં ગુણો છે. ઋતુથી વિપરીત જેમકે - ઉષ્ણઋતુમાં શીતળછાયાદિ આપે છે. ઉત્કૃષ્ટ પ્રધાન છત્ર ગુણયુક્તત્વથી છત્રોમાં રત્નસમાન, અલ્પ પુન્યવાળાને દુર્લભ. પ્રમાણ રાજા - સ્વસ્વકાળ ઉચિત શરીર પ્રમાણયુક્ત રાજા. છ ખંડના અધિપતિત્વથી સર્વરાજ સંમતત્વથી પ્રમાણીભૂત રાજા. આના વડે વાસુદેવાદિનો નિરાસ કર્યો છે.

ચક્રવર્તીના સુચરિત વિશેષ ફલના એક દેશ ભાગરૂપ, અર્થાત્ ચક્રવર્તીના પૂર્વ અર્જિત તપનું ફળ - નવ નિધાન, ચૌદ રત્નાદિમા વિભક્ત, તેના એકદેશભૂત આ છત્રરત્ન દેવપણામાં દુર્લભતર છે. કેમકે ત્યાં ચક્રવર્તીપણું અસંભવ છે. લટકતી એવી પુષ્પમાળાનો સમૂહ જેમાં છે તે. શરત્કાળ ભાવી શ્વેત વાદળો, શરદઋતુનો ચંદ્ર, તેના જેવા પ્રકાશથી જનિત ઉધોત જેનો છે તે. સહસ્રદેવ અધિષ્ઠિત. - x - તે દિવ્ય છત્રરત્નને ભરતરાજાએ સ્પર્શતા જલ્દીથી ચર્મરત્નવત્ સાધિક બાર યોજન તીર્છું વિસ્તરેલ છે. અહીં સાધિકતા પરિપૂર્ણ ચર્મરત્નને ઢાંકવા માટે છે. અન્યથા વૃષ્ટિ ઉપદ્રવથી સ્વસૈન્યને બચાવી ન શકત. - - હવે પછી શું કર્યુ ? તે કહે છે —

**● સૂત્ર-૮૮,૮૯ :-**

*[૮૮] ત્યારપછી તે ભરતરાજા છત્રરત્નને સ્કંધાવાર ઉપર સ્થાપી દીધું. સ્થાપીને મણિરત્નને સ્પર્શે છે. વર્ણન યાવત્ છત્રરત્નને વસ્તિ ભાગમાં સ્થાપે છે. તે અનતિવર સુંદર રૂપવાળું હતું. શિલાની જેમ અતિસ્થિર ચર્મરત્ન ઉપર કેવળ વાવેલ માત્ર શાલિ-યવ-ઘઉં-મગ-અડદ-તલ-કળથી-ષષ્ટિક-નિષ્પાવ-ચણા-કોદરા-કુસ્તુંભરી-કંગુ-વરક-રાલક તથા ધનીયા, વરણ, હારિતક, આદુ, મૂળા, હળદર, દુધી, કાકડી, તુંબડુ, બિજોરુ આદિ બધાં શાક વગેરેને ઉત્પન્ન કરવામાં કુશળ હતું. સર્વજન વિશ્રુત ગુણ હતા.*

***તે ગાથાપતિ રત્ન ભરત રાજાને તે દિવસે વાવેલા, પાકેલા, સાફ કરેલા બધાં પ્રકારના ધાન્યોના હજારો કુંભો સમર્પિત કર્યા. ત્યારે તે ભરત રાજા ચર્મરત્ન ઉપર સમારૂઢ થઈ છત્રરત્નમાં આચ્છાદિત થઈ, મણિ રત્નકૃત્ ઉધોતમાં સમુદ્‌ગતભૂત સુખેસુખે સાત રાત્રિ પસાર કરી.***

***[૮૯] તે અવધિમાં રાજા ભરતને, તેની સેનાને ભુખે પીડા ન કરી, દૈન્ય ન અનુભવ્યું, ન ભયભીત થયા કે ન દુઃખિત થયા.***

● **વિવેચન-૮૮,૮૯ :-**

પછી તે ભરત છત્રરત્નને સ્કંધાવારની ઉપર સ્થાપે છે, પછી મણિરત્નને સ્પર્શે છે. મણિરત્નનું વર્ણન પૂર્વવત્. - x - સ્પર્શીને ચર્મરત્ન અને છત્રરત્ન સંપુટ મિલનથી સૂર્ય-ચંદ્રાદિ લોક નિરુદ્ધ થતાં, સૈન્યમાં અહર્નિશ ઉધોત માટે છત્ર રત્ન બસ્તિ ભાગે મણિરત્ન સ્થાપે છે.

(શંકા) એ પ્રમાણે સર્વ સૈન્યાવરોધ થયો, તથા તેમાં કઈ રીતે ભોજનાદિ વિધિ થાય ? તે આશંકા પ્રતિ કહે છે — તે ભરતરાજાના - x - ગૃહપતિરત્ન. તે કેવો છે ? આ પ્રકારે સર્વજનોમાં વિશ્રુતગુણ જેને છે તે. અતિપ્રધાન બીજી વસ્તુ જેમાં વિધમાન નથી તે, સુંદર રૂપવાન્. શિલા જેવી શિલા કેમકે અતિસ્થિરત્વથી છે ચર્મરત્નમાં વાવેલ માત્ર પણ લોકપ્રસિદ્ધ ભૂમિ ખેડવી આદિ કર્મ સાપેક્ષ નહીં. ભક્ષણાદિને યોગ્ય શાલિ આદિના નિષ્પાદક અથવા સવારે શિલામાં રાખેલ સાંજે-સૂર્યાસ્ત કાળે નિષ્પાદક. - x - x - તેમાં શાલિ-કલમાદિ, યવ-ઘોડાને પ્રિય, ઘઉં વગેરે, ષષ્ટિકા-સાઈઠ દિવસે પાકતા ચોખા, નિષ્પાવ-વાલ, કુસ્તુંભરી-ધાન્યકકણ. - x - x - ઉપલક્ષણથી મસુર આદિ બીજા પણ ધાન્યો લેવા.

અનેક ધાન્ય-ધાન્યપત્ર, વરણ-વનસ્પતિ વિશેષના પત્રો, ઈત્યાદિ જે હરિતક પત્રશાક - x - પૂર્વે કુસ્તુંભરી શબ્દથી ધાન્યભેદનો સંગ્રહ કર્યો, હવે તેના પાંદડાના ભક્ષ્યત્વથી પત્રશાકમાં સંગ્રહ છે, તે પુનરુક્તિ નથી. આદુ આદિ૦ સૂરણ કંદાદિ ઉપલક્ષણરૂપ મૂલક-હસ્તિદંતક. આના વડે કંદમૂલ શાક કહ્યા. હવે ફળ-શાકને કહે છે — અલાબુ-તુંબ, ત્રપુષ-ચીભડાની જાતિના તુંબ, કલિંગ, કપિત્થ, અમ્લિકા. આ ફળશાકના ઉપલક્ષણથી જીવંતિ આદિ ગ્રહણ કરવા. - x - x - સર્વ શબ્દથી બીજા શાકાદિ પણ ગ્રહણ કરવા.

[શંકા] જો ગૃહપતિ રત્ન દીર્ઘ ક્રિયા વિના મંત્ર સંસ્કારથી ધાન્ય આદિ ઉત્પાદન કરે છે, તો ચર્મરત્નમાં બીજ વાવવાથી શું પ્રયોજન ? તેના વિના પણ તેનું દિવ્યશક્તિપણાથી નિષ્પાદન કેમ ન કરે ? [સમાધાન] બીજા કારણ સમૂહના સંઘટનપૂર્વક કારણના કાર્ય જનકત્વના નિયમથી. - x - x - તેથી જ અતિ નિપુણ - પોતાની કાર્ય વિધિમાં અતિ નિપુણ.

હવે ઉક્તગુણયોગી ગૃહપતિ રત્ન જે અવસરોચિત કરે છે તે કહે છે — ચર્મરત્ન અને છત્રરત્નના સંપુટના સંઘટન પછી તે ભરતનો ગૃહપતિ રત્ન તે જ દિવસમાં વાવેલ, પરિપાક દશા પ્રાપ્ત, લણેલ બધાં ધાન્યોના અનેક હજારો કુંભો





પ્રાભૃત કરે છે. કુંભનું માન — બે અશતીની એક પશલી ઈત્યાદિ. અશતિ - મુઠ્ઠી, તત્પ્રમાણ ધાન્ય પણ અશતિ જ કહેવાય છે. તેની જેમ પ્રસૃતિ-નાવાકારે વ્યવસ્થાપિત અંજલિરૂપ, બે પ્રસૃતિની સેતિકા, ચાર સેતિકાનો એક કુડવ-પલ્લિકા સમાન માપ વિશેષ, ચાર કુડવનો પ્રસ્થ, ચાર પ્રસ્થનો આઢક, ચાર આઢકનો દ્રોણ, ૮૦ આઢક અર્થાત્ ૨૦ દ્રોણનો મધ્યમ કુંભ, ૧૦૦ આઢકનો એક ઉત્કૃષ્ટ કુંભ. અહીં ઉપલક્ષણથી સૈન્યને જે ભોજન ઉપયોગી છે, તે બધું જ લાવે છે.

ત્યાં ભરત કઈ રીતે કેટલો કાળ રહ્યો, તે કહે છે — ગૃહપતિરત્ને કરેલ ધાન્યની ઉપસ્થાપના પછી તે ભરત ચર્મરત્ન આરૂઢ છત્ર રત્નથી આચ્છાદિત મણિરત્નકૃત્ ઉધોત સમુદ્‌ગક સંપુટરૂપ પ્રાપ્ત હોય તેમ સુખેસુખે સાત અહોરાત્ર સુધી રહ્યા. આ જ વાત જણાવતાં કહે છે — તેને ભુખે ન પીડ્યો કે ન દૈન્યતા પામ્યો. ન ભય કે ન દુઃખ થયું. - x - ભરત ચક્રી માફક સૈન્યને પણ તેમજ હતું. તેમને પણ ભુખ આદિએ ન પીડ્યા.

● **સૂત્ર-૯૦ થી ૯૫ :-**

***[૯૦] ત્યારે તે ભરતરાજાને સાત અહોરાત્ર પરિપૂર્ણ થતા આ આવા સ્વરૂપનો અભ્યર્થિત, ચિંતિત, પ્રાર્થિત મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો-અરે ! આ કોણ અપ્રાર્થિતપ્રાર્થક, દુરંત-પ્રાંત લક્ષણ યાવત્ હ્રી-શ્રી પરિવર્જિત છે, જે મને આ આવાસ્વરૂપનો યાવત્ અભિસમન્વાગત થઈ વિજય છાવણી ઉપર યુગ મુશલમુષ્ટિ યાવત્ વર્ષા વરસાવે છે.***

***ત્યારે તે ભરતરાજાને આ આવા સ્વરૂપનો અભ્યર્થિત, ચિંતિત, પ્રાર્થિત, મનોગત સંકલ્પ સમુત્પન્ન થયો જાણીને ૧૬,૦૦૦ દેવો યુદ્ધ કરવાને પ્રવૃત્ત થયા. ત્યારે તે દેવો સન્નદ્ધબદ્ધ વર્મિતકવચવાળા થઈ યાવત્ આયુધ-પ્રહરણ લઈને જ્યાં મેઘમુખ નાગકુમાર દેવો હતા ત્યાં આવે છે, આવીને મેઘમુખ નાગકુમાર દેવોને આ પ્રમાણે કહ્યું —***

***ઓ મેઘમુખ નાગકુમાર દેવો ! અપ્રાર્થિતપ્રાર્થક યાવત્ હ્રી-શ્રી પરિવર્જિત શું તમે જાણતા નથી કે ચાતુરંત ચક્રવર્તી ભરત રાજા જે મહર્દ્ધિક છે, યાવત્ તેને ઉપદ્રવ કરવા કે રોકવા કોઈ સમર્થ નથી, તો પણ તમે ભરતરાજાની વિજય છાવણી ઉપર યુગ મુશલમુષ્ટિ પ્રમાણ માત્ર ધારાથી ઓઘમેઘ સાત અહોરાત્રથી વર્ષા કરી રહ્યા છો. તમે અહીંથી જલ્દીથી ચાલ્યા જાઓ અથવા આ જીવનથી આગળનું જીવન જોવાને તૈયાર થઈ જાઓ.***

***ત્યારે તે મેઘમુખ નાગકુમાર દેવો તે દેવોને આમ કહેતા સાંભળી ડર્યા, ત્રાસ પામ્યા, વ્યથિત થયા, ઉદ્વિગ્ન થયા, ભયભીત થઈને મેઘસૈન્યનું પ્રતિસંહરણ કર્યું, કરીને જ્યાં આપાતકિરાત હતા ત્યાં આવે છે, આવીને આપાતકિરાતોને આમ કહે છે — દેવાનુપ્રિયો ! આ ભરતરાજા મહર્દ્ધિક યાવત્ નિશ્ચે કોઈ દેવ વડે યાવત્ અગ્નિપ્રયોગથી કે યાવત્ ઉપદ્રવ કરવા કે રોકવા સમર્થ નથી, તો પણ દેવાનુપ્રિયો ! અમે તમારા પ્રિયને માટે ભરતરાજાને ઉપસર્ગ કર્યો. તો તમે***

*સ્નાન કરી, બલિકર્મ કરી, કૌતુક-મંગલ-પ્રાયશ્ચિત્ત કરી, ભીનું પટ્ટશાટક ધારણ કરી, વસ્ત્ર નીચે લટકતાં કિનારા સંભાળીને, શ્રેષ્ઠ પ્રધાન રત્નો લઈ, અંજલિ જોડી, પગે પડી ભરત રાજાનું શરણું લો. ઉત્તમપુરુષો પ્રણિપતિત વત્સલ હોય છે. આપને ભરતરાજા તરફથી કોઈ ભય રાખવાની જરૂર નથી.*

*એ પ્રમાણે જે દિશાથી પ્રગટ થયેલા, તે જ દિશામાં પાછા ગયા. ત્યારે તે આપાતકિરાતો મેઘમુખ નાગકુમાર દેવો વડે એમ કહેવાતા ઉત્થાન વડે ઉઠે છે, ઉઠીને સ્નાન કરી, બલિકર્મ કરી, કૌતુક-મંગલ-પ્રાયશ્ચિત્ત કરી, ભીનું વસ્ત્ર ધારણ કરી ઈત્યાદિ વડે - x - ભરત રાજા હતો ત્યાં આવ્યા. આવીને બે હાથ જોડી યાવત્ મસ્તકે અંજલિ કરી ભરત રાજાને જય-વિજય વડે વધાવે છે, વધાવીને શ્રેષ્ઠ પ્રધાન રત્નોનું ભેટણું કરી આમ કહ્યું —*

*[૯૧] સંપત્તિધર ! ગુણધર ! જયધર ! હ્રી-શ્રી-ધી-કીર્તિના ધારક નરેન્દ્ર ! રાજોચિત હજાર લક્ષણોથી સંપન્ન ! આ રાજ્યને ચિરકાળ ધારણ કરો.*

*[૯૨] અશ્વપતિ, ગજપતિ, નરપતિ, નવનિધિપતિ, ભરતક્ષેત્રના પ્રથમ અધિપતિ, ૩૨,૦૦૦ જનપદના સ્વામી ! ઘણું જીવો.*

*[૯૩] પ્રથમ નરેશ્વર, ઈશ્વર, ૬૪,૦૦૦ નારીઓના હૃદયેશ્વર, લાખો દેવોના સ્વામી, ચૌદરત્નોના સ્વામી, યશસ્વી ! - - -*

*[૯૪] - - - આપે સમુદ્ર અને ગિરિપર્યન્ત ઉત્તર-દક્ષિણ સમગ્ર ભરતક્ષેત્રને જીતી લીધું છે, અમે આપના દેશમાં વસીએ છીએ.*

*[૯૫] અહો ! આપ દેવાનુપ્રિયની ઋદ્ધિ, દ્યુતિ, બળ, વીર્ય, પુરુષાકાર પરાક્રમ છે, આપને આ દિવ્ય દેવદ્યુતિ, દિવ્ય દેવાનુભાવ, લબ્ધ-પ્રાપ્ત-અભિસમન્વાગત થયા છે. અમે આપની ઋદ્ધિ યાવત્ અભિસમન્વાગત થઈ છે, તે સાક્ષાત્ જોયેલ છે, હે દેવાનુપ્રિય ! અમને ક્ષમા કરો. અમે આપની ક્ષમા માંગીએ છીએ. હે દેવાનુપ્રિય ! આપ ક્ષમા કરવાને યોગ્ય છો. અમે ભવિષ્યમાં ફરી કદિ આવું નહીં કરીએ, એમ કહી હાથ જોડી, પગે પડી ભરતરાજાનું શરણું લીધું.*

*ત્યારપછી તે ભરતરાજા તે આપાતકિરાતોના પ્રધાન શ્રેષ્ઠ રત્નોને સ્વીકારે છે, સ્વીકારીને આપાતકિરાતોને આ પ્રમાણે કહે છે — જાઓ, તમને મેં મારી બાહુની છાયામાં સ્વીકાર કર્યા છે. તમે નિર્ભય અને નિરુદ્વેગ થઈ સુખેસુખે રહો. હવે તમને કોઈથી ભય નથી. એમ કહી સત્કાર અને સન્માન કર્યું, સત્કારી-સન્માનીને વિદાય આપી.*

*ત્યારપછી તે ભરતરાજા સુષેણ સેનાપતિને બોલાવે છે, બોલાવીને આમ કહ્યું — ઓ દેવાનુપ્રિય ! તું જા, સિંધુ મહાનદીના બીજા પશ્ચિમી નિષ્કુટે સિંધુનદી સુધીના સાગરની મર્યાદામાં સમ-વિષમ નિષ્કુટોને સાધિત કર, સાધિત કરીને પ્રધાન-શ્રેષ્ઠ રત્નોને ગ્રહણ કર. કરીને મારી આ આજ્ઞા જલ્દીથી પાછી સોંપ. આ બધું દક્ષિણના વિજય વર્ણનવત્ બધું કહેવું યાવત્ ભોગોને અનુભવતો*



*વિચરી રહ્યો છે.*

● **વિવેચન-૯૦ થી ૯૫ :-**

સમુદ્ગક રૂપપણે રહ્યા પછી તે ભરતરાજાને સાત અહોરાત્ર પરિપૂર્ણ થયા પછી, આવા સ્વરૂપનો યાવત્ સંકલ્પ ઉપજ્યો. તેને જ કહે છે — ઓ સૈનિકો ! આ કોણ અપ્રાર્થિતપ્રાર્થકાદિ વિશેષણ વિશિષ્ટ છે, જે મને આ આવા દિવ્ય દેવો જેવી ઋદ્ધિવાળા રાજાને - x - જેને દિવ્ય દેવદ્યુતિ, દેવાનુભાવ ઈત્યાદિ પ્રાપ્ત હોવા છતાં છાવણી ઉપર યુગમુશલ મુષ્ટિ પ્રમાણ માત્ર ધારા વડે વરસાદ વરસાવે છે ?

અહીં કિરાતને જ ગ્રહણ કરવાના છતાં કોનો આ ઉપદ્રવ ઉપક્રમ છે, એમ સામાન્યથી જ્ઞાન હોવા છતાં, આ કોણ છે એવા આક્રોશથી ઉપસ્થિત ઘણાં વૈરીમાં આ કોણ છે, જે મારી સામે ઉભો થયો છે, ઈત્યાદિ ભૂપતિ ભાવને વિચારીને યક્ષોએ જે કર્યું, તે કહે છે —

ઉક્ત ચિંતાના ઉત્પન્ન થયા પછી ભરતના આ આવા યાવત્ સંકલ્પને સમુત્પન્ન જાણીને ચૌદરત્નના અધિષ્ઠાયક ૧૪,૦૦૦ દેવ અને ૨૦૦૦ ભરતના અંગરક્ષક એવા ૧૬,૦૦૦ દેવો, જો કે સ્ત્રીરત્નના વૈતાઢ્ય સાધ્યા પછી પ્રાપ્ત થતા હોવાથી ૧૩ રત્નોના ૧૩,૦૦૦ દેવો જ સંભવે છે, તો પણ આ વચન સામાન્યથી છે. તેઓ યુદ્ધને માટે ઉદ્યત થયા.

કઈ રીતે ? તે પૂર્વવત્. તે ભરતના નીકટના દેવોએ શું કહ્યું ? તે કહે છે — ઓ મેઘમુખ દેવો ! ઈત્યાદિ૦ - x - શું તમે જાણતા નથી ? અર્થાત્ જાણો જ છો. ચાતુરંત ચક્રવર્તી ભરત રાજાને કોઈપણ દેવ-દાનવાદિ વડે શસ્ત્રપ્રયોગાદિથી ઉપદ્રવ કરવા કે રોકવાને સમર્થ નથી. અજ્ઞાનપૂર્વકની પ્રવૃત્તિ મોટા અનર્થને માટે અને પ્રવર્તકને બાઢ બાલિશભાવ ઉદ્ભાવન માટે થાય છે. જગત્માં અજેય જાણવા છતાં તમે ભરત રાજાના વિજય સ્કંધાવાર ઉપર વરસાદ વરસાવો છો. આ અવિચારી કાર્ય કરો છો ? - x - અહીંથી જલ્દી ભાગી જાઓ અથવા જો ન ભાગ્યા તો આ ભવથી બીજા ભવ-પૃથ્વીકાયિકાદિમાં જાઓ અર્થાત્ અપમૃત્યુ પામો. - x -

[શંકા] દેવોનું નિરૂપક્રમ આયુ હોવાથી અપમૃત્યુનો અસંભવ છે, આ વચન બાધાવાળું છે. [સમાધાન] સૂત્રોના વૈચિત્ર્યથી ભયસૂત્ર હોવાથી વિવક્ષણામાં દોષ નથી.

તए णं૦ બધું પૂર્વવત્. વિશેષ એ કે — ઘનઘટાને પાછી સંહરી લે છે, વરસાદ અટકતાં તે સંપુટથી ચક્રીનું સૈન્ય બહાર નીકળ્યું - x - x - હે દેવાનુપ્રિયો ! આ ભરત રાજા મહર્દ્ધિક યાવત્ તેને દેવાદિ વડે અસ્ત્ર પ્રયોગાદિ વડે યાવત્ રોકવાને સમર્થ નથી, તો પણ અમે આપ સૌની પ્રીતિ માટે ભરત રાજાને ઉપસર્ગ કર્યો, તો હે દેવાનુપ્રિયો ! ત્યાં જાઓ. સ્નાનાદિ વિશેષણ૦ આર્દ્ર-સદ્ય સ્નાન વશ થઈ, જળ વડે ભીના થઈ, ઉત્તરીય પહેરીને જાઓ. આના વડે આવો અવિલંબ સૂચવ્યો. અધોમુખ અંચલ-લટકતો છેડો જે રીતે રહે તેમ. આના દ્વારા પહેરેલા વસ્ત્રબંધનની કાળ અવધિમાં વિલંબ ન કરવા સૂચવ્યું છે અથવા આના દ્વારા અબદ્ધ કચ્છત્વ સૂચવેલ

છે. તેમ દર્શાવીને પોતાની દિનતા બતાવી છે. - x - x -

શ્રેષ્ઠપ્રધાન રત્નો લઈને, અંજલિ કરીને, ચરણના મુગટ-મસ્તક રાખીને ભરત રાજાનું શરણું સ્વીકારો. ઉત્તમપુરુષો પ્રણિપતિત વત્સલ હોય છે. આપને ભરતરાજાથી કોઈ ભય નથી તેમ કહીને જે દિશામાંથી પ્રગટ થયેલા, તે જ દિશામાં પાછા ગયા.

હવે ભગ્નેચ્છા મ્લેચ્છોએ જે કર્યું તે કહે છે — બધું પૂર્વવત્ વિશેષ એ કે — રત્નોનું ભેંટણું ધરે છે. પછી શું કહ્યું ? તે કહે છે — હે વસુધર ! છ ખંડવર્તી દ્રવ્યના સ્વામી અથવા તેજોધર, ગુણધર-ગુણવાન્, જયધર-વિદ્વેષી વડે અધર્ષણીય, હ્રી-લજ્જા, શ્રી-લક્ષ્મી, ધૃતિ-સંતોષ, કીર્તિ-વર્ણવાદ આ બધાંના ધારક અનેક લક્ષણવંત, અમારું આ રાજ્ય દીર્ઘકાળ પાલન કરો. અર્થાત્ અમારા દેશના અધિપતિ થાઓ.

હે અશ્વપતિ! ઈત્યાદિ૦ ૩૨,૦૦૦ જનપદો જે રાજા, તેના સ્વામી! ઘણું જીવો-ઘણું જીવો. હે પ્રથમ નરેશ્વર! હે ઐશ્વર્યધર, હે ૬૪,૦૦૦ નારીના પ્રાણવલ્લભ, રત્નોના અધિષ્ઠાતા માગધતીર્થાધિપાદિ લાખો દેવોના ઈશ્વર! ચૌદ રત્નેશ્વર! યશસ્વી! પૂર્વ-પશ્ચિમ-દક્ષિણ સંબંધી સમુદ્ર, ગિરિ-લઘુ હિમવંત, તેની મર્યાદામાં છે તે. ઉક્ત ત્રણ દિશામાં સમુદ્ર અને અધિક ઉત્તરમાં હિમવંત. ઉત્તરાર્દ્ધ-દક્ષિણાર્દ્ધ ભરત અર્થાત્ પરિપૂર્ણ ભરત, તમારા વડે જિતાયો છે. - x - તેથી નવ નિધિ અને સંપૂર્ણ ચૌદ રત્નોના સંપત્તિવાન્. તેથી અમે દેવાનુપ્રિયના દેશમાં વસીએ છીએ અર્થાત્ તમારી પ્રજારૂપ છે.

અહો - આશ્ચર્યમાં, દેવાનુપ્રિયની ઋદ્ધિ, દ્યુતિ, યશ, બલ, વીર્ય, પુરુષકાર પરાક્રમ અર્થાત્ ઋદ્ધયાદિ આશ્ચર્યકારી છે. તે કેવી છે ? દિવ્ય-સર્વોત્કૃષ્ટ, દેવની જેવી દ્યુતિ, એ રીતે દિવ્ય દેવાનુભાવને પ્રાપ્ત કરેલ છે, અભિ સન્મુખ આવેલ છે. બીજા પાસેથી સાંભળતા પણ આશ્ચર્ય થાય છે, જોતાં તો વિશેષ થાય તેથી કહે છે—

આપની ઋદ્ધિ-સંપત્તિ જોઈ, ચક્ષુ વડે પ્રત્યક્ષ અનુભવી. - x - આપની દ્યુતિ તેમજ યશ બલાદિ પણ જોયા યાવત્-ઋદ્ધિ, યશ, બલ, વીર્ય અભિસમન્વાગત થયેલા જોયા. તેથી દેવાનુપ્રિય ! અમને ક્ષમા કરો. અમે બાળચેષ્ટા કરી છે, માટે અમને ક્ષમા કરો. આપ ક્ષમા કરવાને યોગ્ય છો - x - x - હવે ફરી આવું નહીં કરીએ. એ પ્રમાણે અંજલી જોડી, પગે પડી, ભરત રાજાનું શરણ સ્વીકારે છે.

હવે પ્રસાદાભિમુખ ભરતનું કૃત્ય કહે છે — પછી તે ભરત રાજા તે આપાતકિરાતોના પ્રધાન શ્રેષ્ઠ રત્નોને સ્વીકારે છે. સ્વીકારીને તે આપાત કિરાતોને કહ્યું — તમે તમારા સ્થાને જાઓ, મારા બાહુની છાયામાં તમને સ્વીકારેલ છે, તમારી માથે મારો હાથ છે, નિર્ભય અને ઉદ્વેગરહિત થઈ સુખેસુખે તમે રહો. તમને હવે કોઈ ભય નથી, એમ કહી સત્કારી-સન્માનીને સ્વસ્થાને જવાની રજા આપી.

હવે કિરાતોને સાધ્યા પછી નરેન્દ્રએ શું કર્યુ ? તે કહે છે — પછી ભરતે સુષેણ સેનાપતિને બોલાવ્યો. બોલાવીને એમ કહ્યું — દેવાનુપ્રિય ! જા, પૂર્વસાધિત નિષ્કુટની અપેક્ષાથી બીજા, સીંધુમહાનદીના પશ્ચિમ ભાગવર્તી નિષ્કૂટ, સાગર-પશ્ચિમી સમુદ્ર, ઉતરમાં લઘુહિમવંત, દક્ષિણમાં વૈતાઢ્યગિરિ, તેટલી મર્યાદા જેની છે તે. આના વડે વિભાગ કર્યો.



લાઘવતા માટે કહે છે — જેમ દક્ષિણ દિશાના સિંધુનિષ્કૂટોને સાધ્યા, તે બધું કહેવું. - x - x - પછી શું થયું ? તે કહે છે —

● **સૂત્ર-૯૬ :-**

***ત્યારપછી દિવ્યચક્રરત્ન અન્ય કોઈ દિને આયુધગૃહ શાળાથી નીકળે છે, નીકળીને આકાશમાં સ્થિત થયું યાવત્ ઈશાનદિશામાં લઘુ હિમવંત પર્વતાભિમુખ તરફ ચાલ્યુ. ત્યારે તે ભરતરાજા દિવ્ય ચક્રરત્નને યાવત્ લઘુ હિમવંત વર્ષધર પર્વતની કંઈક સમીપે બાર યોજન લાંબી યાવત્ લઘુહિમવંત ગિરિકુમાર દેવને આશ્રીને અટ્ઠમભક્ત સ્વીકાર્યો. બધું માગધતીર્થવત્ કહેવું યાવત્ સમુદ્રના રવ જેવો નાદ કરતા-કરતા ઉત્તર દિશાભિમુખ જ્યાં લઘુહિમવંત વર્ષધરપર્વત છે ત્યાં આવ્યા.***

***આવીને લઘુહિમવંત વર્ષધર પર્વતને ત્રણ વખત રથશિરથી સ્પર્શે છે, સ્પર્શીને અશ્વોનો નિગ્રહ કર્યો, કરીને પૂર્વવત્ યાવત્ કાનસુધી બાણ ખેંચીને આ વચનો ત્યાં તે નરપતિએ કહ્યા યાવત્ બધાં આપના દેશવાસી છીએ, એમ કહી ઉર્ધ્વ આકાશમાં પરિકર-નિકરિત મધ્યે બાણ છોડ્યું યાવત્ ત્યારે તે બાણને ભરત રાજા વડે ઉર્ધ્વ આકાશમાં છોડાતા જલ્દીથી ૭૨ યોજન જઈને લઘુહિમવંત ગિરિકુમાર દેવની મર્યાદામાં પડ્યું.***

***ત્યારે તે લઘુહિમવંતકુમાર દેવે મર્યાદામાં બાણને પડતું જોયું, જોઈને તે આસુરુક્ત, રુષ્ટ, યાવત્ પ્રીતિદાનમાં સર્વૌષધિ, માલ્ય, ગોશીર્ષ ચંદન, કટક યાવત્ દ્રહનું જળ લીધું, લઈને તેવી ઉત્કૃષ્ટી યાવત્ ઉત્તર લઘુ હિમવંતગિરિની મર્યાદામાં હું આપનો દેશવાસી છું યાવત્ હું આપનો ઉત્તરદિશાનો અંતપાલ છું યાવત્ વિદાય આપી.***

● **વિવેચન-૯૬ :-**

ઉત્તરીય સિંધુ નિષ્કુટ સાધના પછી તે દિવ્યચક્રરત્ન અન્યદા કોઈ દિને આયુધ ગૃહશાળાથી નીકળ્યુ, નીકલીને આકાશમાં રહ્યું. યાવત્ પદથી હજાર યક્ષ વડે સંપરિવૃત્ત, દિવ્ય ત્રુટિત શબ્દના સંનિનાદથી આકાશને પુરતું એમ લેવું. ઈશાન ખૂણામાં લઘુહિમવંત પર્વતાભિમુખ ચાલ્યુ. છાવણી નાંખીને લઘુહિમવંતગિરિ મધ્યે જવાને ઈશાનમાં જ ઋજુમાર્ગ છે.

પછી નરેન્દ્રએ જે કર્યુ તે કહે છે — ભરતે ચક્રરત્નને લઘુ હિમવત્ ગિરિ તરફ જતું જોઈને કૌટુંબિક પુરુષોને આજ્ઞા કરી કે હસ્તિરત્ન સજાવો, સેના સજાવો, સ્નાનવિધાન, હસ્તિ, આરોહણ, માર્ગમાં આવતા નગરાદિના સ્વામીને જીતવા, તેમનું ભેટણું સ્વીકારવું, ચક્રરત્નનું અનુગમન ઈત્યાદિ કર્યુ - x - x - પછી લઘુ હિમવંતગિરિ પાસે બાર યોજન લાંબી, નવ યોજન વિસ્તીર્ણાદિ વિશેષણ વિશિષ્ટ છાવણી નાંખી. વર્દ્ધકી રત્નને બોલાવી પૌષધશાળા કરાવી. લઘુ હિમવંતગિરિકુમારને સાધવા નિમિત્તે પૌષધ પણ કરે છે.

ક્યાં સુધી સૂત્ર કહેવું ? સમુદ્રના સ્વરૂપ સમાન કરતાં-કરતાં, 'तहेव' શબ્દથી

અટ્ઠમભક્ત, પારણું, કૌટુંબિકોને બોલાવવા, સેના સજ્જ કરવી, અશ્વરથ તૈયાર કરવો, સ્નાનવિધાન, અશ્વરથારોહણ, ચક્રરત્ન માર્ગાનુ ગમનાદિ. - x - એ રીતે ઉત્તર દિશાભિમુખ લઘુહિમવંત પર્વતે જાય છે, જઈને તે પર્વતને ત્રણ વખત રથના અગ્રભાગથી સ્પર્શે છે, અતિવેગમાં પ્રવૃત્ત વેગીવસ્તુને આગળ પ્રતિબંધક ભીંતમાં સંઘટનથી ત્રણ વખત તાડન કરતા વેગ ઘટે છે, તેમ દર્શાવવા અહીં ત્રણ એમ કહ્યું પછી ઘોડાને રોક્યા.

પછી શું બન્યું, તે કહે છે — ચારે ઘોડાને રોકીને૰ માગધતીર્થાધિકાર સમાન બધું કહેવું. ક્યાં સુધી કહેવું ? બાણને કાન સુધી ખેંચીને, અહીં 'तहेव' એ વચનથી રથ સ્થાપન, ધનુષ્ગ્રહણ, બાણગ્રહણ કહેવું. પછી બાણને તે પ્રકારે કરીને ત્યાં આ વચો કહ્યા - x - તમે સાંભળો૰ ઈત્યાદિ બે ગાથા ''અમે તમારા દેશવાસી છીએ'' સુધી કહેવું. આ શુભપર્યાય છે, જેમ ઉર્ધ્વલોક શુભલોક છે, ઈત્યાદિ. પછી આકાશમાં લઘુહિમવત્ ગિરિકુમાર ત્યાં સંભવતા નથી માટે બાણ છોડે છે. અહીં ''પરિકર નિકરિત મધ્ય'' વાળી બંને ગાથા કહેવી.

પછી શું થયું ? ભરત રાજાએ તે બાણ ઉંચે આકાશમાં છોડતાં જલ્દી જ ૭૨ યોજન જઈને લઘુહિમવંતગિરિકુમાર દેવની મર્યાદામાં ઉચિત સ્થાને પડ્યું. પછી તે દેવ પોતાની મર્યાદામાં બાણને પડેલું જોઈને આસુરુપ્ત, રુષ્ટ ઈત્યાદિ વિશેષણવાળો થયો. - x - બાણ ગ્રહણ કરીને નામ વાચે છે તે કહેવું પ્રીતિદાન-ફળ પાકાંત વનસ્પતિ વિશેષ રાજ્યાભિષેકાદિ કાર્યોપયોગી, કલ્પવૃક્ષની પુષ્પમાલા અને ગોશીર્ષચંદન, કટક, ત્રુટિત, વસ્ત્ર, આભરણ, નામાંકિત બાણ લીધુ, પદ્મદ્રહનું જળ લે છે. લઈને ઉત્કૃષ્ટ દેવગતિથી ભરતાંતિકે જાય છે. ઉત્તરમાં લઘુહિમવંતગિરિની મર્યાદામાં હું આપનો દેશવાસી છું યાવત્ હું આપનો સેવક છું એમ કહેવું. હું આપનો ઉત્તરીય લોકપાલ છું.અહીં યાવત્ પદથી પ્રીતિદાન લાવે છે. ભરત સ્વીકારે છે, દેવને સત્કારે છે, સન્માને છે અને વિદાય આપે છે. - x - અટ્ઠમતપ કરે છે, પારણું કરે છે.

દિગ્વિજય કરવાને માટે ઋષભકૂટ જવા તૈયાર થયા —

**● સૂત્ર-૯૭ થી ૧૦૦ :-**

***[૯૭] ત્યારે તે ભરત રાજા અશ્વોને રોકે છે, રોકીને રથને પાછો વાળે છે, વાળીને જ્યાં ઋષભકૂટ છે, ત્યાં આવે છે, આવીને ઋષભકૂટ પર્વતને ત્રણ વખત રથના અગ્રભાગથી સ્પર્શે છે, સ્પર્શીને અશ્વોનો નિગ્રહ કરે છે, કરીને રથને સ્થાપે છે, સ્થાપીને છ તલ, બાર ખૂણા, આઠ કર્ણિકાવાળા, સોનીના અધિકરણ સંસ્થિત એવા કાકણિરત્નને સ્પર્શે છે, સ્પર્શીને ઋષભકૂટ પર્વતના પૂર્વીય કટકમાં નામ અંકિત કરે છે.***

***[૯૮] આ અવસર્પિણીમાં ત્રીજા આરાના પાછલા ભાગમાં હું ભરત નામે ચક્રવર્તી થયો.... [૯૯] હું પહેલો રાજા, હું ભરતાધિપ નરવરેન્દ્ર છું મારો કોઈ પ્રતિશત્રુ નથી, મેં ભરત ક્ષેત્રને જીતેલ છે.***

***[૧૦૦] એમ કહી નામ અંકિત કર્યું, નામાંકિત કરીને રથને પાછો વાળે***



***છે, વાળીને જ્યાં વિજય સ્કંધાવાર નિવેશ છે, જ્યાં બાહ્ય ઉપસ્થાન શાળા છે, ત્યાં આવે છે, આવીને યાવત્ લઘુહિમવંત ગિરિકુમાર દેવને આશ્રીને અષ્ટાહ્નિકા મહામહોત્સવ પુરો થતા આયુધગૃહ શાળાથી નીકળે છે, નીકલીને યાવત્ દક્ષિણ દિશામાં વૈતાઢ્ય પર્વતાભિમુખ જવા પ્રવૃત્ત થયા.***

**● વિવેચન-૯૭ થી ૧૦૦ :-**

હિમવંતને સાધિત કર્યા પછી તે ભરતરાજા અશ્વોને દક્ષિણ પાર્શ્વમાં રહેલ ઘોડાને રોકે છે, ડાબી બાજુના બંને અશ્વોને આગળ કરે છે. રથને રોકીને પાછો વાળે છે, વાળીને ઋષભકૂટ પાસે જાય છે. જઈને ઋષભકૂટ પર્વતને ત્રણ વખત રથના અગ્રભાગથી સ્પર્શે છે, સ્પર્શીને રથને સ્થાપે છે. સ્થાપીને - x - અષ્ટ સુવર્ણમય કાકણીરત્નને સ્પર્શે છે. વ્યાખ્યા પૂર્વવત્. સ્પર્શીને ઋષભકૂટ પર્વતના પૂર્વના કટકમાં નામને - x - લખે છે.

શું લખે છે ? અવસર્પિણીના આ ત્રીજા આરાના પશ્ચિમ ભાગમાં અર્થાત્ ત્રીજા ભાગમાં-''હું ચક્રવર્તી ભરત છું'' એમ નામ લખ્યું. હું પ્રથમ-પ્રધાન રાજા છું. પ્રધાન શબ્દાર્થ લેવાથી ઋષભદેવના પ્રથમ રાજાપણામાં આગમ સાથે વિરોધ નહીં આવે. હું ભરતક્ષેત્રના અધિપતિ, સામંતાદિનો ઈન્દ્ર છું, મારો કોઈ પ્રતિશત્રુ નથી. મેં ભરતક્ષેત્રને જીતેલ છે. એમ કરી નામ લખે છે. - x -

કૃતકૃત્ય થઈ જે કરે છે, તે કહે છે — નામ લખીને રથ પાછો વાળે છે, વાળીને વિજયસ્કંધાવારનિવેશમાં બાહ્ય ઉપસ્થાનશાળાએ આવે છે. આવીને — અહીં યાવત્ પદથી - અશ્વોને રોકીને રથ સ્થાપે છે, તેમાંથી ઉતરે છે. સ્નાનગૃહમાં પ્રવેશી ન્હાય છે. બહાર નીકળી, ભોજન કરી, બાહ્ય ઉપસ્થાનશાળામાં સિંહાસને બેસે છે. શ્રેણિ-પ્રશ્રેણીને બોલાવે છે. લઘુ હિમવંત ગિરિકુમાર દેવ નિમિત્તે અષ્ટાહ્નિકા કરવા આજ્ઞા આપે છે, આજ્ઞા પાછી સોંપે છે.

તે દિવ્ય ચક્રરત્નને લઘુહિમવંત ગિરિકુમાર દેવના અષ્ટાહ્નિકા મહા મહોત્સવ સંપન્ન થતાં આયુધગૃહશાળાથી નીકળે છે, નીકળીને - x - દક્ષિણ દિશાને ઉદ્દેશીને વૈતાઢ્ય પર્વતાભિમુખ જવા પ્રવૃત્ત થયા.

**● સૂત્ર-૧૦૧ થી ૧૦૩ :-**

***[૧૦૧] ત્યારે તે ભરતરાજા તે દિવ્યચક્રરત્નને યાવત્ વૈતાઢ્ય પર્વતના ઉત્તરીય નિતંબે જાય છે, જઈને વૈતાઢ્ય પર્વતના ઉત્તરીય નિતંબમાં બાર યોજન લાંબી યાવત્ પૌષધશાળામાં પ્રવેશે છે યાવત્ નમિ અને વિનમી વિદ્યાધર રાજાના નિમિત્તે અટ્ઠમભક્ત ગ્રહણ કરે છે. કરીને પૌષધશાળામાં યાવત્ નમિ-વિનમી વિદ્યાધર રાજાને મનમાં ધ્યાયીને ત્યાં રહે છે.***

***ત્યારપછી તે ભરત રાજાનો અટ્ઠમભક્ત પરિપૂર્ણ પ્રાયઃ થતાં નમિ-વિનમિ વિદ્યાધર રાજાને દિવ્યમતિથી પ્રેરિતમતિ થઈ એકબીજાની પાસે પ્રગટ થયા, થઈને આ પ્રમાણે કહ્યું — ઓ દેવાનુપ્રિય! નિશ્ચે જંબૂદ્વીપ દ્વીપના ભરતક્ષેત્રમાં ભરત નામે ચાતુરંત ચક્રવર્તી ઉત્પન્ન થયો છે. તો અતીત-વર્તમાન-અનાગત વિદ્યાધર***

*રાજાનો એ કલ્પ છે કે ચક્રવર્તીને ભેટણું કરે. તો હે દેવાનુપ્રિય! આપણે ત્યાં જઈએ આપણે પણ ભરતરાજાને ભેંટણું કરીએ, એમ કહીને વિનમીએ પોતાની દિવ્યમતિથી પ્રેરિત થઈને માન-ઉન્માન-પ્રમાણયુક્ત, તેજસ્વી, રૂપ-લક્ષણયુક્ત, સ્થિતયૌવન અને અવસ્થિત કેશ તથા નખવાળી, સર્વરોગનાશ કરનારી, બળવૃદ્ધિકારિણી, ઈચ્છિત શીતોષ્ણ સ્પર્શયુક્ત સ્ત્રીરત્ન સુભદ્રાને સાથે લીધી.*

*[૧૦૨] તેણી ત્રણ સ્થાનમાં કૃશ અને ત્રણમાં તામ્ર હતી. ત્રિવલી યુક્ત હતી, ત્રણમાં ઉન્નત, ત્રણમાં ગંભીર, ત્રણમાં કૃષ્ણવર્ણી, ત્રણમાં શ્વેત, ત્રણમાં લંબાઈયુક્ત અને ત્રણ સ્થાનમાં વિસ્તીર્ણ હતી.*

*[૧૦૩] તેણી સમશરીરી હતી. ભરતક્ષેત્રમાં સર્વમહિલામાં પ્રધાન હતી. સુંદર સ્તન-જઘન, સુંદર હાથ-પગ-નયન-કેશ-દાંત યુક્ત હતી. જનહૃદય રમમ અને મનહરી, શ્રૃંગારના આગારરૂપ યાવત્ યુક્ત ઉપચાર કુશળ, રૂપમાં દેવાંગનાના સૌંદર્યનું અનુસરણ કરતી હતી. તે સુભદ્રા ભદ્ર યૌવનમાં વર્તતી સ્ત્રીરત્નને [વિનમિ લાવ્યો] નમિએ રત્ન, કટક, ત્રુટિકને લે છે.*

*— પછી તેવી ઉત્કૃષ્ટી, ત્વરિતા યાવત્ ઉદ્ધૃત વિદ્યાધરગતિથી જ્યાં ભરત રાજા છે, ત્યાં આવે છે. આવીને અંતરિક્ષમાં રહીને લઘુઘંટિકાયુક્ત યાવત્ જય અને વિજય વડે વધાવે છે, વધાવીને આ પ્રમાણે કહ્યું —*

*હે દેવાનુપ્રિય ! આપે જીતી લીધેલ છે યાવત્ અમે આપના આજ્ઞાવર્તી સેવક છીએ. એમ કહીને૦ હે દેવાનુપ્રિય ! આપ આ ભેંટણું સ્વીકાર કરો. અમે આ યાવત્ વિનમિ સ્ત્રીરત્નને અને નમિ રત્નોને સમર્પિત કરે છે.*

*ત્યારે તે ભરતરાજા યાવત્ પ્રતિવિસર્જિત કરે છે, કરીને પૌષધશાળાથી નીકળે છે, નીકળીને સ્નાનગૃહમાં પ્રવેશે છે. પ્રવેશીને ભોજનમંડપમાં યાવત્ નમિ-વિનમિ વિદ્યાધરરાજાને આશ્રીને અષ્ટાહ્નિકા મહામહોત્સવ કરે છે. ત્યારે તે દિવ્ય ચક્રરત્ન આયુધગૃહ શાલાથી નીકળે છે યાવત્ ઉત્તર-પૂર્વ દિશામાં ગંગાદેવીના ભવનાભિમુખ જવા પ્રવૃત્ત થયો. તે બધું જ સિંધુની વક્તવ્યતા અનુસાર કહેવું યાવત્ વિશેષ એ કે ૧૦૦૮ કુંભ, રત્નયુક્ત, વિવિધ મણિ-કનક-રત્નથી આલેખિત બે સુવર્ણ સિંહાસન ભેટ કર્યા. બાકી બધું પૂર્વવત્ યાવત્ મહોત્સવ કર્યો.*

● **વિવેચન-૧૦૧ થી ૧૦૩ :-**

પછી તે ભરતરાજા તે દિવ્ય ચક્રરત્નને દક્ષિણદિશામાં વૈતાઢ્ય પર્વત અભિમુખ જતું જુએ છે, જોઈને પ્રમોદાદિ ત્યાં સુધી કહેવું જ્યાં સુધી ભરત જ્યાં વૈતાઢ્ય પર્વતના ઉત્તરપાર્શ્વવર્તી કટક છે, ત્યાં આવે છે, આવીને વૈતાઢ્ય પર્વતના ઉત્તરભાગવર્તી કટકમાં બાર યોજન લાંબી, નવ યોજન વિસ્તીર્ણ આદિ છાવણી કહેવી. ભરત પૌષધશાળામાં ભરત પ્રવેશ્યો.

નમિવિનમિ - ઋષભસ્વામીના સામંત કચ્છ-મહાકચ્છના પુત્રો અને વિદ્યાધર રાજાને સાધિત કરવા અઠ્ઠમભક્ત ગ્રહણ કર્યો, કરીને પૌષધ શાળામાં પૌષધિકાદિ



વિશેષણયુક્ત નમિ-વિનમિ વિદ્યાધર રાજાને મનમાં ધ્યાયીને રહે છે. પક્ષી અનુકંપાથી એમના ઉપર બાણ છોડવાથી પ્રાણદર્શન થાય, તે ક્ષત્રિયધર્મ નથી. સિંધુ આદિ દેવી માફક આ બંનેને મનમાં કરવા વડે સાધના ઉપાયમાં પ્રવૃત્ત થયો. તેણે બાર વર્ષીય યુદ્ધ પણ થયું. - x -

આ અંતરમાં જે થયું, તે કહે છે — તે ભરતનો અઠ્ઠમ ભક્ત પરિપૂર્ણ થતાં નમિ-વિનમિ વિદ્યાધર રાજા દિવ્યાનુભવજનિતત્વ જ્ઞાનથી પ્રેરિતમતિથી અવધિજ્ઞાનાદિના અભાવમાં પણ જે તે બંનેને ભરતના મનોવિષયકજ્ઞાન, તે સૌધર્મ-ઈશાનદેવીના મનઃપ્રવિચાર દેવોના કામાનુષક્ત મનોજ્ઞાન સમાન દિવ્યાનુભાવથી જાણવું. અન્યથા તેઓ પણ સ્વવિમાન ચૂલિકા ધ્વજાદિ માત્ર વિષયક અવધિમતિથી તેટલાં જ જ્ઞાનને લીધે કામક્રીડા અનુકૂળ ચેષ્ટાનું ઉન્મુખત્વ ન સંભવે.

બંને એકબીજાની પાસે આવ્યા, આવીને આમ કહ્યું — જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં ભરતનામે ચાતુરંત ચક્રવર્તી રાજા ઉત્પન્ન થયો છે. તેથી ત્રણે કાળના વિદ્યાધર રાજાનો એ કલ્પ છે કે ચક્રવર્તીને ભેંટણું કરવું, આપણે પણ ત્યાં જઈને ભરતરાજાને ભેંટણું કરવું જોઈએ. એમ પરસ્પર કહીને ઉત્તરશ્રેણિનો અધિપતિ વિનમિ સુભદ્રા નામક સ્ત્રીરત્નને અને દક્ષિણ શ્રેણિ અધિપતિ રત્નો, કટકો, ત્રુટિકો લાવે છે હવે વિનમિ શું કરીને સુભદ્રારત્નને લે છે —

દિવ્યમતિથી પ્રેરિત થઈને ચક્રવર્તીને જાણીને, અનંતરોક્ત સૂત્રથી ચક્રવર્તીત્વ પામ્યા છતાં પણ જે ચક્રવર્તી ઈત્યાદિ કહ્યું તે સુભદ્રા સ્ત્રીરત્નની જેમ ઉપયોગી છે. તે સુભદ્રા કેવી છે ? માન-ઉન્માન-પ્રમાણ યુક્ત, તેમાં માનાદિ પ્રમાણ ગ્રંથાંતરથી જાણી લેવા.

તે સુભદ્રા તેજસ્વી, સુંદર આકારવાળી, છત્રાદિ લક્ષણોથી યુક્ત, જેણીનું યૌવન અવિનાશીત્વથી સ્થિત છે, જેણીના કેશ અને નખો ન વધવાના સ્વભાવવાળા હતા. અહીં ભાવ એવો છે કે — તેણીની ભુજાના મૂળ આદિના રોમ ન વધવાના સ્વભાવવાળા હતા, અન્યથા તેણીનો કેશપાશ પ્રલંબપણે ઉત્તરસૂત્રમાં કહેવાશે, તે અયુક્ત થાય. તેણીના સ્પર્શથી સર્વે રોગો નાશ પામતા હતા. *[અર્થાત્ ચક્રવર્તીના સર્વદોષ નાશ પામતા હતા, પણ મૃત્યુ નીકટ આવે ત્યારે તેણીના સ્પર્શને સહન કરવાના સામર્થ્યનો અભાવ રહે છે, જેમ બ્રહ્મદત્ત ચક્રીને દાહજ્વર થયો ત્યારે શાંત ન થયો — 'हीरवृत्ति' —]*

બલકરી-સંભોગ કરતાં બળની વૃદ્ધિ કરનારી, બીજાની જેમ પરિભોગમાં બલક્ષય થતો નથી. [શંકા] સિદ્ધાંતમાં સંભળાય છે કે "હસ્ત સ્પૃષ્ટ અશ્વગ્લાનિ દર્શનથી" સ્ત્રીરત્નની સ્વકામુક પુરુષ બિભિષિક ઉત્પાદન છે, તો આ કઈ રીતે યુક્ત છે ? [સમાધાન] ચક્રવર્તીને જ અપેક્ષીને ઉક્ત વ્યાખ્યાન છે, જો કે તેમ છતાં બ્રહ્મદત્ત ચક્રીના દાહોપશમમાં સમાધાન પછીના દંડવર્ણનની વ્યાખ્યાથી જાણવું. વિપરીત ઋતુમાં પણ ઈચ્છાનુસાર જે શીતઉષ્ણ સ્પર્શ, તેના વડે યુક્ત - ઉષ્ણ ઋતુમાં શીતસ્પર્શ, શીતમાં ઉષ્ણ.

તે મધ્યભાગ, ઉદર અને શરીરમાં પાતળી હતી. તેથી તન્વંગી આદિ કહેવાય છે. [શંકા] સામુદ્રિક શાસ્ત્રમાં દાંત, ત્વચા પણ પાતળા કહેવાય છે, તો અહીં ત્રણ સંખ્યા જ કેમ? વિચિત્રતાથી, - x - સ્ત્રીપુરુષ સાધારણ જે ત્રિકરૂપ લક્ષણ તે તેજ રીતે નિબદ્ધ છે. અહીં કેવળ સ્ત્રીજાતિને ઉચિત લક્ષણો કહ્યા તે સ્ત્રીરત્નના પ્રસ્તાવથી - x - એ યોગ્ય જ છે. તેથી જ દાંત અને ત્વચાદિ પાતળા હોવા છતાં તેની વિવક્ષા કરી નથી.

નેત્રનો અંતભાગ, હોઠ, યોનિભાગમાં તામ્ર-લાલ હતી. આંખના ખૂણાનું રક્તત્વ જ સ્ત્રીના ચક્ષુના ચુંબનમાં પુરુષને અતિ મનોહર થાય છે ત્રણ વલય-મધ્યવર્તીરેખારૂપ જેને છે તે - x - ત્રિવલીકત્વ સ્ત્રી માટે અતિ પ્રશસ્ય છે, પુરુષો માટે તેમ નથી. - x - સ્તન, જઘન, યોનિભાગમાં ઉન્નત્ત, નાભિ-સત્ત્વ-સ્વરમાં ગંભીર, રોમરાજી-સ્તનની ડીંટડી-નેત્રની કીકી ત્રણે કૃષ્ણવર્ણી, દાંત-સ્મિત-ચક્ષુત્રણે શ્વેત, વેણી-બાહુલતા-લોચન ત્રણે પ્રલંબ હોય, શ્રોણિચક્ર - જઘનસ્થલી-નિતંબબિંબોમાં વિસ્તીર્ણ.

સમશરીરી-સમચતુરસ્ર સંસ્થાનત્વથી છે, ભારત ક્ષેત્રમાં બધી મહિલામાં પ્રધાન, સુંદર સ્તન-જઘન, શ્રેષ્ઠ હાથ-પગ-નયન જેના છે તે. કેશ, દાંત તેના વડે જનહૃદય રમણી - જોનાર લોકના ચિત્તના ક્રીડા હેતુક, તેથી જ મનોહરી. શ્રૃંગારના ગૃહ જેવી સુંદરવેષવાળી, ઉચિત એવું ગમન, સ્મિત, વાણી, અપુરુષ ચેષ્ટા, નેત્રચેષ્ટા, પ્રસન્નતાથી જે સંલાપ-પરસ્પર ભાષણરૂપ, તેમાં નિપુણ એવી, સંગત એવા લોકવ્યવહારોમાં કુશળ, ઈન્દ્રાણી કે દેવીના સૌંદર્યરૂપને અનુસરતી, કલ્યાણકારિણી, યૌવનમાં વર્તતી એવી સુભદ્રા સ્ત્રીરત્નને લઈને તેવી ઉત્કૃતાદિ ગતિથી ભરત પાસે આવ્યો. આવીને આકાશમાં રહીને લઘુઘંટિકા યુક્ત પંચવર્ણી શ્રેષ્ઠ વસ્ત્રો ધારણ કર્યા ઈત્યાદિ. જય અને વિજય વડે વધાવે છે, વધાવીને એમ કહ્યું — દેવાનુપ્રિય વડે જીતાયેલ છે યાવત્ શબ્દથી માગધના આલાવાવત્ કહેવું, વિશેષ એ કે ઉત્તરમાં "લઘુહિમવંતની મર્યાદામાં". અમે આપ દેવાનુપ્રિયના આજ્ઞાવર્તી સેવકો છીએ એમ કહીને — "અમારું આ પ્રીતિદાન સ્વીકારો" કહી વિનમિએ સ્ત્રીરત્ન અને નમિએ રત્નોને સમર્પિત કર્યા.

હવે ભરતે શું કર્યુ તે કહે છે — ત્યારે તે ભરતરાજા પ્રીતિદાન ગ્રહણ કરી, સત્કારાદિ કરી, વિનમિ-નમિને વિદાય આપીને અને પૌષધશાળાથી નીકળીને સ્નાનગૃહમાં પ્રવેશે છે, પ્રવેશીને સ્નાનવિધિ પતાવીને ભોજન મંડપમાં પારણું કરે છે. શ્રેણિ-પ્રશ્રેણિ જનોને બોલાવે છે, અષ્ટાહિકા મહોત્સવ કરે છે, ત્યાં સુધી જાણવું. પછી તે નમિ-વિનમિ વિદ્યાધર રાજા અષ્ટાહ્નિકા મહામહોત્સવ કરે છે, આજ્ઞા પાછી સોંપે છે તેમ જાણવું.

હવે દિગ્વિજયના પરમ અંગરૂપ ચક્રરત્નનો વ્યતિકર કહે છે — પછી - નમિ વિનમિ વિદ્યાધરોને સાધ્યા પછી તે દિવ્ય ચક્રરત્ન આયુધ ગૃહશાળાથી નીકળ્યું ઈત્યાદિ પૂર્વવત્. વિશેષ એ — ઈશાનદિશા કહેવી. વૈતાઢ્યથી ગંગાદેવી ભવનાભિમુખ જતાં ઈશાનખૂણો ઋજુ માર્ગ છે. અહીં નિર્ણય કરવા જંબૂદ્વીપ આલેખીને જોવું. - x - બધું સિંધુદેવીના કથાનાનુસાર ગંગાભિલાષ વડે જાણવું. તે પ્રીતિદાન સુધી કહેવું. વિશેષ એ - ૧૦૦૮ કુંભો રત્નના, વિવિધ સુવર્ણ-મણિમય ચિત્રિત બે સિંહાસનો



કહેવા. બાકી બધું પૂર્વવત્ યાવત્ અષ્ટાહ્નિકા મહોત્સવ કરે છે. - x - x - x -

ગંગાદેવીના ભવનમાં ભોગ વડે ૧૦૦૦ વર્ષ વીતાવ્યાનું જે સંભળાય છે, તે આ સૂત્ર અને ચૂર્ણિમાં કહેલ નથી. ઋષભચરિત્રથી જાણવું.

● **સૂત્ર-૧૦૪ :-**

*ત્યારપછી તે દિવ્ય ચક્રરત્ન ગંગાદેવીને આશ્રીને અષ્ટાહ્નિકા મહા મહોત્સવથી નિવૃત્ત થતાં આયુધગૃહશાળાથી નીકળ્યું, નીકળીને યાવત્ ગંગા મહાનદીના પશ્ચિમ કિનારાથી દક્ષિણદિશામાં ખંડપ્રપાત ગુફાભિમુખ જવા પ્રવૃત્ત થયું. પછી તે ભરત રાજા યાવત્ જ્યાં ખંડપ્રપાત ગુફા છે ત્યાં આવે છે, આવીને બધુ વક્તવ્યતા કૃતમાલક દેવ સમાન જાણવી. વિશેષ એ કે નૃત્યમાલક દેવે પ્રીતિદાન રૂપે આલંકારિકભાંડ અને કટક આપ્યા. બાકી બધું પૂર્વવત્. યાવત્ અષ્ટાહ્નિકા મહામહિમા કર્યો.*

*ત્યારપછી તે ભરત રાજા નૃત્યમાલક દેવ સંબંધી અષ્ટાહ્નિકા મહોત્સવ પૂર્ણ થતાં સુષેણ સેનાપતિને બોલાવે છે, બોલાવીને યાવત્ સિંધુના આલાવા સમાન જાણવું. યાવત્ ગંગા મહાનદીના પૂર્વીય નિષ્કુટ જે ગંગા સહિત સમુદ્ર અને પર્વતની મર્યાદામાં સમ-વિષમ નિષ્કુટો છે, તેને જીતે છે, જીતીને પ્રધાન શ્રેષ્ઠ રત્નોને સ્વીકારે છે.*

*પછી જ્યાં ગંગા મહાનદી છે, ત્યાં જાય છે. જઈને બીજી વખત પણ સ્કંધાવાર સૈન્ય સહિત ગંગા મહાનદી, જે નિર્મળજળના ઉંચા તરંગો યુક્ત હતી, તેને નાવરૂપ ચર્મરત્નથી પાર કરે છે. કરીને જ્યાં ભરત રાજાનો વિજય સ્કંધાવાર નિવેશ છે, જ્યાં બાહ્ય ઉપસ્થાનશાળા છે, ત્યાં આવે છે, આવીને અભિષેક્ય હસ્તિરત્નથી નીચે ઉતરે છે. ઉતરીને પ્રધાન શ્રેષ્ઠ રત્નો લઈને જ્યાં ભરતરાજા છે, ત્યાં આવે છે, આવીને બે હાથ જોડી યાવત્ અંજલિ કરી ભરતરાજાને જય-વિજય વડે વધાવે છે, વધાવીને તે પ્રધાન શ્રેષ્ઠ રત્નો અર્પણ કરે છે.*

*ત્યારપછી તે ભરત રાજા સુષેણ સેનાપતિ પાસેથી પ્રધાન શ્રેષ્ઠ રત્નોને સ્વીકારે છે, સ્વીકારીને સુષેણ સેનાપતિનો સત્કાર-સન્માન કરે છે, કરીને તેને વિદાય આપે છે.*

*ત્યારપછી સુષેણ સેનાપતિ૰ પૂર્વવત્ યાવત્ વિચરે છે.*

*ત્યારે તે ભરત રાજા અન્ય કોઈ દિવસે સુષેણ સેનાપતિરત્નને બોલાવે છે, બોલાવીને આમ કહ્યું — ઓ દેવાનુપ્રિય ! તું જા, ખંડપ્રપાતગુફાના ઉત્તર દ્વારના કમાડો ઉઘાડ, ઉઘાડીને૰ જેમ તમિસ્રા ગુફામાં કહ્યું, તે બધું અહીં કહેવું યાવત્ આપને પ્રિય થાઓ. બાકી પૂર્વવત્ યાવત્ ભરત ઉત્તર દ્વારેથી નીકળ્યો. જેમ મેઘાંધકારથી ચંદ્ર નીકળે, તેમ પૂર્વવત્ પ્રવેશતો મંડલોનું આલેખન કરે છે.*

*તે ખંડપ્રપાત ગુફાના બહુમધ્યદેશભાગમાં યાવત્ ઉન્મગ્ન-નિમગ્નજલા નામે બે મહાનદીઓ પૂર્વવત્ છે. વિશેષ એ કે પશ્ચિમી કટકથી નીકળતી એવી પૂર્વમાં ગંગા મહાનદીને મળે છે. બાકી પૂર્વવત્૰ પરંતુ પશ્ચિમી કુલથી ગંગામાં*

*સંક્રમ કહેવો. ત્યારપછી ખંડપ્રપાત ગુફાના દક્ષિણ દ્વારના કમાડો સ્વયં મોટા-મોટા ક્રૌંચારવ કરતા-કરતા સરસર થઈને પોતાના સ્થાનેથી ખસી ગયા.*

*ત્યારપછી તે ભરત રાજા ચક્રરત્ન દર્શિત માર્ગે યાવત્ ખંડપ્રપાત ગુફાથી દક્ષિણ દ્વારેથી મેઘાંધકારથી નીકળતા ચંદ્રની જેમ નીકળ્યો.*

● **વિવેચન-૧૦૪ :-**

ગંગાદેવીને સાધ્યા પછી તે દિવ્ય ચક્રરત્ન ગંગાદેવી નિમિત્તે અષ્ટાહ્નિકા મહોત્સવ પૂર્ણ થતાં આયુધગૃહશાળાથી નીકળે છે. યાવત્ શબ્દથી અંતરિક્ષમાં રહ્યું આદિ પદો લેવા. ગંગા મહાનદીના પશ્ચિમી કિનારેથી દક્ષિણ દિશામાં ખંડપ્રપાત ગુફા સન્મુખ પ્રયાણ કર્યુ. પછી તે ભરત રાજા ચક્રરત્નને જુએ છે, ઈત્યાદિ ખંડપ્રપાત ગુફામાં આવે છે, સુધી કહેવું. બદી કૃતમાલ વક્તવ્યતા - તમિસ્રા ગુફાધિપતિ દેવ ક્તવ્યતા જાણવી. વિશેષ એ કે ગુફાધિપતિ દેવ નૃતમાલક કહેવો. પ્રીતિદાનમાં આભરણ ભરેલ પાત્ર અને કટક કહેવું. ઉક્ત વિશેષ સિવાય બધું સત્કાર-સન્માદિ પૂર્વવત્ યાવત્ અષ્ટાહ્નિકા કહેવું.

હવે દાક્ષિણાત્ય ગંગા નિષ્કુટ સાધના અધિકાર કહે છે — ખંડપ્રપાત ગુફાધિપતિને સાધ્યા પછી ભરતરાજાએ નૃતમાલક દેવને આશ્રીને અષ્ટાહ્નિકા પૂર્ણ થતાં સેનાપતિને બોલાવીને કહ્યું — દેવાનુપ્રિય!૦ સિંધુ નદીના નિષ્કુટ સાધવાનો પાઠ ગંગાના આલાવાથી જાણવો. - x - x - સૂત્રની વ્યાખ્યા પૂર્વવત્ ગંગાના આલાવાથી વિચારવું.

હવે નૃત્યમાલદેવનું વશીકરણ પ્રયોજન કહે છે — ગંગા નિષ્કુટની સાધના પછી ભરતે સેનાપતિને બોલાવીને આમ કહ્યું૦ અહીં ગુફાના કમાડના ઉદ્‌ઘાટનની આજ્ઞાપનાદિ, ૪૯ મંડલ આલેખના સુધી બધું તમિસ્રાગુફાની જેમ જાણવું. તેમાં જે વિશેષ છે, તે કહે છે — ખંડપ્રપાત ગુફામાં બહુ મધ્યદેશ ભાગમાં ઉન્મગ્નજલા નિમગ્નજલા બે મહાનદી છે. તે પૂર્વવત્. વિશેષ ખંડપ્રપાત ગુફાના પશ્ચિમી કટકથી નીકળીને પૂર્વથી ગંગા મહાનદીમાં પ્રવેશે છે. બાકી વિસ્તાર, આયામ, ઉદ્વેધ, અંતર આદિ તમિસ્રાગત બે નદી મુજબ જાણવું. વિશેષ એ કે — ગંગાના પશ્ચિમી કિનારે સંક્રમની વક્તવ્યતા કહેવી. - x - x -

આ અવસરે દક્ષિણથી જે થયું, તે કહે છે — પૂર્વે કહેલ છે. હવે દક્ષિણ દ્વારના ગુફાના કમાડો ખોલવાનું પ્રયોજન કહે છે — પછી ભરત રાજા ચક્રરત્ન દર્શિત માર્ગે, અનેક હજારો રાજા દ્વારા અનુસરાતા. મહા ઉત્કૃષ્ટ સીંહનાદ બોલ-કલકલરવથી પ્રક્ષુભિત મહાસમુદ્રરવની માફક કરતા ખંડપ્રપાત ગુફાના દક્ષિણદ્વારથી નીકળે છે, આદિ પૂર્વવત્.

[શંકા] ચક્રીનો તમિસ્રામાં પ્રવેશ અને ખંડપ્રપાત ગુફામાંથી નિર્ગમ કહ્યો, તેનું શું કારણ છે? - x - [સમાધાન] આને વૃત્તિકાર સૃષ્ટિ કહે છે. બીજું એ કે ખંડપ્રપાતમાં પહેલા પ્રવેશ કરીને પછી તમિસ્રામાં જાય તો નીકટ રહેલા ઋષભકૂટમાં નામ ન લખી શકે.

હવે દક્ષિણાર્દ્ધભરતમાં ગયેલ ભરત શું કરે છે? તે કહે છે —



● **સૂત્ર-૧૦૫ થી ૧૨૦ :-**

*[૧૦૫] ત્યારપછી તે ભરતરાજા ગંગા મહાનદીના પશ્ચિમી કિનારે બાર યોજન લાંબી, નવ યોજન પહોળી યાવત્ વિજયછાવણીનો પડાવ નાંખે છે. બાકીનું પૂર્વવત્ યાવત્ નિધિરત્નો આશ્રીને અઠ્ઠમભક્ત ગ્રહણ કરે છે. ત્યારે તે ભરતરાજા પૌષધશાળામાં રહ્યો યાવત્ નિધિ રત્નને મનમાં ધ્યાન કરતો રહે છે. તે નિધિઓ અપરિમિત, રક્ત રત્નવાળી, ધ્રુવ, અક્ષય, અવ્યય, નિત્ય લોકના વિશ્વાસને પ્રાપ્ત અને લોક વિશ્રુતયશવાળી હતી. તે આ પ્રમાણે —*

*[૧૦૬] નૈસર્પ, પાંડુક, પિંગલક, સર્વરત્ન, મહાપદ્મ, કાળ, મહાકાળ, માનવક અને શંખ મહાનિધિ એ પાઠ છે.*

*[૧૦૭] નૈસર્પનિધિ — ગામ, આકર, નગર, પટ્ટન, દ્રોણમુખ, મડંબ, સ્કંધાવાર, આપણ તથા ભવનની સ્થાપનાની વિશેષતાયુક્ત છે.*

*[૧૦૮] પાંડુકનિધિ - ગણિ શકાય તેવાની ઉત્પત્તિ, માનોન્માનનું જે પ્રમાણે, ધાન્ય અને બીજની ઉત્પત્તિમાં સમર્થ છે.*

*[૧૦૯] પિંગલકનિધિ - સર્વે આભરણવિધિ, જે પુરુષોની કે સ્ત્રીઓની, અશ્વની હોય કે હસ્તિની, તેમાં આ નિધિ સમર્થ છે.*

*[૧૧૦] સર્વરત્નનિધિ - ચક્રવર્તીના ચૌદ ઉત્તમ રત્નોને ઉત્પન્ન કરે છે, તેમાં સાત એકેન્દ્રિય અને સાત પંચેન્દ્રિય રત્નો હોય છે.*

*[૧૧૧] મહાપદ્મનિધિ - બધાં પ્રકારના વસ્ત્રોને ઉત્પન્ન કરે છે અને વસ્ત્રોને રંગવા, ધોવા આદિ સમગ્ર સજાના નિષ્પાદનમાં સમર્થ છે.*

*[૧૧૨] કાલનિધિ-કાળજ્ઞાન, ત્રણે વંશોમાં સર્વ પુરાણ સો, શિલ્પ અને ત્રણે કર્મો જે પ્રજાને હિતકર છે, તેની ઉત્પત્તિમાં સમર્થ છે.*

*[૧૧૩] મહાકાલનિધિ-વિવિધ પ્રકારના લોહ, રજત, સ્વર્ણ, મણિ, મોતી, સ્ફટિક, પ્રવાલ આદિની ખાણો ઉત્પન્ન કરવામાં સમર્થ છે.*

*[૧૧૪] માણવકનિધિ - યોદ્ધા, આવરણ, પ્રહરણ, બધાં પ્રકારની યુદ્ધ નીતિ અને દંડનીતિને ઉત્પન્ન કરવામાં સમર્થ છે.*

*[૧૧૫] શંખનિધિ - નૃત્યવિધિ, નાટ્યવિધિ, ચતુર્વિધ પુરુષાર્થના કાવ્યની ઉત્પત્તિ, બધાં વાદ્યોની ઉત્પત્તિમાં સમર્થ છે.*

*[૧૧૬] પ્રત્યેક નિધિનું અવસ્થાન આઠ-આઠ ચક્રો ઉપર હોય છે, તેની ઉંચાઈ આઠ યોજન, વિષ્કંભ નવ યોજન, લંબાઈ બાર યોજન, મંજૂષા-પેટીના આકારે, ગંગા જ્યાં સમુદ્રને મળે, ત્યાં તેનો નિવાસ છે.*

*[૧૧૭] તેના કમાડ વૈડૂર્યમણિમય, સુવર્ણમય, વિવિધરત્ન વડે પરિપૂર્ણ, ચંદ્ર-સૂર્ય-ચક્ર લક્ષણ, અનુસમ-અવિષમદ્વાર રચના હોય.*

*[૧૧૮] નિધિઓના નામોની સદૃશ નામવાળા દેવોની સ્થિતિ એક પલ્યોપમ હોય છે, તેમના આવાસો અક્રેય અને અનાધિપત્ય હોય છે.*

*[૧૧૯] પ્રચુર ધન, રત્ન સંચયયુક્ત આ નવનિધિઓ ભરત ક્ષેત્રના છ*

*એ ખંડોનો વિજય કરનારા ચક્વર્તીને વશવર્તતી હોય છે.*

*[૧૨૦] ત્યારપછી તે ભરત રાજા અટ્ઠમભક્તને પરિપૂર્ણ કરી પૌષધશાળાથી નીકળે છે, એ રીતે સ્નાનગૃહપ્રવેશ યાવત્ શ્રેણી-પ્રશ્રેણીને બોલાવવા યાવત્ નિધિરત્નોને નિમિત્તે અષ્ટાહ્નિકા મહા મહોત્સવ કરે છે. ત્યારે તે ભરત રાજા નિધિરત્નોને આશ્રીને મહામહોત્સવ પૂર્ણ થતાં સુષેણ સેનાપતિરત્નને બોલાવીને કહ્યું —*

*ઓ દેવાનુપ્રિય ! જાઓ ગંગાનદીના પૂર્વમાં સ્થિત નિષ્કુટને બીજો પણ ગંગા સહિતના સાગર અને ગિરિની મર્યાદામાં સમ-વિષમ નિષ્કુટોને જીતો, જીતીને મારી આ આજ્ઞા પાછી સોંપો. ત્યારે તે સુષેણ૰ બધું જ પૂર્વ વર્ણિત કહેવું યાવત્ જીતીને, તેમની આજ્ઞાને પાછી સોંપે છે, વિદાય આપે છે યાવત્ ભોગોપભોગ ભોગવતો વિચરે છે.*

*ત્યારપછી તે દિવ્ય ચક્રરત્ન અન્ય કોઈ દિવસે આયુધગૃહશાળાથી નીકળે છે, નીકળીને આકાશમાં રહી, હજાર યક્ષ વડે પરિવૃત્ત થઈ, દિવ્ય વાદ્ય યાવત્ પૂરતાં, વિજય સ્કંધાવાર નિવેશની વચ્ચોવચ્ચથી નીકળે છે, દક્ષિણ-પશ્ચિમ દિશામાં વિનીતા રાજધાની પ્રતિ ચાલ્યું.*

*ત્યારે તે ભરત રાજા યાવત્ જુએ છે, જોઈને હર્ષિત-સંતુષ્ટ યાવત્ કૌટુંબિક પુરુષોને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહ્યું — ઓ દેવાનુપ્રિયો ! જલ્દી આભિષેક્ય૰ યાવત્ પાછી સોંપે છે.*

**● વિવેચન-૧૦૫ થી ૧૨૦ :-**

ગુફાથી નીકળ્યા પછી, તે ભરત રાજા ગંગા મહાનદીના પશ્ચિમ કિનારે ૧૨-યોજન લાંબી, ૯-યોજન પહોળી છાવણી નાંખે છે. બાકી વર્દ્ધકીરત્નને બોલાવવો, આજ્ઞા કરવી આદિ માગધદેવની સાધના અવસરે કહેલ તે જ દર્ભ સંથારા પર્યન્ત કહેવું. અટ્ઠમભક્ત કરે છે, પછી તે ભરતરાજા પૌષધશાળામાં પૌષધિક ઈત્યાદિ ગ્રહણ કરવું. - x - નિધિ રત્નોને મનમાં ધ્યાયીને રહે છે - x - પછી શું થયું ?

ભરતને નવે નિધિ ઉપસ્થિત થઈ. કેવી નવનિધિઓ ? અપરિમિત, રક્ત-ઉપલક્ષણથી અનેકવર્ણી રત્નો જેમાં છે તે. - x - x - એક મતે નવે નિધિમાં કલ્પપુસ્તક શાશ્વત છે, તેમાં વિશ્વસ્થિત કહે છે, કેટલાંકના મતે કલ્પપુસ્તકમાં પ્રતિપાદ્ય અર્થો સાક્ષાત્ જ ઉપજે છે. આમાં બીજા મત અપેક્ષાથી અપરિમિતાદિ વિશેષણ છે. તથા ધ્રુવ અક્ષય, અવયવી દ્રવ્યની અપરિહાણી છે - x - અહીં પ્રદેશ અપરિહાણિ યુક્તિ સમયસંવાદિની છે તે પદ્મવેરવેદિકાના વ્યાખ્યાન અવસરે નિરૂપિત કરેલ છે, ત્યાંથી જાણવું. - x -

અધિષ્ઠાયક દેવકૃત્ સાંનિધ્યયુક્ત, લોકમાં ઉપચયંકર - x - અર્થાત્ લોકોને પુષ્ટિકારક કે લોક વિખ્યાત યશવાળા, હવે નામથી તે નિધિઓને દર્શાવે છે. નૈસર્પના દેવવિશેષનું આ તે નૈસર્પ.

હવે જે નિધિમાં જે કહે છે તે — નૈસર્પ નામક નિધિમાં નિવેશ-સ્થાપના વિધિ,



ગ્રામાદિથી ગૃહપર્યન્ત વ્યાખ્યા કરે છે. તેમાં ગ્રામ-વૃત્તિઆદિ, આકર-ખાણ, નગર-રાજધાની, પત્તન-રત્નયોનિ, દ્રોણમુખ-જળ, સ્થળ નિર્ગમપ્રવેશ, મડંબ-અઢી ગાઉ સુધી ગામ ન હોય તે સ્કંધાવાર-છાવણી, આપણ-હાટ, ગૃહ-ભવન. - x -

હવે બીજી નિધિની વક્તવ્યતા કહે છે — ગણિત-સંખ્યાપ્રધાનપણાથી વ્યવહાર કરાતાં દીનાર આદિ કે નાલિકેર. ચ શબ્દથી પરિચ્છેદ્ય ધનના મોતી આદિની ઉત્પત્તિ, માન-સેતિકાદિ, ધાન્યાદિનું માપ, ઉન્માન-તુલાકર્ષાદિ, ખાંડ-ગોળ આદિ ધરિમજાતિક તે ધન. - x - ધાન્ય-શાલિ આદિના બીજોના-વાવવા યોગ્ય ધાન્યોની ઉત્પત્તિ, પાંડુકનિધિમાં છે.

હવે ત્રીજી નિધિનું સ્વરૂપ કહે છે — જે પુરુષોની, સ્ત્રીઓની, અશ્વોની, હાથીની જે સર્વે આભરણ વિધિ, તે ઔચિત્યથી પિંગલક નિધિમાં કહેલ છે. - - -

હવે ચોથી નિધિ — શ્રેષ્ઠ ચૌદ રત્નો જે ચક્વર્તીના છે તે ચક્રાદિ સાત એકેન્દ્રિય, સેનાપતિ આદિ સાત પંચેન્દ્રિયો સર્વરત્નમય છે, તે મહાનિધિમાં ઉત્પન્ન થાય છે. - x - x -

હવે પાંચમી નિધિ - બધાં વસ્ત્રોની જે ઉત્પત્તિ, વસ્ત્રમાંની સર્વ રચના અને રંગોની તથા બધી પ્રક્ષાલન વિધિની જે નિષ્પત્તિ.

હવે છઠ્ઠી નિધિ - કાળ નામક નિધિમાં સર્વે જ્યોતિષ્ શાસ્ત્રાનુબંધી જ્ઞાન તથા જગતમાં ત્રણ વંશ-પ્રવાહ. તીર્થંકરવંશ, ચક્વર્તી વંશ, બલદેવ-વાસુદેવ વંશ. તે ત્રણે વંશોમાં જ ભાવ્ય છે, જે પુરાતન છે, જે વર્તમાન શુભાશુભ છે, તે બધું આ નિધિમાં હોય ચે. શિલ્પશત - સો વિજ્ઞાન, ઘટ-લોહ-ચિત્ર-વસ્ત્ર-નાપિત એ પાંચ સિલ્પો, તે પ્રત્યેકના વીશ-વીશ ભેદો, કર્મ-કૃષિ, વાણિજ્યાદિ તે જઘન્યાદિ ત્રણ ભેદે છે. પ્રજાના હિતને માટે - નિર્વાહાદિ હેતુથી કહેલ છે.

હવે સાતમી નિધિ - મહાકાલ નિધિમાં લોઢાની, રૂપાની, સોનાની, મણીની, મોતીની, સ્ફટિકાદિની ખાણોની ઉત્પત્તિ કહી છે.

હવે આઠમી - શૂર પુરુષો અને કાયરોની ઉત્પત્તિ - x - ખેટક કે સન્નાહનું આવરણ, અસિ આદિ પ્રહરણ, બધી વ્યૂહ રચનાદિ યુદ્ધનીતિ, બધી દંડ વડે ઉપલક્ષિત નિતિ, માણવક નિધિમાં હોય છે.

હવે નવમી - બધાં નાટ્યકરણ પ્રકાર, બધી જ નાટકવિધિ, ધર્માદિ ચાર પુરુષાર્થ નિબદ્ધ કાવ્ય અથવા સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, અને સંકીર્ણ ભાષા નિબદ્ધના ગદ્ય-પદ્ય-ગેય-ચૌર્ણ પદબદ્ધની ઉત્પત્તિ - x - x - અપભ્રંશ-તે તે દેશમાં શુદ્ધ ભાષિત, સંકીર્ણ-શૌરસેની આદિ, ગદ્ય-અછંદોબદ્ધ શસ્ત્રપરિજ્ઞાવત્, પદ્મ-છંદોબદ્ધ, વિમુક્તિ અધ્યયનવત્, ગેય-ગંધર્વ રીતિથી બદ્ધ, ચૌર્ણ-બાહુલક આદિ વિધિ બહુલ, બ્રહ્મચર્ય અધ્યયનવત્. - x - x - બધાં વાદ્યો, તે-તે વાદ્યભેદ ભિન્નોની ઉત્પત્તિ.

હવે નવે નિધિનું સાધારણ સ્વરૂપ-પ્રત્યેકનું આઠ ચક્રો ઉપર અવસ્થાન છે, આઠ ચક્રો ઉપર જ બધે વહન થાય છે. આઠ યોજન ઉંચી છે. નવ યોજન વિસ્તારથી છે, બાર યોજન લાંબી છે, મંજૂષાવત્ સંસ્થિત છે, ગંગાના મુખમાં જ્યાં સમુદ્રમાં ગંગા

પ્રવેશે છે - x - ચક્રની ઉત્પત્તિ કાળે અને ભરતના વિજય પછી ચક્રીની સાથે પાતાલ માર્ગથી ભાગ્યવંત પુરુષોને જ પગની નીચે સ્થિત નિધિઓ છે. - x -

વૈડૂર્યમય કમાડો હોય છે, સુવર્ણમય-વિવિધરત્નોથી પૂર્ણ, ચંદ્ર-સૂર્ય-ચક્રાકાર ચિહ્નોવાળી, અનુરૂપ અને અવિષમ દ્વારઘટના જેની છે તે. નિધિના નામવાળા પલ્યોપમસ્થિતિક દેવ છે. આવાસ-આશ્રય. કેવા સ્વરૂપે છે ? - x - તે નિધિને આધિપત્ય નિમિત્તે, મૂલ્યદાનાદિ રૂપથી ખરીદી કરવાથી પ્રાપ્ત થતી નથી. પરંતુ પૂર્વના સુચરિત-પુન્યના મહિમાથી જ મળે છે. આ નવે નિધિ પ્રભૂત ધન-રત્ન સંચયમાં સમૃદ્ધ છે, તે છ ખંડાધિપતિ ચક્રવર્તીને વશમાં આવે છે. આના વડે વાસુદેવથી ચક્રવર્તીનું વિશેષણપણું કહ્યું. ''નિધિ'' વિષયમાં સ્થાનાંગ અને પ્રવચન સારોદ્ધારમાં ઘણાં પાઠાંતરો છે. - x -

નિધાન સિદ્ધ થયા પછી ભરતે જે કર્યું, તે કહે છે — તે સ્પષ્ટ છે. હવે - x - સૂત્ર પ્રાયઃ વ્યક્ત છે, પરંતુ ગંગા મહાનદીના પૂર્વીય નિષ્કુટ પછી ઉત્તરનું પણ છે, તેથી બીજું નિષ્કુટ કહે છે. - x - ગંગાની પશ્ચિમે વહેતા સાગર વડે તથા ઉત્તર વૈતાઢ્ય કૃત્ જે મર્યાદા-ક્ષેત્ર વિભાગ સહ વર્તે છે તે. હવે સુષેણે જે કર્યુ, તે કહે છે —

સ્વામીની આજ્ઞા પછી સુષેણ, તે નિષ્કૂટને સાધે છે, આદિ. તે દક્ષિણના સિંધુ નિષ્કુટવત્ કહેવું, ક્યાં સુધી ? આજ્ઞાને પાછી સોંપે છે, વિદાય કરાયેલો યાવત્ ભોગોપભોગ ભોગવતો વિચરે છે.

હવે અખંડ છ ખંડની સાધના પછી જે ચક્ર એ જે કર્યું, તે કહે છે — ગંગા દક્ષિણના નિષ્કુટના વિજય પછી તે દિવ્ય ચક્રરત્નને અન્ય કોઈ દિને યુધગૃહથી નીકળે છે - x - આકાશમાં રહી, હજાર યક્ષથી પરિવૃત્ત, દિવ્ય વાધના નિનાદથી પૂરિત એવા આકાશનું તલને, વિજય છાવણીની મધ્યભાગથી નીકળે છે. નૈઋત્ય વિદિશા પ્રતિ વિનીતા રાજધાનીને લક્ષ્ય કરીને સન્મુખ ચાલે છે. અર્થાત્ ખંડપ્રપાત ગુફાની છાવણીના નિવેશથી વિનીતા જવાને માટે નૈઋત્ય તરફ લઘુતા માર્ગ છે.

હવે વિનીતા તરફ ચક્ર ચાલતા ભરતે શું કર્યુ ? ચક્રના ચાલ્યા પછી ભરત રાજા તે દિવ્ય ચક્રરત્નને જોઈને હર્ષિતાદિ થઈને કૌટુંબિક પુરુષોને બોલાવે છે — જલ્દીથી આભિષેક્ય હસ્તિરત્ન અને સેનાને સજ્જ કરો, બધું કરીને આજ્ઞા પાછી સોંપે છે. હવે દિગ્વિજય કાલાદિ કથન —

● **સૂત્ર-૧૨૧ :-**

*ત્યારપછી તે ભરત રાજાએ રાજ્ય અર્જિત કર્યું, શત્રુઓને જીત્યા. સમસ્ત રત્નો ઉત્પન્ન થયા જેમાં ચક્રરત્ન મુખ્ય હતું. ભરતે નવનિધિ પતિ, સમૃદ્ધ કોશ, ૩૨,૦૦૦ રાજાથી અનુસરાતા, ૬૦,૦૦૦ વર્ષોમાં સમસ્ત ભરતક્ષેત્રને જીત્યુ, જીતીને કૌટુંબિકપુરુષોને બોલાવીને આમ કહ્યું —*

*હે દેવાનુપ્રિય ! જલ્દીથી આભિષેક્ય હસ્તિરત્નને સજાવો. હાથી-ઘોડા-રથ યુક્ત૦ પૂર્વવત્ અંજનગિરિકૂટ સમાન ગજપતિ ઉપર નરપતિ આરૂઢ થયો.*





*ત્યારે તે ભરતરાજા આભિષેક્ય હસ્તિરત્ન ઉપર આરૂઢ થતાં આ આઠ-આઠ મંગલો આગળ અનુક્રમે ચાલ્યા, તે આ રીતે — સ્વસ્તિક, શ્રીવત્સ યાવત્ દર્પણ, ત્યારપછી પૂર્ણકળશ, ભૃંગાર અને દિવ્ય છત્રપતાકા યાવત્ ચાલ્યા. ત્યારપછી વૈડૂર્યપ્રભાથી દીપતો દંડ યાવત્ યથાક્રમે ચાલ્યો. ત્યારપછી સાત એકેન્દ્રિય રત્નો આગળ અનુક્રમે ચાલ્યા, તે આ પ્રમાણે — ચક્રરત્ન, છત્રરત્ન, ચર્મરત્ન, દંડરત્ન, અસિરત્ન, મણિરત્ન, કાકણિરત્ન. - - -*

*- - - ત્યારપછી આગળ નવ મહાનિધિઓ અનુક્રમે ચાલી, તે આ રીતે — નૈસર્પ, પાંડુક યાવત્ શંખ ત્યારપછી ૧૬,૦૦૦ દેવો અનુક્રમે આગળ ચાલ્યા, ત્યારપછી ૩૨,૦૦૦ શ્રેષ્ઠ રાજા અનુક્રમે આગળ ચાલ્યા. ત્યારપછી સેનાપતિરત્ન આગળ ચાલ્યો. એ પ્રમાણે ગાથાપતિ, વર્ધકી, પુરોહિત રત્ન આગળ ચાલ્યા, ત્યારપછી સ્ત્રીરત્ન આગળ ચાલી૦ ત્યારપછી ૩૨,૦૦૦ ઋતુ કલ્યાણિકા અનુક્રમે આગળ ચાલી. ત્યારપછી ૩૨,૦૦૦ જનપદ કલ્યાણિકા અનુક્રમે આગળ ચાલી.*

*એ રીતે અનુક્રમે આગળ ચાલતા ચાલતા ત્યારપછી (ક્રમશઃ) ૩૨,૦૦૦ નાટકો, ૩૬૦ રસોઈયા, ૧૮ શ્રેણી-પ્રશ્રેણીજનો, ૮૪,૦૦૦ આત્મરક્ષકો, ૮૪,૦૦૦ હાથી, ૮૪,૦૦૦ ઘોડા, ૯૬ કરોડ મનુષ્યો, ઘણાં રાજા, ઈશ્વર, તલવર યાવત્ સાર્થવાહ વગેરે, ઘણાં અસિગ્રાહ, લાઠીગ્રાહ, કુંતગ્રાહ, ચાપગ્રાહ, ચામરગ્રાહ, પાસગ્રાહ, ફલકગ્રાહ, પરસુગ્રાહ, પુસ્તકગ્રાહ, વીણાગ્રાહ, કૂપ્યગ્રાહ, હડપ્ફગ્રાહ, દીપિકાગ્રાહ, પોત-પોતાના રૂપ-વેશ-ચિહ્ન-વસ્ત્રો ધારણ કરી ચાલ્યા. પછી ઘણાં દંડી, મુંડી, શિખંડી, જટી, પિચ્છી, હાસ્ય-ખેડ-દર્પ-ચાટુ કારકો, કંદર્પિકો, કૌકુચ્યિકો, મૌખરીકો એ બધાં ગાતા, વાજતા, નાચતા, હસતા, રમતા, ખેલ કરતા, ગીતાદિ શીખવતા, સાંભળતા, બોલતા, અવાજ કરતા, શોભતા-શોભાવતા, ભરતને જોઈને જય-જય શબ્દ પ્રયોજતા અનુક્રમે આગળ ચાલ્યા.*

*એ પ્રમાણે ઉવવાઈસૂત્રના આલાવા મુજબ યાવત્ તે રાજાની આગળ-આગળ ઘણાં અશ્વો-અશ્વધારકો, બંને બાજુ હાથી-હાથીધારકો, પાછળ રથ-રથસંગેલ્લી અનુક્રમે આગળ ચાલ્યા.*

*ત્યારે તે ભરતાધિપ નરેન્દ્ર, જેનું વક્ષસ્થલ હારથી વ્યાપ્ત, યાવત્ દેવેન્દ્ર સદૃશ ઋદ્ધિથી, વિખ્યાતકીર્તિ એવો ચક્રરત્ન દર્શિત માર્ગે અનેક હજારો શ્રેષ્ઠ રાજાથી અનુસરણ કરાતો યાવત્ સમુદ્રના રવની માફક અવાજ કરતો-કરતો સર્વ ઋદ્ધિથી, સર્વ દ્યુતિથી યાવત્ નિર્ઘોષ નાદિત રવ વડે ગામ-આકર-નગર-ખેડ-કર્બટ-મડંબ યાવત્ યોજનના અંતરે વસતિમાં વસતો-વસતો જ્યાં વિનીતા રાજધાની હતી ત્યાં આવ્યો. આવીને વિનીતા રાજધાનીની કંઈક સમીપે બાર યોજન લાંબી, નવ યોજન પહોળી યાવત્ છાવણી નાંખી.*

*ત્યારપછી વર્દ્ધકી રત્નને બોલાવે છે, બોલાવીને યાવત્ પૌષધશાળામાં પ્રવેશે છે, પ્રવેશીને વિનીતા રાજધાનીને ઉદ્દેશીને અટ્ઠમ ભક્ત ગ્રહણ કરે છે, કરીને યાવત્ પ્રતિ જાગૃત થઈ વિચરે છે.*

*ત્યારપછી ભરત રાજા અટ્ઠમભક્ત પરિપૂર્ણ થતાં પૌષધશાળાથી નીકળે છે. નીકળીને કૌટુંબિક પુરુષોને બોલાવે છે, બોલાવીને પૂર્વવત્ યાવત્ અંજનગિરિકૂટ સદૃશ હસ્તિરત્ન ઉપર તે નરપતિ આરૂઢ થયો તે બધું પૂર્વવત્. નવ મહાનિધિ, ચાર સેનાએ પ્રવેશ ન કર્યો, બાકી તે જ આલાવો યાવત્ નિર્ઘોષ નાદિત વડે વિનીતાની રાજધાનીની વચ્ચોવચ્ચ જ્યાં પોતાનું ઘર છે, જ્યાં શ્રેષ્ઠ ભવનના અવતંસકનું પ્રતિદ્વાર છે, ત્યાં જવા નીકળ્યો.*

*ત્યારે તે ભરતરાજા વિનીતા રાજધાનીની મધ્યે પ્રવેશતા કેટલાંક દેવો વિનીતા રાજધાનીને અંદર-બહારથી સીંચે છે, સંમાર્જિત અને ઉપલિપ્ત કરે છે. કેટલાંક મંચાતિમંચ કરે છે, એ પ્રમાણે બાકીના પદોમાં જાણવું. કેટલાંક વિવિધ રંગી વસ્ત્રોની ઉંચી ધ્વજા, પતાકા મંડિત ભૂમિ કરે છે. કેટલાંક લીંપણ-ગુંપણ કરે છે. કેટલાંક યાવત્ ગંધવર્તીભૂત કરે છે. કેટલાંક હિરણ્યની વૃષ્ટિ કરે છે, કેટલાંક સુવર્ણ-રત્ન-વજ-આભરણની વર્ષા કરે છે.*

*ત્યારે તે ભરતરાજા વિનીતા રાજધાનીની ઠીક મધ્યમાં પ્રવેશ કરતો શ્રૃંગાટક યાવત્ મહાપથોમાં ઘણાં ધનના-કામના-ભોગના-લાભના અર્થી, ઋદ્ધિના અભિલાષી, કિલ્બિષિક, કારોટિક, કરબાધિત, શાંખિક, ચાક્રિક, નાંગલિક, મુખમાંગલિક, પુષ્પમાનવ, વર્દ્ધમાનક, લંખ, મંખ આદિ, તેવી ઉદાર, ઈષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ, મણામ, શિવ, ધન્ય, મંગલ, સશ્રીક, હૃદયંગમ, હૃદય પ્રહ્લાદનીય, વાણીથી અનવરત, અભિનંદતા, અભિસ્તવતા એમ બોલે છે —*

*હે નંદ ! તમારો જય થાો, હે ભદ્ર તમારો જય થાઓ, ભદ્ર ! ન જીતેલાને જીતો, જીતેલાનું પાલન કરો, જિતેલા મધ્યે વસો, દેવોમાં ઈન્દ્ર-તારામાં ચંદ્ર-અસુરોમાં ચમક-નાગોમાં ધરણની માફક ઘણાં લાખો પૂર્વો, ઘણાં પૂર્વકોટિ, ઘણાં પૂર્વ કોડાકોડી વિનીતા રાજધાનીમાં જે લઘુહિમવંત-પર્વત અને સાગરની મર્યાદામાં સંપૂર્ણ ભરતક્ષેત્ર છે, તેના ગામ, આકર, નગર, ખેડ, કર્બટ, મડંબ, દ્રોણમુખ, પટ્ટલ, આશ્રમ, સંનિવેશોમાં સમ્યક્‌પણે પ્રજાના પાલન વડે યશ અર્જિત કરીને, તે બધાનું આધિપત્ય, પૌરોપત્ય, સ્વામીત્વ, આદિ કરતા વિચરો, એમ કહીને જય-જય શબ્દ કરે છે.*

*ત્યારે તે ભરતરાજા હજારો નયનમાલા વડે જોવાતો, હજારો વચનમાળા વડે અભિસ્તવાતો, હજારો હૃદયમાળા વડે અભિનંદાતો, હજારો મનોરથમાળા વડે ઈચ્છિત કરાતો હતો. હજારો નર-નારીઓ વડે તેના કાંતિ-રૂપ-સૌભાગ્યગુણો વડે અભિલાષા કરાતો, હજારો અંગુલીમાળા વડે દેખાડાતો, જમણા હાથ વડે ઘણાં નર-નારીની અંજલિમાલાને સ્વીકારતો, હજાર ભવનપંક્તને ઓળંગતો, તંત્રી-તાલ-ત્રુટિત-ગીત-વાજિંત્રના રવ વડે મધુર-મનહર-મંજુમંજુ ઘોસ વડે તન્મય થતો-થતો, જ્યાં પોતાનું ગૃહ, પોતાના ભવનના અવતંસકનું દ્વાર છે, ત્યાં આવે છે.*

*આવીને આભિષેક્ય હસ્તિરત્નને ઉભો રાખે છે, રાખીને નીચે ઉતરે છે. પછી ભરતે ૧૬,૦૦૦ દેવોનું, ૩૨,૦૦૦ રાજાનું, સેનાપતિ-ગાથાપતિ-વર્દ્ધકી-*



*પુરોહિત રત્નોનું, ૩૬૦ રસોઈયાનું, ૧૮ શ્રેણી-પ્રશ્રેણીનું તથા બીજા પણ ઘણાં રાજા, ઈશ્વરાદિના સત્કાર અને સન્માન કર્યા, કરીને વિદાય આપી. સ્ત્રીરત્ન, ૩૨,૦૦૦ ઋતુકલ્યાણિકા, ૩૨,૦૦૦ જનપદ કલ્યાણિકા, બત્રીશબદ્ધ ૩૨,૦૦૦ નાટકોની સાથે પરિવરી શ્રેષ્ઠ ભવનાવતંસકે ગયો, જેમ કુબેર દેવરાજ કૈલાસ પર્વતના શિખરે પોતાના ઉત્તમ પ્રાસાદમાં ગયો.*

*ત્યારપછી તે ભરત રાજા મિત્ર, જ્ઞાતિ, નિજક, સ્વજન, સંબંધી, પરિજનના સમાચાર પૂછ્યા. પૂછીને જ્યાં સ્નાનગૃહ છે, ત્યાં આવે છે, આવીને યાવત્ સ્નાનગૃહથી નીકળે છે, નીકળીને ભોજન મંડપમાં આવે છે, આવીને ભોજનમંડપમાં શ્રેષ્ઠ સુખાસને બેઠો, અટ્ઠમભક્તનું પારણું કર્યુ, કરીને ઉપરના શ્રેષ્ઠ પ્રાસાદમાં જઈ, સ્ફૂટ થતાં મૃદંગાદિથી, બત્રીશ બદ્ધ નાટકોથી ઉપલાલિત્ય કરાતો, ઉપનર્તિત કરાતો, ગીત-ગાન કરાતો મહાન્ યાવત્ ભોગ ભોગવતો વિચરે છે.*

**● વિવેચન-૧૨૧ :-**

પછી તે ભરત રાજા રાજ્ય પામીને, શત્રુ જીતીને, ઉત્પન્ન સમસ્ત રત્ન, જેમાં ચક્રરત્ન પ્રધાન છે, નવનિધિપતિ, સંપન્ન ભાંડાગાર, ૩૨,૦૦૦ શ્રેષ્ઠ રાજા દ્વારા અનુગમન કરાતા, ૬૦,૦૦૦ વર્ષે પરિપૂર્ણ ભરતક્ષેત્રને સાધીને કૌટુંબિક પુરુષોને બોલાવરે છે. બોલાવીને કહ્યું — જલ્દી આભિષેક્ય હસ્તિ રત્નાદિ સેના૰ પૂર્વવત્. સ્નાનવિધિ, ભૂષણવિધિ, સૈન્ય ઉપસ્થિત આદિ કહેવા. અંજનગિરિ સમાન હાથી ઉપર રાજા બેઠો.

નરપતિ ચાલ્યો ત્યારે કોણ આગળ, કોણ પાછળ, કોણ પડખે ચાલ્યુ, તે કહે છે - x - આઠ મંગલો આગળ યથાક્રમે ચાલ્યા. સ્વસ્તિકાદિ પૂર્વોક્ત મંગલ લેવા, એકાધિકાર પ્રતિબદ્ધત્વથી અખંડ અધિકાર સૂત્રનું લખવું યુક્તિયુક્ત છે, તો પણ સૂત્ર મોટું હોવાથી વૃત્તિ વાચકોને સંમોહન કરે તે માટે પ્રત્યેક આલાવાની વૃત્તિ લખીએ છીએ —

પછી પૂર્ણજળથી ભરેલ કળશ, ભૃંગાર. આને જળ પૂર્ણત્વથી મૂર્તિમત્ જાણવા. તેથી આલેખ્ય અષ્ટમંગલના કળશથી આ કળશ જુદો છે. દિવ્ય-પ્રધાન, છત્રવિશિષ્ટ પતાકા, ચામર સહિત દર્શનમાં-જનારના દૃષ્ટિ પથમાં રચિત માંગલ્યત્વથી. બહાર પ્રસ્થાન ભાવિ શકુનને અનુકૂળ જોઈને દર્શનીય, વાયુથી ઉડતી વિજય સૂચક વૈજયંતી-પડખેથી બે નાની પતાકા યુક્ત પતાકા વિશેષ, ઉંચી, આકાશતલને સ્પર્શતી, તે ઘણી ઉંચી હોવાથી કલશાદિ પદાર્થોની પૂર્વે અનુક્રમે ચાલી.

પછી વૈડૂર્યમય દીપતો વિમલદંડ જેમાં છે તે, લાંબી કોરંટવૃક્ષના પુષ્પોની માળાથી ઉપશોભિત, ચંદ્રમંડલ સમાન, ઉંચો કરેલ છત્ર અને મણિરત્નમય તથા પાદપીઠયુક્ત સિંહાસન જેમાં છે તે. સ્વકીય પાદરક્ષણ યુગ વડે સમાયુક્ત, ઘણાં પ્રતિકર્મ પુછનારા કર્મકર પુરુષો - પદાતિ સમૂહ, તે બધાં વડે ચોતરફથી વીંટાયેલ, આગળ યથા ક્રમે ચાલ્યા. પછી પૃથ્વી પરિણામરૂપ સાત એકેન્દ્રિયરત્નો ચાલ્યા. જેમકે ચક્રરત્ન - x - તેના માર્ગદર્શકત્વથી બધાંની આગળ ચાલ્યું. - x - ત્યારપછી નવ

મહાનિધિઓ આગળ ચાલી, તે પાતાળ માર્ગથી જાણવી. અન્યથા તેનો નિધિ વ્યવહાર જ ન ચાલે. - x -

કિંકર જનના ગ્રહણથી કે દિવ્યાનુભાવથી સ્થાવરોની આગળ ગતિ કહી. - x - પછી ૧૬,૦૦૦ દેવો આગળ ચાલ્યા. પછીનું સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ આ — પુરોહિતરત્ન — શાંતિ કર્મ કરનાર, રણમાં પ્રહારથી ઘાત પામેલને મણિરત્નના જળને છાંટીને વેદનાને ઉપશાંત કરનાર, હસ્તિ અને અશ્વ રત્ન ગમન હસ્તિ-અશ્વની સેના સાથે કહેલ હોવાથી અહીં તેની વિવક્ષા નથી કરી. પછી ૩૨,૦૦૦ ઋતુ કલ્યાણિકા- છ એ ઋતુમાં વિપરીત સ્પર્શત્વથી સુખ સ્પર્શવાળી અથવા અમૃત કન્યાપણાથી સદા કલ્યાણકારિણી - x - ચાલી. અહીં રાજકન્યા જાણવી. તેમની જ જન્માંતરોપચિત પ્રકૃષ્ટ પુન્ય પ્રકૃતિ મહિમાથી રાજકુળની ઉત્પત્તિવત્ યથોક્ત લક્ષણ ગુણ સંભવે છે. જનપદ અગ્રણી કન્યા આગળના સૂત્રમાં કહેવાવાથી. તેઓ મોટા-નાનાના પર્યાયથી આગળ ચાલી. જનપદાગ્રણી-દેશ મુખ્યની કલ્યાણિકાઓ. - x - x -

ત્યારપછી ૩૨-૩૨ અભિનેતવ્ય પ્રકારોથી સંયુક્ત બત્રીશ હજારો નાટકો આગળ ચાલ્યા. - x - આ ઉક્ત સંખ્યા ૩૨,૦૦૦ રાજાઓએ પોત-પોતાની કન્યાના પાણિગ્રહણ કારણે પ્રત્યેકને હસ્તમેળાપ સમયે સમર્પિત નાટકોના સદ્‌ભાવથી જાણવી. ત્યારપછી ૩૬૦ રસોઈયાઓ, પ્રત્યેકને વર્ષમાં એક વખત રસોઈનો વારો હોવાથી કહ્યા. પછી કુંભાર આદિ અઢાર શ્રેણી, તેના અવાંતર ભેદથી પ્રશ્રેણિ ચાલ્યા.

પછી ૮૪,૦૦૦ અશ્વો, ૮૪,૦૦૦ હાથી, ૯૬ કરોડનું પાયદળ આગળ ચાલ્યા. પછી ઘણાં રાજા, ઈશ્વર, તલવર, માડંબિક, કૌટુંબિક આદિ, સાર્થવાહ વગેરે ચાલ્યા. પછી ઘણાં ખડ્‌ગ, દંડ તેને ગ્રહણ કરનારા અથવા ખડ્‌ગ અને દંડને ગ્રહણ કરનારા ચાલ્યા, એમ આગળ પણ કહેવું. વિશેષ એ કે પાશા-જુગારનું ઉપકરણ અથવા ઉત્ત્રસ્ત અશ્વાદિનું બંધન, ફલક-સંપુટક ખેટક કે અવષ્ટંભક, પુસ્તક-શુભાશુભ પરિજ્ઞાન હેતુ શાસ્ત્રના પત્રસમુદાયરૂપ, કુતપ-તેલ આદિનું પાત્ર, હડપ્ફ-તાંબુલને માટેનું કે પૂગફલાદિનું ભાજન, પીઠગ્રાહ અને દીપિકગ્રાહ બંને સંગ્રહ ગાથામાં નથી. પીઠ-આસન, પોત-પોતાના રૂપ-આકાર, વસ્ત્રાલંકાર રૂપ વેશ, ચિહ્ન-અભિજ્ઞાન, નિયોગ-વ્યાપાર પોતાના આભરણ સહિત. - x - x -

ત્યારપછી ઘણાં દંડધારી, મુંડીયા, શિખાધારી, જટાધારી, મયુરાદિ પીંછાવાહી, હાસ્યકારી, ધુતકારી, ક્રીડાકર, પ્રિયવાદી, કામપ્રધાન ક્રીડાકારી, કૌકુત્ચ્યકારી ભાંડ, મૌખરિક-અસંબદ્ધપ્રલાપી, ગીત ગાતા, વાજિંત્ર વગાડતા, નૃત્ય કરતાં, હસતા, રમમાણ કરતા - x - બીજાને ગાનાદિ શીખવતા, શ્રવણ વિષય કરાવતા, શુભવાક્યો બોલતા, શબ્દો કરતા, - x - સ્વયં શોભતા, રાજરાજાનું અવલોકન કરતાં, જય-જય શબ્દ પ્રયોજતા આગળ ચાલ્યા.

એ પ્રમાણે ઉક્તક્રમથી પહેલા ઉપાંગ-ઉવવાઈના પાઠથી ત્યાં સુધી કહેવું, જ્યાં સુધી તે રાજાની આગળ મોટા અશ્વો અને અશ્વધારક પુરુષો, ભરત દ્વારા ચલાવાતા ગજરત્નની બંને બાજુ હાથી અને હાથીધારકો, પાછળ રથ અને રથસમુદાય



અનુક્રમે ચાલ્યા. યાવત્ પદથી સંગૃહ્ય પાઠની વ્યાખ્યા — तर - વેગ કે બળ, વેગાદિવાલા જેમાં સંવત્સર વર્તે છે, તે અર્થાત્ યૌવનવાળા. અશ્વો અથવા वरमाल्लिभासण - પ્રધાન માલ્યવાળા, તેથી જ દીપ્તિવાળા, હરિમેલા-વનસ્પતિ વિશેષ, તેના મુકુલ અને મલ્લિકા - x - તે શુક્લ અક્ષ, ચંચુરિત-કુટિલગમન અથવા ચંચુ-પોપટની ચાંચની જેમ વક્ર, ઉચ્ચિત-ઉચ્ચિતાકરણ, પગનું ઉત્પાટન અને તેનું ચલિત-વિલાસવત્ ગતિ, પુલિત-ગતિ વિશેષ, એવા સ્વરૂપે ચલ અર્થાત્ અતિ ચપલગતિ જેની છે તે. શિક્ષિત-અભ્યસ્ત, લંઘન-ખાડા આદિનું ઉલ્લંઘન, વલ્ગન-કુદવું, ધાવન-શીઘ્રગમન, ધોરણ-ગતિ ચાતુર્ય, ત્રિપદી-ભૂમિમાં ત્રણ પદનો ન્યાસ, જયિની-બીજી ગતિને જિતનારી - x - લામિત્તિ-રમ્ય, ગલલાત-કંઠમાં મૂકેલ શ્રેષ્ઠ આભૂષણ. મુખભાંડક-મુખનું આભરણ, - x - સ્થાસક-ઘોડાનું આભૂષણ, અહિલાણ-ઘોડાના મુખનું ચોકડું - x - તથા ચામરદંડથી પરિમંડિત કમર જેની છે તે - x - ૧૦૮ શ્રેષ્ઠ અશ્વો આગળ અનુક્રમે ચાલ્યા.

હાથી-કેવા ?, તેની વ્યાખ્યા — કંઈક અંશે શિક્ષિત હાથીનું કિંચિંત દાંતપણું, યૌવન આરંભવર્તીત્વથી કંઈક ઉન્મત્ત, કંઈક ઉચ્ચતાથી ઉત્સંગ સમાન પૃષ્ઠદેશ, ઉન્નત અને વિશાળ ધવલ દાંત, તેના ઉપર ચડાવેલ સોનાની ખોલ, - x - સુવર્ણ, મણિ, રત્નોથી ભૂષિત, શ્રેષ્ઠ આરોહકો જેના ઉપર બેઠા છે તેવા સજ્જિત ૧૦૮ હાથીઓ ચાલ્યા.

રથ-કેવા ? તેની વ્યાખ્યા — છત્ર, ધંટ, પતાકા, તોરણ સહિત, નંદિઘોષ, ઘંટડીની જાલથી પરિક્ષિપ્ત૦ ઈત્યાદિ - x - તેનો અર્થ પૂર્વે પદ્મવરવેદિકાના અધિકારના વર્ણનમાં કહેવાયો છે. તેવા ૧૦૮ રથો આગળ અનુક્રમે ચાલ્યા.

પદાતિ - કેવા ? જેના હાથમાં ખડ્‌ગ આદિ છે તે, સંગ્રામાદિ સ્વામીકાર્યમાં સજ્જ, શક્તિ-ત્રિશૂળ, લકુટ, ભિંદિપાલ આદિ યુક્ત.

હવે પ્રસ્થાન કરેલો ભરતના માર્ગમાં જે કરાયું તે કહે છે — તે ભરતાધિપ નરેન્દ્ર હાર વડે ઢાંકેલ સુરચિત વક્ષઃસ્થળ, ઈન્દ્ર સમાન ઋદ્ધિ વડે, વિખ્યાત કીર્તિ, ચક્ર વડે દેખાતા માર્ગે અનેક હજારો રાજા વડે અનુગમન કરાતો યાવત્ - x - x - ગામ, આકર, નગર, ખેટ, કર્બટ, મડંબ, દ્રોણમુખ, પત્તન, આશ્રમ, સંબાધ આદિ હજારોથી યુક્ત પૃથ્વીનો જય કરતો કરતો, શ્રેષ્ઠ રત્નોને સ્વીકારતો, તે દિવ્ય ચક્રરત્નને અનુસરતો એક-એક યોજનના અંતરે પડાવ નાંખતો વિનીતા રાજધાનીએ આવે છે, આવીને જે કરે છે, તે કહે છે —

વિનીતા રાજધાધાનીના અધિષ્ઠાયક દેવની સાધનાને માટે તેને મનમાં ધ્યાયીને અઠ્ઠમભક્ત કરે છે. [શંકા] આ અઠ્ઠમ અનુષ્ઠાન અનર્થક છે કેમકે વાસનગરી પૂર્વે જ વશ્ય કરાયેલ છે. નિરુપસર્ગથી વાસ સ્થૈર્યાર્થે તે યોગ્ય છે, તેમ પ્રાકૃત્ ઋષભ ચારિત્રમાં કહેલ છે. હવે અઠ્ઠમભક્તની સમાપ્તિ પછી ભરતે શું કર્યુ ? આભિષેક્ય હાથીને સજ્જ કરવો, સ્નાનગૃહમાં સ્નાનાદિરૂપ બધું પૂર્વવત્.

હવે વિનીતાના પ્રવેશના વર્ણનમાં લાઘવતા માટે અતિદેશ કરતા કહે છે —

પૂર્વના સૂત્રમાં વિનીતામાં પ્રત્યાગમનમાં જે વર્ણન કર્યુ છે, તે અહીં પ્રવેશમાં પણ કહેવું. વિશેષ એ કે — નવ મહાનિધિ પ્રવેશતી નથી. - x - ચારે સેના પણ પ્રવેશતી નથી, બાકી તે જ પાઠ કહેવો, તે નિર્ઘોષ નાદિત વડે યુક્ત વિનીતા રાજધાનીના મધ્યભાગથી જ્યાં પોતાનું ગૃહ છે, પ્રધાનતર ગૃહ છે, તેનું બાહ્ય દ્વાર છે, ત્યાં જવાને પ્રવૃત્ત થયો.

પ્રવેશ પછી ચક્રીના આભિયોગિક દેવો જે રીતે વાસભવનને પરિષ્કૃત્ કરે છે, તે કહે છે - x - x - કેટલાંક દેવો વિનીતાને અંદર-બહારથી આસિક્ત-સંમાર્જિત-ઉપલિપ્ત કરે છે. કેટલાંક મંચાતિમંચયુક્ત કરે છે, કેટલાંક રંગેલ ઉંચી ધ્વજા-પતાકા યુક્ત કરે છે, કેટલાંક લીંપણ-ગુંપણ કરે છે, કેટલાંક ગોશીર્ષ સરસ રક્તચંદનાદિ યુક્ત કરે છે. ગંધવર્તીભૂત કરે છે કેટલાંક સુવર્ણ કે રત્ન કે વજાદિની વર્ષા કર છે.

ફરી પ્રવેશતો રાજાને જે થયું, તે કહે છે — ત્યારે શ્રૃંગાટકાદિમાં યાવત્ શબ્દથી ત્રિક, ચતુષ્કાદિમાં મહાપથ પર્યન્ત સ્થાનોમાં ઘણાં દ્રવ્યના અર્થી વગેરે, તેવી ઉદારાદિ વિશેષણયુક્ત વાણી વડે અભિનંદતા, અભિસ્તવતા કહે છે. તેમાં શ્રૃંગાટકાદિની વ્યાખ્યા પૂર્વવત્. અર્થાર્થી-દ્રવ્યાર્થી, કામાર્થી-મનોજ્ઞ શબ્દ રૂપાર્થી, ભાગાર્થી-મનોજ્ઞ ગંધરસ સ્પર્શાર્થી, લાભાર્થી - ભોજન માત્રાદિ પ્રાપ્તિના અર્થી, ઋદ્ધિ-ગાય આદિ સંપત્તિ, તેના અભિલાષી, તે ઋદ્ધયેષ, કિલ્બિષિક-પરવિદૂષકત્વથી પાપવ્યવહારી ભાંડાદિ, કારોટિક-કાપાલિક કે તાંબુલસ્થગ્રીવાહક, કર-રાજદેય દ્રવ્ય તેને વહન કરનાર, તે કારવાહિક, શાંખિકાદિની વ્યાખ્યા પૂર્વવત્.

તેઓ શું બોલે છે? હે નંદ! તમારો જય થાઓ ઈત્યાદિ બે પદ પૂર્વવત્. તમારું કલ્યાણ થાઓ, ન જીતેલા શત્રુને જીતો, આજ્ઞાવશ થયેલાનું પાલન કરો, વિનિત પરિજનથી પરિવૃત્ત રહો. વૈમાનિકો મધ્યે ઐશ્વર્યશાળી, જ્યોતિષ્કોમાં ચંદ્ર સમાન, અસુરોમાં ચંદ્રવત્, હાથીઓમાં ધરણવત્ જાણવો, - x - x - ઘણાં લાખો યાવત્ ઘણાં કોટીપૂર્વ, ઘણાં કોડાકોડી પૂર્વ વિનીતા રાજધાનીના - લઘુ હિમવંતગિરિ અને સાગર મર્યાદાના પરિપૂર્ણ ભારતક્ષેત્રના ગામ, નગરાદિમાં સારી રીતે પ્રજાપાલન વડે ઉપાર્જિત, પોતાની ભુજા વડે અર્જિત પણ નમુચીની જેમ સેવાદિ ઉપાય વડે લબ્ધ નહીં એવા, મોટા અવાજ નૃત્યગીત વાજિંત્ર તંત્રી તલ-તાલ ત્રુટિત ઘન મૃદંગના પટુ પ્રવાદીના રવ વડે વિપુલ ભોગોપભોગ ભોગવતો રહે છે. આધિપત્ય, સ્વામીત્વ, ભર્તુત્વાદિ કરતા-પાલન કરતા આદિ. વ્યાખ્યા પૂર્વવત્. વિચરો એમ કહી જય-જય કરે છે.

હવે વિનીતામાં પ્રવેશીને ભરત શું કરે છે ? ત્યારે તે ભરત રાજા હજારો નયનમાલા વડે જોવાતો૦ ઈત્યાદિ વિશેષણ પદો શ્રી ઋષભ નિષ્ક્રમણ મહાધિકારમાં વ્યાખ્યાત કરેલ છે, ત્યાંથી જાણવું. વિશેષ એ કે — જનપદથી આવેલા લોકોના-પૌરજનો વડે હજારો અંગુલિમાલા વડે દેખાડાતા. જ્યાં પોતાનું ઘર - પૈતૃક પ્રાસાદ છે, ત્યાં જ જગત્વર્તી વાસગૃહ શેખરરૂપ રાજયોગ્ય વાસગૃહ, તેના પ્રતિદ્વારે જાય છે.

પછી શું કરે છે ? જઈને આભિષેક્ય હસ્તિરત્ન ઉભો રાખીને ત્યાંથી ઉતરે છે, ઉતરીને વિસર્જનીય લોકોને વિસર્જન અવસરે અવશ્ય સત્કારવા જોઈએ, એ વિધિજ્ઞ ભરત ૧૬,૦૦૦ દેવોને સત્કારે છે - સન્માને છે, પછી ૩૨,૦૦૦ રાજાને, પછી



સેનાપતિરત્ન, ગૃહપતિરત્નાદિને સત્કારે-સન્માને છે. પછી ૩૬૦ રસોઈયાને, પછી ૧૮ શ્રેણિ-પ્રશ્રેણિને, પછી બીજા પણ ઘણાંને રાજા-ઈશ્વર-તલવરાદિને સત્કારે છે - સન્માને છે. પછી ઉત્સવપૂર્ણ થતાં અતિથિની માફક વિદાય આપી. હવે રાજા વાસગૃહમાં પ્રવેશ્યો તે કહે છે —

સ્ત્રીરત્ન-સુભદ્રા, ૩૨,૦૦૦ ઋતુ કલ્યાણિકા, ૩૨,૦૦૦ જનપદ કલ્યાણિકા, ૩૨,૦૦૦ બત્રીશ બદ્ધ નાટકો સાથે પરીવરેલ શ્રેષ્ઠ ભવનમાં પ્રવેશે છે. - x - કુબેર-દેવરાજા, ધનદ-લોકપાલ, કૈલાસ-સ્ફટિકા ચલ. શ્રેષ્ઠ ભવનાવતંસક ગિરિશિખર સદૃશ ઉચ્ચત્વથી હતું - આ દૃષ્ટાંત લોક વ્યવહાર મુજબ છે. - - - પ્રવેશીને શું કરે છે ? તે કહે છે —

● **સૂત્ર-૧૨૨ :-**

***ત્યારે તે ભરત રાજા અન્ય કોઈ દિને રાજ્યની ધુરાની ચિંતા કરતા, આવા સ્વરૂપનો સંકલ્પ યાવત્ ઉત્પન્ન થયો. મેં પોતાના બળ, વીર્ય, પુરુષાકાર પરાક્રમથી લઘુહિમવંતગિરિ અને સમુદ્રની મર્યાદામાં રહેલ પરિપૂર્ણ ભરતક્ષેત્રને જીતેલ છે. તેથી હવે ઉચિત છે કે હું વિરાટ્ રાજ્યાભિષેક આયોજિત કરાવું, જેથી મારું તિલક થાય. એ પ્રમાણે વિચારીને કાલે પ્રભાત થતાં યાવત્ સૂર્ય જ્વલંત થતાં જ્યાં સ્નાનગૃહ છે યાવત્ બહાર નીકળે છે, નીકળીને જ્યાં બાહ્ય ઉપસ્થાનશાળા છે, જ્યાં સીંહાસન છે, ત્યાં આવે છે. આવીને તે શ્રેષ્ઠ સિંહાસન ઉપર પૂર્વાભિમુખ બેસે છે, બેસીને ૧૬,૦૦૦ દેવોને, ૩૨,૦૦૦ મુખ્ય રાજાઓને, સેનાપતિરત્ન યાવત્ પુરોહિતરત્નને, ૩૬૦ રસોઈયાને, અઢાર શ્રેણિ-પ્રશ્રેણિજનોને, બીજા પણ ઘણા રાજા, ઈશ્વર યાવત્ સાર્થવાહાદિને બોલાવીને કહ્યું —***

***દેવાનુપ્રિયો ! મેં નિજ બળ, વીર્યથી યાવત્ પરિપૂર્ણ ભરત ક્ષેત્રને જીતી લીધેલ છે. દેવાનુપ્રિયો ! તમે મારા માટે મહારાજાભિષેક રચાવો. ત્યારે તે ૧૬,૦૦૦ દેવો યાવત્ સાર્થવાહ આદિ, ભરતરાજાએ એમ કહેતા, તેઓ હર્ષિત-સંતુષ્ટ થઈ, બે હાથ જોડી, મસ્તકે અંજલિ કરી, ભરત રાજાના આ કથનને સારી રીતે વિનયથી સાંભળે છે.***

***ત્યારપછી તે ભરત રાજા જ્યાં પૌષધશાળા છે, ત્યાં આવે છે, આવીને યાવત્ અટ્ઠમભક્તિક થઈ પ્રતિ જાગૃત થઈ વિચરે છે. ત્યારપછી તે ભરત રાજા અટ્ઠમભક્ત પરિપૂર્ણ થતાં આભિયોગિક દેવોને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહ્યું — જલ્દીથી, ઓ દેવાનુપ્રિયો! વિનીતા રાજધાનીના ઉત્તર-પૂર્વીય દિશાભાગમાં એક મોટો અભિષેક મંડપ વિકુર્વો, વિકુર્વીને મારી આ આજ્ઞાને પાછી સોંપો.***

***ત્યારે તે આભિયોગિક દેવો ભરત રાજાએ આ પ્રમાણે કહેતા હર્ષિત-સંતુષ્ટ થઈ યાવત્ એ પ્રમાણે સ્વામીના આજ્ઞા વચનને વિનયથી સ્વીકારે છે, સ્વીકારીને વિનીતા રાજધાનીની ઉત્તર-પૂર્વીય દિશામાં જાય છે. જઈને વૈક્રિય સમુદ્ઘાત કરે છે, કરીને સંખ્યાત યોજન દંડ કાઢે છે. તે આ પ્રમાણે — રત્નો યાવત્ રિષ્ટરત્નોના યથા બાદર પુદ્ગલોને છોડી દે છે, યથાસૂક્ષ્મ પુદ્ગલોને ગ્રહણ કરે છે. બીજી***

વખત પણ વૈક્રિય સમુદ્ઘાતથી યાવત્ સમવહત થાય છે, થઈને બહુસમરમણીય ભૂમિ ભાગ વિકુર્વે છે. વિકુર્વીને જેમ કોઈ આલિંગપુષ્કર૦ સમાન હોય.

તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્યદેશ ભાગમાં અહીં એક મોટો અભિષેક મંડપ વિકુર્વે છે, જે અનેકશત સ્તંભ સંનિવિષ્ટ છે યાવત્ ગંધવર્તીભૂત છે. પ્રેક્ષાગૃહ મંડપ વર્ણન પણ કરવું.

તે અભિષેક મંડપના બહુમધ્યદેશ ભાગમાં અહીં એક મોટી અભિષેકપીઠ વિકુર્વે છે. તે સ્વચ્છ અને શ્લક્ષ્ણ હતી. તે અભિષેકપીઠની ત્રણે દિશામાં ત્રિસોપન પ્રતિરૂપક વિકુર્વે છે. તે ત્રિસોપાન પ્રતિરૂપકનું આ આવા સ્વરૂપનો વર્ણાવાસ યાવત્ તોરણ કહે છે.

તે અભિષેક પીઠના બહુસમ રમણીય ભૂમિભાગ કહેલા છે. તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્યદેશ ભાગમાં અહીં એક મોટું સીંહાસન વિકુર્વે છે. તે સીંહાસનનું આવા પ્રકારે વર્ણન દામ વર્ણન સમાપ્ત થાય ત્યાં સુધી કહેવું. ત્યારપછી તે દેવોએ અભિષેક મંડપને વિકુર્વ્યો, વિકુર્વીને જ્યાં ભરત રાજા હતો૦ યાવત્ આજ્ઞા પાછી સોંપી.

ત્યારપછી તે ભરત રાજાએ આભિયોગિક દેવોની પાસે આ કથન સાંભળી-સમજી, હર્ષિત-સંતુષ્ટ થઈ પૌષધશાળાથી નીકળ્યો, નીકળીને કૌટુંબિક પુરુષોને બોલાવીને આ પ્રમાણે કહ્યું — ઓ દેવાનુપ્રિયો ! જલ્દીથી આભિષેક્ય હસ્તિરત્નને સજાવો, સજાવીને અશ્વ, હાથી યાવત્ સજ્જ કરાવો, પછી મારી આ આજ્ઞાને પાછી સોંપો યાવત્ સોંપે છે.

ત્યારપછી તે ભરતરાજા સ્નાનગૃહમાં પ્રવેશ્યો યાવત્ અંજનગિરિના કૂટ સદૃશ ગજપતિ ઉપર તે નરપતિ આરૂઢ થયો. ત્યારે તે ભરતરાજા આભિષેક્ય હસ્તિરત્ન ઉપર આરૂઢ થતાં આ આઠ-આઠ મંગલકો૦ જે આલાવો વિનીતામાં પ્રવેશતા કહ્યો, તે જ નિષ્ક્રમણ કરતા યાવત્ અપ્રતિબુધ્યમાન વિનીતા રાજધાનીની મધ્યેથી નીકળે છે. નીકળીને જ્યાં વિનીતા રાજધાનીની ઉત્તર-પૂર્વીય દિશાભાગમાં અભિષેક મંડપ છે, ત્યાં આવે છે. આવીને અભિષેક મંડપના દ્વારે આભિષેક્ય હસ્તિરત્નને ઉભો રાખે છે. ઉભો રાખીને આભિષેક્ય હસ્તિરત્નથી ઉતરે છે.

ત્યારપછી સ્ત્રીરત્ન, ૩૨,૦૦૦ ઋતુ કલ્યાણિકા, ૩૨,૦૦૦ જનપદ કલ્યાણિકા, ૩૨,૦૦૦ બત્રીશબદ્ધ નાટકો સાથે સંપરિવરીને અભિષેક મંડપમાં પ્રવેશે છે, પ્રવેશીને જ્યાં અભિષેકપીઠ છે, ત્યાં આવે છે, આવીને અભિષેકપીઠને અનુપ્રદક્ષિણા કરતાં-કરતાં પૂર્વદિશાના ત્રિસોપાનપ્રતિરૂપકને આરોહે છે, આરોહીને જ્યાં સીંહાસન છે, ત્યાં આવે છે. આવીને પૂર્વાભિમુખ બેઠો.

ત્યારે તે ભરત રાજાના ૩૨,૦૦૦ રાજા જ્યાં અભિષેક મંડપ હતો, ત્યાં આવે છે. આવીને અભિષેક મંડપમાં પ્રવેશે છે. પ્રવેશીને તે અભિષેક પીઠની અનુપ્રદક્ષિણા કરતા-કરતા ઉત્તરના ત્રિસોપાનપ્રતિરૂપકથી જ્યાં ભરત રાજા છે, ત્યાં આવે છે, આવીને બે હાથ જોડી યાવત્ મસ્તકે અંજલિ કરીને ભરત રાજાને



જય-વિજયથી વધાવે છે, વધાવીને ભરત રાજાની બહુ નીકટ નહીં, તેમ બહુ દૂર નહીં એ રીતે સુશ્રૂષા કરતા યાવત્ પર્યુપાસના કરે છે.

ત્યારે તે ભરતરાજાના સેનાપતિરત્ન યાવત્ સાર્થવાહાદિ તે રીતે જ આવ્યા, વિશેષ એ કે — દક્ષિણના ત્રિસોપાન પ્રતિરૂપકથી આવ્યા.

ત્યારે તે ભરત રાજાએ આભિયોગિક દેવોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું — ઓ દેવાનુપ્રિયો ! જલ્દી મારા મહાર્થ, મહાર્ઘ, મહાર્હ, મહારાજાભિષેકની સામગ્રી ઉપસ્થાપિત કરો.

ત્યારે તે આભિયોગિક દેવો ભરતરાજાએ આમ કહેતા હર્ષિત, સંતુષ્ટ ચિત્તવાળા થઈ યાવત્ ઉત્તરપૂર્વ દિશાભાગમાં ગયા, જઈને વૈક્રિય સમુદ્ઘાત કરે છે. એ પ્રમાણે જેમ વિજયદેવમાં કહ્યું તેમ અહીં પણ યાવત્ પંડકવનમાં ભેગા થઈ મળે છે, ભેગા મળીને જ્યાં દાક્ષિણાર્દ્ધ ભરતક્ષેત્ર છે, જ્યાં વિનીતા રાજધાની છે, ત્યાં આવે છે, આવીને વિનીતા રાજધાનીને અનુપ્રદક્ષિણા કરતા-કરતા જ્યાં અભિષેક મંડપ છે, જ્યાં ભરતરાજા છે, ત્યાં આવે છે, આવીને તે મહાર્થ, મહાર્ઘ, મહાર્હ મહારાજા-અભિષેક યોગ્ય સામગ્રી ઉપસ્થાપિત કરે છે.

ત્યારે તે ભરત રાજાના ૩૨,૦૦૦ રાજાઓએ શોભન તિથિ-કરણ-દિવસ-નક્ષત્ર-મુહૂર્ત-ઉત્તર ભાદ્રપદા નક્ષત્ર તથા વિજય નામક મુહૂર્તમાં સ્વાભાવિક તથા ઉત્તરવૈક્રિયદ્વારા નિષ્પાદિત શ્રેષ્ઠ કમલો ઉપર પ્રતિષ્ઠાપિત, સુરભિત, ઉત્તમ જળથી પરિપૂર્ણ ૧૦૦૮ કળશોથી રાજા ભરતનો ઘણાં આનંદોત્સવની સાથે અભિષેક કર્યો. અભિષેકનું વર્ણન વિજયદેવની માફક છે. તે રાજાઓમાં પ્રત્યેકે યાવત્ અંજલિ કરી તેવી ઈષ્ટ વાણીથી૦ જેમ પ્રવેશતા કહ્યું યાવત્ વિચરે છે, એમ કહી જય-જય શબ્દનો પ્રયોજે છે - જયઘોષ કરે છે.

ત્યારે તે ભરતરાજાના સેનાપતિરત્ન યાવત્ પુરોહિતરત્ન, ૩૬૦ રસોઈયા, અઢાર શ્રેણિ-પ્રશ્રેણિઓ, બીજા પણ ઘણાં યાવત્ સાર્થવાહ વગેરે એ પ્રમાણે જ અભિષેક કરે છે. તે શ્રેષ્ઠ કમળ પ્રતિષ્ઠાન વડે પૂર્વવત્ યાવત્ અભિસ્તવના કરે છે, ૧૬,૦૦૦ દેવો પણ એ પ્રમાણે જ૦ વિશેષ એ કે — પક્ષ્મ સુકુમાલ યાવત્ મુગટ પહેર્યો.

ત્યારપછી દર્દર-મલય-સૌગંધિક ગંધ ગાત્રો પર છાંટ્યા, દિવ્ય એવી પુષ્પમાળા પહેરી. વિશેષ શું કહીએ ? ગ્રંથિમ, વેષ્ટિમ યાવત્ વિભૂષિત કરે છે. ત્યારે તે ભરત રાજા મહા મોટા રાજાભિષેકથી અભિસિંચિત થઈને કૌટુંબિકપુરુષોને બોલાવીને આ પ્રમાણે કહ્યું —

ઓ દેવાનુપ્રિયો ! જલ્દીથી શ્રેષ્ઠ હાથીના સ્કંધ ઉપર બેસીને વિનીતા રાજધાનીના શ્રૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર યાવત્ મોટા માર્ગ-માર્ગોમાં મોટા-મોટા શબ્દોથી ઉદ્ઘોષણા કરતાં કરતાં ઉત્શુલ્ક, ઉત્કર, ઉત્ક્રેય, અદેય, અમેય, અભટપ્રવેશ, અદંડ-કુદંડિમ યાવત્ નગરના જાનપદો સહિત બાર વર્ષના પ્રમોદ ઘોષણા કરવો, કરાવીને મારી આ આજ્ઞા મને પાછી સોંપો.

ત્યારે તે કૌટુંબિક પુરુષો ભરત રાજાએ આમ કહેતા હર્ષિત, સંતુષ્ટ, આનંદિત ચિત્ત, પ્રીતિમન, હર્ષના વશથી વિકસિત થયેલા હૃદયવાળા થઈને વિનયથી વચનને સ્વીકારે છે, સ્વીકારીને જલ્દીથી શ્રેષ્ઠ હાથીના સ્કંધ ઉપર જઈને યાવત્ ઘોષણા કરે છે, કરીને આજ્ઞા પાછી સોંપે છે.

ત્યારે તે ભરત રાજા મોટા-મોટા રાજાભિષેકથી અભિષિક્ત થઈને સીંહાસનથી ઉભો થાય છે, ઉભો થઈને સ્ત્રીરત્ન સાથે યાવત્ હજારો નાટકો સહિત સંપરિવરીને અભિષેકપીઠથી પૂર્વના ત્રિસોપાન-પ્રતિરૂપકથી નીચે ઉતરે છે, ઉતરીને અભિષેક મંડપથી નીકળે છે, નીકળીને જ્યાં આભિષેક્ય હસ્તિરત્ન છે, ત્યાં આવે છે, આવીને અંજનગિરિના કૂટ સદૃશ ગજપતિ ઉપર યાવત્ આરૂઢ થયો.

ત્યારપછી તે ભરત રાજાના ૩૨,૦૦૦ રાજા અભિષેક પીઠથી ઉત્તરના ત્રિસોપાન પ્રતિરૂપકથી નીચે ઉતરે છે. ત્યારપછી તે ભરતરાજાના સેનાપતિરત્ન યાવત્ સાર્થવાહ વગેરે અભિષેકપીઠથી દક્ષિણના ત્રિસોપાન પ્રતિરૂપકથી નીચે ઉતરે છે.

ત્યારપછી તે ભરત રાજા આભિષેક્ય હસ્તિરત્ન ઉપર આરૂઢ થતાં આ આઠ-આઠ મંગલો આગળ યાવત્ ચાલ્યા. જે કંઈ જતી વખતનો આલાવો કુબેર સુધીનો હતો, તે જ અહીં પણ કહેવો, ક્રમથી સત્કારાદિ જાણવા યાવત્ કુબેરવત્ દેવરાજા કૈલાશના શિખરરૂપ છે.

ત્યારપછી તે ભરત રાજા સ્નાનગૃહમાં પ્રવેશે છે, પ્રવેશીને યાવત્ ભોજનમંડપમાં શ્રેષ્ઠ સુખાસને બેસી, અઠ્ઠમભક્તનું પારણું કરે છે. પારીને ભોજનમંડપથી નીકળે છે. નીકળીને ઉપરના શ્રેષ્ઠ પ્રાસાદમાં સ્ફૂટ થતા મૃદંગ યાવત્ ભોગવતો વિચરે છે.

ત્યારે તે ભરત રાજા બાર વર્ષીય પ્રમોદોત્સવ પૂર્ણ થતાં જ્યાં સ્નાનગૃહ છે, ત્યાં આવે છે. આવીને યાવત્ સ્નાનગૃહથી નીકળે છે, નીકળીને જ્યાં બાહ્ય ઉપસ્થાનશાળા છે, યાવત્ શ્રેષ્ઠ સીંહાસને પૂર્વાભિમુખ બેઠો, બેસીને ૧૬,૦૦૦ દેવોને સત્કારે છે, સન્માને છે, સત્કારી-સન્માનીને વિદાય આપે છે. વિદાય આપીને ૩૨,૦૦૦ શ્રેષ્ઠ રાજાઓને સત્કારે છે, સન્માને છે. પછી સેનાપતિરત્નને સત્કારે છે, સન્માને છે યાવત્ પુરોહિત રત્નને સત્કારે છે, સન્માને છે. એ પ્રમાણે ૩૬૦-રસોઈયાઓ, ૧૮-શ્રેણી પ્રશ્રેણિઓને સત્કારે છે, સન્માને છે. સત્કારી-સન્માનીને બીજા ઘણાં રાજા, ઈશ્વર, તલવર યાવત્ સાર્થવાહ આદિને સત્કારે છે, સન્માને છે. સત્કારી-સન્માનીને વિદાય આપે છે, આપીને ઉપરના શ્રેષ્ઠ પ્રાસાદે જઈ યાવત્ વિચરે છે.

● વિવેચન-૧૨૨ :-

પછી તે ભરતરાજા મિત્રો, જ્ઞાતિજનો, નિજક-માતા, પિતા, ભાઈ વગેરે, સ્વજન-કાકા આદિ, સંબંધી-શ્વશૂરાદિ, પરિજન-દાસાદિ, એ બધાંને કુશલ પ્રશ્નાદિ પૂછીને બોલાવે છે. અથવા લાંબાકાળથી ન જોવાથી મિત્રાદિને સ્નેહપૂર્વક નીહાળે છે. પછી જ્યાં સ્નાનગૃહ છે, ત્યાં આવે છે, આવીને૦ સર્વે સ્નાનવિધિ કહેવી. સ્નાનગૃહથી નીકળે છે.



અહીં બાહુબલિ આદિ ૯૯ ભાઈઓના રાજ્ય પોતાના કરવા વડે ચક્રરત્ન આયુધશાળામાં પ્રવેશે છે, તે બીજે પ્રસિદ્ધ છે, છતાં સૂત્રકારે કહેલ નથી. એ પ્રમાણે વિચરતા તેને જ ઉત્પન્ન થયું તે કહે છે —

પછી તે ભરતને રાજ્યની ધુરા સંભાળતા, અન્ય કોઈ દિને ઉક્ત વિશેષણ વિશિષ્ટ સંકલ્પ ઉત્પન્ન થયો. તે સંકલ્પ કહે છે — મેં પોતાના બળ-વીર્ય-પુરુષાકારપરાક્રમથી લઘુ હિમવંતગિરિ અને સમુદ્રની મર્યાદામાં રહેલ પરિપૂર્ણ ભરતક્ષેત્રને જીતેલ છે. તો મારે મારા પોતા માટે શ્રેયસ્કર છે કે મહારાજ્યાભિષેક કરાવવો જોઈએ. એમ વિચારીને ભરત રાજ્યાભિષેકની વિચારણા કરે છે. હવે પછીનું કાર્ય કહે છે — તે સ્પષ્ટ છે. સિંહાસને બેસીને જે કહ્યું તે સ્પષ્ટ છે. શું કહ્યું ?

દેવાનુપ્રિય ! મેં પોતાના બળ, વીર્ય, પુરુષાકાર પરાક્રમથી સંપૂર્ણ ભરતક્ષેત્રને જીતેલ છે. તો હે દેવાનુપ્રિયો ! તમે મારા મહારાજ્ય અભિષેક કરો. આવશ્યક ચૂર્ણાદિમાં તો ભક્તિથી સુર-નરો તે મહા રાજ્યાભિષેકને માટે વિજ્ઞપ્તિ કરતાં ભરતે અનુમતિ આપી, તેમ કહેલ છે. આ જ વિધેયજનવ્યવહાર છે કે સ્વામીની સેવા માટે તેઓ સ્વયં જ ઉપસ્થિત થાય છે. પરંતુ અહીં ભરત પોતે અનુચર દેવાદિને અભિષેક કરવા કહે છે, તે અમારા જેવા મંદબુદ્ધિને સમજાતું નથી.

હવે જે રીતે તેઓએ અંગીકાર કર્યુ, તે કહે છે — પછી તે ૧૬,૦૦૦ દેવો, ૩૨,૦૦૦ રાજા યાવત્ સાર્થવાહ આદિ લેવા. ભરતરાજાએ આમ કહેતા - x - હર્ષિત, સંતુષ્ટ, આનંદિત ચિત્ત થઈ, બે હાથ જોડી, દશ નખ ભેગા કરી, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ કરીને ભરત રાજાને, અનંતરોક્ત અર્થને વિનયથી અંગીકાર કરે છે. - x - x - ત્યારપછી ભરતે જે કર્યુ, તે કહે છે — તે પૂર્વવત્.

ત્યારપછી તે ભરત અઠ્ઠમભક્ત પરિપૂર્ણ થતાં આભિયોગ્ય દેવોને બોલાવે છે, બોલાવીને આમ કહ્યું — ઓ દેવાનુપ્રિયો ! જલ્દીથી વિનીતા રાજધાનીના ઈશાનખૂણામાં, કેમકે તે અત્યંત પ્રશસ્ત છે, ત્યાં અભિષેકને માટે મંડપ વિકુર્વો, વિકુર્વીને મારી આજ્ઞા પાછી સોંપો.

ત્યારપછી તે આભિયોગ્ય દેવોને ભરતે આમ કહ્યું ત્યારે હર્ષિત-સંતુષ્ટ થયો આદિ પદો પૂર્વવત્. હે સ્વામી ! જેમ તમે આજ્ઞા કરો છો તેમ અમે સ્વામીના ચરણોમાં રહીને કરીશું, એવા પ્રકારે વિનયથી વચનને સ્વીકારે છે. સ્વીકારીને વિનીતા રાજધાનીના ઈશાન ખૂણામાં જાય છે. જઈને વૈક્રિય સમુદ્ઘાત કરવાને માટે પ્રયત્ન વિશેષથી આત્મપ્રદેશોને દૂરથી કાઢે છે. તે સ્વરૂપને કહે છે —

સંખ્યાત યોજન દંડ જેવા ઉપર-નીચે લાંબો, શરીર જેવો પહોળો, જીવપ્રદેશથી - શરીરથી બાહ્ય કાઢે છે, કાઢીને તેવા પ્રકારના પુદ્ગલોને ગ્રહણ કરે છે, તે જ દર્શાવે છે — રત્ન - કર્કેતનાદિ, વજ્ર, વૈડૂર્ય, લોહિતાક્ષ, મસારગલ્લ, હંસગર્ભ, પુલક, સૌગંધિક, જ્યોતિ-રસ, અંજન, અંજનપુલક, જાત્યરૂપ, અંક, સ્ફટિક લેવા. તેમાં જે બાદર-અસાર પુદ્ગલોને છોડે છે અને સાર પુદ્ગલોને ગ્રહણ કરે છે. પછી ઈચ્છિત નિર્માણને માટે બીજી વખત પણ વૈક્રિય સમુદ્ઘાત કરીને, બહુસમરમણીય ભૂમિભાગ

વિકુર્વે છે. - x - x -

રત્નાદિના પુદ્‌ગલો ઔદારિક છે, તે વૈક્રિય સમુદ્‌ઘાતમાં કઈ રીતે ગ્રહણ યોગ્ય છે ? અહીં રત્નાદિનું ગ્રહણ પુદ્‌ગલોની સારતા માત્રના પ્રતિપાદનાર્થે છે, તે પુદ્‌ગલો ગ્રહણાર્થે નહીં. તેથી રત્નાદિની જેમજ જાણવા અથવા ઔદારિકો પણ તે ગ્રહણ કર્યા પછી વૈક્રિયપણે પરિણમે છે. તેથી દોષ નથી.

પૂર્વ વૈક્રિય સમુદ્‌ઘાતના જીવપ્રયત્નરૂપત્વથી ક્રમશઃ મંદ-મંદતર ભાવ પામીને ક્ષીણ શક્તિત્વથી ઈષ્ટ કાર્ય અસિદ્ધ થાય. હવે સમભૂભાગમાં તેઓએ જે કર્યુ, તે કહે છે — તે બહુસમરમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશભાગમાં અહીં એક મહાન્ અભિષેકમંડપ વિકુર્વે છે. તે અનેક સેંકડો સ્તંભ ઉપર રહેલ છે. અહીં રાજપ્રશ્નીય ઉપાંગમાં રહેલ સૂર્યાભદેવ યાનવિમાન છે તે ગંધવર્તીભૂત સુધી લેવું. તેથી જ સૂત્રકારે જ સાક્ષાત્ કહેલ છે કે પ્રેક્ષાગૃહમંડપ વર્ણન લેવું. - x -

તે અભિષેક મંડપના બહુમધ્યદેશ ભાગમાં આ દેશમાં એક મહા-મોટી અભિષેકપીઠ વિકુર્વે છે, તે રજના અભાવે સ્વચ્છ અને સૂક્ષ્મ પુદ્‌ગલોથી નિર્મિત હોવાથી શ્લક્ષ્ણ છે. વાપી ત્રિસોપાનપ્રતિરૂપક વર્ણનની માફક અહીં વર્ણન, તોરણના વર્ણન સુધી જાણવું.

હવે અભિષેકપીઠ ભૂમિનું વર્ણનાદિ પ્રતિપાદન કરતાં કહે છે — તે અભિષેકપીઠનો બહુસમરમણીય ભૂમિભાગ કહ્યો છે. તે સમભૂભાગ મધ્યે એક મોટું સિંહાસન વિકુર્વે છે. વર્ણન વિજયદેવના સિંહાસનવત્ માળાના વર્ણન સુધી કહેવું - x - આ જ અર્થનું નિગમન કરતાં કહે છે — ભરતની આજ્ઞા પછી તે દેવો ઉક્ત અભિષેક મંડપ વિકુર્વે છે. વિકુર્વીને ભરત રાજા પાસે જાય છે, આજ્ઞા પાછી સોંપે છે. - x -

હવે આ સમય ઉચિત ભરતનું કૃત્ય કહે છે - x - પછી ભરત રાજા આભિષેક્ય હસ્તિ ઉપર આરૂઢ થતાં આ આઠ-આઠ મંગલો આગલ ચાલ્યા. હવે અતિદેશ કરતાં કહે છે — વિનીતામાં પ્રવેશતા જે પાઠ કહેલો તે જ પાઠ નિષ્ક્રમણ કરતાં પણ જાણવો - x - બાકી સ્પષ્ટ છે - x - પછી ભરત રાજા સુભદ્રા સ્ત્રીરત્ન સાથે, ૩૨,૦૦૦ ઋતુ કલ્યાણિકાઓ, ૩૨,૦૦૦ જનપદ કલ્યાણિકા, ૩૨,૦૦૦ બત્રીશબદ્ધ નાટકો સાથે પરિવરીને અભિષેક મંડળમાં પ્રવેશે છે. પ્રવેશીને અભિષેક પીઠે આવે છે. આવીને તેની પ્રદક્ષિણા કરીને૦ આભિયોગિક દેવો મનતુષ્ટિ ઉત્પાદનના હેતુથી આ જ સૃષ્ટિ ક્રમે પૂર્વના ત્રિસોપાન પ્રતિરૂપકથી ચડે છે ચડીને સિંહાસન પાસે આવે છે. આવીને પૂર્વાભિમુખ ઔચિત્યથી બેસે છે.

હવે અનુચર રાજાદિ જે રીતે આવ્યા, તે કહે છે — તે ભરત રાજાના ૩૨,૦૦૦ રાજા જ્યાં અભિષેક મંડપ છે, ત્યાં આવે છે. વિશેષ એ - અભિષેકપીઠને અનુપ્રદક્ષિણા કરતાં-કરતાં ઉત્તરથી ચડતાં જાણવા - x - x - પછી તે ભરત રાજા આભિયોગ્ય દેવોને બોલાવીને આમ કહે છે — ઓ દેવાનુપ્રિયો ! જલ્દીથી મારા માટે મણિ-સુવર્ણ-રત્નાદિનો ઉપયોગ કરાયેલી એવી મહાર્હ, મહાન્ પૂજાયુક્ત, મોટા ઉત્સવને યોગ્ય,



મહાન્ રાજ્યાભિષેકની સામગ્રી લાવો. આજ્ઞા કરાયેલા તેઓ શું કરે છે ?

તે આભિયોગિક દેવોને ભરત રાજાએ એમ કહેતા હર્ષિત-સંતુષ્ટ-ચિત્ત આદિ આનંદલાપક લેવો. યાવત્ પદથી બે હાથ જોડી, દશ નખ ભેગા કરી, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ કરીને દેવો 'તહત્તિ' કહી આજ્ઞા વચનને વિનયપૂર્વક સાંભળે છે. વ્યાખ્યા-પૂર્વવત્.

હવે અતિદેશસૂત્ર કહે છે — આ પ્રકારે અભિષેક સૂત્ર છે. જેમકે — જંબૂદ્વીપ વિજયના દ્વારાધિપતિ દેવના ત્રીજા ઉપાંગમાં કહેલ છે, તે રીતે અહીં જાણવું. અહીં સર્વાભિષેક સામગ્રી કહેવી. તે આગળ જિનજન્માધિકારમાં કહેવાશે. તેમાં તે સૂત્રમાં સાક્ષાત્ કહેલ છે. તો પણ કંઈક અહીં કહીએ છીએ — ૧૦૦૮ સોનાના કળશો તથા રૂપાના, મણીના કળશો ઈત્યાદિ આઠ જાતિના કળશો, એ રીતે ભૃંગાર, દર્પણ, સ્થાલ, પાત્રી, સુપ્રતિષ્ઠક, મનોગુલિકા, વાતકરક યાવત્ - x - x - ધુપકડછાં પ્રત્યેક ૧૦૦૮-૧૦૦૮ વિકુર્વે છે. વિકુર્વીને સ્વાભાવિક અને વૈક્રિય એવા આ પદાર્થો ગ્રહણ કરીને ક્ષીરોદમાંથી જળ અને ઉત્પલો પણ ગ્રહણ કરે છે. એ રીતે પુષ્કરોદથી લે છે. પછી ભરત અને ઐરાવતના માગધાદિ ત્રણે તીર્થના જળ અને માટી લે છે. પછી તે બંનેની મહાનદીનું જળ અને માટી લે છે. પછી લઘુ હિમવતાદિના બધાં તૂવર, પુષ્પાદિ. પચી પદ્મદ્રહ અને પુંડરિકદ્રહના જળ અને કમળ, એમ બધાં ક્ષેત્રની મહાનદીના જળ અને માટી ઈત્યાદિ - ઈત્યાદિ - x - x - x - લઈને એકઠા થાય છે. એકઠા થઈને જ્યાં દક્ષિણાર્દ્ધ ભરત ક્ષેત્રમાં વિનીતા રાજધાની છે, ત્યાં આવે છે. આવીને રાજધાનીને પ્રદક્ષિણા કરીને અભિષેક મંડપમાં રાજા ભરત પાસે આવે છે. આવીને તે પૂર્વોક્ત મહાર્થ, મહાર્ઘ, મહાર્હ, રાજ્યાભિષેક સામગ્રી મૂકે છે.

હવે ઉત્તરકૃત્ય કહે છે — પછી તે ભરત રાજાને ૩૨,૦૦૦ રાજા શોભન-નિર્દોષગુણોપેત તિથિ-રિક્ત, અર્કેન્દુ, દગ્ધાદિ દુષ્ટ તિથિથી ભિન્ન તિથિ, કરણ-વિવિષ્ટ દિવસ, દુર્દિન ગ્રહણ ઉત્પાત દિવસોથી ભિન્ન દિવસ, નક્ષત્ર-રાજ્યાભિષેકોપયોગી શ્રુત્યાદિ તેર નક્ષત્રો સિવાયના - x - મુહૂર્ત-અભિષેક માટે કહેલ નક્ષત્ર સમાન. અહીં વિશેષથી કહે છે - ઉત્તરા ભાદ્રપદ નક્ષત્ર, તેનું વિજય નામે મુહૂર્ત, અભિજિત નામે ક્ષણ. આ ભાવ છે — મુહૂર્તના બીજા પર્યાય પંદર ક્ષણાત્મક દિવસમાં આઠમી ક્ષણ - x - તેમાં પૂર્વોક્ત સ્વાભાવિક અને ઉત્તરવૈક્રિય શ્રેષ્ઠ કમળ આધારભૂત સ્થિતિ જેમાં છે તે તથા સુગંધી પાણીથી પ્રતિપૂર્ણ વડે [તે અભિષેક કરાયો] - x - x - જિન જન્માભિષેક પ્રકરણમાં વ્યાખ્યા કરેલ છે, તે અહીં સાક્ષાત્ દર્શિત છે. - x - x -

ઉક્ત વિશેષણ વિશિષ્ટ કળશો વડે સર્વ જળ, સર્વ માટી, સર્વ ઔષધિ આદિ વસ્તુ વડે મહાન્, વિશાળ, રાજ્યાભિષેકથી અભિસિંચિત કરે છે. અભિષેક - જેમ જીવાભિગમ ઉપાંગમાં વિજયદેવનો કહ્યો છે, તેમ અહીં પણ જાણવો. અભિષેક કરીને દરેકે દરેક રાજા બે હાથ જોડી, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ કરી, તેવી ઈષ્ટ-કાંત યાવત્ વાણીથી અભિનંદતા, અભિસ્તવતા રાજાનો જય-જયકાર કરે છે. ઈત્યાદિ બધું વિનીતામાં પ્રવેશતા ભરતના અર્થાર્થી પ્રમુખ યાચકજન વડે જે આશીર્વચન

કહેવાયા, તે બધું અહીં કહેવું. - x - x -

[શંકા] અહીં અભિષેક સૂત્ર વિજયદેવના અતિદેશ સૂત્રથી કહ્યું છે, બીજા આદર્શોમાં ૧૦૮ સુવર્ણ કળશો ઈત્યાદિ કહેલ છે. અહીં વૃત્તિમાં ૧૦૦૮ સુવર્ણ કળશો કહ્યા છે, તો તેમાં વિરોધ કેમ ન આવે ? [સમાધાન] જીવાભિગમની વૃત્તિમાં તે જ વિભાગથી બતાવે છે. ૧૦૦૮ સોનાના કળશો, ૧૦૦૮ રૂપાના કળશો, ૧૦૦૮ મણિના કળશો ઈત્યાદિ પાઠના આશયથી અહીં લખેલ છે, તેમાં દોષ નથી. જો ૧૦૮ સંખ્યાજ હોત તો બીજા ગ્રંથોમાં પણ ૧૦૦૮ એમ ન કહ્યું હોત. પરંતુ વિકુર્વણા અધિકારમાં ૧૦૦૮ કળશો અને અભિષેક ક્ષણે ૧૦૮ કળશો એમ પણ વિચારી શકાય.

હવે બાકી પર્ષદાની અભિષેક વક્તવ્યતા — ૩૨,૦૦૦ રાજાએ કરેલ અભિષેક પછી ભરત રાજાને સેનાપતિરત્ન, ગાથાપતિરત્ન, વર્ધકીરત્ન, પુરોહિત રત્ન, ૩૬૦ રસોઈયા, ૧૮-શ્રેણી પ્રશ્રેણિજનો, બીજા પણ ઘમાં રાજા, ઈશ્વર, તલવર, માડંબિક, કૌટુંબિક, ઈભ્ય, શ્રેષ્ઠી, સેનાપતિ, સાર્થવાહ આદિ રાજાનો અભિષેક કરે છે. તેમાં પણ તેમજ કળશાદિને જાણવા - x - પછી ૧૬,૦૦૦ દેવો અભિષેક કરે છે. છેલ્લો અભિષેક આભિયોગિક દેવોનો કરેલો જાણવો - x - x - ઋષભ ચરિત્રાદિમાં દેવકૃત્ અભિષેક પૂર્વે જાણવો.

હવે અહીં જે વિશેષ છે, તે કહે છે — આભિયોગિક દેવોની સિવાયના વડે અભિષેક પછી રૂંવાટીવાળા સુકુમાલ ગંધ કાષાયિક વસ્ત્ર વડે શરીર લુંછે છે, સરસ ગોશીર્ષ ચંદન વડે શરીરને લેપન કરે છે. પછી શ્વાસના વાયુથી પણ ઉડી જાય તેવા ચક્ષુહર, વર્ણ-સ્પર્શયુક્ત, ઘોડાની લાળ માફક શ્વેત, અંતે સુવર્ણ ખચિત, આકાશ-સ્ફટિક સદૃશ પ્રભાવાળા અહત, દિવ્ય દેવદૂષ્યને પહેરાવે છે, હાર-અર્ધહાર-એકાવલિ-મુક્તાવલિ રત્નાવલી ઈત્યાદિ - x - x - આભરણો પહેરાવે છે.

હવે ઉક્ત સાક્ષીસૂત્રની કિંચિત્ વ્યાખ્યા - સુરભિ ગંધ કષાય દ્રવ્ય વડે પરિકર્મિત લઘુ શાટિકા વડે ભરતના શરીરના અવયવોને લુંછે છે. લુંછીને સરસ ગોશીર્ષ ચંદનનું લેપન કરે છે. કરીને દેવદૂષ્ય યુગલ પહેરાવે છે. તે વસ્ત્ર કેવું છે ? નાકના ઉચ્છ્વાસથી ઉડી જાય તેવું પાતળું. - x - x - રૂપના અતિશયથી ચક્ષુર્હર, અથવા ચક્ષુરોધક ઘનત્વપણે. અતિશયવાળા વર્ણ અને સ્પર્શથી યુક્ત, ઘોડાના મુખની લાળથી પણ કોમળ - અતિ વિશિષ્ટ મૃદુત્વ-લઘુત્વ ગુણ યુક્ત, ધવલ, તેના છેડા સુવર્ણથી ભરેલા છે તેવું, અતિ સ્વચ્છ સ્ફટિક વિશેષ સમાન.

તે દેવો ચક્રવર્તીને હાર પહેરાવે છે. એ રીતે અર્ધહાર, એકાવલી, મોતીની મુક્તાવલી, સુવર્ણ-મણિમય કનકાવલી, રત્નમયી રત્નાવલી, સુવર્ણના વિચિત્ર મણિ રત્નમય શરીરપ્રમાણ આભરણ વિશેષ, અંગદ, ત્રુટિક, કટક, દશે આંગળીમાં વીંટી, કટિ આભરણ, ઉત્તરાસંગ, શ્રૃંખલક, મુરવી, કંઠ મુરવી, કુંડલ, ચુડામણી, રત્નયુક્ત મુગટ પહેરાવે છે.

ત્યારપછી દર્દર અને મલય સંબંધી જે સુગંધ-શુભ પરિમલ જેમાં છે, તે તથા કેસર-કર્પૂર-કસ્તુરી આદિ ગંધવાન્ દ્રવ્યો વડે તે દેવો ભરતને સિંચે છે. અર્થાત્



અનેક સુગંધી દ્રવ્ય મિશ્ર રસનો છંટકાવ કરે છે એટલે કે ભરતને વાસિત કરે છે. - x - x - ગંધ-સુરભિચૂર્ણને ભરત ઉપર છાંટે છે. પુષ્પમાળા પહેરાવે છે. બીજું કેટલું કહીએ ? ગુંથીને બનાવેલ તે ગ્રંથિમ, જે સૂત્રાદિ વડે ગુંથાય છે, ગુંથેલ એવીને વીંટે તે વેષ્ટિમ, જેમ પુષ્પનો દડો. જે વંશ શલાકાદિમય પાંજરું, તેને પુષ્પ વડે પૂરવામાં આવે તે પૂરિત. સંઘાતિમ - જે પરસ્પર નાળથી બંધાય છે તે. એવા પ્રકારે ચતુર્વિધ માળાથી ભરતને કલ્પવૃક્ષ સદૃશ અલંકૃત્ અને વિભૂષિત કરાયો. હવે અભિષેક કરીને શું કરે છે ?

ત્યારપછી તે ભરતરાજા મોટા-મોટા અતિશયયુક્ત રાજ્યાભિષેકથી અભિષિક્ત થઈ કૌટુંબિક પુરુષોને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહ્યું — જલ્દીથી તમે શ્રેષ્ઠ હાથી ઉપર બેસી વિનીતા રાજધાનીના શ્રૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વરાદિમાં પૂર્વોક્ત મોટા-મોટા શબ્દથી બોલતા બોલતા, ઉત્શુલ્ક યાવત્ બાર વર્ષોનું કાળ માન જેનું છે, તે બાર વાર્ષિક પ્રમોદના હેતુત્વથી ઉત્સવ, તની ઘોષણા કરો, કરીને મારી આ આજ્ઞા પાછી સોંપો. વ્યાખ્યા પૂર્વવત્. તે આજ્ઞાપ્તો જે રીતે પ્રવૃત્ત થયા તે કહે છે — પછી તે કૌટુંબિક પુરુષોને ભરતરાજાએ આમ કહેતા હર્ષિત-સંતુષ્ટ-ચિત્ત આનંદિત અને હર્ષના વશથી વિકસીત હૃદયા થઈ વિનયથી વચનને સ્વીકારે છે, સ્વીકારીને જલ્દીથી શ્રેષ્ઠ હાથીના સ્કંધે બેસી - x - યાવત્ ઘોષણા કરે છે, કરીને આ આજ્ઞા પાછી સોંપે છે.

હવે ભરતે શું કર્યુ, તે કહે છે — પછી ભરત રાજા મોટા-મોટા રાજ્યાભિષેકથી અભિષિક્ત થઈને સિંહાસનેથી ઉભો થાય છે, ઉભો થઈને સ્ત્રીરત્ન, ૩૨,૦૦૦ ઋતુ કલ્યાણિકા, ૩૨,૦૦૦ જનપદ કલ્યાણિકા, ૩૨,૦૦૦ બત્રીશબદ્ધ નાટકો સાતે સંપરિવરીને અભિષેક પીઠથી પૂર્વના ત્રિસોપાન પ્રતિરૂપકથી ઉતરે છે, ઉતરીને અભિષેક મંડપથી નીકળે છે, નીકળીને હસ્તિરત્ન પાસે આવે છે. આવીને અંજનગિરિના કૂટ સદૃશ ગજપતિ ઉપર નરપતિ બેઠો. તેની પાછળ અનુચરો જે રીતે અનુસર્યા, તે કહે છે — તે સ્પષ્ટ છે. હવે જે યુક્તિથી ચક્રી વિનીતામાં પ્રવેશ્યો, તે કહે છે —

ત્યારપછી તે ભરતરાજાના હસ્તિરત્ન ઉપર બેઠા પછી આ આઠ-આઠ મંગલો આગળ અનુક્રમે ચાલ્યા. હવે અતિદેશ કરતાં કહે છે — જે જતાં - વિનીતામાં પ્રવેશતા પરિપાટી, નીચેના સૂત્રમાં કહેલ ભરતના વિનીતા પ્રવેશ વર્ણન છે, તે જ ક્રમે અહીં પણ સત્કાર રહિત જાણવું. ભાવ આ છે કે — પૂર્વે પ્રવેશમાં ૧૬,૦૦૦ દેવ, ૩૨,૦૦૦ રાજાદિનો સત્કાર, જે રીતે કહ્યો છે, તે અહીં ન કહેવો. - x - x - હવે ઘેર આવ્યા પછીની વિધિ કહે છે — આ સૂત્ર સ્વયં સિદ્ધ છે, એ પ્રમાણે રોજ નવો નવો રાજ્યાભિષેક મહોત્સવ કરાવતા, તેમને બાર વર્ષો વીતી ગયા. પછીનું કૃત્ય પૂર્વવત્.

શંકા-સુભૂમ ચક્રવર્તીએ, પરસુરામે હણેલ ક્ષત્રિયોની દાઢા વડે ભરેલ સ્થાલ જ ચક્રરત્નપણે પરિણમે છે, એમ સાંભળેલ છે, તો ચક્રરત્નનું અનિયત ઉત્પત્તિ સ્થાનકત્વ જાણવું, તો આ પ્રકરણમાં તેની ઉત્પત્તિ ક્યાં થાય છે ? તે શંકાથી કહે છે — ચૌદ રત્નાધિપતિ ભરતના જે રત્નો જ્યાં ઉત્પન્ન થયા તે તે રીતે કહે છે —

● સૂત્ર-૧૨૩ :-

*ભરત રાજાના ચક્રરત્ન, દંડરત્ન, અસિરત્ન, છત્રરત્ન આ ચાર એકેન્દ્રિય રત્નો આયુધગૃહશાળામાં ઉત્પન્ન થયા. ચર્મરત્ન, મણિરત્ન, કાકણિરત્ન અને નવ મહાનિધિઓ એ બધાં શ્રીગૃહમાં ઉત્પન્ન થયા. સેનાપતિરત્ન, ગૃહપતિરત્ન, વર્ધકીરત્ન, પુરોહિતરત્ન આ ચાર મનુષ્ય રત્નો વિનીતા રાજધાનીમાં ઉત્પન્ન થયા. અશ્વરત્ન અને હસ્તિરત્ન, એ બંને પંચેન્દ્રિયરત્નો વૈતાઢ્યગિરિની તળેટીમાં ઉત્પન્ન થયા. સુભદ્રા સ્ત્રીરત્ન ઉત્તરની વિદ્યાધર શ્રેણીમાં ઉત્પન્ન થઈ.*

● વિવેચન-૧૨૩ :-

ભરતરાજાના ચક્રાદિ ચાર એકેન્દ્રિયરત્નો આયુધશાળામાં ઉત્પન્ન-પ્રાપ્ત થયા. એમ ઉત્તરસૂત્રમાં પણ જાણવું. ચર્મરત્નાદિ અને નવ મહાનિધિઓ શ્રીગૃહમાં પ્રાપ્ત થયા. આ નિધિઓ શાશ્વતભાવરૂપ કઈ રીતે ઉત્પન્ન થાય છે, તે શંકા નિરસ્ત થઈ. અહીં ઋષભચરિત્રનો સાક્ષીપાઠ આપી પૂછે છે કે તેમાં વિરોધ કેમ ન આવે ? ઉત્તરમાં કહે છે — રાજાનું અહીં-તહીં રહેલ કોશદ્રવ્યને કોશ જ કહે છે, એવા લૌકિકવ્યવહારથી દોષ નથી. [વૃત્તિનું શેષ કથન સૂત્રાર્થ મુજબ છે, માટે નોંધેલ નથી.] હવે ચક્રી વિશે કહે છે—

● સૂત્ર-૧૨૪ :-

*ત્યારે તે ભરત રાજા ચૌદ રત્નો, નવ મહાનિધિઓ, ૧૬,૦૦૦ દેવો, ૩૨,૦૦૦ રાજા, ૩૨,૦૦૦ ઋતુકલ્યાણિકાઓ, ૩૨,૦૦૦ જનપદ કલ્યાણિકાઓ, ૩૨,૦૦૦ બત્રીશબદ્ધ નાટકો, ૩૬૦ રસોઈયાઓ, ૧૮-શ્રેણિ પ્રશ્રેણિ, ૮૪,૦૦૦ અશ્વો, ૮૪,૦૦૦ હાથીઓ, ૮૪,૦૦૦ રથો, ૯૬ કરોડ પાયદળ, ૭૨,૦૦૦ પુરવર, ૭૨,૦૦૦ જનપદ, ૯૬ કરોડ ગામ, ૯૯,૦૦૦ દ્રોણમુખ, ૪૮,૦૦૦ પટ્ટણ, ૨૪,૦૦૦ કર્બટ, ૨૪,૦૦૦ મડંબ, ૨૦,૦૦૦ આકર, ૧૬,૦૦૦ ખેડ, ૧૪,૦૦૦ સંબાધ, ૫૬-અંતરોદક, ૪૯ કુરાજ્યો, વિનીતા રાજધાનીની એક તરફ લઘુ હિમવંત, ત્રણ તરફ સાગરની મર્યાદામાં પરિપૂર્ણ ભરત ક્ષેત્રના બીજા ઘણાં રાજા, ઈશ્વર, તલવર યાવત્ સાર્થવાહ આદિનું આધિપત્ય, પૌરોપત્ય, ભર્તૃત્વ, સ્વામીત્વ, મહત્તરકત્વ, આજ્ઞૈશ્વર્ય સેનાપત્ય કરતા, પાલન કરતાં - [સમ્યક્ નિર્વાહ કરતો રાજ્ય કરે છે.]*

*[તે રાજા ભરત] અપહત નિહત કંટક, ઉદ્ધૃત મલિત સર્વે શત્રુને નિર્જિત ભરતાધિપ નરેન્દ્ર શ્રેષ્ઠચંદનથી ચર્ચિત શરીરી, શ્રેષ્ઠ હારથી રચિત વક્ષઃ, શ્રેષ્ઠ મુગટથી વિભૂષિત, શ્રેષ્ઠ વસ્ત્ર-ભૂષણ ધારક, સર્વ ઋતુક સુરભિ કુસુમના શ્રેષ્ઠ માળાથી શોભિત મસ્તકવાળા, શ્રેષ્ઠ નાટક-નૃત્ય-સ્ત્રીના વૃંદ સાથે સપરિવૃત્ત, સર્વૌષધિ-સર્વરત્ન-સર્વ સમિતિ સમગ્ર સંપૂર્ણ મનોરથ, હત અમિત્ર માનમથન, પૂર્વકૃત્ તપના પ્રભાવથી નિવિષ્ટ સંચિત ફળ રૂપ માનુષી સુખને ભોગવતો તે ભરત નામે હતો.*

● વિવેચન-૧૨૪ :-

છ ખંડ ભરતક્ષેત્રને સાધ્યા પછી, તે ભરતરાજા ચૌદરત્નાદિથી લઈને સાર્થવાહ





આદિ સુધીનાનું આધિપત્યાદિ કરતાં અને પાલન કરતાં માનુષ્ય સુખોને ભોગવે છે. બધું પૂર્વવત્. વિશેષ એ - ૫૬ અંતરોદક-પાણીની અંદરના સંનિવેશ વિશેષ, પણ ૫૬-અંતર્દ્વીપ નહીં, કેમકે તેનું આધિપત્ય અસંભવ છે. ૪૯-કુરાજ્ય-ભિલ્લાદિના રાજ્યો. કેવી રીતે સુખપૂર્વક ભોગવે છે, તે કહે છે —

ઉપહત-વિનાશિત, નિહત-અપહત બધી સમૃદ્ધિમાં, કંટક-ગોત્રજવૈરી, ઉદ્ધૃત-દેશથી બહાર કાઢેલ, મર્દિત-માનમ્લાનિને પ્રાપ્ત, સર્વ શત્રુ-અગોત્રજવૈરી. આ બધું કઈ રીતે થાય છે, તે કહે છે — નિર્જિત-ભગ્ન બલ સર્વશત્રુમાં, ઉક્ત બે પ્રકારના વૈરીમાં અહીં સર્વશત્રુમાં. - x -

કેવો ભરત ? ભરતાધિપ નરેન્દ્ર, ચંદન વડે મંડિત કરાયેલ શરીરવાળો, શ્રેષ્ઠ હારથી જોનારના નયનને સુખકારી વક્ષઃવાળો, શ્રેષ્ઠ મુગટ પહેરેલો, શ્રેષ્ઠ વસ્ત્ર-આભુષણ ધારી, બધી ઋતુના સુગંધી પુષ્પોની માળા વડે શોભિત મસ્તકવાળો, શ્રેષ્ઠ પાત્રાદિ સમુદાયરૂપ નાટકબદ્ધ પાત્રો, પ્રધાન સ્ત્રીના વૃંદ સાથે સંપરિવૃત્ત, પુનર્નવાદિ બધી ઔષધિ, કર્કેતનાદિ બધો રત્નો, બધી સમિતિ-અભ્યંતરાદિ પર્ષદા વડે સંપૂર્ણ. તેથી જ સંપૂર્ણ મનોરથ. हत - પુરુષાર્થાદિ ભ્રષ્ટપણાથી જીવતા મરેલા. શત્રુના માન મથનથી કેવું સુખ ભોગવે છે, તે કહે છે —

પૂર્વકૃત તપના પ્રભાવના નિકાચિતપણે સંચિતના ધ્રુવ ફળત્વથી, કેવો ભરત ? આ ક્ષેત્રમાં પ્રથમ ભરતાધિપત્વથી પ્રસિદ્ધ નામ જેનું છે તે, વિશેષ્યપદ છે — ''ત્યારે તે ભરતરાજા''. - x -

હવે આ નરદેવના ધર્મદેવત્વની પ્રાપ્તિનું મૂળ કહે છે —

● સૂત્ર-૧૨૫ :-

*ત્યારે તે ભરતરાજા અન્ય કોઈ દિવસે જ્યાં સ્નાનગૃહ છે, ત્યાં આવે છે, આવીને યાવત્ ચંદ્ર સદૃશ પ્રિયદર્શન નરપતિ સ્નાનગૃહથી નીકળે છે, નીકળીને જ્યાં આદર્શગૃહ છે, જ્યાં સીંહાસન છે, ત્યાં આવે છે, આવીને શ્રેષ્ઠ સીંહાસન ઉપર પૂર્વાભિમુખ બેઠો, બેસીને આદર્શગૃહમાં પોતાના પ્રતિબિંબને જોતો-જોતો રહે છે.*

*ત્યારે તે ભરતરાજા શુભપરિણામથી, પ્રશસ્ત અધ્યવસાયથી, વિશુદ્ધ થતી જતી લેશ્યાથી, ઈહા-અપોહ-માર્ગણા-ગવેષણા કરતા તેના આવરણ કર્મોના ક્ષયથી કર્મરજના નિવારક અપૂર્વકરણમાં પ્રવેશતા અનંત અનુત્તર નિર્વ્યાઘાત નિરાવરણ સંપૂર્ણ પ્રતિપૂર્ણ શ્રેષ્ઠ કેવલ-જ્ઞાન-દર્શન ઉત્પન્ન થયા.*

*ત્યારે તે ભરત કેવલી જાતે જ આભરણ અલંકાર ઉતારે છે, ઉતારીને સ્વયં જ પંચમુષ્ટિક લોચ કરે છે, કરીને આદર્શગૃહથી નીકળે છે. નીકળીને અંતઃપુરની ઠીક મધ્યેથી નીકળે છે, નીકળીને ૧૦,૦૦૦ રાજાઓ સાથે સંપરિવરીને વિનીતા રાજધાનીની ઠીક મધ્યેથી નીકળે છે, નીકલીને મધ્યદેશમાં સુખેસુખે વિચરે છે. વિચરીને જ્યાં અષ્ટાપદ પર્વત છે, ત્યાં આવે છે, આવીને અષ્ટાપદ પર્વત ઉપર ધીમે ધીમે ચડે છે. ચડીને મેઘઘન-સદૃશ દેવ સન્નિપાત પૃથ્વીશિલાપટ્ટકનું પ્રતિલેખન કરે*

***છે. કરીને સંલેખના ઝોષણાથી ઝોષિત થઈ ભોજન-પાનનો પરિત્યાગ કરી, પાદોપગમ અનશન કરી, કાળની આકાંક્ષા ન કરતો વિચરે છે.***

***ત્યારે તે ભરત કેવલી ૭૭ લાખ પૂર્વ કુમારવાસમાં રહીને, ૧૦૦૦ વર્ષ માંડલિક રાજાપણે વસીને, છ લાખ પૂર્વમાં ૧૦૦૦ વર્ષ ન્યૂન મહારાજા [ચક્રવર્તી] પણે વસીને, ૮૩-લાખ પૂર્વ ગૃહવાસ મધ્યે રહીને, કંઈક ન્યૂન એક લાખ પૂર્વ કેવલીપર્યાય પાળીને, તે જ બહુપ્રતિપૂર્ણ શ્રામણ્ય પર્યાય પાળીને કુલ ૮૪-લાખ પૂર્વ સર્વાયુ પાળીને નિર્જળ માસિક ભક્ત કરીને શ્રવણનક્ષત્રમાં ચંદ્રનો યોગ પ્રાપ્ત થતાં, વેદનીય-આયુ-નામ-ગોત્ર કર્મ ક્ષીણ થતાં કાલગત થયા [મૃત્યુ પામ્યા]. તેમના જન્મ-જરા-મરણના બંધન છિન્ન થયાં, તેઓ સિદ્ધ-બુદ્ધ-મુક્ત-પરિનિવૃત્ત-અંતકૃત્ થઈ સર્વ દુઃખથી મુક્ત થયા.***

**● વિવેચન-૧૨૫ :-**

પછી-૧૦૦૦ વર્ષ ન્યૂન છ લાખ પૂર્વ પર્યન્ત સામ્રાજ્યને ભોગવ્યા પછી તે ભરતરાજા અન્યદા કોઈ દિને સ્નાનગૃહે આવે છે. આવીને યાવત્ ચંદ્ર જેવો પ્રિયદર્શન નરપતિ સ્નાનગૃહથી નીકળે છે. નીકળીને પોતાના વેષ-સૌંદર્ય દર્શન માટે આદર્શગૃહમાં સિંહાસન પાસે આવે છે. આવીને શ્રેષ્ઠ સિંહાસને પૂર્વાભિમુખ બેસે છે. બેસીને આદર્શગૃહમાં પોતાને જોતા-જોતા તેમાં પ્રતિબિંબિત સર્વાંગસ્વરૂપને જોતો-જોતો રહે છે. અહીં સંપ્રદાય [પરંપરા] જણાવે છે. તે આ છે —

ત્યાં પોતાના દેહને જોતા ભરતની એક આંગળીમાંથી વીંટી પડી ગઈ, તે આંગળીને ગલિત અંગુલિ જાણી, રાજા એકૈક આભરણને ઉતારે છે. અનુક્રમે તે ચક્રી પોતાના શરીરને જુએ છે, તો આંગળીનું તેજ ચાલ્યું ગયેલ જુએ છે. ત્યારે ભરત વિચારે છે કે — આમાં આંગળીની શોભા ક્યાં છે ? તે નરેશ્વર ભૂમિમાં પડેલ વીંટીને જુએ છે શું બીજા આભરણો વિના આ અંગની શોભા નથી ? તેણે બધાં આભરણ ઉતાર્યા.

એ પ્રમાણે પ્રવૃત્ત તે ભરતને શું થયું? તે કહે છે — દેહ ઉપર રહેલા આભુષણોને ઉતાર્યા પછી, તે ભરતરાજાને શુભ પરિણામથી [વિચારે છે—] વિષ્ઠાદિ મળ અને બહાર વહેતા સ્રોતોથી અંદરથી ક્લિન્ન આ શરીરની કંઈપણ શોભા નથી, આ શરીર કર્પૂર-કસ્તુરી આદિથી, ઉષર ભૂમિમાં નાંખેલ દૂધની જેમ દૂષિત થાય છે. સવારે સંસ્કારિત ધાન્ય મધ્યાહ્ને નાશ પામે છે, તો આ રસનિષ્પન્ન કાયામાં શું સાર છે?

એ પ્રમાણે શરીરની અસારત્વ ભાવનારૂપ જીવ પરિણતીથી પ્રશસ્ત અધ્યવસાય - ઉક્ત સ્વરૂપ મન પરિણામથી, લેશ્યા-શુક્લાદિ દ્રવ્ય યુક્ત જીવ પરિણતિરૂપથી વિશુદ્ધ્ય થતાં - ઉત્તરોત્તર વિશુદ્ધને પ્રાપ્ત કરતાં-કરતાં નિરાવરણ શરીરના વૈરૂપ્ય વિષયક ઈહા-અપોહાદિ કરતાં, કેવળ જ્ઞાનદર્શન નિબંધક ચાર ઘાતીકર્મોના ક્ષયથી-સર્વથા જીવપ્રદેશથી આ પુદ્‌ગલ ખરી જતાં - x - કેવલજ્ઞાનદર્શન ઉત્પન્ન થયા.

કેવા ? કર્મની રજને દૂર કરનાર, કેવા ભરતને ? અપૂર્વકરણ - અનાદિ



સંસારમાં પૂર્વે અપ્રાપ્ત ધ્યાન-શુક્લ ધ્યાન પ્રાપ્ત થયું. અવગ્રહ પૂર્વક ઈહાદિને કહે છે, તે આ રીતે — અરે ! આ નિરલંકાર શરીરની શોભા દેખાતી નથી તે અવગ્રહ. - x - તે શોભા ઔપાધિકી છે કે નૈસર્ગિકી, એ અવગૃહિતાર્થ અભિમુખ મતિચેષ્ટા પર્યાલોચનરૂપ ઈહા - x - x - ઉત્કટ કોટિક સંશયરૂપત્વથી આ સંભાવનારૂપ નિશ્ચયકારણત્વના અવિરુદ્ધપણાથી, આ ઔપાધિકી જ છે, નૈસર્ગિકી નહીં. બાહ્ય વસ્તુના સંસર્ગજન્યપણાના પ્રત્યક્ષ સિદ્ધત્વથી કહ્યું, તે ઈહિત વિશેષ નિર્ણયરૂપ અપોહ છે. - x - x - આની - x - અન્વય ધર્માલોચના તે માર્ગણા. - x - આભરણને ધારણ કરવાની બુદ્ધિ ન થવી, તે ગવેષણા. - x -

હવે કેવળજ્ઞાનની ઉત્પત્તિ પછી શું કરે છે, તે કહે છે — કેવલ જ્ઞાન પછી તે ભરતને શક્ર વડે આસન કંપવાથી અવધિજ્ઞાન વડે કેવલી જાણીને દ્રવ્યલિંગ-વેશ સ્વીકારવા વિનંતી કરી, જેથી હું [શક્ર] વંદન કરી શકું. નિષ્ક્રમણ ઉત્સવ જાણી સ્વયં જ આભરણ-અલંકાર, વસ્ત્ર-માળારૂપ ત્યજે છે. અહીં અલંકારાદિ પૂર્વે ત્યજેલ હોવાથી કેશાલંકારને ત્યજવાથી બાકીના વસ્ત્ર, માળા, અલંકાર લેવા. સ્વયં જ પંચમુષ્ટી લોચ કરે છે, કરીને નીકટવર્તી દેવતા વડે આપેલ સાધુવેશ ગ્રહણ કરે છે.

પછી શક્રએ વંદન કરતાં આદર્શગૃહથી નીકળે છે, નીકળીને અંતઃપુર મધ્યેથી નીકળી, ૧૦,૦૦૦ રાજા સાથે પરિવરીને વિનીતા રાજધાનીની મધ્યેથી નીકળે છે, નીકળીને કોશલદેશમાં સુખે-સુખે વિચરે છે.

પછી શું કર્યુ ? તે કહે છે - અષ્ટાપદ પર્વતે આવે છે, આવીને ધીમે-ધીમે સુવિહિતગતિથી અષ્ટાપદ પર્વત ઉપર ચડે છે, ચડીને ઘનમેઘ સદૃશ, દેવોના આગમનથી રમ્યત્વથી છે, પૃથ્વીશિલાપટ્ટક-આસન વિશેષને પડિલેહે છે. કેવલી હોવા છતાં વ્યવહારના પ્રમાણીકરણાર્થે વિધિ કરે છે. પડિલેહીને અહીં આરોહે છે, તેમ જાણવું.

શરીર-કષાયાદિ જેના વડે કૃશ કરાય છે તે સંલેખના-તપ વિશેષ, તેની ઝોષણા-સેવના, તેથી સેવિત કે ઝૂષિત-ક્ષપિત જે છે તે. જેણે ભોજન-પાનના પ્રત્યાખ્યાન કરેલ છે તે. પાદોપગત-વૃક્ષના જમીનમાં રહેલ મૂલભાગ, તેના અપ્રકંપતાથી અવસ્થાન જેનું છે તે. કાળ-મરણને ન ઈચ્છતા, ઉપલક્ષણથી જીવિતને પણ ન ઈચ્છતા, રાગ-દ્વેષ રહિતપણે વિચરે છે. હવે ભરતના પર્યાયનું કાલમાન કહે છે —

તે ભરત કેવલી ૭૭-લાખ પૂર્વ કુમારભાવે વસીને, કેમકે ભરતના જન્મ પછી આટલો કાળ ઋષભસ્વામીએ રાજ્યને પાલન કરેલ હતું. ૧૦૦૦ વર્ષ માંડલિક રાજા - એક દેશાધિપતિપણે વસીને, હજાર વર્ષ ન્યૂન છ લાખ પૂર્વ ચક્રવર્તીપણે વસીને એમ કુલ ૮૩ લાખ પૂર્વ ગૃહવાસ મધ્યે રહીને, એક લાખ પૂર્વમાં અંતર્મુહૂર્ત્ત ન્યૂન કેવલી પર્યાય પામીને - ભાવ ચારિત્ર સ્વીકારીને અંતર્મુહૂર્ત્તમાં કેવલજ્ઞાન પામ્યા. તેથી લાખ પૂર્વ સંપૂર્ણ. અહીં ભાવ ચારિત્રની વિવક્ષા છે, દ્રવ્યચારિત્રની નહીં. - x -

૮૪ લાખ પૂર્વ સર્વાયુ પાળીને એક માસ નિર્જળ ઉપવાસ કરીને - x - ભવોપગ્રાહી કર્મ ક્ષીણ થતાં કાળધર્મ પામ્યા. - x - એ રીતે ભરતક્ષેત્રની નામોત્પત્તિ જણાવવા કહેલ ભરતચરિત્ર પૂર્ણ થયું. - x -

● **સૂત્ર-૧૨૬ :-**

***અહીં ભરતક્ષેત્રમાં મહર્દ્ધિક, મહાદ્યુતિક યાવત્ પલ્યોપમ સ્થિતિક દેવ વસે છે, છે, તેથી હે ગૌતમ ! તે ભરતક્ષેત્ર કહેવાય છે. અથવા હે ગૌતમ ! ભરતક્ષેત્રનું શાશ્વત નામ કહેલ છે. જે કદિ ન હતું-નથી કે નહીં હોય એમ નથી પણ હતું - છે અને રહેશે. તે ધ્રુવ, નિયત, શાશ્વત, અક્ષય, અવ્યય, અવસ્થિત, નિત્ય ભરત ક્ષેત્ર છે.***

● **વિવેચન-૧૨૬ :-**

ભરતક્ષેત્રનો આ દેવ મહર્દ્ધિક, મહાદ્યુતિક, મહાયશા, પલ્યોપમ સ્થિતિક ભરત નામે દેવ વસે છે. તેથી તે ભરતક્ષેત્ર કહેવાય છે. આ નામ યૌગિક યુક્તિથી કહ્યું, હવે રૂઢિથી કહે છે — ભરત વર્ષ એ શાશ્વત નામ છે. નિર્નિમિત્ત - અનાદિ સિદ્ધત્વથી - દેવલોકાદિવત્ છે. - x - તેથી ભરત ચક્રીના નામે કે ભરત દેવના નામે કે સ્વકીય છે ઈત્યાદિ - x - x -

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**વક્ષસ્કાર-૩-નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**



## વક્ષસ્કાર-૪

— x — x — x —

૦ હવે લઘુ હિમવંતગિરિનું કથન :-

● **સૂત્ર-૧૨૭ :-**

***ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં લઘુહિમવંત નામક વર્ષધર પર્વત ક્યાં કહ્યો છે ? ગૌતમ ! હેમવંત વર્ષક્ષેત્રની દક્ષિણમાં, ભરત ક્ષેત્રની ઉત્તરમાં, પૂર્વ લવણસમુદ્રની પશ્ચિમે, પશ્ચિમ લવણ સમુદ્રની પૂર્વે આ જંબૂદ્વીપ દ્વીપમાં લઘુ હિમવંત નામે વર્ષધર પર્વત કહ્યો છે.***

***આ પૂર્વત પૂર્વ-પશ્ચિમ લાંબો, ઉત્તર-દક્ષિણ પહોળો છે. બંને બાજુ લવણસમુદ્રને સ્પર્શે છે. પૂર્વી કોટિથી પૂર્વી લવણસમુદ્ર સ્પૃષ્ટ છે અને પશ્ચિમી કોટિથી પશ્ચિમ લવણસમુદ્ર સ્પૃષ્ટ છે. ૧૦૦ યોજન ઉર્ધ્વ ઉંચો, ૨૫ યોજન ભૂમિમાં, ૧૦૫૨ - ૧૨/૧૯ યોજન પહોળો છે. તેની બાહા પૂર્વ-પશ્ચિમ ૫૩૫૦-૧૫।।/૧૯ યોજન લાંબી છે. તેની જીવા ઉત્તરમાં પૂર્વ-પશ્ચિમ લાંબી યાવત્ પશ્ચિમી કિનારે પશ્ચિમી લવણસમુદ્રને સ્પૃષ્ટ ૨૪,૯૩૨ યોજન અને અર્ધ ભાગથી કંઈક ન્યૂન લાંબી કહી છે. તેનું ધનુપૃષ્ઠ દક્ષિણમાં ૨૫,૨૩૦-૪/૧૯ યોજન પરિધિની અપેક્ષાથી કહેલા છે.***

***તે રુચકસંસ્થાન સંસ્થિત, સર્વ સુવર્ણમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ યાવત્ પ્રતિરૂપ છે તેના બંને પડખે બે પદ્મવરવેદિકા, બે વનખંડથી વીંટળાયેલ છે. બંનેનું વર્ણન પૂર્વવત્ છે. લઘુહિમવંત વર્ષધર પર્વતની ઉપર બહુસમરમણીય ભૂમિભાગ કહેલ છે, જેમ કોઈ આલિંગ પુષ્કર હોય૦ યાવત્ વ્યંતર દેવો અને દેવીઓ બેસે છે યાવત્ વિહરે છે.***

● **વિવેચન-૧૨૭ :-**

જંબૂદ્વીપમાં ક્ષુલ્લ કે ક્ષુદ્ર - મહાહિમવંતની અપેક્ષાથી લઘુ હિમવંત નામે વર્ષધર પર્વત ક્યાં કહેલ છે ? વર્ષ - બંને પડખે રહેલ બે ક્ષેત્રને ધારણ કરે છે, તે વર્ષધર, અર્થાત્ બે ક્ષેત્રની સીમા કરનાર ગિરિ, એવો જે પર્વત તે વર્ષધર પર્વત તીર્થંકરોએ કહેલ છે. - x -

તે ૧૦૦ યોજન ઉર્ધ્વ ઉંચો, ૨૫ યોજન ભૂમિમાં - કેમકે ઉચ્ચત્વનો ચોથો ભાગ જમીનમાં હોય છે. ૧૦૫૨-૧૨/૧૯ યોજન પહોળો, તેની ઉપપત્તિ-જંબૂદ્વીપના વ્યાસને બે વડે ગુણીને ૧૯૦ વડે ભાગાકારથી થાય. કેમકે લઘુહિમવંત ભરતથી બે ગણો છે. કરણવિધિ ભરતક્ષેત્રવત્.

તેની બાહા - પ્રત્યેક પૂર્વ-પશ્ચિમમાં ૫૩૫૦ યોજન અને ૧૫।। યોજનનો ૧૯મો ભાગ લંબાઈથી કહેલ છે. સ્થાપના-૫૩૫૦ યોજન અને ૧૫।। કળા. આની વ્યાખ્યા વૈતાઢ્યાધિકાર સૂત્રથી જાણવી કેમકે પ્રાયઃ બંને સમાન સૂત્ર છે.

તેની જીવા - ઉત્તરમાં લેવી. પૂર્વ-પશ્ચિમ લાંબી યાવત્ પશ્ચિમમાં ઈત્યાદિ પૂર્વવત્. - x - લંબાઈમાં ૨૪,૯૩૨ યોજન અને અડધી કળા કહેલી છે. કંઈક ન્યૂન છે, આ ન્યૂન પણ જાણવા મટો વર્ગમૂળ કરીને બાકી ઉપરની રાશિ અપેક્ષાથી કહેવી.

તેની પરિધિ-લઘુ હિમવંતની જીવાનું ધનુપૃષ્ઠ દક્ષિણ બાજુ ૨૫,૨૩૦ યોજન અને ૪ કળા પરિધિથી કહેલ છે. અહીં જીવાનો જે નિર્દેશ છે તે સ્વસ્વ જીવાની અપેક્ષાથી સ્વસ્વ ધનુપૃષ્ઠના યથોક્ત માનથી ઉપપતિ છે. અન્યથા ન્યૂનાધિક માન સંભવે છે.

હવે પર્વતને વિશેષથી બતાવે છે - રુચક સંસ્થાન છે. સર્વ સુવર્ણમય આદિ પૂર્વવત્. વિશેષમાં પદ્મવર વેદિકાદિ પ્રમાણ અને વર્ણન જાણવું. શિખર સ્વરૂપ પૂર્વવત્. વિશેષ એ કે — બહુસમત્વ અહીં નદી સ્થાનથી અન્યત્ર જાણવું. નહીં તો નદી શ્રોતનું સંસરણ ન થાય.

● સૂત્ર-૧૨૮ :-

*તેના બહુસમરમણીય ભૂમિભાગના બહુ મધ્ય દેશ ભાગમાં અહીં એક મોટું પદ્મદ્રહ નામે દ્રહ કહેલ છે. તે પૂર્વ-પશ્ચિમ લાંબુ, ઉત્તર-દક્ષિણ પહોળું છે. તે ૧૦૦૦ યોજન લાંબુ, ૫૦૦ યોજન પહોળું, ૧૦ યોજન ઉંડુ, સ્વચ્છ, શ્લક્ષ્ણ, રજતમય તટવાળું યાવત્ પ્રાસાદીય યાવત્ પ્રતિરૂપ છે. તે એક પદ્મવર વેદિકા અને એક વનખંડથી ચોતરફથી વીંટાયેલ છે. વેદિકા અને વનખંડનું વર્ણન પૂર્વવત્ કહેવું. તે પદ્મદ્રહની ચારે દિશામાં ચાર ત્રિસોપાન પ્રતિરૂપક કહેલા છે, તેનું વર્ણન પૂર્વવત્ કહેવું.*

*તે ત્રિસોપાન પ્રતિરૂપક આગળ પ્રત્યેક-પ્રત્યેક તોરણ કહેલ છે. તે તોરણો વિવિધ મણિમય છે. તે પદ્મદ્રહના બહુ મધ્યદેશ ભાગમાં અહીં એક મોટું પદ્મ કહેલ છે. તે એક યોજન લાંબુ-પહોળું છે, અડધું યોજન પહોળું છે, ૧૦ યોજન પાણીમાં છે, બે કોશ જળથી ઉંચુ છે. સાતિરેક દશ યોજન સર્વાગ્રથી કહેલ છે. તે એક જગતીથી ચોતરફથી ઘેરાયેલ છે, તે પ્રાકારનું પ્રમાણ જંબૂદ્વીપના પ્રાકાર તુલ્ય છે, તેનો ગવાક્ષ કટકનું પ્રમાણ પણ તેમ જ છે.*

*તે પદ્મનું વર્ણન આ પ્રમાણે છે — વજ્રમય મૂળ, રિષ્ટરત્નમય કંદ, વૈડૂર્યમય નાલ, વૈડૂર્યમય બાહ્ય પત્ર, જાંબૂનદમય અભ્યંતર પત્ર, તપનીયમય કેસરા, વિવિધ મણિમય પુષ્કરાસ્થિ ભાગ, સુવર્ણમયી કર્ણિકા છે. તે કર્ણિકા અર્ધયોજન લંબાઈ-પહોળાઈથી, કોશ-જાડાઈથી, સર્વ સ્વર્ણમયી અને સ્વચ્છ છે.*

*તે કર્ણિકાની ઉપર બહુસમરમણીય ભૂમિભાગ કહેલ છે. જેમ કોઈ આલિંગપુષ્કર૦ ઈત્યાદિ. તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્યદેશ ભાગમાં અહીં એક મોટું ભવન કહેલ છે. તે એક કોશ લાંબુ, અર્ધકોશ પહોળું, દેશોન કોશ ઉર્ધ્વ ઉચ્ચત્વથી છે. અનેક શત સ્તંભ સંનિવિષ્ટ, પ્રાસાદીય અને દર્શનીય છે.*

*તે ભવનની ત્રણ દિશામાં ત્રણ દ્વારો કહેલા છે. તે દ્વારો ૫૦૦ ધનુષ્ ઉર્ધ્વ ઉચ્ચત્વથી, ૨૫૦ ધનુષ્ પહોળા, તેટલાં જ પ્રવેશમાં છે, શ્વેત સુવર્ણની શ્રેષ્ઠ સ્તુપિકા યાવત્ વનમાળાઓ જાણવી.*

*તે ભવનમાં બહુસમરમણીય ભૂમિભાગ કહેલ છે. જેમ કોઈ આલિંગપુષ્કર૦ આદિ. તેના બહુમધ્યદેશ ભાગમાં અહીં એક મોટી મણિપીઠિકા કહી છે. તે પીઠિકા ૫૦૦ ધનુષ્ લાંબી-પહોળી, ૨૫૦ ધનુષ્ જાડી, સર્વ મણિમયી, સ્વચ્છ છે.*



*તે મણિમયી પીઠિકા ઉપર અહીં એક મોટું શયનીય કહેલ છે. શયનીયનું વર્ણન પૂર્વવત્ છે.*

*તે પદ્મ બીજા ૧૦૮ પદ્મો કે જે તેના અડધા ઉચ્ચત્વ પ્રમાણ માત્રથી ચોતરફથી સંપરિક્ષિપ્ત છે. તે પદ્મો અર્ધયોજન લાંબા-પહોળા, એક કોશ જાડા, ૧૦ યોજન જળમાં, જળથી એક કોશ ઉંચુ, સાતિરેક દશ યોજન ઉચ્ચત્વથી છે. તે પદ્મોનું વર્ણન આ પ્રમાણે - વજ્રમળ મૂળ યાવત્ સુવર્ણમયી કર્ણિકા છે. તે કર્ણિકા એક કોશ લંબાઈથી, અર્ધકોશ પહોળાઈથી, સર્વકનકમયી, નિર્મળ છે. તે કર્ણિકા ઉપર બહુસમરમણીય ભૂમિભાગ યાવત્ મણીથી ઉપશોભિત છે.*

*તે પદ્મની પશ્ચિમોત્તર, ઉત્તર, ઉત્તર-પૂર્વમાં અહીં "શ્રી" દેવીના ૪૦૦૦ સામાનિક દેવોના ૪૦૦૦ પદ્મો કહ્યા છે. તે પદ્મની પૂર્વે અહીં શ્રી દેવીની ચાર મહત્તરિકાના ચાર પદ્મો કહેલા છે. તે પદ્મની દક્ષિણ-પૂર્વમાં શ્રીદેવીની અભ્યંતર પર્ષદાના ૮૦૦૦ દેવોના ૮૦૦૦ કમળો કહેલા છે. દક્ષિણમાં મધ્યમ પર્ષદાના ૧૦,૦૦૦ દેવોના ૧૦,૦૦૦ પદ્મો કહેલા છે. દક્ષિણ-પશ્ચિમમાં બાહ્ય પર્ષદાના ૧૨,૦૦૦ દેવોના ૧૨,૦૦૦ કમળો કહેલા છે. પશ્ચિમમાં સાત સેનાધિપતિના સાત કમળો કહેલા છે. તે પદ્મની ચારે દિશામાં ચોતરફ અહીં શ્રીદેવીના ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવોના ૧૬,૦૦૦ કમળો કહેલા છે.*

*તે મૂળ કમળ, અભ્યંતર-મધ્યમ અને બાહ્ય, ત્રણ પદ્મ પરિક્ષેપથી ઘેરાયેલ છે. તે આ રીતે — અભ્યંતર પદ્મ પરિક્ષેપ ૩૨-લાખ પદ્મ, મધ્યમ પદ્મ પરિક્ષેપ ૪૦-લાખ પદ્મ, બાહ્ય પદ્મપરિક્ષેપ ૪૮-લાખ પદ્મ છે. એ રીતે ત્રણે મળીને ૧,૨૦ લાખ પદ્મ છે તેમ કહ્યું છે.*

*ભગવન્! પદ્મદ્રહને પદ્મદ્રહ કેમ કહે છે? ગૌતમ! પદ્મદ્રહમાં તે-તે દેશમાં, ત્યાં-ત્યાં ઘણાં કમળો યાવત્ શતસહસ્રપત્ર પદ્મો છે. તે પદ્મદ્રહપ્રભા, પદ્મદ્રહ વર્ણાભા છે. અહીં "શ્રી" દેવી મહર્દ્ધિક યાવત્ પલ્યોપમસ્થિતિક વસે છે. એ કારણથી પદ્મદ્રહ કહે છે અથવા યાવત્ પદ્મદ્રહ એ શાશ્વત નામ કહેલ છે૰ - x -*

● વિવેચન-૧૨૮ :-

મધ્યવર્તી દ્રહના સ્વરૂપના નિરૂપણ માટે કહે છે — તે લઘુ હિમવંતના બહુસમરમણીય ભૂમિભાગના બહુ મધ્યદેશ ભાગના અવકાશમાં એક મહાન્ પદ્મદ્રહ નામે દ્રહ કહેલ છે. તે પૂર્વ-પશ્ચિમ લાંબો, ઉત્તર-દક્ષિણ પહોળો છે. ૧૦૦૦ યોજન લાંબો, ૫૦૦ યોજન પહોળો, ૧૦ યોજન ઉંડો છે. સ્વચ્છ જળ હોવાથી તે નિર્મળ છે, સારવજાદિમયત્વથી શ્લક્ષ્ણ છે, રજતમય કિનારા છે. તે સમતીર, વજ્રમયપાષાણ, તપનીયતલ, સુવર્ણ શુભ્ર રજતમય વાલુકા, સુખે ચડ-ઉતર થાય તેવો, વિવિધ મણિથી સુબદ્ધ, ચતુષ્કોણ - x - x - ઈત્યાદિ યુક્ત પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ છે. તેની વ્યાખ્યા જગતી ઉપરના વાવ આદિ અધિકારવત્.

તે પદ્મદ્રહ એક પદ્મવરવેદિકા અને એક વનખંડથી ચોતરફથી વીંટાયેલ છે. તેનું વર્ણન પૂર્વવત્ - x - વિવિધ મણિમય એ વર્ણનના એક દેશથી પૂર્ણ તોરણ વર્ણન લેવું.

હવે અહીં પદ્મસ્વરૂપ કહે છે — એક યોજન લાંબુ-પહોળું, અડધું યોજન જાડુ, દશ યોજન જળમાં, બે કોશ જળના અંતથી ઉંચુ, એમ સમગ્રતયા સાતિરેક દશ યોજન કહેલ છે. કેમકે જળના ઉંડાણથી ઉપરના ભાગ સુધી કમળના પ્રમાણના મીલનથી આટલું જ સંભવે છે.

તે પદ્મ એક પ્રાકાર સમાનથી ચોતરફથી વીંટાયેલ છે. તે જગતીને જંબૂદ્વીપ જગતી પ્રમાણ જાણવી. આ પ્રમાણ જળના ઉપરથી જાણવું. કેમકે દેશ યોજન જળમાં રહેલ છે, તે પ્રમાણની વિવક્ષા કરી નથી, ગવાક્ષ સમૂહ પણ તે જ પ્રમાણથી ઉંચા વગેરે કહેવા.

હવે પદ્મનું વર્ણન :- વજ્રમય મૂળ-કંદની નીચે તીર્છા નીકળેલ જટાસમૂહ અવયવરૂપ, અરિષ્ઠરત્નમય, કંદ-મૂળનાળની મધ્યવર્તી ગ્રંથી, વૈડૂર્યમય નાલ-કંદની ઉપરનો મધ્યવર્તી ભાગ, વૈડૂર્યમય બાહ્ય પત્રો, બૃહત્ ક્ષેત્ર વિચારની વૃત્ત્યાદિમાં ચાર પત્રો વૈડૂર્યમય અને બાકીના રક્ત સુવર્ણમય કહ્યા. જાંબૂનદ-કંઈક લાલ સુવર્ણમય અભ્યંતર પત્રો, ક્ષેત્ર વિચારવૃત્તિમાં - પીળા સુવર્ણના કહ્યા છે તપનીયમય-લાલસુવર્ણના, કેસરા-કર્ણિકા, પુષ્કરાસ્થિ-કમળનો બીજ ભાગ, કનકમયી બીજ કોશ છે. હવે કર્ણિકાનું પ્રમાણ કહે છે —

તે કર્ણિકા અર્ધ યોજન લાંબી-પહોળી, એક કોશ બાહલ્યથી, સંપૂર્ણ કનકમયી - x - સ્વચ્છ, શ્લક્ષ્ણાદિ જાણવી. વ્યાખ્યા પૂર્વવત્. - x - શયનીકાનું વર્ણન જીવાભિગમમાં આ રીતે છે — વિવિધ મણિના પ્રતિપાદ, મૂળ પાયાના વિશેષ ઉપષ્ટંભ કરવાને માટેના પાયા તે પ્રતિપાદ કહેવાય. સોનાના મૂળ પાયા, જાંબૂનદમય ગાત્ર-ઈષ આદિ, વજ્રરત્ન વડે પૂરિત સાંધા, વિવિધ મણિમય વિશિષ્ટ વાન, રજતમય તૂલી, લોહિતાક્ષમય-ઉપધાનક અર્થાત્ ઓશીકા. તપનીયમય ગંડ-ઉપધાનિકા, તે શયનીય સાથે શરીરપ્રમાણ ગાદલું છે. તેના મસ્તક અને પગના ભાગે ઓશીકા છે. તે શયનીય બંને બાજુ ઉન્નત, મધ્યમાં નમેલ અને તે નમ્રપણાથી ગંભીર અને મોટી છે. ગંગાની રેતીના દળ જેવો પાદાદિ ન્યાસે અધોગમન છે. તેના જેવી છે. વિશિષ્ટ પરિકર્મિત કપાસનું વસ્ત્ર, તેવો જે પટ્ટ, તેનું આચ્છાદન છે. - x - સુવિરચિત આચ્છાદન વિશેષ છે. મચ્છર-ડાંસાદિના નિવારણાર્થે મચ્છરદાની જેવું વસ્ત્ર વિશેષથી ઢાંકેલી છે. તેથી જ સુરમ્ય છે.

હવે તેનો પહેલો પરિક્ષેપ કહે છે — તે પદ્મ બીજા ૧૦૮ પદ્મો વડે, જે પદ્મો મૂળપદ્મના પ્રમાણના અર્ધરૂપ ઉચ્ચત્વ, લંબાઈ, પહોડાઈ, જાડાઈ પ્રમાણમાં છે. તેને ચોતરફથી વેષ્ટિત છે. અહીં જળના ઉપરના ભાગમાં ઉચ્ચત્વનો વ્યવહાર પ્રાપ્ત વિવક્ષાથી અર્ધપ્રમાણ સંભવે છે, અન્યથા જળના અવગાહ સહિત ઉચ્ચત્વ વિવક્ષામાં ઉત્તરસૂત્રમાં સાતિરેક પાંચ યોજન છે, તેમ વક્તવ્ય થાય. - x - x - અહીં શ્રીદેવીના ભૂષણાદિ વસ્તુ રહે છે, તે વિશેષ છે.

હવે બીજો પદ્મ પરિક્ષેપ કહે છે — મૂળપદ્મના વાયવ્ય ખૂણામાં, ઉત્તરમાં, ઈશાન ખૂમામાં સર્વસંકલનાથી ત્રણે દિશામાં આ અંતરમાં શ્રીદેવીના ૪૦૦૦ સામાનિકોના ૪૦૦૦ પદ્મો કહેલા છે. તે પદ્મની પૂર્વદિશામાં શ્રીદેવીની ચાર મહત્તરિકાના ચાર પદ્મો



કહ્યા છે. અહીં પૂર્વ વર્ણિત વિજયદેવના સિંહાસન પરિવાર અનુસાર પર્ષદાદિ પદ્મસૂત્રો કહેવા, સુગમ હોવાથી વ્યાખ્યા કરી નથી.

હવે ત્રીજો પદ્મ પરિક્ષેપ — તે મુખ્ય પદ્મની ચારે દિશામાં ચોતરફથી, આ અંતરમાં શ્રીદેવીના ૧૬,૦૦૦ આત્મરક્ષકો ૧૬,૦૦૦ પદ્મો છે. તે આ રીતે — ૪૦૦૦ પૂર્વમાં, ૪૦૦૦ દક્ષિણમાં ઈત્યાદિ.

હવે ઉક્તથી વ્યતિરિક્ત બીજા પણ ત્રણ પરિવેષ છે, તે કહે છે — તે પદ્મ બીજા ત્રણ પદ્મ પરિક્ષેપથી ચોતરફથી વીંટળાયેલ છે. તે આ રીતે — અભ્યંતર, મધ્યમ, બાહ્ય. તેમાં અભ્યંતર પદ્મ પરિક્ષેપમાં ૩૨-લાખ પદ્મો, મધ્યમમાં ૪૪-લાખ પદ્મો, બાહ્યમાં ૪૮-લાખ પદ્મો કહ્યા છે. આ પદ્મપરિક્ષેપ આભિયોગિક દેવ સંબંધી જાણવા. તેથી જ ભિન્ન ત્રિક જણાવતું બીજું સૂત્ર કહ્યું છે. અન્યથા ચારથી છ પરિક્ષેપ કહેત. [શંકા] આભિયોગિક જાતિયોમાં એક આત્મરક્ષકો સમાન જ છે? [સમાધાન] ઉચ્ચ-મધ્ય-નીચ કાર્ય નિયોજ્યત્વથી આભિયોગિકોમાં ભિન્નત્વથી પરિક્ષેપનું પણ ભિન્નત્વ છે.

હવે પરિક્ષેપત્રિકના પદ્મનો સરવાળો કહે છે — ૧,૨૦ લાખ પદ્મો થાય છે. છ પરિક્ષેપના મુખ્ય પદ્મ સાથે — ૧,૨૦,૫૦,૧૨૦ પદ્મો થાય.

[શંકા] કમલ અને કમલિની પુષ્પરૂપ હોય છે, મૂલ અને કંદ કમલિની જ હોય પણ કમળ નહીં, તો અહીં મૂળ-કંદ કેમ કહ્યા ? [સમાધાન] અહીં કમળો વનસ્પતિ પરિમાણ નથી, પણ પૃથ્વીકાયના પરિમાણરૂપ કમલાકાર વૃક્ષો છે, તેથી કોઈ વિરોધ નથી. અહીં આદ્ય પરિક્ષેપ પદ્મોનું મૂળપદ્મથી અર્ધમાન સૂત્રકારે સાક્ષાત્ કહેલ છે. ઉત્તરોત્તર પરિક્ષેપ પદ્મોનું પૂર્વ-પૂર્વ પરિક્ષેપ પદ્મોથી અર્ધ-અર્ધમાન યુક્તિથી થાય છે. અન્યથા અલ્પર્દ્ધિ, મહર્દ્ધિ દેવોનું શોભન ન સંભવે.

અર્ધ-અર્ધમાન આ રીતે — મૂલપદ્મ યોજન પ્રમાણ આદ્ય પરિક્ષેપમાં પદ્મો બે કોશ, બીજામાં ક્રોશ, ત્રીજામાં અર્ધ ક્રોશ, ચોથામાં ૫૦૦ ધનુષ્, પાંચમામાં ૨૫૦ ધનુષ્, છટ્ઠામાં ૧૨૫ ધનુષ્ માન થાય. મૂલ પદ્મની અપેક્ષાથી સર્વ પરિક્ષેપમાં જળથી ઉંચો ભાગ પણ અર્ધ-અર્ધ ક્રમથી જાણવો. જેમકે મૂળ પદ્મ જળથી બે કોશ ઉંચુ છે, પહેલાં પરિક્ષેપમાં એક ક્રોશ ઉંચુ, ઈત્યાદિ. એ રીતે મૂળ પદ્મની અપેક્ષાથી પરિક્ષેપ પદ્મનોની જાડાઈ પણ અડધી-અડધી કહેવી.

- x - x - અહીં છ પરિક્ષેપ, એ છ જાતિક પરિક્ષેપ લેવા. પહેલાં મૂળ પદ્મના અડધા પ્રમાણ, બીજું તેના ચોથો ભાગ, ત્રીજું, તેનો અષ્ટ ભાગ, ચોથું - તેનો સોળમો ભાગ ઈત્યાદિ. ત્યારપછી તે પરિધિક્ષેત્ર પરિક્ષેપ પદ્મસંખ્યા પદ્મવિસ્તાર પરિભાવીને જેમાં જેટલી પંક્તિ સંભવે છે, તે ગણિતજ્ઞએ કરવી જોઈએ. તેમાં તેટલી પંક્તિ વડે એક જ પરિક્ષેપ જાણવો. કેમકે પદ્મોની એક જાતિ છે. - x - x - x - પદ્મ અવગાઢ ક્ષેત્ર સર્વસંખ્યાથી ૨૦૦૫ યોજન અને યોજનના તેર સોળાંશ ભાગ છે. તે આ રીતે —

મૂલ પદ્માવગાહ યોજન એક જગતી બાર યોજન મૂળમાં પૃથુ છે. જગતી પૂર્વાપર ભાગના વ્યાસના મળવાથી ૨૫-યોજનો છે. તેથી તે પરિધિમાં પહેલો પરિક્ષેપ ૧૦૮ પદ્મોનું અવગાહ ક્ષેત્ર ૨૭-યોજન અને અર્ધયોજન પ્રમાણત્વથી તેમાં એક યોજનમાં ચારનો અવકાશ હોવાથી ચાર વડે ૧૦૮ને ભાંગતા આટલાં જ થાય. - x - તથા બીજો

પરિક્ષેપ ૩૪,૦૧૧ પરિક્ષેપ, અવગાહક્ષેત્ર ૨૧૨૫ યોજનો અને ૧૧/૧૬ ભાગ છે. ૩૪,૦૧૧ને ૧૬ વડે ભાંગતા ઉક્ત રાશિ આવે. - x - x - ત્રીજું પરિક્ષેપ ૧૬,૦૦૦ પદ્મો, તેનું અવગાહક્ષેત્ર ૨૫૦ યોજન છે. - x - અહીં પંક્તિઓ સમવૃત જ કહેવી.

હવે ચોથો પરિક્ષેપ - ૩૨ લાખ પદ્મો, તેનું અવગાહક્ષેત્ર ૧૨,૫૦૦ યોજન છે. આને ૧૬ યોજન ભાગ પ્રમાણત્વથી યોજને ૨૫૬ માનથી છે. ૨૫૬ વડે ૩૨ લાખને ભાંગતા ૧૨,૫૦૦ ની ઉક્ત રાશિ આવી જશે. હવે પાંચમો પરિક્ષેપ-૪૦ લાખ પદ્મો, તેનું અવગાહ ક્ષેત્ર ૩૯૦૬ યોજન અને ૪/૧૬ ભાગ. આના ૧૦૨૪ માનથી ૪૦ લાખને ભાંગતા યથોક્ત પદ્મરાશિ આવશે. છઠ્ઠા પરિક્ષેપમાં ૪૮ લાખ પદ્મો છે. તેનું અવગાહ ક્ષેત્ર-૧૧૭૧ યોજન અને ૧૪/૧૬ ભાગ છે. આને - x - ૪૦૯૬ના માનથી ૪૮-લાખને ભાંગતા યથોક્ત રાશિ આવશે. - x - x - આ પરિક્ષેપ વૃત્તાકારથી જાણવું. તે ક્ષેત્રના બહુત્વથી સંભવે છે. અહીં પંક્તિ દ્રહક્ષેત્રના લંબાઈ ચતુરસ્રત્વથી લંબાઈ-પહોડાઈના વિષમત્વ છતાં ૫૦૦ યોજન મર્યાદા વડે જ કરવા યોગ્ય છે. એ રીતે જ શોભમાન થાય છે.

જો કે — આ પદ્મો પાર્થિવ પરિણામ રૂપત્વથી શાશ્વત છે, તેમાં વનસ્પતિક ઘણાં પદ્મો પણ ઉત્પન્ન થાય છે. - x - અન્યથા વજસ્વામીને શ્રીદેવીએ સમર્પિત અનુપમેય મહાપદ્મ લાવીને પુરિકા પુરીમાં કઈ રીતે જિનપ્રવચન પ્રભાવના કરી ? એ શાશ્વત નથી, કેમકે ત્યાં જઈને શ્રીદેવી પાસેથી લાવેલ છે. આ વાત પરિશિષ્ટ પર્વમાં પણ કહેલી છે. - x - x - આ જ બીજા પરિક્ષેપક સૂત્રનો પ્રત્યાયક છે. તેથી કહે છે — અહીં ૩૪,૦૧૧ કમળો ઉક્ત દિશામાં સમાય છે. તે ક્રોશમાન એક પંક્તિથી ત્યારે અવકાશ પ્રાપ્ત થાય. આવું ત્યારે બને જ્યારે મૂલક્ષેત્રની લંબાઈ અને વ્યાસ સાધિક ૧૨૬ પ્રમાણ હોય, તે બંને પ્રસ્તુતમાં નથી. તેથી યથાસંભવ પંક્તિ વડે બીજા પરિક્ષેપની પદ્મ જાતિ પૂરવી જોઈએ. એ રીતે અન્ય પરિક્ષેપમાં યથાસંભવ ભાવના કરવી જોઈએ. - x - x - x -

હવે પદ્મદ્રહનામ નિરુક્ત પૂછતાં કહે છે — ભદંત ! કયા હેતુથી પદ્મદ્રહને પદ્મદ્રહ કહે છે. ગૌતમ ! પદ્મદ્રહમાં તે-તે દેશમાં ઘણાં ઉત્પલ યાવત્ શતસહસ્ર પત્ર, પદ્મદ્રહ આકારે અર્થાત્ ચતુરસ્ર આકારે લાંબા છે. ત્યાં આવા વાનસ્પતિક પદ્મદ્રહાકાર પદ્મો ઘણાં હોય છે, માત્ર પાર્થિવ વૃત્તાકાર મહાપદ્મો જ ત્યાં નથી, તેમ જાણવું. તથા પદ્મદ્રહની જેમ પ્રતિભાષ જેનો છે તે. તેથી તે આકાર અને વર્ણપણાથી પદ્મદ્રહ પ્રસિદ્ધ છે. તેથી જળાશય પણ પદ્મદ્રહ કહેવાય છે અથવા અનાદિકાળથી આ નામ છે.

બીજી રીતે કહે છે — શ્રીદેવી પદ્મવાસા અહીં વસે છે. તેથી શ્રી-નિવાસ યોગ્ય પદ્મના આશ્રયત્વથી પદ્મોપલક્ષિત દ્રહ, તે પદ્મદ્રહ. હવે ગંગા નદીનું સ્વરૂપ કહે છે—

● સૂત્ર-૧૨૯ :-

*તે પદ્મદ્રહના પૂર્વના તોરણથી ગંગા મહાનદી નીકળી પૂર્વ અભિમુખ ૫૦૦ યોજન પર્વતમાં વહીને ગંગાવર્તકૂટે આવર્ત્ત કરીને ૫૨૩ યોજન અને યોજનના ૩/૧૯ ભાગ દાક્ષિણાભિમુખી પર્વતમાં ગંગા મોટા ઘટમુખની નીકળતી, મુક્તાવલિહાર સંસ્થિત, સાતિરેક સો યોજનના પ્રપાતથી પડે છે. ગંગા મહાનદી*



*જ્યાંથી પ્રવર્તે છે, ત્યાં એક મોટી જીહ્વિકા કહેલી છે. તે જીહ્વિકા અર્ધયોજન લંબાઈથી, છ યોજન અને એક કોશ પહોળી, અર્ધ કોશ જાડી, મગર મગરના પહોળા કરેલ મુખના આકારે સંસ્થિત, સર્વ વજ્રમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ છે.*

*ગંગા મહાનદી જ્યાં પડે છે, ત્યાં એક મોટો ગંગાપ્રપાત કુંડ નામે કુંડ કહેલ છે. તે ૬૦ યોજન લાંબો-પહોળો, પરિધિથી કંઈક વિશેષાધિક ૧૯૦ યોજન છે. ૧૦ યોજન ઉદ્વેધ, સ્વચ્છ, શ્લક્ષ્ણ, રજતમય કૂળવાળી, સમતીર, વજ્રમય પાષાણ, વજ્રતલ, સુવર્ણ શુભ્ર રજતમય વાલુકા, વૈડૂર્યમણિ સ્ફટિક પટલ પટ્ટીથી બનેલ છે, તેમાં પ્રવેશ કે નિર્ગમ સુખેથી થઈ શકે છે. તેના ઘાટ અનેક પ્રકારે મણિઓથી બદ્ધ છે. તે વૃત્ત, અનુપૂર્વ સુજાત વપ્ર ગંભીર શીતળ જળથી યુક્ત, પત્ર-ભિસ-મુણાલથી ઢાંકેલ, ઘણાં ઉત્પલ, કુમુદ, નલિન, સુભગ, સૌગંધિક, પુંડરીક, મહાપુંડરીક, શતપત્ર, સહસ્રપત્ર, લક્ષપત્ર, તેના પુષ્પ અને કેસરાથી યુક્ત, ભ્રમર-મધુકર વડે પરિભોગવાતા કમળો, સ્વચ્છ-વિમલ-પથ્ય સલિલવાળા, પૂર્ણ, પ્રતિહસ્ત-ભમતાં મત્સ્ય, કાચબા અનેક પક્ષીગણના મિથુનના અહીં-તહીં ભ્રમરથી અને ગુંજન થકી તે કુંડ ઘણો પ્રાસાદીય લાગે છે.*

*તે એક પદ્મવરવેદિકા અને એક વનખંડથી ચોતરફથી સંપરિવૃત્ત છે. વેદિકા, વનખંડ અને પદ્મોનું વર્ણન કહેવું.*

*તે ગંગા પ્રપાતકુંડની ત્રણ દિશામાં ત્રણ ત્રિસોપાન પ્રતિરૂપક કહેલ છે. તે આ પ્રમાણે — પૂર્વમાં, દક્ષિણમાં, પશ્ચિમમાં. તે ત્રિસોપાન પ્રતિરૂપકનું આવા સ્વરૂપે વર્ણન કહેલ છે — વજ્રમય નેમ, રિષ્ઠરત્નમય પ્રતિષ્ઠાન, વૈડૂર્યમય સ્તંભ, સુવર્ણ-રૂપ્યમય ફલક, લોહિતાક્ષમય શૂચિ, વજ્રમય સંધિ, વિવિધ મણિમય આલંબન, આલંબન બાહાઓ છે.*

*તે ત્રિસોપાન પ્રતિરૂપકની આગળ પ્રત્યેકે પ્રત્યેક તોરણો કહ્યા છે. તે તોરણો વિવિધ મણિમય છે, તે વિવિધમણિમય સ્તંભો ઉપર ઉપનિવિષ્ટ-સંનિવિષ્ટ છે. વિવિધ તારોના આકારે તેમાં ઘણાં પ્રકારે મોતી જડેલા છે. તે ઈહામૃગ, વૃષભ, તુરગ, નર, મગર, પક્ષી, વ્યાલક, કિન્નર, રુરુ, શરભ, ચમર, કુંજર, વનલતા, પદ્મલતાના ચિત્રો વડે ચિત્રિત છે. તેના સ્તંભ ઉપર વજ્રરત્નમયી વેદિકા પરિગત છે, જે ઘણી રમ્ય લાગે છે. વિદ્યાધર યમલયુગલ યંત્રયુક્ત સમાન, હજારો રત્નોની પ્રભાથી સુશોભિત, સહસ્રો ચિત્રોથી દેદીપ્યમાન, જોતાં જ આંખમાં વસી જાય તેવા છે. તે સુખ સ્પર્શવાળા, સશ્રીકરૂપ, ઘંટાવલિના ચલિત થવાથી મધુર મનહર સ્વરવાળા અને પ્રાસાદીય છે.*

*તે તોરણો ઉપર ઘણાં આઠ-આઠ મંગલો કહ્યા છે. તે આ પ્રમાણે — સ્વસ્તિક, શ્રીવત્સ યાવત્ પ્રતિરૂપ છે.*

*તે તોરણોની ઉપર ઘણાં કૃષ્ણચામરધ્વજ યાવત્ શ્વેત ચામરધ્વજો છે. જે સ્વચ્છ, શ્લક્ષ્ણ, રૂપ્યપટ્ટ, વજ્રમય દંડ છે અને નિર્મલ ગંધિક એવા કમળો છે, જે સુરમ્ય અને પ્રાસાદીયાદિ છે.*

*તે તોરણોની ઉપર ઘણાં છત્રાતિછત્રો, પતાકાતિ પતાકા, ઘંટા યુગલ,*

*ચામર યુગલ, ઉત્પલ, પદ્મ યાવત્ શતસહસ્રપત્રો છે, તે સર્વે રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.*

*તે ગંગાપ્રપાતકુંડના બહુમધ્યદેશભાગમાં અહીં એક મહાન્ ગંગાદ્વીપ નામે દ્વીપ કહેલ છે. તે આઠ યોજન લાંબો-પહોળો, સાતિરેક પચીશ યોજન પરિધિથી, બે કોશ જળથી ઉંચા, સર્વરત્નમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ છે. તે એક પદ્મવરવેદિકા અને એક વનખંડથી ચોતરફથી સંપરિક્ષિપ્ત છે. તેનું વર્ણન કરવું. ગંગાદ્વીપ દ્વીપની ઉપર બહુસમરમણીય ભૂમિભાગ છે. તે બહુમધ્યદેશબાગમાં અહીં ગંગાદેવીનું એક મોટું ભવન કહેલ છે. તે એક કોશ લાંબુ, અર્ધકોશ પહોળું, દેશોન કોશ ઉર્ધ્વ ઉચ્ચત્વથી, અનેકશત સ્તંભ સંનિવિષ્ટ યાવત્ બહુમધ્યદેશ ભાગમાં મણિપીઠિકામાં શયનીય છે.*

*તે કયા હેતુથી યાવત્ શાશ્વત નામ કહેલ છે.*

*તે ગંગા પ્રપાતકુંડના દક્ષિણી તોરણથી ગંગા મહાનદી નીકળી ઉત્તરાર્દ્ધ ભરતક્ષેત્રમાં જતી-જતી ૭૦૦૦ નદીઓ તેમાં મળે છે. તેનાથી આપૂર્ણ થઈ ખંડપ્રપાતગુફાની નીચેથી વૈતાઢ્ય પર્વતને ચીરતી દક્ષિણાર્દ્ધ ભરતક્ષેત્રમાં જતી-જતી દક્ષિણાર્દ્ધ ભરત ક્ષેત્રના બહુમધ્યદેશ ભાગમાં જઈને પૂર્વાભિમુખ વળીને ૧૪,૦૦૦ નદીઓના કુલ પરિવારયુક્ત થઈને જગતીને ચીરતી પૂર્વી લવણ સમુદ્રમાં મળે છે.*

*ગંગા મહાનદીનો પ્રવાહ છ યોજન અને એક કોશ પહોળો, અર્ધકોશ ઉંડો છે. ત્યારપછી માત્રામાં વધતી-વધતી સમુદ્ર મુખ પાસે ૬૨॥ યોજન પહોળી છે, ઉંડાઈ સવા યોજન હોય છે. તે બંને તરફ બે પદ્મવર વેદિકા અને બે વનખંડો દ્વારા સંપરિવૃત્ત છે. વેદિકા અને વનખંડનું વર્ણન પૂર્વવત્ છે. એ પ્રમાણે સિંધુમાં પણ જાણવું યાવત્ તે પદ્મદ્રહના પશ્ચિમી તોરણથી સિંધુ આવર્ત્તન કૂટથી વળીને દક્ષિણાભિમુખ થઈને સિંધુપ્રપાતકુંડ, સિંધુદ્વીપ આદિ પૂર્વવત્ યાવત્ તિમિસ્ર ગુફાની નીચેથી વૈતાઢ્ય પર્વતને ચીરીને પશ્ચિમાભિમુખથી વળીને ૧૪,૦૦૦ નદી સાથે મળીને જગતીને ચીરી પશ્ચિમી લવણસમુદ્રમાં યાવત્ મળે છે. બાકી બધું ગંગા નદી સમાન જાણવું.*

*તે પદ્મદ્રહના ઉત્તરના તોરણથી રોહિતાંશા મહાનદી નીકળી ૨૭૬ યોજન, યોજનના $^{6}/_{19}$ ભાગ વહીને ઉત્તરાભિમુખ પર્વતમાં જઈને મોટા ઘટમુખથી નીકળતા મુક્તાવલિહાર સંસ્થિત, સાતિરેક ૧૦૦ યોજન પ્રપાતથી પડે છે. રોહિતાંશા મહાનદી જ્યાંથી પડે છે, અહીં એક મોટી જિહ્વિકા કહી છે. તે જિહ્વિકા એક યોજન લાંબી, ૧૨॥ યોજન પહોળી, એક કોશ જાડાઈ, વિવૃત્ત મગરમુખ સંસ્થાન સંસ્થિત, સર્વ વજ્રમય, સ્વચ્છ છે.*

*રોહિતાંશા મહાનદી જ્યાં પડે છે, ત્યાં એક મોટો રોહિતાંશા પ્રપાત કુંડ નામે કુંડ કહેલ છે. તે ૧૨૦ યોજન લાંબો-પહોળો અને ૧૮૩ યોજનમાં કંઈક ન્યૂન પરિધિ છે. ૧૦ યોજન ઉંડો, સ્વચ્છ છે. તોરણ સુધી કુંડનું વર્ણન પૂર્વવત્ છે. તે રોહિતાંશા પ્રપાતકુંડના બહુમધ્યદેશ ભાગમાં અહીં એક મોટો રોહિતાંશ*



*નામે દ્વીપ કહેલ છે. તે ૧૬ યોજન લાંબો-પહોળો છે, સાતિરેક ૫૦-યોજન પરિધિથી છે. જળથી બે કોશ ઉંચો, સર્વરત્નમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ છે. બાકી પૂર્વવત્ યાવત્ ભવનાદિ પૂર્વવત્ કહેવા.*

*તે રોહિતાંશપ્રપાતકુંડના ઉત્તરના તોરણથી રોહિતાંશા મહાનદી નીકળતી હૈમવત ક્ષેત્રમાં વહેતી-વહેતી ૧૪,૦૦૦ નદીઓથી આપૂર્ણ થતી-થતી શબ્દાપાતી વૃત્ત વૈતાઢ્ય પર્વતથી અર્ધયોજન દૂર રહીને પશ્ચિમ તરફ વળીને હૈમવત ક્ષેત્રને બે ભાગમાં વિભાગ કરતી-કરતી કુલ ૨૮,૦૦૦ નદીઓ સાથે મળીને, જગતીની નીચેથી ચીરતી પશ્ચિમી લવણ સમુદ્રમાં મળે છે. રોહિતાંશાનદી જ્યાંથી વહે છે, ત્યાં ૧૨॥ યોજન પહોળી, એક કોશ ઉંડી છે. ત્યારપછી માત્રામાં વધતી-વધતી મુખના મૂળમાં ૧૨૫ યોજન પહોળી, ૨॥ યોજન ઉંડી, બંને બાજુ બે પદ્મવર વેદિકા અને બે વનખંડથી સંપરિવરેલ છે.*

● **વિવેચન-૧૨૯ :-**

તે પદ્મદ્રહના પૂર્વના તોરણથી ગંગા નામે મહાનદી - પોતાના પરિવારરૂપ ૧૪,૦૦૦ નદીને સાથે લઈને સ્વતંત્રપણે સમુદ્રગામીત્વથી પ્રકૃષ્ટા નદી છે. એ પ્રમાણે સિંધુ આદિમાં પણ જાણવું.

પ્રવ્યૂઢ-નીકળીને, પર્વત ઉપર ૫૦૦ યોજન છે. પર્વતે જઈને ગંગાવર્ત્ત નામક કૂટ સમીપે, ગંગાવર્તન કૂટની નીચે વળીને. ૫૨૩-$^{3}/_{19}$ યોજન દક્ષિણાભિમુખી પર્વત જઈને, મોટો એવો જે ઘટ, તેના મુખની જેમ નિર્ગમ જેનો છે તે. અર્થાત્ જેમ ઘટમુખથી જળ પ્રવાહ નીકળતા ''ખુ-ખુ'' એમ શબ્દ કરતાં, વળીને વહે છે. તેમ આ પણ વહે છે. મોતીનો જે હાર, તે આકારે રહેલ. સાતિરેક સો યોજન લઘુ હિમવંતના શીખરથી આરંભીને ૧૦ યોજન ઉંડો પ્રપાતકુંડ સુધી ધારા પડવાથી આનું પ્રમાણ સાતિરેક સો યોજન થાય છે. પ્રપતતિ-પ્રપાતકુંડને પામે છે.

દક્ષિણાભિમુખ જતાં ૫૨૩-યોજન આદિ આ રીતે - હિમવંત ગિરિના વ્યાસથી ૧૦૫૨ યોજન, ૧૨-કળારૂપ, ગંગા પ્રવાહ વ્યાસ ૬-યોજન, ૧-કોશ માપથી શોધિત કરતાં ૧૦૪૬ ક્રોશ પાદોન કલાપંચક, પછી ૧૨-કળાથી શોધતા સાત સપાદકલા ગંગાપ્રવાહ પર્વતના મધ્યભાગથી પદ્મદ્રહથી નીકળે છે તેથી આ દક્ષિણાભિમુખ ગંગા પ્રવાહથી - x - ગિરિવ્યાસ ૧૦૪૬ યોજન, સપાદ ૭-કળા રૂપને અડધાં કરતાં યથોક્ત ૫૨૩ યોજન થાય.

હવે જિહ્વિકા - ગંગા નદી જે સ્થાનેથી પડે છે, ત્યાં એક મોટી જિહ્વિકા કહી છે. તે અર્ધયોજન લાંબી, છ યોજન અને એક કોશ પહોળી છે. ગંગાના મૂળ વ્યાસના માપવાથી અર્ધકોશ જાડાઈથી પ્રસારિત જળચર વિશેષ મુખ છે, તે સંસ્થાને રહેલ છે. તે સર્વથા વ્રજમયી છે, ઈત્યાદિ.

હવે પ્રપાતકુંડ સ્વરૂપ - ગંગાનદી જ્યાં પડે છે ત્યાં એક મોટો ગંગા પ્રપાતકુંડ છે. ૬૦ યોજન લાંબો-પહોળો છે ઈત્યાદિ - x - x - કંઈક અધિક ૧૯૦ યોજન પરિધિથી છે. જો કે સ્વોપજ્ઞ ક્ષેત્ર વિચાર અને તેની વૃત્તિમાં મતભેદ છે, તેથી પ્રસ્તુત સૂત્રનો ગંભીરાર્થ બહુશ્રુતોએ વિચારવો - x - અથવા પ્રસ્તુત સૂત્ર પદ્મવરવેદિકા સહિત

કુંડ પરિધિ વિવક્ષાથી પ્રવૃત્ત છે, તેમ સંભવે છે. તેથી દોષ નથી. તત્ત્વ કેવલિગમ્ય.

ઉદ્વેધ-ઉંડાઈ, અચ્છ-નિર્મળ, શ્લક્ષ્ણ-શ્લક્ષ્ણ પુદ્‌ગલથી નિષ્પાદિત, રજતમય-રૂપાના કિનારા જેના છે તે. સમ-ગર્ત્તાના સદ્‌ભાવથી વિષમ નહીં. - x - વજમય પાષાણની ભીંત જેની છે તે, વજમય તલયુક્ત. સુવર્ણ-પીળુહેમ, સુબ્ભ-રૂપ્યવિશેષમય વાલુકા. વૈડૂર્યમણિમય સ્ફટિકરત્ન સંબંધી પટલમય તટ સમીપવર્તી ઉન્નત પ્રદેશયુક્ત જળમાં પ્રવેશ કે નિર્ગમન સુખે થઈ શકાય છે તેવું તેના કિનારા મણિથી સુબદ્ધ છે. - x - x - વપ્ર-કેદાર જળ સ્થાન, ગંભીર-તળીયુ ન મળે તેવો, સંછન્ન-જળ વડે અંતરિત. અહીં બિસમૃણાલના સાહચર્યથી પદ્મિની પત્રો જાણવા. બિસ-કંદ, મૃણાલ-પદ્મનાલ, ઘણાં ઉત્પલ-કુમુદ-નલિન-સુભગ-સૌગંધિક ઈત્યાદિ વિકસ્વર કમળો, કિંજલ્ક વડે ઉપશોભિત છે. ભ્રમર વડે કમલ અને કુમુદ ભોગવાઈ રહ્યા છે. અચ્છ-સ્વરૂપથી સ્ફટિકવત્, વિમલ-આગંતુક મલરહિત. પથ્ય-આરોગ્યકરણથી જળ વડે પૂર્ણ. પડિહત્થ-અતિપ્રભૂત મત્સ્ય અને કાચબા તેમાં ભમે છે. અનેક પક્ષીના યુગલો અહીં-તહીં ફરે છે. સારસાદિ જળચરના અવાજની અપેક્ષાથી મધુર સ્વર અને હંસ-ભ્રમરાદિના કૂજિતની અપેક્ષાથી નાદ કરે છે. - x - x - પ્રાસાદીય શબ્દથી પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ લેવું.

હવે પદ્મવરવેદિકાવર્ણન - તે સ્પષ્ટ છે. અહીં સુખેથી પ્રવેશ-નિર્ગમન કઈ રીતે થાય છે ? તે ગંગાપ્રપાતકુંડની ત્રણે દિશામાં ત્રણ સોપાન પ્રતિરૂપક કહેલ છે. વ્યાખ્યા પૂર્વવત્ - x - જગતીનું વર્ણન તુલ્ય હોવાથી કહ્યું. વિશેષ એ — ઉતરવા ચડવામાં આલંબનના હેતુરૂપ, અવલંબન બાહા-બંને પડખે આલંબન આશ્રયરૂપ ભિંતો.

તે ત્રિસોપાન પ્રતિરૂપકની આગળ પ્રત્યેકમાં તોરણ કહ્યા છે. તે તોરણો વિવિધ મણિમય સ્તંભો ઉપર રહેલ છે - x - સંન્નિવિષ્ટ - સમ્યગ્ નિશ્ચલપણે અપદપરિહારથી નિવિષ્ટ. વિવિધ મુક્તાફળ આરોપિત જેમાં છે તે તથા વિવિધ તારિકારૂપથી ઉપચિત છે. તોરણોમાં જ શોભાર્થે તારિકા બંધાય છે તે લોકપ્રતીત છે ઈહામૃગ-વરુ, ઋષભ-વૃષભ, વ્યાલ-સર્પ, રુરુ-મૃગવિશેષ, શરભ-અષ્ટાપદ, ચમર-અટવીની ગાય - x - આ બધાંના ચિત્રોથી ચિત્રિત છે. સ્તંભની ઉપવર્તી વજવેદિકાથી પરિકરિત છે, અભિરમણીય છે. વિશિષ્ટ શક્તિવાળા પુરુષ વિશેષના સમશ્રેણિક યુગલથી સંચરતી એવી બે પુરુષ પ્રતિમાથી યુક્ત છે - x -

અર્ચિ-મણિરત્નોની પ્રભા સહિત પરિવારણીય, હજારો રૂપક યુક્ત, અત્યર્થ પ્રમાણ જેનું છે તે, અત્યર્થ દેદીપ્યમાન, જોતાં જ આંખને ચોંટી જાય તેવું. બાકી સુબોધ છે. વિશેષ એ કે — ઘંટાવલિના વશથી ચલિત મધુર અને મનોહર સ્વર જેમાં છે તે. - x -

તે તોરણોની ઉપર ઘણાં કૃષ્ણ ચામરધ્વજ છે. એ પ્રમાણે નીલ ચામર ધ્વજાદિ પણ કહેવા. તે બધાં કેવા છે ? તે કહે છે. अच्छ - આકાશ સ્ફટિકવત્ અતિ નિર્મળ, શ્લક્ષ્ણ પુદ્‌ગલ સ્કંધ નિર્માપિત, રૂપ્યમય વજમય દંડની ઉપર પટ્ટ જેમાં છે તે. રૂપાના પટ્ટની મધ્યે વજમય દંડ જેમાં છે તે. જલજ કુસુમોના પદ્મ આદિવત્ અમલ, પણ કુદ્રવ્ય ગંધ સંમિશ્ર ગંધ જેમાં વિદ્યમાન નથી તે જલજામલગંધિકા. તેથી જ સુરમ્ય,



પ્રાસાદીય ઈત્યાદિ પૂર્વવત્.

હવે ગંગાદ્વીપ વક્તવ્યતા — તે ગંગાપ્રપાતકુંડના બહુમધ્યદેશ ભાગમાં અહીં એક મોટો ગંગાદેવીના આવાસભૂત દ્વીપ છે તે ગંગાદ્વીપ કહેવાય છે. તે આઠ યોજન લાંબો-પહોળો, સાતિરેક-૨૫-યોજન પરિક્ષેપથી, બે કોશ જળપર્યન્તથી ઉંચો છે. ચોતરફ વર્તતા જલ કે જળથી આવૃત્ત ક્ષેત્રનો દ્વીપ રૂપે વ્યવહાર છે. - x - તે ગંગાદ્વીપ એક પદ્મવરવેદિકા, એક વનખંડથી ચોતરફથી સંપરિવૃત્ત છે તેનું વર્ણન જગતીની પદ્મવરવેદિકાવત્ જાણવું. હવે તેમાં જે છે, તે કહે છે —

ગંગાદ્વીપની ઉપર બહુસમરમણીય ભૂમિભાગ કહેલ છે. તેના બહુમધ્યદેશ ભાગમાં ગંગાદેવીનું એક મોટું ભવન કહેલ છે. લંબાઈ આદિ શય્યાના વર્ણન પર્યન્ત સૂત્ર ભવનાનુસાર જાણવું.

હવે નામનો અન્વર્થ કહે છે — તે સ્પષ્ટ છે. હવે ગંગા જે રીતે જેમાં સરકે છે, તે કહે છે — તે ગંગાપ્રપાત કુંડના દક્ષિણના તોરણથી નીકળી ગંગા મહાનદી ઉત્તરાર્દ્ધ ભરતક્ષેત્રમાં જતા-જતા ૭૦૦૦ નદી વડે આપૂર્ય-આપૂર્ય ભરતા ખંડપ્રપાત-ગુફાની નીચે વૈતાઢ્ય પર્વતને ભેદીને દક્ષિણાર્દ્ધ ભરતક્ષેત્રમાં જતાં-જતાં દક્ષિણાર્દ્ધ ભરતક્ષેત્રના બહુમધ્યદેશભાગમાં જઈને પૂર્વાભિમુખ વળીને ૧૪,૦૦૦ નદીથી સંપૂર્ણ આપૂરિત કરીને જંબૂદ્વીપના પ્રાકારની નીચેથી ચીરીને પૂર્વના લવણસમુદ્રમાં અવતરે છે.

હવે આ જ પ્રવાહ-મુખનો પૃથુત્વ-ઉદ્વેધ દર્શાવે છે - ગંગા મહાનદી વહીને જે સ્થાનથી નદી વહેવાને પ્રવર્તે છે, તે પ્રવહ. પદ્મદ્રહના તોરણથી નીકળે છે. તેમાં છ યોજન અને એક કોશ પહોળું, અર્ધ ક્રોશ ઉદ્વેધથી છે. મહાનદીમાં સર્વત્ર ઉદ્વેધના પોતાના વ્યાસનો ૫૦મા ભાગ રૂપપણાથી છે. પદ્મદ્રહ તોરણનો વ્યાસ પછી આટલાથી જેટલા ક્ષેત્ર તે વ્યાસ અનુવૃત્ત છે તેટલા ક્ષેત્રથી પછી અર્થાત્ ગંગા પ્રપાત કુંડથી નીકળીને પછી. આના વડે જે બીજે પ્રવહ શબ્દથી મકરમુખ પ્રણાલ નિર્ગમ કે પ્રપાતકુંડ નિર્ગમ કહેલ છે તે નથી. - x - x - એમ ઉદ્વેધમાં પણ જાણવું.

માત્રા-માત્રાના ક્રમે-ક્રમે પ્રતિયોજન સમુદિત બંને પડખે દશ ધનુષ્‌ની વૃદ્ધિથી પ્રતિ પાર્શ્વે પાંચ ધનુષ્‌ની વૃદ્ધિ જાણવી. વધતાં-વધતાં મુખે-સમુદ્રપ્રવેશમાં ૬૨ા યોજન વિષ્કંભથી છે કેમકે પ્રવહમાનથી મુખમાનના દશગુણત્વથી છે. સક્રોશ યોજન ઉદ્વેધથી ૬૨ા યોજન પ્રમાણ મુખ વ્યાસના ૫૦માં ભાગે આટલો જ લાભ થાય. બંને પડખે બે પદ્મવર વેદિકા અને વનખંડો વડે સંપરિક્ષિત ગંગા છે.

પ્રતિયોજન દશ ધનુષ્‌ની વૃદ્ધિ આ રીતે છે - x - ગંગાના પ્રવહમાં વ્યાસ છ યોજન, એક કોશ, મુખમાં ૬૨ યોજન-૨-કોશ છે. તેમાં મુખના વ્યાસથી પ્રવહ વ્યાસ બાદ કરતાં ૫૬ યોજન, ૧ કોશ થાય. યોજનના ક્રોશ કરવા માટે ચાર વડે ગુણીને ઉપર એક કોશ ઉમેરતાં થશે-૨૨૫ ક્રોશ. તેના ધનુષ્ કરવા ૨૦૦૦ વડે ગુણતાં થશે ૪,૫૦,૦૦૦. પછી ૪૫,૦૦૦ વડે ભાંગતા ૧૦ ધનુષ્ આવે. એક વડે ગુણતાં-૧૦ થશે. આટલા સમુદિત બંને પડખે પ્રવહથી એક યોજન જતાં જળવૃદ્ધિ થાય. જો મૂલ બે યોજનથી વૃદ્ધિ જાણવી હોય તો ૧૦ ધનુષ્‌ને બે વડે ગુણતાં ૨૦ થશે. આટલા પ્રવહથી બંને બાજુ બે યોજન પછી વૃદ્ધિ થાય. તેનું અડધું તે-૧૦. આટલી એક

પાર્શ્વમાં વૃદ્ધિ થાય. એ પ્રમાણે બધે વિચારવું.

જેમ ગંગામાં અન્યત્ર અવતરે છે તેમ સિંધુનું સ્વરૂપ પણ જાણવું. યાવત્ તે પદ્મદ્રહના પાશ્ચાત્ય તોરણથી સિંધુ મહાનદી નીકળી પશ્ચિમાભિમુખ ૫૦૦ યોજન પર્વતમાં જઈને સિંધુ આવર્ત્તને કૂટે વળીને ૫૨૩-૩/૧૯ ભાગ દક્ષિણાભિમુખી પર્વતમાં જઈને મોટા ઘટમુખ પ્રવૃત્તિથી યાવત્ પ્રપાતથી પડે છે. સિંધુમહાનદી જ્યાંથી પડે છે, અહીં મોટી જિહ્વિકા કહેવી. જ્યાં સિંધુ મહાનદી પડે છે, ત્યાં સિંધુ પ્રપાતકુંડ કહેવું. તેમાં સિંધુદ્વીપ કહેવો. તે ગંગાદ્વીપની પ્રભા અને વર્ણાભાવત્ સિંધુદ્વીપની પ્રભા અને વર્ણાભા પદ્મો સિંધુદ્વીપ કહેવાય છે.

તે સિંધુ પ્રપાતકુંડના દક્ષિણી તોરણથી સિંધુમહાનદી નીકળી ઉત્તરાર્દ્ધ ભરતક્ષેત્રમાં વહેતી-વહેતી હજારો નદી દ્વારા આપૂરિત કરે છે. તમિસ્રાગુફાની નીચેથી વૈતાઢ્ય પર્વત ચીરીને દક્ષિણાર્ધ ભરતક્ષેત્રના બહુમધ્યદેશ ભાગે જઈને૦ પશ્ચિમાભિમુખી થઈને ૧૪,૦૦૦ નદીથી પૂર્ણ જગતીને નીચેથી ચીરીને પશ્ચિમ લવણ સમુદ્રમાં મળે છે. આ સિવાય પ્રવહ મુખમાનાદિ ગંગાના માન સમાન જ જાણવા.

હવે પદ્મદ્રહથી નીકળતી ત્રીજી નદીનું સ્વરૂપ કહે છે — સ્પષ્ટ છે. વિશેષ એ કે — ૨૭૬-૬/૧૯ યોજન એટલી હૈમવત ક્ષેત્રાભિમુખ પર્વતમાં જઈને૦ હૈમવત્‌ના વ્યાસથી દ્રહનો વ્યાસ બાદ કરી બાકીના હિમવત્ વ્યાસને અડધો કરીને આટલા યોજનનો જ લાભ થાય. - x - x - x - ગંગાના ગિરિમધ્યવર્તી પૂર્વદિશાના તોરણથી નીકળી ૫૦૦ યોજન પૂર્વાભિમુખ જીને દક્ષિણદિક ગામિની પોતાના વ્યાસ રહિત ગિરિના વ્યાસનું અર્ધગામિત્વ છે. એ પ્રમાણએ સિંધુ પણ ૫૦૦ યોજન પશ્ચિમ અભિમુખ જઈને પછી૦ આ ઉત્તરદિક્ તોરણથી નીકળી ઉત્તરગામિની દ્રહ વ્યાસ શુદ્ધગિરિ વ્યાસાર્ધ ગામી છે, એટલો ભેદ છે.

હવે આની જિહ્વિકા કહે છે — તે સ્પષ્ટ છે. વિશેષ એ કે — લંબાઈમાં યોજન વિષ્કંભમાનમાં ૧૨॥ યોજન, પહોળાઈ ક્રોશ છે કેમકે ગંગાની જિહ્વિકાથી આ બે ગણી છે.

હવે કુંડ સ્વરૂપ-પ્રાયઃ પ્રકટાર્થ છે. પરંતુ લંબાઈ-પહોળાઈમાં વીશ અધિક છે. કેમકે ગંગાપ્રપાત કુંડથી આ બેગણું છે. હવે દ્વીપ કહે છે — તે પ્રગટાર્થ છે - x - હવે આ જે તોરણથી નીકળી, જે ક્ષેત્રની સ્પર્શના, જેટલો નદી પરિવાર, જેમાં સંક્રમ છે, તે કહે છે — રોહિતાંશ પ્રપાત કુંડના ઉત્તરના તોરણથી રોહિતાંશા મહાનદી નીકળી હૈમવત વર્ષમાં જતા-જતા ૧૪,૦૦૦ નદી વડે આપૂરિત થતાં શબ્દાપાતી વૃત્ત વૈતાઢ્ય પર્વતથી અર્ધયોજન દૂર રહી પશ્ચિમાભિમુખી આવૃત્ત થઈ, હૈમવંત ક્ષેત્રને બે ભાગે વિભાગ કરી, ૨૮,૦૦૦ નદી વડે પરિપૂર્ણ જગતીની નીચેથી ચીરીને પશ્ચિમ લવણસમુદ્રમાં પ્રવેશે છે.

આનો જ મૂલ વિસ્તાર કહે છે — રોહિતાંશા મૂળમાં ૧૨॥ યોજન વિષ્કંભથી, પૂર્વ ક્ષેત્રની નદીથી બમણાં વિસ્તારથી છે. ક્રોશ ઉદ્વેધથી છે. પછી માત્રાના ક્રમે ક્રમે પ્રતિયોજન સમુદિત બંને પડખે ૨૦ ધનુષ્‌ની વૃદ્ધિથી પ્રતિ પાર્શ્વ દશ-દશ ધનુષ્ વધતાં-વધતાં સમુદ્ર પ્રવેશમાં ૧૨૫ યોજન વિષ્કંભથી થાય - x - બાકી પૂર્વવત્. હવે





હિમવંત કૂટો વિશે કહે છે—

● **સૂત્ર-૧૩૦ :-**

*ભગવન્ ! લઘુ હિમવંત વર્ષધર પર્વતના કેટલા કૂટ કહેલા છે ? ગૌતમ ! ૧૧-કૂટો કહ્યા છે. તે આ — સિદ્ધાયતન, લઘુહિમવંત, ભરત, ઈલાદેવી, ગંગાદેવી, શ્રી, રોહિતાંશ, સિંધુદેવી, સુરદેવી, હેમવત અને વૈશ્રમણ-કૂટ.*

*ભગવન્ ! લઘુ હિમવંત વર્ષધર પર્વતમાં સિદ્ધાયતન નામક કૂટ ક્યાં કહ્યો છે ? ગૌતમ ! પૂર્વી લવણસમુદ્રના પશ્ચિમે, લઘુહિમવંતકૂટની પૂર્વે આ સિદ્ધાયતનકૂટ નામે કૂટ કહેલ છે. તે ૫૦૦ યોજન ઉર્ધ્વ ઉંચો, મૂળમાં ૫૦૦ યોજન, મધ્યે ૩૭૫ યોજન અને ઉપર ૨૫૦ યોજન પહોળો છે. મૂળમાં ૧૫૮૧ યોજનથી કંઈક વિશેષ, મધ્યમાં કંઈક ન્યૂન ૧૧૮૬ યોજન અને ઉપર કંઈક ન્યૂન ૭૯૧ યોજન પરિધિથી છે. મૂળમાં વિસ્તીર્ણ, મધ્યે સંક્ષિપ્ત અને ઉપર પાતળો, ગોપુચ્છ આકારે, સર્વરત્નમય, નિર્મળ છે. તે એક પદ્મવર વેદિકા અને એક વનખંડથી ચોતરફથી વીંટળાયેલ છે.*

*સિદ્ધાયતનકૂટની ઉપર બહુસમ રમણીય ભૂમિભાગ કહેલ છે, યાવત્ તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્યદેશ ભાગમાં અહીં એક મોટું સિદ્ધાયતન કહેલ છે તે ૫૦ યોજન લાંબુ, ૨૫ યોજન પહોળું, ૩૬ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી યાવત્ જિનપ્રતિમા વર્ણન કહેવું.*

*ભગવન્ ! લઘુ હિમવંત વર્ષધર પર્વતમાં લઘુહિમવંતકૂટ નામે કૂટ ક્યાં કહેલ છે ? ગૌતમ ! ભરતકૂટની પૂર્વે, સિદ્ધાયતનકૂટની પશ્ચિમે આ લઘુહિમવંત વર્ષધર પર્વતમાં કહેલ છે. એ પ્રમાણે જે કંઈ સિદ્ધાયતનકૂટના ઉચ્ચત્વ-વિષ્કંભ-પરિધિ છે યાવત્ બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્યદેશ ભાગમાં અહીં એક મોટું પ્રાસાદાવતંસક કહેલ છે. તે ૬૨॥ યોજન ઉંચો, ૩૧। યોજન પહોળું, ઘણું ઉંચુ ઉઠેલ છે. વિવિધમણિ-રત્નથી ચિત્રિત વાયુથી ઉડતી વિજય-વૈજયંતી પતાકા અને છત્રાતિછત્ર યુક્ત, ઉંચા, ગગનતલને ઉલ્લંઘતા શિખર યુક્ત છે. તેની જાળીમાં જડેલ રત્ન સમૂહ તે પ્રાસાદ પોતાના નેત્રો ઉઘાડતો હોય તેવા છે. મણિરત્નની સ્તુપિકા છે, તેના ઉપર વિકસિત શીતપત્ર-પુંડરીક-તિલકરત્ન અર્ધચંદ્રના ચિત્રો અંકિત છે. વિવિધ મણીમય માળાથી અલંકૃત છે. અંદર અને બહાર શ્લક્ષ્ણ વજરત્ન તપનીય રુચિર વાલુકાના પ્રસ્તટ છે તેનો સ્પર્શ સુખદ, સશ્રીકરૂપ, પ્રાસાદીય યાવત્ પ્રતિરૂપ છે.*

*તે પ્રાસાદાવતંસકના અંદર બહુસમ રમણીય ભૂમિભાગ કહેલ છે યાવત્ સપરિવાર સીંહાસન કહેવું.*

*ભગવન્ ! લઘુહિમવંતકૂટને લઘુહિમવંતકૂટ કેમ કહે છે ? ગૌતમ ! લઘુહિમવંત નામક મહર્દ્ધિક યાવત્ દેવ વસે છે.*

*ભગવન્! લઘુહિમવંત ગિરિકુમાર દેવની લઘુહિમવંતા નામે રાજધાની ક્યાં કહી છે? ગૌતમ! લઘુહિમવંતની દક્ષિણમાં તીર્છા અસંખ્યાત દ્વીપસમુદ્ર ગયા પછી બીજા જંબૂદ્વીપ દ્વીપની દક્ષિણે ૧૨,૦૦૦ યોજન જઈને અહીં લઘુ હિમવંતના*

***ગિરિકુમાર દેવની લઘુ હિમવંતા રાજધાની કહી છે તે ૧૨,૦૦૦ યોજન લાંબી-પહોળી છે. એ પ્રમાણે વિજય રાજધાની સદૃશ કહેવી. એ પ્રમાણે બાકીના કૂટોની વક્તવ્યતા પણ જાણવી. લંબાઈ, પહોળાઈ, પરિધિ, પ્રાસાદદેવતા, સીંહાસન પરિવાર, તેના દેવ-દેવીઓ અને રાજધાની જાણવી. તેમાં લઘુહિમવંત, ભરત, હૈમવત અને વૈશ્રમણ કૂટોમાં દેવો રહે છે, બાકીના કૂટોમાં દેવીઓ રહે છે.***

***ભગવંત ! તે લઘુહિમવંત વર્ષધર પર્વત કેમ કહેવાય છે ? ગૌતમ ! મહાહિમવંત વર્ષધર પર્વતની અપેક્ષાથી લંબાઈ, ઉચ્ચત્વ, ઉદ્વેધ, પહોળાઈ અને પરિધિને આશ્રીને કંઈક લઘુતર, હ્રસ્વતર તથા નિમ્નતર છે. અહીં લઘુહિમવંત દેવ મહર્દ્ધિક યાવત્ પલ્યોપમ સ્થિતિક વસે છે. એ કારણથી હે ગૌતમ ! એમ કહે છે – લઘુ હિમવંત વર્ષધર પર્વત કહેવાય છે. અથવા હે ગૌતમ ! લઘુ હિમવંતનું એ શાશ્વત નામ કહેલ છે. જે હંમેશા હતુ-છે-રહેશે.***

**● વિવેચન-૧૩૦ :-**

લઘુહિમવંત આદિ સ્પષ્ટ છે. વિશેષ એ કે – સિદ્ધાયતન કૂટ, લઘુ હિમવંત ગિરિકુમારદેવકૂટ, ભરતાધિપ દેવકૂટ, ઈલાદેવી સુરાદેવીના કૂટો, ૫૬ દિક્કુમારીદેવી વર્ગ મધ્યેનો દેવીકૂટ, ગંગાદેવી કૂટ આદિ.

હવે તેના સ્થાનાદિ સ્વરૂપને કહે છે – લઘુ હિમવંત વર્ષધર પર્વતમાં સિદ્ધાયતન કૂટ ક્યાં છે ? ઉત્તરસૂત્ર વ્યક્ત છે. વિશેષ એ-૫૦૦ યોજન ઉંચો, મૂલમાં ૫૦૦ યોજન વિસ્તાર ઈત્યાદિ સૂત્રાર્થમાં કહ્યા મુજબ જાણવું. - x - x - આવો ભાવ છે - ૧૧૮૫ યોજન પૂર્ણ, શેષ ત્રણ ક્રોશ, ૮૨૩ ધનુષ્ તેથી ક્યાંક ૧૧૮૬ યોજન કહે છે. તથા ઉપરના ૭૯૧ યોજનમાં કંઈક ન્યૂનમાં પણ આ ભાવ છે – ૭૯૦ યોજન પૂર્ણ, શેષ બે ક્રોશ, ૭૨૫ ધનુષ્ તેથી કંઈક ન્યૂન ૭૯૧ યોજન કહ્યા. બાકી સ્પષ્ટ છે.

હવે અહીં પદ્મવરવેદિકાદિ કહે છે – તે પ્રગટ છે. હવે અહીં જે છે તે ક્રમથી કહે છે – સિદ્ધાયતન આદિ. અહીં વૈતાઢ્યના સિદ્ધાયતન કૂટની માફક અહીં વર્ણન લેવું. બીજું તેમાં કહેલ સિદ્ધાયતનાદિ વર્ણન કરવું. હવે અહીં જ લઘુહિમવંત-ગિરિના કૂટની વક્તવ્યતા કહે છે –

ભગવન્! લઘુ હિમવંત વર્ષધર પર્વતમાં લઘુ હિમવત્ કૂટ ક્યાં કહેલ છે? ઉત્તરસૂત્ર પૂર્વવત્. અતિદેશ સૂત્રમાં - સિદ્ધાયતન કૂટના ઉચ્ચત્વ, વિષ્કંભ, પરિક્ષેપ મુજબ અહીં હિમવત્ કૂટમાં પણ જાણવું. અહીં ઉપલક્ષણથી પદ્મવર વેદિકાદિ અને સમભૂમિભાગ વર્ણન પણ જાણવું. તે ક્યાં સુધી કહેવું – બહુસમ રમણીય ભૂમિભાગના બહુ મધ્યદેશ ભાગે એક મોટો પ્રાસાદાવતંસક કહેલ છે. પ્રાસાદોની - લંબાઈથી બમણું ઉંચુ વાસ્તુ વિશેષમાં અવતંસક સમાન-શેખરક સમાન પ્રાસાદાવતંસક અર્થાત્ પ્રધાન પ્રાસાદ. તે ૬૨॥ યોજન ઉંચા, ૩૧॥ યોજન વિસ્તાર, સમચતુરસ્ર હોવાથી સૂત્રકારે લંબાઈ જણાવી નથી, તેનો હેતુ વૈતાઢ્ય કૂટના પ્રાસાદાધિકારમાં નિરૂપિત છે, ત્યાંથી જાણવું.

તે પ્રાસાદ કેવો છે ? અભિમુખ્યતાથી સર્વતઃ વિનીર્ગત ઉંચો-પ્રબળતાથી બધી દિશામાં પ્રસૃત છે. અથવા આકાશમાં ઉદ્‌ગત-પ્રબળતાથી ચોતરફ તીર્છી પ્રસૃત એવા પ્રકારે જે પ્રભા વડે બદ્ધ સમાન રહે છે. અન્યથા કઈ રીતે તે અતિ ઉંચે નિરાલંબ



રહે ? અહીં ઉત્પ્રેક્ષાથી આમ સૂચવેલ છે – ઉર્ધ્વ, અધો, તીર્છું લંબાઈથી જે પ્રાસાદપ્રભા, તે વળી રજ્જુઓ વડે બદ્ધ હોય અથવા પ્રબળ શ્વેતપ્રભાપટલતાથી પ્રકર્ષથી હસતી એવી હોય. અનેક પ્રકારના જે મણી અને રત્નો, તેના વિવિધરૂપે કે આશ્ચર્યવાન્, વાયુ વડે કંપિત અભ્યુદયસૂચક વૈજયંતી નામની જે પતાકા અથવા વૈજયંતીની પાર્શ્વકર્ણિકાથી પ્રધાન પ્રતાકા. ઉપર-ઉપર રહેલ છત્રો, તેના વડે યુક્ત, ઉંચા, ૬૨॥ યોજન પ્રમાણ. તેથી જ ગગન તલને પણ ઉલ્લંઘતા શિખરો જેના છે તે. ઘરની ભીંતોમાં રહેલ જાલક-જાળી, તેની વચ્ચે વિશિષ્ટ શોભા નિમિત્તે રત્નોની રચના જેમાં છે તે. પાંજરાથી બહાર નીકળેલ સમાન. જેમ કોઈપણ વસ્તુ વાંસાદિના પ્રચ્છાદન વિશેષથી બહાર કરી, અત્યંત-અવિનષ્ટ છાયા હોય, તેમ તે પ્રાસાદાવતંસક છે. અથવા જાલાંતરગત રત્ન સમુદાય વિશેષથી તે ઉઘાડાતા નેત્રની જેવો છે. વિકસિત કમળ વિશેષ દ્વારાદિમાં રત્નાદિથી ચિત્રિત હોય તેવો છે. અંદર બહાર સ્નિગ્ધ છે. રક્ત સુવર્ણની જે રેતી તેના પ્રતર પ્રાંગણમાં છે. બાકી પૂર્વવત્.

હવે આના નામાર્થની વ્યાખ્યા કરે છે – ભગવન્ ! કયા કારણે લઘુહિમવંતકૂટ આ નામે ઓળખાય છે ? ગૌતમ ! લઘુહિમવંત નામે મહર્દ્ધિક દેવ યાવત્ અહીં વસે છે. - x - x -

હવે એની રાજધાનીની વક્તવ્યતા કહે છે – લઘુ કે ક્ષુદ્ર હિમવતી રાજધાની ક્યાં છે ? સૂત્ર સ્પષ્ટ છે. લઘુ હિમવંતકૂટ ન્યાયથી બાકીની ભરતકૂટાદિ વક્તવ્યતા પણ જાણવી. લંબાઈ, પહોળાઈ, પરિધિ અને ઉપલક્ષણથી ઉચ્ચત્વ પણ કહેવું. - x - અહીં દેવતા શબ્દ દેવજાતિવાચી છે, તેથી ભરતાદિ દેવો, ઈલાદેવી આદિ દેવી લેવા. - x - x - અહીં ઈલાદેવી, સુરાદેવી ૫૬-દિક્કુમારી ગણની અંતર્વર્તી જાણવી. આના કૂટોની વ્યવસ્થા પૂર્વ, પૂર્વની ઉત્તર, ઉત્તર, પશ્ચિમમાં જાણવી.

હવે આ લઘુહિમવંત નામનું કારણ કહે છે – તે લઘુહિમવંત વર્ષધર પર્વત કેમ કહેવાય છે ? ગૌતમ ! મહાહિમવંત વર્ષધરની અપેક્ષાથી લંબાઈ આદિ બધામાં કંઈક લઘુતર-યોજન પ્રમાણથી આયામાદિની અપેક્ષાએ હ્રસ્વતર, ઉદ્વેધ અપેક્ષાથી ઓછો છે. બીજું અહીં લઘુ હિમવંત દેવ વસે છે બાકી પૂર્વવત્.

હવે આ વર્ષધરથી વિભક્ત હૈમવતક્ષેત્રની વક્તવ્યતા –

**● સૂત્ર-૧૩૧ :-**

***ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં હેમવંત નામે ક્ષેત્ર ક્યાં કહેલ છે ? ગૌતમ ! મહાહિમવંત વર્ષધર પર્વતની દક્ષિણે, લઘુહિમવંત વર્ષધર પર્વતની ઉત્તરે, પૂર્વ લવણસમુદ્રની પશ્ચિમે, પશ્ચિમ લવણસમુદ્રની પૂર્વે, આ જંબૂદ્વીપ દ્વીપમાં હેમવંત ક્ષેત્ર કહેલ છે.***

***આ ક્ષેત્ર પૂર્વ-પશ્ચિમ લાંબુ, ઉત્તર-દક્ષિણ પહોળું, પલ્યંક સંસ્થાન સંસ્થિત, બે તરફ લવણસમુદ્રને સ્પૃષ્ટ, પૂર્વની કોટિથી પૂર્વી લવણસમુદ્રને સ્પૃષ્ટ, પશ્ચિમી કોટિથી પશ્ચિમ લવણસમુદ્રને સ્પૃષ્ટ છે. ૨૧૦૫-$^{5}/_{19}$ યોજન વિસ્તારથી છે. તેની બાહા પૂર્વ-પશ્ચિમ ૬૭૫૫-$^{3}/_{19}$ યોજન લાંબી છે. તેની જીવા ઉત્તરમાં પૂર્વ-પશ્ચિમ બંને બાજુ લવણસમુદ્રને સ્પૃષ્ટ, પૂર્વની કોટીથી પૂર્વી લવણસમુદ્રને સ્પૃષ્ટ,***

*પશ્ચિમમાં યાવત્ સ્પૃષ્ટ, ૩૭,૬૭૪-$^{१६}/_{१९}$ યોજનથી કંઈક ન્યૂન લાંબી છે. દક્ષિણમાં તેનું ધનુપૃષ્ઠ પરિધિની અપેક્ષાથી ૩૮૭૪-$^{१०}/_{१९}$ યોજન છે.*

*ભગવન્ ! હેમવત ક્ષેત્રનો આકાર, ભાવ, પ્રત્યાવતાર કેવો કહેલ છે ? ગૌતમ ! બહુસમરમણીય ભૂમિભાગ કહેલ છે. તેનું સ્વરૂપ આદિ ત્રીજા આરા સમાન છે.*

● વિવેચન-૧૩૧ :-

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં હૈમવંત ક્ષેત્ર ક્યાં કહેલ છે ? ગૌતમ ! મહાહિમવંત વર્ષધર પર્વતની દક્ષિણે૦ આદિ સ્પષ્ટ છે. - x - વિશેષ એ કે તે પલ્યંકસંસ્થાને રહેલ છે, કેમકે લાંબુ ચોખૂણ છે. તથા ૨૧૦૫-$^{५}/_{१९}$ ભાગ પહોળું છે. લઘુહિમવંતગિરિ કરતાં પહોળાઈમાં તે બમણું છે. હવે તેના બાહાદિ કહે છે — તેની બાહા આદિ સ્પષ્ટ છે અને સૂત્રાર્થમાં કહેલ છે. - x - x -

હવે તેનું સ્વરૂપ કહે છે — પૂર્વે વ્યાખ્યાત છે. વિશેષ એ કે ઉક્ત પ્રકારે ત્રીજા સુષમદુઃષમ આરા જેવો તેનો સ્વભાવાદિ જાણવા.

હવે ક્ષેત્ર વિભાગકારી પર્વતનું સ્વરૂપ નિર્દેશે છે —

● સૂત્ર-૧૩૨ :-

*ભગવન્! હૈમવંત ક્ષેત્રમાં શબ્દાપાતી નામે વૃત્તવૈતાઢ્ય પર્વત ક્યાં છે? ગૌતમ! રોહિતા મહાનદીની પશ્ચિમે રોહિતાંશા મહાનદીની પૂર્વમાં, હૈમવંત ક્ષેત્રના બહુમધ્યદેશ ભાગમાં, અહીં શબ્દાપાતી નામક વૃત્ત વૈતાઢ્ય પર્વત કહેલ છે.*

*આ પર્વત ૧૦૦૦ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી, ૨૫૦ યોજન ભૂમિમાં, સર્વત્ર સમ, પલ્યંક સંસ્થાન સંસ્થિત, ૧૦૦૦ યોજન લાંબો-પહોળો, ૩૧૬૨ યોજનથી કંઈક વિશેષાધિક પરિધિથી કહેલ છે. તે સર્વ રત્નમય અને નિર્મળ છે. એક પદ્મવરવેદિકા અને એક વનખંડથી ચારે તરફથી સંપરિવૃત્ત છે. વેદિકા અને વનખંડ વર્ણન કહેવું.*

*શબ્દાપાતી વૃત્ત વૈતાઢ્યની ઉપર બહુસમરમણીય ભૂમિભાગ કહેલ છે, તે બહુસમરમણીય ભૂમિભાગના બહુમધ્યદેશ બાગમાં અહીં એક મોટું પ્રાસાદાવતંસક કહેલ છે. જે ૬૨ા યોજન ઉર્ધ્વ ઉંચુ, ૩૧ા યોજન લાંબુ-પહોળું યાવત્ સપરિવાર સીંહાસન કહેવું.*

*ભગવન્ ! તે શબ્દાપાતી વૃત્ત વૈતાઢ્ય પર્વત કેમ કહેવાય છે ? ગૌતમ ! શબ્દાપાતી વૃત્ત વૈતાઢ્ય ક્ષુદ્રા-ક્ષુદ્રિકા વાપીમાં યાવત્ બિલપંક્તિમાં ઘણાં ઉત્પલ, પદ્મ આદિ છે, જેની પ્રભા શબ્દાપાતી છે, વર્ણ શબ્દાપાતી છે, શબ્દાપાતી વર્ણાભા છે, અહીં શબ્દાપાતી નામે મહર્દ્ધિક યાવત્ મહાનુભાવ, પલ્યોપમ સ્થિતિક દેવ વસે છે. તે ત્યાં ૪૦૦૦ સામાનિકો૦ યાવત્ રાજધાની મેરુ પર્વતની દક્ષિણે બીજા જંબૂદ્વીપમાં છે૦*

● વિવેચન-૧૩૨ :-

ભગવન્ ! હૈમવત વર્ષમાં શબ્દાપાતી નામે વૃત્ત વૈતાઢ્ય ક્યાં છે ? વૈતાઢ્યનો અન્વર્થ પૂર્વે કહ્યો છે. અહીં ભરતાદિ ક્ષેત્રવર્તી વૈતાઢ્ય પર્વતવત્ વૃત્ત કહ્યો નથી.



તેથી જ આનો કરેલ ક્ષેત્રવિભાગ પૂર્વ અને પશ્ચિમથી થાય છે. જેમ પૂર્વ અને પશ્ચિમ હૈમવંત છે. - x -

આ ગિરિ ક્ષેત્રને બે ભાગમાં કઈ રીતે વિભક્ત થાય છે ? પ્રસ્તુત ક્ષેત્ર વ્યાસ જ બંને પડખે રોહિતા અને રોહિતાંશા નદીઓ વડે રુદ્ધ છે, કેમકે મધ્યમાં છે. હવે નદી રુદ્ધ ક્ષેત્રને વર્જીને બાકીનું ક્ષેત્ર આને બે ભાગમાં કરે છે, તે અર્થમાં વૈતાઢ્ય શબ્દની પ્રવૃત્તિ છે. એ પ્રમાણે બાકીના વૃત્તવૈતાઢ્યોમાં પણ સ્વસ્વ ક્ષેત્ર સ્વસ્વ નદીના આલાવાથી ભાવવું. દિશાના વિભાગનું નિયમન સુલભ છે, માટે કહેતા નથી.

આ પર્વત ૧૦૦૦ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી છે, ૨૫૦ યોજન ઉદ્વેધથી છે, સર્વત્ર તુલ્ય છે. કેમકે અધો-મધ્ય-ઉર્ધ્વ દેશોમાં હજાર-હજાર યોજન વિસ્તારથી છે. તેથી જ પલ્યંક સંસ્થાન સંસ્થિત છે. પલ્યંક-લલાટ દેશપ્રસિદ્ધ વંશ દલથી નિર્માપિત ધાન્યના આધારરૂપ કોઠી. તે ૧૦૦૦ યોજન લાંબો-પહોળો, ૩૧૬૨ યોજનથી કંઈક વિશેષ કહેલ છે. તે સંપૂર્ણ રત્નમય છે, કેટલાંક વૃત્તવૈતાઢ્યને રજતમય કહે છે. પર તે આ ગ્રંથ સાથે વિરુદ્ધપણે છે.

હવે પદ્મવરવેદિકા — તે વ્યક્ત છે. હવે નામાર્થ નિરૂપણ-તે પૂર્વવત્ છે. પૂર્વોક્ત ઋષભકૂટ પ્રકરણવત્ વ્યાખ્યા કરવી. વિશેષ એ - અહીં ઋષભને સ્થાને "શબ્દાપાતી" શબ્દ પ્રયોજતા શબ્દાપાતીપ્રભા, શબ્દાપાતી વર્ણના ઉત્પલાદિ વડે શબ્દાપાતી વૃત્તવૈતાઢ્ય નામ જાણવું અથવા અહીં શબ્દાપાતી નામે મહર્દ્ધિક યાવત્ દેવ વસે છે.

હવે શબ્દાપાતિ દેવને વિશેષથી કહે છે — શબ્દાપાતી દેવ, પ્રસ્તુત ગિરિમાં ૪૦૦૦ સામાનિક દેવો૦ યાવત્ પદથી વિજય દેવનું વર્ણન સૂત્ર સર્વે પણ જાણવું. ક્યાં સુધી ? રાજધાની, મેરુની દક્ષિણમાં બીજા જંબૂદ્વીપ દ્વીપમાં છે. - x - પૂર્વસૂત્રમાં જે યોજિત છે, તે ઘણું કરીને વિજયદેવ પ્રકરણાદિ સૂત્રમાં આમ જ કહ્યું છે. - x - ઈત્યાદિ. શબ્દાપાતી વૃત્ત વૈતાઢ્યને બીજા ગ્રંથોમાં અધિપઃસ્વાતિ નામે કહેલ છે, તે મતાંતર કે નામાંતર જાણવું. હવે હૈમવત વર્ષનો નામાર્થ પૂછે છે —

● સૂત્ર-૧૩૩ :-

*ભગવન્! હૈમવંત ક્ષેત્રને હૈમવંત ક્ષેત્ર કેમ કહે છે? ગૌતમ! લઘુહિમવંત-મહાહિમવંત વર્ષધર પર્વતથી બંને તરફ સમવગૂઢ, નિત્ય હેમ-સુવર્ણ આપે છે, હેમ આપીને નિત્ય હેમ-સુવર્ણને પ્રકાશે છે. હૈમવત નામે અહીં મહર્દ્ધિક, પલ્યોપમ સ્થિતિક દેવ વસે છે. તેથી ગૌતમ! હૈમવત ક્ષેત્રને હૈમવતક્ષેત્ર કહે છે.*

● વિવેચન-૧૩૩ :-

કયા અર્થથી ભગવન્ ! હૈમવત ક્ષેત્રને હૈમવત ક્ષેત્ર કહેલ છે ? લઘુ હિમવંત અને મહાહિમવંત વર્ષધર પર્વતો વડે દક્ષિણ અને ઉત્તર પાર્શ્વમાં સમવગાઢ છે. તેથી હિમવત એવું આ હૈમવત છે. અર્થાત્ લઘુ હિમવંત અને મહાહિમવંતના અપાંતરાલમાં જે ક્ષેત્ર છે, તેના વડે અનુક્રમે બંને બાજુ-દક્ષિણ ઉત્તર પડખે સીમા કરેલી છે તે બંને સંબંધી કે પછી ત્રણે કાળમાં સુવર્મ આપે છે અર્થાત્ ત્યાં યુગ્મી મનુષ્યોને બેસવાને માટે સુવર્ણમય શિલાપટ્ટકનો ઉપયોગ થાય છે. તે ઉપચારથી આપે છે નિત્ય હેમ-પ્રકાશે છે, તેથી હેમના નિત્ય યોગથી હૈમવત્. - x - વળી અહીં હૈમવત્ નામે

મહર્દ્ધિક દેવ વસે છે. તેના યોગથી હૈમવત્ - x -

હવે આની જ ઉત્તરથી સીમાકારી વર્ષધરપર્વતની વિવક્ષા —

● સૂત્ર-૧૩૪ :-

*ભગવન્ ! જંબૂદ્વીપમાં મહાહિમવંત નામે વર્ષધર પર્વત ક્યાં છે ? ગૌતમ ! હરિવર્ષની દક્ષિણે, હેમવત ક્ષેત્રની ઉત્તરે, પૂર્વી લવણ-સમુદ્રની પશ્ચિમે, પશ્ચિમ લવણસમુદ્રની પૂર્વે, અહીં જંબૂદ્વીપ દ્વીપમાં મહાહિમવંત નામે વર્ષધર કહે છે.*

*તે પૂર્વ-પશ્ચિમ લાંબો, ઉત્તર-દક્ષિણ પહોળો, પલ્યંક સંસ્થાને રહેલ, બંને તરફ લવણસમુદ્રને સ્પૃષ્ટ, પૂર્વી કોટીથી યાવત્ સ્પૃષ્ટ, પશ્ચિમી કોટીથી પશ્ચિમી લવણસમુદ્રને સ્પૃષ્ટ છે. તે ૨૦૦ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી, ૫૦ યોજન ભૂમિમાં ૪૨૧૦-$^{૧૦}/_{૧૯}$ યોજન વિસ્તારથી છે.*

*તેની બાહા પૂર્વ-પશ્ચિમ ૯૨૭૬-$^{૯॥}/_{૧૯}$ યોજન લાંબી છે તે જીવા ઉત્તરથી પૂર્વ-પશ્ચિમ લાંબી લવણસમુદ્રને સ્પૃષ્ટ, પૂર્વી કોટીથી પૂર્વી લવણસમુદ્રને સ્પૃષ્ટ, પશ્ચિમી યાવત્ સ્પૃષ્ટ, ૫૩,૯૩૧-$^{૬}/_{૧૯}$ યોજનથી કંઈક વિશેષાધિક લાંબી છે. તેનું ધનુ દક્ષિણથી ૫૭૨૯૩-$^{૧૦}/_{૧૯}$ યોજન પરિધિથી છે. તે રૂચક સંસ્થાન સંસ્થિત, સર્વ રત્નમય, સ્વચ્છ, બંને પડખે બે પદ્મવરવેદિકા અને બે વનખંડથી સંપરિવૃત્ત છે.*

*મહાહિમવંત વર્ષધર પર્વતની ઉપર બહુસમ રમણીય ભૂમિભાગ કહેલ છે, યાવત્ વિવિધ પંચવર્ણીમણી અને તૃણ વડે ઉપશોભિત છે યાવત્ દેવ-દેવીઓ ત્યાં બેસે છે - સુએ છે.*

● વિવેચન-૧૩૪ :-

સૂત્ર પૂર્વવત્ જાણવું. વિશેષ એ-૨૦૦ યોજન ઉંચો છે, કેમકે લઘુ હિમવંત વર્ષધરથી બે ગણો ઉંચો છે. ૫૦ યોજન ભૂમિમાં છે. મેરુ સિવાયના મનુષ્યક્ષેત્ર ગિરિ વડે સ્વ ઉચ્ચત્વના ચતુર્થાંશ ઉદ્વેધ હોય છે. તે ૪૨૧૦-$^{૧૦}/_{૧૯}$ યોજન વિસ્તારથી છે, તે હૈમવત્ ક્ષેત્રથી બમણું છે.

આના બાહાદિ ત્રણે સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ એ — અહીં આ સર્વરત્નમય કહેલ છે. બીજે પીતસ્વર્ણમય કહેલ છે, તે મતાંતર જાણવું. આ કારણે જંબૂદ્વીપ પટ્ટ આદિમાં પીળો વર્ણ દેખાય છે. હવે સ્વરૂપની વિભાવના - બધું જગતીની પદ્મવરવેદિકા-વનખંડવર્ણકવત્ ગ્રહણ કરવું. - હવે દ્રહનું સ્વરૂપ કહે છે —

● સૂત્ર-૧૩૫ :-

*મહાહિમવંતના બહુમધ્ય દેશભાગમાં અહીં એક મહાપદ્મદ્રહ નામે દ્રહ કહેલ છે. તે ૨૦૦૦ યોજન લાંબુ, ૧૦૦૦ યોજન પહોળું અને ૧૦ યોજન ઉંડુ છે. તે સ્વચ્છ, રજતમય કિનારાયુક્ત છે. એ પ્રમાણે લંબાઈ-પહોળાઈ સિવાય પદ્મદ્રહની વક્તવ્યતા જ અહીં જાણવી. તેમાં મધ્યે બે યોજનપ્રમાણ પદ્મ છે. અર્થ યાવત્ મહાપદ્મદ્રહ વર્ણાભા છે અહીં 'હ્રી' નામે દેવી યાવત્ પલ્યોપમસ્થિતિક વસે છે. એ કારણથી ગૌતમ ! એ પ્રમાણે કહેલ છે.*

*અથવા હે ગૌતમ ! મહાપદ્મદ્રહનું શાશ્વત નામ કહેલ છે, જે કદાપી ન*



*હતું તેમ નહીં ઈત્યાદિ૦*

*તે મહાપદ્મદ્રહના દક્ષિણી તોરણથી રોહિતા મહાનદી નીકળતા ૧૬૦૫-$^{૫}/_{૧૯}$ યોજન દક્ષિણાભિમુખી પર્વતમાં જઈને મોટા ઘટ-મુખથી નીકળતી મુક્તાવલિ હાર સંસ્થિત, સાતિરેક ૨૦૦ યોજનના પ્રપાતથી પડે છે. રોહિતા નદી જ્યાંથી પડે છે, અહીં એક મોટી જિહ્વિકા છે તે જિહ્વિકા એક યોજન લાંબી, ૧૨॥ યોજન વિષ્કંભથી, એક કોશની જાડાઈથી, વિવૃત્ત મગરમુખના આકારે રહેલ, સર્વ વજ્રમય, સ્વચ્છ છે.*

*રોહિતા મહાનદી જ્યાં પડે છે, ત્યાં એક મોટો રોહિતપ્રપાત નામે કુંડ છે. તે ૧૨૦ યોજન લાંબો-પહોળો છે. ૩૮૦ યોજનથી કંઈક ન્યૂન પરિધિથી, ૧૦ યોજન ઉંડો, સ્વચ્છ, શ્લક્ષ્ણાદિ વર્ણન પૂર્વવત્. તેનું તલ વજ્રમય, વૃત્ત, સમતીર છે યાવત્ તોરણ સુધી કહેવું.*

*તે રોહિતા પ્રપાત કુંડના બહુમધ્યદેશ ભાગમાં અહીં એક મોટો રોહિતદ્વીપ નામે દ્વીપ કહેલ છે. તે ૧૬-યોજન લાંબો-પહોળો, સાતિરેક ૫૦-યોજન પરિધિથી, જળના અંતથી બે કોશ ઉંચો, સર્વ વજ્રમય અને સ્વચ્છ છે. તે એક પદ્મવર વેદિકા અને એક વનખંડથી ચોતરફથી સંપરિવરેલ છે.*

*રોહિતદ્વીપની ઉપર બહુસમ રમણીય ભૂમિભાગ કહેલ છે. તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્યદેશ ભાગમાં અહીં એક મોટું ભવન કહેલ છે. તે એક કોશ લાંબુ આદિ પૂર્વવત્ કહેવું.*

*તે રોહિતપ્રપાતકુંડની દક્ષિણના તોરણથી રોહિતા મહાનદી નીકળતી હૈમવત ક્ષેત્રમાં જતી-જતી શબ્દાપાતી વૃત્ત વૈતાઢ્ય પર્વતની અર્ધયોજન દૂરથી પૂર્વાભિમુખી વળીને હૈમવત ક્ષેત્રને બે ભાગમાં વિભક્ત કરતી ૨૮,૦૦૦ નદીઓથી સહિત જગતીને નીચેથી ચીરતી પૂર્વી લવણ સમુદ્રમાં મળે છે. રોહિતા નદીના રોહિતાંશાની માફક પ્રવાહ અને મુખ કહેવા યાવત્ સંપરિવરેલ છે.*

*તે મહાપદ્મ દ્રહના ઉત્તરના તોરણથી હરિકાંતા મહાનદી નીકળી ૧૬૦૫-$^{૫}/_{૧૯}$ યોજન ઉત્તરાભિમુખ પર્વતમાં જઈને મોટા ઘટમુખથી નીકળી મુક્તાવલિહાર આકારે સાતિરેક ૨૦૦ યોજનના પ્રવાહથી પડે છે હરિકાંતા મહાનદી જ્યાં પડે છે, ત્યાં એક મોટી જિહ્વિકા કહી છે. તે બે યોજન લાંબી, ૨૫-યોજન પહોળી, અર્ધયોજન જાડી, વિવૃત્ત મગરના મુખના આકારે રહેલ, સર્વ રત્નમયી, સ્વચ્છ છે.*

*હરિકાંતા મહાનદી જ્યાં પડે છે, ત્યાં એક મોટો હરિપ્રપાત કુંડ નામે કુંડ કહેલ છે. તે ૨૪૦ યોજન લાંબો-પહોળો, ૭૫૯ યોજનની પરિદિવાળો, સ્વચ્છ છે એમ કુંડવક્તવ્યતા તોરણ સુધી જાણવી.*

*તે હરિકાંત પ્રપાત કુંડના બહુમધ્યદેશ ભાગમાં અહીં એક મોટો હરિકાંતદ્વીપ નામે દ્વીપ છે. તે ૩૨-યોજન લાંબો-પહોળો, ૧૦૧ યોજન પરિધિવાળો, બે કોશ જલાંતથી ઉંચો, સર્વ રત્નમય, સ્વચ્છ છે. તે એક પદ્મવર વેદિકા અને એક વનખંડથી યાવત્ પરિવરેલ છે. વર્ણન કહેવું. પ્રમાણ, શયનીય અને અર્થ કહેવો.*

*તે હરિપ્રપાત કુંડના ઉત્તરના તોરણથી યાવત્ નીકળતી હરિવર્ષ ક્ષેત્રમાં*

***વહેતી એવી વિકટાપાતી વૃત્તવૈતાઢ્યના એક યોજના દૂરથી પશ્ચિમાભિમુખ વળીને હરિવર્ષ ક્ષેત્રને બે ભાગમાં વિભક્ત કરતી ૫૬,૦૦૦ નદીઓ વડે આપૂર્ણ થઈ, જગતી નીચેથી ચીરતી પશ્ચિમ લવણસમુદ્રમાં મળે છે. હરિકાંતા મહાનદી પ્રવાહમાં ૨૫-યોજન વિસ્તારથી, અર્ધયોજન ઉંડાઈથી છે. ત્યારપછી માત્રાથી વૃદ્ધિ પામતી-પામતી સમુદ્ર મુખ પાસે ૨૫૦ યોજન વિસ્તારથી, પાંચ યોજન ઉદ્વેધથી, બંને પડખે બે પદ્મવરવેદિકા, બે વનખંડોથી પરિવરેલ છે.***

**● વિવેચન-૧૩૫ :-**

મહાહિમવંત૰ ઈત્યાદિ પ્રાયઃ પદ્મદ્રહસૂત્ર મુજબ કહેવા. હવે અહીં દક્ષિણદ્વારેથી નીકળતી નદીનો નિર્દેશ કરે છે — મહાપદ્મ દ્રહના દક્ષિણી તોરણેથી રોહિતા મહાનદી નીકળતા - ૧૬૦૫-૫/૧૯ યોજન દક્ષિણાભિમુખી પર્વતથી જઈને મોટા ઘટમુખથી નીકળે છે આદિ સૂત્રાર્થ મુજબ જાણવું. પણ સાતિરેક કહ્યું તે રોહિતાપ્રપાતકુંડના ઉદ્વેધની અપેક્ષાથી જાણવું. પ્રપાતથી પડે છે. - x - x - બાકીનું બધું રોહિતાંશાના આલાવાથી કહેવું.

હવે તે જ્યાંથી પડે છે, તે બતાવે છે — રોહિતા૰ આદિ પૂર્વવત્. હવે જ્યાંતી પડે છે તે કહે છે — રોહિતા૰ પૂર્વે વ્યાખ્યાત પ્રાયઃ છે. વિશેષ એ - ૧૨૦ યોજન ગંગાપ્રપાત કુંડથી બમણી લંબાઈ-પહોળાઈથી છે, ૩૮૦ યોજનથી કંઈક ન્યૂન, તે ન્યૂનત્વ કરણથી ૩૭૯ યોજન, ૧-કોશ અને કેટલાંક ધનુષ્ અધિક પરિધિ છે.

હવે એની દ્વીપ વક્તવ્યતા — સ્પષ્ટ છે. વિશેષ એ - ગંગા દ્વીપથી બમણી લંબાઈ-પહોળાઈથી ૧૬-યોજન રોહિતદ્વીપ પ્રમાણ છે. - x - શેષ વિષ્કંભાદિ પ્રમાણ તેમજ છે. અર્થાત્ અર્ધક્રોશ વિસ્તાર, દેશોન ક્રોશ ઉચ્ચત્વથી, ચ શબ્દથી રોહિતાદેવી શયનાદિ વર્ણન કહેવું. "રોહિતદ્વીપ નામ" સૂત્ર જાણવું. હવે તેનું લવણગામીત્વ કહે છે —

તે રોહિતા પ્રપાતકુંડના દક્ષિણી દ્વારથી રોહિતાનદી નીકળી સમુદ્ર મુખાપાસે આવે છે. શબ્દાપાતી વૃત્ત વૈતાઢ્ય પર્વતના અર્ધ યોજનથી અસ્પૃષ્ટ રહે છે. હૈમવતં ક્ષેત્રના બે ભાગ કરતી, ૨૮,૦૦૦ નદી વડે પૂર્ણ, ભરતનદીથી બે ગણી નદી પરિવારપણાથી છે. જંબૂદ્વીપ કોટ્ટને ચીરીને પૂર્વ ભાગથી લવણસમુદ્રમાં મળે છે. - x -

હવે અહીંથી ઉત્તર ગામિની નદી ક્યાં અવતરે છે? તે સ્પષ્ટ છે. અહીં "સર્વ રત્નમય" પાઠ ઘણાં આદર્શોમાં લિપિ પ્રમાદથી આવેલ સંભવે છે. ગ્રંથોમાં બધે જિહ્વિકાને વજ્રમયત્વથી કહેલ છે. કેમકે પ્રાયઃ જળાશય વજ્રમયત્વથી જ યુક્ત હોય છે.

હરિકાંતા પ્રપાતકુંડ ૨૪૦ યોજન લાંબો-પહોળો, ૭૫૯ યોજન પરિધિથી છે. ત્રણ સૂત્રો પૂર્વવત્ જાણવા. વિશેષ - વિકટાપાતી વૃત્ત વૈતાઢ્યથી યોજન દૂરથી પશ્ચિમમાં વળીને હરિવર્ષ ક્ષેત્રને બે ભાગમાં વિભક્ત કરતાં ૫૬,૦૦૦ નદીથી પરિપૂર્ણ, કેમકે હૈમવત ક્ષેત્રની નદીથી બે ગુણો નદી પરિવાર છે. પશ્ચિમ ભાગે લવણમાં મળે છે.

હવે તેના પ્રવાહાદિનું પ્રમાણ કહે છે — હરિકાંતા મહાનદી પ્રવહ-દ્રહ નિર્ગમમાં ૨૫ યોજન વિસ્તારથી, અર્ધયોજન ઉંડી, પછી માત્રાથી ક્રમે ક્રમે પ્રતિયોજન બંને પડખે વધતી-વધતી ૪૦ ધનુષ્, અર્થાત્ બંને પડકે ૨૦-૨૦ ધનુષ્ વધે છે અને



સમુદ્રના પ્રવેશમાં તે ૨૫૦ યોજન વિસ્તારથી, પાંચ યોજન ઉંડી, બંને તરફ બે પદ્મવરવેદિકા અને બે વનખંડોથી પરિવરેલ છે. — હવે તેના કૂટની વક્તવ્યતા —

**● સૂત્ર-૧૩૬ :-**

***ભગવન્ ! મહાહિમવંત વર્ષધર પર્વતમાં કેટલા કૂટો કહેલા છે ? ગૌતમ ! આઠ કૂટો કહેલા છે. તે આ પ્રમાણે — સિદ્ધાયતન, મહાહિમવંત, હૈમવત, રોહિત, હ્રી, હરિકાંત, હરિવર્ષ, વૈડૂર્ય. એ રીતે લઘુહિમવંતકૂટની જે વક્તવ્યતા છે, તે બધી જ અહીં જાણવી.***

***ભગવન્ ! તે મહાહિમવંત વર્ષધર નામે કેમ ઓળખાય છે ? ગૌતમ ! મહાહિમવંત વર્ષધર પર્વત, લઘુહિમવંત વર્ષધર પર્વતની અપેક્ષાથી લંબાઈ, ઉંચાઈ, ઉંડાઈ, વિસ્તાર. પરિધિથી મહત્તર અને દીર્ઘતર છે. અહીં મહર્દ્ધિક યાવત્ પલ્યોપમ સ્થિતિક મહાહિમવંત નામક દેવ યાવત્ વસે છે.***

**● વિવેચન-૧૩૬ :-**

મહાહિમવંત વર્ષધર પર્વતમાં કેટલા કૂટો છે ? સૂત્ર સુગમ છે કૂટાનો નામ - સિદ્ધાયનકૂટ ઈત્યાદિ છે. તે રત્નમય છે અને મહા હિમવંતાદિ દેવ-દેવી તેના સ્વામી છે. કૂટોનું ઉચ્ચત્વાદિ, સિદ્ધાયતન અને પ્રાસાદોનું પ્રમાણ, તેના સ્વામી, રાજધાની આદિ બધું અહીં કહેવું. માત્ર તે દેવ-દેવી અને રાજધાનીના નામોમાં તફાવત છે.

હવે મહાહિમવંતનો નામાર્થ નિરૂપેલ છે, તે સ્પષ્ટ છે. વિશેષ એ - લઘુહિમવંત વર્ષધર પર્વતની અપેક્ષાએ તે મોટો છે. યોજનના વિચિત્રપણાથી લંબાઈની અપેક્ષાથી દીર્ઘતર, ઉંચાઈથી મહત્તરક છે - x - ઈત્યાદિ - x - હવે હરિવર્ષક્ષેત્રનો અવસર છે—

**● સૂત્ર-૧૩૭ :-**

***ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં હરિવર્ષ નામે ક્ષેત્ર કહેલ છે. ગૌતમ ! નિષધ વર્ષધર પર્વતની દક્ષિણે, મહાહિમવંત વર્ષધર પર્વતની ઉત્તરે પૂર્વી લવણસમુદ્રની પશ્ચિમે, પશ્ચિમી લવણસમુદ્રની પૂર્વે, અહીં જંબૂદ્વીપ દ્વીપમાં હરિવર્ષ ક્ષેત્ર કહેલ છે. એ પ્રમાણે યાવત્ પશ્ચિમી કોટિથી પશ્ચિમી લવણ સમુદ્રને સ્પર્શે છે.***

***તે ક્ષેત્ર ૮૪૨૧-૧/૧૯ યોજન વિસ્તારથી છે. તેની બાહા પૂર્વ-પશ્ચિમ ૧૩૩૬૧ યોજન અને ૬॥ કળા લાંબી છે. તેની જીવા ઉત્તરમાં પૂર્વ-પશ્ચિમ લાંબી, બંને બાજુ લવણસમુદ્રને સ્પર્શે છે. પૂર્વી કોટિથી પૂર્વના યાવત્ લવણસમુદ્રને સ્પૃષ્ટ છે. તે ૭૩,૯૦૧ યોજન અને ૧૭॥ કળા લાંબી છે. તેની ધનુ દક્ષિણમાં ૮૪,૦૧૬-૪/૧૯ યોજનની પરિધિથી છે.***

***ભગવન્ ! હરિવર્ષ ક્ષેત્રના આકાર, ભાવ, પ્રત્યાવતાર કેવા કહેલ છે ? ગૌતમ ! બહુ સમરમણીય ભૂમિભાગ કહેલ છે યાવત્ મણી અને તૃણોથી ઉપશોભિત છે. તથા મણી અને તૃણોના વર્ણ, ગંધ, સ્પર્શ, શબ્દ કહેવા. હરિવર્ષ ક્ષેત્રના તે-તે દેશમાં ત્યાં-ત્યાં ઘણાં ક્ષુદ્રા-ક્ષુદ્રિકા છે. એ પ્રમાણે જે સુષમા આરાનો અનુભાવ છે. તે બધો સંપૂર્ણ અહીં કહેવો.***

***ભગવન્ ! હરિવર્ષ ક્ષેત્રમાં વિકટાપાતી નામે વૃત્તવૈતાઢ્ય પર્વત ક્યાં કહેલ છે ? ગૌતમ ! હરીતા મહાનદીની પશ્ચિમે, હરિકાંતા મહાનદીની પૂર્વે,***

*હરિવર્ષના બહુ મધ્ય દેશ ભાગમાં અહીં વિકટાપાતી નામે વૃત્ત વૈતાઢ્ય પર્વત કહેલ છે. એ પ્રમાણે જે કંઈ શબ્દાપાતીના વિષ્કંભ, ઉંચાઈ, ઉંડાઈ, પરિધિ, સંસ્થાન વર્ણન છે, તે જ વિકટાપાતી વૃત્ત વૈતાઢ્યનો કહેવો. વિશેષ એ — અરુણદેવ, પદ્મો યાવત્ વિકટાપાતી વર્ણાભા, અરુણ અહીં મહર્દ્ધિક દેવ છે એ પ્રમાણે યાવત્ દક્ષિણમાં રાજધાની છે, તેમ જાણવું.*

*ભગવન્! હરિવર્ષને "હરિવર્ષ" કેમ કહે છે?ત ગૌતમ! હરિવર્ષમાં મનુષ્યો અરુણ, અરુણ આભાવાળા છે, કોઈ શંખદલ સદૃશ શ્વેત છે. અહીં મહર્દ્ધિક યાવત્ પલ્યોપમ સ્થિતિક દેવ વસે છે. તેથી હે ગૌતમ! એ પ્રમાણે કહેલ છે.*

● **વિવેચન-૧૩૭ :-**

સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ એ કે — ૮૪૨૧ યોજન, ૧-કળા પહોળો છે. કેમકે તે મહાહિમવંતથી વિસ્તારમાં બમણો છે. તેના બાહા આદિ ત્રણ સૂત્ર સ્પષ્ટ છે. હવે તેનું સ્વરૂપ પૂછે છે — ભગવન્ ! હરિવર્ષ ક્ષેત્રના આકાર-ભાવ-પ્રત્યાવતાર કેવા છે ? ગૌતમ ! બહુસમ રમણીય ભૂમિભાગ કહેલ છે. અહીં અતિદેશ વાક્ય છે — મણિ અને તૃણોથી શોભે છે. તથા મણી અને તૃણોના વર્ણાદિ પદ્મવર વેદિકાનુસાર કહેવા.

હવે જલાશયના સ્વરૂપની નિરૂપણા કરે છે - x - ક્ષેત્રના સરસત્વથી તે-તે દેશ પ્રદેશમાં ક્ષુદ્રિકાદિ જળાશયો છે. અહીં એકદેશના ગ્રહણથી બધાં જ વાપી-જળાશય આદિનો આલાવો લેવો. હવે કાળનો નિર્ણય કહે છે — ઉક્ત પ્રકારે કહેતા તે ક્ષેત્રમાં, જે અવસર્પિણીના બીજા-સુષમા આરાનો અનુભવ છે, તે સંપૂર્ણ કહેવો. કેમકે સુષમા પ્રતિભાગ નામક અવસ્થિત કાળનો ત્યાં સંભવ છે.

હવે આ ક્ષેત્રનો વિભાજકગિરિ કહે છે — ઉત્તરસૂત્ર આ રીતે — હરિસલિલા મહાનદીની પશ્ચિમે, હરિકાંતા મહાનદીની પૂર્વે, હરિવર્ષક્ષેત્રના ઠીક મધ્યદેશ ભાગમાં વિકટાપાતી વૃત્તવૈતાઢ્ય પર્વત કહેલ છે. હવે અતિદેશ સૂત્ર કહે છે — એ પ્રમાણે વિકટપાતી વૃત્ત વૈતાઢ્યના વર્ણન મુજબ શબ્દાપાતીના વિષ્કંભાદિનું વર્ણન કહેવું. ચ કારથી ત્યાંનો પ્રાસાદ, તેના સ્વામી, રાજધાની આદિ લેવા.

વિકટાપાતી પ્રભા, વિકટાપાતી વર્ણાભાથી વિકટાપાતી નામ છે. અરુણ અહીંનો દેવ છે, તે આધિપત્ય અને પાલન કરે છે. તેના યોગથી તે નામ પ્રસિદ્ધ છે. વિસદૃશ નામક દેવથી વિકટાપાતી નામ કઈ રીતે થાય ? અરુણ વિકટાપાતીનો પતિ છે. સામાનિકાદિ પણ આ નામે જ પ્રસિદ્ધ છે, તેના સામર્થ્યથી વિકટાપાતી કહ્યું. જેમ સુસ્થિત લવણોદના અધિપતિ ગૌતમથી ગૌતમદ્વીપ કહે છે. - x - એ રીતે મેરુની દક્ષિણ દિશામાં રાજધાની જાણવી.

હવે હરિવર્ષનો નામાર્થ પૂછે છે — પ્રશ્નસૂત્ર સુગમ છે. ઉત્તરમાં — હરિવર્ષ ક્ષેત્રમાં કેટલાંક મનુષ્યો અરુણ-રક્તવર્ણી છે - x - અરુણ અવભાસે છે. કેટલાંક શંખના ખંડવત્ અતિશ્વેત સદૃશ છે તેના યોગથી હરિવર્ષ ક્ષેત્ર કહે છે. શો અર્થ છે ? 'हरि' શબ્દથી સૂર્ય અને ચંદ્ર, ત્યાં કેટલાંક મનુષ્યો સૂર્ય જેવા લાલ છે. અહીં ઉગતો સૂર્ય લેવો, કેટલાંક ચંદ્ર જેવા શ્વેત છે. હરિ જેવા હરિત મનુષ્યો, - x - તેના યોગથી ક્ષેત્ર "હરિ" એમ કહે છે. - x - અથવા હરિવર્ષ નામે અહીં દેવનું આધિપત્ય છે,



- x - તેના યોગથી હરિવર્ષ.

હવે આ ક્ષેત્ર નિષધની દક્ષિણે કહેલ છે, તેથી નિષધ—

● **સૂત્ર-૧૩૮ :-**

*ભગવન્ ! જંબૂદ્વીપદ્વીપમાં નિષધ નામે વર્ષધર પર્વત ક્યાં કહેલ છે ? ગૌતમ ! મહાવિદેહ ક્ષેત્રની દક્ષિણે, હરિવર્ષ ક્ષેત્રની ઉત્તરે, પૂર્વી લવણસમુદ્રની પશ્ચિમે, પશ્ચિમી લવણ સમુદ્રની પૂર્વે અહીં જંબૂદ્વીપદ્વીપમાં નિષધ નામે વર્ષધર પર્વત કહેલ છે.*

*તે પર્વત પૂર્વ-પશ્ચિમ લાંબો, ઉત્તર-દક્ષિણ વિસ્તીર્ણ, બંને તરફ લવણસમુદ્રને સ્પૃષ્ટ, પૂર્વકોટિથી યાવત્ પશ્ચિમીને સ્પૃષ્ટ યાવત્ સ્પૃષ્ટ છે. તે ૪૦૦ યોજન ઉર્ધ્વ ઉંચો, ૪૦૦ ગાઉ ભૂમિમાં, ૧૬,૮૪૨ યોજન, ૨-કળા વિસ્તારથી છે.*

*તેની બાહા પૂર્વ-પશ્ચિમમાં ૨૦,૧૬૫ યોજન, ૨॥ કળા લાંબી છે. તેની જીવા ઉત્તરમાં યાવત્ ૯૪,૧૫૬ યોજન, ૨-કળાની લાંબી છે, તેની ધનુ દક્ષિણમાં ૧,૨૪,૩૪૬ યોજન, ૯-કળાની પરિધિયુક્ત છે. તે રુચક સંસ્થાન સંસ્થિત, સર્વ તપનીયમય, સ્વચ્છ છે. તે બંને પડખે, બે પદ્મવરવેદિકા અને બે વનખંડો વડે સંપરિવરેલ છે.*

*નિષધ વર્ષધર પર્વતની ઉપર બહુસમ રમણીય ભૂમિભાગ કહેલ છે યાવત્ દેવો-દેવીઓ ત્યાં બેસે છે, સુવે છે.*

*તે બહુસમ રમણીય ભૂમિ ભાગના બહુમધ્ય દેશ ભાગમાં અહીં, એક મોટો તિગિંછિ દ્રહ નામે દ્રહ કહેલ છે. તે પૂર્વ-પશ્ચિમ લાંબો, ઉત્તર-દક્ષિણ વિસ્તીર્ણ, ૪૦૦૦ યોજન લાંબો, ૨૦૦૦ યોજન પહોળો, ૧૦ યોજન ભૂમિમાં, સ્વચ્છ, શ્લક્ષ્ણ, રજતમય કિનારાવાળો છે.*

*તે તિગિચ્છિદ્રહની ચારે દિશામાં ત્રિસોપાન પ્રતિરૂપક છે. એ પ્રમાણે યાવત્ લંબાઈ-પહોળાઈ સિવાય જે મહાપદ્મદ્રહની વક્તવ્યતા છે, તે જ તિગિંછિદ્રહની વક્તવ્યતા છે. શેષ વર્ણન પદ્મદ્રહ પ્રમામ છે. અહીં 'ધૃતિ' નામે પલ્યોપમસ્થિતિક દેવી વસે છે. તેથી હે ગૌતમ ! તે તિગિંછિદ્રહ કહેવાય છે.*

● **વિવેચન-૧૩૮ :-**

પ્રશ્નસૂત્ર સ્પષ્ટ છે. ઉત્તરસૂત્રમાં — મહાવિદેહ ક્ષેત્રની દક્ષિણમાં, હરિવર્ષની ઉત્તરમાં, પૂર્વ લવણસમુદ્રની પશ્ચિમે, પશ્ચિમ લવણસમુદ્રની પૂર્વે અહીં જંબૂદ્વીપ દ્વીપમાં નિષેધ વર્ષધર પર્વત છે. ૪૦૦ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી, ૪૦૦ ગાઉ જમીનમાં, મેરુ સિવાયના મનુષ્ય ક્ષેત્ર ગિરિના સ્વ ઉચ્ચત્વનો ચતુર્થાંશ ઉદ્વેધ હોય છે. ઈત્યાદિ.

હવે બાહાદિ ત્રણ સૂત્ર — તેમાં યાવત્ પદથી પૂર્વ-પશ્ચિમ લાંબી, બંને બાજુ લવણસમુદ્રને સ્પૃષ્ટ છે. ઈત્યાદિ કહેવું. - x - હવે નિષધને જ વિશેષણથી કહે છે — રુચક આદિ. યાવત્ પદથી ચોતરફથી આદિ લેવા. બાકી પૂર્વવત્. પછી દેવક્રીડાદિ વર્ણન કરે છે.

હવે દ્રહ વક્તવ્યતા — તે બહુસમરમણીય ભૂમિભાગના બહુ મધ્યદેશ ભાગમાં

અહીં એક મોટો તિગિંછિ-પુષ્પની રજથી પ્રધાન દ્રહ કહેલ છે. પ્રાકૃતમાં પુષ્પરજ શબ્દનું 'તિગિંછિ' એમ નિપાત છે. બાકી બધું પૂર્વવત્. હવે અતિદેશ સૂત્રથી સોપાનાદિ વર્ણન —

તે તિગિંછિ દ્રહની ચારે દિશામાં ચાર ત્રિસોપાન પ્રતિરૂપક છે. એ રીતે દ્રહ વર્ણન કરતાં - x - યાવત્ પરિપૂર્ણા જે મહાપદ્મદ્રહની વક્તવ્યતા લંબાઈ-પહોળાઈ સિવાય છે, તે તિગિંછિ દ્રહની વક્તવ્યતા છે. તેને જ વ્યક્તરૂપે કહે છે — મહાપદ્મદ્રહમાં રહેલ પદ્મ-ધૃતિ દેવી કમળોનું પ્રમાણ ૧,૨૦,૫૦,૧૨૦ છે. અન્યથા અહીં પદ્મોની લંબાઈ-પહોળાઈરૂપ પ્રમાણના મહાપદ્મદ્રહના પદ્મોથી બમણાંપણામાં વિરોધ આવે. દ્રહનું પ્રમાણ ઉદ્વેધરૂપ જાણવું. અર્થ તિંગિંછિ દ્રહનો કહેવો. - x - હવે આમાંથી દક્ષિણે જે નદી વહે છે, તે કહે છે —

● સૂત્ર-૧૩૯ :-

*તે તિગિંછિદ્રહના દક્ષિણ દ્વારેથી ''હરિ'' નદી વહેતી ૭૪૨૧ યોજન-૧ કળા દક્ષિણાભિમુખી પર્વતે થઈને મોટા ઘટમુખથી નીકળીને યાવત્ સાતિરેક ૪૦૦ યોજનના પ્રપાતથી પડે છે. એ રીતે જે હરિકાંતાની વક્તવ્યતા છે, તે જ ''હરી''ની જાણવી. જિહ્વિકા, કુંડ, દ્વીપ, ભવનનું તે જ પ્રમાણ છે. અર્થ પણ કહેવો યાવત્ જગતીની નીચે ચીરીને ૫૬,૦૦૦ નદીઓ વડે પૂરિત થઈ લવણસમુદ્રમાં પ્રવેશે છે. પૂર્વવત્ જ પ્રવાહ અને સમુદ્રમુખે પ્રમાણ, ઉદ્વેધ, જે હરિકાંતાનો છે તે યાવત્ વનખંડથી પરિવરિત છે.*

*તે તિગિંછિદ્રહના ઉત્તરના દ્વારેથી સીતોદા મહાનદી વહેતી એવી ૭૪૨૧ યોજન, ૧-કલા ઉત્તરાભિમુખી પર્વતમાં જઈને મહાઘટમુખથી નીકળી યાવત્ સાતિરેક ૪૦૦ યોજનના પ્રપાતથી પડે છે. સીતોદા મહાનદી જ્યાં પડે છે, ત્યાં એક મોટી જિહ્વિકા કહી છે. તે ૪૦૦ યોજન લાંબી, ૫૦-યોજન પહોળી, એક યોજન જાડી, વિવૃત્ત મગર મુખના આકારે રહેલ, સર્વ વજ્રમયી, સ્વચ્છ છે.*

*સીતોદા મહાનદી જ્યાં પડે છે, ત્યાં એક મોટો સીતોદાપ્રપાતકુંડ નામે કુંડ કહેલ છે. તે ૪૮૦ યોજન લાંબો-પહોળો છે. તેની પરિધિ કંઈક ન્યૂન ૧૫૧૮ યોજન છે. સ્વચ્છ છે, એ પ્રમાણે કુંડની વક્તવ્યતા તોરણ સુધી જાણવી.*

*તે સીતોદા પ્રપાતકુંડના બહુ મધ્યદેશ ભાગમાં એક મોટા સીતોદા દ્વીપ નામે દ્વીપ કહેલ છે. તે ૬૪ યોજન લાંબો-પહોળો, ૨૦૨૦ યોજન પરિધિથી, જલાંતથી બે કોશ ઉંચો, સર્વ વજ્રમય સ્વચ્છ છે. બાકી પૂર્વવત્, વેદિકા-વનખંડ-ભૂમિભાગ-ભવન-શયનીય અને અર્થ પૂર્વવત્ કહેવો.*

*તે સીતોદા પ્રપાતકુંડના ઉત્તરના દ્વારેથી સીતોદામહાનદી વહેતી એવી દેવકુરુમાં વહેતી-વહેતી ચિત્ર-વિચિત્રકૂટો, પર્વતો, નિષધ-દેવકુરુ-સૂર-સુલસ-વિદ્યુત્પ્રભદ્રહને બે ભાગમાં વિભક્ત કરતી ૮૪,૦૦૦ નદીઓથી આપૂરિત થતી, ભદ્રશાલ વનમાં વહેતી વહેતી મેરુ પર્વતથી બે યોજન દૂરથી પશ્ચિમાભિમુખ વળીને વિદ્યુત્પ્રભ વક્ષસ્કાર પર્વતને નીચેથી ચીરીને મેરુ પર્વતની પશ્ચિમે પશ્ચિમે વિદેહ ક્ષેત્રને બે ભાગમાં વિભાજીત કરતી-કરતી એકૈક ચક્રવર્તી વિજયમાં*



*૨૮,૦૦૦ નદીઓથી આપૂરિત થઈ, કુલ ૫,૩૨,૦૦૦ નદીથી આપૂરિત થઈ જયંત દ્વારની નીચેથી જગતીને ચીરીને પશ્ચિમી લવણસમુદ્રમાં પ્રવેશે છે.*

*સીતોદા મહાનદી પ્રવાહમાં ૫૦ યોજન વિસ્તારથી, એક યોજન ઉંડી, ત્યારપછી માત્રાથી વધતી-વધતી સમુદ્રના મુખે ૫૦૦ યોજન વિસ્તારથી, ૧૦ યોજન ઉંડાઈથી, બંને બાજુ, બે પદ્મવરવેદિકા અને બે વનખંડથી સંપરિવરેલ છે.*

*ભગવન્ ! નિષધ વર્ષધર પર્વતના કેટલા કૂટો કહેલા છે ? ગૌતમ ! નવ કૂટો કહ્યા છે, તે આ પ્રમાણે — સિદ્ધાયતન, નિષધ, હરિવર્ષ, પૂર્વવિદેહ, હરિ, ધૃતિ, સીતોદા, પશ્ચિમ વિદેહ અને રુચકકૂટ. જે કંઈ લઘુહિમવંત કૂટની ઉંચાઈ, વિસ્તાર, પરિધિ પૂર્વ વર્ણિત છે અને રાજધાની, તે બધું જ અહીં જાણવું.*

*ભગવન્ ! તેને નિષધ વર્ષધર પર્વત કેમ કહે છે ? ગૌતમ ! નિષધ વર્ષધર પર્વતમાં ઘણાં કૂટો નિષધ સંસ્થાને અને વૃષભસંસ્થાને રહેલ છે, નિષધ અહીં મહર્દ્ધિક યાવત્ પલ્યોપમ સ્થિતિક દેવ ત્યાં વસે છે. તે કારણે હે ગૌતમ ! તેને નિષધ વર્ષધર પર્વત કહે છે.*

● વિવેચન-૧૩૯ :-

તે તિગિંછિદ્રહના દક્ષિણી તોરણથી 'હરિ' નામે, જેનું બીજું નામ હરિસલિલા છે, તે મહાનદી વહેતી એવી ૭૪૨૧-$^{૧}/_{૧૦}$ યોજન દક્ષિણાભિમુખી પર્વતથી જઈને ઈત્યાદિ પૂર્વવત્ - x - x -

હવે અતિદેશ સૂત્ર કહે છે — ઉક્ત પ્રકારે જે હરિકાંતાની વક્તવ્યતા છે, તે જ ''હરિ'' મહાનદીની જાણવી. જિહ્વિકા, હરિકુંડ, હરિદ્વીપ, ભવનનું તે જ પ્રમાણ હરિકાંતાના પ્રકરણથી જાણવું. અર્થ પણ હરિદ્વીપ નામનો કહેવો. બધું જ હરિકાંતા પ્રકરણ સમાન જાણવું.

અહીંથી જે ઉત્તરથી નદી વહે છે, તે કહે છે — તે સ્પષ્ટ છે. પર્વતમાં જવું આદિ હરિત્ નદી વત્ જાણવું. હવે જિહ્વિકાનું સ્વરૂપ કહે છે — 'સીતોદા' આદિ પૂર્વવત્. વિશેષ એ — લંબાઈ ચાર યોજન છે. કેમકે હરિત્ નદીથી બમણી જિહ્વિકા છે. ૫૦ યોજન વિસ્તારથી. હરિત્ નદીના પ્રવાહથી બમણો સીતોદા પ્રવાહ છે. એ રીતે જાડાઈ પણ બમણી જાણવી. - - હવે કુંડનું સ્વરૂપ - x - અહીં કુંડની યોજન સંખ્યા હરિકુંડથી બમણી કહેવી.

હવે સીતોદા દ્વીપનું સ્વરૂપ કહે છે — અહીં સીતોદાદ્વીપ લંબાઈ-પહોળાઈથી ૬૪ યોજન, પૂર્વ નદીદ્વીપથી બમણાપણાંથી છે. ૨૦૨ યોજન પરિધિ છે. અહીં સૂત્રમાં ન કહેવા છતાં કરણના વશથી કંઈક સાધિકત્વ જાણવું. જળથી ઉપર બે ક્રોશ, સર્વ વજ્રમય, સ્વચ્છ છે. બાકી બધું ગંગાદ્વીપ પ્રકરણમાં કહેલ જાણવું. તેમાં વેદિકા, વનખંડ, ભૂમિભાગ, શયનીય કહેવા. ગંગાદ્વીપવત્ શીતોદાદ્વીપનો અર્થ કહેવો.

હવે જે રીતે સમુદ્રમાં જાય છે, તે કહે છે — તે શીતોદા પ્રપાતકુંડના ઉત્તરના દ્વારથી શીતોદા મહાનદી વહેતી દેવકુરુમાં જાય છે. ચિત્ર-વિચિત્રકૂટ, પૂર્વ-પશ્ચિમ કુલવર્તી પર્વત, નિષધ આદિ પાંચે દ્રહોને વિભક્ત કરતી, તેની મધ્યેથી વહે છે. અહીં વિભાગ યોજના આ પ્રમાણે છે — ચિત્ર વિચિત્રકૂટ અને પર્વતની મધ્યેથી વહેવાથી

ચિત્રકૂટ પર્વતને પૂર્વમાં કરીને અને વિચિત્રકૂટને પશ્ચિમમાં કરીને દેવકુરુમાં વહે છે. પાંચે દ્રહો સમશ્રેણીવર્તી એકૈકરૂપે બે ભાગ કરીને વહે છે.

અહીં અંતરાલમાં દેવકુરુવર્તી ૮૪,૦૦૦ નદીઓથી આપૂરિત થઈ મેરુના પહેલા વન-ભદ્રશાલવનમાં જાય છે. મેરુ પર્વતથી બે યોજન દૂરથી શીતોદા આઠ ક્રોશના અંતરાલથી છે. ત્યાંથી પશ્ચિમાભિમુખી વળીને વિદ્યુત્પ્રભ વક્ષસ્કાર પર્વતને નૈઋત્ય ખૂણામાં કુરુગોપક પર્વતને નીચેથી ચીરીને મેરુ પર્વતની પશ્ચિમે પશ્ચિમ વિદેહને બે ભાગમાં વિભક્ત કરે છે. એકૈક ચક્રવર્તી વિજયથી અટ્ઠાવીશ-અટ્ઠાવીશ હજાર નદીને આપૂરિત કરતા-કરતા, તે આ રીતે – દક્ષિણકૂલગત આઠ વિજયમાં બબ્બે મહાનદી ગંગા-સિંધુ નામે છે, તે ચૌદ-ચૌદ હજાર નદી પરિવાર, એ રીતે ઉત્તરકિનારાવર્તી રક્તા-રક્તવતી નામની બે નદી સપરિવાર, એ રીતે બધી મળીને નદી પરિવાર વિશેષણ દ્વારથી કહે છે – ૫,૩૨,૦૦૦ નદીઓ વડે પરિપૂર્ણ છે. તેથી કહે છે – આના ઉભયકૂલવર્તી સોળ વિજયમાં ૨૮,૦૦૦ નદીઓ પ્રમાણે ૪,૪૮,૦૦૦ નદીઓ થાય. આ રાશિમાં કુરુ-ક્ષેત્રની ૮૪,૦૦૦ નદીઓ ઉમેરતા યથોક્ત પ્રમાણ થાય. બાકી પૂર્વવત્.

હવે વિષ્કંભાદિ કહે છે – શીતોદા મહાનદી દ્રહ નિર્ગમમાં ૫૦-યોજન વિસ્તારથી છે. કેમકે હરિત નદીના પ્રવહથી આ પ્રવાહ બમણો છે. એક યોજન ઉંડી છે. કેમકે ૫૦ યોજનનો ૫૦મો ભાગ એક જ છે. પછી માત્રાના ક્રમથી પ્રતિયોજન સમુદિત બંને પડખે ૮૦ ધનુષ્‌ની વૃદ્ધિ, પ્રતિપાર્શ્વ ૪૦ ધનુની વૃદ્ધિ થાય. વધતાં-વધતાં સમુદ્રના પ્રવેશે ૫૦૦ યોજન પ્રવહ વિષ્કંભ અપેક્ષાથી મુખ વિષ્કંભના દશ ગુણાથી છે. દશ યોજન ઉદ્વેધ છે, આદ્ય પ્રવહ ઉદ્વેધની અપેક્ષાથી આ દશગુણત્વથી છે.

હવે નિષેધમાં કૂટ વક્તવ્યતા કહે છે – સિદ્ધાયતન કૂટ, નિષધવર્ષધરના અધિપતિનો વાસકૂટ, હરિવર્ષક્ષેત્ર પતિનો કૂટ, પૂર્વવિદેહ-પતિકૂટ૦ ઈત્યાદિ. રુચક-ચક્રવાલ ગિરિ વિશેષાધિપતિ કૂટ. આ વક્તવ્યમાં અતિદેશ સૂત્ર કહે છે – જે લઘુહિમવંતમા કૂટોના ઉચ્ચત્વ-વિષ્કંભસહિત પરિક્ષેપ છે તે. ચ શબ્દથી કૂટનું વર્ણન પૂર્વ વર્ણિત છે. તે અહીં જાણવું. ૫૦૦ યોજન ઉચ્ચત્વ, મૂલ, વિષ્કંભ ઈત્યાદિ, રાજધાની પણ અહીં જાણવી. જેમ લઘુ હિમવંત ગિરિકૂટની દક્ષિણે તીર્છા અસંખ્યાત દ્વીપ-સમુદ્રો જતાં બીજા જંબૂદ્વીપ ક્ષુદ્રહિમવતી રાજધાની છે, તેમ અહીં નિષધા રાજધાની છે.

હવે આના નામાર્થનો પ્રશ્ન કરતાં કહે છે – તે સ્પષ્ટ છે. વિશેષ એ કે – નિષધ વર્ષધર પર્વતમાં ઘણાં કૂટો નિષધ સંસ્થાન સંસ્થિત છે. તેમાં નિત્ય સ્કંધ કે પૃષ્ઠ ઉપર આરોપિત ભારને સહે તે નિષધ-વૃષભ, તે સંસ્થાને રહેલ. આ જ બીજા પર્યાયથી કહે છે – વૃષભ સંસ્થિત. અહીંનો દેવ નિષધ છે - x - x - ઈત્યાદિથી નિષધ નામ છે. - x - હવે મહાવિદેહ –

**● સૂત્ર-૧૪૦ :-**

***ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં મહાવિદેહ નામે ક્ષેત્ર ક્યાં કહેલ છે ? ગૌતમ ! નીલવંત વર્ષધર પર્વતની દક્ષિણે, નિષધ વર્ષધર પર્વતની ઉત્તરે, પૂર્વી લવણસમુદ્રની પશ્ચિમે, પશ્ચિમ લવણસમુદ્રની પૂર્વે, અહીં જંબૂદ્વીપ દ્વીપમાં મહાવિદેહ નામે ક્ષેત્ર કહેલ છે.***



***તે પૂર્વ-પશ્ચિમ લાંબુ, ઉત્તર-દક્ષિણ પહોળું, પલ્યંક સંસ્થાન સંસ્થિત, બંને તરફ લવણસમુદ્રને સ્પૃષ્ટ, પૂર્વી યાવત્ સ્પૃષ્ટ, પશ્ચિમી કોટિથી પશ્ચિમી યાવત્ સ્પૃષ્ટ, ૩૩,૬૮૪ યોજન, ૪-કળા વિસ્તારથી છે. તેની બાહા પૂર્વ-પશ્ચિમમાં ૩૩,૭૬૭ યોજન, ૭-કળા લાંબી છે.***

***તેની જીવા બહુમધ્યદેશ ભાગમાં પૂર્વ-પશ્ચિમ લાંબી, બંને બાજુ લવણસમુદ્રને સ્પૃષ્ટ, પૂર્વની કોટિથી પૂર્વના યાવત્ સ્પૃષ્ટ, એ રીતે પશ્ચિમથી યાવત્ સ્પૃષ્ટ, એક લાખ યોજન લંબાઈથી છે. તેનું ધનુ બંને પડખે ઉત્તર-દક્ષિણથી ૧,૫૮,૧૧૩ યોજન-૧૬ કળાથી કંઈક વિશેષ પરિધિથી છે.***

***મહાવિદેહ ક્ષેત્રમાં ચતુર્વિધ ચતુષ્પ્રત્યાવતાર કહેલ છે, તે આ પ્રમાણે – પૂર્વ વિદેહ, પશ્ચિમ વિદેહ, દેવકુરુ, ઉત્તરકુરુ.***

***ભગવન્ ! મહાવિદેહ ક્ષેત્રના કેવા આકાર-ભાવ-પ્રત્યાવતાર કહેલ છે ? ગૌતમ ! બહુસમરમણીય ભૂમિભાગ કહેલ છે, યાવત્ કૃત્રિમ અને અકૃત્રિમ [મણી આદિથી શોભિત છે.]***

***ભગવન્! મહાવિદેહ ક્ષેત્રના મનુષ્યોના કેવા આકાર-ભાવ-પ્રત્યવતાર કહેલ છે? તે મનુષ્યોના છ ભેદે સંઘયણ, છ ભેદે સંસ્થાન, ૫૦૦ ધનુષ્‌ ઉર્ધ્વ ઉચ્ચત્વથી, જઘન્યથી અંતર્મુહૂર્ત્ત-ઉત્કૃષ્ટથી પૂર્વકોટિ આયુ પાળે છે. પાળીને કેટલાંક નરકગામી યાવત્ કેટલાંક સિદ્ધ થઈને યાવત્ સર્વે દુઃખોનો અંત કરે છે.***

***ભગવન્ ! મહાવિદેહ ક્ષેત્રને “મહાવિદેહક્ષેત્ર” કેમ કહે છે. ગૌતમ ! મહાવિદેહ ક્ષેત્ર, ભરત-ઐરવત-હૈમવત-હૈરણ્યવત-હરિવર્ષ-રમ્યક્ વર્ષ ક્ષેત્રોથી લંબાઈ, પહોળાઈ, વિષ્કંભ, સંસ્થાન, પરિધિની અપેક્ષાથી વિસ્તીર્ણતર, વિપુલતર, મહાંતતર અને સુપ્રમાણતર છે. અહીં વિશાળ દેહવાળા મનુષ્યો વસે છે. અહીં મહાવિદેહ નામે મહર્દ્ધિક યાવત્ પલ્યોપમ સ્થિતિક દેવ વસે છે. તે કારણે હે ગૌતમ ! એમ કહે છે – મહાવિદેહ ક્ષેત્ર નામ છે. અથવા હે ગૌતમ ! મહાવિદેહ ક્ષેત્રનું શાશ્વત નામ કહેલ છે. જે કદિ ન હતું તેમ નહીં, ઈત્યાદિ૦.***

**● વિવેચન-૧૪૦ :-**

સૂત્ર સ્વયં યોજવું. વિશેષ એ - મહાવિદેહ નામે ચોથું વર્ષક્ષેત્ર ક્યાં કહેલ છે ? ગૌતમ ! નીલવંત વર્ષધર પર્વતના ચોથો ક્ષેત્ર વિભાગકારી અર્થાત્ દક્ષિણથી. “નિષધ” આદિ સ્પષ્ટ છે. વિશેષ આ - પલ્યંક સંસ્થાને છે, કેમકે ચોખૂણ લાંબુ છે. વિસ્તારથી ૩૩,૬૮૪-૪/૧૯ યોજન છે કેમકે નિષદ વિષ્કંભતી બમણો વિષ્કંભ છે.

હવે બાહાદિ ત્રણ સૂત્ર કહે છે – તે મહાવિદેહ ક્ષેત્રના પૂર્વ-પશ્ચિમ ભાગથી બાહા પ્રત્યેક ૩૩,૭૭૬-૭/૧૯ યોજન લાંબી છે. - x - મોટા ધનુઃપૃષ્ઠથી વિદેહના દક્ષિણાર્દ્ધ અને ઉત્તરાર્દ્ધ સંબંધી ૧,૫૮,૧૧૩ યોજન અને ૧૬। કળા એમ પરિમાણથી લઘુ ધનુઃપૃષ્ઠ નિષધાદિ સંબંધી ૧,૨૪,૩૪૬ યોજન, ૯-કળા પરિમાણને શોધતાં ૩૩,૭૬૭ યોજન, ૭। કળા આવે. તેનું અડધું ૧૬,૮૮૩ યોજન, ૧૩। કળા. એ પ્રમાણે વિદેહની બાહા સંભવે છે, અહીં ૩૩,૦૦૦ આદિરૂપ કહી, તે કઈ રીતે? બધે વૈતાઢ્યાદિમાં પૂર્વબાહા અને પશ્ચિમ બાહા જેટલી દક્ષિણમાં છે, તેટલી ઉત્તરમાં પણ

છે. પરંતુ અહીં તે સંમિલિત કરીને કહી નથી, અહીં સમિલિત જ કહેલ છે. - x -

હવે તેની જીવા કહે છે — તે વિદેહની જીવાના બહુમધ્યદેશ ભાગમાં અર્થાત્ વિદેહમધ્યમાં, બીજા ક્ષેત્ર અને પર્વતોમાં ચરમપ્રદેશ પંક્તિની જીવા લીધી છે, અહીં મધ્યપ્રદેશની પંક્તિ લીધી છે. આ જંબૂદ્વીપમધ્ય છે, તેથી લંબાઈથી લાખ યોજન પ્રમાણ, મધ્યમથી પરત જંબૂદ્વીપના સર્વત્ર દક્ષિણથી કે ઉત્તરથી લાખથી ન્યૂન-ન્યૂન માનત્વથી છે.

હવે તેનું ધનુઃપૃષ્ઠ કહે છે — વિદેહના બંને પડખે આને કહે છે — ઉત્તર કે દક્ષિણ પાર્શ્વમાં ૧,૫૮,૧૧૩-$^{૧૬}/_{૧૯}$ થી કંઈક વિશેષ પરિધિ છે. બીજે ૧૬|. કળા કહે છે, તે ''કંઈક વિશેષાધિક'' પદથી સંગૃહિત છે.

અહીં અધિકાર્થ સૂચનાર્થે બીજું કરણ કહે છે — જંબૂદ્વીપની પરિધિ-૩,૧૬,૨૨૭ યોજન, ૩ ક્રોશ, ૧૨૮ ધનુષ્, ૧૩|. અંગુલ છે. તેમાં યોજનરાશિને અડધી કરતાં પ્રાપ્ત-૧,૫૮,૧૧૩ યોજન છે, શેષ કલા ઈત્યાદિ - x - ગણિત કરતાં ૧૬-કળા, અડધી કળાના ધનુષાદિ ગણિતથી યથોક્ત સંખ્યા થાય.

હવે વિદેહક્ષેત્રના ભેદથી કહે છે — મહાવિદેહ ક્ષેત્ર ચાર પ્રકારે છે - પૂર્વ વિદેહાદિ અન્યતરના મહાવિદેહપણાથી વ્યપદેશ કરાયેલ છે. તેથી જ ચાર-પૂર્વ, પશ્ચિમ વિદેહ અને દેવ-ઉત્તરકુરુ ક્ષેત્ર વિશેષમાં સમવતાર વિચારણીયત્વથી છે. અથવા આ ચતુર્વિધનો પર્યાય છે. તેમાં પૂર્વવિદેહ જે જંબૂદ્વીપગત મેરુનો પૂર્વ વિદેહ છે. એ રીતે પશ્ચિમથી તે પશ્ચિમ વિદેહ છે. દક્ષિણમાં દેવકુરુ નામે વિદેહ, ઉત્તરમાં ઉત્તરકુરુ વિદેહ છે.

[શંકા] પૂર્વ-પશ્ચિમ વિદેહના સમાન ક્ષેત્રાનુભાવપણાથી મહાવિદેહ કહેલ છે. દેવકુરુ-ઉત્તરકુરુ તો અકર્મકભૂમિ છે, તો કઈ રીતે મહાવિદેહપણે વ્યપદેશ કર્યો છે ? [સમાધાન] પ્રસ્તુત ક્ષેત્રનું ભરતાદિ અપેક્ષાથી મહાભોગપણાથી છે. મહાકાય મનુષ્યના યોગત્વથી અને મહાવિદેહના દેવાધિષ્ઠેયત્વથી મહાવિદેહ વાચ્યતા સમુચિત જ છે.

હવે તેના સ્વરૂપનું વર્ણન — 'મહાવિદેહ' આદિ પૂર્વવત્. અહીં યાવત્ શબ્દથી આલિંગપુષ્કર૦ યાવત્ વિવિધ પંચવર્ણી મણી અને તૃણ વડે ઉપશોભિત છે. મનુષ્યનું સ્વરૂપ પૂર્વવત્. આ બંને સૂત્રો વડે આનું કર્મભૂમિત્વ કહ્યું, અન્યથા ખેતી આદિ પ્રવૃત્તને તૃણાદિનું કૃત્રિમત્વ અને ત્યાં જન્મેલ મનુષ્યોને પંચમગતિની પ્રાપ્તિ ન થાય.

હવે આના નામાર્થનો પ્રશ્ન છે તે પૂર્વવત્ જાણવો. ઉત્તર આ પ્રમાણે — ગૌતમ! મહાવિદેહ ક્ષેત્ર ભરતાદિ ક્ષેત્રોથી લંબાઈ આદિથી મોટું છે. અહીં परिणाह - પરિધિ. લંબાઈથી મહત્તરક છે, કેમકે જીવાનું પ્રમાણ લાખ યોજન છે. વિસ્તારથી વિસ્તીર્ણતરક જ છે. કેમકે સાધિક ૮૪,૬૩૩ યોજન પ્રમાણ છે. સંસ્થાન-પલ્યંકરૂપે વિપુલતરક છે, બંને પાર્શ્વની ઈષ તુલ્ય પ્રમાણપણે છે. હૈમવતાદિ પલ્યંક સંસ્થિત હોવા છતાં પૂર્વ જગતીકોણના સંવૃત્તત્વથી પૂર્વ-પશ્ચિમનું વૈષમ્ય છે. પરિધિથી સુપ્રમાણતરક જ છે. કેમકે ધનુઃપૃષ્ઠની જંબૂદ્વીપ પરિધિના અર્ધમાનત્વથી છે. તેથી જ મહાન્-અતિશય, વિશાળ શરીરથી મહાવિદેહ અથવા મહાન્-અતિશય વિશાળ કલેવર જેનું છે તે.

આવા પ્રકારે ત્યાંના નુષ્યો છે, તેથી કહે છે — ત્યાં વિજયોમાં સર્વદા ૫૦૦ ધનુષ્





ઉંચા અને દેવકુરુ-ઉત્તરકુરુમાં ત્રણ ગાઉ ઉંચા છે. તેથી મહા વિદેહ મનુષ્યના યોગથી આ પણ મહાવિદેહ ક્ષેત્ર છે - x - x - x - અથવા મહાવિદેહ નામે દેવ અહીં આધિપત્ય અને પાલન કરે છે. તેનાથી તેના યોગથી મહાવિદેહ છે. બાકી પૂર્વવત્.

હવે ઉત્તરકુરુને કહેવાને પહેલા ગંધમાદનવક્ષસ્કાર ગિરિ—

**● સૂત્ર-૧૪૧,૧૪૨ :-**

***[૧૪૧] ભગવન્ ! મહાવિદેહ ક્ષેત્રમાં ગંધમાદન વક્ષસ્કાર પર્વત ક્યાં કહેલ છે ? ગૌતમ ! નીલવંત વર્ષધર પર્વતની દક્ષિણે, મેરુ પર્વતની ઉત્તરપશ્ચિમે, ગંધિલાવતી વિજયની પૂર્વે, ઉત્તરકુરુની પશ્ચિમે - અહીં મહાવિદેહ ક્ષેત્રમાં ગંધમાદન નામે વક્ષસ્કાર પર્વત છે.***

***તે ઉત્તર-દક્ષિણ લાંબો, પૂર્વ-પશ્ચિમ પહોળો, ૩૦,૨૦૯ યોજન, ૬-કળા લાંબો છે. નીલવંત વર્ષધર પર્વતની પાસે ૪૦૦ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી, ૪૦૦ ગાઉ ઉદ્વેધથી, ૫૦૦ યોજન વિસ્તારથી છે, ત્યારપછી માત્રાથી ઉત્સેધ અને ઉદ્વેધની પરિવૃદ્ધિથી વધતાં-વધતાં, વિષ્કંભ ઘટાડાથી ઘટતાં-ઘટતાં મેરુ પર્વત પાસે ૫૦૦ યોજન ઉર્ધ્વ ઉંચો, ૫૦૦ ગાઉ જમીનમાં, અંગુલના અસંખ્યાત ભાગ વિષ્કંભથી કહેલ છે.***

***તે ગજદંત સંસ્થાન સંસ્થિત, સર્વરત્નમય, સ્વચ્છ છે. બંને પાર્શ્વમાં બે પદ્મવરવેદિકા અને બે વનખંડોથી ચોતરફથી પરિવરેલ છે. ગંધમાદન વક્ષસ્કાર પર્વતની ઉપર બહુસમ રમણીય ભૂમિભાગમાં યાવત્ દેવો-દેવીઓ બેસ છે૦***

***ગંધમાદન વક્ષસ્કાર પર્વતમાં કેટલાં કૂટો કહ્યા છે ? ગૌતમ ! સાત કૂટો કહ્યા છે, તે આ — સિદ્ધાયતન, ગંધમાદન, ગંધિલાવતી, ઉત્તરકુરુ, સ્ફટિક, લોહિતાક્ષ અને આનંદ-કૂટ.***

***ભગવન્ ! ગંધમાદન વક્ષસ્કાર પર્વતમાં સિદ્ધાયતન કૂટ નામે કૂટ ક્યાં કહેલ છે ? ગૌતમ ! મેરુ પર્વતની ઉત્તરપશ્ચિમમાં, ગંધમાદનકૂટની દક્ષિણપૂર્વમાં, અહીં ગંધમાદન વક્ષસ્કાર પર્વતનો સિદ્ધાયતન કૂટ નામે કૂટ કહેલ છે. જે રીતે લઘુહિમવંતમાં સિદ્ધાયતન કૂટનું પ્રમામ છે, તે જ બધું અહીં કહેવું.***

***એ પ્રમાણે વિદિશામાં ત્રણે કૂટો કહેવા. ચોથો આ ત્રિકની ઉત્તર પશ્ચિમમાં, પાંચમો દક્ષિણમાં, બાકીના ઉત્તર દક્ષિણમાં, સ્ફટિક અને લોહિતાક્ષ કૂટોમાં ભોગંકરા અને ભોગવતી દેવીઓ, બાકીનામાં સદૃશ નામવાળા દેવો નિવાસ કરે છે. છ માં ઉત્તમ પ્રાસાદો અને વિદિશામાં રાજધાનીઓ છે.***

***ભગવન્! તેનુ 'ગંધમાદન વક્ષસ્કાર પર્વત એવું નામ કેમ છે? ગૌતમ! ગંધમાદન વક્ષસ્કાર પર્વતની ગંધ, જેવી કે — કોષ્ઠપુટ આવત્ પીસાતા-કૂટાતા-વિખેરાતા-પરિભોગ કરાતા યાવત્ ઉદાર, મનોજ્ઞ યાવત્ ગંધ નીકળે છે, શું તેના જેવી એ ગંધ છે? ના, એ અર્થ સમર્થ નથી. ગંધમાદન પર્વત આનાથી ઈષ્ટતરક યાવત્ ગંધ કહેલ છે. એ કારણથી હે ગૌતમ! તેને ગંધમાદન વક્ષસ્કાર પર્વત કહે છે. અહીં ગંધમાદન નામે મહર્દ્ધિક દેવ રહે છે. અથવા આ નામ શાશ્વત છે.***

***[૧૪૨] ભગવન્ ! મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્તરકુરુ નામે કુરુ ક્યાં કહેલ છે ?***

*ગૌતમ ! મેરુ પર્વતની ઉત્તરે, નીલવંત વર્ષધર પર્વતની દક્ષિણે, ગંધમાદન વક્ષસ્કાર પર્વતની પૂર્વે, માલ્યવંત વક્ષસ્કાર પર્વતની પશ્ચિમે, અહં ઉત્તરકુરુ નામે કુરુ કહેલ છે.*

*તે પૂર્વ-પશ્ચિમ લાંબો, ઉત્તર-દક્ષિણ પહોળો, અર્ધચંદ્રાકારે રહેલ, ૧૧,૮૪૨ યોજન, ૨-કલા વિસ્તારથી છે. તેની જીવા ઉત્તરમાં પૂર્વ-પશ્ચિમ લાંબી, બંને બાજુ વક્ષસ્કાર પર્વતને સ્પૃષ્ટ છે. પૂર્વની કોટિથી પૂર્વના વક્ષસ્કાર પર્વતને સ્પૃષ્ટ, એ પ્રમાણે પશ્ચિમી યાવત્ પશ્ચિમી વક્ષસ્કાર પર્વતને સ્પૃષ્ટ છે. તે ૫૩,૦૦૦ યોજન લાંબી છે.*

*તેનું ધનુ દક્ષિણમાં ૬૦,૪૧૮ યોજન, ૧૨-કળા પરિધિ છે.*

*ભગવન્ ! ઉત્તરકુરુ ક્ષેત્રના કેવા આકાર-ભાવ-પ્રત્યાવતાર કહેલ છે ? ગૌતમ ! બહુસમરમણીય ભૂમિભાગ કહેલ છે. એ પ્રમાણે પૂર્ણ વર્ણિત જેવી સુષમસુષમાની વક્તવ્યતા છે, તે જ યાવત્ પદ્મગંધા, મૃગગંધા, અમમા, સહા, તેતલી, શનૈશ્ચારી કહેવું.*

● **વિવેચન-૧૪૧,૧૪૨ :-**

મહાવિદેહ ક્ષેત્રમાં ગંધમાદન નામે વક્ષસ્કાર-મધ્યમાં બે ક્ષેત્રને ગોપવીને રહેલ હોવાથી વક્ષસ્કાર, તદ્જાતિય આ વક્ષસ્કાર પર્વત ક્યાં કહેલ છે ? ગૌતમ ! નીલવંત નામક વર્ષધર પર્વતના દક્ષિણ ભાગે, મેરુની ઉત્તર પશ્ચિમમાં, તેના અંતરાલવર્તી દિશાભાગથી વાયવ્યખૂણામાં, ગંધિલાવતી - શીતોદા ઉત્તરકુલવર્તી આઠમી વિજયના પૂર્વે, ઉત્તર-કૂરુના - સર્વોત્કૃષ્ટ ભોગ ભૂમિક્ષેત્રના પશ્ચિમે, અહીં મહાવિદેહ ક્ષેત્રમાં ગંધમાદન નામે વક્ષસ્કાર કહેલ છે.

તે પર્વત ઉત્તર-દક્ષિણ લાંબો, પૂર્વ-પશ્ચિમ દિશામાં પહોળો, ૩૦,૨૦૯-$^{૬}/_{૧૯}$ યોજન લાંબો છે. અહીં જો કે વર્ષધરાદિસંબંધ મૂલ વક્ષસ્કાર પર્વતના સાધિક-૧૧,૮૪૨ યોજન પ્રમાણ કુરુક્ષેત્રમાંઆટલી લંબાઈ ન હોય, પણ આના વક્રભાવ પરિણતત્વથી વધુ ક્ષેત્ર અવગાહિતપણાથી સંભવે છે. નીલવંત વર્ષધર પર્વત પાસે ૪૦૦ યોજન ઉંચા, ૪૦૦ ગાઉ ભૂમિમાં, ૫૦૦ યોજન પહોળો છે. પછી માત્રાના ક્રમથી ઉંચાઈ અને ઉંડાઈની વૃદ્ધિથી વધતાં-વધતાં અને વિષ્કંભની પરિહાનિથી ઘટતાં-ઘટતાં મેરુની સમીપે ૫૦૦ યોજન ઉંચાઈ, ૫૦૦ ગાઉ ઉંડા, અંગુલનો અસંખ્યાતભાગ વિષ્કંભ છે.

ગજદંત પ્રારંભે નીચા, અંતે ઉંચારૂપે સંસ્થિત છે. તે સંપૂર્ણ રત્નમય છે. જંબૂદ્વીપ સમાસમાં સુવર્ણમય કહ્યા છે.

હવે આનું ભૂમિ સૌભાગ્ય કહે છે — ગંધમાદન વક્ષસ્કાર ઉપર બહુસમરમણીય ભૂમિભાગ કહેલ છે. - x - હવે કૂટ કથન-સ્પષ્ટ છે, વિશેષ એ કે સ્ફટિકરત્નમયત્વથી સ્ફટિકકૂટ, લોહિતરત્ન વર્ણત્વથી લોહિતાક્ષ કૂટ, આનંદ નામક દેવનો કૂટ તે આનંદકૂટ. - x - x - જેમ વૈતાઢ્યાદિમાં સિદ્ધાયતનકૂટ સમુદ્ર નજીક પૂર્વથી છે, પછી ક્રમથી બાકીના રહેલ છે, તેમ અહીં મેરુ નજીક સિદ્ધાયતન કૂટ મેરુથી વાયવ્ય દિશામાં, ગંધમાદન કૂટની અગ્નિદિશામાં છે જેમ લઘુ હિમવંતમાં સિદ્ધાયતન કૂટનું પ્રમાણ છે, તે જ આ બધાં સિદ્ધાયતન આદિ કૂટોનું કહેવું. વર્ણન પણ તેની જેમ જ છે.



બાકીના કૂટોની વ્યવસ્થા અહીં ભિન્ન પ્રકારે મનમાં કરીને કહે છે — સિદ્ધાયતન અનુસાર વાયવ્ય ખૂણામાં ત્રણ કૂટો સિદ્ધાયતન આદિ કહેવા. - x - અર્થાત્ મેરુના વાયવ્યમાં સિદ્ધાયતન કૂટ છે. તેથી વાયવ્યમાં ગંધમાદન કૂટ, તેથી ગંધિલાવતી કૂટ અગ્નિ ખૂમામાં છે. અહીં ત્રણ વાયવ્ય દિશામાં સમુદિત કહ્યા છે. ચોથો ઉત્તરકુરુ કૂટ ત્રીજા ગંધિલાવતી કૂટની ઉત્તરપશ્ચિમમાં, પાંચમો સ્ફટિક કૂટની દક્ષિણમાં છે. - x - [અહીં એક પ્રશ્નોત્તર છે તેનો અર્થ આ છે —] ચોથાની ઉત્તરમાં, છઠ્ઠાની દક્ષિણમાં, છટ્ઠો પાંચમાંની ઉત્તરે, સાતમો છઠ્ઠાની ઉત્તરે અર્થાત્ પરસ્પર ઉત્તર-દક્ષિણમાં છે. અહીં ૫૦૦-યોજન વિસ્તારવાળા કૂટો જે ક્રમથી ઘટતાં પણ પ્રસ્તુત ગિરિક્ષેત્રમાં સમાય છે. તેમાં સહસ્રાંક કૂટરીતિ જાણવી.

હવે આના અધિષ્ઠાતાનું સ્વરૂપ નિરૂપે છે - પાંચમા અને છઠ્ઠા-સ્ફટિકકૂટ તથા લોહિતાક્ષકૂટમાં ભોગંકરા અને ભોગવતી બે દિક્કુમારી છે. બાકીના કૂટોમાં સદૃશ નામના દેવો વસે છે. છમાં સ્વ-સ્વ અધિપતિને વસવા યોગ્ય પ્રાસાદાવતંસકો છે. તેમની રાજધાનીઓ અસંખ્યાત યોજન પછી જંબૂદ્વીપમાં વિદિશામાં છે.

હવે નામાર્થ પૂછે છે - પ્રશ્ન સુગમ છે. ઉત્તર-ગંધમાદન પર્વતની જે ગંધ, તે કોષ્ઠપુટ, તગરપુટાદિના ચૂર્ણ કરાતા, વીખેરાતા ઈત્યાદિથી કે એક ભાંડથી બીજા ભાંડમાં સંહરાતા, મનોજ્ઞ ગંધ નીકળે છે. આમ કહેતા શિષ્ય પૂછે છે — શું આવી ગંધ ગંધમાદનની હોય ? ભગવંતે કહ્યું — "આ અર્થ યોગ્ય નથી." ગંધમાદનની ગંધ ઉક્ત ગંધો કરતાં ઘણી ઈષ્ટતર, કાંતતરાદિ છે. તે અર્થથી ગૌતમ એમ કહેલ છે કે — ગંધ વડે સ્વયં મદવાળા ત્યાંના દેવ-દેવીના મનને કરે છે, માટે ગંધમાદન કહેવાય છે. - x - x - બાકી પૂર્વવત્.

હવે ઉત્તરકુરુનું નિરૂપણ કરે છે — મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્તરકુરુ નામે કુરુ ક્યાં કહેલ છે ? મેરુની ઉત્તરે, નીલવંત વર્ષધર પર્વતની દક્ષિણે૰ ઈત્યાદિ સૂત્રાર્થ મુજબ જાણવું. તેનો વિસ્તાર ૧૧,૮૪૨-$^{૨}/_{૧૯}$ યોજન કહે છે. તેની ઉપપત્તિ - મહાવિદેહનો વિષ્કંભ-૩૩,૬૮૪-$^{૪}/_{૧૯}$ યોજન, તેમાંથી મેરુનો વિષ્કંભ બાદ કરી, પ્રાપ્ત સંખ્યાને અડધી કરતાં ઉક્ત અંક રાશિ પ્રાપ્ત થાય છે.

[શંકા] વર્ષક્ષેત્ર, વર્ષધર પર્વતની ક્રમ વ્યવસ્થા પ્રજ્ઞાપકની અપેક્ષાથી હોય છે. જેમકે — પ્રજ્ઞાપકને નજીક ભરત છે, તેથી હિમવંત ઈત્યાદિ છે, તો વિદેહના કથન પછી ક્રમ પ્રાપ્ત દેવકુરુને છોડીને કેમ ઉત્તરકુરુનું નિરુપણ કર્યુ ? [સમાધાન] વિદેહ ચતુર્મુખ પ્રાયઃ હોવાથી, બધું પ્રદક્ષિણાથી વ્યવસ્થાપ્યમાન સિદ્ધાંતમાં સંભળાય છે. તેથી પહેલા ઉત્તરકુરુ કથન છે, ભરતની નીકટ વિદ્યુત્પ્રભ અને સૌમનસને છોડીને ગંધમાદન અને માલ્યવંત વક્ષસ્કારની પ્રરૂપણા, ભરતની નીકટના વિજયને છોડીને કચ્છ, મહાકચ્છાદિ વિજયનું કથન છે. હવે તેની જીવાને કહે છે —

તે ઉત્તરકુરુની જીવા ઉત્તરમાં નીલવંત વર્ષધર નજીક કુરુની ચરમ પ્રદેશ શ્રેણિ પૂર્વ-પશ્ચિમ લાંબી, બંને બાજુ પૂર્વ-પશ્ચિમે વક્ષસ્કાર પર્વતને સ્પૃષ્ટ ચે. તેનું વિવરણ કરે છે — પૂર્વ કોટિથી પૂર્વના માલ્યવંત વક્ષસ્કારને સ્પૃષ્ટ ઈત્યાદિ - x - ૫૩,૦૦૦ યોજન લાંબી, તે કઈ રીતે ? મેરુની પૂર્વે ભદ્રશાલવનની લંબાઈ ૨૨,૦૦૦ યોજન, એ

રીતે પશ્ચિમમાં પણ છે. કુલ ૪૪,૦૦૦ તેમાં ૧૦,૦૦૦ યોજન મેરુના ઉમેરતા ૫૪,૦૦૦ થશે. એકૈક વક્ષસ્કારનું પર્વત નજીક પૃથુત્વ ૫૦૦-યોજન, તેથી બે વક્ષસ્કારનું ૧૦૦૦ યોજન, તે બાદ કરતાં ઉક્ત ૫૩,૦૦૦ આવશે.

હવે તેનું ધનુઃપૃષ્ઠ કહે છે — ૬૦,૪૧૮-૧૨/૧૯ યોજન પરિધિ છે — એકૈક વક્ષસ્કાર પર્વતની લંબાઈ ૩૦,૨૦૯-૬/૧૯ છે. તેથી બે વક્ષસ્કારમાં ઉક્ત પ્રમાણ આવે. હવે તેની સ્વરૂપ પ્રરૂપણા-ગૌતમ ! તેનો બહુસમરમણીય ભૂમિભાગ કહેલ છે. ભરતના પ્રકરણમાં વર્ણિત જે સુષમ સુષમાની-પહેલા આરાની વક્તવ્યતા, તે જ સંપૂર્ણ કહેવી. - x - હવે ઉત્તરકુરુવર્તી યમકપર્વતોની પ્રરૂપણા —

● **સૂત્ર-૧૪૩ થી ૧૪૫ :-**

*[૧૪૩] ભગવન્ ! ઉત્તરકુરુમાં યમક નામે બંને પર્વતો ક્યાં કહેલ છે ? ગૌતમ ! નીલવંત વર્ષધર પર્વતના દક્ષિણી ચરમાંતથી - ૮૩૪-૪/૭ યોજનના અંતરે સીતા મહાનદીના બંને કૂલે અહીં યમક નામે બે પર્વતો કહેલા છે.*

*તે ૧૦૦૦ યોજન ઉર્ધ્વ ઉંચા, ૨૫૦ યોજન ભૂમિમાં, લંબાઈ-પહોળાઈથી મૂલમાં ૧૦૦૦ યોજન, મધ્યમા ૭૫૦ યોજન અને ઉપર ૫૦૦-યોજન છે. તેની પરિધિ-મૂળમાંસાધિક ૩૧૬૨ યોજન, મધ્યમાં-સાધિક ૨૩૭૨ યોજન, ઉપર સાધિક ૧૫૮૧ યોજન છે. મૂળમાં વિસ્તીર્મ, મધ્યે સંક્ષિપ્ત, ઉપર પાતળા, યમક સંસ્થાન સંસ્થિત, સર્વે કનકમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ તથા પ્રત્યેક-પ્રત્યેક પદ્મવર વેદિકાથી પરિવૃત્ત અને વનખંડથી પરિવૃત્ત છે. તે પદ્મવર વેદિકા બે ગાઉ ઉર્ધ્વ ઉચ્ચત્વથી, ૫૦૦ ધનુષ્ વિસ્તારથી છે. વેદિકા અને વનખંડનું વર્ણન કહેવું.*

*તે યમક પર્વતોની ઉપર બહુસમરમણીય ભૂમિભાગ કહેલ છે, યાવત્ તે બહુસમરમણીય ભૂમિભાગના બહુમધ્યદેશભાગમાં અહીં બે પ્રાસાદાવતંસકો કહેલ છે. તે પ્રાસાદાવતંસકો ૬૨ા યોજન ઉર્ધ્વ ઉંચા, ૩૧। યોજન લંબાઈ-પહોળાઈથી છે, પ્રાસાદ વર્ણન સપરિવાર સીંહાસન સુધી કહેવું. યાવત્ અહીં યમકદેવના ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવોના ૧૬,૦૦૦ ભદ્રાસન કહેલા છે.*

*ભગવન્ ! યમક પર્વત એવું નામ કેમ છે ? ગૌતમ ! યમક પર્વતમાં તે-તે દેશમાં ત્યાં-ત્યાં ઘણાં ક્ષુદ્રા-ક્ષુદ્રિકામાં, વાવોમાં યાવત્ બિલપંક્તિઓમાં ઘણાં ઉત્પલો યાવત્ યમક વર્ણની આભાવાળા છે, યમક નામે બે મહર્દ્ધિક દેવો છે. તેઓ ત્યાં ૪૦૦૦ સામાનિકોનું યાવત્ ભોગવતા વિચરે છે. તે કારણે હે ગૌતમ ! તેને યમક પર્વતો કહે છે. અથવા આ શાશ્વત નામ યાવત્ યમકપર્વત છે.*

*ભગવન્ ! યમક દેવોની યમિકા રાજધાની ક્યાં કહી છે ? ગૌતમ ! જંબૂદ્વીપદ્વીપમાં મેરુ પર્વતની ઉત્તરે, બીજા જંબૂદ્વીપમાં ૧૨,૦૦૦ યોજન જઈને અહીં યમકદેવોની યમિકા રાજધાની છે.*

*તે ૧૨,૦૦૦ યોજન લાંબી-પહોળી, ૩૭,૯૪૮ યોજનથી કંઈક વિશેષ પરિધિથી છે. પ્રત્યેક રાજધાની પ્રાકારથી પરિવૃત્ત છે. તે પ્રાકારો ૩૭ા યોજન ઉર્ધ્વ ઉંચા, મૂળમાં ૧૨ા યોજન વિસ્તૃત, મધ્યમાં ૬। યોજન, ઉપર ૩-યોજન અર્ધકોશ વિસ્તૃત છે. મૂલમાં વિસ્તૃત, મધ્યે સંક્ષિપ્ત, ઉપર પાતળા, બહારથી*



*વૃત્ત, અંદરથી ચતુરસ્ર, સર્વરત્નમય અને સ્વચ્છ છે.*

*તે પ્રાકારો વિવિધમણિના પંચવર્ણી કપિશિર્ષકોથી ઉપશોભિત છે. તે આ રીતે — કૃષ્ણ યાવત્ શુક્લ. તે કપિશીર્ષકો અર્ધકોશ લાંબા, દેશોન અર્ધકોશ ઉર્ધ્વ ઉંચા, ૫૦૦ ધનુષ્ જાડા, સર્વ મણિમય, સ્વચ્છ છે.*

*યમિકા રાજધાનીની પ્રત્યેક બાહામાં ૧૨૫-૧૨૫ દ્વારો કહેલ છે. તે દ્વારો ૬૨ા યોજન ઉર્ધ્વ ઉંચા, ૩૧। યોજન પહોળા અને ૩૧। યોજન પ્રવેશમાં છે. શ્વેત સુવર્ણ સ્તુપિકા એ પ્રમાણે રાજ-પ્રશ્નીય વિમાન વક્તવ્યતાનું દ્વાર વર્ણન યાવત્ આઠ-આઠ મંગલો છે.*

*યમિકા રાજધાનીની ચારે દિશામાં ૫૦૦-૫૦૦ યોજનના અંતરે ચાર વનખંડો કહેલા છે. તે આ પ્રમાણે — અશોકવન, સપ્તપર્ણ વન, ચંપકવન, આમ્રવન. તે વનખંડો સાતિરેક ૧૨,૦૦૦ યોજન લાંબા, ૫૦૦ યોજન પહોળા છે. તે પ્રત્યેક પ્રાકારથી પરિવૃત્ત છે. વનખંડ, ભૂમિ, પ્રાસાદાવતંસકો પૂર્વવત્ કહેવા.*

*યમિકા રાજધાનીમાં બહુસમરમણીય ભૂમિભાગ કહેલ છે, વર્ણન પૂર્વવત્. તે બહુસમરમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશ ભાગમાં અહીં બે ઉપરિકાલયન કહેલ છે. તે ૧૨૦૦ યોજન લાંબા-પહોળા, ૩૭૯૫ યોજનની પરિધિવાળા, અર્ધકોશ જાડાઈથી, સર્વે જાંબૂનદમય, સ્વચ્છ છે. તે પ્રત્યેક પદ્મવરવેદિકાથી પરિવૃત્ત, તે પ્રત્યેક વનખંડનું વર્ણન પૂર્વવત્ છે. ત્રિસોપાન પ્રતિરૂપક, ચારે દિશામાં તોરણ અને ભૂમિભાગ કહેવો.*

*તેના બહુમધ્યદેશ ભાગમાં અહીં એક પ્રાસાદાવતંસક કહેલ છે. તે ૬૨ા. યોજન ઉર્ધ્વ ઉંચા છે, ૩૧। યોજન લાંબા-પહોળા છે, ઉલ્લોક-ભૂમિભાગ-સપરિવાર સીંહાસનનું વર્ણન કરવું.*

*પ્રાસાદ પંક્તિઓમાં પહેલી પંક્તિ ૩૧। યોજન ઉર્ધ્વઉંચી, સાતિરેક ૧૫ા યોજન લાંબી-પહોળી છે. બીજી પ્રાસાદ પંક્તિ તે પ્રાસાદ અવતંસકોમાં સાતિરેક ૧૫ા યોજન ઉર્ધ્વ ઉંચી, સાતિરેક ૭ા યોજન લાંબી-પહોળી છે. તે પ્રાસાદાવતંસકોમાં ત્રીજી પ્રાસાદપંક્તિ સાતિરેક ૭ા યોજન ઉર્ધ્વ ઉંચી, સાતિરેક ૩ા યોજન લાંબી-પહોળી છે. તેમાં સપરિવાર સિંહાસન સુધીનું વર્ણન પૂર્વવત્ છે.*

*તે મૂલ પ્રાસાદાવતંસકના ઈશાન કોણમાં અહીં યમકના દેવોની સુધર્માસભા કહેલી છે. તે ૧૨ા યોજન લાંબી, ૬। યોજન પહોળી, નવયોજન ઉર્ધ્વ ઉંચી, અનેકશત સ્તંભ ઉપર રહેલ છે સભાનું વર્ણન કરવું. તે સુધર્માસભાની ત્રણ દિશામાં દ્વારો કહેલા છે. તે દ્વારો બે યોજન ઉર્ધ્વ ઉંચા, એક યોજન પહોળા, તેટલાં જ પ્રવેશમાં છે. વર્ણમાલા સુધીનું વર્ણન પૂર્વવત્.*

*તે દ્વારોમાં પ્રત્યેકની આગળ ત્રણ મુખમંડપો કહેલા છે. તે મુખમંડપો ૧૨ા યોજન લાંબા, ૬। યોજન પહોળા, સાતિરેક બે યોજન ઉર્ધ્વ ઉંચા છે, યાવત્ દ્વો, ભૂમિભાગ સુધી પૂર્વત્ છે પ્રેક્ષાગૃહ મંડપનું પ્રમાણ મુખમંડપવત્ છે, ભૂમિકા-મણિપીઠિકા પૂર્વવત્. તે મણિપીઠિકા એક યોજન લાંબી-પહોળી, અર્ધયોજન જાડી, સર્વ મણીમયી છે. સીંહાસન પર્યંત વર્ણન કરવું.*

*પ્રેક્ષાગૃહમંડપની આગળ જે મણિપીઠિકા છે, તે મણિપીઠિકા બે યોજન લાંબી-પહોળી, એક યોજન જાડી, સર્વે મણિમયી છે. તેની ઉપર પ્રત્યેકમાં ત્રણ સ્તુપો છે. તે સ્તુપો બે યોજન ઉર્ધ્વ ઉંચા, બે યોજન લાંબા-પહોળા, શંખતલ યાવત્ આઠ-આઠ મંગલો પૂર્વવત્.*

*તે સ્તુપોની ચારે દિશામાં ચાર મણિપીઠિકા કહેલી છે. તે મણિપીઠિકા એક યોજન લાંબી-પહોળી, અર્ધયોજન જાડી છે. જિનપ્રતિમાની વક્તવ્યતા કહેવી. ચૈત્યવૃક્ષોની મણિપીઠિકા બે યોજન લાંબી-પહોળી, યોજન જાડી, ચૈત્યવૃક્ષોનું વર્ણન કરવું.*

*તે ચૈત્યવૃક્ષોની આગળ ત્રણ મણિપીઠિકાઓ કહી છે. તે મણિપીઠિકાઓ એક યોજન લાંબી-પહોળી, અર્ધયોજન જાડી છે. તેની ઉપર પ્રત્યેકમાં મહેન્દ્રધ્વજ કહેલ છે. તે ૭॥ યોજન ઉર્ધ્વ ઉંચો, અર્ધકોશ જમીનમાં, અર્ધકોશ જાડો, વજ્રમય, વૃત્ત છે. વેદિકા, વનખંડ, ત્રિસોપાન અને તોરણોનું વર્ણન કહેવું.*

*તે સુધર્મા સભાઓમાં ૬૦૦૦ મનોગુલિકાઓ કહેલ છે. તે આ રીતે — પૂર્વમાં ૨૦૦૦, પશ્ચિમમાં ૨૦૦૦, દક્ષિણમાં ૧૦૦૦, ઉત્તરમાં ૧૦૦૦ યાવત્ માળાઓ રહેલી છે. એ પ્રમાણે ગોમાનસિકા કહેવી. વિશેષ એ કે — ધૂપઘટિકાઓ કહેવી.*

*તે સુધર્મસભામાં બહુસમ રમણીય ભૂમિભાગ કહેલ છે. મણિપીઠિકા બે યોજન લાંબી-પહોળી, એક યોજન જાડી છે. તે મણિપીઠિકાની ઉપર માણવક ચૈત્યસ્તંભ છે, તે મહેન્દ્રધ્વજ પ્રમાણ છે. તેની ઉપર અને નીચે છ કોશ વર્જીને જિનદાઢા કહેલી છે. માણવકની પૂર્વે સપરિવાર સીંહાસન, પશ્ચિમમાં શયનીય, શયનીયની ઉત્તર-પૂર્વ દિશાભાગમાં લઘુમહેન્દ્રધ્વજ, મણિપીઠિકા રહિત મહેન્દ્રધ્વજ પ્રમામ છે. તેની પશ્ચિમે ચોપ્ફાલ નામે પ્રહરણ કોશ છે. ત્યાં ઘણાં પરિઘરત્ન આદિ યાવત્ રહેલા છે.*

*તે સુધર્મસભાની ઉપર આઠ-આઠ મંગલો છે. તેની ઉત્તરપૂર્વમાં સિદ્ધાયતન છે, જિનગૃહસંબંધી વર્ણન પૂર્વવત્ છે. વિશેષ એ કે — આના બહુમધ્યદેશ ભાગમાં પ્રત્યેકમાં મણિપીઠિકા છે. તે બે યોજન લાંબી-પહોળી, એક યોજન જાડી છે. તેની ઉપર પ્રત્યેકમાં દેવછંદક કહેલા છે, તે બે યોજન લાંબા-પહોળા, સાતિરેક બે યોજન ઉર્ધ્વ ઉંચા, સર્વ રત્નમય છે, જિનપ્રતિમા વર્ણન ધૂપકડછાં સુધી કહેવું. એ પ્રમાણે બાકીની સભાઓ યાવત્ ઉપપાત સભામાં શયનીય અને ગૃહ સુધી વર્ણન પૂર્વવત્.*

*અભિષેક સભામાં ઘણાં આભિષેક પાત્ર છે. અલંકારિક સભામાં ઘણાં આલંકરિક પાત્ર છે. વ્યવસાય સભામાં પુસ્તકરત્ન છે. નંદા પુષ્કરિણી, બલિપીઠ બે યોજન લાંબા-પહોળા તથા એક યોજન જાડી છે.*

*[૧૪૪] ઉપપાત, સંકલ્પ, અભિષકે, વિભૂષણા, વ્યવસાય, અર્ચનિકા, સુધર્મસભામાં ગમન, પરિવારણા ઋદ્ધિ.*

*[૧૪૫] નીલવંત પર્વતથી યમક પર્વતોનું જેટલું અંતર છે, તેટલું જ યમક-દ્રહોનું અન્ય દ્રહોથી અંતર છે.*



**● વિવેચન-૧૪૩ થી ૧૪૫ :-**

ભદંત ! ઉત્તરકુરુમાં યમક નામે બે પર્વત ક્યાં કહેલા છે ? ગૌતમ ! નીલવંત વર્ષધર પર્વતના દક્ષિણી ચરમાંતથી આરંભીને જાણવું. અહીં, અર્થાત્ દક્ષિણાભિમુખી. ૮૩૪ યોજન અને યોજનના ૪/૭ અંતરાલથી, સીતા મહાનદીના બંને કૂલોમાં અર્થાત્ એક પૂર્વ કૂલમાં અને એક પશ્ચિમ કૂલમાં. અહીં યમક નામે બે પર્વત કહેલ છે. તે ૧૦૦૦ યોજન ઉરિધ્વ ઉંચા, ૨૫૦ યોજન ઉંડા છે, કેમકે ઉંચાઈનો ચોથો ભાગ ભૂમિમાં અવગાહે છે.

મૂળમાં હજાર યોજન લાંબો-પહોળો કેમકે વૃત્તાકાર છે મધ્યમાં-ભૂતલથી ૫૦૦ યોજન જઈને ૭૫૦ યોજન લાંબો-પહોળો, ઉપર-હજાર યોજન ગયા પછી ૫૦૦ યોજન લાંબો-પહોળો. મૂળમાં ૩૧૬૨ યોજનથી કંઈક અધિક ઈત્યાદિ સ્વયં જાણવું. મૂળમાં વિસ્તીર્ણ, મધ્યમાં સંક્ષિપ્ત, ઉપર પાતળા, બંને યમક, તેના સંસ્થાને સંસ્થિત અર્થાત્ પરસ્પર સદૃશ સંસ્થાન છે. અથવા યમકા નામે પક્ષી વિશેષ, તેના સંસ્થાને સંસ્થિત અર્થાત્ પરસ્પર સદૃશ સંસ્થાન છે. અથવા યમકા નામે પક્ષી વિશેષ, તેના સંસ્થાને સંસ્થિત. તેનું સંસ્થાન મૂળથી આરંભીને સંક્ષિપ્ત-સંક્ષિપ્ત પ્રમાણત્વથી ગોપુચ્છવત્ જાણવું. તે સંપૂર્ણપણે કનકમય છે, બાકી સ્પષ્ટ છે.

આઠસો આદિ અંકની ઉત્પત્તિ આ પ્રમાણે - નીલવંત વર્ષધરના બંને યમકના પહેલા યમકના પહેલું દ્રહનું બીજું, પહેલા અને બીજા દ્રહનું ત્રીજું, બીજા અને ત્રીજા દ્રહનું ચોથું, ત્રીજા અને ચોથા દ્રહનું પાંચમું, ચોથા અને પાંચમાં દ્રહનું છટ્ઠું, પાંચમાં દ્રહના વક્ષસ્કાર ગિરિ પર્યન્તનું સાતમું, આ સાતે અંતર સમપ્રમાણ છે. તેથી કુરુના વિષ્કંભતી ૧૧૮૪૨ યોજન અને ૨-કલા રૂપ હજાર યોજન બંને યમકની લંબાઈ, તેટલું જ પ્રમાણ લંબાઈનું પાંચે દ્રહોનું છે. તે બદાં મલીને ૬૦૦૦ યોજન શોધિત થતાં ૫૮૪૨ યોજન અને ૨-કળા તેને સાત ભાગ કરતાં ૮૩૪-૪/૭ - x - થાય.

અનંતરોક્ત વેદિકા અને વનખંડ પ્રમાણાદિ - તે સ્પષ્ટ છે. - x - તે બંને યમક પર્વત ઉપર બહુસમરમણીય ભૂમિભાગ કહેલ છે. અહીં પૂર્વોક્ત સર્વ ભૂભાગવર્ણક લેવો. ક્યાં સુધી ? તેના બહુસમરમણીય ભૂભાગના બહુ મધ્યદેશભાગમાં બે પ્રાસાદાવતંસકો કહેવા. હવે તેનું ઉચ્ચત્વ કહે છે — સંપૂર્ણ વિજયદેવ પ્રાસાદ, સિંહાસનાદિ બંને સૂત્રો કહેવા. વિશેષ આ - યમકદેવનો આલાવો કહેવો.

હવે આના નામાર્થે પ્રશ્ન કરે છે — પ્રશ્નસૂત્ર સ્પષ્ટ છે. ઉત્તરમાં બંને યમકપર્વતમાં તે-તે દેશમાં, તે-તે પ્રદેશમાં ક્ષુદ્ર ક્ષુદ્રિકામાં યાવત્ બિલ પંક્તિમાં ઘણાં ઉત્પલો, કુમુદ આદિ કહેવા તથા યમકપ્રભા લેવી. તેમાં યમક પર્વત, તેની પ્રભા, તથા યમક વર્ણ સદૃશ વર્ણ. અથવા યમક નામક બે મહર્દ્ધિક દેવો યાવત્ વસે છે, તેથી યમક નામ છે. બાકી પૂર્વવત્.

હવે આની રાજધાનીનો પ્રશ્ન — ભદંત ! યમકદેવની યમિકા નામે રાજધાની ક્યાં છે ? ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપમાં મેરુ પર્વતની ઉત્તરે બીજા જંબૂદ્વીપમાં ૧૨,૦૦૦ યોજન જઈને આ રાજધાની છે. તે ૧૨,૦૦૦ યોજન લાંબી-પહોળી, ૩૭,૯૪૮ યોજનથી કંઈક વિશેષ પરિધિથી છે. અહીં બબ્બે પ્રાકારથી પરિવરેલ છે.

તે પ્રાકારો કેવા છે ? તે બંને પ્રકારો ૩૭॥ યોજન ઉર્ધ્વ-ઉચ્ચત્વથી, મૂળમાં ૧૨॥ યોજન છે, તેમાં ૧૨॥ યોજન વિસ્તાર, મધ્યમાં ૬। યોજન છે કેમકે મૂળ વિસ્તારથી મધ્યનો વિસ્તાર પ્રમાણથી અડધો હોય. ઉપર ૩ યોજન આર્ધ કોશ વિસ્તારથી છે, કેમકે મધ્યના વિસ્તારથી અડધાં પ્રમાણમાં છે. મૂળમાં વિસ્તીર્ણ આદિ પૂર્વવત્. ખૂણાને લક્ષ્યમાં ન લેતાં બહારથી તે વૃત્ત છે, ખૂણાને લક્ષ્યમાં લેતા, તે અંદરથી ચોખૂણ છે, બાકી પૂર્વવત્ જાણવું.

હવે આના કપિશિર્ષકનું વર્ણન કહે છે — તે બંને પ્રાકારો વિવિધ મણિના પદ્મરાગ-સ્ફટિક-મરકત-અંજનાદિ પાંચ પ્રકારે વર્ણો જેમાં છે તે. તે કપિશીર્ષક-પ્રાકારાગ્ર વડે શોભિત છે. કૃષ્ણ યાવત્ શુક્લ વર્ણ યુક્ત છે. હવે આ કપિશીર્ષકોનું ઉચ્ચત્વાદિ માન કહે છે — સૂત્ર સ્વયં સિદ્ધ છે. હવે આના કેટલા દ્વારો કહેલા છે — બંને યમિકા રાજધાનીના એકૈક બાહામાં પાર્શ્વમાં સવાસો-સવાસો દ્વારો કહેલા છે. તે દ્વારો ૬૨॥ યોજન ઉર્ધ્વ ઉંચા છે. ૩૧। યોજન પહોળા છે. તેટલાં જ પ્રવેશમાં છે. શ્વેત શ્રેષ્ઠ કનક સ્તુપિકાઓ છે. લાઘવ માટે અતિદેશથી કહે છે — રાજપ્રશ્નીય સૂત્રમાં જે સૂર્યાભ નામે વિમાન છે, તેની વક્તવ્યતામાં જે દ્વાર વર્ણન છે, તે અહીં પણ લેવું, ક્યાં સુધી ? આઠ-આઠ મંગલો સુધી. વિજયદ્વાર પ્રકરણમાં સૂત્રથી-અર્થથી લખેલ હોવાથી અહીં અતિદિષ્ટ સૂત્ર લખતાં નથી. અતિદિષ્ટત્વનું બંને સ્થાન સામ્ય હોવાથી લખતા નથી.

હવે આના બહિર્ભાગમાં વનખંડ વક્તવ્યતા - યમિકા રાજધાનીની ચારે દિશામાં - x - અર્થાત્ પૂર્વાદિમાં પાંચસો-પાંચસો યોજનનો અપાંતરાલ કરીને ચાર વનખંડો કહેલાં છે. તે આ રીતે — અશોકવન, સપ્ત પર્ણ વન, ચંપકવન અને આમ્રવન. હવે તેના આયામાદિ કહે છે — તે વનખંડો સાતિરેક ૧૨,૦૦૦ યોજન લાંબા, ૫૦૦ યોજન વિષ્કંભથી, પ્રત્યેક-પ્રત્યેક પ્રાકારો વડે પરિક્ષિપ્ત છે. કૃષ્ણા એ પદથી ઉપલક્ષિત જંબૂદ્વીપ પદ્મવર વેદિકાના પ્રકરણમાં લિખિત પૂર્ણ વનખંડ વર્ણન, ભૂમિ૰ને પ્રાસાદાવતંસક પૂર્વવત્ કહેવા.

ભૂમિ આ પ્રમાણે — તે વનખંડમાં બહુસમરમણીય ભૂમિભાગ કહેલ છે. જેમ કોઈ આલિંગપુષ્કર યાવત્ વિવિધ પંચવર્ણી તૃણો અને મણી વડે ઉપશોભિત છે. પ્રાસાદ સૂત્ર - તે વનખંડોના બહુ મધ્ય-દેશ ભાગમાં પ્રત્યેક પ્રાસાદાવતંસક કહેલ છે, તે ૬૨॥ યોજન ઉંચુ, ૩૧। યોજન પહોળું, અતિ ઉંચુ જાણે હસતું હોય તેવું છે. તે બહુસમરમણીય ભૂમિભાગમાં ઉલ્લોક, સપરિવાર સીંહાસન પૂર્વવત્. ત્યાં ચાર દેવો મહર્દ્ધિક યાવત્ પલ્યોપમ સ્થિતિક રહે છે, તે આ પ્રમાણે — અશોક, સપ્તવર્ણ, ચંપક અને આમ્ર. અશોકવન પ્રાસાદમાં અશોક નામે દેવ છે, એ રીતે ત્રણેમાં પણ તે-તે નામે દેવો વસે છે.

હવે આ બંનેના અંતર્ભાગનું વર્ણન કહે છે — યમિકા રાજધાનીના અંતર્મધ્ય ભાગમાં બહુસમ રમણીય ભૂમિભાગ કહેલ છે. વર્ણન સૂત્રના પદોમાં કહેલ છે. તે ગ્રહણ કરવું. અહીં સૂત્રમાં ઉપકારિકા લયન ન દેખાતું હોવા છતાં રાજપ્રશ્નીય સૂત્રમાં સૂર્યાભવિમાનના વર્ણનમાં, જીવાભિગમમાં વિજયા રાજધાનીના વર્ણનમાં દેખાય



છે. - x - x - [તેને અત્રે વૃત્તિ મુજબ નોંધીએ છીએ—]

તે બહુસમરમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશ ભાગમાં આ અંતરમાં બે ઉપકારિકાલયન કહેલ છે. પ્રાસાદાવસંતકને ઉપષ્ટંભ કરે તે ઉપકારિકા - રાજધાનીના પ્રભુ પ્રાસાદાવતંસકાદિની પીઠિકા. બીજે આ ઉપકાર્ય-ઉપકારિકા એમ પ્રસિદ્ધ છે. - x - તે લયન-ગૃહ સમાન, તે પ્રત્યેક રાજધાનીમાં હોવાથી બે કહી છે. તે ૧૨૦૦ યોજન લાંબા-પહોળા અને ૩૭૯૫ યોજન પરિધિ. હજાર ધનુપ્રમાણ જાડાઈથી, સંપૂર્ણ જાંબૂનદમય, સ્વચ્છ છે. પ્રત્યેક પ્રતિ ઉપકારિકાલયન પદ્મવર વેદિકાથી પરિવૃત્ત છે, પ્રત્યેકમાં બે વનખંડો પણ કહેવા. તે જગતીની પદ્મવરવેદિકામાં રહેલ વનખંડ અનુસાર છે.

ત્રિસોપાન પ્રતિરૂપક - આરોહ અવરોહ માર્ગ, તે પૂર્વાદિ ચારે દિશામાં જાણવા, તોરણો ચારે દિશામાં અને ભૂમિભાગ ઉપકારિકા લયન મધ્યે રહેલ કહેવો. તે સૂત્રો જીવાભિગમ નામે ઉપાંગમાં ક્રમથી આ પ્રમાણે છે — તે વનખંડ દેશોન બે યોજન ચક્રવાલ વિષ્કંભથી ઉપકારિકાલયન સમ પરિધિથી છે. તે ઉપકારિકાલયનની ચારે દિશામાં ચાર ત્રિસોપાન પ્રતિરૂપક કહેલા છે, વર્ણન પૂર્વવત્.

તે ત્રિસોપાનકની આગળ પ્રત્યેકમાં તોરણો કહેલા છે. વર્ણન પૂર્વવત્. તે ઉપકારિકાલયનની ઉપર બહુસમરમણીય ભૂમિભાગ યાવત્ મણી વડે ઉપશોભિત છે, તેમ કહેવું. વ્યાખ્યા સુગમ છે.

હવે યમકદેવના મૂલ પ્રાસાદનું સ્વરૂપ કહે છે — તે ઉપકારિકા લયનના બહુ મધ્યદેશભાગમાં અહીં એક પ્રાસાદાવતંસક કહેલ છે. તે ૬૨॥ યોજન ઉંચો, ૩૧। યોજન લાંબો-પહોળો છે. વર્ણન વિજય પ્રાસાદની માફક કહેવું. ઉલ્લોક-ઉપરનો ભાગ, ભૂમિભાગ-અધોભાગ, સિંહાસન સપરિવાર-સામાનિકાદિ પરિવાર ભદ્રાસન વ્યવસ્થા સહિત છે. - x -

હવે આના પરિવાર પ્રાસાદની પ્રરૂપણા કહે છે — મૂલ પ્રાસાદાવતંસકાનુસાર પરિવાર પ્રાસાદ પંક્તિઓ જીવાભિગમથી જાણવી. અહીં પંક્તિઓ, મૂલપ્રાસાદથી ચારે દિશામાં પદ્મોની સમાન પરિક્ષેપરૂપ જાણવી. પણ સૂચિશ્રેણિરૂપ ન જાણવી. તેમાં પ્રથમ પ્રાસાદ પંક્તિ પાઠ-તે પ્રાસાદાવતંસક બીજા ચાર પ્રાસાદાવતંસક, જે મૂળ પ્રાસાદથી અર્ધઉચ્ચત્વ પ્રમાણ માત્રથી છે, તેના વડે ચોતરફથી સંપરિવૃત્ત છે. અહીં ઉચ્ચત્વ શબ્દથી ઉત્સેધ લેવો, પ્રમાણ શબ્દથી લંબાઈ-પહોળાઈ લેવી. તેથી મૂલ પ્રાસાદની અપેક્ષાથી અર્ધ ઉંચાઈ, લંબાઈ, પહોળાઈ છે.

આના ઉચ્ચત્વાદિ સાક્ષાત્ સૂત્રકારે કહેલ છે — ૩૧॥ યોજન ઉચ્ચત્વથી છે. ૬૨॥ યોજનનું અર્ધ કરતાં આ જ સંખ્યા આવે. સાતિરેક-અર્ધ ક્રોશ અધિક, ૧૫॥ યોજન વિષ્કંભ અને આયામથી છે.

હવે બીજી પ્રાસાદ પંક્તિ, તે પાઠ આ રીતે છે — તે પ્રાસાદ-અવતંસકો તેનાથી અર્ધ ઉચ્ચત્વ પ્રમાણ માત્રથી બીજા ચાર પ્રાસાદાવતંસકો વડે ચોતરફથી સંપરિવરેલ છે. તે પહેલી પંક્તિગત ચાર પ્રાસાદો, પ્રત્યેક બીજા ચાર પ્રાસાદાવતંસકો કે જે મૂળ પ્રાસાદથી ચોથા ભાગના પ્રમાણવાળા અને પ્રથમ પંક્તિના પ્રાસાદોથી અર્ધ પ્રમાણથી છે, તેનાથી પરિવરેલ છે. આ સર્વ સંખ્યાથી ૧૬-પ્રાસાદો થાય. આનું ઉચ્ચત્વાદિ

સાક્ષાત્ સૂત્રકારે કહેલ છે —

તે પ્રાસાદ સાતિરેક — અર્ધક્રોશ અધિક, ૧૫ા યોજન ઉંચા સાતિરેક - ક્રોશ ચતુર્થાંશ અધિક, અર્ધ અષ્ટ યોજન આયામ-વિષ્કંભ.

હવે ત્રીજી પંક્તિ - તેનું સૂત્ર આ પ્રમાણે છે — તે પ્રાસાદાવતંસકો તેનાથી અર્ધ ઉચ્ચત્વ-પ્રમાણ માત્રથી ચાર પ્રાસાદાવતંસકો ચોતરફથી પરિક્ષિપ્ત છે. તે બીજી પરિધિમાં રહેલ ૧૬-પ્રાસાદો, પ્રત્યેક બીજા ચાર, તેનાથી અર્ધ ઉચ્ચત્વ-વિષ્કંભ-આયામ વડે, મૂલ પ્રાસાદની અપેક્ષાથી આઠમો ભાગ ઉચ્ચત્વાદિથી ચોતરફથી વીંટાયેલ છે. તેથી ત્રીજી પંક્તિગત ૬૪ પ્રાસાદો છે. આનું ઉચ્ચત્વાદિ સૂત્રકાર કહે છે —

તે ૬૪ પ્રાસાદો સાતિરેક ૮ા યોજન ઉંચા છે, સાતિરેકત્વ પૂર્વવત્. અઢી સાતિરેક ૮ા કોશ વિષ્કંભ-લાંબી, આનું બધું વર્ણન અને સિંહાસન-સપરિવાર પૂર્વવત્. અહીં પંક્તિ પ્રાસાદોમાં સિંહાસન પ્રત્યેકમાં એક-એક છે. મૂલપ્રાસાદમાં મૂલ સિંહાસન, સિંહાસન પરિવારયુક્ત આદિ ક્ષેત્રસમાસવૃત્તિમાં શ્રી મલયગિરિ અનુસાર છે તથા પહેલી તૃતીય પંક્તિમાં મૂલપ્રાસાદમાં પરિવારમાં ભદ્રાસનો, બીજી પંક્તિમાં પરિવારમાં પદ્માસનો છે એમ જીવાભિગમમાં છે. વિસંવાદનું સમાધાન બહુશ્રુતો જાણે. જો કે જીવાભિગમમાં વિજયદેવ પ્રકરણમાં તથા ભગવતીજી વૃત્તિમાં અમર પ્રકરણમાં પ્રાસાદપંક્તિ ચતુષ્ક છે, તો પણ અહીં યમકામાં ત્રણ પંક્તિ જાણવી. ત્રણ પંક્તિનો પ્રાસાદ સંગ્રહ ૪|૧૬|૬૪ છે. મૂલપ્રાસાદ સહિત સર્વ સંખ્યાથી ૮૫ પ્રાસાદો છે.

હવે સુધર્માસભાનું નિરૂપણ — તે બે મૂલ પ્રાસાદાવતંસકના ઈશાન ખૂણામાં અહીં યમકદેવને યોગ્ય સુધર્માસભા કહેલ છે. સુધર્માનો શબ્દાર્થ—શોભન દેવોના માણવક સ્તંભવર્તી જિનસકિથ આશાતના ભયથી દેવાંગનાના ભોગના વિરતિ પરિણામરૂપ જ્યાં છે તે વસ્તુતઃ શોભનધર્મ - રાજધર્મ. નિગ્રહ-અનુગ્રહ સ્વરૂપ જેમાં છે તે. તે ૧૨ા યોજન લાંબી, ૬ા યોજન પહોળી, નવયોજન ઉંચી છે. - x -

સભાવર્ણન જીવાભિગમમાં કહેલ છે તે આ પ્રમાણે — અનેક શત સ્તંભ સંનિવિષ્ટ, ઉંચી, વજવેદિકા તોરણ, સુંદર રચિત શાલભંજિકા, સુશ્લિષ્ટ-વિશિષ્ટ સંસ્થિત પ્રશસ્ત વૈડૂર્ય વિમલ સ્તંભ, વિવિધ મણિમય સુવર્ણ રત્ન ખચિત ઉજ્જ્વલ બહુસમ સુવિભક્ત ભૂમિભાગમાં ઈહામૃગ, ઋષભ, તુરગ, નર, મગર, પક્ષી, સર્પ, કિંનર, રુરુ, સરભ, ચમર, કુંજર, વનલતા, પદ્મલતાથી ચિત્રિત એવી સ્તંભ ઉપરની વજમય વેદિકાથી અભિરામ છે —

— વિદ્યાધરના ચમલયુગલ યંત્ર યુક્ત હોય તેવા, અર્ચીસહસ્રથી દીપ્ત, હજારો રૂપયુક્ત, દીપતી, દેદીપ્યમાન, ચક્ષુમાં વશી જાય તેવી, સુખ સ્પર્શયુક્ત, અશ્રીક રૂપવાળી, કિંચન-મણિ-રત્નમય સ્તુપિકાઓ, વિવિધ પંચવર્ણી ઘંટા-પતાકાથી પરિમંડિત અગ્ર શિખર યુક્ત, ધવલ, મરીચિ કવચને છોડતી, લીંપણ-ગુંપણ યુક્ત, ગોશીર્ષ-સરસ-સુરભિ-રક્ત ચંદન-દર્દરથી દીધેલ પંચાંગુલિતલ, ચંદન કળશોથી યુક્ત, ચંદનઘટથી રચેલ તોરણ-પ્રતિદ્વાર દેશ-ભાગ, લાંબી લટકતી માળાઓથી યુક્ત, પંચવર્ણી સરસ સુરભિને છોડતાં પુષ્પના પુંજોપચાર યુક્ત, કાલો અગરુ-પ્રવર કુંદુરુક્ક-તુરુક્કની બળતા ધૂપથી મઘમઘવાથી અભિરામ, સુગંધ શ્રેષ્ઠ ગંધિકાથી ગંધવર્તીભૂત, અપ્સરાગણ સંઘયુક્ત,



દિવ્ય વાદ્યના શબ્દયુક્ત, સર્વ રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.

અહીં ઉક્ત સૂત્ર વ્યાખ્યા — સિદ્ધાયતનના તોરણાદિ વર્ણનમાં સુલભ છે. વિશેષ આ — અપ્સરોગણ એટલે અપ્સરાના પરિવારોનો જે સંઘ-સમુદાય, તેના વડે રમણીયપણે આકીર્ણ, ત્રુટિત-વાદ્ય, તેના શબ્દો વડે સમ્યક્-શ્રોત્ર મનોહારિપણે, નદિતા-શબ્દવાળી.

હવે તેના કેટલાં દ્વારો છે ? તે બંને સુધર્માસભાની ત્રણે દિશામાં ત્રણ દ્વારો કહેલા છે, પશ્ચિમમાં દ્વારનો અભાવ છે. તે દ્વારો પ્રત્યેક બે યોજન ઉંચા, એક યોજન વિષ્કંભથી, એક યોજન પ્રવેશમાં છે, શ્વેત આદિ પદથી સૂચિત પરિપૂર્ણ દ્વારવર્ણન કહેવું.

હવે મુખમંડપાદિ ષટ્કનું નિરૂપણ - તે દ્વારોની આગળ પ્રત્યેકમાં ત્રણ મુખમંડપો કહેલા છે. અર્થાત્ સભાદ્વારાગ્રવર્તી મંડપો છે. તે મંડપો ૧૨ા યોજન લાંબા, ૬ા યોજન પહોળા, સાતિરેક બે યોજન ઉંચા છે. આનું અનેક સ્તંભ સંનિવિષ્ટ આદિ વર્ણન સુધર્મા સભાવત્ સંપૂર્ણ જાણવું. તે વર્ણન દ્વારો અને ભૂમિભાગ સુધી કહેવું. અહીં જો કે દ્વારાંત સુધી જ સભા વર્ણન છે, તેના અતિદેશથી મુખમંડપ સૂત્રમાં પણ તેટલી માત્રામાં જ આવે છે, તો પણ જીવાભિગમાદિ મુખમંડપ વર્ણન, ભૂમિભાગવર્ણક હોવાથી અહીં અતિદેશ છે.

હવે પ્રેક્ષામંડપને લાઘવાર્થે કહે છે — પ્રેક્ષાગૃહમંડપ અર્થાત્ રંગમંડપ, તે મુખમંડપોક્ત પ્રમાણ જ છે. તે બધું દ્વારાદિ ભૂમિભાગ સુધી કહેવું. આમાં મણિપીઠિકા કહેવી. આ અર્થનું સૂચક એવું આ સૂત્ર છે —

તે મુખમંડપની આગળ પ્રત્યેકમાં પ્રેક્ષાગૃહ મંડપ કહેલ છે તે પ્રેક્ષાગૃહમંડપ ૧૨ા યોજન લાંબા યાવત્ બે યોજન ઉર્ધ્વ-ઉચ્ચત્વથી યાવત્ મણિનો સ્પર્શ. તેના બહુમધ્યદેશ ભાગમાં પ્રત્યેકમાં વજ મય અક્ષાટક કહેલ છે. તે બહુમધ્યદેશભાગમાં પ્રત્યેકમાં મણિપીઠિકાઓ કહેલ છે. વ્યાખ્યા પૂર્વવત્ વિશેષ આ - અક્ષાટક એટલે ચોખૂણાકાર મણિપીઠિકાનો આધાર વિશેષ.

આના પ્રમાણાદિ અર્થને કહે છે — તે મણિપીઠિકા યોજન લાંબી-પહોળી, અર્ધયોજન જાડી, સર્વ મણિમયી, સીંહાસનાદિ કહેવા. અહીં સિંહાસન સપરિવાર કહેવું. બાકી સ્પષ્ટ છે.

હવે સ્તૂપ કહે છે — તે પ્રેક્ષાગૃહ મંડપોની આગળ મણિપીઠિકા છે. અહીં ત્રણે પ્રેક્ષાગૃહમંડપ દ્વાર દિશામાં એકૈકના સદ્ભાવથી ત્રણે લેવા. હવે આનું પ્રમાણ કહે છે — તે સ્પષ્ટ છે. - x - બીજા ઉપાંગોમાં સ્તૂપ મણિપીઠિકાના બમણાં પ્રમાણથી જોતાં આ સમ્યક્ પાઠ લાગે છે કેમકે આદર્શોમાં લિપિપ્રમાદ સુપ્રસિદ્ધ જ છે.

હવે સ્તુપ વર્ણન કહે છે — તે મણિપીઠિકાની ઉપર પ્રત્યેક સ્તૂપ કહેલ છે. જીવાભિગમાદિમાં ચૈત્યસ્તૂપ બે યોજન ઉંચા, બે યોજન લાંબા-પહોળા છે. દેશોન બે યોજન લાંબા-પહોળા જાણવા. અન્યથા મણિપીઠિકા અને સ્તૂપ અભેદ જ થાય. - x - તે શ્વેત - x - શંખદલ, વિમલ, નિર્મલ, ઘન દહીં, ગાયનું દૂધ, ફીણ, રત્નના ઢગલાં સમાન, સર્વરત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ જાણળા. ક્યાં સુધી જાણવા ?

અષ્ટ-અષ્ટમંગલ પર્યન્ત જાણવા.

હવે તેની ચારે દિશામાં જે છે, તે કહે છે — તે સ્તૂપોની પ્રત્યેક ચારે દિશામાં ચાર મણિપીઠિકા કહેલ છે. તે મણિપીઠિકાઓ એક યોજન લાંબી-પહોળી, અર્ધયોજન જાડી છે. અહીં જિનપ્રતિમા કહેવી. તેનું સૂત્ર આ પ્રમાણે — તે મણિપીઠિકાની ઉપર પ્રત્યેકે પ્રત્યેકમાં ચાર જિનપ્રતિમાઓ, જિનોત્સેધ પ્રમાણ માત્ર, પદ્માસને રહેલી, સ્તૂપાભિમુખ બેઠેલી રહી છે. તે આ — ઋષભ, વર્ધમાન, ચંદ્રાસન, વારિષેણ. આનું વર્ણન પૂર્વે વૈતાઢ્યમાં સિદ્ધાયતન અધિકારમાં કહેલ છે.

અહીં ચૈત્યવૃક્ષનું વર્ણન જીવાભિગમથી કહેલ કહેવું — તે આ પ્રમાણે છે — તે ચૈત્યવૃક્ષનું આ પ્રમાણે વર્ણન કહેલ છે — વજ્રમૂલ, રજતની સુપ્રતિષ્ઠિત વિડિમા, રિષ્ટમય કંદ-વૈડૂર્યના રુચિર સ્કંધો, સુજાત શ્રેષ્ઠ જાત્યરૂપ પહેલી વિશાળ શાખા, વિવિધ મણિ-રત્ન, વિવિધ શાખા-પ્રશાખા, વૈડૂર્યના પત્ર, તપનીય પત્રબિંટ, જાંબૂનદ રક્ત મૃદુ સુકુમાર પ્રવાલ પલ્લવ શ્રેષ્ઠ અંકુર ધર, વિચિત્ર મણિરત્ન સુરભિ કુસુમ ફળાદિયુક્ત શાખા, છાયા-પ્રભા-શ્રી-ઉદ્યોત સહિત, અમૃતના રસ જેવા રસવાળા ફળો, મને અને નયનને અધિક શાંતિદાયી, પ્રાસાદીય યાવત્ પ્રતિરૂપ છે.

ઉક્ત સૂત્રની વ્યાખ્યા - તે ચૈત્યવૃક્ષોનું આવુંમ વર્ણન કહેલ છે — તેના મૂલ વજરત્નમય છે, રજતમય સુપ્રતિષ્ઠિત વિડિમાબહુ મધ્યદેશ ભાગમાં ઉર્ધ્વ નીકળેલી શાખા જેમાં છે, જેનો કંદ રિષ્ઠ રત્નમય છે. તેનો સ્કંધ વૈડૂર્યરત્નમય રુચિર છે. મૂલદ્રવ્ય શુદ્ધ-પ્રધાન-રૂપામય તેની મૂળભૂત વિશાળ શાખા છે. વિવિધ મણિરત્નમય મૂળ શાખામાંથી નીકળેલી શાખા છે, શાખામાંથી નીકળેલી પ્રશાખા તેમાં છે. તથા વૈડૂર્યમય પત્રો તેમાં છે. તપનીય સુવર્ણમય પત્રવૃંત તેમાં છે - x - જાંબૂનદ નામક સુવર્ણ વિશેષમય રક્તવર્ણી, અત્યંત કોમળ, કંઈક ઉગેલ પત્રભાવરૂપ પ્રવાલ, જાતપૂર્ણ પ્રથમ પત્રભાવરૂપ પલ્લવ, વરાંકુરને તે ધારણ કરે છે. વિચિત્ર મણિ-રત્નમય સુગંધી પુષ્પો અને ફળોના ભારથી નમેલ જેની શાખા છે. શોભન છાયા ઈત્યાદિ બધું પૂર્વવત્ જાણવું.

તે ચૈત્યવૃક્ષો બીજા ઘણાં તિલક, લવક, છત્રોપગત, શિરીષ, સપ્તવર્ણ, દધિપર્ણ, લોધ્ર ધવ ચંદન નીપ કુટજક પનસ તાલ તમાલ પ્રિયાલ પ્રિયંગુ પારાપત રાજવૃક્ષ નંદિવૃક્ષથી ચોતરફથી સંપરિવરેલ છે. આ વૃક્ષોમાં કેટલાંકને નામકોશથી અને કેટલાંકને લોકથી જાણવા. - x - તે તિલકાદિ વૃક્ષો બીજી ઘણી પદ્મલતા યાવત્ શ્યામલતા વડે ચોતરફથી પરિવરેલ છે. યાવત્ શબ્દથી અહીં નાગલતા, ચંપકલતાદિ પણ ગ્રહણ કરવા. તે પદ્મલતાદિ નિત્ય કુસુમિત ઈત્યાદિ લતા વર્ણન પ્રતિરૂપ સુધી જાણવું.

તે ચૈત્યવૃક્ષોની ઉપર આઠ આઠ મંગલો, ઘણાં કૃષ્ણ ચામર ધ્વજ, છત્રાતિ છત્રો ઈત્યાદિ ચૈત્યસ્તૂપવત્ કહેવા.

હવે મહેન્દ્રધ્વજ કહે છે — તે ચૈત્યવૃક્ષોની આગળ ત્રણ મણિપીઠિકા કહેલ છે. તે મણિપીઠિકા એક યોજન લાંબી-પહોળી અર્ધયોજન જાડી છે. તે મણિપીઠિકાની ઉપર પ્રત્યેકપ્રત્યેકમાં મહેન્દ્ર ધ્વજ કહેલ છે. તે ૭ાા યોજન ઉર્ધ્વ ઉંચો છે. અર્ધકોશ-હજાર ધનુષ્ ઉદ્વેધ-ઉંડાઈથી, તેટલાં જ બાહલ્યથી છે. વજ્રમય-વૃત્ત એ પદથી ઉપલક્ષિત પરિપૂર્ણ જીવાભિગમાદિ વર્ણન લેવું.



તે આ પ્રમાણે — વજ્રમય તથા વર્તુળ, મનોજ્ઞ સંસ્થાન જેનું છે તે તથા જે રીતે સુશ્લિષ્ટ થાય છે, એમ પરિઘૃષ્ટ સમાન ખરશાણથી પાષાણ પ્રતિમાવત્ સુશ્લિષ્ટ-પરિઘૃષ્ટ તથા સુકુમાર શાણ વડે પાષાણ પ્રતિમાવત્ તથા કંઈપણ ચલિત ન થવાથી તથા અનેક પ્રધાન પંચવર્ણી હજારો લઘુપતાકા વડે પરિમંડિત હોવાથી તે અભિરામ છે, બાકી પૂર્વવત્. - x -

મહેન્દ્ર ધ્વજ કહ્યો, હવે પુષ્કરિણી, તે વેદિકા વનખંડ ઈત્યાદિ સુધીના સૂત્રનો સંગ્રહ કરવો. તે આ પ્રમાણે — તે મહેન્દ્ર ધ્વજની આગળ ત્રણ દિશામાં ત્રણ નંદા પુષ્કરિણી કહી છે. તે ૧૨ાા યોજન લાંબી, ૬ા યોજન જાડાઈ, ૧૦ યોજન ઉંડી, સ્વચ્છ, શ્લક્ષણ છે પુષ્કરિણીનું વર્ન કરવું. પ્રત્યેકે પ્રત્યેક પદ્મવરવેદિકાથી પરિવૃત્ત છે, તે પ્રત્યેક વનખંડથી પરિવૃત્ત છે. વર્ણન કરવું.

તે નંદા પુષ્કરિણીની પ્રત્યેકની ત્રણે દિશામાં ત્રિસોપાનપ્રતિરૂપક કહેલા છે. તે ત્રિસોપાન પ્રતિરૂપક અને તોરણનું વર્ણન છત્રાતિછત્ર સુધી કહેવું. અહીં જગતીની પુષ્કરિણીવત્ બધું કહેવું.

હવે સુધર્માસભામાં જે છે, તે કહે છે — તે બંને સુધર્માસભામાં છ હજાર મનોગુલિકા-પીઠિકા કહેલ છે. તે આ રીતે — પૂર્વમાં ૨૦૦૦, પશ્ચિમે ૨૦૦૦, દક્ષિણમાં-૧૦૦૦ અને ઉત્તરમાં-૧૦૦૦. યાવત્ પદથી આમ લેવું - મનોગુલિકામાં ઘણાં સુવર્મ-રૂપ્યમય ફલકો કહેલા છે. તે સુવર્ણરૂપ્યમય ફલકોમાં ઘણાં વજ્રમય નાગદંતકો કહ્યા છે. તે વજ્રમય નાગદંતકોમાં ઘણાં કૃષ્ણસૂત્રથી બાંધેલ પુષ્પોની માળા યાવત્ શુક્લ સૂત્રથી બાંધેલ પુષ્પોની માળા છે. તે માળામાં તપનીયમય લંબૂષક રહેલ છે. તે બધું વિજયદ્વારવત્ કહેવું.

અનંતરોક્ત ગોમાનસિકા સૂત્રને અતિદેશથી કહે છે — એ પ્રમાણે - મનોગુલિકા ન્યાયથી ગોમાનસિ-શય્યારૂપ સ્થાન વિશેષ કહેવું. વિશેષ એ કે — દામના સ્થાને ધૂપનું વર્ણન કહેવું.

હવે આના જ ભૂ ભાગનું વર્ણન કહે છે — તે બંને સુધર્મા સભામાં અંદર બહુ સમરમણીય ભૂમિભાગ કહેલ છે. અહીં મણિવર્ણ આદિ કહેવા. ઉલ્લોક પણ પદ્મલતાદિથી ચિત્રિત છે. અહીં વિશેષથી જે વક્તવ્યતા છે, તે કહે છે — અહીં સુધર્માસભાના મધ્ય ભાગમાં પ્રત્યેકમાં મણિપીઠિકા કહેવી, તે બે યોજન લાંબી-પહોળી, એક યોજન જાડી છે. તે બંને મણિપીઠિકાની ઉપર પ્રત્યેકમાં માણવક નામે ચૈત્યસ્તંભ મહેન્દ્રધ્વજ સમાન, પ્રમાણથી ૭ાા યોજન પ્રમાણ છે વર્ણન મહેન્દ્રધ્વજવત્ જાણવું. ઉપર અને નીચેના છ કોશને છોડીને મધ્યના ૪ાા યોજનમાં જાણવી. ત્યાં જિન સકિથ છે. વ્યંતરજાતિક જિનદાઢાનું ગ્રહણ અનધિકૃત્ હોવાથી (અરિહંતના) સકિથ લેવા. કેમકે સૌધર્મ-ઈશાન-ચમર-બલિ તેનું ગ્રહણ કરે છે, તે કહેવાયેલ છે. બાકી વર્ણન જીવાભિગમોક્ત જાણવું.

તે આ પ્રમાણે — તે માણવક ચૈત્યના સ્તંભની ઉપર અને નીચે છ કોશ વર્જીને મધ્યના અર્ધપંચમ યોજનોમાં અહીં ઘણાં સુવર્ણ-રૂપ્યમય ફલકો કહેલા છે. ત્યાં ઘણાં વજ્રમય નાગદંતકો કહેલા છે. તેમાં ઘણાં રજતમય સિક્કા કહેલ છે. તેમાં ઘણાં

વજ્રમય ગોલક-વૃત્ત સમુદ્ગકો કહેલાં છે. તેમાં ઘણાં જિન સક્થિ મૂકેલા હોય છે. તે યમકદેવો અને બીજા પણ ઘણાં વ્યંતર દેવો-દેવીને અર્ચનીય, વંદનીય, પૂજનીય, સત્કારણીય, સન્માનનીય, કલ્યાણ-મંગલ-દૈવત-ચૈત્યરૂપ તથા પર્યુપાસનીય છે.

ઉક્ત સૂત્રની વ્યાખ્યા — પ્રાયઃ પ્રસ્તુત સૂત્રમાં સાક્ષાત્ દૃષ્ટત્વથી અનંતર જ વ્યાખ્યાત છે. મધ્યમાં અર્ધપંચમ યોજનમાં અર્થાત્ બાકી યોજનમાં જાણવા. અહીં ઘણાં સુવર્ણ-રૂપ્યમય ફલકો કહેલા છે. તે ફલકોમાં ઘણાં વજ્રમય નાગદંતકો છે૦ ઈત્યાદિ બધું ઉપર સૂત્રાર્થમાં કહ્યું છે, તેથી ફરી લખતા નથી. વિશેષ એટલું - ગૌલક અર્થાત્ વૃત્ત, સમુદ્ગક-ડાબલો, યમક-યમક રાજધાનીમાં રહેતા, ચંદનાદિ વડે અર્ચનીય, સ્તુત્યાદિથી વંદનીય, પુષ્પાદિથી પૂજનીય, વસ્ત્રાદિથી સત્કારણીય, બહુમાન વડે સન્માનનીય.

આ જિન સક્થિની આશાતનાના ભયથી ત્યાં દેવ-દવીઓ સંભોગાદિ આદરતા નથી કે મિત્ર દેવાદિ સાથે હાસ્ય ક્રીડાદિ કરતા નથી. [શંકા] જિનગૃહોમાં જિનપ્રતિમાનું દેવોને અર્ચનીયપણું હોવાથી આશાતના ત્યાગ બરાબર છે, તેમના સદ્ભાવ સ્થાપનારૂપથી આરાધ્યતા - x - છે, તેવું જિનદાઢાદિમાં નથી, તેથી ઉક્ત કથન કઈ રીતે યોગ્ય છે ? પૂજ્યના અંગો પણ પૂજ્ય છે ઈત્યાદિ કારણે યોગ્ય છે. આ અર્થમાં પૂજ્ય શ્રી રત્નશેખર સૂરીની શ્રાદ્ધ વિધિ વૃત્તિમાં પણ સંમતિ છે. *[અહીં વૃત્તિકારશ્રીએ શ્રાદ્ધવિધિની વૃત્તિના ૧૫-શ્લોક નોંધેલ છે, જે કથાંશ અમે અહીં લીધેલો નથી.]*

હવે પ્રસ્તુત સૂત્ર કહે છે — માણવક ચૈત્ય સ્તંભની પૂર્વ દિશામાં સુધર્માસભામાં સપરિવાર બે સિંહાસન છે. બંને યમક દેવના પ્રત્યેકનું એકૈક છે. તેનાથી પશ્ચિમ દિશામાં શયનીયનું વર્ણન છે. તે અહીં શ્રીદેવીના વર્ણન અધિકારમાં કહેલ છે. શયનીયની ઉત્તરપૂર્વ દિશામાં બે લઘુમહેન્દ્રધ્વજ છે. તેનું પ્રમાણ મહેન્દ્ર ધ્વજવત્ છે. ૬॥ યોજન ઉંચો અને અર્ધક્રોસ જાડાઈથી છે.

(શંકા) જો એ પૂર્વોક્ત મહેન્દ્રધ્વજતુલ્ય છે, તો આ લઘુ વિશેષણ કેમ ? મણિપીઠિકારહિત હોવાથી લઘુ, કેમકે બે યોજન પ્રમાણ મણિપીઠિકાની ઉપર રહેલ હોવાથી કહેલ છે.

તે બંને લઘુમહેન્દ્રધ્વજ એકૈક રાજધાની સંબંધી, તેની પશ્ચિમમાં ચોપ્પાલ નામે પ્રહરણ કોશ છે. તેમાં ઘણાં પરિઘરત્ન આદિ પ્રહરણો રાખેલા છે. સુધર્મા સભા ઉપર આઠ-આઠ મંગલો ઈત્યાદિ યાવત્ ઘણાં સહસ્ર પત્રો સર્વરત્નમય છે.

સુધર્મસભા પછી શું છે? તે બંને સુધર્માસભાની ઈશાને બે સિદ્ધાયતન કહેલા છે. કેમકે પ્રત્યેક સભામાં એકૈક છે. તે સુધર્માસભામાં કહેલ જિનગૃહના પાઠ મુજબ જાણવા. તે સિદ્ધાયતન ૧૨॥ યોજન લાંબા, ૬॥ યોજન પહોળા, ૯ યોજન ઉંચા આદિ છે. જેમ સુધર્મામાં ત્રણ-પૂર્વ, દક્ષિણ, ઉત્તરવર્તી દ્વારો છે, તેની આગળ મુખમંડપો, તેની આગળ પ્રેક્ષામંડપો, તેની આગળ સ્તૂપ, તેની આગળ ચૈત્યવૃક્ષ, તેની આગળ મહેન્દ્રધ્વજ, તેની આગળ નંદા પુષ્કરિણી, પછી ૬૦૦૦ મનોગુલિકા આદિ કહેવા. - x -

હવે સુધર્માસભામાં કહેલ સભા ચતુષ્કનો અતિદેશ કહે છે - x - એ રીતે સુધર્માસભા મુજબ બાકીની ઉપપાત સભાદિનું વર્ણન જાણવું. ક્યાં સુધી ? ઉપપાતસભા



સુધી. જેમાં દેવો ઉત્પન્ન થાય તે ઉત્પાતસભા, શયનીય વર્ણન પૂર્વવત્. તથા દ્રહ વક્તવ્ય, નંદા પુષ્કરિણી પ્રમાણ, તે ઉત્પન્ન દેવના શુચિત્વ અને જલક્રીડા હેતુ છે. પછી અભિષેક સભા - નવા ઉત્પન્ન દેવના અભિષેક મહોત્સવ સ્થાનરૂપ. આભિષેક્ય-અભિષેક યોગ્ય પાત્ર. તતા અલંકાર સભા - અભિષિકત દેવનું ભૂષણ પરિધાન સ્થાન. ત્યાં ઘણાં અલંકાર યોગ્ય પાત્ર રહે છે. વ્યવસાયસભા - અલંકૃત્ દેવને શુભ અધ્યવસાય અનુચિંતન સ્થાનરૂપ, પુસ્તકરત્ન ત્યાં હોય છે. - x - સર્વ રત્નમયાદિ છે.

નંદા પુષ્કરિણીમાં, બલિક્ષેપ પછીના કાળે સુધર્માસભામાં અભિનવ ઉત્પન્ન દેવના હાથ-પગ ધોવાના હેતુભૂત છે. અહીં સૂત્રમાં પહેલા કહ્યા છતાં નંદાપુષ્કરિણી પ્રયોજન ક્રમવશથી પછી વ્યાખ્યા ન કરે છે. જેમ સુધર્માસભાથી ઈશાન દિશામાં સિદ્ધાયતન છે, તેમ તેની ઈશાન દિશામાં ઉપપાતસભા છે. એ રીતે પૂર્વ-પૂર્વથી પછી-પછી ઈશાનમાં કહેવું યાવત્ બલિપીઠથી ઈશાનમાં નંદાપુષ્કરિણી છે. - x - x -

યમિકા રાજધાની કહ્યા પછી, તેના અધિપતિ યમક દેવોની ઉત્પત્તિ આદિ સ્વરૂપ કહેવા સૂત્રકૃત્ સંગ્રહ ગાથા કહે છે — ઉપપાત-યમકદેવની ઉત્પત્તિ કહેવી. પછી અભિષેક-ઈન્દ્રાભિષેક, પછી અલંકાર સભામાં અલંકાર પહેરવા, પછી વ્યવસાય-પુસ્તક રત્ન ઉદ્‌ઘાટનરૂપ, પછી સિદ્ધાયતનાદિ અર્ચા, પછી સુધર્મામાં ગમન, પરિવાર કરણ-સ્વ સ્વ દિશામાં પરિવારની સ્થાપના, જેમકે-યમક દેવના સિંહાસનના ડાબા ભાગે ૪૦૦૦ સામાનિકના ભદ્રાસનની સ્થાપના, ઋદ્ધિ-સંપદા, રૂપ નિષ્પત્તિ - x -

હવે યમકદ્રહ જેટલા અંતરે પરસ્પર સ્થિત છે, તેના નિર્ણય માટે કહે છે — જેટલા અંતરે નીલવંત-યમક છે, તેટલા અંતરે-૮૩૪-$^{4}/_{7}$ યોજનરૂપ દ્રહો જાણળા.

હવે દ્રહોના અંતરનું જે પ્રમાણ કહ્યું, તે દર્શાવે છે —

● **સૂત્ર-૧૪૬ થી ૧૫૦ :-**

***[૧૪૬] ભગવન્! ઉત્તરકુરુમાં નીલવંત દ્રહ નામે દ્રહ કહે છે? ગૌતમ! યમકના દક્ષિણી ચરમાંતથી ૮૩૪-$^{4}/_{7}$ યોજનના અંતરે, સીતા મહાનદીના બહુમધ્યદેશ ભાગમાં અહીં નીલવંત નામે દ્રહ કહેલ છે. તે દક્ષિણ-ઉત્તર લાંબો, પૂર્વ-પશ્ચિમ પહોળો છે જેમ પદ્મદ્રહનું વર્ણન કર્યુ, તેમ વર્ણન જાણવું. ભેદ એટલો કે — બે પદ્મવર વેદિકા અને બે વનખંડથી સંપરિવૃત્ત છે. નીલવંત નામે નાગકુમાર દેવ છે, બાકી પૂર્વવત્ જાણવું. નીલવંત દ્રહની પૂર્વ-પશ્ચિમમાં દશ-દશ યોજનોના અંતરે અહીં ૨૦ કંચન પર્વતો કહ્યા છે. તે ૧૦૦ યોજન ઉર્ધ્વ ઉંચા છે.***

***[૧૪૭] તે મૂળમાં ૧૦૦ યોજન, મધ્યમાં-૭૫ યોજન, ઉપર ૫૦ યોજનના વિસ્તારવાળા છે.***

***[૧૪૮] તેની પરિધિ મૂળમાં ૩૧૬ યોજન, મધ્યમાં-૨૩૭ યોજન અને ઉપર-૧૫૮ યોજન છે.***

***[૧૪૯] પહેલો નીલવંત, બીજો ઉત્તરકુરુ, ત્રીજો ચંદ્ર, ચોથો ઐરવત, પાંચમો માલ્યવંત છે.***

***[૧૫૦] એ પ્રમાણે પૂર્વવત્ અર્થ-પ્રમાણ કહેવા. દેવો (યાવત્) પલ્યોપમ સ્થિતિક છે.***

**● વિવેચન-૧૪૬ થી ૧૫૦ :-**

ઉત્તરકુરુમાં નીલવંત નામે દ્રહ ક્યાં કહેલ છે ? યમકના દક્ષિણી ચરમાંતથી ૮૩૪-$^{૪}/_{૭}$ યોજનના અંતરે છે. શીતા મહાનદીના બહુમધ્યદેશ ભાગમાં નીલવંત નામે દ્રહ છે. દક્ષિણ-ઉત્તર લાંબો, પૂર્વ-પશ્ચિમ પહોળો છે. - x - પદ્મદ્રહના વર્ણનવત્ જાણવું. વિશેષ એ કે - બે પદ્મવરવેદિકા અને બે વનખંડથી પરિવૃત્ત છે. - x - એમાં પ્રવેશતા કે નીકળતા, શીતા મહાનદીના બે ભાગ કરવાથી બંને પાર્શ્વવર્તી વેદિકા વડે યુક્ત છે. અર્થ નીલવંત વર્ષધર સમાન તે-તે પ્રદેશમાં શતપત્રાદિ છે અથવા નીલવંત નાગકુમાર દેવ અહીંનો અધિપતિ છે તેથી નીલવાન્ દ્રહ. પદ્મદ્રહ સમાન પદ્મની માન સંખ્યા અને પરિક્ષેપાદિ જાણવા.

હવે કંચનગિરિની વ્યવસ્થા કહે છે — નીલવંત દ્રહના પૂર્વ-પશ્ચિમ પાર્શ્વમાં પ્રત્યેકમાં દશ-દશ યોજનના અંતરે દક્ષિણ-ઉત્તર શ્રેણી વડે પરસ્પર મૂલમાં સંબદ્ધ, અન્યથા ૧૦૦ યોજન વિસ્તારના આ ૧૦૦૦ યોજન માનમાં દ્રહની લંબાઈનો અવકાશ અસંભવ છે. ૨૦ કાંચન પર્વતો કહ્યા. ૧૦૦ યોજન ઉંચા છે.

બે ગાથા વડે તેનો વિષ્કંભ અને પરિધિ કહે છે — મૂળમાં ૧૦૦ યોજન, મૂળથી ૫૦ યોજન ઉંચે જઈને-૭૫ યોજન, શિખર તલે ૫૦-યોજન વિસ્તારથી તે કાંચન નામે પર્વત છે. - x - x -

હવે સંખ્યાના ક્રમથી પાંચે દ્રહોના નામો કહે છે — પહેલો નીલવંત, બીજો ઉત્તરકુરુ ઈત્યાદિ૦ હવે અનંતરોક્ત કાંચન પર્વતના આ દ્રહાદીની સ્વરૂપ પ્રરૂપણા માટે લાઘવાર્થે એક સૂત્ર કહે છે — નીલવંત દ્રહ મુજબ ઉત્તરકુરુ દ્રહોને પણ જાણવા. પદ્મવર વેદિકા, વનખંડ, ત્રિસોપાનપ્રતિરૂપક ઈત્યાદિ વક્તવ્યતા કહેવી.

ઉત્તરકુરુ આદિ દ્રહોનો અર્થ- ઉત્તરકુરુ દ્રહાકાર ઉત્પલ આદિના યોગથી અને ઉત્તરકુરુદેવ સ્વામીત્વથી ઉત્તરકુરુદ્રહ નામ છે ચંદ્ર દ્રહાકાર, ચંદ્રદ્રહવર્ણ ચંદ્ર અહીંનો દેવ-સ્વામી છે, તેથી ચંદ્રદ્રહ. એરાવત-ઉત્તર પાર્શ્વવર્તી ભરતક્ષેત્ર સમાન ક્ષેત્ર વિશેષ, તેવી પ્રભા, આરોપિત જયા-ધનુ આકારે છે. ઉત્પલાદિ અને ઐરવત અહીંનો દેવ છે. એ રીતે માલ્યવંત દ્રહ પણ જાણવો - x - અહીં પહેલાનો સ્વામી નાગેન્દ્ર અને બાકીનાના વ્યંતરેન્દ્ર છે.

કાંચન પર્વતનું વર્ણન યમક પર્વતવત્ જાણવું. અર્થ-કાંચનવર્ણી ઉત્પલ અને કાંચન નામે દેવ-સ્વામી છે, માટે કાંચન પર્વત. પ્રમાણ-૧૦૦ યોજન ઉંચો ઈત્યાદિ - x - અથવા પ્રમાણ પ્રત્યેક દ્રહનું-૨૦, પ્રતિપાર્શ્વે-૧૦, સર્વ સંખ્યાથી-૧૦૦, અહીં પલ્યોપમ સ્થિતિક દેવ છે. અહીં રાજધાની કહેલ નથી, તો પણ યમક રાજધાનીવત્ કહેવી.

હવે સુદર્શના નામક જંબૂની વિવક્ષા —

**● સૂત્ર-૧૫૧ થી ૧૬૨ :-**

*[૧૫૧] ઉત્તરકુરુમાં જંબૂ પીઠ નામે પીઠ ક્યાં કહેલ છે ? ગૌતમ ! નીલવંત વર્ષધર પર્વતની દક્ષિણે, મેરુની ઉત્તરે, માલ્યવંત વક્ષસ્કાર પર્વતની પશ્ચિમે, સીતા મહાનદીના પૂર્વ કિનારે આ ઉત્તરકુરુ ક્ષેત્રમાં જંબૂપીઠ નામક પીઠ કહેલ છે. તે ૫૦૦ યોજન લાંબી-પહોળી, કંઈક વિશેષ ૧૫૮૧ યોજન-પરિધિથી*





*છે. તેના બહુમધ્ય દેશ ભાગમાં ૧૨-યોજનની જાડાઈ છે, ત્યારપછી માત્રાથી પ્રદેશની પરિહાનિથી ઘટતાં-ઘટતાં ચરમ અંતમાં બે-બે ગાઉ જાડાઈ છે, સર્વજાંબૂનદમય, સ્વચ્છ છે. તે એક પદ્મવરવેદિકા અને એક વનખંડથી ચોતરફથી વીંટાયેલ છે વર્ણક.*

*તે જંબૂપીઠની ચારે દિશામાં આ ચાર ત્રિસોપાનપ્રતિરૂપક કહેલ છે. તોરણ સુધી વર્ણન કરવું. તે જંબૂપીઠના બહુમધ્ય દેશ ભાગમાં અહીં મણિપીઠિકા કહી છે. તે આઠ યોજન લાંબી-પહોળી, અર્ધયોજન ભૂમિમાં છે. તેનો સ્કંધ બે યોજન ઉર્ધ્વ-ઉંચો, અર્ધયોજન જાડો છે. તેની શાખા છ યોજન ઉર્ધ્વ ઉંચી છે, બહુમધ્યદેશ ભાગમાં આઠ યોજન લાંબી-પહોળી છે, એ રીતે તે સાધિક આઠ યોજન છે.*

*તેનું આવા સ્વરૂપનું વર્ણન છે — વજ્રમયમૂલ, રજતની સુપ્રતિષ્ઠિત વિડિમા યાવત્ હૃદય અને મનને સુખદાયી, પ્રાસાદીયાદિ છે.*

*જંબૂ-સુદર્શનાની ચારે દિશામાં ચાર શાખા છે. તે શાખાના બહુ મધ્યદેશ ભાગમાં અહીં સિદ્ધાયતન કહેલ છે. તે એક કોશ લાંબુ, અર્ધ કોશ પહોળું, દેશોન કોશ ઉર્ધ્વ ઉંચુ, અનેકશત સ્તંભ ઉપર રહેલ યાવત્ દ્વારો ૫૦૦ ધનુષ્ ઉર્ધ્વ ઉંચા છે, યાવત્ વનમાલા, મણિપીઠિકા ૫૦૦ ધનુષ્ લાંબી-પહોળી, ૨૫૦ ધનુષ્ જાડી છે. તે મણિપીઠિકા ઉપર દેવછંદક છે, જે ૫૦૦ ધનુષ્ લાંબો-પહોળો, સાતિરેક ૫૦૦ ધનુષ્ ઉર્ધ્વ ઉંચો છે. ત્યાં જિનપ્રતિમાનું વર્ણન જાણવું.*

*તેમાં જે પૂર્વની શાખા છે, ત્યાં ભવન કહેલ છે, તે એક કોશ લાંબુ૦ પૂર્વવત્, વિશેષ-અહીં શયનીય છે. બાકીની શાખા ઉપર પ્રાસાદાવતંસક, સપરિવાર સીંહાસનો કહેવા.*

*તે જંબૂ બાર પદ્મવરવેદિકાથી ચોતરફથી પરિવરેલ છે, વેદિકા વર્ણન કહેવું. તે જંબૂ બીજા ૧૦૮ જંબૂ, કે જે અર્ધ ઉચ્ચત્વવાળા છે, તેનાથી ચોતરફથી વીંટાયેલ છે. વર્ણન કરવું. તે જંબૂ છ પદ્મવરવેદિકાથી પરિવૃત્ત છે. તે જંબૂ-સુદર્શનાની ઈશાને-ઉત્તરે-વાયવ્યમાં અહીં અનાદૃત દેવના ૪૦૦૦ સામાનિકોના ૪૦૦૦ જંબૂ કહેલા છે તેની પૂર્વે ચાર અગ્રમહિષીના ચાર જંબૂ કહેલા છે. [તે આ રીતે —]*

*[૧૫૨] અગ્નિ-દક્ષિણ-નૈઋત્યમાં આઠ-દશ-બાર હજાર જંબૂ છે.*

*[૧૫૩] પશ્ચિમમાં સાત અનિકાધિપતિના સાત જંબૂ છે. ચારે દિશામાં [કુલ] ૧૬,૦૦૦ આત્મરક્ષકોના ૧૬,૦૦૦ જંબૂ છે.*

*[૧૫૪] જંબૂ ૩૦૦ વનખંડોથી ચોતરફથી પરિવૃત્ત છે. જંબૂની પૂર્વે ૫૦ યોજને રહેલ પહેલા વનખંડમાં જતાં એક ભવન છે. તે એક કોશ લાંબુ, આદિ વર્ણન પૂર્વવત્. શયનીય કહેવું. એમ બીજી દિશામાં પણ ભવનો છે.*

*જંબૂની ઈશાને પહેલું વનખંડમાં ૫૦ યોજન જઈને અહીં ચાર પુષ્કરિણી કહી છે, તે આ પ્રમાણે — પદ્મા, પદ્મપ્રભા, કુમુદા, કુમુદપ્રભા. તે એક કોશ લાંબી, અર્ધકોશ પહોળી, ૫૦૦ ધનુષ્ ઉદ્વેધથી છે. વર્ણક.*

*તેની મધ્યે પ્રાસાદાવતંસક છે, તે એક કોશ લાંબુ, અર્ધકોશ પહોળું,*

*દશોન કોશ ઉર્ધ્વ ઉંચુ છે, સપરિવાર સિંહાસન વર્ણન કરવું. એ પ્રમાણે બાકીની વિદિશામાં [પુષ્કરિણી છે, તેની ગાથા—]*

*[૧૫૫,૧૫૬] પદ્મા, પદ્મપ્રભા, કુમુદા, કુમુદપ્રભા, ઉત્પલગુલ્મા, નલિના, ઉત્પલા, ઉત્પલોજ્જ્વલા... ભૃંગા, ભૃંગપ્રભા, અંજના, કજ્જલપ્રભા, શ્રીકાંતા, શ્રીમહિતા, શ્રીચંદા, શ્રીનીલયા.*

*[૧૫૭] જંબૂની પૂર્વા ભવનની ઉત્તરમાં-ઈશાનમાં પ્રાસાદાવતંસક, દક્ષિણમાં એક કૂટ કહેલ છે, તે આઠ યોજન ઉર્ધ્વ ઉંચા, બે યોજન ભૂમિમાં, મૂલમાં આઠ યોજન લાંબા-પહોળા, બહુ મધ્યદેશ ભાગમાં છ યોજન, ઉપર ચાર યોજન લાંબા-પહોળા છે.*

*[૧૫૮,૧૫૯] તેના શિખરની પરિધિ મૂલે-મધ્યે-ઉપર ક્રમશઃ સાધિક પચીશ, અઢાર, બાર યોજન છે તે મૂલમાં વિસ્તીર્ણ, મધ્યે સંક્ષિપ્ત, ઉપર પાતળી છે, સર્વ કનકમય, સ્વચ્છ છે. વેદિકા-વનખંડનું વર્ણન કરવું. એ પ્રાણે બાકીના કૂટો પણ છે. જંબૂના બાર નામો આ છે —*

*[૧૬૦,૧૬૧] સુદર્શના, અમોઘા, સુપ્રબુદ્ધા, યશોધરા, વિદેહજંબૂ, સોમનસા, નિયતા, નિત્યમંડિતા, સુભદ્રા, વિશાળા, સુજાતા, સુમના.*

*[૧૬૨] જંબૂ ઉપર આઠ આઠ મંગલો છે... ભગવન્ ! જંબૂસુદર્શના એવું નામ કેમ છે ? ગૌતમ ! જંબૂ-સુદર્શનામાં અનાદૃત નામે જંબૂદ્વીપાધિપતિ વસે છે, તે મહર્દ્ધિક છે. તે ત્યાં ૪૦૦૦ સામાનિકોનું યાવત્ હજારો આત્મરક્ષક દેવોનું, જંબૂદ્વીપ દ્વીપની જંબૂ-સુદર્શનાનું, અનાદૃતા નામે રાજધાનીનું બીજા પણ ઘણાં દેવો-દેવીઓનું આધિપત્યાદિ કરતાં વિચરે છે. તેથી હે ગૌતમ ! એમ કહ્યું. અથવા હે ગૌતમ ! જંબૂસુદર્શના યાવત્ હશે જ, ધ્રુવ-નિયત-શાશ્વત-યાવત્ અવસ્થિત છે.*

*ભગવન્ ! અનાદૃત દેવની અનાદૃતા નામે રાજધાની ક્યાં કહી છે ? ગૌતમ ! જંબૂદ્વીપમાં મેરુ પર્વતની ઉત્તરે૦ જે કંઈ પૂર્વ વર્ણિત યમિકા પ્રમાણ છે, તે જાણવું યાવત્ ઉપપાત, અભિષેક સંપૂર્ણ કહેવો.*

**● વિવેચન-૧૫૧ થી ૧૬૨ :-**

ભદંત ! ઉત્તરકુરુમાં જંબૂપીઠ ક્યાં કહી છે ? - x - નીલવંત પર્વતની દક્ષિણે, મેરુ પર્વતની ઉત્તરે, માલ્યવંત વક્ષસ્કાર પર્વતની પશ્ચિમે - સીતા મહાનદીના પૂર્વકૂલે - ઉત્તરકુરુના પૂર્વાર્દ્ધમાં, તેમાં પણ મધ્ય ભાગમાં અહીં ઉત્તરકુરુમાં જંબૂપીઠ નામે પીઠ કહેલી છે. ઈત્યાદિ સૂત્રાર્થવત્ જાણવું. - x - સવ્વેસુ - સર્વથી ચરમ અંતમાં, મધ્યમાં ૨૫૦ યોજન ઉલ્લંઘતા. બે કોશ જાડાઈથી, સંપૂર્ણ જાંબૂનદમય, સ્વચ્છ૦ ઈત્યાદિ.

અનંતરોક્ત જંબૂપીઠ એક પદ્મવરવેદિકા અને એક વનખંડથી ચોતરફથી સંપરિવૃત્ત છે. બંને પણ વેદિકા અને વનખંડ વર્ણન પૂર્વવત્. તે જઘન્યથી પણ ચરમાંતે બે કોશ ઉચ્ચ છે, સુખે ચડ-ઉતર કેમ થાય ? તે કહે છે — જંબૂપીઠની ચારે દિશામાં - x - ચાર ત્રિસોપાન પ્રતિરૂપક છે. આ ત્રણે મળીને બે કોશ ઉચ્ચ થાય છે. એક કોશ વિસ્તીર્ણ છે. તેથી જ પ્રાંત બે કોશના બાહલ્યથી પીઠથી ચડતા-



ઉતરતા સુખાવહ છે, દ્વારભૂત વર્ણન તોરણ સુધી કહેવું. - x -

તે મણિપીઠિકાની ઉપર અહીં જંબૂ-સુદર્શના નામે કહેલ છે આઠ યોજન ઉર્ધ્વ-ઉંચા, અર્ધયોજન ભૂમિમાં છે. હવે આ જ ઉચ્ચત્વના આઠ યોજનના વિભાગથી બે સૂત્રો વડે દર્શાવે છે - તે જંબૂના કંદથી ઉપરની શાખા પ્રભવ પર્યન્ત અવયવ બે યોજન ઉર્ધ્વ-ઉચ્ચ, અર્ધયોજન જાડી, તેની શાખા-પર્યાય નામ વિડિમા, મધ્ય ભાગથી નીકળી ઉર્ધ્વગત શાખા છ યોજન ઉર્ધ્વ-ઉચ્ચ થાય. બહુમધ્યદેશ ભાગમાં પ્રકરણથી જંબૂ લેવું. આઠ યોજન લાંબા-પહોળાથી, તે જ આ સ્કંધના ઉપરના ભાગથી ચારે દિશામાં પ્રત્યેકમાં એકૈક શાખા નીકળે છે, તે ક્રોશન્યૂન ચાર યોજન છે. તેથી પૂર્વાપર શાખાના દૈર્ઘ્ય સ્કંધ બાહલ્ય સંબંધી અર્ધયોજન ઉમેરતા આ સંખ્યા આવે. અહીં બહુમધ્ય દેશ ભાગ વ્યવહારિક લેવો. - x - અન્યથા વિડિમામાં બે યોજન જતાં નિશ્ચયપ્રાપ્ત મધ્યભાગના ગ્રહણમાં પૂર્વાપર બે શાખાના વિસ્તારનો ગ્રહણ સંભવે છે, કેમકે વિષમ શ્રેણીત્વ છે. અથવા બહુ મધ્યદેશ ભાગ શાખા લેવી. કંદાદિના પરિમાણ મીલનથી સાતિરેક આઠ યોજન આવશે. હવે તેનું વર્ણન કહે છે—

તે જંબૂનું આવા સ્વરૂપે વર્ણન છે — તેનું મૂલ વજ્રમય છે, રજતમયી સુપ્રતિષ્ઠિત વિડિમા-બહુમધ્યદેશ ભાગે ઉર્ધ્વ નીકળેલ શાખા છે યાવત્ પદથી ચૈત્યવૃક્ષનું વર્ણન સંપૂર્ણ કહેવું. ક્યાં સુધી ? મનને અધિક સુખકારી, પ્રાસાદીય, દર્શનીય આદિ. હવે તેની શાખાઓ કહે છે —

જંબૂ-સુદર્શનાની ચારે દિશામાં ચાર શાખા કહી છે, તે શાખાના બહુ મધ્યદેશભાગમાં ઉપરની વિડિમા શાખામાં૦ તે અધ્યાહાર છે. બાકી સુલભ છે. વૈતાઢ્યના સિદ્ધકૂટમાં સિદ્ધાયતન પ્રકરણથી જાણવું. હવે પૂર્વ શાખા આદિમાં જ્યાં જે છે, ત્યાં તે કહે છે — તે ચાર શાખામાં જે પૂર્વની શાખા છે, ત્યાં ભવન કહેલ છે. તે એક કોશ લાંબુ, સિદ્ધાયતન સમાન છે. અર્ધકોશ વિષ્કંભ, દેશોન ક્રોશ ઉચ્ચત્વથી છે. પ્રમાણ અને દ્વારાદિ વર્ણન કહેવું. વિશેષ - અહીં શયનીય કહેવું. બાકી દક્ષિણ આદિની શાખામાં પ્રત્યેકમાં એક-એક એમ ત્રણ પ્રાસાદાવતંસકો, સપરિવાર સીંહાસન જાણવા, તેનું પ્રમાણ ભવનવત્ છે. ત્યાં ખેદને દૂર કરવા ભવનોમાં શયનીય, પ્રાસાદમાં આસ્થાનસભા છે.

[શંકા] ભવનોની વિષમ લંબાઈ-પહોળાઈ, કેમકે પદ્મદ્રહાદિ મૂલ પદ્મભવનાદિમાં તેમ કહેલ છે. પ્રાસાદની સમ લંબાઈ-પહોળાઈ, દીર્ઘ વૈતાઢ્ય કૂટ, વૃત્તવૈતાઢ્ય, વિજયાદિ રાજધાની, બીજા પણ વિમાનાદિ અને પ્રાસાદમાં સમ ચતુરસ્રત્વથી સમ લંબાઈ-પહોળાઈ સિદ્ધાંત સિદ્ધ છે, તો અહીં પ્રાસાદોના ભવનની તુલ્ય પ્રમાણતા કઈ રીતે ઘટે?

[સમાધાન] તે પ્રાસાદો કોશ સમ ઉંચા, અર્ધકોશ વિસ્તીર્ણ છે તેમ ક્ષેત્રવિચારમાં પણ કહ્યું છે, - x - જંબૂદ્વીપ સમાસ પ્રકરણાદિમાં પણ આવી સાક્ષી છે. - x - x - x - અહીં જે મતભેદ જોવા મળે છે, તેનો ગંભીર આશય અમે જાણતાં નથી. - - - હવે પદ્મવરવેદિકાદિનું સ્વરૂપ—

જંબૂ બાર પદ્મવરવેદિકા વડે - પ્રાકાર વિશેષ રૂપથી ચોતરફથી પરિવૃત્ત છે. વેદિકાનું વર્ણન પૂર્વવત્. આની મૂલ જંબૂને પરિવરીને સ્થિત જાણવું. જે પીઠની

પરિવેષ્ટિકા છે, તે પૂર્વે કહેલ છે. હવે તેનો પહેલો પરિક્ષેપ કહે છે — મૂલ જંબૂ બીજા ૧૦૮ જંબૂવૃક્ષોથી, મૂલ જંબૂના અર્ધ ઉચ્ચત્વ પ્રમાણવાળા જંબૂથી ચોતરફથી પરિવેષ્ટિત છે. ઉપલક્ષણથી તેનો ઉદ્વેધ, લંબાઈ, વિસ્તાર પણ અર્ધપ્રમાણમાં જાણવો. તેથી કહે છે — તે ૧૦૮ જંબૂ, પ્રત્યેક ચાર યોજન ઉંચા, એક ક્રોશ અવગાહથી એક યોજન ઉચ્ચ સ્કંધ, ત્રણ યોજન વિડિમા, સર્વાગ્રથી ઉચ્ચત્વ સાતિરેક ચાર યોજન છે. તેની એકૈક શાખા અર્ધક્રોશહીન બે યોજન દીર્ઘ ક્રોશપૃથુત્વ સ્કંધ થાય છે. - x - અહીં અનાદંત દેવના આભરણાદિ રહે છે. તેનું વર્ણન જણાવવા કહે છે — તેનું વર્ણન મૂલજંબૂ સમાન જ છે.

હવે આની જેટલી પદ્મવરવેદિકા છે, તે કહે છે — પૂર્વવત્, પણ વિશેષ આ - પ્રતિ જંબૂવૃક્ષમાં છ-છ પદ્મવર વેદિકા છે. આ ૧૦૮ જંબૂમાં આ સૂત્રમાં તથા જીવાભિગમ આદિમાં પણ જિનભવન, ભવન-પ્રાસાદ વિચારણા કોઈએ કરી નથી. ઘણાં બહુશ્રુતો, શ્રાદ્ધ પ્રતિક્રમણ ચૂર્ણિકાર આદિ મૂળ જંબૂવૃક્ષના તે પહેલાં ભવન ખંડના આઠ કૂટો જિનભવન સાથે ૧૧૭ જિનભવનો માનતા, અહીં પણ એકૈક સિદ્ધાયતન પૂર્વોક્ત માનથી માને છે. અહીં સત્ય શું ? તે કેવલી જાણે.

હવે બાકીના પરિક્ષેપને કહેવા ચાર સૂત્રો કહે છે — જંબૂ સુદર્શનાની ઈશાનમાં, ઉત્તરમાં અને વાયવ્યમાં અહીં ત્રણે દિશામાં. જંબૂદ્વીપાધિપતિ દેવના ૪૦૦૦ સામાનિકોના ૪૦૦૦ જંબૂ કહેલાં છે. ગાથાબંધથી પર્ષદાના દેવના જંબૂ કહે છે. અગ્નિ-દક્ષિણ-નૈઋત્ય દિશામાં અનુક્રમે આઠ-દશ-બાર જંબૂઓ કહ્યા છે. તેનાથી અધિક કે ન્યૂન નહીં.

અનિકાધિપતિના જંબૂ અને ત્રીજા પરિક્ષેપના જંબૂ ગાથા વડે કહે છે — ગજાદિ સૈન્યના સાત અધિપતિના સાત જંબૂ પશ્ચિમમાં હોય છે બીજો પરિક્ષેપ પૂર્ણ થયો, હવે ત્રીજો કહે છે — આત્મરક્ષક દેવો, સામાનિકથી ચાર ગણાં, ૧૬,૦૦૦ જંબૂ છે. એકૈક દિશામાં ચાર-ચાર હજાર. - x - જોકે આ પરિક્ષેપ જંબૂનું ઉચ્ચત્વાદિ પ્રમાણ પૂર્વાચાર્યોએ વિચારેલ નથી, તો પણ પદ્મદ્રહ પદ્મપરિક્ષેપ મુજબ પૂર્વ-પૂર્વ પરિક્ષેપના જંબૂ, ઉત્તર-ઉત્તર પરિક્ષેપના જંબૂથી અર્ધ પ્રમાણમાં જાણવા. - x -

હવે આના જ ત્રણ વનનો પરિક્ષેપ કહે છે — તે આનાપરિવારમાં જાણવા. ૩૦૦ યોજન પ્રમાણથી વનખંડ વડે ચોતરફ સંપરિવૃત્ત છે. તે આ રીતે — અભ્યંતર, મધ્યમ, બાહ્યથી. હવે અહીં જે છે, તે કહે છે — જંબૂના સપરિવારના પૂર્વથી ૫૦-યોજન પહેલાં વનખંડમાં જઈને અહીં ભવન કહેલ છે. તે એક ક્રોશ લાંબુ છે. ઉચ્ચત્વ આદિના કથન માટે અતિદેશ કહે છે — તે જ મૂલ જંબૂની પૂર્વ શાખાના ભવન સંબંધી વર્ણન જાણવું. અનાદંત યોગ્ય શયનીય કહેવું. એમ દક્ષિણાદિ દિશામાં પોત-પોતાની દિશામાં ૫૦-યોજન ગયા પછી વનમાં ભવન કહેવું. હવે વનમાં વાપીનું સ્વરૂપ —

જંબૂની ઈશાનદિશામાં પહેલું વનખંડ ૫૦-યોજન ગયા પછી ચાર પુષ્કરિણી કહી છે. એ સૂચિશ્રેણીથી રહેલ નથી, પણ પોતાની વિદિશાના પ્રાસાદને વીંટાઈને રહી છે. તેથી પ્રદક્ષિણાકારે તેના નામો આ રીતે છે — પૂર્વમાં પદ્મા, દક્ષિણમાં-પદ્મપ્રભા ઈત્યાદિ. એ રીતે વિદિશાની પણ કહેવી. તે એક કોશ લાંબી, અર્ધકોશ પહોળી,



૫૦૦ ધનુષ્ ઉદ્વેધથી છે.

હવે વાપી મધ્યેના પ્રાસાદના સ્વરૂપને કહે છે — તે ચારે વાપી મધ્યે પ્રાસાદાવતંસક કહેલ છે - x - ચારે વાવમાં એકૈક પ્રાસાદ છે, તેથી ચાર પ્રાસાદો છે. તે એક કોશ લાંબા, અર્ધકોશ પહોળા, દેશોનકોશ ઉંચા છે. વર્ણન મૂલ જંબૂની દક્ષિણશાખાના પ્રાસાદવત્ જાણવું. આમાં અનાદૃત દેવની ક્રીડાર્થે સપરિવાર સિંહાસન કહેવું. જીવાભિગમમાં અપરિવાર કહેલ છે. એ રીતે અગ્નિ આદિ વિદિશામાં વાપી અને પ્રાસાદો કહેવા.

આ વાપીઓના નામો જણાવવા બે ગાથા કહી છે — પદ્માદિ, આ બધી પણ ત્રિસોપાન, ચાર દ્વારો, વેદિકા, વનખંડ યુક્ત જાણવા. હવે અગ્નિ દિશામાં ઉત્પલ ગુલ્મ, પૂર્વમાં નલિના ઈત્યાદિ જાણવું. હવે આ વનના મધ્યવર્તી કૂટોને સ્વરૂપથી કહે છે — જંબૂના આ જ પહેલા વનખંડમાં પૂર્વ ભવનની ઉત્તરમાં, ઈશાન ખૂણામાં પ્રાસાદાવતંસકની દક્ષિણમાં અહીં કૂટ કહેલ છે. આઠ યોજન ઉર્ધ્વ-ઉંચા, બે યોજન ઉદ્વેધથી, વૃત્તત્વથી જે લંબાઈ છે, તે જ પહોળાઈ છે. મૂળમાં આઠ યોજન લાંબા-પહોળા, બહુ મધ્યદેશ ભાગમાં - ભૂમિથી ચાર યોજન જતાં, છ યોજન લાંબા-પહોળા, શિખરના ભાગે ચાર યોજન લાંબા-પહોળા છે.

હવે તેની પરિધિના કથન માટે પદ્ય કહે છે — ઋષભકૂટના આલાવા મુજબ કહેવું. વિશેષ એ કે — સાધિક ૨૫-યોજન મૂલમાં પરિધિ આદિ અનુક્રમે યોજવું. - x - આ ગાથામાં ઋષભકૂટ સમત્વથી કહેલ હોવાથી ૧૨-યોજનો, આઠ મધ્યે કહેલ છે. તત્ત્વ બહુશ્રુત જાણે. આમાં પ્રત્યેકમાં જિનગૃહ એકૈક વિડિમાગત જિનગૃહ તુલ્ય છે. હવે શેષકૂટ વક્તવ્યતા —

ઉક્ત રીતિથી વર્ણપ્રમાણ, પરિધિ આદિની અપેક્ષાથી બાકીના પણ સાતે કૂટો જાણવા. સ્થાનવિભાગ આ છે - પૂર્વ દિશાભાવિ ભવનની દક્ષિણે, અગ્નિ દિશાના પ્રાસાદાવતંસકની ઉત્તરે બીજો કૂટ, દક્ષિણ દિશાના ભવનની પૂર્વથી અગ્નિદિશાના પ્રાસાદાવતંસકની પશ્ચિમમાં તૃતીય ઈત્યાદિ - x - x - x - વૃત્તિમાં કહ્યા મુજબ સમજી લેવું.

હવે જંબૂના નામોને જણાવે છે — જંબૂ સુદર્શનાના બાર નામો કહેલા છે — શોભન ચક્ષુ અને મનને આનંદકત્વથી દર્શન જેનું છે તે સુદર્શન, અમોઘ-સફલ - x - x - અતિશયથી પ્રબુદ્ધ-ઉત્ફૂલ્લ, સકલ ભુવનમાં વ્યાપક યશને ધારણ કરે છે, તે યશોધર, - x - વિદેહમાં જંબૂને વિદેહજંબૂ કેમકે વિદેહ અંતર્ગત્ ઉત્તરકુરુમાં નિવાસ છે. સૌમનસ્યના હેતુથી સૌમનસ્ય, - x - x - સુભદ્રા-શોભન કલ્યાણભાજી - x - વિશાલ-વિસ્તીર્ણ સુજાતા-શોભન જન્મ જેના છે તે-અર્થાત્ જન્મદોષરહિતા, જેના હોવાથી મન શોભન થાય છે તે સુમના. - x -

જંબૂ ઉપર આઠ - આઠ મંગલો છે, ઉપલક્ષણથી ધ્વજ, છત્ર ાદિ સૂત્રો કહેવા. હવે સુદર્શના શબ્દ પ્રવૃત્તિ નિમિત્ત પૂછે છે — પ્રશ્નસૂત્ર સ્પષ્ટ છે. ઉત્તરસૂત્રમાં — જંબૂ સુદર્શનામાં અનાદંત નામે જંબૂદ્વીપાધિપતિ - ન આદંતા-આદર વિષયી કરાયેલ, બાકીના જંબૂદ્વીપના દેવો અપેક્ષાથી અનાદંત નામે મહર્દ્ધિક આદિ દેવ વસે છે. તે ૪૦૦૦ સામાનિકો યાવત્ આત્મરક્ષક૦ ઈત્યાદિનું આધિપત્યાદિ કરતાં યાવત્ વિચરે

છે, તેથી એમ કહે છે — જંબૂસુદર્શના. તેનો અર્થ શો ? અનાદૃત દેવની સમાન પોતાનું મહર્દ્ધિકત્વ દર્શન અહીં કૃત આવાસ. શોભન કે અતિશય દર્શન-વિચારણા અનંતરોક્ત સ્વરૂપ ચિંતન, યાવત્ અનાદૃત દેવનું જેના હોવાથી છે તે સુદર્શના. જો કે અનાદૃતા રાજધાની પ્રશ્નોત્તર સૂત્રમાં સુદર્શના શબ્દ પ્રવૃત્તિ નિમિત્ત પ્રશ્નોત્તર સૂત્ર નિગમન સૂત્રાંતર્ગત ઘણીં પ્રતોમાં છે, તો પણ - x - વાચકો ન મુંઝાય તે માટે અમે સૂત્રપાઠમાં લખેલ છે. - x -

હવે બીજું ગૌતમ ! યાવત્ શબ્દથી જંબૂ સુદર્શના એ શાશ્વત નામ છે. જે કદાપિ ન હતું તેમ નહીં ઈત્યાદિ. નામનું શાશ્વતપણું દેખાડ્યું. હવે પ્રસ્તુત વસ્તુનું શાશ્વતપણું છે કે નહીં તે શંકાને નિવારવા કહે છે — જંબૂ સુદર્શના આદિ૦ પછી રાજધાનીની વિવક્ષા-તેમાં જેમ પૂર્વે યમિકા રાજધાનીનું પ્રમાણ કહ્યું, તે જ જાણવું યાવત્ અનાદૃત દેવનો ઉપપાત અને અભિષેક સંપૂર્ણ કહેવો.

હવે ઉત્તરકુરુ નામાર્થ પૂછવાને કહે છે —

**● સૂત્ર-૧૬૩ થી ૧૬૫ :-**

***[૧૬૩] ભગવન્ ! તેને ઉત્તરકુરુ કેમ કહે છે ? ગૌતમ ! ઉત્તરકુરુમાં ઉત્તરકુરુ નામક મહર્દ્ધિક યાવત્ પલ્યોપમસ્થિતિક દેવ વસે છે. તે કારણે હે ગૌતમ ! “ઉત્તરકુરુ” એમ કહે છે. અથવા આ નામ શાશ્વત છે.***

***ભગવન્ ! મહાવિદેહ ક્ષેત્રમાં માલ્યવંત નામે વક્ષસ્કાર પર્વત ક્યાં કહે છે ? ગૌતમ ! મેરુ પર્વતની ઈશાને નીલવંત વર્ષધર પર્વતની દક્ષિણે, ઉત્તરકુરુની પૂર્વે, વત્સ ચક્રવર્તી વિજયની પશ્ચિમે અહીં મહાવિદેહ ક્ષેત્રમાં માલ્યવંત વક્ષસ્કાર પર્વત કહેલ છે. તે ઉત્તર દક્ષિણ લાંબો, પૂર્વ-પશ્ચિમ પહોળો છે. જેમ ગંધમાદનનું પ્રમાણ અને વિષ્કંભ છે તેમ કહેવું. ફર્ક એટલો કે સર્વ વૈડૂર્યમય છે, બાકી બધું તેમજ છે. યાવત્ ગૌતમ ! નવ કૂટો કહ્યા છે —***

***[૧૬૪] સિદ્ધાયતન, માલ્યવંત, ઉત્તરકુરુ, કચ્છ, સાગર, રજત, શીતોદ, પૂર્ણભદ્ર, હરિસ્સહ-કૂટ જાણવા.***

***[૧૬૫] ભગવન્ ! માલ્યવંત વક્ષસ્કારપર્વતમાં સિદ્ધાયતન નામે કૂટ ક્યાં કહેલ છે ? ગૌતમ ! મેરુ પર્વતની ઈશાને, માલ્યવંત કૂટની નૈઋત્યમાં આ સિદ્ધાયતન કૂટ કહેલ છે. તે ૫૦૦ યોજન ઉર્ધ્વ-ઉંચો છે, બાકીનું પૂર્વવત્ યાવત્ રાજધાની, એ પ્રમાણે માલ્યવંત, ઉત્તરકુરુ, કચ્છકૂટ પણ જાણવા. આ ચારે કૂટો દિશા, પ્રમાણથી સમાન જાણવા. કૂટ સર્દશ નામક દેવો છે.***

***ભગવન્ ! માલ્યવંતમાં સાગરકૂટ નામે કૂટ ક્યાં કહેલ છે ? ગૌતમ ! કચ્છકૂટના ઈશાને, રજતકૂટની દક્ષિણે, અહીં સાગરકૂટ નામે કૂટ કહેલ છે. તે ૫૦૦ યોજન ઉર્ધ્વ ઉંચા છે. બાકી પૂર્વવત્. ત્યાં સુભોગા દેવી છે. રાજધાની, ઈશાનમાં રજતકૂટ-ભોગમાલિની દેવી, રાજધાની ઈશાનમાં. બાકીના કૂટો ઉત્તર દક્ષિણમાં જાણવા, સમાન પ્રમાણ છે.***

**● વિવેચન-૧૬૩ થી ૧૬૫ :-**

પ્રશ્નસૂત્ર સ્પષ્ટ છે. વિશેષ આ - ઉત્તરકુરુ નામે અહીં દેવ વસે છે, તેથી ઉત્તરકુરુ



કહ્યું. જે ઉત્તરકુરુની પશ્ચિમમાં છે, તે માલ્યવંત, જેનું બીજું નામ ગજતંતાકાર ગિરિ છે, તે કહે છે - x - મેરુ પર્વતની ઈશાને નીલવંત પર્વતની દક્ષિણે, ઉત્તરકુરુની પૂર્વે, કચ્છ વિજયની પશ્ચિમે, મહાવિદેહમાં માલ્યવંત વક્ષસ્કાર પર્વત કહેલ છે. - x - જેમ ગંધમાદનના પૂર્વોક્ત વક્ષસ્કાર ગિરિના પ્રમાણ અને વિષ્કંભ છે, તેમજ જાણવું. ફર્ક માત્ર એ કે — સંપૂર્ણ વૈડૂર્યરત્નમય છે. ઉત્તર સૂત્રમાં કહેવા છતાં સિદ્ધાયતન કૂટ જે ફરી કહેવાયો છે તે સિદ્ધ અને માલ્યવંત૦ ગાથામાં સર્વ સંગ્રહ માટે છે.

સિદ્ધાયતન કૂટ, માલ્યવત્ કૂટ, આ વક્ષસ્કારાધિપતિનો નિવાસ કૂટ તે ઉત્તરકુરુ કૂટ, કચ્છ વિજયાધિપતિનો કચ્છકૂટ, સાગર કૂટ, રજતકૂટ જે બીજે રુચકકૂટ કહેવાય છે. શીતાદેવીનો સીતાકૂટ, પૂર્ણભદ્ર વ્યંતરેન્દ્રનો કૂટ તે પૂર્ણભદ્રકૂટ, ઉત્તર શ્રેણી અધિપતિ વિદ્યુત્ કુમારેન્દ્રનો હરિસ્સહ કૂટ. હવે તેની સ્થાન પ્રરૂપણા—

- x - મેરુ પર્વતની ઈશાને, નીકટના માલ્યવંત કૂટની નૈઋર્ત્યમાં, અહીં સિદ્ધાયતન કૂટ કહેલ છે. તે ૫૦૦ યોજન ઉંચો, બાકી મૂલ વિષ્કંભાદિ કહેવા, તે ગંધમાદન સિદ્ધાયતનકૂટવત્ કહેવા. યાવત્ રાજધાની કહેવી. સિદ્ધાયતન કૂટના વર્ણનમાંના કૂટ અને સિદ્ધાયતનાદિ વર્ણક બંને સૂત્રો કહેવા. તેમાં સિદ્ધાયતનકૂટમાં રાજધાની સૂત્ર ન આવે તેથી રાજધાની સૂત્ર છોડીને બાકીનું સૂત્ર કહેવું. અહીં યાવત્ શબ્દ સંગ્રાહક નથી, પણ અવધિવાચી છે. - x -

લાઘવાર્થે અતિદેશ કહે છે — એ પ્રમાણે સિદ્ધાયતન કૂટની રીતથી માલ્યવંત કૂટ, ઉત્તરકુરુકૂટ, કચ્છકૂટની વક્તવ્યતા જાણવી. હવે આ પરસ્પર સ્થાનાદિથી તુલ્ય છે કે નહીં, તે કહે છે — આ સિદ્ધાયતન કૂટ સહિત ચારે પરસ્પર દિશા અને વિદિશારૂપ પ્રમાણ વડે તુલ્ય જાણવા. અર્થાત્ પહેલો સિદ્ધાયતનકૂટ મેરુની ઈશાને છે પછી તે દિશામાં બીજો માલ્યવંતકૂટ, તે જ દિશામાં ત્રીજો ઉત્તરકૂટ, તે જ દિશામાં કચ્છકૂટ, એ ચારે વિદિશામાં રહેલ, પ્રમાણથી હિમવંત કૂટ મુજબ પ્રમાણથી છે. કૂટ સમાન નામક દેવો છે. અહીં સિદ્ધકૂટ સિવાયના ત્રણે કૂટોમાં કૂટનામક દેવો જાણવા. સિદ્ધાયતન કૂટમાં તો સિદ્ધાયતન જ છે. - x - x - હવે બાકીના કૂટોનું સ્વરૂપ કહે છે —

ઉત્તરસૂત્રમાં — કચ્છકૂટની ઈશાને, રજતકૂટની દક્ષિણે, અહીં સાગરકૂટ નામે કૂટ કહેલ છે તે ૫૦૦ યોજન ઉંચો, બાકીના મૂલવિષ્કંભાદિ પૂર્વવત્. અહીં સુભોગા નામે દિક્‌કુમારી દેવી છે. તેની રાજધાની મેરુની ઈશાને છે. રજતકૂટ છઠ્ઠો, પૂર્વથી ઉત્તરમાં અહીં ભોગમાલિની દિક્‌કુમારીદેવી છે, રાજધાની ઈશાનમાં છે, બાકીના સીતા આદિ કૂટો-પૂર્વ પૂર્વથી ઉત્તર ઉત્તરમાં અને ઉત્તર ઉત્તરથી પૂર્વ પૂર્વમાં અર્થાત્ દક્ષિણમાં છે. બધાં હિમવંત કૂટ પ્રમાણત્વથી સમાન છે.

**● સૂત્ર-૧૬૬ :-**

***ભગવન્ ! માલ્યવંતમાં હરિસ્સહ નામે કૂટ ક્યાં કહેલ છે ? ગૌતમ ! પૂર્ણભદ્રની ઉત્તરે, નીલવંતની દક્ષિણે અહીં હરિસ્સહ નામે કૂટ કહેલ છે. તે ૧૦૦૦ યોજન ઉર્ધ્વ-ઉંચો, યમક પ્રમાણવત્ જાણવો. રાજધાની ઉત્તરમાં અસંખ્યાત દ્વીપ પછી, બીજા જંબૂદ્વીપ-દ્વીપની ઉત્તરમાં ૧૨,૦૦૦ યોજન જઈને અહીં હરિસ્સહ દેવની હરિસ્સહા નામે રાજધાની કહેલી છે તે ૮૪,૦૦૦ યોજન લાંબી-પહોળી,***

*૨,૬૫,૬૩૬ યોજન પરિધિથી છે બાકી જેમ ચમરચંચા રાજધાની છે, તેમ પ્રમાણ કહેવું. તે મહર્દ્ધિક, મહાદ્યુતિક છે.*

*ભગવન્! તેને માલ્યવંત વક્ષસ્કાર પર્વત કેમ કહે છે? ગૌતમ! માલ્યવંત વક્ષસ્કાર પર્વતમાં તે-તે દેશમાં ત્યાં-ત્યાં ઘણાં સરિકા, નવમાલિકા યાવત્ મગદંતિકા ગુલ્મો છે. તે ગુલ્મો પંચવર્ણી કુસુમને કુસુમિત કરે છે. તે માલ્યવંત વક્ષસ્કાર પર્વતના બહુ સમરમણીય ભૂમિભાગને વાયુ દ્વારા કંપિત અગ્ર શાખાથી મુક્ત પુષ્પના પુંજોપચાર યુક્ત કરે છે. અહીં માલ્યવંત નામે મહર્દ્ધિક યાવત્ પલ્યોપમસ્થિતિક દેવ વસે છે. તેથી હે ગૌતમ! એમ કહેલ છે. અથવા તે યાવત્ નિત્ય છે.*

● **વિવેચન-૧૬૬ :-**

ભદંત ! માલ્યવંત વક્ષસ્કાર ગિરિમાં હરિસ્સહકૂટ ક્યાં છે ? પૂર્ણભદ્રની ઉત્તરમાં, નીલવંત વર્ષધર પર્વતની દક્ષિણે છે. તે ૧૦૦૦ યોજન ઉર્ધ્વ-ઉંચો, બાકીનું ચમકગિરિ પ્રમાણથી જાણવું. તે આ છે — ૨૫૦ યોજન ઉદ્વેદથી મૂળમાં, ૧૦૦૦ યોજન લાંબો-પહોળો છે - x - x - આના અધિપતિની બીજી રાજધાનીથી દિશા પ્રમાણાદિથી વિશેષ છે, તેની વિવક્ષા — રાજધાની ઉત્તરમાં છે. તેનું વર્ણન - મેરુ પર્વતની ઉત્તરમાં તીર્છા અસંખ્યાત દ્વીપ સમુદ્રો ગયા પછી, બીજા જંબૂદ્વીપ દ્વીપમાં ઉત્તરમાં ૧૨,૦૦૦ યોજન જઈને અહીં હરિસ્સહ દેવની હરિસ્સહા રાજધાની કહેલ છે. તે ૮૪,૦૦૦ યોજન લાંબી-પહોળી, ૨,૬૫,૬૩૨ યોજનની પરિધિથી છે. બાકી-જેમ ચમરેન્દ્રની રાજધાની ભગવતી સૂત્રમાં કહી છે, તે પ્રમાણ પ્રાસાદાદિનું કહેવું.

અહીં મહર્દ્ધિક, મહાદ્યુતિક શબ્દોથી આના નામ નિમિત્ત પ્રશ્નોત્તર સૂચવેલ છે. જેમકે — ભગવન્ ! તેને હરિસ્સહકૂટ કેમ કહે છે ? ત્યાં ઘણાં ઉત્પલો, પદ્મો હરિસ્સહકૂટ સમાન વર્ણવાળા છે યાવત્ હરિસ્સહ નામે દેવ ત્યાં વસે છે, તેથી અથવા તે શાશ્વત નામ છે. હવે વક્ષસ્કારના નામાર્થે પ્રશ્ન કરે છે —

ઉત્તરમાં - માલ્યવંત વક્ષસ્કાર પર્વતમાં તે-તે સ્થાનમાં ઘણાં સરિકા, નવમાલિકા યાવત્ મગદંતિકા ગુલ્મો છે. તે ક્ષેત્રાનુભાવથી સદૈવ પંચવર્ણી પુષ્પો ઉત્પન્ન કરે છે. માલ્યવંત પર્વતના બહુ સમ રમણીય ભૂમિભાગને વાયુથી કંપિત૦ આદિ પૂર્વવત્. તેથી માલ્ય-પુષ્પ, નિત્ય જ્યાં હોય છે, તે માલ્યવંત. માલ્યવંત દેવ અહીં મહર્દ્ધિક યાવત્ પલ્યોપમસ્થિતિક દેવ વસે છે, માટે માલ્યવંત.

વિદેહ બે છે — પૂર્વ અને પશ્ચિમ. મેરુની પૂર્વે છે, તે પૂર્વ વિદેહ, તે સીતા મહાનદીના દક્ષિણ-ઉત્તર ભાગથી બે ભાગમાં વિભક્ત છે, એ રીતે જે મેરુની પશ્ચિમમાં છે, તે પશ્ચિમ વિદેહ છે. તે પણ સીતોદાને બે ભાગમાં વિભક્ત કરે છે. એ રીતે વિદેહના ચાર ભાગો દર્શાવેલા છે. તેમાં વિજય વક્ષસ્કારાદિ - x - નિરૂપે છે—

તેના એક ભાગમાં યથાયોગ્ય માલ્યવંતાદિ ગજદંત વક્ષસ્કાર ગિરિની નીકટ એક વિજય તથા ચાર સરળ વક્ષસ્કારો અને ત્રણ અંતર્નદી છે. આ સાતના છ અંતરો છે. - x - x - તેથી અંતરમાં એકૈકના સદ્‌ભાવથી છ વિજયો, આ ચાર વક્ષસ્કારાદિ, એકૈક અંતર્નદી અંતરિતથી ચાર પર્વતના અંતરમાં સંભવે છે, તેથી અંતર્નદી ત્રણ છે, એ વ્યવસ્થા સ્વયં જાણી લેવી તથા વનમુખની અવધિ કરીને એક



વિજય, તેથી પ્રતિ વિભાગમાં આઠ વિજય, ચાર વક્ષસ્કાર, ત્રણ અંતર્નદી, એક વનમુખ જાણવા.

અહીં આ ભાવના છે — પૂર્વ વિદેહમાં માલ્યવંત ગજદંત પર્વતની પૂર્વે, સીતાની ઉત્તરે એક વિજય, તેની પૂર્વે પહેલો વક્ષસ્કાર, તેની પૂર્વે બીજી વિજય, તેની પૂર્વે પહેલી અંતર્નદી - x - x - એ ક્રમે આઠમી વિજય સુધી કહેવું. પછી એક વનમુખ જગતી નીકટ છે.

એ પ્રમાણે સીતાની દક્ષિણે પણ સૌમનસ ગજદંત પર્વત પૂર્વે પણ આ વિજયાદિક્રમ કહેવો. એ જ રીતે - x - બાકીના જાણવા. હવે પ્રદક્ષિણા ક્રમે નિરૂપતા, પ્રથમ વિભાગમુખમાં કચ્છવિજય —

● **સૂત્ર-૧૬૭ થી ૧૬૯ :-**

*[૧૬૭] ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં કચ્છ નામે વિજય ક્યાં કહેલ છે ? ગૌતમ ! સીતા મહાનદીની ઉત્તરે, નીલવંત વર્ષધર પર્વતની દક્ષિણે, ચિત્રકૂટ વક્ષસ્કાર પર્વતની પશ્ચિમે, માલ્યવંત વક્ષસ્કાર પર્વતની પૂર્વે, અહીં જંબૂદ્વીપ દ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રમાં કચ્છ નામે વિજય કહેલ છે. તે ઉત્તર દક્ષિણ લાંબો, પૂર્વ-પશ્ચિમ પહોળો, પલ્યંક સંસ્થાને સંસ્થિત છે. તે ગંગાનદી, સિંધુનદી અને વૈતાઢ્ય પર્વતથી છ ભાગમાં વિભક્ત છે. તે ૧૬,૫૯૨-$^{2}/_{19}$ યોજન લાંબી, ૨૨૧૩ યોજનથી કંઈક ન્યૂન પહોળી છે.*

*કચ્છ વિજયના બહુમધ્યદેશ ભાગમાં અહીં વૈતાઢ્ય નામે પર્વત કહેલ છે, તે કચ્છ વિજયને બે ભાગમાં વિભક્ત કરતો રહેલ છે તે આ - દક્ષિણ કચ્છ અને ઉત્તરકચ્છ.*

*ભગવન્ ! જંબૂદ્વીપદ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રમાં દક્ષિણાર્ધ કચ્છ નામક વિજય ક્યાં કહી છે ? ગૌતમ ! વૈતાઢ્ય પર્વતની દક્ષિણે, સીતા મહાનદીની ઉત્તરે, ચિત્રકૂટ વક્ષસ્કારપર્વતની પશ્ચિમે, માલ્યવંત વક્ષસ્કાર પર્વતની પૂર્વે અહીં જંબૂદ્વીપ દ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં દક્ષિણાર્દ્ધકચ્છ નામે વિજય કહેલ છે. તે ઉત્તરદક્ષિણ લાંબી, પૂર્વ-પશ્ચિમ પહોળી, ૮૨૭૧-$^{1}/_{19}$ યોજન લાંબી, ૨૨૧૩ યોજનથી કંઈક ન્યૂન પહોળી, પલ્યંક સંસ્થાન સંસ્થિત છે.*

*ભગવન્ ! દાક્ષિણાર્દ્ધ કચ્છની વિજયના કેવા આકાર-ભાવ-પ્રત્યાવતાર કહેલ છે ? ગૌતમ ! બહુસમ રમણીય ભૂમિભાગ કહેલ છે, તે આ - યાવત્ કૃત્રિમ અને અકૃત્રિમ વડે શોભિત છે.*

*ભગવન્ ! દાક્ષિણાર્દ્ધ કચ્છ વિજયના મનુષ્યના કેવા આકાર-ભાવ-પ્રત્યવતાર કહેલ છે ? ગૌતમ ! તે મનુષ્યોના સંઘયણ છ ભેદે છે યાવત્ સર્વે દુઃખોનો અંત કરે છે.*

*ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં કચ્છવિજયમાં વૈતાઢ્ય નામે પર્વત ક્યાં કહેલ છે ? ગૌતમ ! દાક્ષિણાર્દ્ધ કચ્છ વિજયની ઉત્તરે, ઉત્તરાર્ધ કચ્છની દક્ષિણે, ચિત્રકૂટની પશ્ચિમે, માલ્યવંત વક્ષસ્કારની પર્વતની પૂર્વે, અહીં કચ્છવિજયમાં વૈતાઢ્ય નામે પર્વત કહેલ છે, તે પૂર્વ-પશ્ચિમ લાંબો, ઉત્તર-દક્ષિણ*

*પહોળો, બંને તરફ વક્ષસ્કાર પર્વતને સ્પૃષ્ટ-પૂર્વની કોટિથી યાવત્ બંને તરફ સ્પૃષ્ટ, ભરતના વૈતાઢ્ય સદૃશ, વિશેષ એ કે - બે બાહા, જીવા અને ધનુપૃષ્ઠ ન કહેવું. તે વિજયના વિષ્કંભ સદૃશ લંબાઈથી, વિષ્કંભ-ઉચ્ચત્વ-ઉદ્વેધ પૂર્વવત્ તથા વિદ્યાધર અને આભિયોગિક શ્રેણી પૂર્વવત્. વિશેષ એ કે — પંચાવન-પંચાવન વિદ્યાધર નગરાવાસ કહેલા છે. આભિયોગિક શ્રેણીમાં સીતાનદીની ઉત્તરની શ્રેણીઓ ઈશાનદેવની છે, બાકીની શક્રની છે.*

*[૧૬૮] કૂટો-સિદ્ધ, કચ્છ, ખંડક, માણિ, વૈતાઢ્ય, પૂર્ણ, તમિસ્રગુફા, કચ્છ, વૈશ્રમણ અને વતૌઢ્ય.*

*[૧૬૯] ભગવન્! જંબૂદ્વીપ દ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્તરાર્દ્ધ કચ્છ નામે વિજય ક્યાં કહી છે? ગૌતમ! વૈતાઢ્ય પર્વતની ઉત્તરે, નીલવંત વર્ષધર પર્વતની દક્ષિણે, માલ્યવંત વક્ષસ્કાર પર્વતની પૂર્વે, ચિત્રકૂટવક્ષસ્કાર પર્વતની પશ્ચિમે, અહીં જંબૂદ્વીપ દ્વીપમાં કચ્છવિજય કહી છે યાવત્ સિદ્ધ થાય છે તે બધું પૂર્વવત્.*

*ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્તરાર્દ્ધ કચ્છમાં વિજયમાં સિંધુકુંડ નામે કુંડ કહેલ છે ? ગૌતમ ! માલ્યવંત વક્ષસ્કાર પર્વતની પૂર્વે, ઋષભકૂટની પશ્ચિમે, નીલવંત વર્ષધર પર્વતના દક્ષિણી નિતંબમાં અહીં જંબૂદ્વીપ દ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્તરાર્દ્ધ કચ્છ વિજયમાં સિંધુકુંડ નામે કુંડ કહેલ છે. તે ૬૦ યોજન લાંબો-પહોળો, યાવત્ ભવન, અર્થ અને રાજધાની જાણવા. ભરતના સિંધુકુંડ સદૃશ બધું જાણવું યાવત્ તે સિંધુકુંડની દક્ષિણ તોરણથી સિંદુ મહાનદી વહેતી ઉત્તરાર્દ્ધ કચ્છ વિજયમાં વહેતી-વહેતી ૭૦૦૦ નદીઓ વડે આપૂરિત થતી-થતી તમિસ્ર ગુફાની નીચેથી વૈતાઢ્ય પર્વતને ચીરીને, દક્ષિણ કચ્છ વિજયમાં જઈને બધી મળીને ૧૪,૦૦૦ નદીઓ સાથે દક્ષિણમાં સીતા મહાનદીમાં પ્રવેશે છે. સિંધુ મહાનદી પ્રવાહમાં અને મૂલમાં ભરતની સિંધુ સદૃશ પ્રમાણથી યાવત્ બે વનખંડથી પરિવરેલ છે.*

*ભગવન્ ! ઉત્તરાર્દ્ધ કચ્છ વિજયમાં ઋષભકૂટ નામક પર્વત ક્યાં કહેલ છે ? ગૌતમ ! સિંધુકુંડની પૂર્વે, ગંગાકુંડની પશ્ચિમે, નીલવંત વર્ષધર પર્વતના દક્ષિણી નિતંબમાં અહીં ઉત્તરાર્દ્ધકચ્છવિજયમાં ઋષભકૂટ નામે પર્વત કહેલ છે. આઠ યોજન ઉર્ધ્વ ઉંચો, આદિ પ્રમાણ પૂર્વવત્ યાવત્ રાજધાની છે, માત્ર તે ઉત્તરમાં કહેવી.*

*ભગવન્ ! ઉત્તરાર્દ્ધકચ્છ વિજયમાં ગંગાકુંડ નામે કુંડ ક્યાં કહેલ છે ? ગૌતમ ! ચિત્રકૂટ વક્ષસ્કાર પર્વતની પશ્ચિમે, ઋષભ કૂટ પર્વતની પૂર્વે, નીલવંત વર્ષધર પર્વતના દક્ષિણી નિતંબે, અહીં ઉત્તરાર્દ્ધ કચ્છમાં ગંગાકુંડ નામે કુંડ કહેલ છે. તે ૬૦ યોજન લાંબો-પહોળો આદિ પૂર્વવત્ યાવત્ જેમ સિંધુ યાવત્ વનખંડથી પરિવરેલ છે.*

*ભગવન્ ! કચ્છ વિજયને કચ્છવિજય કેમ કહે છે ? ગૌતમ ! કચ્છવિજયમાં વૈતાઢ્ય પર્વતની દક્ષિણે, સીતા મહાનદીની ઉત્તરે, ગંગા મહાનદીની પશ્ચિમે, સિંધુ મહાનદીની પૂર્વે, દક્ષિણાર્દ્ધ કચ્છ વિજયના બહુમધ્ય દેશભાગમાં અહીં*



*ક્ષેમા નામે રાજધાની કહેલ છે. તે વિજયા રાજધાની સદૃશ કહેવી. તે ક્ષેમા રાજધાનીમાં કચ્છ નામે રાજા ઉપજે છે. તે મહા હિમવંત યાવત્ બધું વર્ણન ભરત સમાન કહેવું. માત્ર નિષ્ક્રમણ ન કહેવું. બાકી બધું કહેવું યાવત્ માનુષી સુખો ભોગવે છે. અથવા 'કચ્છ' નામધારી અહીં મહર્દ્ધિક યાવત્ પલ્યોપમ સ્થિતિક દેવ વસે છે. તે કારણે ગૌતમ ! કચ્છ વિજય કહે છે યાવત્ નિત્ય છે.*

**● વિવેચન-૧૬૭ થી ૧૬૯ :-**

ભદંત ! જંબૂદ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રમાં કચ્છ નામે વિજય ક્યાં છે ? સીતા નદીની ઉત્તરે, નીલવંત પર્વતની દક્ષિણે, ચિત્રકૂટ વક્ષસ્કારની પશ્ચિમે, માલ્યવંત વક્ષસ્કારની પૂર્વે, અહીં મહાવિદેહ ક્ષેત્રમાં કચ્છ નામે ચક્રવર્તી વિજેતવ્ય ભૂ વિભાગરૂપ વિજય છે. આ સંજ્ઞા અનાદિ પ્રવાહથી છે. તેથી આ અન્વર્થ માત્ર દર્શન છે, પણ સાક્ષાત્ પ્રવૃત્તિ નિમિત્ત ઉપદર્શન નથી. ઉત્તરદક્ષિણ લાંબી, પૂર્વ-પશ્ચિમ પહોળી, પલ્યંક સંસ્થાન સંસ્થિત કેમકે ચતુરસ્ર છે. ગંગા-સિંધુ નદી અને વૈતાઢ્ય પર્વતથી છ ખંડ કરાયેલ છે.

એમ બીજી પણ વિજયો કહેવી. પરંતુ સીતાની પૂર્વે કચ્છાદિ, સીતોદાની પશ્ચિમે પક્ષ્માદિ, ગંગા-સિંધુ વડે છ ભાગ કરાયેલ છે. સીતાની પશ્ચિમે વત્સાદિ, સીતોદાની પૂર્વે વપ્રાદિ રક્તા અને રક્તવતી વડે છ ભાગ કરે છે. ઉત્તર દક્ષિણ લાંબી - ૧૬૫૯૨-$^{2}/_{19}$ યોજન લાંબી છે. તે આ રીતે — વિદેહનો વિસ્તાર-૩૩,૬૮૪ યોજન અને ૮-કળારૂપમાંથી સીતા કે સીતોદાનો વિષ્કંભ ૫૦૦ યોજન શોધિ કરી, બાકીનાના અર્ધા કરતાં યથોક્ત પ્રમાણ આવે. - x - x - પૂર્વ-પશ્ચિમમાં - ૨૨૧૩ યોજનથી કંઈક ન્યૂન. તે આ રીતે — મહાવિદેહમાં બંને કુરુ, મેરુ, ભદ્રશાલવન, વક્ષસ્કાર, અંતર્નદી, વનમુખ સિવાય બધે વિજય છે. તે પૂર્વ-પશ્ચિમતુલ્ય વિસ્તારવાળી છે. બધાં વક્ષસ્કાર મળીને ૪૦૦૦ યોજન, બધી અંતર્નદી ૭૫૦ યોજન, બે વનમુખ મળીને ૫૮૪૪-યોજન, મેરુ-૧૦,૦૦૦ યોજન, ભદ્રશાલ વન-૪૪,૦૦૦ યોજન બધાં મલીને ૬૪,૫૯૪ને જંબૂદ્વીપ વિસ્તારમાંથી બાદ કરતાં-૩૫,૪૦૬ યોજન, વિજય-૧૬ છે, ૧૬-વડે ભાંગતા-કંઈક ન્યૂન ૨૨૧૩ યોજન થાય. આટલો વિજયનો વિષ્કંભ થાય.

આ ભરતવત્ વૈતાઢ્યથી બે ભાગ કરેલ છે તેની વિવક્ષા — કચ્છ વિજયના બહુમધ્યદેશ ભાગમાં વૈતાઢ્ય પર્વત છે. જે કચ્છ વિજયને બે ભાગમાં વિભક્ત કરીને રહેલ છે - દક્ષિણાર્દ્ધકચ્છ અને ઉત્તરાર્દ્ધ કચ્ચ. 'च' શબ્દથી ઉભયની તુલ્યકક્ષતા જણાવે છે.

દક્ષિણાર્દ્ધ કચ્છને સ્થાનથી પૂછે છે - x - x - વૈતાઢ્ય પર્વતની દક્ષિણમાં, સીતાનદીની ઉત્તરે, ચિત્રકૂટ વક્ષસ્કારની પશ્ચિમે, માલ્યવંત વક્ષસ્કારની પૂર્વે, અહીં જંબૂદ્વીપમાં દક્ષિણાર્દ્ધકચ્છ વિજય છે, વિશેષણ પૂર્વવત્ જાણળા. ૮૨૭૧-$^{1}/_{19}$ યોજન લાંબી છે. તેમાં - ૧૬,૫૯૨ યોજન અને ૨-કળામાંથી ૫૦ યોજન પ્રમાણમાં વૈતાઢ્યનો વ્યાસ બાદ કરી, શેષ રકમના અર્ધા કરતા ઉક્ત સંખ્યા આવે.

આ કર્મભૂમિરૂપ છે કે અકર્મભૂમિરૂપ ? દક્ષિણાર્દ્ધ ભરત પ્રકરણ સમાન અહીં નિર્વિશેષ વ્યાખ્યા કરવી. હવે મનુષ્યનું સ્વરૂપ-તે સ્પષ્ટ છે. હવે વૈતાઢ્યના સ્થાન

વિશે પ્રશ્ન - સ્પષ્ટ છે, ફર્ક એ કે - બે તરફ માલ્યવંત અને ચિત્રકૂટ વક્ષસ્કારને સ્પૃષ્ટ છે - પૂર્વની કોટિથી પૂર્વના વક્ષસ્કાર પર્વતને, પશ્ચિમી કોટિથી પશ્ચિમી વક્ષસ્કારને સ્પર્શે છે. - x - ભરતના વૈતાઢ્ય સદૃશ છે કેમકે રજતમય અને રુચક સંસ્થાન સંસ્થિત છે. વિશેષ આ - બે બાહા, જીવા, ધનુ:પૃષ્ઠ ન કહેવા, કેમકે અવક્રક્ષેત્રવર્તી છે. લંબ ભાગ ભરતના વૈતાઢ્ય સમાન નથી, તેથી કહે છે — વિજયના કચ્છાદિનો જે વિષ્કંભ તેના સદૃશ લંબાઈ છે. અર્થાત્ વિજયનો જે વિષ્કંભ છે, તે આની લંબાઈ છે, યોજન-૫૦ વિષ્કંભ, ૨૫-ઉંચો, ૨૫-ઉદ્વેધ૦ ઉચ્ચત્વના પહેલાં ૧૦-યોજન જતાં વિદ્યાધર શ્રેણી પૂર્વવત્ ફર્ક એ કે- ૫૫-૫૫ વિદ્યાધર નગરાવાસ કહેલ છે. આભિયોગ્ય શ્રેણી પૂર્વવત્ જાણવી. - x - સર્વ વૈતાઢ્ય આભિયોગ્ય શ્રેણિ વિશેષ —

સીતાનદીની ઉત્તર દિશામાં રહેલ આભિયોગ્ય શ્રેણી ઈશાન ઈન્દ્રની છે, સીતા નદીની દક્ષિણમાં રહેલ શક્રેન્દ્રની છે. - x - x - પછી કૂટની વક્તવ્યતા કહેલ છે. હવે તેના નામો કહે છે — પૂર્વમાં પહેલો સિદ્ધાયતનકૂટ, પછી પશ્ચિમ દિશાને આશ્રીને આ આઠે કૂટો કહેવા — બીજો દક્ષિણ કચ્છાર્દ્ધ કૂટ, ત્રીજો ખંડપ્રપાતગુફાકૂટ, ચોથો માણિભદ્રકૂટ, બાકી વ્યક્ત છે. પરંતુ વિજય વૈતાઢ્યમાં બીજાથી આઠમાં બધાં કૂટોમાં પોત-પોતાની વિજયના નામે કૂટ છે, જેમકે દક્ષિણ કચ્છાર્દ્ધ કૂટ. બાકીના ભરત વૈતાઢ્યકૂટ સમાન નામથી છે.

હવે ઉત્તરાર્દ્ધ કચ્છ — દક્ષિણાર્દ્ધ કચ્છવત્ જાણવી. હવે તેના અંતર્વર્તિ સિંધુકુંડની વક્તવ્યતા — સ્પષ્ટ છે. - x - ભરતના સિંધુકુંડ સદૃશ બધું જાણવું. ગંગાના આલાવા મુજબ બધું કહેવું. તેમાં ઋષભકૂટની વક્તવ્યતા કહી, હવે ગંગાકુંડ પ્રસ્તાવનાર્થે કહે છે — સિંધુકુંડના આલાવો સંપૂર્ણ કહેવો. પરંતુ પછી ગંગાનદી ખંડપ્રપાત ગુફાની નીચેથી વૈતાઢ્યને ભેદીને દક્ષિણમાં સીતામાં પ્રવેશે છે.

[શંકા] ભરતમાં નદી મુખ્યત્વથી ગંગાને વર્ણવીને સિંધુને વર્ણવી, અહીં સિંધુને વર્ણવીને તે વર્ણવે છે, એ કઈ રીતે કહ્યું ? [સમાધાન] અહીં માલ્યવંત વક્ષસ્કારથી વિજય પ્રરૂપણાના પ્રકારત્વથી તેના નીકટવર્તી સિંધુકુંડના પહેલા સિંધુ પ્રરૂપણા, પછી ગંગાની.

ભગવન્ ! તેને કચ્છ વિજય કેમ કહે છે ? [સૂત્રાર્થ મુજબ જાણવું]. વિશેષ આ - ક્ષેમા રાજધાનીમાં કચ્છ નામે ચક્રવર્તી રાજા ઉત્પન્ન થાય છે, તે છ ખંડનો ભોક્તા છે. તેથી લોકમાં ''કચ્છ'' એમ કહેવાય છે. અહીં વર્તમાનકાળથી સર્વદા યથાસંભવ ચક્રવર્તીની ઉત્પત્તિ જાણવી, નિયત કાળથી નહીં. - x - x - નિષ્ક્રમણ અર્થાત્ પ્રવ્રજ્યાનો સ્વીકાર વર્જીને કહેવો. ભરતચક્રીએ સર્વવિરતિ ગ્રહણ કરેલી, પણ કચ્છનો ચક્રી તે ગ્રહણ કરે, તેવો નિયમ નથી. અથવા અહીં 'કચ્છ' નામ દેવ છે, તેથી તેના અધિષ્ઠિતપણાથી કચ્છ વિજય કહે છે, યાવત્ આ નામ નિત્ય છે - x - હવે ચિત્રકૂટ વક્ષસ્કાર —

**● સૂત્ર-૧૭૦ :-**

***ભગવન્! જંબૂદ્વીપ દ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં ચિત્રકૂટ નામે વક્ષસ્કાર પર્વત ક્યાં કહેલ છે? ગૌતમ! સીતા મહાનદીની ઉત્તરે, નીલવંત વર્ષધર પર્વતની દક્ષિણે,***



***કચ્છવિજયની પૂર્વે, સુકચ્છ વિજયની પશ્ચિમે અહીં જંબૂદ્વીપ દ્વીપમાં મહાવિદેહક્ષેત્રમાં ચિત્રકૂટ વક્ષસ્કાર પર્વત કહેલ છે. તે ઉત્તર-દક્ષિણ લાંબો, પૂર્વ-પશ્ચિમ પહોળો ૧૬,૫૯૨ યોજન, ૨-કળા લાંબો, ૫૦૦ યોજન પહોળો છે. નીલવંત વર્ષધર પર્વત પાસે ૪૦૦ યોજન ઉર્ધ્વ-ઉંચો અને ૪૦૦ ગાઉ ભૂમિગત છે. ત્યારપછી માત્રાથી ઉત્સેધ અને ઉદ્વેધની પરિવૃદ્ધિથી વધતાં-વધતાં સીતા મહાનદી પાસે ૫૦૦ યોજન ઉર્ધ્વ-ઉંચો, ૫૦૦ ગાઉ ભૂમિગત છે. તે અશ્વસ્કંધ સંસ્થાન સંસ્થિત, સર્વરત્નમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ યાવત્ પ્રતિરૂપ છે. બંને પડખે બે પદ્મવરવેદિકા અને બે વનખંડોથી તે પરિવૃત્ત છે. બંનેનું વર્ણન પૂર્વવત્.***

***ચિત્રકૂટ વક્ષસ્કાર પર્વતની ઉપર બહુસમરમણીય ભૂમિભાગ કહેલ છે યાવત્ બેસે છે. ભગવન્ ! ચિત્રકૂટ વક્ષસ્કાર પર્વતમાં કેટલાં કૂટો કહેલ છે ? ગૌતમ ! ચાર કૂટો કહ્યા છે - સિદ્ધાયતન કૂટ, ચિત્રકૂટ, કચ્છકૂટ, સુકચ્છકૂટ. પરસ્પર ઉત્તર-દક્ષિણમાં સમાન છે. પહેલું સિદ્ધાયતન કૂટ, સીતા નદીની ઉત્તરે, ચોથો સુકચ્છકૂટ નીલવંત વર્ષધર પર્વતની દક્ષિણે અહીં ચિત્રકૂટ નામે મહર્દ્ધિક દેવની યાવત્ રાજધાની પૂર્વવત્ કહેવી.***

**● વિવેચન-૧૭૦ :-**

સૂત્ર સુલભ છે. વિશેષ એ - લંબાઈ ૧૬,૦૦૦ યોજનાદિ, વિજયની સમાન જ છે. કેમકે વિજયના વિજય વક્ષસ્કાર તુલ્ય લંબાઈવાળા છે. વિષ્કંભ ૫૦૦ યોજન છે, તે વિશેષ. કેમકે જંબૂદ્વીપના વિષ્કંભથી ૯૬,૦૦૦ બાદ કરતાં બાકીના ૪૦૦૦ને આઠ વક્ષસ્કારથી ભાંગતા, ૫૦૦ યોજન જ આવે. - x - x - *[વૃત્તિનું શેષ ગણિત પૂર્વ સૂત્રમાં આવી ગયેલ છે, માટે અહીં ફરી નોંધેલ નથી.]* તથા નીલવંત વર્ષધર પર્વત સમીપમાં ૪૦૦ યોજન ઉર્ધ્વ-ઉંચો, ૪૦૦ ગાઉ ઉદ્વેધથી છે. પછી માત્રાની વૃદ્ધિથી ક્રમથી ઉત્સેધ-ઉદ્વેધની વૃદ્ધિથી વધતાં-વધતાં સીતા મહાનદીની પાસે ૫૦૦ યોજન થાય છે. - x - તેથી અશ્વસ્કંધ સંસ્થાને રહેલ, ક્રમથી ઉંચો, સર્વ રત્નમય, બાકી પૂર્વવત્.

હવે આના શિખર સૌભાગ્યને કહે છે — ચિત્રકૂટ૦ આદિ સ્પષ્ટ છે. હવે કૂટ સંખ્યા પૂછે છે — આ ચાર કૂટો ઉત્તર-દક્ષિણ ભાવથી પરસ્પર તુલ્ય છે. પહેલું સિદ્ધાયતન કૂટ, બીજું ચિત્રકૂટ૦ ઈત્યાદિ. તો સીતા નીલવંતથી કઈ દિશામાં છે ? સીતાની ઉત્તરથી ચોથો નીલવંત વર્ષધર પર્વતની દક્ષિણથી, એમ સૂત્રપાઠોક્ત ક્રમ બલથી બીજો ચિત્ર નામે, પહેલાથી પછી જાણવો. - x - ઈત્યાદિ. - x -

સંપ્રદાય-સૌથી પહેલો સિદ્ધાયતનકૂટ, મહાનદીની સમીપે ગણ્યમાન્યત્વથી દ્વિતીય સ્વસ્વ વક્ષસ્કાર નામક - x - ઈત્યાદિ. હવે આનો નામાર્થ કહે છે — અહીં ચિત્રકૂટ નામે દેવ રહે છે, તેના યોગથી ચિત્રકૂટ નામ છે. આની રાજધાની મેરુની ઉત્તર૦ છે. એમ આગળના વક્ષસ્કારોમાં યથાસંભવ કહેવું. - - હવે બીજી વિજય—

**● સૂત્ર-૧૭૧ થી ૧૭૩ :-**

***[૧૭૧] ભગવન્ ! જંબૂદ્વીપદ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રમાં સુકચ્છ નામક વિજય ક્યાં કહેલ છે ? ગૌતમ ! સીતોદા મહાનદીની ઉત્તરે, નીલવંત વર્ષધર પર્વતની દક્ષિણે, ગાથાપતિ મહાનદીની પશ્ચિમે, ચિત્રકૂટ વક્ષસ્કાર પર્વતની પૂર્વે અહીં***

જંબૂદ્વીપ દ્વીપમાં મહાવિદેહક્ષેત્રમાં સુકચ્છ નામે વિજય કહેલ છે. તે ઉત્તર-દક્ષિણ લાંબી, કચ્છ વિજયની જેમ સુકચ્છ વિજય કહેવી. વિશેષ એ કે ક્ષેમપુરા રાજધાની, સુકચ્છ નામે રાજા થશે.

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રમાં ગાથાપતિકુંડ કયા કહેલ છે ? ગૌતમ ! સુકચ્છ વિજયની પૂર્વે, મહાકચ્છ વિજયની પશ્ચિમે, નીલવંત વર્ષધર પર્વતના દક્ષિણી નિતંબે, અહીં જંબૂદ્વીપદ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રમાં ગાથાપતિ કુંડ કહેલ છે. જેમ રોહિતાંશકુંડ કહ્યો તેમજ યાવત્ ગાથાપતિદ્વીપમાં ભવન, તે ગાથાપતિકુંડના દક્ષિણ દ્વારથી ગાથાપતિનદી નીકળીને સુકચ્ચ અને મહાકચ્છ વિજયને બે ભાગમાં વિભક્ત કરતી-કરતી ૨૮૦૦૦ નદીઓ સહિત દક્ષિણમાં સીતા મહાનદીમાં પ્રવેશે છે. ગાથાપતિ મહાનદી પ્રવાહે અને મુખમાં સર્વત્ર સમાન છે. તે ૧૨૫ યોજન પહોળી, અઢી યોજન ઉંડી, બંને પાર્શ્વમાં બે પદ્મવરવેદિકા, બે વનખંડોથી યાવત્ બંનેનું વર્ણન કરવું.

ભગવન્ ! મહાવિદેહ ક્ષેત્રમાં મહાકચ્છ નામે વિજય ક્યાં કહેલ છે ? ગૌતમ ! નીલવંત વર્ષધર પર્વતની દક્ષિણે, સીતા મહાનદીની ઉત્તરે, પક્ષ્મકૂટ વક્ષસ્કાર પર્વતની પશ્ચિમે, ગાથાપતિ મહાનદીની પૂર્વે અહીં મહાવિદેહ ક્ષેત્રમાં મહાકચ્છ નામે વિજય કહેલ છે. બાકી કચ્છવિજયમાં કહ્યા મુજબ યાવત્ મહાકચ્છમાં કહેવું. અહીં મહાકચ્છ મહર્દ્ધિક દેવ અને અર્થ કહેવો.

ભગવન્ ! મહાવિદેહ ક્ષેત્રમાં પક્ષ્મકૂટ વક્ષસ્કારપર્વત ક્યાં કહેલ છે ? ગૌતમ ! નીલવંતની દક્ષિણે, સીતા મહાનદીની ઉત્તરે, મહાકચ્છની પૂર્વે, કચ્છાવતીની પશ્ચિમે અહીં મહાવિદેહ ક્ષેત્રમાં પક્ષ્મકૂટ નામે વક્ષસ્કાર કહેલ છે. તે ઉત્તર-દક્ષિણ લાંબો, પૂર્વ-પશ્ચિમ પહોળો છે. બાકી ચિતકૂટની જેમ જાણવું યાવત્ બેસે છે. પક્ષ્મકૂટમાં ચાર કૂો કહેલા છે, સિદ્ધાયતનકૂટ. પક્ષ્મકૂટ, મહાપક્ષ્મકૂટ, કચ્છાવતીકૂટ એ પ્રમાણે યાવત્ અર્થ. અહીં પક્ષ્મકૂટ નામે મહર્દ્ધિક યાવત્ પલ્યોપમસ્થિતિક દેવ વસે છે. તેથી કહ્યું.

ભગવન્ ! મહાવિદેહક્ષેત્રમાં કચ્છગાવતી નામે વિજય ક્યાં કહી છે ? ગૌતમ ! નીલવંતની દક્ષિણે, સીતા મહાનદીની ઉત્તરે, દ્રહાવતી મહાનદીની પશ્ચિમે, પક્ષ્મકૂટની પૂર્વે અહીં મહાવિદેહક્ષેત્રમાં કચ્છગાવની નામે વિજય કહી છે. તે ઉત્તર-દક્ષિણ લાંબી, પૂર્વ-પશ્ચિમ પહોળી છે. બાકી કચ્છ વિજય મુજબ જાણવું યાવત્ કચ્છગાવતી નામે અહીં દેવ છે.

ભગવન્ ! મહાવિદેહ ક્ષેત્રમાં દ્રહાવતી કુંડ નામે કુંડ ક્યાં કહેલ છે ? ગૌતમ ! આવર્ત્ત વિજયની પશ્ચિમે, કચ્છગાવતી વિજયની પૂર્વે, નીલવંતના દક્ષિણી નિતંબે, અહીં મહાવિદેહ ક્ષેત્રમાં દ્રહાવતી નામે કુંડ કહેલ છે. બાકી ગાથાપતિકુંડવત્ યાવત્ અર્થ જાણવું. તે દ્રહાવતી કુંડના દક્ષિણદ્વારથી દ્રહાવતી મહાનદી નીકળતી કચ્છાવતી અને આવર્ત વિજયને બે ભાગમાં વિભક્ત કરતી-કરતી દક્ષિણમાં સીતા મહાનદીમાં પ્રવેશ છે, બાકી ગાથાપતિ મુજબ જાણવું.

ભગવન્ ! મહાવિદેહ ક્ષેત્રમાં આવર્ત્ત નામે વિજય ક્યાં કહી છે ? ગૌતમ ! નીલવંત વર્ષધર પર્વતની દક્ષિણે, સીતા મહાનદીની ઉત્તરે, નલિનકૂટ વક્ષસ્કાર પર્વતની પશ્ચિમે, દ્રહાવતી મહાનદીની પૂર્વે, અહીં મહાવિદેહ ક્ષેત્રમાં આવર્ત્ત નામે વિજય કહેલ છે. બાકી કચ્છ વિજયવત્ જાણવું.



ભગવન્ ! મહાવિદેહ ક્ષેત્રમાં નલિનકૂટ વક્ષસ્કાર પર્વત ક્યાં કહેલ છે ? ગૌતમ ! નીલવંતની દક્ષિણે, સીતાની ઉત્તરે, મંગલાવતી વિજયની પશ્ચિમે, આવર્ત્તવિજયની પૂર્વે અહીં મહાવિદેહ ક્ષેત્રમાં નલિનકૂટ નામે વક્ષસ્કારપર્વત કહેલ છે. તે ઉત્તર-દક્ષિણ લાંબો, પૂર્વ-પશ્ચિમ પહોળો છે. બાકી ચિત્રકૂટની જેમ યાવત્ બેસે છે, સુધી કહેવું.

ભગવન્ ! નલિનકૂટમાં કેટલા કૂટો કહેલા છે ? ગૌતમ ! ચાર કૂટો કહેલા છે, તે આ રીતે – સિદ્ધાયતન કૂટ, નલિનકૂટ, આવર્ત્તકૂટ, મંગલાવર્ત્તકૂટ આ કૂટો ૫૦૦ યોજન ઉંચા છે, રાજધાનીઓ ઉત્તરમાં છે.

ભગવન્ ! મહાવિદેહ ક્ષેત્રમાં મંગલાવર્ત્ત નામે વિજય ક્યાં કહી છે ? ગૌતમ ! નીલવંતની દક્ષિણે, સીતાની ઉત્તરે, નલિનકૂટની પૂર્વે, પંકાવતીની પશ્ચિમે અહીં મંગલાવર્ત્ત નામે વિજય કહેલ છે. કચ્છ વિજયવત્ આ પણ કહેવું યાવત્ મંગલાવર્ત્ત નામે દેવ અહીં વસે છે, તેથી૦ કહે છે.

ભગવન્ ! મહાવિદેહક્ષેત્રમાં પંકાવતીકુંડ નામે કુંડ ક્યાં કહેલ છે ? ગૌતમ ! મંગલાવર્ત્તની પૂર્વે, પુષ્કલ વિજયની પશ્ચિમે, નીલવંતના દક્ષિણી નિતંબે અહીં પંકાવતી યાવત્ કુંડ કહેલ છે. તે ગાથાપતિકુંડના પ્રમાણવત્ જાણવું યાવત્ મંગલાવર્ત્ત અને પુષ્કલાવર્ત્ત વિજયને બે ભાગમાં વિભક્ત કરતી-કરતી૦ બાકી પૂર્વવત્ ગાથાપતિકુંડ મુજબ જાણવું.

ભગવન્ ! મહાવિદેહ ક્ષેત્રમાં પુષ્કલાવર્ત્ત નામે વિજય ક્યાં કહેલ છે ? ગૌતમ ! નીલવંતની દક્ષિણે, સીતાની ઉત્તરે, પંકાવતીની પૂર્વે એક શૈલ વક્ષસ્કાર પર્વતની પશ્ચિમે અહીં પુષ્કલાવર્ત્ત નામે વિજય કહેલ છે. કચ્છવિજયની માફક તે કહેવી યાવત્ પુષ્કલ નામે મહર્દ્ધિક યાવત્ પલ્યોપમ સ્થિતિક દેવ અહીં વસે છે. તેથી આ નામ છે.

ભગવન્! મહાવિદેહ ક્ષેત્રમાં એક શૈલ નામક વક્ષસ્કાર પર્વત ક્યાં કહેલ છે? ગૌતમ! પુષ્કલાવર્ત્ત ચક્રવર્તી વિજયની પૂર્વે, પુષ્કલાવતી ચક્રવર્તી વિજયની પશ્ચિમે, નીલવંતની દક્ષિણે, સીતાની ઉત્તરે, અહીં એકશૈલ નામે વક્ષસ્કાર પર્વત કહેલ છે. ચિત્રકૂટ સમાન જાણવું યાવત્ દેવો ત્યાં બેસે છે૦ ચાર કૂટો છે, તે આ રીતે – સિદ્ધાયતનકૂટ, એકશૈલ કૂટ, પુષ્કલાવર્ત્તકૂટ, પુષ્કલાવતી કૂટ. કૂટો પૂર્વવત્ ૫૦૦ યોજન ઉંચા છે યાવત્ ત્યાં એકશૈલ નામે મહર્દ્ધિક દેવ છે.

ભગવન્ ! મહાવિદેહ ક્ષેત્રમાં પુષ્કલાવતી નામે ચક્રવર્તી વિજય ક્યાં કહેલ છે ? ગૌતમ ! નીલવંતની દક્ષિણે, સીતાની ઉત્તરે, ઉત્તરીય સીતામુખવનની પશ્ચિમે, એકશૈલ વક્ષસ્કાર પર્વતની પૂર્વે, અહીં મહાવિદેહ ક્ષેત્રમાં પુષ્કલાવતી નામે વિજય કહેલી છે. તે ઉત્તરદક્ષિણ લાંબી છે, એ પ્રમાણે કચ્છવિજયવત્ કહેવું યાવત્ પુષ્કલાવતી દેવ અહીં વસે છે૦

*ભગવન્! મહાવિદેહ ક્ષેત્રમાં સીતા મહાનદીનું ઉત્તરનું સીતામુખવન નામે વન કહેલ છે? ગૌતમ! નીલવંતની દક્ષિણે, સીતાની ઉત્તરે, પૂર્વી લવણસમુદ્રની પશ્ચિમે, પુષ્કલાવતી ચક્રવર્તી વિજયની પૂર્વે, અહીં સીતામુખવન નામે વન કહેલ છે. તે ઉત્તર-ક્ષિણ લાંબુ, પૂર્વપશ્ચિમ પહોળું, ૧૬,૫૯૨-$^{૨}/_{૧૯}$ યોજન લાંબુ, સીતા મહાનદીની પાસે ૨૯૨૨ યોજન પહોળું છે. ત્યારપછી માત્રાથી ઘટતાં-ઘટતાં નીલવંત વર્ષધર પર્વતની પાસે $^{૧}/_{૧૯}$ યોજન પહોળું છે. તે એક પદ્મવરવેદિકા અને એક વનખંડથી પરિવરેલ છે, વર્ણન પૂર્વવત્, સીતામુખવન યાવત્ દેવો બેસે છે.*

*એ પ્રમાણે ઉત્તરનું પાર્શ્વ સમાપ્ત થયું. વિજય વર્ણન કહ્યું. વિજયોની રાજધાનીઓ આ પ્રમાણે છે —*

*[૧૭૨] ક્ષેમા, ક્ષેમપુરા, અરિષ્ટા, અરિષ્ટપુરા, ખડ્ગી, મંજૂષા, ઔષધિ અને પુંડરીકિણી.*

*[૧૭૩] ૧૬-વિદ્યાધરશ્રેણી, ૧૬-આભિયોગ્ય શ્રેણી, બધી ઈશાનેન્દ્રની છે. બધી વિજયોનું વક્તવ્યતા કચ્છ વિજય સમાન યાવત્ અર્થ છે. સદેશ નામક રાજા છે. વિજયમાં ૧૬-વક્ષસ્કાર પર્વતોની વક્તવ્યતા ચિત્રકૂટવત્ છે. યાવત્ ચાર-ચાર કૂટો, બાર નદીઓની વક્તવ્યતા ગાથાપતિ નદી સમાન છે, યાવત્ બંને પડખે બે પદ્મવરવેદિકા અને વનખંડ છે. વર્ણક.*

**● વિવેચન-૧૭૧ થી ૧૭૩ :-**

કચ્છ તુલ્ય વક્તવ્યતાથી બધું સુગમ છે. વિશેષ - ક્ષેમપુરા રાજધાની, ત્યાં સુકચ્છ ચક્રવર્તી રાજા થશે. બાકી પૂર્વવત્ બધું કથન કરવું. સુકચ્છ કહ્યું. હવે પહેલી અંતર્નદીનો અવસરે છે - ભગવન્ ! જંબૂદ્વીપમાં ગ્રાહાવતી અંતર્નદીનો કુંડ-પ્રભવસ્થાન ગ્રાહાવતીકુંડ ક્યાં કહેલો છે ? ગૌતમ ! સુકચ્છ વિજયની પૂર્વે [ઈત્યાદિ સૂત્રાર્થવત્ જાણવું] રોહિતાંશ કુંડની માફક આ પણ ૧૨૦ યોજન લાંબી-પહોળી છ ઈત્યાદિ જાણવું. ક્યાં સુધી કહેવું ? ગ્રાહાવતી, દ્વીપ, ભવન સુધી તે અર્થથી સૂત્ર કહેવું. તેથી કહે છે — ભગવન્ ! ગાથાપતી દ્વીપ એવું નામ કેમ છે ? ગૌતમ ! ગાથાપતી દ્વીપમાં ઘણાં ઉત્પલો યાવત્ સહસ્રપત્રો ગાથાપતીદ્વીપ સમાન પ્રભા અને વર્ણવાળા છે, ઈત્યાદિ. હવે અહીંથી જે નદી વહે છે, તે કહે છે —

સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ એ કે — ગ્રાહા-તંતુનામક જલચર મહાકાય છે, તેથી આ ગ્રાહાવતી છે. - x - અહીંથી મહાનદી વહીને સુકચ્છ અને મહાકચ્છ વિજયને બે ભાગમાં વિભક્ત કરી, ૨૮,૦૦૦ નદીઓ સહિત મેરુની દક્ષિણ દિશામાં સીતા મહાનદીમાં પ્રવેશે છે.

હવે આના વિષ્કંભાદિ કહે છે — ગ્રાહાવતી મહાનદીના કુંડથી નીકળી સીતાનદીના પ્રવેશમાં સર્વત્ર સમાન વિસ્તાર અને ઉદ્વેધ છે. એ જ કહે છે — ૧૨૫ યોજન વિષ્કંભ, ૨ાા યોજન ઉદ્વેધ, કેમકે ૧૨૫નો ૫૦મો ભાગ ૨ાા-જ થાય. પૃથુત્વ પૂર્વવત્. - x - તેમાં મેરુ પાસે ભદ્રશાલવનની લંબાઈ ૫૪,૦૦૦ યોજન, ૧૬ વિજયનું પૃથુત્વ ૩૫,૪૦૬ યોજન, વક્ષસ્કાર આઠના-૪૦૦૦, મુખ-વનદ્વયનું ૫૮૪૪. બધું મળીને ૯૯૨૫૦ યોજન. તેને જંબૂદ્વીપના વિષ્કંભમાંથી બાદ કરતાં ૭૫૦ યોજન રહે,





તેને છ અંતર્નદીથી ભાંગતા ૧૨૫ યોજન થાય. લંબાઈ વિજયો મુજબ - x -

[પ્રશ્ન] ૪૫,૦૦૦ યોજન લંબાઈ સર્વેનદીની કહી, તે વચન કઈ રીતે સંબદ્ધ થશે? [સમાધાન] આ વચન ભરતની ગંગાદિનું સાધારણ છે, - x - ક્ષેત્રસમાસવૃત્તિમાં કહેલ છે કે — આ ગ્રાહાવતી આદિ સર્વે નદીઓ સર્વત્ર કુંડથી નીકળી સીતા અને સીતોદાના પ્રવેશમાં તુલ્યપ્રમાણ વિષ્કંભ અને ઉદ્વેધ કહીને, જે ફરી ધાતકીખંડ, પુષ્કરાર્દ્ધ અધિકારમાં નદીઓનો દ્વીપેદ્વીપે બમણો વિસ્તાર કહેલ છે. જેમ જંબૂદ્વીપમાં રોહિતા આદિ, ગ્રાહાવતી આદિનો બાર અંતર્નદીનો સર્વસંખ્યા ૧૬ નદીનો પ્રવાહ વિષ્કંભ ૧૨-યોજન, સાર્ધ ઉદ્વેધ ક્રોશ એક સમુદ્ર પ્રવેશમાં ગ્રાહાવત્યાદિનો મહાનદી પ્રવેશે વિષ્કંબ ૧૨૫ યોજન, ઉદ્વેધ ૨ાા યોજન છે. તેથી પૂર્વા-પર વિરોધ નથી. - x - એમ બીજે પણ લઘુવૃત્તિમાં તે અભિપ્રાય વર્તે છે. બંને સ્થાને તત્ત્વ તો સર્વવિદ્ જ જાણે. પણ આમાં સર્વત્ર સમવિષ્કંભત્વ વિશે આગમવત્ ઉક્તિ પણ અનુકૂળ છે. - x -

હવે ત્રીજી વિજયનો પ્રશ્ન કહે છે — તે સ્પષ્ટ છે. યાવત્ પદથી "ત્યાં અરિષ્ઠા રાજધાનીમાં મહાકચ્છ નામે રાજા ઉત્પન્ન થશે. તેને સંપૂર્ણ ભરત સમાન કહેવો. નિષ્ક્રમણ વર્જીને બાકી બધું કહેવું. મહાકચ્છ નામક કહેવો. આ આલાવાથી મહાકચ્છ શબ્દનો અર્થ કહેવો.

હવે બ્રહ્મકૂટપ્રશ્ન - સ્પષ્ટ છે. આ બીજો વક્ષસ્કાર છે, ચિત્રકૂટના અતિદેશથી યાવત્ પદથી લંબાઈ સૂત્રાદિ સુધી રમણીય ભૂમિ પર્યન્ત બધું કહેવું. હવે કૂટ વક્તવ્યતા કહેવી - તે સ્પષ્ટ છે, વિશેષ એ કે — ચિત્રકૂટવક્ષસ્કાર કૂટ ન્યાયથી કહેવું યાવત્ શબ્દથી ઉત્તર-દક્ષિણમાં પરસ્પર સમ લેવું. બ્રહ્મકૂટ શબ્દાર્થ - ત્યાં બ્રહ્મકૂટ નામે પલ્યોપમ-સ્થિતિક દેવ વસે છે. તે સુગમ છે. - - હવે ચોથી વિજય—

તે સ્પષ્ટ છે, પરંતુ દ્રહાવતી અંતર્નદીના પશ્ચિમે કચ્છગાવતી વિજય માલુકાકચ્છાદિ જેમાં અતિશય છે તે. બાકી પૂર્વવત્. હવે આ અનંતરોક્ત વિજય, જેની પશ્ચિમમાં તે અંતર્નદીને લક્ષમાં રાખી કહે છે — આવર્ત્ત નામે પૂર્વ દિશાવર્ત્તી વિજયની પશ્ચિમે, કચ્છાવતી વિજયની પૂર્વે યાવત્ દ્રહાવતી કુંડ કહેલ છે. બાકી ગ્રાહાવતી કુંડ કથનથી જાણવું. વિશેષ એ કે — દ્રહાવતીદ્વીપ, દ્રહાવતીદેવી ભવન, દ્રહાવતી પ્રભ પદ્માદિના યોગથી દ્રહાવતી નામાર્થ જાણવો. દ્રહા-અગાધ જલાશય જેમાં રહે છે તે. હવે જે રીતે તે મહાનદીમાં પ્રવેશે છે, તે પૂર્વે કહેલ છે.

હવે પાંચમી વિજય - સ્પષ્ટ છે, પછી ત્રીજો વક્ષસ્કાર - બંને સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ એ - બીજા સૂત્રમાં ૫૦૦ યોજન પ્રમાણ છે. પછી છટ્ઠી વિજય, પછી પંકાવતી ત્રીજી અંતર્નદી, તેને કહે છે — પ્રાયઃ પૂર્વવત્. વિશેષ એ કે — અતિશય પંક જેમાં છે તે પંકાવતી. પછી સાતમી વિજય, પછી ચોથો વક્ષસ્કાર - તે સ્પષ્ટ છે. વિશેષ એ — પુષ્કલાવર્ત્ત સાતમી વિજય છે, તે ચક્રવર્તી વડે વિજેતવ્ય હોવાથી ચક્રવર્તી વિજય કહેવાય છે.

હવે આઠમી વિજય-પ્રગટાર્થ છે. માત્ર ઉત્તર બાજુની સીતાનદીના મુખવનમાં કહેવાનાર સ્વરૂપની સીતાનદી અને નીલવંત પર્વત મધ્યેના મુખવનની પશ્ચિમમાં છે. દક્ષિણના સીતા મુખવનથી આ વાયવ્યમાં છે તેથી ઉત્તરમાં - એમ ગ્રહણ કરવું. હવે

અનંતરોક્ત સીતામુખવનને લક્ષીને કહે છે – સીતામુખ નામે વન ક્યાં કહેલ છે ? અહીં સીતામુખ વડે સીતોદા વનમુખ બંને ઉત્તરમાં છે, તેમ કહી દક્ષિણનું સીતામુખવન નિષેધેલ છે. તે આ રીતે – ચાર મુખ વન છે – (૧) સીતા અને નીલવંત મધ્યે, (૨) સીતા અને નિષધ મધ્યે, (૩) સીતોદક - નિષેધ મધ્યે. (૪) સીતોદા-નીલવંત મધ્યે. આ બધામાં પહેલું હોવાથી સીતાથી ઉત્તરે કહ્યું. [બાકી સૂત્રાર્થવત્] વનમુખ નિષધ અને નીલવંત સમીપે અલ્પવિષ્કંભ છે, સીતા અને સીતોદાના ઉભયકુલ પાર્શ્વમાં જગતીના અનુરોધથી પૃથુ વિષ્કંભ છે તેથી કહેલ છે – પૂર્વ અને પશ્ચમમાં નીષધ કે નીલવંતથી આરંભીને જગતી વક્રગતિથી સીતા કે સીતોદાને પ્રાપ્ત થાય છે.

તેના અનુરોધથી દર્શાવે છે – સીતા મહાનદી અંતે ૨૯૨૨ યોજન વિષ્કંભ, પૂર્વવત્ વિજય, વક્ષસ્કાર આદિનું પ્રમાણ-૯૪,૧૫૬ છે. તે જંબૂદ્વીપના પરિમાણથી બાદ કરતાં શેષ-૫૮૪૪ થાય. બે વનમુખ હોવાથી, બે વડે ભાંગતા-૨૯૨૨ થાય. અહીં ૨૩-એ અશુદ્ધ પાઠ છે. આ પૃથુ પરિમાણ સર્વત્ર નથી. - x - તે માત્રા વડે અંશ-અંશથી ઘટતાં-ઘટતાં હાનિને પામીને નીલવંત વર્ષધર પર્વતને અંતે એક કળા પૃથુ રહે છે. અહીં કરણ-મુખવનનો સર્વ લઘુ વિષ્કંભ વર્ષધર પાર્શ્વે છે. પછી વર્ષધરની જીવાથી આ કરણ રહે છે. તે આ રીતે – નીલવંત જીવા ૯૪,૧૫૬ યોજન અને ૨-કળા. તેમાંથી પૂર્વોક્ત ૧૬ વિજય, ૮-વક્ષસ્કાર ઈત્યાદિ બાદ કરતાં-૯૪,૧૫૬ બાદ થશે, ૨-કળા રહેશે, બે વન છે તેથી બે વડે ભાંગતા-૧-કળા રહે. - x - x -

હવે-પૂર્વ અને પશ્ચિમ દિશામાં નિષધ કે નીલવંતથી આરંભીને જગતી વક્રગતિથી સીતા-સીતોદાને પ્રાપ્ત થાય. જગતીના સંસ્પર્શવર્તી અને વનમુખ, તેના અનુરોધથી વર્ષધર સમીપે તેનો થોડો વિષ્કંભ છે. સીતા-સીતોદા પાસે તે ઘણો છે. આ ઈષ્ટ સ્થાને વિષ્કંભ જાણવા માટે, સૂત્રમાં ન કહ્યા છતાં પ્રસંગ ગતિથી કરણ કહે છે – યોજનાદિ ગયા પછી ગુરુપૃથુત્વથી ૨૯૨૨ રૂપે ગુણવા. ગુણિત યોજન રાશિની કળા કરવા માટે-૧૯ વડે ગુણવા. તેમાં ગુરુપૃથુગણિતની કળા રાશિ ઉમેરાય છે. પછી ‘‘કળા’’-કરેલ વનની લંબાઈ પરિણામ રાશિથી હરાતા ઈષ્ટ સ્થાને વનમુખ વિષ્કંભ પ્રાપ્ત થાય. [રાશિ ગણિત વૃત્તિથી સમજવું.]

હવે આની પદ્મવરવેદિકાદિ વર્ણન માટે કહે છે – સ્પષ્ટ છે. તે મુખવન એક પદ્મવરવેદિકા અને એક વનખંડથી સંપરિવૃત્ત છે. પછી સીતામુખવનનું વર્ણન કહેવું – કૃષ્ણ, કૃષ્ણાવભાસ આદિ. ક્યાં સુધી ? દેવો બેસે છે, સુવે છે સુધી. - x - આ પદ્મવર વેદિકા જગતીવત્ મુખવન વ્યાસ જ અંતર્લીન છે. જેમાં વનવ્યાસનું કલાપ્રમાણ છે. તેમાં વિજય વ્યાસ રુંધાય છે. અન્યથા વિજયાદિ વડે જંબૂદ્વીપના પરિપૂર્ણ લક્ષપૂર્તિમાં બંને બાજુ જગતી આદિનો શો અવકાશ છે. - x -

હવે ઉપસંહાર કહે છે – વિજયાદિના કથનથી ઉત્તર દિશાવર્તી પાર્શ્વ સમાપ્ત થયું. પૂર્વે ચાર વિભાગ વડે ઉદ્દિષ્ટ વિદેહ ક્ષેત્રના પૂર્વી ઉત્તરપાર્શ્વનું વિજયાદિ કથનની અપેક્ષાથી પૂર્ણ નિર્દિષ્ટ છે.

હવે પ્રતિવિજયમાં એકૈક રાજધાની નિર્દેશતા કહે છે – અહીં વિજયનું જે ફરી કથન છે, તે રાજધાનીની નિરૂપણાર્થે છે – રાજધાની આ છે – કચ્છવિજયના ક્રમથી



નામ વડે આ રીતે જાણવું – ક્ષેમા, ક્ષેમપુરા ઈત્યાદિ. આ સીતાની ઉત્તરે, વિજયોની દક્ષિણાર્દ્ધ મધ્ય ખંડોમાં જાણવી. હવે આનું શ્રેણિ સ્વરૂપ કહે છે – ઉક્ત આઠ વિજયમાં ૧૬-વિદ્યાધર શ્રેણીઓ જાણવી. કેમકે પ્રતિવૈતાઢ્ય બે શ્રેણીઓ સંભવે છે. આ વિદ્યાધર શ્રેણીમાં પ્રત્યેક દક્ષિણોત્તર પાર્શ્વમાં ૫૫-નગરો કહેવા. કેમકે વૈતાઢ્યની ઉભયે સમભૂમિકત્વ છે. આભિયોગ્ય શ્રેણિઓ ૧૬ કહેવી. આ બધી આભિયોગ્ય શ્રેણિ ઈશાનેન્દ્રની છે. કેમકે તે મેરુના ઉત્તરદિશાવર્તી છે. - x - x - x -

હવે શેષ વિજય, વક્ષસ્કાર આદિના સ્વરૂપની પ્રરૂપણા માટે લાઘવતા હેતુ અતિદેશ સૂત્ર કહે છે – બધા વિજયોમાં ‘‘કચ્છ’’ વક્તવ્યતા કહેવી. અર્થ - વિજયોનું નામ નિરુક્ત, વિજયોમાં તે-તે વિજય સદૃશ નામવાળા રાજા જાણવા. તથા ૧૬-વક્ષસ્કાર પર્યન્ત ચિત્રકૂટ વક્તવ્યતા જાણવી યાવત્ ચાર કૂટો હોય છે. તથા બાર અંતર્નદી, ગ્રાહાવતીની વક્તવ્યતાથી જાણવી. ઈત્યાદિ - x -

હવે બીજો વિદેહ વિભાગ –

● **સૂત્ર-૧૭૪ થી ૧૭૭ :-**

***[૧૭૪] ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રમાં સીતા મહાનદીમાં દક્ષિણમાં સીતામુખવન નામે વન ક્યાં કહેલ છે ? એ રીતે ઉત્તરના સીતામુખ વનની માફક દક્ષિણનું પણ કહેવું. વિશેષ એ - નિષધ વર્ષધર પર્વતની ઉત્તરે, સીતા મહાનદીની દક્ષિણે, પૂર્વ લવણસમુદ્રની પશ્ચિમે, વત્સવિજયની પૂર્વે અહીં જંબૂદ્વીપ દ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રમાં સીતા મહાનદીમાં દક્ષિણે સીતામુખવન નામે વન કહેલ છે. ઉત્તર-દક્ષિણ લાંબુ ઈત્યાદિ બધું પૂર્વવત્. વિશેષ એ - નિષધ વર્ષધર પર્વત પાસે ૧-કળા વિષ્કંભથી કૃષ્ણ, કૃષ્ણાવભાસ યાવત્ મહા ગંધઘ્રાણને છોડતા યાવત્ બેસે છે. બંને પડખે બે પદ્મવરવેદિકા, વન કહેવા.***

***ભગવન્! જંબૂદ્વીપ દ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રમાં વત્સ નામે વિજય ક્યાં કહી છે? ગૌતમ! નિષધ વર્ષધર પર્વતની ઉત્તરે, સીતા મહાનદીની દક્ષિણે, દક્ષિણના સીતામુખવનની પશ્ચિમે, ત્રિકૂટ વક્ષસ્કાર પર્વતની પૂર્વે, અહીં જંબૂદ્વીપ દ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રમાં વત્સ નામે વિજય કહેલ છે, પ્રમાણ પૂર્વવત્, સુશીમા રાજધાની.***

***ત્રિકૂટ વક્ષસ્કાર પર્વત, સુવત્સ વિજય, કુંડલા રાજધાની.. તપ્તજલા નદી, મહાવત્સવિજય, અપરાજિતા, રાજધાની.. વૈશ્રમણકૂટ, વક્ષસ્કાર પર્વત, વત્સાવતી વિજય, પ્રભંકરારાજધાની.. મત્તજલાનદી, રમ્યવિજય, અંકાવતી રાજધાની.. અંજન વક્ષસ્કાર પર્વત, રમ્યક્વિજય, પદ્માવતી રાજધાની.. ઉન્મત્ત જલા મહાનદી, રમણીય વિજય, શુભા રાજધાની.. માતંજન વક્ષસ્કાર પર્વત, મંગલાવતી વિજય, રત્નસંચયા રાજધાની.. એ પ્રમાણએ જેમ સીતા મહાનદીનું ઉત્તરી પાર્શ્વ છે, તેમ દક્ષિણી પાર્શ્વ કહેવું. ઉત્તરની જેમ દક્ષિણી સીતામુખવન કહેવું.***

***વક્ષસ્કારકૂટ આ પ્રમાણે છે – ત્રિકૂટ, વૈશ્રમણકૂટ, અંજન, માતંજન...નદીઓ આ છે – તપ્તજલા, મત્તજલા, ઉન્મત્તજલા.***

***[૧૭૫] વિજયો આ પ્રમાણે – વત્સ, સુવત્સ, મહાવત્સ, ચોથી વચ્છકાવતી, રમ્ય, રમ્યક, રમણીય, મંગલાવતી.***

*[૧૭૬] રાજધાનીઓ આ પ્રમાણે — સુશીમા, કુંડલા, અપરાજિતા, પ્રભંકરા, અંકાવતી, પદ્માવતી, શુભા, રત્નસંચયા.*

*[૧૭૭] વત્સવિજયના દક્ષિણમાં નિષધ, ઉત્તરમાં સીતા, પૂર્વમાં દક્ષિણી સીતામુખવન, પશ્ચિમમાં ત્રિકૂટ પર્વત છે, સુશીમા રાજધાની છે, પ્રમાણ પૂર્વવત્. વત્સવિજય પછી ત્રિકૂટ, પછી સુવત્સ વિજય, એ ક્રમથી તપ્તજલા નદી, મહાવત્સવિજય, વૈશ્રમણકૂટ, વક્ષસ્કાર પર્વત, વત્સાવતી વિજય, મત્તજલા નદી, રમ્ય વિજય, અંજન વક્ષસ્કાર પર્વત. રમ્યક્ વિજય, ઉન્મત્તજલા નદી, રમણીય વિજય, માતંજલ વક્ષસ્કાર પર્વત અને મંગલાવતી વિજય છે.*

**● વિવેચન-૧૭૪ થી ૧૭૭ :-**

ભદંત ! જંબૂદ્વીપના મહાવિદેહક્ષેત્રમાં સીતા મહાનદીના દક્ષિણી સીતામુખવન અર્થાત્ સીતા-નિષધ મધ્યવર્તી. અતિદેશ સૂત્ર વડે ઉત્તરસૂત્ર સ્વયં કહેવું. - x - હવે બીજા મહાવિદેહ વિભાગમાં વિજયાદિ વ્યવસ્થા કહે છે — નિષધ પર્વતની ઉત્તરે, સીતા નદીની દક્ષિણે, દક્ષિણી સીતામુખવનની પશ્ચિમે, ત્રિકૂટ વક્ષસ્કાર પર્વતની પૂર્વે, અહીં વત્સ વિજય છે. સુશીમા રાજધાની, વિજય વિભાજક ત્રિકૂટ વક્ષસ્કાર પર્વત છે. [શેષ વૃત્તિ સૂત્રાર્થ મુજબ જ છે.]

આ વિજયની રાજધાનીઓ — સીતા દક્ષિણ દિશામાં રહેલ રાજધાનીપણાથી, વિજયના ઉત્તરાર્ધ મધ્ય ખંડોમાં જાણવી. હવે વિજયાદિનો વ્યાસાદિ દર્શાવવા છતાં કોઈ પ્રકારે પાર્શ્વોમાં પરસ્પર ભેદ ન થાય, તે આશંકા નિવૃત્તિ માટે કહે છે — પૂર્વોક્ત પ્રકારે સીતા મહાનદીના ઉત્તર પાર્શ્વ માફક દક્ષિણી પાર્શ્વ કહેવું.

આ પાર્શ્વ કઈ રીતે વિશિષ્ટ છે ? દક્ષિણ બાજુના સીતામુખવનાદિ, આના વડે જેમ પહેલા વિભાગના કચ્છ વિજય આદિ કહ્યા, તેમ બીજા વિભાગના દક્ષિણ બાજુના સીતામુખવનાદિ કહ્યા છે. આ કહેવાનાર વક્ષસ્કારકૂટો છે. કૂટ શબ્દથી અહીં પર્વત લેવા. તે આ રીતે — ત્રિકૂટ ઈત્યાદિ. વિજયાદિ રાજધાનીના સંગ્રહ માટે એકૈક પદ્ય છે. તે સરળ છે. - x - પૂર્વસૂત્રથી પ્રાપ્ત છતાં વત્સ વિજય દિગ્નિયમમાં વિચિત્રત્વથી સૂત્ર પ્રવૃત્તિ બીજી રીતે કહે છે —

વત્સવિજયના નિષધની દક્ષિણે, તેની જ સીતાનદીની ઉત્તરે આદિ સ્પષ્ટ છે. - x - હવે પ્રકરણ બળથી વત્સ જ લક્ષ્ય કરાય છે. સુશીમા રાજધાની, પ્રમાણ અયોધ્યા સંબંધી જ, - x - હવે આ વિજયાદિનો સ્થાન ક્રમ દર્શાવ્યો, તે સુગમ છે. વિશેષ એ કે - વત્સ પછી ત્રિકૂટ એમ જાણવું. - x - હવે સૌમનસ્ય ગજદંત ગિરિ —

**● સૂત્ર-૧૭૮ થી ૧૮૨ :-**

*[૧૭૮] ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં સોમનસ નામે વક્ષસ્કાર પર્વત ક્યાં કહેલ છે ? ગૌતમ ! નિષધ વર્ષધર પર્વતની ઉત્તરે, મેરુપર્વતની અગ્નિ દિશામાં, મંગલાવતી વિજયની પશ્ચિમે, દેવકુરુની પૂર્વે, અહીં જંબૂદ્વીપ દ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રમાં સોમનસ નામે વક્ષસ્કાર પર્વત કહેલ છે. ઉત્તર-દક્ષિણ લાંબો, પૂર્વ-પશ્ચિમ પહોળો, માલ્યવંત વક્ષસ્કાર પર્વત સમાન છે. વિશેષ એ કે — સર્વરત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. નિષધ વર્ષધર પર્વતની પાસે ૪૦૦ યોજન ઉર્ધ્વ ઉંચો, ૪૦૦ ગાઉ ભૂમિગત, બાકી પૂર્વવત્ કહેવું. વિશેષ એ કે — અર્થ - ગૌતમ ! સોમનસ વક્ષસ્કાર પર્વતે ઘણાં દેવો-દેવીઓ જે સૌમ્ય, સુમનસ્ક છે તે અહીં બેસે છે ઈત્યાદિ. સૌમનસ નામે અહીં મહર્દ્ધિક દેવ યાવત્ વસે છે. તે કારણે હે ગૌતમ ! યાવત્ નિત્ય છે.*



*સૌમનસ વક્ષસ્કાર પર્વતે કેટલાં કૂટો કહ્યા છે ? ગૌતમ ! સાત કૂટો કહેલા છે, તે આ પ્રમાણે —*

*[૧૭૯] સિદ્ધ, સોમનસ, મંગલાવતી, દેવકુરુ, વિમલ, કંચન, વશિષ્ટ નામક સાત કૂટો જાણવા.*

*[૧૮૦] આ બધાં કૂટો ૫૦૦ યોજન ઉંચા છે. આ કૂટોની પૃચ્છા દિશા-વિદિશામાં ગંધમાદન સદૃશ કહેવી. ફર્ક એ કે — વિમલકૂટ તથા કંચનકૂટ ઉપર સુવત્સા અને વત્સમિત્રા દેવીઓ રહે છે. બાકીના કૂટોમાં સદૃશ નામક દેવો છે. મેરુની દક્ષિણે તેની રાજધાનીઓ છે.*

*ભગવન્ ! મહાવિદેહ ક્ષેત્રમાં દેવકુરુ નામે કુરુ ક્યાં કહેલ છે ? ગૌતમ ! મેરુ પર્વતની દક્ષિણે, નિષધ વર્ષધર પર્વતની ઉત્તરે, વિદ્યુત્પ્રભ વક્ષસ્કાર પર્વતની પૂર્વે, સોમનસ વક્ષસ્કાર પર્વતની પશ્ચિમે — અહીં મહાવિદેહ ક્ષેત્રમાં દેવકુરુ નામે કુરુ કહેલ છે. તે પૂર્વ-પશ્ચિમ લાંબો, ઉત્તર-દક્ષિણ પહોળો, ૧૧૮૪૨ યોજન, ૨-કળા પહોળો છે ઉત્તરકુરુની વક્તવ્યતા સમાન યાવત્ પદ્મગંધ, મૃગગંધ, અમમ, સહ, તેતલી, શનૈશ્ચારી મનુષ્યો સુધી કહેવું.*

*[૧૮૧] ભગવન્ ! દેવકુરુમાં ચિત્રકૂટ-વિચિત્રકૂટ નામે બે પર્વતો ક્યાં કહેલ છે ? ગૌતમ ! નિષધ વર્ષધર પર્વતના ઉત્તરીય-ચરમાંતથી ૮૩૪-૪/૭ યોજનના અંતરે, સીતોદક મહાનદીના પૂર્વ-પશ્ચિમ બંને કિનારે, અહીં ચિત્ર અને વિચિત્રકૂટ નામે બંને પર્વતો કહ્યાં છે, યમક પર્વતો માફક બધું કહેવું. રાજધાની મેરુની દક્ષિણે છે.*

*[૧૮૨] દેવકુરુનો નિષધદ્રહ નામે દ્રહ ક્યાં કહેલ છે ? ગૌતમ ! તે ચિત્રકૂટ, વિચિત્રકૂટ પર્વતના ઉત્તરીય ચરમાંતથી ૮૩૪-૪/૭ યોજનના અંતરે, સીતોદા મહાનદીના બહુમધ્યદેશ ભાગમાં અહીં નિષધદ્રહ નામે દ્રહ કહેલ છે. એ પ્રમાણે જેમ નીલવંત, ઉત્તરકુરુ, ચંદ્ર, ઐરાવત, માલ્યવંત દ્રહોની વક્તવ્યતા છે, તેમજ નિષધ, દેવકુરુ, સૂર, સુલસ, વિદ્યુત્પ્રભની જાણવી. રાજધાનીઓ મેરુની દક્ષિણમાં છે.*

**● વિવેચન-૧૭૭ થી ૧૮૨ :-**

પ્રશ્ન સુલભ છે. ઉત્તર — નિષધ વર્ષધર પર્વતની ઉત્તરે૦ ઈત્યાદિ સૂત્રાર્થવત્ જાણવું. જે સપ્રપંચ પહેલા વ્યાખ્યાનમાં ગંધ માદનનો અતિદેશ કર્યો, માલ્યવંતનું અતિદેશન તેની નીકટવર્તીપણાથી છે, તે સૂત્રકારની શૈલીના વૈચિત્ર્યને જણાવે છે. ફર્ક એ - આ સંપૂર્ણ રજતમય છે, માલ્યવંત નીલમણિમય છે. આ નિષધ પર્વતને અંતે છે, માલ્યવંત નીલવંત પર્વતની સમીપે છે. અર્થમાં વિશેષતા — સૌમનસ વક્ષસ્કાર

પર્વતમાં ઘણાં દેવ-દેવીઓ સૌમ્ય-કાય કુચેષ્ટા રહિત, સુમનસ-મનની કાલુષ્યતા રહિત, વસે છે. સુમનસોના આવાસથી સૌમનસ. સૌમનસ નામે અહીં મહર્દ્ધિક દેવ છે તેથી સૌમનસ - x -

કૂટોનો પ્રશ્ન-સૌમનસ વક્ષસ્કાર પર્વતમાં સિદ્ધાયતન કૂટ નામે કૂટ ક્યાં કહેલ છે ? ઈત્યાદિ રૂપ. જેમ પહેલા વક્ષસ્કાર-ગંધમાદનના સાત કૂટો છે, તેમ અહીં પણ છે. - x - કૂટોની દિશા, વિદિશાની વક્તવ્યતા — મેરુની નીકટ દક્ષિણપૂર્વમાં સિદ્ધાયતનકૂટ, તેની દક્ષિણ પૂર્વમાં બીજો સૌમનસ કૂટ, તેની દક્ષિણપૂર્વમાં ત્રીજો મંગલાવતી કૂટ, આ ત્રણ કૂટો વિદિશામાં છે. મંગલાવતી કૂટની દક્ષિણ પૂર્વમાં, પાંચમાં વિમલકૂટની ઉત્તરમાં ચોથો દેવકુરુકૂટ, તેની દક્ષિણે પાંચમો વિમલ કૂટ, તેની પણ દક્ષિણે છઠ્ઠો કાંચનકૂટ, આની પણ દક્ષિણે અને નિષધની ઉત્તરે સાતમો વાસિષ્ઠ કૂટ છે. [બાકી સૂત્રાર્થવત્ જાણવું.]

હવે દેવકુરુ - x - મેરુ પર્વતની દક્ષિણે, નિષદ પર્વતની ઉત્તરે આદિ સૂત્રાર્થવત્. - x - જેમ ઉત્તરકુરુની વક્તવ્યતા છે, તેમ અહીં કહેવી. ક્યાં સુધી? સંતાન વડે અનુવર્તમાન સુધી. વર્તમાનકાળ નિર્દેશ ત્રણે કાળમાં આમના અસ્તિત્વની પ્રતિપાદનાર્થે છે. તે પદ્મગંધ આદિ છ મનુષ્યજાતિભેદ છે. તેની વ્યાખ્યા પૂર્વોક્ત સુષમાસુષમાથી જાણવી.

હવે ઉત્તરકુરુના તુલ્યત્વથી બંને યમક સમાન ચિત્રકૂટ-વિચિત્રકૂટ પર્વતો સ્થાનથી પૂછે છે — દેવકુરુમાં ચિત્ર-વિચિત્રકૂટ ક્યાં છે ? સ્પષ્ટ છે — યમકપર્વતો તુલ્ય જાણવું, તેના અધિપતિ ચિત્ર-વિચિત્ર દેવની રાજધાનીઓ દક્ષિણમાં છે, હવે દ્રહ પંચકનું સ્વરૂપ કહે છે — [સૂત્રાર્થવત્ જાણવું.] તેમના અધિપતિ દેવોની રાજધાનીઓ મેરુની દક્ષિણે છે.

હવે તેની જંબૂપીઠતુલ્ય વૃક્ષપીઠ ક્યાં છે ? તે પૂછે છે —

● **સૂત્ર-૧૮૩ થી ૧૮૬ :-**

***[૧૮૩] ભગવન્ ! દેવકુરુમાં કૂટ શાલ્મલી નામે પીઠ ક્યાં કહી છે ? ગૌતમ ! મેરુ પર્વતની નૈઋત્ય દિશામાં, નિષધ વર્ષધર પર્વતની ઉત્તરમાં, વિદ્યુત્ પ્રભ વક્ષસ્કાર પર્વતની પૂર્વે, સીતોદા મહાનદીની પશ્ચિમે, દેવકુરુના પશ્ચિમાર્દ્ધના બહુમધ્યદેશ ભાગમાં અહીં દેવકુરુમાં કૂટ શાલ્મલી પીઠ નામે પીઠ કહેલ છે. જેમ જંબૂ-સુદર્શનાની વક્તવ્યતા છે, તે જ શલ્મલીમાં કહેવી, માત્ર નામ-ગરુડદેવ છે, રાજધાની દક્ષિણમાં, બાકી પૂર્વવત્ યાવત્ દેવકુરુ અહીં પલ્યોપમસ્થિતિક દેવ વસે છે. તેથી ગૌતમ ! દેવકુરુ કહે છે૦ આદિ.***

***[૧૮૪] ભગવન્ ! જંબૂદ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રમાં વિદ્યુત્પ્રભ નામે વક્ષસ્કારપર્વત ક્યાં કહેલ છે ? ગૌતમ ! નિષધ વર્ષધર પર્વતની ઉત્તરે, મેરુ પર્વતની નૈઋત્યમાં, દેવકુરાની પશ્ચિમે, પક્ષ્મ વિજયની પૂર્વે, અહીં જંબૂદ્વીપ દ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રમાં વિદ્યુત્પ્રભ વક્ષસ્કાર પર્વત કહેલ છે. તે ઉત્તર-દક્ષિણ લાંબો, એ પ્રમાણે માલ્યવંતવત્ કહેવું. વિશે, એ કે - સર્વતપનીયમય, સ્વચ્છ યાવત્ ત્યાં દેવો બેસે છે.***



***ભગવન્ ! વિદ્યુત્પ્રભ વક્ષસ્કાર પર્વતમાં કેટલા કૂટો કહેલા છે ? ગૌતમ ! નવ કૂટો કહેલ છે — સિદ્ધાયતનકૂટ, વિદ્યુત્પ્રભકૂટ, દેવકુરુકૂટ, પક્ષ્મકૂટ, કનકકૂટ, સ્વસ્તિક કૂટ, સીતોદા કૂટ, શતજ્વલકૂટ, હરિકૂટ.***

***[૧૮૫] સિદ્ધ, વિદ્યુત્, દેવકુરુ, પક્ષ્મ, કનક આદિ ઉપર મુજબના કૂટ.***

***[૧૮૬] હરિકૂટ સિવાયના કૂટો ૫૦૦ યોજન જાણળા. આ કૂટોની પૃચ્છા, દિશા-વિદિશામાં જાણવી, માલ્યવંતના હરિસ્સહ કૂટવત્ કહેવું. દક્ષિણની ચમરચંચા રાજધાની માફક હરિકૂટા રાજધાની જાણવી. કનક અને સ્વસ્તિક કૂટમાં વારિષેણ અને બલાહક દેવ છે, બાકીના કૂટોમાં સદૃશનામવાળા દેવો છે. તેમની રાજધાનીઓ દક્ષિણમાં છે.***

***ભગવન્ ! એવું કેમ કહે છે કે — વિદ્યુત્પ્રભ વક્ષસ્કાર પર્વત નામ છે ? ગૌતમ ! વિદ્યુત્પ્રભ વક્ષસ્કાર પર્વત વિદ્યુત્‌ની જેમ ચોતરફ અવભાસે છે, ઉદ્યોત કરે છે, પ્રભાસે છે, વિદ્યુત્પ્રભ અહીં પલ્યોપમસ્થિતિક દેવ યાવત્ વસે છે. એ કારણથી હે ગૌતમ ! તે વિદ્યુત્પ્રભ કહે છે, અથવા તે યાવત્ નિત્ય છે.***

● **વિવેચન-૧૮૩ થી ૧૮૬ :-**

સૂત્ર પૂર્વવત્. વિશેષ આ — કૂટાકાર એટલે શિખરાકાર, શાલ્મલી તેની પીઠ. ઉત્તરસૂત્રમાં - મેરુ પર્વતની નૈઋર્ત્યમાં૦ ઈત્યાદિ [સૂત્રાર્થવત્] અહીં પ્રજ્ઞાપક નિર્દિષ્ટ દેશમાં દેવકુરુમાં કૂટશાલ્મલી પીઠ કહેલ છે. એ રીતે જંબૂ-સુદર્શના સમાન, શાલ્મલીની વક્તવ્યતા પણ કહેવી. વિશેષ આ — પૂર્વે વર્ણિત બાર જંબૂનામ રહિત કહેવું. શાલ્મલીના બીજા નામો નથી. અનાદતના સ્થાને ગરુડ દેવ કહેવો. અર્થાત્ ગરુડજાતિય વેણુદેવ કે ગરુડવેગ નામક દેવ. - x - સૂત્રમાં ન કહ્યા છતાં આ પણ જાણવું. આના પીઠ અને કૂટો, પ્રાસાદ ભવન અંતરાલવર્તી રજતમય છે, પણ જંબૂવૃક્ષ સ્વર્ણમય છે. આ શાલ્મલી વૃક્ષમાં અહીં-તહીં વેણુદેવ અને વેણુદાલીના ક્રીડા સ્થાનો છે. - x - બાકી જંબૂ પ્રકરણમાં કહેલ જે વિશેષ છે તે દર્શાવેલ છે તે દેવકુરુ નામે દેવ વસે છે સુધી કહેવું. તે કારણે દેવકુરુ કહે છે.

હવે ચોથો વક્ષસ્કાર અવસર-સ્પષ્ટ છે, કેમકે માલ્યવંતનો અતિદેશ છે. વિશેષ આ — સંપૂર્ણ રક્તસુવર્ણમય છે. હવે કૂટવક્તવ્યતા — તેમાં ઉત્તરસૂત્રમાં સિદ્ધાયતન કૂટ, વિદ્યુત્પ્રભ, દેવકુરુ આદિ કૂટો [સૂત્રાર્થવત્] હરિનામે દક્ષિણ શ્રેણીના અધિપતિ વિદ્યુત્કુમારેન્દ્રનો કૂટ તે હરિકૂટ, ઉક્ત કૂટના નામો સંગ્રહ ગાથા વડે કહેલ છે. આ કૂટો ૫૦૦ યોજન ઉંચા છે. ભગવન્ ! વિદ્યુત્પ્રભમાં સિદ્ધાયતન કૂટ ક્યાં છે ? એવા પ્રકારે પ્રશ્નમાં દિશા-વિદિશામાં જાણવું. યથાયોગ અવસ્થિત આધારપણાથી કહેવું. તેથી કહે છે — મેરુની નૈઋત્યમાં, મેરુ નીકટ પહેલો સિદ્ધાયતન કૂટ છે, તેની નૈઋત્યે વિદ્યુત્પ્રભ, એ રીતે દેવકૂરુ અને પક્ષ્મ એ ચારે કૂટો વિદિશાવર્ત્તી છે. ચોથાની નૈઋત્યમાં અને છઠ્ઠાની ઉત્તરમાં પાંચમો કનકકૂટ છે, તેની દક્ષિણે છઠ્ઠો સૌવસ્તિક, તેની દક્ષિણે સાતમો સીતોદાકૂટ એ ક્રમે કૂટો રહેલ છે. - x -

માલ્યવંત વક્ષસ્કારના હરિસ્સહ કૂટ સમાન હરિકૂટ જાણવો. તે ૧૦૦૦ યોજન ઉચ્ચ, ૨૫૦ યોજન અવગાઢ ઈત્યાદિ, તથા પૃથુ વિષયક, આક્ષેપ-પરિહાર પૂર્વવત્.

વિશેષ આ - આઠમાંથી દક્ષિણે અર્થાત્ નિષધનજીક. આની રાજધાની દક્ષિણની ચમરચંચા રાજધાનીવત્ જાણવી. કનક અને સ્વસ્તિક કૂટમાં વારિષેણા અને બલાહક બે દિક્કુમારી દેવી છે, બાકીના વિદ્યુત્પ્રભાદિમાં કૂટ સદંશ નામવાળા દેવો અને દેવીઓ છે. રાજધાની દક્ષિણમાં છે.

જો કે ઉત્તરકુરુ વક્ષસ્કાર યથાયોગ સિદ્ધ-હરિસ્સહકૂટ વર્જીને કૂટાધિપ રાજધાનીઓ અનુક્રમે વાયવ્ય અને ઈશાનમાં છે, તેમ દેવકુરુના બે વક્ષસ્કાર યથાયોગ સિદ્ધ અને હરિકૂટ વર્જીને કૂટાધિપ રાજધાનીઓ યથાક્રમે અગ્નિ અને નૈઋત્યમાં જાણવી. તો પણ પ્રસ્તુત સૂત્રના પ્રતિમાં તેમ ન કહી હોવાથી અમે રાજધાનીને દક્ષિણમાં લખી છે. - - હવે નામ નિમિત્ત પૂછે છે — વિદ્યત્પ્રભ વક્ષસ્કાર પર્વત વિદ્યુત્વત્ લાલસુવર્ણમયપણે છે. જોનારની આંખોને ગમી જાય તેવો આ વિદ્યુત્પ્રકાશ છે. દીપ્યતાથી નીકટની વસ્તુને પ્રકાશે છે. સ્વયં પણ શોભે છે, તેથી વિદ્યુત્ સમાન પ્રભા, તે વિદ્યુત્પ્રભ. ઈત્યાદિ - x -

હવે મહાવિદેહનો દક્ષિણમાં પશ્ચિમ નામે ત્રીજો વિભાગ —

● **સૂત્ર-૧૮૭ થી ૧૯૩ :-**

***[૧૮૭] એ પ્રમાણે (૧) પક્ષ્મ વિજયમાં અશ્વપુરા રાજધાની, અંકાવતી. વક્ષસ્કાર પર્વત, (૨) સુપક્ષ્મવિજય, સીંહપુરા રાજધાની, ક્ષીરોદા મહાનદી, (૩) મહાપક્ષ્મ વિજય, મહાપુરા રાજધાની, પક્ષ્માવતી વક્ષસ્કાર પર્વત, (૪) પક્ષ્મકાવતી વિજય, વિજયપુરા રાજધાની, શીતસ્રોતા મહાનદી, (૫) શંખવિજય, અપરાજિતા રાજધાની, આશીવિષ વક્ષસ્કાર પર્વત, (૬) કુમુદ વિજય, અરજી રાજધાની, અંતર્વાહિની મહાનદી, (૭) નલિન વિજય, અશોકા રાજધાની સુખાવહ વક્ષસ્કાર પર્વત, (૮) નલિનાવતી વિજય, વીતશોકા રાજધાની છે. દાક્ષિણાત્ય સીતોદા મુખ વનખંડ સમાન ઉત્તરી સીતોદામુખ વનખંડ છે.***

***(૧) વપ્રવિજય, વિજયા રાજધાની, ચંદ્ર વક્ષસ્કાર પર્વત, (૨) સુવપ્ર વિજય, જયંતી રાજધાની, ઉર્મીમાલિની નદી, (૩) મહાવપ્રવિજય, જયંતીરાજધાની, સૂર્ય વક્ષસ્કાર પરવત, (૪) વપ્રાવતી વિજય, અપરાજિતા રાજધાની, ફેણમાલિની નદી, (૫) વલ્ગુવિજય, ચક્રપુરારાજધાની, વક્ષસ્કાર પર્વત, (૬) સુવલ્ગુવિજય, ખડ્ગપુરી રાજધાની, ગંભીરમાલિની અંતર્નદી, (૭) ગંધિલવિજય, અવધ્યા રાજધાની, દેવ વક્ષસ્કાર પર્વત, (૮) ગંધિલાવતી વિજય, અયોધ્યા રાજધાની.***

***એ પ્રમાણે મેરુ પર્વતની પશ્ચિમી પાર્શ્વ કહેવો. ત્યાં સીતોદા નદીના દક્ષિણી કૂલે આ વિજયો છે —***

***[૧૮૮] પક્ષ્મ, સુપક્ષ્મ, મહાપક્ષ્મ, પક્ષ્મકાવતી, શંખ, કુમુદ, નલિન અને નલિનાવતી... [૧૮૯] આ રાજધાનીઓ કહી છે — અશ્વપુરા, સીંહપુરા, મહાપુરા, વિજયપુરા, અપરાજિતા, અરજા, અશોકા, વીતશોકા.***

***[૧૯૦] આ વક્ષસ્કારો છે — અંક, પક્ષ્મ, આશીવિષ, સુખાવહ. એ પ્રમાણે આ ક્રમથી બબ્બે વિજયો કૂટ સદંશ નામક કહેવી. દિશા-વિદિશાઓ, સીતોદાનું મુખવન, સીતોદાનું દક્ષિણી અને ઉત્તરીય કહેવું. સીતોદાના ઉત્તરપાર્શ્વ વિજયો —***



***[૧૯૧] વપ્ર, સુવપ્ર, મહાવપ્ર, વપ્રાવતી, વલ્ગુ, સુવલ્ગુ, ગંધિલ, ગંધિલાવતી... [૧૯૨] આ રાજધાનીઓ - વિજયા, વૈજયંતી, જયંતી, અપરાજિતા, ચક્રપુરા, ખડ્ગપુરા, અવધ્યા અને અયોધ્યા.***

***[૧૯૩] આ વક્ષસ્કારો - ચંદ્રપર્વત, સૂર્ય પર્વત, નાગ પર્વત, દેવપર્વત. આ નદીઓ છે, જે સીતોદા મહાનદીના દક્ષિણીકૂલે છે — ક્ષીરોદા, સીંહશ્રોતા. અંતર્ વાહિની નદીઓ — ઉર્મીમાલિની, ફેણ માલિની, ગંભીરમાલિની, ઉત્તરીય વિજયમાં છે. આ ક્રમે બબ્બે કૂટો વિજય સદંશ નામક કહેવા. આ બબ્બે કૂટો અવસ્થિત છે. તે આ — સિદ્ધાયતનકૂટ, પર્વતસદંશનામ કૂટ.***

● **વિવેચન-૧૮૭ થી ૧૯૩ :-**

સૂત્ર સ્પષ્ટ છે, છતાં અહીં લિપિ પ્રમાદથી ભ્રમના નિરાસ માટે શબ્દ સંસ્કાર માત્રથી લખીએ છીએ — પક્ષ્મ વિજય, અશ્વપુરી રાજધાની ઈત્યાદિ સીતોદા મુખવનખંડ સુધી [સૂત્રાર્થ મુજબ જાણવું.]

હવે ચોથા વિભાગનો અવસર છે — ઉક્ત ન્યાયથી દક્ષિણી સીતામુખવન અનુસાર ઉત્તરદિગ્ભાવી સીતોદા મુખવન ખંડમાં કહેવું. જેમ સીતાનું ઉત્તરીય મુખવન કહ્યું તેમ વ્યાખ્યા કરવી. ચોથા વિભાગના વિજયાદિ આ છે — વપ્રવિજય, વિજયા રાજધાની ઈત્યાદિ [સૂત્રાર્થ મુજબ જાણવું]

એ પ્રમાણે ઉક્ત આલાવાથી સીતોદાકૃત્ બંને વિભાગમાં રહેલ વિજયાદિનું નિરૂપણ કરવું. મેરુનું પશ્ચિમી પાર્શ્વ કહેવું. હવે અહીં સંગ્રહ કહેલ છે, જે પૂર્વે વિવૃત્ત છે. વિશેષ એ — તે સંગ્રહમાં વિવક્ષિત કરવા યોગ્ય છે. તે ભાષાક્રમથી - અંક એટલે અંકાવતી, પક્ષ્મ-પક્ષ્માવતી.

હવે બત્રીશે વિજયોના નામ લાવવાનો ઉપાય કહે છે — ઉક્ત રીતે ક્રમે વિભાગચતુષ્ટ્યગત વિજય આનુપૂર્વીમાં બે વિજયો કૂટસદંશ ગ્રામ કહેવા. સ્વસ્વ વિજય ભેદ વક્ષસ્કારગિરિ, ત્રીજા-ચોથા કૂટ સદંશ નામક લેવા. તે આ રીતે — ચિત્રકૂટ વક્ષસ્કારમાં ચારકૂટો મધ્યે પહેલું સિદ્ધાયતન કૂટ, પછી સ્વ વક્ષસ્કાર નામક, પછી ત્રીજો કચ્છ નામે, ચોથો સુકચ્છ નામે, તેથી કચ્છ-સુકચ્છ વિજયો અર્થ થાય. એમ બધે ભાવના કરવી.

દિશા-પૂર્વાદિ, વિદિશા-વિપરીત દિશા કહેવી. - x - તે આ રીતે — કચ્છ વિજય, સીતા મહાનદીની ઉત્તરે, નીલવંત વર્ષધરની દક્ષિણે, ચિત્રકૂટ વક્ષસ્કારની પશ્ચિમે, માલ્યવંત વક્ષસ્કારની પૂર્વે. એ પ્રમાણે સુકચ્છાદિ વિજયોમાં સ્વસ્વ દિશાની વસ્તુ અનુસાર તે-તે દિશાનો નિયમ કરવો. એ રીતે સીતોદામુખવન કહેવું. તે વિભાગથી કહે છે — સીતોદાની દક્ષિણે અને ઉત્તરે. હવે ચોથા વિભાગમાં રહેલ વિજયાદિનો સંગ્રહ — સીતોદામાં આદિ.

- x - x - હવે સરલ વક્ષસ્કાર કૂટોમાં નામ વ્યવસ્થા ઉપાય કહે છે — અહીં પરિપાટી અર્થથી વક્ષસ્કાર અનુપૂર્વીથી બબ્બે કૂટો વિજયના નામ સમાન કહેવા. અર્થાત્ પ્રતિવક્ષસ્કારે ચાર-ચાર કૂટો છે, તેમાં પહેલાં બે નિયત છે. તે સૂત્રકાર જ કહેશે. બીજા બે અનિયત છે. તેમાં જે-જે વક્ષસ્કાર ગિરિ, જે-જે વિજયોને વિભક્ત

કરે છે, તેની મધ્યે જે પાશ્ચાત્ય વિજય છે, તે નામક, તે વક્ષસ્કારમાં ત્રીજો કૂટ, જે-જે અગ્રિમ વિજય, તે-તે નામે ચોથો કૂટ છે. બબ્બે અવસ્થિત કૂટ તે-સિદ્ધાયતન અને પર્વત સમાન નામનો કૂટ. અર્થાત્ વક્ષસ્કાર સદેશ નામક છે. કોઈપણ વક્ષસ્કારમાં આ નામો ફરતાં નથી, તેથી અવસ્થિત છે. - x - તેમાં સિદ્ધાયતનનો અવસ્થિત જ છે. પણ પર્વત સમાન નામકત્વ ધર્મથી અવસ્થિત છે. - x - x -

હવે મહાવિદેહ ક્ષેત્રના પૂર્વ-પશ્ચિમ વિભાગકારી મેરુની પૃચ્છા –

● સૂત્ર-૧૯૪ થી ૧૯૬ :-

*[૧૯૪] ભગવન્ ! જંબૂદ્વીપદ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રમાં મેરુ નામે પર્વત ક્યાં કહેલો છે ? ગૌતમ ! ઉત્તરકુરુની દક્ષિણે, દેવકુરુની ઉત્તરે, પૂર્વ વિદેહ ક્ષેત્રની પશ્ચિમે, પશ્ચિમવિદેહ ક્ષેત્રની પૂર્વે, જંબૂદ્વીપના ઠીક મધ્ય ભાગમાં, અહીં જંબૂદ્વીપ દ્વીપમાં મેરુ નામક પર્વત કહેલ છે.*

*તે ૯૯,૦૦૦ યોજન ઉર્ધ્વ-ઉંચો, ૧૦૦૦ યોજન ભૂમિમાં, મૂળમાં ૧૦,૦૯૦-$^{૧૦}/_{૧૧}$ યોજન અને ભૂમિતલે ૧૦,૦૦૦ યોજન પહોળો છે. પછી માત્રાથી ઘટતાં-ઘટતાં ઉપરના તલે ૧૦૦૦ યોજન પહોળો રહે છે. તેની પરિધિ મૂલમાં ૩૧૯૧૦- $^{૩}/_{૧૯}$ યોજન છે. ભૂમિતલે ૩૧૬૨૩ યોજન, ઉપરીતલે સાધિક-૩૧૬૨ યોજન છે. તે મૂળમાં વિસ્તીર્ણ, મધ્યે સંક્ષિપ્ત, ઉપર પાતળો, ગોપુચ્છ સંસ્થાને સંસ્થિત, સર્વરત્નમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ છે. તે એક પદ્મવર વેદિકા અને એક વનખંડથી ચોતરફથી પરિવૃત્ત છે. વર્ણન કરવું.*

*ભગવન્ ! મેરુ પર્વતમાં કેટલાં વનો કહેલાં છે ? ગૌતમ ! ચાર વનો કહ્યા છે, તે આ – ભદ્રશાલવન, નંદનવન, સોમનસ વન અને પંડકવન.*

*ભગવન્! મેરુ પર્વતમાં ભદ્રશાલવન નામે વન ક્યાં કહેલ છે? ગૌતમ! ધરણિતલે અહીં મેરુ પર્વતમાં ભદ્રશાલ નામે વન કહેલ છે. તે પૂર્વ-પશ્ચિમ લાંબુ, ઉત્તરદક્ષિણ પહોળું છે. તે સૌમનસ, વિદ્યુત્પ્રભ, ગંધમાદન, માલ્યવંત વક્ષસ્કાર પર્વત્ ને સીતા-સીતોદા મહાનદીઓ વડે આઠ ભાગમાં વિભક્ત છે. મેરુ પર્વતની પૂર્વ-પશ્ચિમે બાવીશ-બાવીશ હજાર લાંબુ, ઉત્તર-દક્ષિણ અઢીસો-અઢીસો યોજન પહોળું છે. તે એક પદ્મવરવેદિકા અને એક વનખંડથી ચોતરફથી પરિવૃત્ત છે. બંનેનું વર્ણન પૂર્વવત્ કહેવું – કૃષ્ણ, કૃષ્ણાવભાસ છે યાવત્ ત્યાં દેવો બેસે છે, સુવે છે.*

*મેરુ પર્વતની પૂર્વે ભદ્રશાલ વનમાં ૫૦ યોજન જઈને અહીં એક મોટું સિદ્ધાયતન કહેલ છે. તે ૫૦ યોજન લાંબુ, ૨૫-યોજન પહોળું, ૩૬-યોજન ઉર્ધ્વ ઉંચુ, અનેકશત સ્તંભ ઉપર રહેલું છે. વર્ણન પૂર્વવત્. તે સિદ્ધાયતનની ત્રણે દિશામાં ત્રણ દ્વારો કહેલાં છે. તે દ્વારો આઠ યોજન ઉર્ધ્વ-ઉંચા, ચાર-યોજન પહોળા, ચાર યોજન પ્રવેશમાં છે, તેના શિખર શ્વેત છે યાવત્ વનમાલા, ભૂમિભાગ કહેવો.*

*તેના બહુમધ્યદેશ બાગમાં અહીં એક મોટી મણિપીઠિકા કહેલ છે. તે ૮ યોજન લાંબી-પહોળી, ચાર યોજન જાડી, સર્વરત્નમય, સ્વચ્છ છે. તે*



*મણિપીઠિકાની ઉપર દેવછંદક આઠ યોજન લાંબુ-પહોળું, સાતિરેક આઠ યોજન ઉર્ધ્વ-ઉંચુ યાવત્ જિનપ્રતિમા વર્ણન પૂર્વવત્. દેવછંદક યાવત્ ધૂપકડછાં કહેવા.*

*મેરુ પર્વતની દક્ષિણે ભદ્રશાલવનમાં ૫૦ યોજન જતાં ચારે દિશામાં પણ મેરુના ભદ્રશાલ વનમાં ચાર સિદ્ધાયતનો કહેવા. મેરુ પર્વતની ઈશાને ભદ્રશાલવનમાં ૫૦-યોજન જઈને અહીં ચાર નંદા પુષ્કરિણીઓ કહેલી છે – પદ્મા, પદ્મપ્રભા, કુમુદા, કુમુદપ્રભા. તે પુષ્કરિણીઓ ૫૦-યોજન લાંબી, ૨૫-યોજન પહોળી, ૧૦ યોજન ઉંડી છે વર્ણન-વેદિકા અને વનખંડોનું પૂર્વવત્ કહેવું.*

*ચારે દિશામાં તોરણો યાવત્ તે પુષ્કરિણીમાં બહુ મધ્યદેશભાગમાં અહીં એક દેવેન્દ્ર દેવરાજ ઈશાનનો પ્રાસાદાવતંસક કહેલ છે. તે ૫૦૦ યોજન ઉર્ધ્વ-ઉંચો, ૨૫૦ યોજન પહોળો, અતિ ઉંચો, એમ સપરિવાર પ્રાસાદાવતંસક કહેવો.*

*મેરુની અગ્નિ દિશામાં પુષ્કરિણી, ઉત્પલગુલ્મા, નલીના, ઉત્પલા, ઉત્પલોજ્વલા પુષ્કરિણી પૂર્વવત્ પ્રમાણમાં છે. મધ્યે શક્રનો પ્રાસાદાવતંસક સપરિવાર છે, પૂર્વવત્ પ્રમાણથી છે. મેરુની નૈઋત્યમાં પુષ્કરિણીઓ – ભૃંગા, ભૃંગનિભા, અંજના, અંજનપ્રભા છે. શક્રેન્દ્રનું ત્યાં સપરિવાર સીંહાસન છે. મેરુની ઈશાને પુષ્કરિણીઓ – શ્રીકાંતા, શ્રીચંદા, શ્રીમહિમા, શ્રીનિલયા છે. ઈશાનેન્દ્ર પ્રાસાદાવતંસક, સીંહાસનાદિ છે.*

*ભગવન્ ! મેરુ પર્વતમાં ભદ્રશાલવનમાં દિશાહસ્તિકૂટ કેટલા કહેલ છે ? ગૌતમ ! આઠ દિશાહસ્તિકૂટો કહેલા છે, તે આ–*

*[૧૯૫] પદ્મોત્તર, નીલવંત, સુહસ્તિ, અંજનાગિરિ, કુમુદ, પલાસ, અવતંસ અને રોચનાગિરિ [એ આઠ છે.]*

*[૧૯૬] ભગવન્ ! મેરુ પર્વતના ભદ્રશાલવનમાં પદ્મોત્તર નામે દિશાહસ્તિકૂટ ક્યાં છે ? ગૌતમ ! મેરુ પર્વતની ઈશાને, પૂર્વની સીતાની ઉત્તરે, અહીં પદ્મોત્તર નામક દિશાહસ્તિકૂટ કહેલ છે. તે ૫૦૦-યોજન ઉર્ધ્વ-ઉંચો, ૫૦૦ ગાઉ જમીનમાં છે, પહોળાઈ અને પરિધિ લઘુ હિમવંત સદેશ કહેવો. પ્રાસાદો પૂર્વવત્. પદ્મોત્તર દેવનો નિવાસ છે, રાજધાની ઈશાનદિશામાં છે.*

*એ પ્રમાણે નીલવંત દિશાહસ્તિકૂટ, મેરુની અગ્નિમાં, પૂર્વી સીતાની દક્ષિણે છે. ત્યાં નીલવંત દેવ, રાજધાની અગ્નિમાં છે.*

*એ પ્રમાણે સુહસ્તિ દિશાહસ્તિકૂટ, મેરુની અગ્નિમાં, દક્ષિણી સીતોદાની પૂર્વે છે. અહીં સુહસ્તિ દેવ છે, રાજધાની અગ્નિદિશામાં છે.*

*એપ્રમાણે અંજનાગિરિ દિશાહસ્તિકૂટ, મેરુની નૈઋત્યમાં, દક્ષિણી સીતોદાની પશ્ચિમે છે, અંજનાગિરિદેવ, રાજધાની નૈઋત્યમાં છે.*

*એ પ્રમાણે કુમુદ વિદિશાહસ્તિકૂટ મેરુની નૈઋત્યમાં, પશ્ચિમી સીતોદાની દક્ષિણે છે. કુમુદ નામે દેવ, રાજધાની નૈઋત્યમાં છે.*

*એ પ્રમાણે પલાશ વિદિશાહસ્તિકૂટ, મેરુની વાયવ્યમાં, પશ્ચિમી સીતોદાની ઉત્તરે છે. પલાશ દેવ, રાજધાની વાયવ્યમાં છે.*

*એ પ્રમાણે અવતંસ વિદિશાહસ્તિકૂટ મેરુની વાયવ્યમાં, ઉત્તરીય સીતા*

***મહાનદીની પશ્ચિમે છે. અવતંસ દેવ, રાજધાની વાયવ્યમાં.***

***એ પ્રમાણે રોચનાગિરિદિશાહસ્તિકૂટ મેરુની ઈશાને, ઉત્તરીય સીતાનદીની પૂર્વે છે. રોચનાગિરિદેવ, રાજધાની ઈશાનમાં છે.***

**● વિવેચન-૧૯૪ થી ૧૯૬ :-**

પ્રશ્ન પૂર્વવત્. ઉત્તરસૂત્રમાં — ઉત્તરકૂરુની દક્ષિણે, દેવકુરુની ઉત્તરે ઈત્યાદિ [સૂત્રાર્થવત્] તે મેરુ ૯૯,૦૦૦ યોજન ઉંચો, ૧૦૦૦ ભૂમિમાં, કુલ એક લાખ યોજન છે, તેની ચૂલા ૪૦-યોજન અધિક છે. ઉંચાઈનો ચોથો ભાગ ભૂમિમાં હોવાનો નિયમ મેરુ પર્વતને વર્જીને જાણવો. મૂલમાં-કંદમાં-૧૦,૦૯૦ યોજન, $^{૧૦}/_{૧૧}$ અંશ છે. ક્રમથી ઘટતાં આનો વિષ્કંભ ધરણીતલે સમ ભાગે ૧૦,૦૦૦ યોજન પહોળો છે. મૂળથી હજાર યોજન ઉર્ધ્વ જતાં ૯૦-$^{૧૦}/_{૧૧}$ યોજન ઘટે છે. પછી માત્રાથી ઉંચાઈમાં - x - યોજને હાનિથી - x - ઘટતાં-ઘટતાં શિરો ભાગે જ્યાં ચૂલિકા છે, ત્યાં માત્ર ૧૦૦૦ યોજન પહોળો રહે છે. સમભૂતલથી ૯૯,૦૦૦ યોજન ઉંચે જઈને પૃથુત્વમાં રહેલ ૯૦૦૦ યોજન ત્રુટિત થાય છે.

હવે તેની પરિધિ — મૂળમાં ૩૧,૯૧૦-$^{૩}/_{૧૧}$ યોજન છે. ઈત્યાદિ [સૂત્રાર્થ મુજબ જાણવું.] - x - મૂળમાં વિષ્કંભ-૧૦,૦૯૦-$^{૧૦}/_{૧૧}$ છે. તેમાં યોજનરાશિના ૧૧-ભાગ કરવાને, ૧૧ વડે ગુણવા. ઉપરના ૧૦ ભાગ ઉમેરવા. તેથી ૧,૧૧,૦૦૦ આવે. પછી આ રાશિનો વર્ગ કરતાં ૧૨,૩૨,૧૦,૦૦,૦૦૦ થાય, તેને દશ વડે ગુણીને પછી વર્ગમૂળ કાઢતાં ૩,૫૧,૦૧૨ આવે. તેના યોજન કરતાં - ૩૧,૯૧૦ યોજન અને ૨-અંશ થાય. શેષ ૫૭૫૮૫૬/૭૦૨૦૨૪થી અડધાંથી અધિકપણાથી ૩-અંશ. સમભૂતલગત પરિધિ પણ ૩૧,૬૨૩ યોજન થશે. ઈત્યાદિ - x -

જો કે સર્વથા રત્નમય એ પ્રાયઃવચન છે, અન્યથા ત્રણ કાંડના વિવેચનમાં આધકાંડ-પૃથ્વી, ઉપલ, શર્કરા, વજમયત્વ અને ત્રીજા કાંડમાં જાંબૂનદ મયત્વ ન કહેવાય. બાકી પૂર્વવત્.

હવે અહીં પદ્મવરવેદિકાદિ કહે છે — સ્પષ્ટ છે. અહીં આરોહ-અવરોહમાં ઈષ્ટસ્થાનમાં વિસ્તારાદિ કરણ, સૂત્રમાં કહેલ નથી. પણ પછીના ગ્રંથોમાં હોવાથી વૃત્તિકારશ્રીએ દર્શાવિલ છે. *[જેનો અનુવાદ અમે અહીં છોડી દીધેલ છે]* - x - x - હવે શિખરથી અવરોહ કરણયોજનાદિકમાં ૧૧-વડે ભાંગતા જે પ્રાપ્ત થાય, તેના સહિત તે પ્રદેશમાં મેરુ વ્યાસ સમાન છે. ઈત્યાદિ *[વૃત્તિમાં છે, જે અત્રે અમે લીધેલ નથી.]* પછી મેરુના મૂળથી આરોહ અને શિખરથી અવરોહમાં વિષ્કંભ વિષયક હાનિ-વૃદ્ધિને જાણવાને માટે આ કરણ છે — ઉપરના અને નીચેના વિસ્તારનો વિશ્લેષ કરતાં, તેની મધ્યવર્તી પર્વતની ઉંચાઈથી ભાંગ કરતા, જે મળે તે હાનિ-વૃદ્ધિ. તેથી ઉપરનો વિસ્તાર ૧૦૦૦ યોજન, નીચેનો વિસ્તાર ૧૦૦૯૦-$^{૧૦}/_{૧૧}$ યોજન છે, તે બાદ કરતાં મધ્યે ૯૦૯૦ યોજન-૧૦ અંશ રહેશે. ઈત્યાદિ ગણિતથી પ્રતિયોજને - $^{૧}/_{૧૧}$ ની હાનિ-વૃદ્ધિ થાય છે. મેરુના એક પાર્શ્વમાં $^{૧}/_{૧૨}$ યોજન હાનિ-વૃદ્ધિ થાય.

હવે ઉચ્ચત્વ જાણવા માટે આ કરણ છે — મેરુના જે ભૂતલ આદિ પ્રદેશમાં જે જેટલો વિસ્તાર છે. તેમાં મૂળ વિસ્તારથી બાદ કરી, જે શેષ આવે, તેને ૧૧-વડે



ગુણતાં જે થાય તે પ્રમાણ ઉત્સેધ જાણવો. તેથી ૧,૦૦,૯૯૦ માંથી ૧૦૦૦ બાદ કરતાં ૯૯,૯૯૦ થાય. જે $^{૧૦}/_{૧૧}$ ભાગ છે, તેને ૧૧ વડે ગુણતાં ૧૧૦ થાય, તે ૧૧ વડે ભાંગતા ૧૦ યોજન આવે, તે પૂર્વ રાશિમાં ઉમેરતાં એક લાખ યોજન થશે. આટલી ઉંચાઈ થાય. એ રીતે મધ્યભાગાદિનું ઉચ્ચત્વ પરિણામ કહેવું.

અહીં ૧૧-લક્ષણ છેદ અને કેમ શેષ વડે ગુણાય છે ? ૧૧-યોજનના અંતે ૧-યોજન, ૧૧૦૦ યોજનના અંતે ૧૦૦ યોજન, ૧૧,૦૦૦ યોજનના અંતે-૧૦૦૦ યોજન ઘટે છે. તે ૧૧-લક્ષણ છેદ. તેનાથી ઉચ્ચત્વ જાણવા માટે વિસ્તાર શેષને ગુણીએ, અન્યથા ૧૦૦૯૦-$^{૧૦}/_{૧૧}$ ભાગ યોજનના એ પ્રમાણે વિસ્તારથી કંદથી આરોહણમાં ધરણીતલે ૯૦ યોજન $^{૧૦}/_{૧૧}$ ભાગ કઈ રીતે ત્રુટિત થાય ?

[શંકા] બે મેખલા, પ્રત્યેક ફરતાં ૫૦૦ યોજન વિસ્તાર નંદન અને સૌમનસવનના સદ્ભાવથી છે, પ્રત્યેકમાં ૧૦૦૦ યોજન એકસાથે ત્રુટિત થઈ, કઈ રીતે ૧૧-ભાગની પરિહાનિ થાય ? [સમાધાન] કર્ણગતિથી થાય. તે કર્ણગતિ શું છે ? કંદથી આરંભી, શિખર સુધી એકાંત ઋજુરૂપે દવરિકા દત્તમાં જે અપાંતરાલમાં કંઈ પણ કેટલું આકાશ છે, તે બધું કર્ણ ગતિથી મેરુમાં કહેવું. મેરુપણાથી પરિકલ્પીને ગણિતજ્ઞોએ સર્વત્ર ૧૧-ભાગ પરિહાનિને વર્ણવે છે. - x - હવે તેમાં વનખંડની વક્તવ્યતા કહે છે—

પ્રશ્નસૂત્ર સ્પષ્ટ છે. ઉત્તરમાં ચાર વનો કહેલા છે — ભદ્રા - સત્ ભૂમિજાતત્વથી સરળ તરુશાખા જેમાં છે, તે ભદ્રશાલ અથવા ભદ્ર શાલા-વૃક્ષો જેમાં છે તે ભદ્રશાલ. જ્યાં દેવો આનંદ કરે છે તે નંદન દેવોને આ સૌમનસ દેવોપભોગ્ય ભૂમિ આદિથી સૌમનસ. ચોથું પંડક-જિન જન્માભિષેક સ્થાનત્વથી સર્વ વનોમાં અતિશાયિત તે પંડક. આ ચારે પણ સ્વસ્થાનમાં મેરુને ઘેરીને રહેલાં છે.

આધવનનું સ્થાન પૂછે છે — તે ધરણીતલે અહીં મેરુમાં ભદ્રશાલનમાં વન છે. તેના ચાર વક્ષસ્કાર એ બે મહાનદીથી આઠ ભાગ થાય છે. જેમકે (૧) મેરુની પૂર્વથી, (૨) મેરુની પશ્ચિમથી (૩) વિધુત્પ્રભ અને સૌમનસ મધ્યે દક્ષિણથી, (૪) ગંધમાદન અને માલ્યવંત મધ્યે ઉત્તરથી, (૫) સીતોદાની ઉત્તરથી પૂર્વ-પસ્ચિમ વિભાગથી ત્યાં, (૬) પશ્ચિમથી જતાં પશ્ચિમખંડને દક્ષિણોત્તર ભાગથી ત્યાં. (૭) સીતા મહાનદીથી દક્ષિણાભિમુખ જતાં ઉત્તરખંડના બે ભાગ મધ્યે. (૮) પૂર્વમાં જતાં પૂર્વખંડ મધ્યે છે.

મેરુની પૂર્વથી અને પશ્ચિમથી બાવીશ-બાવીશ હજાર લાંબુ, કુરુની જીવા ૫૩,૦૦૦ યોજન, એકૈક વક્ષસ્કાર ગિરિના મૂલે પૃથુત્વ ૫૦૦-યોજન. તેથી કુલ ૧૦૦૦ યોજન, પૂર્વરાશિમાં ઉમેરતા થાય-૫૪,૦૦૦, તેમાંથી મેરુનો વ્યાસ બાદ કરતાં-૪૪,૦૦૦ યોજન, તેનું અડધું-૨૨,૦૦૦ યોજન થાય, અથવા આ ઉપપત્તિ પછી - સીતાવનમુખ ૨૯૨૨ યોજન, અંતર્નદી-છના ૭૫૦ યોજન, આઠ વક્ષસ્કારના ૪૦૦૦ યોજન, સોળ વિજયના-૩૫,૪૦૬ યોજન, સીતોદા વનમુખ-૨૯૨૨ યોજન, તે બધાં મળીને ૪૬,૦૦૦ યોજન. મહાવિદેહની જીવા લાખ યોજનમાંથી આ બાદ કરતાં - ૫૪,૦૦૦ યોજન થાય. આટલું ભદ્રશાલ વન ક્ષેત્ર, મેરુ સહિત જાણવું. તેમાં મેરુના ૧૦,૦૦૦ યોજન બાદ કરતાં બાકી પૂર્વવત્ ગણિત થાય. દક્ષિણ અને ઉત્તરથી ભદ્રશાલ વન ૨૫૦ યોજન સુધી દેવકુરુ-ઉત્તરકુરુમાં પ્રવિષ્ટ છે. - x -

હવે આ વર્ણનનો અતિદેશ કરવાને કહે છે — પૂર્વવત્. હવે અહીં સિદ્ધાયતનાદિ વક્તવ્યતા કહે છે — મેરુની પૂર્વથી ૫૦ યોજન ભદ્રશાલવનમાં જઈને એક મોટું સિદ્ધાયતન કહેલ છે. [બાકી સૂત્રાર્થવત્ જાણવું] હવે અહીં દ્વારાદિ વર્ણક સૂત્ર કહે છે — તે પૂર્વવત્ જાણવું.

હવે ઉક્ત રીતિથી બાકીના સિદ્ધાયતનો બતાવે છે — મેરુ પર્વતની દક્ષિણતી ભદ્રશાલવનમાં ૫૦-યોજન જઈને ઈત્યાદિ આલાવો છે. એમ મેરુની ચારે દિશામાં પણ ભદ્રશાલવનમાં ચાર સિદ્ધાયતનો કહેવા.

હવે તેમાં રહેલ પુષ્કરિણીની વક્તવ્યતા — સુગમ છે. તેના પ્રમાણાદિને કહે છે — મેરુની ઈશાન દિશામાં ભદ્રશાલવનમાં ૫૦-યોજન ગયા પછી ચાર — નંદા નામે શાશ્વત પુષ્કરિણી કહેલી છે. પ્રદક્ષિણાક્રમે તેના નામો — પદ્મા, પદ્મપ્રભા, કુમુદા, કુમુદપ્રભા. તે ૫૦ યોજન લાંબી, ૨૫-યોજન પહોળી, ૧૦-યોજન ઉંડી છે. વેદિકાદિ કથન પૂર્વવત્.

હવે તેની મધ્યે જે છે - તે કહે છે — અહીં એક મહાન્ શ્રેષ્ઠ પ્રાસાદ ઈશાનેન્દ્રનો કહેલ છે. તે પ્રાસાદ ચાર પુષ્કરિણીથી ઘેરાયેલો રહેલ છે. તે ૫૦૦-યોજન ઉંચો, ૨૫૦ યોજન પહોળો, સમચતુરસ્ર છે. પ્રાસાદ વર્ણન પૂર્વવત્. ઉક્ત અભિલાપાનુસાર સપરિવારા-ઈશાનેન્દ્ર યોગ્ય શયનીય, સિંહાસનાદિ પરિવારયુક્ત છે.

હવે પ્રદક્ષિણાક્રમે બાકીની વિદિશાગત પુષ્કરિણી આદિની પ્રરૂપણાર્થે કહે છે — મેરુથી - ભદ્રશાલવનમાં ૫૦-યોજન જઈને, ઈત્યાદિ. વિશેષ આ — અગ્નિ દિશામાં તે ઉત્પલગુલ્માદિ પૂર્વક્રમથી - ઈશાનના વિદિશાગત પ્રાસાદ પ્રમાણથી છે. નૈઋત્ય વિદિશામાં પુષ્કરિણી-ભૃંગાદિ છે, તે પ્રદક્ષિણા ક્રમે જાણવું. શક્રનું પ્રાસાદાવતંસક, સપરિવાર સિંહાસન. વાયવ્ય દિશામાં પુષ્કરિણી-શ્રીકાંતા આદિ, ઈશાનેન્દ્રનો પ્રાસાદાવતંસક. અહીં ઉત્તરદિશાના સંબદ્ધત્વથી ઈશાન અને વાયવ્યના પ્રાસાદો ઈશાનેન્દ્રના અને દક્ષિણ દિશાના સંબદ્ધત્વથી અગ્નિ અને નૈર્ઋત્ય દિશાના પ્રાસાદો શક્રેન્દ્રના કહેલાં છે.

હવે દિગ્ગજકૂટ વક્તવ્યતા — ઈશાનાદિ વિદિશા વગેરેમાં હાથી આકારે કૂટો છે, તે દિગ્હસ્તિકૂટ. કૂટ શબ્દ કહ્યાં છતાં, આનો પર્વત રૂપે વ્યવહાર છે, ઋષભકૂટ પ્રકરણ સમાન જાણવું. - x - પદ્મોત્તર, નીલવંત, સુહસ્તિ, અંજનાગિરિ ઈત્યાદિ. હવે તેની દિગ્વ્યવસ્થાને પૂછે છે — મેરુના ભદ્રશાલવનમાં પદ્મોત્તર નામે દિગ્હસ્તિકૂટ ક્યાં કહેલ છે ? મેરુની પૂર્વ દિશાવર્તી સીતાની ઉત્તરે કહેલ છે - x - અર્થાત્ ઈશાન સંબંધી ચાર વાવની મધ્યે રહેલ પ્રાસાદ, જિનભવન અંતરાલવર્તી છે. તેથી જ દિગ્હસ્તિકૂટો પણ મેરુથી ૫૦ યોજન જઈને જ છે. કેમકે પ્રાસાદ જિનભવન સમશ્રેણિમાં સ્થિત છે. તે ૫૦૦ યોજન ઉંચો, ૫૦૦ ગાઉ ઉંડા ઈત્યાદિ છે. તે આ રીતે —

મૂળમાં ૫૦૦ યોજન, મધ્યે ૩૭૫ યોજન, ઉપર ૨૫૦ યોજન, વિષ્કંભ છે. તથા મૂળમાં ૧૫૮૧ યોજન, મધ્યે ૧૧૮૬ યોજનથી કંઈક ન્યૂન, ઉપર-૭૯૧ યોજનથી કંઈક ન્યૂન પરિધિ છે. પ્રાસાદ અને તેમાં રહેલ દેવનું તે જ પ્રમાણ જાણવું, જે લઘુહિમવંતકૂટના પ્રાસાદનું છે. અહીં બહુવચનથી કહેવાનાર દિગ્હસ્તિકૂટવર્તી પ્રાસાદોમાં પણ સમાનપ્રમાણ સૂચવવાને છે. અહીં પદ્મોત્તર દેવ છે. તેની રાજધાની



ઈશાનમાં, ઉક્ત દિગ્વર્તિ કૂટાધિપતિત્વથી છે.

હવે બાકીનામાં પ્રદક્ષિણા ક્રમથી કહે છે — સ્પષ્ટ છે. વિશેષ એ કે — પદ્મોત્તર ન્યાયથી નીલવંત નામે દિગ્હસ્તિકૂટ છે. તે મેરુની દક્ષિણ-પૂર્વમાં પૂર્વે, સીતાની દક્ષિણમાં છે. અહીં જિનભવન આગ્નેય પ્રાસાદો મધ્યે જાણવું. અહીં નીલવંત દેવ સ્વામી છે, રાજધાની દક્ષિણ-પૂર્વમાં છે. એ પ્રમાણે સુહસ્તિ આદિ જાણવા. વિશેષ એ - મેરુથી દક્ષિણ દિગ્વર્તી સીતોદાની પૂર્વથી છે. અર્થાત્ આગ્નેય પ્રાસાદ અને દાક્ષિણાત્ય જિનભવન મધ્યવર્તી સુહસ્તિ દિગ્હસ્તિકૂટ છે. અહીં સુહસ્તિ દેવ છે. રાજધાની દક્ષિણ પૂર્વમાં છે.

એ પ્રમાણે સમ વિદિશાવર્તી દિગ્હસ્તિકૂટાધિપોની એક વિદિશામાં બે રાજધાની આગળ પણ કહેવી. ચોથા દિગ્હસ્તિકૂટમાં દાક્ષિણાત્ય જિનગૃહ, નૈર્ઋત્યના પ્રાસાદ મધ્યે છે. પાંચમામાં-પશ્ચિમ અભિમુખ વહેતા સીતોદાની દક્ષિણે છે - x - એ રીતે ક્રમશઃ એકૈક જિનભવન, નૈઋત્ય-વાયવ્યના પ્રાસાદો મધ્યવર્તી છે. - x - x -

ઉક્ત વૃત્તિમાં ઘણાં પૂર્વાચાર્યોએ શાશ્વત જિનભવન સૂત્રોમાં જિનભવનો કહેલ છે. અહીં સૂત્રકારે કહેલ નથી. તત્ત્વ કેવલિઓ જાણે. શ્રી રત્નશેખરસૂરિજીએ સ્વોપજ્ઞ ક્ષેત્ર વિચારમાં પણ કહેલ છે કે - હસ્તિ કૂટ, કુંડ ઈત્યાદિમાં જિનભવન છે કે નહીં, તે ગીતાર્થો જાણે.

આ ચાર વાવો, પ્રાસાદ, જિનભવન, કરિકૂટના સ્થાન વિશે આ વૃદ્ધ સંપ્રદાય છે — ભદ્રશાલ વનમાં મેરુની ચારે દિશા, બે નદીના પ્રવાહ વડે રુંધેલ છે. તેથી દિશામાં ભવનો ન હોય. પરંતુ નદીતટના નિકટ સ્થાને ભવનો, ગજદંત નિકટે રહેલ પ્રાસાદો અને ભવનપ્રાસાદના અંતરાલમાં દિગ્કૂટો છે. તે જ વિશેષથી કહે છે —

મેરુની ઈશાને ઉત્તરકુરુની બહાર સીતાના ઉત્તરદિશા ભાગમાં ૫૦-યોજને પ્રાસાદ છે. તેની ફરતી ચાર વાપી છે. એમ બાકીના પ્રાસાદોમાં પણ જાણવું. મેરુની પૂર્વમાં, સીતાની દક્ષિણે ૫૦-યોજને સિદ્ધાયતન છે. મેરુની દક્ષિણ પૂર્વે ૫૦-યોજન જઈને, દેવકુરુની બહાર, સીતાની દક્ષિણે પ્રાસાદ છે. મેરુની દક્ષિણે ૫૦-યોજન જઈને દેવકુરુની મધ્યે, સીતોદાની પૂર્વે સિદ્ધાયતન છે. મેરુની પશ્ચિમ દક્ષિણે ૫૦-યોજન જઈને, દેવકુરુની બહાર, શીતોદાની દક્ષિણે, મેરુની પશ્ચિમે ૫૦ યોજન જઈને સિદ્ધાયતન છે ઈત્યાદિ - x - x - ક્રમે જાણવું.

● **સૂત્ર-૧૯૭ :-**

*ભગવન્ ! મેરુ પર્વતમાં નંદનવન નામે વન ક્યાં કહેલ છે ? ગૌતમ ! ભદ્રશાલવનના બહુસમરમણીય ભૂમિભાગથી ૫૦૦ યોજન ઉર્ધ્વ જઈને અહીં મેરુ પર્વતમાં નંદનવન નામે વન કહેલ છે તે ૫૦૦ યોજન ચક્રવાલ વિષ્કંભથી, વૃત્ત, વલયાકાર સંસ્થાને રહેલ છે. જે મેરુ પર્વતને ચોતરફથી સંપરિવૃત્ત રહેલ છે.*

*નંદનવનની બહાર મેરુ પર્વતનો વિસ્તાર-૯૯૫૪-૬/૧૧ યોજન છે. બહાર તેની પરિધિ સાધિક ૩૧,૪૭૯ યોજન છે. અંદરનો વિસ્તાર ૮૯૫૪-૬/૧૧ યોજન છે, તેની પરિધિ ૨૮૩૧૬-૮/૧૧ યોજન છે. તે એક પદ્મવર વેદિકા દ્વારા અને એક વનખંડથી ચોતરફથી પરિવેષ્ટિત છે. ત્યાં દેવ-દેવીઓ યાવત્ બેસે છે.*

*મેરુ પર્વતની પૂર્વે એક મોટું સિદ્ધાયતન કહેલ છે. એ રીતે ચારે દિશામાં*

*ચાર સિદ્ધાયતનો અને વિદિશામાં પુષ્કરિણીઓ છે. તેનું પ્રમાણ પૂર્વવત્. સિદ્ધાયતન, પુષ્કરિણી, પ્રાસાદાવતંસક પૂર્વવત્ શક અને ઈશાન સંબંધી છે. પ્રમાણ પૂર્વવત્ જાણવું.*

*ભગવન્ ! નંદનવનમાં કેટલાં કૂટો કહેલા છે ? ગૌતમ ! નવકૂટો કહેલા છે, તે આ — નંદનવનકૂટ, મેરુકૂટ, નિષધકૂટ, હૈમવત કૂટ, રજતકૂટ, રુચકકૂટ, સાગરચિત્તકૂટ, વજકૂટ, બલકૂટ.*

*ભગવન્! નંદનવનમાં નંદનવનકૂટ નામે કૂટ ક્યાં કહેલ છે? ગૌતમ! મેરુ પર્વતની પૂર્વે, સિદ્ધાયતનની ઉત્તરથી ઈશાનમાં, પ્રાસાદાવતંસકની દક્ષિણે, અહીં નંદનવનમાં નંદનકૂટ કહેલ છે. બધાં કૂટ ૫૦૦ યોજન ઉંચા, પૂર્વવર્ણિત કહેવા. ત્યાં મેઘકરા દેવી છે તેની રાજધાની વિદિશામાં છે. વર્ણન પૂર્વાભિલાપથી જાણવું.*

*આ કૂટો આ દિશાઓમાં પૂર્વીય ભવનની દક્ષિણે, દક્ષિણપૂર્વી પ્રાસાદાવતંસકની ઉત્તરે, મેરુ કૂટ ઉપર પૂર્વમાં મેઘવતી રાજધાની છે. દક્ષિણી ભવનની પૂર્વે, દક્ષિણપૂર્વી પ્રાસાદાવતંસની પશ્ચિમે નિષધ કૂટ ઉપર સુમેધા દેવી છે, તેની રાજધાની દક્ષિણમાં છે.*

*દક્ષિણ ભવનની પશ્ચિમે, દક્ષિણ-પશ્ચિમી પ્રાસાદાવતંસકની પૂર્વે હૈમવતકૂટમાં હેમમાલિનીદેવી છે. તેની રાજધાની દક્ષિણમાં છે. પશ્ચિમી ભવનની દક્ષિણે, દક્ષિણપશ્ચિમી પ્રાસાદાવતંસકની ઉત્તરે રજતકૂટ, સુવત્સા દેવી, તેની રાજધાની પશ્ચિમમાં ચે.*

*પશ્ચિમી ભવનની ઉત્તરે, ઉત્તર-પશ્ચિમી પ્રાસાદાવતંસકની દક્ષિણે-રૂચકકૂટ, વત્સમિત્રાદેવી, રાજધાની પશ્ચિમમાં છે.*

*ઉત્તરીય ભવનની પશ્ચિમે, ઉત્તરપશ્ચિમી પ્રાસાદાવતંસકની પૂર્વે સાગરચિત્તકૂટ, વજસેના દેવી, રાજધાની ઉત્તરમાં છે.*

*ઉત્તરીય ભવનની પૂર્વે, ઉત્તરપૂર્વી પ્રાસાદાવતંસકની પશ્ચિમે વજકૂટ, બાલાહકા દેવી, રાજધાની ઉત્તરમાં છે.*

*— ભગવન્ ! નંદનવનમાં બલકૂટ નો કૂટ ક્યાં કહેલ છે ? ગૌતમ ! મેરુ પર્વતની ઉત્તર પૂર્વમાં અહીં નંદનવનમાં બલકૂટ નામે કૂટ કહેલ છે. એમ જે પ્રમાણ હરિસ્સહ કૂટની પ્રમાણ અને રાજધાની છે, તેમજ બલકૂટની છે. ફર્ક એ છે કે — બલ નામે દેવ છે, તેની રાજધાની ઉત્તરપૂર્વમાં છે.*

**● વિવેચન-૧૯૭ :-**

હવે બીજા વન વિશે પૂછતા કહે છે — ગૌતમ ! ભદ્રશાલવનના બહુસમરમણીય ભૂમિભાગથી ૫૦૦ યોજન ઉંચે જઈને - x - મેરુ પર્વતના આ પ્રદેશમાં નંદનવન છે. ૫૦૦ યોજન ચક્રવાલ-સમચક્રવાલનો જે વિષ્કંભ-સ્વપરિધિ કેમકે સર્વત્ર સમપ્રમાણપણે વિષ્કંભ છે, આના વડે વિષમ ચક્રવાલાદિનું ખંડન કર્યુ. તેથી જ વૃત્ત છે, તે લાડુની જેમ ઘન પણ હોય, તેથી કહે છે — વલયાકાર અર્થાત મધ્યમાં પોલાણવાળું જે સંસ્થાન, તેના વડે સંસ્થિત છે. તે મેરુ પર્વતને ચોતરફ વિંટાઈને રહેલ છે.

હવે મેરુના બાહ્ય વિષ્કંભાદિનું પ્રમાણ કહે છે — મેખલા વિભાગમાં જ પર્વતના





બાહ્ય-અભ્યંતર રૂપ બે વિષ્કંભ થાય છે. તેમાં મેરુનો બાહ્ય વિષ્કંભ - ૯૯૫૪-૬/૧૧ યોજન છે. તે આ રીતે — મેરુથી ઉંચે એક યોજન જતાં ૧/૧૧ યોજન વિષ્કંભ ઘટે. તેથી - x - ૫૦૦ યોજન જતાં - ૪૫-૫/૧૧ યોજન સમભૂતલગત વ્યાસથી ઘટે છે. તેથી ૧૦,૦૦૦ યોજનમાંથી તેને બાદ કરતાં - ૯૯૫૪-૬/૧૧ આવે. તે નંદનવનની બહાર અંતે સંભવે છે. તેથી બાહ્યગિરિ વિષ્કંભ કહે છે. તથા ૩૧૪૭૯ યોજનથી કંઈક વિશેષાધિક બાહ્યગિરિ પરિધિ છે.

અંતર્ગિરિ વિષ્કંભ નંદનવનથી પૂર્વે જે ગિરિ વિસ્તાર છે, તે ૮૯૫૪-૬/૧૧ યોજનનું આટલું પ્રમાણ છે. આ બાહ્યગિરિ વિષ્કંભથી ૧૦૦૦ યોજન ન્યૂન છે. તેથી ઉક્ત પ્રમાણ આવે છે.

હવે પદ્મવરવેદિકા કહે છે — સૂત્ર સ્પષ્ટ છે. હવે સિદ્ધાયતન આદિ વક્તવ્યતા કહે છે — મેરુની પૂર્વે અહીં નંદનવનમાં ૫૦-યોજન ગયા પછી, એક મોટું સિદ્ધાયતન કહેલ છે. તે ભદ્રશાલ વનાનુસાર ચારે દિશામાં ચાર સિદ્ધાયતન, વિદિશામાં પુષ્કરિણી છે. પ્રમાણ પણ તેમજ છે. પ્રાસાદાવતંસકો પણ - x - પૂર્વવત્ શક્ર-ઈશાનના જાણવા.

અહીં પુષ્કરિણીના નામો સૂત્રકારે ન લખવાથી અથવા <u>લિપિના પ્રમાદથી પ્રતોમાં દેખાતા નથી</u>. ક્ષેત્ર વિચારાનુસાર નામો આ છે — નંદોત્તરા, નંદા, સુનંદા, નંદિવર્દ્ધના, નંદિષેણા, અમોઘા, ગોસ્તૂપા, સુદર્શના તથા ભદ્રા, વિશાલા, કુમુદા, પુંડરીકિણી, વિજયા, વૈજયંતી, અપરાજિતા, જયંતી. કૂટો પણ મેરુથી તેટલાં જ અંતરે સિદ્ધાયતન પ્રાસાદાવતંસકો મધ્યવર્તી જાણવા.

તેમાં જે વિશેષ છે તે કહે છે — ભદ્રશાલમાં આઠ કૂટો છે, અહીં નવ કૂટો છે. નામો જુદા છે. તેમાં પહેલાં પહેલાં કૂટનું સ્થાન પૂછે છે — [તે સૂત્રાર્થ મુજબ જાણવું] અહીં પણ મેરુથી ૫૦-યોજન જઈને તે ક્ષેત્રનિયમ કહેવો. - x - ઉચ્ચત્વ ૫૦૦ યોજન કહ્યા. દિગ્હસ્તિ કૂટમાં વર્ણવ્યા મુજબ ઉચ્ચત્વ, વ્યાસ, પરિધિ, વર્ણ, સંસ્થાન, રાજધાની દિશા આદિથી, તે અહીં પણ કહેવા. કેમકે સદૃશપાઠ છે - x - x - દેવી, તેની રાજધાની આદિ [સૂત્રાર્થવત્ જાણવા.] - x - x -.

હવે કહેવાનાર કૂટો અને દિશાને દર્શાવે છે — આ બધું જ ભદ્રશાલવનના આલાવા સમાન છે, વિશેષતા એ છે કે — પંચશતિક નંદનવન મેરુથી ૫૦ યોજનના અંતરે રહેલ પંચશતિક કૂટ કંઈક મેખલાથી બહાર આકાશમાં સ્થિત બલકૂટવત્ જાણવા. આ કૂટવાસી દેવીઓ આઠ દિક્કુમારીઓ છે. નવમા કૂટને અલગથી પૂછે છે—

મેરુથી ૫૦ યોજન જઈને ઈશાનખૂણામાં ઐશાનપ્રાસાદ છે, તેનાથી ઈશાન ખૂણામાં બલકૂટ છે - x - જેમ હરિસ્સહ કૂટ છે તેના પ્રમાણ-૧૦૦૦ યોજનરૂપ છે - x - તેમ બલકૂટનું પણ જાણવું. તેની રાજધાની ૮૪,૦૦૦ યોજન છે, તેમ આની પણ છે. માત્ર અહીં બલ નામે દેવ છે. - - હવે ત્રીજા વનને કહે છે —

**● સૂત્ર-૧૯૮ :-**

*ભગવન્ ! મેરુ પર્વતનું સૌમનસવન નામે વન ક્યાં કહેલ છે ? ગૌતમ ! નંદનવનના બહુસમ રમણીય ભૂમિભાગથી ૬૨,૫૦૦ યોજન ઉર્ધ્વ ઉંચે જઈને, અહીં મેરુ પર્વતે સૌમનસ નામે વન કહેલ છે, તે ૫૦૦ યોજન ચક્રવાલ વિષ્કંભથી,*

*વૃત્ત, વલયાકાર સંસ્થાને રહેલ છે, જે મેરુ પર્વતને ચોતરફથી વીંટીને રહેલ છે.*

*તે ૪૨૭૨-૮/૧૧ યોજન બાહ્યગિરિ વિષ્કંભથી, ૧૩,૫૧૧-૬/૧૯ બાહ્યગિરિ પરિધિથી છે. ૩૨૭૨-૮/૧૧ યોજન અંતર્ગિરિ વિષ્કંભથી અને ૧૦૩૪૯-૩/૧૧ યોજન અંતર્ગિરિ પરિધિથી છે.*

*તે એક પદ્મવરવેદિકા અને એક વનખંડથી ચોતરફથી પરિવૃત્ત છે. વર્ણન પૂર્વવત્ - કૃષ્ણ કૃષ્ણાવભાસ યાવત્ દેવો બેસે છે. એ રીતે કૂટને વર્જીને બધું જ નંદનવનના કથન મુજબ કહેવું. તેમાં આગળ શક્રેન્દ્ર અને ઈશાનેન્દ્રના પ્રાસાદાવતંસકો છે.*

**● વિવેચન-૧૯૮ :-**

ભગવન્ ! મેરુમાં સૌમનસ વન ક્યાં છે ? ગૌતમ ! નંદનવનના બહુસમરમણીય ભૂમિભાગથી આદિ *[સૂત્રાર્થ વત્ જાણવું. વૃત્તિમાં જે વિશેષ છે, તે આ છે—]* પહેલી મેખલાની જેમ, બીજી મેખલામાં પણ બે પ્રકારે વિષ્કંભ કહેવા. તેમાં બહિર્ગિરિ વિષ્કંભ-૪૨૭૨-૮/૧૧ યોજન છે. તેની ઉપપત્તિ આ પ્રમાણે —

ધરણીતલથી સૌમનસ સુધી જતાં મેરુની ઉંચાઈ ૬૩,૦૦૦ યોજન અતિક્રાંત થતાં ૧૧ ભાગથી ૫૭૨૭-૩/૧૧ આવે. આ રાશિ ધરણીતલે રહેલ મેરુ વ્યાસમાંથી-૧૦૦૦૦માંથી બાદ કરતાં યથોક્ત પ્રમાણ આવે છે. બહિર્ગિરિ પરિધિ-૧૩૫૧૧-૬/૧૧ યોજન છે. અંતર્ગિરિ વિષ્કંભ-૩૨૭૨-૮/૧૧ યોજન છે. ઉપપત્તિ આ રીતે - બહિર્ગિરિના વિષ્કંભથી બંને બાજુ બે મેખલાનો વ્યાસ ૫૦૦-૫૦૦ યોજન બાદ કરતાં યથોક્ત પ્રમાણ આવશે. - x -

નંદનવનમાં વાપીના નામો આ છે, તે જ ક્રમથી કહે છે — સુમના, સૌમનસા, સૌમનાંશા, મનોરમા તથા ઉત્તરકુરુ, દેવકુરુ, વારિષેણા, સરસ્વતી તથા વિશાલા, માઘભદ્રા, અભયસેના, રોહિણી તથા ભદ્રોત્તરા, ભદ્રા, સુભદ્રા, ભદ્રાવતી.

હવે ચોથું વન કહે છે —

**● સૂત્ર-૧૯૯ :-**

*ભગવન્ ! મેરુ પર્વતમાં પંડકવન નામે વન ક્યાં કહેલ છે ? ગૌતમ ! સૌમનસવનના બહુસમરમણીય ભૂમિભાગથી ૩૬,૦૦૦ યોજન ઉર્ધ્વ-ઉંચે જઈને, અહીં મેરુ પર્વતના શિખરતલે પંડકવન નામે વન છે.*

*તે ૪૯૪ યોજન ચક્રવાલ વિષ્કંભથી, વૃત્ત, વલયાકાર સંસ્થાને રહેલ છે, તે મેરુ ચૂલિકાને ચોતરફથી પરિવરીને રહેલ છે. તેની પરિધિ ૩૧૬૨ યોજનથી કંઈક વિશેષાધિક છે.*

*તે એક પદ્મવરવેદિકા અને એક વનખંડથી પરિવૃત્ત છે, યાવત્ કૃષ્ણાદિ પત્ર યુક્ત, યાવત્ દેવો ત્યાં આશ્રય લે છે.*

*પંડકવનના બહુમધ્યદેશ ભાગમાં, અહીં મેરુચૂલિકા નામે ચૂલિકા કહેલ છે. તે ૪૦ યોજન ઉર્ધ્વ-ઉંચી, મૂળમાં ૧૨ યોજન પહોળી, મધ્યમાં આઠ યોજન પહોળી, ઉપર ચાર યોજન પહોળી છે. મૂલમાં સાતિરેક ૩૭ યોજન, મધ્યમાં સાતિરેક-૨૫-યોજન, ઉપર સાધિક-૧૨-યોજન પરિધિથી છે. મૂળમાં વિસ્તીર્ણ,*



*મધ્યે સંક્ષિપ્ત, ઉપર પાતળી, ગોપુચ્છ સંસ્થાને સંસ્થિત, સર્વ વૈડૂર્યમય, સ્વચ્છ છે.*

*તે એક પદ્મવરવેદિકાથી પરિવૃત્ત છે યાવત્ તેના ઉપર બહુસમરમણીય ભૂમિભાગમાં બહુ મધ્યદેશભાગમાં યાવત્ સિદ્ધાયતન છે. તે એક કોશ લાંબુ, અર્ધકોશ પહોળું, દેશોન એક કોશ ઉર્ધ્વ-ઉંચુ, અનેકશત સ્તંભો ઉપર રહેલ છે, યાવત્ ધૂપકડછાં છે.*

*મેરુ ચૂલિકાની પૂર્વે પંડકવનમાં ૫૦-યોજન જઈને, અહીં એક મોટું ભવન કહેલ છે. જેમ સૌમનસમાં પૂર્વ વર્ણિત આલાવો ભવન-પુષ્કરિણી-પ્રાસાદાવતંસક કહ્યા છે, તે જ આલાવો અહીં જાણવો. યાવત્ શક્રેન્દ્ર અને ઈશાનેન્દ્રના પ્રાસાદાવતંસક, તે જ પરિમાણથી પૂર્વવત્ છે.*

**● વિવેચન-૧૯૯ :-**

પ્રશ્ન સ્પષ્ટ છે. ઉત્તરમાં સૌમનસવનના બહુસમરમણીય ભૂમિભાગથી ઉપર ૩૬,૦૦૦ યોજન જઈને, ત્યાં મેરુ પર્વતના શિખરતલે પંડકવન છે, ઈત્યાદિ [સૂત્રાર્થવત્ જાણવું.] જેમ નંદનવન મેરુને ચોતરફથી પરિવૃત્ત છે, તેમ આ મેરુચૂલિકાને પરિવરીને રહેલ છે. - x -

જે પંડકવને વીંટાઈને રહેલ છે, તે ચૂલિકા ક્યાં છે ? પંડક વન મધ્યમાં બંને ચક્રવાલ વિષ્કંભનો જે વિચાલ, તેના અંતરમાં મેરુની ચૂલિકા-શિખા સમાન મેરુ ચૂલિકા કહેલ છે. પ્રમાણાદિ [સૂત્રાર્થવત્ છે] તે નીલવર્ણપણાથી સર્વ વૈડૂર્યમયી છે.

હવે સૂત્રમાં ન કહેલ છતાં વાચકોની અપૂર્વ અર્થ જિજ્ઞાસાથી ચૂલિકાના ઈષ્ટ સ્થાને વિષ્કંભ જાણવાને પ્રસંગગતિ-ઉપાય લખીએ છીએ - જેમકે તેમાં અધોમુખ ગમનમાં આ કરણ છે — ચૂલિકાના સર્વોપરિભાગથી ઉત્તરીને જ્યાં યોજનાદિ અતિક્રાંત થતાં વિષ્કંભ જિજ્ઞાસાથી તે અતિક્રાંત યોજનાદિમાં પાંચ વડે ભાંગતા લબ્ધ રાશિ ચાર વડે યુક્ત ત્યાં વ્યાસ થાય. તેમાં ઉપરીતલથી ૨૦ યોજન ઉતરીને ૨૦ લઈ, તેને પાંચથી ભાંગતા ચાર આવે, તેમાં ચાર ઉમેરતાં આઠ થાય. તે વિષ્કંભ થયો. એમ બીજે પણ કહેવું. એ જ રીતે ઉર્ધ્વમુખગતિથી વિષ્કંભ જાણવાની રીત પણ બતાવી છે - x - જેમકે મૂળથી ૨૦ યોજન ઉંચે જઈને, પછી ૨૦ લેતા, તેને પાંચ વડે ભાંગતા ચાર યોજન આવે. તેને ૧૨-યોજનમાંથી બાદ કરતાં આઠ આવે. આટલો મૂળથી ઉપર ૨૦-યોજનમાં વિષ્કંભ આવશે. - x - x -

બાર યોજન પ્રમાણ ચૂલિકાના વ્યાસથી આરોહી ૪૦ યોજન જતાં આઠ યોજન ત્રુટિત થાય, અવરોહતા તેટલાં જ વધે છે. તેથી ત્રિરાશિ આ રીતે થાય - ૪૦/૮/૧ - મધ્યરાશિને અંત્યરાશિથી ગુણી, એક વડે ગુણતા તે જ રાશિ આવે, તેને આદ્ય રાશિથી ભાંગતા - ૧/૫ આવે. - x -

આના બહુસમરમણીય ભૂમિભાગ, સિદ્ધાયતનનું વર્ણન અતિદેશથી કહે છે. આ ચૂલિકા ઉપર બહુસમરમણીય ભૂમિભાગ કહેલ છે. - x - તેના બહુમધ્યદેશ ભાગમાં સિદ્ધાયતન કહેવું. [વર્ણન સૂત્રાર્થવત્] અહીં પ્રસ્તુત વનમાં ભવન-પ્રાસાદાદિ વક્તવ્યવાળું સૂત્ર - મેરુ ચૂલિકાની પૂર્વે પંડકવનમાં ૫૦ યોજન જઈને અહીં એક મોટું ભવન-સિદ્ધાયતન કહેલ છે. એમ ઉક્ત આલાવાથી જે સૌમનસ વનમાં પૂર્વે -

નંદનવન પ્રસ્તાવમાં કહ્યું તે આલાવો, કૂટને વર્જીને સિદ્ધાયતનાદિ વ્યવસ્થાધાયક સમાન આલાવો છે, તે જ અહીં ભવનાદિમાં જાણવો. - x -

ગ્રંથાંતરથી અહીં વાપીના નામો કહે છે — ઈશાન પ્રાસાદમાં પુંડ્રા, પુંડ્રપ્રભા, સુરક્તા, રક્તાવતી આગ્નેય પ્રાસાદમાં ક્ષીરરસા, ઈક્ષુરસા, અમૃતરસા, વારુણી. નૈઋર્ત પ્રાસાદમાં શંખોત્તરા, શંખા, શંખાવર્ત્તા. બલાહકા છે. વાયવ્યપ્રાસાદમાં - પુષ્પોત્તરા, પુષ્પવતી, સુપુષ્પા, પુષ્પમાલિની.

હવે અભિષેકશિલાની વક્તવ્યતા કહે છે —

● સૂત્ર-૨૦૦ :-

*ભગવન્ ! પાંડુકવનમાં કેટલી અભિષેક શિલાઓ કહેલી છે ? ગૌતમ ! ચાર અભિષેક શિલા છે, તે આ પ્રમાણે — પાંડુશિલા, પાંડુકંબલશિલા, રક્તશિલા, રક્તકંબલશિલા.*

*ભગવન્ પંડકવનમાં પાંડુશિલા નામે શિલા ક્યાં કહી છે ? ગૌતમ ! મેરુ ચૂલિકાની પૂર્વે, પાંડુકવનના પૂર્વી છેડે, અહીં પાંડુકવનનાં પાંડુ શિલા નામે શિલા કહેલ છે. તે ઉત્તર-દક્ષિણ લાંબી, પૂર્વ-પશ્ચિમ પહોળી, અર્ધ ચંદ્ર સંસ્થાન સંસ્થિત, ૫૦૦ યોજન લાંબી, ૨૫૦ યોજન પહોળી, ૪-યોજન જાડી, સર્વ સુવર્ણમયી, સ્વચ્છ, વેદિકા-વનખંડથી ચોતરફથી પરિવરિત છે. વર્ણન પૂર્વવત્ કહેવું.*

*તે પાંડુશિલાની ચારે દિશામાં ચાર ત્રિસોપાનપ્રતિરૂપક કહેલ છે, યાવત્ તોરણનું વર્ણન કરવું.*

*તે પાંડુશિલાની ઉપર બહુસમ રમણીય ભૂમિભાગ કહેલ છે યાવત્ ત્યાં દેવો આશ્રય લે છે.*

*તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્યદેશ ભાગમાં ઉત્તર-દક્ષિણે અહીં બે સીંહાસન કહેલ છે, તે ૫૦૦ ધનુષ્ લાંબા-પહોળા, ૨૫૦ ધનુષ્ જાડા છે. સીંહાસન વર્ણન વિજયદૂષ્ય વર્જીને પૂર્વવત્ કહેવું.*

*તેમાં જે ઉત્તરનું સીંહાસન છે. ત્યાં ઘમાં ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક દેવો અને દેવીઓ વડે કચ્છાદિના તીર્થંકરનો અભિષેક કરે છે. તેમાં જે દક્ષિણ બાજુનું સીંહાસન છે, ત્યાં ઘણાં ભવનપતિ આદિ દેવો અને દેવીઓ વત્સાદિ વિજયના તીર્થંકરોનો અભિષેક કરે છે.*

*ભગવન્ ! પંડકવનમાં પાંડુ કંબલશિલા નામે શિલા ક્યાં કહેલ છે ? ગૌતમ! મેરુ ચૂલિકાની દક્ષિણે પાંડુકવનમાં દક્ષિણ છેડે, અહીં પાંડુકવનમાં પાંડુકંબલ શિલા નામે શિલા કહેલ છે. તે પૂર્વ-પશ્ચિમ લાંબી, ઉત્તર-દક્ષિણ પહોળી, પૂર્વવત્ પ્રમાણથી કથન કહેવું યાવત્ તેના બહુસમ રમણીય ભૂમિભાગના બહુ મધ્યદેશ ભાગમાં અહીં એક મોટું સીંહાસન કહેલ છે. સિંહાસનનું પ્રમાણ પૂર્વવત્. ત્યાં ઘણાં ભવનપતિ આદિ દેવો ભરતક્ષેત્રના તીર્થંકરોનો અભિષેક કરે છે.*

*ભગવન્ ! પંડુકવનમાં રક્તશિલા નામે શિલા ક્યાં કહી છે ? ગૌતમ ! મેરુ ચૂલિકાની પશ્ચિમે, પાંડુકવનના પશ્ચિમી છેડે, અહીં પંડકવનમાં રક્તશિલા નામે શિલા કહેલ છે. તે ઉત્તરદક્ષિણ લાંબી, પૂર્વ-પશ્ચિમ પહોળી છે, યાવત્ પ્રમાણ પૂર્વવત્, સર્વ તપનીયમયી, સ્વચ્છ છે. ઉત્તર-દક્ષિણમાં અહીં બે સીંહાસનો કહેલા છે. તેમાં જે દક્ષિણનું સીંહાસન છે, ત્યાં ઘણાં ભવનપત્યાદિ દેવો પક્ષ્મ આદિના તીર્થંકરોનો અભિષેક કરે છે. તેમાં જે ઉત્તરનું સીંહાસન છે, ત્યાં યાવત્ વપ્રાદિના તીર્થંકરનો અભિષેક કરે છે.*



*ભગવન્! પાંડુકવનમાં રક્ત કંબલાશિલા નામે શિલા ક્યાં કહેલ છે? ગૌતમ! મેરુ ચૂલિકાની ઉત્તરે, પાંડુકવનના ઉત્તરના છેડે, અહીં પાંડુકવનમાં રક્તકંબલા શિલા નામે શિલા કહેલી છે, તે પૂર્વ-પશ્ચિમ લાંબી, ઉત્તર-દક્ષિણ પહોળી, સર્વ તપનીયમયી, સ્વચ્છ યાવત્ મધ્યદેશભાગમાં સીંહાસન છે. ત્યાં ઘણાં ભવનપતી આદિ દેવ-દેવીઓ યાવત્ ઐરાવતના તીર્થંકરોને અભિષેક કરે છે.*

● વિવેચન-૨૦૦ :-

ભગવન્ ! પાંડુકવનમાં કેટલી અભિષેક-જિન જન્મસ્નાત્રને માટેની શિલા કહેલી છે ? ગૌતમ ! ચાર. તે આ - પાંડુશિલા આદિ. બીજે તેના નામ પાંડુકંબલા, અતિપાંડુકંબલા, રક્તકંબલા, અતિરક્ત કંબલા છે.

હવે પહેલી શિલાનું સ્થાન-મેરુ ચૂલિકાની પૂર્વે ઈત્યાદિ - x - [સૂત્રાર્થવત્ જાણવું] - x - ૫૦૦ યોજન મુખવિભાગે, ૨૫૦ યોજન મધ્યભાગે, પરમ વ્યાસના સંભવથી અર્ધચંદ્રાકાર ક્ષેત્ર જ છે. તેથી જ આ પરમવ્યાસના શરત્વથી લાંબુ, જીવાપણાથી પરિક્ષેપ ધનુ:પૃષ્ઠત્વથી તેને કરણ રીતિથી જાણવું. - x - x - તેની વક્રતા ચૂલિકા સમીપે છે, સરળતા સ્વ-સ્વ દિશાક્ષેત્ર અભિમુખ છે. વેદિકા અને વનખંડનું વર્ણન કહેવું.

ચાર યોજનની શિલા દુરારોહ છે, તેથી આરોહક કહે છે — તેની ચારે દિશામાં ત્રિસોપાન પ્રતિરૂપક કહેલ છે. તોરણ સુધી તેનું વર્ણન કહેવું. હવે તેનું ભૂમિ સૌભાગ્ય કહે છે — તે પાંડુશિલા ઉપર બહુસમ રમણીય ભૂમિભાગ કહેલ છે યાવત્ દેવો બેસે છે, સુવે છે ઈત્યાદિ.

હવે અભિષેક વર્ણન કહે છે — ત્યાં ઠીક મધ્યદેશ ભાગમાં બે અભિષેક સીંહાસન-જિનજન્માભિષેકને માટે પીઠ કહેલ છે. [વર્ણન સૂત્રાર્થવત્] તેમાં ઉપરના ભાગે વિજય નામે ચંદરવો ન કહેવો. કેમકે તે શિલા સીંહાસન અનાચ્છાદિતદેશમાં રહેલ છે. અહીં સીંહાસનની લંબાઈ-પહોળાઈ તુલ્ય હોવાથી સમચતુરસ્ર કહેલ છે.

અહીં એક જ સીંહાસનમાં અભિષેક થઈ શકે છે, તો શા માટે બે સીંહાસન કહેલા છે ? તે બે સિંહાસનમાં જે ઉત્તર બાજુનું સીંહાસન છે ત્યાં કચ્છાદિ આઠ વિજયના તીર્થંકરો જન્મોત્સવાર્થે ન્હવડાવે છે. જ્યારે દક્ષિણ બાજુના સિંહાસને વત્સાદિ આઠ વિજયના તીર્થંકરોનો અભિષેક થાય છે. આ અર્થ છે — આ શિલા પૂર્વ દિશા અભિમુખ છે, ત્યાં પૂર્વ મહાવિદેહ ક્ષેત્ર છે, ત્યાં એક સાથે બે તીર્થંકરોનો જન્મ થાય છે, તેમાં સીતાના ઉત્તર દિગ્વર્તી વિજયમાં જન્મેલ તીર્થંકર ઉત્તર દિશાવર્તી સિંહાસન અભિષિક્ત કરાય છે. એ રીતે દક્ષિણ દિશાવર્તી વિજયમાં જન્મેલ તીર્થંકરનો અભિષેક દક્ષિણ દિશાવર્તી સીંહાસને થાય છે.

હવે બીજી શિલા વિશે — મેરુ ચૂલિકાની દક્ષિણે ઈત્યાદિ સૂત્રાર્થ વત્ જાણવું. ઉક્ત આલાવાથી તે શિલાની લંબાઈ ૫૦૦-યોજન, અર્જુન સુવર્ણ વર્ણાદિ કહેવા યાવત્ બહુમધ્યદેશ ભાગમાં એક મોટું સીંહાસન છે, - x - x - ત્યાં ઘણાં ભવનપતિ આદિ દેવો ભરત ક્ષેત્રોત્પન્ન તીર્થંકરનો અભિષેક કરે છે. [શંકા] પૂર્વની શિલામાં બે સિંહાસન છે, અહીં એક કેમ ? આ શિલા દક્ષિણ દિશાભિમુખ છે, ત્યાં ભરતક્ષેત્ર છે. ત્યાં એક કાળે એક જ તીર્થંકર ઉત્પન્ન થાય છે, તેના અભિષેક માટે એક સીંહાસન કહ્યું.

હવે ત્રીજી શિલા - આ સૂત્ર પૂર્વના શિલાના આલાવાથી જાણવું કેવળ વર્ણથી સંપૂર્ણ તપનીયમય - રક્તવર્ણી, બે સિંહાસન, તે પશ્ચિમ અભિમુખ છે, તેની સામેનું ક્ષેત્ર પશ્ચિમ મહાવિદેહ છે - સીતોદાના દક્ષિણ અને ઉત્તર રૂપ બે ભાગવાળું છે. ત્યાં પ્રત્યેક વિભાગમાં એકૈક જિનના જન્મનો એકસાથે સંભવ હોવાથી બે કહ્યા. તેમાં દક્ષિણના સિંહાસને પક્ષ્માદિ આઠ વિજયના જિનેશ્વરને ન્હવડાવે. ઉત્તર ભાગમાં રહેલ વપ્રાદિ આઠ વિજયમાં જન્મેલનો અભિષેક થાય.

હવે ચોથી શિલા - બધું બીજી શિલાનુસાર કહેવું. વર્ણથી સર્વ તપનીયમય, શ્રી પૂજ્યએ બધી અર્જુન સ્વર્ણવર્ણી કહી છે. અહીં ઐરવત ક્ષેત્રના જિનેશ્વરનો અભિષેક થાય ઈત્યાદિ - x -

હવે મેરુના કાંડની સંખ્યા પૂછે છે —

● **સૂત્ર-૨૦૧ :-**

***ભગવન્ ! મેરુ પર્વતના કેટલાં કાંડ કહ્યા છે ? ગૌતમ ! ત્રણ કાંડ કહ્યા છે, તે આ — નીચેનો કાંડ, મધ્ય કાંડ, ઉપરનો કાંડ.***

***ભગવન્ ! મેરુ પર્વતનો નીચલો કાંડ કેટલા પ્રકારે કહ્યો છે ? ગૌતમ ! ૧૦૦૦ યોજન ઉંચાઈથી કહેલ છે. મધ્યમ કાંડની પૃચ્છા, ગૌતમ ! ૬૩,૦૦૦ યોજન ઉંચો કહેલ છે. ઉપલાકાંડની પૃચ્છા, ગૌતમ ! ૩૬,૦૦૦ યોજન ઉંચાઈથી કહેલ છે. એ પ્રમાણે પૂર્વાપર સહિત મેરુ પર્વત લાખ યોજન કહેલ છે.***

● **વિવેચન-૨૦૧ :-**

ભગવન્ ! મેરુ પર્વતના કેટલા કાંડ કહ્યા છે ? કાંડ એટલે વિશિષ્ટ પરિણામાનુગત વિચ્છેદ-પર્વત ક્ષેત્રનો વિભાગ. ગૌતમ ! ત્રણ કાંડ કહેલ છે. અધસ્તન, મધ્યમ, ઉપરિતન.

પહેલો કાંડ કેટલાં પ્રકારે છે ? પૃથ્વી - માટી, ઉપલ-પાષાણ, વજ્ર-હીરા, શર્કર-કાંકરા. એનાથી યુક્ત મેરુનો કાંડ છે. આ પહેલાં કાંડ ૧૦૦૦ યોજન પ્રમાણ છે. [શંકા] પહેલાં કાંડના ચાર પ્રકારથી આ ૧૦૦૦ યોજનને ચાર વડે ભાંગતા એકૈક પ્રકારના ચતુર્થાંશ હજાર પ્રમાણ ક્ષેત્રતા થાય તથા વિશિષ્ટ પરિણામાનુગત વિચ્છેદથી તે જ કાંડ સંખ્યા કેમ ન વધી જાય ?

[સમાધાન] ક્વચિત્ પૃથ્વી કે ઉપલ કે વજ્ર કે શર્કરા બહુલ. અર્થાત્ ઉક્ત ચાર સિવાય બીજા કોઈપણ અંકરત્નાદિ તેના આરંભક નથી, તેથી પૃથ્વી આદિ રૂપ વિભાગ અભાવથી નથી, કાંડ સંખ્યાના વધવાનો અવકાશ નથી [?]



મધ્યકાંડ વસ્તુપૃચ્છા - સ્ફટિકરત્ન, સુવર્ણ, રૂપું, શેષ પૂર્વવત્. હવે ત્રીજો ઉપલો કાંડ - તે એકાકાર અર્થાત્ ભેદરહિત છે. સંપૂર્ણ જાંબુનદ-બાલ સુવર્ણમય છે.

કાંડના પરિમાણથી મેરુ પરિમાણ કહે છે — મેરુનો નીચલો કાંડ કેટલાં બાહલ્ય-ઉંચાઈથી કહેલ છે ? ૧૦૦૦ યોજન. મધ્યમકાંડની પૃચ્છા - સ્વયં કહેવી. ગૌતમ ! ૬૩,૦૦૦ યોજન ઉંચાઈ કહી. આના દ્વારા ભદ્રશાલ વન, નંદનવન, સૌમનસવન, બે અંતરમાં આ બધું મધ્યમકાંડમાં આવી જાય છે, જ્યારે સમવાયાંગમાં બીજો કાંડ વિભાગ ૩૮,૦૦૦ યોજન ઉંચો કહેલ છે, તે મતાંતર જાણવું. ઉપલો કાંડ ૩૬,૦૦૦ યોજન ઉંચો છે. એ રીતે બધાં મળીને એક લાખ યોજન સર્વ સંખ્યા છે.

(શંકા) ૪૦-યોજન પ્રમાણ એવી શિરસ્થ ચૂલિકા મેરુ પ્રમાણ મધ્યે કેમ કહી નથી ? ક્ષેત્રચૂલાપણાથી તેને ગણેલ નથી. પુરુષની ઉંચાઈની ગણનામાં મસ્તકે રહેલા કેશપાશની જેમ ગણેલ નથી. - x -

હવે મેરુના સિદ્ધાંત પ્રસિદ્ધ ૧૬-નામો કહે છે —

● **સૂત્ર-૨૦૨ થી ૨૦૫ :-**

***[૨૦૨] ભગવન્ ! મેરુ પર્વતના કેટલા નામો કહેલા છે ? ગૌતમ ! ૧૬-નામો કહેલા છે, તે આ પ્રમાણે —***

***[૨૦૩] સોળ નામો — (૧) મેરુ, (૨) મનોરમ, (૩) સુદર્શન, (૪) સ્વયંપ્રભ, (૫) ગિરિરાજ, (૬) રત્નોચ્ચય, (૭) શિલોચ્ચય, (૮) લોકમધ્ય, (૯) મંદર અને (૧૦) નાભિ.***

***[૨૦૪] — (૧૧) અચ્છ, (૧૨) સૂર્યાવર્ત્ત, (૧૩) સૂર્યાવરણ, (૧૪) ઉત્તમ, (૧૫) દિશાદિ, (૧૬) અવતંસ.***

***[૨૦૫] ભગવન્ ! મેરુ પર્વતને મેરુ પર્વત કેમ કહે છે ? ગૌતમ ! મેરુ પર્વતે મેરુ નામક મહર્દ્ધિક યાવત્ પલ્યોપમ સ્થિતિક દેવ વસે છે. તે કારણથી હે ગૌતમ ! તેને મેરુ પર્વત કહે છે અથવા પૂર્વવત્.***

● **વિવેચન-૨૦૨ થી ૨૦૫ :-**

ભગવન્ ! મેરુ પર્વતના કેટલો નામો કહેલા છે ? ગૌતમ ! સોળ, મંદર૦ આદિ, બે ગાથા છે. મંદર દેવના યોગથી મંદર. એ રીતે મેરુ દેવના યોગથી મેરુ. [શંકા] મેરુના એ રીતે બે સ્વામી નહીં થાય ? [સમાધાન] એક જ દેવના બે નામો સંભવે છે, તેથી કોઈ શંકા ન કરવી. નિર્ણય તો બહુશ્રુત જાણે. દેવોને પણ અતિ સુરૂપપણે રમણ કરાવે. તેથી મનોરમ.

શોભન જાંબૂનદમયતાથી રત્નબહુલતાથી મનને સુખકર દર્શન જેનું છે, તેથી સુદર્શન. રત્નબહુલતાથી સ્વયં આદિત્યાદિ નિરપેક્ષ પ્રભા-પ્રકાશ જેનો છે તે, સ્વયંપ્રભ. બધાં જ ગિરિમાં ઉંચો હોવાથી અને તીર્થંકર જન્માભિષેકના આશ્રયપણાથી રાજા હોવાથી ગિરિરાજ.

રત્નોનો વિવિધતાથી પ્રબળપણે ઉપચય જેમાં છે તે રત્નોચ્ચય, તથા શિલા-પાંડુશિલાદિના મસ્તક ઉપર સંભવે છે, તેથી શિલોચ્ચય. તથા લોકની મધ્ય, કેમકે સર્વલોક મધ્યે વર્તે છે માટે લોકમધ્ય.

(શંકા) લોક શબ્દથી ચૌદ રાજલોકમાં પણ વ્યાખ્યાત છે. સમભૂતલથી રત્નપ્રભાથી અસંખ્યાત યોજન કોટિથી અતિક્રાંત હોવાથી લોકમધ્ય, પણ ત્યાં મેરુનો અસંભવ છે, તેથી ઉક્ત વ્યાખ્યા બાધિત છે. જો લોકશબ્દથી તીર્છાલોકના ૧૮૦૦ યોજન પ્રમાણ ઉચ્ચત્વ આમાં અંતલીનત્વથી છે, તો આનુ લોક મધ્યવર્તીત્વ કઈ રીતે સમજવું ?

(સમાધાન) તીર્છાલોકમાં તીર્છા ભાગના સ્થાલ આકાર એક રાજ પ્રમાણ લંબાઈ-પહોળાઈની અહીં લોકશબ્દથી વિવક્ષા કરતા તેની મધ્યે મેરુ છે. - x - x - એ પ્રમાણે 'नाभी.' લોક શબ્દના સંયોજનથી લોકનાભિ. અહીં ભાવના પૂર્વવત્ જ છે. अच्छ - સુનિર્મલ, કેમકે જંબુનદ રત્નની બહુલતા છે. સમવાયાંગમાં 'अत्थ' એમ પાઠ છે. તેમાં આના વડે અંતરિત સૂર્યાદિ અસ્ત કહેલ છે. આ પૂર્વ-પશ્ચિમ મહાવિદેહની અપેક્ષાથી જાણવું. કાર્યનો કારણમાં ઉપચારથી અસ્ત.

સૂર્ય, ઉપલક્ષણથી ચંદ્રાદિ પ્રદક્ષિણાથી ફરે છે, જેને તે સૂર્યાવર્ત. તથા સૂર્ય વડે, ઉપલક્ષણથી ચંદ્ર-ગ્રહ-નક્ષત્રાદિ વડે ચોતરફ ભ્રમણ શીલતાથી વીંટે છે, માટે સૂર્યાવરણ. બધાં ગિરિમાં ઉન્નત્તત્વથી ઉત્તમ છે સમવયાંગમાં અહીં ''ઉત્તર'' એવો પાઠ છે. - x - x - x - દિશાની આદિ હોવાથી તે 'દિગાદિ' કહ્યો. રુચકાદિ દિશા-વિદિશાનો પ્રભવ, અષ્ટપ્રદેશાત્મક રૂચક મેરુ મધ્યવર્તી છે, તેથી મેરુને પણ 'દિગાદિ' કહેલ છે. अवतंस - શિખર, ગિરિમાં શ્રેષ્ઠ. હવે તેનું નિગમન કહેવા-૧૬-કહ્યું.

મહાવિદેહ કહ્યું. હવે નીલવંતગિરિ કહે છે –

● **સૂત્ર-૨૦૬ થી ૨૦૮ :-**

*[૨૦૬] ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં નીલવંત નામે વર્ષધર પર્વત ક્યાં કહેલ છે ? ગૌતમ ! મહાવિદેહ ક્ષેત્રની ઉત્તરે, રમ્યક્વર્ષની દક્ષિણે, પૂર્વી લવણ સમુદ્રની પશ્ચિમે, પશ્ચિમી લવણ સમુદ્રની પૂર્વે, અહીં જંબૂદ્વીપ દ્વીપમાં નીલવંત નામે વર્ષધર પર્વત કહેલ છે.*

*તે પૂર્વ-પશ્ચિમ લાંબુ, ઉત્તર-દક્ષિણ પહોળું છે. નિષેધની વક્તવ્યતા મુજબ નીલવંતની કહેવી. વિશેષ એ કે – જીવા દક્ષિણે, ધનુ ઉત્તરે છે. ત્યાં કેસરીદ્રહ છે. દક્ષિણમાં તેમાંથી સીતા મહાનદી નીકળે છે, ત્યાંથી ઉત્તરકુરુમાં વહેતી બંને યમક પર્વત તથા નીલવંત-ઉત્તરકુરુ-ચંદ્ર-ઐરાવત-માલ્યવંતદ્રહને બે ભાગમાં વિભક્ત કરતી-કરતી, ૮૪,૦૦૦ નદીઓ વડે આપૂરિત થતી-થતી ભદ્રશાલવનમાં વહેતી-વહેતી મેરુ પર્વતથી બે યોજન દૂરથી પૂર્વાભિમુખ વળીને, નીચે માલ્યવંત વક્ષસ્કાર પર્વતને ચીરતી મેરુ પર્વતની પૂર્વે પૂર્વ વિદેહક્ષેત્રને બે ભાગમાં વિભાજીત કરતી-કરતી એકૈક ચક્રવર્તીવિજયમાં અઠ્ઠાવીસ-અઠ્ઠાવીશ હજાર નદીઓ વડે આપૂરિત થતી-થતી કુલ-૫,૩૨,૦૦૦ નદીઓ સહિત નીચે વિજયદ્વારની જગતીને ચીરતી પૂર્વી લવણસમુદ્રમાં પ્રવેશે છે બાકી બધું પૂર્વવત્.*

*એ પ્રમાણે નારિકાંતા પણ ઉત્તરાભિમુખ વહેતી જાણવી. ફર્ક એટલો કે – ગંધાપાતી વૃત્ત વૈતાઢ્ય પર્વતની યોજનથી દૂર પશ્ચિમાભિમુખ વળીને જાય, બાકી પૂર્વવત્, પ્રવહે અને મુખે-પ્રવેશે હરિકાંત સલિલા નદી સમાન બાકી બધું કહેવું.*



*ભગવન્ ! નીલવંત વર્ષધર પર્વતમાં કેટલાં કૂટો કહેલા છે ? ગૌતમ ! નવ કૂટો કહ્યા છે. તે આ પ્રમાણે –*

*[૨૦૭] સિદ્ધ, નીલ, પૂર્વવિદેહ, સીતા, કીર્તિ, નારી, અવરવિદેહ, રમ્યક્ અને ઉપદર્શન કૂટ.*

*[૨૦૮] આ બધાં કૂટો ૫૦૦ યોજન ઉંચા છે. રાજધાની ઉત્તરમાં.*

*ભગવન્! નીલવંત વર્ષધર પર્વતને નીલવંત વર્ષધર પર્વત કેમ કહે છે? ગૌતમ! નીલ, નીલાવભાસ, નીલવંત નામે મહર્દ્ધિક યાવત્ દેવ અહીં વસે છે. આ પર્વત સર્વ વૈડૂર્યમય છે, તેથી નીલવંત કહેવાય છે, યાવત્ આ નામ નિત્ય છે.*

● **વિવેચન-૨૦૬ થી ૨૦૮ :-**

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં નીલવંત નામે વર્ષધર પર્વત કેટલાં કહેલ છે ? સ્પષ્ટ છે. વિશેષ એ - રમ્યક્ ક્ષેત્ર મહાવિદેહથી પર યુગ્મી મનુષ્યના આશ્રયભૂત છે, તેની દક્ષિણે નિષદના સામ્યપણાથી કહે છે – નીષધની જેમ નીલવંતનું પણ કથન કરવું. વિશેષ એ - जीवा - પરમ લંબાઈ દક્ષિણથી, ધનુપૃષ્ઠ ઉત્તરથી છે. અહીં કેસરી દ્રહ છે. [બાકી સૂત્રાર્થવત્ જાણવું.] - x - x - બાકીના પ્રવહ વ્યાસ-ઉંડત્વાદિ, નિષધથી નીકળતી સીતોદાના પ્રકરણમાં કહેલ છે, તેમજ અહીં કહેવું.

હવે આમાંથી જ ઉત્તરથી પ્રવૃત્ત નારીકાંતા નદીનો અતિદેશ કરે છે. ઉક્ત ન્યાયથી નારીકાંતા પણ ઉત્તરાભિમુખી જાણવી. અર્થાત્ જેમ નીલવંતમાં કેશરીદ્રહથી દક્ષિણાભિમુખી સીતા નીકળીને, તેમ નારીકાંતા પણ ઉત્તરાભિમુખી નીકળીને, સમુદ્ર પ્રવેશ પણ તેમ હશે. તેવી આશંકાથી કહે છે – અહીં વિશેષતા એ છે કે – ગંધાપાતીથી યોજનથી દૂર પશ્ચિમાભિમુખ જઈને, ઈત્યાદિ બધું હરિકાંતા સલિલાવત્ કહેવું.

તે આ રીતે – રમ્યક્ ક્ષેત્રને બે ભાગમાં વિભક્ત કરતી-કરતી ૫૬,૦૦૦ નદીઓ સહિત જગતીને નીચેથી વિદારીને પશ્ચિમથી લવણસમુદ્રમાં પ્રવેશે છે. આમાં પ્રવહ-મુખ-વ્યાસાદિ ન કહેવા. સમુદ્ર પ્રવેશમાં અધિક આલાવાને કહેલ છે. તેથી તેને પૃથક્ કહે છે –

પ્રવહમાં અને મુખમાં જેમ હરિકાંતા નદી છે, તે આ રીતે – પ્રવહમાં ૨૫-યોજન પહોળી, મુખના ઉદ્વેધમાં અર્ધયોજન, મુખે ૨૫૦ યોજન, પાંચ યોજન ઉદ્વેધથી છે. ઈત્યાદિ - x -

હવે કૂટો વિશે પ્રશ્ન - નીલવંત વર્ષધર પર્વતમાં કેટલા કૂટો છે ? નવ કૂટો કહ્યા છે – સિદ્ધાયતન કૂટાદિ. તેની સંગ્રહ ગાથા સૂત્રમાં કહી છે. જેમકે – સિદ્ધ-સિદ્ધાયતન, નીલવંત-નીલવંત વક્ષસ્કારાધિપતિ કૂટ, પૂર્વ વિદેહાધિપતિ કૂટ, સીતા દેવી કૂટ, કીર્તિ-કેસરીદ્રહ દેવીકૂટ, નારી-નારીકાંતાનદી દેવી કૂટ, અપર-અપરવિદેહાધિપતિ કૂટ, રમ્યક્ - રમ્યક્ ક્ષેત્રાધિપકૂટ, ઉપદર્શન કૂટ.

આ બધાં કૂટ હિમવંતકૂટ વત્ જાણવા. ૫૦૦ યોજન ઉંચા છે કૂટાધિપોની રાજધાની મેરુની ઉત્તરમાં છે. હવે તેના નામનું કારણ પૂછે છે – ચોથો વર્ષધર પર્વત,

નીલવર્ણી, નીલપ્રકાશ, નીકટની વસ્તુને નીલવર્ણી કરે છે. તેથી નીલવર્ણ યોગથી નીલવંત ઈત્યાદિ - x -

હવે પાંચમું ક્ષેત્ર કહે છે –

● સૂત્ર-૨૦૯ થી ૨૧૧ :-

*[૨૦૯] ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં રમ્યક્ નામે ક્ષેત્ર ક્યાં કહેલ છે ? ગૌતમ ! નીલવંતની ઉત્તરે, રુક્મિની દક્ષિણે, પૂર્વી લવણસમુદ્રની પશ્ચિમે, પશ્ચિમ લવણ સમુદ્રની પૂર્વે, એ પ્રમાણે જેમ હરિવર્, કહ્યું, તેમ રમ્યક્ ક્ષેત્ર પણ કહેવું. વિશેષ એ કે – દક્ષિણમાં જીવા છે. ઉત્તરમાં ધનુ છે, બાકી પૂર્વવત્.*

*ભગવન્ ! રમ્યક્ ક્ષેત્રમાં ગંધાપાતી નામે વૃત્ત વૈતાઢ્ય પર્વત ક્યાં કહેલ છે ? ગૌતમ ! નરકાંતાની પશ્ચિમે, નારિકાંતાની પૂર્વે, રમ્યક્ ક્ષેત્રના બહુમધ્યદેશ ભાગમાં, અહીં ગંધાપાતી નામે વૃત્ત વૈતાઢ્ય પર્વત કહેલ છે. જેમ વિકટાપાતી છે, તેમ ગંધાપાતીની વક્તવ્યતા કહેવી. અર્થ – ઘણાં ઉત્પલો યાવત્ ગંધાપાતી વર્ણના, ગંધાપાતી પ્રભાવાળા પદ્મો છે, અહીં મહર્દ્ધિક યાવત્ પલ્યોપમ સ્થિતિક દેવ તે નામે વસે છે. રાજધાની ઉત્તરમાં છે.*

*ભગવન્ ! કયા કારણે તેને રમ્યક્ વર્ષ-ક્ષેત્ર કહે છે ? ગૌતમ ! રમ્યક્ વર્ષ રમ્ય, રમ્યક, રમણીય છે. અહીં રમ્યક્ નામે દેવ યાવત્ વસે છે. તે કારણે રમ્યક્ વર્ષ કહે છે.*

*ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં રુક્મિ નામે વર્ષધર પર્વત ક્યાં કહેલ છે ? ગૌતમ ! રમ્યક્વાસની ઉત્તરે, હૈરણ્યવત્ ક્ષેત્રની દક્ષિણે, પૂર્વી લવણસમુદ્રની પશ્ચિમે, પશ્ચિમ લવણસમુદ્રની પૂર્વે, અહીં જંબૂદ્વીપ દ્વીપમાં રુકમી નામે વર્ષધર પર્વત કહેલ છે. તે પૂર્વ-પશ્ચિમ લાંબો, ઉત્તર-દક્ષિણ પહોળો છે. એ પ્રમાણે જે મહાહિમવંતની વક્તવ્યતા છે, તે જ રુકમીની પણ છે. વિશેષ એ કે – દક્ષિણમાં જીવા, ઉત્તરમાં ધનુ, બાકી બધું મહાહિમવંતવત્ છે.*

*ત્યાં મહાપુંડરીક નામે દ્રહ છે. તેની દક્ષિણથી નરકાંતા નદી નીકળે છે. તે રોહિતા નદીની જેમ પૂર્વી લવણસમુદ્રમાં મળે છે. રૂપ્યકૂલા નદી ઉત્તરથી જાણવી, જેમ હરિકાંતા નદી કહી તેમ જાણવી. નરકાંતા નદી પણ પશ્ચિમથી વહે છે. બાકી પૂર્વવત્.*

*ભગવન્ ! રુકમી વર્ષધર પર્વતે કેટલા કૂટો કહેલા છે ? ગૌતમ ! આઠ કૂટો કહ્યા છે, તે આ પ્રમાણે –*

*[૨૧૦] સિદ્ધ, રુકમી, રમ્યક્, નરકાંતા, બુદ્ધિ, રૂપ્યકૂલા, હૈરણ્યવંત અને મણિકંચન, એ આઠ કૂટ રુકમીમાં છે.*

*[૨૧૧] ઉક્ત બધાં કૂટો ૫૦૦-યોજન ઉંચા છે, રાજધાની ઉત્તરમાં છે.*

*ભગવન્ ! કયા કારણે તેને રુકમી વર્ષધર પર્વત કહે છે ? ગૌતમ ! રુકમી વર્ષધર પર્વતે રજત, રજતપટ્ટ, રજતભાસ, સર્વ રજતમય છે. ત્યાં રુકમી નામે પલ્યોપમ સ્થિતિક દેવ યાવત્ વસે છે. તે કારણે હે ગૌતમ ! એક કહે છે કે તે રુકમી [રુપ્પી] પર્વત છે.*



*ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં હૈરણ્યવંત નામે વર્ષક્ષેત્ર ક્યાં કહેલ છે ? ગૌતમ ! રુકમી પર્વતની ઉત્તરે, શીખરી પર્વતની દક્ષિણે, પૂર્વી લવણસમુદ્રની પશ્ચિમે, પશ્ચિમી લવણસમુદ્રની પૂર્વે, અહીં જંબૂદ્વીપ દ્વીપમાં હૈરણ્યવત ક્ષેત્ર કહેલ છે. એ પ્રમાણે હૈમવંત ક્ષેત્રવત્ હૈરણ્યવંત કહેવું, વિશેષ એ કે – દક્ષિણમાં જીવા, ધનુ ઉત્તરમાં, બાકી બધું પૂર્વવત્.*

*ભગવન્ ! હૈરણ્યવંત ક્ષેત્રમાં માલ્યવંતપર્યાય નામે વૃત્તવૈતાઢ્ય પર્વત ક્યાં કહેલ છે ? ગૌતમ ! સુવર્ણકૂલાનદીની પશ્ચિમે, રૂપ્યકૂલાનદીની પૂર્વે, અહીં હૈરણ્યવંત ક્ષેત્રના બહુમધ્યદેશ ભાગમાં માલ્યવંત પર્યાય નામે વૃત્તવૈતાઢ્ય પર્વત કહેલ છે. જેમ શબ્દાપાતી કહ્યો તેમ માલ્યવંત પર્યાય પણ જાણવો. અર્થ-ઉત્પલ, પદ્મો માલ્યવંત પ્રભાવાળા - માલ્યવંત વર્ણના-માલ્યવંતવર્ણાભા છે, પ્રભાસ, નામે અહીં મહર્દ્ધિક. પલ્યોપમસ્થિતિક દેવ વસે છે, તે કારણે૦ રાજધાની ઉત્તરમાં છે.*

*ભગવન્ ! કયા કારણે તેને હૈરણ્યવંત ક્ષેત્ર કહે છે ? ગૌતમ ! હૈરણ્યવંત ક્ષેત્ર રુકમી તથા શિખરી વર્ષધર પર્વતોથી બે બાજુથી ઘેરાયેલ, નિત્ય હિરણ્ય દે છે, નિત્ય હિરણ્ય છોડે છે, નિત્ય હિરણ્ય પ્રકાશિત કરે છે, તથા હૈરણ્યવંત નામે દેવ અહીં વસે છે, તે કારણે૦*

*ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં શિખરી નામે વર્ષધર પર્વત ક્યાં કહેલ છે ? ગૌતમ ! હૈરણ્યવંતની ઉત્તરે, ઐરાવતની દક્ષિણે, પૂર્વ લવણ સમુદ્રની પશ્ચિમે, પશ્ચિમી લવણ સમુદ્રની પૂર્વે૦ એ પ્રમાણે જેમ લઘુહિમવંત પર્વત કહ્યો, તેમ શિખરી પર્વત પણ કહેવો. વિશેષ એ કે – જીવા દક્ષિણમાં, ધનુ ઉત્તરમાં, બાકી બધું પૂર્વવત્.*

*શિખરી પર્વત ઉપર પુંડરીક દ્રહ છે. તેના દક્ષિણ દ્વારથી સુવર્ણકૂલા મહાનદી નીકળે છે. તે રોહિતાંશા નદીની માફક પૂર્વ લવણસમુદ્રમાં જઈને મળે છે.*

*એ પ્રમાણે જેમ ગંગાસિંધુ મહાનદીઓ છે, તેમજ અહીં રક્તા અને રક્તવતી મહાનદી જાણવી. રક્તા પૂર્વમાં અને રક્તવતી પશ્ચિમમાં વહે છે. બાકી બધું પૂર્વવત્ કહેવું.*

*ભગવન્ ! શિખરી વર્ષધર પર્વતમાં કેટલા કૂટો કહેલા છે ? ગૌતમ ! અગિયાર કૂટો કહેલા છે, તે આ પ્રમાણે – (૧) સિદ્ધાયતન કૂટ, (૨) શિખરી કૂટ, (૩) હૈરણ્યવંત કૂટ, (૪) સુવર્ણકૂલા કૂટ, (૫) સુરાદેવી કૂટ, (૬) રક્તા કૂટ, (૭) લક્ષ્મી કૂટ, (૮) રક્તાવતી કૂટ, (૯) ઈલાદેવી કૂટ, (૧૦) ઐરવત કૂટ અને (૧૧) તિગિંછિ કૂટ. બધાં કૂટો ૫૦૦ યોજન ઉંચા છે. તેમના અધિષ્ઠાતાની રાજધાની મેરુની ઉત્તરમાં છે.*

*ભગવન્! કયા કારણે તેને શિખરીવર્ષધર પર્વત કહે છે? ગૌતમ! શિખરી વર્ષધર પર્વતમાં ઘણાં કૂટો શિખરી સંસ્થાન સંસ્થિત છે. તે સર્વે રત્નમય છે. તથા શિખરી નામે દેવ યાવત્ અહીં વસે છે. તે કારણથી તેને શિખરી પર્વત કહે છે.*

*ભગવન્! જંબૂદ્વીપ દ્વીપમાં ઐરવત નામે વર્ષક્ષેત્ર ક્યાં કહેલ છે? ગૌતમ! શિખરી પર્વતની ઉત્તરમાં, ઉત્તર લવણ સમુદ્રની દક્ષિણે, પૂર્વી લવણસમુદ્રની પશ્ચિમે,*

***પશ્ચિમી લવણસમુદ્રની પૂર્વે, અહીં જંબૂદ્વીપ દ્વીપમાં ઐરાવત નામે ક્ષેત્ર કહેલ છે.***

***ઐરવતક્ષેત્ર સ્થાણુ બહુલ, કંટક બહુલ છે. એ પ્રમાણે જેમ ભરતક્ષેત્રની વક્તવ્યતા છે. તેમજ બધુ સંપૂર્ણ ઐરવતમાં પણ જાણવું. તે છ ખંડ સાધન સહિત, નિષ્ક્રમણ સહિત, પરિનિર્વાણ સહિત છે. ફર્ક માત્ર એ કે – ઐરવત નામે ચક્રવર્તી છે, ઐરાવત નામે ત્યાં દેવ છે. તે કારણે ઐરવતક્ષેત્ર એવું નામ છે.***

**● વિવેચન-૨૦૯ થી ૨૧૧ :-**

પ્રશ્ન સ્પષ્ટ છે. ઉત્તર સૂત્રમાં નીલવંતની ઉત્તરમાં, રુક્મિ-હવે કહેવાનાર પાંચમો વર્ષધર પર્વતની દક્ષિણમાં, એ પ્રમાણે જેમ હરિવર્ષ તેમજ રમ્યક્ ક્ષેત્ર કહેવું. જે વિશેષ છે તે નવરં ઈત્યાદિથી સૂત્રકારે સાક્ષાત્ કહેલ છે, જે સ્પષ્ટ છે.

હવે જે નારીકાંતાનદી કહી તે રમ્યક્ ક્ષેત્રમાં જાય છે, ગંધાપાતી વૃત્ત વૈતાઢ્યને એક યોજન દૂરથી૦, તો આ ગંધાપાતી ક્યાં છે? તેમ પૂછે છે. ભગવન્! રમ્યક્ ક્ષેત્રમાં ગંધાપાતી વૃત્ત વૈતાઢ્ય ક્યાં છે? ગૌતમ! નરકાંતા મહાનદીની પશ્ચિમે નારીકાંતાની પૂર્વે, રમ્યક્ વર્ષના બહુ મધ્યદેશ ભાગમાં અહીં ગંધાપાતી વૃત્તવૈતાઢ્ય છે.

જેમ વિકટાપાતી, હરિવર્ષ ક્ષેત્ર સ્થિત વૃત્તવૈતાઢ્યના ઉચ્ચત્વ આદિ છે, તેમજ ગંધાપાતીના પણ કહેવા. જે સવિસ્તર નિરૂપિત શબ્દાપાતીનો અતિદેશ છોડીને વિકટાપાતીનો અતિદેશ કર્યો, તેમાં તુલ્ય ક્ષેત્ર સ્થિતિકત્વ હેતુ છે. અહીં જે વિશેષ છે, તે કહે છે –

અર્થ આ રીતે – કહેવાનાર ઘણાં ઉત્પલો યાવત્ ગંધાપતિ નામે ત્રીજા વૃત્તવૈતાઢ્ય છે, તે વર્ણના અર્થાત્ ગંધાપાતી વર્ણ સમાન, કેમકે રક્તવર્ણી છે, ગંધાપાતી વૃત્ત વૈતાઢ્ય આકારના કેમકે બધે સમપણે છે, તે વર્ણ, તે આકારત્વથી ગંધાપાતી કહે છે.

અહીં પદ્મ નામે મહર્દ્ધિક, પલ્યોપમસ્થિતિક દેવ વસે છે, તેથી તેના યોગથી, તેના સ્વામીત્વથી ગંધાપાતી, વિસદૃશ નામ છતાં નામના અન્વર્થની ઉપપત્તિ, પૂર્વે કહેલ છે. - x -

હવે રમ્યક્ ક્ષેત્રના નામનું કારણ કહે છે – ભગવન્ ! કયા કારણથી રમ્યક્ક્ષેત્રને રમ્યક્ક્ષેત્ર કહે છે ? ગૌતમ ! રમ્યક્ વર્ષ - વિવિધ કલ્પવૃક્ષોથી ક્રીડા કરે છે, સ્વર્ણમણિ ખચિત એવા પ્રદેશોથી અતિ રમણીયપણે રતિ વિષયતાને લાવે છે, માટે રમ્ય, રમ્યથી રમ્યક્, રમણીય - આ ત્રણે એકાર્થિક શબ્દો છે. તે રમ્યતાના અતિશયના પ્રતિપાદનાર્થે છે. રમ્યક્ દેવ યાવત્ ત્યાં વસે છે, તેથી રમ્યક.

હવે પાંચમો વર્ષધર - જંબૂદ્વીપ દ્વીપમાં રુક્મી નામે વર્ષધર પર્વત ક્યાં કહેલ છે ? ગૌતમ ! રમ્યક્ વર્ષની ઉત્તરમાં, કહેવાનાર હૈરણ્યવત ક્ષેત્રની દક્ષિણમાં, ઈત્યાદિ સૂત્રાર્થવત્ જાણવું.

રુક્મી પર્વત પૂર્વ-પશ્ચિમ લાંબો, ઉત્તર-દક્ષિણ પહોળો, એ પ્રમાણે જેમ મહાહિમવંત વર્ષધરની વક્તવ્યતા છે, તેમજ રુક્મિની પણ જાણવી. પરંતુ દક્ષિણમાં જીવા, ઉત્તરમાં ધનુઃપૃષ્ઠ કહેવું. બાકી વ્યાસ આદિ બીજા વર્ષધરના પ્રકરણમાં કહેલ છે, તેમ જાણવા.



અહીં મહાપુંડરીક દ્રહ છે, તે મહાપદ્મદ્રહ સમાન જાણવો. અહીંથી નીકળી-દક્ષિણ દ્વારેથી નરકાંતા મહાનદી જાણવી.

અહીં કઈ નદી કહેવી ? તે જણાવે છે - જેમ રોહિતા પૂર્વથી સમુદ્રમાં જાય છે – જેમ રોહિતા મહાહિમવંતના મહાપદ્મદ્રહથી દક્ષિણથી નીકળીને પૂર્વ સમુદ્રમાં જાય છે, તેમ આ પણ પ્રસ્તુત વર્ષધરથી દક્ષિણથી નીકળી પૂર્વમાં સમુદ્રમાં મળે છે. રૂપ્યકૂલા ઉત્તર તોરણથી નીકળતી જાણવી. જેમ હરિકાંતા હરિવર્ષક્ષેત્ર વાહિની મહાનદી પશ્ચિમ સમુદ્રમાં જાય છે.

હવે નરકાંતાના સમાન ક્ષેત્ર વર્તિત્વથી હરિકાંતાથી રૂપ્યકૂલા પણ રોહિતાના અતિદેશથી કહેવી યોગ્ય છે તેથી કહે છે – ગિરિગંતવ્ય, મુખ, મૂલ, વ્યાસ, નદી સંપદાદિ તેમજ કહેવા. કેમકે સમાન ક્ષેત્રવર્તી નદી પ્રકરણોક્ત જ છે. ઈત્યાદિ - x - x -

હવે કૂટ વક્તવ્યતા કહે છે – ભગવન્ ! રુક્મિ પર્વતમાં કેટલા કૂટો કહેલા છે ? ગૌતમ ! આઠ કૂટો કહેલા છે, તે આ પ્રમાણે – પહેલો સમુદ્રની દિશામાં સિદ્ધાયતનકૂટ, પછી પાંચમાં વર્ષધરના સ્વામીનો રુક્મિકૂટ, રમ્યક્ક્ષેત્રાધિપતિદેવનો રમ્યકૂટ, નરકાંતાદેવીકૂટ, બુદ્ધિકૂટ, મહાપુંડરીદ્રહ દેવીકૂટ, રૂપ્યકૂલાનદી દેવીકૂટ, હૈરણ્યવંત ક્ષેત્રાધિપતિ દેવનો હૈરણ્યવંતકૂટ, મણિકાંચન કૂટ.

ઉક્ત બધાં કૂટ ૫૦૦ યોજન ઉંચા છે. તે કૂટાધિપતિ દેવોની રાજધાનીઓ ઉત્તરમાં છે. હવે તેના નામ નિદાનને કહે છે –

ભગવન્ ! કયા કારણે તેને રુક્મી વર્ષધર પર્વત કહે છે ? ગૌતમ ! રુક્મી વર્ષધર પર્વત, અહીં રુક્મ-રૂપ્ય શબ્દો એકાર્થક છે, તેથી તે જ્યાં છે તે રુક્મી, એ સદા રૂપ્યમય, શાશ્વતિક છે. રૂપાની જેમ બધે અવભાસ-પ્રકાશ, ભાસ્વરત્વથી જેને છે તે. આ જ વાત કહે છે – સંપૂર્ણતયા રૂપ્યમય છે, રુક્મી અહીં દેવતા છે, તેના હોવાથી, તેના સ્વામીત્વથી રુક્મી એમ કહેવાય છે.

હવે છઠ્ઠો વર્ષધર કહે છે – ભગવન્! જંબૂદ્વીપમાં હૈરણ્યવંત નામે ક્ષેત્ર ક્યાં કહેલ છે? ગૌતમ! રુક્મી પર્વતની ઉત્તરમાં, કહેવાનાર શિખરી વર્ષધરની દક્ષિણમાં ઈત્યાદિ સૂત્રાર્થવત્. ઉક્ત આલાવાથી જેમ હૈમવત કહ્યું, તેમ હૈરણ્યવંત પણ કહેવું. - x -

હવે માલ્યવંત પર્યાય વૃત્તવૈતાઢ્ય ક્યાં છે ? તે પૂછે છે – ભગવન્ ! હૈરણ્યવંત ક્ષેત્રમાં માલ્યવંત નામે વૃત્તવૈતાઢ્ય પર્વત ક્યાં છે ? ગૌતમ ! સુવર્ણકુલામાં અહીં જ ક્ષેત્રમાં પૂર્વગામી મહાનદીઓ છે, પશ્ચિમથી રૂપ્યકૂલા, અહીં પશ્ચિમગામી મહાનદીઓ છે. પૂર્વથી હૈરણ્યવંત વર્ષક્ષેત્રના બહુમધ્યદેશ ભાગમાં અહીં માલ્યવંત પર્યાય નામે વૃત્ત વૈતાઢ્ય પર્વત કહેલ છે. જેમ શબ્દાપાતી તેમ માલ્યવંત કહેવો. વિશેષ એ કે – અહીં અર્થ આ પ્રમાણે છે –

ઉત્પલ-પદ્મ, ઉપલક્ષણથી શતપત્રાદિ, માલ્યવંત જેવી પ્રભાવાળા, માલ્યવંત વર્ણના, માલ્યવંત વર્ણાભાવાળા છે. પ્રભાસ નામે અહીં પલ્યોપમ સ્થિતિક દેવ વસે છે. તેથી૦ પૂર્વવત્. તેની રાજધાની મેરુની ઉત્તરમાં છે, શબ્દાપાતીની દક્ષિણમાં છે.

હવે હૈરણ્યવંત નામનો અર્થ પૂછે છે — ભગવન્ ! કયા હેતુથી તેને હૈરણ્યવંત ક્ષેત્ર કહે છે ? ગૌતમ ! હૈરણ્યવંત ક્ષેત્ર રુકિમ અને શિખરી વર્ષધર પર્વતો વડે બંને તરફથી - દક્ષિણ અને ઉત્તર પાર્શ્વથી સમાલિંગિત અર્થાત્ સીમા કરાયેલ છે. હવે કઈ રીતે આ બંને દ્વારા સમાલિંગિતપણાથી આનું હૈરણ્યવત નામ સિદ્ધ છે ?

રુકમી અને શિખરી, એ બંને પર્વતો યથાક્રમે રૂપ્ય અને સુવર્ણમય છે. તેમાં તેથી વિદ્યમાન હિરણ્યશબ્દથી સુવર્ણ અને રૂપ્ય, પછી હિરણ્ય-સુવર્ણ જેમાં વિદ્યમાન છે, તેથી હિરણ્યવંત, શિખરી હિરણ્ય-રૂપ્ય વિદ્યમાન જેમાં છે તે હિરણ્યવંત-રુકમી, બંને હિરણ્યવંત છે, તેથી આ હૈરણ્યવંત કહ્યું.

અથવા લોકો દ્વારા હિરણ્યના આસનપ્રદાનાદિ વડે અપાય છે, અથવા દર્શન મનોહારીપણે તે-તે પ્રદેશમાં લોકો વડે હિરણ્ય પ્રકાશ કરાય છે. તેથી કહે છે — ત્યાં ઘણાં યુગલિક મનુષ્યોને બેસવા-સુવા આદિરૂપ ઉપભોગ્ય યોગ્ય હિરણ્યમય શિલાપટ્ટકો છે અને દેખાય છે. તે મનુષ્યો તે-તે પ્રદેશમાં મનોહારી હિરણ્યમય નિવેશ છે. તેથી હિરણ્ય-પ્રશસ્ય-પ્રભૂત-નિત્યયોગી જેમાં છે તે હિરણ્યવત્, તેથી જ હૈરણ્યવંત નામ છે.

અથવા હૈરણ્યવત નામે અહીં પલ્યોપમસ્થિતિક દેવ આધિપત્ય અને પરિપાલન કરે છે. તેથી તેના સ્વામીપણાથી આ ક્ષેત્ર હૈરણ્યવંત નામે ઓળખાય છે.

હવે છટ્ઠો વર્ષધર પર્વત — ભગવન્ ! જંબૂદ્વીપદ્વીપમાં શિખરી નામે વર્ષધર પર્વત ક્યાં કહેલ છે ? ગૌતમ ! હૈરણ્યવંતની ઉત્તરે, ઐરાવત-કહેવાનાર સાતમા ક્ષેત્રની દક્ષિણે ઈત્યાદિ પૂર્વવત્.

એ પ્રમાણે ઉક્ત આલાવાથી જેમ લઘુહિમવંત કહ્યો, તેમ શિખરી પર્વત પણ કહેવો. વિશેષ આ - જીવા દક્ષિણમાં, ધનુ ઉત્તરમાં છે. બાકી બધું પૂર્વવત્. લઘુ હિમવંત પ્રકરણમાં કહ્યા મુજબ છે.

તેમાં પુંડરીક દ્રહ છે, તેમાંથી સુવર્ણકૂલા મહાનદી દક્ષિણથી નીકળેલ જાણવી. પરિવારાદિ રોહિતાંશા માફક જાણવો. તે પશ્ચિમ સમુદ્રમાં પ્રવેશે છે અને આ નદી પૂર્વમાં પ્રવેશે છે.

એ પ્રમાણે ઉક્ત આલાવાથી સુવર્ણકૂલાના રોહિતાંશા અતિદેશ ન્યાયથી, જે પ્રમાણે ગંગા-સિંધુ, તે પ્રમાણે રક્તા-રક્તવતી જાણવી. તેમાં પણ દિશાને કહે છે — પૂર્વમાં રક્તા, પશ્ચિમમાં રક્તવતી. બાકી બધું ગંગાસિંધુ પ્રકરણમાં કહ્યા મુજબ સંપૂર્ણ જાણવું.

હવે અહીં કૂટ વક્તવ્યતા — ભગવન્ ! શિખરી પર્વતમાં કેટલા કૂટો કહેલા છે ? ગૌતમ ! અગિયાર કૂટો કહેલા છે, તે આ રીતે — પૂર્વમાં સિદ્ધાયતન કૂટ, પછી ક્રમથી શિખરી વર્ષધર નામથી - શિખરીકૂટ, હૈરણ્યવત ક્ષેત્રદેવકૂટ, સુવર્ણકૂલાનદી દેવી કૂટ, સુરા દેવી દિક્કુમારી કૂટ, રક્તાવર્તન કૂટ, લક્ષ્મીકૂટ-પુંડરીક દેવી કૂટ, રક્તાવતી આવર્તન કૂટ, ઈલાદેવી દિક્કુમારી કૂટ, તિગિંછિદ્રહપતિ કૂટ. એ પ્રમાણે આ બધાં કૂટો ૫૦૦ યોજન ઉંચા જાણવા. લઘુહિમવંતકૂટ તુલ્ય વક્તવ્યતા જાણવી. એમના સ્વામીની રાજધાની ઉત્તરમાં છે.

હવે તેના નામનું કારણ પૂછે છે — ભગવન્ ! કયા કારણે તેને શિખરી વર્ષધર



પર્વત કહે છે ? ગૌતમ ! શિખરી પર્વતે ઘણાં કૂટો શિખરીવૃક્ષ, તે સંસ્થાને સંસ્થિત છે, તે સર્વ રત્નમય છે, તેના યોગથી શિખરી. શો અર્થ છે ? અહીં વર્ષધર પર્વતમાં જે સિદ્ધાયતન કૂટાદિ ૧૧-કૂટો કહે છે, તેથી અતિરિક્ત ઘણાં શિખરો વૃક્ષાકાર પરિણત છે. - x - અથવા અહીં શિખરી નામે મહર્દ્ધિક યાવત્ પલ્યોપમસ્થિતિક દેવ વસે છે તેના સ્વામીકત્વથી શિખરી૦

હવે સાતમું વર્ષ-ક્ષેત્રનો અવસર - ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં ઐરવત નામે ક્ષેત્ર ક્યાં કહેલ છે ? ગૌતમ ! શિખરી વર્ષધરની ઉત્તરમાં, ઉત્તર દિશાવર્તી લવણ સમુદ્રની દક્ષિણમાં૦ આદિ પૂર્વવત્. અહીં જંબૂદ્વીપમાં ઐરાવત નામે ક્ષેત્ર કહેલ છે. - x - જેમ ભરતની વક્તવ્યતા છે, તે જ અહીં પણ સંપૂર્ણ કહેવી.

જેમ મેરુના દક્ષિણ ભાગમાં છે, તેમ સંપૂર્ણપણે ઉત્તર ભાગમાં પણ થાય છે. જેમકે વૈતાઢ્ય વડે બે ભાગ કરાયેલ ભરત ઈત્યાદિ કહ્યા, તે પ્રમાણે ઐરવત પણ જાણવું.

તે કઈ રીતે ? એ કહે છે — सओअवणा - છ ખંડરૂપ ઐરવત ક્ષેત્રની સાધના સહિત. સનિષ્ક્રમણા - દીક્ષા કલ્યાણકના વર્ણન સહિત, સપરિનિર્વાણ - મુક્તિગમન કલ્યાણક સહિત. ફર્ક માત્ર એ કે —

રાજનગરી ક્ષેત્રદિગ્ અપેક્ષાથી ઐરાવત ઉત્તરાર્દ્ધ મધ્યમાં તાપ ક્ષેત્રાદિશા અપેક્ષાથી આ પણ દક્ષિણાર્દ્ધ જ છે. કેવળ અહીં શાસ્ત્રમાં ક્ષેત્ર-દિશા અપેક્ષાથી વ્યવહાર ક્ષેત્રદિક્ છે. - x -

તથા વૈતાઢ્યની અહીં વિપર્યય નગર સંખ્યા, જગતીના અનુરોધથી ક્ષેત્રસંકીર્ણર્યથી તેમ કહ્યું.

તે પ્રમાણે ઐરવત નામે ચક્રવર્તી વક્તવ્યતા છે. શો અર્થ છે ? જેમ ભરતક્ષેત્રમાં ભરત ચક્રવર્તી, તેનું દિગ્વિજય નિષ્ક્રમણાદિ નિરૂપેલ છે, તે પ્રમાણે ઐરવતચક્રવર્તીનું કહેવું. આના વડે ઐરવતના સ્વામીપણાના યોગથી ઐરાવત નામ સિદ્ધ છે. અથવા ઐરાવત એ નામ વડે અહીં મહર્દ્ધિક યાવત્ પલ્યોપમસ્થિતિક દેવ વસે છે, તે અધ્યાહાર છે. તેથી તેના સ્વામીપણાથી ઐરાવત ક્ષેત્ર કહેવાય છે. એ નિગમન વાક્ય સ્વયં કહી લેવું.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**વક્ષસ્કાર-૪-નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

# ૦-ભાગ-૨૬-પૂર્ણ-૦

# આગમ સટીક અનુવાદનું વિભાગીકરણ

| આગમનું નામ | ભાગ ક્રમાંક |
|---|---|
| આચારાંગ | ૧ અને ૨ |
| સૂત્રકૃતાંગ | ૩ અને ૪ |
| સ્થાનાંગ | ૫ થી ૭ |
| સમવાયાંગ | ૮ |
| ભગવતી | ૯ થી ૧૩ |
| જ્ઞાતાધર્મકથા | ૧૪ |
| ઉપાસકદશા, અંતકૃત્‌દશા,<br>અનુત્તરોપપાતિકદશા, પ્રશ્નવ્યાકરણ | ૧૫ |
| વિપાકશ્રુત, ઔપપાતિક | ૧૬ |
| રાજપ્રશ્નીય | ૧૭ |
| જીવાજીવાભિગમ | ૧૭ થી ૧૯ |
| પ્રજ્ઞાપના | ૨૦ થી ૨૨ |
| સૂર્ય/ચંદ્ર-પ્રજ્ઞપ્તિ | ૨૩,૨૪ |
| જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ | ૨૫ થી ૨૭ |
| નિરયાવલિકા પંચક અને પયન્નાસૂત્રો-૧૦+૧ | ૨૮ |
| નિશીથ, વ્યવહાર, બૃહત્કલ્પ<br>દશાશ્રુતસ્કંધ અને જીતકલ્પ | ૨૯ |
| મહાનિશીથ | ૩૦ |
| આવશ્યક | ૩૧ થી ૩૪ |
| પિંડનિર્યુક્તિ, ઓઘનિર્યુક્તિ | ૩૫ |
| દશવૈકાલિક | ૩૬ |
| ઉત્તરાધ્યયન | ૩૭ થી ૩૯ |
| નંદીસૂત્ર | ૪૦ |
| અનુયોગદ્વાર | ૪૧ |
| કલ્પ (બારસા) સૂત્ર | ૪૨ |

॥ नमो नमो निम्मलदंसणस्स ॥

# આગમસૂત્ર

## સટીક અનુવાદ

૨૭

અનુવાદ શ્રેણી સર્જક -

**મુનિ દીપરત્નસાગર**

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ
नमो नमो निम्मलदंसणस्स
પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# આગમસટીક અનુવાદ

# જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ-૩

-: અનુવાદ-શ્રેણીના સર્જક :-

## મુનિ દીપરત્નસાગર

તા. ૨૩/૧૦/૨૦૦૯ શુક્રવાર ૨૦૬૬ કા.સુ.૫

આગમ સટીક અનુવાદ
ભાગ ૧ થી ૪૨ સંપૂર્ણ
મૂલ્ય-રૂા-૧૦,૦૦૦

૦ શ્રી શ્રુત પ્રકાશન નિધિ ૦

સંપર્ક સ્થળ
આગમ આરાધના કેન્દ્ર, શીતલનાથ સોસાયટી
ફ્લેટ નં. ૧૩, ચોથે માળે, બ્હાઈ સેન્ટર,
ખાનપુર, અમદાવાદ.





## આગમ સટીક અનુવાદના
આ ભાગ - ૨૭ માં છે...

૦ જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ-

ઉપાંગસૂત્ર-૭ ના...

—૦— વક્ષસ્કાર-૫

—૦— વક્ષસ્કાર-૬

—૦— વક્ષસ્કાર-૭

-- x -- x -- x -- x -- x -- x -- x --

-: ટાઈપ સેટીંગ :-
શ્રી મહાકાલી એન્ટરપ્રાઈઝ
ચાંદલોડિયા, અમદાવાદ.
(M) 9824419736

-: મુદ્રક :-
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ, અમદાવાદ.
Tel. 079-25508631

## ૦ વંદના એ મહાન્ આત્માને ૦

વિક્રમ સંવત-૨૦૬૧માં ફાગણસુદ-3 નો દિવસ અને મંગલપારેખના ખાંચામાં શ્રી શાંતિનાથ પરમાત્માની વર્ષગાંઠનો પ્રસંગ, અતિભવ્ય અને ઘણી જ લાંબી રથયાત્રાના પ્રયાણની ઘડીએ, આગમોના ટીકા સહિતના અનુવાદ કરવા માટેની મનોભાવનાનું જેમના મુખેથી વચન પ્રાગટ્ય થયું, અંતરના આશીર્વાદ, સૂરિમંત્રથી અભિમંત્રિત વાસ ચૂર્ણનો ક્ષેપ અને ધનરાશિની જવાબદારીના યથાશક્ય સ્વીકાર સહ જેમની કાર્ય પ્રેરણાની સરવાણીમાં ભીંજાતા મારા ચિત્તે આશિર્ષ અનેરો હર્ષોલ્લાસ અનુભવ્યો. જેમની હયાતી દરમ્યાન કે હયાતી બાદ પણ, જેમના નામસ્મરણ માત્રથી આ કાર્ય વિઘ્નરહિતપણે મૂર્ત સ્વરૂપને પામ્યું, એવા...

**પૂજ્ય આચાર્યશ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજી મ૰ ના**

**ચરણ કમળમાં સાદર કોટીશઃ વંદના**

## ૦ કેમ ભૂલાય એ ગુરુદેવને પણ ? ૦

ચારિત્ર પ્રતિ અંતરંગ પ્રીતિથી યુક્ત, અનેક આત્માઓને પ્રવ્રજ્યા માર્ગે પ્રયાણ કરાવનાર, સંયમમૂર્તિ, પ્રતિ વર્ષ ઉપધાન તપ વડે શ્રાવકધર્મના દીક્ષા દાતા, શારીરિક સમસ્યાઓ વચ્ચે પણ બંને શાશ્વતી ઓળીની આરાધનાને ન ચૂકનારા, સાગર સમુદાયમાં ગચ્છાધિપતિ પદને શોભાવનારા અને સમર્થ શિષ્ય પરિવારયુક્ત એવા મહાન વિભૂતિરત્ન–

**પૂજ્ય આચાર્યશ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ૰**

જેમના આજીવન અંતેવાસી, શાસનપ્રભાવક

**પૂજ્ય આચાર્યશ્રી હર્ષસાગરસૂરિજી મ.સા.**

જેમણે આ અનુવાદ કાર્ય માટે ઘણાં વર્ષો પૂર્વે પ્રેરણા કરેલી અને આ કાર્ય સાદ્યંત પાર પહોંચાડવા માટે વિપુલ ધનરાશિ મોકલાવી.

*ઉક્ત બંને આચાર્ય ભગવંતોની અસીમ કૃપા અને તેઓ દ્વારા પ્રેરિત સંઘો થકી થયેલ ધનવર્ષાના બળે પ્રસ્તુત કાર્ય મૂર્તસ્વરૂપ પામ્યું.*



**આગમ સટીક અનુવાદના**

**આ ભાગ ૨૭ ની**

**સંપૂર્ણ દ્રવ્ય સહાયના પ્રેરણાદાતાશ્રી**

**પૂજ્ય સુવિશાલ ગચ્છાધિપતિ આ.દેવ**

**શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.ના**

**સમુદાયવર્તી**

***પંન્યાસપ્રવર પૂજ્ય વજ્રસેનવિજયજી મ.***

**તેઓશ્રીની પ્રેરણાથી લાભલેનાર**

**શ્રી હાલારતીર્થ આરાધના ધામ**

**વડાલિયા, સીંહણ**

# અનુદાન દાતા

**આગમ સટીક અનુવાદના કોઈ એક ભાગના સંપૂર્ણ સહાયદાતા**

સચ્ચારિત્ર ચુડામણી પૂજ્ય ગચ્છાધિપતિ સ્વ૦ આચાર્યદેવ
શ્રીમદ્ દેવેન્દ્રસાગરસૂરીશ્વરજીના આજીવન અંતેવાસી
**સદ્‌ગુણાનુરાગી પૂજ્ય આ૦દેવશ્રી હર્ષસાગરસૂરિજી મ.ની**
જ્ઞાનઅનુમોદક પ્રેરણાથી પ્રેરિત
શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ
તથા શ્રી શેઠ ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, સુરત.
**૧૬ ભાગોના સંપૂર્ણ સહાયક થયેલ છે.**

**પરમપૂજ્ય સરળ સ્વભાવી, ભદ્રિક પરિણામી, શ્રુતાનુરાગી**
**સ્વ૦ આચાર્યદેવશ્રી વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની**

પુનિત પ્રેરણાથી ૧૦ ભાગો માટે
નીચેના સંઘો સહાયક થયા છે.

(૧) શ્રી મંગલપારેખનો ખાંચો, જૈનસંઘ, અમદાવાદ — બે ભાગ.
(૨) શ્રી ભાવનગર જૈન શ્વે૦મૂ.પૂ. સંઘ, ભાવનગર — બે ભાગ.
(૩) શ્રી આદિનાથ જૈન શ્વે૦ મૂ.પૂ. સંઘ, નવસારી — બે ભાગ.
(૪) શ્રી ગિરિરાજ સોસાયટી આદિનાથ જૈન સંઘ, બોટાદ — બે ભાગ.
(૫) શ્રી જૈન શ્વે૦ મૂ.પૂ. તપાગચ્છ સંઘ, બોટાદ — એક ભાગ.
(૬) શ્રી પાર્શ્વભક્તિધામ જૈન ધાર્મિક ટ્રસ્ટ, તણસા — એક ભાગ.

*[પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજીની પ્રેરણાથી તેમના સમુદાયવર્તી શ્રમણીવર્યાઓ તરફથી પ્રાપ્ત સહાયની નોંધ આગળ છે.]*

સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી વૈયાવચ્ચ પરાયણ **પંન્યાસ પ્રવર શ્રી વજ્રસેનવિજયજી મ.સા.**ની પ્રેરણાથી એક ભાગ- શ્રી હાલારતીર્થ આરાધના ધામ, વડાલિયા, સીંહણ, તરફથી

આગમ સટીક અનુવાદ શ્રેણીના સર્જક **મુનિશ્રી દીપરત્નસાગરજી**ની પ્રેરણાથી આ બે દાતાઓએ મળીને એક ભાગ માટે સહાય કરી છે.

(૧) શ્રી જૈન શ્વે૦ મૂર્તિ૦ સંઘ, થાનગઢ

(૨) શાહ હંજારીમલજી ભૂરમલજી, કર્નૂલ.

**પૂ૦પૂ૦ ક્રિયારૂચિવંત, પ્રભાવક, આદેય નામકર્મધર સ્વર્ગસ્થ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજીથી પ્રેરિત પુન્યવંતી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત અનુદાનો**

૧- વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ભક્તિસૂરીશ્વરજી સમુદાયવર્તી મિલનસાર **સાધ્વીશ્રી સૌમ્યપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી ત્રણ ભાગો માટેની દ્રવ્ય સહાય પ્રાપ્ત થઈ છે, તે આ પ્રમાણે—

- (૧) શ્રી કારેલીબાગ, શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, વડોદરા.
- (૨) શ્રી કારેલીબાગ, જૈન સંઘની શ્રાવિકા બહેનો, વડોદરા.
- (૩) શ્રી ભગવાન નગરનો ટેકરો, જૈનસંઘ, અમદાવાદ.

૨- સુવિશાળ પરિવારયુક્તા **સાધ્વીશ્રી ભાવપૂર્ણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી "શ્રી ક્ષેત્રપાલ ભક્તિ ટ્રસ્ટ" - નવસારી તરફથી.

૩- વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યદેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **પ.પૂ. સાધ્વીશ્રી ધ્યાનરસાશ્રીજી તથા સાધ્વીશ્રી પ્રફુલ્લિતાશ્રીજી**ની પ્રેરણાથી -

"શ્રી માંગરોળ જૈન શ્વે૦ તપ૦ સંઘ, માંગરોળ - તરફથી.

૪- પરમપૂજ્યા જયશ્રીજી-લાવણ્યશ્રીજી મ૦ના પરિવારવર્તીની **સાધ્વીશ્રી સત્યાનંદશ્રીજી મ.સા.**ની પુનિત પ્રેરણાથી
"શ્રી ગાંધીનગર જૈન સંઘ, બેંગલોર - તરફથી."

૫- પરમપૂજ્ય ક્રિયારૂચીવંત આ૦દેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **શ્રમણીવર્યા મોક્ષનંદિતાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી વલ્લભનગર જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ, વલ્લભનગર, ઈન્દૌર

**પરમપૂજ્ય આગમોદ્ધારક, સામાચારી સંરક્ષક, બહુશ્રુત આચાર્યદેવ આનંદસાગરસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી શ્રુત અનુરાગીણી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત સહાયો.**

(૧) પરમપૂજ્યા નીડરવક્તા **સાધ્વીશ્રી ચંદ્રયશાશ્રીજી** મ૦થી પ્રેરિત
-૧- શ્રી ત્રિલોકપદ્મ ચિંતામણિધામ જૈન સંઘ, અંધેરી, મુંબઈ.
-૨- શ્રી મહાવીરનગર જૈન દહેરાસરજી ટ્રસ્ટ, નવસારી.

(૨) અપ્રતિમ વૈયાવૃત્ત્યકારિકા પ.પૂ. મલય-પ્રગુણાશ્રીજી મ૦ના શિષ્યા સુસંવાદી પરિવારયુક્તા **સાધ્વીશ્રી પ્રશમશીલાશ્રીજી** મ૦ના શ્રુતાનુરાગી શિષ્યા સા૦શ્રી પ્રશમરત્નાશ્રીજીની પ્રેરણાથી-
"શ્રી શ્વેતાંબર જૈન તપાગચ્છ સંઘ," વાંકાનેર.

(૩) પરમપૂજ્યા માતૃહૃદયા **સાધ્વીશ્રી અમિતગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી
- "શ્રી આદિનાથ જૈન શ્વે૦ સંઘ," ભોપાલ.

(૪) પરમપૂજ્યા વર્ધમાનતપસાધિકા, શતાવધાની **સાધ્વીશ્રી અમિત-ગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી-૧૦૦ ઓળીની પૂર્ણાહૂતિ નિમિત્તે
"કરચેલીયા જૈન શ્વે૦ મહાજન પેઢી," કરચેલીયા, સુરત.

(૫) શ્રમણીવર્યા ભક્તિરસિક પૂજ્ય મલયાશ્રીજી મ૦ના વ્યવરદક્ષ શિષ્યા **સાધ્વીશ્રી હિતજ્ઞાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી જૈન મરચન્ટ સંઘની શ્રાવિકા બહેનો, અમદાવાદ.

(૬) પરમપૂજ્યા મલય-કૈવલ્ય-ભવ્યાનંદશ્રીજી મ૦ના સુવિનિતા મિષ્ટ ભાષી, તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પૂર્ણપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી
"સર્વોદય પાર્શ્વનાથ ચેરિટેબલ ટ્રસ્ટ," મુંબઈ

## આગમ-સટીક અનુવાદ સહાયકો

(૧) પ.પૂ. ભગવતીજી દેશનાદક્ષ **આ૦દેવશ્રી નરદેવસાગરસૂરિજી મ૦સા૦**ની પ્રેરણાથી - "શ્રી વિશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ," જામનગર.

(૨) વર્ધમાન તપોનિધિ પૂજ્ય આ.દેવ **શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ૦** ની પ્રેરણાથી – "અભિનવ જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ," અમદાવાદ.

(૩) શ્રુતસંશોધનરસિક પૂજ્ય **આ૦દેવશ્રી મુનિચંદ્રસૂરિજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી વિજયભદ્ર ચેરિટેબલ ટ્રસ્ટ," ભીલડીયાજી.

(૪) પ.પૂ. જયલાવણ્યશ્રીજી મ૦સા૦ના સુશિષ્યા **સા૦ સૂર્યપ્રભાશ્રીજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી ભગવતીનગર ઉપાશ્રયની બહેનો," અમદાવાદ.

(૫) પરમપૂજ્યા વરધર્માશ્રીજી મ૦ના શિષ્યા તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પ્રીતિધર્માશ્રીજી** મ૦ની પાવન પ્રેરણાથી.

- (૧) શ્રી પાર્શ્વભક્તિ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, ડોંબીવલી.
- (૨) શ્રી રાજાજી રોડ શ્વે૦મૂ૦પૂ૦ તપા૦ જૈન સંઘ, ડોંબીવલી.

(૬) સ્વનામધન્યા **શ્રમણીવર્યાશ્રી સૌમ્યગુણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી.
"શ્રી પરમ આનંદ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ," પાલડી, અમદાવાદ.

**મુનિ દીપરત્નસાગરજી દ્વારા પ્રકાશિત સાહિત્ય-એક ઝલક**
**કુલ પ્રકાશનોનો અંક-૩૦૧**

## ૧-आगमसुत्ताणि-मूलं

**૪૯-પ્રકાશનો**

આ સંપુટમાં મૂળ આગમો છે. જેમાં ૪૫ આગમો ૪૫ અલગ-અલગ પુસ્તકોમાં મુદ્રિત કરાવાયેલ છે. ચાર વૈકલ્પિક આગમો પણ તેમાં સમાવાઈ ગયેલ છે. એ રીતે ૪૫ + ૪ કુલ (૪૯) આગમોનું આ સંપુટમાં સંપાદન છે. તેમજ પ્રત્યેક સૂત્રને અંતે પૂજ્ય સાગરાનંદસૂરિશ્વરજી સંપાદિત આગમો તથા તેની વૃત્તિના અંકો પણ ટાંક્યા છે.

અમારા આ પ્રકાશનમાં શ્રુતસ્કંધ, શતક/અધ્યયન/વક્ષસ્કાર/પદ, પ્રતિપત્તિ, ઉદ્દેશક, સૂત્ર/ગાથા આદિ સ્પષ્ટતયા જુદા નજરે પડે તેવી વિશિષ્ટ મુદ્રણકલાને પ્રયોજેલ છે. પુસ્તકો અલગ-અલગ અને નાના કદના હોવાથી વાંચન કે કંઠસ્થ કરવાની અતિ સરળતા રહે છે.

૪૫-આગમની પૂજા, પૂજન, રથયાત્રા કે શ્રી ગૌતમસ્વામી પૂજનાદિ માટે અલગ-અલગ પીસ્તાળીશ પુસ્તકો હોવાથી ગોઠવણી સરળ બને છે.

आगमसद्दकोसो, आगमनामकोसो, આગમવિષયદર્શન, આગમકથાનુયોગના મૂળ સંદર્ભ જોવા માટે આ પ્રકાશન વસાવવું જરૂરી જ છે. જેની કિંમત છે રૂા. ૧૫૦૦/-દર્શન-પૂજન માટે આજીવન ઉપયોગી છે.

## ૨. આગમ-ગુજરાતી અનુવાદ

**૪૭-પ્રકાશનો**

આપણા મૂળ આગમો અર્ધમાગધી ભાષામાં છે. જેઓ ભાષાજ્ઞાનથી વંચિત છે, શાસ્ત્રીય કારણોથી આગમના અભ્યાસથી વંચિત રહ્યા છે, આગમોની વાંચના પ્રાપ્ત કરી શકતા નથી ઈત્યાદિ કારણે આગમિક પદાર્થોનું જ્ઞાન પામી શક્યા ન હોય તેવા ભવ્યાત્માઓ શ્રી કલ્પસૂત્ર માફક સરળતાથી આગમોનું વાંચન અને બોધ પ્રાપ્ત કરી શકે, તેમજ ભવભીરુ આત્માઓ પોતાનું જીવન માર્ગાનુસાર બનાવી શકે તેવું પ્રકાશન.

સાત ભાગોમાં સમાવિષ્ટ ૨૮૦૦ જેટલા પૃષ્ઠોમાં પીસ્તાળીશ આગમોનો અક્ષરશઃ અનુવાદ ધરાવતા આ "આગમદીપ" સંપુટમાં બીજા બે વૈકલ્પિક આગમોનું ગુજરાતી પણ આપેલ જ છે.

અંદાજે ૯૦,૦૦૦ શ્લોક પ્રમાણ મૂળ આગમનો આ ગુજરાતી અનુવાદ રૂા. ૨૦૦૦/-ની કિંમતે ઉપલબ્ધ થઈ શકે છે. પણ હાલ તેની એક પણ નકલ બચેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની લોકપ્રિયતાનો પૂરાવો છે. અનેક પૂજ્યશ્રીએ આ ગુજરાતી અનુવાદનો સ્વાધ્યાયાદિ અર્થે ઉપયોગ કરેલો છે.

## ३. आगमसुत्ताणि-सटीकं
### ૪૬-પ્રકાશનો

જેઓને મૂળ આગમો વાંચ્યા પછી તેની વિસ્તૃત સમજ મેળવવી છે. તેમાં રહેલા પદાર્થોને ઊંડાણથી અવગાહવા છે, તેમાં રહેલા તત્ત્વો આધારિત કથા, દૃષ્ટાંત કે દ્રવ્યાનુયોગને જાણવો છે, તેવા વિશિષ્ટ જ્ઞાનપિપાસુ માટેનું અમારું આ ૧૩,૦૦૦ જેટલા પૃષ્ઠોમાં પથરાયેલ અને ત્રીશ ભાગોમાં વિભાજીત એવું દળદાર પ્રકાશન છે.

આ પ્રકાશનમાં મૂળ આગમો પર પ્રાપ્ત બધી જ નિર્યુક્તિઓ, ૩૯ આગમો પરની વૃત્તિ, શેષ આગમોની સંસ્કૃત છાયા, કેટલાંક ભાષ્યો તથા ચૂર્ણિઓ ઈત્યાદિ સર્વે વિવેચનોનો સમાવેશ કરાયેલ છે.

સૂત્રો અને ગાથાના સ્પષ્ટ અલગ વિભાજન, પ્રચુર પેરેગ્રાફ્સ, અધ્યયન, ઉદ્દેશક, સૂત્ર આદિની સુસ્પષ્ટ અલગ પેજ લાઈન તેમજ અમારા મૂળ અને અનુવાદિત આગમોમાં અપાયેલા ક્રમાંક મુજબના જ સૂત્ર ક્રમાંકન તથા વ્યવસ્થિત અનુક્રમણિકાને લીધે કોઈપણ પસંદિત ચોક્કસ વિષયવસ્તુ કે સમગ્ર અધ્યયનના વાંચનમાં સરળતા રહે તે રીતે આ સંપુટનું સંપાદન અને મુદ્રણ કરાયેલું છે.

આ પ્રકાશનના અભ્યાસમૂલ્ય અને સંશોધનક્ષેત્રે ઉપયોગિતા તેમજ સમગ્ર વિશ્વમાં આગમ પ્રકાશનની આવી એક જ માત્ર શ્રૃંખલા ઉપલબ્ધ હોવાને કારણે રૂા. ૧૧,૦૦૦/- મૂલ્ય હોવા છતાં તેની એક પણ નકલ સ્ટોકમાં રહેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની મહત્તા સાબિત કરે છે.

## ૪. આગમ-વિષય-દર્શન

આ એક એવું પ્રકાશન છે, જેમાં ૪૫-આગમોની વિશદ્‌રૂપે અનુક્રમણિકા અપાયેલ છે, છતાં તેના પૃષ્ઠો છે. – ૩૮૪.

પ્રત્યેક આગમના પ્રત્યેક સૂત્ર કે ગાથાના વિષયોને એ જ આગમોના સૂત્રોના ક્રમાંકન અનુસાર, અતીવ સુસ્પષ્ટ રૂપે અને પૃથક્-પૃથક્ સ્વરૂપે અપાયેલી આ અનુક્રમણિકાથી તમે તમારો મનગમતો-આવશ્યક કે તમારા સંશોધન અને લેખનને અનુરૂપ વિષય સહેલાઈથી પસંદ કરી શકો છો.

ગુજરાતી ભાષામાં તૈયાર કરાયેલ આ અનુક્રમણિકાથી તમે અમારા અનુવાદિત આગમોમાં તો મૂળ વિષય જોઈ જ શકો છો. તદુપરાંત મૂળ આગમો કે આગમસટીકં માં પણ તમારી પસંદગીનો વિષય શોધવો આ બૃહત્ અનુક્રમ પરથી ખૂબ જ સરળ છે.

રૂા. ૪૦૦/-ની કિંમતને લક્ષમાં ન લઈ તેનું ઉપયોગિતા મૂલ્ય સમજશો.

## ૫. आगमसद्दकोसो

### ૪-પ્રકાશનો

આ શબ્દકોશ - એટલે સંદર્ભસ્થળ નિર્દેશ સહિતની "આગમ-ડીક્ષનેરી" જેમાં તમને મળે છે મૂળ આગમમાંથી લેવાયેલા ૪૬,૦૦૦ શબ્દો અને તેના ૩,૭૫,૦૦૦ જેટલા આગમ સંદર્ભો સહિત મૂળ-અર્ધમાગધી શબ્દોના સંસ્કૃત અર્થ અને ગુજરાતી એક કે વધુ અર્થો.

ચાર ભાગોમાં સમાવિષ્ટ ૨૪૦૦ જેટલા પાનાઓનો આ પુસ્તકનો સેટ મેપલીથો કાગળ, પાકુ બાઈન્ડીંગ અને આકર્ષક મુખપૃષ્ઠ તો ધરાવે જ છે. પણ તમારે માટે તેની ઉપયોગિતા છે — अ થી ह પર્યતનો કોઈપણ શબ્દ શોધવા માટે. ત્યાં ફક્ત શબ્દનો અર્થ જ જોઈને બેસી નથી રહેવાનું. પણ પીસ્તાળીશે પીસ્તાળીશ આગમોમાં આ શબ્દ જ્યાં જ્યાં વપરાયો હોય તે-તે બધાં સ્થાનોનો નિર્દેશ પણ મળશે જ - જેના દ્વારા એક જ શબ્દ જો જુદા જુદા સંદર્ભમાં વપરાયો હશે, તો તે ભિન્ન-ભિન્ન સંદર્ભયુક્ત અર્થ કે વ્યાખ્યા પણ જાણી શકાશે.

— વળી આવા સંદર્ભો જોવા માટે તમારે જુદા જુદા પ્રકાશનોના આગમોને ફેંદવાની કોઈ જરૂર નથી. તમે માત્ર અમારું आगमसुत्ताणि — સંપુટ સાથે રાખો. તમારે ઉપયોગી શબ્દો મૂળ આગમ કે આગમ-સટીકં માં મળી જ જવાના

## ૬. आगमनामकोसो

આગમ શબ્દકોશની એક પૂરક ડીક્ષનેરી તે આ "આગમ નામકોશ". આ પ્રકાશન આગમસટીકં માં આવતા નામો (કથાઓ)ની ડીક્ષનેરી છે. આ ડીક્ષનેરીમાં કથાના પાત્રોના નામો તો કક્કાવારી ક્રમમાં આપેલા જ છે. સાથે સાથે તે પાત્રો કે નામોનો સંક્ષિપ્ત પરિચય પણ છે.

તમારે મૂળ આગમ ઉપરાંત નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ કે વૃત્તિમાં જો આ નામ કે તે નામ સાથે સંકડાયેલ કથા કે દૃષ્ટાંત જાણવા છે તો અમારી ડીક્ષનેરીમાં તે-તે નામને અંતે નિર્દેશ કરાયેલ આગમ સંદર્ભ જોવો. આગમ સંદર્ભ જોતાં જ તમને તે સંદર્ભવાળા આગમનું નામ, પંચાંગીનો પ્રકાર અને સૂત્રક્રમ મળી જશે. જેના આધારે તમે તે કથા કે દૃષ્ટાંતનો સહેલાઈથી અભ્યાસ કરી શકશો.

આ નામકોશનું મહત્ત્વ તો ત્યારે જ સમજાય જ્યારે એક જ નામ ધરાવતા એકથી વધારે પાત્રોનો અલગ-અલગ પરીચય કે જુદી જુદી કથાઓ તમને જોવા મળે. તે પણ ફક્ત રૂા. ૨૦૦/-ની કિંમતમાં.

સંદર્ભ મુજબ કથા જોવા માટે અમારું आगमसुत्ताणि-सटीकं તો છે જ.

## ૭. आगमसूत्र हिन्दी अनुवाद

### ૪૭-પ્રકાશનો

મૂળ આગમના ૯૦,૦૦૦ જેટલાં શ્લોક પ્રમાણ સાહિત્યના મૂળ પ્રકાશન પછી જેમ તેનો ગુજરાતી અનુવાદ કર્યો, તેમ હિન્દી અનુવાદ પણ કર્યો. ફર્ક એટલો જ કે આ હિન્દી અનુવાદ બાર ભાગોમાં આશરે ૩૨૦૦ જેટલા પાનાઓમાં પથરાયેલો છે. ગુજરાતી અનુવાદ કરતા ૩૦૦થી પણ વધારે પૃષ્ઠો તેમાં ઉમેરાયા છે. જે ફક્ત કદની વૃદ્ધિ જ નથી, પણ અર્થવિસ્તાર અને પેરેગ્રાફોની પ્રચૂરતા પણ ધરાવે જ છે.

હિન્દીભાષી મહાત્માઓને પણ આગમના પદાર્થજ્ઞાનથી વંચિત ન રહેવું પડે તે આશયથી તૈયાર કરાયેલ આ આગમસૂત્ર હિન્દી અનુવાદ હિન્દી ભાષાની સમૃદ્ધિ અને સાહિત્યિક મૂલ્ય તો ધરાવે જ છે. તે ગુજરાતી ભાષી આગમરસિકો અને તત્ત્વજિજ્ઞાસુઓ માટે પણ મહત્ત્વનું સંદર્ભશાસ્ત્ર બની રહ્યું છે.

રૂા. ૨૭૦૦/-નું મૂલ્ય ધરાવતા આ आगमसूत्र-हिन्दी अनुवाद માં પણ ક્રમાંકન તો મૂળ આગમ, આગમ ગુજરાતી અનુવાદ અને आगम सटीकं અનુસાર જ થયેલ છે. તેથી અભ્યાસીઓને તુલના કરવી સરળ પડે છે.

## ૮. આગમ કથાનુયોગ

### ૬-પ્રકાશનો

આગમ કાર્ય વિષયક આ અમારું નવમું પ્રકાશન છે. જેમાં "કથાનુયોગ" નામે અનુયોગની મુખ્યતા છે. આ પ્રકાશનમાં મૂળ આગમો, આગમો પરની નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ કે અવચૂરી એ તમામનો સમાવેશ કરી આ આગમ કથાનુયોગનું સંકલન અને ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. જે છ ભાગોમાં વિભાજીત છે ૨૨૦૦ જેટલા પૃષ્ઠોમાં સમાવિષ્ટ છે અને કથાઓને દશ વિભાગમાં ગોઠવેલ છે.

આ કથાનુયોગમાં તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ એ ઉત્તમપુરુષો સંબંધી કથાનક કે માહિતીનો સંગ્રહ છે, શ્રમણ વિભાગમાં ગણધરો, પ્રત્યેકબુદ્ધો, નિહ્નવો, અન્ય શ્રમણોની કથાઓ છે. તે સાથે આશરે ૯૦થી વધુ પૃષ્ઠોમાં ગોશાળાનું કથાનક તેના પૂર્વભવ, વર્તમાનભવ અને ભાવિ ભવો સહિત મૂકેલ છે. તે સિવાય શ્રમણી કથા, શ્રાવક કથા, શ્રાવિકા કથા, અન્યતીર્થી કથા, પ્રાણી કથા, પ્રકીર્ણ કથા અને દૃષ્ટાંતોના અલગ વિભાગો છે. પ્રત્યેક કથાને અંતે તેના આગમ સંદર્ભો પણ મૂકેલા છે, જેથી મૂળ માહિતી સ્રોત જોઈ શકાય. છટ્ઠા ભાગમાં અકારાદિક્રમે પ્રત્યેક કથાના નામોની ગોઠવણી અને તેની સાથે પૃષ્ઠાંક આપેલા છે, જેથી કોઈપણ કથા શોધવી અત્યંત સરળ બને છે.

આ "આગમ કથાનુયોગ" કેવળ કથારસિકો તથા વ્યાખ્યાતાઓ માટે અત્યંત ઉપયોગી પ્રકાશન છે. જેનું મૂલ્ય માત્ર રૂા. ૧,૫૦૦/- છે. તેમજ સન-૨૦૦૪માં જ પ્રકાશિત થયેલ હોવાથી હજી સરળતાથી ઉપલબ્ધ છે.

## ૯. આગમ મહાપૂજનવિધિ

આ એક લઘુ પુસ્તિકા છે. જેમાં પીસ્તાળીશ આગમ મહાપૂજન ભણાવવા માટેની સરળ, સ્પષ્ટ, શાસ્ત્રીય વિધિ છે. સાથે-સાથે પંડિત શ્રી રૂપવિજયજી કૃત્ ૪૫-આગમ પૂજાઓ પણ આપી દીધેલ છે. અષ્ટપ્રકારી પૂજાના અભિનવ દુહા પણ છે.

કોઈપણ વિધિકારકને સહેલાઈથી પૂજન કરાવતા ફાવે તે રીતે વિધિ સાથે સૂચનાઓનો નિર્દેશ છે. તેમજ આગમ મંડપની રચના, માંડલુ, આવશ્યક સામગ્રી, વિધિમાં પ્રત્યેક કાર્ય માટે જરૂરી એવા સહાયકોની કાર્ય વહેંચણી પણ જણાવેલ છે.

મોટા ટાઈપ, પદ્યોની સુંદર ગોઠવણી, પ્રત્યેક પૂજન માટેનું અલગ પેજ, દરેક પૂજનને માટેની સૂચના, તે પૂજનની સાથે જ અપાયેલી હોય તેવું આ એક માત્ર પ્રકાશન છે.

## ૧૦. આગમસૂત્ર સટીક અનુવાદ

### ૪૮-પ્રકાશનો

પ્રસ્તુત પ્રકાશનમાં આગમોના મૂળસૂત્રોનો અક્ષરશઃ અનુવાદ તો છે જ. સાથે સાથે આગમોની નિર્યુક્તિ અને ટીકાનો પણ અનુવાદ કરેલ હોવાથી અમે "સટીક અનુવાદ" એવું નામકરણ કરેલ છે. જેમાં ૪૫ આગમો ઉપરાંત બે વૈકલ્પિક આગમો અને કલ્પ [બારસા] સૂત્રના સમાવેશથી ૪૮ પ્રકાશનો થાય છે. જેને આ સાથે અમે ૪૨-ભાગોમાં પ્રકાશિત કરેલ છે.

આ સટીક અનુવાદમાં છ છેદ સૂત્રોનો અનુવાદ માત્ર મૂળનો જ છે, તેમાં સટીક અનુવાદ નથી. સંસ્કૃત અને પ્રાકૃત ભાષાજ્ઞાનથી વંચિત શ્રુતરસિકો કે સ્વાધ્યાય પ્રેમીઓને આ અત્યંત ઉપયોગી પ્રકાશન છે, જેનું સંયુક્ત મૂલ્ય રૂા. ૧૦,૦૦૦/- છે, કે જે કિંમતમાં તો કોઈ ૪૫ સટીક આગમોનો અનુવાદ પણ ન કરી આપે.

આ સટીક અનુવાદ સંપુટમાં-અંગસૂત્રો, ઉપાંગ સૂત્રો અને મૂળસૂત્રોનો સંપૂર્ણ સટીક અનુવાદ છે. પયન્ના સૂત્રોમાં પણ ઉપલબ્ધ ટીકાઓનો અનુવાદ કરેલો જ છે, નંદી અને અનુયોગ બંને સૂત્રોનું વર્તમાન પદ્ધતિથી સાનુવાદ વિવેચન કરેલ છે અને છેદસૂત્રો, કલ્પસૂત્ર અને કેટલાંક પયન્નાઓનો મૂળનો અનુવાદ છે.

— x — x —

**આ હતી આગમ સંબંધી અમારા ૨૫૦ પ્રકાશનોની યાદી**

— x — x —

## આગમ સિવાયના સાહિત્ય સર્જનની ઝાંખી

### (૧) વ્યાકરણ સાહિત્ય :-

૦ અભિનવ હૈમ લઘુપ્રક્રિયા ભાગ-૧ થી ૪ [૪]

— મહોપાધ્યાય વિનયવિજયજી કૃત્ "લઘુપ્રક્રિયા" પર સિદ્ધહેમ શબ્દાનુશાસન અને તેની સાથે સંબંધિત અનેક સંદર્ભગ્રંથોના ઉપયોગથી તૈયાર કરાયેલો એવો આ દળદાર ગ્રંથ છે. જે કાઉન આઠ પેજમાં તૈયાર થયેલ છે. સંસ્કૃત વ્યાકરણના અભ્યાસ માટેનું આ પ્રકાશન છે. જે ગુજરાતી ભાષાના માધ્યમથી તૈયાર થયેલ છે. તેમાં મૂળસૂત્ર, તેનો અર્થ, વૃત્તિ, વૃત્ત્યર્થ, અનુવૃત્તિ, વિશેષ વિવેચન જેવા સાત વિભાગો અને પ્રચૂર પરિશિષ્ટો છે.

૦ કૃદન્તમાલા :- [૧]

— આ લઘુ સર્જનમાં ૧૨૫ ધાતુઓના ૨૩ પ્રકારે થતાં કૃદન્તોનું કોષ્ટક છે.

### (૨) વ્યાખ્યાન સાહિત્ય :- [3]

૦ અભિનવ ઉપદેશ પ્રાસાદ ભાગ-૧ થી ૩.

— આ એક સ્વતંત્ર વ્યાખ્યાનમાળા છે. "મન્નહ જિણાણં" નામક સજ્ઝાયમાં આવતા શ્રાવકના ૩૬ કર્તવ્યો ઉપરના ૧૦૮ વ્યાખ્યાનો તેમાં ગોઠવેલા છે. પ્રત્યેક વ્યાખ્યાન માટે દશ-દશ પેજ ફાળવેલ છે. જે પ્રત્યેકમાં શ્લોક-જૈનેત્તર પ્રસંગ - સંબંધિત કર્તવ્યની તાત્ત્વિક વ્યાખ્યા અને સમજ-જૈનકથા અને કર્તવ્યને અનુરૂપ સ્તવનાદિ પંક્તિની સુંદર ગુંથણી છે.

૦ નવપદ-શ્રીપાલ [૧]

— શાશ્વતી ઓળીના વ્યાખ્યાનરૂપે આ પુસ્તકનું સર્જન થયું છે, જેમાં નવે પદનું અલગ-અલગ વિવેચન સાથે નવ દિવસમાં શ્રીપાલચરિત્ર પણ પૂરું થાય, તે રીતે ગોઠવેલા નવ વ્યાખ્યાનોનો સમન્વય છે.

### (૩) તત્ત્વાભ્યાસ સાહિત્ય :-

૦ તત્ત્વાર્થસૂત્ર પ્રબોધ ટીકા-અધ્યાય-૧ [૧]

૦ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા-અધ્યાય-૧ થી ૧૦ [૧૦]

— આ ગ્રંથમાં તત્ત્વાર્થ સૂત્રના દશે અધ્યાયોનું અલગ-અલગ દશ પુસ્તકમાં અતિ વિસ્તૃત વિવેચન ધરાવતું દશાંગ વિવરણ છે. જેમાં સૂત્રહેતુ, મૂળસૂત્ર, સંધિરહિત સૂત્ર, સૂત્રાર્થ, શબ્દજ્ઞાન, અનુવૃત્તિ, અનેક સંદર્ભ ગ્રંથોને આધારે તૈયાર કરાયેલ અભિનવ ટીકા, સૂત્રસંદર્ભ, સૂત્રપધ, સૂત્રનિષ્કર્ષ જેવા દશ વિભાગો છે.

પ્રત્યેક અધ્યાયને અંતે સૂત્રક્રમ, અકારાદિ ક્રમ, શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદ જેવા પરિશિષ્ઠો તથા દશમા અધ્યાયના પુસ્તકમાં અંતે શબ્દસૂચિ, વિષયસૂચિ, સંબંધકારિકા જેવા ઉપયોગી પરિશિષ્ઠો છે.

o તત્ત્વાર્થ સૂત્રના આગમ આધાર સ્થાનો. ૧

– આ સંશોધન કક્ષાનું એક વિશિષ્ટ પુસ્તક છે. જેમાં તત્ત્વાર્થ સૂત્રના પ્રત્યેક સૂત્રનો મૂળ આગમમાંથી ઉપલબ્ધ સંદર્ભ, સંદર્ભ પાઠ, સંદર્ભ સ્થળનો ઉલ્લેખ છે. તેમજ શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદની તાલિકા અને વિશ્લેષણ છે.

**(૪) આરાધના સાહિત્ય :-** 3

o સમાધિમરણ :-

અંત સમયે અને ભાવિ ગતિ સુધારવા માટે મરણ સમયે ચિત્તની સમાધિ જળવાય રહે તેવી આરાધના વિધિ, આરાધના સૂત્રો, આરાધના પદ્યો, આરાધના પ્રસંગો વગેરે સાત વિભાગોમાં આ ગ્રંથ સર્જેલો છે.

o સાધુ અંતિમ આરાધના

o શ્રાવક અંતિમ આરાધના

સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો અંત સમય સુધારવા માટે નિત્ય કરવાની એવી આ આરાધના છે, મૂળ પ્રાકૃત અને સંસ્કૃતમાં ગ્રંથસ્થ થયેલ આ વિધિને સરળ ગુજરાતીમાં રજૂ કરેલ છે. પંચાંગના કદની આ પુસ્તિકા સાથે રાખવી પણ સરળ છે.

**(૫) વિધિ સાહિત્ય :-** 3

o દીક્ષા-યોગાદિ વિધિ

o વિધિ સંગ્રહ ભાગ-૧

o સાધુ-સાધ્વી કાળધર્મ વિધિ

**(૬) પૂજન સાહિત્ય :-** ૧

o આગમ મહાપૂજન વિધિ-*જેની નોંધ આગમ વિભાગમાં છે.*

o પાર્શ્વ પદ્માવતી પૂજનવિધિ

**(૭) યંત્ર સંયોજન :-**

o ૪૫-આગમ યંત્ર

o વિંશતિ સ્થાનક યંત્ર

**(૮) જિનભક્તિ સાહિત્ય :-** ૯

- चैत्यवन्दन पर्वमाला
- चैत्यवन्दनसंग्रह-तीर्थजिन विशेष
- चैत्यवन्दन चोविसी
- ચૈત્યવંદન માળા

— આ એક સંપાદન ગ્રંથ છે. જેમાં પર્વદિન તથા પર્વતિથિના ચૈત્યવંદનો, ચોવિસ જિનની ચોવિસી રૂપ ચૈત્યવંદનો, વિવિધ તીર્થમાં બોલી શકાય તેવા અને જિનેશ્વર પરમાત્મા વિષયક વિવિધ બોલ યુક્ત એવા ૭૭૯ ચૈત્યવંદનોનો વિશાળ સંગ્રહ છે.

- શત્રુંજય ભક્તિ
- शत्रुञ्जय भक्ति
- સિદ્ધાચલનો સાથી - સિદ્ધાચલ ભાવયાત્રા, સ્તુતિ-ચૈત્યવંદનાદિ
- વીતરાગ સ્તુતિ સંચય-૧૧૫૧ ભાવવાહી સ્તુતિનો સંચય
- ચૈત્ય પરિપાટી

**(૯) પ્રકીર્ણ સાહિત્ય :-** ૯

- શ્રી નવકાર મંત્ર-નવ લાખ જાપ નોંધપોથી
- શ્રી ચારિત્ર પદ એક કરોડ જાપ નોંધપોથી
- અભિનવ જૈન પંચાંગ
- अभिनव जैन पञ्चाङ्ग
- અમદાવાદ જિનમંદિર-ઉપાશ્રય આદિ ડિરેક્ટરી
- બાર વ્રત પુસ્તિકા તથા અન્ય નિયમો
- શ્રી જ્ઞાનપદ પૂજા
- કાયમી સંપર્ક સ્થળ
- ચોઘડીયા તથા હોરા કાયમી સમયદર્શિકા

**(૧૦) સૂત્ર અભ્યાસ-સાહિત્ય :-** ૫

- જૈન એડ્યુકેશનલ સર્ટિફિકેટ કોર્સ
- પ્રતિક્રમણસૂત્ર અભિનવ વિવેચન ભાગ-૧ થી ૪

**આ રીતે અમારા ૩૦૧ પ્રકાશનો થયા છે.**

— x — x —

**બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ**
**નમો નમો નિમ્મલદંસણસ્સ**
**પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ**

# -: ભાગ-૨૭ :-

૦ આ ભાગમાં અઢારમું આગમ કે જે ઉપાંગ સૂત્રોમાં સાતમું [છઠ્ઠુ] ઉપાંગ છે, તેવા ''જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ'' સૂત્રનો સમાવેશ કરાયેલ છે. પ્રાકૃતમાં તે ''जंबूद्दीवपन्नति' નામે ઓળખાય છે. સંસ્કૃતમાં जंबूद्वीपप्रज्ञप्ति નામ છે. વ્યવહારમાં આ નામે જ ઓળખાય છે. તેની શ્રી શાંતિચંદ્રગણિકૃત્ ટીકા હાલ ઉપલબ્ધ છે, તેમાં આ ઉપાંગનો ક્રમ છઠ્ઠો જણાવેલ છે, સાથે ઉપાંગના ક્રમ વિશે મતભેદ છે, તેવો પણ ઉલ્લેખ આ ટીકામાં થયેલો જ છે.

આ ઉપાંગમાં ગણિતાનુયોગની મુખ્યતા ગણાવાય છે, પણ ભગવંત ઋષભદેવ અને ચક્રવર્તી ભરતના ચરિત્ર દ્વારા કથાનુયોગ પણ કહેવાયેલો છે. યત્કિંચિત્ બાકીના બે અનુયોગનું વર્ણન પણ છે. છતાં આ આગમને ''જૈન ભૂગોળ''રૂપે વિશેષથી ઓળખાવી શકાય, ચક્રવર્તી વિષયક સઘન વર્ણન માટેનો આધારભૂત સ્રોત પણ આ જ ઉપાંગમાં છે, તે નોંધનીય છે.

આ ઉપાંગની ચૂર્ણિ અને અન્યાન્ય વૃત્તિ રચાયાનો ઉલ્લેખ અવશ્ય મળે છે, પણ ઉપલબ્ધ ટીકા શ્રી શાંતિચંદ્ર ગણિની છે, જેમાં શ્રી હીરવિજયજીકૃત્ વૃત્તિના ઘણાં અંશો પણ છે, તે જ અમારા આ સટીક અનુવાદનો આધાર છે.

સાત વક્ષસ્કારો [અધ્યયન] વાળા આ આગમને અમે ત્રણ ભાગમાં ગોઠવેલ છે. પહેલાં ભાગમાં બે વક્ષસ્કાર, બીજામાં બે વક્ષસ્કાર અને ત્રીજામાં ત્રણ વક્ષસ્કાર ગોઠવેલ છે, જેમાં આ ત્રીજા ભાગમાં વક્ષસ્કાર પાંચ, છ અને સાતનો અનુવાદ કર્યો છે.

પદાર્થોના સંબંધથી ક્યાંક કંઈક ઉમેર્યું પણ છે. ન્યાયવ્યાકરણ આદિ કેટલીક વસ્તુને છોડી પણ દીધેલ છે. માટે જ અમે અનુવાદને ''ટીકાનુસારી વિવેચન'' નામે ઓળખાવીએ છીએ.





# ૧૮ જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ-ઉપાંગસૂત્ર-૭/3

## અનુવાદ તથા ટીકાનુસારી વિવેચન

*● ભાગ-૨૫માં વક્ષસ્કાર-૧ અને ૨, ભાગ-૨૬માં વક્ષસ્કાર-3 અને ૪નો સટીક અનુવાદ કર્યો. અહીં વક્ષસ્કાર-૫ થી ૭ લીધેલ છે.*

## ❀ વક્ષસ્કાર-૫ ❀

-- x -- x -- x --

૦ હમણાં જે પાંડુકંબલશિલાદિમાં સિંહાસન વર્ણનાધિકારમાં - અહીં જિનેશ્વરો અભિષિક્ત થાય છે — તેમ કહ્યું, તેનું સ્મરણ કરીને જિન જન્મ અભિષેક ઉત્સવ વર્ણનાર્થે પ્રસ્તાવના સૂત્ર કહે છે —

**● સૂત્ર-૨૧૨ થી ૨૧૪ :-**

***[૨૧૨] જ્યારે એકૈક ચક્રવર્તી વિજયમાં ભગવંત તીર્થંકર ઉત્પન્ન થાય છે, તે કાળે - તે સમયે અધોલોક વાસ્તવ્યા આઠ દિશાકુમારિકા મહત્તરિકાઓ પોત-પોતાના કૂટોથી, પોત-પોતાના ભવનોથી, પોત-પોતાના પ્રાસાદાવતંસકોથી, પ્રત્યેક પ્રત્યેક ૪૦૦૦ સામાનિકા, પરિવાર સહિત ચાર મહત્તરિકા, સાત સૈન્યો, સાત સૈન્યાધિપતિઓ, ૧૬,૦૦૦ આત્મરક્ષકો દેવો, અન્ય ઘણાં ભવનપતિ-વ્યંતર દેવો અને દેવીઓ સાથે સંપરિવૃત્ત મોટા નૃત્ય-ગીત-વાજિંત્ર સહ યાવત્ ભોગોપભોગને ભોગવતી રહેલી છે. તે આ પ્રમાણે —***

***[૨૧૩] ભોગંકરા, ભોગવતી, સુભોગા, ભોગમાલિની, તોયધારા, વિચિત્રા, પુષ્પમાલા, અનિંદિતા.***

***[૨૧૪] ત્યારે તે અધોલોક વાસ્તવ્યા આઠ દિશાકુમારી મહત્તરા પ્રત્યેક પ્રત્યેકના આસનો ચલિત થયા. ત્યારે તે અધોલોક વાસ્તવ્યા આઠે દિશાકુમારી મહત્તરિકાઓ પ્રત્યેકે પ્રત્યેક આસનોને ચલિત થતાં જુએ છે, જોઈને અવધિજ્ઞાનને પ્રયોજે છે, પ્રયોજીને ભગવંત તીર્થંકરને અવધિજ્ઞાન વડે જુએ છે. જોઈને એકબીજાને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહ્યું —***

***ઓ ! નિશ્ચે જંબૂદ્વીપ દ્વીપમાં ભગવન્ તીર્થંકર ઉત્પન્ન થયેલ છે. તો અતીત-વર્તમાન-ભાવિ અધોલોક વાત્સવ્યા આઠે દિશાકુમારી મહત્તરિકાનો એ પરંપરાગત આચાર છે કે ભગવંત તીર્થંકરનો જન્મ મહોત્સવ કરે, તો આપણે પણ જઈને ભગવંતનો જન્મ મહોત્સવ કરીએ, એમ કરીને એમ બોલે છે.***

***એમ બોલીને પ્રત્યેક પ્રત્યેક આભિયોગિક દેવોને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહ્યું — ઓ દેવાનુપ્રિયો ! જલ્દીથી અનેક શત સ્તંભ સંનિવિષ્ટ,***

*લીલા સ્થિત૰ એમ વિમાન વર્ણન પૂર્વવત્ કહેવું. યાવત્ યોજન વિસ્તીર્ણ દિવ્ય યાન-વિમાન વિકુર્વીને આ આજ્ઞા પાછી સોંપો. ત્યારે તે આભિયોગિક દેવો અનેકશત સ્તંભયુક્ત દેવ વિમાન રચી યાવત્ આજ્ઞા પાછી સોંપે છે.*

*ત્યારે તે અધોલોક વાત્સવ્યા આઠ દિશાકુમારીઓ હર્ષિત-સંતુષ્ટ૰ થઈને પ્રત્યેક પ્રત્યેક ૪૦૦૦ સામાનિકો, ચાર મહત્તરિકા યાવત્ બીજા પણ ઘણાં દેવો-દેવીઓ સાથે પરિવરીને, તે દિવ્ય યાન-વિમાને આરોહે છે, આરોહીને સર્વઋદ્ધિથી, સર્વદ્યુતિથી, ઘનમૃદંગ પ્રણવના પ્રવાદિત રવ વડે, તેવી ઉત્કૃષ્ટ યાવત્ દેવગતિથી જ્યાં ભગવંત તીર્થંકરનું જન્મનગર છે, જ્યાં તીર્થંકરનું જન્મ ભવન છે, ત્યાં આવે છે, આવીને ભગવંત તીર્થંકરના જન્મભવનમાં તે દિવ્ય યાનવિમાન વડે ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરે છે, કરીને ઉત્તરપૂર્વ દિશા ભાગમાં કંઈક ચતુરંગુણ ધરણિતલથી ઉંચે રહીને, તે દિવ્ય યાન વિમાનને રોકે છે, રોકીને પ્રત્યેકે પ્રત્યેક ૪૦૦૦ સામાનિકો સાથે યાવત્ સંપરિવરીને દિવ્ય યાન-વિમાનથી ઉતરે છે, ઉતરીને સર્વઋદ્ધિથી યાવત્ નાદિત વડે જ્યાં ભગવન્ તીર્થંકર અને તીર્થંકરની માતા છે, ત્યાં આવે છે. આવીને ભગવન્ તીર્થંકર અને તીર્થંકરની માતાને ત્રણ વખત આદક્ષિણ-પ્રદક્ષિણા કરે છે.*

*ત્યારપછી પ્રત્યેકે પ્રત્યેક બે હાથ જોડીને, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલી કરીને આ પ્રમાણે કહ્યું — હે રત્નકુક્ષિધારિકા ! જગત્પ્રદીપદાયિકા ! [માતા] આપને નમસ્કાર થાઓ. સર્વ જગત્મંગલ, નેત્રરૂપ, મૂર્ત, સર્વજગ જીવવત્સલ, હિતકારક, માર્ગદેશક, વાક્વૈભવયુક્ત, જિન, જ્ઞાની, નાયક, બુધ-બોધક, સર્વલોકનાથ, નિર્મમ, પ્રવરકુલોત્પન્ન, જાત ક્ષત્રિય, યશસ્વી, લોકોત્તમ [તીર્થંકર]ની આપ માતા છો. આપ ધન્ય છો, પુન્ય અને કૃતાર્થ છો. અમે અધોલોક વાત્સવ્યા આઠ દિશાકુમારી મહત્તરિકાઓ, હે દેવાનુપ્રિયા ! ભગવન્ તીર્થંકરનો જન્મ મહિમા કરીશું. તેથી આપ ભયભીત ન થશો.*

*એ પ્રમાણે કહીને ઉત્તરપૂર્વ દિશા ભાગમાં જાય છે, જઈને વૈક્રિય સમુદ્ઘાતથી સમવહત થાય છે. થઈને સંખ્યાત યોજનનો દંડ કાઢે છે. તે આ પ્રમાણે — રત્નોનો યાવત્ સંવર્તક વાયુ વિકુર્વે છે, વિકુર્વીને તે શિવ, મૃદુલ, અનુદ્ધૂત, ભૂમિતલ વિમલકરણ, મનહર, સર્વઋતુક સુરભિ કુસુમ ગંધાનુવાસીક, પિંડિમ-અનિહાર્મિ ગંધોદ્ધૃત તીર્થા પ્રવાહિત વાયુ વડે ભગવંત તીર્થંકરના જન્મ ભવનને ચોતરફથી એક યોજન પર્યન્ત સંમાર્જિત કરે છે. જેમ કોઈ કર્મકરદારક હોય યાવત્ પૂર્વવત્૰ ત્યાંના તૃણ-પત્ર-કાષ્ઠ-કચરો, જે અશુચિ-અચોક્ષ, પૂતિક, દુરભિગંધ છે તે બધું વાળી-વાળીને એકાંતમાં ફેંકે છે.*

*ત્યારપછી તીર્થંકર અને તીર્થંકરની માતા જ્યાં છે, ત્યાં આવે છે, આવીને, તીર્થંકરની માતાની કંઈક સમીપે આગાન કરતી, પરિગાન કરતી ત્યાં રહે છે.*

● **વિવેચન-૨૧૨ થી ૨૧૪ :-**

જે કાળે એકૈક ચક્રવર્તીના વિજેનવ્ય ક્ષેત્રખંડમાં ભરત અને ઐરવતાદિમાં



ભગવન્ તીર્થંકર જન્મ લે છે. ત્યારે આ જન્મ મહોત્સવ પ્રવર્તે છે. આ ચક્રવર્તી વિજયમાં, એમ કહી અકર્મભૂમિ અને દેવ-કુરુ આદિમાં જિન જન્મ અસંભવ છે, તેમ કહ્યું. એકૈક એમ વીપ્સા વચનથી બધી કર્મભૂમિમાં જિન જન્મ યથાકાળે અભિહિત છે. તેમાં ૫૬-દિક્કુમારીની વક્તવ્યતા છે. તેમાં અધોલોક નિવાસી આઠ દિશાકુમારી છે, તેનું સ્વરૂપ કહે છે —

તે કાળે - ભરત ઐરવતમાં સંભવિત જિનજન્મના ત્રીજા-ચોથા આરા સ્વરૂપ અને મહાવિદેહમાં ચોથા આરારૂપ લક્ષણ, કેમકે તેમાં સર્વદા તેના આદ્ય સમય સદૃશકાળ વિદ્યમાન હોય છે. તે સમયે - બધે જ મધ્યરાત્રિરૂપ, કેમકે તીર્થંકરો મધ્યરાત્રિએ જ જન્મે છે.

અધોલોક વાસ્તવ્ય - ચોથા ગજદંતની નીચે સમભૂતલથી ૯૦૦ યોજન રૂપ, તિર્છાલોક વ્યવસ્થાને છોડીને પ્રતિ ગજદંત બે-બે છે તે ભવનોમાં વસનારી. જે ગજદંતના છટ્ઠા-પાંચમાં કૂટની પૂર્વે ગજદંત સૂત્રમાં આનો વાસ કહેલ છે. ત્યાં ક્રીડાર્થે આવવાના હેતુથી છે. અન્યથા આના ૪૦૦ યોજનથી ૫૦૦ યોજન પર્યન્ત ઉચ્ચત્વ ગજદંતગિરિમાં ૫૦૦ યોજન ઉંચા કૂટના પ્રાસાદાવતંસકવાસીપણાથી, નંદનવન-કૂટમાં મેઘંકરાદિ દિક્કુમારીની જેમ ઉર્ધ્વલોકવાસીપણું છે તેમ આપત્તિ આવે. હવે પ્રસ્તુત સૂત્ર કહે છે —

આઠ દિક્કુમારી - દિક્કુમાર ભવનપતિ જાતિય, પોતાના વર્ગમાં પ્રધાનતરિકા, ગજદંતાગિરિવર્તી પોત-પોતાના ભવનપતિ દેવાવાસોમાં, પોત-પોતાના કૂટવર્તી ક્રીડાવાસોમાં, પ્રત્યેકે-પ્રત્યેક ૪૦૦૦, દિશાકુમારી સદૃશ દ્યુતિ વિભવાદિ દેવો, સાર-દિક્કુમારી તુલ્ય વૈભવાદિથી તેમનાથી અનતિક્રમણીય, સ્વ સ્વ પરિવાર સહિત, હાથી-ઘોડા-રથ-પદાતિ-મહિષ-ગંધર્વ-નાટ્યરૂપ સાત અનિકો અને અનિકાધિપતિ વડે, ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવો વડે, બધું વિજયદેવ અધિકારની જેમ વ્યાખ્યા કરવી.

[શંકા] કેટલીક દિક્કુમારીની સ્થાનાંગમાં પલ્યોપમસ્થિતિ કહી છે, સમાન જાતિયત્વથી આમનું પણ તે પ્રમાણે આયુષ્ સંભવે છે, તેથી તેનું ભવનપતિ જાતિયત્વ સિદ્ધ છે, તો ભવનપતિ જાતિયોનું વ્યંતરજાતિય પરિકર કઈ રહે સાથે જાય ?

[સમાધાન] આમના મહર્દ્ધિકત્વથી જે આજ્ઞાકારી વ્યંતરો છે, તે લેવા અથવા અહીં વાણમંતર શબ્દથી વનોના અંતરોમાં ચરે છે એવો યોગિક અર્થ લેવો. તેનાથી ભવનપતિ પણ વાણમંતર કહેવાય છે. કેમકે બંનેમાં પ્રાયઃ વનકૂટાદિમાં વિહરણશીલપણું સંભવે છે. - x -

આમના નામો કહે છે — ભોગંકરા આદિ, તે સ્પષ્ટ છે. હવે ત્યાં શું થયું ? તે કહે છે — પછી તે અધોલોક વાસ્તવ્યા આઠ દિક્કુમારી મહત્તરિકાના પ્રત્યેકના આસન ચલિત થયા. - x - આસન કંપ્યા પછી તે અધોલોક વાસ્તવ્યા આઠે દિક્કુમારી મહતરાએ આસનો ચલિત થતાં જોઈને અવધિજ્ઞાન પ્રયોજીને ભગવંત તીર્થંકરને જોયા, જોઈને એકબીજાને બોલાવીને આ પ્રમાણે કહ્યું —

અરે ! જંબૂદ્વીપ દ્વીપમાં ભગવન્ - તીર્થંકર ઉત્પન્ન થયા છે. તો ત્રણે કાળની દિક્કુમારીનો આ કલ્પ છે કે ભગવંતનો જન્મ મહોત્સવ કરવો જોઈએ, તો આપણે પણ જઈને જન્મમહોત્સવ કરીએ. એમ કરીને - મનમાં ધારીને, પછી પ્રત્યેકે પ્રત્યેક તેઓ આભિયોગિક દેવોને બોલાવે છે, બોલાવીને આમ કહે છે — ઓ દેવાનુપ્રિયો ! જલ્દી અનેકશત સ્તંભો ઉપર રહેલ. લીલાસ્થિત શાલભંજિકાદિ૰ આ ક્રમથી વિમાન વર્ણન કહેવું. તે આ પ્રમાણે છે —

ઈહામૃગ, વૃષભ, તુરગ, નર, મગરાદિ ચિત્રોથી ચિત્રિત, સ્તંભ ઉપર રહેલ વેદિકાથી રમણીય લાગતા, વિદ્યાધર યમલ યુગલ યંત્ર યુક્ત સમાન, અર્ચીસહસ્રમાલીથી દીપ્ત, હજારો રૂપ યુક્ત, દીપ્યમાન દેદીપ્યમાન, જોતાં જ નેત્રમાં વસી જાય તેવા, સુખ સ્પર્શી, સશ્રીકરૂપ, ઘંટાવલીના મધુર-મનહર-સ્વરયુક્ત, શુભ, કાંત, દર્શનીય ઈત્યાદિ કહેવું, તે ક્યાં સુધી ? એક યોજન વિસ્તીર્ણ દિવ્ય યાનને ઈષ્ટ સ્થાનમાં જવાને માટે વિમાન કે વાહનરૂપ વિમાન, તેને વૈક્રિયશક્તિથી વિકુર્વીને મારી આ આજ્ઞા પાછી સોંપો. વિમાન-વર્ણન વ્યાખ્યા પૂર્વવત્ જાણવી. તોરણાદિ વર્ણનોમાં આ વિશેષણની વ્યાખ્યા કરાયેલ છે.

પછી તેમણે શું કર્યુ ? પછી તે આભિયોગિક દેવો અનેક શત સ્તંભ ઉપર રહેલ વિમાન વિકુર્વી યાવત્ આજ્ઞા પાછી સોંપે છે પછી તે અધોલોક વાસ્તવ્યા આઠે દિક્કુમારી મહત્તરા હર્ષિત-સંતુષ્ટ૰ આદિથી આલાવો કહેવો. તે આ છે — હર્ષિત, સંતુષ્ટ, આનંદિત ચિત્ત, પ્રીતિયુક્ત મનવાળી, પરમ સૌમનસ્યિકા, હર્ષવશ વિકસિત હૃદયવાળી, વિકસિત શ્રેષ્ઠ કમ-નયનવાળી, - x - x - આદિ થઈ સીંહાસનેથી ઉભી થાય છે, ઉભી થઈને પાદપીઠથી ઉતરે છે. ઉતરીને પ્રત્યેકે પ્રત્યેક ૪૦૦૦ સામાનિકો સાથે, ચાર મહત્તરિકા સાથે યાવત્ બીજી ઘણી દેવી અને દેવો સાથે પરિવરીને તે દિવ્ય યાન-વિમાનમાં ચડે છે. ચડીને જે પ્રકારે સૂતિકાઘરમાં ઉપસ્થિત થાય છે ? તે કહે છે —

આરોહીને સર્વઋદ્ધિ અને સર્વધુતિથી મેઘવત્ ગંભીર ધ્વનિક મૃદંગ, પણવ, ઉપલક્ષણથી બીજા પણ વાજિંત્રો લેવા. વગાડાતા એવા આ બધાંનો જે રવ, તેના ઉત્કૃષ્ટપણાથી, યાવત્ શબ્દથી ત્વરિત અને ચપળ આદિ પદોનો સંગ્રહ કરવો. પૂર્વવત્ દેવગતિથી ભગવંત તીર્થંકરના જન્મનગરમાં, તીર્થંકરના જન્મભવને આવે છે. આવીને ભગવત્ તીર્થંકરના જન્મ ભવનને તે દિવ્ય યાન-વિમાન વડે ત્રણ વખત આદક્ષિણ-પ્રદક્ષિણા કરે છે.

ત્રણ વખત પ્રદક્ષિણા કરીને ઈશાનખૂણામાં કંઈક ચાર અંગુલ દૂરથી ધરણિતલે તે દિવ્ય યાન વિમાનને સ્થાપે છે. હવે જે કરે છે, તે કહે છે — સ્થાપીને આઠે આઠ દિશાકુમારિકા, ૪૦૦૦ સામાનિકો સાથે પરિવરીને દિવ્ય યાનવિમાનથી ઉતરે છે. ઉતરીને સર્વઋદ્ધિથી અને સર્વધુતિથી, આ આલાવો ક્યાં સુધી કહેવો ? શંખ, પ્રણવ, ભેરી, ઝલ્લરિ, ખરમુખી, હુડુક્ક, મુરજ, મૃદંગ, દુંદુભિ, નિર્ઘોષના નાદથી, તીર્થંકરની માતા છે, ત્યાં આવે છે. આવીને ભગવંતને અને તેમની માતાને ત્રણ



પ્રદક્ષિણા કરીને આઠે દિશાકુમારી બે હાથ જોડી, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ કરીને આમ કહે છે —

નમસ્કાર થાઓ. કોને ? (માતાને) આપને, ભગવંતરૂપ રત્નને કુક્ષિમાં ધારણ કરનારી અથવા રત્નગર્ભાની માફક ગર્ભના ધારકત્વથી બીજી સ્ત્રીઓ કરતાં અતિશાયિત્વથી રત્નરૂપ કુક્ષિને ધારણ કરે છે. બાકી પૂર્વવત્. જગત્માં રહેતા લોકોના સર્વભાવોના પ્રકાશકત્વથી પ્રદીપ સમાન ભગવંતની દીપિકા, સર્વ જગત્ મંગલ રૂપ ચક્ષુ સમાન કેમકે સર્વ જગત્ના ભાવ દર્શાવે છે. ચક્ષુના બે ભેદ-દ્રવ્યથી અને ભાવથી, તેમાં ભગવંત ભાવચક્ષુ વડે ઉપમીત કરાય છે. પરંતુ તે અમૂર્ત હોય, તેથી કહે છે — મૂર્તિમત અર્થાત્ ચક્ષુ વડે ગ્રાહ્ય, સર્વ જગત્ના જીવોના ઉપકારી.

ઉક્તાર્થે વિશેષણ દ્વારા હેતુ કહે છે — હિતકારક અર્થાત્ મુક્તિમાર્ગ - સમ્યગ્જ્ઞાન દર્શન ચારિત્રરૂપ, તેને કહેનાર, સર્વભાષામાં પરિણમવાથી સર્વવ્યાપી અર્થાત્ બધાં શ્રોતાજનના હૃદયમાં સંક્રાંત, એવા પ્રકારે વાણીની સંપત્તિ, તેના સ્વામી અર્થાત્ સાતિશય વચન લબ્ધિવાળા, જિન-રાગદ્વેષના જિતનાર, જ્ઞાની-સાતિશય જ્ઞાનવાળા, નાયક-ધર્મવરચક્રવર્તી, બુદ્ધ-વિદિતતત્વ, બોધક-બીજાને તત્ત્વ સમજાવનાર, સર્વ પ્રાણિવર્ગના બોધિબીજના આધીન અને સંરક્ષણ વડે યોગક્ષેમ કારીત્વથી. મમત્વરહિત, શ્રેષ્ઠ કુળમાં ઉત્પન્ન, ક્ષત્રિય જાતિક, એવા વિખ્યાત લોકોત્તમ ગુણવાળા [તીર્થંકર]ની માતા, તમે ધન્ય છો, પુણ્યવાન્ છો, કૃતાર્થ છો.

હે દેવાનુપ્રિયા ! અમે અધોલોકવાસી આઠ દિશાકુમારી-મહત્તરા, ભગવંતનો જન્મમહિમા કરીશું, તો તમારે ડરવું નહીં. - x - હવે આમનું કર્તવ્ય કહે છે —

એમ કહીને તેઓ ઈશાન દિશામાં જાય છે. જઈને અને વૈક્રિય સમુદ્ઘાતથી સમવહત થાય છે. થઈને સંખ્યાત યોજનનો દંડ કાઢે છે, કાઢીને તેણી બધી શું કરે છે ? તે કહે છે —

રત્નોના — વજ, વૈડૂર્ય, લોહિતાક્ષ, મસાર ગલ્લ, હંસગર્ભ, પુલક, સૌગંધિક, જ્યોતિરસ, અંજન, પુલક, રત્ન, જાત્યરૂપ, અંક, સ્ફટિક, રિષ્ટરત્નોના યથાબાદર પુદ્ગલો છોડે છે, ‘સૂક્ષ્મ પુદ્ગલો ગ્રહણ કરે છે. ફરી પણ વૈક્રિય સમુદ્ઘાતથી સમવહત થાય છે. આની સવિસ્તર વ્યાખ્યા પૂર્વે ભરતના આભિયોગિક દેવોના વૈક્રિયકરણમાં કરેલી છે, ત્યાંથી લેવી.

કિંચિત્ વાક્ય યોજના — આ રત્નોના બાદર પુદ્ગલોને છોડીને સૂક્ષ્મ પુદ્ગલો ગ્રહણ કરે છે. ફરી વૈક્રિય સમુદ્ઘાતપૂર્વક સંવર્તક વાયુ વિકુર્વે છે - x - વિકુર્વીને - x - શિવ-ઉપદ્રવરહિત, મૃદુક-ભૂમિએ વહેતા વાયુ વડે, અનુર્દ્ધ્વચારી વાયુથી ભૂમિતલ વિમલ કરીને મનોહર, છ ઋતુ સંભવ સુરભિકુસુમ ગંધથી અનુવાસિત, પિંડિત થઈ દૂર જનારી જે ગંધ, તેના વડે બલિષ્ઠ એવા તીર્છા વાયુના વહેવાના આરંભથી ભગવંતના જન્મ ભવનને બધી દિશામાં અને વિદિશામાં, એક યોજન પરિમંડલમાં સંમાર્જે છે - અહીં કર્મકરદારક પદથી દૃષ્ટાંત સૂચવેલ છે, તે આ છે—

જેમ કોઈ કર્મકર પુત્ર હોય, તે તરુણ, બળવાન્, યુગવાન, યુવાન, અલ્પાતંક,

સ્થિરાગ્રહસ્ત, દૃઢ હાથ-પગવાળો, પૃષ્ઠાંતોરુપરિણત, ઘન-નિચિત-વૃત્ત-વલિત સ્કંધવાળો, ચર્મબંધનયુક્ત મુદ્‌ગરાદિ ઉપકરણ સમાન મજબૂત અંગવાળો, છાતીના બળથી યુક્ત - x - x - આદિ છેક, દક્ષ, પ્રષ્ઠ, કુશળ, મેધાવી, નિપુણ શિલ્પથી ઉપગત હોય તેવો એક મોટા મજબૂત ઝાડુને લઈને રાજાનું આંગણું, અંતઃપુર, દેવકુલ, સભા, પ્રપા, આરામ કે ઉધાનને ત્વરા-ચપળતા-સંભ્રાંતતા રહિત નિરંતર, ચોતરફથી સંપ્રમાર્જે છે. [હવે આ સૂત્રના વિશિષ્ટ શબ્દોનો અર્થ કહે છે—]

તે કર્મકરપુત્ર તરુણ-વધતી વયવાળો, તે બલહીન પણ હોય તેથી કહ્યું બળવાન્, કાલોપદ્રવ પણ વિશિષ્ટ સામર્થ્ય વિઘ્ન હેતુ થાય, તેથી કહે છે — યુગ - સુષમાદુઃષમાદિ કાળ, અદુષ્ટ-નિરુપદ્રવ, વિશિષ્ટ બળહેતુથી યુગવાન્, એવો હોવાથી શું થાય ? યૌવનવયમાં રહેલ, તે ગ્લાન પણ હોય તેથી કહે છે, અલ્પાંતક-નીરોગી, સ્થિર-પ્રસ્તુત કાર્યમાં અકંપ હાથવાળો, દૃઢ-નિબિડતર, પૃષ્ઠ-પીઠ, અંતર-પડખાંરૂપ, ઉરુ-સાથળ એ બધાં પરિનિષ્ઠિત હોય તેવો અર્થાત્ અહીનાંગ, - x - x - વૃત્ત સ્કંધવાળો, ચામડાથી બાંધેલ ઉપકરણ વિશેષ - x - x - x - ઉરઃબલ-અંતરોત્સાહ-વીર્યવાળો, સમશ્રેણિક જે બંને અર્ગલા, તેની સમાન દીર્ઘ-સરળ-પીનત્વાદિ બાહુવાળો, લંઘન-ખાડા આદિ કૂદવા - x - જવન-અતિ શીઘ્રગમન, પ્રમર્દન-કઠિન વસ્તુના ચૂર્ણમાં સમર્થ, છેક-કલાપંડિત, દક્ષ-કાર્યમાં અવિલંબકારી, કુશલ-સમ્યક્ ક્રિયા પરિજ્ઞાવાન્, મેધાવી-એક વખત સાંભળેલ-જોયેલ કર્મજ્ઞ, શિલ્પક્રિયામાં કુશલ, ઉપગત-પ્રાપ્ત એવો.

એક મોટી શલાકાવાળી સંમાર્જની-ઝાડુ કે દંડયુક્ત સંમાર્જની, વાંસની સલાકાની બનેલ સંમાર્જની લઈને —

પ્રપા-પાણીની પરબ, આરામ-નગર નજીકનું દંપતિ માટેનું રતિસ્થાન, ઉધાન-ક્રીડાર્થે ગયેલ લોકોના પ્રયોજનના અભાવે ઉર્ધ્વે રહેલ યાન-વાહનાદિના આશ્રયભૂત તરુખંડ, ત્વરા-મનની ઉત્સુકતા, ચાપલ્ય-કાયાની ઉત્સુકતા, સંભ્રમ-ગતિ સ્ખલન. આ ત્રણેના અભાવે જ સારી રીતે કચરો કાઢી શખાય છે. - x -

હવે આ દૃષ્ટાંતની દાર્ષ્ટાન્તિકયોજના કહે છે — એ રીતે યોજન પ્રમાણ વૃત્ત ક્ષેત્રને સંમાર્જે છે. તે યોજન પરિમંડલમાં જે તૃણ, પત્ર, કાષ્ઠ, કચરો, અશુચિ, મલિનતા, દુરભિ ગંધ હોય, તે બધું વાળી-વાળીને, એકડું કરી-કરીને યોજન મંડલથી અન્યત્ર લઈ જાય છે. તે માટે સંવર્તક વાયુથી ઉપશમ કરીને, જ્યાં ભગવંત અને તેના માતા છે, ત્યાં જાય છે, જઈને તીર્થંકર અને તેમની માતાને કંઈક સમીપે મંદસ્વરથી ગાતા-પ્રારંભ કાળે મંદ સ્વર વડે ગાતા, પછી-ગીતપ્રવૃત્તિ કાળ પછી મોટા સ્વરે ગાતા ત્યાં રહે છે.

હવે ઉર્ધ્વલોકવાસીનો અવસર છે —

**● સૂત્ર-૨૧૫ થી ૨૧૭ :-**

*[૨૧૫] તે કાળે, તે સમયે ઉર્ધ્વલોકવાસ્તવ્યા આઠ દિશાકુમારી મહત્તરિકાઓ પોત-પોતાના કૂટોથી, પોત-પોતાના ભવનોથી, પોત-પોતાના*



*પ્રાસાદાવતંસકોથી પ્રત્યેકે પ્રત્યેક ૪૦૦૦ સામાનિકોથી૦ એ પ્રમાણે પૂર્વવત્-પૂર્વવર્ણિત યાવત્ વિચરે છે. તે આ—*

*[૨૧૬] મેઘંકરા, મેઘવતી, સુમેધા, મેઘમાલિની, સુવત્સા, વત્સમિત્રા, વારિષેણા, બલાહકા.*

*[૨૧૭] ત્યારપછી તે ઉર્ધ્વલોકવાસ્તવ્યા આઠ દિશાકુમારી મહત્તરિકાના પ્રત્યેકે પ્રત્યેકના આસનો ચલિત થયા. એ પ્રમાણે બધું પૂર્વ વર્ણિત કહેવું યાવત્ હે દેવાનુપ્રિયા ! અમે ઉર્ધ્વલોકમાં વસનારી આઠ દિશાકુમારી મહત્તરિકાઓ, ભગવન્ તીર્થંકરનો જન્મ મહિમા કરીશું. તેથી તમારો ભય ન રાખવો, એમ કહી ઉત્તરપૂર્વ દિશામાં જાય છે, જઈને અભ્રવાદળ વિકુર્વે છે, વિકુર્વીને યાવત્ નિહતરજ, નષ્ટરજ, મૃષ્ટરજ, પ્રશાંત રજ, ઉપશાંતરજ કરે છે. કરીને તે વાદળો જલ્દીથી જ પ્રત્યુપશાંત થઈ જાય છે.*

*પછી તે દિશાકુમારીઓ પુષ્પના વાદળો વરસાવે છે, વરસાવીને યાવત્ કાલો અગરુ યાવત્ સુરવરને અભિગમન યોગ્ય કરે છે.*

*ત્યારપછી જ્યાં ભગવન્ તીર્થંકર, તીર્થંકરની માતા છે, ત્યાં આવે છે, આવીને યાવત્ આગાન, પરિગાન કરતી રહે છે.*

**● વિવેચન-૨૧૫ થી ૨૧૭ :-**

સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ આ — ઉર્ધ્વલોકવાસીપણું. આ સમભૂતલથી ૫૦૦ યોજન ઉચ્ચ નંદનવનમાં ૫૦૦ યોજન ઉંચાઈવાળા આઠ કૂટમાં વસવાથી છે. [શંકા] અધોલોકવાસીનીના ગજદંત ગિરિકૂટ અષ્ટકમાં જેમ ક્રીડા નિમિત્તે વસે છે, તે પ્રમાણે જ તેણી બધી અહીં પણ ન હોય ? [સમાધાન] ના, એમ નથી. જેમ અધોલોકવાસીનીનો ગજદંતગિરિ નીચે ભવનોમાં વાસ સંભળાય છે, તેમ આમનો પણ સંભળાવાથી ત્યાં નિરંતર વાસ છે. તેથી ઉર્ધ્વલોકવાસીપણું કહેલ છે.

તેણીના નામ પધબંધથી કહે છે — મેઘંકરા, મેઘવતી, સુમેધા, મેઘમાલિની, સુવત્સા, વત્સમિત્રા, વારિષેણા અને બલાહકા.

હવે તેની વક્તવ્યતાને કહે છે — જે સ્પષ્ટ છે. વિશેષ એ કે તે પૂર્વ વર્ણિત કહેવું. ક્યાં સુધી કહેવું ? યાવત્ અમે૦ ઈત્યાદિ. અહીં યાવત્ શબ્દ અવધિવાચી છે. સંગ્રાહક નથી. અહીં યાવત્ પદથી વૈક્રિય સમુદ્‌ઘાતથી સમવહત થઈને યાવત્ બીજી વખત પણ વૈક્રિય સમુદ્‌ઘાતથી સમવહત થાય છે. એમ જાણવું.

અભ્રવાદળ - આકાશમાં પાણીના દલક અર્થાત્ મેઘ. અહીં યાવત્ શબ્દથી - જેમ કોઈ કર્મકરપુત્ર યાવત્ શિલ્પ પ્રાપ્ત હોય, એક મોટા ઉદક્‌વારક, ઉદક્‌કુંભ, ઉદક સ્થાલક ઉદક્ કળશ, ઉદક ભૃંગાર લઈને રાજાનું આંગલ ઈત્યાદિ સિંચે, તેમ તે બધી ઉર્ધ્વલોકમાં રહેનારી આઠ દિશાકુમારી મહત્તરિકા પણ મેઘ વિકુર્વીને જલ્દીથી, તે બાદલ ગર્જે છે, તેમાં વિજળી ચમકે છે તથા તીર્થંકરના જન્મ ભવનની ચોતરફ યોજન પરિમંડલ ઉપર વધુ પાણી પણ નહીં કે ઓછું પાણી પણ નહીં તે રીતે વરસાવતી, દિવ્ય સુગંધયુક્ત કરે છે. - x -

ઉક્તસૂત્રની વ્યાખ્યા [નો સાર] કહીએ છીએ — એક મોટું માટીનું જળ ભાજન વિશેષ, જળનો ઘટ, કાંસા આદિ જળકળશ કે જળભૃંગાર લઈને રાજાનું આંગણ કે યાવત્ ઉધાનને ચોતરફથી સીંચે એ પ્રમાણે આ ઉર્ધ્વલોક નિવાસી દિશાકુમારી૰ આદિ પૂર્વવત્. જલ્દીથી અત્યંત ગર્જન કરે છે. કરીને પ્રકર્ષથી વિજળી ચમકાવે છે.

યોજન પરિમંડલ ક્ષેત્રમાં અતિ જળ નહીં કે અતિ માટી નહીં તે રીતે પ્રકર્ષથી જે રીતે રેણુ સ્થિર થઈ જાય, તેટલી માત્રા ઉત્કર્ષથી એવો ભાવ છે ઉક્ત પ્રકારે સાંતર ઘનભાવથી કાદવ થાય તે ન થાય, તે રીતે - પ્રકર્ષ સ્પર્શન, કેમકે મંદ સ્પર્શથી રેણુનું સ્થગન સંભવે છે. તેથી જ શ્લક્ષ્ણ રેણુ પુદ્‌ગલો અને સ્થૂળતમ પુદ્‌ગલોના વિનાશ કરનારા અતિમનોહર, સુરભિ ગંધોદકને વરસાવે છે.

હવે પ્રસ્તુત સૂત્ર કહે છે — તે યોજન પરિમંડલ ક્ષેત્રને નિહતરજ કરે છે. નિહત - ફરી ઉત્થાનના અભાવે મંદ કરાયેલ રજ જેમાં છે તે, હવે તે ક્ષણ માત્રના ઉત્થાનના અભાવથી પણ સંભવે છે, તેથી કહે છે — નષ્ટરજ અર્થાત્ સર્વથા અદૃશ્યભૂત રજ જ્યાં છે તે, ભ્રષ્ટ-વાયુથી ઉડીને યોજન માત્રથી દૂરથી ક્ષિપ્ત રજ જેમાં છે તે. તેથી જ પ્રશાંત-સર્વથા રજનો અભાવ હોવો. આની જ આત્યંતિકના જણાવવા કહે છે - ઉપશાંત રજ જેમાં છે તે. નેમ કરીને જલ્દીથી ગંધોદકની વર્ષાથી અટકી જાય છે.

હવે તેમનું ત્રીજું કર્તવ્ય કહે છે — એ પ્રમાણે ગંધોદક વર્ષા અનુસાર ફૂલના વાદળો વિકુર્વે છે - પુષ્પ વર્ષા વરસાવે છે. અહીં સૂત્ર આ પ્રમાણે સમજવું - ત્રીજી વખત વૈક્રિય સમુદ્‌ઘાત કરે છે. કરીને પુષ્પ વાદળ વિકુર્વે છે. જેમ કોઈ માલાકારપુત્ર હોય યાવત્ શિલ્પ પ્રાપ્ત હોય, એક મોટું પુષ્પ છજ્જિત, પુષ્પ પડલ, પુષ્પચંગેરી લઈને રાજાનું આંગણ યાવત્ ચોતરફ, - x - પુષ્પ પુંજોપચારયુક્ત કરે છે. એ રીતે જ ઉર્ધ્વલોકવાસી યાવત્ પુષ્પના વાદળ વિકુર્વીને જલ્દીથી ગર્જન કરે છે યાવત્ યોજન પરિમંડલને જલજ, સ્થલ જ, ભાસ્વર, પ્રભૂત, પંચવર્ણી પુષ્પોને જાનોત્સેધ પ્રમાણ માત્ર વરસાવે છે.

ઉક્ત સૂત્રનો વ્યાખ્યા સાર — સંવર્તક વાયુ વિકુર્વવાને બીજી વખત વૈક્રિય સમુદ્‌ઘાતથી સમવહત થઈને પછી આ પુષ્પના વાદળ વિકુર્વવા માટે ત્રીજી વખત સમવહત થઈને પુષ્પ વાદળ વિકુર્વે છે. જેમ કોઈ માળીનો પુત્ર આ પ્રસ્તુત કાર્ય ઉત્પન્ન થતાં યાવત્ નિપુલ શિલ્પ પ્રાપ્ત, એક મોટી પુષ્પોથી ભરેલી છાધિકા, પુષ્પ પટલ - પુષ્પાધારેના ભાજન વિશેષ કે પુષ્પ ચંગેરી.

જેમ રતિકલહમાં જે પરાંગમુખીને સન્મુખી કરવાને વાળથી પકડીને ખેંચે, પછી હાથમાંથી છોડતાં પડતી એવીને રોકતા પંચવર્ણી પુષ્પનો ઢગલો થાય, તેમ ઉર્ધ્વલોકમાં વસતી આઠે દિશાકુમારી મહત્તરા પુષ્પના વાદળ વિકુર્વીને યોજન પરિમંડલમાં યાવત્ પંચવર્ણી કુસુમની વર્ષા વરસાવે છે - તે પુષ્પો કેવા છે ?

જલજ-પદ્માદિ સ્થલજ - વિચકિલાદિ, ભાસ્વર-દીપતા, પ્રભૂત-અતિ પ્રચૂર, - x - અધોભાગવર્તી રહેલા, - x - વર્ષા કેવી છે ? જાનૂ સુધી ઉંચા પ્રમાણમાં અર્થાત્ ૩૨-અંગુલ લક્ષણ, તેના સદૃશ માત્રા જેની છે તે. બત્રીશ આંગળ આ પ્રમાણે — પગના ચાર, જંઘાના ૨૪, જાનુના-૪, એ પ્રમાણે સામુદ્રિકમાં ચરણાદિનું માન કહેલ છે. તે પ્રમાણે વરસાવીને. - x - અહીં યાવત્ શબ્દ અવધિવાચી છે. સુરવરના અભિગમનને યોગ્ય થાય ત્યાં સધી. - x -



એ પ્રમાણે કરીને ભગવન્ તીર્થંકર અને તીર્થંકરની માતા છે ત્યાં આવે છે, આવીને તેમની કંઈક સમીપે ગાન કરતા, પરિગાન કરતા ત્યાં રહે છે — હવે રુચકવાસી દિક્‌કુમારીની વક્તવ્યતામાં પહેલાં પૂર્વરુચકના આઠ સ્થાનોને કહે છે—

**● સૂત્ર-૨૧૮ થી ૨૨૬ :-**

***[૨૧૮] તે કાળે, તે સમયે પૂર્વી રુચકમાં વસનારી આઠ દિશાકુમારી મહત્તરિકા પોત-પોતાના કૂટોમાં પૂર્વવત્ યાવત્ વિચરતી હતી. તે આ પ્રમાણે —***

***[૨૧૯] નંદોત્તરા, નંદા, આનંદા, નંદિવર્દ્ધના, વિજયા, વૈજયંતી, જયંતી અને અપરાજિતા.***

***[૨૨૦] બાકી પૂર્વવત્ યાવત્ તમારે ભય રાખવો નહીં. એમ કહી ભગવંત તીર્થંકર અને તીર્થંકર માતાની પૂર્વે હાથમાં દર્પણ લઈને આગાન કરતી, પરિગાન કરતી રહે છે.***

***તે કાળે, તે સમયે દક્ષિણરૂચકમાં વસનારી આઠ દિશા - કુમારી મહત્તરાઓ પૂર્વવત્ યાવત્ વિચરે છે, તે આ રીતે —***

***[૨૨૧] સમાહાર, સુપ્રતિજ્ઞા, સુપ્રબુદ્ધા, યશોધરા, લક્ષ્મીવતી, શેષવતી, ચિત્રગુપ્તા અને વસુંધરા.***

***[૨૨૨] બાકી વર્ણન પૂર્વવત્ યાવત્ તમારે ભય રાખવો નહીં, એમ કહીને ભગવંત તીર્થંકર તથા તીર્થંકરની માતાની દક્ષિણે હાથમાં ભૃંગાર લઈને આગાન-પરિગાન કરતી રહી.***

***તે કાળે, તે સમયે પશ્ચિમી રુચકમાં વસનારી આઠ દિશાકુમારી મહત્તરિકાઓ પોત-પોતાના ભવનાદિમાં યાવત્ વિચરે છે. તે આ પ્રમાણે —***

***[૨૨૩] ઈલાદેવી, સુરાદેવી, પૃથ્વી, પદ્માવતી, એકનાસા, નવમિકા, ભદ્રા અને સીતા.***

***[૨૨૪] વર્ણન પૂર્વવત્ યાવત્ તમારે ભય રાખવો નહીં, એમ કહીને યાવત્ ભગવંત તીર્થંકર અને તીર્થંકર માતાની પશ્ચિમે તાલવૃંત્ત-વીંઝણા હાથમાં લઈને આગાન-પરિગાન કરતી રહે છે.***

***તે કાળે, તે સમયે ઉત્તરના રુચકમાં વસનારી યાવત્ વિચરે છે. તે આ પ્રમાણે—***

***[૨૨૫] અલંબુસા, મિશ્રકેશી, પુંડરીકા, વારુણી, હાસા, સર્વપ્રભા, શ્રી, અને આઠમી હ્રી.***

***[૨૨૬] વર્ણન પૂર્વવત્ યાવત્ તીર્થંકર અને તીર્થંકર માતાને વાંદીને***

*ઉત્તરમાં હાથમાં ચામર લઈને આગાન-પરિગાન કરતી રહી.*

*તે કાળે તે સમયે વિદિશિ રુચકમાં વસનારી ચાર દિશાકુમારી મહત્તરિકા યાવત્ વિચરે છે. તે આ પ્રમાણે — ચિત્રા, ચિત્રકનકા, શ્વેતા અને સૌદામિની. પૂર્વવત્ વર્ણન યાવત્ આપ ભય રાખશો નહીં, એમ કહીને ભગવત તીર્થંકર અને તીર્થંકર માતાની ચારે વિદિશામાં હાથમાં દીવા લઈને આગાન-પરિગાન કરતી રહે છે.*

*તે કાળે તે સમયે મધ્યમરુચકમાં વસનારી ચાર દિશાકુમારી મહત્તરિકાઓ પોતપોતાના કૂટોમાં૰ પૂર્વવત્ યાવત્ વિચરે છે. તે આ પ્રમાણે — રૂપા, રૂપાસિકા, સુરૂપા અને રુચકાવતી. વર્ણન પૂર્વવત્ યાવત્ આપે ભય રાખવો નહીં, એમ કહી ભગવંત તીર્થંકરની ચાર આંગળ વર્જીને નાભિનાલ કાપે છે, કાપીને જમીનમાં ખાડો ખોદે છે. ખોદીને નાભિનાલને તેમાં દાટે છે. દાટીને રત્નો અને વજોથી પૂરે છે. પૂરીને ત્યાં હરિતાલિકથી પીઠ બાંધે છે. બાંધીને ત્રણ દિશામાં ત્રણ કદલીગૃહને વિકુર્વે છે. તે કદલીગૃહ મધ્યે ત્રણ ચતુશાલક વિકુર્વે છે. તે ચતુઃશાલકના ઠીક મધ્ય ભાગમાં ત્રણ સીંહાસન વિકુર્વે છે. તે સીંહાસનોના આવા સ્વરૂપે વર્ણન કહેલ છે. સર્વ વર્ણન કહેવું.*

*ત્યારે તે રુચક મધ્યે વસનારી ચારે દિશાકુમારી મહતરા જ્યાં ભગવન્ તીર્થંકર અને તીર્થંકર માતા છે, ત્યાં આવે છે, આવીને ભગવન્ તીર્થંકરને હાથના સંપુટમાં ગ્રહણ કરે છે. તીર્થંકરની માતાને પણ બાહા વડે ગ્રહણ કરે છે. કરીને જ્યાં દક્ષિણનું કદલીગૃહ છે. જ્યાં ચતુઃશાલક છે, જ્યાં સીંહાસન છે, ત્યાં આવે છે, આવીને તીર્થંકર ભગવંત તથા તીર્થંકર માતાને સીંહાસને બેસાડે છે.*

*ત્યારપછી તેમને શતપાક, સહસ્રપાક તેલ વડે માલીશ કરે છે, કરીને સુગંધી ગંધવર્તક વડે ઉબટન કરે છે, કરીને તીર્થંકર ભગવંતને કરતલપુટ વડે અને તીર્થંકરની માતાને બાહાથી ગ્રહણ કરે છે, કરીને જ્યાં પૂર્વનું કદલીગૃહ છે, જ્યાં ચતુઃશાલક છે, જ્યાં સીંહાસન છે, ત્યાં આવે છે. આવીને તીર્થંકર ભગવન્ તથા તીર્થંકર માતાને સીંહાસન ઉપર બેસાડે છે.*

*ત્યારપછી તેમને ત્રણ જળ વડે સ્નાન કરાવે છે, તે આ રીતે — ગંધોદક, પુષ્પોદક અને શુદ્ધોદક. સ્નાન કરાવીને સર્વ અલંકર વડે વિભૂષિત કરે છે. કરીને તીર્થંકર ભગવંતને કરતલ પુડ વડે અને તીર્થંકર માતાને બાહા વડે ગ્રહણ કરે છે. કરીને જ્યાં ઉત્તરનું કદલીગૃહ છે, જ્યાં ચતુઃશાલક છે, જ્યાં સીંહાસન છે, ત્યાં આવે છે.*

*ત્યારપછી તીર્થંકર ભગવંત અને તીર્થંકરની માતાને સીંહાસને બેસાડે છે, બેસાડીને આભિયોગિક દેવોને બોલાવે છે, તેમને આ પ્રમાણે કહે છે — ઓ દેવાનુપ્રિયો ! જલ્દીથી લઘુ હિમવંત વર્ષધર પર્વતથી ગોશીર્ષચંદન કાષ્ઠ લઈ આવો. ત્યારે તે આભિયોગિક દેવો તે રૂચક મધ્યે વસનારી ચાર દિશાકુમારી*



*મહત્તરિકાએ આમ કહેતા હર્ષિત-સંતુષ્ટ થયા યાવત્ વિનયપૂર્વક વચનને સ્વીકાર્યું. પછી જલ્દી જઈને લઘુહિમવંત વર્ષધર પર્વતથી સરસ, ગોશીર્ષ ચંદનના કાષ્ઠ લઈ આવે છે.*

*ત્યારે તે મધ્યમ રુચકમાં વસનારી ચારે દિશાકુમારી મહત્તરા શરક કરે છે, કરીને અરણિ ઘડે છે, અરણિ ઘઢીને શરક વડે અગ્નિ ઉત્પન્ન કરે છે, અગ્નિ ઉદ્દિપ્ત કરે છે, તેમાં ગોશીર્ષ ચંદનના ટુકડા નાંખે છે તેનાથી અગ્નિ પ્રજ્વલિત કરે છે. કરીને તેમાં સમિધા કાષ્ઠ નાંખે છે. નાંખીને અગ્નિહોમ કરે છે. કરીને ભૂતિકર્મ કરે છે, કરીને રક્ષાપોટલી બાંધે છે. બાંધીને વિવિધ મણિરત્નથી ચિત્રિત બે પ્રકારના પાષાણ ગોલક લઈને તીર્થંકરના કાનના મૂળ પાસે ગોલકને પરસ્પર અફડાવે છે. "પર્વત સદૃશ આયુવાળા થાઓ" એ પ્રમાણે ભગવંતને આશીર્વચન કહે છે.*

*ત્યારપછી તે રુચક મધ્યે વસનારી ચારે દિશાકુમારી-મહત્તરાઓ ભગવન્‌ને કરતલપુટ વડે અને તીર્થંકર માતાને બાહા વડે ગ્રહણ કરે છે, કરીને જ્યાં ભગવંતનું જન્મ ભવન છે, ત્યાં આવે છે, આવીને તીર્થંકરની માતાને શયનમાં સુવડાવે છે. સુવડાવીને તીર્થંકર ભગવંતને માતાની પડખે સ્થાપે છે, સ્થાપીને આગાન કરતી,પરિગાન કરતી રહે છે.*

**● વિવેચન-૨૧૮ થી ૨૨૬ :-**

તે કાળે, તે સમયે પૂર્વના દિશાભાગવર્તી રુચક કૂટવાસી આઠ દિશાકુમારી મહત્તરિકા પોત-પોતાના કૂટોમાં પૂર્વવત્ યાવત્ વિહરે છ. તે આ નંદોત્તરા ઈત્યાદિ - x - એમ નામથી કહી. બાકી આસન પ્રકંપ, અવધિપ્રયોગ, ભગવંતનું દર્શન, પરસ્પર બોલાવવી, પોત-પોતાના આભિયોગિકે કરેલ વિમાન વિકુર્વણાદિ પૂર્વવત્ યાવત્ તમારે ભયભીત થવું નહીં. એમ કહીને ભગવંત તીર્થંકર અને તીર્થંકરની માતાની પૂર્વમાં, કેમકે તે પૂર્વરુચકથી આવેલ છે, હાથમાં દર્પણ લઈને - જે જિનેશ્વરની માતાના શ્રૃંગારાદિ જોવામાં ઉપયોગી છે તે. ગીતગાન કરતી ત્યાં ઉભી રહે છે.

અહીં રુચકાદિ સ્વરૂપ પ્રરૂપણા આ પ્રમાણે છે — એક આદેશથી અગિયારમો, બીજા આદેશથી તેરમો, ત્રીજા આદેશથી એકવીસમો એવા રુચકદ્વીપમાં બહુમધ્યમાં વલયાકાર રુચકશૈલ ૮૪,૦૦૦ યોજન ઉંચો, મૂળમાં ૧૦,૦૨૨, મધ્યે ૭૦૨૩, શિખરે ૪૦૨૪ યોજન પહોળો છે. તેના મસ્તકે પૂર્વ દિશા મધ્યે સિદ્ધાયતનકૂટ છે. તેની બંને પડખે ચાર-ચાર દિક્કુમારીના કૂટો છે ત્યાં નંદોત્તરાદિ રહે છે.

હવે દક્ષિણરુચકમાં રહેલની વક્તવ્યતા કહે છે — તે કાળે, તે સમયે દક્ષિણરુચકમાં રહેનારી, પૂર્વની જેમ રુચકપર્વતની ટોચે પણ દક્ષિણ દિશામાં સિદ્ધાયતન કૂટ છે, તેના બંને પડખે ચાર-ચાર કૂટો છે, ત્યાં રહેનારી છે. આઠ દિક્કુમારી મહત્તરિકા તે પ્રમાણે જ યાવત્ વિચરે છે, તે આ પ્રમાણે — સમાહારા, સુપ્રદત્તા, સુપ્રબુદ્ધા ઈત્યાદિ - x - તે પ્રમાણે યાવત્ તમારે ભયભીત ન થવું, એમ કહીને જિનેશ્વરની માતાની-દક્ષિણદિશાથી આવેલ હોવાથી દક્ષિણ દિગ્ભાગમાં, જિનમાતાને

ન્હાવાને ઉપયોગી જળપૂર્ણ કળશ હાથમાં લઈને ગીતગાન કરતી રહે છે.

હવે પશ્ચિમરુચકમાં રહેલની વક્તવ્યતા - સૂત્ર પૂર્વવત્. વિશેષ એ કે — તે પશ્ચિમ દિશાભાગવર્તી રુચકવાસીની કહેવી. તેમના નામો પદ્યથી આ પ્રમાણે કહે છે — અલંબુસા, મિશ્રકેસી, પુંડરીકર ઈત્યાદિ - x - કૂટવ્યવસ્થા પૂર્વવત્. તેણી આઠે ઉત્તરરુચકથી આવેલ હોવાથી જિનમાતાના ઉત્તરદિશા ભાગમાં હાથમાં ચામર લઈને આગાન-પરિગાન કરતી ત્યાં રહે છે.

હવે વિદિશાના રુચકવાસીની દિશાકુમારી મહત્તરાના આગમનને કહે છે — સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ એ કે — તે વિદિક્ રુચકમાં વસનારી છે, તે જ રુચકપર્વતના મસ્તકે ચોથા હજારમાં ચારે વિદિશામાં એક-એક કૂટમાં, ત્યાં વસનારી ચારે વિદિશાની કુમારી યાવત્ વિચરે છે. અહીં સ્થાનાંગમાં વિદ્યુત્કુમારી મહત્તરિકા કહેલ છે. આ બધીના ઈશાન આદિ ક્રમથી નામો આ પ્રમાણે છે — ચિત્ર, ચિત્રકનકા, શતેરા, સૌદામિની. પૂર્વવત્ યાવત્ આપે ડરવું ન જોઈએ. વિદિશાથી આવેલ હોવાથી ભગવંત તીર્થંકર અને તીર્થંકરમાતાની ચારે વિદિશામાં દીપિકા હાથમાં લઈને આગાન-પરિગાન કરતી રહે છે.

હવે મધ્યરુચકવાસીનીનું આગમન-તે કાળે, તે સમયે મધ્યભાગવર્તી રુચકવાસીની અર્થાત્ ૪૦૨૪ રુચકના શિરો વિસ્તારમાં બીજા હજારે ચારે દિશાવર્તી ચારે કૂટોમાં પૂર્વાદિક્રમથી ચારે ખૂણે વસે છે. અહીં છઠ્ઠા અંગની વૃત્તિમાં મલ્લિ અધ્યયનમાં રુચકદ્વીપની અભ્યંતરઅર્દ્ધમાં વસનારી એમ કહેલ છે, તત્ત્વ બહુશ્રુત જાણે. ચાર દિશાકુમારી યાવત્ વિચરે છે, તે આ પ્રમાણે — રૂપા ઈત્યાદિ, પૂર્વવત્. આપે ભયભીત થવું નહીં, એમ કહીને - - -

- - - ભગવંત તીર્થંકરની નાભિનાળને ચાર આંગળ છોડીને કાપે છે, કાપીને મોટો ખાડો ખોદે છે. તેમાં કાપેલ નાભિનાલને દાટે છે. દાટીને રત્નો વડે ત્યાં પીઠ બાંધે છે. તેની ઉપર હરિતાલિકા વાવે છે. ખાડો ખોદવો આદિ બધું ભગવંતના અવયવની આશાતના નિવારવાને માટે છે. પીઠ બાંધીને, પશ્ચિમ દિશા સિવાયની ત્રણે દિશામાં ત્રણ કદલીગૃહો બનાવે છે. પછી તે કદલીગૃહોના બહુ મધ્યદેશ ભાગમાં ત્રણ ચતુઃશાલક-ભવન વિશેષને બનાવે છે. પછી તે ચતુઃશાલકોના બહુમધ્ય દેશભાગમાં ત્રણ સિંહાસનો વિકુર્વે છે. તે સિંહાસનોનું વર્ણન પૂર્વવત્ કહેવું.

હવે સિંહાસનની વિકુર્વણા પછીનું કૃત્ય કહે છે — પછી તે રુચકમધ્યમાં વસનારી ચારે દિશાકુમારી મહત્તરિકાઓ જ્યાં ભગવંત તીર્થંકર અને તીર્થંકરની માતા છે, ત્યાં આવે છે. આવીને તીર્થંકર ભઘવંતને કરતલ સંપુટ વડે અને તીર્થંકર માતાને બાહા વડે ગ્રહણ કરે ચે, ગ્રહણ કરીને જ્યાં કદલીગૃહ છે, જ્યાં ચતુઃશાલક છે, જ્યાં સિંહાસન છે ત્યાં આવે છે. આવીને તીર્થંકર ભગવંત અને તીર્થંકર માતાને સિંહાસને બેસાડે છે. બેસાડીને શતપાક અને સહસ્રપાક તેલ વડે...

...અહીં શતપાક એટલે બીજી બીજી ઔષધિના રસથી કે સો મુદ્રા વડે જે પકાવેલ છે, તે શતપાક. એ રીતે સહસ્રપાક તેલ પણ જાણવું. તેવા પ્રકારના સુગંધી



તેલ વડે અભ્યંજન-માલીશ કરે છે. માલીશ કરીને સુગંધી ગંધવર્તકથી ગંધદ્રવ્યો-ઉત્પલ કુષ્ઠાદિના ચૂર્ણ પીંડથી અથવા ગંધયુક્ત ગોધૂમચૂર્ણ પીંડથી ઉદ્વર્તન કરે છે — ઘસેલા તેલનું અપનયન કરે છે.

ત્યારપછી તીર્થંકર ભગવંતને બે હાથના પુટમાં લઈ, તીર્થંકર માતાની બાહુ પકડીને જ્યાં પૂર્વનું કદલીગૃહ છે, જ્યાં ચતુઃશાલા છે, જ્યાં સિંહાસન છે, ત્યાં જાય છે. જઈને તીર્થંકર ભગવંત તથા તેની માતાને સિંહાસને બેસાડે છે. બેસાડીને ત્રણ પ્રકારના ઉદક વડે સ્નાન કરાવે છે, તે ત્રણે જળ દર્શાવે છે :- ગંધોદક-કુંકુમાદિ મિશ્રિત, પુષ્પોદક જાત્યાદિ મિશ્રિત, શુદ્ધોદક-માત્ર પાણી વડે, સ્નાન કરાવીને બધાં. અલંકાર વડે વિભૂષિત કરે છે.

ત્યારપછી તીર્થંકર ભગવંતને કરતલપુટમાં અને જિનમાતાને બાહા વડે ગ્રહણ કરે છે, કરીને જ્યાં ઉત્તરદિશાનું કદલીગૃહ છે. ત્યાં જે ચતુઃશાલામાં સિંહાસન છે, ત્યાં આવે છે. આવીને તીર્થંકર ભગવંતને અને તેની માતાને સિંહાસને બેસાડે છે, બેસાડીને આભિયોગિક દેવોને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહ્યું — જલ્દીથી લઘુહિમવંત વર્ષધર પર્વતથી ગોશીર્ષચંદન કાષ્ઠ લઈ આવો.

ત્યારે તે આભિયોગિક દેવોને રુચક મધ્યે રહેનારી ચારે દિશાકુમારીઓએ પૂર્વવત્ આજ્ઞા કરતાં હર્ષિત-સંતુષ્ટ થઈ યાવત્ વિનયથી વચન સ્વીકારે છે. પછી જલ્દીથી લઘુ હિમવંત વર્ષધર પર્વતથી સરસ ગોશીર્ષ ચંદન કાષ્ઠ લાવે છે. ત્યારે તે મધ્ય રુચકવાસી ચારે દિશાકુમારીઓ શરક-બાણ જેવા તીક્ષ્ણમુખ અગ્નિ ઉત્પાદક કાષ્ઠ વિશેષ કરે છે. કરીને તે જ શરક વડે અરણિ-લોકપ્રસિદ્ધ કાષ્ઠ વિશેષને સંયોજે છે. સંયોજીને શરક વડે અગ્નિ ઉત્પન્ન કરે છે. કરીને અગ્નિને સંદીપન્ન કરે છે. પછી તેમાં ગોશીર્ષ - ચંદન કાષ્ઠના ટુકડા કરીને નાંખે છે. - x - અગ્નિને ઉજ્જ્વાલિત કરે છે. ઉજ્વાલિત કરીને હવન ઉપયોગી ઇંધણ-સમીધરૂપ કાષ્ઠ નાંખે છે. પૂર્વે જે કાષ્ઠ પ્રક્ષેપ કહ્યું તે ઉદ્દીપન માટે હતું, આ કાષ્ઠ ક્ષેપણ રાખ કરવાને મરાટે છે. પછી અગ્નિ હોમ કરે છે. કરીને ભસ્મ કરે છે. - x -

ત્યારપછી જિનમાતાને શાકિની આદિ દુષ્ટ દેવતાથી અને દૃષ્ટિ દોષાદિથી રક્ષા કરનારી પોટલી બાંધે છે. બાંધીને વિવિધ મણિરત્નોની રચનાથી ચિત્રિત બે પાષાણવૃત્ત ગોલકને ગ્રહણ કરે છે કરીને તીર્થંકર ભગવંતના કાન પાસે પરસ્પર અફડાવીને સુંદર શબ્દ ઉત્પાદનપૂર્વક વગાડે છે. એના વડે બાળલીલાવશ અન્યત્ર આસક્ત ભગવંતને કહેવાનાર આશીર્વચનમાં હોંશીયાર કરે છે. પછી ‘‘ભગવંત ! આપ પર્વતાયું થાઓ’’ એમ આશીર્વચન કહે છે.

ઉક્ત બધું કાર્ય કર્યા પછી રુચકમધ્ય વસતી ચારે દિશા કુમારી મહત્તરિકા તીર્થંકર ભગવંતને કરતલપુટમાં અને જિનમાતાને બાહા વડે ગ્રહણ કરીને જ્યાં તીર્થંકરનું જન્મ ભવન છે, ત્યાં આવે છે, આવીને તીર્થંકર માતાને શય્યામાં સુવડાવે છે, સુવડાવીને તીર્થંકર માતાની પાશ્વમાં સ્થાપે છે. સ્થાપીને કંઈક નીકટમાં ગીત ગાન કરતી રહે છે.

આ બધામાં મધ્યે આઠ અધોલોકવાસી-ગજદંતગિરિની અધોવાસિની. આ અધિકાર સૂત્રમાં ''પોત-પોતાના કૂટોથી'' એ પદથી બીજી દિક્કુમારી સૂત્ર પાઠના સંરક્ષણાર્થે છે. કેમકે સાધારણ સૂત્રપાઠમાં યથા સંભવ વિધિ-નિષેધનો આશ્રય કર્યો છે. ઉર્ધ્વલોકવાસિની આઠે નંદનવનમાં ૫૦૦ યોજન ઉંચે કૂટવાસી છે. બીજી બધી રુચક કૂટે ૧૦૦૦ યોજન ઉંચા-પહોળા કૂટે વસે છે.

૫૬-દિક્કુમારી કહી, હવે ઈન્દ્રકૃત્ય કહે છે –

● **સૂત્ર-૨૨૭ :-**

*તે કાળે, તે સમયે શક્ર નામે દેવેન્દ્ર દેવરાજ, વજ્રપાણી, પુરંદર, શતક્રતુ, સહસ્રાક્ષ, મઘવા, પાકશાસન, દાક્ષિણાર્દ્ધલોકાધિપતિ, બત્રીશ લાખ વિમાનાધિપતિ, ઐરાવણ વાહન, સુરેન્દ્ર, નિર્મળ વસ્ત્રધારી, માળા-મુગટ ધારણ કરેલ, ઉજ્જ્વલ સુવર્ણના સુંદર-ચિત્રિત-ચંચલ કુંડલોથી જેનું કપોલ સુશોભિત છે, દેદીપ્યમાન શરીરધારી, લાંબી વનમાળા યુક્ત, મહર્દ્ધિક, મહાદ્યુતિક, મહાબલ, મહાયશ, મહાનુભાગ, મહાસૌખ્ય, સૌધર્મકલ્પમાં, સૌધર્માવતંસક વિમાનમાં, સુધર્માસભામાં શક્ર સિંહાસન ઉપર તે ત્યાં ૩૨-લાખ વિમાનો, ૮૪,૦૦૦ સામાનિકો, ૩૩-ત્રાયસ્ત્રિંશકો, ચાર લોકપાલ, સપરિવાર આઠ અગ્રમહિષી, ત્રણ પર્ષદા, સાતસૈન્ય, સાત સૈન્યાધિપતિ, ચાર ગુણા ૮૪,૦૦૦ આત્મરક્ષક દેવો, બીજા પણ ઘણાં સૌધર્મકલ્પવાસી વૈમાનિક દેવો અને દેવીઓનું આધિપત્ય, પૌરોપત્ય, સ્વામીત્વ, ભર્તૃત્વ, મહત્તરકત્વ, આજ્ઞાઐશ્વર્ય સેનાપત્ય કરતો, પાલન કરતો, મોટા આહત યુક્ત નૃત્ય-ગીત-વાજિંત્ર-તંત્રી-તલ-તાલ-ત્રુટિત-ઘન મૃદંગના પટુ પ્રવાદિત રવ વડે દિવ્ય ભોગોપભોગને ભોગવતો ત્યાં વિચરે છે અર્થાત્ રહેલ છે.*

*ત્યારે તે દેવેન્દ્ર દેવરાજ શક્રનું આસન ચલિત થાય છે. ત્યારે તે શક્ર યાવત્ આસનને ચલિત થતું જુએ છે. જોઈને અવધિનો પ્રયોગ કરે છે, પ્રયોજીને તીર્થંકર ભગવંતને અવધિજ્ઞાન વડે જુએ છે. જોઈને હર્ષિત-સંતુષ્ટચિત્ત, આનંદિત, પ્રીતિયુક્ત મનવાળો, પરમ સૌમ્યનસિક, હર્ષનાવશથી વિકસિત હૃદયવાળો થયો. મેઘની ધારાથી આહત કદંબના પુષ્પોની જેમ તેમના રુંવાડા ઉભા થઈ ગયા. વિકસિત શ્રેષ્ઠ કમલ જેવા નયન અને વદન થયા. હર્ષાતિરેક જનિત વેગથી તેના હથના ઉત્તમ કટક, ત્રુટિત, પટ્ટિકા, કેયૂર, મુગટ જલ્દી કંપી ઉઠ્યા. તેના કાનોમાં કુંડલ શોભતા હતા, તેનું વક્ષસ્થળ હારોથી સુશોભિત હતું. ગળામાં લાંબી લટકતી માળા હતી, આભૂષણ ઝૂલતા હતા.*

*આવો દેવેન્દ્ર શક્ર ત્વરિત, સંભ્રમસહ, ચપળતાથી સીંહાસનથી ઉભો થયો, ઉભો થઈને પાદપીઠથી નીચે ઉતર્યો. ઉતરીને વૈડૂર્ય, રિષ્ટ તથા અંજન નામે રત્નોથી નિપુણતાપૂર્વક કલાત્મકરૂપે બનાવાયેલ દેદીપ્યમાન મણિમંડિત પાદુકાઓને નીચે ઉતારે છે. ઉતારીને અખંડ વસ્ત્રનું ઉતરાસંગ કરે છે. કર્યા પછી....*

*બે હાથ જોડી, મસ્તકે અંજલિ કરી, તીર્થંકર સન્મુખ સાત-આઠ પગલાં*



*જાય છે, જઈને ડાબો ઘુંટણ આકુંચિત કરે છે, જમણો ઘુંટણ ધરણિતલે રાખે છે. પછી ત્રણ વખત મસ્તકને ધરણિતલે લગાડે છે, લગાડીને કંઈક ઉંચે ઉઠે છે, ઉઠીને કટક અને ત્રુટિત વડે સ્તંભિત ભુજાઓને ઉઠાવે છે. ઉઠાવીને બંને હાથ જોડી, મસ્તકે આવર્ત કરી, મસ્તકે અંજલિ કરીને આ પ્રમાણે બોલ્યો –*

*નમસ્કાર થાઓ. [કોને ?] અર્હતોને, ભગવંતોને, આદિકર-તીર્થંકર-સ્વયંસંબુદ્ધોને, પુરુષોત્તમ-પુરુષસીંહ-પુરુષવર પુંડરિક-પુરુષવર ગંધહસ્તીને, લોકોત્તમ-લોકનાથ-લોકહિતકર-લોકપ્રદીપક-લોકપ્રદ્યોતકરોને, અભયદાતા, ચક્ષુદાતા-માર્ગદાતા-શરણદાતા-જીવદાતા-બોધિદાતાઓને, ધર્મદાતા-ધર્મદેશક-ધર્મનાયક-ધર્મસારથી-ધર્મવર ચાતુરંત ચક્રવર્તીઓને [અર્થાત્ ભગવંત યાવત્ શ્રેષ્ઠ ધર્મચક્રવર્તી વિશેષણ ધરાવતા અરિહંતોને મારા નમસ્કાર થાઓ.]*

*[વળી તે અરહંત કેવા છે ?] દ્વીપ, ત્રાણ, શરણ, ગતિ, પ્રતિષ્ઠા, અપ્રતિહત શ્રેષ્ઠ જ્ઞાન-દર્શનધર, છદ્મપણું ચાલી ગયેલ છે તેવા, જિન-જાપક, તીર્ણ-તારક, બુદ્ધ-બોધક, મુક્ત-મોચક, સર્વજ્ઞ-સર્વદર્શી, શિવ-અચલ-અરુજ-અનંત-અક્ષય-અવ્યાબાધ-અપુનરાવર્તી સિદ્ધિગતિ નામક સ્થાનને સંપ્રાપ્ત એવા.*

*ભયને જિતેલા જિનેશ્વરોને નમસ્કાર થાઓ.*

*આદિકર, સિદ્ધાવસ્થા પામવાને ઈચ્છુક તીર્થંકર ભગવંતને મારા નમસ્કાર થાઓ.*

*ત્યાં રહેલા ભગવંતને, અહીં રહેલો હું વંદન કરું છું. ત્યાં રહેલ ભગવંત, અહીં રહેલા એવા મને જુએ, એમ કહી ભગવંતને વંદન-નમસ્કાર કરે છે, કરીને શ્રેષ્ઠ સીંહાસનમાં પૂર્વાભિમુખ થઈ બેઠો.*

*ત્યારે તે દેવેન્દ્ર દેવરાજ શક્રને આવા સ્વરૂપે સંકલ્પ ઉત્પન્ન થયો કે – નિશ્ચે જંબૂદ્વીપદ્વીપમાં તીર્થંકર ભગવંત ઉત્પન્ન થયેલ છે. તો અતીત-વર્તમાન-અનાગત દેવેન્દ્ર દેવરાજ શક્રનો આ કલ્પ-આચાર છે કે તીર્થંકરનો જન્મ મહોત્સવ કરવો જોઈએ, તો હું પણ જઉં અને તીર્થંકર ભગવંતનો જન્મ મહોત્સવ કરું.*

*એ પ્રમાણે શક્રેન્દ્રએ સંકલ્પ કર્યો, કરીને પદાતિસેનાના અધિપતિ હરિણેગમેસી દેવને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહ્યું કે – ઓ દેવાનુપ્રિય ! જલ્દીથી સુધર્માસભામાં મેઘસમૂહની ગર્જના સમાન ગંભીર અને મધુરતર શબ્દયુક્ત યોજન પરિમંડલ સુસ્વર યુક્ત સુઘોષા ઘંટાને ત્રણ વખત વગાડતા-વગાડતા મોટા-મોટા શબ્દોથી ઉદ્ઘોષણા કરતાં-કરતાં આ પ્રમાણે કહો –*

*– દેવેન્દ્ર દેવરાજ શક્રની આજ્ઞા છે કે – તેઓ જંબૂદ્વીપમાં તીર્થંકર ભગવંતનો જન્મ મહોત્સવ મનાવવા થઈ રહ્યા છે, તો દેવાનુપ્રિયો ! તમે બધાં પણ પોતાની સર્વઋદ્ધિ - સર્વદ્યુતિ - સર્વબલ-સર્વ સમુદય-સર્વ આદર, સર્વવિભૂતિ-સર્વ વિભૂષા - સર્વ સંભ્રમ - સર્વ નાટક - સર્વ ઉપરોધ પૂર્વક, સર્વ પુષ્પ-ગંધ-માળા-અલંકાર અને વિભૂષા વડે, સર્વ દિવ્ય તુમુલ ધ્વનિની સાથે, મોટી ઋદ્ધિ*

*યાવત્ સ્વપૂર્વક, નિજક પરિવારથી સંપરિવરીને પોતપોતાના યાન-વિમાન-વાહનોમાં આરૂઢ થઈને, વિલંબ કર્યા વિના શક્રની યાવત્ પાસે પ્રગટ થાઓ.*

*ત્યારે તે પદાતિ સૈન્યાધિપતિ હરિણેગમેષી દેવને દેવેન્દ્ર શક્રએ યાવત્ આમ કહેતા હર્ષિત-સંતુષ્ટ થઈ યાવત્ એ પ્રમાણે દેવની આજ્ઞા વચનને વિનયપૂર્વક સ્વીકારે છે, સ્વીકારીને દેવેન્દ્ર શક્રની પાસેથી નીકળે ચે, નીકળીને જ્યાં સુધર્માસભામાં મેઘસમૂહ સમાન, ગંભીર-મધુર શબ્દ કરતી, યોજન પરિમંડલ સુઘોષા ઘંટા છે, ત્યાં જાય છઝે. ત્યાં જઈને મેઘસમૂહ સદૃશ, ગંભીર મધુરતર શબ્દ કરતી, યોજન પરિમંડલ સુઘોષાઘંટાને ત્રણ વખત વગાડે છે.*

*ત્યારે તે મેઘસમૂહ સમાન ગંભીર મધુરતર શબ્દવાળી, યોજનપરિમંડલ સુઘોષા ઘંટાને ત્રણ વખત વગાડતા સૌધર્મકલ્પમાં બીજી એક ન્યૂન બત્રીશ લાખ વિમાનોમાં એક ન્યૂન બત્રીશ લાખ ઘંટા એક સાથે કણકણ રવને પ્રાપ્ત થઈ. ત્યારે સૌધર્મકલ્પમાં પ્રાસાદ, વિમાન, નિષ્કુટમાં આપતિત શબ્દ વર્ગણાના પુદ્ગલો લાખો ઘંટા-પ્રતિઘંટાના રૂપમાં પ્રગટ થવા લાગ્યા.*

*ત્યારે તે સૌધર્મકલ્પવાસી ઘણાં વૈમાનિક દેવો અને દેવીઓ જે એકાંત રતિ પ્રસક્ત, નિત્યપ્રમત્ત, વિષય સુખ મૂર્છિત હોય છે, તેઓ સૂસ્વર ઘંટાના વિપુલ ધ્વનિથી પૂરિત થઈ જલ્દી જાગૃત થાય છે. થઈને ઘોષણાથી ઉત્પન્ન કુતૂહલથી કાન દઈને એકાગ્રચિત્ત થઈ ઉપયુક્ત માનસ થયા. તે પદાતિ સૈન્યાધિપતિ દેવ ઘંટારવ અતિ શાંત-પ્રશાંત થયા પછી, ત્યાં-ત્યાં તે-તે દેશમાં મોટા-મોટા શબ્દોથી ઉદ્ઘોષણા કરતા-કરતા આ પ્રમાણે કહે છે —*

*સૌધર્મ કલ્પવાસીઓ ઘણાં દેવો અને દેવીઓ ! આપ સૌધર્મ કલ્પેન્દ્રમાં આ હિતકારી અને સુખપ્રદ વચનો સાંભલો. શક્રની આજ્ઞા છે કે — બધું પૂર્વવત્ યાવત્ તેમની પાસે પ્રગટ થાઓ.*

*ત્યારે તે દેવો અને દેવીઓ આ અર્થને સાંભળી, હર્ષિત-સંતુષ્ટ યાવત્ હૃદયી થઈ, કેટલાંક વંદન નિમિત્તે, એ પ્રમાણે પૂજન નિમિત્તે, સત્કારનિમિત્તે, સન્માન નિમિત્તે, દર્શન નિમિત્તે, જિનભક્તિ રાગથી, તે કેટલાંક આ અમારો આચાર છે, ઈત્યાદિ વિચારીને યાવત્ શક્રની સમીપે પ્રગટ થયાં - આવ્યા.*

*ત્યારે તે દેવેન્દ્ર દેવરાજ શક્ર તે વૈમાનિક દેવો અને દેવીઓને વિલંબ રહિત સમીપે પ્રગટ થયેલા જુએ છે. જોઈને હર્ષિત થઈને પાલક નામે આભિયોગિક દેવોને બોલાવે છે. બોલાવીને આ પ્રમાણે કહ્યું —*

*ઓ દેવાનુપ્રિય ! જલ્દીથી અનેકશત સ્તંભ ઉપર રહેલ, લીલાસ્થિત શાલ ભંજિકાયુક્ત, ઈહામૃગ-ઋષભ-તુરગ-નર-મગર-વિહગ-વ્યાલક-કિન્નર-રુરુ-શરભ-ચમર-કુંજર-વનલતા-પદ્મલતાના ચિત્રોથી ચિત્રિત સ્તંભ ઉપર રહેલ વજ વેદિકાથી પરિગત એવી રમણી, વિદ્યાધર યમલ-યુગલના યંત્ર યુક્ત હોય તેવી, અર્ચી સહસ્રથી યુક્ત, હજારો રૂપયુક્ત, દીપતા-દેદીપ્યમાન, આંખમાં વસી જાય તેવા, સુખ સ્પર્શ, સશ્રીકરૂપ, ઘંટાવલિના મધુર મનહર સ્વરયુક્ત, સુખમય-*





*કાંત-દર્શનીય, નિપુણવત્ ચમકતા મણિરત્ન ઘંટિકા જાલયુક્ત હજાર યોજન વિસ્તીર્ણ, ૫૦૦ યોજન ઉંચા, શીઘ્ર, ત્વરીત, પ્રસ્તુત કાર્ય નિર્વહણમાં સક્ષમ દિવ્ય યાન-વિમાનની વિકુર્વણા કરીને, મારી આ આજ્ઞા પાછી સોંપો.*

● વિવેચન-૨૨૭ :-

તે કાળે, તે સમયે અર્થાત્ દિશાકુમારીના કૃત્ય પછી. શક્ર, તેની વ્યાખ્યા કલ્પસૂત્રટીકાદિમાં પ્રસિદ્ધ હોવાથી લખતા નથી. હવે વંદન-નમસ્કાર કર્યા પછી શક્ર સિંહાસને બેઠા પછી જે થયું તે કહે છે —

સિંહાસને બેઠા પછી તે દેવેન્દ્ર દેવરાજ શક્રને આ આવો યાવત્ સંકલ્પ થયો. નિશ્ચે જંબૂદ્વીપમાં તીર્થંકર ભગવંત ઉત્પન્ન થયેલા છે તો ત્રણેકાળના શક્રોનો આ કલ્પ છે કે તીર્થંકરનો જન્મ મહિમા કરવો, તો હું જઈને તીર્થંકર ભગવંતનો જન્મ મહોત્સવ કરું. પછી - - -

હરિણેગમેષી-ઈન્દ્રના આદેશને ઈચ્છે છે તે અથવા ઈન્દ્રનો નૈગમેષી નામે દેવ, તે પદાતિ સૈન્યાધિપતિ દેવને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહ્યું — જલ્દીથી હે દેવાનુપ્રિય ! સુધર્મા સભામાં મેઘનો સમૂહ, તેનો ગર્જિત, તેની જેમ ગંભીર અને મધુર શબ્દ જેનો છે તે તથા, તે યોજન પ્રમાણ વૃત્તત્વ જેનું છે તે, સુઘોષા નામે સુસ્વરા, ઘંટાને ત્રણ વખત તાડિત કરતા-કરતા મોટા-મોટા શબ્દથી ઉદ્ઘોષણા કરતાં-કરતાં એ પ્રમાણે કહો - આજ્ઞા કરો કે ઓ દેવો ! - - -

દેવેન્દ્ર દેવરાજ શક્ર જંબૂદ્વીપમાં તીર્થંકર ભગવંતનો જન્મમહિમા કરવાને જાય છે. સામાન્યથી જિન વર્ણન પ્રસ્તાવ છતાં જે જંબૂદ્વીપનું નામ ગ્રહણ કરેલ છે, તે જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ અધિકારથી છે.

તો હે દેવાનુપ્રિયો ! સર્વ ઋદ્ધિથી, સર્વદ્યુતિથી, સર્વબળથી, સર્વ સમુદયથી, સર્વાદરથી, સર્વ વિભૂષાથી, સર્વ દિવ્ય વાજિંત્ર શબ્દના નાદથી મોટી ઋદ્ધિ યાવત્ રવથી ઈત્યાદિ પૂર્વવત્ પોતાના પરિવારથી સંપરિવૃત્ત પોત-પોતાના વિમાનમાં આદિ પૂર્વવત્ વાહન - શિબિકાદિમાં આરૂઢ થઈને વિલંબ વિના દેવેન્દ્ર શક્ર સમીપે પ્રગટ થયાં.

હવે સ્વામીના આદેશ પછી હરિણેગમેષીદેવ જે કરે છે, તે કહે છે — ત્યારે પદાનિકાધિપતિ તે હરિણેગમેષી દેવને શક્રેન્દ્રએ આ પ્રમાણે કહેતા હર્ષિત ઈત્યાદિ થઈ, આજ્ઞા વચનને વિનયથી સાંભળે છે, સાંભળીને શક્ર પાસેથી નીકળે છે, નીકળીને જ્યાં સુધર્માસભામાં - x - સુઘોષા ઘેટા છે, ત્યાં આવે છે, આવીને મેઘના સમૂહ જેવા ગંભીર, મધુરતર શબ્દોવાળી યોજન પરિમંડલ સુઘોષા ઘંટાને ત્રણ વખત વગાડે છે. વગાડ્યા પછી શું થાય છે ? તે કહે છે —

વગાડ્યા પછી - x - સૌધર્મકલ્પમાં બીજા - એક ન્યૂન બત્રીશ લાખ વિમાનરૂપ જે આવાસ-દેવવાસ સ્થાનોમાં એકન્યૂન ૩૨-લાખ ઘંટા એકસાથે કણકણ એવો રવ કરવાને પ્રવૃત્ત થઈ. - x - હવે ઘંટનાદ પછી જે થયું તે કહે છે —

ઘંટોના કણકણ રવ પ્રવૃત્તિ પછી સૌધર્મકલ્પ પ્રાસાદ કે વિમાનોના જે નિષ્કુટ-

ગંભીર પ્રદેશ, તેમાં જે સંપ્રાપ્ત શબ્દ વર્ગણાના પુદ્ગલો, તેથી સમુત્થિત જે ઘંટા સંબંધી લાખો પડઘા, તેના વડે સંકુલ થયો. અર્થાત્ ઘંટાના મહા પ્રયત્નથી તાડિત થતાં જે શબ્દ પુદ્ગલો નીકળ્યા, તેનો પ્રતિઘાત વશથી બધી દિશા-વિદિશામાં દિવ્યાનુભાવથી ઉછળેલ પ્રતિશબ્દો વડે સર્વે પણ સૌધર્મ કલ્પ બહેરો થઈ ગયો. - x - x -

એ પ્રમાણે શબ્દમય સૌધર્મકલ્પ થયા પછી, પદાતિપતિ જે કરે છે, તે કહ્યું — શબ્દ વ્યાપ્તિ પછી તે સૌધર્મકલ્પવાસી ઘણાં વૈમાનિક દેવો અને દેવીઓ, જે એકાંતમાં રમણમાં આસક્ત, તેથી જ નિત્યપ્રમત્ત, વિષય સુખમાં મૂર્છિત હતા, તેઓ સુસ્વરા જે પંક્તિ-સુઘોષા ઘંટાનો સ્વર, તેથી વિપુલ-સકલ સૌધર્મ દેવલોકને ભરી દેનાર જે બોલ-કોલાહલ, ત્વરિત-શીઘ્ર, ચપળ-સંભ્રમસહિત, જાગૃત થયા પછી, - x - આ ઘોષણા શું છે ? તે માટે કાન દઈને, ઘોષણાના શ્રવણના વિષયમાં એક ચિત્ત થઈને, એકાગ્ર ચિત્તત્વમાં પણ ક્યારેક ઉપયોગ ન રહે કેમકે છદ્મસ્થ છે, તેથી કહે છે — ઉપયુક્ત માનસવાળા થઈને - સાંભળેલ વસ્તુના ગ્રહણ માટે કુશળ મનવાળી થઈને [તે દેવ-દેવી રહ્યા.]

તે પદાત્તિ સૈન્યાધિપતિ દેવ તે ઘંટારવ સંપૂર્ણ શાંત-અતિ મંદ ભૂત થતાં, પ્રકર્ષથી શાંત-પ્રશાંત થતાં, તે-તે મોટા દેશમાં, તે-તે દેશના એક દેશમાં તાર-તાર સ્વરથી ઉદ્ઘોષણા કરતાં-કરતાં એમ કહે છે કે — हंत - હર્ષથી, પોત-પોતાના સ્વામીની આજ્ઞાથી જગત્ગુરુનો જન્મ મહિમા કરવાને માટે પ્રસ્થાન આરંભ કરે. સૌધર્મકલ્પપતિનું આ વચન જન્માંતર કલ્યાણજન્ય સુખયુક્ત છે, તે તમે - સૌધર્મ કલ્પવાસી વૈમાનિક દેવો-દેવીઓ સાંભળો, ઉક્ત અર્થની આજ્ઞા કરે છે. - x -

શક્રના આદેશ પછી, જે દેવે કર્યુ તે કહે છે — તે દેવો અને દેવીઓ આ અનંતરોક્ત અર્થને સાંભળીને, હર્ષિત, સંતુષ્ટ યાવત્ હર્ષના વશથી વિકસીત હૃદયવાળા થઈને - x - કેટલાંક વંદન-અભિવાદન, પ્રશસ્ત કાયા-વચન-મન પ્રવૃત્તિરૂપ, તેના નિમિત્તે આપણે ત્રિભુવન ભટ્ટારકના વંદન નિમિત્તે. પૂજન-ગંધમાલ્યાદિ વડે સમ્યક્ અર્ચન, સત્કાર-સ્તુતિ આદિ વડે ગુણોન્નતિકરણ, સન્માન-માનસ પ્રીતિ વિશેષ, દર્શન-પૂર્વે ન જોયેલ જિનને જોવાને માટે. કુતૂહલ-આપણે પ્રભુ પાસે જઈ શું કરવાનું ?

કેટલાંક શક્રના વચન મુજબ વર્તતા કેમકે સ્વામીના વચનની ઉપેક્ષા ન કરવી, ચાકર ધર્મ અનુસરવો. કેટલાંક પરસ્પર મિત્રને અનુસરતા અર્થાત્ મિત્રગમન અનુપ્રવૃત્ત. કેટલાંક આને સમ્યગ્દૃષ્ટિ દેવનો જિન જન્મોત્સવમાં જવાનો આચાર સમજીને આવે છે. ઈત્યાદિ આગમન નિમિત્ત કરીને - ચિત્તમાં અવધારીને - x - સમીપે આવ્યા.

પછી દેવેન્દ્ર શક્ર, તે ઘણાં વૈમાનિક દેવોને ઉપસ્થિત થયેલા જુએ છે, જોઈને હર્ષિત આદિ થાય છે. પાલક નામે વિમાનવિકુર્વણા કરવાને આભિયોગિક દેવને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહ્યું - x - અહીં યાન-વિમાન વર્ણન પૂર્વવત્ વિશેષ એ કે — એક લાખ યોજન પહોળું. અહીં પ્રમાણાંગુલ નિષ્પન્ન લાખ યોજન



જાણવા. વૈક્રિય પ્રયોગ જનિતત્વથી ઉત્સેધાંગુલ નિષ્પન્નત્વ ન કહેવું. આગમ વચનથી આનું પ્રમાણાંગુલનિષ્પન્નપણું જ યુક્તિમત્ છે, આગમવચન શાશ્વતવિમાન અપેક્ષાથી નથી શું ? ના, જો ઉત્સેધાંગુલ નિષ્પન્ન માનશો તો નંદીશ્વરે વિમાન સંકોચન વ્યર્થ થાય. વળી સ્થાનાંગમાં ચોથા અધ્યયનમાં ચાર સમાન વસ્તુ કહી, તેમાં પાલક વિમાનને જંબૂદ્વીપાદિના પ્રમાણથી સમત્વ પ્રમાણાંગુલથી નિષ્પન્ન લેવાથી જ સંભવે છે.

૫૦૦-યોજન ઉચ્ચ, અતિશય વેગવાળા. નિર્વાહિ-પ્રસ્તુત કાર્યને નિર્વાહ કરવાના શીલવાળા, એવા પ્રકારે દિવ્ય યાનવિમાન વિકુર્વીને આ આજ્ઞા પાછી સોંપી અર્થાત્ કાર્ય કર્યાનું નિવેદન કરે છે - x -

● **સૂત્ર-૨૨૮ :-**

***ત્યારે તે પાલકદેવ, દેવેન્દ્ર દેવરાજ શક્રએ આ પ્રમાણે કહેતા હર્ષિત, સંતુષ્ટ થયો યાવત્ વૈક્રિય સમુદ્ઘાત વડે સમવહત થઈને તે પ્રમાણે યાન-વિમાન વિકુર્વે છે.***

***તે દિવ્ય યાન-વિમાનની ત્રણે દિશામાં ત્રિસોપાન પ્રતિરૂપક છે, વર્ણન પૂર્વવત્ તે પ્રતિરૂપકોની આગળ પ્રત્યેક પ્રત્યેકમાં તોરણો છે. વર્ણન પ્રતિરૂપ છે સુધી પૂર્વવત્ કરવું.***

***તે યાન વિમાનમાં બહુ સમ રમણીય ભૂમિભાગમાં, જેમ કોઈ આલિંગ પુષ્કર હોય યાવત્ ચિત્તા આદિના ચામડા માફક હોય, અનેક શંકુ-સમાન ખીલા ઠોકીને વિસ્તારેલ હોય, તે ભૂમિભાગ આવર્ત-પ્રત્યાવર્ત-શ્રેણિ-પ્રશ્રેણિ-સ્વસ્તિક-વર્ધમાન-પુષ્યમાનવ-મત્સ્યઅંડક-મગર અંડક-જાર-માર-પુષ્પાવલિ-કમલપત્ર-સાગરતરંગ-વાસંતીલતા અને પદ્મલતાના ચિત્રાંકન વડે યુક્ત, છાયા-પ્રભા-કિરણો અને ઉદ્યોત વડે યુક્ત છે. તથા વિવિધ પંચવર્ણી મણીઓ વડે શોભિત છે.***

***તે મણીના વર્ણ, ગંધ અને સ્પર્શ જેમ રાયપ્પસેણઈયમાં કહ્યા છે તેમ કહેવા. તે ભૂમિભાગના બહુમધ્યદેશ ભાગમાં અનેકશત સ્તંભો ઉપર રહેલ એક પ્રેક્ષાગૃહ મંડપ છે, તે યાવત્ પ્રતિરૂપ છે, વર્ણન પૂર્વવત્. તેનો ઉલ્લોક - ઉપરનો ભાગ પદ્મલતા વડે ચિત્રિત યાવત્ સંપૂર્ણ તપનીયમય યાવત્ પ્રતિરૂપ છે.***

***તે મંડપના બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશ ભાગમાં એક મોટી મણિપીઠિકા છે, તે આઠ યોજન લાંબી-પહોળી, ચાર યોજન જાડી અને સંપૂર્ણ મણિમયી છે, વર્ણન પૂર્વવત્.***

***તેની ઉપર એક વિશાળ સિંહાસન છે વર્ણન પૂર્વવત્.***

***તેની ઉપર એક મોટું વિજયવસ્ત્ર છે, તે સર્વરત્નમય છે, વર્ણન પૂર્વવત્. તેના મધ્યદેશ ભાગમાં એક વજ્રમય અંકુશ છે. ત્યાં એક મોટી કુંભિકા પ્રમાણ મોતીની માળા છે, તે મોતીની માળા, પોતાનાથી અડધી ઉંચી, અર્ધ કુંભિકા પ્રમાણ ચાર મોતીની માળા વડે ચોતરફથી વીંટળાયેલ છે. તે માળામાં તપનીય લંબૂસક લટકે છે.***

***તે લંબૂસક સુવર્ણ પ્રતરકથી મંડિત છે. વિવિધ મણિ-રત્ન નિર્મિત વિવિધ***

***હાર, અર્ધહારથી ઉપશોભિત છે. એકબીજાથી થોડા-થોડા અંતરે અવસ્થિત છે, પૂર્વીય આદિ વાયુથી ધીમે-ધીમે કંપતા, પરસ્પર ટકરાવાથી ઉત્પન્ન એવા કાન અને મનને સુખર શબ્દો વડે પ્રદેશને આપૂરિત કરતાં યાવત્ અતિ શોભતા રહેલા છે.***

***તે સીંહાસનની પશ્ચિમ-ઉત્તરમાં, ઉત્તરમાં, ઉત્તરપૂર્વમાં અહીં શક્રેન્દ્રના ૮૪,૦૦૦ સામાનિકોના ૮૪,૦૦૦ ભદ્રાસનો છે. પૂર્વમાં આઠ અગ્રમહિષીના, તેમજ દક્ષિણ-પૂર્વમાં અભ્યંતર પર્ષદાના ૧૨,૦૦૦ દેવોના, દક્ષિણમાં મધ્યમ પર્ષદાના ૧૪,૦૦૦ દેવોના અને દક્ષિણપશ્ચિમમાં બાહ્ય પર્ષદાના ૧૬,૦૦૦ દેવોના, પશ્ચિમમાં સાત સૈન્યાધિપતિના અને ત્યાં તે સીંહાસનની ચારે દિશામાં ચોર્યાશી-ચોર્યાશી હજાર એમ કુલ ૩,૩૬,૦૦૦ ભદ્રાસનો છે.***

***એ પ્રમાણે બધું સૂર્યાભદેવના આલાવા મુજબ જાણવું યાવત્ આજ્ઞા પાછી સોંપે છે.***

● **વિવેચન-૨૨૮ :-**

ત્યારપછી તે પાલક દેવ, દેવેન્દ્ર દેવરાજ શક્રે આ પ્રમાણે કહેતા હર્ષિત, સંતુષ્ટ થઈ યાવત્ વૈક્રિય સમુદ્‌ઘાતથી સમવહત થઈને તે પ્રમાણે કરે છે અર્થાત્ પાલક વિમાન રચે છે.

હવે વિમાનના સ્વરૂપનું વર્ણન કરતાં કહે છે — સૂત્ર સ્પષ્ટ છે. પછી તેના વિભાગનું વર્ણન કરેલ છે, તે પૂર્વવત્. વિશેષ આ - મણીના વર્ણ, ગંધ, સ્પર્શ કહેવા, જેમ રાજપ્રશ્નીય-બીજા ઉપાંગમાં કહેલ છે. અહીં પણ જગતી અને પદ્મવરવેદિકાનું વર્ણન કરવું. - x -

હવે પ્રેક્ષાગૃહ મંડપનું વર્ણન - तस्स णं० ઈત્યાદિ. યાવત્ શબ્દથી ચમક રાજધાનીના સુધર્માસભાધિકારથી જાણવું. ઉપરના ભાગનું વર્ણન કરવાને કહે છે — તેનો ઉલ્લોક અર્થાત્ ઉપરનો ભાગ પદ્મલતાના ચિત્રોથી ચિત્રિત યાવત્ સંપૂર્ણ તપનીયમય છે. પહેલાં યાવત્ શબ્દથી અશોકલતાના ચિત્રોથી ચિત્રિત ઈત્યાદિ લેવું. બીજા યાવત્ શબ્દથી સ્વચ્છ, શ્લક્ષ્ણ ઈત્યાદિ લેવા.

અહીં રાજપ્રશ્નીય સૂત્રમાં સૂર્યાભ વિમાન વર્ણનમાં અક્ષપાટક સૂત્ર દેખાય છે, પણ ઘણી પ્રતિઓમાં આ પાઠ દેખાતો નથી, માટે લખેલ નથી. હવે અહીં મણિપીઠિકા વર્ણન કહે છે — તે સ્પષ્ટ છે આની વ્યાખ્યા વિજયદ્વારમાં રહેલ પ્રકંઠક પ્રાસાદના સિંહાસનના સૂત્ર સમાન જાણી લેવી.

તે णं० ઈત્યાદિ સૂત્ર પૂર્વે પદ્મવર વેદિકા જાલ વર્ણનમાં કહેલ છે, ત્યાંથી જાણવું. અહીં પહેલા યાવત્ પદથી કંપતુ, લટકતું, ઝંઝમાણ, ઉદાર મનોજ્ઞ મનહર કાન-મનને સુખકર આદિ સંગ્રહ કરવો. બીજા યાવત્ પદથી સશ્રીક આદિ લેવા.

હવે અહીં આસ્થાન નિવેશન પ્રક્રિયા કહે છે — તે સિંહાસનના પાલક વિમાનના મધ્યભાગ વર્તીના વાયવ્ય, ઉત્તર, ઈશાનમાં શક્રના ૮૪,૦૦૦ સામાનિકોના ૮૪,૦૦૦ ભદ્રાસનો છે. પૂર્વમાં આઠ અગ્રમહિષીના આઠ ભદ્રાસનો છે, એ પ્રમાણે



અગ્નિખૂણામાં અભ્યંતર પર્ષદાસંબંધી ૧૨,૦૦૦ દેવોના ૧૨,૦૦૦ ભદ્રાસનો છે. દક્ષિણમાં મધ્યમ પર્ષદાના ૧૪,૦૦૦ દેવોના ૧૪,૦૦૦ ભદ્રાસનો છે. નૈઋત્ય ખૂણામાં બાહ્ય પર્ષદાના ૧૬,૦૦૦ દેવોના ૧૬,૦૦૦ ભદ્રાસનો છે. પશ્ચિમમાં સાત સૈન્યાધપતિના સાત ભદ્રાસનો છે.

પછી પહેલા વલયની સ્થાપના પછી, બીજા વલયમાં તે સીંહાસનની ચારે દિશામાં ચા ગુણા કરાયેલ ૮૪,૦૦૦ સંખ્યક આત્મરક્ષક દેવો છે અર્થાત્ ૩,૩૬,૦૦૦ આત્મરક્ષક દેવો છે, તેથી તેટલાં ભદ્રાસનોને વિકુર્વે છે.

एवमादि ની વિભાષા કહે છે — ઈત્યાદિ વક્તવ્ય સૂર્યાભના આલાવાથી યાવત્ પાછી સોંપે છે. યાવત્ પદથી સંગ્રહ આ પ્રમાણે છે — તે દિવ્ય યાન વિમાનનું આવા સ્વરૂપે વર્ણન છે, જેમ કોઈ તુરંતનો ઉગેલો હૈમંતિક બાલસૂર્ય કે ઇંગાલના લાલ સળગતા કે જાસુદવર્ણી કે કેશુડાવર્ણી કે પારિજાતવર્ણી ચોતરફથી કુસુમિત હોય તેવો વર્ણ છે ? ના, આ અર્થ સમર્થ નથી. તે દિવ્યવિમાનનો આથી પણ ઈષ્ટતરક વર્ણ કહેલ છે. ગંધ અને સ્પર્શ મણિવત્ કહેવા.

ત્યારપછી તે પાલક દેવ, તે દિવ્ય યાનવિમાન વિકુર્વીને જ્યાં શક્ર છે ત્યાં આવે છે. આવીને શક્રને બે હાથ જોડી, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલી કરી, જય-વિજય વડે વધાવે છે આદિ.

અહીં વ્યાખ્યા — તે દિવ્ય યાનવિમાનનો આવો વર્ણક છે, જેમ તત્કાલનો ઉગેલ શિશિરકાલ સંબંધી બાળસૂર્ય, ખાદિરાંગના રાત્રિના, જપાવન કે કિંશુક વનના પારિજાત-કલ્પદ્રુમો, તેનું વનની ચોતરફ સમ્યક્ કુસુમિત છે. અહીં શિષ્ય પૂછે છે કે — શું આવા રૂપે છે ? આચાર્ય કહે છે — ના, તેમ નથી. તે દિવ્યવિમાન આનાથી પણ ઈષ્ટતરક અને કાંતતરક હોય છે ઈત્યાદિ - x - x - x -

હવે શક્રનું કૃત્ય કહે છે —

● **સૂત્ર-૨૨૯ :-**

***ત્યારે તે શક્ર યાવત્ હર્ષિત હૃદયી થયો. જિનેન્દ્ર ભગવંત સંમુખ જવા યોગ્ય દિવ્ય, સર્વાલંકાર વિભૂષિત, ઉત્તર વૈક્રિય રૂપની વિકુર્વણા કરે છે.***

***વિકુર્વીને સપરિવાર અગ્રમહિષી, નાટ્યાનીક અને ગંધર્વાનીક સાથે તે વિમાનની અનુપ્રદક્ષિણા કરતાં-કરતાં પૂર્વીય ત્રિસોપાનકેથી ચડે છે, ચડીને યાવત્ સીંહાસનમાં પૂર્વાભિમુખ બેસે છે. એ પ્રમાણે સામાનિક દેવો પણ ઉત્તરના ત્રિસોપાનકેથી આરોહીને પ્રત્યેકપ્રત્યેકે પૂર્વે રાખેલા ભદ્રાસનોમાં બેસે છે, બાકીના દેવો અને દેવીઓ દક્ષિણી ત્રિસોપાનકેથી આરોહીને પૂર્વવત્ યાવત્ બેસે છે.***

***ત્યારે તે શક્રના તેમાં આરૂઢ થતાં આ આઠ-આઠ મંગલો યથાનુક્રમે ચાલ્યા. ત્યારપછી પૂર્વ કળશ ભૃંગાર, દિવ્ય છત્ર પતાકા ચામર સહિત, દર્શનરતિક-જોતાં જ દર્શનીય એવી વાયુ વડે ઉડતી વિજય વૈજયંતી, જે ઘણી ઉંચી ગગનતલને સ્પર્શતી હતી તેવી, તે આગળ અનુક્રમે ચાલી.***

***ત્યારપછી છત્ર ભૃંગાર, ત્યારપછી વજ્રમય વૃત્ત લષ્ટ સંસ્થિત સુશ્લિષ્ટ***

*પરિધૃષ્ટ સુપ્રતિષ્ઠક, વિશિષ્ટ અનેક શ્રેષ્ઠ પંચવર્ણી હજારો કુડભી વડે પરિમંડિત હોવાથી રમણીય, વાયુ વડે ઉડતી વિજય વૈજયંતી પતાકા છત્રાતિછત્રયુક્ત, ઉંચી, ગગનતલે સ્પર્શતા શિખરયુક્ત ૧૦૦૦ યોજન ઉંચા, મહા મોટો મહેન્દ્રધ્વજ આગળ અનુક્રમે ચાલ્યો.*

*ત્યારપછી પોતાના કાર્યાનુરૂપ વેષથી યુક્ત, સુસજ્જિત, સર્વવિધ અલંકારોથી વિભૂષિત એવી પાંચ સેનાઓ, પાંચ સેનાપતિઓ યાવત્ આગળ ચાલ્યા.*

*ત્યારપછી ઘણાં આભિયોગિક દેવો અને દેવીઓ પોત-પોતાના રૂપ વડે યાવત્ નિયોગ વડે દેવેન્દ્ર દેવરાજ શક્રની આગળ અને પાછળ અનુક્રમે પ્રસ્થાન કરે છે.*

*ત્યારપછી ઘણાં સૌધર્મકલ્પવાસી દેવો અને દેવીઓ સર્વ ઋદ્ધિથી યાવત્ આરૂઢ થઈને યાવત્ ચાલ્યા.*

*ત્યારે તે શક્ર, તે પાંચ સૈન્યો વડે પરીવરેલ યાવત્ મહેન્દ્રધ્વજને આગળ કરીને ૮૪,૦૦૦ સામાનિક યાવત્ પરિવરીને, સર્વ ઋદ્ધિથી યાવત્ રવથી સૌધર્મકલ્પની વચ્ચોવચ્ચથી તે દિવ્ય દેવ ઋદ્ધિ યાવત્ ઉપદર્શિત કરતો કરતો જ્યાં સૌધર્મકલ્પનો ઉત્તરનો નિર્યાણ માર્ગ છે, ત્યાં જાય છે.*

*ત્યાં જઈને એક લાખ યોજન પ્રમાણ વિગ્રહથી ચાલતો-ચાલતો, તેવી ઉત્કૃષ્ટ યાવત્ દેવગતિથી ચાલતો ચાલતો તીર્છા અસંખ્ય દ્વીપ સમુદ્રોની મધ્યેથી જ્યાં નંદીશ્વરદ્વીપ છે, જ્યાં દક્ષિણ-પૂર્વીય રતિકર પર્વત છે, ત્યાં આવે છે. આવીને જેમ સૂર્યાભની વક્તવ્યતા છે, તેમ કહેવું. વિશેષ એ કે શક્રનો અધિકાર કહેવો. યાવત્ શક્ર તે દિવ્ય દેવઋદ્ધિ યાવત્ દિવ્યવિમાનને પ્રતિ સંહરીત કરતો-કરતો યાવત્ જ્યાં તીર્થંકર ભગવંતનું જન્મનગર છે. જ્યાં ભગવંતનું જન્મભવન છે, ત્યાં આવે છે.*

*ત્યાં આવીને તીર્થંકર ભગવંતના જન્મભવનને તે દિવ્ય યાનવિમાન વડે ત્રણ વખત આદક્ષિણ-પ્રદક્ષિણા કરે છે, કરીને તીર્થંકર ભગવંતના જન્મભવનની ઉત્તર-પૂર્વીય દિશા ભાગમાં ભૂમિતલથી ચાર આંગળ ઉંચે દિવ્ય વિમાન સ્થાપે છે.*

*સ્થાપીને આઠ અગ્રમહિષી, ગંધર્વાનીક અને નાટ્યાનિક બંને સૈન્યો સાથે, તે દિવ્ય યાનવિમાનના પૂર્વના ત્રિસોપાન-પ્રતિરૂપકથી ઉતરે છે.*

*ત્યારપછી દેવેન્દ્ર દેવરાજ શક્રના ૮૪,૦૦૦ સામાનિકો દિવ્ય યાન-વિમાનના ઉત્તરીય ત્રિસોપાન પ્રતિરૂપકથી ઉતરે છે. બાકીના દેવો અને દેવીઓ, તે દિવ્યયાન-વિમાનના દક્ષિણી ત્રિસોપાન પ્રતિરૂપકથી નીચે ઉતરે છે.*

*ત્યારપછી તે દેવેન્દ્રદેવરાજ શક્ર ૮૪,૦૦૦ સામાનિકોથી યાવત્ સાથે સંપરીવરીને સર્વઋદ્ધિથી યાવત્ દુંદુભીના નિર્ઘોષ અને નાદિત રવથી જ્યાં તીર્થંકર ભગવન્ અને તીર્થંકર માતા છે, ત્યાં આવે છે, આવીને આલોક-પ્રણામ કરે છે. કરીને તીર્થંકર ભગવનંત અને તીર્થંકર માતાને ત્રણ વખત આદક્ષિણ-પ્રદક્ષિણા કરે છે. કરીને બે હાથ જોડીને યાવત્ આમ કહે છે —*



*હે રત્નકુક્ષિધારિકા ! તમને નમસ્કાર થાઓ. એ પ્રમાણે જેમ દિશાકુમારી કહ્યું તેમ યાવત્ આપ ધન્ય છો, આપ પુન્યવંત છો, આપ કૃતાર્થ છો. હે દેવાનુપ્રિયા ! હું દેવેન્દ્રદેવરાજ શક્ર, તીર્થંકર ભગવંતનો જન્મ મહોત્સવ કરીશ. તો આપ ભયભીત થશો નહીં. એમ કહીને અવસ્વાપીની નિદ્રા આપે છે.*

*ત્યારપછી તીર્થંકરનું પ્રતિરૂપક વિકુર્વે છે, તીર્થંકરની માતા પાસે સ્થાપે છે, સ્થાપીને પાંચ શક્રની વિકુર્વણા કરે છે. કરીને એક શક્ર તીર્થંકર ભગવંતને બે હાથના સંપુટમાં ગ્રહણ કરે છે. એક શક્ર પાછળ છત્ર ધારણ કરે છે, બે શક્રો-બંને પડખે ચામર વીંઝે છે. એક શક્ર આગળ હાથમાં વજ્ર લઈને ચાલે છે.*

*ત્યારપછી દેવેન્દ્ર દેવરાજ શક્ર, બીજા ઘણાં ભવનપતિ-વ્યંતર-જ્યોતિષ્ક-વૈમાનિક દેવો અને દેવીઓ સાથે પરીવરીને સર્વઋદ્ધિથી યાવત્ નાદિતથી, તેવી ઉત્કૃષ્ટ યાવત્ ગતિથી ચાલતા-ચાલતા જ્યાં મેરુ પર્વત છે, તેમાં જ્યાં પાંડુકવન છે, જ્યાં અભિષેક શીલા છે, જ્યાં અભિષેક સીંહાસન છે, ત્યાં આવે છે. આવીને શ્રેષ્ઠ સીંહાસન ઉપર પૂર્વાભિમુખ થઈ બેસે છે.*

**● વિવેચન-૨૨૯ :-**

ત્યારે તે શક્ર૦ ઈત્યાદિ સ્પષ્ટ છે. દિવ્ય-પ્રધાન, જિનેન્દ્ર સન્મુખ જવા માટે ઉચિત, જેવા શરીરે સુરસમુદાય સર્વાતિશાયી ''શ્રી'' થાય, તેવા. સર્વ-મરતકાદિ અલંકારો વડે વિભૂષિત કેમકે ઉત્તરવૈક્રિય શરીર છે, સ્વાભાવિક વૈક્રિયશરીરનો આગમમાં અલંકાર રહિતપણે જ ઉત્પાદ સંભળાય છે. ભવધારણીય શરીરની અને કાર્યોત્પત્તિ કાળની અપેક્ષાથી ઉતરકાળભાવી વૈક્રિયરૂપ વિકુર્વે છે.

પછી સપરિવાર આઠ અગ્રમહિષી, પ્રત્યેકને ૧૬,૦૦૦ દેવીનો પરિવાર છે, નાટ્યાનીક અને ગંધર્વાનીક સાથે તે વિમાનને પ્રદક્ષિણા કરતાં-કરતાં પૂર્વ દિશાના ત્રિસોપાનથી ચડે છે. યાવત્ શબ્દથી સીંહાસન પાસે જઈને પૂર્વાભિમુખ બેસે છે. પછી સામાનિકાદિ વડે જે રીતે સ્થાનપૂર્તિ થઈ, તે કહે છે, તેમાં અવશેષ અર્થાત્ આભ્યંતર પર્ષદા આદિના દેવો કહેવા.

હવે પ્રતિષ્ઠાથી શક્રનો આગળ-પાછળનો ક્રમ કહે છે — તેની વ્યાખ્યા ભરતચક્રીના અયોધ્યાના પ્રવેશાધિકારથી જાણવી. ત્યારપછી છત્ર, ભૃંગાર આદિ પણ ભરતના અયોધ્યા પ્રવેશાધિકારથી જાણવા અને ભૃંગાર વિશિષ્ટ વર્ણક ચિત્રયુક્ત છે. પૂર્વે ભૃંગારને જળથી ભરેલી કહી, અહીં જળરહિત કહી, તેથી પુનરુક્તિ નથી. પછી રત્નમય, વર્તુળ મનોજ્ઞ આકાર જેનો છે તે, સુશ્લિષ્ટ અર્થાત્ મસૃણ, ખરશાણ વડે ઘસેલ પાષાણની પ્રતિમાવત્ ઘસેલ, સુકુમાર શાણ વડે પાષાણની પ્રતિમાવત્ સ્નિગ્ધ કરાયેલ, સુપ્રતિષ્ઠિત-વક્ર નહીં તેવી, તેથી જ બાકીના ધ્વજોથી વિશિષ્ટ તથા અનેક શ્રેષ્ઠ પંચવર્ણી લઘુપતાકાથી અલંકૃત અને તેથી અભિગમ લાગતી, - x - અંબરતલને સ્પર્શતા અગ્રભાગયુક્ત, ૧૦૦૦ યોજન ઉંચો, તેથી કહે છે — અતિશય મહાન્ મહેન્દ્રધ્વજ અનુક્રમે આગળ ચાલ્યો. ત્યારપછી સ્વકર્માનુસારી વેષ પહેરેલા તથા પૂર્ણ સામગ્રી વડે સુસજ્જ, સર્વાલંકાર વિભૂષિત પાંચ સૈન્યોના અધિપતિઓ અનુક્રમે

આગળ ચાલ્યા.

ત્યારપછી ઘણાં આભિયોગિક દેવો અને દેવીઓ સ્વકર્મોપસ્થિત ઉત્તરવૈક્રિય સ્વરૂપ વડે પોતપોતાના વૈભવ-સંપત્તિ વડે, પોત-પોતાના નિયોગ-ઉપકરણ વડે, શક્રેન્દ્રની આગળ, પાછલ અને બંને પડખે વૃદ્ધના ક્રમથી ચાલ્યા. ત્યારપછી ઘણાં સૌધર્મકલ્પવાસી દેવો અને દેવીઓ સર્વઋદ્ધિથી, યાવત્ શબ્દથી પૂર્વોક્ત આલાવો ગ્રહણ કરવો. તેના વડે પોત-પોતાના યાન-વિમાન-વાહનોમાં આરૂઢ થઈને શક્રની આગળ-પાછળ-પડખે ચાલ્યા.

હવે જે રીતે શક્ર સૌધર્મકલ્પથી નીકળ્યો, તે કહે છે — પછી શક્ર, પૂર્વોક્ત સ્વરૂપે, પાંચ સંગ્રામિક સૈન્યોથી ચોતરફથી પરીવરીને યાવત્ પૂર્વોક્ત સર્વે મહેન્દ્ર ધ્વજ વર્ણન કહેવું. મહેન્દ્ર ધ્વજને આગળ કરીને ૮૪,૦૦૦ સામાનિકો૰ યાવત્ શબ્દથી ચારગણાં ૮૪,૦૦૦ આત્મરક્ષક દેવો વડે૰ ઈત્યાદિ લેવું. સર્વઋદ્ધિથી પરિવૃત્ત યાવત્ રવથી યાવત્ શબ્દથી સર્વદ્યુતિક આદિ પૂર્વોક્ત લેવું. સૌધર્મ કલ્પની વચ્ચોવચ્ચથી તે દિવ્ય દેવર્દ્ધિ૰ યાવત્ શબ્દથી દેવદ્યુતિ, દેવાનુભાવ લેવો. - x - સૌધર્મકલ્પની ઉત્તરેથી નિર્ગમન પંથ છે, ત્યાં આવે છે. જેમ વરચિત નાગરો વિવાહોત્સવની ઋદ્ધિના દર્શન માટે રાજપથમાં જાય છે, નષ્ટ ગણીઓમાં નહીં, તેમ આ પણ જાણવો. આના વડે સમગ્ર દેવલોકના આધારરૂપ પૃથ્વી પ્રતિષ્ઠિત વિમાનથી નિરુદ્ધ માર્ગપણાથી અહીં-તહીં સંચરણના અભાવે વચ્ચોવચ્ચથી ઉત્તરના નિર્યાણમાર્ગથી એમ કહ્યું. - x -

જઈને લાખ યોજન પ્રમાણ વિગ્રહ-ક્રમથી ગંતવ્ય ક્ષેત્ર અતિક્રમરૂપથી, - x - ઉતરતા ઉતરતા, તેવી ઉત્કૃષ્ટ યાવત્ શબ્દથી ત્વરિત આદિ ગ્રહણ કરવું. દેવગતિથી જતાં-જતાં તીર્છા અસંખ્યાત દ્વીપસમુદ્રોની વચ્ચોવચ્ચ થઈ જ્યાં નંદીશ્વરદ્વીપ છે, ત્યાં, તેના પૃથુત્વના મધ્ય ભાગમાં અગ્નિકોણવર્તી રતિકરપર્વતે આવે છે. અહીં સ્થાનાંગ સૂત્રાનુસાર અભિપ્રાય છે, પ્રવચન સારોદ્ધારાદિમાં જુદો મત છે જેની વૃત્તિકારે નોંધ લીધી છે.

(શંકા) સૌધર્મથી નીચે ઉતરતા શક્રને નંદીસ્વર દ્વીપમાં જ ઉતરવું યુક્તિમત્ છે, અસંખ્યાત દ્વીપ-સમુદ્ર ઓળંગવાની જરૂર શું ?

(સમાધાન) નિર્યાણ માર્ગના અસંખ્યાતતમ દ્વીપ કે સમુદ્રની ઉપરી સ્થિતપણાના સંભવથી તેમાં અવતરણ કહ્યું. પછી નંદીશ્વર જ્યાં અસંખ્યાત દ્વીપ સમુદ્રનું ઉલ્લંઘન યુક્તિમત્ છે.

એ પ્રમાણે ઉક્ત રીતે જેમ સૂર્યાભની વક્તવ્યતા કહી તેમ અહીં પમ કહેવું. વિશેષ એ છે કે — શક્રનો અધિકાર કહેવો. બધું સ્પષ્ટ છે. વિશેષ એ કે — અહીં પહેલો યાવત્ શબ્દ દૃષ્ટાંત વિષયક સૂર્યાભ અધિકારની અવધિ સૂચનાર્થે છે. તે અવધિ વિમાનના પ્રતિસંહરણ સુધી કહેવી. બીજો યાવત્ શબ્દ દિવ્ય દેવદ્યુતિ, દિવ્ય દિવ્યાનુભાવ એ બે પદ ગ્રાહી છે. આનો અર્થ આ છે — દેવર્દ્ધિ એટલે પરિવાર સંપત્તિ - x - દેવદ્યુતિ-શરીર, આભરણાદિથી, દેવાનુભાવ-દેવગતિની હ્રસ્વતા પામીને, દિવ્ય



યાન વિમાન-પાલક નામે છે, તે જંબૂદ્વીપ પરિમાણથી ન્યૂન લાંબુ-પહોળું કરવાને સંક્ષેપતા, સંક્ષેપતા, ત્રીજો યાવત્ શબ્દ - જ્યાં જંબૂદ્વીપમાં ભરતક્ષેત્ર છે૰

પૂર્વ ત્રિસોપાન પ્રતિરૂપકથી શક્રનું ઉતરણ કહ્યું, બીજા બધાં ક્યાંથી ઉત્તરે છે ? તે સ્પષ્ટ છે, હવે શક્રે શું કર્યુ તે કહેલ છે. તેમાં યાવત્ પદ સંગ્રાહ્ય પૂર્વ સૂત્રાનુસાર જાણવું. હવે શું કહ્યું — તે કહે છે — હે રત્નકુક્ષિધારિકા તમને નમસ્કાર. દિશાકુમારીમાં સૂત્ર કહ્યું છે, તેમ કહેવું. યાવત્ શબ્દથી કહેવું કે — જગત્પ્રદીપદાયિકા, સર્વ જગત્જીવ વત્સલ, હિતકારક, માર્ગદર્શિત - x - જિન, જ્ઞાની, નાયક, બુદ્ધ-બોધક, સર્વલોકના નાથ, સર્વ જગને મંગલ, નિર્મમત્વી ઈત્યાદિ બધું પૂર્વવત્ હે માતા ! તમે ધન્ય છો આદિ સુધી કહેવું.

હું શક્ર નામે દેવેન્દ્ર તીર્થંકરનો જન્મ મહોત્સવ કરીશ, તો તમારે ડરવું નહીં, કહીને અવસ્વાપિની નિદ્રા આપે છે - અર્થાત્ પુત્રને મેરુ લઈ જવાયા પછી, તેના વિરહમાં માતા દુઃખી ન થાય, તે માટે દિવ્ય નિદ્રા વડે નિદ્રાવાળા કરે છે, ભગવંતનું પ્રતિરૂપક પણ ત્યાં મૂકે છે. જેથી મેરુએ જઈને જન્મમહોત્સવમાં વ્યગ્ર હોઈએ, ત્યારે નીકટના દુષ્ટ દેવો કુતૂહલાદિથી નિદ્રા હરી લે તો ? તેથી સંપૂર્ણ ભગવંત સદૃશ રૂપ વિકુર્વીને તીર્થંકરની માતાની પડખે સ્થાપે છે. પછી શક્ર પોતાના પાંચ રૂપો વિકુર્વે છે, તેમાં —

એક શક્ર તીર્થંકરને પરમ શુચિ વડે સરસ ગોશીર્ષ ચંદનથી લિપ્ત અને ધૂપ વડે વાસિત કરી, હાથનું શુકિત સંપુટ કરીને ગ્રહણ કરે છે. એક શક્ર પાછળ છત્ર ધરે છે ઈત્યાદિ સૂત્રાર્થવત્ જાણવું - x - અહીં સામાનિકાદિ દેવ પરિવાર હોવા છતાં ઈન્દ્ર પોતે જ જે પાંચ રૂપની વિકુર્વણા કરી, તે ભગવંતની પરિપૂર્ણ સેવાના લોભથી કર્યા.

હવે શક્ર વિવક્ષિત સ્થાનને પામે છે, તે કહે છે — પછી તે શક્રેન્દ્ર બીજા ઘણા ભવનપત્યાદિ દેવ-દેવીઓથી પરિવરીને સર્વ ઋદ્ધિપૂર્વક, સર્વદ્યુત્યાદિથી, ઉત્કૃષ્ટ-ત્વરિતાદિ ગતિથી જતાં-જતાં જ્યાં મેરુ પર્વતના પંડકવનમાં જ્યાં અભિષેક શીલા ઉપર અભિષેક સિંહાસન છે, ત્યાં આવે છે, આવીને સિંહાસને પૂર્વાભિમુખ બેઠો.

હવે ઈશાનેન્દ્રનો અવસર છે —

● **સૂત્ર-૨૩૦ થી ૨૩૫ :-**

***[૨૩૦] તે કાળે, તે સમયે દેવેન્દ્ર દેવરાજ ઈશાન, જેના હાથમાં શૂળ છે, વૃષભ વાહન છે, સુરેન્દ્ર, ઉત્તરાર્દ્ધ લોકાધિપતિ છે, અઠ્ઠાવીસ લાખ વિમાનોનો અધિપતિ, નિર્મળ વસ્ત્રધારી, એ પ્રમાણે શક્ર મુજબ શેષ વર્ણન કહેવું. તેમાં ભેદ આટલો છે—***

***મહાઘોષા ઘંટા, લઘુપરાક્રમ નામે પદાતિ સૈન્યાધિપતિ, વિમાનકારી દેવ પુષ્પક છે, નિર્યાણમાર્ગ દક્ષિણેથી, ઉત્તરપૂર્વના રતિકર પર્વતથી મેરુ પર્વતે સમોસર્યો યાવત્ પર્યુપાસે છે.***

***એ પ્રમાણે બાકીના પણ ઈન્દ્રો કહેવા, યાવત્ અચ્યુતેન્દ્ર, તેમાં આટલો***

*ભેદ છે–*

*[૨૩૧] સૌધર્મેન્દ્રથી અનુક્રમે સામાનિકો ૮૪,૦૦૦, ૮૦,૦૦૦, ૭૨,૦૦૦, ૭૦,૦૦૦, ૬૦,૦૦૦, ૫૦,૦૦૦, ૪૦,૦૦૦, ૩૦,૦૦૦, ૨૦,૦૦૦ અને આરણ-અચ્યુતદ્વીકના ૧૦,૦૦૦ જાણવા.*

*[૨૩૨] સૌધર્મેન્દ્રથી વિમાન સંખ્યા – ૩૨ લાખ, ૨૮ લાખ, ૧૨ લાખ, ચાર લાખ, ૫૦,૦૦૦, ૪૦,૦૦૦ અને સહસ્રારના ૬૦૦૦ છે.*

*[૨૩૩] આનત-પ્રાણત કલ્પમાં ૪૦૦ અને આરણ-અચ્યુતમાં ૩૦૦ છે. આ વિમાનો કહ્યા, હવે યાન-વિમાનકારી દેવો કહે છે –*

*[૨૩૪] પાલક, પુષ્પ, સૌમનસ, શ્રીવત્સ, નંધાવર્ત્ત, કામગમ, પ્રીતિગમ, મનોરમ, વિમલ અને સર્વતોભદ્ર [અનુક્રમે જાણવા.]*

*[૨૩૫] સૌધર્મેન્દ્ર, સાનત્કુમારેન્દ્ર, બ્રહ્મલોકેન્દ્ર, મહાશુક્રેન્દ્ર અને પ્રાણતેન્દ્રની સુઘોષા ઘંટા છે, હરિણેગમેષી પદાતિ સૈન્યાધિપતિ છે, ઉત્તરવર્તી નિર્યાણ માર્ગ છે, દક્ષિણ-પશ્ચિમી રતિકર પર્વત છે.*

*ઈશાનેન્દ્ર, માહેન્દ્ર, લાંતકેન્દ્ર, સહસ્રારેન્દ્ર, અચ્યુતેન્દ્રને મહાઘોષા ઘંટા, લઘુપરાક્રમ નામે પદાતિ સૈન્યાધિપતિ, દક્ષિણ બાજુનો નિર્યાણમાર્ગ, ઉત્તરપૂર્વનો રતિકર પર્વત છે.*

*પર્ષદા, જીવાભિગમમાં કહ્યા મુજબ જાણવી. આત્મરક્ષક દેવો સામાનિક દેવોથી ચારગણાં છે. બધાંના યાન-વિમાનો એક લાખ યોજન વિસ્તીર્ણ છે. તેની ઉંચાઈ સ્વ-સ્વ વિમાન પ્રમાણ છે અને મહેન્દ્રધ્વજ હજાર યોજન વિસ્તીણ છે.*

*શક્ર સિવાયના બધાં મેરુ પર્વતે સમવસરે છે યાવત્ (ભગવંતની) પર્યુપાસના કરે છે.*

**● વિવેચન-૨૩૦ થી ૨૩૫ :-**

તે કાળે - સંભવિત જિન જન્મ, તે સમયમાં - દિક્કુમારીના કૃત્ય પછી, શક્રના આગમન પછી નહીં, કેમકે બધાં ઈન્દ્રો જિનકલ્યાણકમાં સાથે જ આવવાનો આરંભ કરે છે. સૂત્રમાં જે શક્રના આગમન પછી ઈશાનેન્દ્રનું આગમન કહ્યું તે ક્રમથી સૂત્રના સંબંધથી સંભવે છે.

દેવેન્દ્ર દેવરાજ ઈશાન૦ આદિ સૂત્રાર્થવત્ જાણવું. તેમાં અરજાંસ-નિર્મળ, અંબરવસ્ત્ર-સ્વચ્છપણાથી આકાશવત્ વસ્ત્રો. જેમ શક્રમાં કહ્યું, તેમ અહીં પણ છે, તફાવત એટલો કે ઘંટાનું નામ મહાઘોષ છે, ઈત્યાદિ બધું સૂત્રાર્થવત્ જાણવું. યાવત્ પદથી તીર્થંકર ભગવંતને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરે છે, કરીને વંદન-નમસ્કાર કરીને, બહુ દૂર નહીં તેમ બહુ નીકટ નહીં એ રીતે સુશ્રૂષા કરતા, નમન કરતાં, અભિમુખ વિનયથી અંજલી જોડી રહ્યા.

હવે અતિદેશથી સનત્કુમારાદિ ઈન્દ્રોની વક્તવ્યતા કહે છે – સૌધર્મથી અચ્યુતેન્દ્ર સુધીની વક્તવ્યતા છે, શક્રેન્દ્રના ૮૪,૦૦૦, ઈશાનેન્દ્રના ૮૦,૦૦૦ એ રીતે યાવત્ આનત-પ્રાણત બે કલ્પના ઈન્દ્રના ૨૦,૦૦૦ અને આરણ-અચ્યુત બે



કલ્પના ઈન્દ્રના ૧૦,૦૦૦ સામાનિકો છે. - x - એ રીતે પ્રતિ ઈન્દ્રના સામાનિકોનો આલાવો કહેવો.

વિમાનો-સૌધર્મકલ્પે ૩૨-લાખ, ઈશાન કલ્પે-૨૮ લાખ૦ એ પ્રમાણે આનત-પ્રાણત બે કલ્પે મળીને ૪૦૦, આરણ-અચ્યુત બંને મળીને ૩૦૦ વિમાન સંખ્યા જાણવી. યાનવિમાન વિકુર્વક દેવોના નામો સૂત્રાનુસાર જાણવા. હવે દશ કલ્પેન્દ્રોમાં કયા પ્રકારે પાંચ-પાંચમાં સામ્ય છે ? તે કહે છે – સૌધર્મ અર્થાત્ પહેલા, ત્રીજા, પાંચમા, સાતમા અને નવદશમાં સુઘોષા ઘંટા, હરિણેગમેષી દેવ, ઉત્તરીય નિર્યાણ ભૂમિ અને અગ્નિકોણનો રતિકર પર્વત તથા ઈશાન અર્થાત્ બીજો, ચોથો, છટ્ઠો, આઠમો અને અગિયાર બારમો કલ્પના ઈન્દ્રોને મહાઘોષા ઘંટા, લઘુ પરાક્રમ દેવ, દક્ષિણ માર્ગ, ઈશાન રતિકર પર્વત કહેવો. બહુવચન સર્વકાળવર્તી ઈન્દ્રની અપેક્ષાથી છે.

પર્ષદ-અભ્યંતર, મધ્ય, બાહ્ય રૂપ તેના જેટલા દેવ-દેવીઓનું પ્રમાણ છે, તેનું-તેટલું પ્રમાણ જીવાભિગમથી જાણવું. જેમકે શક્રની પર્ષદા અભ્યંતર બાર હજાર, મધ્યની ચૌદ, બાહ્યની સોળ જાણવી. ઈશાનેન્દ્રની આદ્ય-દશ હજાર, મધ્યની બાર, બાહ્યની ચૌદ છે. સનત્કુમારેન્દ્રની પર્ષદા અનુક્રમે આઠ, દશ, બાર છે. માહેન્દ્રની છ, આઠ અને દશ છે. એમ બબ્બે ઘટતાં શુક્રેન્દ્રની એક-બે-ચાર હજાર છે. સહસ્રારેન્દ્રની ૫૦૦, ૧૦૦૦, ૨૦૦૦ છે, આનત-પ્રાણતેન્દ્રની ૨૦૦, ૫૦૦, ૧૦૦૦ છે. આરણ-અચ્યુતની પર્ષદા અભ્યંતર-૧૦૦ દેવ, મધ્ય-૨૦૦ અને બાહ્ય-૫૫૦ દેવો છે.

શક્ર અને ઈશાનની દેવી પર્ષદા જીવાભિગમાદિમાં કહી છે, પણ મલયગિરિજીએ આવશ્યક વૃત્તિમાં કહેલ નથી, તેથી અમે પણ લખતા નથી.

આત્મરક્ષા - અંગરક્ષક દેવો, બધાં ઈન્દ્રોને પોતાના સામાનિક કરતાં ચારગણાં હોય છે. તેથી ચારગણાં ૮૪,૦૦૦ ઈત્યાદિ જાણવા.

યાનવિમાન બધાંના એક લાખ યોજન પહોળા, ઉંચાઈ બધાંની પોત-પોતાના વિમાનપ્રમાણ છે. ઈન્દ્રના પોત-પોતાના વિમાને સૌધર્માવતંસકાદિ, તેનું પ્રમાણ ૫૦૦ યોજનાદિ છે. અર્થાત્ બે કલ્પના વિમાનોની ઉંચાઈ ૫૦૦ યોજન, બીજા બેની ૬૦૦ યોજન, ત્રીજા બેની ૭૦૦ યોજન, ચોથા બેની ૮૦૦ યોજન, ઉપરના ચારની ૯૦૦ યોજન છે.

બધાંનો મહેન્દ્રધ્વજ ૧૦૦૦ યોજન વિસ્તીર્ણ છે. - x -

હવે ભવનવાસી કહે છે–

**● સૂત્ર-૨૩૬ થી ૨૩૮ :-**

*[૨૩૬] તે કાળે, તે સમયે અસુરેન્દ્ર અસુરરાજા ચમર, ચમરચંચા રાજધાનીમાં સુધર્માસભામાં ચમર સિંહાસને, ૬૪,૦૦૦ સામાનિક દેવો, ૩૩-ત્રાયસ્ત્રિંશક, ચાર લોકપાલ, સપરિવાર પાંચ અગ્રમહિષીઓ, ત્રણ પર્ષદા, સાત સૈન્યો, સાત સૈન્યાધિપતિઓ, ચારગણા ૬૪,૦૦૦ આત્મરક્ષક દેવો અને બીજા દેવોથી [પરિવૃત્ત] હતો ઈત્યાદિ શક્ર વત્ જાણવું. તેમાં તફાવત આ પ્રમાણે છે –*

*દ્રુમ નામે પદાતિ સૈન્યાધિપતિ, ઓઘસ્વરા નામે ઘંટા, વિમાન ૫૦,૦૦૦*

યોજન વિસ્તીર્ણ, મહેન્દ્રધ્વજ ૫૦૦ યોજન ઉંચો, વિમાનકારી આભિયોગિક દેવ છે. બાકી બધું પૂર્વવત્ યાવત્ મેરુ પર્વતે સમવસરે છે [યાવત્] પર્યુપાસના કરે છે.

તે કાળે તે સમયે અસુરેન્દ્ર અસુરરાજા બલિ એ પ્રમાણે આવે છે. વિશેષ એ કે – ૬૦,૦૦૦ સામાનિક દેવો, તેનાથી ચારગણા આત્મરક્ષક દેવો, મહાદ્રુમ નામે પદાતિસૈન્યાધિપતિ, મહા ઓઘસ્વરા નામે ઘંટા છે. બાકી બધું પૂર્વવત્ પર્ષદા જીવાભિગમવત્ છે.

તે કાળે, તે સમયે ધરણેન્દ્ર તેમજ આવે છે. તફાવત એ-૬૦૦૦ સામાનિકો, ૬-અગ્રમહિષી, ચારગણા આત્મરક્ષક દેવો, મેઘસ્વરા ઘંટા, ભદ્રસેન નામે પદાતીસૈન્યાધિપતિ, વિમાન ૨૫,૦૦૦ યોજન વિસ્તીર્ણ, મહેન્દ્રધ્વજ ૨૫૦ યોજન વિસ્તૃત છે.

એ પ્રમાણે અસુરેન્દ્ર વર્જિત બધાં ભવનવાસી ઈન્દ્રો જાણવા. વિશેષ એ – અસુરોની ઓઘસ્વરા ઘંટા, નાગકુમારની મેઘસ્વરા, સુવર્ણકુમારની હંસસ્વરા, વિદ્યુત્કુમારની ક્રૌંચસ્વરા, અગ્નિકુમારની મંજુસ્વરા, દિશાકુમારની મંજુઘોષા, ઉદધીકુમારની સુસ્વરા, દ્વીપકુમારની મધુરસ્વરા, વાયુકુમારની નંદીસ્વરા, સ્તનિતકુમારની નંદિઘોષા ઘંટા છે.

[૨૩૭] સામાનિક દેવો ચમરેન્દ્રના ૬૪,૦૦૦ અને બલીન્દ્રના ૬૦,૦૦૦ છે. અસુરેન્દ્ર સિવાયના ઈન્દ્રોના છ-છ હજાર છે. સામાનિકોથી ચારગણા આત્મરક્ષક દેવો કહેવા.

[૨૩૮] ચમરેન્દ્ર સિવાયના દક્ષિણ દિશાના ઈન્દ્રોના પદાતિસૈન્ય અધિપતિના નામ ભદ્રસેન અને ઉત્તરના દક્ષ નામે છે.

આ પ્રમાણે વ્યંતરેન્દ્રો અને જ્યોતિષ્કેન્દ્રોને જાણવા. ફર્ક માત્ર એ છે કે – ૪૦૦૦ સામાનિકો દેવો, ચાર અગ્રમહિષીઓ, ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવો, વિમાન ૧૦૦૦ યોજન, મહેન્દ્રધ્વજ ૧૨૫ યોજન, દક્ષિણદિશાની ઘંટા મંજુસ્વરા, ઉત્તરદિશાની મંજુઘોષા, પદાતી સૈન્યાધિપતિ અને વિમાનકારી આભિયોગિક દેવો છે. જ્યોતિષ્કોની સુસ્વરા તથા સુસ્વરનિર્ઘોષા ઘંટા છે. તેઓ મેરુ પર્વતે સમવસરે છે યાવત્ પર્યુપાસના કરે છે.

● વિવેચન-૨૩૬ થી ૨૩૮ :-

ચમર અસુરેન્દ્ર અસુરરાજા ચમરચંચા રાજધાનીમાં, સુધર્માસભામાં, ચમર-સિંહાસને બેઠો છે ઈત્યાદિ સૂત્રાર્થવત્ છે. બીજા પણ દેવો૦ એમ આલાપકાંશથી સંપૂર્ણ આલાપક આ રીતે જાણવો – ચમરચંચા રાજધાનીમાં વસતા ઘણાં અસુરકુમાર દેવો અને દેવીઓ૦ શક્રની જેમ બાકી બધું જાણવું. તફાવત આ પ્રમાણે - દ્રુમ પદાતિસૈન્ય અધિપતિ, ઓઘસ્વરા ઘંટા૦ ઈત્યાદિ સૂત્રાર્થવત્ જાણવું. તેમાં વિમાન કરનાર આભિયોગિક દેવ કહ્યો છે, પણ વૈમાનિકેન્દ્રના પાલકની જેમ કોઈ નિયત નામ આપેલ નથી. બાકીનું પૂર્વવત્ - શક્રાધિકારમાં કહ્યા મુજબ કહેવું. વિશેષ એ



કે – દક્ષિણપશ્ચિમ રતિકર પર્વત છે. તે ક્યાં સુધી કહેવું ? મેરુ પર્વતે સમોસરે છે અને પર્યુપાસના કરે છે, ત્યાં સુધી કહેવું.

હવે બલીન્દ્ર – તે કાળે, તે સમયે અસુરેન્દ્ર અસુરરાજ બલિ હતો, તેને ચમરવત્ કહેવો. વિશેષ એ કે – ૬૦,૦૦૦ સામાનિકો, ચારગણાં આત્મરક્ષકો અર્થાત્ સામાનિકની સંખ્યાથી ચારગણાં અંગરક્ષકો છે. મહાદ્રુમ પદાતિ સૈન્યાધિપતિ, મહૌઘસ્વરા ઘંટા છે ચમરચંચાના સ્થાને બલિચંચા રાજધાની, દક્ષિણનો નિર્યાણમાર્ગ, ઉત્તરપશ્ચિમ રતિકર પર્વત કહેવો. બાકી યાન વિમાન વિસ્તારાદિ ચમરચંચાના અધિકારમાં કહ્યા મુજબ જાણવું. પર્ષદા જીવાભિગમ સૂત્રમાં કહ્યા મુજબ છે. - x - x - ચમર અધિકાર કહેતા બલીન્દ્રના અધિકારમાં હવે કહેવાનાર આઠ ભવનપતિમાં ઉપયોગી થાય છે.

પર્ષદા – ચમરની આભ્યંતર પર્ષદામાં ૨૪,૦૦૦ દેવો, મધ્યમામાં ૨૮,૦૦૦, બાહ્યમાં ૩૨,૦૦૦ દેવો છે. બલીન્દ્રની આભ્યંતર પર્ષદામાં ૨૦,૦૦૦, મધ્યમામાં ૨૪,૦૦૦, બાહ્યામાં ૨૮,૦૦૦ દેવો છે તથા ધરણેન્દ્રની આભ્યંતર પર્ષદામાં ૬૦,૦૦૦, મધ્યમામાં ૭૦,૦૦૦ અને બાહ્યમાં ૮૦,૦૦૦ દેવો છે. ભૂતાનંદની અભ્યંતર પર્ષદામાં ૫૦,૦૦૦, મધ્યમામાં ૬૦,૦૦૦ અને બાહ્યામાં ૭૦,૦૦૦ દેવો છે. બાકીના ભવનપતિના ૧૬ ઈન્દ્રોમાં જે વેણુદેવાદિ દક્ષિણ શ્રેણિના અધિપતિઓ છે, તેમની ત્રણે પર્ષદા ધરણેન્દ્રની જેમ અને ઉત્તર શ્રેણિ અધિપતિ વેણુદાલિ આદિની ભૂતાનંદની જેમ પર્ષદા જાણવી.

હવે ધરણ - તે કાળે, તે સમયે ધરણ૦ ચમરવત્ કહેવું. તફાવત એ છે કે – ૬૦૦૦ સામાનિકો, છ અગ્રમહિષીઓ, ચારગણાં આત્મરક્ષકો, મેઘસ્વરા ઘંટા, ભદ્રસેન પદાતી સૈન્યાધિપતિ, વિમાન ૨૫,૦૦૦ યોજન, મહેન્દ્રધ્વજ ૨૫૦ યોજન છે.

હવે બાકીના ભવનવાસી ઈન્દ્રની વક્તવ્યાતને અતિદેશથી કહે છે – એ પ્રમાણે ધરણેન્દ્ર મુજબ ચમર અને બલિસુરેન્દ્રને વર્જીને ભવનવાસી ઈન્દ્રોમાં ભૂતાનંદાદિની વક્તવ્યતા જાણવી. વિશેષ એ કે – અસુરકુમારોની ઓઘસ્વરા ઘંટા, નાગકુમારોની મેઘસ્વરા ઘંટા, સુવર્ણગરુડકુમારોની હંસસ્વરા ઘંટા ઈત્યાદિ સૂત્રાર્થવત્ જાણવું.

આ બધાંની ઉક્ત-અનુક્ત સામાનિક સંખ્યાને સંગ્રાહાર્થે આ ગાથા કહે છે – ચમરેન્દ્રના ૬૪,૦૦૦, બલીન્દ્રની ૬૦,૦૦૦ અને નિશ્ચયે અસુર સિવાયના ધરણેન્દ્ર આદિ અઢાર ભવનવાસી ઈન્દ્રોના સામાનિકો છ-છ હજાર જાણવા. વળી આ સામાનિકોથી ચાર-ચારગણા આત્મરક્ષક દેવો હોય છે. તેમ કહેવું.

દક્ષિણ સંબંધી ચમરેન્દ્ર વર્જીત બાકીના ભવનપતિઈન્દ્રોનો પદાતી સૈન્યાધિપતિ ભદ્રસેન છે અને ઉત્તરદિશાનો બલિ સિવાયના બાકીના ઈન્દ્રોનો દક્ષ નામે પદાતિપતિ છે. - x -

હવે વ્યંતરેન્દ્ર અને જ્યોતિષ્કેન્દ્ર – તે શિષ્યબુદ્ધિથી પ્રાપ્ત છે. જેમ ભવનવાસી કહ્યા તેમ કહેવા. વિશેષ એ કે – ચાર હજાર સામાનિકો, ચાર અગ્રમહિષીઓ,

૧૬,૦૦૦ આત્મરક્ષક દેવો, ૧૦૦૦ યોજન વિમાનની લંબાઈ-પહોળાઈ, મહેન્દ્રધ્વજ ૧૨૫ યોજન, દક્ષિણ દાશિવર્તીની ઘંટા મંજુસ્વરા છે, ઉત્તરદિશાવર્તીની મંજુઘોષા છે, પદાતિ સૈન્યાધિપતિ અને વિમાનકારી બંને આભિયોગિકદેવ છે. અર્થાત્ સ્વામી વડે આદેશ કરાયેલ આભિયોગિક દેવજ ઘંટાવાદન આદિ કર્મ અને વિમાનવિકુર્વણા કરવામાં પ્રવર્તે છે પણ તેમાં નિર્દિષ્ટ નામ નથી.

વ્યાખ્યાથી વિશેષ પ્રતિપાદનાર્થે સૂત્રમાં ન કહેવાયેલ છતાં આ પણ જાણવું — બધાં આભ્યંતરિક પર્ષદાના દેવો ૮૦૦૦, મધ્યમાના દેવો ૧૦,૦૦૦ અને બાહ્યાના - ૧૨,૦૦૦ જાણવા. તે આ પ્રમાણએ —

તે કાળે તે સમયે કાલ નામે પિશાચેન્દ્ર, પિશાચરાજના ૪૦૦૦ સામાનિકો, સપરિવાર ચાર અગ્રમહિષી, ત્રણ પર્ષદા, સાત સૈન્યો, સાત સૈન્યાધિપતિઓ, ૧૬,૦૦૦ આત્મરક્ષકદેવો છે ઈત્યાદિ. વ્યંતરની માફક જ્યોતિષ્કોને પણ જાણવા. તેમાં સામાનિકાદિ સંખ્યામાં કંઈ વિશેષ નથી. ઘંટામાં આ વિશેષતા છે — ચંદ્રોની સુસ્વરા, સૂર્યોની સુસ્વરનિર્ઘોષા. બધાંનું મેરુ પર્વતે સમવસરણ જાણવું. યાવત્ પર્યુપાસના કરે છે યાવત્ શબ્દથી - પૂર્વે જણાવેલ છે, તે જાણવું. તેનો ઉલ્લેખ આ રીતે —

તે કાળે તે સમયે જ્યોતિષ્કેન્દ્ર જ્યોતિષ્રાજ ચંદ્રના ૪૦૦૦ સામાનિકો, ચાર અગ્રમહિષીઓ, ત્રણ પર્ષદા, સાત સૈન્ય, સાત સૈન્યાધિપતિઓ, ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવો, એ પ્રમાણે વાણવ્યંતર સમાન જાણવા, એ પ્રમાણે સૂર્યો પણ જાણવા.

[શંકા] અહીં ચંદ્રો અને સૂર્યો એવું બહુવચન શા માટે મૂક્યું ? પ્રસ્તુત કર્મમાં એક જ સૂર્ય અને ચંદ્ર અધિકૃતપણાથી છે, અન્યથા ઈન્દ્રોની ૬૪ની સંખ્યામાં વ્યાઘાત ન થાય ? [સમાધાન] જિનકલ્યાણકાદિમાં દશ કલ્પેન્દ્રો, વીસ ભવનવાસીન્દ્રો, બત્રીશ વ્યંતરેન્દ્રો, એ બધાં એક-એક વ્યક્તિગત છે, પણ ચંદ્ર અને સૂર્ય જાતિની અપેક્ષાથી છે. તેથી ચંદ્રો અને સૂર્યો અસંખ્યાત પણ સમાઈ શકે છે. કેમકે ભુવન ભટ્ટારકના દર્શનની કામના કોને ન હોય ? આ વાત શાંતિનાથ ચરિત્રમાં મુનિદેવ-સુરીજીએ પણ કહેલ છે કે — જ્યોતિષ્કનાયક ચંદ્ર-સૂર્ય સંખ્યાતીત હતા.

હવે એમના પ્રસ્તુત કર્મની વક્તવ્યતા કહે છે —

● સૂત્ર-૨૩૯ :-

*ત્યારે તે દેવેન્દ્ર દેવરાજ અચ્યતુ મહાદેવાધિપતિ, પોતાના આભિયોગિક દેવોને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહ્યું — દેવાનુપ્રિયો ! તીર્થંકરના અભિષેકને માટે મહાર્થ, મહાર્ઘ, મહાર્હ, વિપુલ સામગ્રી ઉપસ્થાપિત કરો - લાવો.*

*ત્યારે તે આભિયોગિક દેવો હર્ષિત, સંતુષ્ટ થઈ યાવત્ આજ્ઞા સ્વીકારીને ઉત્તર-પૂર્વ દિશાભાગમાં જાય છે, જઈને વૈક્રિય સમુદ્ઘાતથી યાવત્ સમવહત થઈને ૧૦૦૮ સુવર્ણ કળશો, એ પ્રમાણે [એક હજાર આઠ-એક હજાર આઠ] રૂપાના, મણિના, સોનારૂપાના, સોના મણિના, રૂપામણિના, સોનારૂપા અને મણીના [મણીના] ૧૦૦૮ માટીના, ૧૦૦૮ ચંદનના કળશો [વિકુર્વે છે.*



*તદુપરાંત].....*

*ભૃંગાર, દર્પણ, થાળા, પાત્રી, સુપ્રતિષ્ઠક, ચિત્રરત્નકરંડક, વાતકરગ, પુષ્પચંગેરી૰ એ પ્રમાણે જેમ સૂર્યાભ કહ્યું તેમ સર્વ ચંગેરી, સર્વે પટલક વિશેષિત કહેવા.*

*સીંહાસન, છત્ર, ચામર, તેલસમુદ્ગક યાવત્ સરસવસમુદ્ગક, તાલવૃંત યાવત્ ૧૦૦૮ કડછાને વિકુર્વે છે. વિકુર્વીને સ્વાભાવિક અને વિકુર્વિત કળશો યાવત્ ધૂપકડછાં લઈને.....*

*જ્યાં ક્ષીરોદક સમુદ્ર છે, ત્યાં આવીને, ક્ષીરોદક ગ્રહણ કરે છે. કરીને જે ત્યાંના ઉત્પલ, પદ્મ યાવત્ સહસ્રપત્રો છે, તેને ગ્રહણ કરે છે. એ પ્રમાણે પુષ્કરોદથી યાવત્ ભરત-ઐરાવતના માગધાદિ તીર્થોના જળ અને માટીને ગ્રહણ કરે છે. પછી એ પ્રમાણે ગંગાદિ મહાનદીઓ યાવત્ લઘુહિમવંતના સર્વે તુવર, સર્વે પુષ્પ, સર્વ ગંધ, સર્વે માળા યાવત્ સર્વૌષધિ અને સિદ્ધાર્થક ગ્રહણ કરે છે.*

*ત્યારપછી પદ્મદ્રહથી દ્રહનું જળ, ઉત્પલાદિ. એ પ્રમાણે સર્વે કુળ પર્વતોમાંથી, વૃત્તવૈતાઢ્યોમાંથી, સર્વે મહાદ્રહોમાંથી, સર્વે મહાદ્રહોમાંથી, સર્વે ચક્રવતી વિજયોમાંથી, વક્ષસ્કાર પર્વતોમાંથી, અંતર્નદીથી, [જળ, માટી આદિ લે છે]*

*તથા —*

*ઉત્તરકુરુમાં યાવત્ સુદર્શન ભદ્રશાલવનમાં સર્વે તુવર યાવત્ સિદ્ધાર્થકને ગ્રહણ કરે છે. એ પ્રમાણે નંદનવનથી સર્વે તુવર યાવત્ સિદ્ધાર્થક અને સરસ ગોશીર્ષચંદન, દિવ્ય પુષ્પમાળા ગ્રહણ કરે છે. એ પ્રમાણે સૌમનસવન અને પંડકવનમાંથી સર્વે તુવર યાવત્ સૌમનસમાળા, દર્દરમલય અને સુગંધ ગ્રહણ કરે છે.*

*ત્યારપછી બધાં એક સ્થાને એકઠા થાય છે, થઈને જ્યાં સ્વામી-ઈન્દ્ર છે, ત્યાં આવે છે, આવીને મહાર્થ યાવત્ તીર્થંકરના (જન્મની) અભિષેક સામગ્રી ઉપસ્થાપિત કરે છે.*

● વિવેચન-૨૩૯ :-

ત્યારે તે અચ્યુત, જે પૂર્વે કહેલ દેવેન્દ્ર દેવરાજ, મહાન્ દેવ-અધિપતિ મહેન્દ્ર, ચોસઠે ઈન્દ્રોમાં પણ લબ્ધપ્રતિષ્ઠ છે. તેથી પ્રથમ અભિષેક કહ્યો. આભિયોગ્ય દેવોને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહ્યું — જે કહેલું તે કહે છે — ઓ દેવાનુપ્રિયો ! જલ્દીથી મહાર્થાદિ તીર્થંકરાભિષેક હાજર કરો. અહીં મહાર્થાદિપદો પૂર્વે ભરતરાજાના અધિકારે કહેલા છે. વાક્ય યોજના સુલભ છે.

હવે તેમણે જે કર્યુ, તે કહે છે — ત્યારપછી તે આભિયોગિક દેવો હર્ષિત, સંતુષ્ટ થઈ યાવત્ આજ્ઞા સ્વીકારીને ઈશાન દિશાભાગમાં જાય છે, જઈને વૈક્રિયસમુદ્ઘાતથી સમવહત થઈને ૧૦૦૮ સુવર્ણ કળશોને વિકુર્વે છે. એ પ્રમાણે પ્રત્યેક ૧૦૦૮ રૂપાના ઈત્યાદિ કળશો સૂત્રાર્થવત્ જાણવા. તેમાં વંદનકળશ એટલે માંગલ્ય ઘડા. - x - વાતકરક એટલે બહારથી ચિત્રિત મધ્યે જળશૂન્ય કરક - x

- જેમ સૂર્યાભદેવને રાજપ્રશ્નીયસૂત્રમાં ઈન્દ્રાભિષેકમાં કહ્યું, તેમ કહેવું.

તેમાં ૧૦૦૮ આભરણ ચંગેરી, ૧૦૦૮ લોમહસ્ત ચંગેરીઓ તથા સર્વ પટલક કહેવા. તેથી કહે છે — ૧૦૦૮ પુષ્પટલો, આ વસ્તુ સૂર્યાભના અભિષેકોપયોગી વસ્તુ વડે સંખ્યાથી જ તુલ્ય છે, ગુણથી તુલ્ય નથી, તેથી કહે છે — અતિવિશિષ્ટ કહેવા. કેમકે પ્રથમ કલ્પના દેવની વિકુર્વણાથી અચ્યુત કલ્પ-દેવની વિકુર્વણા અધિકતર છે.

તથા સિંહાસન, છત્ર, ચામર, તૈલ સમુદ્ગક યાવત્ સર્ષપ સમુદ્ગક. અહીં યાવત્ પદથી કોષ્ઠસમુદ્ગાદિ કેહવા. તાલવૃંતમાં યાવત્ કરણથી વીંઝણાદિ લેવા. તેમાં વીંઝણા એ સામાન્યથી વાતોપકરણ છે અને તાલવૃંત્ત, તેના વિશેષરૂપ છે. તે એક હજાર આઠ-એક હજાર આઠ છે, ૧૦૦૮ ધૂપકડછા છે.

હવે વિકુર્વણાનું સાર્થકત્વ કહે છે — વિકુર્વીને અને સ્વાભાવિક - દેવલોકમાં દેવલોકવત્ સ્વયંસિદ્ધ શાશ્વત અને વૈક્રિય-અનંતરોક્ત સુવર્ણાદિ૦ યાવત્ શબ્દથી ભૃંગારાદિ ગ્રહણ કરવા. કેમકે ધૂપકડછાંને સૂત્રમાં સાક્ષાત્ લીધેલ છે. ગ્રહણ કરીને જ્યાં ક્ષીરોદ સમુદ્ર છે, ત્યાં આવીને ક્ષીરરૂપ જળને ગ્રહણ કરે છે.

[શંકા] મેરુથી અભિષકેના અંગભૂત વસ્તુના ગ્રહણને માટે ચાલતા દેવો, તેના ગ્રહણ ઉપયોગી વસ્તુ કળશ, ભૃંગારાદિ ગ્રહણ કરે પરંતુ અનુપયોગી, યાવત્ શબ્દથી સિંહાસન-ચામરાદિ અને તૈલ સમુદ્ગક કેમ ગ્રહણ કરેલ છે, તે કહે છે — વિકુર્વણા સૂત્રના અતિદેશથી ગ્રહણ સૂત્રના અતિદિષ્ટત્વથી, આ સૂત્રપાઠના અંતર્ગતત્વમાં પણ જે ગ્રહણોચિત છે, તે જ ગ્રહણ કરેલ જાણવું. કેમકે યોગ્યતા વશ જ અર્થની પ્રતિપત્તિ હોય છે અને ધૂપકડછાંનું ત્યાં ગ્રહણ, તે કળશ, ભૃંગારાદિ દેવ હસ્ત ધૂપનાર્થે છે. અન્યથા સૂત્રમાં સાક્ષાત્ ઉપદર્શિત ધૂપકડછાંનું ગ્રહણ નિરર્થક થાય.

હવે પ્રસ્તુત સૂત્ર — લઈને પછી ત્યાં ક્ષીરોદમાં ઉત્પલ, પદ્મ યાવત્ સહસ્રપત્રો છે, તેને ગ્રહણ કરે છે. યાવત્ પદથી કુમુદાદિ લેવા. આ રીતે પુષ્કરોદ - ત્રીજા સમુદ્રથી ઉદકાદિ ગ્રહણ કરે છે. અહીં સીધો ત્રીજો સમુદ્ર લેવાથી, બીજા સમુદ્રના અગ્રાહ્યત્વથી સંભવે છે. યાવત્ શબ્દથી પુષ્કરવરદ્વીપાર્ધના માગધાદિ તીર્થોનું જળ અને માટી લે છે.

સમયક્ષેત્રમાં રહેલ પુષ્કરવરદ્વીપાર્ધના ગંગાદિ મહાનદીમાં આદિ શબ્દથી સર્વે મહાનદી લેવા, યાવત્ પદથી જળ અને બંને તટની માટી લે છે. લઘુહિમવંતના સર્વે તુવરકષાયદ્રવ્યો આમલકાદિ, સર્વે જાતિભેદથી પુષ્પો, સર્વે ગંધ-વાસાદિ, સર્વે માળા-ગ્રથિતાદિ ભેદે, સર્વે મહૌષધિ-રાજહંસી આદિ, સિદ્ધાર્થક-સરસવો લે છે. લઈને પદ્મદ્રહથી દ્રહનું જળ અને ઉત્પલાદિ લે છે. એ પ્રમાણે લઘુહિમવંતથી બધાં ક્ષેત્ર વ્યવસ્થાકારિત્વથી કુલ કલ્પ પર્વતો-હિમાચલાદિ, તેમાં વૃત્તવૈતાઢ્યો, પદ્મદ્રહાદિ મહાદ્રહો, ભરતાદિ વાસક્ષેત્રો, કચ્છાદિ ચક્રવર્તી વિજયો, ગજદંતાદિ વક્ષસ્કાર પર્વતો - x - ગ્રાહાવતી આદિ અંતર્નદીઓ કહેવી. પર્વતોમાંથી તુવરાદિ અને દ્રહોમાંથી ઉત્પલાદિ, કર્મક્ષેત્રોમાં માગધાદિતીર્થના જળ અને માટી, નદીથી જળ અને બંને કિનારાની માટી ગ્રહણ કરવી.





યાવત્ પદથી દેવકુરુ લેતાં બને કુરુ લેવા, ચિત્ર-વિચિત્ર પર્વત, બંને યમકપર્વત, કંચનગિરિ, દશે દ્રહો આદિ ગ્રહણ કરવા, યાવત્ પદથી પુષ્કરવર દ્વીપાર્ધના પૂર્વ-પશ્ચિમાર્દ્ધ ભરતાદિ સ્થાનમાં વસ્તુ ગ્રહણ કહેવું. પછી જંબૂદ્વીપમાં પણ તે પ્રમાણે જ કહેવું. ક્યાં સુધી કહેવું ? સુદર્શન-પૂર્વાર્ધમેરુમાં ભદ્રશાલવન, નંદનવન, સૌમનસવન અને પંડકવનમાં બધાં તુવરોને લે છે. તેના અપરાર્ધમાં આ જ કર્મે વસ્તુ લીધી. પછી ધાતકીખંડના મેરુના ભદ્રશાલવનના બધાં તુવરો લે છે યાવત્ સરસવો લે છે. એ રીતે નંદનવનથી બધાં તુવરો યાવત્ સરસવો, સરસગોશીર્ષચંદન, દિવ્ય ગ્રથિત પુષ્પો ગ્રહણ કરે છે. એ પ્રમાણે સૌમનસવનથી, પંડકવનથી બધાં તુવરો યાવત્ ગંધાદિ લે છે. દર્દર-ચંદનાદિ પણ લે છે. - x - x -

પછી અહીં-તહીં વીખરાયેલા આભિયોગ્ય દેવો એકઠા થાય છે, થઈને જ્યાં સ્વામી છે, ત્યાં જાય છે. જઈને મહાર્થાદિ તીર્થંકર અભિષેક યોગ્ય ક્ષીરોદકાદિને અચ્યુતેન્દ્રની સમીપે લાવે છે.

હવે અચ્યુતેન્દ્ર શું કરે છે ? તે કહે છે —

● **સૂત્ર-૨૪૦ :-**

***ત્યારપછી તે અચ્યુતદેવેન્દ્ર ૧૦,૦૦૦ સામાનિકો, તેત્રીશ ત્રાયસ્ત્રિંશકો, ચાર લોકપાલો, ત્રણ પર્ષદા, સાત સૈન્યો, સાત સૈન્યના અધિપતિઓ, ૪૦,૦૦૦ આત્મરક્ષક દેવો સાથે સંપરિવરીને સ્વાભાવિક અને વિકુર્વિત શ્રેષ્ઠ કમલ ઉપર પ્રતિષ્ઠિત, સુગંધી શ્રેષ્ઠ જળથી પ્રતિપૂર્ણ, ચંદન વડે ચર્ચિત, ગળામાં મૌલિ બાંધેલ, કમળ અને ઉત્પલ વડે ઢાંકેલ, સુકોમળ હથેળી વડે પરિગૃહીત...***

***...૧૦૦૮ સુવર્ણના કળશો યાવત્ ૧૦૦૮ માટીના કળશો યાવત્ સર્વોદકથી, સર્વ માટીથી, સર્વતૂવરથી યાવત્ સર્વ ઔષધિ અને સરસવથી, સર્વ ઋદ્ધિથી યાવત્ રવ વડે મહાન્-મહાન્ તિર્થંકરાભિષેક વડે અભિષેક કરે છે.***

***ત્યારે [અચ્યુતેન્દ્ર દ્વારા] મહાન્-મહાન્ અભિષેક વડે સિંચિત્ થયા પછી, બીજા ઈન્દ્રાદિ દેવો છત્ર-ચામર-ધૂપકડછાં-પુષ્પ-ગંધ યાવત્ હાથમાં લઈ હર્ષિત-સંતુષ્ટ થઈ યાવત્ હાથમાં વજ, ત્રિશૂળ લઈને આગળ અંજલિ જોડી ઉભા રહે છે.***

***એ પ્રમાણે વિજયદેવ અનુસાર યાવત્ કેટલાંક દેવો આસિક્ત-સંમાર્જિત-ઉપલિપ્ત-સિક્ત-શુચિ-સંમૃષ્ટ માર્ગો, હાટ અને ગલીઓને કરે છે યાવત્ ગંધવર્તીભૂત કરે છે. કેટલાંક દેવો હિરણ્ય વર્ષા વરસાવે છે, એ પ્રમાણે સુવર્ણ, રત્ન, વજ, આભરણ, પત્ર, પુષ્પ, ફળ, બીજ, માલા, ગંધ, વર્ણ યાવત્ ચૂર્ણવાસની વર્ષા કરે છે. કેટલાંક હિરણ્યવિધિ એ પ્રમાણે યાવત્ ચૂર્ણવિધિ કરે છે.***

***કેટલાંક ચારે પ્રકારે વાદ્ય વગાડે છે, તે આ પ્રમાણે — તત, વિતત, ઘન અને ઝુસિર. કેટલાંક ચાર પ્રકારે ગેયને ગાય છે, તે આ પ્રમાણે ૧. ઉત્ક્ષિપ્ત, ૨. પાદાત્ત, ૩. મંદાય, ૪. રોચિતાવસાન. કેટલાંક ચાર ભેદે નૃત્ય નાચે છે, તે આ — ૧. અંચિત, ૨. દ્રુત, ૩. આરભટ અને ૪. ભસોલ.***

*કેટલાંક ચતુર્વિધ અભિનય કરે છે — દાર્ષ્ટાન્તિક, પ્રાતિશ્રુતિક, સામંતોપનિપાતિક, લોકમધ્યાવસાનિક. કેટલાંક બત્રીશ ભેદે દિવ્ય નૃત્યવિધિ દેખાડે છે, કેટલાંક ઉત્પાતનિપાત, નિપતોત્પાત, સંકુચિતપ્રસારણ યાવત્ ભ્રાંતસંભ્રાંત નામક દિવ્ય નાટ્યવિધિ દેખાડે છે. કેટલાંક તાંડવ કરે છે અને કેટલાંક લાસ-નૃત્ય કરે છે.*

*કેટલાંક પોતાને સ્થૂળ બનાવે છે, એ પ્રમાણે બૂત્કાર કરે છે, આસ્ફોટન કરે છે, વલ્ગન કરે છે, સીંહનાદ કરે છે અને કેટલાંક આ બૂત્કારાદિ બધું જ કરે છે.*

*કેટલાંક ઘોડાની જેમ હણહણે છે, એ પ્રમાણે હાથીની જેમ ગુલગુલાયિત કરે છે, રથની જેમ ઘનઘનાહટ કરે છે, કેટલાંક આ હણહણાટ આદિ ત્રણે સાથે કરે છે.*

*કેટલાંક ઉચ્છાલ કરે છે, કેટલાંક પ્રક્ષાલ કરે છે, કેટલાંક ત્રિપદી છેદે છે, પાદ દર્દરક કરે છે, ભૂમિ ઉપર થપાટો મારે છે. કેટલાંક મોટા શબ્દોથી અવાજો કરે છે, એ પ્રમાણે સંયોગો કહેવા.*

*કેટલાંક હક્કાર કરે છે, એ પ્રમાણે પૂત્કારે છે, થક્કારે છે, અવપતિત થાય છે, ઉત્પતિત થાય છે, પરિપતિત થાય છે, બળે છે, તપછે છે, પ્રતપ્ત થાય છે, ગર્જે છે, વિદ્યુત્‌ની જેમ ચમકે છે, વર્ષાની જેમ વરસે છે. [તથા...]*

*કેટલાંક દેવોત્કલિક કરે છે, એ પ્રમાણે દેવકહકહા કરે છે, કેટલાંક દુહુદુહુ કરે છે, કેટલાંક વૈક્રિય ભૂતરૂપો વિકુર્વીને નાચે છે, એ પ્રમાણે વિજયદેવવત્ કહેવું યાવત્ ચારે તરફ ધીમે ધીમે દોડે છે - જોર જોરથી દોડે છે.*

● **વિવેચન-૨૪૦ :-**

પછી અભિષેક સામગ્રી ઉપસ્થિત થતાં તે અચ્યુત દેવેન્દ્ર દશ હજાર સામાનિકો, ૩૩ ત્રાયસ્ત્રિંશકો॰ આદિ સૂત્રાર્થવત્ જાણવું. સુકુમાલ હથેળીમાં ગૃહીત અનેક હજાર સંખ્યાવાળા કળસો જાણવા. તેને જ વિભાગથી દર્શાવે છે — ૧૦૦૮ સોનાના કળશો, યાવત્ પદથી રૂપાના, મણિના, સોનારૂપાના, સોનામણિના, રૂપામણિના, સોના રૂપામણિના, માટીના બધાંએ ૧૦૦૮ કળશો લેવા. તેથી સર્વસંખ્યાથી ૮૦૬૪ થશે, યાવત્ શબ્દથી ભૃંગારાદિ લેવા.

સર્વ જળ, સર્વ માટી, સર્વ તુવર॰ યાવત્ શબ્દથી પુષ્પાદિ ગ્રહણ કરવા, સર્વૌષધિ-સરસવથી, સર્વ ઋદ્ધિ વડે યાવત્ રવથી, યાવત્ શબ્દથી સર્વદ્યુતિથી લઈને દુંદુભિ નિર્ઘોષનાદ સુધી લેવું. મોટા-મોટા તીર્થકરાભિષેક વડે - જે અભિષેકથી તીર્થંકરો અભિસિંચિત્ થાય છે, અહીં અભિષેક શબ્દથી ક્ષીરોદાદિ જળ જાણવું.

હવે અભિષેકકારી ઈન્દ્ર પછી બીજા ઈન્દ્રાદિ જે કરે છે, તે કહે છે — પછી સ્વામી અતિશય મહાન્ અભિષેકમાં વર્તતા ઈન્દ્રાદિ દેવો, હાથમાં છત્ર, ચામરાદિ લઈને હર્ષિત, સંતુષ્ટ થઈ, હાથમાં વજ, ત્રિશૂળાદિ શસ્ત્રો લઈને આગળ ઉભા અર્થાત્ કેટલાંક છત્રધારી, કેટલાંક ચામરધારી ઈત્યાદિ, સેવા ધર્મ જણાવવા કહ્યું છે, વૈરીના



નિગ્રહ માટે નહીં. - x -

હવે અતિદેશ કહે છે —

એ પ્રમાણે વિજયદેવના અભિષેક સૂત્રાનુસાર ઉક્ત સૂત્ર જાણવું. યાવત્ પદથી - x - x - કેટલાંક દેવો પાંડકવનમાં અતિ જળ કે અતિ માટી ન થાય, તે રીતે પ્રવિરલ અને રજ-રેણુ નાશ કરનાર, દિવ્ય સુરભિગંધ જળની વર્ષા કરે છે. કેટલાંક પાંડકવને નિહતરજ, નષ્ટરજ, ભ્રષ્ટ રજાદિ કરે છે. હવે સૂત્ર કહે છે —

કેટલાંક દેવો પાંડુકવને આસિક્તાદિ કરે છે, જળ વડે સીંચે છે, તેથી જ શૂચિ, કચરો દૂર કરવાથી સંમૃષ્ટ, રસ્તા વગેરે કરે છે. અર્થ આ છે — તેમાં સ્થાને સ્થાનેથી લાવેલ ચંદનાદિ વસ્તુ માર્ગના અંતરમાં તે રીતે ઢગલો કરાયેલ છે, જેથી હાટની શ્રેણી જેવી લાગે છે. યાવત્ પદથી પાંડુકવને મંચાતિમંચ યુક્ત કરે છે. કેટલાંક વિવિધ રંગી - ઉંચી - ધ્વજા પતાકાથી મંડિત કરે છે. કેટલાંક ગોશીર્ષ ચંદન દર્દરની થાપા મારે છે કેટલાંક ચંદન કળશયુક્ત કરે છે.

કેટલાંક પ્રતિદ્વારના દેશભાગને ચંદનઘટ યુક્ત તોરણવાળા કરે છે. કેટલાંક વિપુલ વૃત્ત લાંબી માતાથી યુક્ત કરે છે. કેટલાંક પંચવર્ણી સરસ સુગંધી છોડતાં પુંજો પચાર યુક્ત કરે છે, કેટલાંક કાલો અગરુ આદિની ધૂપી મઘમઘતી ગંધ વડે અભિરામ સુગંધ શ્રેષ્ઠ ગંધયુક્ત કરે છે. *[ઉક્ત સૂત્રની વ્યાખ્યાનો સાર-શબ્દાર્થરૂપે]*

હિરણ્ય - રૂપું, વર્ષ-વૃષ્ટિ, રત્ન-કર્કેતનાદિ, વજ-હીરા, આભરણ - હારાદિ, પત્ર-મનકાદિ, બીજ-સિદ્ધાર્થાદિ, માલ્ય-ગુંથેલા પુષ્પો, ગંધ-વાસ, વર્ણ-હિંગલોકાદિ. ચૂર્ણ-સુગંધદ્રવ્યક્ષોદ. હિરણ્યવિધિ-હિરણ્યરૂપ મંગલપ્રકાર બીજા દેવોને આપે છે. - x - x -

હવે સંગીતવિધિરૂપ ઉત્સવ કહે છે — કેટલાંક ચતુર્વિધ વાદ્યો વગાડે છે, તે આ રીતે — તત - વીણાદિ, વિતત - પટહાદિ, ઘન - તાલ આદિ, શુષિર-વંશાદિ. કેટલાંક ચતુર્વિધ ગાયન ગાય છે, તે આ રીતે — उत्क्षिप्तं પહેલાથી સમારંભ્યમાણ, પાદાત્ત-પાદવૃદ્ધ, વૃત્તાદિ ચતુર્ભાગરૂપ પાદબદ્ધ, મંદાય-મધ્ય ભાગમાં મૂર્છનાદિ ગુણયુક્ત, રોચિતાવસાન-યથોચિત લક્ષણયુક્તતાથી ભાવિતાદિ - x -

કેટલાંક ચાર ભેદે નાટ્ય કરે છે, તે આ પ્રમાણે — અંચિતાદિ ચાર, કેટલાંક ચતુર્વિધ અભિનય કરે છે, તે આ રીતે — દાર્ષ્ટાન્તિક આદિ ચાર. આ નાટ્યવિધિ, અભિનયવિધિને ભરતાદિ સંગીત શાસ્ત્રજ્ઞ પાસેથી જાણવી. કેટલાંક બત્રીશ ભેદે અષ્ટમાંગલિક આદિ દિવ્ય નાટ્યવિધિ દેખાડે છે, તે બધું જ ક્રમે વર્દ્ધમાન સ્વામીની આગળ સૂર્યાભદેવે દેખાડેલ તે જ ક્રમ લેવો. - x - સ્વસ્તિક, શ્રીવત્સ, નંદ્યાવર્ત્તાદિ આઠ મંગલથી ચિત્રિત. અહીં આઠે પદોની વ્યાખ્યા પૂર્વવત્. વિશેષ એ કે — તેના વડે આલેખન, તે-તે આકારની આવિર્ભાવના થાય તેમ દર્શાવે છે. અર્થાત્ તેને અભિનયવિષયીકૃત્ય કરે છે.

અભિનય - આંગિક, વાચિક, સાત્વિક, આહાર્ય એ ચાર ભેદથી સમુદિત કે અસમુદિતપણે અભિનેતવ્ય વસ્તુ ભાવને પ્રગટ કરવો. તેમાં આંગિક વડે નાટ્યકર્તા

તે-તે મંગલાકારપણે અવસ્થાન, હાથ આદિ વડે તે-તે આકારનું દર્શન કે વાચિક વડે પ્રબંધાદિમાં તે-તે મંગલ શબ્દનું ઉચ્ચારણ, મનમાં રક્ત થઈને તે-તે મંગલ સ્વરૂપનું આવિર્ભાવન.

હવે બીજું નાટ્ય :- આવર્ત્ત-પ્રત્યાવર્ત્ત, શ્રેણિ-પ્રશ્રેણી, સ્વસ્તિક, પુષ્યમાનવાદિનું આલેખન, તેમાં સૃષ્ટિક્રમથી ભમતી ભ્રમરિકાના આદાનથી નર્ત્તન આવર્ત્ત, તેથી વિપરીત ક્રમે પ્રત્યાવર્ત્ત. શ્રેણી-પંક્તિ વડે સ્વસ્તિક, તે શ્રેણિસ્વસ્તિક ઈત્યાદિ - x - *[વૃત્તિમાં આ નાટ્યાદિ ભેદ વિસ્તારથી છે, જે માત્ર અનુવાદથી સમજાય તેવા નથી, તેથી અમે અહીં કેટલાંક શબ્દોનો વિશિષ્ટ અર્થ માત્ર રજૂ કરીએ છીએ —]*

વર્ધમાનક-સ્કંધ ઉપર બેસેલ પુરુષ. - x - મત્સ્યાંડક-ઈંડાથી જન્મતા મત્સ્યનો આકાર કરવો તે. - x - અથવા જેમાં એક નટ બીજા નટો સાથે રંગભૂમિમાં પ્રવેશે છે કે ત્યાંથી નીકળે છે, તે મત્સ્યકાંડ. એ રીતે મકરકાંડ પાઠમાં મગરવૃંદ કહેવું. અથવા વિકૃત રૂપત્વથી જોનારને અતિ ત્રાસકર્તા થાય છે, તે રીતે જે નાટ્ય તદાકાર દર્શનથી ભયાનક થાય, તે ભયાનક રસપ્રધાન મકરકાંડ છે.

જાર-ઉપપતિ, - x - માર-કામને ઉદ્દીપક અર્થાત્ શ્રૃંગાર રસપ્રધાન, - x - x - x - વાસંતીલતા-વસંતાદિ ઋતુવર્ણન. - x - બત્રીશબદ્ધ નાટકમાં સંખ્યા બત્રીશ કહી છે, પણ ઉપલક્ષણથી બીજા પણ તે-તે અભિનયકરણપૂર્વક નાટ્યભેદો જાણવા.

ત્રીજો અભિનય :- ઈહામૃગ-વરુ, રુરુ અને ચમર એ મૃગવિશેષ છે. વન-વૃક્ષવિશેષ, તેની લતા.

ચોથો અભિનય :- એકતોવક્રા - એક દિશામાં ધનુષ્ આકાર શ્રેણી વડે નર્ત્તન, દ્વિધાતોવક્રા - બંને પરસ્પરાભિમુખ દિશામાં ધનુષાકાર શ્રેણીથી નર્ત્તન. એકતશ્ચક્રવાલ - એક દિશામાં નચેનું મંડલાકારે નર્ત્તન એ રીતે દ્વિધાતશ્ચક્રવાલ અને ચક્રાર્દ્ધ ચક્રવાલાદિ કહેવા.

હવે પાંચમો :- ચંદ્રાવલિ પ્રવિભક્તિ, સૂર્યાવલિ પ્રવિભક્તિ ઈત્યાદિ પ્રવિભક્તિ નામક છે. તેમાં ચંદ્રોની આવલિ - શ્રેણિ, તેની પ્રવિભક્તિ-રચના વિશેષ. - x - એ પ્રમાણે સૂર્યાવલિ૦ ઈત્યાદિ રત્નાવલિ પ્રવિભક્તિ સુધી જાણવું - x - [જેનો અર્થ વૃત્તિથી સમજવો.]

હવે છટ્ઠો :- ચંદ્ર સૂર્યોદ્ગમન પ્રવિભક્તિ, તેમાં ઉદ્ગમન એટલે ઉદયન, તેની રચના વિશેષ અભિનય. - x -

હવે સાતમો :- ચંદ્ર સૂર્યાગમન પ્રવિભક્તિ, ચંદ્રનું વિમાન સહિત આગમન - આકાશથી અવતરણ, તેની રચના કરવી.

હવે આઠમો :- ચંદ્રસૂર્યાવરણપ્રવિભક્તિ, જેમ ચંદ્ર ઘનપટલ આદિ વડે આવરણ કરાય છે, તે રીતે અભિનય દર્શન, તે ચંદ્રાવરણ પ્રવિભક્તિ, એ રીતે સૂર્યાવરણપ્રવિભક્તિ કહેવી.

હવે નવમો :- ચંદ્ર સૂર્યાસ્તમયનપ્રવિભક્તિ, જેમાં સર્વતઃ સંધ્યારાગ પ્રસરણ, તમઃપ્રસરણ, કુમુદ સંકોચાદિ વડે ચંદ્રના અસ્તપણાનો અભિનય કરવો તે. એ રીતે



સૂર્યાસ્તમયનપ્રવિભક્તિ.

હવે દશમો :- ચંદ્ર સૂર્ય નાગ યક્ષ ભૂત રાક્ષસ ગંધર્વ મહોરગ મંડલ પ્રવિભક્તિ યુક્ત મંડલ પ્રવિભક્તિ. તેમાં ઘણાં ચંદ્રોના મંડલ આકારથી - ચક્રવાલ રૂપે નિદર્શન તે ચંદ્રમંડલ પ્રવિભક્તિ. એ પ્રમાણે ઘણાં સૂર્ય, નાગાદિ મંડલાકારથી અભિનય કહેવો. આના દ્વારા ચંદ્રમંડલ, સૂર્યમંડલ ઈત્યાદિ જાણવા. - x -

હવે અગિયારમો :- ઋષભ, સિંહલલિત, હય-ગજ વિલસિત, મત્ત હય ગજ વિલસિત અભિનય રૂપ દ્રુતવિલંબિત નામક નાટ્ય, તેમાં લલિત - સલીલગતિ, વિલસિત - મંથરગતિ, મત્ત૦ વિલસિત-દ્રુતગતિ, તે અભિનયરૂપ ગતિપ્રધાન તે દ્રુતવિલંબિત.

હવે બારમો :- શકટોદ્ધિ સાગરનાગર પ્રવિભક્તિ. ગાડાની ઉંધ માફક આકારપણે હાથનો વિન્યાસ તે શકટોદ્ધિ. - x - સાગર એટલે સમુદ્રના સર્વતઃ કલ્લોલ પ્રસરણ વડવાનલ જ્વાલા દર્શનાદિ તે સાગર પ્રવિભક્તિ, નગરવાસી લોકોના સવિવેક નેપથ્યકરણ, ક્રીડા સંચરણ, વચન ચાતુરીદર્શનાદિ તે નાગર પ્રવિભક્તિ.

હવે તેરમો :- નંદા ચંપા પ્રવિભક્તિ. તેમાં નંદા નામક શાશ્વતી પુષ્કરિણી, તેમાં દેવોની જલક્રીડા, જલજ કુસુમોનું અવચયન આદિ અભિનય તે નંદાપ્રવિભક્તિ. ચંપા નામે મહારાજધાની, ઉપલક્ષણથી કૌશલા, વિશાલાદિ રાજધાની પણ લેવી. તેની પરિખા, સૌધ, પ્રાસાદાદિનો અભિનય તે ચંપા પ્રવિભક્તિ.

હવે ચૌદમો :- મત્સ્યાંડક-મકરાંડક-જાર-માર પ્રવિભક્તિ નામે નાટ્ય. તેની વ્યાખ્યા પૂર્વે કરાયેલ છે.

હવે પંદરમો :- क વર્ગ પ્રવિભક્તિ, તેમાં क કારના આકારથી અભિનય દર્શન, તે નટો એવી રીતે નૃત્ય કરે છે, જે રીતે क નો આકાર થાય છે. એ પ્રમાણે ख-કાર, ग કારાદિ પ્રવિભક્તિ પણ કહેવી. - x - જોકે લિપીના વૈચિત્ર્યથી પ્રસ્તુત નાટ્યનો પણ અનિયતતાનો પ્રસંગ આવે, તો પણ क વર્ગના જાતીયત્વ વિશેષથી આમાં દોષ નથી. એ પ્રમાણે च કાર પ્રવિભક્તિ જાતિક આદિ પણ જાણવા. અથવા क કાર શબ્દના ઉદ્ઘટનમાં कं-कां-किं-कीं ઈત્યાદિ વાચિકા અભિનયની પ્રવૃત્તિથી નાટ્ય તે क કાર પ્રવિભક્તિ, એ પ્રમાણે क થી ङ સુધીની क કાર, ख કાર આદિ પ્રવિભક્તિ જાણવી.

[૧૬] च કારાદિ, [૧૭] ट કારાદિ, [૧૮] त કારાદિ, [૧૯] प કાર આદિ, પ્રવિભક્તિઓ જાણવી.

હવે વીસમો — અશોક, આમ્ર, જાંબુ, કોશાંબ - પલ્લવ પ્રવિભક્તિ, અશોકાદિ વૃક્ષવિશેષ, તેના પલ્લવ-નવા કિસલય, તે મંદ વાયુ વડે ચલિત થતાં નૃત્ય કરે છે, તેવા અભિનયરૂપ પલ્લવપ્રવિભક્તિ.

હવે એકવીસમો - પદ્મ, નાગ, અશોક, ચંપક, ચૂત, વન, વાસંતી, કુંદ, અતિમુક્ત, શ્યામ - લતા પ્રવિભક્તિ નાટ્ય. જે વનસ્પતિકાયિકના સ્કંધ, પ્રદેશ, વિવક્ષિત ઉર્ધ્વગત એક શાખા સિવાયની બીજી શાખા પરિસ્થૂળ ન નીકળે, તે લતા

જાણવી, તે પદ્માદિ એ પદ્મલતાદિ પદોનો અર્થ પૂર્વવત્. તે જે રીતે વાયુ વડે ચાલતા નાચે છે, તે અભિનય.

હવે બાવીશમો :- દ્રુત નાટ્ય. શીઘ્ર ગીત અને વાદ્યના શબ્દોનો એક સાથે પ્રપાતથી પાદતલ શબ્દનો પણ સમકાલે નિપાત.

હવે તેવીશમો :- વિલંબિતનાટ્ય. ગીત શબ્દમાં સ્વરઘોલના પ્રકારથી વિશ્રાંતની માફક વાદ્યશબ્દમાં પણ યનિતાલરૂપે વગાડાતાં તે રીતે પાદ સંચારથી નર્ત્તન તે વિલંબિત.

હવે ચોવીશમો :- દ્રુતવિલંબિત નાટ્ય, તેમાં ઉક્ત બંને પ્રકારે નર્ત્તન કરવું તે અભિનય.

હવે પચીશમો :- અંચિત નાટ્ય-પુષ્પાદિ અલંકાર વડે પૂજિત, તે અભિનયપૂર્વક નાટ્ય પણ અંચિત કહેવાય - x -

હવે છવીશમો :- રિભિતનાટ્ય - મૃદુપદ સંચાર રૂપ - x - x -

હવે સત્તાવીશમો :- અંચિતરિભિત, ઉક્ત બંને અભિનય.

હવે અઠ્ઠાવીશમો :- આરભટનાટ્ય, ઉત્સાહ સહિત સુભટ અર્થાત્ મહાભટોના સ્કંધના આસ્ફાલન હૃદયોલ્લણનાદિ - x -

હવે ઓગણત્રીશમો :- ભસોલનાટ્ય, પંક્તિરથ ન્યાયથી શ્રૃંગારરસ, આના દ્વારા શ્રૃંગારરસનો સાત્ત્વિક ભાવ સૂચવેલ છે. - x - x -

હવે ત્રીશમો :- આરભટ ભસોલ નાટ્ય, ઉક્ત બંને અભિનય.

હવે એકત્રીશમો :- ઉત્પાતનિપાતપ્રવૃત્ત સંકુચિત-પ્રસારિત, રેચક-રેચિત, ભ્રાંત-સંભ્રાંત નામે નાટ્ય. તેમાં હાથ-પગ આદિ અભિનય ગતિથી ઉંચે કે નીચે ક્ષેપણ તે ઉત્પાતનિપાત. એ રીતે હાથ-પગનું સંકોચન-પ્રસારણને સંકુચિત-પ્રસારિત. ભ્રમરિકા વડે નિષ્પન્ન તે રેચકરેચિત. ભ્રમપ્રાપ્ત અને સાશ્ચર્ય થવું તે ભ્રાંત સંભ્રાંત.

હવે બત્રીશમો - ચરમચરમ. તે સૂર્યાભદેવે વર્દ્ધમાન સ્વામી આગળ ભગવંતના ચરમ પૂર્વમનુષ્યભવ, ચરમ દેવલોક ભવ, ચરમ ચ્યવન-ગર્ભસંહરણ-તીર્થંકર જન્માભિષેક-બાલભાવ-યૌવન-કામભોગ-નિષ્ક્રમણ-તપશ્ચરણ-જ્ઞાનોત્પાદ-તીર્થપ્રવર્ત્તન-પરિનિર્વાણ અભિનયરૂપ ભાવિત છે. અહીં જે તીર્થંકરનો જન્મહોત્સવ કરે છે, તેનો ચરિત અભિનયરૂપ દર્શાવે છે. - x - x -

હવે અભિનયશૂન્ય પણ નાટક હોય છે, તે દર્શાવવાને કહે છે —

કેટલાંક ઉત્પાત-આકાશમાં ઉછળવું, નિપાત-ત્યાંથી પડવું, ઉત્પાતપૂર્વક નિપાત, એ રીતે નિપાતોત્પાત. યાવત્ પદથી રિઆરિઅ - રંગભૂમિમાં જવું અને ત્યાંથી પાછું આવવું તે. - x -

આ પૂર્વોક્ત ચાર ભેદે જે બત્રીશ નાટ્ય ભેદથી વિલક્ષણ છે, તે બધાં અભિનયશૂન્ય અને ગાત્રવિક્ષેપ માત્ર છે. વિવાહ-અભ્યુદયાદિમાં ઉપયોગી સામાન્યથી નર્ત્તનને ભરતાદિ સંગીતમાં નૃત્ત કહેલ છે.

હવે ઉક્ત જ નાટ્ય પ્રકારદ્વયથી સંગ્રહ કરવાને કહે છે — કેટલાંક તાંડવ



નામે નાટક કરે છે. - x - તેથી તે આરભટી વૃત્તિપ્રધાન નાટ્ય છે. હવે જે રીતે બાલસ્વામીની પાસે દેવો કુતૂહલને દર્શાવે છે, તે રીતે કહે છે — કેટલાંક દેવો પોતાને સ્થૂળ કરે છે. એ પ્રમાણે કેટલાંક બૂત્કાર કરે છે, બેસીને કૂલાઓ વડે ભૂમિ આદિને આઘાત કરે છે. મલ્લની જેમ બાહુ વડે પરસ્પર યુદ્ધ કરતાં સિંહનાદ કરે છે. કેટલાંક આ ત્રણેને અનુક્રમે કરે છે.

કેટલાંક ઘોડાની જેમ હણહણે છે. કેટલાંક હાથીની જેમ ગુલગુલ એવી ગર્જના કરે છે. કેટલાંક રથની જેમ ઘનઘન એવો ચીત્કાર કરે છે. કેટલાંક હણહણાટ આદિ ત્રણે કરે છે.

કેટલાંક મુખની આગળ થપાટો મારે છે, કેટલાંક મુખની પાછળ થપાટો મારે છે. કેટલાંક મલ્લની માફક ત્રિપદીને છેદે છે — પગ વડે ભૂમિ આસ્ફોટન કરે છે. હાથ વડે ભૂમિ ઉપર આઘાત કરે છે. કેટલાંક મોટા મોટા શબ્દોથી અવાજ કરે છે.

એ રીતે ઉક્ત પ્રકારે સંયોગો પણ - બે ત્રણ પદ મેલક પણ કહેવા. તેનો શો અર્થ છે ? કેટલાંક ઉંચે કુદવું આદિ બે ક્રિયા સાથે કરે છે તે કેટલાંક ત્રણ, ચાર, પાંચ કે છ ક્રિયા કરે છે.

કેટલાંક હા-હા એમ હક્કાર કરે છે, કેટલાંક થક્-થક્ એવા શબ્દો કરે છે. નીચે ઉતરે છે, ઉંચે જાય છે, તીર્છા પડે છે. જ્વાલારૂપ થાય છે, મંદ અંગાર રૂપતા સ્વીકારે છે, દીપ્ત અંગારતા સ્વીકારે છે, ગર્જારવ કરે છે, વિજળી ચમકાવે છે, વર્ષા વરસાવે છે. અહીં પણ સંયોગો કહેવા.

કેટલાંક દેવો વાયુની જેમ ભમરી ખાય છે, એ પ્રમાણે દેવો પ્રમોદભાર જનિત કોલાહલ કરે છે, કેટલાંક દુહુદુહુ એમ અનુકરણ શબ્દો કરે છે, કેટલાંક હોઠ લંબાવવા-મોઢું વાંકુ-ચુકુ કરવું - નેત્રના સ્ફાટન આદિ ભયાનક ભૂતાદિ રૂપો વિકુર્વીને નાચે છે.

એ પ્રમાણે બધું વિજયદેવ અનુસાર કહેવું. ક્યાં સુધી કહેવું ? ચોતરફથી કંઈક દોડે છે, પ્રકર્ષથી દોડે છે. સુધી કહેવું યાવત્ શબ્દથી કેટલાંક વસ્ત્રો ઉડાડે છે, કેટલાંક હાથમાં મંગલઘટ લઈને કે ભૃંગાર લઈને એ પ્રમો આ આલાવાથી દર્પણ, થાળા, પાત્રી, વાતકરક, રત્ન કરંડક, પુષ્પચંગેરી આદિ ધૂપકડછાં સુધી પણ લેવા.

કેટલાંક શબ્દોની વ્યાખ્યા — ચેલોત્ક્ષેપ - ધ્વજને ઉછાળવો, વંદનકળશ - માંગલ્યઘટ - x - x - ઈત્યાદિ. બાકી સ્વાભાવિક સિદ્ધ છે. કેમકે પૂર્વોક્ત અભિષેક અધિકારમાં ઈન્દ્રસૂત્ર સમાન આલાવો છે. હવે અભિષેક નિગમનપૂર્વક આશીર્વાદસૂત્ર—

● **સૂત્ર-૨૪૧ થી ૨૪૩ :-**

***[૨૪૧] ત્યારે તે અચ્યુતેન્દ્ર સપરિવાર, તીર્થંકરભગવંતને તે મહાન્-મહાન્ અભિષેકનો અભિષેક કરે છે.***

***અભિષેક કરીને બે હાથ જોડી યાવત્ મસ્તકે અંજલિ કરીને જય અને વિજય વડે વધાવે છે. વધાવીને તેવી ઈષ્ટ વાણીથી યાવત્ જય-જય શબ્દ***

ઉચ્ચારે છે.

ત્યારપછી યાવત્ રુંવાટીવાળા સુકુમાલ સુરભીત ગંધકાષાયિક વસ્ત્રથી ગાત્રોને લુંછે છે. લુંછીને યાવત્ કલ્પવૃક્ષ સમાન અલંકૃત્ અને વિભૂષિત કરે છે.

ત્યારપછી યાવત્ નૃત્યવિધિ દેખાડે છે, દેખાડીને સ્વચ્છ-શ્લક્ષ્ણ-રજતમય-ઉત્તમરસમય ચોખા વડે ભગવંત સ્વામીની આગળ આઠ અષ્ટમંગલ આલેખે છે, તે આ પ્રમાણે –

[૨૪૨] દર્પણ, ભદ્રાસન, વર્દ્ધમાનક, શ્રેષ્ઠકળશ, મત્સ્ય, શ્રીવત્સ, સ્વસ્તિક અને નંદ્યાવર્ત્ત. એ આઠ મંગલ આલેખ્યા.

[૨૪૩] તેનું આલેખન કરીને પૂજોપચાર કરે છે. શેના વડે ? પાડલ, મલ્લિકા, ચંપક, અશોક, પુન્નાગ, ચૂતમંજરી, નવમાલિકા, બકુલ, તિલક, કણેર, કુંદ, કુબ્જક, કોરંટપત્ર, દમનકના ઉત્તમ સુગંધ ગંધ વડે ગંધિત પુષ્પોને કચગ્રહ ગૃહિત કરતલથી પ્રભ્રષ્ટ મૂકાયેલ એવા પંચવર્ણી પુષ્પોનો ઢગલો થતાં ત્યાં વિચિત્ર અને જાનુપ્રમાણ માત્ર ઉંચો ઢગલો કરે છે. કરીને.....

ચંદ્રપ્રભ, રત્ન, વજ્ર, વૈડૂર્યમય વિમલદંડયુક્ત, સુવર્ણ-મણિ-રત્ન વડે ચિત્રિત, કાળો અગરુ-પ્રવર કુંદુરુષ્ક-તુરુષ્કની ધૂપથી ગંધોત્તમથી વ્યાપ્ત અને ધૂપશ્રેણિને છોડતાં વૈડૂર્યમય કડછાને પકડીને પ્રયત્નપૂર્વક ધૂપ દઈને જિનવરેન્દ્રની સન્મુખ સાત-આઠ પગલાં ચાલીને દશ અંગુલ વડે અંજલિ કરીને, મસ્તકે લગાડી, વિશુદ્ધ પાઠપૂર્વક ૧૦૮ મહાવૃત્તો - [મહિમા સ્તુતિ] વડે, કે જે અપુનરુક્ત છે, અર્થથી યુક્ત છે, એ પ્રમાણે સંસ્તવના કરે છે.

ત્યારપછી ડાબો ઘુંટણ ઉંચો કરે છે, કરીને યાવત્ બે હાથ જોડી મસ્તકે અંજલિ કરીને આ પ્રમાણે કહે છે –

નમસ્કાર થાઓ. [કોને?] સિદ્ધ, બુદ્ધ, નીરજ, શ્રમણ, સમાહિત, સમત્ત, સમયોગી, શલ્યકર્ત્તન, નિર્ભય, નીરાગદોષ, નિર્મમ, નિસંગ, નિઃશલ્ય, માનમૂરણ, ગુણરત્ન, શીલસાગર, અનંત, અપ્રમેય, ભાવિ-ધર્મવર-ચાતુરંત ચક્વર્તીને, અરહંત ! આપને નમસ્કાર થાઓ. એમ કહી વાંદે છે - નમસ્કાર કરે છે, વંદન-નમસ્કાર કરીને અતિદૂર નહીં તેમ અતિ નીકટ નહીં તેવા સ્થાને શુશ્રૂષા કરતા યાવત્ પર્યુપાસે છે.

એ પ્રમાણે જેમ અચ્યુતેન્દ્ર કહ્યા તેમ ઈશાનેન્દ્ર સુધી બધું વર્ણન કરવું. એ પ્રમાણે ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક ઈન્દ્ર સુધીના બધાં પોતાના પરિવાર સહિત પ્રત્યેકે પ્રત્યેક અભિસિંચન-જિન અભિષેકકૃત્ય કરે છે.

ત્યારપછી તે દેવેન્દ્ર દેવરાજ ઈશાન [પોતાના જેવા] પાંચ ઈશાનેન્દ્ર વિકુર્વે છે. વિકુર્વીને એક ઈશાનેન્દ્ર તીર્થંકર ભગવંતને કરતલ સંપુટ કરીને ગ્રહણ કરે છે, પછી શ્રેષ્ઠ સીંહાસન ઉપર પૂર્વાભિમુખ બેસે છે. એક ઈશાનેન્દ્ર પાછળ છત્ર ધરે છે. બે ઈશાનેન્દ્રો બંને પડખે ચામર ઢોળે છે, એક ઈશાનેન્દ્ર હાથમાં શૂળ



લઈ આગળ ઉભો રહે છે.

ત્યારપછી તે દેવેન્દ્ર દેવરાજ શક્ર આભિયોગિક દેવોને બોલાવે છે, બોલાવીને અભિષેક સામગ્રી લાવવાની આજ્ઞા આપે છે, તેઓ પણ તે પ્રમાણે સામગ્રીને લાવે છે.

ત્યારે તે દેવેન્દ્ર દેવરાજ શક્ર તીર્થંકર ભગવંતની ચારે દિશામાં ચાર ધવલ વૃષભ વિકુર્વે છે, જે વૃષભ શંખચૂર્ણની જેમ વિમળ, નિર્મળ, ઘન દહીં, ગાયના દૂધના ફીણ, ચંદ્ર જ્યોત્સ્નાવત્ શ્વેત, પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ હતો.

ત્યારપછી તે ચારે ધવલ વૃષભોના આઠ શીંગડા વડે આઠ જળધારા નીકળે છે, તે આઠે જલધારા ઉંચે આકાશમાં ઉડે છે, ઉડીને એક સાથે ભેગી થાય છે. ભેગી થઈને તીર્થંકર ભગવંતના મસ્તકની ઉપર નિપતિત થાય છે - પડે છે.

ત્યારપછી તે દેવેન્દ્ર દેવરાજ શક્ર, પોતાના ૮૪,૦૦૦ સામાનિકો આદિ પરિવારથી પરિવૃત્ત થઈ, તીર્થંકરનો અભિષેક કરે છે યાવત્ હે અરહંત ! આપને નમસ્કાર થાઓ, એમ કહીને વંદન કરે છે, નમસ્કાર કરે છે, યાવત્ પર્યુપાસના કરે છે.

● વિવેચન-૨૪૧ થી ૨૪૩ :-

ત્યારે તે અચ્યુતેન્દ્ર પરિવાર સહિત સ્વામીને અનંતરોક્ત સ્વરૂપે અતિશય મહાન્ અભિષેક વડે અભિષિક્ત કરે છે. નિગમન સૂત્ર હોવાથી પુનરુક્તિ નથી. અભિષેક કરીને બે હાથ વડે ગ્રહણ કરીને૰ મસ્તકે અંજલિ કરી પૂર્વોક્ત સ્વરૂપ જય-વિજય વડે વધાવે છે - આશિષ્ આપે છે. પછી તેવા પ્રકારના વિશિષ્ટ ગુણયુક્ત, શ્રોતાને પ્રિય લાગે તેવી, કાંત, પ્રિય, મનોજ્ઞ, મણામ વાણી વડે જય-જય શબ્દ ઉચ્ચારે છે. અહીં જય-વિજય વડે વધાવીને ફરી જય-જય શબ્દપ્રયોગ મંગલવચન રૂપ છે. તેથી તે પુનરુક્તિ દોષ ન કહેવો.

હવે અભિષેક પછીનું કર્તવ્ય કહે છે – પ્રયોજીને પહેલા - આદ્ય રૂપે રૂંવાટીવાળા સુકુમાર સુરમ્ય ગંધકષાયદ્રવ્ય વડે પરિકર્મિત નાની શાટિકા [ટુવાલ જેવું વસ્ત્ર] વડે શરીરને લુંછે છે. એ પ્રમાણે ઉક્ત પ્રકારે કલ્પવૃક્ષ સમાન વસ્ત્રાલંકારથી અલંકૃત્ અને આભરમ અલંકારથી વિભૂષત કરે છે. યાવત્ શબ્દથી લુંછીને સરસગોશીર્ષચંદન વડે ગાત્રોને લીંપે છે, લીંપીને, નાકના નિઃશ્વાસથી ઉડી જાય તેવું ચક્ષુર્હર, વર્ણ સ્પર્શયુક્ત, ઘોડાની લાળ જેવું સૂક્ષ્મ, ધવલ, છેડે સુવર્ણ વડે ખચિત દેવદૂષ્ય યુગલ પહેરાવે છે.

ઉક્તસૂત્રની વ્યાખ્યા પૂર્વવત્. વિશેષ એ કે – દેવદૂષ્યયુગલ પહેરાવવા રૂપ ઉત્તરીય વસ્ત્ર પરિધાન કરાવે છે. ફૂલની માળા પહેરાવે છે. નાટ્યવિધિ દેખાડે છે. દેખાડીને સ્વચ્છ, શ્લક્ષ્ણ, રજતમય, સ-રસ ચોખા વડે ભગવંત સ્વામી આગળ આઠ અષ્ટમંગલ આલેખે છે, તે આ પ્રમાણે – દર્પણાદિ. તે સુગમ છે.

મંગલ આલેખન પછીનું કૃત્ કહે છે — અહીં પુષ્પોપચાર કરે છે ત્યાંથી આરંભી કડછાના ગ્રહણ પર્યન્ત સૂત્ર ચક્રરત્નના પૂજાધિકારમાં લખેલ છે, તે જાણવું. પછી પ્રયત્નપૂર્વક જિનવરેન્દ્રને ધૂપ દે છે. અંગપૂજાર્થે મારા વડે ભગવંતના દર્શનનો માર્ગ રુંધાયેલ છે, તેથી હું બીજાના દર્શનામૃતપાનમાં વિઘ્નકારી ન થાઉં, એમ વિચારી સાત-આઠ ડગલાં પાછળ ખસીને, મસ્તકે અંજલિ કરી, યથા સ્થાને ઉદાત્તાદિ સ્વરે ઉચ્ચારપૂર્વક ૧૦૮ સંખ્યક, વિશુદ્ધ પાઠ પૂર્વક મહા કાવ્યો વડે અથવા મહાચરિત્રો વડે, અપુનરુક્તિ સહ, ચમત્કારી અર્થયુક્ત સંસ્તવના-સ્તુતિ કરે છે.

સ્તુતિ કરીને ડાબો ઘૂંટણ ઉંચો કરે છે, કરીને જમણો ઘૂંટણ ધરણિતલે રાખે છે. પછી બે હાથ જોડી, મસ્તકે અંજલિ કરી આ પ્રમાણે કહ્યું — નમસ્કાર થાઓ. આપને હે સિદ્ધ અને બુદ્ધ ઇત્યાદિ. તેમાં बुद्ध - જ્ઞાતતત્ત્વ, नीरज - કર્મરજરહિત, श्रमण - તપસ્વી, સમાહિત-અનાકુલ ચિત્ત, સમાપ્ત-કૃતકૃત્યત્વથી અથવા સમ્યક્ પ્રકારે આપ્ત ! કેમકે અવિસંવાદી વચનપણું છે. સમયોગી ! કુશળ મનો-વાક્-કાયયોગીપણાથી, - x - x - નિસંગ-નિર્લેપ, માનમૂરણ-માનમર્દન, જે ઉત્કૃષ્ટ શીલ-બ્રહ્મચર્ય, તેના સાગર કેમકે અનંતાનંત જ્ઞાનાત્મક છે. अप्रमेय - અશરીરી જીવ સ્વરૂપ છદ્મસ્થો વડે પરિછેદવાને અશક્ય અથવા ભગવંતના ગુણોના અનંતત્વથી ગણવા અશક્ય હોવાથી, ભવ્ય-મુક્તિગમન યોગ્ય કેમકે ભવસિદ્ધિ નીકટ છે. ધર્મરૂપ પ્રધાન ભાવચક્રત્વથી ચારે ગતિનો અંત કરનાર ચક્ર વડે વર્તવાનો આચાર હોવાથી તેમનું સંબોધન છે - ધર્મવર ચાતુરંત ચક્રવર્તી ! જગત્પૂજ્ય અર્હત્ ! આપને નમસ્કાર થાઓ. એમ સ્તુતિ કરી વંદનાદિ કર્યા.

અહીં જે વિશેષણ વર્ણકની આદિમાં नमोऽस्तु તે એમ કહ્યું. ફરી પણ नमोऽस्तु તે એમ કહ્યું, તે પુનરુક્તિ નથી, પણ લાઘવતાને માટે છે. - x - x - આમાંના ભવ્યપદ સિવાયના બધાં વિશેષણો ભાવિનો ભૂતવત્ ઉપચાર છે. અન્યથા અભિષેક સમયે જિનેશ્વરોને આ વિશેષણો અસંભવ છે.

હવે બાકીના ઈન્દ્રોની વક્તવ્યતાના લાઘવને માટે કહે છે — ઉક્ત વિધિથી જેમ અચ્યુતેન્દ્રનું અભિષેક કૃત્ય કહ્યું, તે પ્રમાણે - પ્રાણતેન્દ્ર યાવત્ ઈશાનેન્દ્રનું પણ કહેવું. કેમકે શક્ર અભિષેકમાં બધાંમાં છેલ્લે હોય છે. એ પ્રમાણે ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્કો ચંદ્રો અને સૂર્યો સુધીના બધાં પોત-પોતાના પરિવાર સાથે પ્રત્યેક પ્રત્યેક [જિનેશ્વરનો] અભિષેક કરે છે.

હવે બાકી રહેલ શક્રનો અભિષેક અવસર - ત્રેસઠ ઈન્દ્રો વડે અભિષેક કરાયા પછી દેવેન્દ્ર દેવરાજ ઈશાન, પોતાના જેવા પાંચ રૂપોને વિકુર્વે છે. તેમાં એક રૂપે તીર્થંકર ભગવંતને હાથનું સંપુટ કરીને ગ્રહણ કરે છે, કરીને શ્રેષ્ઠ સિંહાસને બેઠો ઈત્યાદિ સૂત્રાર્થવત્ જાણવું.

હવે શક્ર શું કરે છે, તે કહે છે — ઈશાનેન્દ્રએ ભગવંતને કર-સંપુટમાં ગ્રહણ કર્યા પછી, તે દેવેન્દ્ર દેવરાજ શક્ર આભિયોગિક દેવોને બોલાવે છે, બોલાવીને અચ્યુતેન્દ્રની માફક અભિષેક સામગ્રીની આજ્ઞા આપે છે. આભિયોગિક દેવો પણ



અચ્યુતેન્દ્રના આભિયોગિક દેવો પણ અચ્યુતેન્દ્રના આભિયોગ્ય દેવોની માફક અભિષેક વસ્તુ લાગે છે, હવે શક્ર શું કરે છે ?

અભિષેક સામગ્રી આવ્યા પછી શક્રેન્દ્રએ ભગવંતની ચારે દિશામાં એકૈક - ચાર શ્વેત વૃષભો વિકુર્વ્યા. શ્વેતત્વને દૃઢ કરવા કહે છે — શંખના ચૂર્ણ જેવા, અતિનિર્મળ, બદ્ધ દહીંવત્, ગાયના દૂધના ફીણ જેવા, ચાંદીના ઢેર જેવો પ્રકાશ જેનો છે તેવા પ્રાસાદીયાદિ હતા.

ત્યારપછી તે ચારે વૃષભના આઠ સીંગડામાંથી જળધારા નીકળે છે, આઠે ધારા ઉંચે ઉછળે છે, ઉછળીને એકસાથે મળે છે, મળીને તીર્થંકરના મસ્તકે પડે છે. પછી તે શક્રેન્દ્ર, ૮૪,૦૦૦ સામાનિકો, તેત્રીશ ત્રાયસ્ત્રિંશકો આદિથી પરીવરીને સ્વાભાવિક અને વૈક્રિય કળશો વડે મહત્ તીર્થંકર અભિષેકથી અભિસિંચિત્ કરે છે. - x - x -

હવે કૃતકૃત્ય શક્ર ભગવંતના જન્મ નગરે જવા નીકળ્યો —

● **સૂત્ર-૨૪૪ :-**

***ત્યારપછી તે દેવેન્દ્ર દેવરાજ શક્રએ પાંચ શક્ર [રૂપો] વિકુર્વ્યા-વિકુર્વીને એક શક્રે તીર્થંકર ભગવંતને બે હાથના સંપુટ વડે ગ્રહણ કર્યા, એક શક્રે પાછળ છત્ર ધારણ કર્યું. બે શક્રો બંને બાજુ ચામર વિંઝે છે. એક શક્ર હાથમાં વજ્ર લઈ આગળ ચાલે છે.***

***ત્યારપછી તે શક્ર ૮૪,૦૦૦ સામાનિકોથી યાવત્ બીજા ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવો અને દેવીઓથી સંપરિવરીને સર્વ ઋદ્ધિથી યાવત્ નાદિતના રવ સાથે તેવી ઉત્કૃષ્ટી ગતિથી જ્યાં તીર્થંકર ભગવંતનું જન્મનગર છે, જ્યાં જન્મભવન છે, જ્યાં તીર્થંકરમાતા છે ત્યાં આવે છે. આવીને તીર્થંકર ભગવંતને માતાની પાસે સ્થાપે છે, સ્થાપીને તીર્થંકરના પ્રતિરૂપકને પ્રતિસંહરે છે. પ્રતિસંહરીને અવસ્વાપિની નિદ્રા સંહરે છે.***

***ત્યારપછી એક મોટા ક્ષોમયુગલને અને કુંડલયુગલને તીર્થંકર ભગવંતના ઉત્શીર્ષકની પાસે સ્થાપે છે. સ્થાપીને એક મહાન્ શ્રીદામગંડ, જે તપનીય સુવર્ણના લંબૂશક અને સુવર્ણના પ્રતરકથી મંડિત છે, વિવિધમણિ-રત્ન, વિવિધ હાર-અર્ધહારથી ઉપશોભિત છે. તેને ભગવંતની ઉપર-ઉલ્લોકમાં લટકાવે છે.***

***ત્યારે તીર્થંકર ભગવંત તેને અનિમેષ દૃષ્ટિએ જોતા-જોતા સુખેસુખે અભિરમણ કરતાં રહે છે.***

***ત્યારપછી તે દેવેન્દ્ર દેવરા શક્ર વૈશ્રમણ દેવને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહ્યું — ઓ દેવાનુપ્રિયો ! જલ્દીથી બત્રીશ કરોડ હિરણ્ય, બત્રીશ કરોડ સુવર્ણ, બત્રીશ નંદા, બત્રીશ ભદ્રા જે સુભગ, સુભગ આકાર-યૌવન-લાવણ્ય યુક્ત હોય, તેને તીર્થંકર ભગવંતના જન્મ ભવનમાં સંહરણ કરો. કરીને મારી આ આજ્ઞા પાછી સોંપો.***

***ત્યારે તે વૈશ્રમણ દેવો, શક્ર વડે આમ કહેવાતા યાવત્ વિનયથી વચનને***

*સ્વીકારે છે.*

*ત્યારપછી [વૈશ્રમણ દેવો] જૃંભક દેવોને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહે છે – ઓ દેવાનુપ્રિયો ! જલ્દીથી બત્રીશ કરોડ હિરણ્ય, યાવત્ તીર્થંકર ભગવંતના જન્મ ભવનમાં સંહરીને મારી આ આજ્ઞા પાછી સોંપો.*

*ત્યારપછી તે જૃંભક દેવો, વૈશ્રમણ દેવોએ આ પ્રમાણે કહેતા હર્ષિત-સંતુષ્ટ થયા યાવત્ જલ્દીથી બત્રીશ કરોડ હિરણ્ય યાવત્ તીર્થંકર ભગવંતના જન્મભવનમાં સંહરે છે. સંહરીને જ્યાં વૈશ્રમણ દેવ છે, ત્યાં આવીને યાવત્ આજ્ઞા પાછી સોંપે છે.*

*ત્યારપછી તે વૈશ્રમણ દેવો જ્યાં દેવેન્દ્ર દેવરાજ શક્ર છે, ત્યાં આવીને યાવત્ આજ્ઞા પાછી સોંપે છે.*

*ત્યારપછી તે દેવેન્દ્ર દેવરાજ શક્ર આભિયોગિક દેવોને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહ્યું – ઓ દેવાનુપ્રિયો ! જલ્દીથી તીર્થંકર ભગવંતના જન્મ નગરમાં શ્રૃંગાટક યાવત્ મહાપથ અને માર્ગોમાં મોટા-મોટા શબ્દોથી ઉદ્‌ઘોષણા કરતાં-કરતાં આ પ્રમાણે કહો કે – ઓ ઘણાં ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવ-દેવીઓ ! આપ સાંભળો. “તમારામાં જે કોઈ તીર્થંકર કે તેમની માતા પરત્વે પોતાના મનમાં અશુભ ભાવ લાવશે, તેના મસ્તકના આર્યમંજરીની માફક સો-સો ટુકડા થઈ જશે.”*

*ઉક્ત ઘોષણા કરાવો, કરાવીને મારી આજ્ઞા પાછી સોંપો. ત્યારે તે આભિયોગિક દેવો યાવત્ એ પ્રમાણે શક્રેન્દ્રની આજ્ઞા સ્વીકારે છે, સ્વીકારીને દેવેન્દ્ર દેવરાજ શક્રની પાસેથી નીકળે છે, નીકળીને જલ્દીથી તીર્થંકર ભગવંતના જન્મનગરમાં શ્રૃંગાટકે યાવત્ આ પ્રમાણે કહે છે – ઓ ઘણાં ભવનપતિ આદિ સાંભળો - જે કોઈ તીર્થંકરનું અશુભ ચિંતવશે યાવત્ તેના મસ્તકના સો ટુકડા થઈ જશે. એ પ્રમાણે ઘોષણા કરીને આજ્ઞા પાછી સોંપે છે.*

*ત્યારપછી તે અનેક ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક દેવો તીર્થંકર ભગવંતનો જન્મમહોત્સવ કરે છે. કરીને જ્યાં નંદીશ્વર દ્વીપ છે, ત્યાં આવે છે, આવીને અષ્ટાહ્નિકા મહામહોત્સવ કરે છે. કરીને જે દિશાથી આવેલા, તે દિશામાં પાછા ગયા.*

**● વિવેચન-૨૪૪ :-**

હવે જન્મનગર જવાનું સૂત્ર - ત્યારપછી શક્ર પાંચરૂપો વિકુર્વીને પછી ૮૪,૦૦૦ સામાનિકો આદિથી પરિવરીને, સર્વ ઋદ્ધિથી યાવત્ નાદિત રવ સાથે, તેવી ઉત્કૃષ્ટ દિવ્ય દેવગતિથી જતો-જતો તીર્થંકર ભગવંતના જન્મનગરમાં, જન્મ ભવનમાં, તીર્થંકરની માતા છે, ત્યાં આવે છે. આવીને તીર્થંકર ભગવંતને માતાની બાજુમાં સુવડાવે છે. સુવડાવીને તીર્થંકરના પ્રતિબિંબનું પ્રતિસંહરણ કરે છે, કરીને અવસ્વાપિની નિદ્રાને પાછી લે છે.

ત્યારપછી ત્યાં એક મોટા દુકૂલ યુગલ - વસ્ત્ર યુગલ અને બે કુંડલો તીર્થંકર



ભગવંતના ઓશીકા પાસે મૂકે છે. મૂકીને એક મોટું શ્રીદામ-શોભાવાળુ અને વિચિત્ર રત્નમાળાનું ગંડ - વૃત્ત આકારપણાથી ગોળ કાંડ કે સમૂહ તે શ્રીદામ ગંડ કે શ્રીદામ કાંડ ભવવંત તીર્થંકરના ઉલ્લોચ-છતમાં લટકાવે છે. તપનીય ઈત્યાદિ ત્રણ પદ પૂર્વવત્ જાણવા.

વિવિધ મણિ અને રત્નોના જે વિવિધ હાર-અર્દ્ધહાર, તેના વડે ઉપશોભિત સમુદાય-પરિકર જેમાં છે તે. અર્થ આ છે – શ્રીયુક્ત રત્નમાલા તથા ગ્રથિત કરીને ગોલાકારથી કરેલ જેમ ચંદ્રગોપકની મધ્યે ઝુંબનક પ્રાપ્ત થાય. - x -

ઉક્ત સ્વરૂપ ઝુંબનક વિધાનમાં પ્રયોજન કહે છે – પૂર્વવત્. તીર્થંકર ભગવંત અનિમેષ - નિર્નિમેષ દૃષ્ટિથી અતિ આદરથી જોતાં-જોતાં સુખે સુખે રતિ પામીને રહેલા છે.

હવે વૈશ્રમણ દ્વારા શક્રનું કૃત્ય કહે છે – પછી તે શક્રેન્દ્ર ઉત્તરના દિક્પાલ વૈશ્રમણ દેવને બોલાવે છે, બોલાવીને કહે છે કે – જલ્દીથી, તમે બત્રીશ હિરણ્યકોટી, બત્રીશ સુવર્ણકોટી, બત્રીશ વૃત્ત લોહાસન, બત્રીશ ભદ્રાસન, જે શોભન આકારાદિવાળા હોય, તેને તીર્થંકરના જન્મ ભવનમાં સંહરો, પછી વૈશ્રમણ દેવ, શક્રની આજ્ઞાથી હર્ષિત આદિ થયો, વિનયથી આજ્ઞા સ્વીકારી ઈત્યાદિ - x -

પછી તેણે તીર્છાલોકમાં વૈતાઢ્યની બીજી શ્રેણીમાં રહેલ તીર્છાલોકમાં રહેલ નિધાનાદિના જાણકાર જૃંભક દેવોને બોલાવ્યા, બોલાવીને કહ્યું કે – બત્રીશકોટી હિરણ્યાદિ૦ સુગમ છે.

હવે આપણામાં સ્વસ્થાને રહેલ સૌંદર્યાધિક ભગવંતમાં કોઈ દુષ્ટ દુષ્ટદૃષ્ટિ ન નાંખે, તેના ઉપાયાર્થે કહેલ છે – વૈશ્રમણની આજ્ઞા સોંપણી પછી તે શક્રેન્દ્ર આભિયોગિક દેવોને બોલાવીને કહ્યું – જલ્દી તીર્થંકરના જન્મનગરના શ્રૃંગાટકાદિએ જઈને મોટા-મોટા શબ્દોથી ઉદ્‌ઘોષણા કરતા કહો કે – [ઈત્યાદિ સૂત્રાર્થવત્ જાણવું] તીર્થંકર કે માતા વિશે દુષ્ટ સંકલ્પ કરશે, તેના આર્યક - વનસ્પતિ વિશેષ, જે લોકમાં ‘આજવો’ નામે પ્રસિદ્ધ છે. તેની મંજરિકાની જેમ મસ્તક સો ટુકડામાં ફાટી જશે. આવી ઘોષણા કરો. તેઓએ પણ આજ્ઞાનુસાર ઘોષણા કરી.

ઘણાં ભવનપત્યાદિ દેવોએ તીર્થંકર ભગવન્‌નો જન્મ મહોત્સવ કર્યો. પછી સમીહિત કાર્ય સિદ્ધ થતાં અને મંગલાર્થે નંદીશ્વરદ્વીપે આવે છે. ત્યાં આઠ દિવસનો ઉત્સવ વિશેષ કરે છે. અહીં બહુવચન સૌધર્મેન્દ્રાદિ પ્રત્યેક વડે કરાતા હોવાથી છે. તેઓ કોણ ક્યાં મહોત્સવ કરે છે, તે ઋષભદેવાધિકારમાં જોવું.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**વક્ષસ્કાર-૫-નો ટીકા સહિત અનુવાદ પૂર્ણ**

## ❀ વક્ષસ્કાર-૬ ❀

-- x -- x --

૦ જંબૂદ્વીપનું અંતર્વતી સ્વરૂપ પૂછ્યું. હવે તેના જ ચરમ પ્રદેશનું સ્વરૂપ પૂછતાં કહે છે –

● **સૂત્ર-૨૪૫ :-**

*ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપના પ્રદેશો લવણસમુદ્રને પૃષ્ઠ છે ? હા, ગૌતમ ! સ્પૃષ્ટ છે.*

*ભગવન્ ! શું તે જંબૂદ્વીપના પ્રદેશ કહેવાય કે લવણસમુદ્રના કહેવાય ? ગૌતમ ! તે પ્રદેશો જંબૂદ્વીપ દ્વીપના જ કહેવાય છે, લવણસમુદ્રના કહેવાતા નથી.*

*એ પ્રમાણે લવણસમુદ્રના પ્રદેશો પણ જંબૂદ્વીપ દ્વીપને સ્પૃષ્ટ છે, એ પ્રમાણે કહેવું.*

*ભગવન્ ! જંબૂદ્વીપના જીવો મરીને લવણ સમુદ્રમાં ઉત્પન્ન થાય છે ? કેટલાંક ઉત્પન્ન થાય છે અને કેટલાંક ઉત્પન્ન થતાં નથી.*

*એ પ્રમાણે લવણસમુદ્રના જીવોને પણ જંબૂદ્વીપદ્વીપના જીવોની જેમ જાણવા.*

● **વિવેચન-૨૪૫ :-**

જંબૂદ્વીપ દ્વીપના પ્રદેશો લવણસમુદ્ર શબ્દના સહચારથી ચરમ પ્રદેશોની વ્યાખ્યા કરવી. અન્યથા જંબૂદ્વીપ મધ્યના પ્રદેશોની લવણ સમુદ્રના સંસ્પર્શની સંભાવનાના અભાવથી લવણ સમુદ્રને સ્પૃષ્ટ છે. ભગવંત કહે છે – હા, તેમ છે.

હવે સંપ્રદાયાદિથી દ્વીપથી અંતરીત સમુદ્રો અને સમુદ્રથી અંતરીત દ્વીપો છે, તેથી જે જેનાથી અંતરીત છે, તે તેને સંસ્પર્શી છે, તેમ જણાવવા અહીં પ્રશ્નવ્ય અર્થમાં જે પ્રશ્ન વિધાન છે, તે ઉત્તરસૂત્રમાં પ્રશ્ન બીજાધાનને માટે કહે છે–

ભગવન્ ! તે જંબૂદ્વીપના ચરમ પ્રદેશો, શું જંબૂદ્વીપ દ્વીપના જાણવા કે લવણસમુદ્રના ? પ્રશ્નનો આ હેતુ છે – જે જેના વડે સ્પૃષ્ટ છે, તે કોના ગણવા અને કોના નહીં ? - x -

ગૌતમ ! નિપાતના અવધારણાર્થે તે ચરમ પ્રદેશો જંબૂદ્વીપ દ્વીપના જ છે, કેમકે તેના સીમાવર્તી છે, લવણસમુદ્રના નથી, જંબૂદ્વીપની સીમાને ઉલ્લંઘી ગયા છે અને લવણ સમુદ્રને પ્રાપ્ત કરેલ નથી, પણ પોતાની સીમામાં જ લવણ સમુદ્રને સ્પર્શેલ છે. - x -

ઉક્ત રીતે લવણસમુદ્રના પણ ચરમ પ્રદેશો જંબૂદ્વીપને સ્પૃષ્ટ છે, તેને લવણસમુદ્ર સીમાવર્તીપણાથી લવણસમુદ્રના જ કહેવા. જંબૂદ્વીપના નહીં. હવે તેમના જીવોની પરસ્પર ઉત્પત્તિ પૂછે છે –

ભગવન્ ! જંબૂદ્વીપના જીવો મરીને લવણસમુદ્રમાં આવે-જન્મે ? ગૌતમ ! હા, કેટલાંક જન્મે અને કેટલાંક ન જન્મે. કેમકે જીવોની તેવા-તેવા સ્વકર્મના વશપણાથી ગતિનું વૈચિત્ર્ય સંભવે છે, એ પ્રમાણે લવણસમુદ્રની પણ ભાવના કરવી.

હવે પૂર્વોક્ત મધ્યવર્તી પદાર્થોની સંગ્રહ ગાથા કહે છે –



● **સૂત્ર-૨૪૬ થી ૨૪૯ :-**

*[૨૪૬] ખંડ, યોજન, વર્ષક્ષેત્ર, પર્વત, કૂટ, તીર્થ, શ્રેણી, વિજય, દ્રહ તથા નદીઓની આ સંગ્રહણી ગાથા છે.*

*[૨૪૭] ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં ભરત ક્ષેત્ર પ્રમાણ માત્ર ખંડ કરાતા ખંડગણિતથી કેટલાં ખંડ થાય છે ?*

*ગૌતમ ! ખંડ ગણિતથી ૧૯૦ ખંડ કહેલ છે.*

*ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપ યોજન ગણિતથી કેટલાં યોજન પ્રમાણ કહેલ છે ? ગૌતમ !*

*[૨૪૮] ગૌતમ ! ૭,૯૦,૫૬,૯૪,૧૫૦ યોજન પ્રમાણ છે.*

*[૨૪૯] ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં કેટલાં ક્ષેત્રો કહેલા છે ? ગૌતમ ! સાત વર્ષક્ષેત્રો કહેલા છે. તે આ પ્રમાણે – ભરત, ઐરવત, હૈમવત, હૈરણ્યવત્, હરિવર્ષ, રમ્યક્વર્ષ અને મહાવિદેહ.*

*ભગવન્ ! જંબૂદ્વીપદ્વીપમાં કેટલાં વર્ષધર પર્વતો કહેલાં છે ?, કેટલાં મેરુ પર્વતો કહેલા છે ?, કેટલાં ચિત્રકૂટો, કેટલાં વિચિત્રકૂટો, કેટલાં યમક પર્વતો, કેટલાં કાંચન પર્વતો, કેટલાં વક્ષસ્કાર પર્વતો, કેટલાં દીર્ઘ વૈતાઢ્યો અને કેટલાં વૃત્ત વૈતાઢ્યો કહેલાં છે.*

*ગૌતમ ! જંબૂદ્વીપમાં છ વર્ષધર પર્વતો છે. એક મેરુ પ્રવત છે. એક ચિત્રકૂટ છે, એક વિચિત્રકૂટ છે. બે યમકપર્વત છે. ૨૦૦ કાંચનપર્વતો છે. ૨૦-વક્ષસ્કાર પર્વતો છે. ૩૪ દીર્ઘ વૈતાઢ્યો છે, ૪-વૃત્ત વૈતાઢ્યો છે. એ પ્રમાણે જંબૂદ્વીપદ્વીપમાં બધાં મળીને-૬ + ૧ + ૧ + ૧ + ૨ + ૨૦૦ + ૨૦ + ૩૪ + ૧ = ૨૬૯ પર્વતો છે, તેમ કહેલ છે.*

*ભગવન્ ! જંબૂદ્વીપદ્વીપમાં કેટલાં વર્ષધર કૂટો છે ? કેટલાં વક્ષસ્કાર કૂટો છે ? કેટલાં વૈતાઢ્ય કૂટો છે ? કેટલાં મેરુ કૂટો છે ?*

*ગૌતમ ! જંબૂદ્વીપમાં ૫૬-વર્ષધર કૂટો છે. ૯૬-વક્ષસ્કાર કૂટો છે. ૩૦૬-વૈતાઢ્યકૂટો છે, ૯-મેરુકૂટો છે. એ પ્રમાણે બધાં મળીને - ૫૬+૯૬+૩૦૬+૯ = ૪૬૭ કૂટો છે, તેમ કહેલ છે.*

*જંબૂદ્વીપ દ્વીપના ભરતક્ષેત્રમાં કેટલાં તીર્થો કહેલા છે ?*

*ગૌતમ ! ત્રણ તીર્થો કહેલા છે. તે આ પ્રમાણે – માગધ, વરદામ અને પ્રભાસતીર્થ એ ત્રણ.*

*જંબૂદ્વીપ દ્વીપના ઐરવત ક્ષેત્રમાં કેટલાં તીર્થો કહેલા છે ?*

*ગૌતમ ! ત્રણ તીર્થ કહેલાં છે – માગધ, વરદામ, પ્રભાસ.*

*એ પ્રમાણે બધાં મળીને જંબૂદ્વીપ દ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં એકૈક ચક્રવર્તીવિજયમાં કેટલાં તીર્થો કહેલા છે ?*

*ગૌતમ ! ત્રણ તીર્થ-માગધ, વરદામ, પ્રભાસ.*

*એ પ્રમાણે જંબૂદ્વીપદ્વીપમાં બધાં મળીને ૧૦૨ તીર્થો છે, તેમ કહેવું છે*

*[ભરતના-૩, ઐરવત-૩, મહાવિદેહની ૩૨ વિજયના-૯૬]*

*ભગવન્ ! જંબૂદ્વીપદ્વીપમાં કેટલી વિધાધર શ્રેણી અને કેટલી આભિયોગિક શ્રેણીઓ કહેલી છે ?*

*ગૌતમ ! જંબૂદ્વીપદ્વીપમાં ૬૮-વિધાધર શ્રેણી, ૬૮-આભિયોગિક શ્રેણી કહેલી છે એમ બધી મળીને જંબૂદ્વીપ દ્વીપમાં [૬૮+૬૮] ૧૩૬ શ્રેણીઓ હોય છે, એમ કહેવાયેલ છે.*

*ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં કેટલી ચક્રવર્તી વિજય અને કેટલી રાજધાનીઓ કહેલી છે ?, કેટલી તમિસ્રા ગુફા અને કેટલી ખંડપ્રપાતા ગુફાઓ કહી છે ? કેટલા કૃતમાલ દેવ અને કેટલાં નૃત્તમાલક દેવો કહેલા છે ? તેમજ કેટલાં ઋષભકૂટો કહેલા છે ?*

*ગૌતમ ! જંબૂદ્વીપદ્વીપમાં ૩૪-ચક્રવર્તી વિજયો છે. ૩૪-રાજધાની છે. ૩૪-તિમિસ્રાગુફાઓ છે. ૩૪-ખંડપ્રપાતગુફાઓ છે. ૩૪-કૃતમાલક દેવો છે. ૩૪-નૃતમાલક દેવો છે. ૩૪-ઋષભકૂટ પર્વતો છે.*

*ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં કેટલી મહાનદીઓ વર્ષધર પર્વતોથી નીકળે છે ? કેટલી મહાનદી કુંડમાંથી નીકળે છે ?*

*ગૌતમ ! જંબૂદ્વીપદ્વીપમાંથી ૧૪-મહાનદીઓ વર્ષધર પર્વતથી નીકળે છે. ૭૬-મહાનદીઓ કુંડોમાંથી નીકળે છે. એ પ્રમાણે બધી મળીને જંબૂદ્વીપમાંથી ૯૦-મહાનદીઓ કહેલ છે.*

*જંબૂદ્વીપ દ્વીપમાં ભરત અને ઐરવત ક્ષેત્રોમાં કેટલી મહાનદી કહેલી છે ? ગૌતમ ! ચાર મહાનદીઓ કહેલી છે. તે આ પ્રમાણે — ગંગા, સિંધુ, રક્તા, રક્તવતી. તેમાં એકૈક મહાનદીમાં ચૌદ-ચૌદ હજાર નદીઓ મળે છે. તેનાથી આપૂર્ણ થઈ પૂર્વીય અને પશ્ચિમી લવણસમુદ્રમાં મળે છે. એ પ્રમાણે બધી મળીને જંબૂદ્વીપ દ્વીપમાં ભરત અને ઐરવત ક્ષેત્રમાં ૫૬,૦૦૦ નદીઓ કહેલી છે.*

*ભગવન્ ! જંબૂદ્વીપમાં હૈમવત અને હૈરણ્યવંત વર્ષક્ષેત્રોમાં કેટલી મહાનદીઓ કહેલી છે ? ગૌતમ ! ચાર મહાનદીઓ કહેલી છે, તે આ પ્રમાણે — રોહિતા, રોહિતાંશા, સુવર્ણકૂલા, રૂપ્યકૂલા. તે એકૈક મહાનદીમાં અઠ્ઠાવીશ - અઠ્ઠાવીશ હજાર નદીઓ મળે છે. તેનાથી આપૂર્ણ થઈ પૂર્વ અને પશ્ચિમ લવણ સમુદ્રમાં મળે છે. એ પ્રમાણે બધી મળીને જંબૂદ્વીપ દ્વીપમાં હૈમવત અને હૈરણ્યવંત વર્ષ ક્ષેત્રમાં ૧,૧૨,૦૦૦ નદીઓ બધી મળીને હોય છે, તેમ કહેલ છે.*

*ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં હરિવર્ષ અને રમ્યક્ વર્ષમાં કેટલી મહાનદીઓ કહેલી છે ? ગૌતમ ! ચાર મહાનદીઓ કહેલી છે. તે આ પ્રમાણે — હરી, હરિકાંતા, નરકાંતા, નારિકાંતા. તે એકૈક મહાનદીમાં છપ્પન્ન-છપ્પન્ન હજાર નદીઓ મળે છે. તેનાથી આપૂર્ણ થઈ પૂર્વ-પશ્ચિમ લવણ સમુદ્રમાં મળે છે. એ પ્રમાણે બધી મળીને જંબૂદ્વીપ દ્વીપમાં હરિવર્ષ-રમ્યક્ વર્ષમાં ૨,૨૪,૦૦૦ નદી કહેલી છે.*





*ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રમાં કેટલી મહાનદીઓ કેટલી છે ? ગૌતમ ! બે મહાનદીઓ કહેલ છે. તે આ પ્રમાણે — સીતા અને સીતોદા. તેમાં એકૈક મહાનદી ૫,૩૨,૦૦૦ - ૫,૩૨,૦૦૦ નદીઓ મળે છે. તેનાથી આપૂર્ણ થઈ પૂર્વ-પશ્ચિમ લવણસમુદ્રમાં મળે છે. એ પ્રમાણે બધી મળીને જંબૂદ્વીપદ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં દશ લાખ અને ચોસઠ હજાર - [૧૦,૬૪,૦૦૦] નદી કહી છે.*

*ભગવન્ ! જંબૂદ્વીપદ્વીપના મેરુ પર્વતની દક્ષિણમાં કેટલાં લાખ નદીઓ પૂર્વ-પશ્ચિમ અભિમુખ લવણ સમુદ્રમાં મળે છે ? ગૌતમ ! ૧,૯૬,૦૦૦ નદીઓ પૂર્વાભિમુખ-પશ્ચિમાભિમુખ થઈને લવણ-સમુદ્રમાં જઈને મળે છે, તેમ કહ્યું છે.*

*ભગવન્ ! જંબૂદ્વીપદ્વીપમાં મેરુ પર્વતની ઉત્તરમાં કેટલાં લાખ નદીઓ પૂર્વાભિમુખ - પશ્ચિમાભિમુખ થઈને લવણસમુદ્રમાં મળે છે ? ગૌતમ ! તેમાં ૧,૯૬,૦૦૦ નદીઓ મળીને પૂર્વાભિમુખ-પશ્ચિમ અભિમુખ થઈને યાવત્ મળે છે.*

*ભગવન્ ! જંબૂદ્વીપદ્વીપમાં કેટલા લાખ નદીઓ પૂર્વાભિમુખ થઈને લવણસમુદ્રમાં મળે છે ? ગૌતમ ! ૭,૨૮,૦૦૦ નદી પૂર્વ અભિમુખ થઈને યાવત્ મળે છે.*

*ભગવન્ ! જંબૂદ્વીપદ્વીપમાં કેટલાં લાખ નદીઓ પશ્ચિમાભિમુખ થઈને લવણસમુદ્રમાં મળે છે ? ગૌતમ ! ૭,૨૮,૦૦૦ નદીઓ પશ્ચિમાભિમુખ થઈને યાવત્ મળે છે.*

*એ પ્રમાણે પૂર્વાપર મળીને જંબૂદ્વીપદ્વીપમાં ૧૪,૫૬,૦૦૦ નદીઓ છે, એમ કહેવાયેલ છે.*

**● વિવેચન-૨૪૬ થી ૨૪૯ :-**

खंडा जोअण० ઈત્યાદિ વાક્યના સંક્ષિપ્તપણાથી દુર્બોધ છે, તેથી સૂત્રકાર જ પ્રશ્નોત્તર રીતે વર્ણન કરે છે. તે સૂત્ર આ છે —

જંબૂદ્વીપ દ્વીપમાં ભરતનું પ્રમાણ — ૫૨૬ યોજન અને ૬-કળા છે. તે જ માત્રા-પરિમાણ જેનું છે તે, તથા એ પ્રકારે ખંડ વડે, ખંડ ગણિતથી - ખંડ સંખ્યા વડે કેટલાં કહેલ છે ? ભગવંતે કહ્યું — ગૌતમ ! ૧૯૦ ખંડ, ખંડ ગણિતથી કહેલ છે. તેનો શો અર્થ છે ? ભરતના પ્રમાણથી ૧૯૦ ખંડથી સંખ્યાક મળવાથી જંબૂદ્વીપ સંપૂર્ણ લાખ પ્રમાણ થાય છે.

તેમાં દક્ષિણ-ઉત્તરથી ખંડમીલન પૂર્વે ભરતાધિકારની વૃત્તિમાં વિચારેલ છે, તેથી ફરી કહેતા નથી. જો કે પૂર્વ-પશ્ચિમથી ખંડ ગણિત વિચારણા સૂત્રમાં કરી નથી. - x - તો પણ ખંડ ગણિત વિચાર કરતાં ભરતનું પ્રમાણ તેટલાં ખંડ જ થાય છે.

હવે ''યોજન'' - દ્વારસૂત્ર કહે છે — ભગવન્ ! જંબૂદ્વીપ કેટલા યોજનગણિતથી - સમચતુરસ્ર યોજન પ્રમાણ ખંડ સર્વ સંખ્યાથી કહે છે ? ભગવંતે કહ્યું — ગૌતમ ! ૭૦૦ કરોડ, च આગળની સંખ્યા સમુચ્ચય માટે છે ૯૦ કરોડ અધિક ઈત્યાદિ સૂત્રાર્થ મુજબ અંક જાણવો. - x - x - ભગવતીની વૃત્તિ આદિમાં અહીં સાધિકત્વ વિવક્ષિત છે. તે આ પ્રમાણે - ૧ ગાઉ, ૧૫૧૫ ધનુષ્, ૬૦ અંગુલ - છે. તેનું કરણ આ રીતે

થાય –

જંબૂદ્વીપની પરિધિ ૩,૧૬,૨૨૭ યોજનાદિ છે. જંબૂદ્વીપવિષ્કંભ લાખ યોજન છે. તેનો ચતુર્થાંશ તે ૨૫,૦૦૦ યોજન છે, તેનાથી ગુણતાં જંબૂદ્વીપ ગણિત પદ આવે. તેથી કહે છે – જંબૂદ્વીપ પરિધિ ૩,૧૬,૨૨૭ યોજન, તથા ત્રણ ગાઉ, ૧૨૮ ધનુષ્, ૧૩ા અંગુલ છે. યવ આદિની વિવક્ષા "ક્ષેત્ર વિચાર"ના સૂત્ર અને વૃત્યાદિમાં કરેલ નથી, તેથી અમે પણ અહીં કરતાં નથી. હવે આ યોજન રાશિને ૨૫,૦૦૦ વડે ગુણતાં –

૭,૯૦,૫૬,૭૫,૦૦૦ થાય છે. તથા ત્રણ કોશને ૨૫,૦૦૦ વડે ગુમતાં ૭૫,૦૦૦ ગાઉ થશે. તેના યોજન કરવાને માટે ચાર વડે ભાગ દેવાતા ૧૮,૭૫૦ યોજન આવશે. આને સહસ્રાદિ પૂર્વ રાશિમાં ઉમેરતાં આવશે – ૭,૯૦,૫૬,૯૩,૭૫૦. કેમકે ૭૫,૦૦૦ + ૧૮,૭૫૦ કરતાં હજારની સંખ્યા આ પ્રમાણે આવે, કોટ્યાદિ સંખ્યા તો બધે સમાન જ રહેશે.

ત્યારપછી ૧૨૮ ધનુષ્‌ને ૨૫,૦૦૦ વડે ગુણતાં ૩૨,૦૦,૦૦૦ ધનુષ્ આવશે. ૮૦૦૦ ધનુષે એક યોજન થાય. તેથી યોજન કરવા માટે ૩૨,૦૦,૦૦૦ને ૮૦૦૦ વડે ભાંગવામાં આવે તો ૪૦૦ યોજન આવે. તેને પૂર્વ રાશિમાં ઉમેરતા – ૭,૯૦,૫૬,૯૪,૧૫૦ સંખ્યા આવશે.

ત્યારપછી ૧૩ા અંગુલને ૨૫,૦૦૦ વડે ગુણતાં ૩,૩૭,૫૦૦ અંગુલ આવશે. તેના ધનુષ્ કરવા માટે ૯૬ વડે ભાંગવા પડે. તેમ કરતા આવશે – ૩૫૧૫ ધનુષ્ અને ૬૦ અંગુલ. આ ધનુષ્ રાશિને ગાઉ કરવા માટે ૨૦૦૦ વડે ભાંગવા જોઈએ. તેનાથી એક ગાઉ અને ૧૫૧૫ ધનુષ્ શેષ આવશે. એ રીતે સર્વ સંખ્યા આ પ્રમાણે આવે –

૭,૯૦,૫૬,૯૪,૧૫૦ યોજન, ૧ ગાઉ, ૧૫૧૫ ધનુષ્, ૬ અંગુલ. એ પ્રમાણે યોજન દ્વાર પૂરું થયું. વર્ષ ક્ષેત્રાદિ સ્પષ્ટ છે.

પર્વત દ્વાર સ્પષ્ટ છે. ઉત્તર સૂત્રમાં સંખ્યામીલન માટે કંઈક કહીએ છીએ – છ વર્ષધરો લઘુહિમવંતાદિ, એક મેરુ, એક ચિત્રકૂટ, એક વિચિત્રકૂટ, એ યમલજાતક સમાન બે ગિરિ દેવકુરુવર્તી છે. બે યમકપર્વત, તે પ્રમાણે ઉત્તરકુરુવર્તી છે. ૨૦૦ કાંચનપર્વતો-દેવકુરુ અને ઉત્તરકુરુવર્તી દશ દ્રહોના ઉભય કિનારે, પ્રત્યેકમાં દશ-દશ કાંચન પર્વતો અસ્તિત્વમાં છે. તથા –

વીસ વક્ષસ્કાર પર્વતો, તેમાં ગજદંતાકારે ગંધમાદનાદિ ચાર, તથા ચાર પ્રકારે મહાવિદેહમાં પ્રત્યેકમાં ચાર-ચારના સદ્ભાવથી ૧૬-ચિત્રકૂટાદિ સરલા બંને પણ મળીને આ વીશ સંખ્યા થાય. તથા ૩૪-વૈતાઢ્યોમાં ૩૨-વિજયોમાં અને ભરત-ઐરાવત પ્રત્યેકમાં એકૈકથી ૩૪-થશે. ચાર વૃત્તવૈતાઢ્ય હૈમવતાદિ ચાર વર્ષક્ષેત્રમાં એકૈકના સદ્ભાવથી છે. બાકી પૂર્વવત્ છે.

જંબૂદ્વીપ દ્વીપમાં ૨૬૯ પર્વતો છે. આ પ્રમાણ મેં તથા બીજા પણ તીર્થંકરોએ કહેલ છે.



હવે કૂટો કહે છે – જંબૂદ્વીપ દ્વીપમાં કેટલાં વર્ષધર કૂટો ઈત્યાદિ પ્રશ્નસૂત્ર સ્પષ્ટ છે. ઉત્તરસૂત્રમાં ૫૬ વર્ષધરકૂટો કહેલા છે, તે આ રીતે લઘુહિમવંત અને શિખરી, પ્રત્યેકમાં-૧૧, એ રીતે ૨૨ થયા. મહાહિમવંત અને રુકમીમાં આઠ-આઠ એટલે-૧૬, નિષધ અને નીલવંતમાં પ્રત્યેકનાં નવ-નવ, એટલે ૧૮. બધાં મળીને ૫૬-થયા.

વક્ષસ્કાર કૂટો-૯૬ કહ્યા. તે આ રીતે – ૧૬ વક્ષસ્કારોમાં પ્રત્યેકમાં ચાર હોવાથી ૬૪ કૂટો સરલ વક્ષસ્કારના થશે. ગજદંતાકૃતિ વક્ષસ્કારમાં ગંધમાદન અને સૌમનસ એ બંનેમાં સાત-સાત એટલે ૧૪ અને માલ્યવંત-વિદ્યુત્પ્રભમાં નવ-નવ એટલે-૧૮, એમ કુલ ૯૬.

૩૦૬ વૈતાઢ્ય કૂટો છે. તેમાં ભરત-ઐરાવત અને વિજયોના વૈતાઢ્યો ૩૪ થાય છે તેમાં પ્રત્યેકમાં નવના સંભવથી ઉક્ત સંખ્યા આવે વૃત્તવૈતાઢ્યોમાં કૂટનો અભાવ છે. તેથી વૈતાઢ્ય સૂત્રમાં દીર્ઘ એવા વિશેષણનો ઉલ્લેખ ન હોવા છતાં દીર્ઘવૈતાઢ્ય લેવા.

મેરુમાં નવ કૂટો છે. તેમાં નંદનવનમાં રહેલ કૂટો લેવા, પરંતુ ભદ્રશાલવનમાં રહેલ દિગ્હસ્તિકૂટો ન લેવા. તે ભૂમિ ઉપર પ્રતિષ્ઠિત હોવાથી સ્વતંત્ર કૂટપણે છે. સંગ્રહણીગાથામાં જે પર્વતકૂટોમાં નથી કહેલ તેનો સમુચ્ચય કરતાં ૩૪-ઋષભકૂટ, આઠ જંબૂવનના, તેટલાં જ શાલ્મલી વનના અને ભદ્રશાલવનના ગણતાં કુલ-૫૮ની સંખ્યા આવશે. - x - x -

હવે તીર્થો - પ્રશ્નસૂત્રમાં તીર્થો, ચક્રીને સ્વસ્વ ક્ષેત્રની સીમાના દેવની સાધનાર્થે મહાજલના અવતરણ સ્થાનો લેવા. ઉત્તર સૂત્રમાં ભરતમાં ત્રણ તીર્થો કહ્યા, તે આ – માગધ, પૂર્વમાં ગંગાના સમુદ્રના સંગમમાં, વરદામ-દક્ષિણે પ્રભાસ-પશ્ચિમમાં સમુદ્રમાં સિંધુના સંગમમાં છે. એ પ્રમાણે ઐરાવતનું સૂત્ર પણ વિચારી લેવું. વિશેષ એ કે બંને નદી રક્તા અને રક્તવતીના સમુદ્ર સંગમમાં માગધ અને પ્રભાસ તથા વરદામ કહેવા. વિજયસૂત્રમાં આટલું વિશેષ છે કે – ગંગા આદિ ચાર મહાનદીના યથાયોગ્ય સીતા અને સીતોદાના સંગમમાં માગધ અને પ્રભાસ કહેવા, વરદામતીર્થ તેમની મધ્યે રહેલ છે, તેમ કહેવું એમ ૧૦૩ તીર્થો થયા.

હવે શ્રેણીઓ - ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપમાં ૬૮ વિદ્યાધરના આવાસરૂપ, વૈતાઢ્યોના પૂર્વ-પશ્ચિમ સમુદ્રથી પરિચ્છિન્ન આયત મેખલા હોય છે. ચોત્રીશે વૈતાઢ્યોમાં દક્ષિણ-ઉત્તરથી એકૈક શ્રેણિ છે. એ પ્રમાણે બંને મળીને જંબૂદ્વીપમાં ૧૩૬ શ્રેણીઓ થાય છે.

હવે વિજયો - જંબૂદ્વીપ દ્વીપમાં ૩૪-ચક્રવર્તી વિજયો છે, તેમાં બત્રીશ વિજય મહાવિદેહમાં અને બે વિજય ભરત અને ઐરવતમાં છે, તે ચક્રવર્તીના વિજેતવ્ય ક્ષેત્રખંડરૂપને ચક્રવર્તીવિજય શબ્દથી કહેવી. એ પ્રમાણે ૩૪-રાજધાની, ૩૪ તમિસ્રાગુફા, પ્રતિ વૈતાઢ્યમાં એકૈકના સંભવથી છે એ રીતે ૩૪-ખંડપ્રપાત ગુફા, ૩૪ કૃતમાલકદેવો, ૩૪-નૃત્ય માલકદેવો, ૩૪-ઋષભકૂટો જાણવા. - x -

હવે દ્રહો-૧૬ મહાદ્રહો, છ વર્ષધરોના અને સીત-સીતોદાના પ્રત્યેકના પાંચ-પાંચ એ રીતે ૬+૧૦=૧૬.

હવે નદીઓ-જંબૂદ્વીપમાં વર્ષધરથી નીકળતી કેટલી મહાનદીઓ છે ? વર્ષધરના દ્રહથી નીકળતી તે વર્ષધરપ્રવહા કહી. અન્યથા વર્ષધરના તટે રહેલ કુંડથી નીકળતી નદીને પણ વર્ષધરપ્રભવા કહી હોત. કેટલી મહાનદીઓ વર્ષધરના તટે રહેલ કુંડમાંથી નીકળતી કહેલી છે ?

જંબૂદ્વીપમાં ૧૪ મહાનદી વર્ષધરના દ્રહથી નીકળતી, ભરત ગંગાદિની પ્રતિક્ષેત્રમાં બબ્બે હોવાથી કહી. કુંડથી નીકળતી ૭૬ મહાનદી. તેમાં સીતાની ઉત્તરે આઠ વિજયોમાં, સીતોદાની દક્ષિણે આઠ વિજયોમાં એકૈક, ૧૬-ગંગા અને ૧૬-સિંદુ ઈત્યાદિ ગણતાં ૬૪ નદી અને ૧૨ અંતર્નદી ઉમેરતા કુલ ૭૬ નદીઓ કુંડપ્રભવ થઈ. તે સીતા-સીતોદા પરિવારરૂપ સંભવે છે, તો પણ મહાનદીત્વ સ્વસ્વવિજયમાં ૧૪,૦૦૦ નદી પરિવાર સંપદાની પ્રાપ્તિથી જાણવી. એ રીતે ૧૪+૭૬ થી ૯૦ નદી કહી.

હવે આ ચૌદ મહાનદીની નદી પરિવાર સંખ્યાની સમુદ્ર પ્રવેશ દિશાને કહે છે — તે સ્પષ્ટ છે. વિશેષ એ કે — જે ભરત - ઐરાવતને સાથે ગ્રહણ કર્યા તે તેના સમાન ક્ષેત્રત્વથી છે. ભરતમાં ગંગા પૂર્વલવણ-સમુદ્રમાં અને સિંધુ પશ્ચિમ લવણસમુદ્રમાં પ્રવેશે છે. ઐરવતમાં રક્તા પૂર્વસમુદ્રમાં અને રક્તાવતી પશ્ચિમ લવણસમુદ્રમાં પ્રવેશે છે. હૈમવતમાં રોહિતા પૂર્વમાં અને રોહિતાંશા પશ્ચિમમાં, હૈરણ્યવતમાં સુવર્ણકુલા પૂર્વમાં અને રૂપ્યકૂલા પશ્ચિમમાં લવણસમુદ્રમાં મળે છે. - x - x -

એ પ્રમાણે જંબૂદ્વીપમાં હરિસલિલા પૂર્વસમુદ્રમાં જનારી અને હરિકાંતા પશ્ચિમ સમુદ્રમાં જનારી છે. રમ્યક્ક્ષેત્રમાં નરકાંતા પૂર્વસમુદ્રમાં જનારી, નારીકાંતા પશ્ચિમ સમુદ્રમાં જનારી છે. બાકી સંખ્યા ગણિત સૂત્રાનુસાર સમજી લેવું. વિશેષ એ કે સીતા અને સીતોદામાં ચ કાર એ બંને વસ્તુની તુલ્યકક્ષતા જણાવવા માટે છે તેનાથી સમપરિવારપણું આદિ લેવા. સમુદ્ર પ્રવેશ પૂર્વમાં સીતાનો, પશ્ચિમમાં સીતોદાનો પ્રવેશ થાય છે, તેમ જાણવું.

વ્યાખ્યાથી વિશેષ પણ જાણવું - બાર અંતર્નદી અધિક લેવી. કેમકે મહાવિદેહની નદીત્વ વિશેષથી છે. બાકીની કુંડપ્રભવ નદીઓ સીતા-સીતોદા પરિવાર નદીની અંતર્ગત્ છે, તેમ સૂત્રકારે સૂત્રમાં અલગથી વિવરણ કરેલ નથી. હવે મેરુની દક્ષિણથી કેટલી નદી છે, તે કહે છે — તેમાં વિશેષતા એ છે કે — ભરતમાં ગંગા અને સિંધુમાં ચૌદ-ચૌદ હજાર, હૈમવતમાં રોહિતા અને રોહિતાંશામાં અઠ્ઠાવીશ-અઠ્ઠાવીશ હજાર, હરિવર્ષમાં હરિસલિલા અને હરિકાંતામાં છપ્પન્ન-છપ્પન્ન હજાર નદીઓ મળે છે. તે બધી મળીને ઉક્ત સંખ્યા આવે છે.

હવે મેરુની ઉત્તરવર્તી નદીની સંખ્યા - તેમાં વિશેષ એ છે કે — સર્વ સંખ્યા દક્ષિણના સૂત્રવત્ કહેવી. વર્ષક્ષેત્ર અને નદીના નામોમાં તફાવત છે તે સ્વયં જાણવું.

[શંકા] મેરુની દક્ષિણોત્તર નદી સંખ્યાના મીલનમાં સપરિવાર ઉત્તરદક્ષિણ પ્રવાહમાં સીતા-સીતોદા કેમ મળતી નથી ?



[સમાધાન] પ્રશ્નસૂત્ર જ મેરુથી દક્ષિણ-ઉત્તર દિગ્ભાગવર્તી પૂર્વ-પશ્ચિમ સમુદ્રપ્રવેશ રૂપ વિશિષ્ટાર્થ વિષયક છે. તેથી મેરુથી શુદ્ધ પૂર્વ-પશ્ચિમ સમુદ્ર પ્રવેશીનીમાં આ નિર્વચનસૂત્ર અંતર્ભાવ છે. કેમકે પ્રશ્નાનુસાર ઉત્તર દેવાનો શિષ્ટવ્યવહાર છે.

હવે પૂર્વાભિમુખ કેટલી લવણસમુદ્રમાં પ્રવેશે છે ? આ પ્રશ્ન કેવળ નદીના પૂર્વ દિગ્ગામિત્વરૂપ પ્રષ્ટવ્ય વિષયક છે, તેથી પૂર્વના પ્રશ્નસૂત્રથી જુદું પડે છે. ઉત્તરમાં ૭,૨૮,૦૦૦ સુધી ભળે છે કહ્યું, તે આ રીતે — પૂર્વ સૂત્રમાં મેરુથી દક્ષિણે ૧,૯૬,૦૦૦ કહી. તેની અડધી પૂર્વમાં જાય, તેથી થયા ૯૮,૦૦૦, એ રીતે ઉત્તરની નદી પણ ૯૮,૦૦૦, સીતા પરિકર નદીઓ - ૫,૩૨,૦૦૦ છે. બધી મળીને ઉક્ત સંખ્યા આવે.

હવે પશ્ચિમ સમુદ્રગામીનીની સંખ્યાનો પ્રશ્ન - અનંતર સૂત્રવત્ કહેવી. હવે બધી નદીની સંકલના ગાથા - સ્પષ્ટ છે. વિશેષ એ કે — જંબૂદ્વીપમાં પૂર્વ સમુદ્રગામિની અને પશ્ચિમ સમુદ્ર ગામિની નદીના સંયોજનમાં ચૌદ લાખ છપ્પન્ન હજાર થાય છે.

શંકા - આ બધી નદી સંખ્યા માત્ર પરિકર નદીની છે કે મહાનદી સહિતની છે ? સમાધાન - મહાનદી સહિત સંભવે છે. સંભાવના બીજ - કચ્છ વિજયના સિંધુ નદી વર્ણનાધિકાર અને પ્રવેશમાં છે — “સર્વ સંખ્યાથી પોતાની સાથે ૧૪,૦૦૦ નદી સહિત.” - x - જો કે ક્ષેત્રસમાસમાં મહાનદીઓને અલગ ગણેલ છે, તેથી તત્ત્વ તો બહુશ્રુત જાણે. *[આ વિષયમાં વૃત્તિકારશ્રીએ ક્ષેત્રસમાસ, ક્ષેત્ર વિચાર ઈત્યાદિના મત ટાંકેલ છે, જેમાં મતભેદ ઉલ્લેખ છે.]*

હરિભદ્રસૂરિ વડે - “खंडा जोअणे० ઈત્યાદિ ગાથાની સંગ્રહણીમાં ચોર્યાશી પ્રમાણ કુરુ નદી અંતર્ભાવિત કરીને, તેના સ્થાને આ જ બાર નદી વડે ચૌદ-ચૌદ હજાર નદી સાથે લઈને યથોક્ત સંખ્યા પૂર્ણ કરેલ છે. તે આ રીતે — ૧૪,૦૦૦ ગુણિત ૩૮ નદીઓ વિજય મધ્યે સીતા નદીમાં લેવી, એ પ્રમાણે જ સીતોદામાં પણ ગણવું. કેટલાંક વિજયમાં રહેલ ગંગા-સિંધુ કે રક્તા-રક્તવતીને ૨૮,૦૦૦ નદીરૂપ પરિવાર, તે જ નીકટપણાથી ઉપચાર વડે અંતર્નદી પરિવારપણે કહેલ છે, તેથી જે અંતર્નદી પરિવારને આશ્રીને મતવૈચિત્ર્ય દર્શનાદિ વડે કોઈક હેતુથી પ્રસ્તુત સૂત્રકારે પણ સર્વ નદી સંકલનામાં તે ગણેલ નથી. અહીં પણ તત્ત્વ બહુશ્રુત જાણે. જો અંતર્નદી પરિવાર નદી સંકલના પણ કરાય તો જંબૂદ્વીપમાં ૧૭,૯૨,૦૦૦ નદીઓ થાય. - x - x -

હવે જંબૂદ્વીપના વ્યાસના લાખ યોજન પ્રમાણને આશ્રીને દક્ષિણ-ઉત્તર વડે બધાં ક્ષેત્ર યોજન મળીને જિજ્ઞાસુને બતાવે છે —

(૧) ભરતક્ષેત્ર - ૫૨૬ યોજન, ૬ કળા. (૨) લઘુ હિમવંત પર્વત-૧૦૫૨ યોજન, ૧૨ કળા, (૩) હૈમવત ક્ષેત્ર - ૨૧૦૫ યોજન, ૫-કળા, (૪) બૃહત્ હિમવંત પર્વત - ૪૨૧૦ યોજન, ૧૦ કળા, (૫) હરિવર્ષ ક્ષેત્ર-૮૪૨૧ યોજન, ૧-કળા, (૬) નિષધ પર્વત-૧૬,૮૪૨ યોજન, ૨ કળા છે.

(૭) મહાવિદેહક્ષેત્ર - ૩૩,૬૮૪ યોજન-૪ કળા છે.

(૮) નીલવત્ પર્વત-૧૬૮૪૨ યોજન, ૨ કળા, (૯) રમ્યક્ ક્ષેત્ર-૮૪૨૧ યોજન,

૧ કળા, (૧૦) રુકિમ પર્વત-૪૨૧૦ યોજન, ૧૦ કળા, (૧૧) હૈરણ્યવત્ ક્ષેત્ર - ૨૧૦૫ યોજન, ૫ કળા, (૧૨) શિખરી પર્વત - ૧૦૫૨ યોજન, ૧૨-કળા (૧૩) ઐરવત ક્ષેત્ર પ્રમાણ - ૫૨૬ યોજન, ૬-કળા છે.

એ રીતે ઉક્ત ગણિતમાં ૯૯,૯૯૬ યોજન, ૭૬ કળા થયા, દક્ષિણ અને ઉત્તરથી બધું મળીને ૧,૦૦,૦૦૦ યોજન થાય. - x -

ઉત્તરનું સીતાવનમુખ ૨૯૨૨ યોજન, ૧૬ વિજય-૩૫,૪૦૬ યોજન, છ અંતર્નદી-૭૫૦ યોજન, આઠ વક્ષસ્કાર-૪૦૦૦ યોજન, મેરુ ભદ્રશાલવન-૫૪,૦૦૦ યોજન, ઉત્તરીય સીતોદાવનમુખ-૨૯૨૨ યોજન. એમ બધું મળીને ૧,૦૦,૦૦૦ યોજન થયા. - x -

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**વક્ષસ્કાર-૬-નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**



# ❀ વક્ષસ્કાર-૭ ❀

— x — x —

૦ જંબૂદ્વીપમાં જ્યોતિષ્કો ચાર ચરે છે. તેનો અધિકાર હવે પ્રતિપાદિત કરીએ છે. તેમાં પ્રસ્તાવનાર્થે આ ચંદ્રાદિ સંખ્યા વિષયક પ્રશ્નસૂત્ર કહે છે —

● **સૂત્ર-૨૫૦,૨૫૧ :-**

***[૨૫૦] ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં કેટલાં ચંદ્રો પ્રભાસ્યા હતા, પ્રભાસે છે અને પ્રભાસશે ? કેટલાં સૂર્યો તપેલા, તપે છે, તપશે ? કેટલાં નક્ષત્રોએ યોગ કર્યા હતો, યોગ કરે છે અને યોગ કરશે ? કેટલાં મહાગ્રહો ચાર ચર્યા હતા, ચાર ચરે છે અને ચાર ચરશે ? કેટલાં કોડાકોડી તારાગણ શોભતો હતો, શોભે છે અને શોભશે ?***

***ગૌતમ ! બે ચંદ્રો પ્રભાસતા હતા, પ્રભાસે છે, પ્રભાસશે.***

***— બે સૂર્યો તપેલા, તપે છે અને તપશે.***

***— ૫૬ નક્ષત્રોએ યોગ કરેલા, કરે છે અને કરશે.***

***— ૧૭૬ મહાગ્રહો ચાર ચરેલા, ચરે છે અને ચરશે.***

***[૨૫૧] ૧,૩૩,૯૫૦ કોડાકોડી તારાગણ શોભતો હતો, શોભે છે અને શોભિત થશે. [તેમ જાણવું]***

● **વિવેચન-૨૫૦,૨૫૧ :-**

ભગવન્ ! જંબૂદ્વીપદ્વીપમાં કેટલા ચંદ્રો પ્રભાસિત થયેલા-પ્રકાશનીય વસ્તુ ઉદ્યોતિતવાન્ કરી, પ્રભાસે છે — ઉદ્યોતિત કરે છે અને પ્રભાસીત કરશે - ઉદ્યોતિત કરશે. કેમકે ચંદ્રમંડલોના ઉદ્યોત નામકર્મનો ઉદય છે. અનુષ્ણ પ્રકાશ જ લોકમાં ઉદ્યોત કહેવાય છે. આ જગત્‌ની સ્થિતિ અનાદિ નિધન છે, એમ જાણીને શિષ્યનો ત્રણ કાળ નિર્દેશથી પ્રશ્ન છે. પ્રષ્ટવ્ય ચંદ્રાદિ સંખ્યા છે.

તથા કેટલો સૂર્યો તાપિત થયા - પોતાના સિવાયની વસ્તુમાં તાપને ઉત્પન્ન કરે છે. એ રીતે તપાવે છે, તપાવશે. આતપનામ કર્મના ઉદયથી સૂર્ય મંડલનો ઉષ્ણ પ્રકાશ તે તાપ, એમ લોકમાં પ્રસિદ્ધ છે.

કેટલાં નક્ષત્રોએ યોગ - સ્વયં નિયતમંડલમાં ચરવા છતાં અનિયત અનેક મંડલચારી વડે નિજ મંડલ ક્ષેત્ર ક્રમથી આવેલ ગ્રહ સાથે સંબંધ જોડે છે — પ્રાપ્ત કરે છે, કરશે આદિ.

કેટલાં મહાગ્રહ-અંગારકાદિ ચાર - મંડલ ક્ષેત્ર પરિભ્રમણ, અનુભવ્યા છે, અનુભવશે. જો કે સમયક્ષેત્રવર્તી બધાં જ્યોતિષ્કોનો ગતિ ચાર કહેવાય છે. તો પણ અન્ય વ્યપદેશ વિશેષ અભાવથી વક્રાતિચારાદિ ગતિ વિશેષથી ગતિમાનપણાથી આ સામાન્યગતિ શબ્દથી પ્રશ્ન છે.

કેટલાં કોડાકોડી તારાગણ શોભેલા-શોભાને ધારણ કરેલી, શોભે છે અને શોભશે. આ ચંદ્રાદિ સૂત્રોક્ત કારણાભાવથી કૃષ્ણપક્ષ આદિમાં ભાસ્વરત્વ માત્રથી શોભમાનત્વાદિ પ્રશ્ન આલાવા છે.

ભગવંત ઉક્ત પ્રશ્નો ઉત્તર આપતા કહે છે — ગૌતમ !

બે ચંદ્રો પ્રકાશેલા-પ્રકાશે છે અને પ્રકાશશે. કેમકે જંબૂદ્વીપ ક્ષેત્રમાં સૂર્ય વડે આક્રાંત દિશા વડે અન્યત્ર બાકીની દિશા ચંદ્રો વડે પ્રકાશ્યમાન થયેલ હોય. - x - x -

એ પ્રમાણે સૂર્યસૂત્રમાં પણ વિચારવું તથા બે સૂર્યોતપેલા, તપે છે, તપશે. અહીં જંબૂદ્વીપ ક્ષેત્રમાં એમ કહેવું. આ જ ક્ષેત્રમાં ચંદ્ર વડે આક્રાંત દિશાથી અન્યત્ર બાકીની દિશામાં સૂર્યો વડે તાપ કરાય છે.

તથા ૫૬-નક્ષત્રો એકૈક ચંદ્રના પ્રત્યેકના ૨૮-નક્ષત્રના પરિવારથી યોગ જોડે છે આદિ પૂર્વવત્.

તથા ૧૭૬ મહાગ્રહો છે, કેમકે એકૈક ચંદ્રના પ્રત્યેકના ૮૮ મહાગ્રહના પરિવારના ભાવથી ચાર ચર્ચા છે આદિ.

તથા પદ્ય વડે તારાનું માન કહે છે — ૧,૩૩,૯૫૦ કોડાકોડી તારાગણ. કેમકે પ્રતિચંદ્રના ૬૬,૯૭૫ કોડાકોડી તારાગણ છે.

હવે ચંદ્રની ઉપેક્ષા કરી પહેલા સૂર્યની પ્રરૂપણા કરે છે. તેમાં આ પંદર અનુયોગ દ્વારો છે — (૧) મંડલ સંખ્યા, (૨) મંડલાંતર, (૩) બિંબની લંબાઈ-પહોળાઈ, (૪) મેરુ અને મંડલક્ષેત્રની અબાધા. - x - x - ઈત્યાદિ. તેમાં મંડલ સંખ્યાનું સૂત્ર કહે છે —

**● સૂત્ર-૨૫૨ થી ૨૫૫ :-**

***[૨૫૨] ભગવન્ ! સૂર્યમંડલ કેટલાં કહેલાં છે ? ગૌતમ ! ૧૮૪ મંડલો કહેલાં છે.***

***ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં કેટલા ક્ષેત્ર અવગાહીને કેટલાં સૂર્યમંડલો કહેલાં છે ? ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપમાં ૧૮૦ યોજન ક્ષેત્ર અવગાહીને અહીં ૬૫-સૂર્યમંડલ કહેલાં છે.***

***ભગવન્ ! લવણસમુદ્રમાં કેટલું ક્ષેત્ર અવગાહીને કેટલાં સૂર્યમંડલો કહેલા છે ? ગૌતમ ! લવણસમુદ્રમાં ૩૩૦ યોજન ક્ષેત્ર અવગાહીને અહીં ૧૧૯ સૂર્યમંડલ કહેલ છે.***

***એ પ્રમાણે પૂર્વાપર-બધાં મળીને જંબૂદ્વીપદ્વીપ અને લવણસમુદ્રમાં ૧૮૪ સૂર્યમંડલો હોય છે.***

***[૨૫૩] ભગવન્ ! સર્વાભ્યંતર સૂર્ય મંડલથી સર્વ બાહ્ય સૂર્યમંડલ કેટલાં અંતરે કહેલ છે ? ગૌતમ ! ૫૧૦ યોજન અબાધાથી સર્વ બાહ્ય સૂર્યમંડલ કહેલ છે.***

***[૨૫૪] ભગવન્ ! એક સૂર્યમંડલથી બીજું સૂર્યમંડલ કેટલાં અબાધા અંતરથી કહેલ છે ? ગૌતમ ! બે યોજન અબાધા અંતર છે.***

***[૨૫૫] ભગવન્ ! સૂર્યમંડલ કેટલી લંબાઈ-પહોળાઈથી, કેટલી પરિધિથી, કેટલી જાડાઈથી કહેલ છે ? ગૌતમ ! $^{૪૮}/_{૬૧}$ યોજન લંબાઈ-પહોળાઈથી, પરિધિ***



***તેનાથી કંઈક અધિક ત્રણ ગણી તથા જાડાઈ $^{૨૪}/_{૬૧}$ યોજનથી કહેલી છે.***

**● વિવેચન-૨૫૨ થી ૨૫૫ :-**

ભગવન્ ! સૂર્યોના દક્ષિણ-ઉત્તર અયનમાં નિજબિંબ પ્રમાણ ચક્રવાલ વિષ્કંભ પ્રતિદિન ભ્રમીત ક્ષેત્રરૂપ કેટલાં મંડલો કહેલ છે ? આનું મંડલપણું મંડલના સદેશત્વથી છે, તાત્ત્વિક નથી. મંડલમાં પહેલી ક્ષણે જે વ્યાપ્ત ક્ષેત્ર, તે સમશ્રેણિ જ જો પુરઃક્ષેત્રને વ્યાપે, તો તાત્ત્વિકી મંડલતા થાય. તેમ થતાં પૂર્વમંડલથી ઉત્તર મંડલનું બે યોજન અંતર ન થાય.

ભગવંતે કહ્યું — ગૌતમ ! ૧૮૪ મંડલ કહેલ છે. જે રીતે આના વડે ચાર ક્ષેત્ર પૂરિત થાય, તે રીતે અંતરદ્વાર પ્રરૂપશે. હવે આટલાં ક્ષેત્ર વિભાગથી બે વડે ભાંગીને ઉક્ત સંખ્યા ફરી પૂછે છે —

ભગવન્ ! જંબૂદ્વીપમાં કેટલું ક્ષેત્ર અવગાહીને કેટલાં સૂર્ય મંડલો કહેલા છે ? ગૌતમ ! ૧૮૦ યોજન અવગાહીને આટલા અંતરે ૬૫-સૂર્યમંડલો કહેલ છે. તથા લવણસમુદ્રમાં કેટલું અવગાહીને કેટલાં સૂર્યમંડલો કહેલા છે ? ગૌતમ ! ૩૩૦ યોજન સૂત્રમાં અલ્પત્વથી અવિવક્ષિત $^{૪૮}/_{૬૧}$ યોજન અવગાહીને એ અંતરમાં ૧૧૯ સૂર્યમંડલો કહેલ છે. અહીં ૬૫-મંડલ વડે ૧૭૯-$^{૯}/_{૬૧}$ યોજન પૂરિત થાય છે. જંબૂદ્વીપમાં અવગાહક્ષેત્ર ૧૮૦ યોજન છે. તેના વડે શેષ $^{૫૨}/_{૬૬}$ મંડલના કહેવા. તે અલ્પ હોવાથી વિવક્ષિત નથી.

અહીં ૬૫-મંડલોની વિષય વિભાગ વ્યવસ્થામાં સંગ્રહણી વૃત્ત્યાદિમાં કહેલ આ વૃદ્ધ સંપ્રદાય છે - મેરુની એક બાજુ નિષધના મસ્તકે ૬૩-મંડલો, હરિવર્ષ જીવા કોટિમાં બે, બીજા પડખામાં નીલવંતના મસ્તકે ૬૩, રમ્યક્ જીવા કોટીમાં બે. એ રીતે બધાં મળીને પાસઠ-ઓગણીસ અધિક શત મંડલના મીલનથી જંબૂદ્વીપ અને લવણસમુદ્રમાં ૧૮૪ સૂર્યમંડલ થાય છે, તેમ મેં કહેલ છે અને બીજા તીર્થંકરોએ પણ કહેલ છે.

હવે મંડલક્ષેત્ર દ્વાર કહે છે — સર્વાભ્યંતર એટલે પહેલાં સૂર્યમંડલથી, ભગવન્ ! કેટલી અબાધા-અંતરથી સર્વબાહ્ય - બધાંથી છેલ્લે, જેનાથી પછી એક પણ નથી, તે સૂર્યમંડલ કહેલ છે ? ગૌતમ ! ૫૧૦ યોજન અબાધા-અંતરાલત્વ અપ્રતિઘાતરૂપથી સર્વબાહ્ય સૂર્યમંડલ કહેલ છે. અહીં ન કહેલ છતાં પણ $^{૪૮}/_{૬૧}$ છે. અન્યથા ઉક્ત સંખ્યાંક મંડલોનો અનવકાશ થાય.

આ કઈ રીતે જાણવું ? તે કહે છે. સર્વ સંખ્યાથી ૧૮૪ મંડલો, એકૈક મંડલનો વિષ્કંભ $^{૪૮}/_{૬૧}$ યોજન છે. તેથી ૧૮૪ને ૪૮ વડે ગુણીએ, તેથી ૮૮૩૨ થશે. આ સંખ્યાના યોજન કરવાને માટે ૬૧ વડે ભાગ કરાય છે. તેનાથી ૧૪૪ યોજન થશે અને શેષ બાકી રહે છે - ૪૮. પછી ૧૮૪ની સંખ્યાના મંડલોનો અપાંતરાલ ૧૮૩ થાય. - x - કેમકે કોઈપણ સંખ્યાના અંતરાલમાં ૧-ઘટે.

એકૈક મંડલનો અંતરાલ બે યોજન પ્રમાણ થાય. પછી ૧૮૩ને બે વડે ગુણતાં ૩૬૬ થાય. પૂર્વોક્ત ૧૪૪ આમાં ઉમેરીએ. તેથી ૫૧૦ યોજન અને $^{૪૮}/_{૬૧}$ યોજન

થાય. આના વડે મંડલ ક્ષેત્રનું પ્રમાણ કહ્યું. મંડલ ક્ષેત્ર એટલે સૂર્યમંડલ વડે સર્વ અભ્યંતરાદિથી સર્વબાહ્ય છેલ્લા મંડલ સુધીનું વ્યાપ્ત આકાશ. તેને ચક્રવાલ વિષ્કંભથી જાણવું. મંડલ ક્ષેત્ર દ્વાર કહ્યું.

હવે મંડલાંતર દ્વાર કહે છે – ભગવન્ ! એક સૂર્યમંડલથી બીજા સૂર્યમંડલની કેટલી અબાધા છે ? અર્થાત્ અવ્યવધાનથી અંતર કહેલ છે ? ગૌતમ ! બે યોજન અંતર કહેલ છે. અંતર શબ્દથી વિશેષ પણ કહે છે, તેથી તેની નિવૃત્તિ અર્થે અબાધા વડે કહેલ છે. શો અર્થ છે ? પૂર્વથી પછીનું મંડલ કેટલું દૂર છે ? બે યોજન - x -

હવે બિંબના લંબાઈ-પહોળાઈનું દ્વાર કહે છે – ભગવન્ ! સૂર્યમંડલની લંબાઈ, પહોળાઈ, પરિધિ, જાડાઈ અને ઉચ્ચત્વ કહેલા છે ? ગૌતમ ! યોજનના ૪૮ ભાગ લંબાઈ-પહોળાઈ કહેલી છે. અર્થાત્ એકયોજનના ૬૧ ભાગ કલ્પીએ, તેવા સ્વરૂપના જે ૪૮-ભાગો, તેટલાં પ્રમાણમાં લંબાઈ-પહોળાઈ છે.

તેનાથી ત્રણગુણાથી વિશેષ-સાધિકપરિધિ છે. $^{૪૮}/_{૬૧}$ ને ત્રણ વડે ગુમતાં - $^{૧૪૪}/_{૬૧}$ થાય. અર્થાત્ ૨ યોજન - $^{૨૨}/_{૬૧}$ ભાગ થાય, તેની જાડાઈ $^{૨૪}/_{૬૧}$ યોજન છે. વિમાનની પહોળાઈનો અર્ધ ભાગ ઉંચાઈ જાણવી. - x - હવે મેરુ અને મંડલનું અબાધાદ્વાર કહે છે. તેનું આદિ સૂત્ર આ પ્રમાણે છે –

**● સૂત્ર-૨૫૬ :-**

***ભગવન્ ! જંબૂદ્વીપદ્વીપના મેરુ પર્વતની કેટલે દૂર સર્વાભ્યંતર સૂર્યમંડલ કહેલ છે ? ગૌતમ ! ૪૪,૮૨૦ યોજન દૂર સર્વાભ્યંતર સૂર્યમંડલ કહેલ છે.***

***ભગવન્ ! જંબૂદ્વીપદ્વીપના મેરુ પર્વતની કેટલે દૂર સર્વ અભ્યંતર પછીનું સૂર્યમંડલ કહેલ છે ? ગૌતમ ! ૪૪,૮૨૨ યોજન અને $^{૪૮}/_{૬૧}$ ભાગ દૂર કહે છે.***

***ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપના મેરુ પર્વતથી કેટલે દૂર ત્રીજું અભ્યંતર સૂર્યમંડલ કહેલ છે ? ગૌતમ ! ૪૪,૮૨૫ - $^{૩૫}/_{૬૧}$ યોજન દૂર ત્રીજું અભ્યંતર મંડલ કહેલ છે.***

***એ પ્રમાણે આ ઉપાય વડે નિષ્ક્રમણ કરતો સૂર્ય તેના પછીના મંડલથી તેની પછીના મંડલમાં સંક્રમણ કરતો-કરતો બબ્બે યોજન અને યોજનના $^{૪૮}/_{૬૧}$ ભાગ એક-એક મંડલની અબાધા વૃદ્ધિથી અભિવૃદ્ધિ કરતાં-કરતાં સર્વ બાહ્યમંડલને ઉપસંક્રમિત કરીને - સર્વ બાહ્ય મંડલે પહોંચીને ગતિ કરે છે.***

***ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં મેરુ પર્વતની કેટલી અબાધાથી - કેટલે દૂર સર્વબાહ્ય સૂર્યમંડલ કહેલ છે ? ગૌતમ ! ૪૫,૩૩૦ યોજન દૂર સર્વ બાહ્ય સૂર્યમંડલ કહેલ છે.***

***ભગવન્ ! જંબૂદ્વીપદ્વીપમાં મેરુ પર્વતની કેટલી અબાધાથી કેટલે દૂર સર્વબાહ્ય પછીનું સૂર્યમંડલ કહેલ છે ? ગૌતમ ! ૪૫,૩૨૭ યોજન અને એક યોજનના $^{૧૩}/_{૬૧}$ ભાગ અબાધાથી બાહ્યની અંદરનું અનંતર સૂર્યમંડલ કહેલ છે.***

***ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં મેરુ પર્વતની કેટલી અબાધાથી - કેટલે દૂર બાહ્ય ત્રીજું સૂર્યમંડલ કહેલ છે ? ગૌતમ ! ૪૫,૩૨૪ યોજન અને એક યોજનના $^{૨૬}/_{૬૧}$ ભાગની અબાધાથી સર્વ બાહ્યથી ત્રીજું સૂર્યમંડલ કહેલ છે.***

***એ પ્રમાણે નિશ્ચે આ ઉપાયથી પ્રવેશ કરતો એવો સૂર્ય તેની પછીના મંડલથી તેની પછીના મંડલમાં સંક્રમણ કરતો-કરતો બબ્બે યોજન અને એક યોજનના $^{૪૮}/_{૬૧}$ ભાગ એકૈક મંડલ અબાધાથી વૃદ્ધિ કરતાં-કરતાં સર્વાભ્યંતર મંડલમાં ઉપસંક્રમીને - સર્વાભ્યંતર મંડલે પહોંચીને ગતિ કરે છે.***



**● વિવેચન-૨૫૬ :-**

ભગવન્ ! જંબૂદ્વીપમાં મેરુ પર્વતની કેટલી દૂરીથી સર્વાભ્યંતર સૂર્યમંડલ કહેલ છે ? ગૌતમ ! ૪૪,૮૨૦ યોજનની દૂરીથી સર્વાભ્યંતર સૂર્યમંડલ કહેલ છે. તે કઈ રીતે ?

મેરુ પર્વતથી જંબૂદ્વીપનો વિષ્કંભ ૪૫,૦૦૦ યોજન છે. આ જ મંડલ જગતીથી દ્વીપની દિશામાં ૧૮૦ યોજન સંક્રમિત થાય છે. તેથી ૪૫,૦૦૦ યોજનરૂપથી દ્વીપ વિષ્કંભથી ૧૮૦ યોજનરૂપ શોધિત કરતાં યથોક્ત પ્રમાણ આવે. આ ચક્રવાલ વિષ્કંભથી થાય છે. તેથી બીજો સૂર્ય સર્વાભ્યંતર મંડલના પણ આ જ કરણ વડે આટલી જ અબાધા - દૂરી જાણવી. - x - x -

આ જ અભ્યંતર મંડલ ક્ષેત્રની સીમાકારિત્વથી છે. હવે પ્રતિમંડલ સૂર્યની દૂર દૂર જવાથી અબાધા પરિમાણ અનિયત છે, તેમ કહે છે – [બતાવે છે –]

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપના મેરુ પર્વતની કેટલે દૂર સર્વાભ્યંતરની પછીનું - નિરંતરપણાથી આવતું બીજું સૂર્યમંડલ કહેલ છે ? ગૌતમ ! ૪૪,૮૨૨ - $^{૪૮}/_{૬૧}$ યોજન અબાધા અંતરથી સર્વાભ્યંતર અનંતર સૂર્યમંડલ કહેલ છે. પૂર્વના કરતાં અહીં જે અધિક છે, તે બિંબના વિષ્કંભથી અનંતર માનથી છે.

હવે ત્રીજા મંડલ વિશે પૂછતાં કહે છે – તે સ્પષ્ટ છે. વિશેષ એ કે – અભ્યંતર ત્રીજું. આના દ્વારા બાહ્ય ત્રીજા મંડલનો વિચ્છેદ કર્યો છે. ઉત્તરમાં - ૪૪,૮૨૫ - $^{૩૫}/_{૬૧}$ યોજન અબાધાથી અભ્યંતર ત્રીજું સૂર્યમંડલ કહેલ છે. તેની ઉપપત્તિ આ રીતે – બીજા મંડલનું અબાધા પરિમાણ છે - ૪૪૮૨૨ - $^{૪૮}/_{૬૧}$ યોજન, એવા સ્વરૂપના પ્રસ્તુત મંડલમાં સાંતર બિંબ વિષ્કંભ ઉમેરતા આ પ્રમાણ આવે.

એ પ્રમાણે પ્રત્યેક મંડલ અબાધાની વૃદ્ધિ લાવવાને માટે ગ્રંથ મોટો ન થઈ જાય તે માટે તે જિજ્ઞાસુને બોધને માટે અતિદેશ કરતાં કહે છે – એ પ્રમાણે ઉક્ત રીતે અર્થાત્ ત્રણ મંડલ દેખાડ્યા. હવે આ ઉપાયથી - પ્રત્યેક અહોરાત્ર એકૈક મંડલને છોડવારૂપે નીકળતા - લવણસમુદ્ર અભિમુખ મંડલો કરતો સૂર્ય, તેની પછીના - વિવક્ષિત પૂર્વના મંડલથી પછીના - વિવક્ષિત મંડલથી ઉત્તરમંડલમાં સંક્રમણ કરતો કરતો બબ્બે યોજન અને $^{૪૮}/_{૬૧}$ યોજન, એકૈક મંડલમાં અબાધાથી વૃદ્ધિને કરતો કરતો સર્વબાહ્ય મંડલ તરફ ગતિ કરે છે.

જે અહીં અતિદેશ છતાં સૂત્રકારશ્રીએ ત્રણ મંડલની અભિવ્યક્તિ દેખાડી, તેમાં પહેલું ધ્રુવાંકદર્શનાર્થે છે. બીજું મંડલ અભિવૃદ્ધિ દર્શનાર્થે છે, ત્રીજું ફરી તેના

અભ્યાસાર્થે છે.

હવે પશ્ચાનુપૂર્વી પણ વ્યાખ્યાનનું અંગ છે, તેથી અંત્યમંડલથી આરંભીને મેરુ અને મંડલની અબાધા પૂછતા કહે છે —

ભગવન્ ! જંબૂદ્વીપમાં મેરુ પર્વતથી કેટલાં અંતરે સર્વબાહ્ય સૂર્યમંડલ કહેલ છે ? ગૌતમ ! ૪૫,૩૩૦ યોજનના અંતરે સર્વબાહ્ય સૂર્યમંડલ કહેલ છે. તે મેરુથી ૪૫,૦૦૦ યોજન જગતી, પછી લવણમાં ૩૩૦ યોજન છે. તથા બીજા મંડલની પૃચ્છા-પ્રશ્ન સૂત્રમાં બાહ્ય અનંતર એટલે પસ્ચાનુપૂર્વીથી બીજું. ઉત્તરસૂત્રમાં ૪૫,૦૦૦ યોજન, તે પ્રમાણે જગતીથી ૩૩૦ યોજન જતાં જે સૂર્ય મંડલ કહેલ છે, તેથી અંતર પ્રમાણ અને બિંબનું વિષ્કંભમાન શોધિત કરતાં યથોક્ત માન આવે.

હવે ત્રીજું - તેમાં વિશેષ એ કે — ૪૫,૩૨૪ - $^{૨૬}/_{૬૧}$ યોજન. અહીં પૂર્વના મંડલથી સાંતર મંડલ વિષ્કંભ યોજનમાં ૨-$^{૪૮}/_{૬૧}$ શોધિત-બાદ કરતાં યથોક્ત પ્રમાણ આવે. પૂર્વ મંડલાંક ધ્રુવાંક છે, તેમાં બિંબ સહિતનો વિષ્કંભ તે અનંતર વિષ્કંભ બાદ કરતાં યથોક્ત પ્રમાણ આવે.

હવે ઉક્ત અવશિષ્ટમંડલમાં અતિદેશ કહે છે — ઉક્ત રીતે ત્રણ મંડલ કહ્યા. આ ઉપાયથી પ્રત્યેક અહોરાત્રમાં એકૈક મંડલ છોડતા જંબૂદ્વીપે પ્રવેશે તેમ જાણવું.

સૂર્ય તેના અનંતર મંડલથી અનંતર મંડલમાં સંક્રમણ કરતો કરતો બબ્બે યોજન અને $^{૪૮}/_{૬૧}$ ભાગ એકૈક મંડલમાં અંતરની વૃદ્ધિને ઘટાડતો-ઘટાડતો૦ આ સમવાયાંગ વૃત્તિ મુજબ કહ્યું. બુદ્ધિનો અભાવ તે નિવૃદ્ધિ. કેમકે 'નિ' શબ્દનો અભાવ અર્થ છે. સૂર્યપ્રજ્ઞપ્તિ વૃત્ત્યાદિમાં નિવેશ કરતો-કરતો કહેલ છે. અહીં બધે પણ ઘટાડતો-ઘટાડતો અર્થ છે. - x - x - હવે મંડલની આયામાદિ વૃદ્ધિ-હાનિ.

● સૂત્ર-૨૫૭ :-

*ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં સર્વાભ્યંતર સૂર્યમંડલની લંબાઈ, પહોળાઈ, પરિધિ કેટલી કહેલ છે ? ગૌતમ ! ૯૯,૬૪૦ યોજન લંબાઈ-પહોળાઈ છે. તથા પરિધિ સાધિક ૩,૧૫,૦૮૧ યોજન છે.*

*ભગવન્ ! અભ્યંતર અનંતર સૂર્યમંડલની લંબાઈ, પહોળાઈ અને પરિધિ કેટલી કહેલ છે ? ગૌતમ ! ૯૯,૬૪૫ યોજન અને એક યોજનના $^{૩૫}/_{૬૧}$ ભાગ લંબાઈ-પહોળાઈ છે. તેની પરિધિ ૩,૧૫,૧૦૭ યોજનની કહેલી છે.*

*ભગવન્ ! અભ્યંતર ત્રીજા સૂર્યમંડલની કેટલી લંબાઈ-પહોળાઈ અને પર્ધિ કહેલ છે ? ગૌતમ ! ૯૯,૬૫૧ યોજન અને એક યોજનના $^{૯}/_{૬૧}$ ભાગ લંબાઈ-પહોળાઈ છે. તેની પરિધિ ૩,૧૫,૧૨૫ યોજન કહી છે.*

*એ પ્રમાણે નિશ્ચે આ ઉપાય વડે નિષ્ક્રમણ કરતો સૂર્ય તેના પછીના મંડલથી તેના પછીના મંડલમાં સંક્રમણ કરતો-કરતો પાંચ યોજન અને એક યોજનના $^{૩૫}/_{૬૧}$ ભાગ એકૈક મંડલમાં વિષ્કંભ વૃદ્ધિથી અભિવર્ધિત થતાં-થતાં અઢાર-અઢાર યોજનની પરિધિની વૃદ્ધિ કરતાં-કરતાં સર્વ બાહ્ય મંડલમાં સંક્રમીને ચાર ચરે છે.*



*ભગવન્ ! સર્વબાહ્ય સૂર્યમંડલ કેટલી લંબાઈ-પહોળાઈથી અને કેટલી પરિધિથી કહેલ છે ? ગૌતમ ! ૧,૦૦,૬૬૦ યોજન લંબાઈ-પહોળાઈથી અને ૩,૧૮,૩૧૫ યોજનની પરિધિથી કહેલ છે.*

*ભગવન્ ! બાહ્ય અનંતર સૂર્યમંડલ કેટલી લંબાઈ-પહોળાઈથી અને કેટલી પરિધિથી કહેલ છે ? ગૌતમ ! ૧,૦૦,૬૫૪ યોજન અને યોજનના $^{૨૬}/_{૬૧}$ ભાગ લંબાઈ-પહોળાઈ છે અને ૩,૧૮,૨૭૯ યોજન પરિધિ છે.*

*ભગવન્ ! બાહ્ય ત્રીજા સૂર્યમંડલના લંબાઈ-પહોળાઈ કેટલાં છે અને પરિધિ કેટલી કહી છે ? ગૌતમ ! ૧,૦૦,૬૪૮ યોજન અને યોજનનો $^{૫૨}/_{૬૧}$ ભાગ લંબાઈ-પહોળાઈ છે. તથા ૩,૧૮,૨૭૯ યોજનની પહિધિ કહેલ છે.*

*એ પ્રમાણે આ ઉપાય વડે પ્રવેશ કરતો સૂર્ય તે પછીના મંડલથી તે પછીના મંડલમાં સંક્રમણ કરતો-કરતો પાંચ-પાંચ યોજન અને યોજનના $^{૩૫}/_{૬૧}$ ભાગ એકૈક મંડલમાં વિષ્કંભ વૃદ્ધિને ઘટાડતો-ઘટાડો અઢાર-અઢાર યોજન પરિધિની વૃદ્ધિને ઘટાડતાં-ઘટાડતાં સર્વાભ્યંતર મંડલને ઉપસંક્રમીને ગતિ કરે છે.*

● વિવેચન-૨૫૭ :-

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં સર્વ અભ્યંતર સૂર્યમંડલ કેટલી લંબાઈ, પહોળાઈ અને કેટલી પરિધિથી છે ઈત્યાદિ બધું સૂત્રાર્થમાં કહ્યા મુજબ જાણવું - x - x - તેમાં લંબાઈ-પહોળાઈની ઉત્પત્તિ આ પ્રમાણે છે — જંબૂદ્વીપના વિષ્કંભથી બંને પડખે પ્રત્યેક ૧૮૦ યોજન બાદ કરતાં યથોક્ત પ્રમાણ - ૯૯,૬૪૦ યોજન આવે. કેમકે જંબૂદ્વીપ ૧,૦૦,૦૦૦ યોજનનો છે. તેમાંથી બંને બાજુના ૧૮૦-૧૮૦ યોજન બાદ કરતાં ૯૯,૬૪૦ થાય. પરિધિ તે વિષ્કંભના વર્ગના દશ ગુણા ઈત્યાદિ કરીને લાવી શકાય. પણ ગ્રંથ વિસ્તાર ભયે તે કહેલ નથી.

અથવા જંબૂદ્વીપના વિષ્કંભની એક બાજુથી ૧૮૦ યોજન અને બીજી બાજું પણ તેમજ કરતાં ૩૬૦ યોજન થાય. પરિધિ-૧૧૩૮ યોજન. આને જંબૂદ્વીપની પરિધિમાંથી બાદ કરીએ. તેથી યથોક્ત પરિધિ પ્રમાણ આવે. હવે બીજા મંડલની પૃચ્છા—

તેમાં અન્વય યોજના સુગમ છે. તાત્પર્યાર્થ આ પ્રમાણે છે — સર્વાભ્યંતર અનંતર - બીજા સૂર્યમંડલની લંબાઈ-પહોળાઈથી ૯૯,૬૪૫ યોજન અને $^{૩૫}/_{૬૧}$ ભાગ. તે આ રીતે - એક તરફથી સર્વાભ્યંતર અનંતર મંડલને સર્વાભ્યંતર મંડલગત ૨-$^{૪૮}/_{૬૧}$ યોજનના અપાંતરાલ છોડીને બીજું પણ રહેલ છે. પછી ૫-$^{૩૫}/_{૬૧}$ યોજનને પૂર્વમંડલના વિષ્કંભથી આ મંડલનો વિષ્કંભ વધે છે.

આ સર્વાભ્યંતર મંડલની પરિધિ - ૩,૧૫,૧૦૭ યોજન છે, તે આ પ્રમાણે — પૂર્વ મંડલથી આના વિષ્કંભમાં ૫-$^{૩૫}/_{૬૧}$ યોજન વધે છે. ૫-$^{૩૫}/_{૬૧}$ યોજનની પરિધિ ૧૭-$^{૩૮}/_{૬૧}$ યોજન થાય. પણ વ્યવહારમાં પરિપૂર્ણ ૧૮ યોજન વિવક્ષા કરાય છે. તે પૂર્વ મંડલ પરિધિમાં જ્યારે અધિક ઉમેરીએ, ત્યારે યથોક્ત બીજા મંડલનું પરિમાણ થાય.

હવે ત્રીજા મંડલની પૃચ્છા - સ્પષ્ટ છે. વિશેષ એ - ઉત્તરસૂત્રમાં ૯૯૬૫૧-૯/૬૧ યોજનના અભ્યંતર તૃતીય નામક મંડલની લંબાઈ-પહોળાઈ છે. તેની ઉપપત્તિ આ છે — પૂર્વ મંડલની લંબાઈ-પહોળાઈ છે - ૯૯,૬૪૫ - ૩૫/૬૧ યોજન. તેમાં ૫ - ૩૫/૬૧ મંડલવૃદ્ધિ ઉમેરતાં અહીં કહેલ પ્રમાણ થાય છે.

પરિધિ - ૩,૧૫,૧૨૫ યોજન છે. તેની ઉપપત્તિ-પૂર્વ મંડલની પરિધિ છે. ૩,૧૫,૧૦૭ યોજનરૂપ છે, તેમાં પૂર્વોક્ત યુક્તિથી લવાયેલ ૧૮ યોજન રૂપ વૃદ્ધિ ઉમેરતા યથોક્ત પ્રમાણ થાય.

હવે ઉક્ત મંડલ સિવાયના મંડલની લંબાઈ આદિ જાણવા માટ લાઘવાર્થે અતિદેશ કહે છે — એ પ્રમાણે ઉક્ત રીતથી અર્થાત્ ત્રણ મંડલ દર્શિત રીતે. એથી ઉક્ત પ્રકારે નિષ્ક્રમણ કરતાં-કરતાં સૂર્ય તેની પછીથી પછીના મંડલમાં સંક્રમણ કરતો પાંચ-પાંચ યોજન અને ૩૫/૬૧ ભાગથી એકૈક મંડલમાં વિષ્કંભની વૃદ્ધિ કરતાં-કરતાં તથા ઉક્ત રીતે અઢાર યોજન પરિધિની વૃદ્ધ કરતાં-કરતાં સર્વ બાહ્ય મંડલમાં ઉપસંક્રમીને ચાર ચરે છે - ગતિ કરે છે.

હવે બીજા પ્રકારે પ્રસ્તુત વિચારને જાણવા માટે પશ્ચાનુપૂર્વીથી પૂછતા કહે છે — પ્રશ્નસૂત્ર સ્પષ્ટ છે. ઉત્તર સૂત્રમાં - ૧,૦૦,૦૬૬ યોજન લાંબી-પહોળી છે. ઉપપત્તિ આ રીતે — જંબૂદ્વીપ લાખ યોજન છે. બંને પડખે પ્રત્યેકમાં ૩૩૦ યોજન લવણસમુદ્રમાં જઈને, પાછા વર્તમાનત્વથી આનું આ પ્રમાણે જ માન છે. ૩,૧૮,૩૧૫ યોજનથી કંઈક ન્યૂન પરિધિ થાય છે. કંઈક ઊનત્વ અહીં પરિધિ કરણથી સ્વયં જાણવું. - x - x -

હવે બીજા મંડલમાં તેની પૃચ્છા - પ્રશ્નસૂત્ર પૂર્વવત્. ઉત્તર સૂત્રમાં - હે ગૌતમ ! ૧,૦૦,૬૫૪ - ૨૬/૬૧ યોજન લંબાઈ-પહોળાઈ છે. આ સર્વબાહ્ય મંડલ વિષ્કંભથી ૫-૩૫/૬૧ યોજન બાદ કરવામાં આવે. ૩,૧૮,૨૯૭ યોજન પરિધિ આવે. તે કઈ રીતે ઉપપત્તિ પામે ? પૂર્વમંડલની પરિધિથી ૧૮ યોજન બાદ કરતાં આવે.

હવે ત્રીજા મંડલમાં તેની પૃચ્છા - પ્રશ્ન પૂર્વવત્. ઉત્તરમાં બાહ્ય તૃતીય ૧,૦૦,૬૪૮ - ૫૨/૬૧ યોજન લંબાઈ-પહોળાઈથી છે. યુક્તિ આ રીતે — અનંતર પૂર્વ મંડલથી ૫-૩૫/૬૧ યોજન બાદ કરતાં આવશે. ૩,૧૮,૨૭૯ યોજન પરિધિથી છે. પૂર્વ મંડલ પરિધિથી ૧૮ યોજન બાદ કરતાં યથોક્ત પ્રસ્તુત મંડલ પરિધિ માન આવશે.

અહીં અતિદેશ કહે છે — તે પૂર્વવત્ કહેવો. લંબાઈ, પહોળાઈ આદિ વૃદ્ધિ-હાનિ દ્વાર કહ્યું. હવે આ જ ક્રમથી બંને સૂર્યોની પરસ્પર અબાધા-અંતર બાહ્ય મંડલાદિથી જાણવા.

હવે મુહૂર્ત્તગતિ દ્વાર કહે છે —

● **સૂત્ર-૨૫૮ :-**

*ભગવન્ ! જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલનું ઉપસંક્રમણ કરીને ચાર ચરે છે, ત્યારે એકૈક મુહૂર્તમાં કેટલાં ક્ષેત્રમાં જાય છે ? ગૌતમ ! એ એકૈક મુહૂર્તમાં ૫૨૫૧ - ૨૯/૬૦ યોજન જાય છે.*

*તે સમયે અહીં રહેલાં મનુષ્યને તે સૂર્ય ૪૭,૨૬૩-૨૧/૬૦ યોજનની*



*દૂરીથી તે સૂર્ય દૃષ્ટિગોચર થાય છે.*

*ભગવન્ ! તે નિષ્ક્રમણ કરતો સૂર્ય, નવા સંવત્સરમાં જતા પહેલી અહોરાત્રિમાં સર્વઅભ્યંતર મંડલ પછીના મંડલને ઉપસંક્રમીને ચાર ચરે છે - ગતિ કરે છે.*

*ભગવન્ ! જ્યારે સૂર્ય અભ્યંતર પછીના મંડલને ઉપસંક્રમીને ગતિ કરે છે, ત્યારે એકૈક મુહૂર્તથી કેટલા ક્ષેત્ર જાય છે ? ગૌતમ ! પ્રત્યેક મુહૂર્તમાં ૫૨૫૧ યોજન અને એક યોજનના ૪૭/૬૦ ભાગ જાય છે.*

*ત્યારે અહીં રહેલા મનુષ્યને ૪૭,૧૭૯ યોજન અને એક યોજનના ૫૭/૬૦ ભાગ તથા ૬૧ ભાગોમાં ૧૯ ચૂર્ણિકાભાગથી સૂર્ય દૃષ્ટિપથમાં આવે.*

*તે નિષ્ક્રમણ કરતો સૂર્ય બીજા અહોરાત્રમાં અભ્યંતર ત્રીજા મંડલમાં ઉપસંક્રમીને ગતિ કરે છે.*

*ભગવન્ ! જ્યારે સૂર્ય અભ્યંતર ત્રીજા મંડલમાં ઉપસંક્રમીને ગતિ કરે છે, ત્યારે એકૈક મુહૂર્તથી કેટલાં ક્ષેત્રમાં જાય છે ?*

*ગૌતમ ! ૫૨૫૨ યોજન અને એક યોજનના ૫/૬૦ ભાગ એક એક મુહૂર્તમાં સૂર્ય જાય છે. ત્યારે અહીં મનુષ્યને ૪૭,૦૯૬ યોજન અને એક યોજનના ૩૩/૬૦ ભાગ તથા ૬૧ ભાગથી છેદાતા બે ચૂર્ણિકા ભાગોથી સૂર્ય દૃષ્ટિગોચર થાય છે.*

*એ પ્રમાણે આ ઉપાય વડે નિષ્ક્રમણ કરતો સૂર્ય તેની પછીના મંડલથી તેની પછીના મંડલમાં સંક્રમણ કરતો-કરતો અઢાર-અઢાર સાઈઠાંશ [૧૮/૬૦] ભાગ યોજન એક એક મંડલમાં મુહૂર્તગતિથી અભિવૃદ્ધિ કરતો કરતો ૧૮૪ યોજન પુરુષ છાયાની વૃદ્ધિ કરતો કરતો સર્વ બાહ્ય મંડલમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે.*

*ભગવન્ ! જ્યારે સૂર્ય સર્વ બાહ્ય મંડલમાં ઉપસંક્રમીને ગતિ કરે છે, ત્યારે એક એક મુહૂર્તમાં કેટલાં ક્ષેત્રમાં જાય છે ?*

*ગૌતમ ! ૫૩૦૫ યોજન અને એક યોજનના ૧૫/૬૦ ભાગ એકએક મુહૂર્તમાં તે સૂર્ય જાય છે. ત્યારે અહીં રહેલા મનુષ્યને ૩૧૮૩ યોજન અને એક યોજનના ૩૦/૬૦ ભાગે સૂર્ય દૃષ્ટિગોચર થાય છે.*

*આ પહેલાં છ માસ છે, આ પહેલાં છ માસની પૂર્ણાહૂતિ છે.*

*ત્યારે તે સૂર્ય બીજા છ માસમાં ગતિ કરતાં પહેલાં અહોરાત્રમાં બાહ્ય પછીના મંડલમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે.*

*ભગવન્ ! જ્યારે સૂર્ય બાહ્ય અનંતર મંડલમાં ઉપસંક્રમિત થઈ ગતિ કરે છે, ત્યારે એક એક મુહૂર્તમાં કેટલાં ક્ષેત્ર જાય છે ?*

*ગૌતમ ! ૫૩૦૪ યોજન અને એક યોજનના ૫૭/૬૦ ભાગ એ રીતે એક એક મુહૂર્તમાં ગતિ કરે છે. ત્યારે અહીં રહેલાં મનુષ્યને ૩૧,૯૧૬ યોજન અને એક યોજનના ૩૯/૬૦ ભાગ તથા ૬૧ ભાગથી છેદીને ૬૦ ચૂર્ણિકા બાગથી સૂર્ય*

***જલ્દી દૃષ્ટિ પથમાં આવે છે.***

***તે પ્રવેશ કરતો સૂર્ય બીજા અહોરાત્રમાં બાહ્ય ત્રીજા મંડલમાં ઉપસંક્રમિત થઈને ગતિ કરે છે.***

***ભગવન્ ! જ્યારે સૂર્ય બાહ્ય ત્રીજા મંડલમાં ઉપસંક્રમિત થઈને ગતિ કરે છે, ત્યારે એક એક મુહૂર્તમાં કેટલાં ક્ષેત્રમાં જાય છે ?***

***ગૌતમ ! ૫૩૦૪ યોજન અને એક યોજનના $^{૩૯}/_{૬૦}$ ભાગ એકએક મુહૂર્તમાં તે સૂર્ય જાય છે. ત્યારે અહીં રહેલા મનુષ્યને ૩૨,૦૦૧ યોજન અને એક યોજનના $^{૪૯}/_{૬૦}$ ભાગ તથા એકસઠ ભાગથી છેદીને ૨૩ ચૂર્ણિકા ભાગે સૂર્ય જલ્દી દૃષ્ટિપથમાં આવે છે.***

***એ પ્રમાણે આ ઉપાય વડે પ્રવેશ કરતો સૂર્ય તેની પછીના મંડલથી તેની પછીના મંડલમાં સંક્રમણ કરતો-કરતો એક યોજનના અઢાર-અઢાર સાઈઠાંશ [$^{૧૮}/_{૬૦}$] ભાગે એક એક મંડલમાં મુહૂર્ત ગતિને ઘટાડતો-ઘટાડતો સાતિરેક પંચ્યાસી-પંચ્યાસી [૮૫] યોજન પુરુષ છાયાની અભિવૃદ્ધિ કરતો-કરતો સર્વાભ્યંતર મંડલમાં ઉપસંક્રમિત થઈને ગતિ કરે છે.***

***આ બીજા છ માસ છે, આ બીજા છ માસનું પર્યવસાન છે.***

***આ સૂર્ય સંવત્સર છે, આ સૂર્ય સંવત્સરની પૂર્ણતા છે.***

**● વિવેચન-૨૫૮ :-**

હે ભગવન્ ! સૂર્ય સર્વાભ્યંતર મંડલમાં જઈને ચાર ચરે છે ત્યારે એકૈક મુહૂર્તમાં કેટલા ક્ષેત્રમાં જાય છે ? ગૌતમ ! ૫૨૫૧-$^{૨૯}/_{૬૦}$ યોજન પ્રત્યેક મુહૂર્તમાં જાય છે. તે કઈ રીતે ઉપપાત થાય ? તેનો ઉત્તર આપતા કહે છે –

અહીં આખું મંડલ એક અહોરાત્રથી બે સૂર્યો વડે સમાપ્ત થાય છે. પ્રતિસૂર્યના અહોરાત્રઅલગ ગણતાં પરમાર્થથી બે અહોરાત્ર થાય છે. બે અહોરાત્રો વડે ૬૦ મુહૂર્તો થાય. તેથી મંડલની પરિધિને ૬૦ ભાગથી ભાંગતા જે પ્રાપ્ત થાય, તે મુહૂર્ત ગતિ પ્રમાણ.

તેથી કહે છે – સર્વાભ્યંતર મંડલ પરિધિ ૩,૧૫,૦૮૯ યોજન તેને ૬૦ વડે ભાંગતા પ્રાપ્ત યથોક્ત મુહૂર્ત ગતિ પ્રમાણ ૫૨૫૧-$^{૨૯}/_{૬૦}$ થાય છે. હવે વિનય આવર્જિત મનથી પ્રજ્ઞાપકે પૂછતાં પણ શિષ્યને કંઈક અધિક પ્રજ્ઞાપના માટે કહે છે–

જે તે નિત્ય અભિસંબંધથી અનુક્ત છતાં, જે શબ્દગર્ભિત વાક્ય અહીં અવતારણીય છે, તેનાથી જ્યારે સૂર્ય એક મુહૂર્તથી જતાં ૫૨૫૧-$^{૨૯}/_{૬૦}$ પ્રમાણ જાય છે, ત્યારે સર્વાભ્યંતર મંડલ સંક્રમણ કાળમાં અહીં રહેલ મનુષ્યના૦ અહીં જાતિથી એકવચન છે. તેનો અર્થ આ છે – અહીં ભરતક્ષેત્રમાં રહેલા મનુષ્યોને ૪૭,૨૬૩-$^{૨૧}/_{૬૦}$ યોજનથી ઉદય પામતો સૂર્ય ચક્ષુવિષયક શીઘ્ર થાય છે.

અહીં સ્પર્શ શબ્દ ઈન્દ્રિયાર્થ સંનિકર્ષ નથી કેમકે ચક્ષુને અપ્રાપ્યકારીપણાથી તે અસંભવ છે. તેની ઉપપત્તિ શું છે ? તે કહે છે – અહીં દિવસના અર્દ્ધભાગથી જેટલાં ક્ષેત્રને વ્યાપિત કરે છે, તેટલાંમાં રહેલ સૂર્ય પ્રાપ્ત થાય છે. તે જ લોકમાં ઉદય





પામતો એમ કહેવાય છે. સર્વાભ્યંતર મંડલમાં દિવસનું પ્રમાણ અઢાર મુહૂર્ત છે, તેનું અડધું તે નવ મુહૂર્તો. અર્વાભ્યંતર મંડલમાં ગતિ કરતાં ૫૨૫૧-$^{૨૯}/_{૬૦}$ યોજન જાય છે. આટલા મુહૂર્ત ગતિ પરિમાણ નવ મુહૂર્તો વડે ગુણતા, તેથી યથોક્ત દૃષ્ટિપથ પ્રાપ્તતા પરિમાણ થાય છે.

એ પ્રમાણ બધાં મંડલોમાં સ્વ-સ્વ મુહૂર્તગતિમાં સ્વસ્વ દિવસાર્દ્ધના મુહૂર્તરાશિ વડે ગુણિત કરતાં દૃષ્ટિપથ પ્રાપ્તતા થાય છે. દૃષ્ટિપથ પ્રાપ્તતા, ચક્ષુઃસ્પર્શ, પુરુષ છાયા એ એકાર્થક શબ્દો છે. તે પૂર્વથી અને પશ્ચિમથી સમપ્રમાણ જ હોય છે, તેથી બે વડે ગુણિત તાપક્ષેત્ર ઉદય-અસ્ત અંતર છે ઈત્યાદિ પર્યાયો છે.

આ સર્વ બાહ્ય પછીનું મંડલ પશ્ચાનુપૂર્વીથી ગણતાં ૧૮૩મું થાય. પ્રતિ મંડલે અહોરાત્ર ગણવાથી અહોરાત્ર પણ ૧૮૩ થાય, પછી ઉત્તરાયણનો છેલ્લો દિવસ, આ જ સૂર્ય સંવત્સરનો છેલ્લો દિવસ છે. કેમકે તે સંવત્સરનું ઉત્તરાયણ પર્યવસાન છે.

હવે નવા સંવત્સરના પ્રારંભના પ્રકારની પ્રજ્ઞાપનાને માટે સૂત્રનો આરંભ કરે છે – से निक्खममाणे० આદિ

હવે અભ્યંતર મંડલથી નીકળતો, જંબૂદ્વીપાંત પ્રવેશમાં ૧૮૦ યોજન પ્રમાણ ક્ષેત્રમાં ચરમ આકાશ પ્રદેશને સ્પર્શ્યા પછી, બીજા સમયે બીજા મંડલ અભિમુખ સરકતો-જતો અર્થ છે.

સૂર્ય, नव - આગામીકાળભાવી સંવત્સર પામીને પહેલાં અહોરાત્રમાં સર્વાભ્યંતર પછીના મંડલમાં ઉપસંક્રમીને ગતિ કરે છે. આ અહોરાત્ર દક્ષિણાયનના આદ્ય સંવત્સરના પણ-દક્ષિણાયનના આદિપણાથી સંવત્સરના. - x - x -

હવે અહીં ગતિને પૂછવા માટે સૂત્ર – જ્યારે ભગવન્ ! સર્વઅભ્યંતર પછીના બીજા, દક્ષિણાયન અપેક્ષાથી આદ્ય મંડલને ઉપસંક્રમીને ગતિ કરે છે, ત્યારે એકએક મુહૂર્તથી કેટલા ક્ષેત્રમાં જાય છે ? ગૌતમ ! ૫૨૫૧-$^{૪૭}/_{૬૦}$ યોજન એકૈક મુહૂર્તથી જાય છે. કઈ રીતે ? તે કહે છે –

આ મંડલમાં પરિધિ પરિમાણ ૩,૧૫,૧૦૭ યોજન વ્યવહારથી પરિપૂર્ણ પણ નિશ્ચયમતથી કંઈક ન્યૂન ૩,૧૫,૧૦૭ યોજન છે. તેથી આ પૂર્વ યુક્તિવશથી ૬૦ ભાગે પ્રાપ્ત યથોક્ત આ મંડલમાં મુહૂર્તગતિ પ્રમાણ - ૫૨૫૧-$^{૪૭}/_{૬૦}$ યોજન અથવા પૂર્વમંડલના પરિધિ પ્રમાણથી આ પરિધિ પરિમાણ વ્યવહારથી પૂર્ણ ૧૮ યોજન વધે છે. નિશ્ચય મતે કંઈક ન્યૂન વધે છે.

અઢાર યોજનના ૬૦ ભાગે પ્રાપ્ત $^{૧૮}/_{૬૦}$ યોજનના તે પૂર્વોક્ત મંડલગત મુહૂર્તગતિ પરિમાણમાં અધિકત્વથી ઉમેરેલ છે. તેથી યથોક્ત તે મંડલનું મુહૂર્તગતિ પ્રમાણ થાય. અહીં પણ દૃષ્ટિપથ પ્રાપ્તતા વિષય પરિમાણ કહે છે – જ્યારે અભ્યંતર બીજા મંડલમાં સૂર્ય ચરે છે, ત્યારે અહીં રહેલ મનુષ્યોના ૪૭,૧૭૯-$^{૫૭}/_{૬૦}$ યોજન અને ૬૧થી છેદીને અર્થાત્ ૬૧ ખંડો કરીને કે ૬૧ વડે ગુણીને. તેના ૧૯ ચૂર્ણિક ભાગ વડે અર્થાત્ $^{૧૯}/_{૬૧}$ થી સૂર્ય દૃષ્ટિપથમાં આવે છે.

સર્વાભ્યંતર બીજા મંડલમાં દિવસ પ્રમાણ $^{૨}/_{૬૧}$ ભાગો વડે હીન ૧૮-મુહૂર્ત,

તેનું અડધું તે નવમુહૂર્ત - $^{૧}/_{૬૧}$ ભાગથી હીન. સમસ્તપણે ૬૧ ભાગ કરવા નવે મુહૂર્તો ૬૧ વડે ગુણીએ. તેમાંથી ૬૧ ભાગ બાદ કરીએ તેથી બાકી રહે ૫૪૮. પ્રસ્તુત મંડલમાં મુહૂર્ત ગતિ ૫૨૫૧-$^{૪૭}/_{૬૦}$. આ રાશિમાં ૬૦-છેદરાશિ છે. તેથી યોજનરાશિને ૬૦ વડે ગુણીને કહેતા ૩,૧૫,૧૦૭ થશે.

આ જ રાશિ કરણ વિભાવનામાં ક્ષેત્રસમાસ વૃત્તિમાં પરિધિ રાશિ એમ કરીને દર્શાવી છે. લાઘવથી ભાજ્યરાશિ લબ્ધને ભાજક રાશિ વડે ગુણવાથી મૂલરાશિ જ મળે.

આ રાશિ ૫૪૮ વડે ગુણીએ. તો થશે ૧૭,૨૬,૭૮,૬૩૬. આ રાશિ ભાગ-ભાગાત્મકત્વથી યોજનો ન આપે. ૬૧ ને ૬૦ વડે ગુણતાં જે રાશિ થાય, તેના વડે ભાગ કરાય. આ ગણિતપ્રક્રિયા લાઘવાર્થે છે. અન્યથા આ રાશિને ૬૧ ભાગ વડે ભાગ કરાતા ૬૦ ભાગ આવે, તેમાં ૬૦ ભાગ વડે હરાતા યોજનો થાય, તે પ્રમાણે ગ્રંથ મોટો થતો જાય. ૬૧ને ૬૦ વડે ગુણતાં ૩૬૬૦ થાય. તે ભાગ વડે હરાતા આવેલ ૪૭,૧૭૯ અને શેષ - ૩૪૯૬. છેદ રાશિથી ૬૦ વડે અપવર્તના કરાતા થાય ૬૧. તે શેષરાશિથી ભાગ કરાતાં આવશે - $^{૫૭}/_{૬૦}$ ભાગ. અને $^{૧૯}/_{૬૧}$ ભાગ.

હવે અભ્યંતર ત્રીજા મંડલના ચારને પૂછવા માટે આધસૂત્ર ગુંથે છે - તે નીકળતો એવો સૂર્ય બીજા અહોરાત્રમાં - પ્રસ્તુત અયનની અપેક્ષાથી બીજા મંડલથી, અભ્યંતર ત્રીજું મંડલ ઉપસંક્રમીને ગતિ કરે છે, ત્યારે એકૈક મુહૂર્ત વડે કેટલાં ક્ષેત્રમાં જાય છે ?

ગૌતમ ! ૫૨૫૨-$^{૧૫}/_{૬૦}$ યોજન, એકૈક મુહૂર્તથી જાય છે આ પ્રસ્તુત મંડલ પરિધિના ૬૦ વડે ભાગ કરતાં આવે છે. ત્યારે અહીં રહેલ મનુષ્ય ૪૭,૦૯૬ - $^{૩૩}/_{૬૦}$ યોજન અને $^{૨}/_{૬૧}$ ચૂર્ણિકા ભાગ વડે સૂર્ય જલ્દીથી દૃષ્ટિપથમાં આવે છે.

તેથી કહે છે — આ મંડલમાં દિવસ પ્રમાણ ૧૮ મુહૂર્ત, $^{૪}/_{૬૧}$ ભાગથી હીન, તેનું અડધું તે $^{૨}/_{૬૧}$ ભાગ ન્યૂન-૯. તેથી સામસ્ત્યથી ૬૧ ભાગ કરવાને માટે નવે મુહૂર્તને ૬૧ વડે ગુણીએ, તેમાંથી $^{૨}/_{૬૧}$ ભાગ બાદ કરીએ. તેથી ૫૪૭, પ્રસ્તુત મંડલમાં મુહૂર્તગતિ ૫૨૫૨-$^{૧૫}/_{૬૦}$ એ સ્વરૂપની યોજન રાશિને ૬૦ વડે ગુણીને કરતાં ૩,૧૫,૧૨૫ આવે. આ જ રાશિ બીજા વડે પરિધિ રાશિપણે નિરુપિત છે.

આને ૫૪૭ વડે ગુણતાં થશે - ૧૭,૨૩,૭૩,૩૭૫. આને ૬૦ વડે ગુણિત-૬૧થી ૩૬૬૦થી ભાંગતા આવેલ ૪૭,૦૯૬, શેષ ૨૦૧૫ છે. છેદરાશિથી ૬૦ બાદ કરાતાં થશે ૬૧ તેના વડે શેષ રાશિને ભાંગતા પ્રાપ્ત ૩૩ થાય, તેથી $^{૩૩}/_{૬૦}$ થશે અને શેષ $^{૨}/_{૬૧}$ ભાગ થશે.

હવે ચોથા મંડલ આદિમાં અતિદેશ કહે છે — એ પ્રમાણે નિશ્ચે આ ઉપાયથી — એ પ્રમાણે ત્રણ મંડલમાં દર્શાવેલી રીતે, નિશ્ચિત આ અનંતર કહેલ ઉપાય વડે ધીમે ધીમે તે-તે બર્હિમંડલાભિમુખગમન રૂપથી નીકળતો સૂર્ય તેની પછીના મંડલથી, તેની પછીના મંડલમાં પૂર્વોક્ત પ્રકારે સંક્રમણ કરતો-કરતો એકએક મંડલમાં મુહૂર્તગતિથી $^{૧૮}/_{૬૦}$ યોજન, વ્યવહારથી પરિપૂર્ણ અને નિશ્ચયથી કંઈક ન્યૂન વધતાં-



વધતાં ૮૪ યોજન, કિંચિત્ ન્યૂન પુરુષછાયાથી પહેલાં સૂર્યના ઉદયમાનપણાની દૃષ્ટિ પથ પ્રાપ્તતા છે. તેનો અર્થ આ પ્રમાણે છે —

તેના ઘટતાં-ઘટતાં, અર્થાત્ પૂર્વ-પૂર્વ મંડલ પુરુષછાયાથી બાહ્ય-બાહ્ય મંડલ પુરુષ છાયા કંઈક ન્યૂન ૮૪ યોજન હીન છે અને સર્વ બાહ્ય મંડલને ઉપસંક્રમીને ચાર ચરે છે. અહીં જે કહ્યું — ૮૪ યોજન કંઈક ન્યૂન ઉત્તરોત્તર મંડલની પુરુષ છાયામાં ઘટે છે, તે સ્થૂળપણે કહ્યું. પરમાર્થથી આ પ્રમાણે જાણવું - ૮૩ યોજન, એક યોજનના $^{૨૩}/_{૬૦}$ ભાગ અને $^{૪૨}/_{૬૧}$ ભાગે દૃષ્ટિપથમાં પ્રાપ્તતા વિષયમાં હાનિ થાય.

પછી સર્વાભ્યંતર મંડલથી ત્રીજું જે મંડલ, ત્યાંથી આરંભીને જે મંડલમાં દૃષ્ટિપથ પ્રાપ્તતા જાણવા ઈચ્છો છો - તે તે મંડલ સંખ્યાથી ૩૬ને ગુણવા. તે આ રીતે :- સર્વાભ્યંતર મંડલથી ત્રીજા મંડલમાં એકથી, ચોથામાં બે વડે, પાંચમામાં ત્રણ વડે યાવત્ સર્વ બાહ્ય મંડલમાં ૧૮૨ વડે ગુણીને ધ્રુવરાશિમાં ઉમેરવા. ઉમેરીને જે થાય છે, તેના વડે હીન પૂર્વમંડલની દૃષ્ટિપથ પ્રાપ્તતા, તે વિવક્ષિત મંડલમાં દૃષ્ટિપથ પ્રાપ્તતા જાણવી.

હવે ૮૩ યોજનાદિકની ધ્રુવરાશિની કઈ રીતે ઉપપત્તિ થાય ? તેનું સમાધાન કરે છે - સર્વાભ્યંતર મંડલમાં દૃષ્ટિપથ પ્રાપ્તતા પરિમાણમાં ૪૭,૨૬૩ યોજન અને $^{૨૧}/_{૬૦}$ ભાગ. આના નવ મુહૂર્ત જાણવા, તેથી એક મુહૂર્તમાં ૬૧ ભાગે શું આવે ? તેની વિચારણામાં નવ મુહૂર્તને ૬૧ વડે ગુણીએ, તેથી આવશે - ૫૪૯. તેટલાં ભાગથી ભાગ દેવાતા પ્રાપ્ત ૮૬-$^{૫}/_{૬૦}$।$^{૨૫}/_{૬૧}$ થાય. આ સર્વાભ્યંતર મંડલમાં $^{૧}/_{૬૧}$ મુહૂર્ત વડે જાણવું.

હવે બીજા મંડલની પરિધિ વૃદ્ધિ અંક ભજનાથી જે પ્રાપ્ત થાય તે મુહૂર્ત-૬૧ ભાગથી, તેના શોધનાર્થે ઉપક્રમ કરે છે, પૂર્વ-પૂર્વના મંડલથી પછી-પછીનું મંડલમાં પરિધિ પરિમાણ વિચારવામાં અઢાર-અઢાર યોજનો વ્યવહારથી પરિપૂર્ણ વધે છે. તેથી પૂર્વ-પૂર્વ મંગલગત મુહૂર્તગતિ પરિમાણથી પછી-પછીના મંડલમાં મુહૂર્તગતિ પરિમાણ વિચારણામાં પ્રતિ મુહૂર્ત અઢાર-અઢાર, સાઈઠ ભાગ [$^{૧૮}/_{૬૦}$] યોજન વધે છે. પ્રતિમુહૂર્ત ૬૧ ભાગે $^{૧૮}/_{૬૧}$ ભાગ પ્રમાણ જાણવું.

સર્વાભ્યંતર બીજા મંડલમાં નવ મુહૂર્તો વડે એક મુહૂર્તથી ૬૧ ભાગ ન્યૂન યાવત્ ક્ષેત્રને વ્યાપિત કરે તેટલામાં સ્થિત સૂર્ય દૃષ્ટિપથ પ્રાપ્ત થાય છે. તેથી નવ મુહૂર્ત ૬૧ વડે ગુણીએ તો ૯૮૬૪ થશે. તેના ૬૦ ભાગ લાવવા માટે ૬૧ ભાગે ભાગ કરતાં ૧૬૧ -$^{૪૩}/_{૬૧}$ આવે. ઈત્યાદિ - x - x - x - એ પ્રમાણે આવા સ્વરૂપે પૂર્વોક્તથી ૮૬ યોજન અને એક યોજનના $^{૫}/_{૬૦}$ ભાગ તેના $^{૨૪}/_{૬૧}$ ભાગ, એ પ્રમાણે આમાંથી બાદ કરવા. બાદ કરવાથી તેમાં રહેલ ૮૩-$^{૨૩}/_{૬૦}$ યોજનના $^{૪૨}/_{૬૧}$ ભાગ. આટલા પ્રમાણમાં સર્વાભ્યંતર મંડલગત દૃષ્ટિપથ પ્રાપ્તના પરિમાણથી, બીજા મંડલમાં રહેલ દૃષ્ટિપથ પ્રાપ્તતા પરિમાણમાં હીન થાય છે.

આ ઉત્તરોત્તર મંડલ દૃષ્ટિપથ પ્રાપ્તતા વિચારણામાં હાનિમાં ધ્રુવ, તેથી જ ધ્રુવરાશિ એમ કહેવાય છે. પછી બીજા મંડલથી પછીના - ત્રીજા મંડલમાં, આ જ

ધ્રુવરાશિના ૬૧ ભાગ હોવાથી ૩૬ ભાગ ભાગ સહિત જેટલી રાશિ થાય, તે કહે છે – ૮૩-$^{૨૪}/_{૬૦}$ યોજન, તેના $^{૧૭}/_{૬૧}$ ભાગ એ પ્રમાણે તે બીજા મંડલગતથી દૃષ્ટિપથ પ્રાપ્તતા પરિમાણ થાય છે. ચોથા મંડલમાં તે જ ધ્રુવરાશિ ૭૨-સહિત કરાય છે. કેમકે ચોથું મંડલ ત્રીજાની અપેક્ષાથી બીજું છે.

તેથી ૩૬ને બે વડે ગુણતાં ૭૨ થાય. તેના સહિત ૮૩ આદિ રાશિ આ પ્રમાણે થાય :- ૮૩-$^{૨૪}/_{૬૦}$ । $^{૫૩}/_{૬૧}$.

આ ત્રીજા મંડલમાં રહેલ દૃષ્ટિપથ પ્રાપ્તતા પરિમાણથી બાદ કરાય છે. તેથી યથાવસ્થિત ચોથા મંડલમાં - દૃષ્ટિપથ પ્રાપ્તિમાન છે. તે આ પ્રમાણે છે – ૪૭,૦૧૩ યોજન અને એક યોજનના $^{૮}/_{૬૦}$ ભાગના એકના સાઈઠાંશ ભાગથી $^{૧૦}/_{૬૧}$ ભાગ થાય.

સર્વાન્તિમ મંડલમાં ત્રીજા મંડલની અપેક્ષાથી ૧૮૨માં જ્યારે દૃષ્ટિપથ પ્રાપ્તિ જિજ્ઞાસા થાય ત્યારે ૩૬ને ૧૮૨ વડે ગુણીએ. તેથી પ્રાપ્ત સંખ્યા થસે - ૬૫૫૨. પછી ૬૦ ભાગ લાવવાને માટે ૬૧ ભાગે પ્રાપ્ત $^{૧૦૭}/_{૬૦}$ ભાગોની ૨૫ શેષ રહેશે. આ ધ્રુવરાશિ ઉમેરતા આવેલ ૮૫ યોજનો અને $^{૧૧}/_{૬૦}$ યોજના ૬૧ ભાગ હોવાથી $^{૬}/_{૬૧}$ થશે. તેથી આવશે - ૮૫ -$^{૧૧}/_{૬૦}$ । $^{૬}/_{૬૧}$ થાય.

અહીં ૩૬ ની ઉત્પત્તિ આ રીતે – પૂર્વ પૂર્વના મંડલથી પછી પછીના મંડલમાં દિવસમાં મુહૂર્ત્તના $^{૨}/_{૬૧}$ ભાગ વડે હીન થાય છે. પ્રતિમુહૂર્ત ૬૧ ભાગ અને અઢાર, એકસઠાંશ ભાગ ઘટે છે. તેથી ઉભય $^{૧૮}/_{૬૧}$ + $^{૧૮}/_{૬૧}$ થી ૩૬ આવે. તે અઢાર ભાગો કલા વડે ન્યૂન પ્રાપ્ત થાય છે, પરિપૂર્ણ નહીં. પણ વ્યવહારથી પૂર્વે પરિપૂર્ણ વિવક્ષિત છે. તે કલા વડે ન્યૂનત્વ પ્રતિમંડલે થાય છે. જ્યારે ૧૮૨માં મંડલમાં એકત્ર ભેગા કરીને વિચારીએ ત્યારે $^{૬૮}/_{૬૧}$ ભાગ ત્રુટિત થાય છે. આ પણ વ્યવહારથી કહ્યું, પરમાર્થથી વળી કંઈક અધિક ત્રુટિત જાણવું. પછી આ $^{૬૮}/_{૬૧}$ બાદ કરીએ. તે બાદ કરતાં ૮૫ યોજન $^{૯}/_{૬૦}$ ભાગના $^{૬૦}/_{૬૧}$ ભાગ આવશે અર્થાત્ ૮૫-$^{૯}/_{૬૦}$ । $^{૬૦}/_{૬૧}$ સંખ્યા થશે.

એ પ્રમાણે સર્વ બાહ્ય મંડલ પછી, પૂર્વેના બીજા મંડલમાં રહેલ દૃષ્ટિપથ પ્રાપ્તતા પરિમાણથી ૩૧,૯૧૬ યોજન અને યોજનના $^{૩૯}/_{૬૦}$ ભાગ, તેના $^{૬૦}/_{૬૧}$ ભાગ થાય, તેથી ૩૧,૯૧૬-$^{૩૯}/_{૬૦}$ । $^{૬૦}/_{૬૧}$. એ પ્રમાણે આવા સ્વરૂપથી શોધિત કરતાં યથોક્ત સર્વ બાહ્ય મંડલમાં દૃષ્ટિપથ પ્રાપ્તતા પરિમાણ થાય છે. તે આગળ સ્વયં કહેશે.

તેથી એ પ્રમાણે પુરુષ છાયામાં દૃષ્ટિપથ પ્રાપ્તતારૂપ બીજા વગેરે કેટલાં મંડલોમાં કિંચિંત્ ન્યૂન ૮૪ ઉપરિતન મંડલોમાં અધિક-અધિકતર ઉક્ત પ્રકારે વધતાં-વધતાં ત્યાં સુધી જાણવું જ્યાં સુધી સર્વબાહ્ય મંડલ સંક્રમીને ચાર ચરે છે. અર્થાત્ તેમાં સાધિક ૮૫-યોજન ઘટે છે.

અહીં સાધિક-૮૩, સાધિક-૮૪, સાધિક-૮૫ યોજનોનો સંભવ છતાં સૂત્રમાં જે ‘‘ચોર્યાશી’’નું ગ્રહણ કરેલ છે, તે ‘‘દેહલીપ્રદીપ’’ ન્યાયથી બંને બાજુ પડખામાં



રહેલ ૮૩ અને ૮૫ એ બંને સંખ્યાનું ગ્રહણ થઈ શકે, તે માટે છે તેમ જાણવું.

હવે ઉક્ત મંડલક્ષેત્રમાં પશ્ચાનુપૂર્વીથી સૂર્યની મુહૂર્ત્તગતિ આદિ કહે છે – ભગવન્ ! જ્યારે સૂર્ય સર્વબાહ્યમંડલને ઉપસંક્રમીને ચાર ચરે છે, ત્યારે એક એક મુહૂર્ત્તથી કેટલાં ક્ષેત્રમાં જાય છે ? ગૌતમ ! ૫૩૦૫-$^{૧૫}/_{૬૦}$ યોજન એકૈક મુહૂર્ત્તથી જાય છે.

કઈ રીતે ? તે કહે છે – આ મંડલમાં પરિધિનું પરિમાણ ૩,૧૮,૩૧૫ યોજન છે. તેથી આની પૂર્વોક્ત યુક્તિવશથી ૬૦ વડે ભાગતા જે પ્રાપ્ત યથોક્ત આ મંડલમાં મુહૂર્ત્તગતિ પરિમાણ થાય. હવે દૃષ્ટિપથ પ્રાપ્તતા પરિમાણ કહે છે –

સર્વ બાહ્યમંડલ ચાર ચરણ કાળમાં અહીં રહેલ મનુષ્યના, એમ પૂર્વવત્:- ૩૧,૮૩૧-$^{૩૦}/_{૬૦}$ યોજને સૂર્ય જલ્દીથી ચક્ષુ:સ્પર્શમાં આવે છે. તેથી કહે છે – આ મંડલમાં સૂર્ય ચાર ચરે છે, ત્યારે દિવસ બાર મુહૂર્ત્ત પ્રમાણ છે, દિવસના અર્દ્ધથી જેટલાં માત્ર ક્ષેત્રને વ્યાપ્ત કરે છે, તેટલામાં સ્થિત ઉદય પામતો સૂર્ય પ્રાપ્ત થાય છે. બાર મુહૂર્ત્તનું અર્દ્ધ છ મુહૂર્ત્ત, પછી જે આ મંડલમાં મુહૂર્ત્તગતિ પરિમાણ ૫૩૦૫-$^{૧૫}/_{૬૦}$ યોજન છે, તેને ઉક્ત છ વડે ગુણીએ. કેમકે અર્ધ દિવસ વડે ગુણિત જ મુહૂર્ત્તગતિની દૃષ્ટિપથ પ્રાપ્તતા રૂપ કરણ હોય છે. પછી યથોક્ત આ મંડલમાં દૃષ્ટિપથની પ્રાપ્તતાના પરિમાણ થાય છે.

જો કે ઉપાંત્ય મંડલ દૃષ્ટિપથ પ્રાપ્તતા પરિમાણથી ૮૫ યોજન અને એક યોજનના $^{૯}/_{૬૦}$ ભાગ તથા તેના $^{૬૦}/_{૬૧}$ ભાગ એ પ્રમાણે રાશિ શોધિત કરતાં આ પ્રાપ્ત થાય. એ પ્રમાણે પૂર્વે કહેલ છે, છતાં પણ પ્રસ્તુત મંડલના ઉત્તરાયણગત મંડલની અવધિરૂપપણાથી અન્ય મંડલ કરણ નિરપેક્ષતાથી કરણાંતર કરેલ છે. આ સર્વાભ્યંતરમંડલથી પૂર્વાનુપૂર્વીથી ગણતાં ૧૮૩મું છે. તે પ્રતિમંડલ અહોરાત્રગણનાથી અહોરાત્ર પણ ૧૮૩મું થાય. તેનાથી આ દક્ષિણાયનનો છેલ્લો દિવસ છે, ઈત્યાદિ જણાવવાને માટે સૂત્રકારશ્રી અહીં કહે છે –

આ દક્ષિયાનના ૧૮૩ દિવસરૂપ રાશિ, પહેલા છ માસ અર્થાત્ અયનરૂપ કાળ વિશેષ છે. તેની વ્યુત્પત્તિ ‘‘છ સંખ્યાનો માસ, તેના પીંડરૂપ જેમાં છે તે’’ એમ જાણવું. અન્યથા પહેલા છ માસ એવી એકવચન અનુપપત્તિ થાય. - x - આ પહેલાં છ માસરૂપ દક્ષિણાયન રૂપનું પર્યવસાન છે. અર્થાત્ હવે સર્વબાહ્યમંડલચાર પછી સૂર્ય બીજા છ માસને પામે છે. ક્યારે ? ઉત્તરાયણના પહેલાં અહોરાત્રમાં તેમ જાણવું.

બાહ્ય પછીના પશ્ચાનુપૂર્વીથી બીજા મંડલમાં ઉપસંક્રમીને ચાર ચરે છે. હવે અહીં ગત્યાદિ પ્રશ્નાર્થ સૂત્ર કહે છે –

ભગવન્ ! જ્યારે સૂર્ય બાહ્ય અનંતર પૂર્વના બીજા મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે ભગવન્ ! એકૈક મુહૂર્ત્તથી કેટલાં ક્ષેત્રમાં જાય છે ? ભગવંતે કહ્યું – ગૌતમ ! ૫૩૦૪ - $^{૫૭}/_{૬૦}$ યોજન એક મુહૂર્ત્તમાં જાય છે. તેથી કહે છે – આ મંડલમાં પરિધિ પરિમાણ ૩,૧૮,૯૨૭ યોજન છે. તેને ૬૦ વડે ભાગ કરતાં અહીં યથોક્ત મંડલમાં મુહૂર્ત્તગતિ પ્રમાણ પ્રાપ્ત થાય છે.

અહીં પણ દૃષ્ટિપથ પ્રાપ્તતા પરિણામ કહે છે – ત્યારે અહીં રહેલ મનુષ્યને ૩૧,૯૧૬ યોજન અને યોજનના ૩૯/૬૦ ભાગ તથા તેના ૬૦/૬૧ ચૂર્ણિકા ભાગ સૂર્ય ચક્ષુસ્પર્શને પામે છે. તેથી કહે છે – આ મંડલમાં સૂર્ય ચાર ચરે છે ત્યારે દિવસ બાર મુહૂર્ત પ્રમામ અને ૨/૬૧ ભાગ વડે અધિક છે. તેનું અડધું તે છ મુહૂર્તો. એક મુહૂર્ત વડે ૬૧ ભાગથી અધિક, તેથી છ મુહૂર્તથી ૬૧ને ગુણીએ, તેથી એક સાઈઠ ભાગ તેમાં અધિક ઉમેરીએ. તેનાથી પ્રાપ્ત સંખ્યા થશે ૩૬૭. તેથી પ્રસ્તુત મંડલમાં જે પરિમાણ - ૩,૧૮,૨૯૭ આવે. આ યોજન રાશિને ૬૦ વડે ગુણવાથી મુહૂર્તગતિ આવે. તે જે રીતે વ્યવહાર કરાય છે, તે પૂર્વે કહેલ છે.

ઉક્ત સંખ્યાને ૩૬૭ વડે ગુણવાથી - ૩,૧૮,૨૯૭ x ૩૬૭ = ૧૧,૬૮,૧૪,૯૯૯ આવશે. તેને ૬૧ x ૬૦ = ૩૬૬૦ સંખ્યા વડે ભાગ કરાતાં પ્રાપ્ત સંખ્યા છે - ૩,૯૧૬, શેષ વધે છે - ૨૪૩૯. આ શેષના યોજન ન આવે, તેથી ૬૦ ભાગ લાવવાને માટે ૬૧ વડે ભાગ દેવાતા પ્રાપ્ત થાય છે ૩૯/૬૦ ભાગ આવશે. તેના એકના સાઈઠ ભાગના હોવાથી આવશે ૬૦/૬૧. હવે ત્રીજું મંડલ કહે છે –

જંબૂદ્વીપાભિમુખ ચરતો સૂર્ય બીજા અહોરાત્રમાં અર્થાત્ ઉત્તરાયણમાં. બાહ્ય ત્રીજું મંડલ ઉપસંક્રમીને ચાર ચરે છે. ત્યારે શું ? જ્યારે ભગવન્ ! સૂર્ય, બાહ્ય ત્રીજા મંડલમાં ઉપસંક્રમીને ચાર ચરે છે, ત્યારે એકૈક મુહૂર્તથી કેટલાં ક્ષેત્રમાં જાય છે ?

ભગવંતે કહ્યું – ગૌતમ ! ૫૩૦૪-૩૯/૬૦ એકૈક મુહૂર્તથી જાય છે. તેથી કહે છે – આ મંડલમાં પરિધિ પરિમાણ - ૩,૧૮,૨૭૯ છે. આને ૬૦ ભાગ વડે ભાગ કરાતા પ્રાપ્ત યથોક્ત આ મંડલમાં મુહૂર્તગતિ પરિમાણ આવે.

હવે અહીં દૃષ્ટિપથ પ્રાપ્તતા - ત્યારે અહીં રહેલ મનુષ્યને ૩૨,૦૦૧ - ૪૯/૬૦ । ૩૩/૬૧ યોજને સૂર્ય દૃષ્ટિપથમાં આવે છે.

તેથી કહે છે – આ મંડલમાં દિવસ બાર મુહૂર્ત પ્રમાણ અને ૪/૬૧ મુહૂર્ત ભાગથી અધિક છે, તેનું અડધું કરતાં છ મુહૂર્ત આવે અને ૨/૬૧ ભાગ મુહૂર્ત અધિક થાય. તેથી સામસ્ત્યથી ૬૧ ભાગ કરવાને માટે છ મુહૂર્તોને ૬૧ વડે ગુણીએ, ગુણીને તેમાં ૨/૬૧ ભાગો ઉમેરતા ૩૬૮ સંખ્યા આવશે. તેથી આ મંડલમાં જે પરિધિ પ્રમાણ આવશે તે આ છે – ૩,૧૮,૨૭૯. આ સંખ્યાને ૩૬૮ વડે ગુણવાથી ૧૧,૭૧,૨૬,૬૭૨ સંખ્યા આવશે. આ સંખ્યાને ૬૧ વડે ગુણિત ૬૦ = ૩૬૬૦ વડે ભાગતાં પ્રાપ્ત સંખ્યા આવે – ૩૨,૦૦૧, શેષ-૩૦૧૨ રહેશે. તેના ૬૦ ભાગ લાવવા માટે ૬૧ ભાગ વડે ભાગ દેતાં ૪૯/૬૦ આવે. એકના ૬૧ ભાગ હોવાથી આવશે ૨૩/૬૧ ભાગ.

સમવાયાંગમાં ૩૩માં સમવાયમાં - જ્યારે સૂર્ય બાહ્ય-અનંતર ત્રીજા મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે અહીં રહેલ પુરુષને કિંચિત્ વિશેષ ન્યૂન ૩૩,૦૦૦ યોજનથી દૃષ્ટિપથમાં જલ્દી આવે છે. આની વૃત્તિમાં અહીં જે કહ્યું કે કિંચિત્ ન્યૂન ૩૩, ત્યાં સાતિરેક યોજન છતાં પણ ન્યૂન હજારપણું વિવક્ષિત હોય તેમ સંભવે છે.

હવે અહીં પણ ચોથા મંડલાદિમાં અતિદેશ કહે છે – એ પ્રમાણે ઉક્ત પ્રકારે



નિશ્ચિત આ ઉપાય વડે ધીમે ધીમે તે-તે પછીના અભ્યંતર મંડલ અભિમુખ ગમનરૂપ અભ્યંતર પ્રવેશતો સૂર્ય તે અનંતર મંડલથી અનંતર મંડલમાં સંક્રમણ કરતો-કરતો એકૈક મંડલમાં મુહૂર્તગતિ, એમ અહીં પૂર્વવત્ મુહૂર્તગતિ પરિમાણમાં ૧૮/૬૦ યોજન વ્યવહારથી પરિપૂર્ણ અને નિશ્ચયથી કંઈક ન્યૂન ઘટાડતો-ઘટાડતો, પૂર્વમંડલથી અભ્યંતર-અભ્યંતર મંડલની પરિધિને આશ્રીને અઢાર યોજન હીનપણાથી છે. પુરુષછાયા પણ અહીં પૂર્વવત્. તેનો અર્થ આ છે –

પુરુષછાયામાં દૃષ્ટિપથ પ્રાપ્તતારૂપ ૯/૬૦ ભાગ અને ૬૦ ચૂર્ણિકા ભાગ વડે સમધિક પંચ્યાશી-પંચ્યાશી યોજન વધતાં-વધતાં પહેલા-બીજા આદિ કેટલાં મંડલોમાં આ વૃદ્ધિ જાણવી, સર્વમંડલની અપેક્ષાથી જે ક્રમથી સર્વાભ્યંતર મંડલથી પછી દૃષ્ટિપથ પ્રાપ્તતાને ઘટાડતા નીકળી, તે જ ક્રમથી સર્વ બાહ્યમંડલથી પૂર્વમાં દૃષ્ટિપથ પ્રાપ્તતા વધારીને પ્રવેશે છે. તેમાં સર્વ બાહ્ય મંડલથી પૂર્વેના બીજા મંડલગત દૃષ્ટિપથપ્રાપ્તતા પરિમાણથી સર્વ બાહ્ય મંડલમાં ૮૫ - ૯/૬૦ યોજન અને ૬૧ ભાગથી ભેદીને ૬૦ ભાગને ઘટાડે છે અને આ પૂર્વે કહેલ છે. તેથી સર્વબાહ્યથી પૂર્વેના બીજા મંડલમાં પ્રવેશતો ત્યાં ફરી પણ દૃષ્ટિપથ પ્રાપ્તતા પરિમાણમાં અભિવૃદ્ધિ કરે છે, અને તે ધ્રુવ છે.

તેથી પૂર્વના મંડલોમાં જે મંડલમાં દૃષ્ટિપથ પ્રાપ્તતા જાણવાને ઈચ્છે છે – ત્રીજા મંડલથી આરંભીને, તે-તે મંડલ સંખ્યાથી ૩૬ને ગુણીએ, તે આ પ્રમાણે – ત્રીજા મંડલની વિચારણામાં એકથી ચોથા મંડલની વિચારણામાં બે વડે એ પ્રમાણે યાવત્ સર્વાભ્યંતર મંડલ વિચારણામાં ૧૮૨થી અહીં ગુણીને જે પ્રાપ્ત થાય, તે ધ્રુવરાશિને દૂર કરી બાકીની ધ્રુવરાશિ સહિત પૂર્વ-પૂર્વ મંડલગત દૃષ્ટિપથ પ્રાપ્તતા પરિમાણ, તે મંડલમાં કહેવા. જે રીતે ત્રીજા મંડલમાં ૩૬ને ૧ વડે ગુણાય છે. તેથી ૩૬ જ આવે. તે ધ્રુવરાશિથી દૂર કરાય છે. તેથી શેષ આ આવે, ૮૫-૯/૬૦ । ૨૪/૬૧ આના વડે પૂર્વમંડલગત દૃષ્ટિપત પ્રાપ્તતા પરિમાણ ૩૧,૯૧૬ યોજન અને યોજનના ૩૯/૬૧ ભાગ તથા ૬૦/૬૧ ભાગ સહિત કરાતા ત્રીજા મંડલમાં યથોક્ત દૃષ્ટિપથ પ્રાપ્તતા પરિમાણ થાય છે. તે પૂર્વે દેખાડેલ છે.

ચોથા મંડલમાં ૩૬ને બે વડે ગુણીએ, ગુણીને ધ્રુવરાશિથી બાદ કરતાં, શેષ ધ્રુવરાશિ વડે ત્રીજામંડલગત દૃષ્ટિપથ પ્રાપ્તતા પરિમાણ સહિત કરાય છે, પછી અહીં તે મંડલમાં દૃષ્ટિપથ પ્રાપ્તતા પરિમાણ થાય - ૩૨,૦૮૬ - ૫૮/૬૦ । ૧૧/૬૧ છે. એ પ્રમાણે બાકીના મંડલોમાં વિચારવું.

જ્યારે સર્વાભ્યંતર મંડલમાં દૃષ્ટિપથ પ્રાપ્તતા પરિમાણને જાણવાને ઈચ્છો છો, ત્યારે ૩૬ને ૧૮૨ વડે ગુણવા. ત્રીજા મંડલથી આરંભી સર્વાભ્યંતર મંડલને ૧૮૨માં પણાથી આમ કહ્યું. તેથી આવશે ૬૫૫૨, તેને ૭૧ ભાગથી ભાંગતા પ્રાપ્ત ૧૦૭/૬૦ અને બાકી છે - ૨૫/૬૧. આ ૮૫-૯/૬૦ । ૬૦/૬૧ યોજન રૂપ ધ્રુવરાશિથી શોધિત થાય છે. તેથી પછી ૮૩ - ૨૨/૬૦ । ૩૫/૬૧ ભાગ. અહીં ૩૬/૬૧ ભાગ કલા વડે ન્યૂન પરમાર્થથી પ્રાપ્ત થાય છે. તે પૂર્વે કહ્યું. તે કલાનું ન્યૂનત્વ પ્રતિમંડલે થાય.

જ્યારે ૧૮૨ માં મંડલે એકત્ર સાથે વિચારીએ, ત્યારે ૬૮/૬૧ ભાગ પ્રાપ્ત થાય. પછી તેને ફરી ઉમેરીએ, તેથી આવેલ ૮૩-૨૩/૬૦ । ૪૨/૬૧.

આના વડે સર્વાભ્યંતર અનંતર બીજા મંડલગત દૃષ્ટિપથ પ્રાપ્તતા પરિમાણ ૪૭,૧૭૯ - ૫૭/૬૦ । ૧૯/૬૧. એ રીતે એવા સ્વરૂપ સહિત કરાય ત્યારે યથોક્ત સર્વાભ્યંતર મંડલમાં દૃષ્ટિપથપ્રાપ્તતા પરિમાણ થાય છે. તે ૪૭,૨૬૩ - ૨૧/૬૦ યોજન છે.

એ પ્રમાણે દૃષ્ટિપથ પ્રાપ્તતામાં કેટલા મંડલોમાં સાતિરેક પંચ્યાશી-પંચ્યાશી યોજન આગળમાં ચોર્યાશી-ચોર્યાશી પર્યન્તે યથોક્ત અધિક સહિત, ૮૩ યોજન વધારતાં-વધારતાં ત્યાં સુધી કહેવું જ્યાં સુધી સર્વાભ્યંતર મંડલમાં સંક્રમીને ચાર ચરે છે.

આ સર્વાભ્યંતર મડંલ સર્વબાહ્ય અનંતર મંડલથી પશ્ચાનુપૂર્વીથી ગણતા ૧૮૩મું છે. પ્રત્યેક મંડલ અહોરાત્ર ગણનાથી અહોરાત્ર પણ ૧૮૩મું, તેનાથી આ ઉત્તરાયણનો છેલ્લો દિવસ ઈત્યાદિ જણાવવા કહે છે — આ બીજા છ માસ. પૂર્વોક્ત યુક્તિથી અયન વિશેષ જાણવા. આ બીજા છ માસનું પર્યવસાન ૧૮૩માં અહોરાત્રપણાથી કહ્યું. આ આદિત્ય ચાર ઉપલક્ષિત સંવત્સર છે. આના વડે નક્ષત્રાદિ સંવત્સરનો નિષેધ કર્યો.

ચરમ અયનના ચરમદિવસપણાંથી આ આદિત્ય સંવત્સરનું પર્યવસાન છે. એ રીતે મુહૂર્ત્તગતિ દ્વાર પૂર્ણ થયું. - x -

હવે આઠમું દિવસ-રાત્રિ વૃદ્ધિ-હાનિદ્વાર કહે છે —

● સૂત્ર-૨૫૯ :-

*ભગવન્ ! જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલમાં ઉપસંક્રમીને ચાર ચરે છે, ત્યારે દિવસ કેટલો મોટો અને રાત્રિ કેટલી મોટી હોય ?*

*ગૌતમ ! ત્યારે ઉત્તમ અવસ્થા પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્ત્તનો દિવસ હોય છે અને જઘન્યા બાર મુહૂર્ત્તની રાત્રિ હોય છે.*

*ત્યારે તે નિષ્ક્રમણ કરતો સૂર્ય નવા સંવત્સરમાં જતાં પહેલાં અહોરાત્રમાં અભ્યંતર અનંતર મંડલને ઉપસંક્રમીને ગતિ કરે છે.*

*ભગવન્ ! જ્યારે સૂર્ય અભ્યંતર અનંતર મંડલને સંક્રમીને ગતિ કરે છે, ત્યારે કેટલો મોટો દિવસ અને કેટલી મોટી રાત્રિ થાય છે ?*

*ગૌતમ ! ત્યારે ૨/૬૧ ભાગ મુહૂર્ત્તથી ન્યૂન ૧૮ મુહૂર્ત્તનો દિવસ થાય છે અને ૨/૬૧ ભાગ મુહૂર્ત્ત અધિક ૧૨-મુહૂર્ત્ત રાત્રિ થાય છે.*

*તે નિષ્ક્રમણ કરતો સૂર્ય બીજા અહોરાત્રમાં યાવત્ ગતિ કરે છે, ત્યારે દિવસ કેટલો મોટો હોય, રાત્રિ કેટલી મોટી હોય છે ?*

*ગૌતમ ! ત્યારે ૪/૬૧ ભાગ મુહૂર્ત્તથી ન્યૂન ૧૮-મુહૂર્ત્તનો દિવસ અને ૪/૬૧ ભાગ મુહૂર્ત્ત અધિક ૧૨-મુહૂર્ત્તની રાત્રિ થાય છે.*

*એ પ્રમાણે આ ઉપાયથી નિષ્ક્રમણ કરતો સૂર્ય, તે અનંતર મંડલથી પછીના અનંતર મંડલમાં સંક્રમણ કરતો ૨/૬૧ ભાગ - ૨/૬૧ ભાગ મુહૂર્ત્તથી મંડલમાં દિવસક્ષેત્રને ઘટાડતો-ઘટાડતો અને રાત્રિ ક્ષેત્રની અભિવૃદ્ધિ કરતો-કરતો સર્વ બાહ્ય મંડલને ઉપસંક્રમણ કરીને ચાર ચરે છે - ગતિ કરે છે.*



*જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલથી સર્વ બાહ્ય મંડલમાં ઉપસંક્રમી ગતિ કરે છે, ત્યારે સર્વાભ્યંતર મંડલને છોડીને ૧૮૩ અહોરાત્રમાં ૩૬૬ સંખ્યામાં ૧/૬૧ મુહૂર્ત્ત દિવસ ક્ષેત્રને ઘટાડીને અને તેટલાં જ મુહૂર્ત્ત રાત્રિ ક્ષેત્રની અભિવૃદ્ધિ કરીને ગતિ કરે છે.*

*ભગવન્ ! જ્યારે સૂર્ય સર્વબાહ્ય મંડલને ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે, ત્યારે દિવસ કેટલો મોટો થાય ? રાત્રિ કેટલી મોટી થાય ?*

*ગૌતમ ! ત્યારે ઉત્તમ અવસ્થા પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્ત્ત રાત્રિ થાય છે અને જઘન્ય બાર મુહૂર્ત્તનો દિવસ થાય છે.*

*આ પહેલાં છ માસ છે.*

*આ પહેલાં છ માસનું પર્યવસાન છે.*

*તે પ્રવેશ કરતો સૂર્ય બીજા છ માસમાં જતાં પહેલાં અહોરાત્રમાં બાહ્ય અનંતર મંડલમાં ઉપસંક્રમ કરીને ગતિ કરે છે.*

*ભગવન્ ! જ્યારે સૂર્ય બાહ્ય અનંતર મંડલમાં ઉપસંક્રમીને ગતિ કરે છે, ત્યારે દિવસ કેટલો મોટો હોય છે, રાત્રિ કેટલી મોટી હોય છે ?*

*ગૌતમ ! ૨/૬૧ ભાગ મુહૂર્ત્ત નર્યૂન અઢાર મુહૂર્ત્તની રાત્રિ હોય છે અને ૨/૬૧ મુહૂર્ત્ત અધિક બાર મુહૂર્ત્તનો દિવસ હોય છે.*

*તે પ્રવેશ કરતો સૂર્ય બીજા અહોરાત્રમાં, બાહ્ય ત્રીજા મંડલમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે.*

*ભગવન્ ! જ્યારે સૂર્ય, બાહ્ય ત્રીજા મંડલમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે, ત્યારે દિવસ કેટલો મોટો, રાત્રિ કેટલી મોટી હોય ?*

*ગૌતમ ! ત્યારે ૪/૬૧ મુહૂર્ત્ત ન્યૂન અઢાર મુહૂર્ત્તની રાત્રિ હોય છે અને ૪/૬૧ મુહૂર્ત્ત અધિક બાર મુહૂર્ત્તનો દિવસ થાય છે.*

*એ પ્રમાણે આ ઉપાયથી પ્રવેશ કરતો સૂર્ય તેની પછીના મંડલ થકી, તેની પછીના મંડલમાં સંક્રમણ કરતો-કરતો બબ્બે એકસઠાંશ ભાગ [૨/૬૧] મુહૂર્ત્તથી એક એક મંડલમાં રાત્રિક્ષેત્રને ઘટાડતાં-ઘટાડતાં અને દિવસક્ષેત્રની અભિવૃદ્ધિ કરતાં-કરતાં સર્વાભ્યંતર મંડલમાં ઉપસંક્રમણ કરીને ચાર ચેર છે — ગતિ કરે છે.*

*ભગવન્ ! જ્યારે સૂર્ય સર્વબાહ્ય મંડલથી સર્વાભ્યંતર મંડલમાં ઉપસંક્રમણ કરીને ચાર ચરે છે, ત્યારે સર્વ બાહમંડલને છોડીને ૧૮૩ અહોરાત્રમાં ૩૬૬ સંખ્યામાં ૧/૬૧ મુહૂર્ત્ત રાત્રિ ક્ષેત્રની હાનિ કરતાં અને દિવસ ક્ષેત્રની અભિવૃદ્ધિ કરતાં ગતિ કરે છે.*

*આ બીજા છ માસ છે.*

*આ બીજા છ માસનું પર્યવસાન છે.*

*આ આદિત્ય સંવત્સર કહ્યો.*

*આ આદિત્ય સંવત્સરનું પર્યવસાન કહેલ છે.*

● **વિવેચન-૨૫૯ :-**

ભગવન્ ! જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલને ઉપસંક્રમીને ગતિ કરે છે, ત્યારે કેટલો મોટો આલય - વ્યાપ્યક્ષેત્રરૂપ આશ્રય જેનો છે તે, કેટલો મોટો દિવસ થાય છે ? કેટલી મોટી રાત્રિ થાય છે ?

ભગવંતે કહ્યું — ગૌતમ ! ત્યારે ઉત્તમ અવસ્થાને પામેલ સૂર્ય સંવત્સરના ૩૬૬ દિવસ મધ્યે, તેથી બીજો કોઈ અધિક નહીં. તેથી જ ઉત્કૃષ્ટ, અઢાર મુહૂર્ત પ્રમાણ દિવસ થાય છે. જે મંડલમાં જેટલાં પ્રમાણ દિવસ છે, તેમાં તેની અપેક્ષાથી શેષ અહોરાત્ર પ્રમાણ રાત્રિ થાય, તેથી જઘન્યા બાર મુહૂર્તની રાત્રિ થાય છે.

બધાં જ ક્ષેત્ર કે કાળમાં અહોરાત્રના ૩૦ મુહૂર્ત સંખ્યાકત્વના નિયતપણાંથી આમ કહ્યું.

[શંકા] જ્યારે ભરતક્ષેત્રમાં ૧૮-મુહૂર્ત પ્રમાણ દિવસ હોય, ત્યારે વિદેહમાં જઘન્યા ૧૨-મુહૂર્ત પ્રમાણ રાત્રિ છે. તો બાર મુહૂર્તથી પછી રાત્રિ અતિક્રાંતપણાંથી છ મુહૂર્ત સુધી ક્યાં કાળથી કહેવું ? એમ ભરતક્ષેત્રમાં પણ કહેવું.

[સમાધાન] અહીં છ મુહૂર્તગમ્ય ક્ષેત્ર બાકી રહેતા, ત્યાં સૂર્યના ઉદયમાનત્વ દિવસથી છે, તે સૂર્યોદય - અસ્ત અંતર વિચારણાથી તે મંડલગત દૃષ્ટિપથ પ્રાપ્તતા વિચારણાથી સૂપપન્ન છે. કહે છે — એ પ્રમાણે હોવાથી સૂર્યોદય-સૂર્યાસ્ત અનિયત પ્રાપ્ત થાય છે. આ અનાર્ષ નથી. તેથી કહ્યું છે કે —*[વૃત્તિગત ત્રણ ગાથાનો સારઃ-]*

જેમ જેમ સમયે-સમયે સૂર્ય આગળ આકાશમાં સંચરે છે, તેમ-તેમ નિયમથી રાત્રિ થાય છે. એમ હોવાથી મનુષ્યોને ઉદય અને અસ્ત અનિયત થાય છે. દેશ-કાળનો ભેદ હોવાથી કોઈને કંઈક પણ નિયમથી વ્યવહાર કરાય છે. એક જ વખત નિર્દિષ્ટ રુદ્ર મુહૂર્ત ક્રમથી બધામાં છે. ઈત્યાદિ - x -

જે સૂર્યપ્રજ્ઞપ્તિ વૃત્તિમાં સૂર્યમંડલ સંસ્થિતિ અધિકારમાં સમચતુરસ્ર સંસ્થિતિ વર્ણનમાં યુગની આદિમાં એક સૂર્ય દક્ષિણ-પૂર્વમાં અને એક ચંદ્ર દક્ષિણ-પશ્ચિમમાં હોય. બીજો સૂર્ય પશ્ચિમ-ઉત્તરમાં અને બીજો ચંદ્ર ઉત્તર-પૂર્વમાં છે, તેમ કહ્યું. તે દક્ષિણાદિ ભાગોમાં મૂલોદયની અપેક્ષાથી જાણવું.

આ સર્વોત્કૃષ્ટ દિવસ, પૂર્વ સંવત્સરનો છેલ્લો દિવસ છે. એ પ્રમાણે જણાવવા કહે છે — તે નિષ્ક્રમણ કરતો૦ ઈત્યાદિ.

હવે નિષ્ક્રમણ કરતો સૂર્ય નવા સંવત્સરને પામીને, પહેલાં અહોરાત્રમાં અભ્યંતર અનંતર બીજા મંડલમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. હવે દિવસ અને રાત્રિની વૃદ્ધિ-હાનિ અર્થે કહે છે —

ભગવન્ ! જ્યારે સૂર્ય અભ્યંતર પછીના બીજા મંડલમાં સંક્રમીને ગતિ કરે છે, ત્યારે કેટલા પ્રમાણવાળો દિવસ અને કેટલા પ્રમાણવાળી રાત્રિ હોય છે ? [ઈત્યાદિ બધું સૂત્રાર્થ મુજબ જાણવું.] તેની ઉપપત્તિ —

અઢાર મુહૂર્તના દિવસમાં બાર મુહૂર્તો ધ્રુવ છે અને છ મુહૂર્તો ચર છે. તે મંડલોમાં ૧૮૩ સંખ્યામાં વધે છે અને ઘટે છે. તેથી અહીં ત્રિરાશિ આ રીતે આવે



— જો મંડલના ૧૮૩માં ૬ મુહૂર્ત વધે કે ઘટે ત્યારે એક મંડલથી કેટલાં વધે કે ઘટે ? ૧૮૩ । ૬ । ૧. - અહીં અંત્ય રાશિ ૧ વડે મધ્યરાશિ-૬ ને ગુણતાં ૬ x ૧ = ૬ જ થાય. તે ૬ને આદ્ય રાશિ ૧૮૩ વડે ભાંગવામાં આવે, તો અલ્પપણાથી ભાગ આપી ન શકાય. તેથી ભાજ્ય-ભાજક રાશિને ત્રણ વડે અપવર્તના કરવી. તેથી ઉપરની રાશિ-૨-આવે અને નીચેની રાશિ ૬૧ આવશે. [$^{૬}/_{૧૮૩}$ = $^{૨}/_{૬૧}$] આવેલ આ $^{૨}/_{૬૧}$ ભાગ મુહૂર્તથી દિવસ તેટલો ઘટશે અને રાત્રિ તેટલી વધશે.

આ પ્રમાણે આગળ આગળ પણ કરણ ભાવના કરવી.

હવે આગળના મંડલમાં દિવસ-રાત્રિની વૃદ્ધિ અને હાનિ પૂછતાં કહે છે — નિકળતો એવો સૂર્ય દક્ષિણાયનમાં હોય ત્યારે બીજા અહોરાત્રમાં અભ્યંતર ત્રીજા મંડલમાં સંક્રમીને ચાર ચરે ત્યારે કેટલાં પ્રમાણવાળો દિવસ અને કેટલાં પ્રમાણવાળી રાત્રિ થાય છે ?

ગૌતમ ! ૧૮ મુહૂર્ત પ્રમાણના બે પૂર્વમંડલના અને બે પ્રસ્તુત મંડલ એ પ્રમાણે ચાર મુહૂર્ત વડે ૬૧ ભાગ [$^{૪}/_{૬૧}$] ન્યૂન દિવસ થાય અને ઉક્ત પ્રકારે જ બાર મુહૂર્તમાં $^{૪}/_{૬૧}$ ભાગ રાત્રિ વધારે થાય છે.

ઉક્ત સિવાયના મંડલોમાં અતિદેશ કરતાં કહે છે —

એ પ્રમાણે ત્રણ મંડલમાં દર્શાવેલી રીતે નિશ્ચિત અનંતરોક્ત ઉપાયથી પ્રતિમંડલ દિવસ રાત્રિના મુહૂર્તથી $^{૨}/_{૬૧}$ ભાગ વૃદ્ધિ-હાનિ રૂપથી દક્ષિણાભિમુખ જતો સૂર્ય તેની પછી-પછીના મંડલમાં સંક્રમતો $^{૨}/_{૬૧}$ ભાગ - $^{૨}/_{૬૧}$ ભાગ એક મંડલમાં દિવસ ક્ષેત્રને ઘટાડતો-ઘટાડતો અને રાત્રિક્ષેત્રમાં તેટલું જ વધારતો-વધારતો - x - સર્વ બાહ્યમંડલે સંક્રમીને ચાર ચરે છે.

પ્રતિમંડલમાં બે ભાગ હાનિ-વૃદ્ધિ કહી. અસર્વમંડલોમાં ભાગોની સંપૂર્ણ હાનિ-વૃદ્ધિ કરવાને કહે છે — જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલથી - સર્વાભ્યંતર મંડલ આરંભીને સર્વબાહ્ય મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે સર્વાભ્યંતર મંડલની મર્યાદા કરીને - છોડીને, અર્થાત્ તેની પછી બીજા મંડલથી આરંભીને ૧૮૩ અહોરાત્રોના ૩૬૬ મુહૂર્ત વડે ૬૧ ભાગ દિવસક્ષેત્રની અભિવૃદ્ધિ કરે છે. શો અર્થ કર્યો ? ૩૬૬ મુહૂર્ત વડે ૬૧ ભાગથી જેટલું ક્ષેત્ર થાય, તેટલાં માત્ર ક્ષેત્રને ઘટાડીને, તેટલાં જ ક્ષેત્ર - રાત્રિ ક્ષેત્રને વધારીને ચાર ચરે છે.

ઉક્ત કથનનો આ અર્થ છે — દક્ષિણાયન હોવાથી ૧૮૩ મંડલોમાં પ્રત્યેકમાં બે ભાગ ઘટાડતા ૧૮૩ વડે ગુણવાથી ૩૬૬ રાશિરૂપ આવે, તેથી તેટલાં જ રજનીક્ષેત્રને વધારે છે.

આ જ વાત પશ્ચાનુપૂર્વીથી પૂછે છે - તેનો ઉત્તર, હે ગૌતમ ! ત્યારે પ્રકૃષ્ટાવસ્થા પ્રાપ્ત, તેથી જ ઉત્કૃષ્ટા અર્થાત્ તેનાથી પ્રકર્ષવતી કોઈ રાત્રિ નથી. અઢાર મુહૂર્ત પ્રમાણ રાત્રિ થાય છે. ત્યારે ૩૦ મુહૂર્તની સંખ્યા પૂર્ણ કરવા માટે જઘન્ય ૧૨-મુહૂર્ત પ્રમામ દિવસ થાય છે. કેમકે ૩૦-મુહૂર્ત અહોરાત્રના હોય છે.

આ અહોરાત્ર દક્ષિણાયનનું ચરમ ઈત્યાદિ પ્રજ્ઞાપનાર્થે કહે છે — તે પૂર્વોક્ત

છે. હવે અહીં બીજા મંડલ વિશે પૂછતાં કહે છે — ભગવન્ ! જ્યારે સૂર્ય સર્વબાહ્ય પછીના બીજા મંડલમાં સંક્રમીને ચાર ચરે છે ત્યારે૰ [ઈત્યાદિ બધું સૂત્રાર્થવત્ કહેવું.] ભાગની ન્યૂન-અધિક કરણયુક્તિ પૂર્વવત્ જાણવી.

હવે ત્રીજા મંડલનો પ્રશ્ન કરતાં કહે છે — પ્રશ્નસૂત્ર પૂર્વવત્. ઉત્તરમાં, ગૌતમ ! ત્યારે અઢાર મુહૂર્ત્તમાં બે પૂર્વમંડલના, બે પછીના મંડલના એમ ૪/૬૧ ભાગ મુહૂર્ત્ત ન્યૂન રાત્રિ થાય છે અને તેટલાં જ ભાગ મુહૂર્ત્ત દિવસની વૃદ્ધિ થાય છે.

ઉક્તથી અતિરિક્ત મંડલોમાં અતિદેશ કરતાં કહે છે — એ પ્રમાણે ત્રણ મંડલમાં દર્શાવેલ રીતે, અનંતરોક્ત ઉપાયથી પ્રતિમંડલ દિવસ-રાત્રિના ૨/૬૧ ભાગ મુહૂર્ત્તની હાનિ-વૃદ્ધિ રૂપે પ્રવેશતો જંબૂદ્વીપમાં મંડલો કરતો સૂર્ય તેના અનંતર મંડલથી અનંતર મંડલમાં સંક્રમણ કરતો-કરતો ૨/૬૧ ભાગ એક મંડલમાં રાત્રિ ક્ષેત્રને ઘટાડતો અને દિવસક્ષેત્રને તેટલું વધારતો સર્વાભ્યંતર મંડલને સંક્રમીને ચાર ચરે છે - ગતિ કરે છે.

અહીં પણ બધાં મંડલોમાં ભાગોની હાનિ-વૃદ્ધિને સંપૂર્ણ દર્શાવવા માટે કહે છે — [બધું સૂત્રાર્થ અને નિષ્ક્રમણ કરતાં સૂર્યની માફક વૃત્તિકારે નોંધેલ છે૰]

હવે નવમું તાપક્ષેત્ર દ્વાર —

● **સૂત્ર-૨૬૦ થી ૨૬૨ :-**

*[૨૬૦] ભગવન્ ! જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલમાં સંક્રમીત થઈને ચાર ચરે છે, ત્યારે કેવા આકારે તાપક્ષેત્ર સંસ્થિતિ છે ?*

*ગૌતમ ! ઉર્ધ્વમુખી કદંબ પુષ્પના આકારની તાપક્ષેત્રની સંસ્થિત કહેલી છે. અંદરથી સંકીર્ણ અને બહારથી વિસ્તૃત. અંદર વૃત્ત અને બહાર પૃથુલ, અંદર અંકમુખ સંસ્થિત અને બહાર શકટઉર્ધ્વીમુખ સંસ્થિત છે.*

*મેરુની બંને પાર્શ્વેમાં તેની બે બાહાઓ અવસ્થિત છે. તે પ્રત્યેક બાહા પીસ્તાળીશ-પીસ્તાળીશ હજાર લાંબી છે અને તેની બે બાહાઓ અનવસ્થિત હોય છે. તે આ પ્રમાણે - સર્વાભ્યંતરિકા બાહા અને સર્વાબાહિકા બાહા.*

*તેમાં સર્વાભ્યંતરિકા બાહા મેરુ પર્વતને અંતે ૯૪૮૬ યોજન અને એક યોજનના ૯/૧૦ ભાગ પરિધિથી છે.*

*ભગવન્ ! આ પરિધિવિશેષ કયા આધારે કહી છે ?*

*ગૌતમ ! જે મેરુની પરિધિ છે, તે પરિધિને ત્રણ વડે ગુણીને ગુણનફળને ૧૦ વડે છેદીને, દશ ભાગ ઘટાડતા આ પરિધિ વિશેષ કહેલી છે, તેમ કહેવું જોઈએ.*

*તે સર્વ બાહિરિકા બાહા લવણસમુદ્રને અંતે ૯૪,૮૬૮ યોજન અને એક યોજનના ૪/૧૦ ભાગ પરિધિથી છે.*

*ભગવન્ ! તે પરિધિ વિશેષ કઈ રીતે કહેલી છે ?*

*ગૌતમ ! જે મેરુ પર્વતની પરિધિ છે, તે પરિધિને બે વડે ગુણીને, દશ વડે છેદીને, દશ ભાગ લેતા, આ પરિધિ વિશેષ કહેલી છે તે પ્રમાણે કહેવું.*



*તેની સર્વબાહ્ય બાહા, લવણસમુદ્રના અંતે ૬૩,૨૪૫ યોજન અને એક યોજનના ૬/૧૦ ભાગ પરિધિથી છે.*

*ભગવન્ ! તે પરિધિ વિશેષ કઈ રીતે કહેલી છે ?*

*ગૌતમ ! ૭૮,૩૩૩ યોજન અને એક યોજનનો ત્રીજો ભાગ એટલે - ૭૮૩૩૩ - ૧/૩ લંબાઈથી કહેલ છે.*

*ભગવન્ ! જ્યારે સૂર્ય સર્વબાહ્યમંડલને ઉપસંક્રમિત થઈ ચાર ચરે છે, ત્યારે કયા આકારે તાપક્ષેત્ર સંસ્થિતિ છે ?*

*ગૌતમ ! ઉર્ધ્વીમુખ કદંબપુષ્પના આકારે સંસ્થિત કહેલી છે, તેમ પૂર્વવત્ બધું જાણવું. વિશેષ - અંતર એ છે કે — જે અંધકાર સંસ્થિતિનું પૂર્વ વર્ણિત પ્રમાણ છે, તે તાપક્ષેત્ર સંસ્થિતિ જાણવી અને જે તાપક્ષેત્ર સંસ્થિતિનું પૂર્વ વર્ણિત પ્રમાણ છે, તે અંધકાર સંસ્થિતિનું પ્રમઆમ છે, તેમ જાણવું.*

● **વિવેચન-૨૬૦ થી ૨૬૨ :-**

ભગવન્ ! જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલમાં ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે, ત્યારે ક્યાં સંસ્તાને તાપક્ષેત્ર - સૂર્યના આતપથી વ્યાપ્ત આકાશખંડની સંસ્થિતિ - વ્યવસ્થા કહી છે ? અર્થાત્ સૂર્યના આતપનું શું સંસ્થાન હોય છે ?

ભગવંતે કહ્યું — ગૌતમ ! ઉર્ધ્વમુખ, કેમકે તેને અધોમુખપણે કહે તો વક્ષ્યમાણ આકાર સંભવે નહીં. જે કદંબુક - નાલિકા પુષ્પ છે, તે સંસ્થાને સંસ્થિત છે, તેમ મેં અને બીજા તીર્થંકરોએ કહેલ છે. હવે આ જ સંસ્થાનને વિશેષથી કહે છે—

અંત - મેરુની દિશામાં સંકુચિત, બહિ - લવણની દિશામાં વિસ્તૃત, મેરુની દિશામાં વૃત્ત-અર્દ્ધવલયાકાર, સર્વતઃ વૃત્ત મેરુમાં રહેલ ત્રણ, બે કે દશ ભાગ અભિવ્યાપ્યીને વ્યવસ્થિતપણે છે. બહિઃ લવણની દિશામાં પૃથુલ - મુત્કલ ભાવથી વિસ્તારને પામેલ.

આ જ સંસ્થાન કથનથી સ્પષ્ટ કરે છે - મેરુ દિશામાં અંદર અંક - પદ્માસને બેસેલ ઉત્સંગરૂપ આસનબંધ, તેનું મુખ - અગ્રભાગ અર્ધવલયાકાર છે, તેની જેમ સંસ્થિત-સંસ્થાન જેનું છે તે. તથા બહિ - લવણ દિશામાં ગાડાની ઉધ્ધિનું મુખ - જ્યાંથી થઈને નિશ્રેણિકાના ફલકો બંધાય છે, તે અતિવિસ્તૃત થાય, તે સંસ્થાને. અર્થાત્ અંદર અને બહારના ભાગને આશ્રીને અનુક્રમે સંકુચિત અને વિસ્તૃત, એવો ભાવ છે.

બીજી પ્રતોમાં ‘‘બાહ્ય સ્વસ્તિક મુખ સંસ્થિત’’ પાઠ છે. તેમાં સ્વસ્તિક, તેનું મુખ - અગ્રભાગની જેમ અતિવિસ્તીર્ણપણે સંસ્થિત - સંસ્થાન જેનું છે તે. હવે તેની લંબાઈ કહે છે —

મેરુ પર્વતના બંને પડખે, તેની તાપક્ષેત્ર સંસ્થિતિને સૂર્યના ભેદથી બે પ્રકારે વ્યવસ્થિતમાં પ્રત્યેકના એક એકના ભાવથી બે બાહા-બબ્બે પાર્શ્વમાં અવસ્થિત - વૃદ્ધિહાનિ રહિતતા સ્વભાવમાં બધાં મંડલોમાં પણ નિયત પરિમાણ થાય છે.

ઉક્ત કથનનો આ અર્થ છે — એક ભરતમાં રહેલ સૂર્યે કરેલ દક્ષિણ પાર્શ્વ

અને બીજું ઐરવતમાં રહેલ સૂર્યકૃત ઉત્તર પાર્શ્વ, એમ બે પ્રકારે છે. તે પીસ્તાળીશ-પીસ્તાળીશ હજાર યોજન લંબાઈથી છે. મધ્યવર્તી મેરુથી આરંભીને બંને દક્ષિણ-ઉત્તર ભાગના ૪૫,૦૦૦ યોજનમાં વ્યવહિત જંબૂદ્વીપ પર્યન્તમાં વ્યવસ્થિત હોવાથી તેમ કહ્યું. એ પ્રમાણે પૂર્વ અને પશ્ચિમ ભાગમાં પણ કહેવું.

જ્યારે તેમાં બે સૂર્યો છે, ત્યારે આ લંબાઈ કહેવી. આ સૂત્ર જંબૂદ્વીપની લંબાઈની અપેક્ષાથી કહેવું. લવણસમુદ્રમાં તો ૩૩,૩૩૩ યોજન અને $^{૧}/_{૩}$ યોજન. આ બધાંને એકત્ર કરતાં ૭૮,૩૦૦ ઈત્યાદિ સૂત્રકાર આગળ કહેશે. તેને - x - અત્રે કહેલ નથી.

હવે અનવસ્થિત બાહાસ્વરૂપને કહે છે — એકૈક આતપક્ષેત્રની સંસ્થિતિ બે બાહામાં અનિયત પરિમાણ હોય છે. કેમકે પ્રતિમંડલે યથાયોગય હીયમાન-વર્દ્ધમાન પરિમાણત્વથી છે. તે આ પ્રમાણે - સર્વ અભ્યંતર અને સર્વ બાહ્ય. च एव શબ્દો પ્રત્યેકના અનવસ્થિત સ્વભાવના ધોતનાર્થે છે.

તેમાં જે મેરુના પાર્શ્વમાં વિષ્કંભને આશ્રીને બાહા છે તે સર્વાભ્યંતરા છે અને જે લવણની દિશામાં જંબૂદ્વીપ પર્યન્તને આશ્રીને જે બાહા છે, તે સર્વ બાહ્યા છે. લંબાઈ દક્ષિણ-ઉત્તર લંબાઈપણાથી જાણવી અને વિષ્કંભ પૂર્વ-પશ્ચિમ લંબાઈપણાથી જાણવો.

હવે સર્વાભ્યંતર પરિમાણનો નિર્દેશ કરે છે. એકૈક તાપક્ષેત્રની સંસ્થિતિથી સર્વાભ્યંતર બાહા મેરુ પર્વતની સમીપે ૯૪૮૬ - $^{૯}/_{૧૦}$ યોજન પરિધિથી છે. હવે ઉપપત્તિ અર્થે પ્રશ્ન કહે છે —

આ અનંતરોક્ત પ્રમાણ પરિધિ વિશેષ - મેરુ પરિધિથી વિશેષ કઈ રીતે - કયા પ્રમાણથી છે ? તે પ્રમાણ તેટલું જ છે અને કંઈ ન્યૂન કે અધિક નથીને ? તે કહો.

ભગવંતે કહ્યું — ગૌતમ ! જે મેરુની પરિધિ છે, તેને ત્રણ વડે ગુણીને દશ વડે ભાંગીને આ જ પર્યાયથી કહે છે — દશ ભાગ લેતા આ પરિધિ વિશેષ કહેલ છે, તેમ સ્વશિષ્યોને કહેવું. તેનો અર્થ આ છે — મેરુ વડે હણાતા સૂર્ય આતપ, મેરુ પરિધિને પરિક્ષેપીને રહેલા છે. એ પ્રમાણે મેરુ સમીપે અભ્યંતર તાપક્ષેત્ર વિષ્કંભચિંતા. હવે તેમ હોવાથી ૩૧,૬૨૩ યોજન પ્રમાણ, સર્વે પણ મેરુપરિધિ આ તાપક્ષેત્રની વિષ્કંભતાને પામે છે કે નહીં. અર્થાત્ સર્વાભ્યંતર મંડલમાં વર્તતો સૂર્ય દીપ્તલેશ્યાકપણાથી જંબૂદ્વીપ ચક્રવાલના જે-જે પ્રદેશમાં તે-તે ચક્રવાલ ક્ષેત્રાનુસારથી $^{૩}/_{૧૦}$ ભાગ પ્રકાશ કરે છે. દશ ભાગોના ત્રણના મીલનથી યાવત્ પ્રમાણ ક્ષેત્રને ત્યાં સુધી તાપિત કરે છે, એમ જાણવું.

[શંકા] તો મેરુની પરિધિનું ત્રણ ગુણી કરવાનું શા માટે ? દશ ભાગોના ત્રણ વડે ગુણવાથી ચરિતાર્થપણે છે.

સત્ય છે, શિષ્યોને સુખે બોધ થાય, તે માટે છે. ભગવતીજી વૃત્તિમાં પણ દશ ભાગ પ્રાપ્તને ત્રણગણું કરેલ છે. હવે દશ વડે ભાગ કરવામાં શો હેતુ છે ? [સમાધાન] જંબૂદ્વીપ ચક્રવાલ ક્ષેત્રના ત્રણ ભાગ મેરુના દક્ષિણ પાર્શ્વમાં, ત્રણ ભાગ



તેના ઉત્તર પાર્શ્વમાં, બે ભાગ પૂર્વથી, બે ભાગ પશ્ચિમથી, બધાં મળીને દશ ભાગ થાય છે.

તેમાં ભરતમાં રહેલ સૂર્ય, સર્વાભ્યંતર મંડલમાં ચરતો ત્રણ ભાગ દક્ષિણ દિશાના પ્રકાશે છે. ત્યારે ત્રણ ઉત્તરના ઐરવતમાં રહેલ [પણ પ્રકાશે છે.] ત્યારે બે ભાગ પૂર્વમાં અને બે ભાગ પશ્ચિમમાં રાત્રિ હોય. જે-જે ક્રમથી દક્ષિણનો કે ઉત્તરનો સૂર્ય સંચરે છે, તેમ-તેમ પ્રત્યેક તાપક્ષેત્ર આગળથી વધે છે અને પાછળથી ઘટે છે.

એ પ્રમાણે કગ્રમતી સંચરણશીલ તાપક્ષેત્રમાં જે એક સૂર્ય પૂર્વમાં અને બીજો પશ્ચિમમાં વર્તે છે. ત્યારે પૂર્વ-પશ્ચિમ દિશાના પ્રત્યેક ત્રણ ભાગોના તાપક્ષેત્ર અને દક્ષિણ-ઉત્તર બે ભાગમાં પ્રત્યેકમાં રાત્રિ હોય.

હવે ગણિતકર્મ વિધાન - તેમાં મેરુનો વ્યાસ - ૧૦,૦૦૦ છે. તેનો વર્ગ કરતાં દશ કરોડ થાય. તેને ૧૦ વડે ગુણતાં સો-કરોડ થાય. તેનું વર્ગમૂળ લાવવાથી પ્રાપ્ત - ૩૧,૬૨૩ ને ત્રણ વડે ગુણીએ, તો આવશે ૯૪,૮૬૯. તેને ૧૦ વડે ભાંગતા - ૯૪૬૮ અને $^{૯}/_{૧૦}$ યોજન આવશે. હવે સર્વ બાહ્ય બાહા પરિમાણ —

તે તાપક્ષેત્ર સંસ્થિતિથી સર્વ બાહ્ય લવણસમુદ્રના અંતે - સમીપે ૯૪,૮૬૮ - $^{૪}/_{૧૦}$ પરિધિ છે.

હવે ઉપપાદક સૂત્ર કહે છે — ભદંત ! તે પરિક્ષેપ વિશેષ અનંતરોક્ત છે તેમ જાણવું, કેમ કહ્યું, એ પ્રમાણે ગૌતમ બોલ્યા. [ત્યારે] ભગવંતે કહ્યું — ગૌતમ ! જે જંબૂદ્વીપની પરિધિ છે, તેને ત્રણ વડે ગુણીને, દશ વડે વિભક્ત કરતાં, આ જ પર્યાયથી કહે છે — દશ ભાગ વડે હ્રીયમાન, આ પરિધિ વિશેષ મેં તથા અન્ય તીર્થંકરોએ કહેલ છે એ પ્રમાણે પોતાના શિષ્યોને કહેવું.

આ પ્રમાણે કહેલ છે — તાપક્ષેત્રના પરમ વિષ્કંભ પ્રતિપાદિત કરીશું, તે જંબૂદ્વીપ સુધી છે, તેથી તેની પરિધિ સ્થાપ્ય છે, તે ૩,૧૬,૨૨૭ યોજન, ૩-કોશ ૧૨૮ ધનુષ્, ૧૩॥ અંગુલ છે. આટલા યોજનમાં એક કંઈક ન્યૂન, વ્યવહારથી પૂર્ણ કહેવાય છે. કેમકે અંશ સહિત રાશિ કરતા અંશરહિત રાશિનું ગણિત સહેલું છે. તેથી ૩,૧૬,૨૨૮ યોજન કહેવા.

આ ૩,૧૬,૨૨૮ને ત્રણગુણા કરાય છે, તેથી ૯,૪૮,૬૮૪ થશે. આને ૧૦ વડે ભાંગવાથી પ્રાપ્ત ૯૪,૮૬૮ - $^{૪}/_{૧૦}$ યોજન થાય. અહીં પણ ત્રણગણાં કરવા આદિમાં યુક્તિ પૂર્વવત્ છે.

[શંકા] અન્યત્ર સૂર્યના ઉદય અને અસ્તનું અંતર ૯૪,૫૨૬ યોજન અને $^{૪૨}/_{૬૦}$ ભાગ કહ્યું. અહીં ઉદય અને અસ્ત અંતર, પ્રકાશક્ષેત્ર અને તાપક્ષેત્ર એ બધાં એકાર્થક છે. તેમાં ભેદ કેમ ?

[સમાધાન] સર્વાભ્યંતર મંડલવર્તી સૂર્ય મેરુની દિશામાં જંબૂદ્વીપના પૂર્વથી-પશ્ચિમથી ૧૮૦ યોજન અવગાહીને ચાર ચરે છે, તેથી ૧૮૦ યોજનને બે ગુણા કરતાં ૩૬૦ થાય. આના વર્ગને, દશ ગણાં કરીને વર્ગમૂલ લાવતા ૧૧૩૮ થાય છે. આ દ્વીપ પરિધિથી ૩,૧૬,૨૨૭ રૂપથી શોધિત કરીએ, ત્યારે સ્થિત ૩,૧૫,૦૮૯. તેને ૧૦ વડે

ભાંગતા ૩૧,૫૦૮ - ⁹/₁₀ આવે. આના અંશ છેદને છ વડે ગુણતાં આવશે ⁵⁴/₆₀. આ રાશિને ત્રણ વડે ગુણતાં યથોક્ત રાશિ આવે. તેથી કહે છે — ૯૪,૫૨૬ - ⁴²/₆₀ એ સૂક્ષ્મ ઈક્ષિકાથી દર્શિત છે. તે સ્વમતિથી ઉત્પ્રેક્ષિત નથી. તે સૂર્યમંડલ વિચારમાં શ્રી મુનિચંદ્રસૂરિજીએ સારી રીતે વિચારિત છે.

પ્રસ્તુતમાં સ્થૂલ નયના આશ્રયથી દ્વીપ પર્યન્ત માત્ર વિવક્ષાથી સૂત્રોક્ત પ્રમાણ આવે છે. દ્વીપ, ઉપધિ પરિધિ સર્વત્ર આગમમાં પણ દશાંશ કલ્પનાદિથી સંભળાય છે. આના વડે પરિધિથી આગળ લવણસમુદ્ર છ ભાગ યાવત્ પ્રાપ્યમાન તાપક્ષેત્રમાં, તેના ચક્રવાલ ક્ષેત્રાનુસાર, તેમાં વિષ્કંભ સંભવે છે. - x -

આ જ ૯૪,૦૦૦ યોજનાદિ રાશિ બહુશ્રુત વડે પ્રમાણીકૃત છે, કેમકે કરણમાં સંવાદિત્વ છે. તેથી કહે છે — સ્વસ્વ મંડલ પરિધિ ૬૦ વડે ભાંગતા મુહૂર્તગતિ આપે છે. તે દિવસાર્ધગત મુહૂર્તરાશિ વડે ગુણિત ચક્ષુઃસ્પર્શ, તે ઉદયથી સૂર્યની આગળ અને અસ્ત સુધી પાછળ, પણ તેને બે ગણું તાપક્ષેત્ર થાય છે. આ ચક્ષુઃસ્પર્શદ્વારમાં સુવ્યક્ત નિરૂપિત છે. આ તાપક્ષેત્રકરણ સર્વ બાહ્ય મંડલના તાપક્ષેત્રની બાહ્ય બાહા નિરૂપણમાં કહેશે, તેથી તેને અહીં ઉદાહૃત કરેલ નથી અર્થાત્ કહેલ નથી.

જે દશ ભાગોને પ્રકાશિત કરે છે, તેમ કહ્યું, તેમાં ભાગ છ મુહૂર્ત આક્રમણીય ક્ષેત્ર પ્રમાણ છે. કઈ રીતે ? સર્વાભ્યંતર મંડલમાં ચરતો સૂર્ય દિવસના અઢાર મુહૂર્ત પ્રમાણના નવ મુહૂર્ત આક્રમણીય ક્ષેત્રમાં રહીને સૂર્ય દેખાય છે. તેથી આટલા પ્રમાણ સૂર્યથી પૂર્વે તાપક્ષેત્ર છે, તેટલું જ બીજું પણ છે.

આટલું અઢાર મુહૂર્ત આક્રમણીય ક્ષેત્ર પ્રમાણ એક સૂર્યનું તાપક્ષેત્ર છે, તે જો દશ ભાગ ત્રયરૂપ થાય, તો દશથી ભાગતાં છ મુહૂર્ત આક્રમણીય ક્ષેત્રપ્રમાણ થાય.

હવે સામસ્ત્યથી લંબાઈથી તાપક્ષેત્ર પરિમાણને પૂછવાને કહે છે — ભગવન્ ! જ્યારે આટલા પ્રમાણમાં તાપક્ષેત્રને પરમવિષ્કંભ છે, ત્યારે ભગવન્ ! તાપક્ષેત્ર સામસ્ત્યથી દક્ષિણ-ઉત્તર લંબાઈથી કેટલું લાંબુ કહેલ છે ?

ભગવંતે કહ્યું — ગૌતમ ! ૭૮,૩૩૩ - ¹/₃ યોજન સુધી લંબાઈથી કહેલ છે. ૪૫,૦૦૦ યોજન દ્વીપગત, ૩૩,૩૩૩ - ¹/₃ યોજન લવણ સમુદ્ગત. બંનેની સંકલનાથી યથોક્ત માન પ્રાપ્ત થશે. આ દક્ષિણ-ઉત્તરથી લંબાઈ પરિમાણ અવસ્થિત છે. કંઈપણ મંડલાચારમાં વિપરિત વર્તતું નથી.

આ જ અર્થ સામસ્ત્યથી દૃઢ કરે છે — મેરુ વડે સૂર્ય પ્રકાશ હણાય છે, એમ એકનો મત છે - બીજાનો નહીં. તેમાં પહેલાંના મતે આ સંમતિરૂપ ગાથા છે. તે પક્ષે આ વ્યાખ્યા છે — મેરુની મધ્યે કરણ. અર્થાત્ ચક્રવાલ ક્ષેત્રત્વથી આતાપ ક્ષેત્રના મેરુ મધ્યે કરીને યાવત્ લવણના રુંદ - નિર્દેશના ભાવ પ્રધાનત્વથી રુંદતા - વિસ્તારનો છટ્ઠો ભાગ, આટલાં પ્રમાણ તાપક્ષેત્રની લંબાઈ છે. તેમાં મેરુથી આરંભીને જંબૂદ્વીપ સુધી યાવત્ ૪૫,૦૦૦ યોજન તથા લવણ વિસ્તાર બે લાખ યોજન છે, તેનો છટ્ઠો ભાગ ૩૩,૩૩૩ - ¹/₃ યોજન છે. તે બંનેના મીલનથી યથોક્ત પ્રમાણ આવે.

તે નિયમથી ગાડાની ઉદ્ધિ સંસ્થિત છે. આ સંસ્થાન અંદરથી સંકુચિત અને





બહારથી વિસ્તૃત હોય છે.

હવે મેરુ વડે સૂર્ય-પ્રકાશ હણાતો નથી, એવું જે માને છે તેમના મતે બીજા અર્થને સૂચવનારી આ ગાથા છે. મેરુના અડધે, જ્યાં સુધીમાં લવણના રુદાંતના છ ભાગો છે, એના વડે મંદરાર્દ્ધ ૫૦૦૦ યોજન પૂર્વ રાશિમાં ઉમેરતા - ૮૩,૩૩૩ - ¹/₃ થાય છે. આના વડે મેરુમાં રહેલ કંદરાદિના અંતે પણ પ્રકાશ થાય એમ જણાય છે. તેના વ્યાખ્યાનમાં સૂર્યપ્રજ્ઞપ્તિમાં શ્રી મલયગિરિજી જણાવે છે કે — અહીં તાપક્ષેત્રની સંભાવના વડે લંબાઈ પરિણામ યુક્ત છે, અન્યથા જંબૂદ્વીપ મધ્યમાં તાપક્ષેત્રના ૪૫,૦૦૦ પરિમાણ કહેલ છે. જ્યારે સૂર્ય બહાર નીકળે છે, ત્યારે તત્પ્રતિબદ્ધ તાપક્ષેત્ર પણ હોય છે. તેથી જ્યારે સૂર્ય સર્વબાહ્ય મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે સર્વથા મેરુ સમીપે પ્રકાશ પ્રાપ્ત થતો નથી. હવે તો પણ તેમાં મેરુ પરિધિ પરિક્ષેપથી અવિશેષ પરિણામ આગળ કહેલ છે.

ઉક્ત કથનમાં પાદલિપ્તસૂરિ વ્યાખ્યાન પણ સ્વીકારેલ છે. તેથી તેમાં આ વિષયે ગંભીર આશય શું છે ? તે અમે જાણતા નથી. કેમકે બાહ્ય મંડલક્ષેત્રમાં રહેલ સૂર્ય, આટલા પ્રમાણ તાપક્ષેત્ર લંબાઈથી પ્રતિપાદિત છે.

સર્વાભ્યંતર મંડલમાં તાપક્ષેત્ર સંસ્થિતિ કહી.

હવે પ્રકાશપૃષ્ઠ લગ્નત્વથી તેના વિપરીતરૂપથી સર્વાભ્યંતર મંડલમાં અંધકાર સંસ્થિતિ પૂછે છે - સર્વાભ્યંતર મંડલ ચરણ કાળમાં કર્ક સંક્રાંતિ દિવસે કયા આકારે અંધકાર સંસ્થિતિ કહેલ છે ? જો કે પ્રકાશ અને અંધકાર સહ અવસ્થાયિત્વના વિરોધથી સમાનકાલીનત્વ અસંભવ છે, તો પણ બાકીના ચારે જંબૂદ્વીપ-ચક્રવાલ દશ ભાગોમાં સંભાવનામાં પૂછવાનો આશય હોવાથી તેમાં કોઈ વિરોધ નથી.

[શંકા] આલોકના અભાવરૂપ અંધકારના સંસ્થાનનો અસંભવ છે, તો તેનો પ્રશ્ન પૂછવાનું ઔચિત્ય શું ?

[સમાધાન] નીલ, શીત, બહુલતમસ્ ઈત્યાદિ પુદ્ગલ ધર્મોના અભ્રાંત સાર્વજનીન વ્યવહારસિદ્ધત્વથી આનું પૌદ્ગલિકપણું સિદ્ધ હોવાથી સંસ્થાનનું પણ સિદ્ધ છે. તેનું પૌદ્ગલિકત્વ બીજા પૂર્વાચાર્યોએ સારી રીતે ચર્ચેલ હોવાથી વિસ્તારના ભયથી અમે અહીં ચર્ચતા નથી.

ઉર્ધ્વમુખ કલંબુકા પુષ્પ સંસ્થાન સંસ્થિત અંધકાર સંસ્થિતિ કહેલ છે. અંદર સંકુચિત, બહાર વિસ્તૃત ઈત્યાદિ. તે - તાપક્ષેત્ર સંસ્થિતિ અધિકારમાં કહેલ જ લેવી. ક્યાં સુધી ગ્રહણ કરવી, તે કહે છે — જ્યાં સુધી તે અંધકાર સંસ્થિતિના સર્વાભ્યંતર બાહા મેરુ પર્વતની સમીપે ૬૩૨૪ - ⁶/₁₀ યોજન પરિધિથી થાય.

હવે તેની ઉપપત્તિ સૂત્રકાર જ કહે છે — પ્રશ્નસૂત્ર પૂર્વવત્ છે. ઉત્તરસૂત્રમાં જે મેરુની પરિધિ છે, તે ૩૧,૬૨૩ યોજન પ્રમાણ પરિધિ છે, તેને બે વડે ગુણીને, સર્વાભ્યંતર મંડલમાં રહેલ સૂર્ય તાપક્ષેત્રના ત્રીજા ભાગના અપાંતરાલમાં રજનિ ક્ષેત્રના દશ ભાગ બબ્બે પ્રમાણથી છે. દશ વડે ભાંગતા - દશ ભાગથી હ્રિયમાણ આ પરિધિ વિશેષ કહેલ છે એમ ભગવંતે કહેલ છે, તે ગૌતમ સ્વશિષ્યોને કહેવું.

તે આ પ્રમાણે - ૩૧,૬૨૩, તેને બે વડે ગુણતાં થાય છે - ૬૩,૨૪૬. આને દશ ભાગથી પ્રાપ્ત, તે યથોક્ત માન ૬૩૨૪ - $^{6}/_{10}$ છે.

હવે બાહાને કહે છે — તે અંધકાર સંસ્થિતિની સર્વ બાહ્ય બાહા પૂર્વથી-પશ્ચિમથી પરમવિષ્કંભ લવણસમુદ્ર સમીપે ૬૩,૨૪૫ યોજન અને યોજનના $^{6}/_{10}$ ભાગ પરિધિ છે.

અહીં ઉપપત્તિ સૂત્રકાર જ કહે છે — તે સ્પષ્ટ છે. વિશેષ એ - જંબૂદ્વીપ પરિધિ ૩,૧૬,૨૨૮ છે. તે પરિધિ પૂર્વોક્ત હેતુથી બે વડે ગુણીને દશ વડે ભાંગતા, આ પરિધિ વિશેષ કહેલ છે, તેમ કહેવું.

હવે આની અવસ્થિત બાહા કહે છે — ત્યારે સર્વાભ્યંતર મંડલ ચાર કાળમાં અંધકાર કેટલી લંબાઈથી કહેલ છે ? ગૌતમ ! ૬૮,૩૩૩ - $^{1}/_{3}$ યોજન છે. અવસ્થિત તાપક્ષેત્ર સંસ્થિતિ લંબાઈ માફક આ પણ કહેવું. તેના વડે મેરુના અર્ધથી ૫૦૦૦ યોજન અધિક માનવા. સૂર્યપ્રકાશ અભાવ ક્ષેત્રમાં સ્વતઃ જ અંધકારના પ્રસરણથી છે. કંદરા આદિમાં તે પ્રત્યક્ષ દેખાય છે. સૂત્રમાં ન કહ્યા છતાં વ્યાખ્યાનથી જાણવું.

હવે પશ્ચાનુપૂર્વીથી તાપક્ષેત્ર સંસ્થિતિ પૂછે છે — ભગવન્ ! જ્યારે સૂર્ય સર્વ બાહ્ય મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે કયા સંસ્થાને સંસ્થિત તાપક્ષેત્ર સંસ્થિતિ કહી છે ?

ગૌતમ ! ઉર્ધ્વમુખ કદંબ પુષ્પ સંસ્થાન સંસ્થિત કહેલ છે. તે જ અભ્યંતર મંડલગત તાપક્ષેત્ર સંસ્થિતિથી સર્વે અવસ્થિત અને અનવસ્થિત બાહાદિ જાણવા. વિશેષમાં ફર્ક એ છે કે — જે અંધકાર સંસ્થિતિથી સર્વાભ્યંતર મંડલગત તાપક્ષેત્ર સંસ્થિતિ પ્રકરણમાં વર્ણવેલ ૬૩,૨૪૫ - $^{6}/_{10}$ રૂપ પ્રમાણ તે તાપક્ષેત્રની સંસ્થિતિનું પ્રમાણ જાણવું. દ્વીપ પરિધિ $^{2}/_{10}$ ભાગ પ્રમાણત્વથી છે.

જે તાપક્ષેત્ર સંસ્થિતિ પૂર્વ વર્ણિત ૯૪૮૬૮ - $^{4}/_{10}$ એવા સ્વરૂપ પ્રમાણ છે, તે અંધકાર સંસ્થિતિ જાણવી. દ્વીપ પરિધિ $^{3}/_{10}$ ભાગ પ્રમાણત્વથી છે. અહીં જે તાપક્ષેત્રનું અને અંધકારનું અલ્પત્વ છે, તેમાં મંદલેશ્યાત્વ હેતુ છે. એ પ્રમાણે - - - - - સર્વાભ્યંતર મંડલમાં અભ્યંતર બાહા વિષ્કંભમાં જે તાપક્ષેત્ર પરિમાણ - ૯૪૮૬ - $^{9}/_{10}$ રૂપ છે, તે અહીં અંધકાર સંસ્થિતિ જાણવું અને જે તેમાં વિષ્કંભમાં અંધકાર સંસ્થિતિ ૬૩૨૪ - $^{6}/_{10}$ રૂપ તાપક્ષેત્ર અહીં માનવી.

[શંકા] આ સર્વબાહ્ય મંડલ તાપક્ષેત્ર પ્રરૂપણા છે, જો તેની મંડલ પરિધિમાં ૩,૧૮,૩૧૫ રૂપને ૬૦ વડે ભાંગતા [સાધિક] ૫૩૦૫ રૂપ મુહૂર્ત ગતિ છે, તો સર્વજઘન્ય દિવસ બાર મુહૂર્ત પ્રમાણમાં, બાર વડે તેને ગુણીએ, તેમ કરતાં ૬૩,૬૬૩ રૂપ રાશિ થાય. જો ઉક્ત પરિધિને બે વડે ગુણી દશ વડે ભાંગીએ, તો પણ આ જ રાશિ દ્વિધાકરણ રીતે લબ્ધ છે, તો આ સૂત્રોક્ત રાશિ કઈ રીતે વિભિધ થાય ?

[સમાધાન] સૂત્રકારે દ્વીપ-પરિધિની અપેક્ષાથી જ કરણરીતિ થકી દેખાડેલ હોવાથી અહીં દોષ નથી. અભ્યંતર મંડલમાં જે રીતે પરિધિ ન્યૂન કરાતી નથી, તે રીતે બાહ્યમંડલમાં અધિક કરાતી નથી, તેમાં વિવક્ષા જ હેતુ છે.



હવે સૂર્યના અધિકારથી તે સંબંધી દૂર-નીકટ આદિ દર્શન રૂપ વિચાર કહેવાને દશમું દ્વાર કહે છે.

**• સૂત્ર-૨૬૩ થી ૨૬૫ :-**

*[૨૬૩] ભગવન્ ! જંબૂદ્વીપદ્વીપમાં સૂર્ય ઉદ્‌ગમન મુહૂર્તમાં દૂર હોવા છતાં શું નીકટ દેખાય છે ?, મધ્યાહ્ને સમીપ હોવા છતાં શું દૂર દેખાય છે ? અસ્ત થવાના સમયે શું દૂર હોવા છતાં સમીપ દેખાય છે ?*

*હા, ગૌતમ ! તે પ્રમાણે જ દેખાય છે.*

*ભગવન્ ! જંબૂદ્વીપમાં સૂર્ય ઉગવાના મુહૂર્તમાં, મધ્યાહ્ન મુહૂર્તમાં અને અસ્ત થવાના મુહૂર્તમાં સર્વત્ર સમ ઉંચાઈથી હોય ?*

*હા, તેમજ ઉચ્ચત્વથી છે.*

*ભગવન્ ! જો જંબૂદ્વીપદ્વીપમાં સૂર્ય ઉગવાના-મધ્યાહ્નના અને અસ્ત થવાના મુહૂર્તમાં સર્વત્ર સમાન ઉચ્ચત્વથી હોય તો હે ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં સૂર્ય ઉદ્‌ગમન મુહૂર્તમાં દૂર હોવા છતાં સમીપમાં કેમ દેખાય છે ?*

*ગૌતમ ! લેશ્યાના પ્રતિઘાતથી ઉદ્‌ગમન મુહૂર્તમાં દૂર હોવા છતાં સમીપમાં દેખાય છે. મધ્યાહ્ન મુહૂર્તમાં સમીપ હોવા છતાં લેશ્યાના પ્રતિઘાતથી દૂર દેખાય છે, અસ્ત થવાના મુહૂર્તમાં દૂર હોવા છતાં સમીપ દેખાય છે.*

*એ પ્રમાણે નિશ્ચે હે ગૌતમ ! તે પ્રમાણે યાવત્ દેખાય છે.*

*[૨૬૪] ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં સૂર્ય શું અતીત ક્ષેત્રમાં જાય છે, વર્તમાન ક્ષેત્રમાં જાય છે કે અનાગત ક્ષેત્રમાં જાય છે ?*

*ગૌતમ ! સૂર્ય અતીત ક્ષેત્રમાં જતો નથી, વર્તમાન ક્ષેત્રમાં જાય છે, અનાગત ક્ષેત્રમાં જતો નથી.*

*ભગવન્ ! તે શું સ્પૃષ્ટ ક્ષેત્રમાં જાય છે યાવત્ નિયમા છ એ દિશામાં૦ એ પ્રમાણે અવભાસે છે.*

*ભગવન્ ! તે શું સ્પૃષ્ટને અવભાસે છે ? એ પ્રમાણે આહાર પદ જાણવું. સ્પૃષ્ટ - અવગાઢ - અનંતર - અનુ - મહત્ આદિ વિષયાનુપૂર્વી યાવત્ નિયમા છ દિશામાં૦ એ પ્રમાણે ઉદ્યોતીત કરે છે, તાપિત કરે છે, પ્રભાસીત કરે છે.*

*[૨૬૫] ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં [બંને] સૂર્યો શું અતીત ક્ષેત્રમાં ક્રિયા કરે છે ? વર્તમાન ક્ષેત્રમાં ક્રિયા કરે છે ? કે અનાગત ક્ષેત્રમાં ક્રિયા કરે છે ?*

*ગૌતમ ! અતીત ક્ષેત્રમાં ક્રિયા કરતા નથી, વર્તમાન ક્ષેત્રમાં ક્રિયા કરે છે, અનાગતમાં ક્રિયા કરતાં નથી.*

*ભગવન્ ! તે શું સ્પૃષ્ટ થઈને કરે છે૦ ?*

*ગૌતમ ! સ્પૃષ્ટ થઈને કરે છે, પણ સ્પૃષ્ટ થયા વિના કરતા નથી એ પ્રમાણે યાવત્ છ એ દિશામાં જાણવું.*

**• વિવેચન-૨૬૩ થી ૨૬૫ :-**

જંબૂદ્વીપ દ્વીપમાં ભગવન્ ! બંને સૂર્યો ઉદય ઉપલક્ષિત મુહૂર્તમાં અને અસ્ત

થવાના મુહૂર્ત્તમાં દૂર-દ્રષ્ટ સ્થાનની અપેક્ષાથી વિપ્રકૃષ્ટ, મૂલ-દ્રષ્ટ્રપ્રતીત્ય અપેક્ષાથી નીકટ દેખાય છે. જોનાર જ સ્વરૂપથી ૪૭,૦૦૦ યોજનથી કંઈક અધિક વ્યવહિત ઉદ્‌ગમન-અસ્ત સમયે સૂર્યને જુએ છે. પણ નીકટ માને છે.

મધ્ય-મધ્યમ વિભાગ ગમન કે દિવસનો મધ્યાંત, તે જે મુહૂર્તનો હોય છે, તે મધ્યાંતિક, તે આ મુહૂર્ત, તે મધ્યાહ્ન મુહૂર્ત. તેમાં મૂળમાં - નીકટ દેશમાં, દ્રષ્ટૃ સ્થાન અપેક્ષાથી દૂર - વિપ્રકૃષ્ટ દેશમાં, દ્રષ્ટ્રપ્રતીતી અપેક્ષાથી બંને સૂર્યો દેખાય છે. દ્રષ્ટા જ મધ્યાહ્નમાં ઉદય-અસ્ત દર્શનની અપેક્ષાથી સૂર્યને નીકટ જુએ છે. તેને ૮૦૦ યોજને જ આ વ્યવહિતપણે હોવાથી મનાય છે. - x - x -

અહીં ભગવન્ કહે છે — જે આપે અનંતર જ પ્રશ્ન વિષયી કરેલ, તેમજ છે. યાવત્ દેખાય છે. અહીં ચર્મદશાંથી થતી પ્રતીતિ જાણવી, જ્ઞાનદશાને આશ્રીને વિસંવાદ પણ છે, તેથી સંવાદને માટે ફરી ગૌતમસ્વામી પૂછે છે — ભગવન્ ! જંબૂદ્વીપમાં ઉદય-મધ્યાહ્ન-અસ્ત મુહૂર્તમાં બંને સૂર્યો ઉચ્ચત્વથી સમ છે ? - x -

ઉક્ત ત્રણે મુહૂર્તમાં ઉચ્ચત્વથી સમ છે, સમભૂતલાની અપેક્ષાથી ૮૦૦ યોજન ઉંચે છે - x -

ગૌતમ ! લેશ્યા-સૂર્યમંડલગત તેજના પ્રતિઘાતથી દૂરતરત્વથી ઉદ્‌ગમન દેશના તેના અપ્રસરણથી કહ્યું. ઉદ્‌ગમન મુહૂર્તમાં દૂર હોવા છતાં સમીપે દેખાય છે. લેશ્યા પ્રતિઘાતમાં સુખ દૃશ્યત્વથી સ્વભાવથી દૂર રહેલ સૂર્ય પણ નીકટ હોય તેમ લાગે છે. એ પ્રમાણે અસ્ત મુહૂર્તમાં પણ છે, કેમકે બંને આલાવા સમાનપણે છે. મધ્યાંતિક મુહૂર્તમાં લેશ્યાના પ્રતાપથી મધ્યાહ્ને નીકટ એવો સૂર્ય પણ તીવ્ર તેજથી દૂર દેખાતો હોય તેમ લાગે છે.

એ પ્રમાણે નીકટપણાંથી દીપ્તલેશ્યાત્વ દિનવૃદ્ધિ ઘર્માદિ ભાવો દૂરતરત્વથી મંદલેશ્યાકત્વ દિનહાનિ શીતાદિ કહેવા.

ઉદય અને અસ્ત જ્યોતિષ્કોની ગતિ પ્રવૃત્તિપણાથી થાય છે, તેથી તેના ગમન પ્રશ્નને માટે અગિયારમું દ્વાર —

જંબૂદ્વીપમાં બંને સૂર્યો શું અતીત-ગતિ વિષયીકૃત્ ક્ષેત્રને અતિક્રમતા કે વર્તમાન ગતિ વિષય કરતાં કે ભાવિ ગતિવિષય કરનારા છે. આના વડે જે આકાશ ખંડ સૂર્ય સ્વતેજથી વ્યાપ્ત કરે છે, તેને ક્ષેત્ર કહે છે. તેનાથી આ અતીતાદિ વ્યવહાર વિષયત્વ પ્રાપ્ત ન થાય કેમકે અનાદિ નિધનત્વ છે, તે શંકાનું નિરસન કર્યું.

ગૌતમ ! નો શબ્દથી નિષેધાર્થત્વથી અતીત ક્ષેત્રમાં જતો નથી, કેમકે અતીત ક્રિયા વિષયીકૃત્ વર્તમાન ક્રિયાનો જ સંભવ નથી. વર્તમાનમાં જાય છે કેમકે વર્તમાન ક્રિયાના વિષયમાં વર્તમાન ક્રિયાનો સંભવ છે. અનાગતમાં અનાગત ક્રિયા વિષય પણ ન થાય, કેમકે તે અસંભવ છે.

હવે પ્રસ્તાવથી ગતિ વિષય ક્ષેત્ર કેવું હોય, તે પૂછે છે — શું ભગવન્ ! તે સ્પૃષ્ટ છે ? ઈત્યાદિ યાવત્ પદથી —

[સ્પૃષ્ટ જાય છે૦ ઈત્યાદિ સૂત્રો છે, પછી તે જ સૂત્રોની વ્યાખ્યા છે, અહીં તેનો



સંયુક્ત અનુવાદ કરેલ છે —]

ભગવન્ ! તે ક્ષેત્ર શું સ્પૃષ્ટ - સૂર્યબિંબ સાથે સ્પર્શ પામીને અતિક્રમે છે કે સ્પર્શ વિના ? પૂછનારનો આવો આશય ચે - જતો એવો સૂર્ય જ ક્ષેત્રને કંઈક સ્પર્શીને અતિક્રમે છે - x -

ભગવંતે કહ્યું — સ્પર્શીને જાય છે, સ્પર્શ્યા વિના નહીં. અહીં સૂર્યબિંબ સાથે સ્પર્શન સૂર્યબિંબ અવગાહ ક્ષેત્રથી બહાર જ સંભવે છે કેમકે સ્પર્શના અવગાહનાથી અધિક વિષયીત્વથી છે.

ફરી પ્રશ્ન કરે છે — ભગવન્ ! સ્પૃષ્ટ ક્ષેત્ર અવગાઢ - સૂર્યબિંબથી અધિષ્ઠિત છે કે અનવગાઢ - તેનાથી અનધિષ્ઠિત. ભગવંતે કહ્યું કે — ગૌતમ ! અવગાઢ ક્ષેત્રમાં જાય છે, અનવગાઢમાં નહીં.

ભગવન્ ! જો અવગાઢમાં જાય, તો અનંતરાવગાઢ - અવ્યવધાન વડે આશ્રય કરીને જાય કે પરંપરાવગાઢ - વ્યવધાનથી આશ્રય કરીને ? ગૌતમ ! અનંતરાવગાઢથી પણ પરંપરાવગાઢથી નહીં.

અહીં શું કહેવા માંગે છે ? જે આકાશખંડમાં જે મંડલ અવયવ વ્યવધાનથી અવગાઢ છે, તે મંડલ અવયવ, તે આકાશખંડમાં જાય છે, પણ બીજા મંડલ અવયવ અવગાઢ તેના વ્યવહિતત્વથી પરંપર અવગાઢપણે છે. તે અલ્પ કે અનલ્પ પણ હોય, તેથી કહે છે —

ભદંત ! તે અણુ જાય છે કે બાદર ?

ગૌતમ ! અણુપણ સર્વ અભ્યંતર મંડલ ક્ષેત્ર અપેક્ષાથી છે, બાદર પણ સર્વ બાહ્ય મંડલ ક્ષેત્ર અપેક્ષાથી છે. કેમકે તે - તે ચક્રવાલ ક્ષેત્રાનુસાર ગમનનો સંભવ છે. ગમન ઉર્ધ્વ-અધો કે તીર્છું ત્રણે ગતિમાં સંભવે છે, તેથી પૂછે છે —

ભદંત ! તે ઉર્ધ્વ-અધો કે તીર્છા ક્ષેત્રમાં જાય છે ? ગૌતમ! ઉર્ધ્વ પણ જાય, અધો પણ જાય, તીર્છો પણ જાય. - x - x -

આ વ્યાખ્યાન પ્રજ્ઞાપના ઉપાંગના અગિયારમાં ભાષાપદ, વીસમાં આહારપદમાં રહેલ ઉર્ધ્વ-અધો-તીર્છા વિષયક નિર્વચન સૂત્ર વ્યાખ્યાનુસાર કરેલ જાણવું.

ગમનક્રિયા બહુ સામાયિકત્વથી ત્રિકાળ નિર્વર્તનીય થાય, ઈત્યાદિ મધ્યાદિ પ્રશ્ન છે. તો ભગવન્ ! શું તે આદિમાં જાય છે, મધ્યે જાય છે કે પર્યવસાનમાં ? ગૌતમ ! ૬૦-મુહૂર્ત પ્રમાણ મંડલ સંક્રમણકાળની આદિમાં, મધ્યમાં કે અંતમાં પણ જાય છે. કેમકે ઉક્ત ત્રણે પ્રકારે મંડલકાળ સમાપ્ત થાય છે.

હવે ભગવન્ ! તે સ્વ ઉચિત ક્ષેત્રમાં જાય છે કે અવિષય અર્થાત્ સ્વઅનુચિત ક્ષેત્રમાં જાય છે ? ગૌતમ ! તે સ્વ ઉચિત, સ્પૃષ્ટ, અવગાઢ, નિરંતર અવગાઢ સ્વરૂપ જાય છે, પણ અવિષય, અસ્પૃષ્ટ, અનવગાઢ, પરંપરાવગાઢ ક્ષેત્રોમાં ગમનના અયોગ્યપણાને કારણે બંને સૂર્યો ગતિ કરતા નથી.

ભગવન્ ! તે સૂર્યો આનુપૂર્વી - ક્રમથી આસન્નપણે જાય છે કે અનાનુપૂર્વી - ક્રમથી આસન્ન રહિતપણે જાય છે ? ગૌતમ ! આનુપૂર્વીથી જાય છે, અનાનુપૂર્વીથી

નહીં, કેમકે વ્યવસ્થાહાનિ થાય. પૂર્વોક્ત દિશાપ્રશ્ન વ્યક્તિકપણે પૂછતા કહે છે—

ભગવન્ ! એક દિશાવિષયક ક્ષેત્રમાં જાય છે યાવત્ છ દિશા વિષયક ક્ષેત્રમાં ? ગૌતમ ! નિયમથી છ દિશામાં. તેમાં પૂર્વાદિમાં તીર્છી દિશામાં ઉદિત થઈ સ્ફૂટપણે જતો દેખાય છે. ઉર્ધ્વ-અધો દિશામાં ગમન વિશે પૂર્વે દર્શાવિલ છે.

હવે આ અતિદેશ વડે અવભાસનાદિ સૂત્રો કહે છે — ગમન સૂત્ર પ્રકારે અવભાસે છે - કંઈક ઉધોત્ કરે છે, જેમકે સ્થૂરતર જ દેખાય છે, તે જ પ્રકારે કંઈક દર્શાવે છે — ભગવન્ ! ક્ષેત્રને સ્પર્શીને - સૂર્યના તેજથી વ્યાપ્ત થઈને અવભાસે છે કે અસ્પૃષ્ટ થઈને ? ગૌતમ ! સ્પૃષ્ટ પણ અસ્પૃષ્ટ નહીં. કેમકે દીપ આદિ ભાસ્વર દ્રવ્યોની પ્રભાના ગૃહાદિ સ્પર્શપૂર્વક જ અવભાસકત્વ દર્શન ચે.

એ પ્રમાણે સ્પૃષ્ટપદ રીતે આહાર પદો - ચોથા ઉપાંગમાં અઠ્ઠાવીસમાં પદમાં આહારગ્રહણ વિષયક પદ - દ્વારો જાણવા. જેમકે — પહેલાં સ્પૃષ્ટ વિષયસૂત્ર, પછી અવગાઢ સૂત્ર, પછી અણુબાદર સૂત્ર, પછી ઉર્ધ્વ અધો વગેરે સૂત્ર, પછી આદિ મધ્ય અવસાન સૂત્ર, પછી વિષયસૂત્ર, પછી આનુપૂર્વી સૂત્ર, પછી યાવત્ નિયમથી છ દિશા સૂત્ર, અહીં યથા સંભવ વિપક્ષસૂત્રો જાણવા.

અહીં ઉર્ધ્વાદિ દિશાભાવના સૂત્રકાર સ્વયં જ કહે છે —

એ પ્રમાણે ઉધોત કરતો - ખૂબ પ્રકાશતો સ્થૂળ જેવો દેખાય છે, તાપિત કરે છે - શીતને દૂર કરે છે, જેમ સૂક્ષ્મ કીડી આદિ દેખાય તેમ કરે છે. પ્રભાસિત કરે છે - અતિ તાપના યોગ વડે વિશેષથી શીત દૂર કરે છે જેમ સૂક્ષ્મતર દેખાય છે.

ઉક્ત જ અર્થ શિષ્ય હિતને માટે બીજા પ્રકારે પ્રશ્ન કરવા બાર દ્વારો કહે છે — ભગવન્ ! જંબૂદ્વીપમાં બંને સૂર્યો અતીત ક્ષેત્રમાં - પૂર્વોક્ત સ્વરૂપે ક્રિયા - અવભાસનાદિ કરે છે કે વર્તમાનમાં કે ભાવિમાં કરે છે ? ગૌતમ ! અતીત ક્ષેત્રમાં ક્રિયા કરતા નથી, વર્તમાનમાં કરે છે, ભાવિમાં કરતાં નથી. વ્યાખ્યા પૂર્વવત્.

તે ક્રિયા, ભગવન્ ! શું સ્પૃષ્ટ કરે છે કે અસ્પૃષ્ટ ? ગૌતમ ! સ્પૃષ્ટા-તેજથી સ્પર્શન, અર્થાત્ સૂર્યતેજથી ક્ષેત્ર સ્પર્શનમાં અવભાસન, ઉધોતન, તાપન, પ્રભાસન ઈત્યાદિ ક્રિયા થાય છે. અહીં યાવત્ પદથી આહાર પદો ગ્રહણ કરવા, તેની સૂત્ર પદ્ધતિ -

ભગવન્ ! શું તે અવગાઢ છે કે અનવગાઢ ? અવગાઢ છે, અનવગાઢ નથી. અવગાઢ - અવગાહન ક્ષેત્રમાં તેજસ્ પુદ્‌ગલોનું અવસ્થાન, તેના યોગથી તે અવગાઢ ક્રિયા છે. એ પ્રમાણે અનંતર અવગાઢ, પરંપર અવગાઢ સૂત્રો જાણવા.

ભગવન્ ! તે અણુ કરે છે કે બાદર ? ગૌતમ ! અણુ પણ કરે અને બાદર પણ. તે ક્રિયા અવભાસનાદિ શું અણુ કે બાદર ક્રિયા કરે છે ? ગૌતમ ! અણુ - સર્વાભ્યંતર મંડલ ક્ષેત્ર અવભાસના અપેક્ષાથી બાદર - સર્વ બાહ્ય મંડલ ક્ષેત્ર અવભાસન અપેક્ષાથી.

ઉર્ધ્વ-અધો-તીર્છા સૂત્રની વિભાવના સૂત્રકાર પછી કરશે. ભગવન્ ! તે શું આદિ કરે છે, મધ્યે કરે છે, અંત કરે છે ? આદિમાં, મધ્યમાં અને અંતે, ત્રણે પણ



કરે છે, ગમનસૂત્રવત્ અહીં ભાવના છે એ રીતે વિષયાદિ સૂત્રો જાણવા. હવે તેરમું દ્વાર કહે છે—

**● સૂત્ર-૨૬૬,૨૬૭ :-**

***[૨૬૬] ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં સૂર્ય કેટલાં ક્ષેત્ર ઉર્ધ્વને તપાવે છે, અધોને કે તીર્છાને તપાવે છે ?***

***ગૌતમ ! ૧૦૦ યોજન ઉર્ધ્વમાં તપાવે છે, ૧૮૦૦ યોજન અધો ભાગને તપાવે છે, ૪૭,૨૬૩ યોજન અને એક યોજનના ૨૧/૬૦ ભાગ તીર્છા તપાવે છે.***

***[૨૬૭] ભગવન્ ! માનુષોત્તર અંતવર્તી પર્વતમાં જે ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારારૂપ છે, ભગવન્ ! તે દેવો શું ઉર્ધ્વોત્પન્ન છે, કલ્પોત્પન્ન છે, વિમાનોત્પન્ન છે ? શું ચાર સ્થિતિક છે, ગતિરતિક છે, ગતિસમાપન્નક છે ?***

***ગૌતમ ! માનુષોત્તર અંતર્વર્તી પર્વતમાં જે ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારારૂપ છે, તે દેવો ઉર્ધ્વોત્પન્ન નથી, કલ્પોત્પન્ન નથી, વિમાનોત્પન્ન છે. ચારોત્પન્ન છે. ચાર સ્થિતિક નથી, ગતિરતિક છે, ગતિસમાપન્નક છે.***

***[આ ચંદ્ર આદિ૰] ઉર્ધ્વમુખ કદંબપુષ્પ સંસ્થાને રહેલ છે, હજારો યોજન તાપક્ષેત્રથી, હજારો વૈક્રિય લબ્ધિયુક્ત, બાહ્ય પર્ષદામાં મહા આહત-નૃત્ય-ગીત-વાજિંત્ર-તંત્રી-તલ-તાલ-ત્રુટિત-ઘન મૃદંગના પટુ પ્રવાદિત રવથી દિવ્ય ભોગોપભોગને ભોગવતો, મહા ઉત્કૃષ્ટ સીંહનાદ બોલના કલકલ રવથી, સ્વચ્છ પર્વતરાજ મેરુને પ્રદક્ષિણાવર્ત્તથી મંડલાચારે પ્રદક્ષિણા કરે છે.***

**● વિવેચન-૨૬૬,૨૬૭ :-**

પ્રશ્નસૂત્ર સ્પષ્ટ છે, ઉત્તરસૂત્રમાં - ગૌતમ ! ઉર્ધ્વ ૧૦૦ યોજનને તપાવે છે. પોતાના વિમાનની ઉપર ૧૦૦ યોજન પ્રમાણ તાપક્ષેત્રના ભાવથી તેમ કહ્યું.

૧૮૦૦ યોજન નીચે તપાવે છે. કઈ રીતે ? સૂર્યોથી ૮૦૦ યોજન નીચે જતાં ભૂતલ છે, ત્યાંથી ૧૦૦૦ યોજને અધોગ્રામો છે ત્યાં સુધી તપાવતો હોવાથી આમ કહ્યું.

૪૭,૦૦૦ યોજન ઈત્યાદિ પ્રમાણ ક્ષેત્ર તીર્છું તપાવે છે. આ સર્વોત્કૃષ્ટ દિવસ ચક્ષુંસ્પર્શની અપેક્ષાથી જાણવું. તીર્છી દિશાના કથનથી પૂર્વ-પશ્ચિમમાં આ ગ્રહણ કરવું. ઉત્તરમાં ૧૮૦ ન્યૂન ૪૫,૦૦૦ યોજન, દક્ષિણમાં વળી દ્વીપમાં ૧૮૦ યોજન અને લવણસમુદ્રમાં ૩૩,૩૩૩ - ૧/૩ યોજન જાણવું.

હવે મનુષ્યક્ષેત્રવર્તી જ્યોતિષ્ક સ્વરૂપ પૂછવાને ચૌદમું દ્વાર કહે છે — ભગવન્ ! અંતર્મધ્યે, માનુષોત્તર - મનુષ્યોથી ઉત્તર-અગ્રવર્તી, આને મર્યાદા કરીને મનુષ્યોની ઉત્પત્તિ-વિપત્તિ-સિદ્ધિ સંપત્તિ આદિ ભાવથી અથવા મનુષ્યોની ઉત્તર - વિદ્યાદિ શક્તિ અભાવે અનુલ્લંઘનીય માનુષોત્તર પર્વતની, જે ચંદ્ર-સૂર્ય-ગ્રહ-નક્ષત્ર-તારારૂપ જ્યોતિષ્ક, તે ભગવન્ ! અહીં એક જ પ્રશ્નમાં જે ભદંત એમ ભગવંતનું સંબોધન ફરીથી કર્યુ, તે પૂછનારની ભગંતના નામોચ્ચારમાં અતિ પ્રીતિપણાંથી છે.

તે દેવો શું ઉર્ધ્વોત્પન્ન - સૌધર્માદિ બાર કલ્પોથી ઉર્ધ્વ ગ્રૈવેયક અને અનુત્તર

વિમાનોમાં ઉપપન્ન - ઉત્પન્ન તે કલ્પાતીત.

કલ્પોપપન્ન - સૌધર્માદિ દેવલોકમાં ઉત્પન્ન.

વિમાનોમાં - જ્યોતિષ્ક સંબંધીમાં ઉત્પન્ન.

ચાર - મંડલ ગતિથી પરિભ્રમણ, તેમાં ઉત્પન્ન - આશ્રિત.

ચાર સ્થિતિક - યથોક્ત સ્વરૂપ સ્થિતિ - અભાવ, જેમાં છે તે ચારસ્થિતિક - ચાર રહિત.

ગતિરતિક - ગતિમાં રતિ - આસક્તિ, પ્રીતિ જેમાં છે તે. આના વડે ગતિમાં રતિ માત્ર કહી. હવે સાક્ષાત્ ગતિનો પ્રશ્ન કરે છે. ગતિસમાપન્ન - ગતિયુક્ત છે ?

ગૌતમ ! માનુષોત્તર પર્વતની અંદરના પર્વતે, જે ચંદ્ર-ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારારૂપ જ્યોતિષ્ક દેવો છે, તેઓ ઉર્ધ્વોત્પન્ન નથી, કલ્પોત્પન્ન નથી, પણ વિમાનોત્પન્ન છે. ચારોત્પન્ન છે, ચારસ્થિતિક છે, તેથી જ ગતિરતિક, ગતિસમાયુક્ત છે. ઉર્ધ્વમુખ કદંબપુષ્પ સંસ્થાન વડે સંસ્થિત છે, તે પૂર્વવત્.

યોજન સાહસ્રિક - અનેક હજાર યોજન પ્રમાણતાપ ક્ષેત્રોથી મેરુને પ્રદક્ષિણા કરે છે, તેમ ક્રિયા યોગ છે. અર્થાત્ ઉક્ત સ્વરૂપ તાપક્ષેત્રોને કરતો જંબૂદ્વીપમાં મેરુને ફરતા ભમે છે, અહીં તાપક્ષેત્ર વિશેષણ ચંદ્ર અને સૂર્યનું જ છે, નક્ષત્રાદિનું નહીં. કેમકે વિશેષણો યથાસંભવ નિયોજવા.

હવે આ સાધારણને વિશેષથી કહે છે — અનેક હજારો સંખ્યા વડે, વૈકુર્વિકા - વિકુર્વિત વિવિધરૂપ ધારી વડે, બાહ્ય - આભિયોગિક કર્મકારિણી વડે, નાટ્યગાન વાદનાદિ કર્મ પ્રવણત્વથી કહ્યું, પણ ત્રીજી પર્ષદાના રૂપથી નહીં. પર્ષદ્ - દેવસમૂહરૂપ વડે.

અહં નાટ્યાદિગણની અપેક્ષાથી મહત પ્રકારે આહત - ખૂબ તાડિત નાટ્ય-ગીતઅને વાદનરૂપ ત્રણે પણ સાથે થાય છે. તંત્રી-તલ-તાલ રૂપ ત્રુટિત, બાકી પૂર્વવત્.

તથા સ્વભાવથી ગતિરતિક - બાહ્યપર્ષદા અંતર્ગત્ દેવ વર્ગ વડે જતાં વિમાનોમાં ઉત્કૃષ્ટ જે સિંહનાદ કરાય છે, અને જે બોલ-કલકલ કરાય છે, તેમાં बोल - મુખે હાથ દઈને મહત શબ્દ વડે પૂત્ કરણ, कलकल - વ્યાકુલ શબ્દ સમૂહ, તેના રવ વડે, મહત્ - મહત્ સમુદ્રરવભૂત સમાન કરતા.

મેરુ૦ તે કેવો વિશિષ્ટ છે ? अच्छ - અતિ નિર્મળ, કેમકે જાંબૂનદમય અને રત્નની બહુલતાથી છે. પર્વતરાજ - પર્વતેન્દ્ર, પ્રકર્ષ વડે બધી દિશા-વિદિશામાં ભ્રમણ કરતાં ચંદ્રાદિને દક્ષિણે જ મેરુ હોય છે. જેમાં મંડલ પરિભ્રમણરૂપ તે પ્રદક્ષિણા, પ્રદક્ષિણા આવર્ત્ત જે મંડલમાં છે, તે અને તેમાં જે રીતે ચાર થાય છે, તે રીતે ક્રિયા વિશેષતી પ્રદક્ષિણાવર્ત્ત મંડલ ચાર, જે રીતે થાય છે તે રીતે મેરુની પ્રદક્ષિણા કરે છે. અર્થાત્ ચંદ્રાદિ બધાં પણ સમયક્ષેત્રવર્તી મેરુને ફરતાં પ્રદક્ષિણાવર્ત્ત મંડલ ચારથી ભમે છે.

હવે પંદરમું દ્વાર -

● સૂત્ર-૨૬૮ :-

***ભગવન્ ! તે જ્યોતિષ્કદેવોનો ઈન્દ્ર જ્યારે ચ્યવી જાય છે, ત્યારે તેઓ***



***અહીં કઈ રીતે દેવો ચલાવે છે ?***

***ગૌતમ ! ત્યારે ચાર કે પાંચ સામાનિક દેવો તે સ્થાનને સ્વીકારીને વિચરે છે [અર્થાત્ ઈન્દ્ર સ્થાનનું સંચાલન કરે છે.] યાવત્ ત્યાં બીજો ઈન્દ્ર ઉત્પન્ન ન થાય ત્યાં સુધી રહે છે.***

***ભગવન્ ! ઈન્દ્રસ્થાન કેટલો કાળ ઉપપાતરહિત રહે ?***

***ગૌતમ ! જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ છ માસ ઈન્દ્રસ્થાન ઉપપાતરહિત રહે છે.***

***ભગવન્ ! માનુષોત્તર પર્વતની બહાર જે ચંદ્ર યાવત્ તારારૂપ છે, તે પૂર્વવત્ જાણવા, તફાવત માત્ર એ કે — તેઓ વિમાનઉત્પન્ન છે પણ ચારોત્પન્નક નથી, ચારસ્થિતિક છે, ગતિરતિક નથી, ગતિસમાપન્નક નથી.***

***પાકી ઈંટોના સંસ્થાનથી સંસ્થિત, લાખો યોજન તાપક્ષેત્રયુક્ત, લાખો યોજન વૈક્રિયશક્તિવાળા, બાહ્ય પર્ષદાયુક્ત, મહૃત આહત-નૃત્ય યાવત્ ભોગવતા, સુખલેશ્યાવાળા, મંદલેશ્યાવાળા, મંદાતપ લેશ્યાવાળા, ચિત્રાંતરલેશ્યાવાળા, અન્યોન્ય સમવગાઢ લેશ્યાવાળા, કૂટની માફક સ્થાન સ્થિત, ચોતરફથી પ્રદેશમાં અવભાસ કરે છે, ઉદ્યોત કરે છે, પ્રભાસે છે.***

***ભગવન્ ! તે દેવો જ્યારે ઈન્દ્ર ચ્યુત થાય ત્યારે કઈ રીતે ઈન્દ્રસ્થાન-કાર્ય સંચાલન કરે છે ? યાવત્ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ છ માસ ઈન્દ્ર વિરહિત રહે.***

● વિવેચન-૨૬૮ :-

ભગવન્ ! તે જ્યોતિષ્ક દેવોનો ઈન્દ્ર જ્યારે ચ્યવે છે, ત્યારે તે દેવો, ઈન્દ્રના વિરહ કાળમાં કઈ રીતે કરે છે - ચલાવે છે ?

ગૌતમ ! ત્યારે ચાર કે પાંચ સામાનિક દેવો ભેગા થઈને - એક બુદ્ધિપણે થઈને, તે સ્થાન - ઈન્દ્રસ્થાને સ્વીકારીને વિચરે છે - તે ઈન્દ્રસ્થાનનું પરિપાલન કરે છે.

કેટલો કાળ ? તે કહે છે — જ્યાં સુધી ત્યાં બીજો ઈન્દ્ર ઉત્પન્ન ન થાય, ત્યાં સુધી. હવે ઈન્દ્ર વિરહકાળનો પ્રશ્ન —

ભગવન્ ! ઈન્દ્રસ્થાન કેટલો કાળ ઈન્દ્રના ઉપપાતથી રહિત કહેલ છે ? ગૌતમ ! જઘન્યથી એક સમય યાવત્ ઉત્કૃષ્ટથી છ માસ સુધી, પછી અવશ્ય અન્ય ઈન્દ્રનો ઉત્પાદ સંભવે છે.

હવે સમયક્ષેત્ર બહારના જ્યોતિષ્કોનું સ્વરૂપ પૂછે છે — ભગવન્ ! માનુષોત્તર પર્વતની બહાર જે ચંદ્રાદિ દેવો છે, તે શું ઉર્ધ્વ ઉત્પન્ન છે૦ ઈત્યાદિ પ્રશ્ન. ઉત્તરમાં કહે છે — તે ઉર્ધ્વોત્પન્ન નથી, કલ્પોત્પન્ન નથી, પણ વિમાનોત્પન્ન છે. ચારોત્પન્ન નથી, ચાર યુક્ત નથી, પણ ચાર સ્થિતિક છે તેથી જ આ ચંદ્રાદિ જ્યોતિષ્ક ગતિરતિક નથી, ગતિસમાપન્નક પણ નથી.

પાકેલા ઇંટના સંસ્થાન તે પક્વેષ્ટક લંબાઈથી દીર્ઘ હોય છે, વિસ્તારથી સ્તોક

અને ચતુરસ્ર છે. તે મનુષ્યક્ષેત્ર બહાર રહેલ ચંદ્ર, સૂર્યોનું આતપક્ષેત્ર લંબાઈથી અનેક લાખ યોજન પ્રમાણ અને વિષ્કંભથી એક લાખ યોજન પ્રમાણ છે. અહીં આ ભાવના છે –

માનુષોત્તર પર્વતથી અર્ધ લાખ યોજન જતાં કરણવિભાવના ઉક્ત કરણાનુસાર પહેલી ચંદ્ર-સૂર્ય પંક્તિ, તેથી લાખયોજન ઓળંગી બીજી પંક્તિ, તેનાથી પહેલી પંક્તિમાં ચંદ્ર-સૂર્યોની આટલી તાપક્ષેત્રની લંબાઈ અને વિસ્તાર છે. એક સૂર્યથી બીજો સૂર્ય લાખ યોજન ઓળંગતા, તેથી લાખ યોજન પ્રમાણ છે. આ ભાવના પ્રથમ પંક્તિની અપેક્ષાથી જાણવી.

કેવા ? સુખલેશ્યાયુક્ત. આ વિશેષણ ચંદ્ર અપેક્ષાથી જાણવું. તેથી તેઓ અતીશીત તેજયુક્ત ન હોય, મનુષ્ય લોકના શીત કાલાદિવત્ છે, પણ એકાંતે શીતરશ્મિ નહીં.

મંદલેશ્યા, આ વિશેષણ સૂર્ય પ્રતિ છે. તેથી અતિ ઉષ્ણતેજ યુક્ત નહીં. મનુષ્યલોકના ઉનાળાના સમય જેવી છે, એકાંતથી ઉષ્ણ રશ્મિયુક્ત નહીં. એ જ વાતનો વિસ્તાર –

મંદાતપલેશ્યા, મન્દ - અતિ ઉષ્ણ સ્વભાવ આતપરૂપ નહીં, લેશ્યા - કિરણ સંઘાત જેનો છે તે. તથા ચિત્રાંતર લેશ્યા - ચંદ્રથી અંતરિતત્વથી સૂર્યોના ચિત્રમંતર. ચિત્રલેશ્યા - ચંદ્રમાના શીતરશ્મિત્વથી અને સૂર્યોના ઉષ્ણરશિત્વથી.

કઈ રીતે અવભાસે છે ? અન્યોન્ય સમવગાઢ વડે અર્થાત્ પરસ્પર સંશ્લિષ્ટા લેશ્યા વડે. તે આ રીતે – ચંદ્રની અને સૂર્યની પ્રત્યેકની લેશ્યા લાખ યોજન પ્રમાણ વિસ્તારથી ચંદ્ર અને સૂર્યોની સૂચિ પંક્તિથી વ્યવસ્થિત પરસ્પર અંતર ૫૦,૦૦૦ યોજન, પછી ચંદ્રપ્રભામિશ્રા સૂર્યપ્રભા, સૂર્યપ્રભા મિશ્રા ચંદ્રપ્રભા. આ ચંદ્ર-સૂર્ય પ્રભાનો મિશ્રીભાવ, સ્થિરત્વ દૃષ્ટાંતથી બતાવે છે –

કૂટની માફક - પર્વત ઉપર રહેલ શિખરોની માફક સ્થાન સ્થિત - સદા એકત્ર સ્થાને સ્થિત, ચોતરફ તે પ્રદેશોને - પોતપોતાની નીકટના પ્રદેશોને અવભાસે છે આદિ.

આમને પણ ઈન્દ્રના અભાવે વ્યવસ્થા પ્રશ્ન કરતાં કહે છે – तेसि णं भंते० ઈત્યાદિ પૂર્વવત્.

આ પ્રમાણે પંદર અનુયોગદ્વારથી સૂર્ય પ્રરૂપણા કરી, હવે ચંદ્ર વક્તવ્યતાને કહે છે – તેમાં આમ અનુયોગદ્વારો છે – મંડલ સંખ્યા પ્રરૂપણા, મંડલક્ષેત્ર પ્રરૂપણા૦ ઈત્યાદિ.

તેમાં પહેલી મંડલ સંખ્યા પ્રરૂપે છે –

**● સૂત્ર-૨૬૯ થી ૨૭૨ :-**

***[૨૬૯] ભગવન્ ! ચંદ્ર મંડલ કેટલાં કહેલ છે ? ગૌતમ ! પંદર ચંદ્રમંડલો કહેલા છે.***

***ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં કેટલાં ક્ષેત્રનું અવગાહન કરીને કેટલાં ચંદ્ર મંડલો કહેલા છે ? ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપમાં ૧૮૦ યોજન જઈને પાંચ ચંદ્રમંડલ કહેલા છે.***



***ભગવન્ ! લવણ સમુદ્ર વિશે પ્રશ્ન. ગૌતમ ! લવણ સમુદ્રમાં ૩૩૦ યોજન જઈને,અહીં દશ ચંદ્રમંડલ કહેલ છે.***

***એ પ્રમાણે બધાં મળીને જંબૂદ્વીપ દ્વીપમાં અને લવણ સમુદ્રમાં પંદર ચંદ્રમંડલો છે, તેમ કહેવું.***

***[૨૭૦] ભગવન્ ! સર્વાભ્યંતર ચંદ્રમંડલથી કેટલે દૂર સર્વ બાહ્ય ચંદ્રમંડલ કહેલ છે ?***

***ગૌતમ ! ૫૧૦ યોજન દૂર સર્વબાહ્ય ચંદ્રમંડલ છે.***

***[૨૭૧] ભગવન્ ! ચંદ્રમંડલથી ચંદ્રમંડલનું કેટલું અબાધા અંતર કહેલ છે ? ગૌતમ ! પાત્રીશ પાત્રીશ યોજન અને એક યોજનના $^{૩૦}/_{૬૧}$ ભાગ તથા ૬૧ ભાગોના સાત ભાગ છેદીને ચાર ચૂર્ણિકા ભાગ એક ચંદ્રમંડલથી બીજા ચંદ્રમંડલનું અબાધા અંતર કહેલ છે.***

***[૨૭૨] ભગવન્ ! ચંદ્રમંડલ કેટલી લંબાઈ-પહોળાઈથી અને કેટલી પરિધિથી તથા કેટલી જાડાઈથી કહેલ છે ?***

***ગૌતમ ! $^{૫૬}/_{૬૧}$ યોજન લાંબુ-પહોળું, સાધિક ત્રણગણું પરિધિથી અને $^{૨૮}/_{૬૧}$ યોજન જાડાઈથી છે.***

**● વિવેચન-૨૬૯ થી ૨૭૨ :-**

ભગવન્ ! કેટલાં ચંદ્રમંડલો કહેલા છે ?

ગૌતમ ! પંદર ચંદ્રમંડલો કહેલા છે. હવે તેની મધ્યે કેટલા દ્વીપ, કેટલાં લવણસમુદ્રમાં હોય ? એ પ્રમાણે વ્યક્તાર્થે પૂછે છે –

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં કેટલું જઈને કેટલા ચંદ્રમંડલ કહેલા છે ? [ઈત્યાદિ બંને સૂત્રો સૂત્રાર્થ મુજબ હોવાથી અહીં ફરી અનુવાદ કરેલ નથી.] હવે મંડલક્ષેત્ર–

ભગવન્ ! સર્વ અભ્યંતર ચંદ્રમંડલથી કેટલા અબાધાથી સર્વ બાહ્ય ચંદ્રમંડલ કહેલ છે ? શું કહેવા માંગે છે ? ચંદ્રમંડલ વડે સર્વ અભ્યંતરાદિથી સર્વ બાહ્યાંતે જે વ્યાપ્ત આકાશ છે, તે મંડલ ક્ષેત્ર, તેમાં ચક્રવાલપણે વિષ્કંભ ૫૧૦ - $^{૪૮}/_{૬૧}$ યોજન છે. આ વ્યાખ્યાથી અધિક જાણવું.

તે આ રીતે – ચંદ્રના મંડલો ૧૫ છે અને ચંદ્ર બિંબનો વિષ્કંભ $^{૫૪}/_{૬૧}$ યોજન છે. તેથી ૫૬ને ૧૫ વડે ગુણતાં ૮૪૦ થાય. તેના યોજન કરવાને માટે ૬૧ વડે ભાગ દેતા, પ્રાપ્ત ૧૩ યોજન અને શેષ-૪૭ વધશે. તથા ૧૫ મંડલોનું અંતર-૧૪ થાય. એકૈક અંતરનું પ્રમાણ ૩૫-$^{૩૦}/_{૬૧}$ અને ૬૧ ભાગના $^{૪}/_{૭}$ ભાગ છે. તેથી ૩૫ને ૧૪ ગુણતાં થશે - ૪૯૦ અને જે $^{૩૦}/_{૬૧}$ ભાગ છે, તેને ૧૪ વડે ગુણતાં આવશે - ૪૨૦, આ રાશિ-૬૧ ભાગાત્મક છે, તેના વડે ૬૧ ભાગો કરાતા પ્રાપ્ત થસે - ૬-યોજન. તેને પૂર્વ રાશિમાં ઉમેરતાં થશે - ૪૯૬ યોજન. બાકી રહે છે - $^{૫૪}/_{૬૧}$ ભાગ. હવે જે ૬૧ ભાગના $^{૪}/_{૭}$ ભાગ છે, તેને ૧૪ વડે ગુણીએ, તેથી આવેલ-૫૬ને ૭ ભાગ

વડે ભાગ કરાતાં પ્રાપ્ત $^{૮}/_{૬૧}$ ભાગ છે, તેને અનંતરોક્ત-૫૪માં ઉમેરીએ. તેથી ૬૨ આવશે તેમાં ૬૧ ભાગથી યોજન આવે, તે યોજન રાશિમાં ઉમેરીએ, શેષ વધે $^{૧}/_{૬૧}$ ભાગ. યોજન ૪૯૭ થાય. તેથી ૪૯૭ - $^{૧}/_{૬૧}$.

આ મંડલાંતર ક્ષેત્ર છે. જે બિંબક્ષેત્ર રાશિ ૧૩ - $^{૪૭}/_{૬૧}$ ભાગાત્મક યોજન છે, તે પણ મંડલાંતર રાશિમાં ઉમેરીએ તેથી ૪૯૭ + ૧૩ = ૫૧૦ આવશે અને જે પૂર્વોદ્ધરિત $^{૧}/_{૬૧}$ ભાગ છે, તે ૪૭માં ઉમેરીએ, તેથી આવશે - $^{૪૮}/_{૬૧}$.

[શંકા] પંદર મંડલના ચૌદ અંતરાલના સંભવથી ચૌદ વડે ભાંગવું યુક્તિવાળું છે, તો $^{૪}/_{૭}$ ભાગ કઈ રીતે સાથે જાય ?

[સમાધાન] મંડલાંતર ક્ષેત્ર રાશિથી ૪૯૭ - $^{૧}/_{૬૧}$ મંડલાંતર વડે ૧૪થી ભાંગતા પ્રાપ્ત ૩૫-યોજન છે. ઉદ્ધરિત યોજન રાશિને ૬૧ વડે ગુણતાં અને મૂલ રાશિમાં ૬૧-ભાગ ઉમેરતા થશે-૪૨૮. આને ૧૪ વડે ભાંગતા આવેલ અંશરાશિ ૩૦ છે, શેષ-૮, તેનો ૧૪ વડે ભાગ થતો નથી માટે લાઘવાર્થે બે વડે ભાંગતા આવેલ ભાજ્ય-ભાજક રાશિ થશે. $^{૪}/_{૭}$ એ પ્રમાણે જાણવું.

હવે મંડલ અંતરની પ્રરૂપણાનો પ્રશ્ન કહે છે — ભગવન્ ! એક ચંદ્ર મંડલનું બીજા ચંદ્રમંડલ સુધીનું અંતર કેટલે દૂર કહેલ છે? ગૌતમ ! ૩૫ - $^{૩૦}/_{૬૧}$ । $^{૪}/_{૭}$ યોજન છે. આટલું ચંદ્ર મંડલનું અબાધાથી અંતર કહેલ છે. અહીં $^{૪}/_{૭}$ ચૂર્ણિકા જે રીતે આવે, તે રીતે અનંતર તેની વ્યાખ્યા કરાયેલ છે.

હવે મંડલની લંબાઈ આદિ પ્રમાણ દ્વાર કહે છે — ભગવન્ ! ચંદ્રમંડલની લંબાઈ, પહોળાઈ, પરિધિ, બાહલ્ય-ઉચ્ચત્વ કહેલ છે ? ગૌતમ ! લંબાઈ-પહોળાઈ $^{૫૬}/_{૬૧}$ યોજન છે. એક યોજનના ૬૧ ભાગ કરાતા જેટલાં પ્રમાણ ભાગો છે, તેટલા પ્રમાણ અર્થાત્ ૫૬ ભાગ પ્રમાણ. તેનાથી ત્રણગુણાથી અધિક પરિધિ છે. કરણ રીતથી ૨-યોજન ૫૫ ભાગ સાધિક છે. $^{૨૮}/_{૬૧}$ યોજન બાહલ્ય છે. હવે મેરુને આશ્રીને પ્રથમાદિ મંડલ અબાધાનો પ્રશ્ન —

**● સૂત્ર-૨૭૩ :-**

*ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં મેરુ પર્વતની કેટલી અબાધા વડે સર્વાભ્યંતર ચંદ્રમંડલ કહેલ છે ?*

*ગૌતમ ! ૪૪,૮૨૦ યોજનની અબાધાથી [-દૂર] સર્વાભ્યંતર ચંદ્રમંડલ કહેલ છે.*

*જંબૂદ્વીપ દ્વીપમાં મેરુ પર્વતની કેટલી અબાધાથી અભ્યંતર અનંતર ચંદ્રમંડલ કહેલ છે ?*

*ગૌતમ ! ૪૪,૮૫૬ યોજન અને યોજનના $^{૨૫}/_{૬૧}$ ભાગ અને ૬૧ ભાગના $^{૪}/_{૭}$ ચૂર્ણિકા ભાગ અબાધાથી અભ્યંતરાંતર ચંદ્રમંડલ છે, તેવું કહેલ છે.*

*જંબૂદ્વીપ દ્વીપમાં મેરુ પર્વતનું કેટલી અબાધાથી અભ્યંતર તૃતિય મંડલ કહેલ છે ?*

*ગૌતમ ! ૪૪,૮૯૨ યોજન અને યોજનના $^{૫૧}/_{૬૧}$ ભાગ અને એકસઠીયા*



*ભાગના $^{૧}/_{૭}$ ચૂર્ણિકા ભાગ અબાધાથી અભ્યંતર તૃતિય મંડલ કહેલ છે.*

*એ પ્રમાણે નિશ્ચે આ ઉપાયથી નિષ્ક્રમણ કરતો ચંદ્ર તેના પછીના મંડલથી, તેના પછીના મંડલથી, તેના પછીના મંડલમાં સંક્રમણ કરતો-કરતો છત્રીશ-છત્રીશ યોજન અને એક યોજનના $^{૨૫}/_{૬૧}$ ભાગ અને એક સઠીયા ભાગના $^{૪}/_{૭}$ ચૂર્ણિકા ભાગ, એકૈક મંડલમાં અબાધાથી વૃદ્ધિથી વધતા-વધતા સર્વ બાહ્ય મંડલને ઉપસંક્રમિત થઈને ચારે ચરે છે.*

*જંબૂદ્વીપ દ્વીપમાં મેરુ પર્વતની કેટલે દૂર સર્વબાહ્ય ચંદ્ર મંડલ કહેલ છે ? ૪૫,૩૩૦ યોજનની અબાધાથી ચંદ્રમંડલ છે.*

*જંબૂદ્વીપ દ્વીપમાં મેરુ પર્વતની કેટલી અબાધાથી બાહ્ય અનંતર ચંદ્રમંડલ કહેલ છે ?*

*ગૌતમ ! ૪૫,૨૯૩ યોજન અને એક યોજનના ભાગ, એકસઠીયા ભાગના $^{૩}/_{૭}$ ચૂર્ણિકા ભાગની અબાધાથી બાહ્ય અનંતર ચંદ્રમંડલ કહેલ છે.*

*જંબૂદ્વીપ દ્વીપમાં મેરુ પર્વતથી કેટલે દૂર - અબાધાથી, બાહ્ય તૃતિય ચંદ્રમંડલ કહેલ છે ?*

*ગૌતમ ! ૪૫,૨૫૭ યોજન અને એક યોજનના $^{૯}/_{૬૧}$ ભાગ, એકસઠીયા ભાગના $^{૬}/_{૭}$ ચૂર્ણિકા ભાગ અબાધાથી બાહ્ય તૃતિય ચંદ્રમંડલ કહેલ છે.*

*એ પ્રમાણે નિશ્ચે આ ઉપાયથી પ્રવેશ કરતો ચંદ્ર, તેની પછીના મંડલથી, તેની પછીના મંડલમાં સંક્રમણ કરતો-કરતો છત્રીશ-છત્રીશ યોજન અને યોજનના $^{૨૫}/_{૬૧}$ ભાગ, એકસઠીયા ભાગના $^{૪}/_{૭}$ ચૂર્ણિકા ભાગ એકૈક મંડલમાં અબાધાથી વૃદ્ધિને ઘટાડતાં-ઘટાડતાં સર્વાભ્યંતર મંડલમાં સંક્રમીને ચાર ચરે છે.*

**● વિવેચન-૨૭૩ :-**

ભગવન્ ! જંબૂદ્વીપમાં મેરુ પર્વતથી કેટલે દૂર સર્વ અભ્યંતર ચંદ્રમંડલ કહેલ છે ? ગૌતમ ! ૪૪,૮૨૦ યોજન દૂર સર્વાભ્યંતર ચંદ્રમંડલ કહેલ છે. તેની ઉપપત્તિ પૂર્વે સૂર્ય વક્તવ્યતામાં દર્શાવેલ છે. બીજા મંડલની દૂરીનો પ્રશ્ન —

ભગવન્ ! જંબૂદ્વીપમાં મેરુ પર્વતથી કેટલે દૂર અભ્યંતર પછીનું બીજું ચંદ્રમંડલ કહેલ છે ? ગૌતમ ! ૪૪,૮૫૬ - $^{૨૫}/_{૬૧}$ ભાગ અને $^{૪}/_{૭}$ ચૂર્ણિકા ભાગની દૂરી એ સર્વાભ્યંતર અનંતર બીજું ચંદ્રમંડલ કહેલ છે. તેની ઉપપત્તિ પૂર્વોક્ત અભ્યંતર મંડલની રાશિમાં મંડલાંતર ક્ષેત્રમંડલ વિષ્કંભરાશિનો પ્રક્ષેપ કરતાં થાય.

તે આ રીતે — ૪૪,૮૨૦ રૂપ પૂર્વમંડલ યોજન રાશિ છે. આ મંડલાંતર ક્ષેત્ર યોજન-૩૫ છે. તથા અંતરના હોવાથી $^{૩૦}/_{૬૧}$ ભાગ મંડલ વિષ્કંભથી $^{૫૬}/_{૬૧}$ ભાગોના પરસ્પર મીલનથી $^{૮૬}/_{૬૧}$ ભાગમાં આવેલ યોજન એક, તે પૂર્વોક્ત ૩૫-ઉમેરીએ, તેથી આવશે-૩૬ યોજન અને શેષ $^{૨૫}/_{૬૧}$ ભાગ અને ૪-ચૂર્ણિકા.

હવે ત્રીજા મંડલનો પ્રશ્નોત્તર - બીજા મંડલની રાશિ ૩૬ યોજન અને $^{૨૫}/_{૬૧}$ ભાગ અને ૪-ચૂર્ણિકા ભાગ, એ આમાં ઉમેરતાં યથોક્ત રાશિ પ્રાપ્ત થા છે.

હવે ચતુર્થ આદિ મંડલોમાં અતિદેશને કહે છે — એ પ્રમાણે ઉક્ત રીતે

અર્થાત્ ત્રણ મંડલમાં દર્શાવેલ રીતે. પ્રત્યેક અહોરાત્રમાં એકૈક મંડલને છોડવા રૂપે, નીકળતો-લવણ સમુદ્ર અભિમુખ મંડલો કરતો ચંદ્ર, વિવક્ષિત પૂર્વના મંડલથી વિવક્ષિત પછીના મંડલમાં સંક્રમણ કરતો-કરતો ૩૬ યોજન૦ અહીં યોજન સંખ્યામાં દ્વીત્વ છે, તે ભાગ સંખ્યા પદોમાં પણ ગ્રહણ કરવું. તેથી પચીશ-પચીશ એકસઠાંશ ભાગ યોજનના થાય અને ૬૧ ભાગોના સાત વડે છેદીને ચાર ચૂર્ણિકા ભાગ, એક-એક મંડલમાં અબાધા વડે વૃદ્ધિને વધારતા-વધારતા સર્વ બાહ્ય મંડલમાં ઉપસંક્રમીને ચાર ચરે છે.

હવે પશ્ચાનુપૂર્વી વ્યાખ્યાનાંગ, એ અંત્ય મંડલથી મંડલની દૂરીના પ્રશ્ન કરતાં કહે છે —

ભગવન્ ! જંબૂદ્વીપમાં મેરુ પર્વતથી કેટલે દૂર સર્વબાહ્ય ચંદ્રમંડલ કહેલ છે ? ગૌતમ ! ૩૫,૩૩૦ યોજનની દૂરીથી સર્વબાહ્ય ચંદ્રમંડલ કહેલ છે, ઉપપત્તિ પૂર્વવત્.

હવે બીજા મંડલનો પ્રશ્ન કરતાં કહે છે —

ભગવન્ ! મેરુ પર્વતથી કેટલે દૂર સર્વબાહ્ય અનંતર બીજું ચંદ્રમંડલ કહેલ છે ? ગૌતમ ! ૪૫,૨૯૩ - ૩૫/૬૧ । ૩/૭ યોજન સર્વ બાહ્ય અનંતર બીજું ચંદ્રમંડલ કહેલ છે. સર્વબાહ્ય મંડલ રાશિથી ૩૬-૨૫/૬૧ । ૪/૭ યોજન બાદ કરતાં યથોક્ત રાશિ આવે છે.

હવે ત્રીજા મંડલનો પ્રશ્ન — પ્રશ્નોત્તર સૂત્રાર્થમાં કહ્યા મુજબ જાણવા. ઉપપત્તિ આ રીતે — બાહ્ય દ્વિતીય મંડલ રાશિથી તે જ ૩૬ યોજનાદિ રાશિ બાદ કરતાં યથોક્ત પ્રમાણ આવે.

હવે ચતુર્થાદિ મંડલોમાં અતિદેશ - સ્પષ્ટ છે. - x -

હવે સર્વાભ્યંતરાદિ મંડલના આયામાદિ કહે છે —

● **સૂત્ર-૨૭૪ :-**

*ભગવન્ ! સર્વાભ્યંતર ચંદ્રમંડલની લંબાઈ-પહોળાઈ કેટલી છે ?, પરિધિ કેટલી કહી છે ?*

*ગૌતમ ! ૯૯,૬૪૦ યોજન લંબાઈ-પહોળાઈ છે અને પરિધિ ૩,૧૫,૦૮૯ યોજનથી કંઈક વિશેષાધિક કહી છે.*

*અભ્યંતર અનંતરની તે જ પૂર્વવત્ પૃચ્છા.*

*ગૌતમ ! ૯૯,૭૧૨ યોજન અને એક યોજનના ૫૧/૬૧ ભાગ અને એકસઠીયા ભાગને સાત ભાગે છેદીને એક ચૂર્ણિકા ભાગ [૯૯,૭૧૨- ૫૧/૬૧ । ૧/૭] લંબાઈ-પહોળાઈ, ૩,૧૫,૩૧૯ યોજનથી કંઈક વિશેષ પરિધિ છે.*

*અભ્યંતર તૃતીયમાં યાવત્ કહેલ છે ?*

*ગૌતમ ! ૯૯,૭૮૫ યોજન અને યોજનના ૪૧/૬૧ ભાગ અને એકસઠીયા ભાગની ૨/૭ ચૂર્ણિકા ભાગ [૯૯,૭૮૫ - ૪૧/૬૧ । ૨/૭] લંબાઈ-પહોળાઈ છે અને ૩,૧૫,૫૪૯ યોજનથી કંઈક વિશેષાધિક પરિધિ કહેલી છે.*

*એ પ્રમાણે આ ઉપાયથી નિષ્ક્રમણ કરતો ચંદ્ર યાવત્ સંક્રમણ કરતો-*



*કરતો બોંતરે-બોંતરે યોજન અને એક યોજનના ૫૧/૬૧ યોજનના એકસઠીયા ભાગનાદ્ય ૧/૭ ચૂર્ણિકા ભાગ. એક એક મંડલમાં વિષ્કંભ વૃદ્ધિને વધારતા-વધારતા ૨૩૦-૨૩૦ યોજન પરિધિ વૃદ્ધિને વધારતા-વધારતા સર્વ બાહ્ય મંડલને સંક્રમિત થઈને ચાર ચરે છે - ગતિ કરે છે.*

*ભગવન્ ! સર્વ બાહ્ય ચંદ્રમંડલમાં કેટલી લંબાઈ અને પહોળાઈ છે ? કેટલી પરિધિ કહી છે ?*

*ગૌતમ ! ૧,૦૦,૬૬૦ યોજન લંબાઈ-પહોળાઈ છે અને ૩,૧૮,૩૧૫ યોજનની પરિધિ છે.*

*બાહ્ય અનંતર મંડલનો પ્રશ્ન —*

*ગૌતમ ! ૧,૦૦,૫૮૭ યોજન અને એક યોજનના ૯/૬૧ ભાગ, એકસઠીયા ભાગના ૬/૭ ચૂર્ણિકા ભાગ લંબાઈ-પહોળાઈ છે અને પરિધિ - ૩,૧૮,૦૮૫ યોજન છે.*

*ભગવન્ ! બાહ્ય તૃતિય ચંદ્રમંડલ ?*

*ગૌતમ ! ૧,૦૦,૫૧૪ યોજન અને એક યોજનના ૧૯/૬૧ ભાગ અને એકસઠીયા ભાગના ૫/૭ ચૂર્ણિકા ભાગ [૧,૦૦,૫૧૪- ૧૯/૬૧ । ૫/૭] લંબાઈ-પહોળાઈ છે. ૩,૧૭,૮૫૫ યોજન પરિધિ છે.*

*એ પ્રમાણે આ ઉપાયથી પ્રવેશ કરતો ચંદ્ર યાવત્ સંક્રમણ કરતો-કરતો બોંતેર-બોંતેર યોજન અને એક યોજનના ૫૧/૬૧ ભાગ, એકસઠીયા ભાગના ૧/૭ ચૂર્ણિકા ભાગ, એક એક મંડલમાં વિષ્કંભ વૃદ્ધિથી ઘટાડતાં-ઘટાડતાં ૨૩૦-૨૩૦ યોજનની પરિધિ વૃદ્ધિથી ઘટાડતાં-ઘટાડતાં સર્વાભ્યંતર મંડલમાં ઉપસંક્રમિત થઈને ચાર ચરે છે.*

● **વિવેચન-૨૭૪ :-**

ભગવન્ ! સર્વાભ્યંતર ચંદ્રમંડલની લંબાઈ-પહોળાઈ અને પરિધિ કેટલી કહી છે ?

[સૂત્રાર્થમાં જણાવ્યા મુજબ બધું સમજી લેવું.] બંનેની ઉપપત્તિ અહીં પણ સૂર્યમંડલાધિકારમાં દર્શાવેલી છે.

હવે બીજું - અભ્યંતર અનંતર, તે જ પ્રશ્ન જે સર્વાભ્યંતર મંડલમાં છે, તે કરવો. [ઉત્તર સૂત્ર સૂત્રાર્થવત્ છે.] તે આ રીતે —

એક મંડલથી ચંદ્રમાં બીજા મંડલમાં સંક્રમણ કરતો ૩૬-૨૫/૬૧ યોજન અને ૪/૭ ચૂર્ણિકા ભાગને છોડીને સંક્રમણ કરે છે. બીજો ચંદ્રમાં પણ તેટલાં જ યોજનો છોડીને સંક્રમણ કરે છે, બંનેના મીલનથી થાય છે - ૭૨ યોજનો અને એક યોજનના ૫૧/૬૦ અને ૧/૭ ચૂર્ણિકા ભાગ બીજા મંડલમાં વિષ્કંભ-આયામ વિચારણામાં અધિકપણાથી પ્રાપ્ય છે. તે પૂર્વ મંડલ રાશિમાં ઉમેરતા થાય છે, યથોક્ત બીજા મંડલની લંબાઈ-પહોળાઈ આવે અને ૩,૦૦,૩૧૯થી કંઈક વિશેષ પરિધિ બીજા મંડલની કહેલી છે.

ઉપપત્તિ આ રીતે – પહેલા મંડલની પરિધિમાં ૭૨ યોજનાદિ પરિધિમાં ૧૩૦ યોજન ઉમેરતા યથોક્ત પ્રમાણ આવે.

હવે ત્રીજું – અભ્યંતર ત્રીજા ચંદ્ર મંડલમાં યાવત્ પદથી ''ચંદ્ર મંડલ કેટલી લંબાઈ-પહોળાઈથી અને પરિધિથી કહેલ છે,'' તેમ ગ્રહણ કરવું. ઉત્તર સૂત્ર [સૂત્રાર્થ મુજબ જાણવું]

તે આ રીતે – બીજા મંડલની રાશિમાં ૭૨ યોજન અને એક યોજનના $^{૫૧}/_{૬૧}$ ભાગ અને ૧-ચૂર્ણિકા ભાગ ઉમેરતાં યથોક્ત પ્રમાણ આણવું. ૩,૧૫,૫૪૯ યોજનાદિ પરિધિ છે, આ પૂર્વમંડલ પરિધિ રાશિમાં ૨૩૦ યોજન અધિક ઉમેરીને ઉપપત્તિ કરવી.

હવે ચતુર્થમંડલ આદિમાં અતિદેશ-પૂર્વવત્.

નિષ્ક્રમણ કરતો ચંદ્ર યાવત્ પદથી ''વિવક્ષિત મંડલથી તેની પછીના મંડલમાં'' એમ લેવું, સંક્રમણ કરતો-કરતો ઈત્યાદિ બધું સૂત્રાર્થવત્ અને પૂર્વોક્ત જાણવું - x - એ રીતે - સર્વ બાહ્યમંડલમાં સંક્રમીને ચાર ચરે છે.

હવે પશ્ચાનુપૂર્વીથી પૂછે છે –

ભગવન્ ! સર્વબાહ્ય ચંદ્રમંડલની લંબાઈ, પહોળાઈ અને પરિધિ કેટલી કહેલી છે ?

ગૌતમ ! ૧,૦૦,૬૬૦ યોજન લંબાઈ-પહોળાઈ છે. ઉપપત્તિ આ છે - જંબૂદ્વીપ લાખ યોજન છે, તેની બંને બાજુ - પ્રત્યેકમાં ૩૩૦ યોજન છે, બંનેના મીલનથી ૬૬૦ યોજન થાય. તેથી એક લાખમાં આ ૬૬૦ ઉમેરતા યથોક્ત ૧,૦૦,૬૬૦ આવે.

૩,૧૮,૩૧૫ યોજન પરિધિ છે. તેની ઉપપત્તિ - જંબૂદ્વીપની પરિધિમાં ૬૬૦ ઉમેરવામાં આવતાં યથોક્ત માન આવે.

હવે દ્વિતીય - બાહ્યાનન્તર દ્વિતીય મંડલ૦ પ્રશ્ન આલાપક તો પૂર્વવત્ છે. ઉત્તર સૂત્રમાં ગૌતમ ! ૧,૦૦,૫૮૭ [ઈત્યાદિ સૂત્રાર્થવત્ જાણવું] લંબાઈ-પહોળાઈ છે. તેની ઉપપત્તિ - પૂર્વ રાશિમાંથી ૭૨-$^{૫૧}/_{૬૧}$ ભાગ યોજનાદિ લઈ લેવા. ૩,૧૮,૦૮૫ યોજન પરિધિ, સર્વબાહ્ય મંડલ પરિધિમાં ૨૩૦ યોજન બાદ કરતાં યથોક્ત માન આવે.

હવે ત્રીજું – બાહ્ય તૃતિય મંડલ :- ભગવન્ ! ચંદ્રમંડલ, સર્વ પ્રશ્નસૂત્ર જાણવું. ઉત્તરસૂત્ર - [સૂત્રાર્થવત્]

ઉક્ત લંબાઈ-પહોળાઈમાં સંગતિ આ રીતે - દ્વિતીય મંડલ રાશિમાંથી ૭૨ યોજનાદિ રાશિને દૂર કરીને કરવું. પરિધિ - ૩,૧૭,૮૫૫ યોજન છે. તેની ઉપપત્તિ, પૂર્વ રાશિમાંથી ૨૩૦ બાદ કરો.

હવે ચતુર્થ મંડલાદિમાં અતિદેશ કહે છે –

एवं खलु૦ ઈત્યાદિ પૂર્વવત્. પ્રવેશતો ચંદ્ર, યાવત્ પદથી ''વિવક્ષિત મંડલથી પછીના મંડલમાં'' ગ્રહણ કરવું. સંક્રમણ કરતો-કરતો બોંતેર-બોંતેર યોજન અને એકાવન-એકાવન એકસઠાંશ ભાગ તથા $^{૧}/_{૭}$ ભાગ એકૈક મંડલમાં વિષ્કંભ વૃદ્ધિને





ઘટાડતો-ઘટાડતો ૨૩૦-૨૩૦ યોજન પરિધિને ઘટાડતો-ઘટાડતો સર્વાભ્યંતર મંડલમાં સંક્રમણ કરીને ચાર ચરે છે.

હવે મુહૂર્ત ગતિ પ્રરૂપણા કરે છે–

● **સૂત્ર-૨૭૫ :-**

*ભગવન્ ! જ્યારે ચંદ્ર સર્વાભ્યંતરમંડલને ઉપસંક્રમિત થઈને ચાર ચરે છે, ત્યારે એક-એક મુહૂર્તથી કેટલાં ક્ષેત્રમાં જાય છે ?*

*ગૌતમ ! ૫૦૭૩ યોજન અને ૭૭૪૪ને ૧૩,૭૨૫ વડે ભાંગતા પ્રાપ્ત સંખ્યા જેટલા યોજન ક્ષેત્રમાં જાય છે.*

*ત્યારે અહીં રહેલ મનુષ્યોને ૪૭,૨૬૩ યોજન અને એક યોજનના $^{૨૧}/_{૬૧}$ ભાગની દૂરીથી ચંદ્ર દૃષ્ટિગોચર થાય છે.*

*ભગવન્ ! જ્યારે ચંદ્ર અભ્યંતર અનંતર મંડલમાં સંક્રમિત થઈને ચાર ચરે છે યાવત્ કેટલા ક્ષેત્રમાં જાય છે ?*

*ગૌતમ ! ૫૦૭૭ યોજન અને ૩૬૭૪ને ૧૩,૭૨૫ વડે છેદીને પ્રાપ્ત સંખ્યા જેટલા યોજન ક્ષેત્રમાં જાય છે.*

*ભગવન્ ! જ્યારે ચંદ્ર અભ્યંતર તૃતિય મંડલ ઉપસંક્રમિત થઈને ચાર ચરે છે, ત્યારે એક એક મુહૂર્તમાં કેટલાં ક્ષેત્રમાં ગતિ કરે છે ?*

*ગૌતમ ! ૫૦૮૦ યોજન અને ૧૩,૩૧૯ ને ૧૩,૭૨૫ વડે છેદતાં પ્રાપ્ત સંખ્યા જેટલા યોજન ક્ષેત્રમાં જાય છે.*

*આ પ્રમાણે આ ઉપાય વડે નિષ્ક્રમણ કરતો ચંદ્ર તેની પછીના મંડલથી યાવત્ સંક્રમ કરતો ૩-યોજન અને ૯૬૫૫ ને ૧૩,૭૨૫ વડે છેદીને પ્રાપ્ત સંખ્યા જેટલા યોજન એકૈક મંડલમાં મુહૂર્ત ગતિની વૃદ્ધિ કરતો કરતો સર્વ બાહ્ય મંડલમાં ઉપસંક્રમિત થઈને ચાર ચરે ચે.*

*ભગવન્ ! જ્યારે ચંદ્ર સર્વ બાહ્ય મંડલમાં ઉપસંક્રમિત થઈને ચાર ચરે છે, ત્યારે એક એક મુહૂર્તમાં કેટલાં ક્ષેત્ર જાય છે ?*

*ગૌતમ ! તે ૫૧૨૫ યોજન અને ૬૯૯૦ ને ૧૩,૭૨૫ વડે છેદીને પ્રાપ્ત સંખ્યા જેટલાં યોજન ક્ષેત્રમાં જાય છે.*

*ત્યારે અહીં રહેલ મનુષ્યોને ૩૧,૮૩૧ યોજનની દૂરી ઉપર ચંદ્ર શીઘ્ર દૃષ્ટિગોચર થાય છે.*

*ભગવન્ ! જ્યારે બાહ્ય અનંતર મંડલમાં ગતિ કરે છે, ત્યારે૦ ઈત્યાદિ પ્રશ્ન પૂર્વવત્.*

*ગૌતમ ! ૫૧૨૧ યોજન અને ૧૧૬૦ને ૧૩,૭૨૫ વડે છેદીને પ્રાપ્ત સંખ્યા જેટલાં યોજન ક્ષેત્રમાં ગતિ કરે છે.*

*ભગવન્ ! જ્યારે બાહ્ય ત્રીજા મંડલમાં૦ - પ્રશ્ન.*

*ગૌતમ ! ૫૧૧૮ યોજન અને ૧૪૭૫ને ૧૩,૭૨૫ વડે છેદીને પ્રાપ્ત સંખ્યા જેટલાં યોજન ક્ષેત્રમાં ગતિ કરે છે.*

***એ પ્રમાણે આ ઉપાય વડે યાવત્ સંક્રમણ કરતો-કરતો ત્રણ-ત્રણ યોજન અને ૯૬૫૫ ને ૧૩,૭૨૫ વડે છેદીને પ્રાપ્ત સંખ્યા જેટલાં યોજન ક્ષેત્રમાં એક એક મંડલમાં મુહૂર્તગતિને ઘટાડતાં-ઘટાડતાં સર્વ અભ્યંતર મંડલમાં ઉપસંક્રમિત થઈ ચાર ચરે છે.***

**● વિવેચન-૨૭૫ :-**

ભગવન્ ! ચંદ્ર સર્વાભ્યંતર મંડલમાં ઉપસંક્રમિત થઈને ચાર ચરે છે, ત્યારે એકૈક મુહૂર્તથી કેટલાં ક્ષેત્રમાં જાય છે ?

ગૌતમ ! ૫૦૭૩ યોજન [ઈત્યાદિ સૂત્રાર્થ મુજબ જાણવું.]

હવે ૫૦૭૩ યોજનાદિ ગતિ પરિમાણ લાવવા માટે પહેલાં સર્વાભ્યંતર મંડલ પરિધિ, યોજન-૩,૧૫,૦૮૯ રૂપ છે, તેને ૨૨૧ વડે ગુણતા આવશે - ૬,૯૬,૩૪,૬૬૯.

ઉક્ત રાશિને ૧૩,૭૨૫ વડે ભાગ દેતાં પ્રાપ્ત થશે - ૫૦૭૩ અને અંશો રહેશે - ૭૭૪૪. છેદ રાશિ રહેશે ૧૩,૭૨૫.

[શંકા] જો મંડલ પરિધિ તેર હજાર આદિ ભાજક રાશિ વડે ભાજ્ય છે, તો શા માટે ૨૨૧ વડે મંડલ પરિધિને ગુણીએ છીએ ?

[સમાધાન] ચંદ્રનો મંડલ પૂરણકાળ ૭૨ - $^{૨૩}/_{૨૨૧}$ મુહૂર્ત છે. આની ભાવના આ છે - ચંદ્રનો મુહૂર્ત ભાગ ગતિ અવસરે ધારણ કરાશે. મુહૂર્તને સવર્ણનાર્થે ૨૨૧ વડે ગુણીને ૨૩-અંશ ઉમેરતાં થશે ૧૩,૭૨૫. તેથી સમભાગ લાવવાને માટે મંડલના ૨૨૧ વડે ગુણવાનું સંગત જ છે. અહીં આવો ભાવ છે —

જેમ સૂર્ય ૬૦ મુહૂર્ત વડે મંડલને શીઘ્ર ગતિત્વ અને લઘુ વિમાનગામીત્વથી સમાપ્ત કરે છે તથા ચંદ્ર ૬૨ - $^{૨૩}/_{૨૨૧}$ ભાગ વડે મંડલને મંદગતિત્વથી અને ગુરુવિમાનગામિત્વથી પૂરિત કરે છે, તે મંડલપૂર્તિ કાળથી મંડલ પરિધિ વડે ભક્ત થઈને મુહૂર્ત ગતિને સર્વસંમત થઈને આપે છે.

કહે છે — ૨૨૧ ભાગ કરણમાં શું બીજ છે ?

સમાધાન - મંડલકાલ લાવવા માટે આ જ છેદરાશિને સમ કરવાથી, મંડલકાલ નિરૂપણાર્થે આ ત્રિરાશિ છે — જો ૧૭૬૮ વડે સકલ યુગવર્તિ વડે, અર્દ્ધમંડલથી ૧૮૩૦ અહોરાત્ર પ્રાપ્ત થાય છે. તો બે અર્ધ મંડલો વડે અર્થાત્ એક મંડલથી કેટલાં અહોરાત્ર આવે ?

ત્રણ રાશિ સ્થાપના - ૧૭૬૮/૧૮૩૦/૨. અહીં અંત્ય રાશિ વડે દ્વિક લક્ષણથી મધ્ય રાશિ ૧૮૩૦ રૂપ ગુણવાથી આવે ૩૬૬૦. તેમાં આદ્ય રાશિ ૧૭૬૮ વડે ભાગ દેવાતા પ્રાપ્ત બે અહોરાત્ર છે, અને શેષ રહે છે - ૧૨૪. એક અહોરાત્રના ૩૦-મુહૂર્તો હોય છે, તેથી તેને ૩૦ વડે ગુણવાથી આવશે - ૩૭૨૦. તેને ૧૭૬૮ વડે ભાંગતા બે મુહૂર્ત આવશે અને શેષ વધશે - ૧૮૪.

હવે છેદ્ય છેદક રાશિ - $^{૧૮૪}/_{૧૭૬૮}$ ને આઠ વડે ભાંગતા આવશે - છેદ્ય રાશિ-૨૩ અને છેદકરાશિ, આવશે-૨૨૧. તેથી $^{૨૩}/_{૨૨૧}$

હવે તેની દૃષ્ટિપથ પ્રાપ્તતા કહે છે —



ત્યારે અહીં રહેલ મનુષ્યોને ૪૭,૨૬૩ યોજન અને $^{૨૧}/_{૬૦}$ ભાગ યોજનથી ચંદ્ર દૃષ્ટિપથમાં જલ્દી આવે છે.

આની ઉપપત્તિ સૂર્યાધિકારમાં દેખાડેલ હોવા છતાં કંઈક વિશેષ કહેવા માટે જણાવે છે - જેમ સૂર્યના સર્વાભ્યંતર મંડલમાં જંબૂદ્વીપ ચક્રવાલની પરિધિના દશ ભાગ કરીને દશ ત્રિભાગ સુધી તાપક્ષેત્ર છે, તેમ અહીં પણ પ્રકાશક્ષેત્ર તેટલું જ પૂર્વથી અને પશ્ચિમથી તેના અડધે ચક્ષુ પથ પ્રાપ્તના પરિમાણ આવે છે. જે ૬૦ ભાગીકૃત્ યોજનના ૨૧-ભાગાધિકત્વ છે, તે સંપ્રદાયગમ્ય છે. અન્યથા ચંદ્રાધિકારમાં સાધિક ૬૨-મુહૂર્ત પ્રમાણ મંડલ પૂર્તિ કાળની છેદ રાશિપણાથી કહેવા વડે સૂર્યાધિકારમાં વાચ્ય ૬૦ મુહૂર્ત પ્રમાણ મંડલ પૂર્તિકાળ રૂપ છેદ રાશિનું અનુપપદ્યમાન થાય.

હવે બીજા મંડલમાં મુહૂર્ત ગતિ કહે છે —

ભગવન્ ! જ્યારે ચંદ્ર અભ્યંતર અનંતર બીજા મંડલમાં ઉપસંક્રમણ કરીને ચાર ચરે છે. યાવત્ પદથી - "ત્યારે એકૈક મુહૂર્તથી" એમ લેવું. કેટલાં ક્ષેત્રમાં જાય છે ?

ગૌતમ ! ૫૦૭૭ યોજન૦ [ઈત્યાદિ સૂત્રાર્થવત્ જાણવું.]. આ સૂત્ર પૂર્વે ભાવિતાર્થ છે, અહીં ફરી કહેતા નથી.

આની ઉપપત્તિ - બીજા ચંદ્રમંડલની પરિધિનું પરિમાણ છે - ૩,૧૫,૩૧૯, તેને ૨૨૧-વડે ગુણતાં આવશે - ૬,૯૬,૮૫,૪૨૯. આને ૧૩,૭૨૫ ભાગથી પ્રાપ્ત થાય - ૫૦૭૭ અને બાકી રહેશે - ૩૬૭૪ ભાગ તેથી ૫૦૭૭ - $^{૩૬૭૪}/_{૧૩૭૨૫}$ થાય.

હવે ત્રીજું મંડલ કહે છે — ભગવન્ ! જ્યારે ચંદ્ર અભ્યંતર ત્રીજા મંડલમાં ઉપસંક્રમિત થઈને ચાર ચરે છે, ત્યારે એકૈક મુહૂર્તથી કેટલાં ક્ષેત્રમાં જાય છે ?

ગૌતમ ! ૫૦૮૦ યોજન [ઈત્યાદિ સૂત્રાર્થવત્ જાણવું.]

આની ઉપપત્તિ આ પ્રમાણે —

અહીં મંડલમાં પરિધિ - ૩,૧૫,૫૪૯ છે. તેને ૨૨૧ વડે ગુણતાં - ૬,૯૭,૩૬,૩૨૯ સંખ્યા આવશે. તેને ૧૩,૭૨૫ વડે ભાગ દેવાતા પ્રાપ્ત સંખ્યા આવશે - ૫૦૮૦ અને શેષ રહેશે - ૧૩,૩૨૯. તેથી ઉક્ત સંખ્યા પ્રાપ્ત થશે - ૫૦૮૦ - $^{૧૩૩૨૯}/_{૧૩૭૨૫}$

હવે ચતુર્થ આદિ મંડલમાં અતિદેશ કહે છે - x -

નીકળતો એવો ચંદ્ર તે વિવક્ષિત મંડલ પછીના, યાવત્ શબ્દ વડે મંડલથી તેની પછીના મંડલમાં સંક્રમણ કરતો-કરતો ત્રણ-ત્રણ યોજન અને ૯૬૫૫ ભાગ એકૈક મંડલમાં મુહૂર્તગતિને વધારતો-વધારતો સર્વ બાહ્ય મંડલમાં ઉપસંક્રમણ કરીને ચાર ચરે છે.

આ કઈ રીતે જાણવું ? એમ પૂછતાં કહે છે કે —

પ્રતિચંદ્રમંડલ પરિધિ વૃદ્ધિ-૨૩૦. આને ૧૩ હજાર આદિ રાશિ વડે ભાગ કરાતા પ્રાપ્ત સંખ્યા ૩-યોજન અને શેષ રહે-૯૬૫૫. તેથી આવશે, ૩ - $^{૯૬૫૫}/_{૧૩૭૨૫}$.

હવે પશ્ચાનુપૂર્વીથી પૂછે છે - जया णं० આદિ.

ભગવન્ ! જ્યારે ચંદ્ર સર્વબાહ્ય મંડલમાં ઉપસંક્રમ કરીને ચાર ચરે છે, ત્યારે એકૈક મુહૂર્તથી કેટલાં ક્ષેત્રમાં જાય છે ?

ગૌતમ ! ૫૧૨૫ યોજન અને ૬૯૯૦ ભાગ જાય છે. મંડલને ૧૩,૭૨૫ વડે વિભાગ કરતાં આવે છે.

આની ઉપપત્તિ - આ મંડલમાં પરિધિ પરિમાણ - ૩,૧૮,૩૧૫ છે. તેને ૨૨૧ વડે ગુણવામાં આવે છે. તેથી આવશે ૭,૦૩,૪૭,૬૧૫. આ સંખ્યાને ૧૩,૭૨૫ વડે ભાંગવામાં આવતા - પ્રાપ્ત સંખ્યા થશે - ૫૧૨૫, શેષ ભાગ રહેશે - ૬૯૯૦ અર્થાત્ ૫૧૨૫ - ૬૯૯૦/૧૩૭૨૫

હવે આ મંડલમાં દૃષ્ટિપથ પ્રાપ્તતા કહે છે —

ત્યારે - સર્વ બાહ્યમંડલ ચરણકાળમાં અહીં રહેલ મનુષ્યોને ૩૧,૮૩૧ યોજનથી ચંદ્ર દૃષ્ટિપથમાં શીઘ્ર આવે છે. અહીં સૂર્યાધિકારોક્ત ૩૦/૬૦ ભાગ, એમ અધિક મંતવ્ય છે. ઉપપત્તિ પૂર્વવત્.

હવે બીજું મંડલ - जया णं ઈત્યાદિ.

ભગવન્ ! જ્યારે સર્વ બાહ્યાનંતર દ્વિતીય ઈત્યાદિ પ્રશ્ન પૂર્વવત્. ગૌતમ ! ૫૧૨૧ યોજન અને ૧૧૦૬૦ ભાગ જાય છે. મંડલને ૧૩,૭૨૫ વડે છેદીને યથોક્ત સંખ્યા આવે.

આની ઉપપત્તિ આ પ્રમાણે છે —

અહીં મંડલમાં પરિધિ ૩,૧૮,૦૮૫ છે. તેને ૨૨૧ વડે ગુણતાં આવશે - ૭,૦૨,૯૬,૭૮૫. આને ૧૩,૭૨૫ વડે ભાગ દેતા પ્રાપ્ત સંખ્યા આવશે :- ૫૧૨૧ - ૧૧૦૬૦/૧૩૭૨૫

હવે ત્રીજું મંડલ - जया णं० ઈત્યાદિ.

ગૌતમ ! ૫૧૧૮ યોજન અને ૧૪૦૫ ભાગ જાય છે. મંડલને ૧૩,૭૨૫ વડે છેદતા યથોક્ત સંખ્યા આવશે.

આની ઉપપત્તિ - અહીં મંડલમાં પરિધિ પ્રમાણ - ૩,૧૭,૮૫૫ છે, તેને ૨૨૧ વડે ગુણતાં આવશે - ૭,૦૨,૪૫,૯૫૫. તેને ૧૩,૭૨૫ વડે ભાંગતા પ્રાપ્ત થશે - ૫૧૧૮ અને શેષ-૧૪૦૫ રહેશે.

હવે ચતુર્થાદિ મંડલોમાં અતિદેશ કહે છે —

આ ઉપાય વડે યાવત્ શબ્દથી પ્રવેશતો ચંદ્ર તેના પછીના મંડલથી તેની પછીના મંડલમાં, સંક્રમણ કરતો-કરતો ૩-યોજન અને ૯૬૫૫ ભાગ એકૈક મંડલમાં મુહૂર્તગતિને ઘટાડતો-ઘટાડતો સર્વ અભ્યંતર મંડલમાં સંક્રમણ કરતો ચાર ચરે છે. - x -

અહીં સર્વાભ્યંતર અને સર્વબાહ્ય ચંદ્રમંડલની દૃષ્ટિપથ પ્રાપ્તતા દર્શાવી છે, બાકીના મંડલોમાં તો તે આ આગમમાં, ચંદ્રપ્રજ્ઞપ્તિ આદિમાં કે પૂર્વે પણ કોઈએ દેખાડેલ નથી, તેથી અહીં પણ કહેતા નથી.

હવે નક્ષત્ર અધિકાર કહે છે, તેમાં આઠ દ્વારો છે —



(૧) મંડલક્ષેત્ર ચાર પ્રરૂપણા, (૨) અભ્યંતરાદિ મંડલ સ્થાયી અઠ્ઠાવીશ નક્ષત્રોની પરસ્પર અંતર નિરૂપણા, (૩) નક્ષત્ર વિમાનોની લંબાઈ આદિની નિરૂપણા, (૪) મંડલ સંખ્યા પ્રરૂપણા, (૫) નક્ષત્ર મંડલોનું મેરુથી અબાધા નિરૂપણ, (૬) તેનું જ લંબાઈ આદિનું નિરુપણ, (૭) મુહૂર્ત ગતિ પ્રમાણ નિરૂપણ, (૮) નક્ષત્ર મંડલોનું ચંદ્ર મંડલ વડે સમવતાર નિરૂપણ. [આ પ્રમાણે આઠ દ્વાર છે.]

તેમાં આદિમાં મંડલસંખ્યા પ્રરૂપણાનો પ્રશ્ન —

● સૂત્ર-૨૭૬ :-

*ભગવન્ ! નક્ષત્ર મંડલો કેટલાં કહેલા છે ? ગૌતમ ! આઠ નક્ષત્ર મંડલો કહેલા છે.*

*જંબૂદ્વીપ દ્વીપમાં કેટલા ક્ષેત્રના અવગાહન કર્યા પછી કેટલાં નક્ષત્ર મંડલો છે તેમ કહ્યું છે ?*

*ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપમાં ૧૮૦ યોજન ક્ષેત્ર અવગાહ્યા પછી અહીં બે નક્ષત્રમંડલ કહેલાં છે.*

*ભગવન્ ! લવણસમુદ્રમાં કેટલું ક્ષેત્ર અવગાહન કર્યા પછી, કેટલાં નક્ષત્ર મંડલો કહેલાં છે ?*

*ગૌતમ ! લવણસમુદ્રમાં ૩૩૦ યોજન ક્ષેત્ર અવગાહ્યા પછી, અહીં છ નક્ષત્ર મંડલો કહેલા છે.*

*આ પ્રમાણે બધાં મળીને જંબૂદ્વીપ દ્વીપમાં અને લવણ સમુદ્રમાં આઠ નક્ષત્ર મંડલો હોય છે, તેમ કહેલ છે.*

*ભગવન્ ! સર્વાભ્યંતર નક્ષત્ર મંડલથી કેટલા અબાધા અંતરે સર્વબાહ્ય નક્ષત્રમંડલ હોય છે, તેમ કહેલ છે ?*

*ગૌતમ ! સર્વાભ્યંતર નક્ષત્ર મંડલતી ૫૧૦ યોજનના અબાધા અંતરે સર્વબાહ્ય નક્ષત્ર મંડલ કહેલ છે.*

*ભગવન્ ! એક નક્ષત્ર મંડલથી બીજા નક્ષત્ર મંડલનું આ કેટલું અબાધા અંતર છે, તેમ કહેલ છે ?*

*ગૌતમ ! એક નક્ષત્ર મંડલથી બીજા નક્ષત્ર મંડલનું અબાધા અંતર બે યોજન હોવાનું કહેલ છે.*

*ભગવન્ ! નક્ષત્ર મંડલ કેટલી લંબાઈ-પહોળાઈથી, કેટલી પરિધિથી અને કેટલાં બાહલ્યથી કહેલ છે.*

*ગૌતમ ! નક્ષત્ર મંડલ એક ગાઉ લાંબુ-પહોળું છે. તેનાથી ત્રણ ગુણાથી અધિક પરિધિ છે અને બાહલ્ય અર્દ્ધગાઉ કહેલ છે.*

*ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં મેરુ પર્વતની કેટલી અબાધાથી - દૂર-સર્વાભ્યંતર નક્ષત્રમંડલ કહેલ છે ?*

*ગૌતમ ! મેરુથી ૪૪,૮૨૦ યોજનના અબાધા અંતરતી સર્વાભ્યંતર નક્ષત્ર મંડલ કહેલ છે.*

*ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં મેરુ પર્વતની કેટલી અબાધાથી - દૂર - સર્વબાહ્ય નક્ષત્ર મંડલ કહેલ છે ?*

*ગૌતમ ! મેરુથી ૪૫,૩૩૦ યોજનના અબાધા અંતરે સર્વબાહ્ય નક્ષત્ર મંડલ કહેલ છે.*

*ભગવન્ ! સર્વાભ્યંતર નક્ષત્ર મંડલની લંબાઈ-પહોળાઈ કેટલી છે ? અને તેની પરિધિ કેટલી છે ?*

*ગૌતમ ! સર્વાભ્યંતર નક્ષત્ર મંડલની લંબાઈ-પહોળાઈ ૯૯,૬૪૦ યોજન અને તેની પરિધિ કંઈક વિશેષાધિક ૩,૧૫,૦૮૯ યોજન છે*

*ભગવન્ ! સર્વબાહ્ય નક્ષત્ર મંડલની લંબાઈ-પહોળાઈ કેટલી છે ? અને તેની પરિધિ કેટલી છે ?*

*ગૌતમ ! સર્વબાહ્ય નક્ષત્ર મંડલની લંબાઈ-પહોળાઈ ૧,૦૦,૬૬૦ યોજન અને પરિધિ ૩,૧૮,૩૧૫ યોજન છે.*

*ભગવન્ ! જ્યારે નક્ષત્ર સર્વાભ્યંતર મંડલને ઉપસંક્રમિત થઈને ચાર ચરે છે, ત્યારે એક એક મુહૂર્ત્તમાં કેટલાં ક્ષેત્ર જાય છે ?*

*ગૌતમ ! ૫૨૬૫ યોજન અને ૧૮,૨૬૩ ભાગને ૨૧,૯૬૦ ભાગ વડે છેદીને જે અંક આવે તેટલા યોજન ક્ષેત્રમાં જાય છે.*

*ભગવન્ ! જ્યારે નક્ષત્ર સર્વ બાહ્ય મંડલમાં ઉપસંક્રમિત થઈને ચાર ચરે છે, ત્યારે એક-એક મુહૂર્ત્તમાં કેટલાં ક્ષેત્ર જાય છે ?*

*ભગવન્ ! જ્યારે નક્ષત્ર સર્વ બાહ્ય મંડલમાં ઉપસંક્રમિત થઈને ચાર ચરે છે, ત્યારે એક એક મુહૂર્ત્તમાં કેટલાં ક્ષેત્ર જાય છે ?*

*ગૌતમ ! તે ૫૩૧૯ યોજન અને ૧૬,૩૬૫ ભાગને ૨૧,૯૬૦ વડે છેદીને જે અંક આવે તેટલા યોજન ક્ષેત્રમાં જાય છે.*

*ભગવન્ ! આ આઠ નક્ષત્ર મંડલો કેટલા ચંદ્રમંડલોમાં સમવસૃત અર્થાત્ અંતર્ભૂત થાય છે ?*

*ગૌતમ ! આઠ ચંદ્ર મંડલોમાં સમવસૃત થાય છે, તે આ રીતે – પહેલાં ચંદ્રમંડલમાં, ત્રીજા, છટ્ઠા, સાતમા, આઠમા દશમા, અગિયારમાં અને પંદરમાં ચંદ્રમંડલમાં સમવસૃત થાય છે.*

*ભગવન્ ! એક-એક મુહૂર્ત્તમાં ચંદ્ર, મંડલ પરિધિના કેટલાં સો ભાગમાં જાય છે ?*

*ગૌતમ ! જે-જે મંડલ ઉપસંક્રમિત થઈને ચાર ચરે છે, તે-તે મંડલ પરિધિના ૧૭૬૮ ભાગને ૧,૦૯,૮૦૦ ભાગ વડે છેદતા જે આવે તેટલાં ભાગ તે મંડલ પરિધિના અતિક્રમે છે.*

*ભગવન્ ! એકએક મુહૂર્ત્તમાં સૂર્ય કેટલા સો ભાગ જાય ?*

*ગૌતમ ! જે-જે મંડલમાં ઉપસંક્રમિત થઈને ચાર ચરે છે, તે - તે મંડલ પરિધિના ૧૮૩૦ ભાગને ૧,૦૯,૮૦૦ વડે છેદતાં જે અંક આવે તેટલાં ભાગ સૂર્ય એક એક મુહૂર્ત્તમાં જાય.*



*ભગવન્ ! એક-એક મુહૂર્ત્તમાં નક્ષત્ર કેટલા ભાગ જાય ?*

*ગૌતમ ! જે-જે મંડલમાં ઉપસંક્રમિત થઈ નક્ષત્ર ચાર ચરે છે તે-તે મંડલ પરિધિમાં ૧૮૩૫ ભાગ અને તેને ૧,૦૯,૮૦૦ વડે છેદતા જે અંક આવે તેટલા ભાગમાં નક્ષત્ર જાય.*

● વિવેચન-૨૭૬ :-

ભગવન્ ! કેટલાં નક્ષત્ર મંડલો કહેલા છે ?

ગૌતમ ! આઠ નક્ષત્ર મંડલો કહેલાં છે. અટ્ઠાવીસ નક્ષત્રોના પ્રતિનિયત સ્વ-સ્વ મંડલોમાં તેટલું જ સંચરણ કરવાથી આમ કહ્યું છે. જે રીતે આમાં સંચરણ છે, તે રીતે નિરૂપે છે.

આ જ વાત હવે ક્ષેત્ર વિભાગથી પૂછે છે –

જંબૂદ્વીપ દ્વીપમાં કેટલું ક્ષેત્ર અવગાહ્યા પછી કેટલાં નક્ષત્ર મંડલો કહેલાં છે ? ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપમાં ૧૮૦ યોજન અવગાહ્યા પછી, આ અંતરે બે નક્ષત્ર મંડલ કહેલાં છે.

લવણ સમુદ્રમાં કેટલું અવગાહ્યા પછી કેટલાં નક્ષત્ર મંડલો કહેલાં છે? ગૌતમ! લવણસમુદ્રમાં ૩૩૦ યોજન અવગાહ્યા પછી આ અંતરમાં છ નક્ષત્ર મંડલો કહેલાં છે.

અહીં ઉપસંહાર વાક્ય વડે ઉક્ત સંખ્યાનો સરવાળો કહે છે – આ પ્રમાણે બધાં મળીને જંબૂદ્વીપ દ્વીપમાં અને લવણસમુદ્રમાં આઠ નક્ષત્ર મંડલો હોય છે, એમ કહેલ છે.

હવે મંડલ ચાર-ક્ષેત્ર પ્રરૂપણા કરે છે –

ભગવન્ ! સર્વાભ્યંતર નક્ષત્રમંડલથી કેટલી દૂરી ઉપર સર્વબાહ્ય નક્ષત્ર મંડલ કહેલ છે ? ગૌતમ ! ૫૧૦ યોજનની ફરી ઉપર સર્વબાહ્ય નક્ષત્ર મંડલ કહેલ છે.

ઉક્ત સૂત્ર નક્ષત્રની જાતિ અપેક્ષાથી જાણવું, અન્યથા સર્વ અભ્યંતર મંડલ સ્થાયી અભિજિતાદિ બાર નક્ષત્રોના અવસ્થિત મંડલપણાથી સર્વબાહ્ય મંડલનો જ અભાવ થાય. તેનો અર્થ આ છે – ‘‘સર્વાભ્યંતર નક્ષત્ર મંડલ જાતિથી સર્વબાહ્ય નક્ષત્રમંડલ જાતિ’’ એટલી અબાધાથી કહેવાયેલ છે, એમ જાણવું.

હવે અભ્યંતરાદિ મંડલ સ્થાયી અટ્ઠાવીશ નક્ષત્રોની પરસ્પર અંતર નિરૂપણા - ભગવન્ ! નક્ષત્ર વિમાનથી નક્ષત્ર વિમાનનું કેટલું અબાધા અંતર કહેલ છે ? ગૌતમ ! બે યોજન. અર્થાત્ આઠે મંડલોમાં જે-જે મંડલમાં જેટલાં નક્ષત્ર વિમાનો છે, તેના અંતરનું બોધક આ સૂત્ર છે. જેમકે - અભિજિત્ નક્ષત્ર વિમાનનું અને શ્રવણનક્ષત્ર વિમાનનું પરસ્પર અંતર બે યોજન છે. પણ તે સર્વાભ્યંતરાદિ મંડલોનું અંતર સૂચક નથી. અન્યથા નક્ષત્ર મંડલના વક્ષ્યમાણ ચંદ્રમંડલ સમવતાર સૂત્ર સાથે વિરોધ આવે.

હવે નક્ષત્ર વિમાનની લંબાઈ આદિ પ્રરૂપણા.

ભગવન્ ! નક્ષત્ર મંડલની લંબાઈ, પહોળાઈ, પરિધિ અને બાહલ્ય-ઉંચાઈ

કેટલાં કહ્યાં છે ? ગૌતમ ! લંબાઈ-પહોળાઈ એક ગાઉ ઈત્યાદિ બધું સૂત્રાર્થવત્ જાણવું.

હવે આને જ મેરુને આશ્રીને અબાધા પ્રરૂપણા —

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં મેરુ પર્વતથી કેટલે દૂર સર્વાભ્યંતર નક્ષત્ર મંડલ કહેલ છે ? ગૌતમ ! ૪૪,૮૨૦ યોજન અબાધાથી સર્વાભ્યંતર નક્ષત્ર મંડલ છે. ઉપપત્તિ સૂર્યાધિકારમાં નિરૂપિત છે.

હવે બાહ્ય મંડલની અબાધાને પૂછે છે —

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં મેરુ પર્વતની કેટલી અબાધાથી સર્વ બાહ્ય નક્ષત્ર મંડલ કહેલ છે ? ગૌતમ ૪૫,૩૩૦ યોજનની અબાધાથી સર્વબાહ્ય નક્ષત્ર મંડલ કહેલ છે. ઉપપત્તિ પૂર્વવત્.

હવે આની લંબાઈ આદિનું નિરૂપણ-પૂર્વવત્.

હવે સર્વ બાહ્ય મંડલને પૂછે છે — તે પૂર્વવત્. મધ્યના છે મંડલોમાં ચંદ્રમંડલાનુસાર લંબાઈ, પહોળાઈ, પરિધિ કહેવા. કેમકે આઠે નક્ષત્ર મંડલો ચંદ્ર મંડલોમાં સમવતરે છે તેમ કહેલ છે.

હવે મુહૂર્ત્તગતિ દ્વાર કહે છે —

ભગવન્ ! જ્યારે નક્ષત્ર સર્વાભ્યંતર મંડલમાં ઉપસંક્રમીને ચાર ચરે છે, ત્યારે એકૈક મુહૂર્ત્તથી કેટલાં ક્ષેત્રમાં જાય છે ? - x - ગૌતમ ! ૫૨૬૫ - ૧૮૨૬૩/૨૧૯૬૦ યોજન. તેની ઉપપત્તિ આ પ્રમાણે છે — આ નક્ષત્રમંડલકાળ - ૫૯ - ૩૦૭/૩૬૭ મુહૂર્ત છે. આ નક્ષત્રોના મુહૂર્ત ભાગ ગતિ અવસરમાં વિચારીશું.

આ મતાનુસાર મુહૂર્ત્તગતિ વિચારીએ — તેમાં અહોરાત્રના ૩૦-મુહૂર્તો, તેમાં ઉપરના ૨૯-મુહૂર્તો ઉમેરીએ. તેથી આવે ૫૯ મુહૂર્તો પછી સવર્ણનાર્થે ૩૬૭ વડે ગુણીને ઉપરના ૩૦૭ ઉમેરીએ તેથી થશે - ૨૧,૯૬૦. આ પ્રતિમંડલ પરિધિની છેદકરાશિ છે. તેમાં સર્વાભ્યંતર મંડલ પરિધિ ૩,૧૫,૦૮૯ છે. આ યોજન રૂપ રાશિ ભાગથી રાશિ વડે ભાંગવાને ૩૬૭ વડે ગુણતા આવશે ૧૧,૫૬,૩૭,૬૬૩. આ રાશિને ૨૧,૯૬૦ વડે ભાંગતા આવશે ૫૨૬૫ અને શેષ ૧૮,૨૬૩ ભાગો.

આટલી સર્વાભ્યંતર મંડલમાં અભિજિતાદિ બાર નક્ષત્રોની મુહૂર્ત્તગતિ છે, તેમ જાણવું.

હવે બાહ્ય નક્ષત્ર મંડલમાં મુહૂર્ત્તગતિ પૂછે છે —

ભગવન્ ! જ્યારે નક્ષત્ર સર્વબાહ્યમંડલમાં ઉપસંક્રમીને ચાર ચરે છે, ત્યારે એકૈક મુહૂર્ત્તથી કેટલાં ક્ષેત્રમાં જાય ?

ગૌતમ ! ૫૩૧૯ યોજન અને ૧૬૩૬૫/૨૧૯૬૦ થાય.

તેની ઉપપત્તિ આ રીતે — આ મંડલમાં પરિધિ ૩,૧૮,૩૧૫ છે. આને ૩૬૭ વડે ગુણવાથી થશે - ૧૧,૬૮,૨૧,૬૦૫. આ રાશિને ૨૧,૯૬૦ વડે ભાગ દેતા - ૫૩૧૯-૧૬૩૬૫ ભાગ થાય.

આટલી સર્વબાહ્ય નક્ષત્ર મંડલમાં મૃગશીર્ષ આદિ આઠે નક્ષત્રોની મુહૂર્ત્તગતિ



છે. એ રીતે સર્વાભ્યંતર - સર્વબાહ્ય મંડલવર્તી નક્ષત્રોની મુહૂર્ત્તગતિ કહી.

હવે નક્ષત્ર, તારાઓની અવસ્થિત મંડલકત્વથી અને પ્રતિનિયત ગતિકત્વથી અવશિષ્ટ છ મંડલોમાં મુહૂર્ત્તગતિ પરિજ્ઞાન દુષ્કર છે, તેના કારણભૂત મંડલ પરિજ્ઞાન કરવા માટે નક્ષત્રમંડલોના ચંદ્રમંડલોમાં સમવતારનો પ્રશ્ન કહે છે —

ભગવન્ ! આ આઠ નક્ષત્ર મંડલોમાં કેટલાં ચંદ્રમંડલો સમવતરે છે - અન્તર્ભાવ પામે છે ? અર્થાત્ ચંદ્રનક્ષત્રોના સાધારણમંડલ ક્યા છે ? ભગવંતે કહ્યું — ગૌતમ ! આઠ ચંદ્રમંડલોમાં સમવતરે છે. તે આ પ્રમાણે — પહેલાં ચંદ્રમંડલે પહેલું નક્ષત્ર મંડલ. ચાર ક્ષેત્ર સંચારી અને અનવસ્થિતચારી સર્વે જ્યોતિષ્કોમાં જંબૂદ્વીપમાં ૧૮૦ યોજન અવગાહ્ય મંડલ પ્રવર્તનથી પહેલું મંડલ કહ્યું.

ત્રીજા ચંદ્ર મંડલમાં બીજું નક્ષત્ર મંડલ આવે. આ બે મંડલો જંબૂદ્વીપમાં છે, છટ્ઠું ચંદ્ર મંડલ લવણ સમુદ્રગત ત્રીજા નક્ષત્ર મંડલમાં સમવતરે છે ત્યાં જ રહેલ સાતમું ચોથામાં, આઠમું પાંચમામાં, દશમું છટ્ઠામાં, અગિયારમું સાતમાંમાં અને પંદરમું ચંદ્ર મંડલ, આઠમાં નક્ષત્ર મંડલમાં સમવતાર થાય છે. બાકીના દ્વિતીયાદિ સાત ચંદ્રમંડલ નક્ષત્ર રહિત કહેલા છે.

તેમાં પહેલા ચંદ્ર મંડલમાં બાર નક્ષત્રમંડલો છે, તે આ પ્રમાણે — અભિજિત્, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષક્, પૂર્વાભાદ્રપદ, ઉત્તરા ભાદ્રપદ, રેવતી, અશ્વિની, ભરણી, પૂર્વા ફાલ્ગુની, ઉત્તરાફાલ્ગુની અને સ્વાતિ.

બીજા ચંદ્ર મંડલમાં પુનર્વસુ અને મઘા છે.

ત્રીજા ચંદ્ર મંડલમાં કૃતિકા છે.

ચોથામાં રોહિણી અને ચિત્રા છે.

પાંચમામાં વિશાખા, છટ્ઠામાં અનુરાધા, સાતમામાં જ્યેષ્ઠા.

આઠમામાં મૃગશિર, આર્દ્રા, પુષ્ય, આશ્લેષા, મૂલ, હસ્ત.

પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા બે તારા અભ્યંતરથી અને બબ્બે બાહ્યથી છે. એ પ્રમાણે સ્વ-સ્વ મંડલાવતારમાં ચંદ્રમંડલ પરિધિ અનુસાર પૂર્વોક્ત રીતે દ્વિતિયાદિ નક્ષત્ર મંડલોની મુહૂર્ત્તગતિ વિચારવી.

પ્રતિમંડલ ચંદ્રાદિની યોજનરૂપ મુહૂર્ત્તગતિ કહી.

હવે તે જ પ્રતિમંડલ ભાગાત્મક મુહૂર્ત્તગતિનો પ્રશ્ન —

ભગવન્ ! એકૈક મુહૂર્ત્તથી ચંદ્ર કેટલા સો ભાગ જાય છે ? ગૌતમ ! જે-જે મંડલમાં ઉપસંક્રમિત થઈ ચાર ચરે છે, તે-તે મંડલ સંબંધી પરિધિના ૧૭૬૮ ભાગને મંડલ પરિધિના ૧,૦૯,૮૦૦ વડે છેદીને જાય છે. અર્થાત્ ૧૭૬૮/૧,૦૯,૮૦૦

અહીં ભાવના આ છે — અહીં પહેલાથી ચંદ્રનો મંડલકાળ નિરૂપવો, ત્યારપછી, તે મુજબ મુહૂર્ત ગતિ પરિમાણ કહેવા. તેમાં મંડળકાળની નિરુપણાર્થે આ ત્રિરાશિ - જો ૧૭૬૮ વડે સકલ યુગવર્તી અર્ધમંડલ થકી બે ચંદ્રની અપેક્ષાથી પૂર્ણમંલ વડે ૧૮૩૦ અહોરાત્ર થાય, તો બે અર્ધમંડલ વડે અર્થાત્ એક મંડલથી કેટલાં અહોરાત્ર થાય ?

ત્રણ રાશિ સ્થાપના - ૧૭૬૮/૧૮૩૦/૨. અહીં અંત્ય રાશિ બે વડે મધ્યરાશિને ગુણતાં થશે ૩૬૬૦. તેને આદિ રાશિ વડે ભાંગતા - ૩૬૬૦ ૧૭૬૮ = ૨ અહોરાત્ર અને શેષ ૧૨૪ રહેશે. તેમાં એક અહોરાત્રમાં ૩૦-મુહૂર્ત્ત હોય તેથી ૩૦ વડે ગુણતાં થશે ૩૭૨૦. તેના ૧૭૬૮થી ભાગ દેતાં પ્રાપ્ત બે મુહૂર્ત્ત અને છેદ્ય-છેદક રાશિમાં આઠ વડે અપવર્તના કરતાં આવશે - છેદ્ય રાશિ - ૨૩ અને છેદક રાશિ-૨૨૧ અર્થાત્ ૨-૨૩/૨૨૧ આટલા કાળે બે અર્દ્ધ મંડલ પરિપૂર્ણ કરીને ચરે છે. અર્થાત્ આટલા કાળે પરિપૂર્ણ એક મંડલ ચંદ્ર ચરે છે.

એ પ્રમાણે ચંદ્રમંડલકાળ પ્રરૂપણા છે. હવે તેના અનુસારે મુહૂર્ત્ત ગતિ કહે છે—

તેમાં જે બે અહોરાત્ર છે, તેને મુહૂર્ત્તકરણાર્થે ૩૦ વડે ગુણીએ, તેથી ૬૦-મુહૂર્ત્તો આવે. ઉપરના બે મુહૂર્ત્ત ઉમેરતાં ૬૨-થાય. તેને સવર્ણનાર્થે ૨૨૧ વડે ગુણીએ. ગુણીને ઉપરના અંશમાં ૨૩ ઉમેરીએ. તેથી ૧૩,૭૨૫ આવશે.

આ એક મંડલ કાલગત મુહૂર્ત્તથી ૨૨૧ ભાગનું પરિમાણ છે, તેના ત્રિરાશિ કરણ કરતાં - જો ૧૩,૭૨૫ વડે ૨૨૧ ભાગોના મંડલભાગ ૧,૦૯,૮૦૦ થાય તો ૧-મુહૂર્ત્તથી શું આવે ?

ત્રણ રાશિની સ્થાપના - ૧૩,૭૨૫/૧,૦૯,૮૦૦/૧. અહીં આદ્ય રાશિ મુહૂર્ત્તગતિ ૨૨૧ ભાગ સ્વરૂપ છે, તેને સવર્ણનાર્થે અંત્યરાશિ-૧-ને ૨૨૧ વડે ગુણતાં આવશે-૨૨૧. તેના વડે મધ્ય રાશિને ગુણીએ, તેથી આવશે - ૨,૪૨,૬૫,૮૦૦. તેને ૧૩,૭૨૫ વડે ભાગ દેતા, પ્રાપ્ત થશે - ૧૭૬૮.

આટલા ભાગ આ કે તે મંડલમાં ચંદ્ર એક મુહૂર્ત્તથી જાય છે. અર્થાત્ આ ૨૮ નક્ષત્રોથી સ્વગતિ વડે, સ્વકાળ પરિમાણ થકી ક્રમશઃ યાવત્ ક્ષેત્ર બુદ્ધિ વડે વ્યાખ્યમાન સંભવે, ત્યાં સુધી એક અર્ધમંડળની કલ્પના કરવી.

આટલા પ્રમાણથી બીજું અર્ધમંડલ, બીજા ૨૮ નક્ષત્રથી તે-તે ભાગ જનિત, એમ એવા પ્રમાણે બુદ્ધિ પરિકલ્પિત એક મંડલનો છેદ જાણવો - ૧,૦૯,૮૦૦.

તેની ઉત્પત્તિ કઈ રીતે થાય, પૂછે તો કહે છે — અહીં ત્રણ પ્રકારે નક્ષત્રો છે. તે આ — સમક્ષેત્ર, અર્ધક્ષેત્ર, દ્વ્યર્ધક્ષેત્ર.

અહીં જેટલા પ્રમાણ ક્ષેત્ર અહોરાત્ર વડે સૂર્યથી જણાય તેટલાં પ્રમાણ ચંદ્ર સાથે યોગમાં જે નક્ષત્રો જાય છે, તે સમક્ષેત્ર. સમ - ''અહોરાત્ર પ્રમિત ક્ષેત્ર જેમાં છે, તે સમક્ષેત્ર'' એવી વ્યુત્પત્તિ કહી. તે ૧૫-છે. તે આ પ્રમાણે — શ્રવણ, ધનિષ્ઠા, પૂર્વા ભાદ્રપદા, રેવતી, અશ્વિની, કૃત્તિકા, મૃગશિર્ષ, પુષ્ય, મઘા, પૂર્વા ફાલ્ગુની, હસ્ત, ચિત્રા, અનુરાધા, મૂલ, પૂર્વાષાઢા.

જેટલા અર્દ્ધ અહોરાત્ર પ્રમિત ક્ષેત્રનો ચંદ્ર સાથે યોગ કરે છે, તેટલાં અર્ધક્ષેત્ર નક્ષત્રો. અર્ધ - ''અર્ધપ્રમાણ ક્ષેત્ર જેમાં છે. તે અર્ધક્ષેત્ર'', એવી વ્યુત્પત્તિ છે. તે આ પ્રમાણે — શતભિષા, ભરણી, આર્દ્રા, આશ્લેષા, સ્વાતિ, જયેષ્ઠા.

બીજું અર્ધ જેને છે તે દ્વ્યર્ધ અર્થાત્ સાર્ધ. અર્ધ વડે અધિક ક્ષેત્ર અહોરાત્ર પ્રમિત ચંદ્ર યોગ્ય હોય તે દ્વ્યર્ધક્ષેત્ર. તેવા નક્ષત્રો છ છે, તે આ પ્રમાણે —



ઉત્તરાભાદ્રપદ, ઉત્તરાફાલ્ગુની, ઉત્તરાષાઢા, રોહિણી, પુનર્વસુ, વિશાખા.

તેમાં અહીં સીમા પરિમાણ ચિંતામાં અહોરાત્રને ૬૭ ભાગીકૃત કલ્પવામાં આવે છે, એ રીતે સમક્ષેત્રોના પ્રત્યેકના ૬૭ ભાગ કલ્પવામાં આવે છે. અર્ધ ક્ષેત્રવાળાના ૩૩॥ અને દ્વ્યર્દ્ધ ક્ષેત્રના ૧૦૦ અને અર્ધ અધિક છે.

અભિજિત્ નક્ષત્રના એકવીસ-સડસઠ ભાગો, સમક્ષેત્ર નક્ષત્રના પંદર-સડસઠ ભાગો.

આ ૬૭ ને ૧૫ વડે ગુણીએ, તો આવશે - ૧૦૦૫.

અર્ધક્ષેત્રના ૬ તેથી ૩૩॥ ને ૬ વડે ગુણતાં આવે - ૨૦૧.

દ્વ્યર્ધ ક્ષેત્રના-૬, તેથી ૧૦૦॥ને ૬ થી ગુણતાં - ૬૦૩.

અભિજિત નક્ષત્ર-૨૧. તેથી સર્વસંખ્યાથી - ૧૦૦૫ + ૨૦૧ + ૬૦૩ + ૨૧, બધાં મળીને ૧૮૩૦ ભાગ થાય.

આટલાં ભાગ પરિમાણ એક અર્ધમંડલ, આટલું જ બીજું છે. તેથી-૧૮૩૦ને ૨ વડે ગુણતાં થસે ૩૬૬૦.

એકૈક અહોરાત્રમાં જો ૩૦ મુહૂર્ત્તો છે, એ પ્રત્યેકને ૩૬૬૦ ભાગોમાં ૩૦ ભાગની કલ્પનામાં ૩૦ વડે ગુણીએ. તો ૧,૦૯,૮૦૦ની સંખ્યા આવશે. એ પ્રમાણે મંડલ છેદ પરિમાણ કહ્યું.

[શંકા] જેટલાં નક્ષત્રો જે મંડલ સ્થાયી હોય, તેમાં તે મંડલોમાં ચંદ્રાદિયોગ યોગ્ય મંડલ ભાગ સ્થાપન યુક્તિ યુક્ત છે પણ બધાં મંડલોમાં બધામાં ભાગ કલ્પના યોગ્ય નથી ?

[સમાધાન] નક્ષત્રોનો ચંદ્રાદિ વડે યોગ નિયત દિવસે નિયત દેશે કે નિયત વેળામાં જ થતો નથી, પરંતુ અનિયત દિવસાદિમાં થાય છે. તેથી તે-તે મંડલોમાં તે-તે નક્ષત્ર સંબંધી સીમા વિષ્કંભમાં ચંદ્રાદિ પ્રાપ્તિમાં યોગ થાય છે. મંડલ છેદ અને સીમા વિષ્કંભાદિમાં સાત યોજન છે.

હવે સૂર્યની ભાગાત્મિકા ગતિ વિશે પ્રશ્ન કરે છે —

ભગવન્ ! એકૈક મુહૂર્ત્તથી સૂર્ય કેટલા સો ભાગ જાય છે ? ગૌતમ ! જે-જે મંડલને ઉપસંક્રમીને ચાર ચરે છે, તે-તે મંડલસંબંધી પરિધિના ૧૮૩૦ ભાગ જાય છે, ત્યારે ૧,૦૯,૮૦૦ વડે છેદે છે.

આ કઈ રીતે જાણવું ? ત્રૈરાશિક કરણથી જાણવું. તે આ રીતે —

૬૦ મુહૂર્ત્ત વડે ૧,૦૯,૮૦૦ મંડલ ભાગો પ્રાપ્ત થાય છે, તો એક મુહૂર્ત્ત વડે કેટલા ભાગો પ્રાપ્ત થાય ? ત્રણ રાશિની સ્થાપના આ રીતે — ૬૦/૧,૦૯,૮૦૦/૧. અહીં અંત્ય રાશિ વડે મધ્યરાશિને ગુણવામાં આવે તો — ૧,૦૯,૮૦૦ X ૧ = ૧,૦૯,૮૦૦ જ આવશે. પછી તેને આદ્યરાશિ ૬૦ વડે ભાગ દેવાતા - પ્રાપ્ત થશે ૧૮૦૩.

આટલો ભાગ મંડલનો સૂર્ય એકૈક મુહૂર્ત્તથી જાય છે.

હવે નક્ષત્રોની ભાગાત્મિકા ગતિનો પ્રશ્ન - પ્રશ્નસૂત્ર સુગમ છે. ઉત્તર સૂત્રમાં

- ગૌતમ ! જ્યારે-જ્યારે પોત-પોતાના પ્રતિનિયત મંડલને ઉપસંક્રમિત થઈને ચાર ચરે છે, તે-તે પોતાના મંડલ સંબંધી પરિધિથી ૧૮૩૫ યોજન જાય છે. તે મંડલને ૧,૦૯,૮૦૦ વડે છેદીને.

અહીં પણ પ્રથમથી મંડલકાળ નિરૂપણીય છે. પછી તેના-તેના અનુસાર મુહૂર્ત્તગતિ પરિમાણ ભાવના છે. તેમાં મંડલ કાળ પ્રમાણ વિચારણામાં આ ત્રૈરાશિક – જો ૧૮૩૫ વડે સકલયુગવર્તી અર્ધમંડલ વડે બીજા અઠ્ઠાવીશ નક્ષત્રની અપેક્ષાથી અર્થાત્ પૂર્ણ મંડલ વડે ૧૮૩૦ અહોરાત્ર પ્રાપ્ત થાય છે, તો બે અર્ધમંડલો વડે અર્થાત્ એક પરિપૂર્ણ મંડલ વડે શું પ્રાપ્ત થાય છે ?

ત્રણ રાશિની સ્થાપના – ૧૮૩૫/૧૮૩૦/૨. અહીં અંત્યરાશિ-૨-વડે, મધ્યરાશિને ગુણતા - ૧૮૩૦ x ૨ = ૩૬૬૦ થાય. તેને આદ્ય રાશિ ૧૮૩૫ વડે ભાગ દેતા ૧-૩૬૬૦ - ૧૮૩૫થી ૧-અહોરાત્ર આવશે અને શેષ રહેશે-૧૮૨૫. તેથી મુહૂર્ત્ત લાવવાને માટે આ સંખ્યાને ૩૦ વડે ગુણતા આવશે - ૫૪,૭૫૦. તેને ૧૮૩૫ ભાગથી ભાંગતા પ્રાપ્ત થશે-૨૯. શેષ છેદ્ય-છેદ+રાશિ રહેશે – ૧૫૩૫ - ૧૮૩૫.

ઉક્ત રાશિને ૫-વડે અપવર્તના કરતાં ઉપરની રાશિ રહેશે - ૩૦૭ અને છેદકરાશિ રહેશે - ૩૬૭. અર્થાત્ - ૩૦૭/૩૬૭ તેથી આવેલ-૧-અહોરાત્ર અને એક અહોરાત્રના ૨૯-મુહૂર્ત્તો અને એક મુહૂર્ત્તના ૩૦૭/૩૬૭ ભાગ થશે. તેથી ૧૨૯ - ૩૦૭/૩૬૭.

હવે આના અનુસાર મુહૂર્ત્તગતિ પરિમાણ વિચારીએ, તેમાં અહોરાત્રમાં ૩૦-મુહૂર્ત્તો, તેમાં ઉપરના ૨૯ મુહૂર્ત્તો ઉમેરીએ, તેથી થશે ૫૯-મુહૂર્ત્તો, પછી તેને સવર્ણનાર્થે ૩૬૦ વડે ગુણવામાં આવે, ગુણીને ઉપરિતન ૩૦૭ ઉમેરીએ, તેનાથી ૨૧,૯૬૦ આવશે.

પછી ત્રૈરાશિક – જો મુહૂર્ત્તગત ૩૬૭ ભાગોને ૨૧,૯૬૦ ભાગો વડે ૧,૦૯,૮૦૦ મંડલ ભાગો પ્રાપ્ત થાય, તો ૧-મુહૂર્ત્તથી કેટલાં પ્રાપ્ત થાય ? અહીં ત્રિરાશિ સ્થાપના - ૨૧,૯૬૦/૧,૦૯,૮૦૦/૧.

અહીં આદ્યરાશિ મુહૂર્ત્તગત ૩૬૭ ભાગરૂપ છે, તેથી અંત્ય રાશિ વડે ૩૬૭ થશે. કેમકે ૩૬૭ x ૧ = ૩૬૭. તેને મધ્યરાશિરૂપ ૧,૦૯,૮૦૦ વડે ગુણતાં ૧,૦૯,૮૦૦ x ૩૬૭ = ૪,૦૨,૯૬,૬૦૦ આવશે. તેને આદ્ય રાશિ-૨૧,૯૬૦ વડે ભાંગતા પ્રાપ્ત સંખ્યા થશે - ૧૮૩૫.

આટલા ભાગથી નક્ષત્ર પ્રતિમુહૂર્ત્તમાં જાય છે.

આ ભાગાત્મક ગતિ વિચારણા ચંદ્રાદિ ત્રણના યથોત્તર ગતિ શીઘ્રત્વમાં સપ્રયોજન છે. તે આ રીતે –

બધાં કરતાં નક્ષત્રો શીઘ્રગતિ છે. મંડલના ઉક્ત ભાગીકૃત્ ૧૮૩૫ ભાગોના એકૈક મુહૂર્ત્તમાં આક્રમણથી કહ્યું.

તેનાથી મંદગતિક સૂર્યો છે. એકૈક મુહૂર્ત્તમાં ૧૮૩૦ ભાગ પ્રમાણ આક્રમણથી કહેલ છે.



તેના કરતાં ચંદ્રો મંદગતિક છે. કેમકે એકૈક મુહૂર્ત્તમાં ૭૬૮ ભાગ પ્રમાણ આક્રમણથી કહેલ છે.

ગ્રહો તો વક્રાનુવક્રાદિ ગતિ ભાવથી અનિયત ગતિક છે, તેથી તેમની મંડલાદિ વિચારણા નથી કે ગતિ પ્રરૂપણા પણ નથી.

તારાઓ પણ અવસ્થિત મંડલકપણે હોવાથી ચંદ્રાદિ સાથે યોગ અભાવ અને ચિંતનથી મંડલાદિ પ્રરૂપણા કરી નથી.

હવે સૂર્યના ઉગવાને અને અસ્તને આશ્રીને ઘણાં મિથ્યાઅભિનિવિષ્ટ બુદ્ધિક વિપ્રતિપન્ન છે, તેથી વિપ્રતિપત્તિને દૂર કરવાને માટે પ્રશ્ન કરતાં કહે છે –

● **સૂત્ર-૨૭૭ :-**

***ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં સૂર્યો (૧) ઉત્તરપૂર્વમાં ઉદિત થઈને પશ્ચિમદક્ષિણમાં અસ્ત થાય છે ?***

***(૨) પશ્ચિમદક્ષિણમાં ઉદિત થઈને દક્ષિણ પશ્ચિમમાં તે બંને સૂર્યો અસ્ત પામે છે ?***

***(૩) દક્ષિણ પશ્ચિમમાં ઉદિત થઈને તે બંને સૂર્યો પશ્ચિમ-ઉત્તરમાં જઈને અસ્ત પામે છે ?***

***(૪) પશ્ચિમ-ઉત્તરમાં ઉદિત થઈને, તે બંને સૂર્યો ઉત્તર પૂર્વમાં જઈને અસ્ત પામે છે ?***

***હા, ગૌતમ ! જેમ [ભગવતીજી સૂત્રના] પાંચમાં શતકના પહેલા ઉદ્દેશામાં યાવત્ ત્યાં ઉત્સર્પિણી નથી, અવસ્થિત તે કાળમાં કહેલ છે. હે આયુષ્યમાન્ શ્રમણ ! જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ ઉપાંગ અંતર્ગત્ પ્રસ્તુત સૂર્ય-પ્રજ્ઞપ્તિ [સૂર્ય સંબંધી વર્ણન] વસ્તુ અહીં સંક્ષેપથી સમાપ્ત થાય છે.***

***ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં ચંદ્રમાં ઉત્તરપૂર્વમાં ઉદિત થઈ, પૂર્વ-દક્ષિણમાં અસ્ત પામે છે ? ઈત્યાદિ વક્તવ્યતા સૂર્યની વક્તવ્યતા મુજબ, જેમ [ભગવતીજી સૂત્રના] દશમાં ઉદ્દેશામાં "યાવત્ અવસ્થિત છે, તે કાળમાં કહેલ છે" – સુધી જાણવું.***

***હે આયુષ્યમાન્ શ્રમણ ! આ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં [ચંદ્ર વર્ણન] સંક્ષેપથી સમાપ્ત થાય છે.***

● **વિવેચન-૨૭૭ :-**

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં બે સૂર્યો - બંને જંબૂદ્વીપમાં જ છે, તેવો ભાવ છે. [અહીં ચાર પ્રશ્નો મૂકેલ છે.]

ઉત્તર-પૂર્વ. ઉત્તરના નીકટત્વથી પ્રાચીન-પૂર્વ. પૂર્વના પ્રત્યાસન્નત્વથી ઉદીચીનપ્રાચીન અર્થાત્ ઉત્તર-પૂર્વ. દિક્અંતરના ક્ષેત્ર દિક્ અપેક્ષાથી ઉત્તરપૂર્વમાં અર્થાત્ ઈશાન ખૂણામાં.

ઉદ્ગત્ય - પૂર્વવિદેહ અપેક્ષાથી ઉદયને પ્રાપ્ત, પછી પૂર્વ-દક્ષિણ દિક્અંતરમાં પૂર્વ-દક્ષિણ અર્થાત્ અગ્નિખૂણામાં आगच्छतः ક્રમથી અસ્તને પામે છે, અર્થ થશે.

આ ઉદય અને અસ્ત દ્રષ્ટૃલોકની વિવક્ષાથી જાણવો. તેથી કહે છે — જેના અદૈશ્ય હોવા છતાં, તે બંને દૈશ્ય દેખાય. તે તેમનો ઉદય થયો, એમ વ્યવહાર કરાય છે. જે દૈશ્ય હોય, પછી તે બંને અદૈશ્ય દેખાય, ત્યારે તેનો 'અસ્ત થયો' તેવો વ્યવહાર કરાય છે. એ પ્રમાણે અનિયત ઉદય અને અસ્ત કહ્યા.

ભરતાદિ ક્ષેત્રની અપેક્ષાથી પૂર્વ-દક્ષિણમાં ઉદય પામીને દક્ષિણ-પશ્ચિમમાં અસ્ત પામે છે. ત્યાં પણ દક્ષિણ-પશ્ચિમમાં પશ્ચિમ વિદેહની અપેક્ષાથી ઉગીને પશ્ચિમ-ઉત્તરમાં અર્થાત્ વાયવ્ય ખૂમામાં અસ્ત પામે છે. ત્યાં પણ વાયવ્યમાં ઐરાવતાદિ ક્ષેત્ર અપેક્ષાથી ઉગીને ઉત્તર-પૂર્વમાં અર્થાત્ ઈશાન ખૂણામાં અસ્ત પામે.

આ પ્રમાણે બંને સૂર્યોની ઉદય વિધિ કહી. વિશેષથી વળી આ પ્રમાણે કહે છે—

જે એક સૂર્ય અગ્નિખૂણામાં ઉદિત થાય છે, ત્યાં ઉગીને ભરતાદિ મેરુ દક્ષિણવર્તી ક્ષેત્રને પ્રકાશિત કરે છે. ત્યારે બીજો પણ વાયવ્ય ખૂણામાં ઉદિત થઈને મેરુની ઉત્તર દિશાવર્તી ઐરાવતાદિ ક્ષેત્રને પ્રકાશિત કરે છે અને ભારતનો સૂર્ય મંડલભ્રામ્યથી ભ્રમણ કરતો નૈર્ઋત ખૂણામાં ઉદિત થઈને પશ્ચિમ મહાવિદેહને પ્રકાશિત કરે છે, ઐરાવતીય પણ ઈશાનમાં ઉગીને પૂર્વ વિદેહને પ્રકાશિત કરે છે, પછી આ પૂર્વવિદેહ પ્રકાશક દક્ષિણ પૂર્વમાં ભરતાદિ ક્ષેત્રની અપેક્ષાથી ઉદયને કહ્યો.

પશ્ચિમ વિદેહ પ્રકાશક પણ પશ્ચિમ ઉત્તરમાં ઐરવત આદિ ક્ષેત્રની અપેક્ષાથી ઉદયને પામે છે.

અહીં ઈશાન આદિ દિશાવ્યવહાર મેરુથી જાણવો, અન્યથા ભરત આદિ લોકોના સ્વ-સ્વ સૂર્યોદય દિશા પૂર્વદિક્પણોમાં અગ્નિ આદિ કોણનો વ્યવહાર પ્રાપ્ત ન થાય.

એ પ્રમાણે પ્રશ્ન કરાતાં ભગવંતે કહ્યું — હા, આ ઉત્તર અવ્યય-અભ્યુપગમાર્થે છે. તેથી હે ગૌતમ ! અહીં જે પ્રમાણે તું પ્રશ્ન કરે છે, તે પ્રમાણે જ છે. આના વડે સૂર્યની તીર્છિ દિશામાં ગતિ કહી છે. - x - x - તેથી જેઓ માને છે કે—

સૂર્ય પશ્ચિમ સમુદ્રમાં પ્રવેશીને પાતાલમાં જઈને ફરી પૂર્વ-સમુદ્રમાં ઉદિત થાય છે, ઈત્યાદિ મત નિષેધ્યો.

હવે સૂત્રકારશ્રીએ ગ્રંથ ગૌરવના ભયથી અતિદેશ વાક્ય કહે છે — જે પ્રમાણે [ભગવતીજીના] પહેલાં શતકના પહેલા ઉદ્દેશકમાં કહ્યું, તે પ્રમાણે અહીં કહેવું. ક્યાં સુધી કહેવું —

''યાવત્ અહીં ઉત્સર્પિણી નથી કે અવસર્પિણી નથી, પણ ત્યાં અવસ્થિત કાળ કહેલો છે.'' સૂત્ર આ પ્રમાણે છે —

ભગવન્ ! જ્યારે જંબૂદ્વીપ દ્વીપમાં દક્ષિણાર્દ્ધમાં દિવસ હોય છે, ત્યારે ઉત્તરાર્દ્ધમાં પણ દિવસ હોય છે, જ્યારે ઉત્તરાર્દ્ધમાં દિવસ હોય છે, ત્યારે જંબૂદ્વીપ દ્વીપમાં મેરુ પર્વતની પૂર્વમાં-પશ્ચિમમાં શું રાત્રિ હોય છે ? [તેમ માનવું ?]

હા, ગૌતમ ! જ્યારે જંબૂદ્વીપ દ્વીપના દક્ષિણાર્દ્ધમાં દિવસ હોય છે ત્યારે



યાવત્ પશ્ચિમમાં રાત્રિ હોય છે.

ભગવન્ ! જ્યારે જંબૂદ્વીપ દ્વીપના મેરુ પર્વતની પૂર્વમાં દિવસ હોય છે, ત્યારે પશ્ચિમમાં પણ દિવસ હોય છે અને જ્યારે પશ્ચિમમાં દિવસ હોય છે, ત્યારે જંબૂદ્વીપ દ્વીપમાં મેરુ પર્વતની ઉત્તરે અને દક્ષિણે શું રાત્રિ હોય છે ?

હા, ગૌતમ ! જ્યારે જંબૂદ્વીપ દ્વીપના મેરુ પર્વતની પૂર્વે દિવસ હોય છે યાવત્ દક્ષિણમાં રાત્રિ હોય છે.

ભગવન્ ! જ્યારે જંબૂદ્વીપદ્વીપના દક્ષિણાર્દ્ધમાં ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્ત્તનો દિવસ હોય છે, ત્યારે ઉત્તરાર્દ્ધમાં ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્ત્તનો દિવસ હોય છે, જ્યારે ઉત્તરાર્દ્ધમાં ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્ત્તનો દિવસ હોય છે, ત્યારે જંબૂદ્વીપ દ્વીપમાં મેરુની પૂર્વ અને પશ્ચિમમાં જઘન્યા બાર મુહૂર્ત્તની રાત્રિ હોય છે શું ?

હા, ગૌતમ ! જ્યારે દક્ષિણ-ઉત્તરમાં અઢાર દિવસનો ઉત્કૃષ્ટ દિવસ હોય ત્યારે યાવત્ પૂર્વ-પશ્ચિમે બાર મુહૂર્ત્તની રાત્રિ હોય છે.

ભગવન્ ! જ્યારે દક્ષિણ-ઉત્તરમાં અઢાર દિવસનો ઉત્કૃષ્ટ દિવસ હોય ત્યારે યાવત્ પૂર્વ-પશ્ચિમે બાર મુહૂર્ત્તની રાત્રિ હોય છે.

ભગવન્ ! જ્યારે જંબૂદ્વીપદ્વીપના મેરુ પર્વતની પૂર્વે ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્ત્તનો દિવસ હોય છે યાવત્ ત્યારે જંબૂદ્વીપદ્વીપની દક્ષિણમાં યાવત્ બાર મુહૂર્ત્તની રાત્રિ હોય છે.

ભગવન્ ! જ્યારે જંબૂદ્વીપ દ્વીપના દક્ષિણાર્દ્ધમાં અઢાર મુહૂર્ત્ત અનંતર દિવસ હોય છે, ત્યારે ઉત્તરાર્દ્ધમાં અઢાર મુહૂર્ત્ત અનંતર દિવસ હોય છે. જ્યારે ઉત્તરાર્દ્ધમાં અઢાર મુહૂર્ત્તનો દિવસ હોય છે, ત્યારે જંબૂદ્વીપ દ્વીપના મેરુની પૂર્વે સાતિરેક બાર મુહૂર્ત્તની રાત્રિ હોય છે ?

હા, ગૌતમ ! જ્યારે જંબૂદ્વીપમાં યાવત્ રાત્રિ હોય.

ભગવન્ ! જ્યારે જંબૂદ્વીપ દ્વીપમાં મેરુ પર્વતની પૂર્વે અઢાર મુહૂર્ત્તાન્તર દિવસ હોય છે, ત્યારે પશ્ચિમમાં પણ અઢાર મુહૂર્ત્તાન્તરનો દિવસ હોય છે અને જ્યારે પશ્ચિમમાં અઢાર મુહૂર્ત્તાન્તરનો દિવસ હોય છે, ત્યારે જંબૂદ્વીપના મેરુ પર્વતની ઉત્તરે અને દક્ષિણે સાતિરેક બાર મુહૂર્ત્તની રાત્રિ હોય છે.

એ પ્રમાણે આ ક્રમથી કહેવું કે —

સત્તર મુહૂર્ત્ત દિવસ-તેર મુહૂર્ત્તની રાત્રિ, સત્તર મુહૂર્ત્તાન્તરનો દિવસ-સાતિરેક તેર મુહૂર્ત્તની રાત્રિ.

સોળ મુહૂર્ત્તનો દિવસ - ચૌદ મુહૂર્ત્તની રાત્રિ, સોળ મુહૂર્ત્તાન્તરનો દિવસ-સાતિરેક ચૌદ મુહૂર્ત્તની રાત્રિ.

પંદર મુહૂર્ત્તનો દિવસ-પંદર મુહૂર્ત્તની રાત્રિ, પંદર મુહૂર્ત્તાન્તરનો દિવસ - સાતિરેક પંદર મુહૂર્ત્તની રાત્રિ.

ચૌદ મુહૂર્ત્તનો દિવસ-સોળ મુહૂર્ત્તની રાત્રિ, ચૌદ મુહૂર્ત્તાન્તરનો દિવસ-સાતિરેક સોળ મુહૂર્ત્તની રાત્રિ.

તેર મુહૂર્ત્તનો દિવસ-સત્તર મુહૂર્ત્તની રાત્રિ, તેર મુહૂર્ત્તાન્તરનો દિવસ હોય, ત્યારે ઉત્તરાર્દ્ધમાં પણ તેમ હોય, જ્યારે ઉત્તરાર્દ્ધમાં બાર મુહૂર્ત્તનો દિવસ હોય, ત્યારે જંબૂદ્વીપ દ્વીપમાં મેરની પૂર્વ-પશ્ચિમે ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્ત્તની રાત્રિ હોય ?

હા, ગૌતમ ! એ પ્રમાણે જ કહેવું.

ભગવન્ ! જ્યારે જંબૂદ્વીપ દ્વીપમાં મેરુની પૂર્વે જઘન્ય બાર મુહૂર્ત્તનો દિવસ હોય ત્યારે પશ્ચિમમાં પણ હોય, જ્યારે પશ્ચિમમાં બાર મુહૂર્ત્તનો દિવસ હોય, ત્યારે જંબૂદ્વીપદ્વીપમાં મેરુની ઉત્તરે અને દક્ષિણે ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્ત્તની રાત્રિ હોય છે ?

હા, ગૌતમ ! તેમ જ હોય છે.

ભગવન્ ! જ્યારે જંબૂદ્વીપ દ્વીપના દક્ષિણાર્દ્ધમાં વર્ષાનો પ્રથમ સમય હોય છે, ત્યારે ઉત્તરાર્દ્ધમાં પણ વર્ષનો પ્રથમ સમય હોય છે. જ્યારે ઉત્તરાર્દ્ધમાં વર્ષનો પ્રથમ સમય હોય છે ત્યારે જંબૂદ્વીપ દ્વીપના મેરુ પર્વતની પૂર્વ અને પશ્ચિમમાં પણ અનંતર પુરસ્કૃત્ સમયમાં વર્ષાનો પ્રથમ સમય હોય છે ?

હા, ગૌતમ ! તેમ જ હોય છે.

ભગવન્ ! જ્યારે જંબૂદ્વીપ દ્વીપમાં મેરુ પર્વતની પૂર્વે વર્ષનો પ્રથમ સમય હોય છે. ત્યારે પશ્ચિમમાં પણ વર્ષાનો પ્રથમ સમય હોય છે, જ્યારે પશ્ચિમમાં વર્ષનો પ્રથમ સમય હોય છે, ત્યારે યાવત્ મેરુ પર્વતની ઉત્તરે અને દક્ષિણે અનંતર પશ્ચાત્ કૃત્ સમયમાં વર્ષનો પ્રથમ સમય પ્રતિપન્ન થાય છે ?

હા, ગૌતમ ! એ પ્રમાણે જ પાઠ કહેવો.

એ પ્રમાણે જેમ સમય વડે વર્ષાના આલાવા કહ્યા. તેમ આવલિકા વડે પણ કહેવા, આનાપ્રાણ વડે પણ, સ્તોક વડે પણ, લવ વડે પણ, મુહૂર્ત્ત વડે પણ, અહોરાત્ર વડે પણ, પક્ષ વડે પણ, માસ વડે પણ, ઋતુ વડે પણ૦ આ બધામાં જેમ સમયનો આલાવો કહ્યો, તેમ આ બધાં આલાવાઓ કહી દેવા.

ભગવન્ ! જ્યારે જંબૂદ્વીપદ્વીપમાં હેમંતઋતુનો પહેલો સમય થાય છે૦ જેમ વર્ષાનો આલાવો કહ્યું, તેમ હેમંતનો પણ અને ગ્રીષ્મનો પણ આલાવો કહેવો. યાવત્ ઉત્તરાર્દ્ધમાં૦ એ પ્રમાણે આ ત્રણે આલાવા કહેવા. આના ત્રીસ આલાવાઓ કહેવા.

ભગવન્ ! જ્યારે જંબૂદ્વીપદ્વીપમાં મેરુના દક્ષિણાર્દ્ધમાં પહેલું અયન થાય છે, ત્યારે ઉત્તરાર્દ્ધમાં પણ પહેલું અયન થાય છે ઈત્યાદિ જેમ સમય વડે આલાવા કહ્યા, તેમ અયન વડે પણ કહેવા યાવત્ અનંતર પશ્ચાત્કૃત્ સમયમાં પ્રથમ અયન પ્રતિપન્ન થાય છે.

જેમ અયન વડે આલાવો કહ્યો, તેમ સંવત્સર વડે પણ કહેવો. યુગ વડે પણ, સો વર્ષ વડે પણ, હજાર વર્ષ વડે પણ, લાખ વર્ષ વડે પણ, પૂર્વાંગ વડે પણ, પૂર્વ વડે પણ, ત્રુટિતાંગ વડે પણ, ત્રુટિત વડે પણ [ઉક્ત આલાવાઓ કહેવા જોઈએ.]

એ પ્રમાણે પૂર્વાંગ-પૂર્વ, ત્રુટિતાંગ-ત્રુટિત, અડડાંગ-અડડ, અવવાંગ-અવવ, હૂહૂતાંગ-હૂહૂત, ઉત્પલાંગ-ઉત્પલ, પદ્માંગ-પદ્મ, નલિનાંગ-નલિન, અર્થનિકુરાંગ-અર્થ નિકુર, અયુતાંગ-અયુત, નયુતાંગ-નયુત, પ્રયુતાંગ-પ્રયુત, ચૂલિકાંગ-ચૂલિકા,





શીર્ષપ્રહેલિકાંગ-શીર્ષપ્રહેલિકા, [એ બધાં વડે, તથા] પલ્યોપમથી અને સાગરોપમથી પણ [ઉક્ત આલાવા કહેવા જોઈએ.]

ભગવન્ ! જ્યારે જંબૂદ્વીપ દ્વીપના દક્ષિણાર્દ્ધમાં પહેલી અવસર્પિણી હોય છે, ત્યારે ઉત્તરાર્દ્ધમાં પણ પહેલી અવસર્પિણી હોય છે, જ્યારે ઉત્તરાર્દ્ધમાં પહેલી૦ ત્યારે જંબૂદ્વીપ દ્વીપના મેરુ પર્વતની પૂર્વ અને પશ્ચિમે અવસર્પિણી પણ નથી અને ઉત્સર્પિણી પણ નથી, કેમકે ત્યાં અવસ્થિત કાળ હોય છે શું ?

હા, ગૌતમ ! તે પ્રમાણે જ કહેવું.

જેમ અવસર્પિણીનો આલાવો કહ્યો, તેમ ઉત્સર્પિણીનો પણ આલાવો કહેવો જોઈએ.

હવે વ્યાખ્યા કરે છે — ઉક્ત ક્ષેત્ર વિભાગ અનુસાર દિવસ અને રાત્રિ વિભાગ કહે છે, જેમકે — ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં મેરુના દક્ષિણ ભાગમાં દિવસ હોય છે, ત્યારે ઉત્તરાર્દ્ધમાં પણ દિવસ હોય છે. એક સૂર્યનો એક દિશામાં મંડલાચાર છે, બીજા સૂર્યનો તેના સન્મુખની લંબાઈ વડે જ બીજી દિશામાં મંડલચાર સંભવે છે. અહીં જો કે જેમ દક્ષિણાર્દ્ધમાં તેમ ઉત્તરાર્દ્ધમાં પણ કહેલ છે, તો પણ દક્ષિણ ભાગમાં અને ઉત્તર ભાગમાં છે તેમ જાણવું. કેમકે અર્દ્ધ શબ્દનો ભાગ માત્ર અર્થ છે. જે કારણે જો દક્ષિણાર્દ્ધ અને ઉત્તરાર્દ્ધમાં સમગ્ર જ દિવસ થાય છે, તો કઈ રીતે પૂર્વ-પશ્ચિમમાં રાત્રિ થાય તેમ કહ્યું ?

બે અર્દ્ધના ગ્રહણથી સર્વક્ષેત્રનું ગ્રહણ કરવાથી કહ્યું. અહીં દક્ષિણાર્દ્ધ આદિ શબ્દથી દક્ષિણાદિ ભાગ માત્ર જાણવો. અર્દ્ધ ન જાણવું. ત્યારે જંબૂદ્વીપ દ્વીપમાં મેરુ પર્વતની પૂર્વમાં અને પશ્ચિમમાં રાત્રિ થાય છે. કેમકે ત્યાં એક પણ સૂર્ય નથી.

એ પ્રમાણે પ્રશ્ન કરાતા ભગવંતે કહ્યું — હા, ગૌતમ ! જ્યારે જંબૂદ્વીપ દ્વીપમાં દક્ષિણાર્દ્ધમાં દિવસ હોય ત્યારે પૂર્વમાં રાત્રિ હોય છે, એ પ્રમાણે પ્રતિવાક્ય કહેવું.

ક્ષેત્ર પરાવૃત્તિથી દિવસ-રાત્રિ વિભાગ પૂછતાં કહે છે —

ભગવન્ ! જ્યારે જંબૂદ્વીપદ્વીપમાં મેરુ પર્વતની પૂર્વમાં દિવસ હોય છે, ત્યારે પશ્ચિમમાં પણ દિવસ હોય છે. પૂર્વોક્ત યુક્તિથી જ કહેવું. જ્યારે પશ્ચિમમાં દિવસ હોય, ત્યારે મેરુની દક્ષિણ-ઉત્તરમાં રાત્રિ હોય છે. એ પ્રશ્ન સૂત્ર છે. હા, ગૌતમ ! ઈત્યાદિ ઉત્તરસૂત્ર પૂર્વવત્ છે, તેમ જાણવું.

સામાન્યથી દિવસ-રાત્રિ વિભાગ કહ્યો, હવે તેને જ વિશેષથી કહે છે — ભગવન્ ! જ્યારે જંબૂદ્વીપ દ્વીપમાં દક્ષિણાર્દ્ધમાં ઉત્કૃષ્ટથી અઢાર મુહૂર્ત્તનો દિવસ હોય છે, ઈત્યાદિ સૂત્રો પ્રાયઃ નિગદસિદ્ધ છે, તો પણ કંઈક આના વૃત્ત્યાદિમાં રહેલ લખીએ —

અહીં સૂર્યના ૧૮૪ મંડલો હોય છે. તેમાં જંબૂદ્વીપ મધ્યે ૬૫-મંડલો થાય છે. ૧૧૯ તેમાં લવણસમુદ્ર મધ્યે હોય.

તેમાં સર્વાભ્યંતર મંડલમાં જ્યારે સૂર્ય હોય, ત્યારે ૧૮-મુહૂર્ત્તનો દિવસ થાય છે, જ્યારે સર્વ બાહ્ય મંડલમાં સૂર્ય હોય ત્યારે સર્વજઘન્ય બાર મુહૂર્ત્તનો દિવસ

થાય છે.

પછી બીજા મંડલથી આરંભીને પ્રતિમંડલમાં ૨/૬૧ મુહૂર્તથી દિવસની વૃદ્ધિમાં ૧૮૩માં મંડલે છ મુહૂર્તો વધે છે, એ રીતે ૧૮ મુહૂર્તનો દિવસ થાય છે. તેથી જ બાર મુહૂર્તની રાત્રિ થાય છે. કેમકે અહોરાત્રના ત્રીશ મુહૂર્તો હોય છે.

જ્યારે સર્વ અભ્યંતર મંડલના અનંતર મંડલમાં સૂર્ય હોય છે, ત્યારે ૨/૬૧ ભાગ હીન અઢાર મુહૂર્તનો દિવસ થાય છે. તે અઢાર મુહૂર્ત દિવસથી અનંતર તે અઢાર મુહૂર્તાન્તર કહેવા.

ત્યારે ૨/૬૧ ભાગ વડે અધિક બાર મુહૂર્તની રાત્રિ થાય.

જેટલા ભાગે દિવસ ઘટે, તેટલા ભાગે રાત્રિ વધે છે. કેમકે એક અહોરાત્રના ૩૦-મુહૂર્ત હોય છે.

આ અનંતરોક્ત ઉપાયથી દિનમાન ઘટાડતાં જવું.

તેમાં સર્વાભ્યંતર મંડલ અનંતર મંડલથી આરંભીને ૩૧-માં મંડલાર્દ્ધમાં જ્યારે સૂર્ય હોય ત્યારે ૧૭-મુહૂર્તનો દિવસ થાય છે, પૂર્વે કહેલ હાનિ ક્રમથી ૧૩-મુહૂર્તની રાત્રિ થાય છે.

૨/૬૧ ભાગ મુહૂર્તથી હીન ૧૭-મુહૂર્ત પ્રમાણ દિવસ, આ દ્વિતીય થકી આરંભીને બત્રીશમાં મંડલાર્દ્ધમાં થાય છે. એ પ્રમાણે અનંતરત્વ બીજે પણ કહેવું જોઈએ.

સાતિરેક ૨/૬૧ મુહૂર્ત, એમ સર્વત્ર ૨/૬૧ વૃદ્ધિ કહેવી.

બીજાથી આરંભીને ૬૧માં મંડલમાં ૧૬-મુહૂર્તનો દિવસ થાય છે, ૯૨માં અર્દ્ધ મંડલમાં વર્તતો સૂર્ય - ૧૫ મુહૂર્તનો દિવસ થાય. ૧૨૨માં મંડલમાં સૂર્ય વર્તે ત્યારે ૧૪-મુહૂર્તનો દિવસ થાય. ૧૫૨ાામાં મંડલમાં સૂર્ય વર્તે ત્યારે ૧૩-મુહૂર્તનો દિવસ થાય. ૧૮૩માં મંડલમાં અર્થાત્ સર્વ બાહ્ય મંડલમાં સૂર્ય વર્તે ત્યારે ૧૨-મુહૂર્તનો દિવસ થાય.

કાળના અધિકારથી આ કહે છે —

જ્યારે ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપના દક્ષિણાર્દ્ધમાં वासाणं० ઈત્યાદિ, वास - ચતુર્માસ પ્રમાણ વર્ષાકાળ સંબંધી પ્રથમ - આદ્ય, સમય - ક્ષણ, પ્રાપ્ત થાય છે. ત્યારે ઉત્તરાર્દ્ધમાં પણ વર્ષાનો પહેલો સમય થાય છે. કેમકે સમયકાળ નૈયત્યથી દક્ષિણાર્દ્ધ અને ઉત્તરાર્દ્ધમાં બંને સૂર્યોનો ચાર હોય છે.

જ્યારે ઉત્તરાર્દ્ધમાં વર્ષાકાળનો પહેલો સમય હોય, ત્યારે જંબૂદ્વીપ દ્વીપમાં મેરુ પર્વતની પૂર્વ-પશ્ચિમ દિશામાં અનંતર પુરસ્કૃત્ સમયમાં અનંતર - નિર્વ્યવધાન દક્ષિણાર્દ્ધ વર્ષા પ્રથમતાની અપેક્ષા તે અતીત પણ હોય, તેથી કહે છે — પુરસ્કૃત અર્થાત્ પુરોવર્તી થશે સમય - પ્રસિદ્ધ શબ્દ છે.

અનંતર પશ્ચાત્કૃત્ સમયમાં - પૂર્વ અને પશ્ચિમ વિદેહ વર્ષાના પ્રથમ સમય અપેક્ષાથી જે અનંતર પશ્ચાત્કૃત્ - અતીત સમય, તેમાં દક્ષિણ-ઉત્તરના વર્ષાકાળનો પ્રથમ સમય થાય છે.



અહીં જે સમયમાં દક્ષિણાર્દ્ધ અને ઉત્તરાર્દ્ધમાં વર્ષાકાળનો પહેલો સમય, તેની પછીના આગળના બીજા સમયમાં પૂર્વ-પશ્ચિમમાં વર્ષાકાળનો પહેલો સમય થાય છે. આટલા માત્રા કહેવાં છતાં પણ જે સમયમાં પૂર્વ-પશ્ચિમના વર્ષાકાળનો પહેલો સમય થાય છે તેની પછીના પશ્ચાત્ભાવિ સમયમાં દક્ષિણ-ઉત્તરાર્દ્ધનો વર્ષા કાળનો પહેલો સમય થાય છે, તેમ જાણવું. તે શા માટે આ કથનનું ઉપાદાન કરેલ છે ? તે કહે છે —

અહીં ક્રમ-ઉત્ક્રમથી અભિહિત અર્થ છે. પ્રપંચિત જ્ઞાન શિષ્યો માટે અતિ સુનિશ્ચિત થાય છે તેથી તેમના અનુગ્રહ માટે આ કહ્યું હોવાથી કોઈ દોષ નથી.

એ પ્રમાણે જેમ સમયથી વર્ષાનો આલાવો કહ્યો, તેમ આવલિકાનો પણ કહેવો. તે આ પ્રમાણે - ભગવન્ ! જ્યારે જંબૂદ્વીપ દ્વીપના દક્ષિણાર્દ્ધમાં વર્ષાની પ્રથમ આવલિકા સંપ્રાપ્ત હોય છે, ત્યારે ઉત્તરાર્દ્ધમાં પણ વર્ષાની પ્રથમ આવલિકા સંપ્રાપ્ત હોય છે, જ્યારે ઉત્તરાર્દ્ધમાં વર્ષાની પહેલી આવલિકા સંપ્રાપ્ત હોય છે, ત્યારે જંબૂદ્વીપ દ્વીપના મેરુ પર્વતની પૂર્વ-પશ્ચિમમાં અનંતર પુરસ્કૃત્ સમયમાં વર્ષાની પહેલી આવલિકા હોય છે શું ?

હા, ગૌતમ ! બધું તેમજ હોય છે.

ભગવન્ ! જ્યારે જંબૂદ્વીપ દ્વીપના મેરુ પર્વતની પૂર્વમાં વર્ષાની પહેલી આવલિકા સંપ્રાપ્ત થાય છે, ત્યારે પશ્ચિમમાં પણ પહેલી આવલિકા સંપ્રાપ્ત થાય છે, જ્યારે જંબૂદ્વીપદ્વીપમાં મેરુ પર્વતની ઉત્તર-દક્ષિણમાં અનંતર પશ્ચાત્કૃત્ સમયમાં વર્ષાની પહેલી આવલિકા પ્રતિપન્ન થાય છે ? હા, ગૌતમ ! તેમજ કહેવું.

એ પ્રમાણે આનપ્રાણાદિમાં પણ કહેવું.

આવલિકા આદિનો અર્થ પૂર્વવત્ છે.

હેમંત - શીતકાળ ચારમાસ, गिम्ह - ગ્રીષ્મકાળ ચારમાસ. पढमे अयणे - શ્રાવણ આદિત્યથી સંવત્સરનું દક્ષિણાયન. યુગ - પાંચ સંવત્સર પ્રમાણ. અહીં યુગ સાથે એમ અતિદેશ કરણથી યુગની પણ દક્ષિણ અને ઉત્તરના પૂર્વ સમયે પ્રતિપત્તિ છે. - x - ઈત્યાદિ.

જ્યોતિષ્ કરંડકમાં કહેલ છે કે — શ્રાવણ વદ એકમે બાલવ કરણ, અભિજિત્ નક્ષત્ર, સર્વત્ર પ્રથમ સમયમાં યુગની આદિ જાણવી.

આ ગાથાના વ્યાખ્યાનમાં સર્વત્ર ભરતમાં, ઐરવતમાં અને મહાવિદેહમાં શ્રાવણ માસમાં કૃષ્ણ પક્ષમાં એકમની તિથિમાં બાલવ કરણમાં, અભિજિત્ નક્ષત્રમાં, પહેલાં સમયમાં, યુગની આદિ જાણવી. એ વાચનાંતર જાણવું. - x -

જો કે જ્યોતિષ્ કરંડક સૂત્રકર્તા આચાર્યે આ ભગવતી આદિ સૂત્રની પ્રતિમાં માથુર વાચનાનુગત કહ્યું, તેમાં કંઈ અનુચિત નથી. - x - x - ''સર્વે કાળ વિશેષ સૂર્ય પ્રમાણથી થતાં જાણવા.'' એ વચનથી જો સૂર્યચાર વિશેષથી કાલ વિશેષ પ્રતિપત્તિ દક્ષિણ-ઉત્તરના આદિ સમયમાં અને પૂર્વ-પશ્ચિમના ઉત્તર સમયમાં થાય, તો દક્ષિણ અને ઉત્તરના પ્રતિપત્તિ સમયમાં પૂર્વકાળનું અપર્યવસાન કહેવું. પૂર્વ અને

પશ્ચિમ વિદેહની અપેક્ષાથી તેમ છે. - x - x -

પૂર્વાંગ - ચોર્યાશી લાખ વર્ષ પ્રમાણ.

પૂર્વ - પૂર્વાંગને જ ૮૪ લાખ વર્ષ વડે ગુણવા.

એ પ્રમાણે ૮૪ લાખ વર્ષે ગુણવાથી ઉત્તરોત્તરના સ્થાન પ્રાપ્ત થાય છે. અંતિમ સ્થાન ૧૯૪ અંકથી થાય.

અવસર્પિણીનો પહેલો વિભાગ તે પ્રથમા અવસર્પિણી.

ભગવન્ ! જ્યારે દક્ષિણાર્દ્ધમાં પહેલી અવસર્પિણી પ્રાપ્ત થાય છે, ત્યારે ઉત્તરાર્દ્ધમાં પણ૦ ઈત્યાદિ સ્પષ્ટ છે. વિશેષ એ કે — પૂર્વ, પશ્ચિમમાં અવસર્પિણી કે ઉત્સર્પિણી હોતી નથી. કેમ ? તે કહે છે — સર્વથા એક સ્વરૂપ ત્યાં કાળ કહેલ છે. - x -

હવે પ્રસ્તુત અધિકારનો ઉપસંહાર કરતાં કહે છે — इच्चेसा० અનંતરોક્ત સ્વરૂપવાળી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ - આદ્ય દ્વીપની યથાવસ્થિત સ્વરૂપનું નિરૂપણ કરનારી ગ્રંથ પદ્ધતિ આ ઉપાંગમાં છે.

સૂર્યપ્રજ્ઞપ્તિ - સૂર્ય અધિકાર પ્રતિબદ્ધ પદ પદ્ધતિ વસ્તુ - મંડલ સંખ્યાદિનો સમાસ - સૂર્ય પ્રજ્ઞપ્તિ આદિ મહાગ્રંથની અપેક્ષાથી સંક્ષેપથી તે સમાપ્ત થાય છે.

હવે ચંદ્ર વક્તવ્યનો પ્રશ્ન કહે છે —

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં બંને ચંદ્રો ઉત્તર-પૂર્વ દિશા ભાગમાં ઉદિત થઈને પશ્ચિમ-દક્ષિણ દિશા ભાગમાં અસ્ત પામે છે, ઈત્યાદિ જે રીતે સૂર્યવક્તવ્યતા કહી છે, તે રીતે ચંદ્ર વક્તવ્યતા કહેવી. યથા અને वा શબ્દથી અહીં - [ભગવતીજી સૂત્રના] પાંચમાં શતકનો દશમો ઉદ્દેશો ''ચંદ્ર'' નામે છે, તે જાણવો.

ક્યાં સુધી આ સૂત્ર ગ્રહણ કરવું ? તે કહે છે —

જ્યાં સુધી તેમાં અવસ્થિત કાળ કહેલ છે, ત્યાં સુધી, હે શ્રમણ ! હે આયુષ્યમાન્ ! અહીં પણ ઉપસંહાર કરવાને માટે કહે છે — इच्चेसा० ઈત્યાદિ, વ્યાખ્યાન પૂર્વવત્. તફાવત એ કે — સૂર્યપ્રજ્ઞપ્તિ સ્થાને, ચંદ્રપ્રજ્ઞપ્તિ કહેવી.

આ જ્યોતિષ્કોના ચાર વિશેષથી સંવત્સર વિશેષ પ્રવર્તે છે, એથી તેનો ભેદ પ્રશ્ન કહે છે —

● સૂત્ર-૨૭૮ થી ૨૮૫ :-

*[૨૭૮] ભગવન્ ! સંવત્સર કેટલાં કહેલાં છે ?*

*ગૌતમ ! પાંચ સંવત્સરો કહેલાં છે, તે આ પ્રમાણે - નક્ષત્ર સંવત્સર, યુગ સંવત્સર, પ્રમાણ સંવત્સર, લક્ષણ સંવત્સર અને શનૈશ્ચર સંવત્સર [એ પાંચ છે.]*

*ભગવન્ ! નક્ષત્ર સંવત્સર કેટલાં ભેદે કહેલ છે ?*

*ગૌતમ ! બાર ભેદે કહેલ છે, તે આ પ્રમાણે — શ્રાવણ, ભાદ્રપદ, આસો જ યાવત્ આષાઢ.*

*અથવા બૃહસ્પતિ મહાગ્રહ, જે બાર સંવત્સર વડે સર્વ નક્ષત્ર મંડલનું પરિસમાપન કરે છે, તે નક્ષત્ર સંવત્સર છે.*



*ભગવન્ ! યુગ સંવત્સર કેટલા ભેદે કહેલ છે ?*

*ગૌતમ ! પાંચ ભેદે કહેલ છે, તે આ પ્રમાણે — ચંદ્ર, ચંદ્ર, અભિવર્ધિત, ચંદ્ર અને અભિવર્ધિત.*

*ભગવન્ ! પહેલાં ચંદ્ર સંવત્સરના કેટલાં પર્વો કહેલા છે ? ગૌતમ ! ચોવીસ પર્વો કહેલાં છે.*

*ભગવન્ ! બીજા ચંદ્ર સંવત્સરના કેટલાં પર્વો કહેલાં છે ? ગૌતમ ! ચોવીશ પર્વો કહેલાં છે.*

*એ પ્રમાણે ત્રીજાની પૃચ્છા. ગૌતમ ! ૨૬- પર્વો છે.*

*ચોથા સંવત્સરના ચોવીશ પર્વો છે.*

*પાંચમાં અભિવર્ધિતના ૨૬- પર્વો કહેલાં છે.*

*એ પ્રમાણે બધાં મળીને પાંચ સંવત્સરિક યુગમાં ૧૨૪ પર્વો કહેલાં છે. તે યુગ સંવત્સર કહ્યો.*

*ભગવન્ ! પ્રમાણ સંવત્સર કેટલાં ભેદે કહેલ છે ?*

*ગૌતમ ! પાંચ ભેદે કહેલ છે, તે આ પ્રમાણે — નક્ષત્ર, ચંદ્ર, ઋતુ, આદિત્ય [સૂર્ય] અને અભિવર્ધિત.*

*તે આ પ્રમાણ સંવત્સર કહ્યો.*

*ભગવન્ ! લક્ષણ સંવત્સર કેટલાં ભેદે કહેલ છે ? ગૌતમ ! તે પાંચ ભેદે કહેલ છે, તે આ પ્રમાણે —*

*[૨૭૯] સમક નક્ષત્ર યોગ કરે છે, સમક ઋતુ પરિણત થાય છે, ન અતિ ઉષ્ણ - ન અતિ શીતરૂપે [તે પરિણત થાય છે.] જે પ્રચુર જળયુક્ત હોય તે સમક નક્ષત્ર છે.*

*[૨૮૦] જ્યારે ચંદ્રની સાથે પૂર્ણમાસીમાં વિષમચારી નક્ષત્રનો યોગ થાય છે, જે કટુક હોય, વિપુલ વર્ષાયુક્ત હોય છે, તેને ચંદ્ર સંવત્સર કહેવામાં આવે છે.*

*[૨૮૧] જેમાં વિષમકાળમાં વનસ્પતિ અંકુરિત થાય છે, ઋતુ ન હોય ત્યારે પુષ્પ અને ફળ આપે છે, જેમાં સમ્યક્ વર્ષા વરસતી નથી, તેને કર્મ સંવત્સર કહે છે.*

*[૨૮૨] જેમાં સૂર્ય પૃથ્વી, જળ, પુષ્પ અને ફળને રસપ્રદાન કરે છે, જેમાં થોડી વર્ષાથી જ ધાન્ય સમ્યક્રૂપે નિષ્પન્ન થાય છે. સારી ફસલ થાય છે, તે આદિત્ય સંવત્સર કહેવાય છે.*

*[૨૮૩] જેમાં ક્ષણ, લવ, દિવસ, ઋતુ, સૂર્યના તેજથી તપ્ત રહે છે, જેમાં નિમ્ન સ્થળ જળ વડે પૂરિત રહે છે, તેને તું અભિવર્ધિત સંવત્સર જાણ [સમજ.]*

*[૨૮૪] ભગવન્ ! શનૈશ્ચર સંવત્સર કેટલાં ભેદે કહેલ છે ? ગૌતમ ! અઠ્ઠાવીશ ભેદે કહેલ છે, તે આ —*

*[૨૮૫] અભિજિત્, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષજ્, પૂર્વાભાદ્રપદ, ઉત્તરા-*

***ભાદ્રપદ, રેવતી, અશ્વિની, ભરણી, કૃત્તિકા, રોહિણી યાવત્ ૨૮મું નક્ષત્ર ઉત્તરાષાઢા કહેલ છે.***

***અથવા શનૈશ્ચર મહાગ્રહ ૩૦ સંવત્સરોમાં સમસ્ત નક્ષત્રમંડલનું સમાપન કરે છે, તે શનૈશ્ચર સંવત્સર કહેવાય છે.***

**● વિવેચન-૨૭૮ થી ૨૮૫ :-**

નક્ષત્રોમાં થાય તે નાક્ષત્ર, શું કહેવા માંગે છે ? ચંદ્રને ચાર ચરતાં જેટલાં કાળથી અભિજિત્‌થી આરંભીને ઉત્તરાષાઢા નક્ષત્ર સુધી જાય છે, તેટલાં પ્રમાણમાં નાક્ષત્રમાસ અથવા ચંદ્રના નક્ષત્ર મંડલમાં પરિવર્તનતા નિષ્પન્ન, ઉપચારથી તે માસ પણ નક્ષત્ર છે. તે બારગુણ નક્ષત્ર સંવત્સર છે.

તથા યુગ સંવત્સર - પાંચ સંવત્સરાત્મક યુગ, તેના એકદેશરૂપ વક્ષ્યમાણ લક્ષણ ચંદ્રાદિ યુગ પૂરકપણાથી યુગ સંવત્સર.

પ્રમાણ - દિવસ આદિનું પરિમાણ, તેનાથી ઉપલક્ષિત વક્ષ્યમાણ જ નક્ષત્ર સંવત્સરાદિ તે પ્રમાણ સંવત્સર.

તે જ લક્ષણોના વક્ષ્યમાણ સ્વરૂપની પ્રધાનતાથી જે છે તેને લક્ષણ સંવત્સર કહે છે.

જેટલાં કાળથી શનૈશ્ચર નક્ષત્ર કે બાર રાશિને ભોગવે છે, તે શનૈશ્ચર સંવત્સર કહેવાય.

નામ નિરુક્ત કહીને, હવે આના ભેદોને કહે છે —

ભગવન્ ! નક્ષત્ર સંવત્સર કેટલાં ભેદે કહેલ છે ? ગૌતમ ! તે બાર ભેદે કહેલ છે, તે આ - શ્રાવણાદિ [સૂત્રાર્થવત્ જાણવું.] આ ભાવ છે — અહીં એક સમસ્ત નક્ષત્રયોગ પર્યાય બાર વડે ગુણતાં નક્ષત્ર સંવત્સર થાય. તેથી જે નક્ષત્રસંવત્સર પૂરક બાર સમસ્ત નક્ષત્રયોગ પર્યાયો શ્રાવણાદિ નામે છે. તે પણ અવયવમાં સમુદાયના ઉપચારથી તે નક્ષત્ર સંવત્સર કહેવાય.

તેથી શ્રાવણ આદિ બાર ભેદે નક્ષત્ર સંવત્સર છે અથવા બૃહસ્પતિ મહાગ્રહ બાર સંવત્સર વડે યોગને આશ્રીને જે સર્વ નક્ષત્ર મંડલ - અભિજિતાદિ ૨૮-નક્ષત્રને પરિસમાપ્ત કરે છે, તેટલો કાળ વિશેષ બાર વર્ષ પ્રમાણ નક્ષત્ર સંવત્સર.

હવે બીજો-યુગ સંવત્સર. પ્રશ્ન સ્પષ્ટ છે, ઉત્તરમાં —

ગૌતમ ! યુગસંવત્સર પાંચ ભેદે કહેલ છે, તે આ પ્રમાણે - ચંદ્ર આદિ - x - ચંદ્રમાં થાય તે ચાંદ્ર, યુગની આદિમાં શ્રાવણ વદ એકમથી આરંભીને પૂર્ણિમાની પરિસમાપ્તિ સુધીનો કાળ પ્રમાણ ચાંદ્ર માસ. એક પૂર્ણિમા પરાવર્ત ચાંદ્રમાસ.

અથવા ચંદ્રથી નિષ્પન્નત્વથી ઉપચારથી જે માસ તે પણ ચાંદ્ર, તે બારગુણ ચંદ્ર સંવત્સર.

બીજા અને ચોથાની પણ વ્યુત્પત્તિ એમ જ જાણવી.

ત્રીજો યુગસંવત્સર અભિવર્દ્ધિત નામે છે, મુખ્યતાથી તે તેર ચંદ્રમાસ પ્રમાણ સંવત્સર૦ - x -



તે કેટલાં કાળે સંભવે ? તે કહે છે. આ યુગ ચંદ્ર, ચંદ્ર આદિ પાંચ સંવત્સર રૂપ, સૂર્ય સંવત્સરની અપેક્ષાથી વિચારતા અન્યૂન અતિરિક્ત પાંચ વર્ષોનો થાય છે.

સૂર્ય માસ સાર્દ્ધ ૩૦-અહોરાત્ર પ્રમાણ અને ચંદ્રમાસ ૨૯ દિવસ અને $^{32}/_{62}$ ભાગ દિવસ છે. તેથી ગણિત સંભાવનાથી સૂર્યસંવત્સરના ૩૦ માસ અતિક્રમતા એક ચાંદ્રમાસ અધિક પ્રાપ્ત થાય છે. તે જે રીતે પ્રાપ્ત થાય છે, તે રીતે પૂર્વાચાર્ય દ્વારા પ્રદર્શિત આ કરણગાથા છે — ચંદ્રનું જે વિશેષ, સૂર્યનું માંસનું થાય૦.

આ ગાથાની અક્ષર ગમનિકા કહે છે — સૂર્ય સંબંધી માસની મધ્યે ચંદ્ર-ચંદ્ર માસનો જે વિશ્લેષ થાય છે, આ વિશ્લેષ કરતાં જે બાકી રહે, તે પણ ઉપચારથી વિશ્લેષ છે, તે ૩૦ વડે ગુણતાં એક અધિક માસ થાય છે.

તેમાં સૂર્યમાસના પરિમાણથી ૩૦॥ અહોરાત્રરૂપ ચંદ્ર માસ પરિમાણ ૨૯ - $^{32}/_{62}$ ભાગ દિવસ બાદ કરવામાં આવે તો રહેશે - ૧ - $^{1}/_{62}$ ભાગ ન્યૂન. તે દિવસને ૩૦ વડે ગુણતાં થશે ૩૦ દિવસ અને $^{1}/_{62}$ ભાગને ૩૦ વડે ગુણતાં થશે $^{30}/_{62}$ ભાગ. ૩૦ દિવસ વડે શોધિત કરતાં પછી રહેલ શેષ ૨૯ - $^{32}/_{62}$ દિનનો આટલા પરિમાણ ચાંદ્રમાસ, થાય છે. એ રીતે સૂર્ય સંવત્સરના ૩૦ માસ અતિક્રમતા એક અધિક માસ થાય. યુગમાં ૬૦ સૂર્યમાસ થાય, તેથી ફરી પણ સૂર્યસંવત્સરના ૩૦ માસ અતિક્રમતાં બીજો અધિકમાસ થાય છે.

કહ્યું છે કે — યુગના અર્દ્ધમાં સાઈઠ૦ ઈત્યાદિ.

આ ગાથાની અક્ષર ગમનિકા કહે છે — એક યુગમાં૦ અનંતર કહેલ સ્વરૂપ પર્વના - પક્ષોના ૬૦ અતીતમાં - સાઈઠ સંખ્યામાં પક્ષો અતિક્રાંત થતાં, આ અવસરમાં યુગાર્દ્ધ પ્રમાણમાં એક અધિક માસ થાય છે. બીજો અધિક માસ ૧૨૨ પર્વો - પક્ષ વ્યતીત થતાં યુગના અંતે થાય છે. તેથી યુગની મધ્યમાં ત્રીજા સંવત્સરમાં અધિક માસ અથવા પાંચમામાં થાય, એ રીતે એક યુગમાં બે અભિવર્ધિત સંવત્સર થાય છે.

જો કે પાંચ સૂર્ય વર્ષરૂપ એક યુગમાં બે ચંદ્રમાસવત્ નક્ષત્ર માસ આધિક્ય સંભવે છે, તો પણ નક્ષત્રમાસનો લોકમાં વ્યવહાર અવિષયત્વથી છે. અર્થાત્ જેમ ચંદ્રમાસ લોકમાં વિશેષથી ચવન આદિ વડે વ્યવહરાય છે, તે રીતે નક્ષત્રમાસનો વ્યવહાર થતો નથી. આ નક્ષત્રાદિ સંવત્સરના માસ, દિનમાન, અયનાદિ પ્રમાણ સંવત્સર અધિકારમાં કહેવાશે.

આ ચંદ્રાદિ પાંચ યુગ સંવત્સર પર્વ વડે પૂરાય છે, એ રીતે તે કેટલાં પ્રતિવર્ષે થાય છે, એમ પૂછતાં કહે છે —

ભગવન્ ! પ્રથમ-યુગની આદિમાં પ્રવૃત્ત ચંદ્ર સંવત્સરના કેટલાં પર્વો-પક્ષરૂપ કહેલાં છે ? ગૌતમ ! ૨૪-પર્વો છે. બાર માસરૂપથી પ્રતિમાસ બે પર્વના સંભવતી થાય.

બીજા અને ચોથાના પ્રશ્ન સૂત્રમાં એ પ્રમાણે જ છે.

અભિવર્ધિત સંવત્સર સૂત્રમાં ૨૬-પર્વો, તેના ૧૩ ચંદ્રમાસપણાથી પ્રતિમાસ બે પર્વના સંભવથી કહ્યું. એ રીતે બીજો અભિવર્ધિત પણ જાણવો. એમ બધાં મળીને ૧૨૪ પર્વો થાય.

હવે ત્રીજુ - પ્રમાણ સંવત્સર કેટલાં ભેદે કહેલ છે ? ગૌતમ ! પાંચ ભેદે કહેલ છે ? ગૌતમ ! પાંચ ભેદે કહેલ છે, તે આ રીતે - નાક્ષત્ર આદિ૦ - x -

અહીં નક્ષત્ર, ચંદ્ર, અભિવર્ધિત નામે સ્વરૂપથી પૂર્વે કહ્યા છે. ઋતુ-લોક પ્રસિદ્ધ વસંત આદિ, તેનો વ્યવહારહેતુ સંવત્સર તે ઋતુ સંવત્સર. બીજા ગ્રંથમાં આનું નામ સાવન સંવત્સર કર્મસંવત્સર છે. આદિત્યના ચારથી દક્ષિણ અને ઉત્તરાયન વડે નિષ્પન્ન આદિત્ય સંવત્સર.

પ્રમાણના પ્રધાનત્વથી આ સંવત્સરને પ્રમાણ જ કહે છે. તેના માસ પ્રમાણાધીનત્વથી આદિમાં માસ પ્રમાણ. તે આ રીતે — અહીં ચંદ્ર આદિ સંવત્સર પંચક પ્રમાણ યુગમાં અહોરાત્ર ૧૮૩૦ પ્રમાણ થાય છે. આ કઈ રીતે જાણવું ?

અહીં સૂર્યના દક્ષિણ કે ઉત્તર અયન ૧૮૩ દિવસરૂપ યુગમાં પાંચ દક્ષિણાયન અને પાંચ ઉત્તરાયન, એમ સર્વ સંખ્યાથી દશ અયનો થાય. તેથી ૧૮૩ને ૧૦ વડે ગુણતાં યથોક્ત દિન રાશિ આવે. એ પ્રમાણે દિનરાશિને સ્થાપીને નક્ષત્ર, ચંદ્ર, ઋતુ આદિ માસના દિવસ લાવવાને માટે યથાક્રમે ૬૭, ૬૧, ૬૨ સ્વરૂપથી ભાગ કરવો. તેથી યથોક્ત નક્ષત્રાદિમાસ ચતુષ્કગત દિવસ પરિમાણ આવે.

તે આ પ્રમાણે — યુગદિનરાશિ ૧૮૩૦ છે. આના યુગમાં ૬૭ માસ, એ રીતે ૬૭ વડે ભાગ કરતાં, જે પ્રાપ્ત થાય તે નક્ષત્રમાસ.

તથા આના જ યુગ દિનરાશિના ૧૮૩૦ રૂપના ૬૧ યુગમાં ઋતુમાસ, એ રીતે ૬૧ ભાગ કરતાં ઋતુમાસ પ્રમાણ આવે.

તથા યુગમાં સૂર્યમાસ-૬૦, એ ધ્રુવ રાશિ ૧૮૩૦ રૂપને ૬૦ ભાગ કરાતા જે પ્રાપ્ત થાય, તે સૂર્યમાસ પ્રમાણ.

તથા અભિવર્દ્ધિત વર્ષમાં-ત્રીજા કે પાંચમામાં ૧૩ ચંદ્રમાસ થાય છે, તે વર્ષના બાર ભાગ કરાતા, એકૈક ભાગ અભિવર્ધિતમાસ એમ કહેવાય છે. આ અભિવર્ધિત સંવત્સરનું તેર ચંદ્રમાસ પ્રમાણનું દિવસપ્રમાણ - ૩૮૩ - ૪૪/૬૨ છે. તે કઈ રીતે ?

ચંદ્રમાસનું પ્રમાણ દિવસ - ૨૯ - ૩૨/૬૨ છે. તેને ૧૩-વડે ગુણતાં આવશે ૩૭૭ દિવસોના, ૪૧૬ અંશોના અને તે દિવસના ૬૨ ભાગો, તેના દિવસો લાવવા માટે ૬૨ ભાગ વડે ભાગ દેતાં, પ્રાપ્ત ૬-દિવસ, તેને પૂર્વોક્ત દિવસોમાં ઉમેરતા થશે - ૩૮૩ દિવસ - ૪૪/૬૨ ભાગ.

પછી વર્ષમાં બાર માસ, એમ માસ લાવવાને માટે બાર વડે ભાંગતા ૩૧-અહોરાત્ર પ્રાપ્ત થશે. બાકી ૧૧ અહોરાત્ર શેષ રહેશે. તેને બાર વડે ભાગ દેવાશે નહીં. તેથી જો ૧૧ ૪૪/૬૨ ભાગ મીલનાર્થે ૬૨ વડે ગુણવામાં આવે ત્યારે પૂર્ણ રાશિ ત્રુટિત નહીં થાય કેમકે શેષ વિદ્યમાન છે. તેથી સુક્ષ્મેક્ષિકાર્થે બમણી કરીને ૬૨ વડે ૧૨૪-૩૫-૧૧ને ગુણતાં આવશે ૧૩૬૪, પછી ૪૪/૬૨ ને સવર્ણનાર્થે બમણાં કરીને મૂળરાશિમાં ઉમેરીએ તો ૧૪૫૨ થશે. આને ૧૨ વડે ભાંગતા ૧૨૧ આવશે. - x - ઈત્યાદિથી અભિવર્ધિત માસ પ્રમાણ આવે.

આ બધાંની ક્રમથી અંકસ્થાપના આ રીતે — આ નાક્ષત્રાદિ માસનું પ્રમાણ,



વર્ષના ૧૨-માસ એ રીતે બારગણું પોત-પોતાનું વર્ષ પ્રમાણ થાય છે, સ્થાપના આ રીતે — [એમ બે સ્થાપના કહી છે.]

જેમકે નક્ષત્ર માસના દિન-૨૭, ભાગ ૨૧/૬૨, ચંદ્રમાસના દિવસ-૨૯ અને ૩૨/૬૨ ભાગ, ઋતુમાસના-૩૦ દિવસ, સૂર્યમાસના ૩૦ દિવસ ૩૦/૬૦ ભાગ અભિવર્ધિત માસના - ૩૧ દિવસ અને ૧૨૧/૧૨૪ ભાગ.

વર્ષ પ્રમાણ સ્થાપનામાં નક્ષત્ર વર્ષના ૩૨૭ - ૫૧/૬૭ ભાગ, ચંદ્ર વર્ષના - ૩૫૪ - ૧૨/૬૭ ભાગ, ઋતુવર્ષના-૩૬૦, સૂર્યવર્ષના - ૩૬૬ અને અભિવર્દ્ધિત વર્ષના - ૩૮૩ - ૪૪/૬૨ થશે. - x - x -

कम्मो निरंसयाए० આ ગાથાની વ્યાખ્યા —

આદિત્યાદિ સંવત્સર માસોની મધ્યે કર્મસંવત્સર સંબંધી માસ નિરંશપણે - પૂર્ણ ૩૦-અહોરાત્ર પ્રમાણપણે લોકવ્યવહારકારક થાય. બાકીના સૂર્ય આદિ વ્યવહારમાં ગ્રહણ કરવા દુષ્કર છે કેમકે સાંશપણે વ્યવહારપથમાં અવતરતા નથી.

નિરંશતા આ પ્રમાણે છે — ૬૦ પલની ઘટિકા, બે ઘટિકા તે મુહૂર્ત, ૩૦-મુહૂર્ત્તનું અહોરાત્ર. ૧૫-અહોરાત્રનો પક્ષ, બે પક્ષનો માસ, ૧૨-માસનું સંવત્સર. એ પ્રમાણે છે.

શાસ્ત્રવેદી વડે બધાં પણ માસો સ્વસ્વકાર્યોમાં નિયોજિત છે, તે આ રીતે — અહીં નક્ષત્રમાસનું પ્રયોજન સંપ્રદાયથી જાણવું.

વૈશાખ, શ્રાવણ, માઘ, પોષ ફાગણમાં જ વાસ્તુનો પ્રારંભ કરવો પણ બાકીના સાતમાં નહીં. ઈત્યાદિ ચંદ્રમાસનું પ્રયોજન છે.

ઋતુમાસનું પૂર્વે કહેલ છે.

સિંહસ્થ ગુરુ, ધનાર્ક-મીનાર્ક, અધિકમાસ ઈત્યાદિમાં લગ્ન ન કરવા, તે સૂર્યમાસ અને અભિવર્ધિતમાસનો હેતુ છે.

પૂર્વે નક્ષત્ર સંવત્સરાદિ સ્વરૂપથી નિરૂપેલ, અહીં તે દિનમાન કાઢવા વગેરે પ્રમાણ કરણથી વિશેષથી નિરૂપિત છે, માટે પુનરુક્તિ છે, તેમ ન વિચારવું. નિશીથ ભાષ્યકારના આશયથી — નક્ષત્ર, ચંદ્ર, ઋતુ, સૂર્ય અને અભિવર્ધિતરૂપ પાંચ માસ, તેના બારગણાં તે સંવત્સર છે એ રીતે સંવત્સરપંચક યુક્તિયુક્ત છે. અન્યથા ઉદ્દેશાધિકારમાં નક્ષત્ર સંવત્સર ઉદ્દેશ કરણ, યુગસંવત્સર અધિકારમાં ચંદ્ર અને અભિવર્ધિતનું ઉદ્દેશ કરણ, વળી પ્રમાણ સંવત્સર અધિકારમાં તેનું જ પ્રમાણ કરણ ઈત્યાદિ મોટા-ગૌરવને માટે થાય. જે સ્થાનાંગ, ચંદ્રપ્રજ્ઞપ્તિ આદિમાં અને આ ઉપાંગમાં આ સંવત્સરપંચક વર્ણન કરેલ છે, તે બહુશ્રુત વડે જાણવા યોગ્ય છે [અથવા બહુશ્રુત જાણે.]

હવે લક્ષણ સંવત્સર — [સૂત્રાર્થ મુજબ જાણવું.] તેમાં समक - સમપણે નક્ષત્ર - કૃતિકાદિ યોગ - કારતક પૂનમ આદિ તિથિ વડે સંબંધ યોજે છે. અર્થાત્ જે નક્ષત્રો જે તિથિમાં ઉત્સર્ગથી હોય - જેમ કે કારતકે કૃતિકા, તેનું તેમાં જ હોવું. - x -

જેમાં સમપણે ઋતુઓ પરિણમે, વિષમપણે નહીં, કાર્તિકી પછી હેમંતઋતુ,

પૌષી પછી શિશિરઋતુ ઈત્યાદિ.

જે સંવત્સર અતિ ઉષ્ણ કે અતિશીત નથી, ઘણાં જળવાળો હોય તે લક્ષણથી નિષ્પન્ન, તે નક્ષત્રસંવત્સર. - x - x -

હવે ચંદ્ર - ચંદ્ર સાથે સમક યોગને ઉપગત વિષમચારી - વિસદેશ નામક માસવાળા નક્ષત્રો તે-તે પૂર્ણિમા - મહીનાની અંત્ય તિથિ તેને પૂર્ણ કરે છે, તે જાણવું. જે કટુક - શીત, આતપ રોગાદિ દોષની બહુલતાપણે, પરિણામદારુણતાથી છે, તેને ચંદ્ર સંબંધી ચંદ્રના અનુરોધથી તે માસની પરિસમાપ્તિ છે, માસ સદેશ નામ નક્ષત્રથી નહીં.

હવે કર્મ નામે — જે સંવત્સરમાં વનસ્પતિઓ વિષમકાળે પલ્લવ, અંકુર આદિથી યુક્ત થઈ પરિણમે છે, તથા સ્વ-સ્વ ઋતુના અભાવમાં પણ પુષ્પ અને ફળ આપે છે, અકાળે પલ્લવો અને અકાળે પુષ્પ અને ફળો આપે છે તે. તથા વૃષ્ટિ સમ્યક્ ન વરસે - વરસાદ ન થાય, તે કર્મ સંવત્સર છે.

હવે સૌર - પૃથ્વી અને ઉદક તથા પુષ્પ અને ફળોના રસ, તેને આદિત્ય સંવત્સર આપે છે. તથા થોડી પણ વર્ષાથી ધાન્ય નિષ્પાદિત થાય છે. અર્થાત્ જે સંવત્સરમાં પૃથ્વી, તથાવિધ ઉદકના સંપર્કથી અતિ સ-રસ થાય છે. પાણી પણ સુંદર પરિણામવાળા રસયુક્ત પરિણમે છે, પુષ્પો - મધૂકાદિ સંબંધી, ફળો-આમ્ર ફળાદિ રસ પ્રચૂર થાય છે, થોડાં પણ વરસાદ વડે ધાન્ય સર્વત્ર સારું પાકે છે, તે આદિત્ય સંવત્સર છે, તેમ પૂર્વ ઋષિઓએ કહેલ છે.

હવે અભિવર્દ્ધિત — જે સંવત્સરમાં ક્ષણ, લવ, દિવસો, ઋતુ, સૂર્યના તેજથી કરીને અતીવ તપ્ત થાય છે. બધાં પણ નિમ્ન સ્થળો અને સ્થળો જળ વડે ભરાય છે, તે સંવત્સરને અભિવર્દ્ધિત સંવત્સર જાણવો તેમ પૂર્વ ઋષિઓએ કહેલ છે.

હવે શનૈશ્ચર સંવત્સર - ૨૮ પ્રકારે છે. જેમકે - અભિજિત્ શનૈશ્ચર સંવત્સર, શ્રવણ શનૈશ્ચર સંવત્સર, ધનિષ્ઠા શનૈશ્ચર સંવત્સર, શતભિષજ્ શનૈશ્ચર સંવત્સર, પૂર્વભાદ્રપદા શનૈશ્ચર સંવત્સર યાવત્ મૃગશિર્ષ શનૈશ્ચર સંવત્સર ઈત્યાદિ.

તેમાં જે સંવત્સરમાં અભિજિત નક્ષત્ર સાથે શનૈશ્ચર યોગને કરે છે, તે અભિજિત શનૈશ્ચર સંવત્સર, જેમાં શ્રવણનક્ષત્ર સાથે શનિ યોગને કરે છે, તે શ્રવણ શનૈશ્ચર સંવત્સર, એ પ્રમાણે બધાં નક્ષત્રોના શનૈશ્ચર સંવત્સર કહેવા.

અથવા શનૈશ્ચર મહાગ્રહ ૩૦ સંવત્સર વડે સર્વ નક્ષત્રમંડલઅભિજિતાદિને સમાપ્ત કરે છે, એટલો કાળ વિશેષ, તે ૩૦ વર્ષ પ્રમાણ શનૈશ્ચર સંવત્સર કહેવાય.

સંવત્સરો કહ્યા. હવે આમાં કેટલાં માસો હોય તે પ્રશ્ન —

● **સૂત્ર-૨૮૬ થી ૨૯૮ :-**

***[૨૮૬] ભગવન્ ! એક એક સંવત્સરના કેટલાં માસ કહેલા છે ? ગૌતમ ! બાર માસ કહેલાં છે, તેના બે ભેદે નામો કહેલા છે, તે આ પ્રમાણે — લૌકિક અને લોકોત્તર.***

***તેમાં લૌકિક નામે આ પ્રમાણે છે — શ્રાવણ, ભાદરવો, આસો યાવત્***



***આષાઢ.***

***લોકોત્તરિક નામો આ પ્રમાણે છે —***

***[૨૮૭,૨૮૮] અભિનંદિત, પ્રતિષ્ઠિત, વિજય, પ્રીતિવર્ધન, શ્રેયાંસ, શિવ, શિશિર, હિમવાન્...વસંતમાસ, કુસુમ સંભવ, નિદાઘ અને બારમો વનવિરોધ.***

***[૨૮૯] ભગવન્ ! એકએક માસના કેટલાં પક્ષો કહેલા છે ? ગૌતમ ! બે પક્ષ કહેલ છે, તે આ પ્રમાણે — કૃષ્ણપક્ષ અને શુક્લપક્ષ.***

***ભગવન્ ! એક એક પક્ષના કેટલા દિવસો કહેલા છે ? ગૌતમ ! પંદર દિવસો કહેલા છે, તે આ પ્રમાણે — પ્રતિપદા દિવસ, દ્વિતીયા દિવસ યાવત્ પંચદશી દિવસ.***

***ભગવન્ ! આ પંદર દિવસોના કેટલા નામો કહેલા છે ? ગૌતમ ! પંદર નામો કહેલા છે, તે આ —***

***[૨૯૦ થી ૨૯૨] પૂર્વાંગ, સિદ્ધ મનોરમ, મનોરથ, યશોભદ્ર, યશોધર, સર્વકામ સમૃદ્ધ... ઈન્દ્રમૂર્ધાભિષિક્ત, સોમનસ, ધનંજ, અર્થસિદ્ધ, અભિજાત, અત્યશન, શતંજય.. અગ્નિવેશ્મ અને પંદરમો ઉપશમ એ દિવસના નામો છે.***

***ભગવન્ ! આ પંદર દિવસોમાં કેટલી તિથિ કહી છે ? ગૌતમ ! ૧૫-તિથિ કહેલી છે, તે આ પ્રમાણે —***

***નંદા, ભદ્રા, જયા, તુચ્છા, પૂર્ણાએ પક્ષની પાંચમી તિથિ છે, ફરી પણ નંદા, ભદ્રા, જયા, તુચ્છા અને પૂર્ણા એ પક્ષની દશમી તિથિ છે. ફરી પણ નંદા, ભદ્રા, જયા, તુચ્છા અને પૂર્ણા એ પક્ષની પંદરમી તિથિ છે. એ પ્રમાણે ત્રણ આવૃત્તિઓમાં બધાં દિવસોની તિથિઓ કહેલી છે.***

***ભગવન્ ! એક-એક પક્ષમાં કેટલી રાત્રિઓ કહેલી છે ?***

***ગૌતમ ! પંદર રાત્રિઓ કહેલી છે, તે આ રીતે — પ્રતિપદા રાત્રિ યાવત્ પંદરમી રાત્રિ.***

***ભગવન્ ! આ પંદર રાત્રિઓ કયા નામથી કહેલ છે ? ગૌતમ ! તેના પંદર નામો કહેલા છે, તે આ પ્રમાણે —***

***[૨૯૩ થી ૨૯૫] ઉત્તમા, સુનક્ષત્રા, એલાપત્યા, યશોધરા, સોમનસા, શ્રીસંભૂતા... વિજયા, વૈજયંતી, જયંતિ, અપરાજિતા, ઈચ્છા, સમાહારા, તેજા, અતિતેજા... અને દેવાનંદા કે નિરતિ પંદરમી. આ રાત્રિના નામો છે.***

***ભગવન્ ! આ પંદર રાત્રિની કેટલી તિથિ કહેલ છે. ગૌતમ ! પંદર તિથિ કહેલી છે, તે આ પ્રમાણે —***

***ઉગ્રવતી, ભોગવતી, યશોમતી, સર્વ સિદ્ધા અને પાંચમી શુભનામા ફરી પણ ઉગ્રવતી, ભોગવતી, યશોમતી, સર્વસિદ્ધા અને દશમી શુભનામા. ફરી પણ ઉગ્રવતી, ભોગવતી, યશોમતી, સર્વસિદ્ધા અને પંદરમી-છેલ્લી શુભનામા.***

***એ પ્રમાણે ત્રણ આવૃત્તિમાં આ તિથિઓ બધી રાત્રિમાં આવે.***

***ભગવન્ ! એકૈક અહોરાત્રમાં કેટલા મુહુર્તો કહેલાં છે ?***

***ગૌતમ ! ૩૦-મુહૂર્તો કહેલાં છે, તે આ રીતે –***

***[૨૯૬ થી ૨૯૮] રુદ્ર, શ્રેયાન્, મિત્ર, વાયુ, સુબીય, અભિચંદ્ર, માહેન્દ્ર, બલવાન્, બ્રહ્મ, બહુ સત્ય અને ૧૧મું ઈશાન.***

***ત્વષ્ટ્રા, ભાવિતાત્મા, વૈશ્રમણ, વારુણ, આનંદ, વિજય, વિશ્વસેન, પ્રાજાપત્ય અને વીસમું ઉપશમ.***

***ગંધર્વ, અગ્નિવેશમ, શતવૃષભ, આતપવાન્, અમમ, ઋણવાન્, ભૌમ, વૃષભ, સર્વાર્થ અને ત્રીશમું રાક્ષસ.***

**● વિવેચન-૨૮૬ થી ૨૯૮ :-**

ભદંત ! એક એક સંવત્સરના કેટલા મહિના કહેલા છે ? ગૌતમ ! બાર મહિનાઓ કહેલાં છે તેના બે પ્રકારે નામો કહેલા છે, તે આ પ્રમાણે - લૌકિક અને લોકોત્તર.

લોક-પ્રવચન બહારના જન, તેઓમાં પ્રસિદ્ધ કે તેમના સંબંધી તે લૌકિક, લોકોત્તરમાં – लोक - પૂર્વોક્ત જ, તેમાંથી સમ્યગ્ જ્ઞાનાદિ ગુણ યુક્તત્વથી ઉત્તર-પ્રધાન, તે લોકોત્તર-જૈનો, તેમનાં પ્રસિદ્ધત્વથી તેમના સંબંધી તે લોકોત્તર.

લૌકિક માસના નામો – શ્રાવણ, ભાદરવો, આસો, કાતરક, માગસર, પોષ, મહા, ફાગણ, ચૈત્ર, વૈશાખ, જેઠ, આષાઢ.

લોકોત્તર નામો આ પ્રમાણે – પહેલો શ્રાવણ તે અભિનંદિત, બીજો પ્રતિષ્ઠિત, ત્રીજો વિજય, ચોથો પ્રીતિવર્ધન, પાંચમો શ્રેયાન્, છઠ્ઠો સિવ, સાતમો શિશિર, આઠમો હિમવાન્, નવમો વસંતમાસ, દશમો કુસુમસંભવ, અગિયારમો નિદાઘ, બારમો વનવિરોહ.

અહીં સૂર્યપ્રજ્ઞપ્તિ વૃત્તિમાં અભિનંદિતને સ્થાને અભિનંદ અને વનવિરોહને સ્થાને વનવિરોધી કહેલ છે.

હવે પ્રતિમાસે કેટલા પક્ષો છે તેનો પ્રશ્ન – ભગવન્ ! એક એક માસના કેટલા પક્ષો કહેલા છે ? ગૌતમ ! બે પક્ષો કહેલા છે, તે આ પ્રમાણે - કૃષ્ણપક્ષ, જેમાં ધ્રુવરાહુ પોતાના વિમાનથી ચંદ્ર વિમાનને આવરણ કરે છે, તેનાથી જે અંધકારની બહુલતા થાય તે બહુલ પક્ષ અને બીજો શુક્લપક્ષ, જેમાં તે જ ચંદ્રવિમાનના આવરણને છોડે છે, તેનાથી જ્યોત્સના ધવલિતાથી શુક્લ પક્ષ અને બીજો શુક્લપક્ષ, જેમાં તે જ ચંદ્રવિમાનના આવરણને છોડે છે, તેનાથી જ્યોત્સના ધવલિતાથી શુક્લ પક્ષ થાય. 'च' કાર બંને પક્ષ પક્ષની તુલ્યતા જણાવે છે. તેથી બંને પણ પક્ષો સમાન તિથિનામક અને સમાન સંખ્યાવાળા થાય છે.

હવે તેની દિવસ સંખ્યા પૂછતાં કહે છે – ભગવન્ ! એકૈક પક્ષના કૃષ્ણ કે શુક્લમાંના કોઈના પણ કેટલાં દિવસો કહ્યા છે ? જો કે દિવસ શબ્દ અહોરાત્ર અર્થમાં રૂઢ છે, તો પણ સૂર્યપ્રકાશવાળો કાળ વિશેષ અહીં ગ્રહણ કરવો. કેમકે રાત્રિ વિભાગ પ્રશ્નસૂત્ર આગળ કહેલ છે.

ગૌતમ ! પંદર દિવસો કહેલા છે. આ કર્મમાસની અપેક્ષાથી જાણવા. તેમાં પૂર્ણ પંદર અહોરાત્રોનો સંભવ છે. તે આ રીતે – પ્રતિપત્ દિવસ, પક્ષની આધતાથી



કહેવાય છે, તેથી પ્રતિપત્ એટલે પહેલો દિવસ તથા દ્વિતીયા તે બીજો દિવસ, તૃતિયા તે ત્રીજો દિવસ ઈત્યાદિ, અંતે પંચદશી તે પંદરમો દિવસ.

ભગવન્ ! આ પંદર દિવસોના કેટલાં નામો કહેલાં છે ? ગૌતમ ! પંદર નામો કહેલા છે. તે આ રીતે – પહેલો પૂર્વાંગ દિવસ, બીજો સિદ્ધમનોરમ, ત્રીજો મનોહર, ચોથો યશોભદ્ર, પાંચમો યશોધર, છટ્ઠો સર્વકામસમૃદ્ધ ઈત્યાદિ સૂત્રાર્થમાં કહ્યા પ્રમાણે જાણવું.

હવે આ દિવસોની પંદર તિથીને પૂછવા કહે છે – આ અનંતરોક્ત પંદર દિવસોની ભગવન્ ! કેટલી તિથિઓ કહેલી છે ? ગૌતમ ! પંદર તિથિ કહેલી છે. તે આ પ્રમાણે નંદા, ભદ્રા, જ્યાં, તુચ્છા જેને બે જે રિક્તા કહે છે અને પાંચમી પૂર્ણા. - x - x - તે પૂર્ણા પંદર તિથિરૂપ પક્ષની પંચમી તરીકે રૂઢ છે. આ પંચમીથી આગળ છઠ્ઠી આદિ તિથિઓ નંદાદિક્રમે જ ફરી દેખાડેલ છે તેથી જ સૂત્રમાં કહે છે કે – ફરી પણ નંદા આદિ લેવા, તેમાં પક્ષની દશમી પૂર્ણા થશે, તે બીજી આવૃત્તિ ફરી પણ નંદાદિ પાંચ લેવા. તેમાં પક્ષની પંદરમી તિથિ તે પૂર્ણા.

આ અર્થનું નિગમન કરતાં કહે છે – એ પ્રમાણે ઉક્ત રીતે ત્રણ આવૃત્તિરૂપે આ અનંતરોક્ત નંદાદિ પાંચ ત્રિગુણ પંદર સંખ્યાની તિથિઓ છે. પંદરે દિવસોની થાય છે, તેને દિવસ તિથિઓ કહે છે.

દિવસની તિથિ કહી, તિથિસૂત્રના પૃથગ્ વિધાનમાં વિશેષ શું છે ? તે કહે છે – સૂર્ય ચાર વડે કરાયેલ દિવસ, તે પ્રત્યક્ષસિદ્ધ છે.

ચંદ્રચાર વડે કરાયેલ તિથિ કઈ રીતે છે ? તે કહે છે – પૂર્વ પૂર્ણિમાથી પર્યવસાન પામતી અને ૬૨ ભાગથી આરંભાતા ચંદ્રમંડલની સદા અનાવરણીય બે ભાગો છોડીને બાકીના ૪/૬૦ ભાગરૂપ પંદર ભાગો જેટલાં કાળથી ધ્રુવરાહુ વિમાન વડે આવૃત્ત થાય છે, તે અમાવાસ્યા પછી પ્રગટ થાય છે. તેટલો કાળ વિશેષ તે તિથિ.

હવે રાત્રિ વક્તવ્યતાનો પ્રશ્ન – ભગવન્ ! એકૈક પક્ષની કેટલી રાત્રિ અનંતરોક્ત દિવસોના ચરમાંશરૂપે કહેલ છે ? ગૌતમ ! પંદર રાત્રિ કહી છે, તે આ રીતે – પ્રતિપદારાત્રિ યાવત્ પંદરમી રાત્રિ.

ગૌતમ ! પંદર રાત્રિના નામો આ પ્રમાણે કહેલા છે, તે આ રીતે – એકમની રાત્રિનું નામ ઉત્તમા છે, બીજી રાત્રિ-સુનક્ષત્રા, ત્રીજી રાત્રિ એલાપત્યા, ચોથી રાત્રિ યશોધરા, પાંચમી રાત્રિ સૌમનસા, છઠ્ઠી શ્રી સંભૂતા, સાતમી વિજયા, આઠમી વૈજયંતી ઈત્યાદિ સૂત્રાર્થવત્.

જેમ અહોરાત્રોની દિવસ અને રાત્રિના વિભાગથી સંજ્ઞાતર કહ્યા, તેમ દિવસ તિથિ સંજ્ઞાંતર પૂર્વે કહ્યા. હવે રાત્રિતિથિની બીજી સંજ્ઞા માટે પ્રશ્ન કરતાં કહે છે કે –

ભગવન્ ! આ પંદર રાત્રિની કેટલી તિથિઓ કહેલી છે ? ગૌતમ ! પાંચ તિથિ કહેલ છે, તે આ પ્રમાણે – પહેલી ઉગ્રવતી નંદાતિથિરાત્રિ, બીજી ભોગવતી ભદ્રાતિથિની રાત્રિ, ત્રીજી યશોમતી - જયાતિથિની રાત્રિ, ચોથી સર્વસિદ્ધા - તુચ્છા તિથિની રાત્રિ, પાંચમી શુભનામા-પૂર્ણા તિથિની રાત્રિ, ફરી છઠ્ઠી ઉગ્રવતી - નંદા તિથિની રાત્રિ,

ભોગવતી ભદ્રાતિથિની સાતમી રાત્રિ, યશોમતી - જયાતિથિની આઠમી રાત્રિ, સર્વસિદ્ધા - તુચ્છા તિથિની નવમી રાત્રિ, શુભનામા-પૂર્ણાતિથિની દશમી રાત્રિ ફરી ઉગ્રવતી આદિ પાંચે કહેવી.

જેમ નંદાદિ પાંચે તિથિની ત્રણ આવૃત્તિથી પંદર તિથિઓ થાય છે, તે રીતે ઉગ્રવતી આદિ ત્રણની આવૃત્તિથી પંદર રાત્રિ તિથિઓ થાય છે.

હવે એક અહોરાત્રના મુહૂર્તો ગણવા મરાટે પૂછે છે – ભગવન્ ! એકૈક અહોરાત્રના કેટલાં મુહૂર્તો કહેલા છે ? ગૌતમ ! ૩૦-મુહૂર્તો કહેલા છે. તે આ રીતે – પહેલું રુદ્ર, બીજું શ્રેયાન્, ત્રીજું મિત્ર, ચોથું વાયુ, પાંચમું સુપીત, છટ્ઠું અભિચંદ્ર, સાતમું માહેન્દ્ર, આઠમું બલવાન્ ઈત્યાદિ સૂત્રાર્થવત્ છે.

હવે તિથિ વડે પ્રતિબદ્ધપણાથી કરણોના સ્વરૂપનો પ્રશ્નપૂછતા કહે છે [સૂત્ર] –

● સૂત્ર-૨૯૯ :-

*ભગવન્ ! કરણ કેટલા કહેલા છે ?*

*ગૌતમ ! અગિયાર કરણ કહેલા છે, તે આ પ્રમાણે – બલ, બાલવ, કોલવ, સ્ત્રી વિલોચન, ગર, વણિજ, વિષ્ટી, શકુની, ચતુષ્પદ, નાગ અને કિંસ્તુભ.*

*ભગવન્ ! આ અગિયારે કરણોમાં કેટલા કરણ ચર છે અને કેટલાં કરણ સ્થિર કહેલા છે ?*

*ગૌતમ ! સાત કારણો ચર અને સાત કરણો સ્થિર કહેલા છે, તે આ પ્રમાણે જાણવા.*

*બવ, બાલવ, કોલવ સ્ત્રિવિલોચન ગર, વણિજ અને વિષ્ટી આ સાત કરણો ચર છે.*

*ચાર કરણો સ્થિર છે કહેલા છે, તે આ – શકુની, ચતુષ્પદ, નાગ અને કિંસ્તુભ તે ચાર.*

*ભગવન્ ! આ કરણો ચર કે સ્થિર ક્યારે થાય છે ?*

*ગૌતમ ! શુક્લપક્ષની એકમની રાત્રિ બવકરણ થાય છે.*

*– બીજે દિવસે બાલવ અને રાત્રે કોલવ કરણ થાય છે.*

*– ત્રીજે દિવસે સ્ત્રિ વિલોચન, રાત્રે ગર કરણ થાય.*

*– ચોથે દિવસે વણિજ્ અને રાત્રે વિષ્ટી કરણ થાય.*

*– પાંચમે દિવસે લવ અને રાત્રે બાલવ કરણ થાય.*

*– છટ્ઠે દિવસે કોલવ અને રાત્રે સ્ત્રિ વિલોચન થાય.*

*– સાતમે દિવસે ગર અને રાત્રે વણિજ્ કરણ થાય.*

*– આઠમે દિવસે વિષ્ટી, રાત્રે બવ કરણ થાય.*

*– નોમે દિવસે બાલવ, રાત્રે કોલવ કરણ થાય.*

*– દશમે દિવસે સ્ત્રિવિલોચન, રાત્રે ગર કરણ થાય.*

*– અગિયારસે દિવસે વણિજ્, રાત્રે વિષ્ટી કરણ થાય.*



*– બારસે દિવસે બવ, રાત્રે બાલવ કરણ થાય.*

*– તેરસે દિવસે કોલવ, રાત્રે સ્ત્રિવિલોચન કરણ થાય.*

*– ચૌદશે દિવસે ગર, રાત્રે વણિજ્ કરણ થાય.*

*– પૂનમે દિવસે વિષ્ટી, રાત્રે બવ કરણ થાય.*

*૦ [શુક્લ પક્ષ કહ્યો, હવે કૃષ્ણપક્ષ કહે છે –]*

*– એકમને દિવસે બાલવ, રાત્રે કોલવ કરણ હોય.*

*– બીજને દિવસે સ્ત્રિવિલોચન, રાત્રે ગર કરણ.*

*– ત્રીજના દિવસે વણિજ્, રાત્રે વિષ્ટીકરણ હોય.*

*– ચોથના દિવસે બવ અને રાત્રે બાલવ કરણ હોય.*

*– પાંચમના દિવસે કોલવ અને રાત્રે સ્ત્રિવિલોચન હોય.*

*– છઠ્ઠના દિવસે ગર અને રાત્રે વણિજ્ કરણ હોય.*

*– સાતમના દિવસે વિષ્ટી, રાત્રે બવકરણ હોય.*

*– આઠમના દિવસે બાલવ, રાત્રે કોલવ કરણ હોય.*

*– નોમના દિવસે સ્ત્રિવિલોચન, રાત્રે ગર કરણ હોય.*

*– દશમના દિવસે વણિજ્, રાત્રે વિષ્ટીકરણ હોય.*

*– અગિયારના દિવસે બવ, રાત્રે બાલવ કરણ હોય.*

*– બારસના દિવસે કોલવ, રાત્રે સ્ત્રિવિલોચન હોય.*

*– તેરસના દિવસે ગર, રાત્રે વણિજ્ કરણ થાય.*

*– ચૌદશના દિવસે વિષ્ટી, રાત્રે શકુની કરણ થાય.*

*– અમાસના દિવસે ચતુષ્પદ, રાત્રે નાગ કરણ થાય.*

*– શુક્લ પક્ષની એકમે દિવસે કિંસ્તુભ કરણ થાય છે.*

● વિવેચન-૨૯૯ :-

ભગવન્ ! કરણો કેટલાં કહેલા છે ? ગૌતમ ! અગિયાર કરણો કહેલા છે. તે આ પ્રમાણે – બવ, બાલવ, કોલવ, સ્ત્રીવિલોચન અન્યત્ર આને સ્થાને તૈતિલ કહેલ છે. - x -

આનાં ચર-સ્થિરત્વાદિ વ્યક્તિક પ્રશ્ન –

ભગવન્ ! આ કરણોની મધ્યે કેટલાં કરણ ચર છે અને કેટલાં કરણ સ્થિર કહેલાં છે ? ગૌતમ ! સાત કરણો ચર છે કેમકે અનિયત તિથિવાળા છે. ચાર કરણો સ્થિર છે કેમકે તે નિયત તિથિભાવિ છે. - x -

બવ આદિ સૂત્રોક્ત સાત છે. આ સાત કરણોચર છે, એમ નિગમનવાક્ય કહ્યું. ચાર કરણો સ્થિર છે – શકુની આદિ આ ચાર કરણો સ્થિર કહેવા – એ નિગમન વાક્ય છે.

પ્રારંભક અને નિગમન હવે વાક્યના ભેદથી અહીં માટે પુનરુક્તિ છે, તેમ ન સમજવું.

હવે તેના સ્થાન નિયમનો પ્રશ્ન કરતાં કહે છે – તે બધું સ્વયં સ્પષ્ટ છે,

વિશેષ એ કે દિવસ અને રાત્રિના વિભાગથી જે પૃથક્કથન છે. તે કરણોનું અર્ધ તિથિ પ્રમાણત્વથી છે.

કૃષ્ણ ચૌદશે રાત્રિના શકુની, અમાસે દિવસે ચતુષ્પદ, રાત્રિમાં ના, શુક્લપક્ષની એકમે દિવસના કિંસ્તુઘ્ન, એ ચાર સ્થિર કરણો આ જ તિથિમાં થાય છે.

હવે જો કે બધાં પણ કાળના સદા પરિવર્તન સ્વભાવપણાના અનાદિ-અનંત ભાવથી વક્ષ્યમાણ સૂત્રારંભ અનુત્પન્ન છે તો પણ કાળવિશેષનો આદિ-અંત વિચાર છે જ. કેમકે પૂર્વસંવત્સર, વર્તમાન સંવત્સર ઈત્યાદિ વ્યવહાર સિદ્ધ છે.

તેથી કાળ વિશેષની આદિને પૂછે છે —

**● સૂત્ર-૩૦૦ :-**

***સંવત્સરોમાં ભગવન્ ! આદિ સંવત્સર કયો છે ? અયનોમાં આદિ અયન કયો છે ? ઋતુઓમાં આદિ ઋતુ કઈ છે ? માસની આદિ કઈ છે ? પક્ષની આદિ કઈ છે ? અહોરાત્રની આદિ શું છે ? મુહૂર્ત્તની આદિ શું છે ? કરણની આદિ શું છે ? તથા નક્ષત્રોમાં પહેલું નક્ષત્ર કયું કહેલ છે ? [આટલા પ્રશ્નો કર્યા]***

***ગૌતમ ! (૧) સંવત્સરમાં આદિ ચંદ્ર સંવત્સર છે —***

***(૨) અયનોમાં પહેલું દક્ષિણાયન છે.***

***(૩) ઋતુઓમાં પહેલી વર્ષાઋતુ છે.***

***(૪) મહિનાઓમાં પહેલો શ્રાવણ માસ છે.***

***(૫) પક્ષોમાં પહેલો કૃષ્ણ પક્ષ છે.***

***(૬) અહોરાત્રમાં પહેલો દિવસ છે.***

***(૭) મુહૂર્તોમાં પહેલું રુદ્ર મુહૂર્ત્ત છે.***

***(૮) કરણોમાં પહેલું બાલવ કરણ છે.***

***(૯) નક્ષત્રોમાં પહેલું અભિજિત નક્ષત્ર છે.***

***એ પ્રમાણે હે આયુષ્યમાન્ શ્રમણ ! કહેલ છે.***

***ભગવન્ ! પાંચ સંવત્સરીક યુગમાં કેટલા અયન, કેટલી ઋતુ, એ પ્રમાણે મહિના, પક્ષ, અહોરાત્ર અને કેટલા મુહૂર્ત્તો કહેલા છે ?***

***ગૌતમ ! પાંચ સંવત્સરીક યુગમાં દશ અયન, ત્રીશ ઋતુ, ૬૦-માસ, ૧૨૦-પક્ષ, ૧૮૩૦ અહોરાત્ર, ૫૪,૯૦૦ મુહૂર્ત્તો કહેલ છે.***

**● વિવેચન-૩૦૦ :-**

ચંદ્ર આદિ પંચકવર્તીની આદિ-પ્રથમ જેમાં છે તે ક્રિમાદિક સંવત્સર. આ પ્રશ્નસૂત્ર ચંદ્રાદિ સંવત્સરની અપેક્ષાથી જાણવું. અન્યથા પરિપૂર્ણ સૂર્યસંવત્સર-પંચકરૂપ યુગની આદિ શું છે ? અંત શું છે ? એમ પ્રશ્ન અવકાશ જ ન રહે.

દક્ષિણાયન અને ઉત્તરાયણમાં આદિ અયન કયું છે ? વર્ષા આદિ ઋતુઓમાંની કઈ ઋતુ આદિમાં છે ? શ્રાવણ આદિ મધ્યવર્તી છે તે મહિનાઓમાં કયો માસ આદિમાં છે ? એ રીતે બે પક્ષમાં આદિ પક્ષ કયો છે ? અહોરાત્રમાં આદિ કોણ છે ? ઈત્યાદિ પ્રશ્નો છે.





ગૌતમ ! ચંદ્ર જેની આદિમાં છે, તે ચંદ્રાદિ સંવત્સર, કેમકે ચંદ્ર ચંદ્ર અભિવર્ધિત ચંદ્ર અભિવર્ધિત નામે સંવરપંચક રૂપ યુગની પ્રવૃત્તિમાં પહેલાંથી તેનું પ્રવર્તન છે. અભિવર્ધિતનું નથી. કેમકે અભિવર્ધિત સંવત્સર ત્રીશ માસના અતિક્રમથી સંભવે છે.

[શંકા] યુગની આદિમાં વર્તમાનત્વથી ચંદ્ર સંવત્સરની આદિમાં કહેલ છે, તો યુગનું આદિત્વ કઈ રીતે ?

[સમાધાન] યુગમાં પ્રતિવર્તમાન સર્વે કાળવિશેષ સુષમસુષમાદિ પ્રતિપાદિત છે, યુગ અંત પામતાં તે પુરા થાય છે. સકલ જ્યોતિશ્ચારનું મૂલ સૂર્ય દક્ષિણાયન અને ચંદ્ર ઉત્તરાયણની એક સાથે પ્રવૃત્તિ યુગની આદિમાં જ છે, તે પણ ચંદ્રાયણના અભિજિત યોગનો પહેલો સમય જ અને સૂર્યાયાણનો પુષ્પનો ૨૩/૬૭ ભાગ વ્યતીત થતાં, તેનાથી યુગનું આદિત્વ સિદ્ધ છે. તથા દક્ષિણાયન-સંવત્સરના પહેલાં છ માસની આદિમાં જે છે તે. આનું આદિત્વ યુગના પ્રારંભમાં પ્રથમથી પ્રવૃત્ત છે. આ વચન સૂર્યાયનની અપેક્ષાથી છે, ચંદ્રાયનની અપેક્ષાથી ઉત્તરાયણની આદિતા કહેવી જોઈએ. કેમકે યુગના આરંભમાં ચંદ્રની ઉત્તરાયણ પ્રવૃત્તતા છે.

પ્રાવૃષ્ ઋતુ - આષાઢ અને શ્રાવણરૂપ બે માસની છે. તે જેની આદિમાં છે, તે પ્રાવૃડાદિક ઋતુઓ. કેમકે યુગની આદિમાં ઋતુના એકદેશના શ્રાવણમાસનું પ્રવર્તન છે. - x -

બહુલ [કૃષ્ણ] પક્ષાદિ બે પક્ષ, શ્રાવણકૃષ્ણપક્ષ જ યુગની આદિમાં પ્રવૃત્ત છે. અહોરાત્રની આદિમાં દિવસ છે, મેરુની દક્ષિણ અને ઉત્તરમાં સૂર્યોદય જ યુગને આરંભે છે, આ વચન ભરત અને ઐરાવતની અપેક્ષાથી છે. વિદેહની અપેક્ષાથી તો રાત્રિમાં તેની પ્રવૃત્તિ છે.

તથા ત્રીશ મુહૂર્ત્તોમાં રુદ્ર પહેલું છે, કેમકે પ્રાતઃકાળે તેની જ પ્રવૃત્તિ છે. તથા બાલવાદિ કરણ છે, કેમકે કૃષ્ણ પક્ષની એકમના દિવસે તે કરણનો જ સંભવ છે તથા અભિજિત્ આદિ નક્ષત્રો છે, તેનાથી જ આરંભીને નક્ષત્રોના ક્રમથી યુગનું પ્રવર્તન છે. તેથી કહે છે — ઉત્તરાષાઢા નક્ષત્રના ચરમ સમય પાશ્ચાત્યમાં યુગનો અંત થાય. તેથી નવા યુગની આદિમાં અભિજિત્ નક્ષત્ર જ હોય.

હે શ્રમણ !, હે આયુષ્યમાન્ ! અંતે સંબોધન શિષ્યના ફરી પ્રશ્નવિષયક ઉધમને જણાવવા માટે છે. તેથી જ ઉલ્લસિત મનથી યુગની આદિમાં અયનાદિ પ્રમાણ પૂછે છે —

ભગવન્ ! પંચ સંવત્સરીક યુગમાં૰ આના વડે ઉત્તરસૂત્રમાં દશ અયન ઈત્યાદિથી વિરોધ નથી. ચંદ્રસંવત્સર ઉપયોગી ચંદ્રાયનના ૧૩૪ અયનો સંભવે છે.

ભગવન્ ! તેમાં કેટલાં અયન, ઋતુ માસ, પક્ષ, અહોરાત્ર કેટલા મુહૂર્ત્તવાળા કહેલ છે ? ગૌતમ ! પંચ સંવત્સરિક યુગમાં દશ અયનો છે, કેમકે પ્રતિવર્ષ દશ અયનો છે - x - x - ૧૨૦ પક્ષો છે કેમકે પ્રતિમાસમાં બે પક્ષ સંભવે છે. માસ તો ૬૦ છે જ, કેમકે પ્રત્યેક ઋતુમાં બે માસ સંભવે છે, ૧૮૩૦ અહોરાત્ર છે. પ્રત્યેક અયનમાં ૧૮૩ અહોરાત્ર, તેના ૧૦ ગુણાં તે ૧૮૩૦, મુહૂર્ત્તો ૫૪,૯૦૦ કેમકે પ્રત્યેક

અહોરાત્રમાં ૩૦-મુહૂર્તો હોય.

ચંદ્ર-સૂર્યાદિનું ગત્યાદિ સ્વરૂપ કહ્યું, હવે યોગાદિ દશ અર્થોની વિવક્ષુદ્ધાર ગાથા કહે છે —

● સૂત્ર-૩૦૧,૩૦૨ :-

*[૩૦૧] યોગ, દેવતા, તારાગ્ર, ગોત્ર, સંસ્થાન, ચંદ્રસૂર્યયોગ, કુલ, પૂર્ણિમા - અમાવાસ્યા, સંનિપાત અને નેતા.*

*[૩૦૨] ભગવન્ ! કેટલાં નક્ષત્રો કહેલા છે ? ગૌતમ ! અઠ્ઠાવીશ નક્ષત્રો કહેલાં છે, તે આ પ્રમાણે —*

*અભિજિત્, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષજ્, પૂર્વાભાદ્રપદ, ઉત્તરાભાદ્રપદ, રેવતી, અશ્વિની, ભરણી, કૃતિકા, રોહિણી, મૃગશિર, આર્દ્રા, પુનર્વસુ, પૂષ્ય, આશ્લેષા, મઘા, પૂર્વાફાલ્ગુની, ઉત્તરાફાલ્ગુની, હસ્ત, ચિત્રા, સ્વાતિ, વિશાખા, અનુરાધા, જયેષ્ઠા, મૂલ, પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા [એમ ૨૮-નક્ષત્રો જાણવા.]*

● વિવેચન-૩૦૧,૩૦૨ :-

(૧) યોગ - ૨૮ નક્ષત્રોમાં કયું નક્ષત્ર ચંદ્રથી સાથે દક્ષિણયોગી છે ? ઉત્તરયોગી છે, ઈત્યાદિ દિશાયોગ. (૨) દેવતા - નક્ષત્રના દેવતા, (૩) તારાગ્ર - નક્ષત્રોનું તારા પરિણામ, (૪) નક્ષત્રોના ગોત્ર, (૫) નક્ષત્રોના સંસ્થાન, (૬) નક્ષત્રોનો ચંદ્ર અને સૂર્ય સાથે યોગ.

(૭) કુલ - કુલસંજ્ઞક નક્ષત્રો, ઉપલક્ષણથી ઉપકુલ નક્ષત્રો અને કુલોપકુલ નક્ષત્રો પણ લેવા. (૮) પૂર્ણિમા કેટલી અને અમાવાસ્યા કેટલી, (૯) સંનિપાત - આ જ પૂર્ણિમા - અમવાસ્યાનો પરસ્પર અપેક્ષાથી નક્ષત્ર સંબંધ, (૧૦) નેતા-મહિનાની પરિસમાપ્તિ કરતાં ત્રણ-ચાર આદિ નક્ષત્ર-ગણ. च - સમુચ્ચય અર્થમાં છે.

હવે ચંદ્રના નક્ષત્રની સાથે દક્ષિણાદિ દિગ્યોગ થાય છે, તેથી પહેલાં નક્ષત્ર પરિપાટી કહે છે — આ નક્ષત્રો અભિજિત્, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા, પૂર્વાભાદ્રપદ ઈત્યાદિ સૂત્રાર્થ મુજબ જાણવા.

આ નક્ષત્રાવલિકા ક્રમ અશ્વની આદિ કે કૃત્તિકા આદિ લૌકિક ક્રમને ઉલ્લંઘીને જે જિનપ્રવચનમાં છે, તે કહેલ છે. કેમકે યુગની આદિમાં ચંદ્ર સાથે અભિજિત્ યોગની પ્રથમ પ્રવૃત્તિ છે. પણ બહાર મૂલ્ય અને અંદર અભિજિત્ એ વચનથી કહેલ નથી. - x -

નક્ષત્ર ક્રમ યોગમાં ચંદ્રયોગ ક્રમ જ કારણ પણે છે, સર્વાભ્યંતર આદિ મંડલ સ્થાયિત્વ કારણ નથી. - x - હવે જે અભિજિત્‌થી પ્રારંભી નક્ષત્ર આવલિકા ક્રમ કરાય છે, તો ૨૭-નક્ષત્રોમાં કઈ રીતે આનું વ્યવહાર અસિદ્ધત્વ થાય ? [ઉત્તર] આનો ચંદ્રની સાથે યોગકાળના અલ્પીયતા વડે નક્ષત્રાંતર અનુપ્રવિષ્ટતાથી વિવક્ષણા છે.

સમવાયાંગમાં ૨૭માં સમવાયમાં કહેલ છે — જંબૂદ્વીપમાં અભિજિત્ વર્જ્ય ૨૭-નક્ષત્ર સંવ્યવહારમાં વર્તે છે. આની વૃત્તિ આ રીતે જંબૂદ્વીપમાં પણ ધાતકીખંડાદિમાં નહીં અભિજિત્ સિવાયના ૨૭-નક્ષત્રો વડે વ્યવહાર પ્રવર્તે છે, કેમકે અભિજિત્



નક્ષત્ર ઉત્તરાષાઢાના ચોથા પાદમાં અનુપ્રવેશથી છે. - - હવે પહેલું યોગદ્વાર કહે છે —

● સૂત્ર-૩૦૩ થી ૩૦૫ :-

*[૩૦૩] ભગવન્ ! આ ૨૮-નક્ષત્રોમાં કેટલાં નક્ષત્રો છે, જે સદા ચંદ્રની દક્ષિણેથી યોગ કરે છે ? કેટલાં નક્ષત્રો છે, જે ચંદ્રને સદા ઉત્તરેથી યોગ કરે છે ? કેટલાં નક્ષત્રો છે, જે ચંદ્રને દક્ષિણથી પણ - ઉત્તરથી પણ પ્રમર્દ યોગ કરે છે ? કેટલાં નક્ષત્રો છે, જે ચંદ્રને દક્ષિણથી પ્રમર્દ યોગ કરે છે ? કેટલાં નક્ષત્રો છે, જે સદા ચંદ્રને પ્રમર્દ યોગ કરે છે ?*

*ગૌતમ ! આ ૨૮ નક્ષત્રોમાં ત્યાં જે નક્ષત્રો સદા ચંદ્રની દક્ષિણે યોગ કરે છે, તે છ છે, તે આ પ્રમાણે —*

*[૩૦૪] મૃગશિર્ષ, આર્દ્રા, પુષ્ય, આશ્લેષા, હસ્ત અને મૂલ. આ છ નક્ષત્રો બાહ્યમંડલને બહારથી યોગ કરે છે.*

*[૩૦૫] તેમાં જે તે નક્ષત્રો, જે સદા ચંદ્રની ઉત્તરથી યોગ કરે છે, તે બાર છે, તે આ પ્રમાણે — અભિજિત્, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષજ્, પૂર્વાભાદ્રપદા, ઉત્તરા ભાદ્રપદા, રેવતી, અશ્વિની, ભરણી, પૂર્વા ફાલ્ગુની, ઉત્તરા ફાલ્ગુની અને બારમું સ્વાતિ.*

*તેમાં જે તે નક્ષત્રો સદા ચંદ્રની દક્ષિણથી પણ અને ઉત્તરથી પણ પ્રમર્દથી યોગ કરે છે, તે સાત છે, તે આ પ્રમાણે — કૃતિકા, રોહિણી, પુનર્વસુ, મઘા, ચિત્રા, વિશાખા, અનુરાધા.*

*તેમાં જે તે નક્ષત્રો જે સદા ચંદ્રને દક્ષિણમાં પણ પ્રમર્દ યોગથી યોગ કરે છે, તે નક્ષત્ર બે છે — ઉત્તરાષાઢા, પૂર્વાષાઢા.*

*ઉક્ત બંને નક્ષત્રો સર્વ બાહ્ય મંડલમાં યોગ કરે છે.*

*તેમાં જે તે નક્ષત્ર જે સદા ચંદ્રને પ્રમર્દ યોગ કરે છે, તે એક જ જયેષ્ઠા નક્ષત્ર છે, તેમ જાણવું.*

● વિવેચન-૩૦૩ થી ૩૦૫ :-

ભગવન્ ! આ ૨૮-નક્ષત્રોમાં કેટલા નક્ષત્રો છે. (૧) જે સદા ચંદ્રની દક્ષિણ દિશામાં રહીને યોગ કરે છે ? અર્થાત્ સંબંધ કરે છે ?

(૨) તથા કેટલાં નક્ષત્રો છે, જે સદા ચંદ્રની ઉત્તરદિશામાં રહીને યોગ કરે છે ? - સંબંધ કરે છે ?

(૩) તથા કેટલાં નક્ષત્રો ચંદ્રની દક્ષિણમાં પણ, ઉત્તરમાં પણ પ્રમર્દથી પણ - નક્ષત્ર વિમાનોને ભેદીને ગમનરૂપ યોગ યોજે છે, અર્થાત્ કેટલાં નક્ષત્ર વિમાનોની મધ્યે ચંદ્ર જાય છે ?

(૪) કેટલાં નક્ષત્રો છે જે ચંદ્રની દક્ષિણમાં પણ પ્રમર્દથી-નક્ષત્ર વિમાનોની મધ્યેથી યોગ યોજે છે ?

(૫) કેટલાં નક્ષત્રો છે, જે સદા ચંદ્રની મધ્યેથી યોગ કરે છે ?

ભગવંતે ઉક્ત પ્રશ્નોના ઉત્તરો આપતા કહ્યું — હે ગૌતમ ! આ ૨૮-નક્ષત્રોમાં

દિક્‌વિચાર કહીએ છીએ. તેમાં જે નક્ષત્રો સદા ચંદ્રની દક્ષિણમાં યોગ કરે છે, તે છ છે - મૃગશિર્ષ આદિ - x -

આ છ નક્ષત્રો બહારથી, બાહ્ય મંડલ - ચંદ્રના પંદર મંડલ હોય છે, તેનો શો અર્થ છે ? સમગ્ર ચાર ક્ષેત્રના પ્રાંતે વર્તિ હોવાથી આ દક્ષિણ દિશામાં રહેતા ચંદ્ર દ્વીપથી મંડલોમાં ચરતા-ચરતા તેમની ઉત્તરે રહીને દક્ષિણદિશામાં યોગ કરે છે.

[શંકા] ''બહાર મૂલ અને અંદર અભિજિત્ નક્ષત્ર'' એ વચનથી મૂલનું બહાર ચરત્વ અને અભિજિત જ અભ્યંતરત્વ છે, તો અહીં કેમ છ નક્ષત્રો કહ્યા, કહેવાનાર અનંતર સૂત્રમાં બાર કહે છે ?

[સમાધાન] મૃગશિર આદિ છ સમાન હોવા છતાં બહારથી ચારપણામાં મૂલનું જ સર્વથી બહાર ચારપણું છે, તેથી બહિર્મૂલ એમ કહેલું છે, તથા કહેવાનાર બારમાં પણ અભ્યંતર મંડલ ચારપણું સમાન હોવા છતાં અભિજિત જ સર્વથી અભ્યંતર-વર્તીપણે છે.

તેમાં જે તે પૂર્વોક્ત નક્ષત્રો છે જે સદા ચંદ્રની ઉત્તરમાં યોગ કરે છે, તે બાર છે, તે આ પ્રમાણે — અભિજિત્, શ્રવણ ઈત્યાદિ. - x - x - જ્યારે તેની સાથે ચંદ્રનો યોગ થાય ત્યારે ચંદ્ર સ્વભાવથી બાકીના જ મંડલોમાં હોય. જેમ ભિન્ન મંડલ સ્થાયી ચંદ્ર વડે ભિન્નમંડલ સ્થાયી ચંદ્રની સાથે ભિન્ન મંડલ સ્થાયી નક્ષત્રોનો યોગ થાય તેમ મંડલ વિભાગ કરણ અધિકારમાં પ્રતિપાદિત કરેલ છે. તેથી સદૈવ આ ઉત્તર દિશામાં રહેલ ચંદ્રની સાથે યોગને કરે છે. જે સમવાયાંગમાં કહ્યું છે કે — અભિજિત્ આદિ નવ નક્ષત્રો ચંદ્રને ઉત્તરે યોગ કરે છે. તેમાં નવમું સમવાયના અનુરોધથી અભિજિત્ નક્ષત્રને આદિમાં કરીને નિરંતર યોગપણાથી નવેની વિવક્ષાથી જાણવું.

ઉત્તરમાં યોગ કરવા છતાં પૂર્વાફાલ્ગુની, ઉત્તરાફાલ્ગુની, સ્વાતિના કૃતિકા, રોહિણી, મૃગશિર આદિ નક્ષત્ર યોગાંતર જ યોગ સંભવે છે, [તેમ જાણવું]

તેમાં જે-જે નક્ષત્રો જે સદા ચંદ્રની દક્ષિણેથી પણ અને ઉત્તરથી પણ પ્રમુર્દથી યોગ કરે છે, તે સાત છે, કૃતિકા આદિ - x - અહીં ત્રણ પ્રકારે યોગ સમજવો. સ્થાનાંગ અને સમવાયાંગમાં જે ''આઠ નક્ષત્રો ચંદ્ર સાથે પ્રમર્દ યોગ કરે છે — કૃતિકા, રોહિણી આદિ કહ્યું, તેમાં આઠ સંખ્યાના અનુરોધથી એક જ પ્રમર્દયોગની વિવક્ષાથી જ્યેષ્ઠા પણ સંગૃહિત છે. - x - તેમાં આ નક્ષત્રો ચંદ્રની ઉત્તરથી અને દક્ષિણથી યોગ કરે છે. કદાચિત્ ભેદને પણ પામીને યોગ કરે છે. - x -

તથા તેમાં જે નક્ષત્રો સદા ચંદ્રની દક્ષિણમાં પણ પ્રમર્દ યોગ કરે છે, તે બે છે — પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા. તે પ્રત્યેકના ચાર તારા છે. તેમાં બબ્બે તારા સર્વબાહ્યના પંદર મંડલની અભ્યંતરથી અને બબ્બે બહારથી યોગ કરે. તેમાં જે બે તારા અભ્યંતરથી છે, તેની મધ્યેથી ચંદ્ર જાય છે, તેથી તેની અપેક્ષાથી પ્રમર્દ યોગ જોડે છે એમ કહેવાય છે. જે બે તારા બહાર છે, તે ચંદ્રના પંદરમાં પણ મંડલમાં ચાર ચરતો સદા દક્ષિણ દિશામાં રહીને તેની અપેક્ષાથી દક્ષિણમાં યોગ કરે છે, તેમ કહ્યું. - x - x -



હવે આ બંનેની પ્રમર્દયોગ ભાવનાર્થે કંઈક કહે છે — તે નક્ષત્રો સદા સર્વબાહ્ય મંડલમાં રહીને ચંદ્રની સાથે યોગ કર્યો છે, કરે છે અને કરશે અને સર્વદા પ્રમર્દ યોગ નક્ષત્ર જ્યેષ્ઠા છે.

હવે દેવતા દ્વાર કહે છે —

**● સૂત્ર-૩૦૬ થી ૩૦૯ :-**

***[૩૦૬] ભગવન્ ! આ ૨૮-નક્ષત્રોમાં અભિજિત્ [આદિ] નક્ષત્રના કયા કયા દેવતા કહેલા છે ?***

***ગૌતમ ! બ્રહ્મદેવતા કહેલ છે. શ્રવણ નક્ષત્રનો વિષ્ણુદેવતા કહેલ છે. ધનિષ્ઠા નક્ષત્રનો વસુદેવતા કહેલ છે. આ ક્રમથી અનુક્રમે આ દેવતાઓ [નક્ષત્રના] જાણવા.***

***બ્રહ્મા, વિષ્ણુ, વસુ, વરુણ, અજ, અભિવૃદ્ધિ, પુષ્ય, અશ્વ, યમ, અગ્નિ, પ્રજાપતિ, સોમ, રુદ્ર, અદિતિ, બૃહસ્પતિ, સર્પ, પિતૃ, ભગ, અર્યમા, સવિતા, ત્વષ્ટા, વાયુ, ઈન્દ્રાગ્નિ, મિત્ર, ઈન્દ્ર નિરતી, આપ અને વિશ્વદેવ.***

***આ નક્ષત્રો આ પરિપાટીથી જાણવા યાવત્ ઉત્તરાષાઢા નક્ષત્રનો દેવતા કોણ છે ?***

***ગૌતમ ! વિશ્વદેવતા કહેલ છે.***

***[૩૦૭] ભગવન્ ! આ ૨૮-નક્ષત્રોમાં અભિજિત નક્ષત્રના કેટલાં તારા કહેલ છે ?***

***ગૌતમ ! ત્રણ તારા કહેલા છે.***

***એ પ્રમાણે જે નક્ષત્રના જેટલા તારા છે, તે આ પ્રમાણે —***

***[૩૦૮,૩૦૯] ત્રણ, ત્રણ, પાંચ, સો, બે, બે, બત્રીશ [૧ થી ૭] ત્રણ, ત્રણ, છ, પાંચ, ત્રણ, એક, પાંચ [૮ થી ૧૪], ત્રણ, છ, સાત, બે, બે, પાંચ, એક, [૧૫ થી ૨૧] એક, પાંચ, પાંચ, ત્રણ, અગિયાર, ચાર અને ચાર [૨૨ થી ૨૮] એ પ્રમાણે નક્ષત્રના ક્રમે છે.***

**● વિવેચન-૩૦૬ થી ૩૦૯ :-**

આ ૨૮-નક્ષત્રોમાં ભગવન્ ! અભિજિત્ નક્ષત્રના કયા દેવતા છે ? દેવતા શબ્દ અહીં સ્વામી, અધિપતિના અર્થમાં છે. જેને તુષ્ટ કરવાથી નક્ષત્ર તુષ્ટ થાય છે અને અતુષ્ટ કરવાથી નક્ષત્ર અતુષ્ટ થાય છે. તેમ આગળ પણ જાણવું.

[શંકા] નક્ષત્રો જ દેવરૂપ છે, પછી તેમાં દેવોનું આધિપત્ય કેમ કહ્યું ? [સમાધાન] પૂર્વભવના અર્જિત તપના તારતમ્યથી, તેના ફળની પણ તરતમતા દર્શાવવાથી કહ્યું. કેમકે મનુષ્યોની જેમ દેવોમાં પણ સેવ્યસેવક ભાવ સ્પષ્ટપણે પ્રાપ્ત છે.

કહ્યું છે — શક્રેન્દ્રના સોમ લોકપાલની આજ્ઞા-ઉપપાત-વચન નિર્દેશમાં આ દેવો રહે છે — સોમકાયિક, સોમદેવકાયિક, વિદ્યુત્ કુમાર, વિદ્યુત્કુમારી, અગ્નિકુમારાદિ૦ - x - x -

ગૌતમ ! અભિજિત્ નક્ષત્રનો દેવ બ્રહ્મ કહેલ છે. એ રીતે શ્રવણ નક્ષત્રના

દેવતા વિષ્ણુ, ધનિષ્ઠાનો દેવતા વસુ. એ પ્રમાણે ઉક્ત વક્ષ્યમાણ ક્રમથી પ્રાપ્ત પાઠ આ રીતે કહેવો –

અનુપરિપાટી - અભિજિત્ આદિ નક્ષત્ર પરિપાટી મુજબ દેવતાના નામોની આવલિકા - શ્રેણિ.

તે દેવતા આ પ્રમાણે – (૧) બ્રહ્મા, (૨) વિષ્ણુ, (૩) વસુ, (૪) વરુણ, (૫) અજ, (૬) અભિવૃદ્ધિ અન્યત્ર અહિર્બુધ્ન કહેલ છે, (૭) પૂષા-પૂષ નામક દેવ, સૂર્યનો પર્યાય નહીં, તેથી રેવતી જ "પૌષ્ણ" એ રીતે પ્રસિદ્ધ છે.

(૮) અશ્વ નામે દેવ વિશેષ, (૯) યમ, (૧૦) અગ્નિ, (૧૧) પ્રજાપતિ, એ બ્રહ્મ નામે દેવ છે. આ બ્રહ્મન્‌ના પર્યાયને સહે છે, તેથી બ્રાહ્મય ઈત્યાદિ પ્રસિદ્ધ છે. (૧૨) સોમ-ચંદ્ર, તેથી સૌમ્ય ચાંદ્રમસ્ ઈત્યાદિ પ્રસિદ્ધ છે. (૧૩) રુદ્ર - શિવ, તેથી રૌદ્રી કાલિનિ એમ પ્રસિદ્ધ છે, (૧૪) અદિતિ - દેવ વિશેષ છે.

(૧૫) બૃહસ્પતિ-પ્રસિદ્ધ છે, (૧૬) સર્પ, (૧૭) પિતૃ-દેવવિશેષ, (૧૮) ભગ નામે દેવ વિશેષ, (૧૯) અર્યમા - દેવ વિશેષ, (૨૦) સવિતા - સૂર્ય, (૨૧) ત્વષ્ટા - ત્વષ્ટૃ નામે દેવ, તેનાથી ત્વાષ્ટ્રી ચિત્રા પ્રસિદ્ધ છે. (૨૨) વાયુ, (૨૩) ઈન્દ્રાગ્નિ, તેનાથી વિશાખાનું બે દૈવત પ્રસિદ્ધ છે. (૨૪) મિત્ર-મિત્ર નામે દેવ.

(૨૫) ઈન્દ્ર, (૨૬) નૈઋત-રાક્ષસ, તેથી મૂળનું આસ્રપ એમ પ્રસિદ્ધ છે. (૨૭) આપ-જળ નામે દેવ, તેથી પૂર્વાષાઢામાં "તોય" પ્રસિદ્ધ છે. (૨૮) તેર વિશ્વદેવતા.

અભિજિત નક્ષત્રમાં દેખાડેલ પ્રશ્નોત્તરની રીતથી નક્ષત્રોના દેવ, એમ અધિકારથી જાણવું.

આથી – બ્રહ્મા, વિષ્ણુ, વરુણાદિરૂપ પરિપાટીથી છે, પણ પરતીર્થિકે પ્રયુક્ત અશ્વ, યમ દહન કમલજ આદિ રૂપે ન જાણવા. પરિસમાપ્તિને પ્રાપ્ત એવું યાવત્ ઉત્તરાષાઢા નક્ષત્રનો કયો દેવતા કહેલ છે ? ગૌતમ ! વિશ્વદેવતા.

હવે તારા સંખ્યા દ્વાર કહે છે – ભગવન્ ! ૨૮-નક્ષત્રો મધ્યે અભિજિત્ નક્ષત્રના કેટલા તારા કહેલાં છે ?

ગૌતમ ! ત્રણ તારા કહેલાં છે.

તારા એ જ્યોતિષ્ક વિમાનો છે. અધિકારથી નક્ષત્રજાતિય જ્યોતિષ્કોના વિમાનો એમ અર્થ કરવો, પણ પંચમ જાતિય જ્યોતિષ્ક તારારૂપ અર્થ ન કરવો. તેમના બે ત્રણ આદિ વિમાનોથી એક નક્ષત્ર એવો સમ્યક્ વ્યવહાર છે.

અન્યજાતિય સમુદાયથી અન્ય જાતિય સમુદાયી એમ વિરોધ છે. વિરોધથી અહીં નક્ષત્રોના વિમાનો મોટા અને તારાના વિમાનો લઘુ છે. તથા જંબૂદ્વીપમાં એક ચંદ્રનો તારા સમુદાય-૬૬,૯૭૫ કોડાકોડી છે, તે સંખ્યા અતિશયીત નક્ષત્રસંખ્યા ૨૮-રૂપ મૂળથી સમુચ્છેદિત છે.

[શંકા] તો આ વિમાનોના અધિપતિ કોણ ? અભિજિતાદિ નક્ષત્રો જ છે. જેમ કોઈ મહર્દ્ધિક બે ગૃહનો પતિ થાય છે, તે પ્રમાણે અભિજિત્ નક્ષત્ર વડે જે નક્ષત્રના



જેટલાં તારા હોય તે જાણવા. આ તે તારાગ્ર સંખ્યા પરિમાણ છે.

અભિજિત્‌ના ત્રણ, શ્રવણના ત્રણ, ધનિષ્ઠાના પાંચ, શતભિષાના-૧૦૦, પૂર્વાભાદ્રપદાના ચાર, ઉત્તરાભાદ્રપદાના-બે, રેવતીના બત્રીશ ઈત્યાદિ સૂત્રાર્થ ક્રમે જાણવા.

તારા સંખ્યા કથન પ્રયોજન અને જે નક્ષત્રની જેટલી તારા સંખ્યા પરિમાણ થાય છે, તે સંખ્યાવાળી તિથિ શુભકાર્યમાં વર્જવી. શતભિષજ્ અને રેવતીમાં ક્રમથી ૧૦૦ અને ૩૨ને તિથિ વડે ભાંગતા જે વધે તે પ્રમાણે તિથિ વર્જવી.

હવે ગોત્રદ્વાર - આ નક્ષત્રોને સ્વરૂપથી ગોત્ર સંભવે નહીં, જે આ ગોત્ર સ્વરૂપ લોકમાં પ્રસિદ્ધિ પામેલ છે – પ્રકાશક આદ્ય પુરુષના અભિધાનથી તેના અપત્ય સંતાનો તે ગોત્ર. જેમકે ગર્ગના અપત્ય સંતાનનું 'ગર્ગ' નામે ગોત્ર છે, તે રૂપે નક્ષત્રોના ગોત્ર સંભવે નહીં. કેમકે તેઓ ઔપપાતિક છે, તેથી આ ગોત્ર સંભવ આ રીતે જાણવો - જે નક્ષત્રમાં શુભ કે અશુભ ગ્રહ સમાન જે ગોત્રમાં અનુક્રમે શુભ કે અશુભ થાય, તે તેનું ગોત્ર.

તેથી પ્રશ્ન ઉપપત્તિ છે, તેનુ ંસૂત્ર –

● **સૂત્ર-૩૧૦ થી ૩૧૮ :-**

***[૩૧૦] ભગવન્ ! આ ૨૮-નક્ષત્રોમાં અભિજિત નક્ષત્રનું કયું ગોત્ર કહેલ છે ?***

***ગૌતમ ! મૌદ્‌ગલાયન ગોત્ર છે, હવે ગાથા કહે છે –***

***[૩૧૧] નક્ષત્ર ૧ થી ૬ ના ગોત્ર આ પ્રમાણે જાણવા-મુદ્‌ગલાયન, સાંખ્યાયન, અગ્રભાવ, કર્ણિલાયન, જાતુ કર્ણ, ધનંજય.***

***[૩૧૨] નક્ષત્ર- ૭ થી ૧૪ ના ગોત્ર આ પ્રમાણે જાણવા – પુષ્યાયન, અશ્વાયન, ભાગવિશ્ય, અગ્નિવેશ્ય, ગૌતમ, ભારદ્વાજ, લોહિત્ય અને વાસિષ્ઠ.***

***[૩૧૩] નક્ષત્ર- ૧૫ થી ૨૩ ના ગોત્ર આ પ્રમાણે જાણવા – અવમજ્જાયન, માંડવ્યાયન, પિંગાયન, ગોવલ્લાયન, કાશ્યપ, કૌશિક, દર્ભાયન, ચામરચ્છાયન, શ્રૃંગાયન.***

***[૩૧૪] નક્ષત્ર-૨૪ થી ૨૮ના ગોત્ર આ પ્રમાણે જાણવા – ગોવલ્લાયન, ચિકિત્સાયન, કાત્યાયન, બાભ્રવ્યાયન, વ્યાઘ્રાપત્ય એ પ્રમાણે ગોત્રો કહ્યા છે.***

***[૩૧૫] ભગવન્ ! આ ૨૮-નક્ષત્રોમાં અભિજિત્ નક્ષત્ર કયા આકારે કહેલ છે ?***

***ગૌતમ ! ગોશીર્ષાવલિ સંસ્થિત કહેલ છે.***

***[૩૧૬] નક્ષત્ર-૧ થી ૧૧ નું સંસ્થાન આ રીતે છે – ગોશીર્ષાવલિ, કાહાર, શકુનિ, પુષ્પોપચાર, વાવડી, વાવડી, નાવ, અશ્વનો સ્કંધ, ભગ, છરાની ધાર, ગાડાની ઉદ્ધી.***

***[૩૧૭] નક્ષત્ર-૧૨ થી ૨૧ના સંસ્થાન આ રીતે – મૃગશીર્ષાવલિ, લોહીનું બિંદુ, ગાજવું, વર્દ્ધમાનક, પતાકા, પ્રાકાર, પલ્યંક, હસ્ત અને મુખફૂલ્લક***

***સમાન છે.***

***[૩૧૮] નક્ષત્ર- ૨૨ થી ૨૮ ના સંસ્થાન આ રીતે — કીલક, દામનિ, એકાવલિ, ગજદંત, વીંછીની પૂંછ, હાથીના પગ અને બેઠેલા સિંહના સમાન આકારે છે.***

**● વિવેચન-૩૧૦ થી ૩૧૮ :-**

ભગવન્ ! આ ૨૮-નક્ષત્રોમાં અભિજિત્ નક્ષત્રનું કયું ગોત્ર કહેલ છે ? ગૌતમ ! મૌદ્‌ગલાયન અર્થાત્ મૌદ્‌ગલ ગોત્રીય વડે સમાન ગોત્ર તે મૌદ્‌ગલાયન. એમ આગળ પણ જાણવું. હવે અભિજિતથી આરંભીને લાઘવાર્થે આ ગાથાઓ —

(૧) મૌદ્‌ગલાયન, (૨) સાંખ્યાયન, (૩) અગ્રભાવ, (૪) કર્ણિલાયન, (૫) જાતુકરઅમ, (૬) ધનંજય, (૭) પુષ્યાયન, (૮) આશ્વાયન, (૯) ભાગવિશ, (૧૦) અગ્નિવેશ્ય, (૧૧) ગૌતમ, (૧૨) ભારદ્વાજ, (૧૩) લૌહિત્યાયન, (૧૪) વાશિષ્ટ, (૧૫) અવમજ્જાયન, (૧૬) માંડ વ્યાયન, (૧૭) પિંગાયન, (૧૮) ગોવલ્લાયન, (૧૯) કાશ્યપ, (૨૦) કૌશિક, (૨૧) દાર્ભાયન, (૨૨) ચામરચ્છાયન, (૨૩) શુંગાયન, - x - (૨૪) ગોલવ્યાયન, (૨૫) ચિકિત્સાયન, (૨૬) કાત્યાયન, (૨૭) વાભ્રવ્યાયન, (૨૮) વ્યાઘ્રાપત્ય.

હવે સંસ્થાનદ્વાર - ભગવન્ ! આ ૨૮-નક્ષત્રોમાં અભિજિત્ નક્ષત્રનું સંસ્થાન કોના જેવું છે ? ગૌતમ ! ગોશીર્ષ, તેની આવલી, તેના પુદ્‌ગલોની દીર્ઘરૂપ શ્રેણી, તેની સમાન સંસ્થાન કહેલ છે. એ પ્રમાણે બાકીના નક્ષત્રોના સંસ્થાન જાણવા.

શ્રવણનું કાસાર સંસ્થાન, ધનિષ્ઠાનું શકુનિ પિંજર સંસ્થાન, શતભિષાનું પુષ્પોચરા સંસ્થાન, પૂર્વાભાદ્રપદનું અર્ધવાપી, ઉત્તરાભાદ્રપદનું પણ અર્ધવાપી, આ બંનેના ભેગા થવાથી પરિપૂર્ણ વાપી થાય છે, તેથી સૂત્રમાં વાપી-વાવળી કહેલ છે, તેથી સંસ્થાનોમાં સંખ્યા ન્યૂનતા ન વિચારવી.

રેવતીનું નાવ સંસ્થાન, અશ્વિનીનું અશ્વ સ્કંધ, ભરણીનું ભગ ઈત્યાદિ સંસ્થાનો સૂત્રાર્થમાં કહ્યા મુજબ જાણવા. વિશેષ એ કે — પૂર્વાફાલ્ગુની અને ઉત્તરાફાલ્ગુની બંનેમાં અર્ધપલ્યંક સંસ્થાન કહેવા, તેથી બંને મળીને પરિપૂર્ણ પલ્યંક થાય. ચિત્રાનું મુખમંડન પુષ્પ સંસ્થાન છે, દામનિ એટલે પશુના દોરડાનો આકાર.

હવે ચંદ્ર-સૂર્ય યોગ દ્વાર —

**● સૂત્ર-૩૧૯ થી ૩૨૮ :-**

***[૩૧૯] ભગવન્ ! આ ૨૮-નક્ષત્રોમાં અભિજિત્ નક્ષત્ર કેટલાં મુહૂર્તમાં ચંદ્રની સાથે યોગ કરે છે ?***

***ગૌતમ ! નવ મુહૂર્ત અને એક મુહૂર્તના $^{૨૭}/_{૬૭}$ ભાગથી ચંદ્ર સાથે યોગ કરે છે.***

***એ પ્રમાણે આ ગાથાઓ જાણવી —***

***[૩૨૦] અભિજિત્ નક્ષત્ર ચંદ્ર સાથે એક અહોરાત્રમાં ૬૭ ખંડ વડે થાય છે, તે નવ મુહૂર્ત અને ૨૭-કળા છે.***



***[૩૨૧] શતભિષા, ભરણી, આર્દ્રા, આશ્લેષા, સ્વાતિ અને જ્યેષ્ઠા, આ છ નક્ષત્રો ૧૫-મુહૂર્ત સંયોગવાળા છે.***

***[૩૨૨] ત્રણે ઉત્તરા, પુનર્વસુ, રોહિણી અને વિશાખા, આ છ નક્ષત્રો ૪૫-મુહૂર્ત સંયોગવાળા છે.***

***[૩૨૩] બાકીના ૧૫-નક્ષત્રો ૩૦ મુહૂર્તોથી ચંદ્રમાં યોગ કરે છે. આ નક્ષત્રોનો યોગ જાણવો.***

***[૩૨૪] ભગવન્ ! આ ૨૮-નક્ષત્રોમાં અભિજિત્ નક્ષત્ર કેટલાં અહોરાત્રમાં સૂર્ય સાથે યોગ કરે છે ?***

***ગૌતમ ! ચાર અહોરાત્ર અને છ મુહૂર્તોથી સૂર્યની સાથે યોગ કરે છે. એ રીતે આ ગાથાઓ જાણવી —***

***[૩૨૫] અભિજિત્ નક્ષત્ર ચાર અહોરાત્ર અને છ મુહૂર્તથી સૂર્યની સાથે જાય છે, હવે બાકીના કહે છે —***

***[૩૨૬] શતભિષા, ભરણી, આર્દ્રા, આશ્લેષા, સ્વાતિ અને જ્યેષ્ઠા નક્ષત્રોનો સૂર્યની સાથે ૬-અહોરાત્ર અને ૨૧-મુહૂર્તો સુધી યોગ રહે છે, તેમ જાણ.***

***[૩૨૭] ત્રણે ઉત્તરા, પુનર્વસુ, રોહિણી અને વિશાખા નક્ષત્રો સૂર્ય સાથે ૨૦-અહોરાત્ર અને ૩-મુહૂર્ત સુધી રહે છે.***

***[૩૨૮] બાકીના ૧૫-નક્ષત્રો સૂર્યની સાથે ૧૨-મુહૂર્ત અને ૧૩-અહોરાત્ર સાથે રહે છે.***

**● વિવેચન-૩૧૯ થી ૩૨૮ :-**

ભગવન્ ! આ અઠ્ઠાવીશ નક્ષત્રો મધ્યે અભિજિત્ નક્ષત્ર કેટલાં મુહૂર્ત, ચંદ્રની સાથે યોગ કરે છે ? - સંબંધ કરે છે ? ગૌતમ ! ૯ - $^{૨૭}/_{૬૭}$ મુહૂર્ત ચંદ્ર સાથે યોગ કરે છે.

એ કઈ રીતે જાણવું ? આ અભિજિત્ નક્ષત્ર ૬૭ ખંડીકૃત્ અહોરાત્રના ૨૧ ભાગોથી ચંદ્રની સાથે યોગ કરે છે. તે ૨૧ ભાગોના મુહૂર્તગત ભાગ કરવાને, અહોરાત્રના ૩૦-મુહૂર્તો છે, તેથી ૩૦ વડે ગુણાય છે, તેથી ૬૩૦ થાય. તેને ૬૭ વડે ભાંગતા ૯ મુહૂર્તો અને એક મુહૂર્તના $^{૨૭}/_{૬૭}$ ભાગ થાય.

આ સર્વજઘન્ય ચંદ્રનો નક્ષત્ર યોગકાળ છે.

જો કે શ્રી અભયદેવસૂરિએ સમવાયાંગમાં નવમા સમવાયની વૃત્તિમાં ૯ - $^{૨૪}/_{૬૨}$ । $^{૬૬}/_{૬૭}$ ભાગ સુધી ચંદ્રનો યોગ કહેલ છે, તે પૂર્ણિમા અને અમાવાસ્યા પરિસમાપ્તિ કાલ ભાવિ નક્ષત્ર જાણવાનો ઉપાય કહેવાથી ૬૬ - $^{૫}/_{૬૨}$ । $^{૧}/_{૬૭}$ ભાગરૂપ ધ્રુવરાશિના નક્ષત્ર શોધન-અધિકારમાં $^{૨૭}/_{૬૭}$ ભાગ દુઃશોધ્ય છે, તેથી $^{૨૭}/_{૬૭}$ ભાગને સવર્ણનાર્થે ૬૨ વડે ગુણવાથી ૧૬૭૪ થાય છે. તેને ૬૭ ભાગથી ભાંગતા આવશે — $^{૨૪}/_{૬૨}$ । $^{૬૬}/_{૬૭}$. - x - x -

આ કહેવાનારી ગાથા વડે જાણવું - ચંદ્રયોગ કાળમાન. તે આ રીતે — અભિજિતનો ચંદ્ર સાથે યોગ ૬૭ ખંડીકૃત્ અહોરાત્ર કલ્પવું. તે પૂર્વોક્ત ૨૧ ભાગ

પૂર્વોક્ત કરણથી ૯ મુહૂર્ત અને ૨૭-કળા થાય છે.

તથા શતભિષા ભરણી, આર્દ્રા, આશ્લેષા, સ્વાતિ અને જ્યેષ્ઠા, એ છ નક્ષત્રો પંદર મુહૂર્તો સુધી ચંદ્ર સાથે સંબંધ જોડે છે, તે આ રીતે – આ છ એ નક્ષત્રોને પ્રત્યેકને ૬૭ ખંડીકૃત્ અહોરાત્રથી સાર્દ્ધ ૩૩ ભાગ સુધી ચંદ્ર સાથે યોગ થાય છે, પછી મુહૂર્ત્તગત ૬૭ ભાગ કરવાને માટે ૩૩ને ૩૦ વડે ગુણીને ૯૯૦ થશે. પછી અર્ધ ભાગને ૩૦ વડે ગુણીને બે વડે ભાંગતા-૧૫ મુહૂર્ત્ત, તેને ૬૭થી ભાંગીને પૂર્વરાશિમાં ઉમેરતાં પૂર્વરાશિ ૧૦૦૫ થશે. તેને ૬૭ વડે ભાંગતા ૧૫ મુહૂર્તો આવશે.

તથા ત્રણ ઉત્તરા-ઉત્તરા ફાલ્ગુની, ઉત્તરાષાઢા, ઉત્તરા ભાદ્રપદા તથા પુનર્વસુ, રોહિણી, વિશાખા. અહીં एव કારના ભિન્ન ક્રમત્વથી આ જ યોજવા. છ નક્ષત્રો ૪૫ મુહૂર્ત્ત સુધી ચંદ્ર સાથે યોગ કરે છે. તે આ રીતે – છ નક્ષત્રો, પ્રત્યેક ૬૭-ખંડીકૃત્ અહોરાત્રથી ચંદ્ર સાથે યોગ કરે છે, તેમાં આ ભાવના મુહૂર્ત્તગત ભાગ કરવા માટે પહેલાં ૧૦૦ને ૩૦ વડે ગુણીએ, તેથી ૩૦૦૦ અને અર્ધને ૩૦ વડે ગુણતાં ૧૫, એ રીતે ૩૦૧૫ થશે. તેને ૬૭ વડે ભાંગતા પ્રાપ્ત સંખ્યા ૪૫-મુહૂર્ત્ત આવશે.

અવશેષ - ઉક્ત સિવાયના નક્ષત્રો શ્રવણ, ધનિષ્ઠા, પૂર્વાભાદ્રપદ, રેવતી, અશ્વિની, કૃતિકા, મૃગશિર, પુષ્ય, મઘા, પૂર્વા-ફાલ્ગુની, હસ્ત, ચિત્રા, અનુરાધા, મૂલ, પૂર્વાષાઢા એ પંદર થાય. તે ૩૦ મુહૂર્ત્ત સુધી ચંદ્ર સાથે યોગ કરે છે. તે આ રીતે – આ ૧૫-નક્ષત્રો ચંદ્ર સાથે સંપૂર્ણ અહોરાત્ર સુધી યોગ કરે, પછી મુહૂર્ત ભાગ કરવાને ૬૭ને ૩૦ વડે ગુણીએ, તેથી આવશે-૨૦૧૦. તેને ૬૭ વડે ભાંગતા આવશે-૩૦ મુહૂર્ત્ત.

ચંદ્રના વિષયમાં આ અનંતરોક્ત નક્ષત્રયોગ જાણવો. આને માટે સિદ્ધાંતમાં અર્ધક્ષેત્ર, દ્વ્યર્ધક્ષેત્ર, સમક્ષેત્ર નામે સંજ્ઞા કહેલી છે. - x - x - આનો ઉપયોગ દ્વીપાર્દ્ધક્ષેત્રમાં બે પુતલા કરવા આદિ છે. ઈત્યાદિ ચંદ્રયોગ કહ્યો.

હવે સૂર્યયોગ - ભગવન્ ! આ ૨૮-નક્ષત્રો મધ્યે અભિજિત્ નક્ષત્ર કેટલાં અહોરાત્રથી સૂર્યની સાથે યોગ કરે છે ? ગૌતમ ! ચાર અહોરાત્ર અને છ મુહૂર્ત સૂર્ય સાથે યોગ કરે છે. કઈ રીતે ? જે નક્ષત્ર અહોરાત્રના ૬૭ ભાગ ચંદ્ર સાથે રહે છે. તે નક્ષત્ર-૨૧ ઈત્યાદિ સુધી છે. પાંચ ભાગ - અહોરાત્રના પંચમાંશરૂપ, અર્થાત્ તે પાંચ વડે એક રાત્રિદિવસ થાય, સૂર્ય સાથે જાય છે. અહીં આ પ્રમાણે હૃદયંગમ કરવું–

જે નક્ષત્રના જેટલા ૬૭ ભાગો ચંદ્ર યોગ યોગ્યા છે. તેને પાંચ વડે ભાંગીએ, તેથી પંચભાગાત્મક અહોરાત્ર પ્રાપ્ત છે, શેષને ૩૦ વડે ગુણીને પાંચ વડે ભાંગતા મુહૂર્ત્ત પ્રાપ્ત થાય છે. - x - x - તે આ રીતે – અભિજિત્ નક્ષત્રને $^{૨૧}/_{૬૭}$ ભાગને ચંદ્રની સાથે વર્તે છે. તેથી આટલા પંચભાગ અહોરાત્રથી સૂર્યની સાથે વર્તન જાણવું. ૨૧-ને પાંચ વડે ભાંગતા ચાર અહોરાત્ર પ્રાપ્ત થાય છે અને $^{૧}/_{૫}$ ભાગ બાકી રહે છે, તેના મુહૂર્ત્ત કરવા માટે ૩૦ વડે ગુણીએ, તેથી આવશે-૩૦, તેને પાંચ વડે ભાંગતા છ મુહૂર્તો આવશે.



એ પ્રમાણે અભિજિત્ નક્ષત્ર મુજબ બાકીના નક્ષત્રોની સૂર્ય યોગ કાળપ્રરૂપણા, આ કહેવાનાર ગાથા વડે જાણવી.

તેમાં અભિજિત્ નક્ષત્ર છ મુહૂર્ત્ત અને ચાર પરિપૂર્ણ અહોરાત્ર સૂર્યની સાથે જાય છે, ઉપપત્તિ પહેલાથી કહેલ છે, હવે ઉર્ધ્વ બાકીના નક્ષત્રોનો સૂર્ય વડે સમ યોગને કાળ પરિણામ આશ્રીને જાણવો, તે કહું છું, તે આ પ્રમાણે –

શતભિષક્, ભરણી, આર્દ્રા, આશ્લેષા, સ્વાતિ, જ્યેષ્ઠા. આ છ નક્ષત્રો પ્રત્યેક સૂર્યની સાથે છ અહોરાત્ર અને ૨૧-મુહૂર્ત્તથી જાય છે. તે આ રીતે – આ નક્ષત્રો ચંદ્રથી સમ સાર્દ્ધ-૩૩ સંખ્યા ૬૭ ભાગો જાય છે. તેથી આટલા પાંચ ભાગ અહોરાત્રના સૂર્ય સાથે જાય છે, તે પ્રત્યેક પૂર્વોક્ત કરણ પ્રામાણ્યથી ૩૩ને પાંચ ભાગે પ્રાપ્ત છ અહોરાત્ર અને શેષ સાર્ધ ત્રણ, પાંચ ભાગે છે. તેથી આવેલ સાતના મુહૂર્ત્ત લાવવાને માટે ૧૦ ભાગ કરતાં પ્રાપ્ત ૨૧ મુહૂર્તો થાય.

તથા ત્રણ ઉત્તરા - ઉત્તરા ભાદ્રપદ, ઉત્તરાફાલ્ગુની, ઉત્તરાષાઢા તથા પુનર્વસુ, રોહિણી અને વિશાખા, એ છ નક્ષત્રો સૂર્યની સાથે જાય છે ત્યારે ૨૦ અહોરાત્ર અને ત્રણ મુહૂર્ત્ત થાય. તે આ પ્રમાણે - આ છ નક્ષત્રો ચંદ્રની સાથે ૬૭ ભાગોના ૧૦૦॥ ભાગ પ્રત્યેક જાય છે. તેથી આના અહોરાત્રના પાંચ ભાગ સૂર્યની સાથે જાય. તેથી ૧૦૦ ભાગને પાંચ ભાગ વડે ભાંગતા ૨૦ અહોરાત્ર પ્રાપ્ત થશે. જે અર્ધ છે, તેને ૩૦ વડે ગુણતાં પ્રાપ્ત સંખ્યાને ૧૦ વડે ભાંગતા ૩-મુહૂર્ત્ત આવે.

તથા અવશેષક – શ્રવણ, ધનિષ્ઠા, પૂર્વાભાદ્રપદ, રેવતી, અશ્વિની, કૃતિકા, મૃગશિર્ષ, પુષ્ય, મઘા, પૂર્વા ફાલ્ગુની, હસ્ત, ચિત્રા, અનુરાધા, મૂલ અને પૂર્વાષાઢા રૂપ પંદર નક્ષત્રો સૂર્ય સાથે જતાં બાર મુહૂર્તો અને પરિપૂર્ણ ૧૩-અહોરાત્ર થાય. તે આ રીતે – આ પરિપૂર્ણ ૬૭ ભાગો ચંદ્રની સાથે જાય છે. પછી સૂર્ય સાથે તે અહોરાત્રના પાંચ ભાગ જાય. ૬૭ ભાગને પાંચ વડે ભાંગતા ૧૩-અહોરાત્રો આવશે, બાકીના બે ભાગને ૩૦ વડે ગુણતાં ૬૦ આવશે, તેને પાંચ વડે ભાંગતા ૧૨ મુહૂર્તો આવે.

અહીં પ્રસંગની સંગતીથી સૂર્ય યોગના દર્શનથી ચંદ્રયોગ પરિમાણ જે રીતે આવે, તે રીતે દર્શાવે છે.

નક્ષત્રોના - અર્ધક્ષેત્રાદિનો જે સૂર્ય સાથે યોગ છે, તે મુહૂર્ત્ત રાશિ કરાય છે, કરીને પાંચ વડે ગુણતાં, પછી ૬૭ વડે ભાંગતા જે પ્રાપ્ત થાય, તે ચંદ્રનો યોગ છે. અહીં ભાવના આ પ્રમાણે –

કોઈ શિષ્ય પૂછે છે, જેમાં સૂર્ય ૬-દિવસ અને ૨૧-મુહૂર્તો રહે છે, તેમાં ચંદ્ર કેટલો કાળ રહે છે, તેની મુહૂર્ત્તરાશિ કરવાને માટે છ દિવસને ૩૦ વડે ગુણીએ, ગુણીને ઉપરના ૨૧ મુહૂર્તો ઉમેરીએ, તો થશે ૨૦૧, તેને પાંચ વડે ગુણતાં આવશે ૧૦૦૫, તેને ૬૭ વડે ભાંગતા આવે ૧૫-મુહૂર્તો, આટલાં અર્ધ ક્ષેત્રોને પ્રત્યેક ચંદ્ર સાથે યોગ થાય. એ રીતે સમક્ષેત્રોના દ્વ્યર્ધક્ષેત્રનો અભિજિતનો ચંદ્ર સાથે યોગ જાણવો.

હવે કુલ દ્વાર કહે છે –

● સૂત્ર-૩૨૯ થી ૩૩૧ :-

*[૩૨૯] ભગવન્ ! કેટલાં કુલ, કેટલાં ઉપકુલ અને કેટલાં કુલોપકુલ કહેલા છે ?*

*ગૌતમ ! બાર કુલ, બાર ઉપકુલ, ચાર કુલોપકુલ કહ્યા છે.*

*બાર કુલો, તે આ પ્રમાણે – ધનિષ્ઠાકુલ, ઉત્તરાભાદ્રપદ કુલ, અશ્વિની કુલ, કૃત્તિકાકુલ, મૃગશિર્ષકુલ, પુષ્યકુલ, મઘાકુલ, ઉતરાફાલ્ગુનીકુલ, ચિત્રાકુલ, વિશાખાકુલ, મૂલકુલ, ઉત્તરાષાઢાકુલ.*

*[૩૩૦] માસના નામ પરિણામવાળા કુલ હોય છે, કુલોની નીચે હોય તે ઉપકુલ છે. કુલ અને ઉપકુલની નીચે હોય તે કુલોપકુલ છે તે અભિજિતાદિ ચાર આગળ કહેલ છે.*

*[૩૩૧] ઉપકુલો બાર છે, તે આ પ્રમાણે છે –*

*શ્રવણ ઉપકુલ, પૂર્વાભાદ્રપદા ઉપકુલ, રેવતી ઉપકુલ, ભરણી ઉપકુલ, રોહિણી ઉપકુલ, પુનર્વસુ ઉપકુલ, આશ્લેષા ઉપકુલ, પૂર્વાફાલ્ગુની ઉપકુલ, હસ્ત ઉપકુલ, સ્વાતિ ઉપકુલ, જ્યેષ્ઠા ઉપકુલ, પૂર્વાષાઢા ઉપકુલ.*

*ચાર કુલોપકુલ કહેલા છે, તે આ પ્રમાણે –*

*અભિજિત્ કુલોપકુલ, શતભિષજ્ કુલોપકુલ, આર્દ્રા કુલોપકુલ, અનુરાધા કુલોપકુલ.*

*ભગવન્ ! કેટલી પૂર્ણિમા અને કેટલી અમાસો કહેલી છે ?*

*ગૌતમ ! બાર પૂર્ણિમા અને બાર અમાસો કહેલી છે, તે આ રીતે – શ્રાવણી, ભાદ્રપદી, આસોજી, કાર્તિકી, માર્ગશિર્ષા, પૌષી, માઘી, ફાલ્ગુની, ચૈત્રી, વૈશાખી, જ્યેષ્ઠામૂલી, આષાઢી.*

*ભગવન્ ! શ્રાવણી પૂર્ણિમાની સાથે કેટલાં નક્ષત્રો યોગ કરે છે ?*

*ગૌતમ ! શ્રાવણી પૂર્ણિમા સાથે અભિજિત્, શ્રવણ, ધનિષ્ઠા એ ત્રણ નક્ષત્રોનો યોગ થાય છે.*

*ભગવન્ ! ભાદ્રપદી પૂર્ણિમા સાથે કેટલાં નક્ષત્ર યોગ કરે છે ?*

*ગૌતમ ! ત્રણ નક્ષત્રો યોગ કરે છે, તે આ પ્રમાણે – શતભિષજ્, પૂર્વાભાદ્રપદા, ઉત્તરાભાદ્રપદા.*

*ભગવન્ ! આસોજી પૂર્ણિમાને કેટલાં નક્ષત્રો યોગ કરે છે ?*

*ગૌતમ ! બે નક્ષત્રો યોગ કરે છે, તે આ પ્રમાણે – રેવતી, અશ્વિની, કાર્તિકી પૂર્ણિમાનો બે નક્ષત્ર યોગ કરે છે – ભરણી, કૃત્તિકા, મૃગશિર્ષ પૂર્ણિમાનો બે નક્ષત્ર યોગ કરે – રોહિણી, મૃગશિર્ષ. પોષી પૂર્ણિમાનો ત્રણ નક્ષત્રો યોગ કરે છે – આર્દ્રા, પુનર્વસુ, અને પુષ્ય [અહીં ત્રણ નક્ષત્રો છે.]*

*માઘી પૂર્ણિમાનો બે નક્ષત્રો૦ પૂર્વા ફાલ્ગુની, ઉત્તરાફાલ્ગુની.*

*ચૈત્રી પૂર્ણિમાનો બે નક્ષત્રો યોગ કરે – હસ્ત, ચિત્રા.*



*વૈશાખી પૂર્ણિમાનો બે નક્ષત્રો યોગ કરે – સ્વાતી, વિશાખા.*

*જ્યેષ્ઠામૂલી પૂર્ણિમાનો ત્રણ નક્ષત્રો યોગ કરે છે – અનુરાધા, જ્યેષ્ઠા અને મૂલ. [અહીં ત્રણ નક્ષત્રો છે.]*

*આષાઢીનો બે નક્ષત્રો યોગ કરે – પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા.*

*૦ ભગવન્ ! શ્રાવણી પૂર્ણિમાની સાથે શું કુલ નક્ષત્રોનો યોગ થાય છે, ઉપકુલનો થાય છે કે કુલોપકુલ નક્ષત્રનો ?*

*ગૌતમ ! કુલ નક્ષત્ર પણ યોગ કરે, ઉપકુલ નક્ષત્ર પણ યોગ કરે છે, કુલોપકુલ નક્ષત્ર પણ યોગ કરે છે.*

*– કુલનો યોગ કરતાં ધનિષ્ઠા નક્ષત્ર યોગ કરે છે.*

*– ઉપકુલનો યોગ કરતાં શ્રવણ નક્ષત્ર યોગ કરે છે.*

*– કુલોપકુલનો યોગ કરતાં અભિજિત્ યોગ કરે છે.*

*શ્રાવિષ્ઠી પૂર્ણિમા સાથે કુલ પણ યોગ કરે છે યાવત્ કુલોપકુલ પણ યોગ કરે છે. કુલ વડે યોગપાત્તી કે ઉપકુલ વડે યોગ પામી કે કુલોપકુલ વડે યોગ પામી શ્રાવણી પૂર્ણિમા યુક્ત કહેવાય છે.*

*૦ ભગવન્ ! ભાદરવી પૂર્ણિમાને શું કુલ નક્ષત્ર યોગ કરે છે, ઈત્યાદિ પ્રશ્ન૦ ગૌતમ ! કુલ કે ઉપકુલ કે કુલોપકુલ યોગ કરે છે.*

*કુલનો યોગ કરતાં ઉત્તરાભાદ્રપદ, ઉપકુલનો યોગ કરતાં પૂર્વાભાદ્રપદ, કુલોપકુલનો યોગ કરતાં શતભીષજ નક્ષત્ર યોગ કરે છે.*

*ભાદરવી પૂર્ણિમા કુલ વડે યાવત્ કુલોપકુલ નક્ષત્ર વડે યોગ કરે છે, કુલ વડે યાવત્ કુલોપકુલ વડે યોગ પામી ભાદરવી પૂર્ણિમા યુક્ત થયેલ છે, તેમ કહેવાય છે.*

*૦ ભગવન્ ! આસોજી પૂર્ણિમાની પૃચ્છા.*

*ગૌતમ ! કુલ નક્ષત્ર યોગ કરે છે, ઉપકુલ પણ યોગ કરે છે, પરંતુ કુલોપકુલ નક્ષત્રો યોગ કરતાં નથી.*

*કુલ વડે યોગ કરતાં અશ્વિનીનક્ષત્ર યોગ કરે છે, ઉપકુલનો યોગ કરતાં રેવતી નક્ષત્ર યોગ કરે છે.*

*આસોજી પૂર્ણિમા સાથે કુલનો યોગ થાય છે, ઉપકુલનો યોગ થાય છે, એ રીતે આસોજી પૂર્ણિમા કુલ વડે યુક્ત કે ઉપકુલ વડે યુક્ત એવી યોગ કરેલી કહેવાય છે.*

*૦ ભગવન્ ! કાર્તિકી પૂર્ણિમા શું કુલ૦ પૃચ્છા.*

*ગૌતમ ! કુલ વડે યુક્ત થાય, ઉપકુલ વડે યુક્ત થાય, પણ કુલોપકુલ વડે યુક્ત થતી નથી.*

*કુલનો યોગ કરતાં કૃત્તિકા નક્ષત્રનો યોગ કરે છે, ઉપકુલમાં ભરણી નક્ષત્રનો યોગ કરે છે યાવત્ તે યુક્ત કહેવાય છે.*

*૦ મૃગશિર્ષી પૂર્ણિમા, ભગવન્ ! શું કુલનો૦ પ્રશ્ન પૂર્વવત્ બે યોગ કરે*

*છે, કુલોપકુલનો કરતી નથી.*

*કુલનો યોગ કરતાં મૃગશિર્ષ નક્ષત્રનો યોગ કરે છે, ઉપકુલના યોગમાં રોહિણી નક્ષત્રનો યોગ કરે છે.*

*એ પ્રમાણે મૃગશિર્ષી પૂર્ણિમા યાવત્ કહેવાય છે.*

*૦ એ પ્રમાણે બાકીની પૂર્ણિમાઓ પણ યાવત્ આષાઢી પૂર્ણિમા સુધી [પ્રશ્નોત્તર - વર્ણન] સમજી લેવું. વિશેષ એ કે -*

*— પૌષી અને જ્યેષ્ઠામૂલી પૂર્ણિમા કુલનો, ઉપકુલનો કે કુલોપકુલ નક્ષત્રનો યોગ કરે છે, બાકીની પૂર્ણિમામાં કુલનો કે ઉપકુલનો યોગ કરે છે, પણ કુલોપકુલનો યોગ ન કહેવો.*

*[પૂર્ણિમાની માફક હવે સૂત્રકાર અમાસનું કથન કરે છે.]*

*૦ ભગવન્ ! શ્રાવણી અમાવાસ્યા કેટલાં નક્ષત્રનો યોગ કરે છે ?*

*ગૌતમ ! બે નક્ષત્રનો યોગ કરે છે, તે આ પ્રમાણે — આશ્લેષા નક્ષત્ર અને મઘા નક્ષત્રનો.*

*૦ ભગવન્ ! પૌષી અમાવાસ્યા કેટલાં નક્ષત્રનો યોગ કરે ?*

*ગૌતમ ! બેનો, પૂર્વાફાલ્ગુની, ઉત્તરાફાલ્ગુનીનો.*

*૦ ભગવન્ ! આસોજી અમાવાસ્યા૦ પ્રશ્ન*

*ગૌતમ ! બેનો, હસ્ત અને ચિત્રા.*

*૦ એ પ્રમાણે — કાર્તિકી અમાવાસ્યા સ્વાતી અને વિશાખાનો, મૃગશિર્ષી અમાવાસ્યા ત્રણનો — અનુરાધા, જ્યેષ્ઠા અને મૂલનો.*

*પોષી અમાવાસ્યા બે નો — પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા. માઘી અમાસ ત્રણનો — અભિજિત્, શ્રવણ અને ધનિષ્ઠા, ફાલ્ગુન અમાવાસ્યા ત્રણનો — શતભિષા, પૂર્વાભાદ્રપદા અને ઉત્તરાભાદ્રપદા, ચૈત્રી અમાવાસ્યા બેનો - રેવતી અને અશ્વિની, વૈશાખી અમાવાસ્યા બેનો — ભરણી અને કૃતિકા, જ્યેષ્ઠામૂલી અમાવાસ્યા બેનો — રોહિણી અને મૃગશિર્ષ, આષાઢી અમાસ ત્રણનો — આર્દ્રા, પુનર્વસુ અને પુષ્ય.*

*૦ ભગવન્ ! શ્રાવણી અમાવાસ્યા શું કુલનો યોગ કરે, ઉપકુલનો યોગ કરે કે કુલોપકુલનો યોગ કરે છે ?*

*ગૌતમ ! કુલનો યોગ કરે છે, ઉપકુલનો યોગ કરે, કુલોપકુલનો નક્ષત્રનો યોગ કરતી નથી.*

*કુલનો યોગ કરતાં મઘા નક્ષત્રનો યોગ કરે છે, ઉપકુલનો યોગ કરતાં આશ્લેષા નક્ષત્રનો યોગ કરે છે.*

*શ્રાવણી અમાવાસ્યા કુલનો યોગ કરે કે ઉપકુલનો યોગ કરે ત્યારે કુલોપયુક્ત શ્રાવણી અમાવાસ્યા કે ઉપકુલોપયુક્ત શ્રાવણી અમાવાસ્યા કહેવાય છે.*

*૦ ભગવન્ ! ભાદરવી અમાવાસ્યા પૂર્વવત્ બેનો યોગ કરે છે. કુલનો યોગ કરે છે, ઉપકુલનો યોગ કરે છે.*

*કુલનો યોગ કરતાં ઉત્તરાફાલ્ગુની નક્ષત્રનો યોગ કરે છે અને ઉપકુલનો યોગ કરતાં પૂર્વાફાલ્ગુનીનો યોગ કરે છે.*



*ભાદરવી અમાવાસ્યા ત્યારે કુલોપયુક્ત કે ઉપકુલથી ઉપયુક્ત યાવત્ કહેવાય છે.*

*માર્ગશિર્ષી અમાવાસ્યા તે પ્રમાણે જ કુલના યોગમાં મૂલ નક્ષત્રથી યોગ કરે છે, ઉપકુલના યોગમાં જ્યેષ્ઠા નક્ષત્રનો યોગ કરે છે, કુલોપકુલમાં૦ અનુરાધાનો યોગ કરે છે યાવત્ તે કુલોપયુક્ત ઈત્યાદિ કહેવાય છે.*

*એ પ્રમાણે માઘી, ફાલ્ગુની અને આષાઢી કુલને, ઉપકુલને અને કુલોપકુલને યોગ કરે છે.*

*બાકીની અમાવાસ્યા કુલનો કે ઉપકુલનો યોગ કરે છે.*

*ભગવન્ ! જ્યારે શ્રવણનક્ષત્રયુક્ત પૂર્ણિમા હોય ત્યારે પૂર્વવર્તી અમાસ શું મઘા યુક્ત હોય ?*

*ભગવન્ ! જ્યારે મઘાનક્ષત્રયુક્ત પૂર્ણિમા હોય ત્યારે શું શ્રવણનક્ષત્રયુક્ત અમાસ પૂર્વે હોય ?*

*હા, ગૌતમ ! તેમજ કહેવું.*

*ભગવન્ ! જ્યારે પ્રૌષ્ઠપદી પૂર્ણિમા હોય ત્યારે પૂર્વની અમાવાસ્યા ફાલ્ગુની યુક્ત હોય ? અને જ્યારે ફાલ્ગુની પૂર્ણિમા હોય ત્યારે પૂર્વે પ્રૌષ્ઠપદી અમાસ હોય ?*

*હા, ગૌતમ ! તેમજ હોય.*

*એ પ્રમાણે આ આલાવાથી આ પૂર્ણિમા અને અમાવાસ્યા જાણવી - અશ્વિની નક્ષત્રયુક્ત પૂર્ણિમા, ચિત્રાનક્ષત્રયુક્ત અમાવાસ્યા. કૃતિકા યુક્ત પૂર્ણિમા, વિશાખા યુક્ત અમાવાસ્યા. મૃગશિર યુક્ત પૂર્ણિમા, જ્યેષ્ઠાયુક્ત અમાવાસ્યા. પુષ્ય નક્ષત્રયુક્ત પૂર્ણિમા, પૂર્વાષાઢા નક્ષત્રયુક્ત અમાવાસ્યા.*

**● વિવેચન-૩૨૯ થી ૩૩૧ :-**

ભગવન્ ! કેટલા કુલસંજ્ઞક નક્ષત્રો છે, કેટલા ઉપકુલ સંજ્ઞક અને કેટલાં કુલોપકુલ સંજ્ઞક કહેલાં છે ?

ગૌતમ ! બાર કુલ સંજ્ઞક, બાર ઉપકુલ સંજ્ઞક અને ચાર કુલોપકુલ સંજ્ઞક કહેલા છે.

તેમાં બાર કુલ સંજ્ઞકો આ પ્રમાણે — ધનિષ્ઠાકુલ, ઉત્તરા ભાદ્રપદાકુલ, અશ્વિની કુલ ઈત્યાદિ૦

હવે કુલાદિના લક્ષણ શું છે ? તે કહે છે —

માસ વડે પરિસમાપ્ત થાય છે તે કુલ સંજ્ઞક અર્થાત્ અહીં જે નક્ષત્ર વડે પ્રાયઃ માસોની પરિસમાપ્તિ કરવામાં આવે છે, તે માસ સદૃશ નામવાળા નક્ષત્રો કુલ નક્ષત્ર છે.

તે આ પ્રમાણે શ્રાવણમાસ, પ્રાયઃ શ્રવિષ્ઠા જેનું બીજું નામ ધનિષ્ઠા છે, તેના વડે પરિસમાપ્ત થાય.

એ રીતે ભાદરવો, ઉત્તરા ભાદ્રપદ વડે, આસો અશ્વિની નક્ષત્ર વડે પરિસમાપ્ત થાય છે. શ્રાવણ આદિ પ્રાયઃ માસ પરિસમાપક માસ સદૃશ નામવાળા છે. અહીં પ્રાયઃ ગ્રહણથી ઉપકુલાદિ નક્ષત્ર વડે પણ માસની પરિસમાપ્તિ થાય છે.

કુલના અધસ્તન નક્ષત્રો, શ્રવણાદિ ઉપકુલો, કુલની સમીપ ત્યાં વર્તતા હોવાથી ઉપકુલ કહ્યા. અર્થાત્ ઉપચારથી તે ઉપકુલ નક્ષત્રો કહેવાય છે.

જે કુલો અને ઉપકુલોની નીચે વર્તે છે, તે કુલોપકુલ.

અભિજિતાદિ બાર ઉપકુલ નક્ષત્રો છે, તે આ રીતે — શ્રવણ ઉપકુલ, ભાદ્રપદ ઉપકુલ આદિ સૂત્રાર્થવત્ જાણવા.

ચાર કુલોપકુલ નક્ષત્રો છે, તે આ પ્રમાણે — અભિજિત્ કુલોપકુલ ઈત્યાદિ સૂત્રાર્થવત્.

કુલાદિ સંજ્ઞા પ્રયોજન - ક્યાં નક્ષત્રોમાં કયા કાર્ય સિદ્ધ થાય છે, તે દર્શાવવા માટે કહેલ છે.

હવે પૂર્ણિમા અને અમાવાસ્યાનું દ્વાર કહે છે —

ભગવન્ ! કેટલી પૂર્ણિમા — પરિસ્ફૂટ સોળકલાવાળા ચંદ્રયુક્ત કાળ વિશેષ રૂપ છે. પૂર્ણચંદ્ર વડે નિર્વૃત્ત.

તથા કેટલી અમાવાસ્યા — એક કાળ અવચ્છેદથી એક જ ક્ષેત્રમાં ચંદ્ર-સૂર્ય અવસ્થાનના આધાર કાળ વિશેષ રૂપ છે. अमा - સાથે ચંદ્ર અને સૂર્ય જેમાં વસે છે તે.

ગૌતમ ! જાતિ ભેદને આશ્રીને બાર પૂર્ણિમા અને બાર અમાવાસ્યા કહેલી છે, તે આ પ્રમાણે —

(૧) શ્રવિષ્ઠા - ધનિષ્ઠા, તેમાં થાય તે શ્રાવિષ્ઠી - શ્રાવણ માસવર્તી. (૨) પ્રૌષ્ઠપદા - ઉત્તરાભાદ્રપદા, તેમાં થનારી તે પ્રૌષ્ઠપદી-ભાદરવા માસ ભાવિ. (૩) અશ્વયુગ્ - અશ્વિની નક્ષત્રમાં થનારી તે આશ્વયુજી અર્થાત્ આસોમાસ ભાવિ.

૦ એ પ્રમાણે કાર્તિકી, માર્ગશિર્ષી, પૌષી, માઘી, ફાલ્ગુની, ચૈત્રી, વૈશાખી, જ્યેષ્ઠામૂલી અને આષાઢી જાણવી.

પ્રશ્નસૂત્રમાં પૂર્ણિમા અને અમાવાસ્યા ભેદથી નિર્દેશ કરેલ હોવા છતાં ઉત્તરસૂત્રમાં જે અભેદથી નિર્દેશ છે, તે નામના એકપણાને દર્શાવવાને માટે છે. તેથી અમાવાસ્યા પણ શ્રાવિષ્ઠી, પ્રૌષ્ઠપદી, આશ્વયુજી ઈત્યાદિ જાણવી.

[શંકા] શ્રાવિષ્ઠી પૂર્ણિમા શ્રવિષ્ઠાના યોગથી થાય છે, જ્યારે અમાવાસ્યા શ્રાવિષ્ઠીના યોગથી નથી કેમકે તે આશ્લેષા અને મઘાના યોગથી કહેવાનાર છે, તેનું શું ?

[સમાધાન] શ્રાવિષ્ઠી પૂર્ણિમા જેમાં છે, તે શ્રાવણમાસ, તેના જ - અર્થાત્ શ્રાવણ માસવર્તી. એ પ્રમાણે જ પ્રૌષ્ઠપદિ આદિમાં કહેવું જોઈએ. હવે જે નક્ષત્ર વડે એક એક પૂર્ણિમાની પરિસમાપ્તિ થાય છે, તેને પૂછવાની ઈચ્છાથી કહે છે —

ભગવન્ ! શ્રાવણી પૂર્ણિમા કેટલાં નક્ષત્રનો યોગ કરે છે ? અર્થાત્ કેટલાં





નક્ષત્રો ચંદ્રની સાથે સંયોગ કરીને પરિસમાપ્ત કરે ?

ગૌતમ ! ત્રણ નક્ષત્રો યોગ કરે છે, ત્રણ નક્ષત્રો ચંદ્ર સાથે યોગ કરીને પરિસમાપ્ત કરે છે, તે આ પ્રમાણે — અભિજિત, શ્રવણ અને ધનિષ્ઠા. અહીં શ્રવણ અને ધનિષ્ઠા રૂપે બે જ નક્ષત્ર શ્રાવણી પૂર્ણિમાને પરિસમાપ્ત કરે છે. પંચયુગભાવિ પૂર્ણિમામાં ક્યાંય પણ અભિજિતથી પરિસમાપન દર્શાવિલ નથી. માત્ર અભિજિત્ નક્ષત્ર શ્રવણ સાથે સંબદ્ધ છે, તે પણ પરિસમાપ્ત કરે છે તેમ કહ્યું.

જો કે સામાન્યથી આ શ્રાવિષ્ઠી સમાપક નક્ષત્ર દર્શન જાણવું. પાંચે પણ શ્રાવણી પૂર્ણિમામાં કઈ પૂર્ણિમા, ક્યા નક્ષત્રને કેટલાં મુહૂર્તમાં, કેટલાં ભાગમાં, કેટલાં પ્રતિભાગ જતાં અને જશે ત્યારે પરિસમાપ્ત કરે છે, તેમ સૂક્ષ્મતાથી જાણવા આ પ્રવચન પ્રસિદ્ધ કરણની ભાવના કરવી જોઈએ —

આ યુગમાં જો અમાવાસ્યાને જાણવા ઈચ્છે છે, જેમકે કયા નક્ષત્રમાં વર્તતા પરિસમાપ્તિ થાય છે અર્થાત્ જે રૂપે જેટલી અમાવાસ્યા અતિક્રાંત થઈ, તેટલી સંખ્યા. [તે માટે] કહેવાનાર સ્વરૂપ અવધારણ કરાય છે - પ્રથમપણે સ્થપાય તે અવધાર્ય - ધ્રુવરાશિ. તે અવધાર્ય રાશિને પટ્ટિકાદિમાં સ્થાપીને ગુણવી.

હવે કયા પ્રમાણમાં આની અવધાર્ય રાશિ છે, તે પ્રમાણની નિરુપણાર્થે કહે છે—

૬૬ મુહૂર્ત અને એક મુહૂર્તના પરિપૂર્ણ $^{૫}/_{૬૨}$ ભાગ અને એક ૬૨-ભાગના, એક ૬૭મો ભાગ અર્થાત્ ૬૬-$^{૫}/_{૬૨}$ । $^{૬૨}/_{૬૭}$ એટલાં પ્રમાણમાં અવધાર્ય રાશિ છે.

આટલા પ્રમાણની ઉત્પત્તિ કઈ રીતે છે ? તે કહે છે — અહીં જો ૧૨૪ પર્વથી ૫-સૂર્યનક્ષત્ર પર્યાયો પ્રાપ્ત થાય, તો ૨-પર્વ વડે કેટલાં પ્રાપ્ત થાય ?

ત્રિરાશિ સ્થાપના — ૧૨૪/૫/૨. અહીં અંત્ય રાશિ બે વડે મધ્ય રાશિ-૫-ને ગુણતાં ૫ X ૨ = ૧૦ પ્રાપ્ત થાય. તેનો ૧૨૪ વડે ભાગાકાર કરતાં, તેમાં છેદ્ય-છેદક રાશિ આવશે - $^{૧૦}/_{૧૨૪}$ તેને બે વડે અપવર્તના કરતાં આવે $^{૫}/_{૬૨}$ અર્થાત્ ઉપરની રાશિ-૫ અને નીચેની છેદની રાશિ-૬૨ આવશે.

આના વડે નક્ષત્રો કરવા. નક્ષત્ર કરણ માટે ૧૮૩૦ વડે ૬૭ ભાગ રૂપે ગુણવા. તેથી ૯૧૫૦ થાય, છેદરાશિ ૬૨ને પણ ૬૭ વડે ગુણો, આવશે ૪૧૫૪. ઉપરની રાશિના મુહૂર્ત કરવાને ફરી ૩૦ વડે ગુણીએ. આવશે - ૨,૭૪,૫૦૦, તેને ૪૧૫૪ વડે ભાંગવા. તો આવશે-૬૬ મુહૂર્ત અને શેષ અંશ રહેશે-૩૩૬.

તેના ૬૨-ભાગ લાવવાને માટે, તેને ૬૨ વડે ગુણતાં થશે-૨૦,૮૩૨. તેના અનંતરોક્ત છેદ રાશિ વડે ૪૧૫૪થી ભાગ કરતાં આવે $^{૫}/_{૬૨}$ ભાગ. અર્થાત્ પરિપૂર્ણ-૫ અને શેષ રહેશે-૬૨.

પછી આ ૬૨-ની અપવર્તના કરીએ, એક છેદ રાશિ છતાં પણ ૬૨-અપવર્તનામાં ૬૭ થાય છે. તેથી આવેલ ૬૬-મુહૂર્તો, એક મુહૂર્તના પાંચ પરિપૂર્ણ ૬૨ ભાગો, એક ૬૨-ભાગના એક ૬૭ ભાગ થાય છે. એ પ્રમાણે અવધાર્ય રાશિ પ્રમાણ આવે છે.

શેષ વિધિ કહે છે - X - અનંતરોક્ત સ્વરૂપ અવધારીને રાશિની ઈચ્છામાં અમાવાસ્ય સંગુણને જાણવાને ઈચ્છે છે, તો સંગુણિત કરવી, એથી ઉર્ધ્વનક્ષત્રોને

શોધવા, તેથી હવે ઉર્ધ્વ નક્ષત્રોની શોધનક વિધિ - શોધન પ્રકાર હવે કહેવાશે તેને તમે સાંભળો. તેમાં પહેલાં પુનર્વસુ :-

૨૨-મુહૂર્ત અને એક મુહૂર્તના ૪૬/૬૨ ભાગ. આટલા પ્રમાણ પુનર્વસુ નક્ષત્રના પરિપૂર્ણ થાય છે. આ પ્રમાણના શોધનકની ઉત્પત્તિ કઈ રીતે થાય, એવું પૂછે છે ? ત્યારે કહે છે કે—

જો ૧૨૪ પર્વથી પાંચ - સૂર્ય નક્ષત્ર પર્યાયો પ્રાપ્ત થાય, તો એક પર્વને અતિક્રમીને કેટલાં પર્યાયો તે એક પર્વથી પ્રાપ્ત થાય ? અહીં ત્રિરાશિ સ્થાપના - ૧૨૪/૫/૧.

અહીં અંત્ય રાશિ એક વડે મધ્યરાશિ પાંચને ગુણીએ, તો ૫ x ૧ = ૫ થાય. તેને ૧૨૪ વડે ભાંગવામાં આવે તો ૫/૧૨૪ ભાગ થાય. તેથી નક્ષત્ર લાવવાને માટે તેને ૧૮૩૦ વડે ૬૭ ભાગ રૂપે ગુણવા. એ પ્રમાણે ગુણાકાર રાશિ અને છેદરાશિની બે વડે અપવર્તના કરીએ, તો ગુણાકાર રાશિ ૯૧૫ અને છેદ રાશિ ૬૨ આવે. તે આ પ્રમાણે - ૯૧૫/૬૨

તેમાં ઉપરની ૫-રાશિ વડે આ ૯૧૫ને ગુણતાં આવે ૪૫૭૫. છેદ રાશિ જે ૬૨-રૂપ છે, તેને ૬૭ વડે ગુણતાં આવશે - ૪૧૫૪.

તેથી પુષ્યના ૨૩-ભાગ પૂર્વના યુગ ચરમ પર્વમાં સૂર્ય સાથે યોગ કરે છે, તેને ૬૨-વડે ગુણતા, આવશે-૧૪૨૬.

તેને પૂર્વના ૪૫૭૫ના પ્રમાણથી શોધિત કરીએ તો, શેષ રહે છે - ૩૧૪૯. [૪૫૭૫-૧૪૨૬=૩૧૪૯]

આ સંખ્યાના મુહૂર્ત કરવાને માટે ૩૦ વડે ગુણીએ. તો ૩૧૪૯ x ૩૦ = ૯૪,૪૭૦ આવશે. તેમાં છેદરાશિ-૪૧૫૪ વડે ભાગાકાર કરતાં પ્રાપ્ત મુહૂર્ત-૨૨ થશે અને શેષ રકમ ૩૦૮૨ રહેશે. આના ૬૨-ભાગ લાવવા ૬૨ વડે ગુણીએ.

૩૦૮૨ x ૬૨ = ૧,૯૧,૦૮૪ થાય. તેમાં છેદરાશિ ૪૧૫૪ વડે ભાગાકાર કરતાં ૪૬ મુહૂર્તના ૬૨ ભાગ આવે.

આ પુનર્વસુ નક્ષત્ર શોધનક નિષ્પત્તિ છે.

હવે શેષ નક્ષત્રોના શોધનકોને કહે છે —

ફાલ્ગુની - ઉત્તરા ફાલ્ગુનીનાં ૧૭૨ શોધ્ય છે. અહીં શું કહે છે ? ૧૭૨ પુનર્વસુ વગેરે, ઉત્તરાફાલ્ગુની પર્યન્તના નક્ષત્રો શોધિત કરાય છે. એ પ્રમાણે ભાવાર્થ ભાવવો જોઈએ.

તથા વિશાખા - વિશાખા સુધીના નક્ષત્રોમાં શોધનક ૨૯૨. હવે પછીના ઉત્તરાષાઢા પર્યન્તના નક્ષત્રોને આશ્રીને ૪૪૨ શોધ્ય છે.

આ અનંતરોક્ત શોધનક સર્વે પણ પુનર્વસુથી ૬૨ ભાગ સહિત જાણવા. અર્થાત્ એવું કહે છે કે — જે પુનર્વસુના ૨૨ મુહૂર્તો છે, તે બધાં પણ આગળ-આગળના શોધનકમાં અંતર્પ્રવિષ્ટ વર્તે છે. પણ ૬૨-ભાગ નહીં, તેથી જે-જે શોધનક શોધિત થાય, તેમાં તેમાં પુનર્વસુના ૪૬/૬૨ ભાગ ઉપરની સંખ્યામાંથી શોધિત કરવા.



આ પુનર્વસુ વગેરે ઉત્તરાષાઢા સુધીનું પહેલું શોધનક છે.

હવે આગળ અભિજિતાદિને કરીને બીજું શોધનક કહીશ. તેમાં પ્રતિજ્ઞાતને જ નિર્વાહે છે —

અભિજિતનક્ષત્રના શોધનક નવ મુહૂર્ત અને એક મુહૂર્તના ૨૪/૬૨ ભાગ અને એકના ૬૨/૬૭ ભાગ કરાયેલ પરિપૂર્ણ ૬૬-ભાગ તથા ૧૬૦ ઉત્તરાભાદ્રપદાના શોધનક છે. અર્થાત્ ૧૬૯ ઉત્તરાભાદ્રપદ પર્યન્તના નક્ષત્રો શુદ્ધ થાય છે.

આ પ્રમાણે આગળ પણ ભાવના કરવી.

તથા ૩૦૯ રોહિણી પર્યન્તના શોધિત થાય છે.

તથા ૩૯૯ શોધિત કરતાં પુનર્વસુ સુધીના નક્ષત્રો શોધિત થાય છે. [તેમ જાણ.]

તથા ૫૪૯ પૂર્વાફાલ્ગુની અને ઉત્તરાફાલ્ગુની સુધીના નક્ષત્રો શોધિત થાય છે.

તથા વિશાખા સુધીના નક્ષત્રોમાં ૬૬૯ શોધવા. મૂલ પર્યન્ત નક્ષત્રમાં ૭૪૪ શોધવા, ઉત્તરાષાઢા સુધીના નક્ષત્રોના શોધનક ૮૧૯ થાય છે.

બધાં જ શોધનકોમાં ઉપરના અભિજિત નક્ષત્ર સંબંધી મુહૂર્તના ૬૨ ભાગવાળા ૨૪ અને ૬૬ ચૂર્ણિકા ભાગો, એક જ ૬૨ ભાગના ૬૭ ભાગો શોધવા.

અનંતર કહેલાં શોધકોને યથાયોગ્ય શોધીને, જે શેષ રહે છે, તે નક્ષત્ર થાય છે અને આ નક્ષત્રમાં સૂર્યની સમ ચંદ્ર અમાવાસ્યા કરે છે, એ રીતે કરણગાથા સમૂહનો અક્ષરાર્થ છે તેની ભાવના આ પ્રમાણે છે —

કોઈ પણ પૂછે કે — યુગની આદિમાં પહેલી અમાવાસ્યા કયા નક્ષત્ર યુક્ત થઈને સમાપ્તિ પામે છે ?

ત્યારે પૂર્વોક્ત સ્વરૂપ અવધાર્ય રાશિ ૬૬-મુહૂર્ત, ૫/૬૨ । ૬૨/૬૭ ભાગ રૂપ રાશિ લઈ લેવાય, લઈને એક વડે ગુણીએ. કેમકે પહેલી અમાવાસ્યાનો પ્રશ્ન છે.

ત્યારપછી તેમાંથી ૨૨ - ૪૬/૬૨ ભાગ રૂપ પુનર્વસુ શોધિત કરાય છે, તેમાં ૬૬ મુહૂર્તમાંથી ૨૨-મુહૂર્ત બાદ થઈને રહે છે — ૪૪ મુહૂર્ત. તેમાંથી એક મુહૂર્ત અપકર્ષ કરીને તેના ૬૨ ભાગો કરાય, કરીને તેને ૬૨ ભાગ રાશિમાં ઉમેરીએ, તેથી ૬૭ આવે. તેમાંથી ૪૬ શુદ્ધ થઈ બાકી રહેશે-૨૧.

૪૩-મુહૂર્તમાંથી ૩૦-મુહૂર્તો વડે પુષ્ય શુદ્ધ થાય છે. પછી ૧૩-મુહૂર્ત બાકી રહે છે.

આશ્લેષા નક્ષત્ર અર્ધક્ષેત્ર ૧૫ મુહૂર્ત પ્રમાણ છે. તેમાંથી આ આવશે - આશ્લેષા નક્ષત્રના એક મુહૂર્તમાં એક મુહૂર્તના ૪૪/૬૨ ભાગોમાં, એકના ૬૨/૬૭ ભાગના ૬૬ ભાગ બાકી રહેતાં પહેલી અમાવાસ્યાની સમાપ્તિ થાય છે.

એ પ્રમાણે બધી જ અમાવાસ્યામાં કરણ કહેવું.

હવે પૂર્ણિમા પ્રક્રમમાં જે અમાવાસ્યા કરણ કહેલ છે. તે કરણગાથાના અનુરોધથી યુગની આદિમાં અમાવાસ્યાના પ્રાથમ્ય અને ક્રમ પ્રાપ્તત્વથી કહે છે.

હવે પ્રસ્તુત પૂર્ણિમા કરણ —

જેમ પૂર્વે અમાવાસ્યા ચંદ્ર નક્ષત્ર પરિજ્ઞાનાર્થે ધ્રુવરાશિ કહી, તે જ અહીં પણ - પૌર્ણમાસી ચંદ્રનક્ષત્રની પરિજ્ઞાન વિધિમાં ઈચ્છિત પૂર્ણિમા ગુણિત - જે પૂર્ણિમા જાણવા ઈચ્છો. તે સંખ્યા ગુણિત કરવી, ગુણીને પછી, તે જ પૂર્વોક્ત શોધનક કરવા જોઈએ. કેવલ અભિજિત આદિ, પણ પુનર્વસુ વગેરે નહીં. શુદ્ધ શોધનક પછી જે રહે તે નક્ષત્ર પૂર્ણિમા યુક્ત થાય. તે નક્ષત્રમાં ચંદ્રમા પરિપૂર્ણ પૂર્ણિમાને વિમલ કરે છે.

એ રીતે બે કરણ ગાથાનો અક્ષરાર્થ કહ્યો. તેની ભાવના આ પ્રમાણે કરવી જોઈએ —

કોઈ પૂછે છે — યુગની આદિમાં પહેલી પૂર્ણિમા કયા ચંદ્ર નક્ષત્ર યોગમાં સમાપ્તિને પામે છે, તેમાં ૬૬ મુહૂર્તો અને એક મુહૂર્તના $^{૫}/_{૬૨}$ ભાગ અને એક ૬૨ ભાગના એક ૬૭ ભાગરૂપ અવધાર્ય રાશિ લઈ લેવાય છે.

તે પ્રથમા પૂર્ણિમાનો પ્રશ્ન હોવાથી એક વડે ગુણીએ, તેથી તેમાંથી અભિજિતના નવ મુહૂર્ત અને એક મુહૂર્તના $^{૨૪}/_{૬૨}$ ભાગ, એકના બાસઠ ભાગના $^{૬૬}/_{૬૭}$ ભાગ. એ રીતે એ પ્રમાણે શોધનકને શોધવું જોઈએ.

તેમાં ૬૬ના નવ મુહૂર્તો શુદ્ધ થતાં પછી ૫૭ મુહૂર્તો રહેશે, તેમાંથી એક મુહૂર્ત લઈને, ૬૨ ભાગ કરાતા, તે ૬૨ ભાગ રાશિમાં પાંચ રૂપે ઉમેરાતા આવશે ૬૭ ભાગ.

તેમાંથી ૨૪ શુદ્ધ થતાં, પછી ૪૩ ભાગ રહેશે. એક રૂપ લઈને ૬૭ ભાગ કરાતા અને તે ૬૭ ભાગો ૬૭ ભાગૈકમાં ઉમેરતા ૬૮ ભાગો આવશે.

તેમાંથી ૬૬ ભાગ શુદ્ધ થતાં પછી $^{૨}/_{૬૭}$ ભાગ રહેશે.

પછી ૩૦ મુહૂર્તો વડે શ્રવણ શુદ્ધ થતાં પછી ૨૬ મુહૂર્તો રહેશે. પછી આ આવેલ ધનિષ્ઠા નક્ષત્રના ૩૦-મુહૂર્તોમાં અને એક મુહૂર્તના $^{૧૯}/_{૬૨}$ ભાગોમાં એકના ૬૨ ભાગના $^{૬૫}/_{૬૭}$ ભાગો બાકી રહેતા પહેલી પૂર્ણિમા સમાપ્ત થાય.

એ પ્રમાણે પાંચ યુગ ભાવિની શ્રાવણી પૂર્ણિમાના કેટલાંક શ્રાવણથી અને કેટલાંક ધનિષ્ઠાથી પરિસમાપ્તિ પામ છે તે પ્રમાણે ભાવના કરવી જોઈએ.

તથા પ્રૌષ્ઠપદી - ભાદરવી પૂર્ણિમાને, ભગવન્ ! કેટલાં નક્ષત્રો યોગ કરે છે ?

ગૌતમ ! ત્રણ નક્ષત્રો યોગ કરે છે, તે આ પ્રમાણે — શતભિષા, પૂર્વભદ્રપદા અને ઉત્તર ભાદ્રપદા.

આ પાંચેને પણ યુગ ભાવિની ઉક્ત નક્ષત્રો મધ્યમાં કોઈપણ એક વડે પરિસમાપ્તિ થાય.

ભગવન્ ! આસોજા પૂર્ણિમાને કેટલાં નક્ષત્ર યોગ કરે છે ? ગૌતમ ! બે-રેવતી, અશ્વિની.

અહીં ઉત્તરભાદ્રપદા નક્ષત્ર પણ કંઈક આસોજા પૂર્ણિમા પરિસમાપ્ત કરે છે, પછી ભાદરવી પણ સમાપ્ત કરે.

લોકમાં ભાદરવીમાં જ તેનું પ્રાધાન્ય છે, તે નામથી, તેના અભિધાનથી, તેથી અહીં વિવક્ષા નથી, માટે કોઈ દોષ નથી, તેથી બે સમાપ્ત કરે છે, તેમ કહ્યું.



આમાં ઘણી યુગભાવિનીને ઉક્ત નક્ષત્રમાંથી કોઈપણ નક્ષત્ર વડે પરિસમાપ્તિ થાય.

તથા કાર્તિકી પૂર્ણિમાને બે નક્ષત્ર સમાપ્ત કરે છે — ભરણી અને કૃતિકા. અહીં પણ અશ્વિની નક્ષત્ર કોઈક કાર્તિકી પૂર્ણિમાને પરિસમાપ્ત કરે છે, પરંતુ તે આસોજી પૂર્ણિમામાં પ્રધાન છે, તેથી તેની અહીં વિવક્ષા કરી નથી, તેથી દોષ નથી. તેથી અહીં પણ બે કહેલ છે. આમાં ઘણી યુગ ભાવિનીમાં ઉક્ત નક્ષત્રની મધ્યમાં કોઈપણ વડે પરિસમાપ્તિ થાય.

તથા માર્ગશિર્ષી પૂર્ણિમાને બે નક્ષત્રો સમાપ્ત કરે છે, રોહિણી અને મૃગશિર્ષ. આમાં પાંચ યુગ ભાવિનીમાં ઉક્ત નક્ષત્ર મધ્યમાં કોઈપણ એક પરિસમાપન કરે છે.

તથા પોષી પૂર્ણિમાને ત્રણ નક્ષત્રો — આર્દ્રા, પુનર્વસુ અને પુષ્ય પરિસમાપ્ત કરે છે. આમાં યુગમધ્યે અધિકમાસના સંભવથી છમાંની કોઈપણ યુગભાવિનીને ઉક્ત નક્ષત્રો મધ્યમાં કોઈ એક વડે પરિસમાપ્તિ કરે છે.

તથા માઘી પૂર્ણિમાને બે નક્ષત્ર - આશ્લેષા, મઘા તથા 'च' શબ્દથી પૂર્વા ફાલ્ગુની અને પુષ્ય પણ લેવા. તેના વડે આ યુગભાવિની પાંચે મધ્યે કેટલીકને આશ્લેષા, કેટલીકને મઘા, કેટલીકને પૂર્વા ફાલ્ગુની, કેટલીકને પુષ્ય નક્ષત્ર પરિસમાપ્ત કરે છે. [તેમ સમજવું જોઈએ.]

તથા ફાગણ પૂર્ણિમાને બે નક્ષત્ર - પૂર્વાફાલ્ગુની અને ઉત્તરાફાલ્ગુની, આ પાંચ યુગ ભાવિની પૂર્ણિમાને ઉક્ત નક્ષત્રમાંથી કોઈ એક નક્ષત્ર પરિસમાપ્ત કરે છે.

ચૈત્રી પૂર્ણિમાને બે નક્ષત્ર - હસ્ત અને ચિત્રા સમાપ્ત કરે છે. આ પાંચે યુગભાવિનીમાં ઉક્ત નક્ષત્રમાંના કોઈપણ એક વડે પૂર્ણિમાને સમાપ્ત કરે છે.

તથા વૈશાખી પૂર્ણિમાને સ્વાતિ અને વિશાખા બે નક્ષત્ર તથા 'च' શબ્દથી અનુરાધા પણ સમાપ્ત કરે. અહીં અનુરાધા નક્ષત્ર વિશાખાથી પછી છે, વિશાખા આ પૂર્ણિમામાં પ્રધાન છે, તેથી પર પૂર્ણિમામાં તેનો સાક્ષાત્ ઉપાત્ત નથી. માટે સૂત્રમાં બે કહી. આમાં ઘણી યુગ ભાવિનીમાં ઉક્ત નક્ષત્રોમાંથી કોઈ એક સમાપ્ત કરે છે.

જ્યેષ્ઠા મૂલી પૂર્ણિમાને ત્રણ — અનુરાધા, જ્યેષ્ઠા, મૂલ. આ પાંચ યુગભાવિનીમાં ઉક્ત નક્ષત્રોમાંથી કોઈ એક નક્ષત્ર. આ પૂર્ણિમાને સમાપ્ત કરે છે.

આષાઢી પૂર્ણિમાને બે — પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા. આના યુગાંતમાં અધિકમાસના સંભવથી છ યુગ ભાવિનીના ઉક્ત નક્ષત્રમાંથી કોઈ એક વડે સમાપ્ત કરે છે.

હવે કુલના દ્વાર પ્રતિપાદનથી સ્વતઃ સિદ્ધ છતાં પણ કુલાદિ યોજનાને મંદમતિ શિષ્યને બોધ કરવાને પ્રશ્ન કરે છે —

ભગવન્ ! શ્રાવિષ્ઠીને શું કુલ જોડે છે, ઉપકુલ જોડે છે કે કુલોપકુલ જોડે છે ?

ગૌતમ ! કુલ જોડે છે, 'वा' શબ્દ સમુચ્ચય અર્થમાં છે. તેથી 'કુલ' પણ જોડે છે, ઉપકુલ પણ જોડે છે, કુલોપકુલ પણ જોડે છે. તેમાં 'કુલ' વડે યોગ કરતાં ધનિષ્ઠા નક્ષત્ર જોડાય છે, તેના જ કુલપણે પ્રસિદ્ધપણાથી ''શ્રાવિષ્ઠી પૂર્ણિમાનો'' એ ભાવ છે.

ઉપકુલને જોડતાં શ્રવણનક્ષત્રને જોડે છે.

કુલોપકુલને જોડતાં અભિજિત્ નક્ષત્રને જોડે છે.

તેથી ત્રીજી શ્રાવણી પૂર્ણિમામાં બાર મુહૂર્ત્તમાં કંઈક સમઅધિક બાકીના ચંદ્રની સાથે યોગને કરે છે. તે શ્રવણના સહચરપણાથી સ્વયં જ તે પૂર્ણિમાને પર્યન્તવર્તીપણાથી તે પણ તેને પરિસમાપ્ત કરે છે, તેથી યોગ કરે છે કહ્યું.

હવે ઉપસંહાર કહે છે – જે કારણે ત્રણે પણ કુલાદિથી શ્રાવણી પૂર્ણિમાની યોજના છે, તેથી શ્રાવણી પૂર્ણિમાને કુલનો યોગ કરે છે, ઉપકુલનો પણ યોગ કરે છે, કુલોપકુલનો પણ યોગ કરે છે એમ કહેવું – સ્વ શિષ્યોને જણાવવું. અથવા કુળ વડે યુક્ત થઈ શ્રાવણી પૂર્ણિમા, ઉપકુળથી યુક્ત કે કુલોપકુલ યુક્ત શ્રાવણી પૂર્ણિમા છે, તેમ કહેવાય છે.

ભગવન્ ! ભાદરવી પૂર્ણિમા શું કુળનો યોગ કરે છે, ઈત્યાદિ પ્રશ્ન. ગૌતમ ! કુલને પણ, ઉપકુલને પણ, કુલોપકુલનો પણ યોગ કરે છે, તેમાં કુળનો યોગ કરતાં ઉત્તરાભાદ્રપદ નક્ષત્રનો યોગ કરે છે, ઉપકુલનો યોગ કરતાં પૂર્વભાદ્રપદા નક્ષત્રનો યોગ કરે છે, અને કુલોપકુલનો યોગ કરતાં શતભિષજ્ નક્ષત્રનો યોગ કરે છે.

ઉપસંહાર કહે છે – જેથી એ પ્રમાણે ત્રણે પણ કુલાદિ વડે પ્રૌષ્ઠ પદી પૂર્ણિમાની યોજના છે, તેથી ભાદરવી પૂર્ણિમા કુલોપયુક્ત, ઉપકુલોપયુક્ત, કુલોપકુલ યુક્ત પણ કહેવાય છે. એ પ્રમાણે પોતાના શિષ્યોને પ્રતિપાદન કરવું જોઈએ.

અથવા કુલ વડે યુક્ત, ઉપકુલ વડે પણ યુક્ત, કુલોપકુલ વડે પણ યુક્ત ભાદરવી પૂર્ણિમા યુક્ત કહેવાય છે.

તથા અશ્વયુજી પૂર્ણિમાની પૃચ્છા –

ગૌતમ ! કુળનો પણ યોગ કરે છે, ઉપકુલનો પણ યોગ કરે છે, પણ કુલોપકુલનો યોગ પ્રાપ્ત નથી.

તેમાં કુળનો યોગ કરતાં અશ્વિની નક્ષત્રનો યોગ કરે છે, ઉપકુલનો યોગ કરતાં રેવતી નક્ષત્રનો યોગ કરે છે.

ઉપસંહાર કહે છે – જેથી એ પ્રમાણે બે કુલાદિ વડે આસોજી પૂર્ણિમાનું જોડાણ છે, તેથી આસોજી પૂર્ણિમા કુળનો યોગ કરે છે, ઉપકુલનો પણ યોગ કરે છે, તેમ સ્વશિષ્યોને કહેવું. અથવા કુળ કે ઉપકુળ વડે યુક્ત આસોજી પૂર્ણિમા કહેવું.

ભગવન્ ! કાર્તિકી પૂર્ણિમાને શું કુળ૦ આદિ પ્રશ્ન.

ગૌતમ ! કુળને પણ જોડે છે, ઉપકુળને પણ જોડે છે, કુલોપકુલને જોડતા નથી. તેમાં કુળનો યોગ કરતાં કૃત્રિમ નક્ષત્રનો યોગ કરે છે, ઉપકુલને જોડતાં ભરણી નક્ષત્રનો યોગ કરે છે. કાર્તિકી ઈત્યાદિ ઉપસંહાર પૂર્વવત્ સમજી લેવો.

ભગવન્ ! માર્ગશીર્ષી પૂર્ણિમા શું કુળનો૦ ? પૂર્વવત્ બેનો યોગ કરે છે. શો અર્થ છે ? કુળને પણ, ઉપકુલને પણ યોગ કરે છે, પણ કુલોપકુલનો યોગ કરતી નથી. તેમાં કુલનો યોગ કરતાં મૃગશિર્ષ નક્ષત્રનો યોગ કરે છે, ઉપકુળનો યોગ



કરતાં રોહિણીનો યોગ કરે છે. માર્ગશિર્ષી પૂર્ણિમાનું ઉપસંહાર વાક્ય પૂર્વવત્.

હવે લાઘવાર્થે અતિદેશ કહે છે –

એ પ્રમાણે બાકીની પણ - પૌષી પૂર્ણિમાદિ ત્યાં સુધી કહેવી જ્યાં આષાઢી પૂર્ણિમા આવે.

પૌષી અને જ્યેષ્ઠાની પૂર્ણિમા કુલનો પણ યોગ કરે છે, ઉપકુલનો પણ યોગ કરે છે, કુલોપકુલનો પણ યોગ કરે છે.

બાકીની માઘી આદિ કુળનો યોગ કરે છે, ઉપકુલનો પણ યોગ કરે છે, કુલોપકુલનો ન કહેવો. કેમકે તેનો અભાવ છે.

હવે અમાવાસ્યાને કહે છે –

શ્રાવણમાસ ભાવિની અમાવાસ્યા કયા નક્ષત્રનો યોગ કરે છે ? યથાયોગ ચંદ્રની સાથે સંયોજીને શ્રાવણી અમાવાસ્યાને પરિસમાપ્ત કરે છે ? ભગવંતે કહ્યું–

ગૌતમ ! બે નક્ષત્રનો યોગ કરે છે, તે આ પ્રમાણે – આશ્લેષા અને મઘા. અહીં વ્યવહારનયના મતથી જે નક્ષત્રમાં પૂર્ણિમા થાય છે, ત્યાંથી આરંભીને પૂર્વના પંદરમાં કે ચૌદમાં નક્ષત્રમાં અમાવાસ્યા થાય છે. જે નક્ષત્રમાં અમાવાસ્યા છે, ત્યાંથી આરંભીને પછી પંદરમાં કે ચૌદમાં નક્ષત્રમાં પૂર્ણિમા થાય.

તેમાં શ્રાવણી પૂર્ણિમા જો શ્રવણમાં, ધનિષ્ઠામાં કહી, તો અમાવાસ્યામાં પણ આશ્લેષા અને મઘા કહ્યા. લોકમાં પણ તિથિ ગણિત અનુસારથી ગયેલ અમાવાસ્યામાં વર્તમાન પણ એકમમાં જે અહોરાત્રમાં પહેલાંથી અમાવાસ્યા થાય, તે સર્વ પણ અહોરાત્રનો અમાવાસ્યા રૂપે વ્યવહાર થાય. તેથી મઘા નક્ષત્ર પણ એ પ્રમાણે વ્યવહારથી અમાવાસ્યામાં પ્રાપ્ત થાય, તેમાં વિરોધ નથી.

પરમાર્થથી વળી આ અમાવાસ્યાને આ ત્રણ નક્ષત્રો પરિસમાપ્ત કરે છે – પુનર્વસુ પુષ્ય અને આશ્લેષા. આ પાંચે પણ યુગભાવિની નક્ષત્ર ત્રણમાંના કોઈ પણ પૂર્ણ કરે.

આના કરણનું ગણિત પૂર્વોક્ત છે.

ભગવન્ ! ભાદરવી અમાવાસ્યાને કેટલાં નક્ષત્રો યોગ કરે છે ? ગૌતમ ! બે નક્ષત્રો યોગ કરે છે, તે આ પ્રમાણે – પૂર્વાફાલ્ગુની, ઉત્તરાફાલ્ગુની. 'ચ' શબ્દથી મઘાને ગ્રહણ કરવું.

આ ભાદરવી પૂર્ણિમાવર્તી શતભિષજ્ વ્યવહારથી પણ કરણરીતિથી, નિશ્ચયથી પૂર્વ ગણનામાં પંદરપણાથી છે. આ પાંચે પણ યુગભાવિની ત્રણ નક્ષત્રો મધ્યે કોઈપણ નક્ષત્ર સમાપન કરે છે, કરણ પૂર્વવત્ જાણવું.

આશ્વયુજી અમાવાસ્યાનો કેટલાં નક્ષત્ર યોગ કરે છે ?

ગૌતમ ! બે નક્ષત્રમાં યોગ કરે છે, તે આ પ્રમાણે - હસ્ત અને ચિત્રા. આ પણ વ્યવહારથી છે, નિશ્ચયથી તો આશ્વયુજી અમાવાસ્યા ત્રણ નક્ષત્રને સમાપ્ત કરે છે. તે આ પ્રમાણે – ઉત્તરા ફાલ્ગુની, હસ્ત અને ચિત્રા. જે પૂર્વે આશ્વયુજી પૂર્ણિમામાં ઉત્તરાભાદ્રપદા પૂર્વોક્ત હેતુથી વિવક્ષિત ન કર્યુ, પણ નિશ્ચયથી તે આવે છે, તેના

૧૫-નક્ષત્ર પછી ફાલ્ગુની અહીં લીધું. આના પાંચ યુગભાવિ ત્રણ નક્ષત્રો મધ્યે કોઈપણથી સમાપ્ત કરે તે પૂર્વવત્.

કાર્તિકી અમાવાસ્યાને બે નક્ષત્ર જોડે છે, તે આ પ્રમાણે - સ્વાતિ અને વિશાખા. આ પણ વ્યવહારથી છે, નિશ્ચયથી ત્રણ છે - સ્વાતિ, વિશાખા અને ચિત્રા. આમાં પણ પૂર્ણિમાના અશ્વિનીના અનુરોધથી ચિત્રા કહેલ છે. આમાં પાંચે પણ યુગભાવિનીના ત્રણ નક્ષત્રો મધ્યે કોઈપણ નક્ષત્ર સમાપ્ત કરે છે.

માર્ગશીર્ષી પૂર્ણિમાનો ત્રણ નક્ષત્રનો યોગ કરે છે, તે આ રીતે — અનુરાધા, જ્યેષ્ઠા અને મૂલ. આ પણ વ્યવહારથી છે, નિશ્ચયથી વળી આ ત્રણ નક્ષત્રો અમાવાસ્યાને પરિસમાપ્ત કરે છે, તે આ છે — વિશાખા, અનુરાધા અને જ્યેષ્ઠા. શેષ પૂર્વવત્.

પૌષી અમાવાસ્યાનો બે નક્ષત્ર યોગ કરે છે - પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા. આ પણ વ્યવહારથી કહ્યું, નિશ્ચયથી વળી ત્રણે નક્ષત્રો પરિસમાપ્ત કરે છે, તે આ — મૂલ, પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા. આમાં યુગ મધ્યે અધિકમાસના સંભવથી છ એ પણ પૂર્વવત્.

માઘી અમાવાસ્યાને ત્રણ — અભિજિત્, શ્રવણ, ધનિષ્ઠા. આ પૂર્ણિમાવર્તિ આશ્લેષા અને મઘાથી અભિજિત સોળમું નક્ષત્ર હોવાથી વ્યવહાર અતીતત્વમાં પણ શ્રવણના સંબદ્ધત્વથી પંદરપણું ધારણ કરવું. આ પણ વ્યવહારથી છે, નિશ્ચયથી વળી ત્રણ-ઉત્તરાષાઢા, અભિજિત્, શ્રવણ, શેષ પૂર્વવત્.

ફાલ્ગુની અમાસને ત્રણ, તે આ રીતે — પૂર્વાભાદ્રપદા, ઉત્તરા ભાદ્રપદા અને શતભિષા. આ પણ વ્યવહારથી, નિશ્ચયથી ત્રણ આ પ્રમાણે — ધનિષ્ઠા, શતભિષા, પૂર્વા ભાદ્રપદા શેષ પૂર્વવત્.

ચૈત્રી અમાસને બે નક્ષત્રો-રેવતી અને અશ્વિની સમાપ્ત કરે છે. આ પણ વ્યવહારથી કહ્યું. નિશ્ચયથી ત્રણ, આ પ્રમાણે - પૂર્વાભાદ્રપદ, ઉત્તરાભાદ્રપદ અને રેવતી.

વૈશાખી અમાસ બે નક્ષત્ર પરિસમાપ્ત કરે - ભરણી, કૃતિકા. આ પણ વ્યવહારથી કહ્યું, નિશ્ચયથી ત્રણ નક્ષત્રો કરે — રેવતી, અશ્વિની, ભરણી.

જ્યેષ્ઠામૂલી અમાવાસ્યાને બે નક્ષત્રો — રોહિણી અને મૃગશિર્ષ. આ પણ વ્યવહારથી છે, નિશ્ચયથી આ બે નક્ષત્રો પૂર્ણ કરે, રોહિણી અને કૃતિકા શેષ પૂર્વવત્.

આષાઢી અમાવાસ્યાને ત્રણ નક્ષત્રો — આર્દ્રા, પુનર્વસુ, પુષ્ય. આ પણ વ્યવહારથી કહ્યું, પરમાર્થથી આ ત્રણ નક્ષત્રો - મૃગશિર્ષ, આર્દ્રા, પુનર્વસુ. આનો યુગાંતે અધિક માસ સંભવથી છ એમાં - પાંચેમાં પણ પૂર્વવત્ જાણવું.

અહીં સર્વત્ર નક્ષત્રગણના મધ્યે જેમાં અભિજિત્ અંતર્ભૂત છે, તેમાં ન ગણવું, કેમકે સ્તોકકાળત્વથી છે. જેમકે સમવાયાંગમાં કહ્યું છે — જંબૂદ્વીપમાં અભિજિત્ વર્જીને ૨૭-નક્ષત્રોથી વ્યવહાર વર્તે છે.

હવે અમાવાસ્યામાં કુલાદિ પ્રયોજનનો પ્રશ્ન —

ભગવન્ ! અમાવાસ્યનો શું કુલનો યોગ કરે છે, ઉપકુલનો કે કુલોપકુલનો યોગ કરે છે ? ગૌતમ ! કુળને પણ જોડે, ઉપકુલને જોડે છે, પણ કુલોપકુલ અહીં પ્રાપ્ત નથી. તેમાં કુળનો યોગ કરતાં શ્રાવિષ્ઠી અમાવાસ્યાને મઘા નક્ષત્ર જોડે છે. આ પૂર્વોક્ત યુક્તિથી વ્યવહારથી કહ્યું, પરમાર્થથી વળી કુળનો યોગ કરતાં પુષ્ય નક્ષત્રને જોડે છે આ પૂર્વોક્ત જ છે.



એ પ્રમાણે ઉત્તરસૂત્ર પણ વ્યવહારને આશ્રીને યથાયોગ્ય પરિભાવિત કરવું. ઉપકુલનો યોગ કરતાં આશ્લેષા નક્ષત્રનો યોગ કરે છે. ઉપસંહાર — ઉક્ત પ્રકારે બે કુલ વડે શ્રાવણી અમાવાસ્યાને ચંદ્રયોગ સમાપ્ત કરે છે. કુલોપકુલથી નહીં. તેથી શ્રાવણી અમાવાસ્યા કુલોપયુક્ત અને ઉપકુલોપયુક્ત કહેવી.

ભાદરવી અમાવાસ્યાદિના પૂર્વવત્ પ્રશ્ન. - x - x -

ઉત્તરસૂત્રમાં બે કુલ ઉપકુલને જોડે છે, કુલોપકુલને જોડતા નથી. તેમાં કુલને જોડતાં ઉત્તરાફાલ્ગુની નક્ષત્રને જોડે છે, ઉપકુલને જોડતાં પૂર્વાફાલ્ગુની નક્ષત્રને જોડે છે.

માર્ગશીર્ષીનો પ્રશ્ન પૂર્વવત્. તેમાં કુળનો યોગ કરતાં મૂલનક્ષત્રનો યોગ કરે છે. ઉપકુલનો યોગ કરતાં જ્યેષ્ઠા નક્ષત્રનો, કુલોપકુલનો યોગ કરતાં અનુરાધા નક્ષત્રનો યોગ કરે છે. યાવત્ કરણ વડે ઉપસંહાર સૂત્ર યુક્ત છે, તેમ કહેવું.

એ પ્રમાણે માઘી, ફાલ્ગુની અને આષાઢી કુલને, ઉપકુલને અને કુલોપકુલને જોડે છે. બાકીની અમાવાસ્યા કુલને કે ઉપકુલને જોડે છે, તે પ્રમાણે કહેવું.

હવે સન્નિપાતદ્વાર - તેમાં સન્નિપાત એટલે પૂર્ણિમાનક્ષત્ર થકી અમાવાસ્યા અને અમાવાસ્યા નક્ષત્ર થકી પૂર્ણિમામાં નક્ષત્રનો નિયમથી સંબંધ છે, તેનું સૂત્ર—

ભગવન્ ! જ્યારે શ્રવિષ્ઠા નક્ષત્રયુક્ત પૂર્ણિમા હોય છે, ત્યારે તેની પૂર્વેની અમાવાસ્યા મઘા નક્ષત્રયુક્ત હોય છે અને જ્યારે મઘાનક્ષત્રયુક્ત પૂર્ણિમા હોય છે, ત્યારે પૂર્વેની અમાવાસ્યા શ્રવિષ્ઠા નક્ષત્રયુક્ત હોય છે ?

ગૌતમ ! હા, હોય છે. તેમાં જ્યારે શ્રાવિષ્ઠી ઈત્યાદિ તેમજ કહેવું, પ્રશ્નના સમાન ઉત્તર હોવાથી તેમ કહ્યું. તેનો અર્થ આ પ્રમાણે - અહીં વ્યવહાર નયના મતથી જે ક્ષેત્રમાં પૂર્ણિમા થાય છે, ત્યાંથી આરંભીને પૂર્વના પંદરમાં કે ચૌદમાં નક્ષત્રમાં નિયમથી અમાવાસ્યા. તેથી જ્યારે શ્રવિષ્ઠા નક્ષત્રયુક્ત પૂર્ણિમા હોય, ત્યારે પૂર્વની અમાસ મઘા નક્ષત્રયુક્ત થાય છે. કેમકે શ્રવિષ્ઠા નક્ષત્રથી આરંભીને મઘા નક્ષત્રની પૂર્વે ચૌદમું છે. - x -

ભગવન્ ! જ્યારે મઘા નક્ષત્રયુક્ત પૂર્ણિમા હોય છે, ત્યારે શ્રવિષ્ઠા નક્ષત્રયુક્ત પાશ્ચાત્ય અમાવાસ્યા હોય છે. કેમકે મઘાનક્ષત્ર થકી આરંભીને પૂર્વ શ્રવિષ્ઠાનક્ષત્ર પંદરમું છે. આ માઘમાસને આશ્રીને કહેલ છે, તેમ વિચારવું.

ભગવન્ ! જ્યારે ઉત્તરાભાદ્રપદયુક્ત પૂર્ણિમા હોય છે. ત્યારે પાશ્ચાત્ય અમાવાસ્યા ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર યુક્ત હોય, કેમકે ઉત્તરાભાદ્રપદથી આરંભીને પૂર્વે ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર પંદરમું છે. આ ભાદરવા માસને આશ્રીને જાણવું. જ્યારે ઉત્તરાફાલ્ગુની નક્ષત્રયુક્ત પૂર્ણિમા હોય છે, ત્યારે અમાવાસ્યા ઉત્તરાભાદ્રપદયુક્ત

હોય છે, કેમકે ઉત્તરાફાલ્ગુનીથી આરંભીને પૂર્વાભાદ્રપદા નક્ષત્ર ચૌદમું છે. આ ફાગણમાસને આશ્રીને કહ્યું.

એ પ્રમાણે આ આલાવાથી આ પૂર્ણિમા અને અમાવાસ્યા જાણવી. જ્યારે અશ્વિની નક્ષત્રયુક્ત હોય છે, ત્યારે પાશ્ચાત્ય અનંતર અમાવાસ્યા ચિત્રાનક્ષત્ર યુક્ત થાય છે. કેમકે અશ્વિનીથી આરંભીને પૂર્વે ચિત્રા નક્ષત્ર પંદરમું છે. આ વ્યવહારનયને આશ્રીને જાણવું. નિશ્ચયથી એક જ આસો માસ ભાવિની અમાવાસ્યામાં ચિત્રા નક્ષત્રનો સંભવ છે, તે પૂર્વે દર્શાવેલ છે.

જ્યારે ચિત્રા નક્ષત્રયુક્ત પૂર્ણિમા હોય ચે, ત્યારે પાશ્ચાત્ય અમાવાસ્યા અશ્વિની નક્ષત્રયુક્ત હોય છે. આ પણ વ્યવહારથી કહ્યું, નિશ્ચયથી એક જ ચૈત્રમાસ ભાવિની અમાવાસ્યામાં અશ્વિની નક્ષત્રનો સંભવ છે. આ સૂત્ર પણ આસો અને ચૈત્રમાસને આશ્રીને પ્રવર્તે છે, તેમ જાણવું.

જ્યારે કૃતિકા નક્ષત્રયુક્ત પૂર્ણિમા હોય છે, ત્યારે વિશાખા નક્ષત્રયુક્ત અમાવાસ્યા થાય છે, કેમકે કૃતિકા પૂર્વે વિશાખા પંદરમું છે. જ્યારે વિશાખાનક્ષત્રયુક્ત પૂર્ણિમા હોય છે, ત્યારે તેની અનંતર પાશ્ચાત્ય અમાવાસ્યા કૃતિકા નક્ષત્રયુક્ત હોય છે. કેમકે વિશાખાથી પૂર્વે કૃતિકા ચોદમું છે અને આ કારતક અને વૈશાખ માસને આશ્રીને કહેલ છે, તેમ જાણવું.

જ્યારે મૃગશિર્ષયુક્ત પૂર્ણિમા હોય ત્યારે જ્યેષ્ઠામૂલ નક્ષત્રયુક્ત અમાવાસ્યા હોય, જ્યારે જ્યેષ્ઠામૂલી પૂર્ણિમા હોય ત્યારે માગશિર્ષી અમાવાસ્યા હોય. આ માગસર અને જ્યેષ્ઠ માસને આશ્રીને ભાવિત કરવું જોઈએ.

જ્યારે પુષ્ય નક્ષત્રયુક્ત પૂર્ણિમા હોય, ત્યારે પૂર્વાષાઢાનક્ષત્ર યુક્ત અમાવાસ્યા હોય, જ્યારે પૂર્વાષાઢા યુક્ત પૂર્ણિમા હોય છે, ત્યારે પુષ્યનક્ષત્રયુક્ત અમાવાસ્યા હોય છે. આ પોષ અને અષાઢ માસને આશ્રીને કહેવું. માસાર્દ્ધમાસ પરિસમાપક નક્ષત્રો કહ્યા.

હવે સ્વયં અસ્ત થઈને અહોરાત્ર પરિસમાપકપણાથી માસ પરિસમાપક નક્ષત્ર વૃંદ કહે છે.

તેમાં પહેલાં વર્ષાકાળ અહોરાત્ર પરિસમાપક નક્ષત્ર.

● **સૂત્ર-૩૩૨,૩૩૩ :-**

*[૩૩૨] ભગવન્ ! વર્ષાકાળનો પહેલો મહિનો કેટલાં નક્ષત્ર સમાપ્ત કરે છે ? ગૌતમ ! ચાર નક્ષત્રો પરિસમાપ્ત કરે છે, તે આ પ્રમાણે — ઉત્તરાષાઢા, અભિજિત્, શ્રવણ, ધનિષ્ઠા.*

*ઉત્તરાષાઢા નક્ષત્ર શ્રાવણ માસના ૧૪ અહોરાત્રને સમાપ્ત કરે છે, અભિજિત્ સાત અહોરાત્રને, શ્રવણ આઠ અહોરાત્રને, ધનિષ્ઠા એક અહોરાત્રને પરિસમાપ્ત કરે છે.*

*તે માસમાં સૂર્ય ચાર અંગુલ પૌરિસિ છાયાથી પરિભ્રમણ કરે છે, તે માસના છેલ્લા દિવસે બે પાદ અને ચાર અંગુલ પુરુષ છાયા પ્રમાણ પોરિસિ*



*થાય છે.*

*૦ ભગવન્ ! વર્ષાકાળના બીજા માસને કેટલાં નક્ષત્રો સમાપ્ત કરે છે ? ગૌતમ ! ચાર-ધનિષ્ઠા, શતભિષજા, પૂર્વાભાદ્રપદ અને ઉત્તરાભાદ્રપદ પરિસમાપ્ત કરે છે.*

*ધનિષ્ઠાનક્ષત્ર ચૌદ અહોરાત્ર સમાપ્ત કરે છે, શતભિષજા સાત અહોરાત્ર, પૂર્વાભાદ્રપદ આઠ અહોરાત્ર અને ઉત્તરાભાદ્રપદ એક અહોરાત્રને પરિસમાપ્ત કરે છે.*

*તે માસમાં આઠ અંગુલ પોરિસિછાયાથી સૂર્ય પરિભ્રમણ કરે છે, તે માસના છેલ્લા દિવસે બે પાદ અને આઠ અંગુલ પુરુષછાયા પ્રમાણ પોરિસિ હોય છે.*

*૦ ભગવન્ ! વર્ષાકાળનો ત્રીજો મહિનો કેટલાં નક્ષત્ર સમાપ્ત કરે છે ? ગૌતમ ! ત્રણ નક્ષત્રો પરિસમાપ્ત કરે - ઉત્તરાભાદ્રપદ, રેવતી અને અશ્વિની.*

*ઉત્તરાભાદ્રપદ ચૌદ અહોરાત્રથી, રેવતી પંદર અહોરાત્રથી, અશ્વિની એક અહોરાત્રથી સમાપ્ત કરે છે.*

*તે માસમાં બાર અંગુલ પોરિસિ છાયાથી સૂર્ય પરિભ્રમણ કરે છે. તે માસના છેલ્લા દિવસે રેખા સ્થાયી ત્રણ પદ પોરસિ થાય.*

*૦ ભગવન્ ! વર્ષાકાળનો ચોથો માસ કેટલાં નક્ષત્રો સમાપ્ત કરે છે ? ગૌતમ ! ત્રણ — અશ્વિની, ભરણી, કૃતિકા.*

*અશ્વિની ચૌદ, ભરણી પંદર અને કૃતિકા એક અહોરાત્ર વડે તેને પરિસમાપ્ત કરે છે.*

*તે માસમાં ૧૬-અંગુલ પોરિસિ છાયાથી સૂર્ય પરિભ્રમણ કરે છે. તે માસના છેલ્લા દિવસે ત્રણ પાદ, ચાર અંગુલ પોરિસિ થાય.*

*૦ ભગવન્ ! હેમંતના પહેલા માસને કેટલા નક્ષત્રો સમાપ્ત કરે છે ? ગૌતમ ! ત્રણ - કૃતિકા, રોહિણી, મૃગશિર્ષ.*

*કૃતિકા ચૌદ, રોહિણી પંદર અને મૃગશિર્ષ એક અહોરાત્ર વડે તેને પરિસમાપ્ત કરે છે.*

*તે માસમાં ૨૦-અંગુલ પોરિસિ છાયાથી સૂર્ય પરિભ્રમણ કરે છે. તે માસનો જે છેલ્લો દિવસ, તે દિવસમાં ત્રણ પાદ અને આઠ અંગુલ પોરિસિ છાયા પ્રમાણ હોય છે.*

*૦ ભગવન્ ! હેમંતનો બીજો માસ કેટલાં નક્ષત્રો સમાપ્ત કરે છે ? ગૌતમ ! ચરા નક્ષત્રો-મૃગશિર્ષ, આર્દ્રા, પુનર્વસુ, પુષ્ય.*

*મૃગશિર્ષ ચૌદ અહોરાત્રથી સમાપ્ત કરે છે, આર્દ્રા આઠથી, પુનર્વસુ સાતથી અને પુષ્ય એક અહોરાત્રથી કરે.*

*ત્યારે ૨૪-અંગુલ પોરિસિ છાયાથી સૂર્ય પરિભ્રમણ કરે છે. તે માસનો જે છેલ્લો દિવસ, તે દિવસમાં રેખા સ્થાયીચાર પાદ પુરુષછાયા પ્રમાણ પોરિસિ હોય.*

*૦ ભગવન્ ! હેમંતના ત્રીજા માસને કેટલાં નક્ષત્ર સમાપ્ત કરે છે ? ગૌતમ ! ત્રણ-પુષ્ય, આશ્લેષા, મઘા.*

*પુષ્ય ચૌદ અહોરાત્રથી, આશ્લેષા પંદર અને મઘા એક અહોરાત્ર વડે તેને પરિસમાપ્ત કરે છે.*

*ત્યારે ૨૦-અંગુલ પોરિસિ છાયાથી સૂર્ય પરિભ્રમણ કરે છે, તે માસનો જે ચરમદિવસ, તે દિવસમાં ત્રણ પાદ અને આઠ અંગુલ પુરુષ છાયા પોરિસિ થાય.*

*૦ ભગવન્ ! હેમંતના ચોથા માસને કેટલાં નક્ષત્રો સમાપ્ત કરે છે ? ગૌતમ ! ત્રણ નક્ષત્રો — મઘા, પૂર્વાફાલ્ગુની, ઉત્તરાફાલ્ગુની.*

*મઘા ચૌદ અહોરાત્રથી, પૂર્વાફાલ્ગુની પંદર અહોરાત્રથી, ઉત્તરા ફાલ્ગુની એક અહોરાત્રથી સમાપ્ત કરે.*

*ત્યારે ૧૬-અંગુલ પોરિસિ છાયાથી સૂર્ય પરિભ્રમણ કરે છે, તે માસનો જે છેલ્લો દિવસ, તે દિવસમાં ત્રણ પાદ અને ચાર અંગુલ પ્રમાણની પોરિસિ હોય.*

*૦ ભગવન્ ! ગ્રીષ્મના પહેલાં માસને કેટલા નક્ષત્રો સમાપ્ત કરે છે ? ગૌતમ ! ત્રણ નક્ષત્રો-ઉત્તરાફાલ્ગુની, હસ્ત, ચિત્રા.*

*ઉત્તરાફાલ્ગુની ચૌદ અહોરાત્રથી, હસ્ત પંદર, ચિત્રા એક અહોરાત્રથી તેને પરિસમાપ્ત કરે છે.*

*ત્યારે બાર અંગુલ પોરિસિ છાયાથી સૂર્ય પરિભ્રમણ કરે છે. તે માસનો જે તે છેલ્લો દિવસ, તે દિવસે ત્રણ પાદ પુરુષ છાયા પ્રમાણ પોરિસિ હોય છે.*

*૦ ભગવન્ ! ગ્રીષ્મના બીજા માસને કેટલાં નક્ષત્રો પરિસમાપ્ત કરે છે ?*

*ગૌતમ ! ત્રણ નક્ષત્રો-ચિત્રા, સ્વાતિ, વિશાખા સમાપ્ત કરે.*

*ચિત્રા ચૌદ અહોરાત્રને, સ્વાતિ પંદર અહોરાત્રને, વિશાખા એક અહોરાત્રને પરિસમાપ્ત કરે છે.*

*ત્યારે આઠ અંગુલ પોરિસિ છાયાથી સૂર્ય પરિભ્રમણ કરે છે. તે માસનો જે છેલ્લો દિવસ, તે દિવસમાં બે પાદ અને આઠ અંગુલ પુરુષ છાયા પ્રમાણ પોરિસિ હોય છે.*

*૦ ભગવન્ ! ગ્રીષ્મના ત્રીજા માસને કેટલાં નક્ષત્રો પરિસમાપ્ત કરે છે ?*

*ગૌતમ ! ચાર નક્ષત્રો પરિસમાપ્ત કરે છે, તે આ પ્રમાણે — વિશાખા, અનુરાધા, જયેષ્ઠા અને મૂલ.*

*અનુરાધા આઠ અહોરાત્રથી, જયેષ્ઠા સાત અહોરાત્રથી, મૂલ એક અહોરાત્રથી અને વિશાખા ચૌદ અહોરાત્રથી સમાપ્ત કરે.*

*ત્યારે ચાર અંગુલ પોરિસિ છાયાથી સૂર્ય પરિભ્રમણ કરે છે. તે મહિનાનો જે છેલ્લો દિવસ, તે દિવસમાં બે પાદ અને ચાર અંગુલ પુરુષ છાયા પ્રમાણ પોરિસિ થાય.*



*૦ ભગવન્ ! ગ્રીષ્મના ચોથા મહિનાને કેટલાં નક્ષત્રો પરિસમાપ્ત કરે છે ?*

*ગૌતમ ! ત્રણ નક્ષત્રો — મૂલ, પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા.*

*મૂલનક્ષત્ર ચૌદ અહોરાત્રથી, પૂર્વાષાઢા પંદર અહોરાત્રથી, ઉત્તરાષાઢા એક અહોરાત્રથી પરિસમાપ્ત કરે.*

*ત્યારે વૃત્ત, સમચતુરસસંસ્થાન સંસ્થિત, ન્યગ્રોધપરિમંડલ, સકાય-અનુરંગિતા છાયા વડે સૂર્ય પરિભ્રમણ કરે છે.*

*તે માસનો જે છેલ્લો દિવસ તે દિવસમાં બે પાદ પુરુષ છાયા પ્રમાણ પોરિસિ હોય છે.*

*આ પૂર્વવર્ણિત પદોની આ સંગ્રહણી ગાથા છે —*

*[૩૩૩] યોગ, દેવતા, તારાગ્ર, ગોત્ર, સંસ્થાન, ચંદ્ર-સૂર્ય, યોગ, કુલ, પૂર્ણિમા, અમાવાસ્યા, પરિસમાપ્તિ અને છાયા.*

**● વિવેચન-૩૩૨,૩૩૩ :-**

વર્ષાકાળના ચાતુર્માસ પ્રમાણનો પહેલો માસ - શ્રાવણ, તેને કેટલાં નક્ષત્રો સ્વયં અસ્ત થઈને અહોરાત્રને પરિસમાપકપણે ક્રમથી લઈ જાય છે. અર્થાત્ વક્ષ્યમાણ સંખ્યાંક સ્વ-સ્વ દિવસોમાં આ નક્ષત્રો જ્યારે અસ્ત પામે ત્યારે શ્રાવણમાસમાં અહોરાત્રની સમાપ્તિ થાય છે, એ અર્થ કહ્યો. આટલાં રાત્રિપરિસમાપકપણાથી રાત્રિ નક્ષત્રો કહેવાય છે.

ગૌતમ ! ચાર નક્ષત્રો પરિસમાપ્ત કરે છે, ઉત્તરાષાઢા આદિ, પહેલા ચૌદ અહોરાત્રને ઉત્તરષાઢા, પછી અભિજિત સાત અહોરાત્રને, પછી શ્રવણ આઠ અહોરાત્રને પરિસમાપ્ત કરે, એ પ્રમાણે સર્વ સંકલના વડે શ્રાવણ માસના ૨૯-અહોરાત્ર જમાં, પછી શ્રાવણ માસ સંબંધી છેલ્લા એક અહોરાત્રને ધનિષ્ઠા નક્ષત્ર સમાપ્ત કરે છે.

આના નેતૃદ્વારનું પ્રયોજન રાત્રિ જ્ઞાનાદિમાં છે - તેના અનુરોધથી દિનમાનના જ્ઞાનને માટે કહે છે —

તે શ્રાવણ માસમાં પહેલાં અહોરાત્રથી આરંભીને પ્રતિદિન અન્યાન્ય મંડલ સંક્રાંતિ વડે તેવી રીતે કંઈક સૂર્ય પરાવર્તિત થાય છે, જે રીતે તે શ્રાવણમાસના અંતે ચાર અંગુલ, બે પાદ પોરિસિ થાય, અહીં આટલું વિશેષ છે કે —

જે સંક્રાંતિમાં જેટલું અહોરાત્ર પ્રમાણ છે, તેનો ચોથા ભાગ તે પૌરુષી કે યામ કે પ્રહર. અષાઢપૂનમે બે પદ પ્રમાણ પૌરુષી છે, તેમાં શ્રાવણના ચાર અંગુલ ઉમેરતા ચાર અંગુલ અધિક પોરિસિ થાય, - x - આ જ વાતને કહે છે — તે શ્રાવણમાસના છેલ્લા દિવસે બે પાદ, ચાર અંગુલ પોરિસિ થાય છે.

હવે બીજા માસનો પ્રશ્ન - વર્ષાકાળનો બીજો-ભાદરવા નામે મહિનો કેટલા નક્ષત્રથી સમાપ્ત થાય આદિ બધું કથન સૂત્રાર્થવત્ જ સમજી લેવું. - x - યાવત્ આઠ અંગુલ પોરિસિ છાયાથી સૂર્ય પરિભ્રમણ કરે છે. ભાવાર્થ પૂર્વવત્. - x -

હવે ત્રીજા માસની પૃચ્છા - ભગવન્ ! વર્ષાના ત્રીજા માસને કેટલાં નક્ષત્રો

પરિસમાપ્ત કરે છે ? ઉત્તર સૂત્રનો સંપૂર્ણ અર્થ સૂત્રાર્થવત્ જાણવો. - x - x -

પોરિસિ છાયા આ પ્રમાણે — તે માસના છેલ્લા દિવસે રેખા - પાદ પર્યન્તવર્તી સીમા, તે સ્થાનમાં ત્રણ પાદ પોરિસિ થાય છે. અર્થાત્ પરિપૂર્ણ ત્રણ પાદ પોરિસિ થાય.

હવે ચોથા માસનો પ્રશ્ન — ભગવન્ ! વર્ષાકાળના ચોથા કારતક માસને કેટલાં નક્ષત્રો પરિસમાપ્ત કરે છે ? ગૌતમ ! ત્રણ૦ ઈત્યાદિ બધું સૂત્રાર્થ મુજબ જાણવું. યાવત્ તે માસના છેલ્લા દિવસે ત્રણ પાદ, ચાર અંગુલ પોરિસિ થાય.

વર્ષાકાળ પુરો થયો. હવે હેમંતકાળનો પ્રશ્ન —

ભગવન્ ! હેમંતકાળના પહેલાં માગસર નામે માસને કેટલાં નક્ષત્રો પરિસમાપ્ત કરે છે ? ત્રણ૦ ઈત્યાદિ બધું સૂત્રાર્થવત્ જાણવું. - x - યાવત્ તે માસના છેલ્લા દિવસે ત્રણ પાદ અને આઠ આંગળ પોરિસિ થાય છે.

હવે બીજા માસનો પ્રશ્ન —

ભગવન્ ! હેમંતકાળનો બીજો પોષ નામે માસને કેટલાં નક્ષત્રો પરિસમાપ્ત કરે છે ? ચાર૦ ઈત્યાદિ બધું સૂત્રાર્થવત્ જાણવું. - x - યાવત્ તે માસના છેલ્લા દિવસે રેખા-પાદ પર્યન્તવર્તી સીમા, તે સ્થાનમાં ચાર પાદ પોરિસિ થાય - x -

— હવે ત્રીજા માસનો પ્રશ્ન - તે સુગમ છે.

— પછી ચોથા માસનો પ્રશ્ન - તે સુગમ છે.

૦ હેમંત ઋતુ પુરી થઈ, હવે ગ્રીષ્મની પૃચ્છા —

ભગવન્ ! ગ્રીષ્મનો પહેલો માસ૦ ઈત્યાદિ, ભગવન્ ! ગ્રીષ્મનો બીજો માસ૦ ઈત્યાદિ, ભગવન્ ! ગ્રીષ્મનો ત્રીજો માસ ઈત્યાદિ, ભગવન્ ! ગ્રીષ્મનો ચોથો માસ ઈત્યાદિ.

ચાર ચારે પણ ગ્રીષ્મ કાળના સૂત્રો સુબોધ છે. પ્રાયઃ પૂર્વના સૂત્રાનુસાર હોવાથી સુગમ છે. વિશેષ આ —

તે આષાઢ માસમાં પ્રકાશ્ય વસ્તુમાં વૃત્તને વૃત્તપણે સમચતુરસ્ર સંસ્થાન સંસ્થિતને સમચતુરસ્ર સંસ્થાન સંસ્થિતપણે, ન્યગ્રોધ પરિમંડલ સંસ્થાનને ન્યગ્રોધ પરિમંડલપણે, એ રીતે ઉપલક્ષણથી બાકીના સંસ્થાન સંસ્થિત પ્રકાશ્ય વસ્તુ, શેષ સંસ્થાન સંસ્થિતપણે હોય છે.

આષાઢ માસમાં જ પ્રાયઃ બધી પણ પ્રકાશ્ય વસ્તુમાં દિવસનો ચોથો ભાગ જતાં બાકીના દિવસમાં સ્વ પ્રમાણ છાયા હોય છે, નિશ્ચયથી વળી આષાઢ માસના છેલ્લા દિવસે ત્યાં પણ સર્વાભ્યંતર મંડલમાં વર્તતો સૂર્ય, જે પ્રકાશ્ય વસ્તુ - જે સંસ્થાને હોય છે, તેની છાયા પણ તેવા આકારે થાય છે. તેથી કહેલ છે કે વૃત્તને વૃત્તપણે૦

આ જ વાતને કહે છે — સ્વકાયઅનુરંગિનિ અર્થાત્ સ્વ-પોતાની છાયા નિબંધન વસ્તુની કાય-શરીર તે સ્વકાય, તેને અનુકાર ધારણ કરવાનો સ્વભાવ તે અનુરંગિની. - x - પોતાની કાયાની અનુરંગિની છાયા વડે સૂર્ય પ્રતિદિવસ પરાવર્તિત થાય છે. અહીં એવું કહેવા માંગે છે કે —



અષાઢના પહેલા અહોરાત્રથી આરંભીને પ્રતિદિવસ અન્યાન્ય મંડલ સંક્રાંતિથી તેવી કોઈ રીતે સૂર્ય પરાવર્તન પામે છે, જે રીતે સર્વ પણ પ્રકાશ્ય વસ્તુનો દિવસનો ચોથો ભાગ જતાં બાકી કે સ્વ અનુકાર અને સ્વ પ્રમાણ છાયા થાય. બાકી સુગમ છે.

આ પોરિસિ પ્રમાણ વ્યવહારથી કહેલ છે, નિશ્ચયથી સાર્દ્ધ ૩૦-અહોરાત્ર વડે ચાર અંગુલ વૃદ્ધિ કે હાનિ જાણવી તથા નિશ્ચયથી પોરિસિ પ્રમાણ પ્રતિપાદનાર્થે આ પૂર્વાચાર્ય પ્રસિદ્ધ કરણ ગાથાઓ કહેલ છે.

*[અહીં વૃત્તિકારશ્રીએ પહેલા આઠ ગાથા નોંધેલ છે, ત્યારપછી તેની વ્યાખ્યા કરેલ છે. અમો અહીં પૂર્વાચાર્યની ગાથાનો અર્થ અને વ્યાખ્યાની પુનરુક્તિ ન કરતાં સંયુક્ત અર્થ નોંધીએ છીએ —]*

ગાથાનો અર્થ અને વ્યાખ્યા —

યુગની મધ્યમાં જે પર્વમાં, જે તિથિમાં પૌરુષિ પરિમાણ જાણવાની ઈચ્છા હોય, તેના પૂર્વના યુગાદિથી આરંભીને જેટલાં પર્વો અતિક્રાંત થયા હોય તેને બાદ કરવા. કરીને ૧૫ વડે ગુણવું. ગુણીને વિવક્ષિત તિથિની પૂર્વે જે તિથિ અતિક્રાંત થઈ હોય, તેના સહિત કરવું. પછી ૧૮૬થી ભાંગવું.

ઉક્ત પ્રાપ્ત સંખ્યા એક અયનમાં ૧૮૩ મંડલ પરિમાણમાં ચંદ્ર નિષ્પાદિત તિથિના ૧૮૬ થાય, તેથી તે ભાગ વડે ભાંગતા, જે પ્રાપ્ત થાય, તેને સમ્યક્ અવધારવા.

તેમાં જો લબ્ધ સંખ્યા વિષમ હોય, જેમકે — એક, ત્રણ, પાંચ, સાત, નવ. ત્યારે તેનું પર્યન્તવર્તી દક્ષિણ અયન જાણવું.

હવે જો 'સમ' સંખ્યા પ્રાપ્ત થાય, જેમકે — બે, ચાર, છ, આઠ, દશ ત્યારે તેના પર્યન્તવર્તી ઉત્તરાયણને જાણવું.

એ પ્રમાણે દક્ષિણાયન અને ઉત્તરાયનને જાણવાનો ઉપાય કહ્યો. હવે ૧૮૬ વડે ભાગાકાર કરતાં જે શેષ વધે છે અથવા ભાગ અસંભવ હોવાથી જે શેષ રહે છે, તેની વિધિ કહે છે —

જે પૂર્વે ભાગ કરતાં કે ભાગના અસંભવમાં બાકી રહેલાં અયનગત તિથિ રાશિ વર્તે છે, તેને ચાર વડે ગુણવી. ગુણીને યુગમધ્યમાં જે સંખ્યા વડે પર્વો ૧૨૪ સંખ્યક છે, તેના પાદચતુર્થ અંશથી-૩૧ એવો અર્થ છે.

તે રીતે ભાગ કરાતા જે પ્રાપ્ત થાય, તે અંગુલ, ચ કારથી જે અંગુલાંશ, તે પૌરુષીની ક્ષય-વૃદ્ધિ જાણવી. દક્ષિણાયનમાં પદ-ધ્રુવરાશિની ઉપર વૃદ્ધિ અને ઉત્તરાયણમાં પદ ધ્રુવરાશિનો ક્ષય થાય, એ પ્રમાણે અર્થ જાણવો.

હવે એવા સ્વરૂપના ગુણાકારનો ભાગહાર કઈ રીતે ઉત્પન્ન થાય છે ? તે અહીં કહે છે —

જો ૧૮૬ થી ૨૪-અંગુલ ક્ષય કે વૃદ્ધિ પ્રાપ્ત થાય, તો એક તિથિમાં કેટલી વૃદ્ધિ કે ક્ષય થાય ?

અહીં ત્રિરાશિ સ્થાપના - ૧૮૬/૨૪/૧. અહીં અંત્ય રાશિ વડે મધ્યમ રાશિને

ગુણીએ – ૨૪ x ૧. તેથી તે જ રાશિ અર્થાત્ ૨૪-જ આવશે. પછી આદ્ય રાશિ ૧૮૬ છે. તેના વડે ભાગાકાર કરીએ, તેથી આવશે - ૨૪/૧૮૬. હવે અહીં ઉપરની રાશિ અલ્પ છે, તેથી ભાગાકાર થઈ શકશે નહીં. તેથી છેદ્ય અને છેદકરાશિની ૬ વડે અપવર્તના કરીએ અર્થાત્ છ થી ભાગ કરીએ. તો ઉપરની રાશિ ૪-આવશે અને નીચેની રાશિ-૩૧ આવશે. અર્થાત્ ૪/૩૧.

એ રીતે ક્ષય કે વૃદ્ધિમાં ચાર-ગુણાકાર કહ્યો અને ૩૧-ભાગાકાર કહ્યો. અહીં જે પ્રાપ્ત થાય, તેટલાં અંગુલ ક્ષય કે વૃદ્ધિ જાણવી જોઈએ, તેમ કહ્યું.

તેમાં કયા અયનમાં કેટલાં પ્રમાણ ધ્રુવરાશિની ઉપર વૃદ્ધિ કે ક્યાં અયનમાં કેટલાં પ્રમાણ ધ્રુવરાશિમાં ક્ષય થાય, એ પ્રમાણે નિરૂપણા માટે કહે છે –

દક્ષિણાયનમાં બે પદથી - બે પદની ઉપર અંગુલોની વૃદ્ધિ જાણવી, ઉત્તરાયનમાં ચાર પાદથી અંગુલની હાનિ છે.

તેમાં યુગ મધ્યમાં પહેલાં સંવત્સરમાં દક્ષિણાયનમાં જે દિવસથી આરંભીને વૃદ્ધિ છે, તેનું નિરૂપણ કરતી બે ગાથા છે –

યુગના પહેલાં સંવત્સરમાં શ્રાવણ માસના કૃષ્ણ પક્ષમાં એકમે પૌરુષી બે પદ પ્રમાણ ધ્રુવ હોય છે, પછી તેની એકમથી આરંભીને પ્રત્યેક તિથિ ક્રમથી ત્યાં સુધી વધે છે, જ્યાં સુધી સૂર્યમાસથી સાર્દ્ધ ૩૦ અહોરાત્ર પ્રમાણથી, ચંદ્રમાસની અપેક્ષાથી ૩૧ તિથિ વડે ચાર અંગુલ વધે. આ બધું કઈ રીતે જાણી શકાય ?

જે રીતે મહિના વડે સાર્દ્ધ-૩૦ અહોરાત્ર પ્રમાણથી ૩૧ તિથિ સ્વરૂપ વડે છે, તે કહે છે – જે કારણે એક તિથિમાં ૪/૩૧ ભાગ વધે છે, તે પૂર્વે જણાવેલ છે, પરિપૂર્ણ દક્ષિણાયનમાં વૃદ્ધિ પરિપૂર્ણ ચાર પદો છે. તેથી એક માસ વડે સાર્દ્ધ ૩૦ અહોરાત્ર પ્રમાણથી ૩૧-તિથિરૂપથી કહ્યું. એ પ્રમાણે વૃદ્ધિ કહી. હવે હાનિ–

યુગના પહેલાં સંવત્સરમાં માઘ મહિનામાં કૃષ્ણ પક્ષમાં સપ્તમીથી આરંભીને ચાર પાદોથી પ્રતિતિથિ ૪/૩૧ ભાગ હાનિ ત્યાં સુધી જાણવી, ત્યાં સુધી ઉત્તરાયણના અંતે બે પાદ પૌરુષિ થાય.

આ પહેલાં સંવત્સરગત વિધિ છે, બીજા સંવત્સરમાં શ્રાવણ મહિનાના કૃષ્ણ પક્ષમાં તેરસને આદિમાં કરીને વૃદ્ધિ. માઘ માસમાં શુક્લ પક્ષમાં ચોથને આદિ કરીને ક્ષય થાય.

ત્રીજા સંવત્સરમાં શ્રાવણ મહિનાના શુક્લપક્ષની દશમી વૃદ્ધિની આદિ, માઘમાસમાં કૃષ્ણપક્ષમાં એકમ ક્ષયની આદિ.

ચોથા સંવત્સરમાં શ્રાવણ મહિનાના કૃષ્ણ પક્ષમાં સાત વૃદ્ધિની આદિ, માઘમાસના કૃષ્ણપક્ષમાં ૧૩ ક્ષયની આદિ.

પાંચમાં સંવત્સરના શ્રાવણ માસના શુક્લ પક્ષમાં ચોથ વૃદ્ધિની આદિ, માઘમાસના શુક્લપક્ષમાં દશમી ક્ષયની આદિ.

હવે ઉપસંહાર કહે છે – એ રીતે ઉક્ત પ્રકારે પૌરુષી વિષયમાં વૃદ્ધિ અને ક્ષયમાં યથાક્રમે દક્ષિણાયનમાં અને ઉત્તરાયણમાં જાણવું. એ પ્રમાણે અક્ષરાર્થને





આશ્રીને કરણગાથા કહી.

હવે આની કરણ ભાવના કરાય છે –

કોઈપણ પૂછે છે – યુગની આદિથી આરંભીને ૮૫માં પર્વમાં પાંચમી તિથિમાં કેટલા પાદની પૌરુષી હોય છે ? તેમાં ૮૪ બાદ કરાય છે, તેની નીચેથી પંચમી તિથિમાં પૂછ્યું, તેથી પાંચ, ૮૪ને ૧૬ વડે ગુણતાં આવશે - ૧૨૬૦. આની મધ્યે નીચેના પાંચ ઉમેરીએ. તેથી આવશે-૧૨૬૫. તેને ૧૮૬ વડે ભાંગતા, આવશે-૬. આવેલ છ અયનો અતિક્રમીને સાતમું આયન વર્તે છે.

તેમાં જતાં શેષ ૧૪૯ રહે છે. તેને ચાર વડે ગુણતાં આવશે-૫૯૬. તેને ૩૧ વડે ભાગ દેવાતા પ્રાપ્ત થશે-૧૯. શેષ રહેશે સાત. તેમાં ૧૨-અંગુલ પાદ, એ રીતે ૧૯થી ૧૨ વડે, પદ પ્રાપ્ત થાય. શેષ રહે છે સાત અંગુલ. છટ્ઠું અયન ઉત્તરાયણ, તે જતાં સાતમું અયન દક્ષિણાયન વર્તે છે.

પછી ૧-પાદ, ૭-અંગુલને બે પાદ પ્રમાણ ધ્રુવરાશિમાં ઉમેરીએ. તેથી આવશે ૩-પાદ, ૭-અંગુલ, જે ૭/૩૧ ભાગ શેષરૂપ વર્તે છે, તેના યવ કરીએ. તેમાં આઠ યવનો એક અંગુલ, તેથી ૭ ને ૮ વડે ગુણતાં આવશે-૫૬, તેને ૩૧ વડે ભાંગતા આવશે એક યવ અને શેષ રહેશે યવના ૨૫/૩૧ ભાગ. એટલી પૌરુષિ થાય.

વળી બીજું કોઈ પૂછે છે - ૯૭ માં પર્વમાં, પંચમી તિથિમાં કેટલા પાદ પૌરુષી ? તેમાં ૯૬ બાદ કરવા. તેની નીચે પાંચ છે. ૯૬ને ૧૫ વડે ગુણીએ. આવશે-૧૪૪૦, તેમાં નીચેના પાંચ ઉમેરો. થશે ૧૪૪૫. તેના ૧૮૬ વડે ભાગ કરાતા પ્રાપ્ત થશે ૭-અયનો અને શેષ રહેશે-૧૪૩. તેને ૪-વડે ગુણીએ, આવે-૫૭૨. તેને ૩૧-વડે ભાંગતા પ્રાપ્ત ૧૮ અંગુલ, તેમાં ૧૨ અંગુલ વડે પાદ, એ રીતે પ્રાપ્ત થાય, ૧-પાદ, ૬-અંગુલ અને ઉપર ઉદ્ધરિત અંશ-૧૪. તેના યવ કરવા ૮ વડે ગુણીએ, તેથી આવે ૧૧૨. તેને ૩૧ વડે ભાંગતા પ્રાપ્ત થાય-૩-યવ. શેષ રહે છે - એક યવના ૧૯/૩૧ ભાગ. સાત અયનો ગયા.

આઠમું અયન તે ઉત્તરાયન. ઉત્તરાયનમાં ચાર પાદ રૂપથી ધ્રુવરાશિની હાનિ કહેવી. તેથી એક પાદ, ૭-અંગુલ, ૩-યવ, એક યવના ૧૯/૩૧ ભાગ, એ પ્રમાણે ચાર પાદમાંથી લઈ લેતાં, શેષ રહે છે – બે પાદ, ચાર અંગુલ, ચાર યવ, એક યવના ૧૨/૩૧ ભાગ. આટલી યુગની આદિથી આરંભીને ૯૭માં પર્વમાં પાંચમી તિથિમાં પૌરુષી થાય છે. આ પ્રમાણે બધે જ ભાવના કરવી જોઈએ.

હવે પૌરુષી પરિમાણથી અયનગત પરિમાણ જાણવાને માટે આ કરણ ગાથા છે – પૌરુષીમાં જેટલી વૃદ્ધિ કે હાનિ બતાવી, તેથી દિવસગત કે પ્રવર્તમાન વડે ત્રિરાશિ કરણાનુસારથી જે પ્રાપ્ત થાય, તે અયનનું તેટલાં પ્રમાણમાં રહેલ જાણવું. આ કરણગાથા અક્ષરાર્થ કહ્યો, તેની ભાવના આ પ્રમાણે છે –

તેમાં દક્ષિણાયનમાં બે પાદની ઉપર, ચાર અંગુલની વૃદ્ધિ બતાવી. ત્યારે કોઈ પણ પૂછે - દક્ષિણાયનના કેટલાં જતાં ? અહીં ત્રિરાશિ કર્મ અવતાર થાય - જો ચાર અંગુલના ૩૧-ભાગ વડે એક તિથિ પ્રાપ્ત થાય, તો ચાર અંગુલ વડે કેટલી તિથિ

પ્રાપ્ત થાય ?

ત્રિરાશિ સ્થાપના - ૪/૩૧/૧/૪. અહીં અંત્યરાશિ અંગુલરૂપ ૩૧-ભાગ કરણાર્થે ૩૧ વડે ગુણીએ, તેથી આવશે-૧૨૪. તેનાથી મધ્યરાશિ ગુણવામાં આવે. તો ૧૨૪ x ૧ = ૧૨૪ આવશે. તેને ચાર-રૂપ આદિ રાશિથી ભાગાકાર કરતાં પ્રાપ્ત થાય-૩૧ તિથિઓ. આવેલ દક્ષિણાયનમાં ૩૧મી તિથિમાં ચાર અંગુલ પૌરુષીમાં વૃદ્ધિ થાય.

તથા ઉત્તરાયણમાં ચાર પાદથી આઠ અંગુલ હીન પૌરુષીમાં પામીને કોઈ પણ પૂછે છે — ઉત્તરાયન કેટલાં જતાં ? અહીં પણ ત્રિરાશિ-જો ચાર અંગુલના ૩૧-ભાગ વડે એક તિથિ પ્રાપ્ત થાય, તો આઠ અંગુલ હીનથી કેટલી તિથિઓ પ્રાપ્ત થાય ?

ત્રિરાશિ સ્થાપના - ૪/૩૧/૧/૮. અહીં અંત્ય રાશિના ૩૧-ભાગ કરણાર્થે ૩૧ વડે ગુણીએ. તેથી આવે-૨૪૮, તેના વડે મધ્યરાશિ-૧-ને ગુણતાં તે જ ૨૪૮ આવશે. તેને આદ્ય રાશિ-૪-વડે ભાગ દેવાતા પ્રાપ્ત થશે ૬૨. આવેલ ઉત્તરાયણમાં ૬૨મી તિથિમાં આઠ અંગુલ પૌરુષી હીન થાય - ઘટે છે.

હવે ઉપસંહાર વાક્ય કહે છે — આ અનંતરોક્ત પૂર્વવર્ણિત પદોમાં આ કહેવાનારી સંગ્રહણી ગાથા છે. તે પૂર્વે વ્યાખ્યાન સ્વરૂપ છે. આના નિગમનાર્થે ફરી કહેલ છે, તેથી પુનરુક્તિ ન જાણવી.

જે પૂર્વ ઉદ્દેશ સમયે સન્નિપાતદ્વારમાં સૂત્રમાં સાક્ષાત્ ઉપાત છે, હવે છાયા દ્વારમાં કહ્યું, તે સૂત્રકારની પ્રવૃત્તિનું વૈચિત્ર્ય છે. પૂર્ણિમા - અમાવાસ્યા દ્વારમાં સંનિપાત દ્વાર અંતર્ભાવિત છે. છાયા દ્વાર નેતૃદ્વારાનું યોગ્ય છતાં પણ ભિન્ન સ્વરૂપપણાથી પૃથક્ રૂપે વિવક્ષિત છે, એમ વિચારવું જોઈએ.

હવે આ જ અધિકારમાં ૧૬-દ્વારો વડે અર્થાન્તરને પ્રતિપાદન કરવા માટે બે ગાથા કહે છે —

● **સૂત્ર-૩૩૪ થી ૩૩૯ :-**

*[૩૩૪] દ્વાર — (૧) અધસ્તન પ્રદેશવર્તી, (૨) ચંદ્ર પરિવાર, (૩) મેરુથી અબાધા, (૪) લોકાંતથી અંતર, (૫) ભૂતલથી અબાધા, (૬) અંદર, બહાર અને ઉર્ધ્વમુખ ચાલે છે ?*

*[૩૩૫] દ્વાર — (૭) સંસ્થાન, (૮) પ્રમાણ, (૯) વહન કરનાર દેવ, (૧૦) શીઘ્ર ગતિ આદિ, (૧૧) ઋદ્ધિમાન્‌પણું, (૧૨) તારાનું અંતર, (૧૩) અગ્રમહિષી, (૧૪) ત્રુટિત અને સામર્થ્ય, (૧૫) સ્થિતિ, (૧૬) અલ્પબહુત્વ.*

*[૩૩૬] ભગવન્ ! ચંદ્ર-સૂર્યના અધસ્તન પ્રદેશવર્તી તારા-વિમાનો [ના દેવોમાં] ન્યૂન, તુલ્ય, સમ છે ? ઉપરિતન પ્રદેશવર્તી તારા-વિમાનો [ના દેવોમાં] ન્યૂન છે કે સમાન ?*

*હા, ગૌતમ ! તે પ્રમાણે જ કહેવું.*

*[૩૩૭] ભગવન્ ! કયા કારણે એમ કહેવાય છે કે — "તેમ છે."*

*ગૌતમ ! જે-જે રીતે તે દેવોના તપ-નિયમ-બ્રહ્મચર્ય ઉચ્ચ કે અનુચ્ચ હોય છે, તે-તે રીતે, તે દેવોને એ પ્રમાણે કહેવા.*



*તે આ પ્રમાણે - હીનતા હોય કે તુલ્યતા હોય.*

*જે-જે રીતે તે દેવોના તપ, નિયમ, બ્રહ્મચર્ય ઉચ્ચાદિ ન હોય, તે-તે રીતે, તે દેવોને એ પ્રમાણે ન કહેવા.*

*તે આ પ્રમાણે — હીનતા હોય કે તુલ્યતા હોય.*

*[૩૩૮] ભગવન્ ! એક એક ચંદ્રના કેટલો મહાગ્રહ પરિવાર છે ?, કેટલો નક્ષત્ર પરિવાર છે ?, કેટલા કોડાકોડી તારાગણ છે ?*

*ગૌતમ ! ૮૮-મહાગ્રહ પરિવાર છે, ૨૮-નક્ષત્ર પરિવાર છે અને ૬૬,૯૭૫ કોડાકોડી તારાગણ કહેલો છે.*

*[૩૩૯] ભગવન્ ! મેરુ પર્વતથી કેટલાં અંતરે જ્યોતિષ્ક દેવ ચાર ચરે છે ? [ગતિ કરે છે ?]*

*ગૌતમ ! ૧૧૨૧ યોજનના અંતરે ચાર ચરે છે.*

*ભગવન્ ! લોકાંતથી કેટલે અંતરે જ્યોતિષ્ક કહેલાં છે ?*

*ગૌતમ ! ૧૧૧૧ યોજનના અંતરે જ્યોતિષ્ક છે.*

*ભગવન્ ! ભૂમિતલથી જ્યોતિષ્ચક્ર કેટલે ઉંચે ગતિ કરે છે ?*

*ગૌતમ ! ૭૯૦ યોજન ઉંચે ગતિ કરે છે.*

*એ પ્રમાણે સૂર્યવિમાન ભૂમિતલથી ૮૦૦ યોજન ઉંચે, ચંદ્રવિમાન ૮૮૦ યોજન ઉંચે, ઉપરના તારા વિમાન ૯૦૦ યોજન ઉંચાઈથી ચાર ચરે-ગતિ કરે છે.*

*ભગવન્ ! જ્યોતિષ્કના નીચેના તલથી સૂર્યવિમાન કેટલી ઉંચાઈએ ગતિ કરે છે ?*

*ગૌતમ ! દશ યોજનના અંતરે ઉંચે ગતિ કરે છે.*

*એ પ્રમાણે ચંદ્રવિમાન ૯૦ યોજનના અંતરે ઉંચે ગતિ કરે છે, ઉપરનું તારાવિમાન ૧૧૦ યોજનના અંતરે ઉંચે ગતિ કરે.*

*સૂર્યના વિમાનથી ચંદ્રનું વિમાન ૮૦ યોજનના અંતરે ઉંચે ગતિ કરે છે.*

*સૂર્યના વિમાનથી ૧૦૦ યોજન ઉપર તારા વિમાન ગતિ કરે છે અને ચંદ્રના વિમાનથી ૨૦ યોજન ઉપર તારા વિમાન ચાર ચરે છે અર્થાત્ ગતિ કરે છે.*

● **વિવેચન-૩૩૪ થી ૩૩૯ :-**

(૧) ચંદ્ર અને સૂર્યના તારા મંડલની નીચે, ઉપલક્ષણથી સમાન પંક્તિએ અને ઉપર હીન કે સમ ઈત્યાદિ વક્તવ્ય. (૨) ચંદ્રપરિવાર વક્તવ્ય. (૩) જ્યોતિષ્ચક્રની મેરુથી અબાધાનું કથન. (૪) તે રીતે લોકાંતથી જ્યોતિષ્કચક્રનું અંતર.

(૫) ભૂમિતલથી જ્યોતિષ્ ચક્રનું અંતર, (૬) નક્ષત્રનો અંતચાર ક્ષેત્રની અંદર છે કે બહાર, ઉપર છે કે નીચે, તેની વકચવ્યતા, (૭) જ્યોતિષ્ક વિમાનોની સંખ્યા, (૮) તેનું જ પ્રમાણ.

(૯) ચંદ્રાદિના વિમાનો કોણ વહન કરે છે ? (૧૦) તેમની મધ્યે કોણ

અલ્પઋદ્ધિક કે મહાઋદ્ધિક છે, તેનું કથન (૧૧) તારાના પરસ્પર અંતરનું કથન (૧૨) ચંદ્રાદિમાં કોણ શીઘ્ર ગતિક કે મંદગતિક છે, તે વિશેની વક્તવ્યતા.

(૧૩) અગ્રમહિષી કથન, (૧૪) ત્રુટિક - અભ્યંતર પર્ષદામાં સ્ત્રીજન સાથે ભોગ કરવાને સમર્થ ચંદ્રાદિ છે કે નહીં, તેનું કથન. (૧૫) સ્થિતિ-આયુષ્ય, (૧૬) જ્યોતિષ્કોનું અલ્પબહુત્વ.

હવે પ્રથમ દ્વારને પૂછવા માટે કહે છે –

ભગવન્ ! ચંદ્ર-સૂર્ય દેવોને ક્ષેત્રની અપેક્ષાથી નીચે પણ તારારૂપ - તારા વિમાનાધિષ્ઠાતા દેવો ધુતિ અને વૈભવ આદિની અપેક્ષાથી કેટલાં અણુ-હીન હોય છે, કેટલાં તુલ્ય-સદૃશ હોય, અધિકપણું તો સ્વસ્વ ઈન્દ્રોથી પરિવારના દેવોને સંભવતું નથી માટે પૂછેલ નથી. તથા સમ પણ ચંદ્રાદિ વિમાનોથી ક્ષેત્રની અપેક્ષાથી સમ-સમશ્રેણિસ્થિત પણ તારા વિમાન અધિષ્ઠાતા દેવો પણ ચંદ્ર-સૂર્યોના દેવોના ધુતિ અને વૈભવ આદિની અપેક્ષાથી કેટલાંક હીન અને કેટલાંક તુલ્ય હોય. તથા ચંદ્રાદિ વિમાનોના ક્ષેત્રની અપેક્ષાથી ઉપર સ્થિત તારા વિમાન અધિષ્ઠાતા દેવો પણ ચંદ્ર-સૂર્યના દેવોના ધુતિ અને વૈભવ આદિની અપેક્ષાથી કેટલાંક હીન, કેટલાંક તુલ્ય પણ હોય.

એ પ્રમાણે ગૌતમે પૂછતાં ભગવંતે કહ્યું –

ગૌતમ ! હા, અર્થાત્ જે પૂછ્યું, તે બધું તેમજ હોય, તેથી તેમજ કહેવું જોઈએ. આ અર્થમાં હેતુ પ્રશ્ન કહે છે –

ભગવન્ ! કયા હેતુથી એમ કહ્યું ? અર્થાત્ તે જ સૂત્ર અનુસ્મરણ કરવું ? તેનો ઉત્તર આપતા કહે છે –

જે-જે રીતે તારાવિમાનના અધિષ્ઠાતા દેવોનું પૂર્વ ભવમાં તપ, નિયમ, બ્રહ્મચર્ય ઉત્કટ હોય, તેમાં તપ-અનશનાદિ બાર ભેદે છે, નિયમ-શૌચ આદિ, બ્રહ્મચર્ય-મૈથુનવિરતિ. અહીં શેષ વ્રતોનું ઉપદર્શન ઉત્કટવ્રતધારીનો જ્યોતિષ્કમાં ઉત્પાદ અસંભવ છે માટે કહેલ નથી. ઉત્કટના ઉપલક્ષણથી અનુત્કટ પણ જાણવું. અન્યથા ઉત્તરસૂત્રમાં કહેવાનાર અણુત્વ ન આવે.

યત્ શબ્દ ગર્ભિત વાક્યની સાપેક્ષતાથી તત્ શબ્દગર્ભિત વાક્ય હોવાથી ઉત્તરવાક્ય કહે છે – તે તે રીતે તે દેવોને એ પ્રમાણે જાણવા. તે આ રીતે – અણુત્વ કે તુલ્યત્વ. આમાં કંઈ અનુચિત નથી. મનુષ્યલોકમાં પણ દેખાય છે કે – કેટલાંક જન્માંતરોપચિત તથાવિધ પુન્યના ભારથી રાજ્યત્વને પામ્યા વિના પણ રાજા જેવો તુલ્ય વૈભવ ભોગવે છે. અહીં વ્યતિરેકથી કહે છે –

જેમ જેમ તે તારાવિમાન અધિષ્ઠાતાના પૂર્વ ભવ અર્જિત ઉત્કટ તપ-નિયમ-બ્રહ્મચર્ય ન હોય, તેમ-તેમ તે-તે દેવાને આવું અણુત્વ કે તુલ્યત્વ હોતું નથી. કેમકે આભિયોગિક કર્મોદયથી અતિનિકૃષ્ટત્વ હોય છે. અર્થ આ છે – અકામનિર્જરાદિ યોગથી દેવત્વપ્રાપ્તિ થવા છતાં પણ દેવ ઋદ્ધિના અલાભથી ચંદ્ર-સૂર્યથી ધુતિ-વૈભવ આદિ અપેક્ષાએ અણુત્વ પણ સંભવે છે. - x -



હવે બીજા દ્વારનો પ્રશ્ન કરે છે –

ભગવન્ ! એકૈક ચંદ્રના કેટલો મહાગ્રહ પરિવાર છે આદિ પ્રશ્ન સૂત્રાર્થવત્ જાણવા, ઉત્તર સૂત્ર પણ તેમજ છે. વિશેષ એ કે – ભલે અહીં આ ચંદ્રના જ પરિવારપણે કહેલા છે, તો પણ સૂર્યના પણ ઈન્દ્રત્વથી આ પણ તેના પરિવારપણે જાણવા. કેમકે સમવાયાંગ અને જીવાભિગમની વૃત્તિમાં તેમ કહેલ છે.

હવે ત્રીજા દ્વારનો પ્રશ્ન કરે છે –

ભગવન્ ! મેરુ પર્વતથી કેટલે દૂર જ્યોતિશ્ચક્ર ગતિ કરે છે ? ગૌતમ ! જગત્ના સ્વભાવથી ૧૧૨૧ યોજનના અંતરે જ્યોતિષ્ ગતિ કરે છે. શું કહેવા માંગે છે ? મેરુથી ચક્રવાલથી ૧૧૨૧ યોજન છોડીને ચલ જ્યોતિશ્ચક્ર તારારૂપ ગતિ કરે છે. પ્રક્રમથી જંબૂદ્વીપગત જ જાણવું અન્યથા લવણસમુદ્રાદિ જ્યોતિશ્ચક્રના મેરુથી દૂરવર્તિત્વથી ઉક્ત પ્રમાણ અસંભવ છે. પૂર્વે સૂર્યચંદ્ર વક્તવ્યતાધિકારમાં અબાધા દ્વારમાં સૂર્ય અને ચંદ્રનું જ મેરુથી અંતર કહ્યું, અહીં તારાપટલની કહ્યું. તેથી તેમાં પૂર્વાપર વિરોધ નથી.

હવે સ્થિર જ્યોતિશ્ચક્ર જોતાં કેટલી અબાધાથી પૂર્વે રહે છે, એમ પૂછતાં ચોથું દ્વાર કહે છે –

લોકાંતથી - અલોકાદિથી પૂર્વે કેટલા અંતરે પ્રક્રમથી સ્થિર જ્યોતિશ્ચક્ર કહેલ છે ? ગૌતમ ! જગત્ સ્વભાવથી ૧૧૧૧ યોજન દૂરે જ્યોતિષ્ કહેલ છે, પ્રક્રમથી સ્થિર જાણવા. ત્યાં ચર જ્યોતિશ્ચક્રનો અભાવ છે.

હવે પાંચમાં દ્વારને પૂછે છે –

ભગવન્ ! ભૂમિતલથી ઉર્ધ્વ ઉંચે કેટલે દૂર અધઃસ્તન જ્યોતિષ્ ચાર ચરે છે ? ગૌતમ ! સિદ્ધાંત પ્રસિદ્ધ સમભૂતલ ભૂભાગથી ઉર્ધ્વ ઉંચે કેટલે દૂર અધસ્તન જ્યોતિષ તારાપટલ ચાર ચરે છે ? ગૌતમ ! ૭૯૦ યોજન દૂર અધસ્તન જ્યોતિશ્ચક્ર ચાર ચરે છે.

હવે સૂર્યાદિ વિષયક અબાધા સ્વરૂપને સંક્ષેપીને ભગવંત સ્વયં કહે છે – એ પ્રમાણે જેમ સમભૂમિભાગથી અધસ્તન જ્યોતિશ્ચક્ર ૭૯૦ યોજને છે, તેમ સમભૂમિભાગથી સૂર્ય વિમાન ૮૦૦ યોજને, ચંદ્રવિમાન ૮૮૦ યોજને, ઉપરિતન તારા ૯૦૦ યોજને ચાર ચરે છે.

હવે જ્યોતિશ્ચક્રના ચાર ક્ષેત્રની અપેક્ષાથી અંતરનો પ્રશ્ન –

જ્યોતિશ્ચક્રના ૧૧૦ યોજન જાડાઈની નીચેના તલથી કેટલી દૂરે સૂર્યવિમાન ચાર ચરે છે ? ગૌતમ ! ૧૦ યોજન રૂપ અંતરથી સૂર્યવિમાન ગતિ કરે છે. આ સૂત્રમાં સમભૂભાગથી ઉંચે ૭૯૦ યોજન અતિક્રમતા જ્યોતિશ્ચક્રનું બાહલ્ય મૂળભૂત આકાશપ્રદેશ પ્રતર છે, તે અવધિ માનવી. એ પ્રમાણે ચંદ્રાદિ સૂત્રમાં પણ છે. એ પ્રમાણે ચંદ્રવિમાન ૯૦ યોજન રૂપ અંતરે ચાર ચરે છે. ઉપરના તારાવિમાન ૧૧૦ યોજન દૂર જ્યોતિશ્ચક્રની જાડાઈને અંતે ચાર ચરે છે.

હવે ગતાર્થ છતાં શિષ્યને જણાવવા સૂર્યાદિનું પરસ્પર અંતર સૂત્રકાર કહે છે –

સૂર્યવિમાનથી ચંદ્રવિમાન ૮૦ યોજન દૂર ચાર ચરે છે. સૂર્યવિમાનથી ૧૧૦ યોજન દૂર ઉપરિતન તારાપટલ ચાર ચરે છે. ચંદ્રવિમાનથી ૨૦ યોજન ઉપર તારાપટલ ચાર ચરે છે.

અહીં સૂચવવા પૂરતું સૂત્રમાં ન કહ્યા છતાં ગ્રહોની અને નક્ષત્રોની ક્ષેત્રવિભાગ વ્યવસ્થાના મતાંતર આશ્રિત સંગ્રહણીવૃત્યાદિ દર્શિત લખીએ છીએ — ભૂતલથી ૭૯૦ યોજન જઈને સર્વથી નીચેના નભસ્તલમાં તારા રહેલ છે, તારાપટલથી ૧૦ યોજને સૂર્યપટલ, ત્યાંથી ૮૦ યોજને ચંદ્ર, ચાર યોજન જઈને નક્ષત્રપટલ, ત્યાંથી ચાર યોજન જઈને બુધ પટલ, શુક્ર-ગુરુ-મંગળ ત્રણ ત્રણ યોજન ઉંચે ક્રમથી પટલ રહેલ છે. - - હવે છટ્ઠું દ્વાર કહે છે —

• **સૂત્ર-૩૪૦ થી ૩૪૩ :-**

***જંબૂદ્વીપ દ્વીપમાં ૨૮-નક્ષત્રોમાં કેટલાં નક્ષત્રો સર્વ અભ્યંતર મંડલમાં ચાર ચરે છે ? કેટલાં નક્ષત્રો સર્વ બાહ્ય મંડલમાં ચાર ચરે છે ? કેટલાં નક્ષત્રો સૌથી નીચે ચાર ચરે છે ? કેટલાં નક્ષત્રો સૌથી ઉપર ચાર ચરે છે ?***

***ગૌતમ ! અભિજિત્ નક્ષત્ર સર્વાભ્યંતર મંડલમાં ચાર ચરે છે, મૂલ નક્ષત્ર સર્વ બાહ્ય મંડલમાં ચાર ચરે છે, ભરણી નક્ષત્ર સૌથી નીચે અને સ્વાતિ નક્ષત્ર સૌથી ઉપર ચાર ચરે છે.***

***ભગવન્ ! ચંદ્રવિમાન કયા આકારે કહેલ છે ?***

***ગૌતમ ! અર્ધ કપિઠ્ઠ સંસ્થાને રહેલ, સર્વ સ્ફટિકમય, અભ્યુદ્ગત ઉંચુ, એ પ્રમાણે બધું જાણવું.***

***ભગવન્ ! ચંદ્ર વિમાનની લંબાઈ પહોળાઈ કેટલી છે ? અને તેનું બાહલ્ય-ઉંચાઈ કેટલી છે ?***

***[૩૪૧] ગૌતમ ! ચંદ્રમંડલ ૫૬ ભાગથી વિસ્તીર્ણ અને ૨૮ ભાગથી બાહલ્ય-ઉંચુ છે, તેમ જાણવું.***

***[૩૪૨] સૂર્યમંડલ-૪૮ ભાગ વિસ્તીર્ણ હોય છે, અને નિશ્ચે ૨૪-ભાગ તેનુ બાહલ્ય-ઉંચાઈ જાણવી.***

***[૩૪૩] ગ્રહોની પહોળાઈ બે કોશ અને નક્ષત્રોની ૧-કોશ હોય છે. તારાની અર્ધ કોશ હોય. ગ્રહાદિનું બાહલ્ય-ઉંચાઈ તેના-તેનાથી અડધી હોય છે.***

• **વિવેચન-૩૪૦ થી ૩૪૩ :-**

ભગવન્ ! જંબૂદ્વીપમાં ૨૮-નક્ષત્રો મધ્યે કેટલાં નક્ષત્ર સર્વ મંડલોથી અભ્યંતર-સર્વાભ્યંતર છે ? આના દ્વારા દ્વિતીયાદિ મંડલ ચારનો નિષેધ કર્યો. તથા કેટલાં નક્ષત્ર સર્વબાહ્ય - સર્વથી નક્ષત્ર મંડલિકાની બહાર ચાર ચરે છે - ભ્રમણ કરે છે. કેટલાં નક્ષત્રો બધાંથી નીચે ચાર ચરે છે ? કેટલાં નક્ષત્ર બધાં નક્ષત્રોની ઉપર ચાર ચરે છે ? અર્થાત્ બધાં નક્ષત્રની ઉપર ચરે છે ?

ગૌતમ ! અભિજિત્ નક્ષત્ર બધાંની અભ્યંતર ચાર ચરે છે, જો કે સર્વાભ્યંતર મંડલચારી અભિજિતાદિ બાર નક્ષત્રો કહ્યા છે, તો પણ આ ૧૧-નક્ષત્રોની અપેક્ષાથી



મેરુની દિશામાં રહીને ચાર ચરે છે, તેથી સર્વાભ્યંતર ચારી કહેલ છે.

મૂલનક્ષત્ર સર્વબાહ્ય ચાર ચરે છે, જો કે પંદર મંડલ બાહ્યચારી છે - મૃગશિરાદિ છ, પૂર્વાષાઢા-ઉત્તરાષાઢાના ચાર તારામાં બબ્બે તારા કહ્યા, તે પણ આ બહિશ્ચારી નક્ષત્રની અપેક્ષાથી લવણની દિશામાં રહી ચાર ચરે છે તેથી સર્વ બાહ્યચારી કહ્યા.

ભરણીનક્ષત્ર બધાંની નીચે ચાર ચરે છે.

સ્વાતિનક્ષત્ર બધાંની ઉપર ચાર ચરે છે. ભાવ એવો છે કે — ૧૧૦ યોજનરૂપ જ્યોતિશ્ચક્ર બાહલ્યમાં જે નક્ષત્રોના ક્ષેત્રવિભાગ ચાર યોજન પ્રમાણ છે, તેની અપેક્ષાથી ઉક્ત બંને નક્ષત્રો ક્રમથી અધસ્તન અને ઉપરિતન ભાગમાં જાણવા. હરિભદ્રસૂરિજી પણ અધસ્તન ભરણી આદિ અને ઉપરિતન સ્વાતિ આદિ નક્ષત્ર છે, તેમ કહે છે.

હવે સાતમું દ્વાર —

ભગવન્ ! ચંદ્રવિમાન કયા આકારે છે ? ગૌતમ ! ઉંધુ કરેલ અર્ધકપિત્થ ફળ સંસ્થાને રહેલ, સર્વસ્ફટિકમય, વિજયદ્વાર આગળ પ્રકંઠકગત પ્રાસાદ વર્ણન, સર્વે પણ વિમાન પ્રકરણથી કહેવું.

ચંદ્ર વિમાન માફક બધાં સૂર્યાદિ જ્યોતિષ્ક વિમાનો જાણવા - x - [શંકા] જો બધાં જ્યોતિષ્ક વિમાનો ઉર્ધ્વીકૃત્ કપિત્થાકારે છે, તો ચંદ્ર-સૂર્ય વિમાનો અતિ સ્થૂળત્વથી ઉદયકાળે - અસ્તકાળે, જ્યારે તીર્છા ભમે છે, ત્યારે કેમ તે પ્રકારે ઉપલબ્ધ થતાં નથી ? જ્યારે મસ્તક ઉપર વર્તે છે, ત્યારે તેના નીચે રહેલ લોકોને વર્તુળપણે લાગે છે - x - ઈત્યાદિ પ્રશ્ન.

અહીં અર્ધકપિત્થ આકાર સામસ્ત્યથી વિમાનનો ન જાણવો, પરંતુ વિમાનની પીઠનો છે, તે પીઠની ઉપર ચંદ્રાદિના પ્રાસાદ છે, પ્રાસાદો તેવી કોઈ રીતે રહેલ છે, જે રીતે પીઠની સાથે ઘણો વર્તુલાકાર થાય છે. - x - તેથી કોઈ દોષ નથી.

હવે આઠમું દ્વાર પૂછે છે — ભગવન્ ! ચંદ્રવિમાનની લંબાઈ, પહોળાઈ, ઉંચાઈ કેટલાં કહ્યાં છે ? ઉપલક્ષણથી સૂર્યાદિ વિમાન પણ પ્રશ્નિત જાણવા. પદ્યથી ઉત્તર સૂત્ર કહે છે -

ગૌતમ ! નિશ્ચે $^{૫૬}/_{૬૧}$ ભાગ યોજન વિસ્તીર્ણ ચંદ્રમંડલ હોય છે. અર્થાત્ એક પ્રમાણાંગુલ યોજનના $^{૫૬}/_{૬૧}$ ભાગથી જેટલું પ્રમાણ થાય છે, તેટલાં પ્રમાણ આનો વિસ્તાર છે. વૃત્ત વસ્તુની સદૃશ લંબાઈ-પહોળાઈ હોય છે. તેથી લંબાઈ પણ વિસ્તાર જેટલી જાણવી. પરિધિ સ્વયં કહેવી. વૃત્તની સવિશેષ ત્રણગુણી પરિધિ હોય. ઉંચાઈ ૨૮ ભાગ જેટલી કહેવી. ૫૬નું અડધું આટલું થાય. - x -

સૂર્યમંડલ ૪૮ ભાગ વિસ્તીર્ણ હોય છે. ૨૪ ભાગ સુધી તેની ઉંચાઈ કહેવી. તથા બે કોશ ગ્રહોની ઈત્યાદિ સૂત્રાર્થવત્ જાણવું.

હવે નવમાં દ્વારને પ્રશ્નનો વિષય કરતાં કહે છે —

• **સૂત્ર-૩૪૪ થી ૩૪૭ :-**

***ભગવન્ ! ચંદ્ર વિમાનને કેટલાં હજાર દેવો વહન કરે છે ?***

ગૌતમ ! ૧૬,૦૦૦ દેવો તેનું પરિવહન કરે છે.

૦ ચંદ્ર વિમાનને પૂર્વમાં શ્વેત, સુભગ, સુપ્રભ, શંખતલ-વિમલ-નિર્મલ, ઘન દહીં, ગાયના દૂધના ફીણ, રજતના સમૂહની જેમ પ્રકાશક, સ્થિર, લષ્ટ, પ્રકોષ્ઠ, વૃત્ત, પીવર, સુશ્લિષ્ટ, વિશિષ્ટ, તીક્ષ્ણ દાઢાથી વિડંબિત મુખવાળા, રક્ત ઉત્પલ-મૃદુ-સુકુમાલ તાળવું અને જીભવાળા, મધુગુલિક સમાન પિંગલાક્ષ, પીવર-શ્રેષ્ઠ-ઉરુ-પ્રતિપૂર્ણ વિપુલ સ્કંધવાળા, મૃદુ-વિશદ-સૂક્ષ્મ લક્ષણ-પ્રશસ્ત શ્રેષ્ઠ વર્ણી કેસરાથી ઉપશોભિત [તથા] - - -

- - - ઉચ્છ્રિત-સુનમિત-સુજાત-આસ્ફોટિત પૂંછડાવાળા, વજ્રમય નખયુક્ત, વજ્રમય દાઢાવાળા, વજ્રમય દાંતવાળા, તપનીય તાલુવાળા, તપનીય યોક્ત્રક સાથે સુયોજિત, કામગમ-પ્રીતિગમ-મનોગમ-મનોરમ, અમિતગતિ, અમિત બળ-વીર્ય-પુરુષાકાર પરાક્રમ યુક્ત, મહત્ આસ્ફોટિત સીંહનાદ બોલના કલકલ રવથી, મધુર, મનહર શબ્દોથી આકાશ દિશાને પૂરતા, શોભિત કરતા...

૪૦૦૦ સીંહરૂપ ધારી દેવો પૂર્વની બાહાનું વહન કરે છે.

૦ ચંદ્ર વિમાનને દક્ષિણમાં શ્વેત, સુભગ, સુપ્રમાણ, શંખ તલ વિમલ નિર્મલ-ઘન દહીં - ગાયના દૂધના ફીણ - રજત સમૂહવત્ પ્રકાશના, વજ્રમય કુંભ યુગલ - સુસ્થિત - પીવર-શ્રેષ્ઠ-વજ્ર સોંડવર્તિત-દીપ્ત-સુરક્ત પદ્મ પ્રકાશક, અભ્યુન્નત મુખવાળા, તપનીય વિશાળ કર્ણ, ચંચળ-ચલંત-વિમલ-ઉજ્જ્વલ, મધુવર્ણ-સ્નિગ્ધ-પાતળા-નિર્મળ-ત્રિવર્ણ મણિરત્ન લોચનવાળા...

[તથા] અભ્યુદ્ગત મૃદુ-મલ્લિકા-ધવલ સદૃશ સંસ્થિત, નિર્વ્રણ-દૃઢ-કૃત્સ્ન-સ્ફટિકમય-સુજાત દંતમુશળ વડે ઉપશોભિત કંચન દોશી પ્રવિષ્ટ દંતાગ્ર, વિમલ મણિરત્ન રુચિર પેરંત ચિત્ત રૂપક વિરાજિત, તપનીય-વિશાળ-તિલક પ્રમુખથી પરિમંડિત, વિવિધ મણિ-રત્ન ઉર્ધ્વ ગ્રૈવેયક બદ્ધ-ગળાના શ્રેષ્ઠ ભૂષણયુક્ત, વૈડૂર્ય-વિચિત્ર દંડ-નિર્મળ-વજ્રમય-તિક્ષ્ણ-લષ્ટ-અંકુશ-કુંભ યુગલ૦ તપનીય-સુબદ્ધ-કચ્છ-દર્પિત-બળોદ્ધર...

[તથા] વિમલ-ઘનમંડલ-વજ્રમય-લાલાલયિત૦ વિવિધ મણિ-રત્ન-ઘંટા પાશક-રજતમય બદ્ધ-લંબિત ઘંટા યુગલના મધુર-મનહર સ્વરવાળા, આલીન પ્રમાણયુક્ત, વર્તિત-સુજાત-લક્ષણ, પ્રશસ્ત, રમણીય, વ્યાલક પુંછવાળા, ઉપચિત-પ્રતિપૂર્ણ કુંભ ચરણ લઘુ વિક્રમ ગતિવાળા, અંકમય નખવાળા, તપનીય જીભવાળા, તપનીય તાલુવાળા, તપનીય યોક્ત્રકથી સુયોજિત, કામગમ-પ્રીતિગમ મનોરમ, અમિતગતિવાળા, અમિત બળ-વીર્ય-પુરુષાકાર પરાક્રમવાળા, મહત્ ગંભીર ગુલગુલાયિત મધુર-મનહર રવથી આકાશની દિશાને પૂરતાં, શોભિત કરતા —

૪૦૦૦ ગજરૂપધારી દેવો દક્ષિણની બાહાનું વહન કરે છે.

ચંદ્રવિમાનની પશ્ચિમમાં શ્વેત, સુભગ, સુપ્રભાવાળા, ચલ-ચપળ-કકુદ શાલીન, ઘન-નિચિત-સુબદ્ધ લક્ષણ, ઉન્નત, કંઈક નમેલ હોઠવાળા, ચંકમિત-લલિત-પુલિત-ચલ-ચપલ ગર્વિત ગતિવાળા, સન્નતપાર્શ્વવાળા, સંગતપાર્શ્વવાળા,



સુજાત પાર્શ્વવાળા, પીવર-વર્તિત-સુસંસ્થિત કટિવાળા, અવલંબ-પ્રલંબ-લક્ષણ-પ્રમાણ યુક્ત રમણીય વ્યાલગંડવાળા...

[તથા] સમખુર અને પુંછવાળા, સમરેખિત તિક્ષ્ણાગ્રસંગત શ્રૃંગવાળા, તનુ-સૂક્ષ્મ-સુજાત-સ્નિગ્ધ રોમ-શરીર ધારણ કરનારા, ઉપચિત-માંસલ-વિશાલ-પ્રતિપૂર્ણ-સુંદર સ્કંધ પ્રદેશવાળા, વૈડૂર્યની શોભાથી યુક્ત, ભાસમાન કટાક્ષ-સુનિરિક્ષણવાળા, યુક્ત-પ્રમાણ-પ્રધાન લક્ષણ-પ્રશસ્ત-રમણીય ગર્ગરગલથી શોભિત, ઘરઘરક-સુશબ્દ બદ્ધ-પરિમંડિત કંઠવાળા...

...વિવિધ મણિ-કનક-રત્ન-ઘંટિકાની શ્રેણીથી સારી રીતે શોભતા, શ્રેષ્ઠ ઘંટાની માળાથી ઉજ્જ્વલશ્રીના ધારક, પદ્મ-ઉત્પલ સકલ સુરભિ માળાથી વિભૂષિત, વજ્રમય ખુરવાળા, વિવિધ વિખુરયુક્ત, સ્ફટિકમય દાંતવાળા, તપનીયજીભવાળા, તપનીય તાલુવાળા, તપનીય યોક્ત્રકથી સુયોજિત, કામગમ-પ્રીતિગમ-મનોગમ-મનોરમ-અમિતગતિ-અમિત બળ, વીર્ય, પુરુષાકાર પરાક્રમવાળા, મહાગર્જિત-ગંભીર-મધુર-મનહર રવ વડે આકાશ દિશાને પૂરતા અને શોભિત કરતા.

૪૦૦૦ વૃષભધારી દેવો પશ્ચિમી બાહાની વહે છે.

ચંદ્ર વિમાનને ઉત્તરમાં શ્વેત, સુભગ, સુપ્રભાવાળા તરમલ્લિહાયનવાળા, હરિમેલક-મલ્લિકાની કળી જેવી આંખો વાળા, ચંચરિત તીર્છી ચાલ કે પોપટની ચાંચની જેમ વક્રતાની સાથે પોતાના પગનું ઉર્ધ્વીકરણ, લલિત ગતિ, પુલિતગતિ, વાયુતુલ્ય અતીવ ચપળ ગતિ યુક્ત...

[તથા]...લંઘન, વલ્ગન, ઉછળવું, શીઘ્રતાથી સીધું દોડવું, ચતુરાઈથી દોડવું, ત્રિપદી-જયિની-વિજયશીલ-વેગવતી આ ગતિક્રમોમાં સુશિક્ષિત, અભ્યસ્ત, ગળામાં સ્થાપિત હાલતા એવા રમ્ય, ઉત્તમ આભુષણોથી યુક્ત, નીચેની તરફ સમ્યક્પણે નમેલ દેહના પાર્શ્વભાગોથી યુક્ત, દેહને અનુરૂપ પ્રમાણ યુક્ત પાર્શ્વભાગવાળા, સહજપણે સુનિષ્પન્ન પાર્શ્વભાગ યુક્ત, પરિપુષ્ટ, ગોળ, સુંદર સંસ્થાનમય કમર યુક્ત...

[તથા] લાંબા, ઉત્તમ, લક્ષણમય, સમુચિત પ્રમાણોપેત, રમણીય ચામરના બાલોથી યુક્ત, અત્યંત સૂક્ષ્મ, સુનિષ્પન્ન, સ્નિગ્ધ, મુલાયમ દેહના રોમવાળી ચામડીથી યુક્ત, મૃદુ, વિશદ ઉજ્જ્વલ, પરસ્પર અસંમિલિત, પૃથક્-પૃથક્ પરિદૃશ્યમાન, સૂક્ષ્મ, ઉત્તમ લક્ષણવાળા, વિસ્તીર્ણ સ્કંધ કશ શ્રેણીથી સુશોભિત, લલાટે ધારણ કરાયેલ દર્પણાકાર આભુષણોથી યુક્ત...

... [તથા] મુખાભરણ, લટકતા ઝુમખા, ચામર અને દર્પણાકારના વિશિષ્ટ આભુષણોથી શોભિત, પરિમંડિત કટિયુક્ત, તપનીય ખુર, જિહ્વા અને તાલુયુક્ત, તપનીય દોરડા વડે સુયોજિત, ઈચ્છાનુરૂપ ગતિયુક્ત યાવત્ મનોરમ એવી અમિતગતિવાળા, અમિત બલ-વીર્ય-પુરુષાકાર પરાક્રમવાળા, મહત્ આહત-હેસિતના કિલકિલાદિના મનહર રવ વડે આકાશ દિશાને પૂરતા અને શોભાવતા.

૪૦૦૦ અશ્વરૂપ ધારી દેવો ઉત્તરની બાહાને વહન કરે છે.

***[૩૪૫] સોળ-સોળ હજાર દેવો ચંદ્ર અને સૂર્ય વિમાનનું, અને આઠ-આઠ હજાર દેવો એકૈક ગ્રહ વિમાનનું વહન કરે છે.***

***[૩૪૬] ચાર-ચાર હજાર દેવો એક-એક નક્ષત્ર વિમાનનું અને બબ્બે હજાર દેવો એક-એક તારા વિમાનોનું વહન કરે છે.***

***[૩૪૭] એ પ્રમાણે સૂર્યવિમાન યાવત્ તારારૂપ વિમાનોનું વર્ણન છે, માત્ર દેવની સંખ્યામાં અંતર છે.***

● **વિવેચન-૩૪૪ થી ૩૪૭ :-**

ભગવન્ ! ચંદ્ર વિમાનને કેટલા હજાર દેવો વહન કરે છે ? ગૌતમ ! ૧૬,૦૦૦ દેવો વહન કરે છે. એકૈક દિશામાં ચાર-ચાર હજાર દેવ હોય છે. અહીં ભાવના આ પ્રમાણે છે –

આ ચંદ્રાદિના વિમાનો તેવા જગત્ સ્વભાવથી નિરાલંબન વહન કરાતા રહેલાં છે. માત્ર જે આભિયોગિક દેવો છે, તે તેવા પ્રકારના નામ કર્મોદય વશ સમાનજાતિય કે હીનજાતિય દેવો પોતાના મહિમાનો અતિશય દર્શાવવા માટે પોતાને બહુમન્યમાનતા પ્રમોદથી ભરેલા, સતત વહનશીલ વિમાનોમાં નીચે રહી-રહીને કેટલાંક સિંહરૂપ, કેટલાંક હાથી રૂપ, કેટલાંક વૃષભરૂપ અને કેટલાંક અશ્વરૂપ વિકુર્વીને તે વિમાનોનું વહન કરે છે. તે આ રીતે –

જેમ અહીં કોઈપણ તેવા પ્રકારના આભિયોગ્ય નામ કર્મના ઉપભોગી દાસ, બીજા સમનાજાતિય કે હીન જાતિયોના પૂર્વપરિચિતોના "હું આનો નાયક છું" એમ સુપ્રસિદ્ધ અને સંમત હોય, એ રીતે પોતાના માહાત્મ્ય અતિશયના દર્શનાર્થે બધાં જ સ્વોચિત કર્મ આનંદથી કરે છે. તે રીતે આભિયોગિક દેવો પણ તેવા પ્રકારના આભિયોગ્ય નામકર્મના ઉપભોગ ભાજ સમાન કે હીન જાતિય દેવાના, બીજામાં અમે સમૃદ્ધ છીએ એવા સર્વલોક પ્રસિદ્ધ ચંદ્રાદિ વિમાનોનું વહન કરે છે. એ પ્રમાણે પોતાના માહાત્મ્યના દર્શનાર્થે ઉક્ત પ્રકારે ચંદ્રવિમાનોને વહે છે.

હવે આ ૧૬,૦૦૦ને વ્યક્તિગત કહે છે –

ચંદ્રવિમાનની પૂર્વમાં-જો કે જંગમ સ્વભાવથી જ્યોતિષ્કોના સૂર્યોદયાંકિત જ હોવાથી પૂર્વ દિશા ન સંભવે કેમકે ચારાનુસાર પૂર્વ-પશ્ચિમ દિશાના પરાવર્ત્તનો સંભવ છે. તો પણ જવાની ઈચ્છાવાળી દિશામાં જતાં તે દિશા પૂર્વ રૂપે વ્યવહાર પામે છે.

સિંહરૂપધારી ૪૦૦૦ દેવો પૂર્વનું પાર્શ્વ-બાહાને વહે છે. તેને જ વિશેષથી કહે છે. શ્વેત વર્ણવાળા, સૌભાગ્યવાલા-જનપ્રિય, શોભનપ્રભા-દીપ્તિ જેની છે તેવા. શંખનો મધ્યભાગ, અત્યંત નિર્મળ જે જામેલું દહીં, ગાયના દુધના ફીણ, રૂપાના ઢગલાના જેવા પ્રકાશ-તેજ પ્રસાર જેનો છે તેવા, તથા દૃઢ, કાંત, પ્રકોષ્ઠકવાળા તથા વર્તુળ, પુષ્ટ, વિવર રહિત, તીક્ષ્ણ ભેદિકા જે દાઢા, તેના વડે વિવૃત્ત મુખ જેમનું થયેલું છે તેવા, કેમકે પ્રાયઃ સિંહજાતિયો દાઢા વડે પહોળા મુખવાળા જ હોય છે, અથવા વિડંબિત - શોભિત મુખવાળા છે.

તથા રક્ત ઉત્પલપત્રવત્ અતિ કોમળ તાલુ અને જિહ્વાવાળા, મધુગુટિકા-



ઘનીભૂત ક્ષૌદ્રપિંડની જેમ પિંગલ આંખવાળા, પ્રાયઃ હિંસક જીવોના ચક્ષુ પીતવર્ણવાળા હોય છે તથા પીવર-ઉપચિત, પ્રધાન જંઘાવાળા, પરિપૂર્ણ, તેથી જ વિસ્તીર્ણ સ્કંધવાળા, મૃદુ-સ્પષ્ટ-પાતળા, લક્ષણો વડે પ્રશસ્ત પ્રધાનવર્ણી જે સ્કંધ કેસરચ્છટા, તેના વડે શોભતા તથા ઉર્ધ્વીકૃત્ સારી રીતે અધોમુખી કરાયેલ શોભનપણે રહેલ અને ભૂમિ ઉપર પછાડેલ પુંછડાવાળા.

તથા વજ્રમય નખો, વજ્રમય દાઢો, વજ્રમય દાંત. અહીં ત્રણે પણ અવયવોના ભંગુરત્વને દેખાડવા માટે વજ્રની ઉપમા છે, તથા તપનીયમય જિહ્વા અને તપનીયમય તાલુવાળા, તપનીય યોક્ત્રક જેમાં સુયોજિત છે તેવા, તથા સ્વેચ્છાથી ગમનવળા-જ્યાં ઈચ્છા થાય ત્યાં જવાવાળા. પ્રીતિ-ચિતોલ્લાસપૂર્વક ગમન કરનારા, મનની જેમ ગમન વેગવાળા, મનોરમ અને મનોહર ગતિવાળા તથા અમિત-બહુતર ગતિવાળા તથા અમિતબલાદિવાળા, મોટા આસ્ફોટ સિંહનાદ બોલના મધુર કલકલ રવ વડે મનોહર શબ્દોથી પૂરતા, અંબર-આકાશમંડલની પૂર્વાદિ દિશાને શોભાયમાન કરતાં દેવો વહન કરે છે.

હવે બીજી બાહાના વાહકોને કહે છે –

ચંદ્રવિમાનની દક્ષિણમાં - જવાની ઈચ્છાની દિશાના દક્ષિણ પાર્શ્વમાં હાથીનું રૂપ ધારણ કરેલા ૪૦૦૦ દેવો દક્ષિણની બાહાનું પરિવહન કરે છે. તેમને વિશેષથી કહે છે –

શ્વેતાદિ વિશેષણ પૂર્વવત્ તથા વજ્રમય કુંભ યુગલવાળા, સુસંસ્થાનવાળા પુષ્ટ વર વજ્રમયી શુંઢ, દીપ્ત-સુરક્ત જે પદ્મબિંદુજાળરૂપ, તેનો પ્રકાશ-વ્યક્તભાવ જેનો છે તે. બીજે પણ કહ્યું છે કે – તારુણ્યમાં હાથીના દેહમાં થતાં રક્તબિંદુઓ પદ્મ રૂપે જ ઓળખાવાય છે તથા અભ્યુન્નત-મુખોની આગળ ઉન્નતપણાથી, તપનીયમય અવાંતર રુણત્વથી વિશાલ-બીજા જીવના કાનની અપેક્ષાથી વિસ્તીર્ણ, સહજ ચપળતાયુક્ત, તેથી જ અહીં-તહીં ડોલતા એવા, આગંતુકમલ રહિત, ઉજ્જ્વલ-ભદ્રજાતિય હસ્તિ અવયવથી બહાર શ્વેતવર્ણવાળા બંને કાનો જેમના છે તેવા પ્રકારના હાથી.

તથા મધુવર્ણ-ક્ષૌદ્ર સદૃશ ભાસતા સ્નિગ્ધ, પાંખવાળા, નિર્મળ-છાયાદિ દોષરહિત, ત્રિવર્ણ-લાલ, પીળો અને શ્વેત એવા મણિરત્નમય લોચનવાળા, તેમના અતિ ઉન્નત્ત મુકુલ મલ્લિકા સમાન ધવલ તથા સદૃશ-સમ સંસ્થાનવાળા, વ્રણ વર્જિત, દૃઢ, સંપૂર્ણપણે સ્ફટિકમય, જન્મદોષરહિત, દંતમુશલો વડે શોભતાં તથા વિમલમણિરત્નમય, રુચિર, પર્યન્ત ચિત્રરૂપક અર્થાત્ કોશીમુખવર્તી, તેના વડે વિરાજિત જે સુવર્ણકોશી ખોલિકા રૂપે પ્રસિદ્ધ છે, તેમાં પ્રવિષ્ટ જે અગ્ર દાંત જેમના છે તેવા હાથીઓ.

તથા તપનીયમય વિશાળ તિલક આદિ જે મુખાભરણો આદિ શબ્દથી રત્ન શુંડિકા ચામરાદિને લેવા, તેના વડે પરિમંડિત, તથા વિવિધ મણિરત્નમય મૂર્દ્ધા જેના છે તે, તથા ગ્રૈવેય સાથે બદ્ધ કંઠના આભરણો, ઘંટા આદિ જેમાં છે તે. તથા બે

કુંભ મધ્યમાં ઉદય પ્રાપ્ત અર્થાત્ ત્યાં સ્થિત તથા વૈડૂર્યમય વિચિત્રદંડ જેમાં છે તે, નિર્મળ વજ્રમય તીક્ષ્ણ, મનોહર અંકુશ જેમને છે તે, તથા તપનીયમયી સુબદ્ધકક્ષા-હૃદયરજ્જુ જેમને છે તેવા હાથી.

તથા દર્પિત-દર્પવાળા, બલમાં ઉત્કટ, વિમલ તથા ઘનમંડલ જેમને છે તેવા, વજ્રમય લાલા વડે લલિત શ્રુતિસુખ તાડન જેને છે તેવા, વિવિધ મણિરત્નમય, પાર્શ્વવર્તી ઘંટા અર્થાત્ લઘુઘંટા જેમને છે તે તથા આવા પ્રકારની રજતમયી તીર્છી બદ્ધ જે રજ્જુ, તેના લંબિત જે ઘંટાયુગલ, તેનો જે મધુર સ્વર, તેના વડે મનોહર, તથા આલીન-સુશ્લિષ્ટ નિર્ભરભર કેશપણાથી પ્રમાણયુક્ત - પગ સુધી લાંબાપણાથી વર્તુળ, પ્રશસ્ત લક્ષણવાળા, રમણીય-મનોહર વાળ જેને છે, એવા પ્રકારની ગાત્ર પરિપુંછન-પુંછવાળા, તિર્યંચો પુંછડા વડે જ શરીરને પ્રમાર્જે છે માટે આ વિશેષણ છે.

તથા ઉપચિત-માંસલ, પરિપૂર્ણ-પૂર્ણ અવયવવાળા, કૂર્મવત્ ઉન્નત ચરણો, તેના વડે લઘુલાઘવોપેત અર્થાત્ શીઘ્રતર, વિક્રમ-પાદ વિક્ષેપ જેનો છે તે, તથા અંકરત્નમય નખવાળા, તપનીય જિહ્વાવાળા ઈત્યાદિ નવે પદો પૂર્વવત્ જાણવા.

મહતા-બહુવ્યાપી, ગંભીર-અતિમંદ્ર, ગુલગુલાયિત રવબૃંહિત શબ્દ, તેના વડે મધુર અને મનોહર શબ્દો વડે આકાશને પૂરિત કરતાં અને દિશાને શોભાવતા, તે બધું પૂર્વવત્.

હવે ત્રીજી બાહાના વાહકોને કહે છે —

ચંદ્ર વિમાનની પશ્ચિમમાં - જવાની દિશાના પાછળના ભાગમાં વૃષભરૂપધારી ૪૦૦૦ દેવો પશ્ચિમ બાહાને વહન કરે છે. શ્વેત, સુભગ ઈત્યાદિ પૂર્વવત્ જાણવું.

ચલચપલ - અહીં તહીં ડોલતા એવા હોવાથી અસ્થિરપણાથી અતિ ચપળ, કકુદ-અંશકૂટ, તેથી શાલિન-શોભાયમાન તથા અયોઘનવત્ નિચિત - નિર્ભરભૃત શરીરો, તેથી જ સુબદ્ધ-અશ્લથ પ્રશસ્ત લક્ષણવાળા તથા કંઈક નમ્રભાવને પામેલા વૃષભ-પ્રધાન લક્ષણ યુક્તપણાવાળા બે હોઠ જેમાં છે તે, સમર્થ વિશેષણથી વિશેષ્ય પ્રાપ્ત થાય, તેથી તેવા મુખવાળા.

તથા ચંકમિત-કુટિલ ગમન, લલિત-વિલાસવત્ ગમન, પુલિત-ગમન વિશેષ. તે આકાશ ક્રમણ રૂપ, એવા પ્રકારની અત્યંત ચપળ ગર્વિતા ગતિ જેમની છે તેવા, તથા સન્નતપાર્શ્વવાળા કેમકે નીચે-નીચે પડખાં નમેલા હોવાથી તેમ કહ્યું, સંગતપાર્શ્વ-દેહપ્રમાણોચિત પડખાંવાળા તથા સુનિષ્પન્ન પાર્શ્વવાળા, પુષ્ટ અને વૃત્ત એવી સુસંસ્થિત કમર જેની છે તેવા, તથા —

અવલંબન સ્થાનોમાં લંબાયમાન થતાં, લક્ષણો અને પ્રમાણ વડે યથોચિત યુક્ત અને રમણીય વાલગંડ-ચામરો જેને છે તે, તથા પરસ્પર સદૃશ ખુરવાળા, વાલિધાન-પુંછડું જેમને છે તેવા, તથા પરસ્પર સદૃશ લિખિતની જેમ-ઉત્કીર્ણ સમાન તીક્ષ્ણાગ્ર, સંગત-યથોચિત પ્રમાણ શીંગડા જેના છે તે.

તથા અત્યંત સૂક્ષ્મ, સુનિષ્પન્ન, સ્નિગ્ધ, રોમ હોય તેવી ચામડીને ધારણ કરે છે તે, તથા ઉપચિત-પુષ્ટ, તેથી જ માંસલ, વિશાળ ભારને વહન કરવાના સામર્થ્યવાળા,



પરિપૂર્ણ જે સ્કંધ પ્રદેશ, તેના વડે સુંદર તથા વૈડૂર્યમય, ભાસમાનકટાક્ષ - શોભતા અર્દ્ધપ્રેક્ષિત એવા, સુનિરીક્ષણ - સુલોચન જેમના છે તે, તથા યુક્તપ્રમાણ-યથોચિત પ્રમાણયુક્ત પ્રધાનલક્ષણ, પ્રશસ્ત રમણીય - અતિ રમણીય, ગર્ગરક-પરિધાન વિશેષ લોકપ્રસિદ્ધ, તેના વડે શોભિત, બાકી પૂર્વવત્. તથા ઘરઘરક - કંઠાભરણ વિશેષ, સુશબ્દ બદ્ધ જેમાં છે તેવા એ કંઠ, તેના વડે પરિમંડિત એવા [અશ્વો]

તથા વિવિધ પ્રકારની મણિ-કનક-રત્નમય જે ઘંટિકા-લઘુઘંટા અર્થાત્ કિંકિણી, તેની વૈકક્ષિકા, તીર્છી છાતી ઉપર સ્થાપિતપણાથી, સારી રીતે રચેલ માલિકા-શ્રેણી જેમાં છે તે. તથા વરઘંટિકા-ઉક્ત ઘંટિકાથી વિશિષ્ટતરપણાથી પ્રધાનઘંટા જેના ગળામાં છે તે ઘરઘંટગલકા, તથા માળા વડે ઉજ્જ્વલ.

તથા પુષ્પાલંકારોને વિશેષથી કહે છે — પદ્મ તે સૂર્યવિકાશી, ઉત્પલ - તે ચંદ્ર વિકાશી, સકલ-અખંડિત સુરભી, તેની માળા વડે. વિભૂષિત ઈત્યાદિ પૂર્વવત્.

તથા વજ્રરત્નમય ખુરવાળા, તથા તેમાં વિવિધ મણિ અને સુવર્ણાદિપણાથી વિવિધ પ્રકારે વિખુર-ઉક્ત ખુરથી ઉર્ધ્વવર્તિપણાથી વિકૃષ્ટ ખુર જેમાં છે તે તથા સ્ફટિકમય દાંતવાળા, તપનીયમય જીભવાળા, તપનીયમય તાલુવાળા, તપનીય યોક્ત્રકમાં સુયોજિત તથા कामगम ઈત્યાદિ પદો પૂર્વવત્.

મહતા-ગંભીર ગર્જિત રવ વડે - ભાંકાર શબ્દરૂપથી ઈત્યાદિ બધું વર્ણન પૂર્વવત્ કરવું.

હવે ચોથી બાહાના વાહકોને કહે છે —

ચંદ્રવિમાનની ઉત્તરમાં અર્થાત્ જવાની ઈચ્છિત દિશાના ઉત્તર પાર્શ્વમાં એટલે કે ડાબા પડખાથી. અશ્વરૂપધારી ૪૦૦૦ દેવો ઉત્તરની બાહાનું પરિવહન કરે છે. શ્વેત આદિ જે ચાર વિશેષણો છે, તે પૂર્વવત્ જાણવા - તથા -

तर - વેગ અથવા બળ, તેથી તરોધારક એટલે વેગાદિધારક, હાયન-સંવત્સર જેમાં છે તે, તરોમલ્લિ હાયન અર્થાત્ યૌવનવાળા. તેથી તેમાં શ્રેષ્ઠ તુરંગમાણા-ઈત્યાદિનો યોગ છે. તથા હરિમેલક એટલે વનસ્પતિ વિશેષ, તેના મુકુલ-કુંડલ તથા મલ્લિકાની જેવા આંખવાળા અર્થાત્ તેમની આંખો શુક્લ છે તેવા.

તથા ચંચુરિત-કુટિલ ગમન અથવા ચંચુ-પોપટની ચાંચ, તેની જેમ વક્ર, ઉચ્ચિત-ઉચ્ચતાકરણ, પગનું ઉચ્ચિત-ઉત્પાટન, તેવી લલિત-વિલાસવાળી ગતિ, પુલિત-ગતિ વિશેષ પ્રસિદ્ધ, એ સ્વરૂપે તથા ચાલે છે તે ચલ-વાયુના કંપનત્વથી, તેની જેમ ચપળ ચંચળ-અતિ ચપળ ગતિ જેની છે તે.

તથા લંઘન-ખાડા આદિનું અતિક્રમણ, વલ્ગન-ઉંચે કુદવું. ધાવન-જલ્દીથી ઋજુગમન, ધોરણ-ગતિ ચાતુર્ય, ત્રિપદી-ભૂમિમાં ત્રણ પદ ન્યાસ, ગમાંતરમાં જયવત્તી કે જવિની-વેગવાળી, શિક્ષિતા-અભ્યસ્ત ગતિ જેની છે તે, તથા દોલાયમાન, રમ્ય, કંઠે રાખેલ શ્રેષ્ઠ આભૂષણ જેને છે તે, તથા સન્નતપાર્શ્વવાળા ઈત્યાદિ પાંચે પદો પૂર્વે કહ્યા મુજબ, વિશેષ એ કે વાલપ્રધાન પુંછ વાળા.

તથા 'તનુસૂક્ષ્મ' ઈત્યાદિ પદો પૂર્વવત્ છે. મૃદ્ધી, વિશદા-ઉજ્જ્વલા અથવા પરસ્પર

સંમિલિત પ્રતિ રોમકૂપ એકૈકના સંભવથી સૂક્ષ્મ-તન્વી લક્ષણ પ્રશસ્ત કે વિસ્તીર્ણ જે સ્કંધ ઉપરની કેશ શ્રેણી, તેને ધારણ કરનાર, જે છે તે. તથા લલંત - સુબદ્ધત્વથી સુશોભક જે દર્પણ આકારના આભરણ વિશેષ, તે જ લલાટ વરભૂષણ જેમાં છે તે. તથા મુખમંડક-મુખાભરણ અને અવચૂલા-પ્રલંબમાન ગુચ્છા, ચામર અને દર્પણ પ્રસિદ્ધ છે, એ યથાસ્થાને જેમને નિયોજિત છે તેવા, પરિમંડિતા કટિ જેની છે તેવા.

તથા તપનીય ખુરા, તપનીય જિહ્વા ઈત્યાદિ નવ પદો પૂર્વવત્. તથા મહત - બહુવ્યાપી હયહેષિત રૂપ જે કિલકિલાટ કરતો રવ અર્થાત્ સાનંદ શબ્દ, તેનાથી૦ ઈત્યાદિ પૂર્વવત્.

આ ચારે વિમાન બાહા વાહક સિંહાદિ વર્ણન સૂત્રોમાં કેટલાંક પદો પ્રસ્તુત ઉપાંગ સૂત્રની પ્રતિમાં દર્શાવિલ પાઠ અનુસારે છે, તો પણ શ્રી જીવાભિગમ ઉપાંગ સૂત્રની પ્રતિના પાઠ અનુસાર વ્યાખ્યા કરેલ છે. તેમાં વાચના ભેદથી પાઠભેદ સંભવતો નથી. તેમ જાણવું. જે કારણે શ્રીમલયગિરિજીએ જીવાભિગમ વૃત્તિમાં જ ''ક્વચિત્ સિંહાદિનું વર્ણન જણાય છે, તે ઘણાં પુસ્તકોમાં દેખાતું ન હોવાથી ઉપેક્ષિત છે, અવશ્ય આ વ્યાખ્યાન વડે પ્રયોજન હોય તો જંબૂદ્વીપટીકા જોઈ જવી. તેમાં સવિસ્તાર તેનું વ્યાખ્યાન કરાયેલ છે.'' આ અતિદેશ વિષયીકૃતપણાથી બંને સૂત્રોના સદૃશ પાઠ સંભવે છે.

જે જીવાભિગમપાઠ દૃષ્ટ પણ मिअमाइअपीण० ઈત્યાદિ પદોનું વ્યાખ્યાન કરેલ નથી, તે પ્રસ્તુત સૂત્રમાં સર્વથા અદૃષ્ટત્વથી છે. જે પદો પ્રસ્તુત સૂત્રના પ્રતિમાંના પાઠમાં દૃષ્ટ, તે જ જીવાભિગમ પાઠ અનુસાર સંગત પાઠની વ્યાખ્યા કરેલ છે.

હવે ચંદ્ર વક્તવ્યનો સૂર્યાદિ વક્તવ્ય વિષયમાં અતિદેશ છે. ચંદ્રાદિના સિંહાદિ સંખ્યા સંગ્રહણી બે ગાથા કહે છે –

અહીં સંગતિની પ્રધાનતાથી વ્યાખ્યાનના દૃશ્યમાન પ્રસ્તુત આદર્શ-પ્રતિમાં આગળ સ્થિત હોવા છતાં પહેલાં - એ પ્રમાણે સૂર્યવિમાન૦ ઈત્યાદિ આલાવાની વ્યાખ્યા કરવી. જેમકે – ચંદ્રવિમાનવાહક અનુસાર સૂર્યવિમાનોના વાહકો પણ વર્ણવવા. યાવત્ તારા રૂપના વિમાન વાહકો પણ વર્ણવવા. યાવત્ પદથી ગ્રહવિમાન અને નક્ષત્રવિમાનના વિમાનવાહકો પણ વર્ણવવા. વિશેષ એ કે –

દેવોની સંખ્યા, અર્થાત્ બધાં જ્યોતિષ્કોના વિમાનવાહક વર્ણનસૂત્ર સમાન જ છે, તેમાં સંખ્યાભેદ વ્યાખ્યા કરાનાર ગાથા વડે જાણવો. તે આ વક્ષ્યમાણ ગાથા–

૧૬,૦૦૦ દેવો હોય છે. ચંદ્ર વિમાનમાં, च एव સમુચ્ચય અર્થમાં છે તથા સૂર્ય વિમાનમાં પણ ૧૬,૦૦૦ દેવો હોય. ૮૦૦૦ દેવ ગ્રહ વિમાનમાં હોય, ૪૦૦૦ દેવો નક્ષત્ર વિમાનમાં હોય. અહીં ગ્રહ અને નક્ષત્રમાં પ્રત્યેકમાં આ સંખ્યા અલગ અલગ જાણવી. તેથી પ્રત્યેક તારા વિમાનમાં બબ્બે હજાર દેવો કહેવા.

હવે દશમદ્વાર પ્રશ્ન કહે છે –

**● સૂત્ર-૩૪૮ થી ૩૫૦ :-**

***[૩૪૮] ભગવન્ ! આ ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારારૂપમાં કોણ સર્વ***



***શીઘ્રગતિ છે અને કોણ સર્વ શીઘ્રતર ગતિક છે ?***

***ગૌતમ ! ચંદ્ર કરતાં સૂર્ય સર્વ શીઘ્રગતિ છે, સૂર્ય કરતાં ગ્રહો શીઘ્રગતિ છે, ગ્રહો કરતાં નક્ષત્રો શીઘ્રગતિ છે, નક્ષત્રો કરતાં તારા શીઘ્રગતિ છે. [તેમ જાણવું]***

***સર્વ અલ્પગતિ ચંદ્રો છે, સર્વ શીઘ્રગતિ તારા છે.***

***[૩૪૯] ભગવન્ ! આ ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારામાં કોણ સર્વ મહર્દ્ધિક છે, કોણ સર્વ અલ્પઋદ્ધિક છે ?***

***ગૌતમ ! તારારૂપથી નક્ષત્રો મહર્દ્ધિક છે, નક્ષત્રો કરતાં ગ્રહો મહર્દ્ધિક છે, ગ્રહો કરતાં સૂર્ય મહર્દ્ધિક છે, સૂર્ય કરતાં ચંદ્રો મહર્દ્ધિક છે, [એ પ્રમાણે ક્રમશઃ મહર્દ્ધિકતા જાણવી.]***

***સૌથી અલ્પર્દ્ધિક તારા છે, સર્વ મહર્દ્ધિક ચંદ્ર છે.***

***[૩૫૦] ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં એક તારાથી બીજા તારા વચ્ચે કેટલું અબાધા અંતર કહેલ છે ?***

***ગૌતમ ! અંતર બે પ્રકારે છે – વ્યાઘાતિમ, નિર્વ્યાઘાતિમ.***

***બે તારા વચ્ચે નિર્વ્યાઘાતિમ અંતર જઘન્યથી ૫૦૦ ધનુષ્ છે અને ઉત્કૃષ્ટથી બે ગાઉ કહેલ છે.***

***બે તારા વચ્ચે વ્યાઘાતિમ અંતર જઘન્યથી ૨૬૬ યોજન અને ઉત્કૃષ્ટથી ૧૨,૨૪૨ યોજન કહેલ છે.***

**● વિવેચન-૩૪૮ થી ૩૫૦ :-**

ભગવન્ ! આ ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારારૂપોની મધ્યે કોણ બધામાં - ચંદ્રાદિ ચર જ્યોતિષ્કોથી શીઘ્રગતિ છે, આ સર્વ અભ્યંતર મંડલ અપેક્ષાથી છે, કોણ સર્વ શીઘ્રગતિ તરક છે ? અહીં બંનેમાં જે પ્રકૃષ્ટ હોય, તેને માટે 'તરક' કહ્યું. આ સર્વ બાહ્ય મંડલની અપેક્ષાથી કહેલ છે. અભ્યંતર મંડલની અપેક્ષાથી સર્વબાહ્ય મંડલ ગતિપ્રકર્ષના સુપ્રસિદ્ધપણાથી કહેલ છે.

ભગવંત કહે છે – ગૌતમ ! ચંદ્ર કરતાં સૂર્ય સર્વ શીઘ્રગતિક છે. સૂર્યો કરતાં ગ્રહો૦ ઈત્યાદિ સૂત્રાર્થવત્ જાણવું.

મુહૂર્તગતિમાં વિચાર કરતાં પછી-પછીનો ગતિ પ્રકર્ષ આગમપ્રસિદ્ધ છે. તેથી જ બધાંથી અલ્પ-મંદ ગતિ જેની છે તે. એ પ્રકારે ચંદ્ર છે તથા બધાંથી શીઘ્રગતિ તારા છે.

હવે અગિયારમું દ્વાર કહે છે –

ભગવન્ ! આ ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારારૂપમાં કોણ સર્વ મહર્દ્ધિક છે ? કોણ સર્વથી અલ્પઋદ્ધિક છે ?

ભગવંતે કહ્યું – ગૌતમ ! તારારૂપથી નક્ષત્રો મહર્દ્ધિક છે, નક્ષત્રોથી ગ્રહો૦ ઈત્યાદિ સૂત્રાર્થવત્ જાણવું. તેથી જ બધાંથી અલ્પઋદ્ધિવાળા તારા છે, બધાંથી મહાઋદ્ધિક ચંદ્ર છે.

અહીં ભાવના આ પ્રમાણે છે – ગતિ વિચારણામાં જે જેનાથી શીઘ્ર કહેલ છે, તે તેનાથી ઋદ્ધિ વિચારણામાં ઉત્ક્રમથી મહર્દ્ધિક જાણવા. હવે બારમાં દ્વાર સંબંધી પ્રશ્ન–

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં તારાથી બીજા તારાનું અંતર કેટલી અબાધાથી કહેલ છે? ભગવંતે કહ્યું – ગૌતમ ! અંતર બે પ્રકારે છે – વ્યાઘાતિક અને નિર્વ્યાઘાતિક.

વ્યાઘાત - પર્વતાદિ સ્ખલન, તેમાં થાય તે વ્યાઘાતિક.

નિર્વ્યાઘાતિક - વ્યાઘાત રહિત, સ્વાભાવિક.

તેમાં જે નિર્વ્યાઘાતિક અંતર છે, તે જઘન્યતી ૫૦૦ ધનુષ્ અને ઉત્કૃષ્ટથી બે ગાઉ છે. આ જગત્ સ્વાભાવથી જાણવું. જે વ્યાઘાતિક અંતર છે, તે જઘન્યતી ૨૬૬ યોજન છે. આ નિષધકૂટાદિની અપેક્ષાથી જાણવું. તેથી કહે છે – નિષદ્ પર્વત સ્વભાવથી ૪૦૦ યોજન ઉંચો છે, તેની ઉપર ૫૦૦ યોજન ઉંચો કૂટ છે તે મૂળમાં ૫૦૦ યોજન લંબાઈ-પહોળાઈથી મધ્યમાં ૩૭૫ યોજન, ઉપર-૨૫૦ યોજન છે. તેના ઉપરના ભાગમાં સમશ્રેણિ પ્રદેશમાં તથાજગત્ સ્વાભાવથી આઠ-આઠ યોજનની અબાધા કરીને તારા વિમાન ભ્રમણ કરે છે, તેથી જઘન્ય વ્યાઘાતિમ અંતર ૨૬૬ યોજન થાય છે, ઉત્કૃષ્ટથી ૧૨,૨૪૨ યોજન મેરુની અપેક્ષાથી છે.

મેરુ અપેક્ષા કહેવાનું કારણ - મેરુમાં ૧૦,૦૦૦ યોજન, મેરુની બંને બાજુ અબાધાથી ૧૧૨૧ યોજન છે. તેથી ૧૦,૦૦૦ + ૧૧૨૧ + ૧૧૨૧ એમ બધી સંખ્યાનો સરવાળો કરતાં ૧૨,૨૪૨ યોજન થાય. એ પ્રમાણે તારાથી બીજા તારાનું અંતર કહેલ છે.

હવે તેરમાં દ્વારનો પ્રશ્ન કરતાં કહે છે –

● **સૂત્ર-૩૫૧ થી ૩૫૫ :-**

*[૩૫૧] ભગવન્ ! જ્યોતિષેન્દ્ર જ્યોતિષ્રાજ ચંદ્રની કેટલી અગ્રમહિષીઓ કહેલી છે?*

*ગૌતમ ! ચાર અગ્રમહિષીઓ કહેલી છે, તે આ પ્રમાણે – ચંદ્રપ્રભા, જ્યોત્સ્નાભા, અર્ચિમાલી, પ્રભંકરા.*

*તેમાં એક એક અગ્રમહિષીનો ચાર-ચાર હજાર દેવીનો પરિવાર બતાવાયેલ છે. એક-એક અગ્રમહિષી બીજી હજારો દેવીની વિકુર્વણા કરવાને સમર્થ હોય છે. એ પ્રમાણે બધી મળીને ૧૬,૦૦૦ દેવી નિષ્પન્ન થાય છે તે આ ત્રુટિત-ચંદ્રનું અંતઃપુર છે.*

*ભગવન્ ! જ્યોતિષેન્દ્ર જ્યોતિષરાજ ચંદ્ર ચંદ્રાવતંસક વિમાનમાં ચંદ્રા રાજધાનીમાં સુધર્મા સભામાં ત્રુટિત-અંતઃપુર સાથે મહત્ આહત્થી નૃત્ય-ગીત-વાજિંત્ર યાવત્ દિવ્ય ભોગોપભોગ ભોગવીને વિચરવાને માટે શું તે ચંદ્ર સમર્થ છે ખરો?*

*ગૌતમ ! ના, એ અર્થ સમર્થ નથી.*





*ભગવન્ ! જ્યોતિષેન્દ્ર ચંદ્રની ચંદ્રાવતંસક વિમાનમાં ચંદ્રા રાજધાનીમાં સુધર્મા સભામાં માણવક ચૈત્ય સ્તંભમાં વજ્રમય ગોળ-વૃત્ત-સમુદ્ગકમાં ઘણાં જિનસકિથ રહેલા હોય છે. તે ચંદ્ર તથા બીજા ઘણાં દેવો અને દેવીને અર્ચનીય યાવત્ પર્યુપાસનીય છે. તે કારણથી ગૌતમ ! ચંદ્ર [ત્યાં ભોગ કરવા] સમર્થ નથી.*

*પરંતુ ચંદ્ર સુધર્મા સભામાં ૪૦૦૦ સામાનિકો સાથે એ પ્રમાણે યાવત્ દિવ્ય ભોગોપભોગ કરતો વિચરવા કેવળ પરિવાર ઋદ્ધિથી સમર્થ છે, પણ મૈથુન નિમિત્તે ભોગ કરવા સમર્થ નથી.*

*બધાં ગ્રહો આદિની વિજયા, વૈજયંતી, જયંતી, અપરાજિતા નામે ચાર અગ્રમહિષિઓ છે. એ પ્રમાણે ૧૭૬ ગ્રહોની આ વિજયાદિ નામથી ચાર અગ્રમહિષીઓ છે, તેમ જાણ.*

*[૩૫૨] ગ્રહો – (૧) અંગારક, (૨) વિકાલક, (૩) લોહિતાંક, (૪) શનિશ્ચર, (૫) આધુનિક, (૬) પ્રાધુનિક, (૭) કણ, (૮) કણક, (૯) કણકણક, (૧૦) કણવિતાનક, (૧૧) કણસંતાનક.*

*[૩૫૩] ગ્રહો – (૧૨) સોમ, (૧૩) સહિત, (૧૪) આશ્વાસન, (૧૫) કાર્યોપગ, (૧૬) કર્બૂરક, (૧૭) અજકરક, (૧૮) દુંદુભક, (૧૯) શંખ, (૨૦) શંખનાભ, (૨૧) શંખ વર્ણાભ એ ત્રણ.*

*[૩૫૪] એ પ્રમાણે ભાવકેતુ પર્યન્ત ગ્રહોના નામો કહેવા જોઈએ. તે બધાંની અગ્રમહિષીઓ વિજયાદિ ચાર નામે છે.*

*[૩૫૫] ભગવન્ ! ચંદ્રવિમાનો દેવોની સ્થિતિ કેટલો કાળ છે?*

*ગૌતમ !૦ જઘન્યથી તેમની સ્થિતિ $^1/_4$ પલ્યોપમ છે, ઉત્કૃષ્ટથી તેમની સ્થિતિ એક લાખ વર્ષ અધિક પલ્યોપમ છે.*

*ચંદ્રવિમાનમાં દેવીની સ્થિતિ જઘન્યથી $^1/_4$ પલ્યોપમ છે, ઉત્કૃષ્ટ સ્થિતિ ૫૦,૦૦૦ વર્ષાધિક અર્ધપલ્યોપમ છે.*

*૦ સૂર્ય વિમાનમાં દેવોની સ્થિતિ જઘન્યથી $^1/_4$ પલ્યોપમ, ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૦૦૦ વર્ષાધિક પલ્યોપમ છે.*

*સૂર્ય વિમાનમાં દેવીની સ્થિતિ જઘન્યથી $^1/_4$ પલ્યોપમ, ઉત્કૃષ્ટ ૫૦૦ વર્ષાધિક અર્ધ પલ્યોપમ ચે.*

*૦ ગ્રહ વિમાનમાં દેવોની સ્થિતિ જઘન્ય $^1/_4$ પલ્યોપમ, ઉત્કૃષ્ટથી એક પલ્યોપમ કહેલી છે.*

*ગ્રહ વિમાનમાં દેવીની સ્થિતિ જઘન્ય $^1/_4$ પલ્યોપમ, ઉત્કૃષ્ટથી સ્થિતિ અર્ધપલ્યોપમ કહેલી છે.*

*૦ નક્ષત્ર વિમાનમાં દેવોની જઘન્ય સ્થિતિ $^1/_4$ પલ્યોપમ, ઉત્કૃષ્ટ સ્થિતિ અર્ધપલ્યોપમ કહેલી છે.*

*નક્ષત્ર વિમાનમાં દેવીની જઘન્ય સ્થિતિ $^1/_4$ પલ્યોપમ, ઉત્કૃષ્ટ સ્થિતિ*

***સાધિક ૧/૪ પલ્યોપમ કહેલી છે.***

***૦ તારા વિમાનમાં દેવોની જઘન્ય સ્થિતિ ૧/૮ પલ્યોપમ, ઉત્કૃષ્ટ સ્થિતિ ૧/૪ પલ્યોપમ કહેલી છે.***

***તારા વિમાનમાં દેવીની જઘન્ય સ્થિતિ ૧/૮ પલ્યોપમ, ઉત્કૃષ્ટ સાતિરેક ૧/૮ પલ્યોપમ કહેલી છે.***

**● વિવેચન-૩૫૧ થી ૩૫૫ :-**

ચંદ્રની૦ પ્રશ્નસૂત્ર સુગમ છે, ઉત્તર સૂત્રમાં ચાર અગ્રમહિષી તે આ પ્રમાણે ચંદ્રપ્રભા ઈત્યાદિ ચાર.

ચાર સંખ્યાના કથન પછી પરિવાર કથન - એકૈક દેવીનો ચાર-ચાર હજાર દેવીનો પરિવાર કહેલ છે. અર્થાત્ એકૈક અગ્રમહિષીની ચાર-ચાર હજાર પટ્ટરાણી છે. હવે વિકુર્વણા સામર્થ્ય —

તે આવા સ્વરૂપની અગ્રમહિષી પરિચારણા અવસરમાં તથાવિધ જ્યોતિષ્કરાજ ચંદ્ર દેવની ઈચ્છાને પામીને પોતાના સમાન રૂપવાળી હજાર દેવી વિકુર્વે છે. સ્વાભાવિક વળી ઉક્ત પ્રકારે જ છે. તેથી બધી મળીને ૧૬,૦૦૦ દેવી ચંદ્રદેવની હોય છે.

અહીં જે રીતે ચમરેન્દ્રાદિની ત્રુટિક વક્તવ્યતાના અધિકારમાં સ્વ-સ્વ પરિવાર સંખ્યાનુસાર વિકુર્વણીય સંખ્યા કહી, તે પ્રમાણે જ જીવાભિગમાદિમાં ચંદ્ર દેવની પણ ચાર-ચાર હજાર સ્વપરિવારાનુસાર વિકુર્વણા દેખાય છે. અહીં તેમ નથી, તે મતાંતર જાણવું. - x -

આ ચંદ્રદેવની ત્રુટિક-અંતઃપુર છે ઈત્યાદિ.

હવે ચૌદમા દ્વારનો પ્રશ્ન કરે છે —

ભગવન્ ! શું જ્યોતિષ્કેન્દ્ર ચંદ્ર ચંદ્રાવતંસક વિમાન મધ્યે ચંદ્રા રાજધાનીમાં સુધર્માસભામાં અંતઃપુર સાથે મહત્૦ ઈત્યાદિ પૂર્વવત્. વિહરવાને સમર્થ છે ? તેના ઉત્તર સૂત્રમાં કહે છે — ગૌતમ ! આ અર્થ સમર્થ નથી [ન વિચરી શકે.]

કયા કારણે ભગવન્ ! આ પ્રમાણે કહ્યું ? - જ્યોતિષ્કેન્દ્ર ચંદ્ર ચંદ્રાવતંસક વિમાનમાં ચંદ્રા રાજધાની સુધર્માસભામાં અંતઃપુર સાથે મહત્ આહત ગીત-વાજિંત્ર-નૃત્યસહ યાવત્ દિવ્ય ભોગોપભાગ ભોગવવ સમર્થ છે ?

ગૌતમ ! જ્યોતિષ્કેન્દ્ર ચંદ્રના ચંદ્રાવતંસક વિમાનમાં ચંદ્રા રાજધાનીમાં સુધર્માસભામાં માણવક નામે ચૈત્યવત્ પૂજ્ય સ્તંભ છે, તેમાં વજમય ગોળ-વૃત્ત સંપુટરૂપ ભાંડમાં ઘણાં જિન અસ્થિ સ્થાપિત હોય છે, તે ચંદ્રને તથા બીજા ઘણાં દેવો અને દેવીઓને ચંદનાદિ વડે અર્ચનીય, સ્તુતિ વડે વંદનીય, પ્રણામથી નમસ્યનીય, પુષ્પો વડે પૂજનીય વસ્ત્રાદિ વડે સત્કારણીય, પ્રતિપત્તિ વિશેષથી સન્માનનીય છે તથા કલ્યાણબુદ્ધિથી પર્યુપાસનીય છે.

ઉક્ત કારણથી એમ કહેવાય છે કે ગૌતમ ! તે સમર્થ નથી. જિનેશ્વરની જેમ જિન અસ્થિમાં પણ તેમને બહુમાન હોવાથી તથા આશાતનાના ભયથી [સમર્થ નથી કહ્યું.]



હવે એ પ્રમાણે કલ્પાતીત દેવોની માફક આની પણ અપ્રવિચારતા છે કે નહીં, તે આશંકાને દૂર કરવા કહે છે —

ચંદ્ર સુધર્માસભામાં ૪૦૦૦ સામાનિકો સાથે, ઉક્ત પ્રકારે યાવત્ શબ્દથી સપરિવાર ચાર અગ્રમહિષીઓ સાથે૦ ઈત્યાદિ બધો જ આલાવો અહીં કહેવો જોઈએ.

દિવ્ય ભોગને યોગ્ય જે ભોગ — શબ્દાદિ, તેને ભોગવીને વિહરવાને, અહીં વિશેષથી કહે છે — केवल - પરિવાર-પરિકરની ઋદ્ધિ-સંપત્તિપણે, આ બધાં મારા પરિચારક છે, હું આમનો સ્વામી છું એ પ્રમાણે પોતાની ઋદ્ધિ વિશેષને દર્શાવવાથી આમ કહ્યું, પણ મૈથુન પ્રત્યય - કામક્રીડા નિમિત્તે ભોગ ભોગવી શકે નહીં, તે સિવાયના ભોગ ભોગવતો વિચરવા સમર્થ છે.

હવે પ્રસ્તુત ઉપાંગના આદર્શ-પ્રતિમાં પણ દેખાય છે અને જીવાભિગમાદિ ઉપાંગોમાં પણ દેખાય છે તે સૂર્યાગ્રમહિષી કથન —

જ્યોતિષ્રાજ સૂર્યની કેટલી અગ્રમહિષીઓ કહી છે ?

ગૌતમ ! ચાર અગ્રમહિષી કહી છે — સૂર્યપ્રભા, આતપ્રભા, અર્ચિમાલી, પ્રભંકરા. બાકી બધું ચંદ્રવત્ કહેવું. માત્ર સૂર્યાવતંસક વિમાનમાં સૂર્ય સીંહાસનમાં એમ બોલવું.

હવે ગ્રહાદિની અગ્રમહિષીનું કથન - ગ્રહાદિમાં આદિ શબ્દથી નક્ષત્ર અને તારાઓ પણ કહેવા. બધે વિજયાદિચાર જાણવી.

૧૭૬ ગ્રહોની - જંબૂદ્વીપવર્તી બે ચંદ્રના પરિવારભૂત ગ્રહોના બમણાં, ૮૮ x ૨ = ૧૭૬. આ અનંતરોક્ત વિજયાદિ અગ્રમહિષી કહેવી. - x - અહીં સૂત્રાદર્શમાં પહેલાં કહેલ નક્ષત્રદેવતા સૂત્રની ઉપેક્ષા કરીને ક્રમ પ્રાધાન્યથી વ્યાખ્યાન કરવા પહેલાં ૮૮ ગ્રહો કહે છે —

(૧) અંગારક, (૨) વિકાલક, (૩) લોહિતાંક, (૪) શનૈશ્ચર (૫) સાધુનિક, (૬) પ્રાધુનિક. પછી કનક સાથે એક દેશથી સમાન નામ જેમના છે તે કનક સમાન પાંચ નામો છે તે આ —

(૭) કણ, (૮) કણક, (૯) કણકણક, (૧૦) કણવિતાનક અને (૧૧) કણસંતાનક. પછી સોમ૦ ગાથા કહે છે —

(૧૨) સોમ, (૧૩) સહિત, (૧૪) આશ્વાસન, (૧૫) કાર્યોપગ, (૧૬) કર્બુરક, (૧૭) અજકરક, (૧૮) દુંદુભક. શંખ સમાન નામો-શંક શબ્દાંકિતા તે ત્રણ છે, તે આ પ્રમાણે — (૧૯) શંખ, (૨૦) શંખનાભ, (૨૧) શંખ વર્ણાભ.

- x - x - સૂત્રમાં યાવત્ શબ્દથી આ પ્રમાણે જાણવું —

*[૦ વૃત્તિકારશ્રીએ અહીં ૩ થી ૯ એ પ્રમાણે સાત ગાથાઓ નોંધેલી છે, જેમાં ૮૮-ગ્રહોમાંના ઉક્ત ૨૧ ગ્રહો સિવાયના, તેની પછીના નામો-અનુક્રમે જણાવેલાં છે, ત્યારપછી આ જ ગાથાની વ્યાખ્યા કરતાં તે નામોને સંસ્કૃતમાં નોંધેલા છે, અમોએ અનુવાદ કરતાં તે નામોની ભાષાકીય પુનરુક્તિ ન કરતાં માત્ર ગુજરાતીમાં તે-તે ગ્રહોના નામો આવશ્યક વ્યાખ્યા સહ નોંધેલ છે.]*

કંસ શબ્દથી ઉપલક્ષિત ત્રણ નામો — (૨૨) કંસ, (૨૩) કંસ નાભ, (૨૪)

કંસ વર્ણાભ. [ત્યારપછી]

નીલ અને રુપ્ય શબ્દના વિષયભૂત બબ્બે નામો સંભવે છે, તેથી સર્વ સંખ્યાથી ચાર નામો થાય, તે આ પ્રમાણે – (૨૫) નીલ, (૨૬) નીલાવભાસ, (૨૭) રુપ્પી, (૨૮) રૂપ્યાવભાસ.

ભાસ શબ્દથી બે નામના ઉપલક્ષણથી (૨૯) ભસ્મ અને (૩૦) ભસ્મરાશિ. પછી (૩૧) તિલ, (૩૨) તિલપુષ્પવર્ણ, (૩૩) દક, (૩૪) દકવર્ણ, (૩૫) કાય, (૩૬) વંધ્ય.

(૩૭) ઈન્દ્રાગ્નિ, (૩૮) ધૂમકેતુ, (૩૯) હરિ, (૪૦) પિંગલક, (૪૧) બુધ, એ પ્રમાણે આગળ (૪૨) શુક્ર, (૪૩) બૃહસ્પતિ, (૪૪) રાહુ, (૪૫) અગસ્તિ, (૪૬) માણવક, (૪૭) કામ સ્પર્શ, (૪૮) ધુરક, (૪૯) પ્રમુખ, (૫૦) વિકટ, (૫૧) વિસંધિકલ્પ, (૫૨) પ્રકલ્પ, (૫૩) જટાલ, (૫૪) અરુણ, (૫૫) અગ્નિ, (૫૬) કાલ, (૫૭) મહાકાલ, (૫૮) સ્વસ્તિક.

(૫૯) સૌવસ્તિક, (૬૦) વર્ધમાનક, (૬૧) પ્રલંબ, (૬૨) નિત્યાલોક, (૬૩) નિત્યોધત, (૬૪) સ્વયંપ્રભ, (૬૫) અવભાસ, (૬૬) શ્રેયસ્કર, (૬૭) ક્ષેમંકર, (૬૮) આભંકર, (૬૯) પ્રભંકર જાણવા.

(૭૦) અરજ, (૭૧) વિરજ, (૭૨) અશોક, (૭૩) વીતશોક, (૭૪) વિમલ, (૭૫) વિતત, (૭૬) વિવસ્ર, (૭૭) વિશાલ, (૭૮) શાલ, (૭૯) સુવ્રત, (૮૦) અનિવૃત્તિ, (૮૧) એકજટી, (૮૨) દ્વિજટી, (૮૩) કર, (૮૪) કરિક, (૮૫) રાજા, (૮૬) અર્ગલ, (૮૭) પુષ્પકેતુ અને (૮૮) ભાવકેતુ. એ પ્રમાણે ગ્રહો નિશ્ચે જાણવા.

હવે નક્ષત્રોના અધિદૈવતદ્વારથી તેમના નામોને કહેવા અહીં સૂત્રમાં બે ગાથા કહે છે –

**● સૂત્ર-૩૫૬ થી ૩૫૮ :-**

***[૩૫૬] બ્રહ્મા, વિષ્ણુ, વસુ, વરુણ, અજ, વૃદ્ધિ, પૂસા, અશ્વ, યમ, અગ્નિ, પ્રજાપતિ, સોમ, રુદ્ર, અદિતી, બૃહસ્પતિ અને સર્પ [એ રીતે પહેલી ગાથામાં ૧૬ નામો કહ્યા.]***

***[૩૫૭] પિતા, ભગ, અર્યમા, સવિતા, ત્વષ્ટા, વાયુ, પછી-ઈન્દ્રાગ્નિ, મિત્ર, ઈન્દ્ર, નિર્ઋતિ, આપ, વિશ્વ [એ બીજા ૧૨ નામો નક્ષત્ર દેવતાના કહ્યા છે.]***

***[૩૫૮] આ બે સંગ્રહણી ગાથા કહી છે.***

**● વિવેચન-૩૫૬ થી ૩૫૮ :-**

અહીં નક્ષત્ર અને તેના દેવતાનું કોષ્ટક બનાવેલ છે.

| ક્રમ | નક્ષત્ર | નક્ષત્ર દેવતા |
|---|---|---|
| ૧ | અભિજિત્ | બ્રહ્મા |
| ૨ | શ્રવણ | વિષ્ણુ |
| ૩ | ધનિષ્ઠા | વસુ |



| ક્રમ | નક્ષત્ર | નક્ષત્ર દેવતા |
|---|---|---|
| ૪ | શતભિષક્ | વરુણ |
| ૫ | પૂર્વાભાદ્રપદા | અજ |
| ૬ | ઉત્તરાભાદ્રપદા | વૃદ્ધિ |
| ૭ | રેવતી | પૂષા |
| ૮ | અશ્વિની | અશ્વ |
| ૯ | ભરણી | યમ |
| ૧૦ | કૃતિકા | અગ્નિ |
| ૧૧ | રોહિણી | પ્રજાપતિ |
| ૧૨ | મૃગશિર | સોમ |
| ૧૩ | આર્દ્રા | રુદ્ર |
| ૧૪ | પુનર્વસુ | અદિતિ |
| ૧૫ | પુષ્ય | બૃહસ્પતિ |
| ૧૬ | આશ્લેષા | સર્પ |
| ૧૭ | મઘા | પિતા |
| ૧૮ | પૂર્વાફાલ્ગુની | ભગ |
| ૧૯ | ઉત્તરાફાલ્ગુની | અર્યમા |
| ૨૦ | હસ્ત | સવિતા |
| ૨૧ | ચિત્રા | ત્વષ્ટા |
| ૨૨ | સ્વાતિ | વાયુ |
| ૨૩ | વિશાખા | ઈન્દ્રાગ્નિ |
| ૨૪ | અનુરાધા | મિત્ર |
| ૨૫ | જયેષ્ઠા | ઈન્દ્ર |
| ૨૬ | મૂલ | નિર્ઋતિ |
| ૨૭ | પૂર્વાષાઢા | આપ |
| ૨૮ | ઉત્તરાષાઢા | વિશ્વ |

[શંકા] સ્વ સ્વામી ભાવ સંબંધ પ્રતિપાદક ભાવાંતરથી કઈ રીતે દેવતા નામથી નક્ષત્ર નામો સંપ્રાપ્ત થાય ?

[સમાધાન] અધિષ્ઠાતામાં અધિષ્ઠેયનો ઉપચાર થાય છે. આ ૨૮ નક્ષત્રોની વિજયાદિ નામથી ચાર અગ્રમહિષી કહેવી.

તારાઓની કોટાકોટી પ્રમાણ સંખ્યાના કારણે નામથી તેમનો વ્યવહાર મુશ્કેલ હોવાથી તેની ઉપેક્ષા કરી છે. તેમની પણ પ્રત્યેકની ઉક્ત ચાર અગ્રમહિષી જાણવી.

હવે પંદરમાં દ્વારનો પ્રશ્ન કરવાને કહે છે – પ્રશ્નાદિ સુગમ છે. વિશેષ એ કે – પલ્યોપમનો ચોથો ભાગ માત્ર સ્થિતિ હોય છે, - x - ચંદ્ર વિમાનમાં ચંદ્રદેવના

સામાનિકો, આત્મરક્ષકો આદિ વસે છે. તેથી ચંદ્ર સામાનિકની અપેક્ષાથી ઉત્કૃષ્ટ આયુ જાણવું. કેમકે તેમને જ ઉત્કૃષ્ટ આયુ સંભવે છે. જઘન્યાયુ આત્મરક્ષક દેવોની અપેક્ષાથી છે. - શેષ બધું સુગમ છે. - x -

હવે ૧૬-મું દ્વાર-પૃચ્છા —

● સૂત્ર-૩૫૯,૩૬૦ :-

*[૩૫૯] ભગવન્ ! આ ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારામાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?*

*ગૌતમ ! ચંદ્ર અને સૂર્ય બંને તુલ્ય છે, તે બંને સૌથી થોડાં છે. તેના કરતાં નક્ષત્રો સંખ્યાતગણાં છે, નક્ષત્રોથી ગ્રહો સંખ્યાતગણાં છે, ગ્રહો કરતાં તારા સંખ્યાતગણાં છે.*

*[૩૬૦] ભગવન્ ! જંબૂદ્વીપદ્વીપમાં જઘન્યપદે કે ઉત્કૃષ્ટપદે બધાં મળીને કટેલાં તીર્થંકરો કહેલા છે ?*

*ગૌતમ ! જઘન્ય પદે ચાર અને ઉત્કૃષ્ટ પદે ૩૪ તીર્થંકરો બધાં મળીને જંબૂદ્વીપમાં કહેલાં છે.*

*ભગવન્ ! જંબૂદ્વીપદ્વીપમાં જઘન્યપદે કે ઉત્કૃષ્ટપદે બધાં મળીને કેટલાં ચક્રવર્તી કહેલાં છે ?*

*ગૌતમ ! જઘન્ય પદે ચાર અને ઉત્કૃષ્ટ પદે ૩૦ ચક્રવર્તી જંબૂદ્વીપમાં બધાં મળીને હોય તેમ કહ્યું છે.*

*જેટલાં ચક્રવર્તી હોય તેટલાં બલદેવો હોય છે અને વાસુદેવોની સંખ્યા પણ તે પ્રમાણે જ જાણવી, તેમ કહ્યું છે.*

*ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં બધાં મળીને કેટલાં નિધિરત્નો કહેલા છે ? ગૌતમ ! બધાં મળીને ૩૦૬ નિધિરત્નો કહેલાં છે.*

*ભગવન્ ! જંબૂદ્વીપમાં કેટલાં સો નિધિરત્નો શીઘ્રતાથી પરિભોગપણે આવે છે ? ગૌતમ ! જઘન્યતી ૩૬ અને ઉત્કૃષ્ટથી ૨૭૦ નિધિરત્નો શીઘ્રતાથી પરિભોગમાં આવે છે.*

*ભગવન્ ! જંબૂદ્વીપમાં બધાં મળીને કેટલાં પંચેન્દ્રિયરત્નો કહેલાં છે ? ગૌતમ ! બધાં મળીને ૨૧૦ પંચેન્દ્રિય રત્નો છે.*

*ભગવન્ ! જંબૂદ્વીપદ્વીપમાં જઘન્યપદે કે ઉત્કૃષ્ટપદે કેટલાં પંચેન્દ્રિય રત્નો શીઘ્રતાથી પરિભોગમાં આવે છે ?*

*ગૌતમ ! જઘન્ય પદે-૨૮ અને ઉત્કૃષ્ટ પદે-૨૧૦ પંચેન્દ્રિય રત્નો શીઘ્રતાથી પરિભોગમાં આવે છે.*

*ભગવન્ ! જંબૂદ્વીપમાં બધાં મળીને કેટલાં એકેન્દ્રિય રત્નો કહેલાં છે ? ગૌતમ ! બધાં મળીને ૨૧૦ એકેન્દ્રિયરત્નો છે.*

*ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં કેટલાં એકેન્દ્રિયરત્નો શીઘ્રતાથી પરિભોગમાં આવે તેમ કહેલ છે ?*



*ગૌતમ ! જઘન્ય પદે-૨૮ અને ઉત્કૃષ્ટ પદે-૨૧૦ એકેન્દ્રિય રત્નો શીઘ્રતાથી પરિભોગમાં આવે છે.*

● વિવેચન-૩૫૯,૩૬૦ :-

ભગવન્ ! આ અનંતરોક્ત પ્રત્યક્ષ પ્રમાણ ગોચર ચંદ્ર, સૂર્ય ગ્રહ, નક્ષત્ર અને તારામાં કોણ કોનાથી અલ્પ-સ્તોક, वा - વિકલ્પ સમુચ્ચયાર્થે છે. કોણ કોનાથી બહુ-વધુ છે, કોણ કોનાથી તુલ્ય છે, કોણ કોનાથી વિશેષ છે ?

ગૌતમ ! ચંદ્ર અને સૂર્ય આ બંને પણ પરસ્પર તુલ્ય છે. કેમકે પ્રતિદ્વીપ અને પ્રતિ સમુદ્રમાં ચંદ્ર અને સૂર્યોની સમસંખ્યા છે. પરંતુ બાકીના ગ્રહાદિથી-બધાંથી અલ્પ છે.

તેના કરતાં નક્ષત્રો સંખ્યાતગણાં છે. કેમકે ચંદ્ર-સૂર્ય કરતાં નક્ષત્રોની સંખ્યા અઠ્ઠાવશગણી છે.

તેના કરતાં ગ્રહો સંખ્યાતગણાં છે, કેમકે નક્ષત્રો કરતાં ગ્રહો સાતિરેક ત્રણગુણાં કહેલાં છે.

તેના કરતાં તારા સંખ્યાતગણાં છે, કેમકે કોટાકોટી ગણાં છે. આ રીતે સોળમું અલ્પ-બહુત્વદ્વાર કહ્યું.

હવે જંબૂદ્વીપમાં જઘન્ય અને ઉત્કૃષ્ટ પદે તીર્થંકરોને પૂછવા માટે કહે છે — ભગવન્ ! જંબૂદ્વીપમાં૦ ઈત્યાદિ.

ભગવન્ ! જંબૂદ્વીપમાં જઘન્ય પદે - સર્વસ્તોક સ્થાનમાં કે ઉત્કૃષ્ટપદે - સર્વોત્કૃષ્ટ સ્થાનમાં વિચારણાં કરતાં કેટલાં તીર્થંકરો સર્વાગ્ર - સર્વસંખ્યાથી - કેવલી દૃષ્ટ માત્રાથી કહેલ છે ?

ગૌતમ ! જઘન્યથી ચાર પ્રાપ્ત થાય છે. તે આ રીતે — જંબૂદ્વીપના પૂર્વવિદેહમાં સીતા મહાનદીને બે ભાગ કરતાં દક્ષિણ અને ઉત્તર દિશા-ભાગમાં એકૈકના સદ્ભાવથી અને બે પશ્ચિમ વિદેહમાં પણ સીતોદા મહાનદીને બે ભાગ કરતાં તે પ્રમાણે જ બે જિનેન્દ્રો, એ બંને મળીને ચાર હોય. ભરત અને ઐરવતમાં એકાંત સુષમાદિમાં જિનેન્દ્રોનો અભાવ જ હોવાથી ચાર કહ્યાં છે.

ઉત્કૃષ્ટ પદે સર્વસંખ્યાથી ૩૪-તીર્થંકરો કહેલાં છે, તે આ રીતે — મહાવિદેહમાં પ્રતિવિજયમાં અને ભરત તથા ઐરાવતમાં પણ એક-એક તીર્થંકરનો સંભવ છે, માટે બધાં મળીને ૩૪-થાય. આ વિહરમાન જિનની અપેક્ષાથી જાણવું, જન્મની અપેક્ષાથી નહીં. - x -

હવે અહીં જ જઘન્ય-ઉત્કૃષ્ટ પદો વડે ચક્રી વિશે પૂછે છે—

ભગવન્ ! જંબૂદ્વીપદ્વીપમાં જઘન્ય પદે કે ઉત્કૃષ્ટ પદમાં કેટલાં ચક્રવર્તી કહેલાં છે ? ભગવંતે કહ્યું — ગૌતમ ! જઘન્ય પદે ચાર ચક્રી હોય, ઉપપત્તિ તીર્થંકરોની માફક જાણવી.

ઉત્કૃષ્ટ પદે ૩૦-ચક્રવર્તી સર્વસંખ્યાથી કહેલ છે. કઈ રીતે એમ પૂછતાં કહે છે — બત્રીશ વિજયોમાં ચારમાં વાસુદેવ સ્વામીપણે હોય જ, તેથી ચાર વિજયોને

વર્જીને ૨૮ વિજયોમાં ચક્રી કહેવા, ભરત અને ઐરાવતમાં બે મળીને કુલ ૩૦ ચક્રી થાય.

જ્યારે મહાવિદેહમાં ઉત્કૃષ્ટથી ૨૯-ચક્રવર્તી હોય, ત્યારે નિયમથી ચાર અર્ધચક્રીનો સંભવ છે, તેમના નિરુદ્ધ ક્ષેત્રમાં ચક્રવર્તી સંભવતા નથી કેમકે બંને સાથે હોઈ ન શકે.

હવે અહીં તે પ્રમાણે બલદેવ અને વાસુદેવને કહે છે —

બલદેવો પણ તેટલાં જ ઉત્કૃષ્ટપદે અને જઘન્યપદે હોય છે, જેટલાં ચક્રવર્તીની સંક્યા કહી, વાસુદેવો પણ તેટલાં જ હોય કેમકે તેઓ બલદેવના સહચારી જ હોય છે.

ઉક્ત વિધાનનો અર્થ — જ્યારે ચક્રવર્તી ઉત્કૃષ્ટપદે ૩૦ હોય ત્યારે અવશ્ય બલદેવ અને વાસુદેવ જઘનચ્પદમાં ચાર હોય કેમકે તેમનો ચારનો અવશ્ય સંભવ છે. તેથી આમનું પરસ્પર સહ અનવસ્થાન લક્ષણ વિરોધભાવથી અન્યતર આશ્રિત ક્ષેત્રમાં અન્યતરનો અભાવ છે.

હવે તેઓ નિધિપતિઓ હોય છે, તેથી જંબૂદ્વીપદ્વીપમાં નિધિની સંખ્યા પૂછતાં કહે છે કે —

જંબૂદ્વીપ દ્વીપમાં કેટલાં નિધિરત્નો - ઉત્ત્ટ નિધાનો છે, જે ગંગાનદીના મુખ સ્થાનમાં ચક્રવર્તી હસ્તગત પરિપૂર્ણ છ ખંડનો દિગ્વિજયથી નિવૃત્ત થઈ અઠ્ઠમ તપ કરીને પછી આત્મસાત્ કરે છે. તેની સર્વાગ્રહ-સર્વસંખ્યાથી કેટલાં કહ્યાં છે ?

ભગવંતે કહ્યું — ગૌતમ ! ૩૦૬ નિધિરત્નો સર્વસંખ્યાથી કહેલ છે, તે આ પ્રમાણે — નવ સંખ્યક નિધાનોને ૩૪ વડે ગુણતાં આ ૩૦૬ નિધિની યથોક્ત સંખ્યા પ્રાપ્ત થાય. આ પ્રરૂપણા સતાને આશ્રીને કરાયેલ છે, તે પ્રમાણે જાણવું.

હવે નિધિપતિના કેટલાં નિધાનો વિવક્ષિત કાળે ભોગ્ય થાય છે, એ પ્રમાણે પ્રશ્ન કરતાં કહે છે —

જંબૂદ્વીપદ્વીપમાં કેટલાં સો નિધિરત્નો પરિભોગ્યપણે ઉત્પન્ન થયા પછી પ્રયોજન હોય ત્યારે ચક્રવર્તી વડે વ્યાપાર્યમાણપણે શીઘ્ર અર્થાત્ ચક્રવર્તીની અભિલાષા ઉત્પન્ન થયા પછી વિના વિલંબે ઉપયોગમાં આવે છે ? ભગવંતે કહ્યું —

ગૌતમ ! જઘન્યથી ૩૬, કેમકે જઘન્યપદવર્તી ચાર ચક્રવર્તી હોય. તેથી નવ નિધાનને ચારથી ગુણતાં ૩૬ થાય. ઉત્કૃષ્ટ પદમાં ૨૭૦ નિધિરત્ન પરિભોગ્યપણે જલ્દી આવે છે. કેમકે ઉત્કૃષ્ટ પદે ૩૦ ચક્રી હોય, તેને ૯ વડે ગુણતાં ૨૭૦ થાય.

હવે જંબૂદ્વીપવર્તી ચક્રવર્તીની રત્ન સંખ્યા પૂછે છે —

ભગવન્ ! જંબૂદ્વીપમાં કેટલાં પંચેન્દ્રિયરત્નો-સેનાપતિ આદિ સાત, તેની સર્વસંખ્યાથી કેટલાં સો કહ્યા છે ?

ગૌતમ ! ૨૧૦ પંચેન્દ્રિયરત્નો સર્વસંખ્યાથી કહેલ છે. તે આ રીતે — ઉત્કૃષ્ટ પદ વર્તી ૩૦ ચક્રીના પ્રત્યેકના સાત પંચેન્દ્રિય રત્નોના સદ્ભાવથી ૩૦ x ૭ કરતાં ૨૧૦ સંખ્યા પ્રાપ્ત થાય.



[શંકા] સર્વ સંખ્યાથી નિધિની પૃચ્છામાં ૩૪ વડે ગુણેલા, અહીં પંચેન્દ્રિય રત્નોમાં ૩૦ વડે ગુણન કેમ ?

[સમાધાન] ચાર વાસુદેવ વિજયમાં ત્યારે તે પંચેન્દ્રિયરત્નો પ્રાપ્ત થતાં નથી, જ્યારે નિધિઓ નિયતભાવત્વથી સર્વદા પ્રાપ્ત જ હોય છે, તેથી રત્ન સર્વસંખ્યા સૂત્રમાં અને રત્ન પરિભોગ સૂત્રમાં સંખ્યાકૃત કોઈ જ ભેદ ન સમજવો.

હવે રત્ન પરિભોગ સૂત્ર કહે છે — जंबूद्दीवे० ઈત્યાદિ. તે પ્રાયઃ વ્યાખ્યાત હોવાથી વ્યક્ત છે, પછી એકેન્દ્રિય રત્નોનો પ્રશ્ન - તે પણ સ્પષ્ટ છે. વિશેષ એ — એકેન્દ્રિય રત્નો ચક્રાદિ સાત હોય છે. પછી એકેન્દ્રિય રત્ન પરિભોગ સૂત્ર છે, તે પણ વ્યક્ત જ છે.

હવે જંબૂદ્વીપના વિષ્કંભાદિની પૃચ્છા —

● **સૂત્ર-૩૬૧ થી ૩૬૩ :-**

***[૩૬૧] ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપ કેટલી લંબાઈ-પહોળાઈથી, કેટલી પરિધિથી, કેટલા ઉદ્વેધથી, કેટલાં ઉર્ધ્વ ઉચ્ચત્વથી, કેટલો સર્વાગ્રથી-બંને મળીને કહેલ છે ?***

***ગૌતમ ! (૧) જંબૂદ્વીપ દ્વીપની લંબાઈ અને પહોળાઈ એક લાખ યોજન છે. (૨) તેની પરિધિ - ૩,૧૬,૨૨૭ યોજન, ૩ કોશ, ૧૨૮ ધનુષ્ અને ૧૩॥ અંગુલથી કંઈક વિશેષ કહેલી છે.***

***(૩) જંબૂદ્વીપ દ્વીપનો ઉદ્વેધ-ભૂમિગત ઉંડાઈ ૧૦૦૦ યોજન છે અને (૪) સાતિરેક ૯૯,૦૦૦ યોજન ઉર્ધ્વ ઉંચો છે.***

***(૫) એ રીતે સર્વાગ્રથી સાધિક એક લાખ યોજન કહેલ છે.***

***[૩૬૨] ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપ શાશ્વત છે કે અશાશ્વત ?***

***ગૌતમ ! જંબૂદ્વીપદ્વીપ કથંચિત્ શાશ્વત કહેલ છે, અને કથંચિત્ અશાશ્વત છે, તેમ કહેલ છે.***

***ભગવન્ ! કયા હેતુથી એમ કહેલ છે કે — જંબૂદ્વીપ કથંચિત્ શાશ્વત છે અને કથંચિત્ અશાશ્વત છે ?***

***ગૌતમ ! દ્રવ્યાર્થતાથી શાશ્વત છે અને વર્ણ પર્યાયોથી, ગંધ પર્યાયોથી, રસ પર્યાયોથી અને સ્પર્શ પર્યાયોથી જંબૂદ્વીપ અશાશ્વત છઝે, તે કારણથી હે ગૌતમ ! એમ કહેલ છે કે — જંબૂદ્વીપદ્વીપ કથંચિત્ શાશ્વત છે અને કથંચિત્ અશાશ્વત છે.***

***ભગવન્ ! જંબૂદ્વીપ કાળથી ક્યાં સુધી રહેશે ?***

***ગૌતમ ! જંબૂદ્વીપદ્વીપ ક્યારેય ન હતો તેમ નથી, ક્યારેય નથી તેમ પણ નહીં, ક્યારેય ન હશે, તેમ પણ નથી. તે હતો - છે અને રહેશે. તે ધ્રુવ, નિત્ય, શાશ્વત, અવ્યય, અવસ્થિત, નિતિય એવો જંબૂદ્વીપ દ્વીપ છે, તે પ્રમાણે કહેલ છે.***

***[૩૬૩] ભગવન્ ! જંબૂદ્વીપદ્વીપ શું પૃથ્વી પરિણામ છે ?, અપ્ પરિણામ***

*છે ?, જીવ પરિણામ છે ? પુદ્‍ગલ પરિણામ છે ?*

*ગૌતમ ! તે પૃથ્વી પરિણામ પણ છે, અપ્‌પરિણામ પણ છે, જીવ પરિણામ પણ છે અને પુદ્‍ગલ પરિણામ પણ છે.*

*ભગવન્ ! જંબૂદ્વીપદ્વીપમાં સર્વે પ્રાણો, સર્વે જીવો, સર્વે ભૂતો અને સર્વે સત્વો પૃથ્વીકાયિકપણે, અપ્‌કાયિકપણે, તેઉકાયિકપણે, વાયુકાયિકપણે, વનસ્પતિ-કાયિકપણે પૂર્વે ઉત્પન્ન થયેલ છે ?*

*હા, ગૌતમ ! અનેકવાર કે અનંતવાર ઉત્પન્ન થયા છે.*

● **વિવેચન-૩૬૧ થી ૩૬૩ :-**

આ સૂત્રમાં લંબાઈ-પહોળાઈ-પરિધિ પૂર્વે વ્યાખ્યાત છે. ફરી પ્રશ્ન વિષયીકરણ તો ઉદ્વેધાદિ ક્ષેત્ર ધર્મ પ્રશ્ન કરણના પ્રસ્તાવથી વિસ્મરણશીલ શિષ્યજનોના સ્મરણરૂપ ઉપકારને માટે છે.

તેથી ઉદ્વેધાદિ સૂત્રમાં જંબૂદ્વીપ દ્વીપ, અહીં દ્વીપ શબ્દનો નપુંસકલિંગે નિર્દેશ છે. - x - કેટલાં ઉદ્વેધ-ઉંડત્વથી અર્થાત્ ભૂમિમાં પ્રવિષ્ટત્વથી કહેલ છે ? કેટલો ઉર્ધ્વ ઉચ્ચત્વથી - જમીનમાંથી નીકળેલ ઉચ્ચત્વથી કહેલ છે ? તથા કેટલો સર્વસંખ્યાથી - ઉંડત્વ અને ઉચ્ચત્વ, બંને મળીને કહેલ છે ?

ભગવંતે કહ્યું — ગૌતમ ! લંબાઈ, પહોળાઈ, પરિધિ વિષયક પ્રશ્નોના ઉત્તર સૂત્ર પૂર્વવત્ જાણવા.

ઉદ્વેધાદિ નિર્વચન સૂત્રમાં ૧૦૦૦ યોજન ઉદ્વેધ કહ્યો.

— સાતિરેક ૯૯,૦૦૦ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વ કહ્યું.

— સાતિરેક ૧,૦૦,૦૦૦ યોજન સર્વસંખ્યાથી કહ્યા.

[શંકા] ઉંડત્વનો વ્યવહાર જળાશય આદિમાં અને ઉચ્ચત્વ વ્યવહાર પર્વત કે વિમાનાદિમાં પ્રસિદ્ધ છે. આવો વ્યવહાર દ્વીપમાં કઈ રીતે સંભવે છે ? અવ્યવહારુ છે.

[સમાધાન] સમભૂલથી આરંભીને રત્નપ્રભાની નીચે ૧૦૦૦ યોજન સુધી જતાં અધોગ્રામ વિજયાદિમાં જંબૂદ્વીપના વ્યવહારના ઉપલભ્યમાનત્વથી ઉંડત્વનો વ્યવહાર છે.

તથા જંબૂદ્વીપમાં ઉત્પન્ન તીર્થંકર, જંબૂદ્વીપના મેરુના પાંડુક વનમાં અભિષેક શિલા ઉપર અભિષિક્ત કરાતા હોવાથી, જંબૂદ્વીપના વ્યપદેશપૂર્વક અભિષેકના થવાને કારણે ઉચ્ચત્વ વ્યવહાર પણ આગમમાં સુપ્રસિદ્ધ જ છે.

હવે તેના શાશ્વત-અશાશ્વતાદિનો પ્રશ્ન —

આ, જે રીતે પૂર્વે પદ્મવરવેદિકાના અધિકારમાં વ્યાખ્યા કરી તે રીતે અહીં પણ જંબૂદ્વીપનો વ્યપદેશ જાણવો.

એ પ્રમાણે શાશ્વત-અશાશ્વત ઘટ નિરન્વય વિનશ્વર દૃષ્ટ, તો આને પણ તેની માફક કેમ ન જાણવો - તે કહે છે.

આ પણ પૂર્વે પદ્મવર વેદિકાના અધિકારમાં કહેલ છે.



હવે આ જંબૂદ્વીપ કેવા પરિણામવાળો છે, તે પ્રશ્ન —

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપ શું (૧) પૃથ્વી પરિણામ - પૃથ્વીના પિંડમય છે ? (૨) અપ્ પરિણામ - જળના પિંડમય છે ? અને (૩) આવા પ્રકારે સ્કંધ - અચિત્તરજ સ્કંધાદિવત્ અજીવ પરિણામવાળો પણ હોય એવી આશંકાથી પૂછે છે કે —

શું જીવ પરિણામ - જીવમય છે ? ઘટાદિ અજીવ પરિણામ પણ હોય છે, એવી આશંકાથી પૂછે છે — શું પુદ્‍ગલ પરિણામ - પુદ્‍ગલના સ્કંધથી નિષ્પન્ન અર્થાત્ કેવલ પુદ્‍ગલ પિંડમય છે ?

તેજસ્ તો એકાંતે સુષમાદિમાં અનુત્પન્નત્વથી અને એકાંતે દુષ્ષમાદિમાં વિધ્વસ્તપણાથી જંબૂદ્વીપમાં તેના પરિમાણ અંગીકાર કરવામાં ક્યારેક જ પ્રસંગ આવે. વાયુના અતિચલપણાથી તેના પરિણામમાં દ્વીપના પણ અલત્વની આપત્તિ છે, તે બંને સ્વતઃ જ સંદેહના અવિષયપણાતી પ્રશ્નસૂત્રમાં કહેલ નથી.

ભગવંતે કહ્યું — ગૌતમ ! જંબૂદ્વીપમાં (૧) પર્વતાદિવાળો હોવાથી પૃથ્વી પરિણામ પણ છે, (૨) નદીદ્રહાદિ હોવાથી અપ્‌પરિણામ પણ છે, (૩) મુખ વનાદિમાં વનસ્પતિ આદિ હોવાથી જીવ પરિણામ પણ છે. જો કે સ્વસિદ્ધાંતમાં પૃથ્વી અને અપ્ પરિણામત્વના ગ્રહણથી જીવ પરિણામત્વ સિદ્ધ જ છે, તો પણ લોકમાં તેમના જીવપણે વ્યવહાર ન હોવાથી પૃથક્ ગ્રહણ કરેલ છે. વનસ્પતિ આદિનો જીવત્વ વ્યવહાર તો સ્વ-પર બંનેમાં સંમત છે.

પુદ્‍ગલ પરિણામ પણ મૂર્તપણાના પ્રત્યક્ષ સિદ્ધત્વથી કહેલ છે. તેનો શો અર્થ ? જંબૂદ્વીપ જ સ્કંધરૂપ પદાર્થ છે. તે અવયવ અને સમુદિતપણાથી થાય છે.

હવે જો આ જીવપરિણામ છે, તો બધાં જીવો અહીં પૂર્વે ઉત્પન્ન થયા છે કે નહીં, તે આશંકાથી કહે છે —

ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં (૧) સર્વે પ્રાણો - બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, (૨) સર્વે જીવો - પંચેન્દ્રિય, (૩) સર્વે ભૂતો - વનસ્પતિ, (૪) સર્વે સત્વો - પૃથ્વી, અપ્, તેઉ, વાયુકાયિક. આના દ્વારા અહીં સાંવ્યવહારિક રાશિ વિષયક જ પ્રશ્ન છે.

— અનાદિ નિગોદથી નીકળેલાં જ પ્રાણ, જીવાદિ રૂપ વિશેષ પર્યાય પ્રતિપત્તિથી. પૃથ્વીકાયિકપણે, અપ્‌કાયિકપણે, તેઉકાયિકપણે, વાયુકાયિકપણે, વનસ્પતિકાયિકપણે પૂર્વે ઉત્પન્ન છે ?

ભગવંતે કહ્યું. હા, ગૌતમ ! એ પ્રમાણે છે. જે રીતે પ્રશ્નસૂત્ર કહ્યું, તે રીતે જ ઉત્તરમાં પ્રતિ ઉચ્ચારણીય છે — પૃથ્વીકાયિકપણે યાવત્ વનસ્પતિકાયિકપણે પૂર્વે ઉત્પન્ન થયલે છે, કેમકે કાળક્રમથી સંસારનું અનાદિપણું સિદ્ધ છે.

જો કે બધાં પ્રાણાદિ જીવ વિશેષો એકસાથે ઉત્પન્ન થયા નથી, કેમકે બધાં જીવોનો એક કાળે જંબૂદ્વીપમાં પૃથ્વી આદિ ભાવથી ઉત્પાદ થાય તો સર્વે દેવ-નારકાદિ ભેદનો અભાવ થાય, પરંતુ તેવું થતું નથી. કેમકે તેવો જગત્ સ્વભાવ છે.

કેટલીવાર ઉત્પન્ન થયા છે, તેમ પૂછતાં કહે છે — અનેકવાર અથવા અનંતવાર ઉત્પન્ન થયા કેમકે સંસાર અનાદિ છે.

હવે જંબૂદ્વીપ નામની વ્યુત્પત્તિ પૂછે છે —

● **સૂત્ર-૩૬૪,૩૬૫ :-**

***[૩૬૪] ભગવન્ ! કયા હેતુથી જંબૂદ્વીપને જંબૂદ્વીપ કહે છે ?***

***ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપમાં તે-તે દેશમાં, ત્યાં-ત્યાં ઘણાં જંબૂ વૃક્ષો, જંબૂ વનો, જંબૂ વનખંડો છે, તે નિત્ય કુસુમિત યાવત્ પિંડિમ-મંજરી-અવતંસક ધર છે, શ્રી વડે અતિ ઉપશોભિત થઈ રહેલાં છે.***

***જંબૂ સુદર્શનામાં અનાદંતનામે મહર્દ્ધિક યાવત્ પલ્યોપમની સ્થિતિ-આયુવાળો એક દેવ વસે છે.***

***તે કારણથી હે ગૌતમ ! તે જંબૂદ્વીપ દ્વીપ કહેવાય છે.***

***[૩૬૫] ત્યારપછી શ્રમણ ભગવંત મહાવીર મિથિલા નગરીના માણિભદ્ર ચૈત્યમાં —***

***ઘણાં શ્રમણો, ઘણા શ્રમણીઓ, ઘણાં શ્રાવકો, ઘણી શ્રાવિકાઓ, ઘણાં દેવો અને ઘણી દેવીઓ મધ્યે —***

***જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ નામક અધ્યયનનું એ પ્રમાણે આખ્યાન કર્યું, એ પ્રમાણે ભાષણ કર્યું, એ પ્રમાણે પ્રજ્ઞાપના કરી અને એ પ્રમાણે પ્રરૂપણા કરી.***

***આર્યો ! આ અધ્યયનો અર્થ, હેતુ, પ્રશ્ન, કારણ અને વ્યાકરણપૂર્વક વારંવાર તેનો ઉપદેશ કર્યો.***

***તેમ હું [તમને] કહું છું.***

● **વિવેચન-૩૬૪,૩૬૫ :-**

ભગવન્ ! કયા કારણે જંબૂદ્વીપ દ્વીપ એમ કહેવાય છે ? ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપમાં તે-તે દેશમાં, તે-તે દેશના તે-તે પ્રદેશમાં ઘણાં જંબૂવૃક્ષો એકૈક રૂપે વિરલ સ્થિત છે. ઘણાં જંબૂવન - જંબૂવૃક્ષો સમૂહ ભાવથી રહેલાં છે. તથા ઘણાં જંબૂવનખંડ - જંબૂવૃક્ષ સમૂહો વિજાતિય વૃક્ષ મિશ્રિત છે. તેમાં પણ જંબૂવૃક્ષની જ પ્રાધાન્યતા છે, તે પ્રસ્તુત વર્ણકનું સાફલ્ય છે, અન્યથા બીજા વૃક્ષોના વનખંડથી નિર્મિતભૂત જંબૂદ્વીપ પદ પ્રવૃત્તિ નિમિત્તત્વમાં અસંગતી થાય.

તે કેવા છે ? નિત્ય-સર્વકાળ, કુસુમિત યાવત્ પદથી નિત્ય માયિત, નિત્ય લવયિક, નિત્ય સ્તબકિત ઈત્યાદિ કહેવું. જેનું વ્યાખ્યાન પૂર્વે વનખંડના વર્ણનમાં કરાયેલ છે.

ઉક્ત વર્ણક યુક્ત વૃક્ષો શ્રી વડે અતિ ઉપશોભિત થઈને રહેલા છે. આ નિત્ય કુસુમિતત્વ આદિ જંબૂવૃક્ષાને ઉત્તરકુરુ ક્ષેત્રની અપેક્ષાથી જાણવા. અન્યથા આ વર્ષાકાળ ભાવિ પુષ્પ ફલોદયત્વથી પ્રત્યક્ષ બાધા આવશે. આ જંબૂવૃક્ષ બહુલ દ્વીપ જંબૂદ્વીપ એ પ્રમાણે કહેવાય છે. - - અથવા - -

જંબૂ સુદર્શના નામથી અનાદંત નામે - પૂર્વે જંબૂવૃક્ષાધિકારમાં વ્યાખ્યાત નામવાળો મહર્દ્ધિક, મહાદ્યુતિક૰ ઈત્યાદિ પલ્યોપમસ્થિતિક દેવ ત્યાં વસે છે. તે કારણથી એમ કહે છે કે — આ જંબૂદ્વીપ છે. સૂત્રનો એક દેશ જ બીજા સૂત્રૈકદેશનું



સ્મરણ કરાવે છે —

— તેથી જંબૂદ્વીપ એવું નામ શાશ્વત છે, જે કદી ન હતું તેમ નહીં, નથી તેમ પણ નહીં, નહીં હશે તેમ પણ નહીં. યાવત્ આ નામ નિત્ય છે, તેમ જાણવું.

જીવાભિગમની પ્રતિમાં તેમ દર્શાવેલ છે, આ કયા આકાર અને ભાવ પ્રત્યાવતારવાળો જંબૂદ્વીપ છે, તે ચોથો પ્રશ્ન કહેવો.

હવે પ્રસ્તુત તીર્થ-દ્વાદશાંગી-સૂત્રના સૂત્રગુંથનકર્તા શ્રી સુધર્માસ્વામીજી પોતાના ગુરુત્વ અભિમાનને છોડીને પ્રસ્તુત ગ્રંથના ઉપદર્શનપૂર્વક નિગમન વાક્ય કહે છે — 'तए णं' ઈત્યાદિ.

શાશ્વત - અશાશ્વત નામપણાંથી સત્‌રૂપ આ જંબૂદ્વીપ છે, તે ભાવ છે. સત્ ભાવને વીતરાગો અપલાપિત કરતાં નથી, તેથી શ્રમણ ભગવંત મહાવીર, મિથિલા નગરીમાં માણિભદ્ર ચૈત્યમાં ઘણાં શ્રમણો, ઘણી શ્રમણીઓ, ઘણાં શ્રાવકો, ઘણી શ્રાવિકાઓ, ઘણાં દેવો અને ઘણી દેવીઓની મધ્યે [પર્ષદામાં]

પરંતુ એકાંતમાં નહીં, કોઈ એકલાને નહીં, તે રીતે —

યથોક્ત ઉક્તાનુસાર आख्याति - વાચ્ય માત્ર કથન કરે છે. भासते - વિશેષ વચનથી કથન કરે છે, प्रज्ञापयति - વ્યક્ત પર્યાય વચનથી કહે છે, એ પ્રમાણે પ્રરૂપે છે.

આખ્યેયના અભિધાનાર્થે કહે છે — જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ એ નામે છટ્ઠું ઉપાંગ છે. [અહીં વૃત્તિકાર મહર્ષિ ગ્રંથ શ્લોક પ્રમાણમના વિષયમાં આ પ્રતિનો, પૂજ્ય મલયગિરિ મહારાજનો, ઈત્યાદિ મત ટાંકે છે, ટાંકીને તે શ્લોકસંખ્યાના તફાવતના વિષયમાં પોતે સમાધાન પણ આપે છે ઈત્યાદિ બધું બહુશ્રુતગમ્ય હોવાથી તેની નોંધ અમે લેતા નથી.]

હવે ગુણોની વિભાવના કરતાં કહે છે —

આર્ય - સર્વ પાપથી દૂર રહે તે આર્ય અર્થાત્ અહીં તેનો અર્થ છે. શ્રી વર્દ્ધમાનસ્વામી, તેથી જ સર્વ સાવદ્યના વર્જનપણાથી - "સાવદ્ય નિરર્થક તુચ્છાર્થક ન બોલવું જોઈએ." એ વક્તાના પ્રામાણ્યથી વચન પ્રામાણ્ય કહેવાયલ છે, તેમ જાણવું.

અથવા શ્રી સુધર્માસ્વામી દ્વારા આ સંબોધન શ્રી જંબૂસ્વામી પરત્વે કરાયેલ છે કે — હે આર્ય !

अध्ययन - પ્રસ્તુત જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ નામક સ્વતંત્ર અધ્યયનમાં, પણ "શસ્ત્રપરિજ્ઞા" આદિની માફક શ્રુતસ્કંધની અંતર્ગત્ રહેલ હોય તેવું અધ્યયન ન સમજવું.

च - પરસ્પર સમુચ્ચયાર્થે છે.

હેતુને અને પ્રશ્નને અને કારણને અને વ્યાકરણને.

भूयोभूयो - વિસ્મરણશીલ શ્રોતાના અનુગ્રહને માટે વારંવાર પ્રકાશન વડે અથવા પ્રતિવસ્તુ નામાર્થાદિ પ્રકાશન વડે જણાવે છે.

આના દ્વારા ગુરુની પરતંત્રતા જણાવી.

— તેમાં अर्थ - જંબૂદ્વીપાદિ પદોનો અન્વર્થ. તે આ રીતે — “ભગવન્ ! તે કયા હેતુથી જંબૂદ્વીપદ્વીપ એમ કહેવાય છે ? ગૌતમ ! જંબૂદ્વીપ દ્વનીપમાં ત્યાં ત્યાં ઘણો જંબૂવૃક્ષ૦ ઈત્યાદિ છે - x - x - અથવા જંબૂ સુદર્શનામાં અનાદૃત દેવ વસે છે, ઈત્યાદિ - x - x - માટે તેને જંબૂદ્વીપ કહે છે.”

— તથા हेतु - નિમિત્ત, તે આ પ્રમાણે — “ભગવન્ ! ચંદ્ર જ્યોતિષેન્દ્ર જ્યોતિષ્ રાજ ચંદ્રાવતંસક વિમાનમાં - x - x - x - અંતઃપુર સાથે - x - x - ભોગ ભોગવવા સમર્થ છે ? - x - x - ગૌતમ ! જ્યોતિષેન્દ્ર ચંદ્ર - x - x - તેની સુધર્મા સભામાં - x - વજ્રમય ગોળ દાબડામાં ઘણાં જિન અસ્થિ છે - x - x - તે ઘણાં દેવોને અર્ચનીયાદિ છે - x - x - તે કારણે ચંદ્ર ત્યાં મૈથુન નિમિત્ત ભોગ ન ભોગવે.

તો ઉક્ત સૂત્ર હેતુ પ્રતિપાદક છે.

તથા प्रश्न - શિષ્યે પૂછેલા અર્થના પ્રતિપાદનરૂપ. જેમકે લોકમાં પણ કહેવાય છે કે — આના વડે પ્રશ્નો સમ્યક્ કહેવાયા. અન્યથા સર્વથા સર્વભાવવિદ્ ભગવનને પ્રષ્ટવ્ય અર્થના અભાવથી કઈ રીતે પ્રશ્ન સંભવે ?

જેમકે — ભગવન્ ! જંબૂદ્વીપ નામે દ્વીપ ક્યાં છે ? તે દ્વીપ કેટલો મોટો છે ?, તે દ્વીપ કયા આકારે છે ? - x - x -

ગૌતમ ! આ જંબૂદ્વીપ દ્વીપ બધાં દ્વીપ સમુદ્રોની સૌથી અંદરના ભાગે અને સૌથી નાનો છે, વૃત્ત - તેલના પુંડલાના સંસ્થાને સંસ્થિત ઈત્યાદિ - x - x - x - x - છે. તેની પરિધિ ૩,૧૬,૨૨૭ યોજન આદિ - x - x - છે. ઈત્યાદિ.

તથા करण - અપવાદ, વિશેષ વચન. વિશેષ આ - પદ ગર્ભિતસૂત્ર કહેવું જોઈએ. જેમકે —

“ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં ઐરાવત નામે વર્ષ ક્ષેત્ર ક્યાં કહેલું છે ? ગૌતમ ! શિખરી પર્વતની ઉત્તરે, ઉત્તર લવણસમુદ્રની દક્ષિણે૦ ઈત્યાદિ - x - x - તે ઐરવતક્ષેત્ર સ્થાણુની કટકની બહુલતાવાળું છે, ઈત્યાદિ - x - x -

એ પ્રમાણે જેવી વક્તવ્યતા ભરત ક્ષેત્રની કહી, તેવી જ સંપૂર્ણ ઐરવતની જાણવી. - x - x -

ઉક્ત અતિદેશ સૂત્રમાં - વિશેષ એ કે - ઐરવત ચક્રવર્તી, ઐરવત દેવ છે, માટે ઐરાવત વર્ષક્ષેત્ર જાણવું.

તથા व्याकरण - અપૃષ્ટના ઉત્તરરૂપ, તે આ રીતે —

ભગવન્ ! જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલને ઉપસંક્રમીને ચાર ચરે છે, ત્યારે એક એક મુહૂર્તમાં કેટલાં ક્ષેત્રમાં જાય છે ? ગૌતમ ! ૫૨૫૧ યોજન૦ ઈત્યાદિ - x - x -

તેમાં અંતે કહે છે — “અહીં રહેલો મનુષ્ય ૪૭,૨૬૩ યોજનથી - x - x - સૂર્ય દૃષ્ટિપથમાં જલ્દી આવે છે. - x -

અહીં શિષ્ય એ પૂછેલ નથી, તો પણ પરોપકારમાં પ્રવૃત્ત ભગવંતે સ્વયં



વ્યાકૃત્ કર્યુ.

त्तिबेमि - સુધર્માસ્વામી જંબૂસ્વામીને પ્રતિબોલ્યા કે — “હું કહું છું” અર્થાત્ ગુરુ સંપ્રદાયથી આવેલ આ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ નામક અધ્યયન છે, પરંતુ સ્વબુદ્ધિ વડે ઉત્પ્રેક્ષિત નથી.

અહીં उपदर्शयति એવો વર્તમાન નિર્દેશ ત્રણે કાળમાં વર્તતા અરહંતોમાં જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ ઉપાંગ વિષયક અર્થ પ્રણેતા રૂપ વિધિના દર્શનાર્થે કરાયેલ છે તેમ જાણવું.

અહીં ગ્રંથના પર્યવસાનમાં જે શ્રી મહાવીર સ્વામીનું નામ કથન છે, તેને ચરમમંગલ જાણવું.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**વક્ષસ્કાર-૭-નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

— x — x — x — x — x — x — x —

**જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ ઉપાંગ સૂત્રનો**
**ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

— x — x — x — x — x — x — x —

# ભાગ-૨૭મો પૂર્ણ

## આગમ સટીક અનુવાદનું વિભાગીકરણ

| આગમનું નામ | ભાગ ક્રમાંક |
|---|---|
| આચારાંગ | ૧ અને ૨ |
| સૂત્રકૃતાંગ | ૩ અને ૪ |
| સ્થાનાંગ | ૫ થી ૭ |
| સમવાયાંગ | ૮ |
| ભગવતી | ૯ થી ૧૩ |
| જ્ઞાતાધર્મકથા | ૧૪ |
| ઉપાસકદશા, અંતકૃત્‌દશા, અનુત્તરોપપાતિકદશા, પ્રશ્નવ્યાકરણ | ૧૫ |
| વિપાકશ્રુત, ઔપપાતિક | ૧૬ |
| રાજપ્રશ્નીય | ૧૭ |
| જીવાજીવાભિગમ | ૧૭ થી ૧૯ |
| પ્રજ્ઞાપના | ૨૦ થી ૨૨ |
| સૂર્ય/ચંદ્ર-પ્રજ્ઞપ્તિ | ૨૩,૨૪ |
| જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ | ૨૫ થી ૨૭ |
| નિરયાવલિકા પંચક અને પયન્નાસૂત્રો-૧૦+૧ | ૨૮ |
| નિશીથ, વ્યવહાર, બૃહત્કલ્પ દશાશ્રુતસ્કંધ અને જીતકલ્પ | ૨૯ |
| મહાનિશીથ | ૩૦ |
| આવશ્યક | ૩૧ થી ૩૪ |
| પિંડનિર્યુક્તિ, ઓઘનિર્યુક્તિ | ૩૫ |
| દશવૈકાલિક | ૩૬ |
| ઉત્તરાધ્યયન | ૩૭ થી ૩૯ |
| નંદીસૂત્ર | ૪૦ |
| અનુયોગદ્વાર | ૪૧ |
| કલ્પ (બારસા) સૂત્ર | ૪૨ |